00066085

THE
ASIATIC SOCIETY OF BOMBAY
Town Hall, Bombay.

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018

1451

MR. ARDESHIR SORABJI DASTUR KAMDIN'S PRIZE ESSAY.

DNYAN CHAKRA

OR

GUJARATI CYCLOPÆDIA

A

DICTIONARY OF UNIVERSAL KNOWLEDGE

PART I.

VOL I.

66085
ae

Second Edition

BY

RUTTONJI FRAMJI SETNA

All Rights Reserved

Pxa-e-6

1867

Bombay:

JAMSETJEE NESSERWANJEE PETIT PARSI ORPHANAGE
CAPTAIN PRINTING WORKS.

Rs. 3.

66085

દાદાર અહુરમજદની મદદ હોજો.

——:o:——

"(શરૂ કરૂં છ યજદાનના નામથી—દાદારઅહુરમજદ ખુદેશ અને નુરમંદ, તમામ
"ખબરનો જાણનાર અને કામનો કરનાર, સાહેબોનો સાહેબ અને તમામ પાદશાહો ઉપર
"પાદશાહ! નેગાહ રાખનાર ખલકનો પેદા કરનાર, ઘણી રોજીનો આપનાર કુદરતમંદ, જોરાવર
"અને કદીમને બખશનાર, તે મેહેરબાંન શકતો, દાના અને પાકપરવરશ કરનાર તેની આદેલ
"પાદશાહિ કાયમ છે. હોરમજદ પોતાની મેજે પેદા થયલો, વરધીનો કરનાર છે; તેની તારીફ
"કરૂં (અને યાદ કરી આ પુસ્તક શરૂ કરૂં.)"

ખોરદેહ અવસ્તા.

00066085

શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનવાલો ઇનામનો રેસાલો.

જ્ઞાનચક્ર

યાને

ગુજરાતી સાઈક્લોપીડિયા.

(ભાગ ૧ લો.)

પુસ્તક—૧ લું.

આવૃત્તિ બીજી.

અ—આ.

રચનાર

રતનજી ફરામજી શેઠના

તે, ચાઈનીજ ટેલ્સ, એશિયાની સદ્ગુણી બાનુઓ, સુંદર હેલન, મેસમેરીઝમ, ગુલખુશરો, રંગમાં ભંગ, લૉનટેનીસ, બિઝીક, વગેરેનો કર્ત્તા.

આ પુસ્તક સંબંધી સર્વ હક્ક રચનારે સ્વાધીન રાખ્યાં છે.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ માં એક્ટ પ્રમાણે નોંધાવ્યું છે.

Pxa-e-6

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY

મુંબઈ:

જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફ્નેજ કૅપતન પ્રિંતિંગ વર્કસ.

કિંમત રૂ ૩.

દીબાચો.

(આવૃત્તિ બીજીનો)

—:o:—

આ જ્ઞાનચક્રના પેહેલા ભાગની પેહેલી આવૃત્તિ ઇ. સ. ૧૮૯૯ના જુન માસમાં છપાઇને બહાર પડી હતી. પણ તે આગમજ ૧૮૯૮ ના અકટોબરમાં પેહેલા ભાગના ઇનામનું પરિણામ જાહેર થયા પછી મુંબઈના જાણીતા "કયસરેહિંદ" પત્રમાં આ ગ્રંથ વિશે લાગટ ૪ માસવેર અનેક તકરારો ચાલી, આ ગ્રંથની ફતહે વિશે જાબજા શક બતાવી પ્રજા આશ્રયથી બેનશીબ રહેશે એવું જણાવવામાં આવ્યું હતું. પણ તે પત્રની તેવી ધારણા પેહેલા ભાગની અમારી ફતેહેથી ઉંધી વળી છે; અને દોઢ વર્ષની ટુંક મુદતમાં આ પેહેલા ભાગની ૧,૦૦૦ નકલો ખપી જવાથી હાલમાં બીજી આવૃત્તિ કાઢવાની તક મળી છે; તે માટે ખુદાનાં શુકર કરી બેહેસ્તનશીન શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનજીની હૈઆતીમાં જે ગ્રંથની પેહેલી ફતેહે વિશે શક બતાવવામાં આવ્યો હતો તે પેહેલો ભાગ તેમના મોતબાદ ફતેહમંદી સાથે પ્રજા વિશવાસ અને આશ્રય પામવા માટે અમોને ખુશહાલી ઉપજે છે.

ભવિષમાં શું બનશે તે સર્વથી અંજાણું રહે છે; અને હવે પછીનાં બીજા ભાગો કોણ ને કેમ પ્રગટ કરશે ને કેવી ફતેહે પામશે તે વખતના વેહવા સાથ બદલાતી હાલત તથા પ્રજા શોખપર આધાર રાખે છે; તેથી તે માટે ફકર કરવાની જરૂર નથી. પણ પ્રજાએ અમોને જે બે ભાગો પ્રગટ કરવામાં લાગટ ઉત્તેજન આપ્યું છે તે ઉપરથી તેમની ઉપર અમોને વિશવાસ છે.

શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનજીએ પોતાના બેહેસ્તનશીન વિદ્યાઉત્તેજક પિતાજીને પગલે ચાલી તેમના જેવીજ ઉદારતાથી આ ગ્રંથમાળાના દરેક ભાગને મોટી મદદ આપવાનું ચાલુ રાખી આ બીજી આવૃત્તિ પણ તેમનીજ ઉદાર મદદને ઇંચે ઇંચ આભારી છે; અને હવે પછીનાં ભાગો પણ તેમનીજ મદદથી પ્રગટ થઇ પ્રકાશ પામશે જેથી ગુજરાતી સાહિત્યમાં જે એક "વિદ્યાવળી"ની ખુટ હતી તે થોડા વર્ષોમાં જરૂર પુરી પડશે એવી ઉમેદ રાખી શકાય.

આ જ્ઞાનચક્ર પ્રગટ થવાની આગમજ એક બે જાણીતા દેશી રજવાડાઓને ગુજરાતી સાઇકલોપીડિયા રચાવવા અથવા તો "ચેમ્બર્સ એન સાઈકલોપીડિયા" જેવી વિદ્યાવળીનો તર્જુમો ઉદાર મદદથી કરાવી ગુજરાતી સાહિત્યને તવંગર બનાવવાની સુચનાઓ થઇ હતી, પણ તેઓએ તે માટે ખરચવા પડનારી હજારો રૂપ્યાની રકમ ભારે ગણી તેવી યોજનાઓને મચક આપ્યું નહોતું; પણ તેજ યોજના એક મધ્યમ સ્થિતીના એકમાર્ગી શેઠ અરદેશર કામદીનજીએ ઉપાડી લઈ, તેમના અકાળ મોતબાદ તેમના બેટા શેઠ બેજનજી કામદીનજીએ આ કામ ચાલુ રખાવી એ ગ્રંથમાળા પુરી કરાવવાંનો જે ઠેરાવ કર્યો છે તે માટે તેમને કોઇ પણ જ્ઞાની ધન્યવાદ આપ્યા વિના રેહશે નહિ.

તા૦ ૧ લી જુન, ૧૯૦૧.
મુંબઈ બહાર કોટ મીર્ઝા સ્ટ્રીટ.

MR. ARDESHIR SORABJI DASTOOR KAMDIN.

BORN 1898. DIED 1899.



જનમ ઇ. સ. ૧૮૩૮. મરણ ઇ. સ. ૧૮૯૯.

શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન.

અર્પણ પત્રિકા.

જરતોસ્તી ટોળાનાં એક આગલા વિદ્યા ઉત્તેજક

બેહેસ્તનશીન શેઠ અરદેશર સોહરાબજી

દસ્તુર કામદીન

જેવણે પોતાની હયાતીમાં બતાવેલી વિદ્યાજ્ઞાન તરફની અતીશય
શ્રદ્ધા, લોકોપકાર કરવાની નિર્મળવૃત્તિ, સખીપ્રકૃતિ, વિદ્યા
હુન્નર અને જરતોસ્તી, દીનઆઇનને લગતાં ગ્રંથોને
ઉદાર આશ્રય આપી જાહેર પાડેલાં બેમુલ ગ્રંથો,
લેખકોના એક સાચ્ચા મુરબી, આદિ અનેક
ઉત્તમ ખુબીઓની કદરશનાશી પ્રત્યે આ
ગ્રંથ તેમની પવિત્ર યાદમાં માન-
પૂર્વક અર્પણ કરવાની
રજા લઉં છું.

એમનો આજ્ઞાંકિત સેવક

રતનજી ફરામજી શેઠના.

(જ્ઞાનચક્રના ગ્રંથોનો રચનાર.)

દીબાચો.

(આવૃત્તિ ૧ લીનો)

——:o:——

ખુદાઇ કુદરતમંદીના દરેક વિષય, દરેક શાસ્ત્ર, દરેક વિદ્યા, દરેક હુન્નર તથા તહેવાર વિષયો અને બનાવો વિષે જૂદા જૂદા ગ્રંથો પ્રગટ થયાં છે, અને થતા જાય છે. ગુજરાતી સાહિત્યમાં સંખ્યાબંધ ગ્રંથો અનેક વિષયોના પ્રગટ થઇ ચુકયા છે, પણ આજવેર સર્વ વિદ્યા હુન્નરજ્ઞાનનો સામટો સંગ્રહ ધરાવનાર 'જ્ઞાનચક્ર' ના ધોરણનો સંખ્યાબંધ બાબતોથી ભરપુર એવો એકે ગ્રંથ રચાયો નહોતો. આવો 'સાઇકલોપીડિયાના ધોરણનો ગ્રંથ રચવા માટે ઘણી મેહેનત, ઘણો ખર્ચ અને ઓહોળો આશ્રય મળે તોજ તે પ્રગટ થઇ શકે એવો હોવાથી ગુજરાતી ભાષાના સાંકડા પ્રજા આશ્રયને લીધે તેમાં કોઇએ ઝીપલાવ્યું નહિ એ દેખઇતું છે; પણ એવીજ એક નાની કોશેસ આગળ થઇ હતી કે જે નાની હોવા છતાં સ્તુતિપાત્ર ગણાય, પણ તેથી જેવા પ્રકારની 'સાઇકલોપીડિયા'ની અગત પુરી પડવી જોઈયે તે પુરી ન થઈ શકવાથી મારા મનમાં આવા એક ઉત્તમ ગ્રંથ માટે વિચાર આવ્યા કરતો હતો. પણ તેવા એક મોટા ને બીકટ કામમાં કોઇના આશ્રય વિના ઝીપલાવી પડવાના જોખમનો અનુભવ મળેલો હોવાથી, મેં તે વિચાર મારા મનમાંજ દાટવાનો નિશ્ચય કર્યો. તેટલાં કુદરતી રીતે મરહુમ વિદ્યાવિલાસી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનો ખ્યાલ આવતાં તેવણને મેં આ મારો વિચાર દર્શાવ્યો; ત્યારે મારી મોટી અજાયબી વચ્ચે તેવણે જણાવ્યું કે "તેવણને પણ કેટલીક મુદત થઇ એવોજ વિચાર આવ્યો હતો અને તે ઉપર તેવણ અમલ કરનાર હતા, તેટલાં મારા જેવા ઉમેદવારને મોહડેથી જાણી તેવણે આ કામ ઉપાડી લઈ ઈનામની હરીફાઇમાં ગમેતો મારી પણ કોશેસને શરૂ કરવા જણાવ્યાથી મેં તેમાં મારી અદના કલમથી ભાગ લઈ ફતેહ મેળવી છે.

ગુજરાતી ભાષામાં આ રૂઢીનો ગ્રંથ એ પેહેલો ગણીએ તો તેમાં કાંઇ ખોટું નહિ કહેવાશે. 'જ્ઞાનચક્ર'નો આ પેહેલોજ ભાગ હોવાથી હજી ગુજરાતી વાંચક પ્રજાને તેનો પુરતો ખ્યાલ આવ્યો નથી, પણ રફતે રફતે તેની સમજ પડવાથી તેની ખરી અગત્યતા ધ્યાનમાં ઉતરશે અને આવા ગ્રંથથી અભ્યાસી તેમજ વાંચક વર્ગને શો લાભ થશે એ મારી તરફથી જણાવ્યા કરતાં દરેક વાંચનાર આ ગ્રંથમાં સમાયલા સંખ્યાબંધ વિષયો ઉપરથી તેનું અનુમાન કરી તે વિષે વિચાર બાંધી શકશે.

આ ગ્રંથમાં જે વિષયો આપ્યા છે તે મારી અલ્પ શકિતથી જેટલા મળી શકયા ને જેટલા લખાઈ શકાયું તેટલા અત્રે દાખલ કર્યા છે. એ સંપૂર્ણ તો નથીજ, તેમ તે આ ધોરણના ગ્રંથનું ઓછામાં ઓછું પ્રમાણ પણ નથી. આ રૂઢીનો ગ્રંથ જો સંપૂર્ણ કરવા [illegible]એ તો તે એવું ભવ્ય અને શ્રેષ્ટ ઉચ્ચતાવાળું બને કે તેનો સમાવેશ કરવા અનેક [illegible] તેમજ અનેક લેખકોની સાહ્યતા લીધા છતાં તે કદી સંપૂર્ણ બની શકશે નહિ. [illegible] વિદ્યાજ્ઞાનનો ભંડાર એવો મોટો છે, તેમાં સમાયલાં વિષયો એટલા અગણિત છે, તેનું [illegible]માન કરવું એટલું બિકટ છે કે તેને અનેક ભેજાં પુરા પાડી શકતાં નથી ત્યારે તેને મુજ જેવો અદના નાચીજ તે શો ઇન્સાફ આપી શકે ? દુન્યાની હસ્તી પછી કુદરતી ફેરફાર, ઇતિહાસિક તથા નવી નવી શોધો વગેરેના અગણિત બનાવો ઓહોળી દુન્યાની સપાટીપર

બનીને દિનપરદિન બનતાં જઈ એક એવો ગંજાવર વિષયોનો દુન્યાએ પોતાના પેટામાં સમાવેશ કર્યો છે કે જેને મનુષ્ય જાત કદી પણ સંપુર્ણ રીતે ઇન્સાફ આપી શકશે નહિ.

આ ગ્રંથ એક એવો છે કે તેમાં જૂદા જૂદા વિદ્યાજ્ઞાન, હુન્નર, કળા વગેરે તર્હે કિસમના વિષયો સામટા લેવા પડતા હોવાથી સંખ્યાબંધ પુસ્તકો વાંચ્યા વિના તેમાંથી જોઈતું મેળવી શકાતું નથી, તેથી કમ ફુરસદ છતાં જેટલું સંશોધન થઇ શકયું તેટલું મેં મારી અદના શકિત મુજબ એકઠું કરી અત્રે દાખલ કર્યું છે. ખસુસ કરી આ ગ્રંથમાં શમસુલ ઓલ્મા એર્વદ જીવનજી જમશેદજી મોદી બી. એ. ખાનબહાદુર બમનજી બેહેરામજી પટેલ, શેઠ પાલનજી બરજોરજી દેશાઇ; કવિ નર્મદાશંકર લાલશંકર, શેઠ એદલજી ખોરી, રાવ બહાદુર ગોપાળરાવ હરિ દેશમુખ વગેરે લેખકોના ગ્રંથોનો આશ્રય લેવા ઉપરાંત બીજા સેંકડો ઇંગ્રેજી, ગુજરાતી, મરાઠી ગ્રંથો, ચોપાન્યાં ને વર્તમાન પત્રોની સાહ્યતાથી આ ગ્રંથ લખવાની કોશેસ કરી તેમાં મેં જે થોડી ઘણી ફતેહ મેળવી છે તે માટે હું તેમનો ભારે આભારી છું.

આ ગ્રંથમાં જે જે બાબત પાસે * આવી નિશાની કરી તેની નીચે "ફુટ નોટ" આપી નથી તે મી૦ દાદાભાઇ એદલજી તારાપુરવાલા'ની કલમથી લખાયલી સમજવી. આવી માત્ર ૨૭ બાબતો એમાં દાખલ કરેલી છે.

આ ગ્રંથમાં સમાયલા વિષયો સંખ્યાબંધ છે, લખનાર એક છે, વિચારનાર હજાર છે, ત્યાં બેશક મતભેદ પડ્યા વિના રહેશે નહિ, તેમ ભુલ રહિત પણ બનશે નહિ.

સાઇકલોપીડિયાના ધોરણનું આ તો માત્ર પેહેલું પુસ્તક છે, તેમાં મુળાક્ષરો માત્ર બે છે, હજી સંખ્યાબંધ બીજાં બાકી રહ્યાં છે. તેના હજી અનેક ગ્રથો પ્રગટ કરવાની અગત્ય છે ત્યારેજ આ ગ્રંથ થોડે ભાગે પણ સંપૂર્ણ છપાયલો ગણાશે. આ ગ્રંથના બીજાં ભાગો હું પુરા પાડવાની ઇચ્છા રાખુછું પણ તે થકી વચન આપી શકતો નથી, કારણ કે કાળ મને વશ નથી, પણ કાળને વશ હું છું.'

આ ગ્રંથ ઇનામ લાયકનો ઠર્યા પછી તેમાં કેટલોક સુધારો વધારો કરવા માટે મરહુમ શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન તથા શેઠ રૂસ્તમજી કેરસાસ્પજી મોદીએ મને દીવસો સુધી જે જે સુચનાઓ કરી આ રેસાલાને છપાવવા લાયકની હાલતમાં મુકી આપ્યો છે તે માટે હું તેમનો આભારી છું. સેવટે આ ગ્રંથને છપાવવા માટે શેઠ નવરોજી નશરવાનજી વાહાડિયા સી. આઈ. ઇ. એ જે ઉદાર મદદ કરી છે, તેમજ "જ્ઞાન પ્રસારક મંડળી" ના માનવંત સરનશીન શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજી તથા મંડળીના સેક્રટરી શેઠ નશરવાનજી હીરજીભાઈ પટેલે જે અમુલ્ય સુચના તથા મદદ કરી છે તે માટે હું તેમનો અતઃકરણથી ઉપકાર માનું છું.

માહે 'મે' ૧૮૯૯,

મુંબઈ બહાર કોટ મીર્જા સ્ટ્રીટ

ના૦ ૩૮.

લા૦ સેવક,

રતનજી ફરામજી શેઠના.

(આવૃત્તિ પેહેલીનાં-દીબાચાનું સાધન.)

——:o:——

શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન.

મધ્યમ પુંજીવાલો શખસ દિલથી ઉદાર હોય, મોટાઇ છતાં બધાંને સરખા ગણે, પોતાના નેક કામોથી ગરીબોની દુવા મેળવે, 'કોઇનો ડર યા કોઇની રાખ રખાવટ વગર જે ખરૂં હોય તે કહી બતાવે'; 'મોઢાં જોઇ દુધ અને દહિમાં નહિ રમે', પૈસાઇ સ્વાર્થને તુચ્છકારી પોતાના ટોળાને ઉપયોગી થાય; ખાલી ઢોંગથી પરહેજગારીમાં ખપવાનું ડોલ નહિ ઘાલે, દુન્યાઇ માનચાન મેળવવાની કદી જીજ્ઞાશા નહિ કરે તે છતાં વગર ખેતાબે માનને લાયક ગણાય અને અશોઇ ભરેલી નમુનેદાર જીંદગી ગુજારે એવા કેટલા થોડા મધ્યમ દોલતવાન પારસીઓ આવી ઉત્તમ તથા નમુનેદાર રીતે પોતાના પૈસા તથા તન મનનો રૂડો ઉપયોગ કરે છે? કેટલાક થોડા પારસીઓ પોતાના જ્ઞાન ભંડોલનો એવો ઉત્તમ લાભ પોતાની કોમને આપે છે? ઘણાજ થોડા!

આવી ઉત્તમ નમુનેદાર જીંદગી ગુજારી ગએલામાંના એક શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન હતા. તેઓએ પોતાની જીંદગી દરમ્યાન એવાં અનેક કામો બજાવી બજાવતાં રહી, વગર ધામધુમે પોતાના નામનો પ્રકાશ જે પ્રકાશ્યો છે તેવી ખાલેસ જીંદગીનો એક ટુંકો પણ અતિ ઉપયોગી સફો આ અદના કલમ ચિતારી નહિ શકે તો તે જ્ઞાનચક્રના ધોરણ મુજબ-ધોરણનો ભંગ કરવાના અપ્રાધમાં પોતાને જુવે છે.

કારણ કે, જ્યારે આ ગ્રંથ વિષે ઇનામ છપાયું ત્યારે મેં તેમની જીંદગીનો વૃતાંત એક મિત્ર મારફતે મેળવવાની કોશેસ કરી, ત્યારે તેવણે પોતાનું નામ આ ગ્રંથમાં આવે તે માટે નામરજી બતલાવી, પણ મેં મારી ખંતીલી કોશેસથી બહારો બહારથી ચોકસ નોંધો મેળવી તેમનું જીવન ચરિત્ર રચ્યું હતું; પણ જ્યારે આ ગ્રંથ તેમનાં હાથમાં ગયો ત્યારે તેવણે તે વાંચી, આ પોતાની જીંદગીનો વૃત્તાંત જાહેરમાં છાપવા તરફ નામજી બતલાવી એકદમ કાઢી નાખવાને પોતાના રીપોર્ટમાં તે વિષે 'સેરો' મારી જણાવ્યું હતું, અને તે સેરા ઉપર 'જ્ઞાન પ્રસારક મંડળી'ના સેક્રેટરી સાહેબે મારૂં ધ્યાન ખેંચ્યું હતું; પણ આ ગ્રંથમાં બીજા એવા શખસોનાં વૃત્તાંતો દાખલ કર્યા છે કે એમનું નામ આ ગ્રંથમાંથી સમુલગું કાઢી નાખવું એ ધોરણ વિરૂધ જાણી, તેમના બોલને માન આપી તેમની હૈયાતી દરમ્યાન આ જીવન ચરિત્ર તેની યોગ્ય જગાએથી માત્ર ખસેડી આ દીબાચાના સાધનમાં આણવાની ગોઠવણ કરી તે ગોઠવણ અમલમાં મુકી હતી. (પણ આ બીજી આવૃત્તિમાં યોગ્ય જગાએ (પાને ૧૭૧ માં) તે જીવન ચરિત્ર ગોઠવ્યું છે.) આ તેમનું જીવન ચરિત્ર મે તેમની હૈયાતીમાં પ્રગટ કરવાની આશા રાખી હતી તે કમનસીબે તેમના અકાળમોત પછી પ્રગટ કરવાની દુ:ખ ભરી ફરજ પડી છે. મરહુમની વલણ અને ઉલટ એવી ઉત્કૃષ્ટ હતી કે પોતાની કોમને બની શકે તેટલી મદદ કરી તેમના ધર્મદાન તથા ધર્મસ્થામાં વધારો કરવો; તેમજ તેની ધર્મ તથા સંસાર સંબંધી રાહ રીતિમાં રાહબરી કરી પોતાની સ્વભાષા ગુજરાતિનો સાહિત્યની ખીલવણી માટે પોતાની ટુંક પુંજમાંથી ઉદાર બક્ષેસો કરી ઉત્તેજન આપી વિદ્યાજ્ઞાનનો વધારો કરવો. આવા ઉત્તમ નિખાલેસ વિચારો તેવણે અમલમાં આણી પોતાની કોમને માટે જે કાંઇ કરી ગયા છે તે એક માલેતુજાર ઉદાર ગ્રહસ્થ યા જાહેર સખી પુરૂષ નહિ કરી શકે તેથી જ્યાદે કરી ભવિષ્યની ઉગરતી ઓલાદને નમુનેદાર ધડો અને અભ્યાસ કરવા જોગ સાહિત્યના ગ્રંથો મુકી ગયા છે.

લા૦-રતનજી ફ્રામજી શેઠના.

"રતનજી ફરામજી શેઠના કૃત."

જ્ઞાનચક્ર

યાને

ગુજરાતી સાઈક્લોપીડિયા.

(બીજી આવૃત્તિ.)

અ—'દેવનગરી લિપિનો તથા ગુજરાતી લિપિનો પેહેલો અક્ષર; સ્વર જાતી મૂળાક્ષરમાંનો પેલો એ, ક્, ખ્ આદી વ્યંજનોમાં મળવાથી વ્યંજનોનું સ્પષ્ટ ઉચ્ચારણ થાયછે. (૨) અ નકાર બતાવનાર પ્રત્યય, કેટલાક શબ્દમાં. અ નિરર્થક વધેલો છે. લોપનું અલોપ, વૃથાનું અવર્થા, સ્ત્રીનું અસ્ત્રી એમ રૂપ થયાંછે.'

અઇટીયસ—પશ્ચિમ રોમન રાજ્યમાં આ પ્રસિદ્ધ 'જનરલ' ચોથી સદીની આખેરી અને પાંચમીની શરૂઆતમાં થઇ ગયોછે. આ શૂરા લડવૈયાની કારકીર્દી તહેંવાર પરાક્રમો માટે ઇતિહાસમાં નોંધાયલીછે. એની માતા ઉમરાવ ખાનદાનની તાલેવંત ઇટાલ્યન બાનુ હતી. એનો પિતા એના જન્મ પછી પોતાનાજ માનસોએ ઉઠાવેલા બળવામાં ગૉલ ખાતે માર્યો ગયો હતો.

અઇંદ્દર—હિંદુ જ્યોતિષ શાસ્ત્રના ૨૭ યોગમાંના ૨૬ માં યોગનું આ નામ છે. જોષીઓ નક્ષેત્રો અને યોગને ગણી મુહૂર્તમાં લેછે. તિથીઓની પેઠે નક્ષત્રો અને યોગનું ગણીત પણ ૫૪ થી ૫૬ ઘડી સુધી વધ ઘટનું છે.

અઇન્યવ—આ પ્રસિદ્ધ પુરૂષ અવસ્તા જમાનામાં ઘણો નામીચો થઇ ગયોછે. એના વંશજ વિવરેશ્વત અને વોહૂપેરેશની અટકથી ઓળખાંતા હતા, તે ખાનદાનનો અઇન્યવ વડવો હતો.

અઇપિવંઘુ—કયાની વંશના મૂળ પુરૂષ કયકોબાદ (કવિ કવાત)નો એ પુત્ર. એનો જમાનો ઇ. સ. પૂર્વે ૩૦૦૦ પર તવારીખ નવેશો જણાવેછે. એ કયકોબાદનો સૌથી નાનો સદગુણી પુત્ર હતો. એણે પોતાના વડા ભાઇ કયકાઉશના રાજ્યમાં પ્રસિદ્ધતા મેળવવાથી, એને અવસ્તામાં યાદ કરવામાં આવ્યોછે.

કયકોબાદ

કયકાઉસ (કવી ઉસધન).

એરીશ (કવી અર્ષન).

રૂમ (કવી પીસધન).

અર્માંન (કવી અઇપિવંઘુ).

અઇપિવંઘુએ કયકોબાદ પછી ને કયકાઉસ

આગમજ ૧૫ વર્ષ રાજ્ય કર્યું હતું, એવું કેટલાક તવારીખ-નવેશોનું મત,-મતફેર વચ્ચે છે.

અઇર્પદ—આ બોલ પેહેલવીનો છે. કે જે સાધારણ રીતે હેર્વદ યા એરવર્દના નામે જાણીતો છે. આ એલકાબ એવા અથોરનાનને મળેછે, કે જે તમામ ખુરદેહ અવસ્તા, ઇજશને, વિસ્પરદ, સીરોજા, તથા બાજધરણું અર્થ સાથે સમજીને શિખ્યા પછી ૩૦ દહાડાની ક્રિયા જેને નાવરની ક્રિયા કહેછે તે પસાર કરેછે.

અઇર્યન—પ્રાચીન કાળનું ઇરાનવેજનું આ નામ. આ પ્રાચીન દેશ ઓકસસ અને ઝકઝારટીસ નદીઓની વચ્ચે આવેલા બિલુતાગ પહાડની ઉત્તર પશ્ચિમે અને પામીરના પહાડી મુલકની ઉત્તરમાં આવેલો હતો.

અઇર્યમન—આ ઇજદ સુખ શાંતી, મિત્રાચારી ઉપર મવકલછે. 'એ આપણા મનના બુરા વિચારો દફે કરી સારી રાહ બતાવે છે. એના નામ ઉપરથી જોડેલી બંદગી દેવ પલીદી દુર કરવા માટે અકસીર છે, અને તે બંદગીના ફાયદા અર્દીબેહેસ્ત યસ્તમાં વર્ણેલાં છે. એને લગતી આરાધના ઇજશનેના ૫૪ માં હાઃ તથાં વિસ્પરદના ૧ લા હાઃ માં પણ આવેલી છે. એ અર્દીબેહેસ્ત સાથનો હમકાર ફરેસ્તો છે.

અઇર્યેવ—(જુઓ એરચ).

અઇરાફ—આ પુરૂષ અર્દાવિરાફના પિતા તરીકે પ્રસિદ્ધતા પામ્યોછે. એ પોતાંની પાકીજગી માટે જાણીતો હતો.

અઇરી—ફ્રાન્સમાં એજ નામનું એક કિલ્લેબંદીવાલું શેહેર છે. આ શેહેર અતી રોનકદાર છે. વેપાર, રૂ, રેશમ, સુતર, તથા બીજી ચીજોનો મોટો ચાલે છે. લોઢું કામ, ચીનાઇ વાસણ, સાબુ વગેરેનાં બીજાં અનેક કારખાનાઓ અત્રે છે. વસ્તી સુમારે ૧૨૦૦૦ ની છે.

અઇવ્યાઓઘન—'આ શબ્દ જરથોસ્તી ધર્મ ક્રિયામાં વપરાતી ચીજનું એક નામ છે. જેમકે ધર્મની ઇધાણી તરીકે કમ્મર ઉપર ઉનનો બનાવેલો કમરબંદ બાંધેછે તેને, અવસ્તામાં આ શબ્દથી ઓળખે છે, તેમજ ઇજશનેની ક્રિયામાં બરસમના તાર બાંધવાને ખજુરીની પાતરી એક ખુબીવાલો મોબેદ કાપી લાવીને વાપરેછે તેને પણ એજ નામથી ઓળખે છે.'

અઇવિશરૂથ્રેમ—જરથોસ્તી ધર્મમાં પાંચ વખત બંદગી કરવાની ફરજ છે. તે પાંચ ગેહેના પાંચ વખતો તેટલાજ જૂદા જૂદા નામે જાણીતાં છે. તેમાં આ ચોથી ગેહેનો વખત આકાશ ઉપર સેતારા દેખાય ત્યારથી તે રાતના ૧૨ વાગે ત્યાં સુધીનો છે. આ વખત ઉપર 'અએબેગઇ' નામનો ફરેસ્તો ઉપરી છે. તેની સાથે ફરોહરનો અમ અને બેહેરામ ઇજદ અને વન્ત એ સેતારાનો સંબંધ છે.

અઉઝવ—એ શાહ લોહરાસ્પનો પિતા હતો. (જુઓ 'ઔરવ શાહ.')

અઉર્વત-અસ્પ. એ 'કાઉસ' પાદશાહનો જમાઇ તથા ગુશતાસ્પનો પિતા હતો. એ લોહરાસ્પના નામે જગપ્રસિદ્ધ છે. (જુઓ લોહરાસ્પ)

અઉર્વસાર—આ અતી શૂરવીર પાદશાહે કયખુશરો પાદશાહ સાથે અફરાશિઆબની મદદથી દસ્તેબિયાજના મેદાનમાં લઢાઇ કરી હતી; તેમાં તે કયખશરૂના હાથે માર્યો ગયો હતો.

અઉસ્ટી—એ ડ્રોમી પ્રગણાનો એક ભાગ છે; જે ડ્રોમી નામની નદી ઉપર છે. આગળ એનું નામ 'આગસ્ટ' હતું. 'એમપરર' આગસ્ટસના વખતમાં આ શેહેર વસાવવામાં આવ્યું હતું. પ્રાચીનકાળની ઘણીક વસ્તુઓ હાલમાં ત્યાં સચવાયલી જણાયછે.

અએ-અએ—(જુઓ, આએ-આએ.)

અએતાએ—જરથોસ્તીઓની ધર્મ ક્રિયામાં વપરાતું એક જાતનું અલાત. ઓરવિસગાહની ક્રિયામાં આ અલાત કામ આવેછે કે

જે રૂપા યા પીત્તળના પાતળા સળીયાના આકારનો હોય છે..

અએતૂનપાદ-(જુઓ, આદરબાદ મારેસ્પંદ.)

અએબધહાન—(જુઓ અઇબ્યાઓધન.)

અએંજૂર—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે આ પહાડ દોજખના માર્ગમાં છે. અહીં દેવદરૂજોની ભારે વસ્તી છે. ત્યાંથી પસાર થતા દોજખી દેવને આ પહાડ ઉપર લઇ જઇ દેવો તેને બહુ સતાવી ગબડાવી મારેછે.

અએવદાદ—જરથોસ્તી એત્તેકાદ મુજબ આ એક ગાયનું નામ છે, કે જેને ઇશ્વરે દુન્યાની શરૂઆતમાં પેદા કરી હતી: એને ગાવ્યોદાદ પણ કહે છે. આ ગાયથી ‘૨૮૨’ જાતના ચરંદા-પરંદા પેદા થયાં હતા.

અએષમ—જરથોસ્તી ધર્મ મુજબ આ એક બુરો દેવ છે. એ ક્રોધ દેવના નામથી જાણીતોછે અને એ દેવ અહેરેમનનો ભાગ્યો જણાવવામાં આવે છે. એના કર્તૂકો મહા બુરાંછે. એનામાં સાત બુરી ખાશીઅતો છે. એ સરોશ ઇજદનો હરીફ દેવ છે.

અઓગમદેચ-આ પ્રાચીન ગ્રંથનો તર્જુમો મહાન દસ્તૂર ‘નેરીયોસંગધવલે’ કર્યો હતો. આ ગ્રંથમાં એવા ફતવા અને ફરમાનો આપેલાં છે કે, જો કોઇ માણસ મરણ પામે તો તે બનાવને ખુદાતાલા તરફનો ગણીને તેપર સબર કરવી, ને નિરાશ થઇ ગમગીન થવું નહિ; તથા દરેક માણસ પોતાની કર્ણી પ્રમાણે તે જહાનમાં સજા તથા ખુશી, દુઃખ અથવા સુખ ભોગવશે. તે વિશે અવસ્તાની સત્તા સાથના દાખલા દલીલો આ ગ્રંથમાં આપેલાંછે. આ ગ્રંથ રચનારનું અસલ નામ તથા ખરા સને વિશે કશું ભરોસા ભરેલું મત અપાઇ શકાતું નથી, તોપણ બીજા વીદવાનોના મત મુજબ એના અંદરની પેહેલવી ભાષાની લિપિ, પાદશાહ ગુસ્તાસ્પ પછીનાં જમાનાના વખતની લખાવટને મળતી માલમ પડે છે.

અઓષનર—એ મહાન પુરૂષ પેશદાદીયાન વંશના અમલ દરમ્યાન પ્રસિદ્ધતા પામી ગયો છે. એણે પોતાની બાહોશી તેમજ સારા કામોથી નામ મેળવ્યું હતું.

અઓસ્તા—ઇટલીના રાજ્યમાં, આ શેહેર એજ નામના એના મુખ્ય શેહેર ટુરીનોના પ્રાંતમાં છે. અત્રે પનીર, ચામડાં વગેરેના મોટાં કારખાનાઓ આવેલાંછે. આ શેહેરમાં લોક વસ્તી ૮૦૦૦ ની છે. આખા ભાગની ૮૫૦૦૦ ની છે.

અંક—નાટકના જે કથા વિભાગ તેને અંક કહેછે. એક અંકમાં ઘણુંકરી વર્ષમાં બનેલાં બનાવો-થોડા વખતમાં અનેક કામો જે બતાવવાં યોગ્ય હોય તેજ સમાવેલાં ઠીક. એકજ અંકમાં ઘણા દૂર દેશથી આવવું, ખૂન, યુદ્ધ, રાજ્યરંગ, દેશરંગ, લગ્ન, જમણ, શ્રાપ, મોહોત, રત, દંતચ્છેદ, નખચ્છેદ, શયન, સ્નાન, મર્દન વગેરે કામો સાથે બતાવવાં નહિ.

અંકગણિત—આ વિદ્યા બીજી વિદ્યાઓ કરતાં ઘણી ઉપયોગી તેમજ પુરાતમ વખતમાં જણાયલી છે. આસરે ‘ ૨૪૭૮ ’ વર્ષની ઉપર થેલ્સ નામનો યુનાની ફીલસુફ એ વિદ્યા મીસર દેશમાંથી યુનાનમાં પેહેલ વેહેલી લાવ્યો હતો. અંકગણિત ઉપર સૌથી પુરાતમ પુસ્તક ‘ યુક્લીડ ’ નામના નામીચા શાસ્ત્રીએ આસરે ‘ ૨૧૭૦ ’ વર્ષ ઉપર રચ્યું હતું. ઇ૦ સ૦ ૧૫૬ ના સાલમાં ‘ અલેકઝાંડ્રીઆ ’ માં ‘ ડાયો ફન્ટસ ’ નામના પુરૂષે એ બાબત ઉપર સવાલ જવાબનાં આકારમાં ૧૩ ચોપડીઓ લખી હતી, અને તેમાંની ‘ ૬ ’ હાલમાં બચી રહેલી છે.

એકથી તે નવ સુધીના આકડાં તથા સુનથી ગણવાણી રીત ઇ૦ સ૦ ની ૬ ઠી સદીની ઘણી આગમજની હિંદુસ્થાનમાં જણાયલી હતી. ત્યાંથી નવમી સદીમાં અરબસ્થાનમાં દાખલ થઇ. ૧૧ મી સદીમાં સ્પેન દેશમાં અને ૧૩ મી સદીમાં ઇંગ્લાંડમાં દાખલ થઇ. દસાંઉસ અંકગણિત

૧૪૮૨ ના વર્ષમાં શોધી કાઢ્યું. ઇગ્લાંડમાં અંકગણિત ઉપર પેહેલું પુસ્તક ઇ૦ સ૦ ૧૫૨૨ માં એક પાદરીએ રચીને પ્રસિદ્ધ કર્યું હતું.

હિંદુસ્થાનમાં ગણિતશાસ્ત્ર સંપુરણ સ્થિતિમાં ખેડાયલું આજે દીસેછે, અને તે ખરૂં છે. દશ ગુણક (જે સંખ્યા દસ દસથી વધેછે તે વધવાની રીત) અંકની (આંકડાઓથી નીશાની કરવી તે) રીત હિંદુઓએ શોધી કાહાડી. આ વાત બધાએ જાણેછે, અને એ વિષે તેઓની પ્રખ્યાતી છે, અને તે શોધ તેઓને લાગ્યો તેથીજ તેઓ સંખ્યા શાસ્ત્રમાં યુનાની લોકો કરતાં ચઢીયાતા થયા હતા.

સઘળાં પ્રકરણો કરતાં બીજ ગણિતમાં બ્રાહ્મણોએ આગલા જમાનાંના લોકોમાં વધારે મોટપણું મેલવ્યું હતું એવું જણાય છે. બ્રહ્મગુપ્ત નામે એક ગ્રંથકાર છઠ્ઠા સૈકામાં હતો, અને બીજો ભાસ્કરાચાર્ય કરીને બારમાં સૈકામાં હતો; તે બેઉના ગ્રંથો ઉપરથી આ વિદ્યામાં બ્રાહ્મણોએ કેટલો શોધ કર્યો હતો આ વાત માલમ પડી આવેછે. હવે આ બેઉ ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાંના ઉપકરણો* આર્ય ભટ્ટના ગ્રંથોમાંથી લીધાં છે–તે ગ્રંથ કર્તાની વખતે આ વિદ્યા જવાનીના બહારમાં આવી હતી એવું જણાયલું છે. આર્યભટ્ટ પાંચમી સદીની આગમજ હતો એવો ખુલ્લો પુરાવો મળતો નથી, તોપણ ઈ૦ સ૦ ૩૬૦ ના સુમારમાં 'ડાયોફન્ટસ' નામે જે પેહેલો યુનાની બીજગણિતી હતો તેજ સુમારની નજીક નજીક એ હશે એવું નહીં મનાય એમ નથી.

હવે હિંદી તથા યુનાની એઓમાંથી કયું પણ જ્યોતિષ વધારે જુનું હશે તે હો, તોપણ આ શાસ્ત્રને હિંદુઓએ જે અતી સારી હાલતે પોંહચાડ્યું તે ઉપરથી તેઓના સામાંવાળા કરતાં તેઓ વધારે કુશળ હતા આ વાત બેશક છે. એકથી વધારે અવ્યકતના સમીકરણો છોડવવાની રીત અને તે નહિતો નીદાન એક વર્ણ સમીકરણમાંના બધાં કૃત્યો છોડવવાની સાધારણ રીત એટલું તો આર્ય ભટ્ટને ખબર હતું. એ ઉપરથી તે 'ડાયો ફન્ટસ' કરતાં વધારે હુશીયાર હતો અને તે સિવાય, તેને તથા તેની પછવાડે થએલા જે હિંદુ બીજગણિતીઓએ શોધો કીધી હતી તે શોધો, છેક આપણી વખતની નજીકનાંજ અર્વાચીન બીજ ગણિતીઓએ કરેલા શોધોની પાસે આવીને દાખલ થાયછે. એવું છતાં, હિંદુઓમાંની બીજ ગણિતવિદ્યા એ મૂળમાં આર્ય ભટે શોધી કાહાડી એવું કાંઇ નથી; કારણ તેના વખતમાં તે શાસ્ત્રની જે હાલત હતી તે ઘણા કાળથી મજબૂત થએલી અને ફરી ફરીને ઘણી મેહેનતથી શોધી કાહાડેલી હતી, એવું માનવાને સારો આધાર દેખાય છે. તેની વખતે અથવા તેની પછવાડે થયો હોય તો પાંચમી સદીમાં હિંદુઓની વિદ્યાનો કળસ થયો હશે એવું જણાયછે. અ क्ष + ब એમાં क्ष ને એવી કિંમત આપો કે મૂળ લખેલું પદ એ વર્ગનો આંક હશે. આ ઉદાહરણ ઇ૦ સ૦ ૧૧૫૦ માં ભાસ્કરાચાર્યે કીધું હતું. તે 'યૂલર' નામે એક ફ્રેન્ચ ગણુકે હાલના જમાનામાં છોડવ્યું હતું; અને બીજા ઉદાહરણની એક રીત ભાસ્કરાચાર્યે ઇ૦સ૦ ૧૧૫૦ માં કાહાડી હતી તે ઇ૦સ૦ ૧૬૫૭ માં 'લોર્ડ બ્રોંકરે' શોધી કાહાડી, તોપણ તેની સાધારણ ચાલ ઇ૦સ૦ ૧૬૬૭ માં 'લાગ્રાગજ' નામે ફ્રેન્ચ ગણુકે બેસાડી; એવું છતાં તે રીત તેની અગાઉ ઇસવી સનની છઠી સદીમાં 'બ્રહ્મગુપ્તે' પુરી દેખાડી હતી.

હિંદુઓએ જે શોધો કીધી છે તે તેઓનાં કરતાં તેઓની હીસાબ કરવાની રીત સરસ છે.

* ઉપકરણો '–જે વ્યાખ્યાઓ' તથા પ્રકરણો તથા સિદ્ધાન્તો જેઓની મદદથી કોઇ ગ્રંથનો પાયો રચાય છે તેઓ તેનાં ઉપકરણો કહેવાય છે.

અને હિંદુઓના બીજગણિતમાં 'કૂટ્ટક' (કોલાડાવાલી)નાં નામની જે સમીકરણની જાતી છે તે ઇ૦સ૦ ૧૬૨૪ સુધી યૂરોપમાં ખબર નહતી. જ્યોતિષ વિશેનાં શાસ્ત્રોમાં તથા ભૂમિતીમાંની સાબેતીઓમાં બીજગણિતનો ઉપયોગ કરવાની રીત હિંદુઓએ શોધી કાઢી હતી; એ ઉપરથી ગણિત શાસ્ત્રમાં હિંદુસ્થાન દુન્યાનાં બીજા ભાગોમાં સૌથી શ્રેષ્ટ જગા લેછે.

અકટોન જોસફ—આઇરિશ માયબાપના પેટે ઇ૦ સ૦ ૧૭૩૭ માં જનમ્યો.પ્રથમ એ દર્યાવર્દી ખાતામાં નોકરીએ રહ્યો. કમભાગ્યે ઇ૦ સ૦ ૧૭૬૪ માં 'આલજીરીયસ' પર ચઢાઇ લઇ જવાનો એને હોકમ થયો તેમાં એની હાર થઇ હતી; પણ પોતાની સારી ચાલ ચલણથી પાછો બુલંદ મરતબે ચઢી શકયો. નેપલ્સના રાજાપર એની શીફારસ એવી થઇ હતી કે, 'એ દર્યાવર્દી ખાતાનો ફતેહમંદ સરદાર થઈ શકશે;' તેથી તેને નેપલ્સના રાજાની પનાહ હેઠળ જગા મળી ત્યાં એણે પોતાની જાતી બહાદુરીથી ઇતિહાસમાં નાંમ અમર કર્યું છે. એનું મરણ ઈ. સ. ૧૮૦૮ માં નિપજ્યું.

અકતષ—જરથોસ્તિ ધર્મ પ્રમાણે એ એક મહા બુરો દેવ છે, અને એ દેવ અહરેમનનો જોડીયો ભાગયો છે; એની અનેક બુરી શકિતઓ છે કે, જે પાક ફરસ્તાંમોથી તુટી શકેછે.

અકદીરા—આ ગામ જોધપુરના દેશી રાજ્યમાં આવેલું છે. નશીરાબાદથી તે ડીસાનાં માર્ગમાં છે. તે નશીરાબાદની દક્ષીણ પશ્ચિમે ૧૪૧ માઇલપર છે.

અકબર—મહાન જલાલુદીન મહમદ શેખ ઉલ અકબર હિંદુસ્થાનના પ્રસિધ્ધ પાદશાહોમાં અસાધારણ કાબેલ્યત તથા રાજદ્વારી કુન્હે માટે જાણીતો થયલોછે. હૂમાયુને પોતાની દુર્દશા પછી નાહાસતાં અમરકોટના રાજાને ત્યાં ઉતારો લીધો; એ વખતે હૂમાયુંનની બેગમ 'હમીદા' ગર્ભવંતી હતી. તે વારે બેગમે ઇ૦ સ૦ ૧૫૪૨ માં અકટોંબર તા૦ ૧૫ મીએ મહાન જલાલુદીન મહમદ શેખઉલ અકબરનો જનમ આપ્યો. એ વેળા તાતારનો સૈઅદ 'અલી શીરાજી,' તે વખતનો સૈખુલ ઇસ્માલ પાદશાહને આશિર્વાદ દેવાને આવ્યો હતો, તેના અંગના પવિત્ર વસ્ત્રોનાં ઝબલાં શાહજાદાને કરાવ્યાં હતાં.

હૂમાયુન મદદ મેલવવા રખડતો રઝડતો ઇરાન ગયો. ઇરાનના શાહ તેહેમાસ્પે હૂમાયુનને માંન આપી પોતાની દરબારમાં પૂરોણો રાખ્યો, અને તેનું રાજ્ય પાછું જીતી લેવાને ફોજ આપી ઇ૦સ૦ ૧૫૫૪ માં રવાના કીધો. હૂમાયુન પોતાનું બળ મક્કમ કરતો અફઘાનિસ્થાનમાં પોતાનો અમલ પુરો બેસાડી યોગ્ય તૈયારી કરી ઇ૦સ૦ ૧૫૫૩ ના નવેંબર માસમાં ઉપડયો. પેશાવરને મુકામે બહેરામખાંન અને શાહાજાદો અકબર ગીજનીના કસાયલા જોધ્ધા સહીત તેને આવી મળયા. સિંધુ ઉતરી લાહોર પોંહચી વળયા ત્યાં સુધી કોઇ સાંમુ થયું નહિ. ત્યાંથી આગલ વધતાં તેમને યૂદ્ધ કરવું પડયું અને ૧૮ મી જુન ૧૫૫૫ ને દિવસે લડાઇ થઇ. હરોળની સરદારી અકબરે લઇ હલ્લો શરૂ કીધો; તેમાં અકબરનો જય થયો. આ જયથી મોગલ રાજ્યની પુન: સ્થાપના થઇ.

પંદર વર્ષ સુધી દેશવટો અને સારી માઠી સ્થિતિ ભોગવ્યા પછી હૂમાયુને સને ૧૫૫૫ ના જુલાઇ માસમાં દિલ્લીમાં પગ મુકયો. હૂમાયુનનું મૃત્યુ સને ૧૫૫૬ ના જાનેવારી માસની ૨૧ મી તારીખે નિપજ્યું. સૂર્યાસ્તે પાદશાહી પુસ્તકશાળાની આગાશીમાં જઇ થોડીવાર ફરી પાછો ઉતરે છે તેવામાં પાસેની મસજીદમાં નીમાજ પઢવા જવાની બાંગ પુકારી તે સાંભળી, તેને માન આપવાને શાહા બીજા પગથીયાં પર બેઠો, પણ ઉઠવા જતાંજ હાથમાંની લાકડી છટકી ગઇ અને આરસના લીસા પગથીયાં પરથી પાદશાહનો પગ લપસી ગયો તેથી તે ઉંચી સીઢીઓ પરથી ગબડી નીચે ઝીખાયો. અકબર એ વેળા પંજાબમાં હતો તેને બોલાવવાને બીજે દહાડે માનસો દોડાવ્યાં. હૂમાયું ૨૪ મી જાનેવારીએ મરણ પાંમ્યો.

અકબર પાદશાહે ઈલાહી નામે નવો સન ચલાવ્યો. ૧૦ મી (૧૧ મી) માર્ચ ઈ. સ. ૧૫૫૬, હીજરી સને ૯૬૩ તા૦ ૨૭ મી રબીઉલ આખરે તેનો આરંભ થયો.

પિતાનું મરણ થયું તે વેળા અકબરનું વય ૧૩ વર્ષ અને ૪ માસનું હતું. બેહેરામખાંન જોડે પંજાબમાં તેના પઠાણ શત્રુઓને જીતવાનાં કામમાં લાગ્યો હતો તેજ વેળા આ માઠા સમાચાર જાણી અકબર ભારે શોક પામ્યો. મુગલ ફોજના સરદારોની સમંતિથી બેહેરામખાંને પોતાની 'કલાનોની' છાવણીમાં તુરત અકબરની દુવાઇ ફેરવી અને જુવાન પાદશાહે તેને ખાન ખાનાનનો ઇલકાબ આપી મુખ્ય વજીર નેંમી કુલ અધિકાર સોંપ્યો.

દિલ્લીમાં આવી પાદશાહે પ્રજા અને લશકરના કામપર ધ્યાન આપ્યું. ખાનખાનાન અને બીજા પ્રધાનો અને ઊમરાવો હપતામાં બે વાર દીવાનખાનામાં હાજર થઈ પાદશાહના હુકમ પ્રમાંણે કામ કરતા.

અકબરની ચતુરાઇ અને કુશળતા વડેજ પાદશાહી ટકી રહી અને વૃદ્ધી પાંમી. મુગલ કૂળને હાથ હિંદનું રાજ્યાસન આવ્યું તેની આગમજ થઇ ગયલા મુસલમાંની રાજ કુળનો આધાર ઇરાની, પઠાણ, તુર્ક વગેરે વિદેશી સીપાઇઓ પર હતો; અને ગીજની, ઘોરી, ગુલામ, ખીલજી વગેરે પાદશાહો હિંદના લોકોને પરદેશી અને પરધર્મિ ગણી ધીક્કારતા, તેમને નીચ હલકા ગણતા અને પોતાના સ્વદેશી યોધ્ધાઓ વડે રાજ્યનો નીભાવ કરતા. મહાન અકબરે એ માઠી રાજ્યનિતી ફેરવી નાખી. બાબર અને હૂમાયુનની જોડે આવેલા મોગલો થોડા હતા અને હિંદના મુસલમાંનો દુશમન હતા. આ સંકટમાં એ મહાન પાદશાહે પડી ભાગેલી હિંદુ પ્રજાને અને હિંદુ રાજ રજવાડાને ઉઠાડવાને, તેમને પોતાના કરી લેવાનો, હિંદુ મુસલમાંન બેઉને સરખા ગણવાનો, અને પોતે પરદેશી નહીં ગણાંતાં દેશી થઈ જવાનો ઉદાર વિચાર કર્યો, અને તે અમલમાં મુકયો. હિંદુ, મુસલમાન, મુગલ, પઠાણ, રજપૂત અને બ્રાહ્મણો વચ્ચે ભેદ ન ગણતાં, ગુણ પ્રમાંણે રાજકાજમાં હરએક પદ્દિને જે લાયક હોય તે તેને આપી. કર વેરામાં, ઇન્સાફમાં તથા બીજી હરએક બાબતમાં સર્વે સરખા ગણાયા, અને મુસલમાની રાજ્યને હિંદુ રાજ્યનું રૂપ આપ્યું; આ સઘળું કરવાને જેમ પ્રસંગ આવતો ગયો તેમ કરતો ગયો.

પ્રથમ તેને ત્રણ મોટાં કાંમ કરવાનાં હતા. ૧ લું પોતાના લશકરી અમલદારોને વશ કરવાનું કામ; ૨ જું પાદશાહીનાં જે જે પ્રાંતો બીજાઓ કબજે કરી બેઠા હતા તે જીતી લેવાનું; ૩ જું રાજ્યમાં ઘણીક ઉથલ પાથલ થવાથી રાજ્ય વહીવટમાં અવ્યવસ્તા થઈ હતી તે મટાડી નિયમ સર કામ ચાલે અને પ્રજાનું રક્ષણ થાય તેવી ગોઠવણ કરવાનું. અકબરને રાજ્યાસન મળ્યું તે વખતે તેને પેહેલાં દિલ્લી અને આગ્રા જીતી લેવાની જરૂર પડી. ગાદીએ બીરાજ્યા પછી ત્રીજે વર્ષે તેને હાથ અજમેર આવ્યું; ચોથે વર્ષે ગ્વાલીયરગઢ જીત્યો; અને બહેરામથી છુટો પડયો તે પેહલાં થોડા વખત પર લખનોર અને જવાનપુરની સીમાં સુધીનો ગંગા કાંઠાનો દેશ તેને વશ થયો હતો.

રાજકારોબાર બહેરામખાંનને માથે હતો અને તેણે પાંચ વર્ષના કારોબારમાં રાજ્યને સારા પાયાપર લાવી મુકયું હતું. તેણે ઘણી જગોના ઘણાં તડાંના મુસલમાંનોની ફોજોના બખેડા બેસાડયા; આજુ બાજુના મુલક ઉપર ચઢાઇઓ કીધી, ને દુર દુરના રાજ્યોને વશ કીધાં પણ તેની કરડી હાકમીથી લોકો કંટાળ્યા હતા ને કેટલાક જન તેના દુશમન બની ફર્યાદ કરતા હતા; અકબરે ૧૮ વર્ષની ઉમરે પોતાનું પરવરશપણું જાણ્યું અને જાહેરનામું કાઢયું કે આજથી મારૂં રાજ્ય હું પોતેજ ચલાવીશ.

(૧૫૬૦). પછી અકબરે બહેરામખાંનને તેના ગુન્હા માફ કરી સારૂં ધન બક્ષી મક્કે જવાનો હુકમ કીધો; તે મક્કે જતાં ગુજરાતમાં દુશમનના હાથે માર્યો ગયો હતો.

અકબર જેપુરના રાજા બાહારમલની બેટી સાથે પરણ્યો હતો. અકબરે પોતાના સસરાને તથા સાળા ભગવાનદાસને બાદશાહી લશકરમાં મોટા દરજ્જા આપ્યા હતાં. અકબરે પોતાની મારવાડવાલી રજપુત રાણીથી થયલા બેટાને જેપુરની એક રાજકંન્યા સાથે પરણાવ્યો હતો. બાબરની સામાં સંગ્રામસિંહ લડયો હતો, તે બાહાને ઉદેસિંહને નબળો જોઇ અકબરે ચીતોડ ઉપર ચઢાઇ કીધી. ઉદેસિંહના સરદાર જેમલ મસાલને અજવાળે મોરચો તપાસતો હતો તેને અકબરે જ્યારે પોતે પણ ખાઇ તપાસવાં નિકળયો હતો ત્યારે દીઠો, કે ગોળી મારી તેને ઠાર કીધો. અને તુરત ત્યાર પછી હલ્લો કરી કિલ્લો હાથ કીધો. સને ૧૫૬૮ માં અકબરે ચીતોડ લીધું. બીજે વર્ષે રણથંબોર ને કલંજર એ પહાડી કિલ્લા લીધા —રણથંબોર ઉપર અકબર જાતે ગયો હતો. જોધપુરના માલદેવે ઘટતો સતકાર ન કરેલો તે ઉપરથી અકબરે જોધપુરનો મુલક બીકાનેરના રાયસિંહને બક્ષીસ આપવાનું ધાર્યું હતું. પણ માલદેવ મુવા પછી તેનો કુંવર શરણે આવ્યો ત્યારે અકબરે તેના ઉપર બહુ મેહેરબાંની કીધી હતી.

અકબરે પોતાના રાજના સાતમાં વર્ષમાં કાયદો કાઢયો કે યૂદ્ધમાં પકડાયલા કેદીને ગુલાંમ કરવાં નહિ. આજ પર્યંત વિજયી મુસલમાંન પાદશાહો અને તેમના અમલદારો તેમની સ્વારીમાં હિંદુઓને પકડી તેમને અને તેમનાં બાયડી છોકરાં તથા આશ્રીતોને ગુલામ કરી નજરમાં આવે તેમ તેમને વેચતા હતા, અને પોતાના ઘર, ખેતર વગેરેના કાંમને માટે ખપ હોય તેઓને લોંડા કરીને રાખતા. ન્યાયી અને દયાળુ અકબરે એમ કરવાની મના કરતાં જણાવ્યું કે, "જેવો બંડ કરે કે લઢે તેઓ માત્ર સજાને પાત્ર છે, તેઓના કુટુંબ કબીલાની તેમાં કાંઇ તકસીર નથી. ધણી ખોટું કાંમ કરે તેમાં તેની બાયડી અને તેના બચ્ચાંનો વાંક શું? તેઓ તેને કેમ અટકાવી શકે? તેઓને પોતાને ઘેર કે જ્યાં તેમની ખુશી હોય ત્યાં બીન હરકતે જવા દેવાં."

મુસલમાંન પાદશાહો તરફથી હિંદના તીર્થયાત્રાના સ્થળોમાં પ્રત્યેક જાત્રાળુ કનેથી તેના ગજા પ્રમાણે કર લેવામાં આવતો તેનું નામ 'કર્મિવેરો' હતું, અને તે કરથી કરોડો રૂપીયા ઉપજતા હતા; તે જુલમી કર અકબરે માફ કીધો. તેણે જણાવ્યું કે "આ કર લોકોના જુઠા વેહેમ ઉપર છે, અને જેઓ જાત્રાએ જાયછે તેઓનેજ આપવો પડેછે. તોપણ જાત્રા જનાર એમ માને છે કે, અમે એ માર્ગે પરમેશ્વરને પુજીએ છિયે તો એ કામમાં અડચણ કરવી એ પરમેશ્વરને પસંદ હોયજ નહીં.

ભરતખંડમાં મુસલમાંની અમલ બેઠો ત્યારથી જજીઆવેરો હિંદુઓ પાસેથી લેવામાં આવતો તે માફ કરી અકબરે મોટું પુણ્યનું કાંમ કીધું. એ કરથી મોટી ઉપજ નીપજતી હતી, પણ તે ગેરવાજબી અને પ્રજાને દુ:ખદાયક હોવાથી ન્યાયી અને ડાહ્યા અકબરે તે ઉઘરાવવાની મના કરી. હિંદુ લોકોને બળાતકારે મુસલમાંન કરવાનો આ કર એક ઉપાય હતો અને તે આપવો ગરીબ લોકોને બહુ કઠણ પડતો, એ માફ થવાથી હિંદુ પ્રજા ઘણી ખુશી થઇ.

ઇ૦ સ૦ ૧૫૬૫ માં આગ્રાનો જુનો કિલ્લો ઇંટનો બાંધેલો હતો, તે પડવા માંડયો હતો; તેને તોડી નાખી પથ્થરનો અકબરે બાંધવાની આગ્ના કરી. આ વરસમાં આરંભ કરી કેટલેક વર્ષે તે બંધાઇ રહ્યો હતો. તે ગઢ ઘણો સારો ને મજબુત બન્યો. તેની દેવાલની જાડાઇ દશ ગજ ને ઉંચાઇ ૪૦ ગજ છે. તેની ચારે બાજુ વિસ ગજ પોહોળી અને દશ ગજ

ઉંડી ખાઇ ખોદાવી અને જમના નદીમાંથી તેમાં પાણી આણ્યું. એ કિલ્લાના દરવાજાનો પાયો નાખ્યાનું વર્ષ बीना ईंदर ईं बिहीस्त (યાને હી. સને ૯૮૪). આ કિલ્લો બાંધવા ત્રણ કરોડ ટકાનો ખરચ બેઠો હતો; એ ખરચને માટે એ પ્રાંતની જમીન ઉપર કાંઇ વેરો નાખ્યો હતો.

અકબરને પંડિતો અને કવિઓની સાથે વિદ્યા વિષે વાતો કરવાનો અને કવિતા સાંભળવાનો ઘણો શોખ હતો. તેમનું સારી રીતે સન્માન કરી તેમને માંહોમાંહે વાદ વિવાદ કરાવતો અને પોતે તે સાંભળવાને બેસતો. એની દરબારમાં વિદ્વાન ગ્રંથકારો દાખલ **અબુલ ફેજલ; તોડરમલ, ભગવાનદાસ, માનસિંહ, બીરબલ, અજીજ ખાનખાનાન** અને ફેજી હતાં. તેમાનાં કેટલાકોને પદ્વિઓ આપવામાં આવી હતી. ગંગ અને **નરહર** કવિ દાખલ, **તાનસેન** ગવૈયા દાખલ ભારતભૂમિમાં પ્રસિદ્ધ થઇ ગયો છે તે પણ હતો. આવા મહાન વિદ્વાન નરોને એક ઠેકાણે મળવા માટે ઇ૦ સ૦ ૧૫૭૫ માં તેણે રાજમેહેલના બાગમાં 'ઇબાદતખાનું' નામે સુંદર મકાન બંધાવ્યું. તેમાં ચાર એવાન કરાવ્યા હતા. પેહલું—મોટા સૈઅદ એટલે ધર્મગુરૂઓને બેસવાનું, બીજું—ઓલમાઓ માટે, ત્રીજું—શેખ લોકોને અને ચોથું—કવિઓને મળવા સારૂં. શુક્રવારે રાત્રે પાદશાહ ત્યાં જતો અને આખી રાત ત્યાં રહેતો. વારા ફરતો ચારે એવાનમાં જતો અને લાયકી પ્રમાણે ત્યાં બીરાજનારાંને અશરફી અને રૂપીઆના દાન આપતો.

ગોવામાં ફ્રેંગીઓ પાસે જે હૂન્નર હોય તે જોવાને, તથા ત્યાંની કારીગરીના નમૂના બનાવવાને નાણાંની મોટી રકમ આપી 'હાજી હબીબને' ત્યાં મોકલ્યો હતો. ત્યાં હૂન્નર શીખવાને કેટલાક કારીગરોને પણ તેની સાથે મોકલ્યા હતા એ સર્વ આ વેળા પાછા આવ્યા. કારીગરો જે જે શીખી આવ્યા હતા તે સઘળું શાહને તેઓએ દેખાડયું. હાજી હબીબે આણેલો જાત જાતનો માલ પાદશાહની હજુરમાં તેણે બતલાવ્યો. તેણે કેટલાક આદમીઓને ફ્રેંગીના પોશાખ પહેરાવી તેમને વાજાં વગાડવા ઉભાં રાખ્યા. ત્યાંના ગવૈયા લોકે તેમનાં વાંજીંત્ર વજાડયાં, ત્યાં ઑર્ગન નામે યુરોપી વાજું વજાડયું તેથી સઘળાં ઘણાં ખુશી થયાં હતા. એજ વર્ષમાં મધગઢના રાજા પરમાનંદ પંવાર જોડે ઝગડો ઉઠયો. તેને વશ કરવાને મુગલ સેના ગઇ ને ફત્તેહ પામી.

એક વેળા ઇબાદતખાનામાં જૂદા જૂદા પંથોના પંડીતોએ પોતપોતાના મત સિદ્ધ કરવાને વાદવિવાદ કીધો. ભણેલા શીહા, સુન્ની, સુફી, બ્રાહ્મણ, જૈન, બૌધ, ચાર્વક, ખ્રિસ્તી, યાહુદી, જરથોસ્તી વગેરે જૂદા જૂદા મતના શાસ્ત્રીઓ સભામાં આવ્યા હતા. સઘળાને પોતાના વિચાર જાહેર કરવાની પુરી છુટ હતી. દરેક પંથવાલા નિર્ભયપણે અને જોશથી તકરાર કરતા. એક સમે રાત્રે પાદ્રી "રોડાલ્ફની' જોડે મુસલમાન પંડીતોને તકરાર થઇ. અબુલફજલે લખ્યું છે કે "એ પાદ્રી ઘણો ચતુર હતો; તેણે મુસલમાન ઓલમાઓને સંવાદમાં રદ કર્યાં ત્યારે તે ઓલમાઓએ બાઇબલ ઉપર હુમલો કર્યો. તેમના વાંધામાં ઉતર આપી, આ પાદ્રી બોલ્યો કે "જો બાઇબલ જુઠું અને કુરાન સાચ્ચું એવું તમને દ્રઢ આકીન હોય તો આવો તેની અગ્નિમાં પરીક્ષા કરીએ. ભઠ્ઠી સલગાવો, હું બાઇબલ હાથમા લઇ તેમાં ચાલું અને તમે તમારૂં કુરાન હાથમાં લઇ તેમાં ચાલો; સાચ્ચું જુઠું એ કસોટીથી જણાઇ આવશે." ઓલમાઓએ તેવું કરવાની ના કહી, અને ક્રોધાયમાન થઇ કઠોર વચન ઉચ્ચાર્યાં; એથી પાદશાહનું નિષ્પક્ષ મન ખેદ પામ્યું. અકબરે તે ઉપરથી એવા ખોટા ધર્મઝનુની મુલ્લાઓને સારી શીખામણો આપી તેમનાં ખોટાં ધર્મ અભિમાની ઝનુનોને તોડી પાડયાં હતાં.

ઇ૦ સ૦ ૧૫૭૯ માં ફત્તેપુરના મહેલના ચોકમાં ૨૦ ગજ લાંબો, ૨૦ ગજ પોહોળો અને ત્રણ ગજ ઉંડો હોજ હતો તેને સોના રૂપાના અને ત્રાંબાના નાણાથી ભરી, પાદશાહે તે ધન અમીર, ગરીબ, સાધુ અને વિદ્વાન લોકોને આપી દીધું. મુલ્લાં તૈયબને બાહાર તથા દીવાન રાય પુરૂષોતમને હાજીપુર બખસ્યું; તથા મુલ્લાં મજદીને અમીન નેમ્યો; અને ત્યાંની ખાલસા ભૂમીનો વહીવટદાર ખોજા શમશેરખાંનને ઠરાવ્યો. એ વર્ષને અંતે બંગાળનો સપેહસાલાર ખાન જહાન મરી ગયો. શાહે તેના ભાઇને દીલાસા પત્ર લખ્યો; ત્યાંના સુબેદાર મુજફ્ફરશાહને સુબેદાર, રીજવી ખાનને બક્ષી અને હકીમ અબુલફત્તા તથા પતરદાસને દીવાન ઠરાવ્યા.

ઇ૦ સ૦ ૧૫૮૦ માં પ્રત્યેક જાગીરદાર, શિકારદાર, અને દારોગાપર હોકમ મોકલ્યો કે ગામે ગામના રહેવાશીની નોંધ કરવી. એ પત્રકમાં દરેક માણસનું નામ અને તેનો ધંધો નોંધવો, અને પછી બધાં પત્રકો એકઠાં કરવાં. જે માણસ કાંઇ ધંધો રોજગાર નહીં કરતો હોય તેને ગામમાં રેહેવા દેવો નહીં. હોશીયાર માણસો આવે કે જાય તેમની તપાસ કરી તેમના ઇરાદા સારા છે કે નઠારા તે જાણી લેવાં. એમ કરવાથી બાહરથી દેખાતા સારા અને મનનાં બુરા આદમીઓનાં ખરાં લક્ષણ થોડા વખતમાં જણાઇ આવશે. આ ધારાથી રાજ્યમાં શાન્તિ સ્થાપન થઇ ને પ્રજાનું રક્ષણ થયું.

ઇ૦ સ૦ ૧૫૮૧ માં **સતી** થવાના રીવાજની સખત બંદી કીધી. હિંદુ વિધવાઓ સતી થઇ ધણીની જોડે બળી મરતી તેમાં કેટલીક પોતાની ખુશીથી અને કેટલીકને તેમની મર્જી ઉપરાંત તેણીનાં સગાંઓ એમાં કુળની આબરૂ છે એમ માની બળાત્કારે બાળી મારતા. આ બીજી રીત બંદ પાડવાનો અકબરશાહે હોકમ કીધો હતો, અને તે હોકમ અમલમાં લાવવાને, એટલે વિધવાની ખુશી વિના તેને બાળી મારતાં અટકાવવાને, દરેક પ્રાંતમાં અને શેહેરમાં તેણે અમલદારો નેમ્યા. રાજા માલદેવનાં કુંવર જયમલને બંગાલની લઢાઇમાં જવાનો હુકમ આપ્યો હતો, તેને આજ વર્ષમાં 'લૂ' લાગવાથી 'ચાઉન્સા' નગરી પાસે તે મરણ પામ્યો. મુનના રાજાની કુંવરી તેની બાયડી હતી, તેની મરજી પોતાના પતીના શબની જોડે બળી મરવાની ન હતી; તેમ છતાં તે બાઇના કુંવર ઉદયસિંહે અને તેના ધર્માંધ મિત્રોએ તેને બળાત્કારે બાળવાનો ઠરાવ કર્યો; આ વાત પાદશાહને જણાતાંજ તે પોતે જાતે તેમનાં ઘરે જઇ આવું દુષ્ટ કર્મ કરતાં તેમને પોતે સમજાવ્યાં હતાં. માહાભારતનું ભાષાંતર ફારસી ભાષામાં અકબરે કરવાનો હુકમ કીધો હતો તે ૧૫૮૪ માં સંપૂરણ તૈયાર થયો હતો.

ઇબાદતખાંનામાં પાદશાહ જતો અને સઘળા ઓલમાઓ સાથે ધર્મ સંબંધી વાદ વિવાદ કરતો. પાદશાહની બુદ્ધિ ઘણી ઉત્તમ હોવાથી દરેક ધર્મનું ખરૂં ખોટું તે શોધી કાઢતો. પાદશાહ દરેક ઓલિમાઓની જૂદી જૂદી તકરારો સાંભળીયા કરતો તેથી હવે તેના શક પર શક વધતા ગયા, અને જે તે શોધવા માંગતો હતો તે ગુંમ થઇ ગયું. એમ કરતાં થોડા વર્ષમાં તેનું એદીન મુસલમાની ધર્મ ઉપરથી ઉઠી ગયું, આમ થવાના ઘણાંક કારણો હતાં.

હીજરી સને ૯૮૬ ખ્રિસ્તી પાદ્રીઓ તેમનું બાઇબલ પાદશાહની જનાબમાં લાવી કહેવા લાગ્યા કે એમનો ઉપરી પોપ કહેવાય છે અને તે બાઇબલનો અર્થ લોકોને સમજાવવાને પ્રગટ કરેછે. એની આજ્ઞાઓ પાદશાહને પણ માનવી પડે છે. એ પાદ્રીએ પોતાના ધર્મની મોતેબરી સમજાવી. અકબર પાદશાહે શાહાજાદા મોરાદને બાઇબલ શીખવાને અને માન આપવાની આજ્ઞા કરી, તથા અબુલફજલને તેનો તરજુમો કર-

વાનો હોકમ આપ્યો, અને આરંભમાં બિસમીલ્લાને ઠેકાણે "આઇ નાંમી તું જીસસ ઓ કિરીસ્તો (અર્થ=ઓ તું જેનુ નામ ઇસુ અને ખ્રિસ્ત છે) એમ લખવાનું ફરમાવ્યું.

બીરબલે પાદશાહને સમજાવાની કોશેસ કરી જણાવ્યું કે સૂરજ સર્વને અજવાળું આપે છે, સઘળાં અનાજ, મેવા અને જમીનની પેદાયશને પકવે છે; તથા માણસ જાતના પ્રાણનો આધાર છે, માટે તેને પુંજવો જોઇએ. પ્રાર્થના કરતી વેળા ઊગતા સૂરજની તરફ મુખ રાખવું જોઇએ, આથમતા સૂરજ ભણી ન રાખવું. માણસોએ અગ્નિને, જળને, પથ્થરોને ઝાડોને તથા સઘળાં સૃષ્ટી પદાર્થને તે છેક ગાયને પણ નમવું; અને પાદશાહે કપાળે તીલક ચાંદલો કરવો અને જનોઇ પેહેરવી જોઇએ. દરબારમાંના કેટલાક ડાહ્યા પુરૂષો તેના એ કેહેવાને ટેકો આપતા; ગાયોને હિંદુઓ માને છે, તથા તેના છાણને પાક ગણે છે માટે ગોવધ કરવાની તથા ગોમાસ ખાવાની અકબરે મના કરી હતી.

ગુજરાતમાં નવસારી ગામછે ત્યાંથી દસ્તુર **મેહેરજી રાણા** પણ અકબરના એબાદતખાંનામાં પોતાના ધર્મની મોતેબરી સમજાવા ગયા હતા. તેવણે જરતોસ્તી ધર્મની ખરી ખુબી બતાવી હતી, તેમજ આતશના કેબલા સનમુખ બંદગી કરવાથી શું ફાયદા થાય છે તથા તેમાં શું ભેદો સમાયલાં છે તે જણાવ્યાં હતા. પાદશાહે તેમના પર ધ્યાન આપ્યું, અને જરતોસ્તના પવિત્ર કલામો તથા દરેક ક્રિયાઓની માહીતગારી મેળવી. અંતે પાદશાહે અબુલફજલને અગ્નિને રાખવો, અને ઇરાનનાં પાર્સી પાદશાહો જેમ તેને રાત દિવસ આતશકદેહોમાં અખંડ બાળતા અને કદી બુજવા દેતા નહીં તેમ તેને પણ કરવું એમ હોકમ કીધો; કેમકે તે પણ ઇશ્વર સુચક ચિન્હ છે, અને તેણે સર્જવેલા ઘણાં પ્રકાશોમાંનો એક પ્રકાશ છે. પોતાના જુવાનીના સમયથી હિંદના રાજાઓની કુંવરીને પરણ્યો હતો, તે રાણીઓના માનને અર્થે જનાનખાનાંમાં હોમ કરાવતો; પણ પોતાના અમલના પચીસમાં વર્ષના નવરોજને દિવસે જાહેરમાં સઘળાંઓના દેખતાં અકબર પાદશાહ સૂરજને અને અગ્નિને પગે લાગ્યો અને સાંજે દીવા થયા તે વખત આખા દરબારને માનપૂર્વક ઉભા થવું પડ્યું. બળેવને દિવસે મોતીની રાખડી બાંધી તથા માથે અક્ષત ચોઢેલો ચાંદલો કીધો અને દરબારમાં બીરાજ્યો.

અકબરે દરેક ધર્મનો અભ્યાસ કરી તેમાંનુ જે ખરૂં લાગ્યું તે શોધી કાઢી એક નવો ધર્મ સ્થાપન કરવાનો વિચાર કીધો અને હિ. સને ૯૮૭ માં તે ધર્મનાં ફરમાન પોતાના દરબારીઓમાં ફેરવી તે પાળવાની દરેક પાસેથી સખત કબુલાતો લીધી. અને તે ધર્મનું નાય 'તૌહીદ- ઇ ઇલાહી' પાડ્યું. (જુઓ ઇલ્લિહિ મજહબ.) દારૂથી થતી ખરાબી જોઇ દારૂનાં પીઠાં બંધ કરાવ્યાં અને છાકટા થનારને તથા દારૂથી મસ્ત થઇ તંટા કરનારને સજા કરવાનો હુકમ કર્યો. કૈઅત આણુવાને તથા દવાને સારૂં હકીમો ફરમાવે તેમને દારૂ મળી શકે, માટે મેહેલની નીચે સરકારી પીઠું મંડાવ્યું; અને પોતાના દરબાનની બાયડીને ત્યાં વેચવા બેસાડી. એ દુકાન ખાતે મેહેતો રાખ્યો તે હર કોઇ માદા આદમીને તેનું નામ નોંધી લઇ, સરકારે ઠરાવેલા ભાવે દારૂ વેચાતો લેવા દેતો. એમ કીધા છતાં પણ લોકો જુઠા બહાના કરી છાકટા થતા હતાં.

અકબર સાવધ, હિમ્મતવાન અને પ્રસંગે સાહાસ કરનારો એવો શૂરો લડવૈયો હતો. એણે અફ્ઘાન સરદાર તથા પોતાનાં સરદાર એઓના બંડ બખેડા ભાગ્યા. તોપણ તેઓની તરફની તેના મનમાં દહેશત હતીજ; વળી કેટલાક મુસલમાની રાજ્યો એના અમલમાં જોરાવર હતા, ને રજપૂત રાજ્યો મુસલમાનથી સ્વતંત્ર રહેવાને ખંતીલા હતા. એ સ્થિતિમાં તેણે ભય દેખાડી, મોહ પમાડી, લગન સંબંધથી

મોટી પદ્વિઓ આપી રજપૂતોને વશ કીધા. હિંદુને મુસલમાન સરદારો પાસે સરસાઇએ કામ કરાવ્યું, પોતે પણ તેવે ઠેકાણે ફોજદોરી, ને જીતેલા મુલ્કોનો પાકો બંદોબસ્ત કીધો. એ પ્રમાણે અકબરે આંખી જીંદગી લડાઇનાં કામમાં ગાળી આખા હિંદુસ્થાનની પાદશાહી મેળવી.

ઇ. સ. ૧૬૦૫ ના સપટેંબર માસમાં મધ્મ ભાગે રોગનું જોર વધ્યું અને ભુખ બીલકુલ જતી રહી, એવી રીતે મંદવાડ વધવાથી આ માહા પ્રતાપી પાદશાહ તા૦ ૧૨ મી આબાન ઇરાની, અરબી માસ-જુમાદલ અવ્વલ હિ. સ. ૧૦૧૪. ઇ. સ. ૧૬૦૫ ને સપટેંબરમાં મરણ પાંમ્યો.

અકબર પાદશાહ ખુશનુમાં ચેહેરાનો, બોલવે ચાલવે ચપળ હતો. તેનામાં બુદ્ધિ વિશાળ હતી; અને અંગબળ તથા ચપળતા પુશકળ હતી. એણે હિંદુ મુસલમાન પ્રજાને સરખી ગણી યોગ્યતા પ્રમાણે અધીકાર આપ્યા હતા. દરેકને દરેકના ધર્મ પ્રમાણે ધર્મ પાળવાની છુટ આપી અને કર વેરાઓ કરાવી વિધાકળાને ઉત્તેજન આપ્યું હતુ. તેણે પોતાના કાબેલ મસલહતદારોની મદદથી રાજકારોબારની સારી ગોઠવણ કરી હતી. રાજ્યના ૧૫ સુબા નેમી એકેકની વસૂલ ઠેરવી, જમીનની કુલ પેદાશનો ત્રીજો હિસ્સો સરકારમાં લેતો કર્યો હતો. દર વર્ષે સરકારમાં ત્રીશ કરોડથી વધુ રકમ ભરાતી હતી. એણે પોતાના રાજ્યમાં દીવાની, ફોજદારી સ્થાપીને અમલદારોને માટે ધારા બાંધ્યા હતા. ફોજમાં પાંચથી દસ હજાર સ્વારોની સરદારી શાહાજાદા તથા રજપૂત રાજાઓનેજ માટે રાખી હતી. લશકરમાં રાજવંશી વડા સરદારો ૩૦ હતા, બીજા ૪૫૦ હતા. અકબર પાદશાહે અટક, ગોરખપૂર, શિક્રી એ શેહેરો વસાવ્યાં હતાં, ને આગ્રા તથા પ્રયાગમાં કિલ્લા, કોટ, ઘુમટ વગેરે બાંધ્યા હતા. જેમ તે લઢાઇ તરફ ધ્યાન આપતો હતો તેમજ રાજકારોબારમાં તથા ઇન્સાફમાં પણ ધ્યાન આપતો. એટલું છતાં તે શીકાર કરવામાં, ગ્રંથો લખવામાં, મુસલમાની ધર્મમાં ફેરફાર કરવામાં તથા કવિઓ અને પંડિતો સાથે વિનોદ કરવામાં કેટલોક વખત મેળવી શકતો હતો. અકબરને બુઢાપામાં સલીમની ઉછાછલી ચાલચલણ, તથા અબુલ ફજલના ખુનથી; અને કુટુંબ કલહથી દુઃખી થવું પડ્યું હતું.

અકબર બીજો—શાહાઆલમ બીજા પછી તેનો આ શાહાજાદો બીજા અકબરના નામે ઇ.સ. ૧૮૦૬ માં દિલ્લીમાં ગાદીનશીન થયો. એ ઈંગ્રેજ સરકારના આસરા હેઠળ હતો. ત્રીસ વર્ષ સારી રીતે રાજ્ય કરી ૧૮૩૭ માં મરણ પામ્યો. એના મરણ બાદ એની ગાદીપર એનો કુંવર મહમદ બાહાદૂર ગાદીએ બેઠો.

અકબરપુર—મથુરામાં આવેલું આ એક શેહેર છે. દિલ્લીની છાવણીથી તે મથુરા જવાના માર્ગમાં આવેલું છે. મથુરાની ઉત્તર પશ્ચિમે ૧૬ માઇલઉપર છે. (૨) આ બીજું અકબરપુર નામનું ગામ ઔદના રાજ્યમાં અલદીમાના જીલ્લામાં આવેલું છે. આ ગામ 'ટોન્સ' નદીને કીનારે વસેલું છે. ફૈજાબાદની દક્ષિણ પૂર્વે ૩૫ માઇલપર તથા લખનવની દક્ષિણ પૂર્વે ૧૦૫ માઇલપર છે. અહીં ઘણા ખરા વણકરો વસે છે, જેમાંનો મોટો ભાગ મુસલમાનોનો છે. વસ્તી ૧૨૦૦ ની છે.

અકબરાબાદ—રામપૂરના દેશી રાજ્યમાં આવેલું આ એક સુંદર ગામડું છે. રામપૂરની ઉત્તરે ૨૦ માઇલપર આવેલું છે. (૨) આ બીજું અકબરાબાદ અલૈગરમાં આવેલું એક ગામડું છે. અહીં વાયવ્યપ્રાંતનાં ગવરનૂરની સત્તા છે. આ ગામ અલાહબાદથી ' કોયલ ' ના માર્ગમાં આવેલું છે. (૩) આ ત્રીજું ઉપલાજ નામનું ગામ મંડલેશ્વરના બ્રિટીશ હદમાં આવેલું છે, અને તે ઇંદોરના દેશી રાજ્યની હદમાં છે. મુંબઇથી ઈંદોરના માર્ગમાં છે. ઈંદોરની દક્ષિણ પશ્ચિમે ૪૩ માઇલપર છે.

અકબારપુર—(૧) આ ગામ કાનપુરમાં આવેલું છે; એના પ્રગણાનું નામ પણ એજ છે. કાનપુરથી ઇટવાના માર્ગમાં આ શેહેર છે, અને કાનપુરની પશ્ચિમે ૨૮ માઇલ પર આવેલું છે. અહીંની વસ્તી સુમારે ૭૦૦૦ ની છે. (૨) આ શાહજહાંનપુરના બ્રિટીશ ડીસ્ત્રીક્ટમાં, નૉ૰ વે૰ પ્રૉવિન્સના લેફ્ટનન્ટ ગવરનરના તાબામાં છે. બરેઇલીથી ફ્તેહપુરની છાવણી સુધીના માર્ગમાં આવે છે. એ નાહાનું ગામડું છે અને તે બરેઇલીની દક્ષિણ પૂર્વે ૨૨ માઇલ પર છે. અહીંની જમીન ઘણી ફળદ્રુપ છે.

અંકમુખ—(જુઓ અર્થાપક્ષેપક.)

અકબાહ—આ પ્રખ્યાત સારેસન સરદાર હિજરીની પેહેલી સદીમાં થઇ ગયોછે. 'ઉત્તર આફ્રિકામાં જ્યારે તે રાજ્ય ચલાવતો હતો ત્યારે ગ્રીક અને આફ્રિકન લોકોમાં મોટું હુલડ ઉઠયું, તે સમાવવા જતાં એ હાકેમ માર્યો ગયો.

અકમનંધ—જરથોસ્તી ધર્મ શીલસુરી પ્રમાણે એ એક દેવનું નામ છે, જે તેના અર્થ (બુરું મન) પ્રમાણે વોહૂમનો એટલે બહેમનનો દુશમન થાય છે, એ દેવનું કામ મનુષ્યના મનમાં બુરા વિચારો દાખલ કરવાનું છે. એને ' અષેમ ' દેવની સાથે ' અજીદહાક અને સ્પિત્યૂર ' ને આડે માર્ગે લાવતો જણાવ્યો છે.

અકયૂલસ લ્યુસ્યૂસ—આ કરૂણારસીક લાટીન કવિતાઓ રચનારનો જન્મ ઈ૰ સ૰ ૫૮૩ માં થયો હતો. એણે જાણીતા ગ્રીક નરોના જીવન ચરિત્રો રચ્યાં છે. તેમજ રોમન ઇતિહાસ પણ એણેજ રચ્યો હતો, અને એવું પણ નિશ્ચયપૂર્વક જણાવવામાં આવે છે કે એણે કવિતામાં ઘણાંક રમુજી લખાણો પણ કર્યાં હતાં.

અકરનસ—આ લાટીન ભાષાનો 'પૉલીશ' કવિનો જન્મ ઈ૰ સ૰ ૧૫૫૧ માં થયો હતો અને એનું મરણ લ્યુબીન ખાતે ૧૬૦૮ માં નિપજ્યું. એણે પોતાની કવિતાઓ પૉલીશ યાને લાટીન ભાષામાં લખી હતી. એના જથાબંધ લખાણોનો મોટો ભાગ કાવાબાજ અદેખા ઉમરાવોએ કોઇક કારણથી બાળી નાખેલો હોવાથી એના ઘણાંજ જુજ લખાણો બચી રહ્યાં છે.

અક્રૂર—હિંદુ દંતકથાને લગતો એ એક દેવતાઇ પુરૂષ છે. એ 'સુલફ્ક' નામના યાદવનો પુત્ર થાય. એની માતાનું નામ ગાંદીની હતું. એ કૃષ્ણની માતાના કાકા દાખલ સગાઇ ધરાવતો કહેવાય છે. એને કંસે કૃષ્ણને મથુરા તેડી લાવવા માટે ગોકુળ મોકલ્યો હતો. કહે છે કે કૃષ્ણ જવા નિકલ્યા તે વેળા ગોપીઓએ અક્રૂરને કહ્યું હતું કે તમેં અક્રૂર નથી પણ ક્રૂર છો. કેમકે હમારા જીવનહાર કૃષ્ણનો તમે વિજોગ કરાવો છો. આવાં તાણાથી એણે 'સતધન્વા સત્રાજીતને' મારી નાંખી તેનો સ્યમન્તક મણી લઇ આવ્યો હતો. એ વાતની જ્યારે લોકોમાં ચર્ચા ચાલી ત્યારે અક્રૂર પ્રયાગ ને કાશી જઇ રહ્યો, અને ત્યાં મોટું દાન ધર્મ કરી મણી કર્મણિકાનો ઘાટ બંધાવ્યો. પછી જ્યારે કૃષ્ણના કહ્યાથી તેને યાદવો તેડવા ગયા ત્યારે તે પાછો દ્વારિકા આવી રહ્યો હતો.

અકરોન—આ ગ્રીક વૈદનો જનમ સિસીલી ખાતેના ગ્રીક પ્રગણા નામે 'એગ્રીનટમ' ખાતે ઈ૰ સ૰ પૂર્વે ૪૬૦ માં થયો હતો. આ વૈદ પોતાના વખતમાં ઘણી મોટી પ્રસિદ્ધતા પાંમ્યો હતો.

અક્કલકરો—અક્કલકરાનાં ઝાડો ઘણાં નાહાના હોય છે, અને તેની ઉંચાઇ એક હાથથી વધારે હોતી નથી. એની ઉત્પત્તિ અરબસ્થાન, બંગાલ અને મીસરદેશમાં થાય છે. એ ઝાડનાં મૂળ અહીં આવે છે. હિંદુસ્થાનમાં એના ઝાડો જુજ મળી આવે છે. અક્કલકરાનાં ઝાડને પીળાં મખમલ જેવાં રંગબેરંગી ફુલો આવે છે. તે ખાવાથી અક્કલકરાની સળી પ્રમાણે જીભને પાંણી વળે છે. અક્કલકરો ખાવામાં ઘણો ગુણકારક છે, તે ઉષ્ણ અને વાત્તહર છે. પેગતાઇ તરીકે તે

આપવામાં આવે છે. દાત દુખતા બંધ પડેછે. પેટના વાયુ ઉપર અપાય છે, મોમાં રાખ વાથી થુંક વહેછે અને તમતમે છે. અક્કલકરાના મૂળ ઔષધીમાં ઘણાં વપરાય છે.

અક્કલકોટ—આ મરાઠા દેશી રાજ્ય મુંબઇ સરકારના તાબા તળેતું છે. આગળ આ મુલકનો રાજા સતારાના રાજાનો એક ખંડિયો હતો, પાછળથી ઇસ્ટઇંડીયા કંપનીએ એને જહાગીર બક્ષી હતી; અને ત્યાર પછી તેઓએ રાજ્યપદ ધારણ કરી રાજ્ય ચલાવ્યું હતું: આગલા સીંધ્યા રાજાએ ઘણું દ્રવ્ય એકઠું કર્યું હતું તે ઈંગ્રેજ સરકારે કરજે લીધું છે. અહીંનો હાલનો રાજા જુવાન વયે ગાદીનશીન થયો હતો. આ શાહાજી મુલરાજે ભોંસલેને ઇ. સ. ૧૮૯૩ માં મુંબઈના આગલા ગવરનર લૉર્ડ હેરીસે ગાદીપર બેસાડવાની ક્રીયા કરી હતી. મુંબઇની દક્ષીણ પૂર્વે ૨૫૦ માઇલપર આ મુલક છે. વસ્તી સુમારે '૭૫૭૭૫' નીછે. દરસાલ ઉપજ રૂ. ૨૭૫૦૦૦ ની છે.

અક્કલકોટના સ્વામી—આ માહાત્મા પુરૂષ ઈ. સ. ૧૮૭૯ માં અક્કલકોટ ખાતે સમાધીસ્ત થયા હતા. આ સ્વામી દેખાવે સાધારણ હતા પણ તેમની જ્ઞાનશક્તિ અસાધારણ હતી. આ સ્વામીના કરેલા ચમત્કારો તથા પવિત્રતાને લીધે હાલમાં આ સ્વામીને નામે ત્યાં એક મોટી જાત્રા ભરાયછે તેમાં હજારો જાત્રાળુઓ ગામેગામથી આવે છે. સ્વામીચરિત્ર નામના મરાઠી ગ્રંથમાં એમનું અદભુત ચરિત્ર આપ્યું છે.

અંકલેશ્વર—ભરૂચ તાબાનો કસ્બો, ભરૂચની દક્ષિણે છ માઇલ ઊપર, રેલવેનું તે મુકામ છે. તેની પશ્ચિમે બાર મૈલ ઊપર હાંસોટા ને પૂર્વ તરફ નવ માઇલનો નાંદોદનો રસ્તો આવીયાથી રેલવે થયા પછી ધંધાનું મોટું મથક થયું છે. ત્યાં ઇમારતી તથા બાળવાના લાકડાં, વાંસ, કરિયાણું, મધ, મીણ ચાંમડાં વગેરે આવે છે અને ત્યાંથી કાપડ, ધાતુ લોઢાનો સમાંન વગેરે નાંદોદ જાય છે. રૂનો ધંધો મોટો છે અને ત્યાં ત્રણ મોટા ચરખા છે. દેશી સાબુ તથા કાગળનું એક નાનું કારખાનું છે. મામલતદારનું થાણું, પોલીસ ચોકી, સબાર્ડિનેટ જડજની કોર્ટ, પોસ્ટ ઑફીસ ને દવાખાનું છે, વસ્તી સુમારે ૧૦૦૦૦ ની છે.

અકલોજ—આ ગામડું સતારા જીલ્લામાં આવેલું છે, અને તે નીરા નદીને કાંઠે વસેલું છે. આ ગામડું સતારાની પૂર્વે ૭૦ માઇલ ઊપર છે.

અકવાબ—અથવા આરાકાંન પ્રૉપર. આ એક આરાકાનનો ભાગ છે. એની ઉત્તરે ચીતાગોંગ, પશ્ચિમે બંગાલનો આખાત, પૂર્વે પર્વતો અને દક્ષિણે 'રામરી' ના બેટો તથા 'નાનાહીનાહા' ની ખાડીઓ તથા નાળાંઓ આવેલાં છે. એનું ક્ષેત્રફળ ૬૦૦૦ માઇલ ઉપર છે. અહીંની જમીન સપાટ છે. પણ દર્યા કિનારાના પાહાડોની હારોથી ટેકરાવાળી તથા ઉત્તર અને પૂર્વ તરફની સરહદ પર્વતોની ઉંચી હારોથી ઘેરાયલી છે; જે ઉપરથી ચીતાગોંગ અને આવ્હા જવાનાં પુશકળ માર્ગો છે. આરાકાનનો મોટો ભાગ નીચ પ્રદેશથી બનેલો છે અને તેમાં અનેક નાળાંઓ તથા નદીઓ વહે છે. વર્સાદની મોસમમાં આ નીચ પ્રદેશો ઘણી વેળા રેલની ધાસ્તીમાં આવી પડે છે. અહીં ભાત મોટા જથ્થામાં પાકે છે અને ત્યાંથી તે દુરદેશોમાં જાય છે. વસ્તી સુમારે બે લાખ માણસોની છે.

અકિવલીયા—(૧) નેપલ્સનું આ એક કિલ્લેબંદીવાળું શેહેર છે. રોમની ઉત્તર પૂર્વે ૫૮ માઇલપર આવેલુંછે. આ શેહેર એમપરર ફ્રેડ્રીક બીજાએ બાંધ્યું હતું. આ શેહેર ધર્તિકંપના આંચકાઓથી ઇ. સ. ૧૬૮૮, ૧૭૦૩ અને ૧૭૦૬ માં ઘણું પાયમાલ થઈ ગયું હતું. હાલમાં એટીર્નો નદીપર ઘણી સુંદર રીતે પાછું વસાવવામાં આવ્યું છે. ૧૮૮૧ માં વસ્તી ૧૬૦૦૦ ની હતી. (૨) ઇટિલીનું એ એક પુરાતંન

શેહેર છે, અને તે 'એશીયાટીક' શેહેરને મથાળે આવેલું છે. રોમન શાહાનશાહોના રાજ્યના વખતે એ એક મુખ્ય શેહેર હતું. પાંચમી સદીમાં ઇટલીપર જંગલી લોકોની અવારનવાર ચઢાઇઓથી આ શેહેર ઘણું નાશ પામ્યું હતું. હાલમાં એ ફક્ત ૨૦૦૦ માછીમારોથી વસેલું નાહાનું ગામડું છે.

અંક લેખન—આ રીતમાં સઘળા દેશો કાંઇ સરખાં નથી; અને બીજા કેટલાક દેશોની રીતો તો ઘણીજ અઘડી છે. હિંદુસ્થાનમાં જે રીત ચાલુ છે તેની યોગ્યતા અને સુલભતા કોઇ પણ દેશ ધરાવતું નથી. આ હિંદી અંક લેખનની રીત મુસલમાન લોકો તરફથી સ્પેનમાં પ્રથમ દાખલ થઇ હતી અને તેથી જુની રોમન રીતનો ત્યાગ કરવામાં આવ્યો હતો. હિંદી રીતની યોગ્યતા ધ્યાનમાં ઠસાવવા માટે નીચે રોમન રીત દર્શાવિ છે.

રોમન અંક લેખન.

રોમન અંક=I, V, X, L, C, D, M.
હિંદી અંક=૧, ૫, ૧૦, ૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦

રોમન રીતથી સંખ્યા માંડતા મોટી નિશાનીની આગળ હલકી નિશાની આવે, એટલે તેમાં તે મળવાની અને પાછળ આવે એટલે તેમાંથી બાદ થવાની.

ઉદાહરણ—IV આ '૪' છે, કારણ I નિશાની V એ નિશાનીની પાછળ છે. તેમજ XII આ બાર છે, કારણ કે II અંક આધી X નિશાનીની આગળ છે. તેજ રૂઢીએ—

XL આ ૪૦ છે કારણકે,...૫૦÷૧૦=૪૦ થયા.
XLI આ ૪૧ છે ,, ...૫૦+૧૦+૧=૪૧.
LXXI આ ૭૧ છે,,૫૦+૧૦+૧૦+૧=૭૧
MDCCCLIXછે,, ૧૦૦૦×૫૦૦+૧૦૦ ૧૦૦+૧૦૦+૫૦+૧૦-૧=૧૮૫૯ થયા.

આપણી હિંદી રીતમાં બધી નાની મોટી સંખ્યા ૯ અંક અને ૦ મળી દસ ચિન્હોથી લખાય છે; પણ સંખ્યા માંડવાની જે આપણી સુલભ રીત છે તેને દશ ચિન્હો જોઇએ એમ નથી. વધુ યા ઓછી હોય તો પણ એ રીતથી જોઇએ તેટલી સંખ્યા લખાય છે. એ રીત એટલીજ છે કે દસ ચિન્હો છે ત્યારે અનેક અંકની સંખ્યામાં પાછલી એક સંખ્યા દસ ઘણી વધતી જાય છે.

૬૫૪ એમાં પાંચની કિંમત પાંચની દસઘણી અને ૬ ની કિંમત ૬ ની સો ઘણી મળી=૬૫૪ થયા. એ રીતે જોતાં સેહેલી રીત હિંદની જણાય છે.

અકરાન—ધર્મિક મોહમેદનો હજ દરમ્યાન 'ઉમરત' ની જે ક્રિયા કરે છે તેને અકરાન કહે છે.

અકસ્માત—હમેશાં અકસ્માત નહિ ધારેલો અને એકાએક બને છે, તે વખતે શું કરવું અને શું નહિ, તેનો વિચાર બધાંને એકાએક આવતો નથી. અકસ્માત આગથી પાણીથી અથવા ઝેરી હવાથી થાય છે. તેમજ ડુબી જવાથી, દમ બંધાઇ જવાથી તથા ઝેર ખાવાથી થાય છે. અકસ્માતની વેળાએ શાંત મગજ અને ઝડપ વાપરવાની ઘણી જરૂર છે. જો એક માણસની નેસમાંથી લોહી વહેતું હોય તો તરતજ ઉપર આંગળાંનું દબાણ કરી દેવું કે, જેથી બીજો ઇલાજ કરીએ તેની અગાઉ લોહી બદનમાંથી નિકળી જતું અટકે. જો કોઇ માણસને અકસ્માત થવાથી બેસુદ્ધી થઇ હોય તો તરત તેના દીલપરથી કાંઇબી વજન હોય તે દૂર કરવો અને તેના શરીરને એવી રીતે મુકવું કે હવાનો માર્ગ તેના મોઢા ઉપર ખુલ્લો રહે અને તેના દમમાં ખુલી હવા આવજાવ થાય. જો હાથ અથવા પગમાંથી લોહી નીકળતું હોય તો તરત તે ભાગ ઉપરનું કપડું ખસાડીને તે ભાગ ખુલ્લો કરવો અને જે જગોથી લોહી નિકળતું હોય તે જગા ઉપર પેહેલે આંગળું દાબી દેવું, પછી એક રૂમાલનો પાટો કરી આંગળું ખસેડીને જોરમાં બાંધી લેવું. એમ કરતાંબી જો લોહી નીકળતું બંધ નહિ થાય તો

પાટો વધારે તાણટ બાંધવો. લોહી બંધ થયા પછી તેના મોઢાં ઉપર થંડુ પાણી ફેરવવું, અને તેને જો ઘણી થાક જેવું જણાય તો જરા થંડા પાણીમાં બ્રાન્ડી પાવો. (ઇજા પામેલાંઓને ઘણી વેળાએ તરસ લાગેછે તથા ફેર આવે છે, અને થંડી વાગે છે, તેવી વેળાએ આજુબાજુનાઓ બ્રાન્ડી અથવા વિસ્કી દારૂ પાયછે પણ તે ભુલભરેલું છે, અને ઘણીક વેળા તે નુકસાનકારક થઇ પડે છે. જો દર્દી ઘણોજ થંડો અને નબળો લાગે અને બેહોશી જેવું લાગે તો એક થોડો વાઇન અથવા બ્રાન્ડી કે બીજો દારૂ પાણીમાં ભેળીને પાવો, અને તેપણ લોહીને વેહવાની ધાસ્તી નહિ હોય ત્યારે, કારણકે દારૂ આપ્યાથી લોહીના ફરવાનું અને દીલના ધપકારાનું જોર વધે છે જેથી લોહી વધુ જાયછે. એવી વેળાએ ગરમ કુમળી ચા, કાફી અથવા સેરવો જો આપવાની તક મળતી હોય તો તે પાવું ઘણું ફાયદાકારક છે, તેથી અંગમાં ગરમી અને હુશીયારી આવે છે.)

જો કોઇ માણસ કચડાયું હોય અને તેના શરીર ઉપર કાંઇ હરકત નહિ માલમ પડે (પણ તેના માહેલા અવ્યવોને નુકસાન ગુગું હોય) તે વખતે જો તેને બેસુદ્ધિ થઇ હોય, તેનું મોઢું ફીકું હોય અને હાથપગ થંડા થઇ ગયા હોય, તો તે વેળાએ તેનાં શરીરને ચતું રાખવું અને તેનું માથું જરા ઉંચકેલું રાખવું અને ગરમ પાણીની બાટલીના અથવા ગરમ ઇંટરડીના સેક કરવા. થોડી થોડી મીનીટે જરારતી બ્રાન્ડી પાણી પાવું અને એમોન્યા અથવા સ્મેલીંગ સૉલ્ટ સુંઘાડવું. જો એજ વખતે શરીર ઉપર કાંઇ જખમ જણાયો હોય તો તેને થંડા પાણીમાં વાદળું બોળીને ધોવું કે જેથી તેમાં કાંઇ મેલ કે કચરો દાખલ થાય નહિ. પછી જખમવાલા ભાગને સાથે મેળવી ઉપર પલાસ્તરની આગરીઓ મારી પાટો બાંધી લેવો. (અલબત એટલી સંભાળ લીધા પછી પેલા દર્દીને કોઇબી ડૉક્ટરની સારવાર તળે મુકવો. બધાજ ઇલાજ આપણે કર્યા કરવાની તજવીજ કરવી નહિ.)

અકસ્માત ઘણી તર્હેથી થાયછે. એક ઉભી ટેકડીની કિનારી ઉપર ઉભા રેહેવાની કોશેસ કર્યાથી, ફરસબંદીવાલી જમીન ઉપર નારંગી અથવા કેળાંની છાલપર પગ પડવાથી, ગંધકની અને લુસીફર મેચીસો આમ તેમ વેર્યાથી અકસમાતો થવાના સંભવ રહે છે. વિજળી પૃથ્વીની સપાટીપર પડે તે વેળાએ અકસમાત થવાનો ભય રહે છે. જ્યારેબી ગગડાટ કે તુફાન થઈને વિજળી પડતી હોય, કારણ કે પાણી, ઝાડ અને ધાતુ વીજળીને પોતાની તરફ ખેંચે છે. વીજળી પડતી હોય તે વેળાએ જે ઘરને સિસાનું અથવા જસતનું છાપરૂં હોય તેની તળે ઉભા રેહેવું નહિં. તેમજ પોર્તિકો અથવા છજીયાં તળે કે જ્યાં છાપરા ઉપરથી પાણી હેઠે લાવવનાં નળો મુકયાં હોય તેની તળેથી પસાર થતાં સંભાળવું. તલાવની પાળે, નદીને કાંઠે કે પાણીનાં ખાડા ખબોચ્યાં તરફ એવી વખતે જવું નહિ. એ વતરેગે એવાં અનેક અકસમાતોથી બચવા માટે આગમજથી ઉપાય લેવાં ઠીક, કારણ કે અકસમાત નહિ ધારેલો થાય છે.

પાણીથી અકસમાત થાય છે. જો એક માણસ પાણીમાં ડુબતો હોય તો તેવી વેળાએ આપણને તરતાં આવડતું હોય તોજ તેને બચાવવા જવાની કોશેસ કરવી જોઇએ નહિ તો કે તેને બચાવવાને બદલે આપણેજ તેને વધારે ડુબાડવાનું સાધન થઇ પડીએ અને વખતે બેઉ જન સાથે ડુબી જઇએ. પાણીમાં નાહવા જતી વખતે ગમે એવું આપણે તરી જાણતાં હોઇએ તોપણ આપણી પોતાની ઉંડાઇથી ઘણી ઉંડાઈએ જતાં સંભાળવું. જો તલાવ અથવા નદીમાં નાહવા જઇએ અને પાણી ઘણું થંડુ હોય તો કીનારા તરફજ તરવું, કારણ કે જો જરાકબી આકડું આવવાની નિશાની

જણાય તો જલદીથી બહાર આવવું સવલ થઇ પડે.

મછવામાં આપણ બેઠાં હોઇએ ત્યારે મછવાનું ગુરૂત્વ મધ્યબિંદુ સમતોલ રાખવું જોઇએ, અને મછવો જ્યારે સમતોલ થયો હોય ત્યારે આપણી બેઠક ઉપરથી એકાએક ઇઠવું નહિ, કારણકે બોટ ચાલતી હોય અને બે ત્રણ જન સામટાં ઉઠી ઉભા થયા હોય તો જરૂર બોટ ઉંધી વળી જાય.

જ્યારે ઘરમાં આગ લાગી હોય ત્યારે બારીં બારણાં ઉંઘાડી નાખવાં નહિ, અને એવી વખતે આપણે જો આપણા કુટુંબનાં માણસોને એખટાં કરવાંને માટે બીજા ઓરડામાં જઇએ ત્યારે જે ઓરડામાંથી આપણે બહાર નિકળીએ તે વખતે તે ઓરડાનું બારણું બંદ કરતાં નિકળવું કે જેથી પવનના પ્રવાહ ઘરમાં ફરી વળીને આગને ચોમેર ફેલાવી નહિ દેય. જો ઓરડામાં ઘણો ધુમાડો અને ગરમી વધી ગઇ હોય તો દરેક માણસે પગમાં બુટ અને અકેકી સેત્રંજી અથવા ધાબળી આખે દીલે વીંટાળીને તેમાંથી પસાર થઇ જવું. જો બળતું થયું હોય અને બળતાં આગળથી નાહાસી આવવું હોય તો સેત્રંજી અથવા ધાબળીનો જે ભાગ આપણે માથાપર અને મોઢાંપર નાખીએ તે ભાગને પેહેલાં પાણીથી ભીંજવવો. જો દાદર સલગીયો હોય અને કેથેથીબી હેઠે ઉતરવાનું નહિ બને તો દોરડાંવતી બારીએથી ઉતરવું, પણ જો દોરડું હાજર નહિ હોય તો ધોળીયા પરથીં ચાદરો કાઢી તેને દોરડાંની કાની વળ ચડાવી તરત એક છેડો બારી સાથે બાંધીને હેઠે ઉતરવા મંડી જવું. ઘણા ધુમાડામાંથી પસાર થવું હોય તો એક રેશમી રૂમાલને પાણીમાં ભીંજવી મોઢા ઉપર ઓઢવો. રાંધતા રાંધતા અથવા દીવાના દબ્બામાં દીવો સલગાવતાં યા તેલ રેડતાં ભડકો થયો હોય તો તે ઉપર પાણી નાખવું નહિ અને બનતાં લગી જો થોડો વખત તેને બલવા દઇએ તો તેલમાંનો બળવાલાયક ભાગ બળી રહીને પોતાની મેળે તે બુજાઇ જશે. જો ભડકો ઘણો મોટો ને જોરાવર હોય તો રાખ નાખીને અથવાતો કોઇ મોટી પલેટ હાથમાં આવી જાયતો તે ઢાંકીને બુજાવી નાખવો, અમથો ધભરાટ કરવો નહિ. જો કોઇ માંણુસના કપડાં સલગીયાં હોય તો તે માણસને ધભરાટમાં નાહાસવા અથવા દોડવા નહિ દેવો પણ તરત તેના આંગની આસપાસ જાડી ગુણપાટ કે સેત્રંજી લપેટી અથવા તો તેને સુવાડી નાખી ઉપર સેત્રંજી લપેટી આમતેમ ગબડાવી દેવો કે જેથી આગ બુજાઇ જાય. બની શકે તો તરત તેના લુગડાં જે સલગતાં હોય તે તેના દીલપરથી ફાડી નાખવાં યા ચીરી નાખવાં.

અકસાઉ—ચીનાઇ તુર્કસ્થાનમાં ૮૦૦૦ માણુસોની વસ્તીવાલું. આ શેહેર છે. એ શેહેર થીનશાનના ડુંગરમાંથી વહેતી નદીના કિનારા પર વસાએલું છે. વળી આ શેહેર લશકરનું મુખ્ય મથક છે; જ્યાં ૪૦૦૦ માણુસોની ફોજ જાથુક પડી રહે છે.

અકસૂ—એશિયામાં એજ નામની અનેક નદીઓ આવેલી છે. મુખ્ય મોટી નદી ચીનાઈ તૂર્કસ્થાનમાં આવેલી છે. (૨) એજ નામનું ગામ એશિયાટીક ટર્કીમાં આવેલું છે.

અકહા—આ એક જંગલી જાત આસામની ઉત્તર તરફના અને ભૂતાનના પૂર્વ તરફના પાહાડી મૂલકમાં વસે છે. આ લોકોમાં ઘણા વિચીત્ર રેવાજો હાલમાં ચાલુ જણાય છે. તેઓ ટોળાં થઈ જંગલે જંગલ ભટકી રખડતી જીંદગી ગાળે છે.

અકહાલી—હિંદુસ્થાનના. શિખ લોકોને લગતી આ એક ધર્મ ઝનુની જાત છે. તેઓ ખરા શૂરવીર અને લડવૈયા છે, અને તેમનો ધંધો પણ લઢાઇનો છે.

અકહીસા—એનાટોલીયા ખાતેનું આ શેહેર એશિયામાઇનરમાં આવેલું છે. સ્મિર્નાની ઉત્તર પૂર્વે ૫૮ માઈલપર છે. આ શેહેર ઉંચી જગા ઊપર આવેલું હોવાથી ઘણુંજ સુંદર

દીસેછે. વસ્તી સુમારે ૧૦૦૦૦ ની છે. જેમા ર૦૦ તુર્ક, ૪૦૦ ગ્રીક અને ૧૦૦ અમેરિકનો વસે છે.

અકાનજ—આફ્રિકાના કોસ્ટા ઉપર આ જાતનો ગુંદર પેદા થાય છે. એ પ્રથમ મોહમાં લેતાં કશો સ્વાદદાર લાગતો નથી. પણ ચાવીયાથી તેનો તીખો સ્વાદ જણાઇ આવે છે, અને તેથી મોહમાં છાગરા પડે છે. આ ગુંદર ઔષધી ઉપચારમાં વપરાય છે.

અકાબાહ—અરબસ્થાનમાં આ એક કિલ્લેબંદીવાલું ગામ છે. અહીં ખજુરીના ઝાડોના મોટાં મોટાં જંગલો આવેલાં છે, તેમજ રેતીનાં મોટામાંમોટાં રણો એજ તરફ આવેલાં છે. અહીં ઇજીપ્તના થોડાક સીપાઇઓ રહી સુલ્હે જાળવેછે.

અકારી—આ અકારી પંથના સ્થાપકનો જન્મ ઇ. સ. ૮૮૦ માં થયો હતો, પ્રથમ તે મોહમેદન હતો. એણે લોકોને તકદીર વિશે ઘણી સારી શિખામણ આપી હતી અને કુદરત પોતાના ચાલુ કાયદાથી વર્તે છે એવું શીખવ્યું હતું. એનું મરણ ઇ. સ. ૯૩૯ માં નિપજ્યું.

અંકાવતાર—(જુઓ અર્થોપક્ષેપક.)

અકીક—એ 'કેલસીડ' નામના ખનીજની એક જાત છે. એનો રંગ રાતો તેમજ પીળો ઊજળો, ભૂરો અને કાળો પણ હોય છે. અકીકમાં સિલ્કા નામનું તત્વ આવેલું છે, અને એનો રાતો રંગ 'ઓકસાઇડ ઑાવ આયરન' ઉપર આધાર રાખે છે. ચળકતા રાતા અકીક ઘણાં કિમતી ગણાંયછે. સર્વથી સુંદર અકીક અરબસ્થાન, હિંદુસ્થાન, સુરીનમ, યમન અને સાઇબિરીયામાં કુદરતી પેદા થાય છે. તેમજ હિંદમાં બાહાર, પારોડ, ખંભાત અને જંબુમાં તેની ખાણોછે. તેમાં ખંભાત પ્રાંતમાં અકીક ઘણાંજ મળે છે તેથી તેને 'કેમ્બેસ્ટોન્સ' પણ કહે છે. અકીકનાં સુંદર કામ માટે ખંભાત જુના કાળથી પ્રસિદ્ધ છે. એ પથ્થર રાજપીપળામાં નર્મદા કાંઠે આવેલા રતનપુરથી, કાઠીઆવાડના મોરબીથી, અમદાવાદના રાણપુરથી તથા ખેડાના કપડવંજથી આવેછે. મોટો જથો રતનપુરથી આવે છે. શેર પથ્થરની કિંમત તેના કદ અને ગુણ પ્રમાણે રૂ ૩ થી ૫૦ સુધી બેસે છે. મણ પથ્થર હોય તેમાંથી સાફસુફ કરી ખપમાં આવે એવા ૩ થી પાંચ શેર નીકળે છે. પથ્થરનાં તેના રંગ તથા ગુણ પ્રમાણે ચેશ્મદાર, જામો, સુઆ, ભાજી, ખારીયો, આગીયો, રાતડીયો, દોરીદાર, પીરોજ, માઇ મરીઅમ, છાંટાદાર, રાથીયા વગેરે જૂદા જૂદા નામો છે. ઘરેણા તરીકે અકીકની માળા, માંદળીયાં, પોંહચી, બાજુ, અંગોઠી, તથા પરચુટણ ચીજોમાં બોરીયાં, પ્યાલાં, રકાબી, ચપ્પૂનાં હાથા, સેત્રંજનાં મોહોરાં વગેરે ઘણા સુંદર બને છે. ખંભાતમાં અકીકના આસરે ૧૦૦ વેપારીઓ છે અને ૨૫૦૦ થી ૩૦૦૦ કારીગરો કામ કરે છે. તેઓમાં ચાર જૂદા જૂદા વર્ગો છે. ડોળીઆ પથ્થરને પૉલીશ કરેછે, ઘસીયા ઘસે છે, વિંધારા વીંધે છે અને પટીમાર લાકડા ઉપર પૉલીશ કરેછે. અંહીથી અકીકનો સામાન મુંબઈ થઇને ચીન, અરબસ્થાન, ને યૂરોપમાં જાયછે. દર વર્ષે ખંભાતમાં ર થી ૩ લાખ રૂપીયાનું કામ તૈયાર થાયછે. ત્યાંનો નવાબ એની ઉપર પાંચ ટકા જકાત લે છે.

અકીબા બીન જોફસ—આ જ્યૂ પંડીત ઇસવી સનની બીજી સદીમાં થઇ ગયો છે. એ સીરિયાનો રહેવાશી હતો એણે અરબસ્થાન, ગૉલ, આફ્રિકા, ઇજીપ્ત વગેરે બીજા અનેક દેશોમાં મુસાફરી કરી હતી. અકીબાએ પોતાના વડા ધર્મગુરૂ 'કોકીબા સાથે મળી રોમનું જુદ્દાપ્રાંત હાથ કરી ખ્રિસ્તીઓની મોટી કતલ કરી હતી. રોમન લશકરનો સરદાર 'રૂફસ'ને એ બીના જણાતાંજ તેણે અચૂક હલ્લો કરી બંડખોરોનો ઘાણ કાઢયો. તેમાં અકીબા કેદ થયો હતો. તે કેદખાનામાંથી યુક્તિથી ના

હારી જવા પામ્યા પછી માર્યો ગયો હતો. જ્યૂ લોકો એને ધર્મ માટે જીવ આપનાર દાખલ ગણી તેની કબરની જીઆરતે દર વર્ષે જાયછે.

અકીરબી ગુસ્પી—આ ઇટાલ્યન મુસાફરનો જન્મ 'મેનસ્યૂઆ' ખાતે ઇ. સ. ૧૭૭૮ માં ત્રીજી મેએ થયો હતો. એણે ઉત્તર ધ્રૂવ તરફ મુસાફરી કરી હતી; તે મુસાફરીનો અહેવાલ ઈંગ્રેજી અને ફ્રેન્સ ભાષામાં છપાવી પ્રસિદ્ધ કીધો હતો. ૧૮૨૯ માં ઇજીપ્ત ખાતે આસ્ટ્રેલીયાના એલચી દાખલ નેમાયો હતો. ત્યાં એણે પુશકળ શોધો કરી ત્યાંની પ્રાચીન વસ્તૂઓ તથા કૃતીઓ જર્મની અને ઇટલીના મ્યૂઝીઅમમાં મોકલી હતી. મરણ ઇ. સ. ૧૮૪૬ માં ૧૫ મી આગસ્ટે 'મેનસ્યૂઆ' ખાતે નિપજ્યું.

અકૂ—આ હિંદુઓનો દેવતા. જરથોસ્તી એતેકાદ પ્રમાણે એ દર્દો ઉત્પન્ન કરનાર દેવ છે.

અકૂમન—અંગ્રેમઇન્યૂશનો સાથી:

અંકેવાળીયા—આ તાલુકો ઝાલાવાડ પ્રાંતમાં 'ભોઇકા' ના થાણાની હદમાં છે. એના તાબામાં સત્તર ચોરસમાઇલ જમીન છે, તેમાં ૩ ગામો અને ૨૨૦૦ માણસની વસ્તી છે. વાર્ષીક ઉપજ સુમારે રૂ. ૧૫૦૦૦ ની છે. તેમાંથી નામદાર ઈંગ્રેજ સરકારને જમાંબંદી અને જુનાગઢને જોતરલી મળી કુલે ૧૫૨૬ આપવાં પડે છે, અંહીના તાલુકદારો લીમડીના ભાયાત અને ઝાલા જાતનાં રજપુત છે. તેમનાં વડવા સાંગોજી કે જે લીમડીનાં રાજા ભોજના બીજા કુંવર હતા, તેને આ તાલુકો ઈ. સ. ૧૬૯૪ માં મળ્યો હતો. આ ગામ લીમડીની ઉત્તરે ૧૪ માઇલપર છે. એમાં વસ્તી ૧૫૦૦ ની છે.

અકોટ—આ શેહેર આકોલાથી ૨૮ માઇલપર છે. રૂની મોસમમાં આ ગામ જૂદા જૂદા વેપારીઓથી હળી મળી જાય છે. અત્રે ઘણાં સુંદર ગલીચા બનાવવામાં આવે છે.

અકોમન—(જુઓ અકમનંધ.)

અકોરાહુ—પેશાવરમાં આવેલું આ એક ગામ છે. અને તે કાબુલ નદીને કાંઠે વસેલું છે. અટકથી પેશાવરના માર્ગમાં તે આવે છે, તથા અટકની ઉત્તરપૂર્વે ૧૨ માઇલપર છે.

અંકોલ—એનાં ઝાડ ઘણા મોટાં વિશાળ હોય છે. એનાં પાંદડાં આંગળ બે આંગળ પોહોળાં કરણીનાં પાતરાં જેવાં લાંબા હોય છે. આ પાંદડા ઉપર રેષા હોય છે, એના ઝાડ ખાડાવાળા અને કાંટા વગરના પણ હોય છે, તથા એનાં વૃક્ષો હિંદના દરેક પ્રાંતમાં ઉગે છે. એનાં બીયાનું તેલ નીકળે છે. અંકોલ સ્વાદે તીખું, તુરૂં સારક અને બેસ્વાદ હોય છે. એનો રસ—ઝેર, કફ, વાયૂ શૂળ, કરમ, સોજો, આમ, પીત્ત, તથા કૂતરા, ઉંદર અને બીલાડીના ઝેર ઉપર બહુ અકસીર છે. એનાં બીયાં થંડા, ધાતૂની વૃધી કરનાર, સ્વાદવાળાં, જડસ, અને પાકમાં મીઠાં હોય છે.

અકોલા—નાગપૂરથી ઔરંગાબાદના માર્ગમાં આ શેહેર આવેલું છે. આ ગામ નિઝામ હૈદ્રાબાદના તાબામાં છે. આ શેહેરમાંથી પૂરના નામે નદી વહે છે, એથી આ શેહેરના બે ભાગ કુદરતી રીતે થએલાં જણાય છે. અહીંનું સેન્ટ્રલજેલ ઘણું જોવા લાયક છે. તેમાં એકી વખતે ૫૦૦ કેદીઓને પુરી શકાય એવડી જગા છે. અહીં ત્રણ રૂના પ્રેસો છે. વસ્તી ૧૭૦૦૦ ની છે. આગળ આ શેહેર ઘણી જાહોજલાલી ભોગવી ગયલું હોય એમ હાલમાં મળી આવતા ખંડીયરો ઉપરથી સિદ્ધ થાય છે.

અખ્ત—એ એક ભરમ ભર્યા સવાલો પુંછનાર શખસ હતો. ગોશતેફ્ર્યાન નામના એક પરહેજગાર શખસે આવાં અર્દ્વિસૂરની સેતાયશ કરી, તેની બરકતથી ૯૯ ભેદભર્યા સવાલોનો ખોલાસો કરી તેને માહ્દત આપી હતી. જરથોસ્તીઓની અવસ્તામાં જણાવેલા ૯૯ સવાલોમાંથી હાલમાં 'માદીગાને ગોસ્ત ફ્ર્યાન' નામની પેહેલવી ચોપડીમાં ફકત ૩૩

સવાલો બચેલાં મળી આવે છે. આ ગ્રંથ પ્રમાણે અખ્ત જાદુગરના ૩૩ સવાલોનો ગોસ્તફ્રર્યાને ખોલાસો કર્યા પછી, ગોસ્તફ્રર્યાને ત્રણ સવાલો અખ્તને પુછ્યા જેનો જવાબ તે નહિ દઇ શકવાથી તેને મારી નાખવામાં આવ્યો હતો. એ કેતાબની નકલ ઉસ્તાદ પેશોતન રામે ઇ. સ. ૧૩૯૮ ની આસરે કરી હતી.

અખ્યાણું—જરતોસ્તીઓમાં મનુષ્ય મરણું કાંઠે આવેછ ત્યારે તેના હાથે ગહૂં વગેરે મોબેદોને ચોકસ ક્રિયા કરી દાન કરવામાં આવેછે તેને કહે છે. આ ક્રિયામાં ચાર મોબેદો શામેલ થાયછે ને મરણ પથારીએ પડેલા ધણી સાથે એક રીતથી સંબંધ બાંધી ભણતર ભણે છે. હિંદુઓમાં શુભ પ્રસંગે ગોરને-ગહૂં, ચોખા, નાળીયર ફુલપાનનું જે દાન આપે છે તેને પણ અખ્યાણું કહે છે.

અખરોટ—ઉત્તર હિંદુસ્થાનના ડુંગરી પ્રદેશમાં એની ઉત્પત્તિ થાય છે, અને ત્યાં એને ફળો પણ ઘણાં આવે છે. ગોંડળમાં એનું ઝાડ રોપવામાં આવ્યું હતું પણ તે બે વર્ષમાં દોઢ ફીટનું થઇ સુકાઇ ગયું હતું. મુંબઇમાં એનાં ઝાડો છે. પણ તે ઉપર ફળો આવતાં નથી. હિમાલયના આસામમાં, ચીન અને ઇરાન એ દેશોમાં એની ભારે ઉપજ થાય છે. અખરોટના ઝાડ ૩૦ થી ૪૦ વર્ષ પછી ફળો આપવા માંડે છે. એનાં ફળો પેર જેવડાં થાયછે. ફળો કાચાં અને કઠણ હોય છે ત્યારે ત્યાંના લોકો તેને મીઠાંમાં આંથી મુકે છે. એના ફળોનું તેલ ખાવામાં આવે છે, અને બાળવામાં તે ઘણું કામ લાગે છે. અખરોટ ખાવામાં સ્વાદદાર, ધાતુપુષ્ટ, રૂચીદાર. અને કફકારક છે.

અખલાત—એશિયાટીક ટર્કીમાં આ શેહેર આવેલું છે. વસ્તી ૭૦૦ માણસની છે. ઇ. સ. ૧૨૨૮ માં જલાલુદીને આ શેહેરનો નાશ કર્યો. પાછું આ શેહેર ઇ. સ. ૧૨૪૬ માં બાંધવામાં આવ્યું હતું. અલ્લાઉદીને ઇ. સ. ૧૫૪૮ માં આ શેહેર હાથ કીધા પછી એક સદીવેર તેના વંશજોએ તે ભોગવ્યું હતું; પાછલથી તે ટુર્કીઓને સ્વાધીન થયું હતું.

અખશીર—ઈરાનમાં આ એક નદી છે. જેને જરથોસ્તીઓની અવસ્તામાં આરાધેલી છે.

અખાત્રીજ—(જુવો અક્ષયતૃતિયા.)

અખુન્દી—રજપુતાનાને લગતા જોધપૂરમાં આ ગામ બાલમીરથી જોધપૂરના માર્ગમાં બાલમીરની પૂર્વે બાવન માઇલપર છે. આ ગામ નદી કિનારે આવેલું હોવાથી તેની નદીના પાણી વર્સાદમાં ગામડાં માહે ફરી વળી ઘણી હેરાનગતી આપેછે.

અખેરાજજી—ઈ. સ. ૧૭૬૦માં ભાવનગરની ગાદીએ આવ્યા. અખેરાજજીએ ગાદીએ આવતાં વળા, હળીઆદ, રામપૂર અને રતનપૂર વગેરે ગામો પોતાના ભાઈ વિસાજી, રામદાસજી અને ગોવાજીને બક્ષીસ આપ્યાં. એના વખતમાં તળજાનો કિલ્લો બારીયા જાતના કોળીઓના હાથમાં હતો, તેઓ ઘણા વખતથી સૌરાષ્ટ્રનાં કાંઠા ઉપર લુટફાટ ચલાવતા હતા, તેમ લાગ ફાવતાં ઈંગ્રેજોના વાહાણો લુટી લેતા. આથી ઇંગ્રેજોએ ઈ. સ. ૧૭૭૧માં એ લોકોને જીતવા માટે અખેરાજજીની મદદ માંગી. અખેરાજજીને ઇંગ્રેજોએ મદદ કરી 'તળજા' જીતી આપ્યું. આ મદદને બદલે ઇંગ્રેજોએ અખેરાજજીને તળજા આપવા માંગ્યું પણ શેત્રુંજી નદીની પશ્ચિમમાં પોતાનો મુલક વધારવાની તેની ખુશી નહોતી તેથી તળજાનો કિલ્લો ખંબાતના નવ્વાબને વેચાતો આપ્યો. ૧૭૬૪ માં મરેઠાઓને મદદ કરી ઘોઘા અપાવ્યું તેથી પેશવાએ અખેરાજને ખંડણી માફ કરી. ત્યાર પછી માધવરાવ પેશવાએ રાઘોબાદાદાને તેના પ્રપંચપણા લીધે કાઢી મુકયો હતો તેથી વડોદરાના રેસીડંટના કહેવા ઉપરથી તેને સાહ્યતા આપી પાછળથી પોતાના વાહાણમાં બેસાડી રાઘોબાને મુંબઇ મોકલ્યો હતો. અખેરાજજીનું મરણ ઇ. સ. ૧૭૭૨ માં નિપજ્યું.

અખેસિંહ—જેસલમીરની ગાદીએ ઇ. સં. ૧૭૨૨ માં ગાદીનશીન થયા. એમના પિતા જસવંતસિંહના મરણ પછી એમને કાકા સાથે અનબનાવ થયો. તેમ કાકા સાથે અખેસિંહને લઢાઇમાં ઉતરવું પડયું હતું પણ સેવટે સમાધાની થતાં ગાદીએ પાછા બીરાજ્યા.

અખેસિંહમાં રાજ્ય કુન્હે નહિ હોવાથી પિતાએ મેળવેલાં ઘણાક ગામો એણે ખોયાં હતાં. ભાવલપૂરના રાજ્યની સ્થાપના કરનાર ભાવલખાને જેસલમીરના તાબાનાં દેવરાવલ અને ખાદાલના પ્રાંતો કબજે કર્યાં હતા. દેવરાવની જેસલમીર જુની રાજધાની હતી. મરણ ઇ. સ. ૧૭૬૨ માં નિપજ્યું.'

અખો—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે શરીર મધે રહેનારી મિનોઇ શકિતઓમાંની એક શકિતનું એ નામ છે; કે જેનું કાંમ આપણા અંતઃકરણને મીનોઇને લગતાં નેક કામો કરવાની ચેત્વણી આપવાનું છે.

અખો કવિ—આ અખો ભગત સત્તરેમી સદીમાં અમદાવાદમાં દેશાઇની પોળમાં રેહેતો હતો. એ જાતે શ્રીમાળી સોની હતો. એના વંશમાંનો હાલ કોઇ રહ્યો નથી. એને કવિતાઓ રચવાનું કેમ સુઝીયું તેની એક કથા છે. એ પોતે ઘણો પૈસાદાર હતો. એક વેળા કોઇ બાઇએ એની પાંસે ૩૦૦ રૂપ્યા અનામત મુકયા; પણ પાછળથી પેલી બાઇએ આ સોનીને કહ્યું કે, પેલા રૂપ્યાની મને કંઠી ઘડી આપો. આ ઉદાર દીલના શખસે સામાં તે કંઠીમાં સો રૂપીયા ગાંઠના ઉમેરીને તે ઘડી આપીને કહ્યું કે 'મે ચારસોની કંઠી તમને ઘડી આપી છે.' પેલી બાઇ સમજી કે અખા ભાઈ મને જુઠું અડાવતા હશે, માટે પેલીએ બીજા સોનીને તેનું વજન કરવા આપ્યું. પેલાએ તેમાંથી એક કટકો ચોરી લઇને ૪૦૦ નો માલ છે કરી કહ્યું. હવે પેલી બાઇ અશીયાણી પડી અને તોડેલી કંઠી પાછી સમી કરવા અખા પાસે ગઇ. અખો તેણીના બેવિશ્વાસની વાત સાંભળી ખીજ થયો અને મનમાં બોલ્યો. "દુન્યા છળબાજીથી ભરપૂર છે.' એનો મુદ્રાલેખ પણ એજ હતો.

કોઇ વાત એવી જણાવે છે કે, અખો ટંકશાળનો ઉપરી હતો, ત્યાં કોઈ અદેખા કાંમદારે અખા ઉપર તોહમત મુકયું કે, સીક્કામાં અખો હિણી ધાતુની ભેળ કરેછે; તેની ત્યાર પછી તપાસ થઇ તેમાં અખો નિર્દોશ ઠર્યો અને તે દિવસથી અખાનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું. આવા અનેક બોહોતાનોથી તેણે સંસાર ત્યાગ કરી પોતાના સઘળાં હથીઆરો કુવામાં નાખી દઇ, દુન્યા ભવસાગરમાં સાચ્ચું શું છે તેની ખંતથી ખોળ કરવા લાગો.

તે સમે જે જે પંથો ચાલતા હતા તેમનાં ગુરૂઓનાં સમાગમમાં જઈ તેમને તપાસવા લાગો તો ત્યાં પણ સઘળે દગાબાજી જણાઇ. એક વેળા પોતાનું નામ ઠામ બદલી બીજો વેશ લઇ કોઇ ગોંસાઇના મંદીરમાં જઇ રહ્યો. ત્યાંથી એને ધક્કો મારી કાઢી મેળવામાં આવ્યો; તે ઉપરથી એણે તે ગોસાંઇને કહ્યું કે તમે સઘળા પૈસાના પુંજારી છેઓ, તમો માણસની ગરીબાઇના સાથી નથી. ત્યાર પછી તેણે આ સાકી લખી કાઢી.

ગુરૂ કીધો મેં ગોકૂળ નાથ,
ઘરડા બલદને ઘાલી નાથ;
ધન હરે ધોકો ન હરે;
એ ગુરૂ કલ્યાણ શું કરે?

સાચું શું છે અને સાચો કોણ છે એની ખોળમાં તે ગામેગામ ફર્યો, પણ તેના મનનું સમાધાન ન થયું. સેવટે કાશીમાં તે એક રાતે સન્યાસીના મઠમાં જઇ ત્યાં કોઇ બ્રહ્માનન્દ નામે સન્યાસી એક બીજા સન્યાસી આગળ વેદાંત કથા કરતો હતો, તે સંડાસ આગળ અખાએ ઉભો રહી સાંભળ્યું. તે કથા તેને પસંદ પડી. પછી તે રોજ ત્યાં છાનોમાનો સાંભળીયા કરતો. ત્યાર પછી એણે પેલા સન્યાસીને કનક કામિ-

નીની વાતો કરીને લલચાવવા માંડયો, પણ તે લલચાયો નહિ. ત્યારેજ અખાએ જાણ્યું કે એ કોઈ માહાપુરૂષ છે ખરો. કથા સાંભળતાં વર્ષ થયલું તેવામાં એક રાતે સાંભળનાર સન્યાસીથી નિંદ્રાને લીધે હોંકારો દેવાયો નહિ, ત્યારે અખાએ હોંકારો દીધો પણ બ્રહ્માનન્દને શક પડયો તેથી તેણે દીવો લઇને જોયું તો અખાને દીઠો. અખાએ તેજ વેળા પગે લાગી પોતાનો અનુગ્રહ કરવા કહ્યું. તે દિવસથી અખાએ બ્રહ્માનન્દને ગુરૂમાંની તેની કથા પ્રગટ રીતે સાંભળવા માંડી અને ઘેર જઇ અનકાશે વેદાંત ગ્રંથો રચવા માંડયાં.

અખાનો છેલ્લો ગ્રંથ ઈ. સ. ૧૭૧૯ સુધીના વર્ષમાં જણાયલો છે. ૭૫૦ છપ્પા લખ્યા ઉપરાંત એણે પંચીકરણ, બ્રહ્માલીલા કેવળગીતા, અને ગુરૂસંવાદ વગેરે બીજા પુસ્તકો રચ્યાં છે. એના છપ્પાઓ ટીકારૂપી લખેલાં છે; તેમાં પાખંડીમત તથા આચાર ઘેલાઇ વિશે છપ્પા ને વેદાંતના ગ્રંથોછે. છપ્પામાં મર્યાદાની રીતે લોકોમાં ચાલતા દાખલાઓથી ઠગાબાજીને અને ધરમ ઘેલાઇને હશી નાખી, હસવામાં નીંદાકરી લોકોને શીખામણ દીધી છે. એના ટીકારૂપી દાખલાઓ દરેકપર અસર કરે તેવાં છે. મુર્ખાઇનું હાસ્ય કરી શીખામણ આપવામાં અને ગુજરાતી ભાષામાં વેદાંતના શાસ્ત્રીય ગ્રંથો લખવામાં અખા જેવો ગુજરાતી ભાષામાં હજી કોઇ કવિ થયો નથી. એના બનાવેલા વેદાંતના ગ્રંથોમાંના અક્ષયગીતા, અખેગીતા એ છે. એ ગીતાની સેવટે સંવત ૧૭૦૫ ને ચૈત્ર શુદ ૯ ને સોમવારની તિથી લખી છે. એની બનાવેલી સાખીઓ અને ગરબીઓ ઘણી જાણીતી છે. અખાને જ્ઞાની દાખલ ઘણું માન છે પણ કવિ દાખલ તે બીજા વર્ગમાં આવે છે. એની કવિતા બોધક છે તેમાં હાસ્યરસ શિવાય બીજો મોટો રસ નથી.

અખોડ—ચીન દેશના ઉતર ભાગમાં હિમાલય પર્વતની આસપાસ અને ઈરાનમાં અખોડના વૃક્ષો વિશાળ અને ઘણા ઉગે છે. એના પાંદડાં સુંદર અને રંગે લીલાં હોય છે. એનાં પાકેલા ફળ જાયફળ જેવડાં થાય છે. તેની છાલ નરમ હોય છે. પાકયા પછી તેના ઉપરની છાલ કાઢી, તેને બજારમાં વેચે છે. આ ફળને પરદેશ ખાતે ઘણા જથ્થામાં મોકલવામાં આવે છે. તેનું તેલ બનાવી તે ખાવાના ઉપયોગમાં લેવાય છે. તેનું લાકડું કઠણ અને મજબુત હોયછે.

અખોડના ઝાડપરે ફળો ૩૦ થી ૪૦ વર્ષ પછી આવવા માંડે છે. આ ફળો અકટોંબર અને નવેંમ્બર માસમાં પાકે છે. અકોડના ઝાડ પ્રમાંણે એપર ફળો ઘણાં મોડાં આવે છે. દવા-તરીકે પેટમાં જીવડાઓનો ઉપદ્રવ થાયછે ત્યારે તે દેશના લોકો અખોડનો રસ કાઢીને પાય છે.

અગઈ—ઔદના રાજ્યમાં સુલતાનાપુરમાં આ ગામ આવેલું છે. સુલતાનપુરથી ઉતર પશ્ચિમે ૧૧ માઇલપર છે. લખનૌથી દક્ષિણ પૂર્વે ૮૦ માઇલપર છે. વસ્તી ૪૦૦ ની છે.

અંગદ—આ વાનર, વાલી વાનરનો પુત્ર, બૃહસ્પતિનો અવતાર, એણે રામને લંકા ઉપર ચઢાઈ કરતી વેળા ઘણી મદદ કરી હતી. એ સીતાની શોધ કરવા હનુમાનની સાથે હતો. એની પાસે રામે રાવણને સંદેશો કહેવાડયો હતો કે યૂદ્ધનો પ્રસંગ ન આણતાં સીતાને મોકલી દેવી. એ પ્રસંગે એણે રાવણની આગળ ભારે શિષ્ટાઈ કરી હતી, પણ એમ છતાં રાવણે ન માન્યું ત્યારે તે રાવણની રાજસભાને ઉંચકીને રામ પાસે લઈ આવ્યો હતો. એણે યૂદ્ધમાં પણ પરાક્રમ કર્યું હતું. એણે રાવણના વૃંદદષ્ટી અને ધુમ્રાક્ષ એ પ્રધાનોને મારી નાખ્યાં હતાં. વાલીએ જ્યારે રાવણને અંગદને પારણે બાંધ્યો ત્યારે એ તેની દાઢી પકડી ખેંચતો ને તેને બહુ કંટાળો આપતો.

અગથિયો—એના ઝાડ મોટાં હોયછે, અને તે ભાગાયતમાં ઉગે છે. એને ધોળાં અને રાતાં એવાં ફુલોથી ઓળખવામાં આવેછે. એના પાતરાં આંબલીના પાતરાં જેવાં હોય છે. એને ફુલો અને સીંગો આવે છે. એના ફુલોનાં સીંગોની તથા પાંદડાની ભાજી થાયછે. એનાં ફુલો તૂરાં કડવાં, વાતકારક છે, પણ તે ચોથીયો તાવ, કફ, પીત્ત એનો નાશ કરે છે. દેશી વૈદો અગથીયાના પાત્રાં, બીયાં તથા ફુલોને ઘણી જાતની દવાઓમાં વાપરે છે. એની શીંગોનું શાક થાયછે અને છાલ ઔષધીમાં વપરાયછે.

અગન્યાસ્ત્ર—જેમાંથી અગ્નિ પ્રગટે, વર્ષે, તેવું અસ્ત્ર, મંત્ર બાણ.

અગ્નિ—(વધુ માટે જુઓ આતશ) (૧) જરતોસ્તી ધર્મમાં અગ્નિને અહુરમજદનો પુત્ર જણાવ્યો છે. વિષ્ણુ પુરાણમાં બ્રહ્માના મુખમાંથી પેદા થએલા પુત્ર અગ્નિનું વર્ણન આપેલું છે. ગમે તે આતશ હો તેઓ સર્વ પેલા અમર આતશની શાખાઓ છે. અગ્નિ એક ગેબી નૂરમંદ નૂર છે.

(૨) હિંદુ કથા પ્રમાંણે આ એક માહા તેજસ્વી પૂરૂષ થઇ ગયો છે. વન્હીનો અધીષ્ટાના દેવ, એને બે મુખ (એકની પાછળ ઉલટું એક) ત્રણ પગ ને સાત હાથ છે. એનું વાહાન મેંઢો છે અને તેની ધજા પર મેંઢો છે. એની માતાનું નામ વનસ્પતિછે. ને સ્ત્રીનું નામ સ્વાહા છે. એક સમયે ઇંદ્રના કહેવાથી અગ્નિ બ્રાહ્મણ વેશે શિવને ત્યાં વાંચવા ગયા હતાં, પણ શિવ અંબા સાથે વિહાર કરતા હતાં તેથી શિવે ક્રોધમાં પોતાનું વીર્ય અગ્નિને આપ્યું. એ તે પી ગયો, પણ પછી સહન ન થવાથી અગ્નિએ તે ગંગામાં પાછું કાઢયું. એ વીર્યથી કાર્તિકેય થયો. અગ્નિએ કેટલીએક ઋષિપત્ની ઉપર બદનજર કરી હતી, પણ રખેને ઋષિઓ શ્રાપ દે માટે તેની સ્ત્રી સ્વાહા ઋષિ પત્નિઓનાં સ્વરૂપ ધારણ કરીને અગ્નિને સંતોષ પમાડતી. એક સમયે જમના તટ ઉપર અગ્નિએ બ્રાહ્મણને વેશે અર્જુન કૃષ્ણની યાચના કરી કે, મને ખાંડવ વનની વનસ્પતિ ભક્ષ કરાવો કે મારો રોગ જાય; કારણ કે શ્વેતકેત રાજાએ ચોવીશ વર્ષ અહોરાત્ર અખંડ યજ્ઞ કીધો છે તેથી મને અજીરણ થયું છે, તે વન ઇંદ્રનું છે ને ત્યાં તેનો મીત્ર તક્ષક રાત્ર દીવસ રહેછે તેથી હું ત્યાં જઇ શકતો નથી. એ ઉપરથી અર્જુને ઇંદ્રની સાથે યુદ્ધ કર્યું હતું ને અગ્નિને ખાંડવ વન ભક્ષ કરવાને સોંપી દીધું હતું. એથી અગ્નિએ પ્રસન્ન થઇને અર્જુનને ગાંડીવ ધનૂષ્ય અક્ષય ભાથા ને વિજય રથ એ આપ્યાં હતા. અગ્નિ 'તીલ' રાજાનો જમાઇ હતો. દક્ષિણ અને પૂર્વના વચમાંનો પ્રદેશ એના સ્વાધીનમાં હતો. વળી એ રાવણને ત્યાં રાંધનાર દાખલ પણ રહેલો હતો, કારણ કે તે સાક્ષાંત પરમેશ્વર છે. એનું માહાત્મ વેદમાં ને અગ્નિય પુરાણમાં સારી પેઠે વર્ણેલું છે.

(૩) પૃથ્વીની દક્ષિણ પૂર્વ દિશાના વચમાંનો ભાગ,—અગ્નિ કોણ.

(૪) ત્રણની સંખ્યાનો સંકેત. અગ્નિ ત્રણ છે. સૂર્ય, ચંદ્ર ને આતશ.

(૫) એ નામનું પુરાણ.

અગ્નિકૂળ—મલેચ્છોનો ઉપદ્રવ વધવાથી વશીષ્ઠાદી બ્રાહ્મણોએ આબુ ઊપર નખી તલાવ પાસે યજ્ઞ કીધો, ને અગ્નિ કુંડમાંથી ચાર યોદ્ધા નીકળ્યા, જેઓએ શત્રુને સંહાર્યા. એ ચારના નામથી તેમના વંશજો વિસ્તારમાં વધ્યા પછી એ નામે ઓળખાતા આવ્યા છે. તેમાં પરમારની શાખા, ઉપશાખા તે કાબા, કાલમાં, ખેર, ચાવડ–ચાડ, મોરી, માહી પાવતા, રહેવર, સુવાર, સોઢા, ચોહાણની તે ખીચી, દેવડાં, નરભાણ, સોનગઢા, હાડા, ચાલૂક્ય સોલંકી, વાઘેલા, વીરપૂરા, અને પધીઆર–પ્રતિહાર કૂળ; એઓ ગુજરાતમાં વસે છે.

અગ્નિકૂળ—હિંદ તથા આફ્રીકાનું એક ફળદાર વૃક્ષ (જુઓ કાજુ)

અગ્નિધ્રરાજા—જંબુદ્વિપનો આ ધર્મી રાજા હતો. આ રાજાનું જન્મવૃતાંત હિંદુ દંતકથા પ્રમાણે એ પ્રિયવ્રત રાજાનો પુત્ર હતો. પ્રિયવ્રત રાજા ઘણાં વર્ષો રાજ ચલાવી સેવટે નારદના ઉપદેશથી વૈરાગ લઈ વનવાસમાં ઇશ્વરી ધ્યાનમાં ગયા. તેમના પુત્ર અગ્નિરાજાએ પોતાનું જંબુદ્વિપનું રાજ્ય ઘણીજ કુશળતાથી ચલાવવા માંડયું. થોડી મુદત પછી પુત્રની ઇચ્છા થવાથી આ ધર્મી રાજા 'મંદરાચલ'ના ગુફામાં સર્વે પુજાની સામગ્રી લઇ બ્રહ્માની તપશ્ચર્યા પૂર્વક આરાધના કરવામાં ગુંતાયા. આ વાત બ્રહ્માને જણાતાં બ્રહ્માએ પોતાંની દરબારમાં ગાયણુ કરતી પૂર્વચિત્ત નામની એક અપસરાને મેલાપને સારૂં તેની પાસે મોકલી. એ અપસરા અગ્નિધ્ર રાજાના આશ્રમના બગીચામાં ચારો તરફ ફરવા લાગી. આ બગીચો અત્યંત રમણીય હતો. અનેક પ્રકારનાં ઘાડાં વૃક્ષોની અનેક શાખાઓ સાથે લાગેલી સોનેરી વેલ્યો ઉપર બેઠેલા તે સ્થળના પક્ષીઓનાં જોડાંઓ જૂદાજૂદા સ્વર કાઢતાં હતાં. સારી રીતે ચાલવામાં, પગલાં પગલાં મુકવાનાં નખરાં કરતી એ પૂર્વચીત અપસરાનાં ખણુખણુતાં ઝાંઝરનો શબ્દ સાંભળીને એ રાજકુમાર અગનીધ્ર સમાધીથી જાગી ઉઠયો અને પેલી અપ્સરાનું સુંદર સ્વરૂપ જોઈ તેણી પર મોહી પડયો, અને તેને પોતાની સ્ત્રી દાખલ રાખી. આ પૂર્વચીત્તને અગ્નિધ્ર રાજાથી નવ પુત્રો થયાં. તેઓના નામો, નાભી, કીંપૂરૂત્રિક, હરી વર્ષ, ઇલવ્રત, રમ્યક, હીરણ્યમય, કુરૂ, ભદ્રશ્વ અને કેતૂમાલ હતા. આ અપ્સરાએ દસ વર્ષ રાજા સાથે ગુજારી પાછી બ્રહ્માની દરબારમાં ગઇ. એનાં ગુમ થવાથી રાજા દીન પર દીન ગળાતો ચાલ્યો અને તેણીના વિયોગથી ભાનભૂલો થઇ જવાથી તેણે પોતાના નવ પુત્રોને જંબુ દ્વિપના રાજ્યનાં નવ ભાગ કરી આપ્યાં, અને તે નવે ભાગના નામ તેમનાં નામ ઉપરથીજ રાખવામાં આવ્યાં છે. મરવા આગમજ રાજાએ પુત્રોના લગન મેરૂ પર્વતની નવ દીકરીઓ, મેરૂદેવી, પ્રતિરૂપા, ઉગ્રદ્રષ્ટી, લતા, રમ્યા, સ્યામાનરી ભ્રપ્ત અને દેવદીતી સાથે કરી આપ્યાં.

અગ્નિચક્ર—વેદીક શાસ્ત્ર પ્રમાણે શરીરમાંના ૬ ચક્રોમાંનું છેલ્લું ચક્ર.

અગ્નિજાળ—(જુઓ કાર્તિકેય.)

અગ્નિજાર—પશ્ચિમ તરફના સમુદ્ર કાંઠે આ એક વૃક્ષ ઉત્પન થાય છે; એ ઔષધી ઉપચારમાં અતી ઉપયોગી છે.

અગ્નિદાહ—મનુષ્યને મરણ પછી ઠેકાણે પાડવાની ચાલ જૂદા જૂદા દેશોમાં જૂદી જૂદી હોય છે. તેમાંની અગ્નિદાહ કરવાની રીત ઘણા પ્રાચીન કાળથી જાણીતી છે: પુરાતમ આર્યનોમાં આ રીત ઘણા પુરાણા કાળથી ચાલતી આવેલી જણાય છે. જરતોસ્ત પેગંબર આવવાના ઘણાં વર્ષો આગમજના વખતમાં એરીયનો અગ્નિદાહ કરતા હતાં એમ જણાયલું છે. કારણ કે જરતોસ્તીઓના ધર્મ પુસ્તક વંદીદાદમાં 'દખ્મ' શબ્દ અસલ દોખમું બનાવવા કે બાંધવા માટે નહિ, પણ લાશને બાળવા માટેના મકાનના થકી બનેલો–ચોકસ ઠરેલો શબ્દ વિદ્વાનો માને છે. કેમકે 'હોમ' નામનો પેગંબર થયા પછી એરીયનો વચ્ચે ભંગાણુ પડયું હતું અને ઈરાનવેજથી જેઓ હિંદ તરફ નાહાશી આવ્યા તે પ્રજામાં અગલા વખતમાં ચાલતી અગ્નિદાહની ચાલ રહી હતી. પણ જરતોસ્તીઓમાં આ રીત ત્યાર પછી નીકળી જતાં જરતોસ્તનાં જમાનામાં સૂર્યની ગર્મીથી લાશને ઠેકાણે પાડવાનો નવો રેવાજ દાખલ થયો.

હિંદુઓમાં રાજવંશીઓ તથા શ્રીમંતોની લાશો ચંદનની ચેહે ખડકીને બાળતાં હતા. વચલે વાંધેના લોકો સાધારણ લાકડાંઓથી અને ગરીબો છાંણાવતી બાળતા હતા, કે જે ઉપલી સઘળી રીતો હાલમાં પણ ચાલુ છે. તેઓમાં મુવેલા સાથે જીવતી પરણેતરને બાળવાનો રેવાજ હતો, કે જે

રેવાજ સતીનાં નામે જગ પ્રસિધ્ધ છે. આ દુષ્ટ રેવાજ અહાન અકબરે હુલો કરી પ્રતાપી ઈંગ્રેજ રાજ્યછત્ર તળે સદંતર નાબુદ થઇ ગયો છે.

અગ્નિદાહ કરવાનો રીવાજ સુખશાંતીના નીયમે જોતાં વધુ ફાયદાકારક છે, પણ વધુ ખર્ચાળુ છે, તે છતાં હિંદુ પ્રજામાં આ રેવાજ મક્કમ રીતે જળવાઈ રહેલા છે. કાથોડી નામની એક જંગલમાં વસ્તી પ્રજા, દળીદ્રતાને લીધે લાશને પ્રથમ દાટે છે અને ૪૦ દિવસ વેર બાળવાની સામગ્રી એખટી કરી દાટેલું શબ ખોદી કાઢી તેને 'અગ્નિ-સંસ્કાર 'કરે છે. એક લાશ બાળવા માટે એકથી સવા ખાંડી લાકડાં પુરતાં ગણાય છે. આવી રીતે અગ્નિદાહ કરતાં બે કલાકે મનુષ્ય દેહની રાખ બને છે, તોપણ માથાની ખોપરીનાં કાંઇક ભાગો બાકી રહી જાય છે; તેને કેટલાક ભાવિકો વીણી લઇ ગંગામાં નાખવા દૂર દેશે દેશથી લઇ જાય છે.

પુરાતમ યનાની તથા રોમન પ્રજાઓમાં આગળ અગ્નિદાહનો રેવાજ ચાલુ હતો, અને તે રેવાજ ઈસવી સનની ચોથી સદી વેર સાધારણ હતો. અસલી રોમન પ્રજાઓ અગ્નિદાહની જગા ગામની દેવાલ બાહાર રાખતા હતા. તેઓ પ્રથમ ચોકસ જગે લાકડાંની ચેહ ખડકી તે ઉપર શબને મેળતા અને પછી તેની આસપાસ સુગંધી છાંટી મરનાર તરફના પ્યારની ઇધાણી તરીકે તેની ઉપર ફુલોના ગજરાઓ મેળતા, પછી તેનો સહુથી અતલગનો ખેશી આંખ ફેરવીને ચિત્તા સળગાવતો કે તરતજ આસપાસ ઊભેલાઓની કલાપીટ તથા રણશીંગડા અને વાંસળીઓના અવાજ વચે બળતાના ભભૂકા નિકળવા માંડતા. પછી શબ બળી રેહેતાં તેની રાખને વાઇન વતી બુઝાવી નાખતા હતા.

હિંદુઓના સ્મશાનો ઘણાં ખરાં ગામથી બહાર ખુલ્લાં ચોગાનમાં યાતો દેવાલથી ઘેરી લીધેલી જગ્યામાં આવેલાં હોયછે. શબને તેઓ બાંબુની કરકટી પર મેળી ખડકેલી ચેહ પર સુવાડી તેને અતલગનો ખેશી અગ્નિદાહ કરેછે. જો કોઇનો ખેશી હોતો નથી તો પછી પંચ તરફથી અગ્નિદાહ કરવામાં આવેછે. અગ્નિદાહ કરનારને મરનારની દરેક ક્રિયામાં ભાગ લેવો પડેછે.

અગ્નિદાહ કરવાની રીતને યુરોપ તથા અમેરીકન પ્રજા સંપૂરણ સ્થિતીપર લઈ ગઇ છે. અને તે પ્રમાણે હાલના ઇટાલ્યનો આગલી રોમન પ્રજાના વંશજો હોવાથી તેઓએ આગલી પુરાતમ ચાલ પાછી સજીવન કરી પોતાનાં દેશમાં ઘણા બોહોળા પ્રમાણમાં ફેલાવી છે. મિલાનમાં લાશ બાળવાનું સ્મશાન (ક્રિમેટેરીયન) મંદીર સુંદર જગોપર ઉમદા કારિગીરીથી બાંધવામાં આવ્યું છે. આ ભઠ્ઠીવાલું મકાન બાંધવા મી૦ આલબર્ટો કેલર નામના વેપારીએ વીલ કરી પોતાનું મડદું ત્યાં બાળવા માટે ફરમાવ્યું હતું. પણ આ મકાન તે વખતના તંદરોસ્તીખાતાને લગતા કાયદા પ્રમાણેન હોવાથી બે વર્ષ પછી પુરે પુરૂં બંધાઈ રેહેતાં તેની લાશ ઘોરમાંથી ખોદી ત્યાં પ્રથમ બાળવામાં આવી હતી. ત્યાર પછી જૂદી જૂદી રીતે બાળવાની યોજનાએ અમલમાં મેળાઇ હતી. પછી ઇ૦સ૦ ૧૮૮૧ માં પ્રસિદ્ધ મી૦ ગોરીએ શોધી કાઢેલી રીતથી અગ્નિદાહનું કામ નવી રીતે શરૂ થયું હતું અને હાલમાં પણ તેજ રીત ચાલુ છે.

ભઠ્ઠીવતી અગ્નિદાહ કરવાથી એક લાશ ૨૦ મીનીટમાં રાખ થઇ જાયછે. પછી તેની રાખ ચાંદીના પાવડા તથા ચીપીયા વડે એખટી કરી બરણીમાં ભરી રાખે છે, યા ઘોરમાં દાટી તે ઉપર તખતી લગાડે છે. ઇટલીના અગ્નિદાહ કરનાર મંડળીના હિમાયતીઓને રૂ. ૧૧ નું લવાજમ લઇ બાળે છે, ત્યારે બાહારનાઓ પાસે બમણું દામ લેવામાં આવેછે, પણ ગરીબોની લાશ મુફત અગ્નિદાહ થાયછે. ઇંગ્લાંડ તથા પારીસમાં

લાશ બાળવાનું લવાજમ ઘણું ઓછું લેવામાં આવેછે.

હિંદુસ્થાનમાં આ રૂઢી દાખલ કરવાની સરકારની ઘણી ખાહેશ હોવા છતાં હિંદુ સમસ્ત પ્રજાની તે તરફની ધર્મલાગણીની નાપસંદગીને લીધે આ ભઠ્ઠી દાખલ થઇ શકી નથી. ફ્રાન્સમાં આ રેવાજ શરૂ થયો ત્યારથી ૧૮૯૪ વેર નધણીયાતી લાશો ૧૩૦૦૦ બાળવામાં આવી હતી.

અગ્નિપુરાણ—આ પુરાણમાં ૧૬,૦૦૦ શ્લોકો છે, તેમાં ઇશાન કલ્પમાંની કથાઓ આપેલીછે. તેમાં અગ્નિએ વશીષ્ટને કહેલી કથાઓ જે વ્યાસને મળી, તેજ સૂતે ફરીથી કહેલીછે.

તેમાં તાંત્રીક કર્મો ઘણાં હોઈ દીક્ષા, ગુરૂની માહાત્માં, ગયા મહાત્માં, કેટલાક બીજા પુરાણમાંના અધ્યાય, કેટલીક સ્મૃતિમાંના અધ્યાય, કેટલાક વૈદક ગ્રંથોમાંના શ્લોકો, કેટલીક વ્યાકરણશાસ્ત્રમાંની માહીતી, રાજનીતિ અને ધનૂરવિદ્યામાંના કેટલાક અધ્યાયો વગેરેથી બનેલોછે.

અગ્નિસૂત્ર—માઇસોરમાં યજ્ઞ કર્મ કરતી વેળા એક બ્રાહ્મણ પોતાની કમરપર ઘાસનો કમરબંદ વિંટાળેછે અને પોતાના અધિકારપર જ્યાંવેર રહેછે ત્યાંસુધી તે અગ્નિસુત્ર બાંધી મુકેછે.

અગ્નિહોત્રી—બ્રાહ્મણોની આ સૌથી ઉત્તમ એક જાત છે. પૂર્વે અગ્નિહોત્રી બ્રાહ્મણોને તેડાવી તેમને વર્ષાસનો બાંધી આપી બ્રહ્મકર્મ કરવા પોતાને ત્યાં રાખતા હતા, તેથી હિંદુ રાજાઓ અને બીજા ક્ષત્રી રાજાઓ તેમને પોતાના ગામમાં વસાવતા હતા તે પ્રમાણે 'વાઇ'માં 'રાસ્તે'એ ધર્મપુરી વસાવી તે માટે સરકારમાંથી 'ફીંજળ' નામનું ગામ ઈનામમાં મળ્યું હતું. ખંડેરાવ રાસ્તેને વાકરૂળ કે જે આંગ્રેનું ઇનામી ગામ છે ત્યાં અગ્નિહોત્રીઓને વસાવવા થકી તેમાંની એક મોટી જાગીર બ્રાહ્મણોના નિભાવ માટે આપી હતી. તેજ પ્રમાણે પ્રતિનાધીએ કરહાડમાં બ્રાહ્મણો વસાવી 'અગ્રહાર' ગામ આપ્યું છે. ગોપીકાબાઇ પેશવાએ નાશક પાસે ગંગાપૂરમાં એજ પ્રમાણે વસ્તી વસાવી હતી.

પ્રાચીન કાળમાં સિધ્ધરાજ જેસીંગે હિંદુસ્થાન તરફથી ૧૦૦૦ બ્રાહ્મણોને લઇ જઈ, તેમને વર્ષાસનો બાંધી આપી પોતાના રાજ્યમાં વસાવ્યાં હતા. આ જાતને હાલમાં ઔદીચ્ય સંહસ્ર કહેછે. (ઉદિચી=ઉત્તર દિશા. ને એ દિશા તરફના તેથી એ સંજ્ઞાએ ઓળખાયછે.) કેટલાક અગ્નિહોત્રીઓએ એવું 'પણ' કર્યું હતું કે કોઇ પાસેથી પણ દાન લેવું નહિ. રાજાઓ તેમને દાન લેવા થકી વિનવતા અને તેમ જો કોઇ લેતું તો તેને ન્યાત બહાર મેળતા. જેઓ 'પણ'ને સાચવનાર હતા તેઓ ટોળકિયા કહેવાયા. એઓએ ફકત ખંભાત તથા ૧૨ ગાંમડાંઓ લીધાં હતા. એઓ ૨૯ ગોત્રના હતા. એમાંના થોડાક ઋગવેદી આશ્વલાયની શાખાના તથા થોડાક સામવેદી કૌથમી શાખાના છે.

અગનીનિસ—મેરીયા ગીટાના, આ બાહોશ ઇટાલ્યન બાનુંનો જનમ મીલાન ખાતે ૧૭૧૮ માં થયો. તેણીનો બાપ ગણિત શાસ્ત્રનો જાણીતો પ્રોફેસર હતો, નાહાનપણથી તેણીએ લાટીન ભાષા શીખવા માંડી હતી. જ્યારે તેણી ૩૨ વર્ષની ઉમરની હતી ત્યારે તેણીનો પિતા ઘણો બેમાર પડવાને લીધે યૂનિવ્હરસીટીનાં ભાષણકાર દાખલ તે વેળાના પોપે તેણીને નેમી હતી. તેણી જ્યારે વીસ વર્ષની હતી ત્યારથી ગ્રંથો રચવા મંડી હતી. તેણીના સંગીત નાટકો ઘણા પ્રસિધ્ધ છે, તથા વિદ્વત્તા ભરેલાં પુસ્તકો પણ રચ્યાંછે. મરણ ઈ. સ. ૧૭૯૯ માં નિપજ્યું.

અગ્નિવર્ણ—પ્રાચીન કાળના અયોધ્યાનો રાજા. એ રામચંદ્રજી પછીનો ૧૭ મો રાજા.

અગની એસ—વેદીક જમાનામાં આ પ્રજાપતિ સ્વર્ગમાં તેમજ પૃથ્વિપર વખણાઈ ગયો છે. એણે વૈદક શાસ્ત્રનું એક પુસ્તક પોતાનાજ નામ ઉપરથી રચ્યું હતું. આ પુસ્તકને ચરક નામના વિદ્વાને સુધાર્યું છે. એમાં ગુરૂ અને શિષ્યની વચ્ચે સંવાદરૂપે

વૈદકીનું વર્ણન આપ્યું છે. આયૂરવેદના જેમ આંઠ ભાગ કીધાં છે તેમ એના પણ કર્યાં છે. (જુઓ આયૂરવેદ)

અગની મતિ—હિંદમાં આગળ આ નામનો એક પંથ હેઆત હતો. એમનામાં બે મત છે, હોત્રાવીતી અને કવ્યવાહન. અગ્નિનું ચિન્હ ધારણ કરનાર હિરા અને માણેક અગ્નિના અંશ છે, એવું જાણીને તેની તેઓ પૂજા કરતા હતા. હાલમાં આ પંથનાં લોકો હિંદમાં જણાતાં નથી.

અગનિમંથ (જુઓ અરણી)

અગનીવેશ—આ પુરૂષ અગસત્ય ઋષિનો શિષ્ય હતો. એની પાસેથી પ્રસિદ્ધ દ્રોણાચાર્ય તથા દ્રૂપદ રાજા ધનૂરવેદ શિખ્યા હતા.

અગની સંસ્કાર—જુઓ (અગ્નિ દાહ.)

અગનોલા બાકાઈઓ—અથવા બારટોલોમિયો. આ પ્રસિદ્ધ ઇટાલયન હૂન્નરમંદ શિલ્પશાસ્ત્રી હતો. એનો જનમ ઇ. સ. ૧૪૬૦ માં થયો. એણે પોતાના હૂન્નર મંદીથી અતી મોટી પ્રસિદ્ધતા મેળવી હતી. એનું મરણ ઇ. સ. ૧૫૪૩ માં નિપજ્યું.

અંગબળ કળા—અંગને કસરત આપી કસવાની જે કળા તે અંગબળની કળા છે. અંગબળની રમત ગમતેથી માણસની તંદરોસ્તીમાં ઘણો મોટો ફેરફાર થાય છે. અંગબળની રમત ગમતમાં જે દેશ વધેલો છે તે દેશના લોકો તંદરોસ્ત, સુખી અને દૃઢમનનાં જણાયલાં છે. દુન્યાનાં ફેરફારોમાં જેમ નવાં નવાં જમાનાઓ નવી નવી શોધો અને નવી નવી કળાઓ ઉત્પન્ન કરે છે, તેમ જીંદગીનાં ફેરફારોમાં નવી નવી વયની બદલાતી સ્થિતિમાં પ્રથમ અંગબળની મેહનત કીધાથી તે વધારે દરજજે જૂદી જૂદી અંગબળની રમતો તરફ વલણ લેછે. જીંદગીના ફાયદા અને લાભ માટે ભારે અગત્યની ગમત તે અંગબળની મેહનત છે. હાલનાં સુધરેલા જમાનામાં તનને કસવાના હૂન્નરમાં નવા નવા સુધારા થતા જાયછે, અને નવી તહેની નીકળતી અંગબળ વધારનારી રમત ગમતોને હાલમાં ઘણું ઉત્તેજન મળતું જાયછે; કારણકે સુધરેલી અંગબળ વધારનારી રમત ગમતો વધારે સુલભ અને વધારે મન માનતી થઈ પડે છે.

અંગબળ વધારનારી સૌથી પુરાતમ કળા મગદળ ફેરવી, લોખંડના સળીયા ઉપર ટીંગાઇ તેવીજ બીજી રીતે કરવામાં આવતી જણાયલી છે. હિંદુસ્થાનમાં આ કળા ઇસવી સનની પૂર્વે હજારો વર્ષપર જાણીતી હતી. તે વેળાના રાજાઓ એવી કળામાં પ્રસિદ્ધ થએલા પુરૂષોને દરબારમાં ખાસ કરી રાખતા અને તેમને 'મલ્લ' ના નામે ઓળખતા હતા; તે વેળા અંગબળ વધારનારા તાલીમખાના ઘણાં ચાલુ હતાં. તે સમે બાળક કેળવણી લાયકનો થયા પછી તેને તાલીમખાનામાં અંગબળ વધારવા માટે મોકલવામાં આવતો, અને તેજ તાલીમખાનામાં લઢાઇનો હૂન્નર પણ શિખવવામાં આવતો.

યૂરોપખંડમાં પેહેલવેહેલી એ રીત ગ્રીક લોકોમાં દાખલ કરવામાં આવી હતી, અને પછી તે રોમમાં દાખલ થઈ હતી. ગ્રીક લોકો તેને એટલું વજન લાગુ પાડતા હતા કે, વિદ્યાર્થીઓને તેમાં ખાસ તાલીમ લેવી પડતી અને જો તે બધા વિષયમાં પસાર થયા છતાં અંગબળના વિષયમાં નિશફળ થતો તો હાલના યૂનિવ્હરસીટીની પરિક્ષાનાં ધોરણ પ્રમાણે તે પરિક્ષામાં નિશફળ થયલો ગણવામાં આવતો.

આંઠમી સદીમાં યૂરોપનાં ઉંચા ખાંચરેના જવાન્યા આ મેહેનતની ખાસ તાલીમ લેતા હતા. પણ પાછળથી લઢવાની કળા ઉપર તે તરફનાં લોકો જેમ જેમ વધારે ધ્યાન આપતા ગયાં, તેમ તેમ અંગબળ વધારવાનો હૂન્નર નાબુદ થતો ગયો. હાલમાં યૂરોપખંડ તરફ જે ધોરણે અંગકસરત કરવામાં આવે છે તે રીતો પેહેલવેહેલી જરમનીમાં દાખલ કરવામાં આવી હતી; અને તે દાખલ કરવાનું માન જોહાન બેસડોવ ના-

મના ઉસતાદને ઘટેછે. તેણે ઇ. સ. ૧૭૭૪ નાં વર્ષમાં 'ડેસાઉ' નામના શેહેરમાં પોતાની તરફથી એક કસરતશાળા સ્થાપી હતી. ત્યાર પછી જર્મનીમાંથી પૃશિયામાં અને ત્યાર બાદ સ્વિડનમાં દાખલ થઇ હતી, ત્યાં તેને એટલી બધી અગત લાગુ પાડવામાં આવી હતી કે લશકરી કવાયદ લેનારાઓને અંગકસરત કરવાની ફરજ પાડવામાં આવતી હતી. અંગકસરતને લશકરી કવાયદમાં આવી રીતે એક મુખ્ય બનાવવામાં આવી-આથી, સ્વિડનના લશકરમાં એટલો તો સુધારો થઇ ગયો હતો કે, ફ્રાન્સના લુઇ ફીલીપ શેહેનશાહે ઇ. સ. ૧૮૪૪ ના વર્ષમાં તે રીત પોતાના લશકરમાં દાખલ કરી હતી. ત્યાંથી પછી યૂરોપ ખંડના બીજા દેશોમાં આ રીત ફેલાવો પામતી ગઇ હતી. ઇંગલંડની જાણીતી ઑકસફર્ડ યૂનીવ્હરસિટીને લગતી કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં લાભને માટે ૧૮૫૮ માં કેટલીક કસરતશાળાઓ સ્થાપવામાં આવી હતી, અને પાછળથી તે દેશના 'ઓલડરશૉટ' અને બીજાં કેટલાક લશકરી મથકોમાં તાલીમખાનાં સ્થાપવામાં આવ્યા હતા. હાલમાં એ રીત બ્રિટીશ લશકરમાં દાખલ કરવામાં આવી છે, અને નિશાળોમાં અંગ કસરતખાના સ્થાપવામાં આવ્યાં છે.

અંગ બળની ઉપલી રમતમાં અંગને ખીલવવાનોજ હેતુ હોવાથી તેથી માત્ર બદન કસાઇને મજબુત બને છે, પણ મન તેજ વેળા પોતાની ચપળ ખીલવણીથી દૂર રહે છે. માટે હાલમાં કેળવણીમાં આગળ વધેલા જમાનાએ અંગબળ સાથે મનની ખીલવણી સાથે સાથે ખીલવવા માટે નવી નવી રમત ગમતોને જગા આપી છે. હાલની ઇંગ્રેજી રમત ગમતો તનની તેમજ મનની ગમતને અનૂકુળ ખોલ્લી હવામાં રમાતી, ને ખાસ કાયદા કાનુન ઉપર રચાયલી હોવાથી દેશ પરદેશમાં હાલમાં તે સરખી રીતે પ્યારી થઇ પડી છે. ખોલ્લાં ચોગાનમાં રમાય એવી અને બદન તેમજ મનને કસે એવી જો કોઈબી રમત હિંદની હોય તો તે ગીલ્લી દાંડાની છે. પણ તે વગર કાયદાની અને કોરે હોવાથી સેંકડો વર્ષો થયાં તે અત્યાર સુધી એમની એમ વગરે વધારા સુધારા કે સફાઇથી એનસીબ રહી હટાઇ ગઇ છે. જોકે હિંદુસ્થાનમાં અંગ અને મન ખીલવવાની બીજી રમતો છે તોપણ તેની હદ ફકત નીશાળીયાઓમાં સમાઇ રહે છે.

'ઇંગલાંડમાં પસરેલી ક્રિકેટની રમત ગીલ્લી દાંડાની રમતને મળતી છે, પણ તે વધારે બુધ્ધીબળથી સફાઇદાર બનાવેલી હોવાથી આજે તે અંગને તેમજ મનને કસવા માટે ઘણી જાણીતી થએલી છે. ક્રિકેટની રમતમાં મુંબાઇના પાર્સી રમનારાઓએ અસાધારણ ચંચળાઇ અને બાહોશી બતલાવી છે, તેમજ થોડા વર્ષો પર ઇંગલાંડથી આવેલી મોટી મોટી 'ટીમો' સાથે રમત રમી પોતાની અસાધારણ સરસાઈ પુરવાર કરી આપી હતી.

ખોલ્લી હવામાં બીજી રમાતી રમત 'પોલો' લૉનટેનીસ તથા ફૂટબૉલ છે, આ રમતો અંગબળના વધારા માટે થોડી યા ઘણી લાભકારક છે. એમાં પોલોની રમત ઘોડા ઉપર થતી હોવાથી તે ઘણી ખર્ચાળુ અને જોખમભરેલી પણ અંગની ચપળતા માટે ઘણી અવસ્યની છે. પોલોની રમતના શોધક તરીકે આગલા ઇરાની લટવઇઆ ગણાય છે. તેઓમાં એ રમત દડી દાંનના નામથી ઓળખાતી હતી.

ફૂટબૉલમાંતો વધારે દોડ, વધારે ઝડપ અને વધારે મેહેનત હોવાને લીધે આ રમત પણ અંગબળના વધારા માટે ઘણી સારી છે. લૉનટેનીસની રમત જેટલી અંગબળના વધારા માટે નથી. તેટલી તે મનને ગમત આપવા માટે છે. પણ મુખ્ય કરી બાનુંઓને અંગબળ હદમાં ખીલવવા થકી તે ઘણી અવસ્યની છે. એ શિવાય અંગબળની બીજી

અનેક કળાઓ છે કે જેથી મન તેમજ તનને થોડે યા ઘણે દરજ્જે ઘણું લાભ થાય છે.

અગ્યુલસ—આફ્રિકાના દક્ષિણ ભાગમાં આવેલું આ એક ભૂશિર છે. કેપ ઑફ ગુડ હોપની ઉગમણુ અને દક્ષિણ બાજુએ ૧૦૦ માઇલ ઉપર તે આવેલું છે. સમુદ્રથી તેની ઉંચાઇ ૪૫૫ ફીટ છે.

અગ્રછંદ—કાવ્યનો એક વૃત.૭ રગણ ને ૧ ગુરૂનો છંદ. એમાં ૧૨ અક્ષરે વિસામો આવે છે.

અગર—(૧)આ તાલુકો રેવાકાંઠાનાં ઇલાકામાં 'સંખેડા મેવાડી' નામના જીલ્લામાં, આશ્વીન નામની નદીના કિનારા પાસે, વનમાળા, કામસેલી, અને વજીરીઆં તાલુકાની વચમાં છે. એના તાબામાં ૧૭ ચોરસ માઇલ જમીન અને ૨૮ ગામો છે. વાર્ષિક ઉપજ ૧૦૦૦૦ ની છે. તેનાંથી શ્રીમંત ગાયકવાડ સરકારને રૂ. ૧૮૯ ખંડણીનાં આપવા પડે છે. મુલક—જમીનનો મુખ્ય ભાગ ડુંગર અને ઝાડીવાળો તથા થોડો ભાગ સપાટ છે. મુખ્ય પેદાશ જુવાર, બાજરી, મકાઇ, ડાંગર, દીવેલ અને કપાસ વગેરેની થાયછે.

ઇ૦ સ૦ ૧૪૮૪ માં મહમદ બેગડાએ ચાંપાનેરનું રાજ્ય તોડ્યું, તે વેળા પતરાઇનો ત્રીજો કુંવર તેજસિંહ જેને મહમદ બેગડાએ વટલાવી મુસલમાંન બનાવ્યો હતો તેના વંશના અગરના તાલુકદાર છે. તેઓ આગળ ચવહાણ જાતના રજપુત હતા, પણ મહમદે વટલાવ્યા ત્યારથી ઈસલામી ધર્મ પાળવા લાગા છે. આ તાલુકો તેમને પાદશાહ તરફથી મળ્યો હતો. તેનું મુખ્ય ગામ અગર એમાં ઠાકોરની દરબાર છે.

દર્યે કીનારે મીઠું પકાવવાના ખાડાઓને અગર કહે છે. પ્રથમ દર્યે કીનારે જગા પસંદ કરી મોટો બાંધ બાંધી જગાને ઘેરી લે છે. પછી બધે બધ ચોરસ કિત્તાઓ બનાવી તેમાં ભરતીનું પાણી ચારથી ૭ આંગળ લઇ તે પાણીને પ્રથમ સૂકાવા દે છે' પછી મીઠું પકવનારાઓ લાકડી વતી તેને વખતસર હીલવી હીલવીને પકવે છે. મીઠાંને બારીક યા જાડું પકવવું પકવનાર ઉપર આધાર હોય છે.

અગરતાલ—બંગાલ ઇલાકામાં ટીપરાના રાજ્યનું મુખ્ય રાજ્યધાની શેહેર, 'હાવરા' નદીને કાંઠે છે. તે કોમીલ્લાથી ૪૦ મૈલને છેટે છે. તેમાં કુલે ૨૧૦૦ માણસોની વસ્તી છે. પુરાતન અગરતાલ હાલની રાજધાનીથી. ૪ મૈલને છેટે છે.

અગરના ઝાડ—એના ઝાડ મલબારમાં થાય છે. તેના પાંચ પ્રકાર છે. કૃષ્ણ, ગુરૂ, દાહ ગુરૂ, સ્વાદ ગુરૂ, અને મંગલ્યા ગુરૂ છે. અગર શબ્દ સંસ્કૃત 'અગુરૂ'માંથી નીકલેલો હોવાથી તેનાં જાતીના નામ પાછળ ગુરૂ આ શબ્દ વાપરેલો છે.

ચંદન અને અગર આ ઘણા સુગંધી પદાર્થો છે. અગરબત્તી બનાવવાને અથવા શરીરને ચોળવામાં એનો ઘણો ઉપયોગ થાય છે. એનો ધૂમાડો ઘણો સુગંધમયં હોયછે. તાપથી જ્યારે ઘણો પરસેવો છુટેછે ત્યારે અગર, વાળો, ચદંન, નાગરમોથ, એનું ચૂર્ણ કરી બોરીના છાલનાં પાણીમાં મેળવી શરીરને લેપ કરેછે, જેથી કરીને પરસેવો નરમ પડી જીવને શાંતી મળેછે. અગર, કપુર, કેસર, લોબાન, લોધ્ર, વાળો, કાળોવાળો, નાગરમોથ, એ સમભાગ લઇ તેની ભૂકી શરીરને ચોળવાથી સુગંધીમય થાયછે. વસ્ત્રને સુગંધી બનાવવા માટે એનું પાણી બનાવવામાં આવેછે. અંગ ઉપર ઘણી આગ બળતી હોય તો ચંદન અને અગર ઘસી ચોપડવું કે જેથી બદન થંડક પામેછે.

અગરબત્તી—આ બાળવાની સુગંધી મુખ્ય કરી પુના, મદ્રાસ અને બિજાપૂરમાં ઘણી ઉત્તમ બનાવવામાં આવે છે. અગરબત્તી બાળીયાથી તેની સુગંધી ઘરમાં ચોમેર ફરી વળે છે અને તે ઘણી મોહક લાગેછે. અગરબત્તીની જૂદી જૂદી મેલવણી નીચે પ્રમાણે છે. (૧—કૃષ્ણાગર, નાગરમોથ,

તજ, નખલો, લોબાન. તગર, સુગંધીવાળો એ સઘળું ચાર ભાગ; તથા કચોરા, ગુલાબની કળી, ગુગળ, ધવલી અને દગડફુલ એ સઘળું બે ભાગ અને ચંદન વીસ ભાગ, શીલાજીત બાવીસ ભાગ, દંદાલકડી દસ ભાગ, અને કસ્તૂરી બે ભાગ લેછે. તેમાં કસ્તૂરી તથા શીલાજીત શિવાય સઘળા વસાણાનો બારીક ભૂકો કરી તેને કપડામાંથી ગાળી કાઢે છે. પછી તેમાં કસ્તૂરી ઉમેરી તે સઘળી મેળવણીને શીલાજીતમાં મેળવી વાંસની પાતળી સળી ઉપર તે મેલવણી ચોપડે છે. જો મેલવણી ચીકણી થતી નથી તો તેમાં થોડો ગોળ ઉમેરે છે. (૨—લોબાનનો લોટ ૧ શેર, નખલો ટાંક ૪ાા, ગુલાબની કળી ાા શેર, પથ્થર ફુલ ૪ાા ટાંક, નાગરમોથ ાા શેર, શીલાજીત ાા શેર, મધ ાા શેર, સુગંધી વાળો ાા શેર, બ્રહ્મી ૪ાા ટાંક, ચોબટાંક ૪ાા, જટામાસી ટાંક ૯, ચંદનનો ભૂકો શેર ૧, સાકર શેર અર્ધો, કસ્તૂરી ટાંક બે, એ બધી જણસો બારીક વાટી મધમાં મેળવી તેની ઉપર પ્રમાણે અગરબત્તીઓ બનાવવી. (૩—મલબારી ચંદન ાા શેર, કૃષ્ણાગર ાા શેર, દેવદાર સુકો ૧ અધોળ, ધવલો તોળો ૧, બ્રહ્મી તોલા ૪, નખલો તોલા ૫, મંત્ર તોલા ૯, અગર ૧૧ તોલા, અંબર તોલો ૧ાા, વગેરે ચીજો લઇ કસ્તૂરી શિવાય તમામ વસ્તુઓ ખાંડી વસ્ત્રગાળ કરી, પછી મધને કસ્તૂરીમાં નાખી ખુબ ઘુટવું, અને ચીકાશદાર થાય કે ઉપર પ્રમાણે સળીઓ બનાવવી.

અગરા—એ જાતના આંદ જથ્થા છે તે પગાર લઈ લશકરી નોકરી કરનાર સીપાઇની ઓલાદનાં છે. હાલમાં તેઓ અમદાવાદની પશ્ચિમના મુલકમાં ને કાઠીયાવાડમાં હળખેડુની જીંદગી ગુજારે છે. તેઓ બીજા મુસલમાનો સાથે શાદી કરે છે, એટલે તેઓના જથ્થાનાં નામ હવે માત્ર ઓડક દાખલ છે.

અંગરાજ—આ એક શરીરને ચોપડવાની સુગંધી છે; જે ઘણુંકરી રાજવંશીઓ ચોપડે છે. તેની બનાવટ સેહેલ છે, નાગરમોથ નાગ કેશર, સુગંધીવાળો એ ત્રણ ભાગ; નખલો દસ ભાગ; કપુર, જાવંત્રી, એલચી, જાયફળ, લોબાન અને લવીંગ એ સઘળાં ત્રણ ભાગ, કસ્તુરી ચાર ભાગ, જટામાસી અને કરંજના બીજ એક ભાગ. કેવડાનો લોટ છ ભાગ, મોગરાનું તેલ બે ભાગ, ચંબેલીનો અરક બે ભાગ અને સુખડનું તેલ પાંચ ભાગ, એ સઘળાને ઊંચા ગોલાબની અંદર મુકી રાખે છે, ને પછી વાપરવામાં લે છે.

અગરીકોલા—જીનીયસ જુલીયસનો જન્મ ઈ. સ. ૩૮ માં, થયો. આ એક જાણીતો રોમન જનરલ થઇ ગયો છે. એણે પોતાનો શરૂઆતનો અભ્યાસ માર્સેલ્સ ખાતે શરૂ કર્યો હતો, પણ એને લશકરી કવાયદ બ્રીટન ખાતે સપાંદન કરી હતી. મરણ ઇ. સ. ૯૩ માં ૧ લી સપટેંબરે નીપજ્યું.

અંગ્રેમઇન્યુ—અહરેમનઃ, 'ગનામિનો, બુરા કામોનો કરનાર તથા સુચવનારના નામોથી જરથોસ્તી પુસ્તકોમાં જણાવેલા આ બુરા શેહેતાનનું નામ છે. એ બોલ **અંગ્ર** તથા **મઇન્યુ**નો બનેલો છે. તેનો ધાતુ અંઘ સાંકડું, તંગ કરવું, દુઃખ દેવું ઉપરથી નિકળેલો છે. અંગ્ર એટલે ઓછું, કમી, કોતાહ કરનારો, દુઃખદેનારો, પીડાકારી, આબાદાનીને ઓછી કરનારો, તોડનારો વગેરે થાય છે.

અંગ્રેમઇન્યૂ દેખાતી રીતે સ્પેનતામિનોથી ઊલટો છે. જ્યારે સ્પેન્તામિનોનું કામ વૃદ્ધી કરવાનું છે ત્યારે અંગ્રેમઇન્યૂનું કામ નાશ કરવાનું છે, તેથી આ બુરાને જરથોસ્તી અવસ્તામાં જાબજા ધિક્કારેલો છે. શક્તિવાલા સ્પેન્તામિનોના મુખ્ય મદદગાર વોહૂમન છે, તેમ અંગ્રેમઇન્યૂનો મુખ્ય મદદગાર 'અકોમન' છે. વળી અંગ્રેમિનોની શક્તિનાં પણ છ મદદગારો છે. અકમન, ઇંદ્ર, સઉર્વ, નાઓઙ-હઇથ્ય, તઉરૂ અને ઝઇરી મળી એ ૬ છે. સ્પેન્તામિનોના મદદગાર અમશાસપંદો તરીકે ઓળખાયછે તેમ અંગ્રે-

મઇન્યૂશના મદદગારો દેવો તરીકે જણાયલાં છે; જે નામ ઉપરથી અંગ્રેમઇન્યૂને દએવ નામદેવ કરીને કહે છે.

જરતોસ્ત પેગંબરે પોતાની દીન સ્પેન્તા-મઇન્યૂશની પેદાયશ ઉપરથી રચી છે, કેમકે ગનામિનોનું કામ પેદાયશોનો નાશ કરવાનું અને તેટલા વાસ્તે બુરૂં છે. પણ સ્પેન્તા-મિનોનું કામ પેદાયશની વૃધી કરવાનું અને તેટલા વાસ્તે ભલું છે. અંગ્રેમઇન્યૂશ જેમ બુરો છે તેમજ તેનાં વિચારો, તેના વચનો અને તેનાં કામો પણ બુરાંજ છે. માટે તેની રાહ ઉપર ચાલનારા ઈન્સાન પણ બુરાંજ છે, અને તેઓનાં વિચારો, વચનો અને કામો પણ બુરાંજ છે; એટલા માટે જે વૃધીવંત છે તેનેજ જરતોસ્તે પસંદ કરી નાશ કરનારને ધિકાર્યો છે.

અગલાઇઆ—મૂર્તિપૂજકોની ત્રણ ખુબસૂરત દેવીઓમાંની આ સૌથી નાહની હતી. જેણી વલ્કન સાથે પૂરણી હતી.

અગલાફોન—ઇ. સ. પૂર્વે ૫૦૦ માં આ ચિતારો હૈયાત હતો. એનો જનમ 'થાસોસ' નાં બેટમાં થયો હતો. આરીસ્ટાફોનનો એ પિતા તથા શિક્ષક હતો.

અગલાર નદી—હિંદમાંની 'ગુરુહાલ' માં આવેલી આ એક નદી છે. સરખન્દાના શીખર ઉપરથી આ નદી વહે છે. અને પશ્ચિમ બાજુની ખીણમાં જઇ પડે છે, અને ત્યાંથી ૨૩ માઇલનું છેટું કાપી જમનાને જમણી ગમથી મળે છે.

અગસત્યઋષિ—આ માહા તેજસ્વી મૂનિવરનું નામ આર્યવૃતમાં ઘણું પ્રસિદ્ધ છે. એનો પિતા 'મિત્રા વરુણ' માહા તપસ્વી અને સિદ્ધીવાન હતો. તે સમુદ્ર કિનારે રહી તપ જપમાં પોતાનો વખત ગાળતો, સમુદ્ર કોઇ દીવસ મૂનિનાં કપડાં, કોઇ દિવસ આસન, કમંડળ અને કોઇ દિવસ વાસણો તાણી જતો. સમૂદ્રની આવી બેઅદબીથી મૂનિ ઘણાં ક્રોધાયમાન થયા. તેવને સમુદ્રને શિક્ષા કરે એવો પરાક્રમી પુત્ર પેદા કરવાનો વિચાર કર્યો. મૂર્તિનો એક અદભૂત કુંભ બનાવી તેમાં પોતાનું તેજ શુક્ર મુકયું, અને તે કુંભ પુરા ૧૨ માસ સાચવી રાખ્યા પછી, તે ભાગી ગયો અને તેમાંથી એક તેજસ્વી અદભૂત આકૃતીનો પુત્ર નિકળ્યો. મૂનિએ તેનું નામ અગસત્ય પાડયું. એનો જનમ વેદીક કાળ વૈવૃસ્ત મનવંતરમાં થયો હતો. અગસત્યે કાશીમાં જઈ વિદ્યા અભ્યાસ કીધો. જુવાન વયે વિદર્ભ દેશના રાજાની પુત્રી લોપામુદ્રા સાથે લગ્ન કર્યાં. ઋષિ ઘણો બળવંત હોવાથી તેણે ચોર લુટારાઓનો નાશ કીધો હતો.

તેણે દેશેદેશ મુસાફરી કરી ઘણાં દેશો શોધી કાઢયાં. નૌકાશાસ્ત્ર બનાવ્યું ને હોડી પેહેલવેહેલી શોધી કાઢી. એની સ્ત્રીને પેટે દ્રઢસ્ય, દ્રઢસ્યૂ અને અગ્નિ એ ત્રણ પુત્ર થયાં. આ મૂનિના વખતમાં આતાપી, વાતાપી, અને ઇલ્વણ નામે જાદુગર લુટારાઓ વટેમાર્ગુઓને ઘણો ત્રાસ આપતા હતા, તેઓને આ મુનિએ પરાજય કરી નસાડયા. તેઓ નહાશીને સમુદ્રમાં સંતાયા ત્યારે મુનીએ સમુદ્ર પાસે તેની માંગણી કરી, પણ સમુદ્રે નહિ આપવાથી ક્રોધાયમાન થઇ સમુદ્રને ગળી ગયા, જેથી જળચર પ્રાણીઓ તરફડવા લાગ્યાં. આથી દેવોએ ઋષિની પ્રાર્થના કરવાથી સાગર હતો તેવો પાછો આપ્યો, પણ ત્યારથી સમુદ્રનાં પાણી ખારાં થયાંછે. આ મૂનિનું આશ્રમ ગોદાવરીના ઉત્તરે દંડકારણ્યમાં હતું. આ ઋષિ સાથે રામ લક્ષમણ અને સીતા વનવાસે જતાં હતા ત્યારે મુલાકાત થઇ હતી. આ ઋષિ આકાશમાં દક્ષિણ તરફ નક્ષત્રને રૂપે અખંડ રહ્યો છે. એ નક્ષત્રને અગસત્યનો તારો કહે છે.

અગસત્ય કવિ—આ મોટો નામાંકીત કવિ થઇ ગયો છે. અગસત્ય મુનીનો એ અવતાર શૂદ્ર જાતી થકી પેદા થયો હતો એવું દક્ષિણ હિંદુસ્થાનના વિદ્વાન હિંદુ પ્રજાનું મત છે, પેહેલવેહેલું તેલંગી ભાષામાં

વ્યાકરણ એણેજ કરયું હતું. આ વ્યાકરણને અગસત્ય વ્યાકરણનું નામ આપેલું છે. તેમાં એલકનમનાં પાંચ પ્રકાર છે. લુટ્, ચોલુ, આપ્પૂ, અને અલંકાર. એણે પુરાણ, ન્યાયશાસ્ત્ર, વૈદ્યશાસ્ત્ર, રસાયન શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અને પૂજાપદ્ધતિ એ વિશયો ઉપર અનેક ગ્રંથો રચ્યાં હતાં. એ ઘણા પુરાતમ કાળમાં હૈયાત હતો તેથી તેના વિશે વધુ કાંઇ જણાયું નથી.

અગસ્તા—આ ઝાડ વિસ ફીટ સુધી ઉંચે વધે છે. એની ત્રણ જાતો છે. સફેદ ફુલવાલાં, ગુલાબી ફુલવાલાં, અને લાલ ફુલએ ત્રણ. એનું લાકડું ઘણું નરમ હોય છે. આ ઝાડ સાધારણ જમીનમાં પણ ઉગી નીકળે છે. નવાં ઝાડો બીયાં રોપીયાથી ઉગી શકે છે.

અગાટો—આ અથેન્સનો હાસ્યરસ અને કરૂણારસીક કવિતા લખનાર ઓલંપિયડના ૯૦ માં વર્ષમાં થઇ ગયો છે. એણે પોતાની પેહેલીજ કરૂણારસીક કવિતા માટે ઇનામ મેળવ્યું હતું.

અગાથિઅસ—એને આ નામ એની અતી બાહોશી માટે મલ્યું હતું. જનમ મિરીના ખાતે ૬ ઠી સદીમાં થયો હતો. એણે અભ્યાસને અલેકઝાન્ડ્રીયા ખાતે શરૂ કરી ઇ. સ. ૫૫૪ માં કોન્સટન્ટીનોપલ ખાતે ગયો, જ્યાં તે કવિ તથા ઇતિહાસ કર્તા દાખલ વખણાયો. એની ૯૦ કવિતાંઓ હાલમાં કાયમ છે. એનાં બનાવેલાં ઇતિહાસનાં પાંચ દફતરો ૧૫૯૪ માં પેહેલ વેહેલાં છપાયાં હતાં.

અગાથોલીયા—આ સ્ત્રી અલેકઝાનડ્રીયાની એક જાણીતીં રામજની થઇ ગઇ છે. ઇજીપ્તનો પેટોલ્મી ફીઇલોપેટ્રારાજા એણીની પ્રીતિમાં પડયો હતો, તેથી તેણે પોતાની પેહેલી પરણેતર બાનુથી છુટા છેડા મેળવી એણીને પોતાની પ્રિયા બનાવી. આ વેસ્યાએ પેટ્રોલ્મી પર પુરતો એખત્યાર મેળવી ઘણું દ્રવ્ય એખટું કર્યું. જ્યારે રાજા મરણ પામ્યો ત્યારે આ ક્રૂર ઓરતે રાજાનો બીજો કુંવર જે પાંચ વર્ષની ઉમરનો હતો, તે રાજ્ય પદ પામનાર હોવાથી તેનું ખૂન કરવા પ્રપંચ રચ્યો; પણ આ કુંવર કોઇ બનાવથી બચીને રૈઅતનાં આશરામાં જઈ ભરાયો. લોકોએ બાળક રાજા તરફથી હથીયારો ભીડી આ વેસ્યા તથા તેણીની માતાને જીવથી મારી નાખ્યાં, ને બાળક રાજાને ગાદીનશીન કીધો. આ બનાવ ઇ. સ. પૂર્વે ૨૦૪ માં બન્યો.

અગાપૂર—રોહિલખંડમા આવેલું રામપૂરની જાગીરનું આ એક ગામ છે. બેલારીથી મોરાદાબાદનાં માર્ગમાં આવેલું છે.

અગાસૂર—આ અજગર રૂપી રાક્ષસ હતો. એની લંબાઇ આંઠ માઇલ અને પોહોળાઈ બે માઇલની હતી. કંસે એને કૃષ્ણને મારવા માટે સમજાવ્યો, ત્યારે તે મોઢું વકાશી એક જગે પડી રહો હતો. એક સમે ગોપીઓ તેને ગુફા સમજી, તેનાં મોહમાં પેઠી; અગાસૂરે જ્યારે કૃષ્ણને ગોપીસહ મોહમાં દાખલ થયલો દીઠો. ત્યારે મોહ બંદ કરી દમ ખેંચ્યો કે, સઘળાં તેના પેટમાં સરી પડયાં, ત્યારે કૃષ્ણે પોતાનું શરીર એવું તો વધાર્યું કે અજગર ફાટીને મરણ પામ્યો.

અગાહુમાટ—આ કિલ્લેબંદીવાલું મૂરીશ શેહેર છે. એટલાસ પર્વતની ઉત્તરે અને મોરક્કોની દક્ષિણે ચોવીસ માઇલ ઉપર આવેલું છે. અહીં વસ્તી ૬૦૦૦ ની છે.

અગિઆરી—અથવા દરમેહેર. જરતોસ્તીઓના આતશ બહેરામથી બીજા ઉતરતા દરજાનું પવિત્ર મકાન. આ શબ્દ સંસ્કૃત અગ્ન્યગાર—અગ્નિ, અગાર અથવા આગાર—ઘર ઉપરથી અગિઆરી બન્યો છે. ડૉ૦ પી. પાવરી પ્રમાણે 'અગ એટલે યોગ અને યારી એટલે આશાયસ અથવા મદદ' જેથી એવું અનુમાંન કરવાને બને છે કે અસલ બોલ અગિઆરી નહિ પણ યોગયારી હશે. હાલમાં મુંબાઇમાં ૩૨, દેશાવરમાં ૯૫ જેમ

નાના મોટા દરજ્જાના આતશો પરથાયલાં છે, તેમજ ઇરાનમાં ૨૫, તેમાં ૧ કેર્માન કનાતકશાન ને બાકીના યજદ આસપાસ છે.

અંગિકાભિનય—(જુઓ અભિનય)

અંગિરા—હિંદુ દંતકથા પ્રમાણે સપ્તઋષિમાંના આ એક બૃહસ્પતિનો પિતા થાય. એ કુંબડો ને કુરૂપ હતો, પણ ૧૦ પ્રજાપતિ દાખલ પ્રસિદ્ધ છે.

અંગુર—આ મેવાની મોટી પેદાયશ ઇરાન ખાતે થાય છે. અંગુર દોઢ ગજ ઉંચા ઝાડોપર ઉગે છે. તે રંગે લાલ, સફેદ અને કાળી હોય છે. એ ૬ જૂદે જૂદે નામે ઓળખાય છે. જેમકે યાકૂતી, જેનો રંગ તમામ લાલ હોયછે; તથા કદે નાહાની હોય છે. તેમાં ઠડીયાં હોતાં નથી. એ દ્રાક્ષ મુખ્ય કરી પાહાડો પર પોતાની મેળે કુદરતી ઉગેછે. બીજી અસકરી, જે હિંદુસ્થાન ખાતે થતી ગોળ દ્રાક્ષનાં જેવી હોય છે. પણ તે રંગે સફેદ તથા લાલ હોય છે. પ્રથમ તે ખાટી મીઠી હોય છે પણ તાપ જેમ વધે છે તેમ મીઠી બને છે. એ બન્ને રંગની દ્રાક્ષને તહેવાર રીતે ખાવાના ઉપયોગમાં લઇ એનો અરક અને શરાબ બનાવવામાં આવે છે. ત્રીજી રીશબાબ અથવા મુનકા, જેનો જાડાઇમાં ઘેરાવો દોઢ અને લંબાઇમાં ત્રણ ઇંચનો હોય છે. એમાં ચારથી પાંચ ઠડીયાં હોય છે, એ રંગે કાળી તથા સફેદ હોય છે. ચોથી લેરકૂશ એ રંગે લાલ છે પણ તેની ચામડી ઘણી જાડી હોવાને લીધે લોકો તેને ખાતાં નથી, પણ તેનો અરક અથવા સરકો બનાવે છે. પાંચમી ખેલારી આ રંગે લાલ, સફેદ અને રસદાર હોય છે; એને લોકો હોંસથી ખાય છે, અને તેનો શિરો તથા શરાબ પણ બનાવે છે. ૬ ઠી તોખમે કપકી, એ દ્રાક્ષ પણ રંગે લાલ તથા સફેદ હોયછે, જેને ખાવાના ઉપયોગમાં નહિ લેતાં તેનો શીરો બનાવવામાં આવે છે. જ્યારે દ્રાક્ષને સુકાવવામાં આવે છે ત્યારે મોટી કાળી દ્રાક્ષને મીવીજ અને ઝીણીને ખીસમીસ કેહેછે.

અગુર—ગવાલીઅરના સીંદે સરકારના રાજ્યમાંનું આ એક જાણીતું શેહેર છે. આ શેહર ઉજ્જનીની ઉત્તર પૂર્વે ૪૧ માઇલ પર અને કોટની દક્ષિણે ૧૦૧ માઇલપર છે. આ શેહર સપાટ અને સુંદર ફળદ્રુપ જગીઆ ઉપર વસાયલુંછે. અહીંના ઘણા ખરા રસ્તોઓ પથ્થરનાં બાંધેલાંછે, અને અહીં એક મોટો પથ્થરનો કિલ્લો છે. ૧૮૦૨ માં અહીંની વસ્તી ૩૦૦૦૦ ની હતી અને લશકરી ખાતામાં ૧૨૦૦ હથ્યારબંદ, ૨૫૦ જામદારી બંદુકવાલા અને ૨૦૦ ઘોડે સ્વારો હતાં. દર્યાની સપાટીથી આ શેહેર ૧,૫૯૮ ફીટની ઉંચાઇપર આવેલું છે.

અંગોઇ—કાંગાને લગતો આ સ્વતંત્ર પ્રાન્ત છે. એ જમના નદીના મુખ પાસે આવેલો છે. આ પ્રાન્તમાં પુશકળ જંગલો આવેલાં છેં, અને તેમાં છુટી છવાઈ માણસોની વસ્તી છે. બોમેનગોઇ નામનું રાજધાની શેહેર મધ્યમાં આવેલું છે. આ શેહેર કાબીંગા નદીનાં મુખ પાસે આવેલું હોવાથી તે વેપારનું મુખ્ય મથક છે.

અગોઆખાડા—આ શેહેર પોર્ટુગીજ ગોવામા આવેલું છે. આ ગામ દર્યાકિનારે વસેલું છે અને તે ગોવાથી થોડાજ છેટાપર આવેલું છે.

અંગોઠી—આ વસ્તુની ઉત્પત્તિ જોકે ચોકસ નથી તોપણ તવારીખ ઉપરથી જણાયછે કે વલંદા લોકોએ આ વસ્તુ શોધી કાઢી હતી અને તે ઇ. સ. ૧૬૯૫ માં ઇંગલાન્ડમાં દાખલ કરવામાં આવી હતી. હિંદુસ્થાનમાં સદીઓ થઇ અંગોઠી વાપરવાનો રેવાજ ચાલુ છે. આગલ શીંગડાંની, લાકડાંની યા હલકી ધાતુની રમુજ માટે પેહેરતા હતાં; આસ્તે આસ્તે આ અંગોઠીની એક 'ફેશીન' થઇ પડી, અને હાલમાં તે એક સંસારમાં જોડાતા જોડાંનો સંબંધ બતલાવનારી વસ્તુ દાખલ સાધારણ થઈ પડી છે. આજની સુધરેલી પ્રજાએ વિટીનું ભેટરૂપી જુદુંજ રૂપ લીધું છે; વર કન્યા એકમેકને સુન્નાની વિટી પેહેરાવતાં 'શુભ-

શુલઓલમા જીવનજી મોદીના જણાવ્યા મુજબ "જેમ વિંટીનું સુનું ખાલેસ છે તેમ મારો પ્યાર તારી તરફ ખાલેશ રહેશે. જેમ વિંટી ગોળ છે અને તેનો છેડો નથી તેમ મારા પ્યારનો છેડો ન આવશે. જેમ એ સોનાની વિંટી વધુ વપરાશે તેમ વધુ ચલકતી થશે, તેમ મારો પ્યાર તમો તરફ વધુ ચલકતો થશે. જેમ એ વિંટીનું સાંકડું કુંડાળું છે તેમ આપણે પણ લગનના ગાંઠથી જોડાઇ એક કુંડાળામાં રહીશું અને એકમેકને સુખ આપશું."

હિંદુસ્થાનમાં પ્રાચીન કાળથી અંગોઠી ઉપ્યોગમાં આવતી જણાયલી છે. તેમ ઉપાધ્યાઓ શ્રાદ્ધ વખતે 'દર્ભ'ની બના વેલી અંગોઠી પેહેરે છે. બંગાલમાં બ્રાહ્મણો હજી અષ્ટ ધાતુની અંગોઠી પુજાની વખતે પેહરે છે. અંગોઠા પાસેની આંગળીમાં ચાંદીનો પેહરવી એવું હિંદુ શાસ્ત્રમાં ફરમાન છે. પ્રાચીન પુસ્તકોમાં અંગોઠીનું વર્ણન જગે જગ જડે છે. દુષ્યંત રાજાએ ભેટ આપેલા અંગોઠી શકુંતલાની આંગળીમાંથી પાણીમાં પડતાં માછલીએ ગળી હતી, તેથી દુષ્યંતે પોતાની ભેટ વિના શકુન્તલાને નહિ ઓળખી તજી હતી, એ વાત ઇતિહાસસિદ્ધ છે. દ્રોણાચાર્યે અંગોઠીના પ્રતાપે રાજ્યાશ્રય મેળવ્યો હતો એ બંગાલ દેશના માહાભારતનાં પાઠમાં કથારૂપી દર્શાવેલું છે.

સંસ્કૃત ગ્રંથોમાં નીચે જણાવેલી અંગોઠીઓનું વર્ણન આપેલું છે. 'પદ્મહીરક'- બંને બાજુએ બે હીરા અને વચમાં પાનુ મળી ત્રણ નંગની વિંટી. 'વજ્ર'—ત્રીકોના કૃતી કુદણુ તેમાં હિરો અને ત્રણ ખુણા પર ત્રણ રત્ન. 'રવી મંડળ'—વચમાં કાપણ રત્ન અને તેની આસપાસ હીરા એવા પ્રકારની વિંટી. 'નંદાવર્ત'—ચોખુણા કુદણુમાં બેસાડેલી રત્નજડીત અંગોઠી. 'નવગ્રહ'—હિરા, માણેક, લસન્યો, મોતી, ગોમેદ, પરવાળું, પાનું, પુષ્પ, રાગ, અને ઇંદ્રનીલ એવા ૯ રત્ન જડીત વિંટી. વજ્રવેષ્ટક—કુંદણુ આસપાસ હિરા જડેલી વિંટી. 'ત્રીહીરક'—એમાં મોટો હિરો અને બાજુએ બે નાના એવા ત્રણ હિરાની વિંટી. 'સુતિકમુદ્રિક' નાગના ફેણરોકા કુંદણુમાં રત્નજડીત અંગોઠી. 'મુદ્રા' અથવા 'અંગુલી મુદ્રા'—કુંદણુપર નામકોરેલી વિંટી.

અગોરી—મિર્ઝાપુરમાં આવેલું આ શેહેર 'સોની' નદીની દક્ષિણે છે. આ શેહેરમાં હિંદુઓના જોવાલાયક સુંદર મંદીરો પુશકળ છે. મિરઝાપૂરની દક્ષિણ પૂર્વે ૪૮ માઇલપર છે.

અંગોલા—આફ્રિકાના પૂર્વ કીનારા ઉપર આવેલા આ એક મોટો મુલક છે. આ મુલક ફળદ્રુપ અને પહાડી છે; પણ એના માહેલા કેટલાક ભાગો હજી જણાયા નથી. અંહીની વસ્તી ૨૦૦૦ ની ધારવામાં આવે છે. ત્યાં બે હજાર યૂરોપ્યનો વસે છે.

અગોસ્ટા—કેટાનિયાનું મુખ્ય બંદર. સીસીલીને પૂર્વ કીનારે અને સાઇરિરીઆની ઉત્તરે ૧૪ માઇલપર છે. અહીંની વસ્તી ૧,૫૦૦૦ની છે. વેપાર, મધ, દારૂ, મીઠું, સાર્ડીન અને બીજી બીજી ચીજોનો મોટો ચાલેછે.

અગોસ્ટીન—લીયોનારડો, આ જાણીતો ઇટાલ્યન પ્રાચીન શોધક સત્તરમી સદીમાં થઇ ગયો છે. એને સાતમાં ઍલેકઝાંન્ડર પોપે 'પ્રાચીન' શોધકના ઉપરીનો માનવંત એલકાબ બખસ્યો હતો.

અઘ્રતષ—એ અહરેમનનો સાથી ને અએપમનો જોડીયો મદદગાર દેવ (જુઓ અએષમ).

અઘ્રેરસ—આ પ્રસિદ્ધ તૂરાની લડવૈયો અફ્રાશિઆબનો નાનો ભાઇ હતો. એણે અફ્રાશિઆબના હાથમાં કેદ પકડાયલા નામીચા ઇરાનીઓને યુકિતથી છોડવ્યા હતા, જેથી એ અફ્રાશિઆબની ખફગીમાં આવી પડયાથી પોતાનાજ ભાઇનાં હાથે માર્યો ગયો હતો. એણે ઇરાનીઓ સાથે ઘણી લાય-

ફીથી વર્તી, તેમનાં જાંન બચાવ્યાથી જરતોસ્તીઓ તેને હજી સુધી ભણતરમાં 'અઘ્રેરસ નર અશો' ને એલકાબે યાદ કરે છે.

અઘોરસાધુ—હિંદમાં રેહેતી ઘણીજ મલીન જાતના સાધુઓનો આ એક વર્ગ છે. આ સાધુઓ મલાહજાવગર તદ્દન નગ્ન હાલતમાં ફરે છે. તેઓ ભીખ માંગવા નીકળતી વેળાએ જમણા હાથમાં મૂતરથી ભરેલી કાટલી અને ડાબા હાથમાં ઈગારની ઠીકરી રાખે છે. વળી તેઓ નજીસ ચીજોનો ભક્ષ કરે છે.

અહ્‌હેઉશ—જરતોસ્તીઓના ૨૧ નૂસ્કમાંના આ ૧૩ માં નૂસ્કના ગ્રંથનું નામ છે. આ ગ્રંથમાં સ્પેન્તમાન પેગંબરનાં જન્મથી ૧૦ વર્ષની ઉમર સુધીનો અહેવાલ આપેલો છે. આ નૂસ્ક તેઓમાં ઘણી મોટાઇ ધરાવે છે.

અચ—જરતોસ્તી ધર્મ પ્રમાણે આ એક ફરેસ્તાનું નામ છે. એનો અર્થ હિમ્મત, તેથી તે હિમ્ત ઉપર મવક્કલ છે. એ બેહેરામ ઇજદની સાથે આવે છે. એના વિશેનું વર્ણન બેહેરામ યસ્તના ૧૬ માં ફકરામાં આપેલું છે.

અચ્યૂત—(જુઓ આલ)

અચ્યૂતરાવ—ઉર્ફે રાવજી મોડક. આ સંસ્કૃત કવિ ન્યાતે કોકણનો સ્માર્ત બ્રાહ્મણ હતો. એના પિતાનું નામ નારાયણ મોડક. એનાં વડવાઓ સુરતની પાસે 'રેશમે' નામનાં ગામમાં વેપાર અર્થે રેહેતા હતા; પણ એમનું મૂળ વતન નાશક હતું. એને વિદ્યાની અભીરૂચી નાનપણથીજ હતી, તથા એની બુદ્ધી વિશાળ હતી. છેલ્લા બાજીરાવ પેશવાની કાકી ગોપીકાબાઇ નાશકમાં આવી રહી હતી, ત્યાં તેમની સાથે 'નારાયણ શાસ્ત્રી સાડે' નામે એક પંડીત પણ હતો, તેની પાસે એણે સર્વ કાવ્યો અને શાસ્ત્રોના કાયદા શાખી લીધાં. એ પચીશ વર્ષનો થયો તે સમે એની સ્ત્રી મરણ પામી ત્યારથી એણે પોતાનું ઘર તજી દઇ પંચવટીમાં કપાલેશ્વરની પાસે લક્ષમી નારાયણનાં મઠમાં આવી રહ્યો. ત્યાં એણે ૫૬ વર્ષ વેર જે મળે તે ખાવું, ન મળે તો ન ખાવું એવી રીતે રહી ગ્રંથો રચ્યાં અને બીજા વીદ્યાર્થીઓ ભણાવવામાં વખત ગુજાર્યો. એ માહા તેજસ્વી હતો. એનાં ગ્રંથો ઉપરથી જણાય છે કે તે વેદાન્તમાં નિપૂણ અને અલંકાર શાસ્ત્રમાં ઘણો પ્રવિણ હતો. એની કવિત્વ શક્તિ એવી તો હતી કે, એ બે લેખકની લેખણ અટકે નહિ એવી રીતે બન્નેને સાથે જૂદા જૂદા વિષયપરની કવિતાઓ લખાવ્યો જતો, પણ કદી પોતે અચકાતો નહિ. એ પોતાના સઘળા પંચાગોમાં બે બાજુએ અર્ધી જગા કોરી રાખી, ત્યાં પ્રસંગોપાત રચેલાં પ્રસ્તાવિક શ્લોકો લખતો. તે સઘળા શ્લોકો હાલમાં એખટા કરવામાં આવ્યાં છે, કે જે ૫૦૦૦ ઉપર છે. એણે જૂદા જૂદા ૭૫ ઉપર ગ્રંથો રચ્યાં છે, તેમાંની શ્લોક સંખ્યા ત્રણથી ચાર લાખ સુમારેની છે એના બનાવેલાં નીચલાં ગ્રંથો હાલમાં પ્રસિદ્ધ છે—. બોધકચ સિદ્ધી, સાહિત્ય સાર, કૃષ્ણ લીલામૃત કાવ્ય, ભાગીરથી ચંપુ, પ્રીયવ્રત ચરિત્ર, ચિત્ર ચંદ્રીકા, સ્વરહરવિહાર, સદાવ્રત સોમ, મિતી શાસ્ત્ર, વીરતીકરાવલંબ, દુઃખક્ષયેન્દુદય, સખીમણી વીલાસ, ગોદાલહરી, પુષ્પવદુદયશતક, અવૈદીક ધિકતી તંત્ર ખંડ, વગેરે બીજાં ઘણાં એક ગ્રંથો પ્રસિદ્ધ છે. શને ૧૭૬૨—૬૩ માં ૭૫ વર્ષની વયે લક્ષમી નારાયણનાં મઠમાં મરણ પામ્યો. તેણે પેહેલાં ૧૫ દિવસ્પેર આતૂર સન્યાસ ગ્રહણ કીધો હતો. એની સમાધી લક્ષમણ નારાયણનાં મંદીરમાં છે.

અચલગંજ—ઔદના મુલકમાં બયન્સવારમાં આ શેહેર આવેલું છે. ગંગા નદીને જમણે કાંઠે ઉત્તર પૂર્વે ૪ માઇલ પર છે. વસ્તી ૬૦૦૦ ની છે, જેમાં ૬૦૦ મુસલમાનો ને બાકીનાં હિંદુઓ છે.

અચલધૃતિછંદ—૧૬ લઘુ એટલે માત્રા, તેમાં ૮ અક્ષરે યતી તેવા ચાર પદોનો અચલ ધૃતી છંદ થાય છે.

અચાર્ય—હિંદના બ્રાહ્મણોમાં આ એક વર્ગ છે કે, જેઓનો ધંધો ઘણો ખરો મહેમાનદારી કરવાનો છે. યાને તીર્થ સ્થળોમાં પોતાના યજમાનોને તેઓ પકાવી ખવડાવે છે અને તેઓજ ધર્મક્રિયાઓ કરી શકે છે તેઓમાંના કેટલાક એટલા તો કાબેલ હોય છે કે, પોતાના યજમાનોની અનેક પેઢી પોતાને ત્યાં નોંધેલી બતાવી શકે છે અને દરેક યજમાનની મુખ્તેસર નોંધ રાખે છે. (૨). આ નામ શીવ અથવા વિષ્ણુને પણ લાગું પડે છે.

અચીન—સૂમાત્રા બેટોની ઉત્તરે પશ્ચિમે આવેલું આ દેશી રાજ્ય છે. ઈ. સ. ૧૮૧૯ માં ઇસ્ટઇંડીયા કંપની અને અચીનના રાજા સાથે કોલકરારો થયાં હતાં.

અચેહુ—દક્ષિણ હિંદુસ્થાનમાં અચેહનામના જંગલી ઝાડ ઉગે છે. એનું ઝાડ ઘણું ચીવટ અને કાળા રંગનું હોય છે. તે ટેકરીવાલા જંગલોમાં ઉગે છે. એનું લાકડું ઘર બાંધવાનાં કામમાં ઘણું ઉપયોગી છે, પણ એ ઝાડ વિષે વિચીત્ર પ્રકારનો ત્યાંના લોકોમાં વેહેમ હોવાથી આ ઝાડનું લાકડું ઘર બાંધવાનાં કામમાં લેવામાં આવતુ નથી. અચેહ શબ્દનો અર્થ તામીલ ભાષામાં 'શું સઘળું ખલાસ થયું છે?' એવો થતો હોવાથી વ્હેમી લોકો ઘર બાંધવાનાં કામમાં ઉપયોગ કરતાં નથી. એ લાકડું ઘર બાંધવાના કામમાં લેવામાં આવે છે તો 'શું સઘળું ખલાસ થયું છે?' એવો સવાલ ઘરનાં માણસોને તે હમેશાં કરતું ધારવામાં આવે છે, તે પછી થોડા વખતમાં તે ઘરની ખરાબી થાય છે. તે ઘરના સઘળાં માણસો મરી જાય છે અને તે પછી ઘરનો નાશ થાય છે. એવો વેહમ હોવાને લીધે આ ઉપયોગી લાકડું દક્ષિણ હિંદુસ્થાનમાં બાળવાનાં તેમજ બીજા ઉપયોગમાં લે છે

અછબડા—આ ઘણો હલકો મરજ છે. એક દિવસ સેહેજસાજ તાવ આવ્યા બાદ, બીજે દિવસે છાતી ખભાં અને પીઠ ઉપર બારીક લાલ દાણાં દેખાય છે. તે એક બે દિવસમાં મોટાં થઇ તેની અંદર પાણી ભરાઈને મોતી જેવાં થાય છે. આ દાણા છુટાં હોયછે તથા ઘણું કરી ચેહેરા ઉપર હોતાં નથી. અછબડાને કોઇ 'શીળી' માનવાની ભૂલ કરે છે. અછબડામાં તાવ ઘણોજ થોડો હોય છે. દાણા ઘણા થોડા તેમાં પરૂ થતું નથી તથા ૬ થી ૭ દિવસમાં કરમાંઇ તેનાં ભીંગડાં ઉખડી જાય છે ત્યારે તેના ખાડા પણ રેહેતાં નથી. અછબડા બચ્ચાંને નીકળેછે અને કેટલીકવાર જથાબંધ નીકળે છે. કોઇવાર હલકો તાવ આવે છે અને અછબડા નીકળી જાય છે, તે વિશે માબાપને ખબર પણ હોતી નથી. એકંદરી રીતે જોતાં આ ઘણો હલકો મરજ છે, તેથી તેમાં દવાદારૂની જરૂર રેહેતી નથી.

અજ—સૂર્યવંશી દશરથ રાજાનો પિતા. એણે અયોધ્યા નગરીને ઘણી વિસ્તારી વસાવી હતી.

અજકર્ણ—બંગાલ, આબુનો પહાડ અને ઉત્તર હિંદમાં એનાં ઝાડ ઉગે છે. એના બેચાર જાતના વૃક્ષોમાંથી રાળ ઉત્પન્ન થાય છે. એ ઝાડમાંથી જે રસ નીકળેછે તેને રાળ કહેછે.

અજગર—આ વિકાળ પ્રાણી, ઘણુંકરી હિંદુસ્થાન, પશ્ચિમઆફ્રિકા, દક્ષિણઅમેરિકા, આસટ્રેલીયા, મલાઇ દ્વિપકલ્પ, બરમાં અને સીયામ વગેરે દુન્યાના જૂદા જૂદા કેટલાક ભાગોમાં મળી આવે છે. અજગરના શરીરની લંબાઇ ૧૦ થી ૨૦ ફીટની સાધારણ હોય છે અને કેટલાક ૪૦ફીટની લંબાઇના પણ હોય છે. કદમાં તે બહુ મોટા છે અને તેઓ પોતાનું મોઢું ઘણાં મોટા વિસ્તારમાં ફાડવાની શકિત ધરાવે છે, એટલુંજ નહિ પણ તે પોતાની પુછડી પોતાને ગમે તેમ વાળી શકે છે. અજગરના પીઠનો રંગ રત્તાસ મારતો ભૂરો હોય છે, અને વાંકા ચુકા પોહોળા પાટાથી તે ભરાયલી હોય છે. વચમાં વચમાં પીળાસ મારતા ધાબા જોવામાં આવે છે. તે ઉપરાંત

કેટલાકોના માથાં ઉપર ત્રણ કાળાં ધાબાં જોવામાં આવે છે. તેના શરીરનો રંગ ચળકાટ મારતો હોય છે, અને પીઠની ઉપર મોટાં કાળાં ધાબાની હારને હાર લાગેલી હોય છે; અને પછવાડે ફિક્કા સફેદ ધાબાં આવી રહેલાં નજરે પડે છે, તેના શરીર ઉપરના ધાબાંની એ રચના ધ્યાન ખેંચનારી જણાવવામાં આવે છે, અને કાચલી ઉતરી નવી કાચલી આવે છે ત્યારે એ ધાબાનો રંગ ઝાંખો થઇ જાય છે.'

'નાગ અને સાંપોની માફક અજગર ઝેરી હોતો નથી, તેના ડંખથી માણસ કે બીજા કોઇ હલકા વગરના પ્રાણીને ઝેર ચઢતું નથી. પણ તે છતાં તે કાંઈ ઓછો ભયંકર નથી; પોતાનું મોઢું ગમે તેમ ફાડવાની શકિત તે ધરાવતો હોવાથી પોતાનો ભોગ થઇ પડનાર પ્રાણીને તે પોતાનું મોહ વકાસી સેહેલાઇથી ગળી જાય છે. તેના મોહમાં કોઇ પ્રાણી દાખલ થતાં તેનું શરીર એટલા તો વિસ્તારમાં ફુલી જાય છે કે, અંદર દાખલ થએલા પ્રાણીનો આકાર તેની ચામડીમાંથી અવારનવાર જોઇ શકાય છે, અને તે અંદર કેટલે સુધી ગયું છે તે પણ જણાય છે. પાણીવાલી જગ્યામાં અને ઝાડવાલા ભાગોમાં આ વિકાલ પ્રાણી વારંવાર મળી આવે છે અને તે જાતનાં કેટલાંક પ્રાણી વખતે વખત માણસને જોઇને નાહાશી જાયછે. શીકાર નજરે પડતાં આ ભયંકર પ્રાણી પોતાની છુપાવાની જગ્યામાંથી નીકળી તેની ઉપર ત્રાપ મારે છે અને તેને પોતાની પુછડીના વળથી કચડી નાખી આસ્તે આસ્તે ગળી જાય છે. તેના સપાટામાં આવેલા પ્રાણીને ગળતી વખતે તેનાં મોહમાંથી લાળનો મોટો જથ્થો નીકળતો હોવાથી શીકારને ગળતાં કદાચ મુશકેલી નડતી હોય તો, તે દૂર થાય છે. એ લાળ કાંઇ નીકળી આવતી નથી, પણ શેકાર મોહમાં દાખલ થતાં નીકળે છે, અને તે તેના શરીર ઉપર પડતાં તે ચીકણું થવાથી સેહેલાઇથી અંદર ઉતરી જાય છે. શિકારનો ભક્ષ કીધા પછી તે શાંતીથી પાચન કરવા બેસે છે અને તે પ્રસંગે તેનામાં જે સુસ્તી આવે છે તેનો લાભ લઇ તેને સેહેલાઇથી મારી શકાયછે.

એ સુસ્તી નીકળી જતાં તે પાછો ભૂખો થાય છે અને તે વખતની તેની ભુખ એટલી તો તિક્ષણ હોય છે કે જેખી વસ્તૂ તેની નજદીક હાજર હોય છે તેનો તે ભક્ષ કરે છે. અજગરની માંદા વિશે એવું જણાવવામાં આવે છે કે, પોતાના ઈંડાનાં ઢગલાની આસપાસ પોતાની પુછડીનો વળ દઇ તે ત્રણ મહિના સુધી તેનું સેવન કરતી બેસી રહે છે. અજગરની ચામડીના જીન અને બુટ ઘણાં મજબુત બને છે.

અજગરી—પારો બાંધવા માટે જે ચોસઠ વલ્લી કહેલી છે તેમાંની આ એક. એના અંગ ઉપર મંડળ હોય છે અને એ અજગર નામક સર્પ જેવી દેખાય છે. એના વેલાની લંબાઇ પાંચથી ૬ ફીટ હોઇ તે રસભરીત હોય છે, અને તેની ઉપર પાંદડા થોડાંજ હોય છે. આ વેલા વૈદ લોકો ઔષધી ઉપચારમાં વાપરે છે.

અજદર—આ 'સર્પ' નાના હોઇ કુદકા મારતા ફરે છે. એમાં કેટલાંક મોટાં પણ હોયછે.

અંજન—એનાં ઝાડ કોકણ પ્રાંતમાં ઘણાં ઉગે છે. આ ઝાડો દસથી બાર હાથ ઉંચા હોય છે. એની ડાળીઓ પર મોર આવી તે ઉપર સુંદર જાબુળા રંગના ફુલો આવે છે અને એના પાંદડામાંથી પીળો રંગ નીકળે છે. (૧) પશ્ચિમ દિશાનો હાથી. (૩) નેત્ર શોધક કાજળ અંજન વગેરે.

અજના—આ ધ્રુવ પત્નિ પ્રાચીન સાધ્વી સ્ત્રીઓમાંની એક. એ ઇંદ્રની કન્યા હતી.

અંજની—હિંદુ દંતકથા પ્રમાણે એ કેસરી વાનરની સ્ત્રી. એણે બળવાન પુત્રની પ્રાપ્તિ સારૂં સાતહજાર વર્ષ લગી ઋષિમુખ પર્વત પર મૂનિવ્રત લઇ શિવની તપશ્ચર્યા કરી. એક દિવસે શિવે પ્રસન્ન થઇ કહ્યું જે આજ તું સૂરજ સામૂં ધ્યાન ધરીને જોયા કરજે ને ખોબો ધરી રાખજે, ને આકાશમાંથી જે કાંઇ તારા હાથમાં પડે તે તરત ખાઇ જજે.

એવું બન્યું કે તેજ દિવસે દશરથની સ્ત્રી કૈકેના હાથમાંથી યજ્ઞ પ્રસાદનો ગ્રાસ તુટી ગયો ને અંજનીના ખોબામાં પડયો, તેને તે ખાઇ ગઈ. પછી તેને ગર્ભ રહ્યો ને હનૂમાન નામે પરાક્રમી વાનર અવતર્યો.

કોઇ કહે છે કે અંજની ગૌતમની પુત્રી હતી. એણે ઇંદ્રનું કપટ રૂપ ન ઓળખતાં તેને ઘરમાં જવા દીધેલો તેથી ગૌતમે તેને શ્રાપ દીધેલો કે તું સદા કુમારીજ રહીશ, પણ પાછલથી તેઓએ કહ્યું કે તારી કુમારી અવસ્તાને લાંછન ન લાગતાં તને એક પ્રતાપી પુત્ર અવતરશે. તેથી અંજની ઘોર વનમાં તપ કરવા ચાલી ગઇ. પછી એવું બન્યું કે ભસ્માસૂરને માટે વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધરેલું ને અસૂર પોતાનેજ હાથે બળી મુવેલો, તેવામાં શિવ કાંઇ ત્યાં અકસ્માત આવી, પોતાની સ્ત્રી જોઈ મોહીત થઇ ગયાં, પણ પછી વિષ્ણુના પ્રગટ થવાથી તેવન લજ્જીત થયા હતાં. એટલામાં નારદે શિવનું ખલીત થએલું વીર્ય લઇને જ્યાં અંજની તપ કરતી હતી ત્યાં આવ્યા ને બોલ્યા કે ઉપદેશ વિના તપ ફલશે નહિ ત્યારે અંજની બોલી કે ઉપદેશ કરો. પછી નારદે વાયૂને સંભાર્યો ને તેને માહાદેવનું વીર્ય કાનની વાટે અંજનીના ઉદરમાં મુકયું જેથી હનૂમાન અવતર્યો.

અંજનીના ઝાડ—એના ઝાડ ફક્ત ખાનદેશમાંજ ઉગે છે. એ ઝાડ ઘણુંજ મોટાં થાય છે. એના પાંદડાં શરૂના ઝાડ જેવં, પણ તે કરતાં નાના હોય છે. એ ઝાડપર ઝીણી શીંગો આવે છે. એનું લાકડું ઇમારત બાંધવાનાં કામમાં ઉપયોગી છે. એનાં પાંદડાં જનાવરોને ખવરાવવામાં આવે છે. જ્યારે કદી ખાંનદેશમાં ઘાસનો દુકાળ પડે છે ત્યારે ઢોરોને ખોરાક દાખલ એનાજ પાંદડાં આપવામાં આવે છે. એનાં ઝાડની છાલમાંથી દોરડાં બનાવવામાં આવે છે.

અજજમપુર—માઇસોરના મુલકમાં આવેલું આ શેહેર હિંદના બ્રિટીશ રાજ્યનાં તાબામાં છે. શ્રીરંગાપટ્ટમની ઉત્તર પશ્ચિમે ૬૩૦ માઇલપર આવેલું છે.

અજબસિંહ—આ રાજપીપળાનો રાજા ઇ. સ. ૧૭૮૬ માં પોતાના ભાઈ રાયસિંહ પાસેથી પ્રપંચથી રાજ્ય છીનવી લઇ પોતે ગાદીએ આવ્યો. એના વખતમાં બેદાદી ચાલવાથી ઇ. સ. ૧૭૯૩ માં ગાયકવાડ સરકારે અનૂક્રમે ખંડણી વધારતાં જઈ ૭૮૦૦૦ ના આંકડાપર લાવી મુકી. તેમજ સાગબારાના ભીલ 'વેસાવાઉમેદે' બંડ કરી ત્રાસ પમાંડયો તેમજ તેઓએ આરબ તથા શીદી લશકરની મદદથી ડુંગરામાંના પાંચ પ્રગણા કબજે કર્યા. એના રાજ્યમાં બખેડાએ જ્યાં ત્યાં જાગવાથી લુટાણું વધી પડયું હતું તેથી વેપારની દર વર્ષે ઉપજ ૩૪૫૦૦ ઉપરથી ઘટીને તે ૨૬૫૦૦ વેર ઓછી થઇ હતી.

એનો કુંવર નર્મદા કાંઠેના રાજાનો જમાઇ હતો, તેણે બાપ સામે બંડ કર્યું, પણ તે નાંદોદમાં સપડાઈ જવાથી કેદ થયો હતો. મરણ ઇ. સ. ૧૮૦૩ માં નીપજ્યું.

અજમેર—હિંદના રજપુતાનાંમાં આવેલું આ એક પ્રસિદ્ધ શેહેર છે. ઈ. સ. ૬૯૫ માં માણેકરાય નામે રાજા અહીં રાજ કરતો હતો. એની પેહેલાં એજ વંશની સાત પેઢી થઇ હતી. એના વંશ 'વિશાળ' રાજાએ દિલ્લી લીધી, પછી બેઉ રાજ્યો એખઠાં થયાં, અને તેઓની આખર પણ તેવીજ થઇ, માટે એ રાજ્ય વિશેનો લેખ ઇ. સ. ૧૧૯૨ માનો છે. આગળ આ શેહેર આગ્રાનું રાજધાની શેહેર હતું. આગ્રાથી ૨૨૮ માઇલ પર આવેલું છે.

અજમેર ઈંગ્રેજ સરકારના તાબામાં ઇ. સ. ૧૮૧૮ માં રૂ. ૫૦૦૦ મરાઠાઓએ નહિ આપ્યા તેને બદલે આવ્યું હતું. આ શેહેર પાહાડની તળેટીમાં આવેલું હોવાથી ગર્મી અતીશે પડે છે. અહીંના પાહાડ પર પડી ભાગેલો 'તારાગઢ' નામે જાણીતો કિલ્લો આવેલો છે. આ કિલ્લો પૃથ્વીરાજે બાંધ્યો

હતો. આ રાજા હિંદુસ્થાનનો છેલ્લો રાજા હતો. એના માર્યા ગયા પછી કુતબુદ્દીને તારાગઢ હાથ કીધો. આ તારાગઢને મીર સાહેબ નામે સરદારે હાથ કીધો હતો. કિલ્લા પર હૂમલો કરતાં તે માર્યો જવાથી તેની કબર અત્રેજ બાંધવામાં આવી છે. એની કબરને હિંદુ તથા મુસલમાન લોકો પુંજે છે. આ મીર સાહેબ માટે નીચલી કવિતા પ્રસિદ્ધ છે.

'તારા ગઢસા ગઢ નહિ ખીંગ એસા ઘોડા
મિરાસા નહિ મર્દ જીસને તારાગઢ તોડા.'

૧૮૮૧ ની ગણત્રી મુજબ અહીંની વસ્તી (પ્રાંતની) ૩૫૯, ૨૮૮ ની હતી. ગામની ફકત ૨,૭૦૦૦ ની હતી. મુખ્ય વેપાર અફીણ, ઉન, રૂ, છાપેલું કપડું, તમાખુ અને કોરી કામનાં વાસણો તથા બીજી ઘણીક ચીજો માટે જાણીતું છે. આ શેહેરની ઘણી ખરી ખરી ઇમારતો કાળા પથ્થરની મજબુત બાંધેલી છે.

અજમીરગઢ—બીલાસપૂરના ડીસ્ત્રીકટમાં મધ્ય પ્રાંતમાહે ૩૫૦૦ ફીટની ઉંચાઇપર આ ટેકડી આવી છે. તેમાંથી 'સન' ની ઉતરે, માહા નદી અને નર્મદા ઇંડીયન ઓશનમાં વહે છે. આ જગા ઝાડીથી ગીચ્ચ થયલી ભયંકર જગામાં છે પણ આસપાસે હિંદુઓના મંદીરો છે. આ ટેકડીની ઉપરની ઉત્તર પૂર્વ બાજુએ ચાટીસગર નામની સપાટ જગા આવેલી છે.

અજમો—એના ઝાડ દોઢ હાથ જેવડાં ઉંચા હોય છે. અજમો દવાદારૂમાં ઘણો ઉપયોગી છે. અજમાનું એક પ્રકારનું અરક કાઢી તેને અજમાનું ફુલ કહે છે. એ મધ્ય હિંદુસ્થાનના ઉજ્જન નગરમાં કાઢેછે. અજમો તીખો, રૂચીકર, ઉષ્ણ, પાચક અને કફ, શળ વગેરે બીજા અનેક દરદોનો નાશ કરેછે.

અજમોદ—આ એક અજમાનો ભેદ છે. એના ઝાડ હિંદમાં ઘણે ઠેકાણે થાય છે. બંગાલમાં એની ઉત્પતિ બોહોળી છે. એની ઉંચાઇ સુમારે દોઢ હાથ હોય છે. એનાપર ધોળા રંગના ઝીણાં ફુલો આવે છે. ખાવાનાં રૂચીકર, તીખો, ગરમ, બલકર, અને પાચક છે. વૈદ લોકો એને દવાદારૂમાં ઘણી રીતે ઉપયોગમાં લે છે.

અજમો વગડાઉ—આ અજમાની જાત વગડામાં થનારી છે. એને રાની અજમો કે વગડાઉ અજમો કહે છે. એના છોડ અજમાનાં જેવાં આબેહુબ હોય છે, પાહાડી પ્રદેશમાં એ ઉગે છે. એ ઉધરસ, વાયુ અને અજીર્ણ પર ઉપયોગી છે

અજય દેવ—આ ગુજરાતનો રાજા સંવત ૧૨૩૨ માં ગાદીનશીન થયો એણે ત્રણ વર્ષ રાજ્ય કર્યું. તેમાં એણે પાછલા રાજમાં બંધ થયલા જૈન દેવસ્થાનોનો નાશ કરાવ્યો હતો, અને જૈન મત આગ્રહી કપરદીમંત્ર, રામચંદ્ર જતી, અમારા ભટ્ટ વગેરે ઘણા જનને ઠાર કીધા હતા. મરણ સંવંત ૧૨૩૫ માં નીપજ્યું.

અજરા—કોલ્હાપૂરના રાજ્યમાં આ એક ગામડું છે, અને તે મુંબઇ ઇલાકાને લગતું છે. કોલ્હાપૂરની દક્ષિણે ૪૦ માઇલપર છે.

અજવલો—એના ઝાડ દોઢ હાથ ઉંચા હોય છે. તેના પાંદડાં તુળશીનાં પાંદડાં કરતાં મોટાં અને લાંબા હાય છે. એનો ધોળો અને કાળો એવા બે પ્રકાર છે, એમાં સફેદ અજવલાને માળી તુલસ અને કાળા અજવલાને કાળી માળી તુલસ કહે છે. આ ઝાડનાં પાંદડાં ઘણા દુઃખ દર્દોપર અકસીર ગણાય છે.

અજવાઇન—(જુઓ અજમો.)

અંજળીમાં—ત્રેતાયુગમાં આ મચ્છરૂપં પરમેશ્વરનું રૂપ હતું. સત્યવ્રત રાજાએ માહાપ્રલય જોવાની ઇચ્છા કરવાથી ઇશ્વરે અંજળીમા નામે માછલીનું રૂપ લઇ જ્યાં રાજા નદીમાં સ્નાન કરતો હતો ત્યાં જઇ રાજાને કહ્યું કે "મને બહાર કાઢો, કેમકે મોટી માછલીઓ મને ખાઇ જશે." સત્યવ્રને અંજળીમાને કમંડળમાં નાખી ઘેર લાવ્યો. પછી થોડે થોડે દાહાડે માછલી જેવી મોટી થતી ગઇ તેમ તેને મોટી જગામાં રાખવા માંડી, પણ સેવટે તે અતીશય મોટી થવાથી રા-

જાએ કહ્યું કે હવે તારે લાયકનું ઠેકાણું ફક્ત દરિયો રહ્યો છે માટે ત્યાં જઇ વાસ કરવો. સત્યવ્રતે તે વેળા આ માછલીની સ્તુતી કરી તેથી તેણે કહ્યું કે "તારી ઇચ્છા પુરી કરવાને મેં અવતાર લીધો છે. આજથી સાતમે દાહાડે મોટો જળપ્રલય થશે, તેમાં એક વાહાણમાં સાત ઋષિઓ બેઠા હશે તે તારો હાથ પકડી તને વાહાણમાં બેસાડશે, ને તે વાહાણની પાસે પાણી ઉપર એક સર્પ દેખાશે પછી તમે એક દોરડું લઇ તેનો એક છેડો, મારૂં શીંગડું જે દસહજાર જોજન લાંબુ નીકળશે તેને બાંધજો, પછી તે વાહાણું પાણી ઉપર તરશે તે પછી માહાપ્રલય ચરિત્ર નજરે પડશે. એ વેળા તું મને જ્ઞાન પુછીશ તો હું તને સમજાવીશ, કે જેથી તારી મૂકિત થશે, માટે સાત દાહાડામાં તું સઘળી ઔષધી એકઠી કરીને તારી સાથે રાખજે." આ પ્રમાણે સઘળું બન્યું. ને એટલું કહી અંજળીમાએ રાજાને આંખ બંધ કરવા કહી પછી તેને મૂર્ચ્છે કહેલો પ્રલય જોયો હતો. અને અંજળીમા સત્યવ્રતની ઇચ્છા પુરી પાડી અનદીઠ બની.

અજાજીલ—મહમદીઆનોના કોરાનમાં એના વિશે લખે છે કે, દુન્યા અસંખ્ય વખત ઉત્પન્ન થઇ નાશ પામી છે અને અસંખ્ય જમાનામાં અસંખ્ય પીર પેગંબરો થયાં છે, તેથી જૂદા જૂદા જમાનામાં ખુદાએ જૂદા જૂદા પ્રાણીઓની પાદશાહી કરી હતી, અને તે જૂદા જૂદા જમાનામાં જૂદા જૂદા ફરેસ્તાઓ ખોદાની પાસે રહે છે. એક સમે ખોદાની પાસે ચાર ફરેસ્તાઓ હતા તેમાં એક મોટો ને માનીતો અજાજીલ હતો, તેના ઉપર ખુદાનો ઘણોજ પ્યાર હતો, એટલા મોટા ખુદાઇ કદને પામવાનું કારણ એ હતું કે એણે એક પ્રસંગે અહાર નિંદ્રા છોડી ખુદાના નામની બંદગી સાઠ હજાર વર્ષ સુધી કરી હતી. એના જેવી બંદગી કરનાર આજ સુધીમાં કોઇ બીજો થયો નથી, તેથી એની આવી ભકિત જોઇ ખુદાએ મેહેર કરી પોતાના હાથ નીચેના ફરેસ્તાની જગીઆ આપી. ઘણા વર્ષો સુધી એ ખુદા પાસે રહ્યો; તેવામાં એક પ્રસંગે ખુદાએ ફરેસ્તાઓને ફરમાવ્યું કે તમોએ મારા શિવાય કોઇને નમવું નહીં. આ ઉપરથી સઘળા ફરેસ્તાઓ ખુદાના હોકમને માન આપતા હતા, એવી રીતે અસંખ્ય કાળ વિતા છતાં એક પ્રસંગે આ જંગતમાં જળચર પ્રાણીઓ પ્રગટ થયાં હતા, તે પછી પશુ પક્ષીઓથી સૃષ્ટી વ્યવહાર ચાલ્યો હતો. આ વેહવારમાં કેટલાએક કાળ સુધી ઘોડાઓની પાદશાહી રહી હતી, તે અરસામાં ખોદાએ વિચાર કીધો કે, મારા જેવી આકૃતીનો એક પુરૂષ ઉત્પન્ન કરૂં. એવા વિચારથી જમીનમાંની માટોડી પોતાના હાથમાં લીધી ને તેનો એક પુરૂષ બનાવ્યો. આ પુતળાના ચેહેરા ઉપરથી એવું જણાતું હતું કે, આ પુરૂષ સર્વેનો સરદાર બનશે, ને સઘળા પ્રાણીઓને કબજામાં રાખશે, તે ઉપરથી અજાજીલ ફરેસ્તાએ ઘોડાના એક મોટા પાદશાહને કહ્યું કે આ પુતળું તમારાપર સરદાર થશે, તેથી તમો એનો નાશ કરશો તો ઠીક. આ વાત ખરી માની ઘોડાનો પાદશાહ પોતાના પાંખના જોરથી ઉડી પેલા પુતળાંને ભાંજી નાખી પોતે એકદમ જતો રહ્યો. એવામાં ખુદા પોતાના ફરેસ્તાઓ સાથે આવીને જુવે છે તો ઉપલા પુતળાનો નાશ કરેલો જણાયો, ને એ નાશ ઘોડાના પાદશાહે કર્વાથી ખુદાએ એકદમ ગુસ્સે થઇ ઘોડાઓની પાંખો કાપી નાખી. ત્યાર પછી વિચાર કર્યો કે આ પુતળાંને ઘોડાઓનો ઉપરી કરૂં, એમ કહી પેલા મનુષ્ય પુતળાંને સજીવન કીધું ને તેનું નામ આદમ પાડયું.

હવે ખુદાએ પેલા પુતળાંને નમન કરવાનો હોકમ ફરેસ્તાઓને કર્યો, ત્યારે ત્રણ ફરેસ્તાએ ખુદાનાં હોકમને માન આપી નમન કીધું; પણ અજાજીલે નમન નહિ કીધું. આ

વાત બીજા ફીરેસ્તાઓએ ખુદાને કહી. તે ઉપરથી ખુદાએ પુછયું કે તેં શા વાસ્તે નમન નહિ કીધું? તેણે જવાબ આપ્યો કે "ઓ ખલકના ખાવંદ, તમારો પ્રથમ હુકમ એવો હતો કે મારા શિવાય તમારે કોઇને નમન કરવું નહિ; અને હાલમાં તો એ હોકમ તેડી બીજો એવો હોકમ કરો છો કે સૈદા કરો તેથી હું મારે તમારા કયા હોકમને માન આપવું ને કયાને નહિ?' આ વાત સાંભળી કહ્યું કે "મારા જેટલા હોકમ થાય તેટલા પ્રત્યેકને માન આપવું જોઇએ, તેમાં સારા નઠારાનો વિચાર કરવો નહીં, કેમકે હું સ્વતંત્ર ને મરજીમાં આવે તેમ કરવા શકિતમાંન છું, તેથી તું માન આપી નમન કર." આવો હુકમ થતાં અજાજીલ બોલ્યો જાઓ તમારેથી થાય તે કરો હું એવી રીતે વરતવા તમારી પાસે રહ્યો નથી. કારણ કે તમો તમારા વચનને કાયમ રાખતા નથી, પણ તમારા કરેલા કેટલાક હુકમને બેહુકમ કરી શકો છો" આવા વિરોધી શબ્દ સાંભળી ખુદાએ શ્રાપ દીધો કે " જા તું શેહેતાન બની જા, ને તમામ નઠારા કૃત્યોનો પાદશાહ થા.' એમ કેહેતાંજ અજાજીલ શેહેતાન બની ગયો. ખુદાનો દુશમન થઈ વિરોધીપણાથી વરતવા લાગ્યો, અને આ ખુદાની રચેલી ખલકમાં જેટલી ચીજો રહેલી હતી તેટલી ચીજોને તે શેહેતાન નઠારા કર્મોનો બોધ આપવા લાગ્યો, અને એના કહ્યા પ્રમાણે જેટલી ચીજો નઠારા કૃત્યોપર ચાલતી હતી, તેટલીઓનો ઉપરી શેહેતાન થયો હતો, અને તેમને દોજખમાં રાખી તેઓ ઉપર અમલ ભોગવતો થયો.

અજાથા સત્રા—એ મગધનો રાજા હતો. એણે સાકયા મુનીના લખાણોનો સંગ્રહ કરી તેને જાળવી રાખ્યો હતો. એણે ૩૨ વર્ષો રાજ્ય કર્યું. મરણ ઈ. સ. પૂર્વે ૫૨૩ માં નીપજયું. એનાથી ઉત્પન્ન થયલી કોમ ભાટીયા બ્રહ્માણોની ગણાય છે. શાકયા મૂનિ એજ સમયમાં મરણ પામ્યો હતો.

અજામીલ—હિંદુધર્મ કથા પ્રમાણે આ એક બ્રાહ્મણ હતો. તે પોતાની જવાનીમાં એક વેશ્યાની સંગતમાં પડી અપવિત્ર થઇ ગયો. આ દાસીના પેટે એને દશ પુત્ર થયા. જ્યારે તે ૮૮ વર્ષની વયે પુગો ત્યારે એક દિવસે એકાએક યમદૂતો તરફથી દુઃષ્ટ પ્રાણુને લઇ જવા ત્રણ દૈત્યો આવ્યા. તેજ વેળા અજામીલે પોતાના નાહાના બેટા નારાયણને હાંક મારી. આ નાના પુત્રનું નામ પરમેશ્વરના નામ ઉપરથી રાખવામાં આવ્યું હતું. આ તેનો સાધ ઇશ્વરના કાન ઉપર ગયો, કે તે પાપી માણસે સેવટ મરતી વેળા પણ મને યાદ કીધો છે. તેથી નારાયણે (ઇશ્વરે) પોતાના પવિત્ર દુતોને મોકલી આ દુષ્ટ પ્રાણુને યમ દેવના દૈત્યોના હાથમાંથી છોડવ્યો. જ્યારે અજામીલે જાણ્યું કે 'હું માગ પાપી કર્મોથી નર્કમાં જવાનો હતો પણ નારાયણના નાંમથી મુકિત પામ્યો, ત્યારે જો હું ભકિત કરૂં તો કેવો થાવું? એવો વિચાર આવતાંજ અજામીલે પોતાની દુષ્ટ ચાલનો ત્યાગ કરી. પાપનો પશ્ચાતાપ કરવા હરીદ્વાર ગયો. દેવલોકના સ્થાનરૂપ એ હરીદ્વામાં બેસી યોગનો આશ્રય કરીને સર્વ ઇંદ્રીઓને વિષયોમાંથી ખેંચી લેતાં અજામીલે મનને આત્મામાં જોડી દીધું. પછી તેને આવી પવિત્રતાથી પોતાનો દેહ ઇશ્વરના દર્શન લઇ ગંગાજી કાંઠે છોડયો.

અંજાર—આ મોટા બંદરવાળું શેહેર ગુજરાતમાં કચ્છનાં અખાતમાં ઉત્તર પૂર્વ કીનારેથી ૬ મૈલ ને ભૂજથી ૨૫ મૈલ દુર છે. આ ગામની આસપાસ એક કોટ છે. વસ્તી ૧૩૦૦૦ ની છે. એ મોટું બંદર ગણાય છે, અને તૂણા, રાહેર, વત્રાણી ને જંથી એ એના બારાં છે. તૂણેથી ૫૦ થી ૧૦૦ ખાંડી સુધીના વાહાણો મુંબઇમાં તથા બીજે બંદરે જાય છે. કંપાસ, તેલ, દીવેલ, અનાજ અને દેશી કાપડ એ એનો વેપાર છે. જોવા લાયક જગ્યામાં માધવરાવ ને મોહનરાય એ બે વૈષ્ણવના મંદીરો છે. મોહનરાયના મંદી-

રમાં કૃષ્ણ, રાધા ને ચતુર્ભુજની મૂર્તિઓ છે; વળી અંબા માતાનું મદીર ને તેની પાસે અજેશૈવ છે. કોટની બહાર કલ્પમહાદેવ છે. વાકેલમાતા, ભદરેશ્વર, દવારકાનાથ ને બ્રહ્મચારજીનાં મંદીરો છે. ઈ. સ. ૧૮૧૯ ની ૧૬મી જુને કચ્છમાં જે મોટો ધરતિકંપ થયો તેનો એક સખત આંચકો અત્રે લાગવાથી અંહીનો કિલ્લો જમીનદોસ્ત થઇ ગયો હતો. તેની ઉપર ગોઠવેલી તોપો દેવાલની ફાટમાં જડી લીધી હોય તેમ તે પેસી ગઇ હતી, અને એ રીતે એક દમામદાર કિલ્લો ત્રણ મીનીટમાં જમીનદોસ્ત થઈ તદન ઉજડ બની ગયો હતો.

અજી.— કાઠીયાવાડમાં આ એક નદી આવેલી છે. ઉત્તર પશ્ચિમ તરફથી વહેતી કચ્છના અખાતમાં મળે છે. એની લંબાઇ ૬૦ માઇલની છે.

અજીજબી—(જુઓ અચુ કાશમ શીરદોશી) શીરદોશીની બેટી.

અજીત મહાલ—ઈટવામાં આવેલું આ એક ગામ છે. અંહી નૉર્થવેસ્ટ પ્રૉવ્હીન્સના લેફ્ટનન્ટ ગવ્હનરનો અમલ છે. ઇટવાની દક્ષિણ પૂર્વે ૨૫ માઇલપર છે.

અજીતસિંહ—આ જોધપૂરના માહારાજાનો જન્મ ઈ. સ. ૧૬૭૮ ના નવેંબર માસમાં થયો. એનો પિતા જસવંતસિંહ પોતાના ત્રણ પુત્રોનાં અકાળ મરણથી અને ઔરંગજેબના દગાથી હેબતાઇ કાબુલમાં મરણ પામ્યો, તે વળા આ બાળકરાજા માતાના ઉદરમાં હતો. રાણી યોગ્ય વખતે પ્રસૂત થઇ અને શકિત આવતાં કાબુલથી મુસાફરી કરી તેઓ દિલ્હી આવ્યાં. ઔરંગજેબે આ બાળક રાજાની માંગણી કરી ત્યારે દુર્ગા નામના તેમના એક નીમકહલાલ નોકરે યુકિતથી એક દાસી તથા ભલતા બાળકને રાણી તથા કુંવર ઠોકી બેસાડી પાદશાહ પાસે મોકલ્યાં. પણ આગમજથી રચી રાખેલા પ્રપંચ મુજબ તેઓએ કુંવરને આપતાં પોતાનો ભાગ ખુબ ભજી બતાવ્યો ને પાછા ફર્યા, પણ રાજાએ કુંવર તથા રાણીને દિલ્હીમાં મોકલવા કહ્યું તેથી રજપૂતોએ તે ખોટા કુંવર તથા રાણીને એક ઘેરમાં બંદ કરી સલગાવી મુકી પોતે લઢી મુવાં. આ તકનો લાભ લઇ રાણી કુંવર સથે જોધપૂર નાહાશી ગઇ. દુર્ગાદાસે લાગ સાંધી જોધપૂર જઇ ઔરંગજેબના લશકર સાંમે યુદ્ધ કરવાની તઇયારીઓ કરી. મોગલો સાથે લઢાઇ થઈ તેમાં મોગલોએ હિંદુઓના દેવસ્થાનો તારાજ કર્યાં તથા જોધપૂરને ઉજડ બનાવ્યું. ૧૭૦૧ માં અજીતસિંહ ઉંમરે આવ્યા પછી દુર્ગાદાસે ઔરંગજેબના શાહજાદા અકબરને પોતાની તરફેણમાં લઈ લઢાઇ ઉઠાવી. આ લઢાઈ ઈ. સ. ૧૭૦૭ માં ઔરંગજેબ મરણ પામ્યો ત્યાં વેર ચાલી. પછી તેઓએ જોધપૂર જીતી લીધું અને તે શિવાય મારવાડના જેજે પરગણા મુસલમાનોએ જીતી લીધાં હતા તે સઘળાં પાછા મેલવ્યાં. તે વખતથી જોધપૂરનું રાજય પોતાની અસલી સ્થીતિપર આવવા લાગું. ત્યાર પછી અજીતસિંહે ઉદેપુરના રાણા અમરસિંહ તથા જયપુરના માહારાજા જયસિંહ સાથે મુસલમાનોના જુલમની સાંમે થવાનો તથા તે ધર્મના કુમારો સાથે લગ્ન નહિ કરવાનો કરાર કર્યો. અજીતસિંહને ૧૭૧૦ માં પાદશાહ સાથે સલ્હા કરવાની ફરજ પડી. ઈ. સ. ૧૭૧૨ માં પાદશાહી ફરમાનથી તે પહાડી લોકોના સરદાર 'નાહાનને' તોફાન કરતો અટકાવી વશ કરી પાછો જોધપૂર ગયો. ૧૭૧૩ માં જાંહાદાર પાદશાહે અજીતસિંહને ગુજરાતની સુબાગીરી આપી, ત્યાં જવાની તે તૈયારીમાં હતો તેટલાં પાદશાહ મૃત્યુ પામ્યો અને દિલ્હીને તખતે ફરૂખશીયર બેઠો તેથી દિલ્હી ૧૭૧૪ માં ગયો. આ વેળા હુસેન તથા અબદલ્લા નામે બે સૈઅદ ભાઇઓને હાથ સઘળી સત્તા હતી, તેમને વશ કરી પોતાને ફાવતી શરતો કરાવી લીધી. ૧૭૧૬ માં અજીતસિં-

હના કુંવર અભયસિંહ ગુજરાત ગયો ને ત્યાંના રાજાઓ પાસે ખંડણીઓ વસુલ કરી જોધપૂર ગયો. ૧૭૧૭ માં અજીતસિંહ દિલ્લી ગયો ત્યાં પાદશાહ તરફથી ૭૦૦૦ સ્વારોનું ઉપરીપણું અને એક કરોડ દામ બક્ષીસ મળીયાં ને તે શિવાય ભારે શીરપાવ મલ્યો. અજીતસિંહે દિલ્લીની ગાદી પર ૭ શાહાજાદાઓને વારા ફરતી બેસાડી ઉઠાડી મેલ્યા હતા અને સેવટે ૧૭૧૯ માં મહમદશાહને ગાદીએ બેસાડયો. વળી ૭' દિવસ સુધી અજીતસિંહની દિલ્લીમાં આણુ વર્તાઇ હતી. મહમદશાહ ગાદીનશીન થયા પછી અજીતસિંહ થોડા વર્ષ દિલ્લીમાં રહી પોતાના કુંવર અભયસિંહને ૫૦૦૦ સ્વારોની સરદારી આપી તેને દિલ્લી રાખી પોતે જોધપૂર ગયો. અજીતસિંહ ભલા દુર્ગાદાસ સાથે બુઢાપામાં સારી રીતે વરત્યો નહિ. દુર્ગાદાસની જાગીર છીનવી લઇ એક ખવાસને તે આપી હતી, પણ દુર્ગાદાસની ભલાઇઓ ઘણી હોવાથી મેવાડના રાણાએ તેને પોતાના આશ્રયમાં રૂ ૧૫૦૦૦ ના દરમાયાએ રાખ્યો હતો. અજીતસિંહનું મરણ ઈ. સ. ૧૭૨૪ માં તેના પુત્ર તખતસિંહના હાથે નીપજ્યું.

અજીતસિંહ—આ રેવાકાંઠાના મહારાજા અબદુલસિંહ પછી ગાદીએ આવ્યા. એના વખતમાં બાજીરાવના પુત્ર સમશેર બાહાદૂરના છોકરા અલી બાહાદુરે આખા બુંદેલ ખંડમાં અમલ કર્યો હતો. પણ અજીતસિંહને તે નહિ પરવડવાથી પોતાના નાયક દશમરાવને રેવા ઉપર મોકલ્યો હતો. આ સમયે અજીતસિંહ ધભરાઇ ગયો, પણ તેના રાણી કુંદન કુંવરબા ઘણા શૂરાં હતાં, તેવણે સઘળા સરદારોને બોલાવી પોતાની રૂબરૂ પ્રતિજ્ઞા લેવડાવી. ૧૭૯૬ ની ૪ થી ડીસેંબરે લઢાઇ થઇ તેમાં દશમંતરાવ માર્યો ગયો અને તેની ફોજની દુરદશા થઇ.

૧૭૮૯ માં અબદુલ બહાદુર લશકર લઇ તેઓ પર ચઢાઈ કરવા આવ્યો ને ખત મોકલી અજીતસિંહને કહેવાડીયું કે નાયકની ફોજની નાળબંદી તથા દર વર્ષે ખંડણી આપવા કબુલ કરો યા લઢવા તૈયાર થાઓ. અજીતસિંહ તરફથી કલંદરસિંહ કરચુલીને અલીબાહાદુરની હજુરમાં મોકલ્યો. તેની વાકચાતૂરી અને રીતભાતથી અલીબાહાદુર ખુશ થયો, અને ખંડણી મોકુફ કરી નાળબંદી લેવાની ખુશી બતલાવી, આ નાળબંદીના રૂપ્યા એક લાખ થતા હતા; એટલા રૂપ્યા અજીતસિંહ પાસે ન હોવાથી કલંદરને ઓળમાં મોકલ્યો ને પછી મંડાના રાજા ઇશ્વરસિંહ પાસેથી લૌંથરનો ઇલાકો ગીરો મુકી એક લાખ રૂપ્યા કઢાવી કલંદરનો છુટકારો કીધો. ૧૮૦૧ માં ઇશ્વરસિંહને રૂપ્યા ભર્યા છતાં લૌંથરનો તેણે કબજો નહિ આપવાથી નટવરમાં લઢાઇ થઇ તેમાં અજીતસિંહ જીત્યો. આ રાજાનું મરણ ઈ. સ. ૧૮૦૯ માં નીપજ્યું.

અજીદહાક—આ બોલ અવસ્તા ભાષાનો છે. જેનો દંખ મારનાર સાંપ એવો અર્થ થાય છે (જુઓ. જોહાક.)

અંજીર—એની મુખ્ય બે જાતો છે. એક સફેદ અને જાંબુડો. આ બીજી જાતના ફળો ઘણા સ્વાદીષ્ટ હોય છે. વર્ષમાં અંજીરનો બે મોસમ આવે છે. એક ઉન્હાળામાં અને બીજી વરસાદમાં, જેમાં ઉન્હાળામાં થતાં અંજીરો ઘણાજ સ્વાદિષ્ટ હોય છે. વરસાદમાં થતા ફીકકા અને સ્વાદ વગરનાં હોય છે. આ ફળોને સુકવી રાખીએ તો તે ઘણા મહિનાઓ વેર રહે છે.

નરમ જમીનમાં અંજીરના ઝાડો ઉગી નીકળે છે. વળી પીળાસ રંગની અને ઉંચી જગ્યામાં પણ ઠીક વધે છે, તોપણ કાળી જમીનમાં ઘણા જોરથી વધી એના વૃક્ષો મોટાં થઈ પાતરાં પણ ઘણા મોટાં થાય છે; આ ઝાડોની રોપણી વર્ષાદની શુરૂઆતમાં થવી જોઇએ. એ ઝાડ ઠીક વધ્યા પછી વીસ વર્ષ સુધી તે ચાલુ ફળો આપ્યા કરે છે. એમાં ૧૨ વર્ષો સુધી તો ઘણાંજ સ્વાદદાર ફળો આવે છે. અંજીરના ઝાડોને

માફકસરતું પાણી સીંપવું જોઇએ. કેટલાક લોકોનું કેહેવું એવું છે કે, અંજીરના ઝાડપર ફુલો આવતાં નથી પણ ચોકસ નજરથી ખોળ કરતાં એક ફરતાં વધુ ફુલો જણાઇ આવશે. અંજીરમાંથી એકજ ચોકસ બીજ નીકળે છે, તે જો સારી જમીનમાં જતનથી વાવી ઉછેર્યું હોય તો તે એક સારૂં ઝાડ થાય છે. અંજીરમાં પીત્તશામક ને રકત વૃધી કરવાની શકિત હોય છે, એટલે અશકત લોકો એને સહવારમાં ખાય છે, થડીની રૂતૂમાં હોઠ અને જીભ ફાટે છે, ત્યારે કેટલાક લોકો તેની પર અંજીરના પાંદડાની રાખ મસળેછે.

અજીરણ—ખાણુ ખાધા પછી જે હજમ થતું નથી તેને અજીરણ કહે છે. એ રોગ ઘણા પ્રકારના હોય છે. ૧–ખાણુ ખાધા પછી પેટ ફુગીને માથું દુઃખે. ૨–છાતી ઉપર ખાતી વેળા અટકાર આવે. ૩–પેટમાં વાયૂ પેદા થઇ બાદી થાય. ૪—પેટમાં દુઃખે વગેરે.

આ રોગ ઘણા કારણોથી થાય છે. નબળાઇ, કમ મેહેનત, ગલીચ રહેવું, ઉદાસી, ઘણું ખાવું, ચાવીયા વગર ઝડપથી ગળી જવું, ઘણું ઉનું પીવું, સકારૂં અથવા અવારૂં ખાવું, વધારે દારૂ પીવો, તમાખુ અને અફીણ ખાવું વગેરે. અજીરણ થયું હોય તો નીચલા એલાજો યા ડૉકટરની સલ્હા લઈ તેનો ઉપાય કરવો.

લાઈમ વૉટર ૪ આઉસ, લાઇકર પોટાશ ૨ ડ્રામ, એનો છઠ્ઠો ભાગ દાહાડામાં ત્રણ વખત પાવો. (૨) કૅલસાઇન્ડ મેગનિશીયા ૩૦ ગ્રેન, એસેન્સ ઑવ પેપરમીંત ૧૫ ટીપાં, સ્પીરીત આવ લવંદર ૧ ચમચી, એ ત્રણેને ગરમ પાણીમાં મેળવીને પાવું. (૩) બ્રાન્ડી બીટર એક ચમચો લઇ નવટાંક ચંડા પાણીમાં રોજ સહવારના ખાવું. (૪) જીભ લાલ થઇ હોય અને હોજરીમાં અગન બળે ત્યારે ખાધાની અગાઉ અને દિવસમાં ચાર વેળા. એક ચમચી આરસેનીક મિક્ષ ચરની લેવી. (૫) ખાધાંની અડધો કલાક અગાઉ ૧૫ ગ્રેન્સ બાઈકારબોનેટ ઑવ સોડા પાણીમાં પીવું, (૬) ખાધા પછી પચે નહીં, ભુખ ઓછી લાગે, નબળાઇ થાય, ઝાડો કબજ રહે અને પેટમાં વા થાય તો, જમીને અડધા કલાક પછી જેન્સયન અને સોડા મીક્ષ્ચરનાં બબે ચમચા પીવા. (૭) ૩૦ ગ્રેન્સ પીપલ, ૧૫ ગ્રેન્સ હીંગ, ૮ ગ્રેન્સ સુંઠ, ૨ ડ્રામ્સ હીમજ અને એક ડ્રામ હરડે લઇ તેનો બારીક ભૂકો કરી સારી પેઠે એક બીજાને સાથે એક રસ કરી તેમાંથી ૧૫ ગ્રેન્સ જેટલો લઇ દાહાડામાં ત્રણ વાર ફાંકવો. (૮) થોડી મધમાં ૨ ડ્રામ્સ અજમો, ૨ ડ્રામ્સ સુકો ફુદનો અને દોઢ ડ્રામ્સ બાદીયાનને મેળવીને તેની ગોળીઓ બનાવવી; એકેક ગોળી દર ત્રણ કલાકે પાણી સાથે ગળવી. (૯) અજીરણથી ઝાડો ઘણો થતો હોય તો ૧૦ આઉંસ પાણીમાં ૮ ડ્રામ્સ પતંગના લાકડાંનો ભૂકો અને એક ડ્રામ્સ તજનાં ભુંકાને નાખી કલાકેક સુધી તે ઉકાળવું. પછી, થંડુ પડે તેને ગાળી કાઢી તેમાંથી આસરે દોઢ આંઉંસ મોટી ઉમરના શખસને દાહાડામાં ચાર વાર પાવું અને બચ્ચાંને દોઢ ચમચી ભરી દાહાડામાં એજ વાર પાવું.

અજીરણ ઘોડાનું—ઘોડો ઘણો ખોરાક ખાવા માગે છે. કોઇ કોઇ વેળા તે ભીત ચાટવા માંડે છે, અથવા તો મટોડુ ખાય છે. મોહમાંથી ખાટી દુરગંધ નીકળે છે. ઘોડો વધારે અને વધારે નખાતો જાય છે, અને ઝાડો ત્રણ ચાર દિવસ એકદમ છુટી જાય છે, અથવા તો બંધાઇ જાય છે. એનો ઉપાય એ કે ખોરાક સાથે દર વખતે બબે આઉંસ નીમક એક રસ કરવું. પાંચ પાંચ દિવસે એક પેંત અળસીનું તેલ પાવું. જો નબળાઈ ઘણી થાય તો એક પેંત પાણીમાં ચાર આંઉસ રમ યા બેવડો, યા ફેનીદાર તથા બે ડ્રામ્સ કરીયાતાનો ભૂકો મેળવી દવા પાવી.' P.

અજીસ્તાન—ઇરાનમાં ઇરાક અજમીને લગતું આ એક પરગણું છે. દાડમનાં ઝાડો અત્રે

એટલા બધાં ઉગેછે કે તેનાં ત્યાં મોટાં મોટાં જંગલો થઇ પડયાં છે. શાહાજાદાંઓ અવારનવાર ત્યાં મોજ થકી ઉતરી પડેછે.

અજીહો—મંચુરીઆની હદમાં ચીનની શાહાનશાહતમાં આ નવું શેહેર વસાવવામાં આવ્યું છે. સોનગારીના પશ્ચિમે ૭૫ માઇલ પર, અને કીરીનની ઉત્તરે ૧૨૦ માઇલપર તે આવેલું છે. ચીનાઈ ગણત્રી મુજબ ત્યાંની વસ્તી ૧,૦૦૦૦૦ નીછે.

અજેકસ—ગ્રીકમાં આ નામના બે પેહેલવાનો ટ્રોજનની લઢાઈમાં વખણાઇ ગયાંછે. એક અજેકસ મોટો અને બીજો નાહનો. વડો અજેકસ સાલામીસાનો રાજા ટીલીમોનનો બેટો હતો. હોમરની ઇલીયડમાં આ બેઉ જાણીતા પેહેલવાનોને ચીતાર્યા છે. એકે લીજના જેવો બાહાદુર અને શૂરો. હોમરે વડા અજેકસને ચીતાર્યોછે. ટ્રૉય લીધા પછી બીજો નાનો અજેકસ કોઈ નાઈટમાંનો થયો હતો.

અજેમાળ—સોલંકી વંશના મહિપાળનો પુત્ર. એ ઈ. સ. ૧૧૭૪ માં કાકા પછી ગાદીએ બેઠો. એ શૈવ પંથી હોવાથી માજી શ્રાવક રાજપતિઓએ બાંધેલાં દેવમંદીરોનો એણે નાશ કરી શ્રાવકોને બહુ પિડયા. ૧૧૭૭ માં કોઇ સીપાઈએ એનું રાત્રે ખુન કીધું. એની પટરાણી નાયક દેવીનો કુંવર મૂળરાજ આ વેળા બાળક હોવાથી તેના તરફથી નાયક દેવીએ રાજ્ય કારોબાર પોતે ચલાવવા માંડયો હતો.

અજૈગઢ—એની ઉત્તરે ખારીનું રાજ્ય અને બુંદા પ્રગણું, દક્ષિણે અને પૂર્વે પન્નાનું રાજ્ય ને પશ્ચિમે છત્તરપુરનું રાજ્ય આવેલું છે. એનો વિસ્તાર ૩૪૭ ચોરસ માઇલનો છે. તેમાં વસ્તી આસરે ૧૫૦૦૦ માણસોની છે. વાર્ષીક ઉપજ બે લાખની છે. જમીન સાધારણ છે. નદીને કીનારે નદીથી અને બાકીનાં ભાગમાં કુવાના પાણીથી અંહીના લોકો ખેતી કરેછે; આથી સાધારણ ઉપજ ઉપજે છે. મુખતેકરી ગંહુ, જુવાર, બાજરી તલ, અળશી, શેરડી, કપાસ, તંબાકુ અને તમામ જાતના કઠોળ થાય છે. વસ્તી ઘણુ કરીને બુંદેલા રજપુત, આહીર, ચંદેલી, ધંદેલી, મરેઠા અને ગુજ્જર લોકોનીછે. મુસલમાનોની વસ્તી જુજ છે. ભાષા બુંદેલખંડી છે. આ રાજ્યમાં યુદ્ધ સામગ્રી ૧૫૦ સવારો, ૨૧૦૦ પાયદળ, ૧૯ તોપો અને ૫૦ ગોલંદાજો છે.

અજૈગઢના રાજવંશીઓ બુંદેલા જાતના રજપુતો છે અને તે માહારાજા કહેવાય છે. માહારાજા રણજોરસિંહ ઇ. સ. ૧૮૫૫ માં ગાદીએ બેઠા. આ માહારાજા ગાદીએ બેઠા ત્યારે તદન બાળ અવસ્તામાં હતા. રાજ કારોબારનો અનૂભવ નહિ હોવાથી તે વેળા અજૈગઢના રાજ્યનો વહીવટ ઇંગ્રેજ સરકારે રીજન્સી કૌન્સીલ નેમી તેને સોંપ્યો. ઇ. સ. ૧૮૬૮ માં લાયક ઉમરના થયાથી આ રાજાએ અખ્તીકાર લીધો. ઇ. સ. ૧૮૭૭ ના જાન્યુઆરીની ૧ લી તારીખે દિલ્લીની દરબારમાં લૉર્ડ લીટને મોટી દરબાર ભરી, દરબાર વચે એમને સવાઇનો ખેતાબ અને પાદશાહી વાવટો બખસ્યો.

અજોધ્યાનાથ પંડીત—(જુઓ અયોધ્યા નાથ.)

અઝાની—એશિયા માઇનરમાંનુ આ એક પુરાતન શેહેર છે. અર્વાચીન 'સ્કાફટ રહીસાર, છે. અહીં જુપીટરનું એક જોવાલાયક દેહેરૂં છે. તે શિવાય નાટકશાળાઓ તથા બીજી જાહેર ઇમારતો ઘણી છે.

અઝામોર—મોરક્કોનું આ કિલ્લેબંદીવાળું શેહેર છે, કે જે મોરક્કોની ઉત્તર પશ્ચિમે ૧૨૨ માઇલપર, મારબીયા નદીના મુખ પાસે અટલાનટીકપર આવેલું છે. વસ્તી ૨૦૦૦ ની છે.

અઝી—જરથોસ્તી એતેકાદ મુજબ એક બુરો દેવ કે, જે હમેશાં આતશ બુજાવવા તલપી રહે છે.

અઝીઝબિલ્લા—સિયા ઇમામી ઈસમાઇલી શાખાનો આ પાદશાહ હી. સ. ૩૬૫ માં પોતાના બાપ મુઈઝીદીનઅલ્લાની ગાદી ઉપર બેઠો. આ પાદશાહ તખતનશીન થયો તે વેળા રાજ્ય ભિષેક કરનાર એના વડવામાં કાકા હૈદર, તેના બાપના કાકા અબુલ્લ ફીરાક અને તેના દાદાનો કાકો પણ હતો; એવો દાખલો હારૂન અલ રશીદ શિવાય બીજે કેયે બન્યો નથી.

અઝીઝબિલ્લા સ્વભાવે નરમ અને ખુશ મિજાજી હતો. તેણે બયતોનો એક એવો 'મુતબો' બનાવ્યો હતો કે તે સાંભળતાં આંખમાંથી આંસુ ટપકતા. અઝીઝબિલ્લાએ આથમણ, શામ અને હીબજના મુલ્કો તાબે કીધાં. એની કારકિર્દીમાં અલગીજ બગદાદથી શામદ તરફ લશકર લઇ આવ્યો, અને હસન ઇબ્ને મહમદ કીરમતી સાથે મળી અઝીઝની સામે થયો; પણ અઝીઝ સામે આવતાં તેના વાવટા ઉપર જ્યારે નજર પડી ત્યારે તેના મનમાં બિહીક અને દહેશતની અસર થઇ. તે ઘોડા પરથી ઉતરી પડ્યો અને પ્યાદો ચાલી અઝીઝના ઘોડાની રેકાબોને બોસે દીધો. અઝીઝે તેનો ગુન્હા માફ કીધો અને તેનાં સાથીઓને ખેલાને બક્ષી. અઝીઝે શામની હકુમત મનસા યહુદીનને અને મીસરની હકુમત ઇસા નસરાનીને સોંપી હતી. એ લોકો મુસલમાન લોકો ઉપર ઘણો જુલમ કરતા હતા. આ ખલીફાએ અદલપણે ૨૧ વર્ષ રાજ્યપદ ભોગવી હીજરી સન ૩૮૫ માં મરણ પામ્યો.

અઝીપૂર—સીંધમાં આ ગામ આવેલું છે. જે સબઝલપૂરથી શીકારપુરનાં માર્ગમાં છે. શિકારપૂરની દક્ષિણ પશ્ચિમે ૧૨ માઈલપર ઈંડસના કીનારાપર છે.

અઝીમગઢ—વાયવ્ય પ્રાંતમાં આવેલું આ શેહેર ઔદના રાજ્યની સીમાથી ઉત્તર પશ્ચિમે ઘેરાયલું છે. ઉત્તરે ગોરખપુરનું ઈંગ્રેજ રાજ્ય, ઉત્તર દક્ષિણે સારૂન, દક્ષિણ પૂર્વે ગાઝીપૂર અને દક્ષિણ પશ્ચિમે જેહાન પુર છે. એનું ક્ષેત્રફળ ૨૫૨૦ ચોરસ માઇલ છે. મુખ્ય નદી ઘોઘરા છે. વસ્તી ૧૭૦૦૦૦૦ સુમારેની છે. પેહેલાં અહીં રજપુતોનું રાજ્ય હતું અને તે કનોજના રાજાના તાબાંમાં હતું. મહમદ ઘોરીએ ઈ. સ. ૧૧૯૪ માં જાવ્હાચંદ્રનો પરાજય કર્યો. ઈ. સ. ૧૫૨૮ માં બાબરનું ત્યાં રાજ્ય હતું. ત્યાર પછી શેના વંશજોએ ત્યાં રાજ્ય ચલાવ્યું હતું. ૧૮૦૧ માં ૧૦ મી નવેંબરે કોલકરારવેળા નવાબ વઝીર સાદતઅલીએ ઇસ્ટ ઇંડીયાના સ્વાધીન કીધું.

અઝીમાબાદ—સરહિંદમાં કુરનાલાથી તે લુધીયાનાની વચમાં. કુરનાલાની ઉત્તર પશ્ચિમે ૯ માઇલપર છે. આ શેહેર જમીનથી સાધારણ ઉંચાઇએ આવેલું હોવાથી સુંદર છે. એની આસપાસ દેવાલ બાંધી લીધેલી છે. હાલમાં આ દેવાલ મિસમાર હાલતમાં છતાં તેના મોરચા જેવાને તેવાં કાયમ રહેલાં છે. એની ઉતરે એક સુંદર અને ભવ્ય ધર્મશાળા આવેલી છે.

અઝુમપુર—બીજનોરમાં આવેલું ગામ. નૉર્થ-વેસ્ત પ્રૉવ્હીન્સનાં ગવરનરની ત્યાં સત્તા છે. કલકત્તાની ઉત્તર પશ્ચિમે ૮૯૦ માઇલપર ને મીરતની પૂર્વે ૨૮ માઇલપર છે.

અઝોટસ—આ પેલેસ્ટાઇનનું કદીમ શેહેર હાલમાં તદન નાશ પામેલી હાલતમાં હોવાથી તે એક ગાંમડાં જેવું દીસે છે. અગાઉ આ ગાંમડું પેલેસ્ટાઇનના પાંચ મુખ્ય શેહેરોમાંનું એક હતું, તથા ખ્રીસ્તીઓનાં ધર્મનું મુખ્ય મથક હતું.

અટક—(જુવો ઇંડસ નદી)

અટટા—આ બુંદેલખંડમાં આવેલું એક ગામડું છે. કાલ્પી અને ઝાંન્સીની દક્ષિણ પશ્ચિમે ૧૧ માઇલપર આવેલું છે.

અટપારી—સતારા જીલ્લામાં આ ગામડું છે. સતારાની દક્ષિણ પૂર્વે ૭૫ માઇલપર અને સોલાપુરની દક્ષિણ પશ્ચિમે ૬૫ માઇલપર છે.

અટર્સનપીટર્સ—એની અટક તેની ઉંચાઇ ઉપરથી 'લૅંગો' પડી હતી; એનો જનમ અમસ્ટરડૅમ ખાતે ઇ. સ. ૧૫૧૯ માં થયો

હતો. એનો બાપ મોજાં ગુથનારનો ધંધો કરતો હતો અને એ પણ એજ ધંધામાં પડયો હતો. પાછલથી એણે પોતાનો શોખ ચિત્રકળા ઉપર બતલાવ્યાથી એનો કુદરતી શોખ વધારવા માટે એની માતાએ એને ઉત્તેજન આપ્યું. એણે પેહેલું ચિત્ર બે ચોરોને રીબાવી મારવાનું પાડ્યું હતું, કે જે ઘણું વખણાયું હતું. તે ત્યાર પછી એક ફતેમંદ ચિતારો નીવડી યૂરોપમાં પ્રસિધ્ધ થઇ ગયો હતો. મરણ ઇ. સ. ૧૫૮૪ માં નીપજ્યું.

અટરાટો—દક્ષિણ અમેરિકાના કિનારાપર કોલંબિયામાં આ નદી આવેલી છે. આ નદી ૨૫૦ માઇલની લંબાઇનો માર્ગ કાપી ડારીનાના આખાતમાં મળે છે. ૧૪૦ માઇલ વેરની નદી વાહાણોના આવજાવ લાયકની છે.

અટરાન—આ સાંકડી ને ઉંડી નદી બ્રિટીશ બરમાનાં અમહર્સટમાં આવી છે. આ નદી સાલબીન નદીને મોલમીન પાસે મળે છે. એના કિનારાપર અનેક ગરમ પાણીનાં ઝરાઓ આવેલાં છે.

અટરી—બંગાલ ઇલાકામાં દીનાજીપુરમાંથી આ નદી વહે છે. એનું મૂખ નેપાલના પર્વતમાં છે. એનું બીજું નામ 'હીસટા' છે, આ નદી દક્ષિણ તરફથી સો માઇલ સુધી વહે છે.

અટરૂશ—(જુઓ અરરુશ)

અટલાનટીક ન્યૂ જર્સી—પૂર્વ દક્ષિણે આવેલો આ એક દેશ છે, એનું ક્ષેત્રફળ ૬૪૦ ચોરસ માઇલનું છે. વસ્તી ૮૯૬૧ ની છે. જમીન સપાટ, અને ફળદ્રુપ છે, કિનારો રેતાળ છે.

અટલાનટીક મહાસાગર—આ મહાસાગર યૂરોપ અને આફ્રિકા વચ્ચે આવેલો છે. તેમજ ઉત્તર અને દક્ષિણ અમેરિકા ખંડની વચમાં પણ ફેલાયલો છે. મધ્યરેખા પ્રમાણે આ સમુદ્રના બે ભાગ ઉત્તર અને દક્ષિણ અટલાનટીકમાંથી થાય છે. એમ ધારવામાં આવે છે કે આ મહાસાગર આરટીકથી તે 'એન્ટાર્ટીક' સમુદ્રવેર ફેલાયલો છે. અથવા તો ધ્રૂવથી ધ્રૂવવેર ફેલાયલો છે. એની જે ગણત્રી ઉત્તર આઇલ સરહદથી તે દક્ષિણ સુધીની કરવામાં આવી છે તે પ્રમાણે પોહળાઈ ૨૭૦૦ માઇલની છે, એનું ચોરસ ક્ષેત્રફળ ૨૫૦,૦૦,૦૦૦ નું છે, આ સમુદ્રની ઉંડાઇ (વેસ્ટ ઇંડીજમાં સેન્ટ થૉમસથી ૯૦ માઇલ સુધી) ૨૩૨૫૦ ફીટની ગણાઇ છે. એનો સૌથી ઉંડો ભાગ ઉત્તર તરફનો છે. દુન્યામાં અટલાનટીક માહાસાગર ઘણોજ તુફાંની ગણાય છે. અટલાનટીકનો કિનારો સુમારે ૫૦,૮૦૦ માઇલનો છે.

અટાકામા—આ સપાટ પ્રદેશ દક્ષિણ અમેરિકાનાં પશ્ચિમ કીનારાપર આવેલો છે. આ દેશનો અર્ધો ભાગ બોલિવ્હીયા અને બીજો ભાગ ચલ્લીને તાબે છે. અહીં વરસાદ નહિ પડતો હોવાથી તે તદન વેરાન સ્થિતિમાં છે. અહીં, ત્રાંબા તથા રૂપાની અનેક ખાણો મળી આવે છે; તે શિવાય બીજી ધાતુઓ સુન્નાસાથે મિશ્ર થએલી મળે છે. આ દેશનું ક્ષેત્રફળ ૧૧૧૦૦૦ ચોરસ માઇલ છે. અહીંની વસ્તી ૧૮૮૨ ની ગણત્રી મુજબ ૮૨૦૦૦ ની ગણાઇ હતી.

અટીકા—આગલા ગ્રીક રાજ્યનો એ એક ઘણો પ્રખ્યાત ભાગ હતો, તથા એનું મુખ્ય શેહેર એથેન્સ ગણાતું હતું. ઇ. સ. ૧૮૭૯ માં અહીંની વસ્તી ૧૮૪,૩૬૪ ની હતી,

અટુક—ભાવલપૂરના દેશી રાજ્યમાંનું એ એક ગામડું છે. ભાવલપૂરની પશ્ચિમે ૨૮ માઇલપર છે.

અડગરી—એનો ઇલાજ સેહેલ છે. સાકરને સરકામાં પીગળાવીને તે પાવાથી તુરતજ તે નરમ પડી જાય છે. (૨) થોડો અજમો, જીરૂં, પીંપલ, હીંગ, સુંઠ અને ફુદનો લઈ પાણીમાં ઉકાળી થોડું થોડું પીવાથી હેડકી યા અડગરી બંદ પડે છે.

અડદ—હિંદુસ્તાનમાં ઉત્પન્ન થતું આ ધાન્ય છે. એનાં ઝાડ એક હાથ ઉંચા હોય છે. [illegible] ના પાંદડા બેલના પ[illegible] જે [illegible] પણ નાહન અને ગોળ હોય છે. એની ડાખલી ઉપર શીંગો આવી

ફુલો આવવા માંડે છે. સીંગો જુની થયા પછી એ ઝાડો કાઢી સુકવવા નાખે છે. પછી બધા દાણાઓ સુકાયા પછી એખટા કરવામાં આવે છે. અડદનો રંગ કાળો પણ તેની દાળ ધોળી હોય છે. કારણકે ઉપરની છાલ માત્ર કાળી હોય છે. અડદ ઘણા પૌષ્ટીક હોવાથી તેનાં તહેવાર પકવાનો બનાવવામાં આવે છે. અડદ ઢોરને ખવડાવવાથી તે પુષ્ટ થાય છે. સીંગમાંથી દાણા કાઢી લીધા પછી ઝાડનો અને ડાખળીનો ભૂકો ઢોરો ઘણી હોંસથી ખાય છે. ગાયને ખવડાવવાથી તે ઘણું દુધ આપે છે.

અડદીયો વા—(આદીતવાયૂ) એના ચિન્હો—એક બાજુનો ચેહેરો રહી જાય છે. જે બાજુનો ચેહેરો રહી જાય છે તેની તથા ચેહેરાની સામી બાજુની વચે જોતાંજ તફાવત માલમ પડી આવે છે. ગાલ ઢીલા લાગે છે, મોઢાંનો ખુણો નીચો લાગે છે, મોઢું સામી બાજુ તરફ ખેંચાયલું લાગે છે, આંખની ઉપલી પાપણ પુરી મીચાતી નથી, તેથી આંખમાં પાણી આવે છે. મોઢાના ખુણામાંથી ઓજ વહી જાય છે, અને વખતે પાણી પીતાં પણ નીકળી જાય છે. હસતાં, ફુકતાં, તથા ગુસ્સે થતાં જે સામી બાજુનો ચેહેરો દેખાવ આપે છે તેવો કાંઇ પણ દેખાવ રોગી બાજુ પર જણાતો નથી. કપાળ ઉપર કરચળી પડતી નથી, નસકોરૂં ફુલાતું નથી, તથા જીભ બહાર કાઢે તો રોગવાળી બાજુ તરફ તે વાંકી વળેલી લાગે છે. આ રોગે ઘણું કરી સ્પર્શજ્ઞાનમાં ફેરફાર થતો નથી. કારણ-તે કેટલીક વાર મગજના દરદમાં પક્ષાઘતની સાથે અડદીયોવા થાય છે, પણ ઘણીવાર તે એકલોજ દેખાવ આપે છે. થંડીને લીધે અને ઉઘાડો રાતનો પવન ખાવાથી ઘણી વાર આ રોગ થઇ આવે છે. કાન માહેલા દરદને લીધે પણ આ રોગ થાય છે. કેટલીક વાર પડેલા દાંતને લીધે, અને કાનની આસપાસ ગાંઠને લીધે પણ આ રોગ થઇ આવે છે આ કારણથી ચહેરાના ગતી તંતૂને દુઃખ પોંહચે છે અને તેથી આ રોગ થાય છે. ઇલાજ આ રોગ ઘણી વેળા થોડા દીવસ અગર અઠવાડીયામાં મટી જાય છે. પણ જો નહિ મટે તો તેનાથી શરીરને કોઈ પ્રકારની હાની અથવા જોખમ નથી. જો કોઇ કારણ, જેમકે કાનનું દરદ, દાંતનું દરદ, માલમ પડી આવે, તો તેનો ઇલાજ કરવો. એકાએક થઇ આવે ત્યારે પ્રથમ એક જુલાબ આપવો. પછી આયોડાઇડ ઑફ પોટાશીયમ શરૂ કરવું. ચેહેરા ઉપર સેક કરવો, અગર કોઇ તેલ ચોપડવું. થોડા દિવસમાં કાંઇ ફાયદો માલમ નહિ પડે તો વીજળી લગાડવી. દેશી વૈદો આ દરદ ઉપર અડદના વડાં ખાવાની ભલામણ કરે છે. તે શિવાય 'રાસ્ના' તથા 'ગુગળ' વાલી દવા આપે છે.

અડાનો—એ દીપક રાગનો પુત્ર ગણાય છે. એમાં મુખ્ય સૂર ષડજ છે. બાદી પંચમ, સમબાદી મધ્યમ, અમબાદી ષડ્જ ને સંપૂરણ છે. એના ખાસ સ્વરો सा प नी म ध ग रे એ સ્વરો છે. ષડજ પંચમ, મધ્યમ શુદ્ધ, રૂષભ ધૈવત, તીવ્ર, ગંધાર નીખાદ સકારી. આ રાગ ગાવાનો વખત મધરાતનો ઠેરવેલો છે. મોસમ ગ્રિષ્મ ઋતૂની છે. એની તાસીર શ્રેષ્ટ છે. અડાના કાહાનડાની જાતો ૧૨ છે. તેનાં સૂરો.

सा	रे	ग	म	प	ध	नी
।	।	।	।	।	।	।
શુદ્ધ	તીવ્ર	કોમળ	કોમળ	શુદ્ધ	તીવ્ર	તીવ્ર

અડાસ—આણંદ તથા મહી એ એની વચમાં ખેડા જીલ્લામાં અડાસ નામના મેદાનમાં ત્રણ મોટી લડાઇઓ થઇ હતી. એક ઇ. સ. ૧૭૨૪ માં સૂરતનાં પાદશાહી હાકેમ રૂસતમ અલીને પીલાજી ગાયકવાડના દગાથી નીઝામ ઉલમુલ્કના ડેપ્યુટી હમીદખાને હરાવી મારી નાખ્યો હતો. બીજી ઇ. સ. ૧૭૭૫ નાં ફેબ્રુઆરી માસમાં રઘુનાથ રાવ પેશવાને ફતેહસીંગ ગાયકવાડે હરાવ્યો હતો. ઇ. સ. ૧૭૭૭ ના મે માસમાં થએલી ત્રીજી

લડાઇમાં ફ્રેંન્સીગની ફોજને બ્રીટીશ ફોજની કર્નલ ક્લિઝીજની ટુકડીએ હરાવી હતી.

અડીલ છંદ—આ છંદ સોળ માત્રાનો બને છે, ને તેમાં ૪ તાલ આવે છે.

માણસ માણસનેંજ વધારે,
દુખ દે આપણું માહાતમ ધારે;
શકરો પંખી પંખીને મારે;
કેદી નહિ અહીંનં સંહારે.
ક૦ હીરાચંદ.

અઢી માસી—એનાં ફુલોનો બહાર ૧૦ અઠવાડીયાં વેર રેહેતો હોવાથી તેને અઢીમાસીના નામે ઓળખવામાં આવે છે. એના ફુલો રંગબેરંગી હોય છે. એનાં ઝાડ ૬ થી ૧૫ ઇંચ વધે છે. એનાં બીજ કુંડામાં થંડી રતુમાં રોપવામાં આવે છે. એની ઉપર દરરોજ પાણી સીપવું પડે છે. તે શિવાય કલમો લગાડવાથી પણ ઝાડ ઉગે છે. એની એકજ જાત બે વર્ષ સુધી જીવી શકનારી હોય છે. તેનાં ફુલો ઘણાં સુંદર હોય છે.

અણહલ—આ શૂરવીર રજપુતને મહાન વશિષ્ટ મુનીએ મલેચ્છોના ઉપદ્રવથી દુન્યાનો છુટકારો કરવા થકી, આબુ પર્વત પર અગ્નિકુંડમાંથી શકિત વડે પેદા કીધો. એણે મલેચ્છોનો ઉપદ્રવ મટાડી એક શૂરવીર રજપુત વંશ સ્થાપન કર્યો. એ વંશના હાલમાં ઉદેપૂરના રાજકર્તા રાણા છે.

અણહીલપૂર—હાલમાં પાટણ અથવા કડી પટ્ટણનાં નામે આ પ્રાચિન શેહેર ગાયકવાડના દેશી રાજ્યના તાબે છે. આ પ્રાચિન ઇતિહાસ પ્રસિદ્ધ શેહેરને વનરાજ ચાવડાએ ઇ. સ. ૭૪૫ માં બાંધી, ૭૪૬ મ. રાજધાની શેહેર કર્યું. એ રાજ્યની પૂર્ણ કળા સિદ્ધરાજ જયસિંહના વખતમાં પ્રકાશી હતી. તે વખતે પાટણનો ઘેરાવો ૧૨ કોશનો હતો; તેનાં ઘણાએક દેવાલય તથા વિદ્યાશાળાઓ હતી, ચોરાશી ચકલા, ચોરાશી ચૌટા, અને તેમાં સોનાના તથા રૂપાનાં સિક્કા પાડવાંની ટંકશાળ હતી. તે વખતે દરરોજ એક લાખ તનખા વસુલ ઉપજતી હતી. ત્યાં ઘણાએક જૈન ધર્મના દેહેરાં હતા, અને એક તળાવને કાંઠે સહસ્ત્ર લીંગ મહાદેવનું દેવાલય હતું: તે વેળા ત્યાંની વસ્તી લાખોથી ગણાતી હતી, ઇ. સ. ૧૨૯૬ પછી આ રાજ્યની પડતી દશા શરૂ થઇ.

છેલ્લા રાજા કરણ ઘેલાએ માધવ નામના પોતાના મુખ્ય વજીરની રૂપસુંદરી નાંમની અતી સ્વરૂપવાન બાયડીને હરણ કરી, તેના કેશવ નામના ભાઇને કતલ કીધો, એના વેરમાં માધવે દિલ્લીના પાદશાહ અલાઉદીનની સાહ્યતાથી કરણઘેલાપર ચઢાઇ કરી અણહીલપૂરનો નાશ ઇ. સ. ૧૨૯૭-૯૮ માં કર્યો. અલાઉદીને ઘણાએક મંદીરો તથા સુંદર મકાનોનો નાશ કીધો અને એ રીતે પાટણ (અણહીલપૂર) ની દુરદશા થઇ. ઇ. સ. ૧૭૬૮ માં દામાજીએ મુસલમાન પાસેથી તે જીતી લીધું; આ વખતથી અણહીલપૂર ગાયકવાડના દેશી રાજ્યને તાબે રહ્યું છે. હાલમાં વસ્તી ૩૨,૮૧૨ ની છે. જોવા લાયક જગાઓમાં હિંદુઓનું પંચાસર પારસનાથનું, માહાવીર સ્વામીનું, નેમેશ્વરનું, શાંતીનાથનું, ગૌતમ સ્વામીનું, વગેરે જૈન મંદીરો છે. ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી રાણીની વાવ, (એ હાલમાં ઘણી ખરી ભાગી તુટી હાલતમાં છે) કાળીકા માતાનું દેહેરું, સિધ્ધ રાજનું બંધાવેલું સહસ્ત્રલીંગનું તળાવ, (છિન્ન હાલતમાં) મુસલમાનોની મસજીદો, તથા ગેબનશાહ, પીર સુલતાન-દાઉદ, મીર ખુતમશાહ વગેરેની દરગાઓ ને પ્રાચિન શેહેરનો થોડોક ઓસાડ ભાગ વગેરે જોવા લાયક છે. હાલના જોવાલાયક મકાનોમાં ભદ્રમાંનો સરકારી વાડો, ઇસ્પીતાલ, કાઝીખાન, કાઝીદો સાર્મીયાં, જલાલુદીન ઇસાક, મહમદ સોદાગર, ફતેહખાન જમાદાર, ગન્વરબ સુલતાન એમની હવેલીઓ વગેરે. અત્રેના ચપ્પૂ તથા માટીના વાસણો (કુજા વગેરે) ઘણાં વખણાય છે.

અત્તર—હિંદુસ્થાન મધે ગાઝીપુરમાં અને તેના આસેપાસેના ગામોમાં અત્તર બનાવવામાં

આવે છે. અહીં તેના ઘણાએક કારખાનાએ કાઢવામાં આવ્યાં છે. અત્તર દરેક જાતના સુગંધી ફુલોનું તથા સૂખડનું બને છે. ગાઝીપૂરમાં ગુલાબના મોટાં જંગલોનાં જંગલો છે કે, જેથી ત્યાં ગુલાબની ઋતુમાં ગુલાબનું અત્તર બનવવાનું કામ મોટા પાયા પર ચાલે છે. ૨૦૦૦,૦૦૦ ગુલાબના ફુલોમાંથી ૧૮૦ ગ્રેન અત્તર નીકળે છે. અત્તર જૂદી જૂદી રીતે બનાવવામાં આવે છે.

(૧) **ગુલાબનું અત્તર** બનાવવાની રીત–સારા ગુલાબના મોટાં ફુલો એક બરણીમાં ભરી તે ઢંકાય તેટલું પાણી તેમાં રેડવું, પછી તે વાસણને થોડા દિવસ તડકામાં મુકવું. એક અઠવાડીયા પછી તેલ પાણીની સપાટી ઉપર તરી આવશે એટલે તે તેલને રૂ વડે પાણી ઉપરથી ઉંચકી લઇ તે રૂને કાચની બાટલીમાં નીચોવવું. **અંબરનું અત્તર**—ચાર દ્રામ અમ્બરને બારીક કાપી એક પાઇન્ટ દારૂમાં નાખવો. બાદ બાટલીને મજબુત બુચ મારવો. દોઢ મહિના સુધી બાટલીને તડકામાં રાખી હમેશ હલાવવી, પછી તેને ગાળીને બીજી બાટલીમાં નામી મજબુત બુચ મારવો. **ચંદનનું અત્તર**—મલબારી ચંદનના ઝીણા કટકા કરી તેને થોડા દાહાડા પાણીમાં પલાળી રાખી તેજ પાણી સાથે ઉકાળવા, અને સારી રીતે ઉકળે એટલે નીચે ઉતારી લઇ તેની ઉપર જે તેલ તરી આવે તેને સંભાળીને નીતારી લેવું.

કેવડાનું અત્તર—સુખડના તેલમાં સારા સુગંધી કેવડાને બોળી રાખી તેમાંથી કેવડાના જેવો વાસ નીકળે એવું થાય ત્યારે કેવડાને સારી પેઠે દાબી એક શીશીમાં ભરી મજબુત બુચ મારવો. જો બરાબર વાસ નહિ આવે તો તેમાં બીજો કેવડો પલાળી નાખવો. **નારંગીના ફુલનું અત્તર**—નારંગીના ફુલ ૪ ભાગ અને પાણી ૧૨ ભાગ એ બનેને મિશ્ર કરી ગુલાબના અત્તરમાં બતાવ્યા પ્રમાણે અર્ક કાઢવો. તે આસરે અરધું પાણી નીકળી આવે ત્યાં સુધી કરવું. આ રીતે ખેંચેલા પાણીને થંડુ થવા દેવાથી તેપર તેલ જેવું પડ બાઝશે, તે ધીમેથી કાઢી લઇ સ્ટૉપર બૉટલમાં ભરવું, આ અત્તરને ઈંગ્લીશમાં ઓલીઅમનીરોલી કહે છે. એ સઘળા કરતાં સરસ બનતું હોવાથી, એનાં દર ઔંસની કીમત રૂ ૬૦ હોય છે.

અંતર દશા—જ્યોતિષ શાસ્ત્રનો એક ભેદ *દરેક ગ્રહની મહા દશાના પેટામાં અંતર દશા હોય છે. આ અંતર દશા જેનો અર્થ 'ખરી હાલત' અથવા 'વચલી દશા' થાય છે, તે તપાસ્યા વિના એક જ્યોતિષી ટપકા ઉપરથી ખરો ભેદ કહી શકતો નથી, જ્યોતિશ શાસ્ત્રમાં અંતરદશા એક મહત્વનો ભેદ છે.

અંતરલાપક—કાવ્યનો ભેદ. કોઇ કાવ્યમાં કોઇનું નામ યા સવાલ જવાબ ગુપ્ત રીતે ગોઠવી કવિતા બનાવી હોય તેવું કાવ્ય. નીચલું કાવ્ય અંતર્લાપક છે.

કેહેણી છે પાતાળમાં વિશે મિત્રની એક
ખરો મિત્રતો લક્ષમાં મળે ઠરેલો એક.
શશી રવિ વીન તેજહિન નાકવિના નહિમુખ
રૂચી મળે જેમ જીભથી તેમ મિત્રથી સુખ

તાહમ્મુલ.

અત્તરી—મધ્ય ઇજીપ્તમાં આ એક પ્રાંત છે અને તે નાઇલ નદીના પૂર્વ કીનારાથી સેંકડો માઇલપર આવેલો છે. એનું મુખ્ય શેહેર પણ એજ નામનું છે. આ પ્રાંત આગલી વીનસની જગા પાસે આવેલું છે. એ કેરોની દક્ષીણ પૂર્વે ૪૨ માઇલપર છે. વસ્તી ૪૦૦૦ ની છે.

અંતરીક્ષ—૨૪ અવતારોમાં ૮ મો અવતાર. ઋષભ દેવના ૧૦૦ પુત્રોમાંનો એક (જુઓ અવતાર)

અત્રીઋષિ—સપ્ત ઋષિઓમાંનો એક. એ ચંદ્ર, દત્તાત્રી અને દુર્વાસનો પિતા. વળી દશ પ્રજાપતિમાંનો એક.

અંતરેકંધ—આ પહાડ પુરાતમ ઇરાનીઓના વખતમાં ઘણો પ્રસિદ્ધતા પામ્યો હતો. આ

પાહાડ ઉપર તુસ અને વેસે સાથે લઢાઇ થઇ હતી. આ પહાડ ખંઇન્તરસ બામીના કેશ્વરના હદમાં ને ખ્વારી જમના મુલકમાં છે, અહીં સ્યાવક્ષે એક બુલંદ કિલ્લો બાંધ્યો હતો.

અંતરે માઓંઘહ.—એનો અર્થ આસમાનનો ચાંદ થાય છે. એ ફરેસ્તાને આરાધવાને લગતી બાબત બાહાંબોખ્તાર ન્યાએશ તથા યસ્તમાં તેમજ ઇજશનેના ૧ લા હાઃમાં, જ્યાં એ ફરેસ્તાને અશોઇના સરદાર અશો તરીકે યાદ કરવામાં આવે છે.

અંતરોત્તર-પ્રશ્ન કવિતા—કાવ્યનો એક ભેદ. આ કાવ્યમાં પ્રશ્ન પુછતાંજ પેહેલાં થોડા અક્ષરમાંજ તેનો જવાબ તેજ લીટીની શરૂઆતમાં મળી આવે છે.

શું મંન' મારી દેહને બાળે છે ત્યાં કોઇ?=શુંમ.
શું ગંધ' આપે દેહને એવીછે ચીજ કોઇ?=શુંગધ.
શું દખ્ખીયા વીણા ચીજને વેચે છે કંદોઇ?=શુંદ.
શું ઢંળતો માથે કામનો દેખ્યોછે કરકોઇ?=શુંઢ.
શું દરપણ માહે મુખને દેખી હરખે કોઇ?=
સુંદર (રી)
શું વ્રત' પાળી ઋષિનો પામ્યોછે પદકોઇ?=શુવ્રત
(ઇ. સ. ૩૦૦ માં)

અતવસ—એનાં ઝાડ હિમાલયની ઉપર અને તેની આસપાસના પ્રદેશના ડુંગરો ઉપર ઉગે છે. આ ઝાડના મુળો અથવા કંદને અતવસ કહે છે. એમાં ધોળા કાળા અને પીળા એવા ત્રણ પ્રકાર છે. એની છાલ કપડાં રંગવાના કામમાં ઘણી આવે છે. અતવસ અતી કડવું હોય છે અને તે ઓષધીમાં ઘણું ઉપયોગી છે.

અતાબેગ—ખ્વારીજમના પાદશાહ તોકુશે ઇરાનપર ચઢાઇ કરી ઇ. સ. ૧૧૯૩ માં સલજુકી વંશનો અંત આણ્યા પછી, ઇરાનમાં પાછી ખુના મરકી ચાલી અને એ મોટા દેશ જૂદા જૂદા નાહાના રાજયોમાં વેહેચાઇ ગયો. જ્યાં હાકમો અને અમીરો "અતાબેગ"ને નામે અમલ ચલાવવા લાગ્યા.

આજરબીજાનમાં 'અતાબેગ' વંશની સ્થાપના કરનાર એક તુર્કિ ગુલામનો બેટો હતો, જે ગુલામ પોતાની બાહોશીથી વધી સલજુકી વંશના છેલ્લા પાદશાહ ત્રીજા તોગલના વજીરની માનવંત પદવિ પામ્યો હતો. અતાબેગનો અમલ ઈ. સ. ૧૧૯૩ થી ૧૨૨૫ સુધી માત્ર ૩૨ વર્ષ ચાલ્યો.

અત્તામલીક અલાઉદ્દીન—આ ફાર્સી ઈતિહાસ કર્તાનો જનમ ઈ. સ. ૧૨૨૭ માં થયો. મરણ બગદાદ ખાતે ઈ. સ. ૧૨૮૨ માં નીપજ્યું. ઇરાનના શાહાની મેહેરબાનીને લીધે બગદાદના હાકેમની જગા ઘણા વર્ષોવેર એણે ભોગવી હતી. એનું રચેલું પુસ્તક મોગલોની તવારીખ વિશેનું પ્રસિધ્ધછે.

અતાલીક—આ એલકાબ તૂર્કો, તાર્તરોમાં વપરાતો આવ્યો છે. રાજ્યકર્તા રાજકુંવરો તરફથી જેઓ રાજ કારોબાર ચલાવતા તેમને આ એલકાબથી ઓળખતા હતા. તેમજ શાહાજાદાઓનાં ઉસ્તાદ યા દેખરેખ રાખનારને આ એલકાબ મળતો. આગલા વખતમાં વજીરોને પણ આ ખેતાબ બખશતા.

અતિગંડ—હિંદુ જ્યોતિષ શાસ્ત્રમાંના ૨૭ યોગમાંના ૬ ઠા યોગનું આ નામ છે. જ્યોષિઓ નક્ષેત્રો અને યોગને ગણી એને મૂહુર્તમાં લે છે. તીથીઓની પેઠે નક્ષેત્રો અને યોગનું ગણીત પણ ૫૪ થી ૫૬ ઘડી સુધી વધઘટતું છે.

અતીત ગોસાંઈ—એ શિવ યા દેવીના ઉપાસક યાં તેના દેહેરામાં પુંજારી હોય છે. તેઓ લગન કરતાં નથી, ધંધો કરતાં નથી, પણ સદા ત્યાગી રહીને ભીખ માંગી ગુજારો કરે છે. તેઓમાં ઘણા વર્ગો છે. તેમાં કોઈ લગ્ન કરીને સંસાર ઉધમ પણ કરે છે; કેટલાક લશકરમાં નોકરી કરે છે. ગુજરાતમાં તેઓમાંના કેટલાક મહાધિપતિ છે ને કેટલાક જમીનદારો પણ છે. કાઠીયાવાડમાં ગોરખમડી, તારનેતર, તથા સીંગતાડા ને ગોપનાથ અહીંના મહાધિપ મોટી મીલકતવાલા છે. વૈષ્ણવના ગોંસાઇજી માહારાજ વખતે વખત ગુજરાત, કાઠીયાવાડ કચ્છ વગેરેમાં ફરવા નીકળેછે ને વૈષ્ણવોની ભેટ લેછે.

તળ ગુજરાતમાં સુરત, ભરૂચ, વડોદરું નડીયાદ, અમદાવાદ, મંહી અને કાઠીયાવાડમાં જુનાગઢ, અમરેલી નવાનગર, ને પોરબંદરમાં જાથુકની ગાદી છે.

અતીથિગવ—આ બળવંતરાજા વેદીક જમાનામાં હતો. એણે પ્રસિધ્ધ રાજા (સુસ્ત્રવસ) સાથે સરકશી કરી તેથી સુસ્ત્રવસે ઈંદ્રની મદદથી આ રાજા સાથે લડાઈ કરી અને એના મદદગાર અપૂ તથા કૂતસ વગેરેને તાબે કરી તેમના ૬૦૦૯૯ કિલ્લાઓને તારાજ કીધાં હતા.

અતિબલા—એ ઝાડ બેથી ચાર હાથ ઉંચા વધે છે ને તે ચોમાસામાં ઉગેછે, એ હિંદના ઘણા ભાગોમાં ઉગે છે. એના પાંદડા લાંબા ને કીંચીત દોઢ ઘણા પોહળા ને તેની અણી ચીમરાયલી એક આંગળ પોહળી ને ચાર આંગળ લાંબી હોય છે. આ ઝાડ ઉપર પાનાના દીંડા પાસે ફુલો આવે છે ને તે નાની સોપારી જેવડાં હોય છે. બાળકો તેની વીટી બનાવી પેહેરે છે.

અતી મુકત્ત—એનાં પાંદડા તથા ફુલો સફેદ ને મોટાં હોય છે. એના સુંગધી ફુલોનો બહાર વસંતમાં આવે છે.

અતીરૂચીરાછંદ—પેહલા ચરણમાં ૨૭ લઘુ ને ૧ ગુરૂ આવે ને તેવુંજ બીજું રણ હોય તો તે અતીરૂચીરા છંદ બને.

સત પુરૂષ ઉપર અસત દુખણુ ધારે ધન હરણ કરતલ વંણુશે.

રવિની ઉપર રજ ઉડાવી કુનરનીજ નયણુ મુખ રજથીજ ભરશે.

કવ હીરાચંદ.

અતીવિષ—આ ઝાડ ઔષધીમાં ઘણું ઉપયોગી છે. એનાં ગુણો દીપન, ગ્રાહી, કફઘ્ન વાત્તહર હોય છે. એનો ઉપયોગ, ચુંક ઊલટી, તૃષા, કરમ, હરસ, જ્વર વગેરે દરદો ઉપર થાય છે. બચ્ચાંને તાવ ઉપર અપાય છે. એનાં મૂળના નામમાં ઝેર એવો અર્થ રહેલો છે પણ તે ઝેરી નથી. તેના મૂળ જાડાં થાય છે તેને વખમો કહે છે. તે ઝાડા તથા ઊલટીને બંધ કરે છે.

અતૂની—બીદુઇન આરબ ટોળાના આ એક જોડીયા છે. એઓ સુઝ અને ખોસીરની સંયોગીભૂમિમાં વસે છે. એઓની રીતભાત બીદુઈન આરબો જેવી છે.

અત્તેસાર—જ્યારે ઝાડો છુટવાની બીમારી ઘણા દાહડા સુધી ચાલે છે, ઝાડો પતળો આવે, પેટમાં અમળાય, દુઃખુથી આજારી પીળાતો જાય ત્યારે તે રોગને અત્તેસારના મરજથી ઓળખવામાં આવે છે. એમાં ઘણું કરી પેટના કોઇ ભાગમાં, અકરસાત લાગે છે, વખતે ઝાહાડા સાથે લોહી પણ મળેલું આવે છે. એ રીતે થયા પછી દવાને કશી રીતે મચક આપે નહિ તથા જાહાડામાં લાલ પાણી જેવું અથવા છીછડાં જેવું પડે અને તેનો બહુ સડેલો વાસ હોય ત્યારે તેને સંગ્રહાણી કહેવામાં આવે છે.

જ્યારે અત્તેસારનો રોગ બહુ જુનો થાય છે, ત્યારે મોહોટાં આતરડાના અંદરના પડમાં ઘણું કરી સોજો પેદા થાય છે, અને મરડાની નિશાની જણાય છે. નબળા બાંધાવાલાને ઝાડો છુટવાનો રોગ થઈ ગયા પછી ઘણો પવન અથવા થંડી હવાથી શરીરને બચાવવાની તજવીજ ન રાખે તો અત્તેસાર થાય છે; અથવા તો સારો થયા પછી એકદમ ભારી ખાવાનું લીધાથી, ઘણો ઉજાગરો કીધાથી, અથવા રાતના મોડેથી જમવાથી પેટ પાછું છુટી જાય છે, એ રીતે કેટલાક લોકોને મહિનાઓ સુધી પેટમાં દરદ થઇને ઝાડો આવ્યા કરે છે.

અથમલીક—આ ઓરીસાના રાજ્યોમાંનુ એક રાજ્ય છે. રાજકર્તાને રાજા કહે છે. વસ્તી ૧૪૫૩૬ ની છે.

અથવર્ણાચાર્ય—આ કવિ ઘણા પ્રસિદ્ધ કાળમાં એટલે સુમારે કલીયૂગના ત્રણ હજાર વર્ષ પેહેલાં હતો. સંસ્કૃત તથા તૈલંગી ભાષામાં એ ઘણો પ્રવિણ હતો. એણે માહાભારતનો સારાંશ કાઢીને એક ગ્રંથ રચેલો છે, હાલમાં તે ગ્રંથની આખી પ્રત મળતી નથી પરંતુ

તેના કેટલા એક ભાગો અર્વાચીન મહાન કવિઓએ ઠેકઠેકાણે પોતાના ગ્રંથોમાં ઉતારી લીધાં છે.

અથર્વવેદ—ચાર વેદ માહેલો એક. વેદો ઘણાં છે તેમાં મુખ્ય-આયુર્વેદ, ગાંધર્વવેદ, શિલ્પવેદ, સામવેદ.

અથર્વઋષિ—આ મુનિ-કર્દમ મુનીની પુત્રી શાંતી સાથે લગન કરી ઇંદ્રસ્થાનમાં મોટી યોગ્યતા પામ્યો હતો.

અથા—એ જરથોસ્તી ધર્મના આકાશી કલાઓનો ચોથો નૂસકો છે. કે જેને અવસ્તા ભાષામાં અથા અને પહેલવીમાં બગ અથવા 'દામદાદ' કહે છે. આ ગ્રંથની ચાર પરગર્દો છે, તેમાં ત્રણ સંપૂરણ છે ને ચોથી અપૂર્ણ છે. એ ચેહારો પરગદો તેના પેહેલવી તર્જુમાં સાથે હાલના જમાના સુધી પાર્સીઓ પાસે કાયમ રહેલી છે. એમાં સ્વર્ગ અને સ્વર્ગમાં રહેનારાઓ, સારૂં અને બુરૂં, મનુષ્ય જાતની હસ્તી, આકાશ અને ભૂમિ, પાણીમાં ઉત્પન્ન થતી સઘળી ચીજો, આતશ અને ભાજીપાલો, માણસો અને પશુઓ, સાંપો તથા પક્ષીઓ વગેરેનું વિદવત્તાઇ રીતે વર્ણન આપવામાં આવ્યું છે. તે ઉપરાંત મરણ પછી દરેક માણસે પોતાના કર્તૃકનો જવાબ આપવા વિશે, ચિન્વદપૂલ આગળ થતા ઇન્સાફ વિશે, સારી ચાલના માણસો વિશે કેટલુંક વર્ણન આપ્યું છે.

અથાઓ—ટીનીવેલી પાસે આ ગામ સમુદ્રની સપાટીથી ૩૨૦૦ ફીટની ઉંચાઇપર આવેલું છે. અત્રે ફકત ૪૦ ઇંચ વરસાદ વર્સે છે. અહીં ચાહની મોટા પાયાપર ખેતી થાય છે.

અથીલની—ઇંગલાંન્ડના સૉમરસેટના મુલકમાં ૧૦૦ એકરનો આ એક ભાગ આવેલો છે. બ્રીઠજ વૉટરની દક્ષિણ પૂર્વે ૭ માઇલ ઉપર છે, ઇ. સ. ૮૮૮ માં આલફ્રેડ ધી ગ્રેટે પોતાની ફતેહ ડેનીશો ઉપર આજ જગાપર મેળવી હતી; અને અત્રે તેણે એક 'એબી' બાંધયું હતું.

અંથૂર—ગ્રાબના મુખ પાસે નાશ પામેલું આ શેહેર છે. હાલમાં નીમરૂદના પ્રસિદ્ધ નામે જાણીતું છે. અરેબિયન ભૂગોળશાસ્ત્રીઓ તેને 'અસૂર' કહે છે.

અથેન્સ—ગ્રીસનું એ મુખ્ય રાજ્યધાની શેહેર. આ શેહેર બે નદીઓ 'ઇલીસી અને ચીપીસસ' મળીને થએલી સામૂદ્રધૂની ઉપર આવેલું છે. ઈગનીના' આખાતના પૂર્વ કીનારાથી ૪ માઇલપર આવેલું છે. આ શેહેર ટેકરી ઉપર વસાયલું છે તેથી તે સુંદર દીસેછે. અત્રેનો પાદશાહી મેહેલ જે ઘણીજ ઉમદા કારીગરીનો નમુનો બતાવે છે તે ઇ. સ. ૧૮૪૩ માં બંધાઇને પુરો થયો હતો. અત્રેની યુનિવરસીટીનો લાભ ૧૦૦ વિદ્યાર્થીઓ લે છે. આ શેહેર પોતાની આગલી તવારીખ માટે દુન્યામાં મશહુર છે. હાલમાં આગળા વખતની ઘણીએક પુરાતમ ચીજો આગલી યાદ આપતી હઇઆતી ભોગવે છે. એવું જણાવવામાં આવે છે કે આ શેહેરમાં ઇ. સ. પૂર્વે ૪૬૦ થી ૪૨૯ સુધી ૧૦૦૦૦ ઘેરો કાયમ હતાં, અને તે વેળા વસ્તી ૧૨૦,૦૦૦ થી ૧,૮૦,૦૦૦ ના સુમારેની હતી.

રોમનોના વખતમાં પણ આ શેહેર ઘણી આબાદાની ભરેલી હાલતમાં હતું અને વિદ્યા અભ્યાસનું મથક ગણાતું હતું. ચોથી સદીમાં ગૉથ લોકોએ આ શેહેર ઉપર કેહેર વર્સાવ્યો હતો, ત્યાર પછી ઘણાએક ફેરફારો જોઇ તૂર્ક લોકોના હાથમાં ઈ.સ. ૧૪૫૬ થી તે ૧૮૩૨ વેર જઈ પડયું હતું. આ શેહેરમાં આગલા જમાનાની હઇઆત ચીજોમાં 'પાર્થીનોન' અથવા એથીનીયાનુ દેવલ, થીસસનું દેહેરૂં વગેરે બીજી અનેક ચીજો કે જે ઇ. સ. પૂર્વે ૫૦૦ ઉપર બનાવવામાં આવી હતી તે નજરે પડે છે. અત્રે જુપીટરનું મોટું દેહેરૂં છે કે, જે પોતાનું પુરાતમપણું બતાવતું કાયમ રહ્યું છે. ઇ.સ. ૧૮૮૪ ની ગણત્રી મુજબ અત્રેની વસ્તી ૮૪,૯૦૩ની હતી.

અથોરનાન—આથ્રવન—અથર્વન એટલે અથોરનાન, દસ્તુર, મોબેદ વગેરે. એ શબ્દ આતર+વનનો બનેલો છે. આતર એટલે આતશ અને વન એટલે બચાવવું ઉપરથી

બંચાવનાર અથવા તેને લગતું કામ કરનાર એવો અર્થ થાય છે. આથ્રવન એટલે આતશને લગતું કામ કરનાર એમ એક અથોરનાનને કહેવાનું કારણ એમ છે જે જરથોસ્તી દીનની ક્રિયાઓ આતશની હાજરી વગર થઇ શકતી નથી.

...... આગલા જમાનામાં (અવસ્તાઈ-જમાનો) અથોરનાનો ઘણાંજ પરહેજગાર હતાં. તેઓના સરપર શું ફરજો હતી તથા દીનને લગતું કેટલું જોખમ હતું તે તેઓ બરાબર સમજતાં. તેઓ જરથોસ્તી ટોળાના ભરવાડ જેવા હતા અને દીનની ખરી રાહાબરી કરતા હતા. રાજદ્દુવારી કુનેહમાં તેઓ કૂશળ હતા, રાજની લગામ ઘણી ખરી તેઓને હાથ હતી અને પાદશાહો તેઓને નમીને ચાલતા. સાધારણ રીતે લોકોમાં તેઓ ત્રાસ રાખતા અને લોકો તેઓ તરફ ભારે માનથી તથા દહેશતથી જોતા. આવો દમામ અથોરનાનો પોતા તરફથી કાંઇ પણ કોશેસ વગર ધરાવતા. તેઓ બેહદીનો તરફ નમનતાઇથી તથા માયાથી વર્તતા, ને તેઓ દેખાવમાં ફરેસ્તાઇ ચેહેરાના હતા. તેઓ જે માન ધરાવતા તે તેઓ વગર માંગવે તેઓની પાકીજગી તથા પ્રમાણીકપણાને લીધે મેળવતા: ગણત્રીમાં તેઓ ચોકસ સંખ્યામાં હતા, કારણ કે અવસ્તા અભિઆસમાં હોશીયાર હોવા વગર તેઓને દીનને લગતું ગંભીર ક્રીયા કામ સોંપવામાં નહિ આવતું. દીનને લગતાં અવસ્તાના અભ્યાસ પાછળ તેઓ ઓછામાં ઓછો દીવસનો ત્રીજો ભાગ રોકતા. મીજલસોમાં તેઓને પેહેલી બેઠક આપવામાં આવતી. અશો જરથોસ્ત પણ ખુદ અથોરનાન હતા.

અથોરનાન અથવા આથ્રવન ચોકસ નિશાનીથી ઓળખાય છે. તેઓ પદાન (પાતે દાન) બાંધે છે, કારણ કે તેની ફુંક યા લબ આતશ ઉપર ઉડે નહીં. અવસ્તા જમાનામાં સાધારણ દસ્તૂરો ઘણાં હતા, અને તેઓનો વડો જરથૂશત્રતેમો, એટલે દસ્તૂરાન દસ્તૂર કહેવાતો. તે પાદશાહના જેટલી સત્તા ધરાવતો હતો અને ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરનાર પાદશાહ હતો ત્યારે દીનને લગતી બાબતોનો ઇન્સાફ કરનાર દસ્તૂરાન દસ્તૂર હતો. તે દીનના ગુન્હેગારને સજા ફરમાવતો.

અવસ્તા જમાનામાં ધર્મના ઉપાધ્યાઓની ચહડ ઉતર પાયરીઓ હતી. જેમાં સૌથી વડો 'જરથૂશત્રતેમો, તેથી ઉતરતો દસ્તૂર, તેનેથી ઉતરતો નાયબ દસ્તૂર અને તેથી ઉતરતો એરવદ હતો.

અથોરનાન જે એક સાધારણ નામ દીનને લગતું કામ કરનારાઓનું છે તેમાં જેઓ 'યોજદાથ્રેગરી' અથવા ઇજશનેને લગતું કામ કરનારાઓમાં નીચે જણાવ્યા મુજબ અમલદારો અવસ્તાઈ જમાનામાં હતા. તે દરેક અમલદારની જૂદી જૂદી ફરજો હતી. ઇજશનેની ક્રીયામાં હાલમાંતો જોતી અને રાથવી (રાસ્પી) તે સઘળી ફરજો અદા કરે છે.

ઉપલો રીવાજ પાછલા વખતમાં નીકળી ગયલો છે અને તે માત્ર એટલી બધી સગવડ નહિ બનવાને લીધે હશે. તે અમલદારો તથા તેમની ફરજોની ટીપ નીચે મુજબ છે.

જઓતર=ઇજશનેને લગતી ક્રિયાનું મંડાણ કરનાર મુખ્ય અમલદાર (જોતી)
રતૂ=ક્રિયામાં જોતીની સાંમે બેસનાર, તથા જોતીના પુછેલા સવાલોનો ઉત્તર વાળનાર (રાસ્પી.)
હાવનાન=હાવનીમને લગતું કામ કરનાર.
આતરેવક્ષ=આતશ રોશન રાખનાર.
ફ્રબરેતર=ચીજો લાવ લઇજાવ કરનાર.
આબરેતર=પાણી લાવનાર.
આસ્નાતર=ન્હાન નહવાડનાર.
રથવિશકર=રીમન ન્હવાડનાર.
સ્રેઓષાવરેજ=હોકમ બજા લાવનાર.

એ રીતે ઉપર જણાવ્યા મુજબ અસલના વખતમાં ઇજશનેની ક્રિયા કરતી વેળા

જોતી તથા રાસ્પી ઉપરાંત બીજા કૃ હાજર હોવા જોઈએ.

પુરાતમ જમાનામાં અથોરનાનો ઘણાજ પરહેજગાર હતા; અને જેટલી તાકીદ સ્પેન્તમાંન જરથોસ્તે અવસ્તામાં અશોઇ જાળવવા માટે કીધી છે, તે પ્રમાણે તેઓ ચાલતા હતા.

અવસ્તા જમાનામાં અથોરનાનો જરથોસ્તી દીનની કિર્યાઓ કરનાર હોવાથી સદા અશોઇમાં મશગુલ રેહેતા, અને તે જમાનામાં એક શખસને 'અથોરનાન' કેહેવું એ પરહેજગારનો એલકાબ આપ્યા બરાબર હતું.

અથોરનાનોની જાતી ખાશીઅત વિશે આગલા વખતના દસ્તૂરોએ નીચે જણાવેલા અથોરનાનોના ૧૫ ગુણોની ટીપ ઉપજાવી કાઢી છે.

અવીજે હીમ=પાક ખસલતનો.
ખાસનીદે, ખેર્દ=જાતી અક્કલનો ચાલાક.
ખેરદો કુનશને=દાનાઇના કામ કરનારો.
દીન અસ્પ નારગાંન=દીનપર ઓસ્તવાર.
નર્મ નૂસ્ક=નૂસ્કોને મોઢે કરનાર.
નામે રજવામ=મિનો નાવરની રોજ ઇજશને કરનારો.
પાક મનશને=પાક મનશનીનો.
પાદીઆબ શાજશને=પરહેજગારી જાળવનારો.
મીનો મીનશને=મીનોઇ ખ્યાલ રાખનારો.
યઝદાન મનીદાન=ખુદાને યાદ કરનારો.
યોજદા્રેતન=પાક બદનનો.
રાસ્ત ગવશને=સાચું બોલનારો.
રાસ્ત અવસ્તા=ખરી અવસ્તા શિખેલો.
શિવાહી ઝવાની=મીઠી જબાનવાલો.
હીવનીરંગ=નીરંગ કિર્યા જાણનારો.

એવા જ્યારે પવિત્ર ગુણો ધરાવતા હતા ત્યારે તેઓ અથોરનાનોને નામે જાણીતા થઇ શકતા અને માન પામતા હતા.

જેમ એક પેહેલવાન ગમે એવો બાહાદૂર હોવા છતાં પોતાના તન ઉપર લઢાઇનું બખતર તથા હથીઆર ન રાખેતો તે લાઇલાજ છે, તેમ એક અથોરનાન ગમે એટલી અશોઇ ધરાવવા છતાં પોતાના હથીઆરો ધરાવ્યા વગર દેવો સામે લડવાને લાએલાજ છે. કારણ કે પોતાના હથીઆરોથી તે દેવોને મારે છે, દેવોને હરાવે છે, જાદુગરો અને પરીઓને કુટેછે તથા નજીસાઇના દેવને દૂર કરેછે.

અથોરનાનોના હથીઆરો અથવા શૃંગાર, તે દેવો, દરૂજો, પરીઓ, જાદુગરો, વગેરેની સામે લડવાના તેના હથીઆરો તેના ઇજશનેના અલાતો છે, જેઓના નામોની ટીપ વંદીદાદની ૧૪ મી પ્રગર્દમાં ૭ માં અને ૮ માં ફકરાઓમાંથી મળી આવે છે. તથા વિસ્પરદના કરદા ૧૦ અને ૧૧ માંથી મળી આવે છે તે નીચે મુજબઃ—

આતશને રોશન રાખવાનું હથીઆર.	પદાન (પાતેદાન.)
આતશ સલગાવવાનું હથીઆર.	મારવાનો કોરડો.
આતશને ગર્મી આપવાનું હથીઆર.	હોમ કુટવાની ખાંડણી (પથ્થર યા લોઢાની)
આતશ જાળવવાનું હથીઆર.	હોમ મુકવાની રકાબી
આતશને પવીત્ર કરવાનું હથીઆર.	બરસમ ઝાડની ડાંખળી. (હાલમાં ધાતૂના તાર.)
રગડો કાઢી નાખવાનું (હોમનો રસ મુકવાનું કુલ્યું.)	જોર મુકવાની રકાબી.
ખરફ્સતરોને મારવાનું હથીઆર.	હોમ (અવસ્તા જમાનામાં એક જાતનો ગુણકારો પાલો)
અફ્રૂર ગાન્યું.	હોમનું પાણી
વાંસલો.	જોર. (કિર્યાનું પાણી)
છરો.	બકરીનું દુધ.
ખંજર.	દાડમડીનાં પાંદડા અને મેજ મેવો વગેરે.
તશતો, (રકાબી જેવું.)	વરસીઆના બાલ.

ઉપર જણાવેલી ચીજો કિર્યામાટે જરૂરની છે. ઉપલા હથીયારો ઉપરાંત અફૂર મજદના પહેલા સખુનો (વયૂમઝદેફ્રીપ્ત) અથોરનાનોના હથીઆરો તરીકે જણાવેલાં છે.

ગુશતાસ્પ પછી 'જરથોસ્ત્રતેમો' નામના વડા દસ્તૂરો ઇ. સ. પુર્વે ૨૪૫૮ ની અગાઉ ૨૪૪ વર્ષો સુધી રાજ્ય કરી ગયા છે. એવું એરોસર (બેબોલનની તવારીખ નવેશ) નું કહેવું છે.

અદજુનટા—નિજામ હૈદ્રાબાદમાં આ શેહેર આવેલું છે. આ ગામ દક્ષિણ તરફના પાહાડો માહેલાં ઢેલાવદાર તાપતીના પાટવાળી ખીણમાં આવેલું છે. ઉત્તર તરફનો રસ્તો કાનડા તરફ જાય છે. અહીંની ઊંડી ખીણોમાં પાહાડી જંગલી લોકોની અનેક જાતો વસે છે. અહીંના પાહાડોમાં મોટાં મોટાં ગુફાઓ છે, જેમાં દેવસ્તાનો સ્થાપેલાં છે. અહીંના ગુફાઓ હિંદુસ્થાનમાંના બીજા ગુફાઓ કરતાં ઘણીજ ઉત્તમ કારીગીરીથી બનાવેલાં છે. અત્રે એવા ૨૭ ગુફાઓ છે અને તે બૌધ લોકોનાં પુંજાના સ્થાનક યાતો સન્યાસીઓનાં રેહેઠાણ હોય એમ ધારવામાં આવે છે. અહીંના ચીતારોમાં જગેજગ તર્હેવાર રંગો પુરેલાં છે, કે જેની આકૃતીઓ પાડી યૂરોપ્યન મુસાફરો પોતાને દેશ મોકલે છે. આ ગુફાઓ ઉંચાઇમાં ખાસ્સા ૩૦૦ ફીટ છે અને ગુફાનાં હારની લંબાઇ ૫૦૦ યાર્ડની છે. ઔરંગાબાદથી ઉત્તર પુર્વે ૫૫ માઇલપર તેમજ અહમદનગરથી ઉત્તર પુર્વે ૧૨૨ માઇલપર છે. તથા પુનેથી ઉત્તર પુર્વે ૧૯૦ માઇલપર છે અને મુંબઇની ઉત્તર પુર્વે ૨૨૩ માઇલપર છે.

સ્વદેશી અને પશ્ચિમ તરફના વિદવાનોનું મત, એવું છે કે અદજુનટાના ગુફામાંથી અતી ઉત્તમ રંગીન હુન્નરમંદીનું કામ ઇ. સ. પૂર્વે ૨૦૦ વર્ષપર શરૂ થઇ ઇ. સ. ની આંઠમી સદીમાં પુરૂં થએલું હોવું જોઇએ. આ ગુફામાં બૌધ્ધ ધર્મના ચિતારો નજરે પડે છે અને આ ધર્મનો ફેલાવો હિંદમાં બે હજાર વર્ષ પેહેલાં થયો હતો તે ઉપરથી ઉપલું અનુમાન ખરૂં ઠરે છે. આ ગુફા આટલા પ્રાચીનકાળના હોવા છતાં જેવાને તેવા કાયમ રહ્યા એ એક અજાયબી છે. મહમદ ગીજનીએ સોરઠીસોમનાથનો નાશ કીધો, ઔરંગજેબે હિંદુઓનાં ઉત્તમ દેહેરાંઓનો નાશ કીધો અને બાકી રહેલાનો નાશ પોર્તુગલદેશમાંના ખ્રિસ્તીચ્યન 'ઇનકિવઝીશનના સપાટામાં પુરો નાશ થયો, છતાં આવાં આવાં બીકટ સમયમાંથી આ ગુફા બચી શકયો તેનું એક કારણ છે. જે ડુંગરોમાં તે કોતરકામ કરવામાં આવ્યું છે તેની આસપાસ આવેલું ગીછ જંગલ અને તે જંગલમાં રેહેનાર હિંસક પ્રાણીની ખુદ્રતી ચોકીથી ધર્મઝનુની યવનો તેનો નાશ કરી શકયા ન હોય, યાતો ડુંગરપરના ઊંચા ગુફાઓમાં કાંઇ હુન્નરમંદીસમાઇ છે કે નહિ તેની તપાસ કરવા માટે ઊંચા ઊંચા અને બીકટ રસ્તા પર જઇ શોધ કરવાનો કોઇએ શ્રમ નહિ લીધો હશે તેથી તે બચી શકયાં છે. મેજર ગેલ નામક શોધકે આ ગુફાની પ્રથમ શોધ કરી તે પર ઈંગ્રેજ સરકારનું ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે તેણે તે ગુફા સાફ કરવા માંડયો હતો ત્યારે તેમાંથી કાદવ કાઢતાં મનુષ્યના હાડકાં મળયાં હતાં અને ગુફાની આસપાસ વાઘના પંજા કીચલમાં ઊંડેલાં જણાયાં હતા; એ ઉપરથી ત્યાં કોણુની વસ્તી હતી તે સ્પષ્ટ સમજાય છે.

મે○ ગ્રીફ્સે આ ગુફાવીશે વર્ણન કરતાં જણાવ્યું છે કે "એના ચિત્રકારોની હુન્નરમંદી ઘણી જબરી હોવી જોઇએ. છીણીના એક ફટકાથી કોઇ કોઇ જગે તેઓએ એટલી તો અજાયબ કારીગરી બતાવી છે કે તે જોઇ હું તો તદન આશ્ચર્ય પામ્યો હતો. ગુફાના છત ઉપર કે જ્યાં કામ કરવું ઘણું અઘરૂં એવે ઠેકાણે કાઢેલી વેલબુટ્ટીઓ એટલી સ્પષ્ટ અને કારીગરીથી શસ્ત્ર શુધ્ધ બનાવી છે કે, આ કારીગરી કરનાર ચિત્રકારો માનવી નહિ હશે એમ મને ભાસ્યું. હિંદુસ્થાનમાંની ચિત્રશાળાઓમાં વિદ્યાર્થીઓને શીખવવા માટે નમુના તરીકે જે નમુના રાખવા ઘટે તે એનાજ હોવા જોઇએ. એથી ઉત્તમ નમુના કયેથી પણ મળી આવવાં

અશક્ય છે. આહા ? તેમની દેવતાઇ ઊત્તમ કળા કૌશલ્યા મારી સામે તદન ઊભી છે એવો મને ભાસ થાય છે; આ ચિત્રોમાંના કેટલાક ચેહેરા પ્રશ્ન કરે છે, કેટલાક જવાબ આપે છે, કેટલાક હસે છે અને કેટલાક રડે છે. કેટલાક એકમેક તરફ માંયાથી નીહાળે છે. અને કેટલાક ચાપલુસી કરે છે ! ! ! તેમના હાથ મોટી ખુબીથી અને મગરૂરીથી હાલે છે; આ ચિતારોમાંનાં કેટલાંક ફુલો હવડાંજ ખુલી પ્રફુલીત થતાં જણાય છે, પક્ષીઓ પાંખ ફફડાવે છે, જાનવરો કુદકા મારે છે, કેયે ટકરો ઝીલે છે, અને કેટલે ઠેકાણે શાંત મુખે પોતાની પીઠપર લાધેલો બોજો લઇ ચાલ્યા જાય છે.”

અદ્દાર—બંગાલમાં છોટાપૂરમાં આવેલું આ એક ગામડું છે, કે જે ચીબાસાથી પોલામોના માર્ગમાં છે.

અદ્દાલૂર—મદ્રાસ ઇલાકામાં કોઈંબતૂરના પ્રાંતમાં આ ગામ આવેલું છે. તેમજ તે ત્રીચનાપલીથી શ્રીરંગાપટમના માર્ગમાં છે.

અદ્દભૂત રસ–૯ રસ માંહેલો એક. જેમાં અતિશયોકતી ભરી કલ્પના દોડાવવામાં આવે છે.

અદરામ પારામ—મદ્રાસ ઇલાકાના તાનજોરમાં આ શેહેર છે. પાલ્કીની સામુદ્રધૂનિના કીનારા પર આવેલું છે. પૅાઈન્ટ કાલી મરીની પશ્ચિમે ૩૪ માઇલ પર છે.

અંદરૂષ—પુરાતમ તુરાની જમાનામાં આ એક જાદુગર હતો. તેનું રહેવાનું મકાન દર્યાની વચોવચમાંના એક બેટ ઉપર હતું. એની બાયડી હારૂ જાદુગરીણ હતી.

અદ્વૈત—આર્ય વૃતમાંનુ પ્રાચીનકાળનું વન. એ હસ્તીનાપુરી પાસે આવેલું હતું. (૧) એ નામે એક મત આગળ ચાલુ હતો.

અદવાની—મદ્રામ ઇલાકાના બેલારી પ્રાતમાં આવેલું આ શેહેર નિજામ રાજ્યના ઉત્તર પશ્ચિમે છે. અત્રેના એક પાહાડ ઉપર સ્વચ્છ પાણીનાં કુંડો છે કે જેનું પાણી તંદરોસ્તી માટે ઘણું ફાયદાકારક જણાયલું છે. અહીંનો કિલ્લો એટલો તો મજબુત છે કે, તેને કોઇ પણ દુશમન અલવલ પોંહચાડી શકયો નથી. આ કિલ્લો અગ્યાર કિલ્લે બંદીથી ઘેરી લેવામાં આવ્યો છે; અને તે ઇ. સ. ૧૭૮૭ સુધી અજીંક્ય હતો પણ માઇસોરના ટીપૂની હાર પછી ઈંગ્રેજ સરકારના તાબે થયો હતો. બેલારીની ઉત્તર પૂર્વે ૪૦૦ માઇલ પર અને માઇસોરની ઉત્તર પશ્ચિમે ૨૭૦ માઇલપર છે.

અદાલત—હિંદમાં આર્યનો જ્યારે આવી વસ્યા ત્યારે તેઓમાં અદાલત જેવું નહોતું પણ ત્યાર પછી તેઓએ પોતાની સત્તા અનાર્ય પ્રજા ઉપર સ્થાપી ત્યારથી અદાલત વિશે કાંઇક જણાયલું છે. તે આગમજ વેદીક જમાનામાં તેઓમાં અદાલતો હતી. ઇરાનીઓના પુરાતમ રાજ્યરંગ વેળા અદાલતો સ્થાપન થએલી હતી. તેઓમાં આ રેવાજ પુરાતમ જમાનાથી ચાલતો આવ્યો હતો. યાહુદીઓના ધરમ પુસ્તક ઉપરથી માલમ પડી આવે છે કે અસલી જમાનામાં ઇન્સાફની અદાલતો હતી. ઇ. સ. પૂર્વે ૧૪૯૧ માં મુસાએ ઇસરેલાઇટ લોકો માટે કાયદા સંબંધી કરેલી ગોઠવણો વિશે બાઇબલમાં વિવેચન કર્યું છે. અથેન્સમાં ઇ.સ. ૧૫૦૬ માં અદાલત ઉઘાડવામાં આવી હતી, અને ત્યાર પછી રોમ અને યૂરોપના બીજા દેશોમાં સ્થાપન થઇ હતી. નીજામત અદાલત=ગુન્હાની છાંડણ કરનારી અદાલત. દીવાની અદાલત. અદાલત ઉલ કાઝી=શેહેર નામુખીની અદાલત.

અદી—તામીલ લોકના ૧૨ માસમાંનો ચોથો મહિનો, ઇંગ્રેજી માસનો તે વેળા જુલઇ-આગસ્ટ માસ હોય છે.

અદિતી—ઈદ્રની માં. હિંદુ શાસ્ત્રમાં ઇંદ્ર અને ઇંદ્રની માંને લગતી અનેક કથાઓ છે. એક કથા એવી છે કે “ભૃગુ પુત્ર શુક્રાચાર્ય ઋષિએ બળી રાજાને ૯૯ યજ્ઞ કરાવ્યા હતા, અને ૧૦૦ મો યજ્ઞ નર્મદા કિનારે આરંભ્યો હતો એટલાં ઈંદ્રને ઈંદ્રાસન જવાનો ભય

ઉ૫૦૭ ઇર્ષા થવાથી તેની માં અદિતીએ પુત્રનું રાજ્ય ન જાય તેટલા માટે તપસ્ચર્યા કરી. તેનાં તપથી પ્રસન્ન થઇને વિષ્ણુએ તેને પેટે વામન રૂપે જન્મ લીધો. એ વામન બ્રાહ્મણના વેશમાં બળી રાજાને યાચવા ગયો. બળીએ જે ગમે તે માંગવા કહ્યું ત્યારે વામને પોતાના 'ત્રણ ડગલાં પૃથ્વી માંગી. એ વખતે શુક્રાચાર્યે બળી રાજાને કહ્યું કે 'વિષ્ણુ તમને મળવા આવ્યા છે, માટે તમે એમ કહો કે પૃથ્વિમાં તો દેવ, બ્રાહ્મણ આદિ પાંચ જણાનો ભાગ છે. એ શિવાય તમને જે જોઈયે તે મારાથી આપી શકાશે. બળી બોલ્યો કે 'પ્રભૂ પંડે લોભી હોય ? એ શી વાત ? તે કરતાં તેમ હશે તો તેનું આપેલું તે લેશે. શુક્રાચાર્યે બળીને બહુ બહુ સમજાવ્યા, પણ બળી રાજા સમજ્યા નહિ અને પોતાનો ટેક છોડયો નહિ. તેઓએ સ્ત્રી સહિત વામનની સેવા કરી પુંજા કરતાં હાથમાં સંકલ્પ કરવાને પાણી રેડવા માંડયું. આ વેળા શુક્રાચાર્યે યજમાનની દાઝ આણી સૂક્ષ્મ રૂપે થઇ ઝારીના નાળવામાં ભરાયા તેથી પાણી પડયું નહિ. બળી રાજ મુઝવાઇ ગયા અને ઝંખવાણા, પણ એટલામાં દર્ભની સળી તેમાં ખોસી એટલે શુક્રાચાર્યની એક આંખ ફુટી. તેની વેદનાથી તેઓ તુર્ત બહાર નીકળ્યા, જેથી ઝારીમાંથી પાણી પડવા લાગ્યું. પછી વામને વૈરાટ રૂપ ધારણ કર્યું અને એક પગલું આકાશમાં તથા બીજું પાતાળમાં મુકીને બળીને પુછયું કે " બે પગલાં થયા હવે ત્રીજું કયાં મેલું ? બળી તુર્ત સમજી ગયા. પછી વામનની સ્તૂતિ કરીને કહ્યું કે 'મારા મસ્તક પર મૂકો. વામને તેમ કર્યું. ને બળીને પાતળમાં ચાંપ્યો.

અદીલશાહી—બીજાપુરના બ્રાહ્મણી મુસલમાન રાજ્ય કર્તાનો એ મૂળ પુરૂષ. આ મૂળ સ્થાપક કૉન્સટન્ટીનોપલના સુલતાન અમૂરથનો બીજો શાહાજાદો હતો. પિતાના મરણ બાદ એનો ભાઇ બીજો મહમદ ગાદીએ આવ્યો. એની માતાએ પ્રપંચથી ઉઠાવેલા બળવાના કાપા કાપીના હિંગામમાંથી નાહાશી એ ઇરાન ગયો; તે વેળા એની વય ૧૬ વર્ષની હતી. ત્યાંથી ગુલામ દાખલ એને પકડી બીજાપુરના બ્રાહ્મણી દરબારમાં વેચવામાં આવ્યો. અહીં એ નશીબ સંજોગે રાજાના અંત પછી ગાદીએ આવ્યો. એના પછી અદીલશાહી વંશજના નીચે પ્રમાણે રાજ્ય કર્તાઓ થયા.

(રાજ્ય કર્તા)	(ઇ. સ)	(હિ. સ.)
યૂસુફ અદીલશાહ ...	૧૪૮૯	૮૯૫
ઇસમાઇલ અદીલશાહ...	૧૫૧૦	૯૧૫
માલુ	૧૫૩૪	૯૪૧
ઇબ્રાહિમ	૧૫૩૪	૯૪૧
અલી	૧૫૫૭	૯૬૫
ઇબરાહિમ બીજો ...	૧૫૭૯	૯૭૮

અદુલી—હાલમાં નામ 'ઝુલા.' એબેસિનીયાના પુરાતમ શેહેરમાંનુ આ એક. લાલ સમુદ્રના પશ્ચિમ કીનારા પર તે આવેલું છે. છઠી સદીમાં 'એકસમ'નું એ મુખ્ય બંદર હતું; ત્યાંના લોકો ગુલામગીરી તથા હાથીદાંતનો વેપાર કરતા હતા.

અદેરાજજી—આ લીંબડીનો ઠાકોર ઇ. સ. ૧૭૪૦ ના સુમારે ગાદીએ આવ્યો. એના વખતમાં વઢવાણના ચંદ્રસિંહ ઠાકોર સાથે ધાંધ્રેરડીયા પાસે એક લઢાઇ થઇ હતી, તેમાં અદેરાજજીએ પોતાના થોડા માનસો છતાં શૂરાતનથી ચંદ્રસિંહનો પરાજય કરી કિર્તી મેળવી હતી. મરણ ઈ. સ. ૧૭૬૧ માં નીપજ્યું.

અધમર્ષણ—પ્રાચિન કાળમાં હિંદુઓ ગુન્હાની તોજેશ કરવા આ તપનો જપ કરતા. જરથોસ્તીઓની પતેત પશેમાનીને મળતુ મંત્ર.

અધ્વર્યુ—હિંદુ ધર્મ ક્રિયામાં એ હોતાને મદદ કરનારનું નામ છે. જરથોસ્તીઓની ક્રિયે કરનાર રાથવી યાને જોતીને મદદ કરનારને તે મળતો આવે છે.

અધી—આ સબ્દ મુખ્ય, વડા અધીકારી માટે વપરાયછે. અધી-પતિ. ગામના અધી-

પતિ. જાવામા આ ખેતાબ ઘણો શ્રેષ્ટ ગ-ણાય છે. જેમ કે અધીરાજ યાને વડો રાજ કુંવર.

અધીક માસ—'સહક્રાંતિ' વીનાનો મહિનો. બત્રીસ મહીના સોળ દાહાડા ને ચાર ઘડી એટલા કાળને આંતરે આંતરે અધીકમાસ આવે છે. જે મહીનામાં અધીક બેસતો હોય તે મહીનાને નામે અધીકમાસ ઓળ-ખાય છે. એક નામના બે મહીના થાય તેમાં પેલો તે અધીક માસ ગણાય. અને મળમાસને પુરષોત્તમ માસ પણ કહે છે. ૧૨ વર્ષમાં ચૈત્ર, જેષ્ટ શ્રાવણ એ અધીક થાય છે. ૧૮ વર્ષે અષાડ અધીક થાય છે. ૨૪ વર્ષે ભાદ્રપદ અધીક થાય છે. ૧૪૧ વર્ષે આશ્વિન અધીક થાય છે, અને ૭૦૦ વર્ષે કાર્તિક અધીક થાય છે. આશ્વિન અને કાર્તિક આ બેઉ મહીના અધીક આવે, તો પણ એને અધીક નહિ કહેતાં ભાદ્રપદ સુધી અધીક કહે છે. આ અધીક માસનું માહાતમ ઘણું મોટું હોવાથી તે પાળનારને મોટું પુન્ય હાંસલ થાય છે.

અંધીઆરૂ—આ બોલ સાધારણ રીતે મો-બેદ યાને પાર્સિઓનાં ધર્મ ગુરૂઓને માટે વપરાય છે. અંધીઆરૂ બોલ પાર્સિઓ હિં-દુસ્તાનમાં આવ્યા પછી તેઓમાં અથોરનાન વર્ગ માટે શરૂ થયો હતો.

અંધીયારૂ બોલ અધીયારૂ બોલનો અપ-ભ્રંશ છે, અને અધીયારૂ બોલ અધવર્યુ (હિંદુ ધર્મ ક્રિયામાં હોતાનો મદદગાર.) નો અપ-ભ્રંશ છે. સંજાણ અને દીવ તરફના ગામોનાં હિંદુ ગોરને અધીઆરૂના નામે ઓળખ-વામાં આવે છે.

જેમકે હાલમાં ઇરાન દેશમાં જરથોસ્તી મોબેદોને મુલ્લાં કાઉશ, મુલ્લાં અર્દશીર એમ મુલ્લાના ઇલકાબથી ઓળખવામાં આવે છે, તેજ પ્રમાણે સંજાણમાં પાર્સીઓ નાહાશીને આવી વસ્યા ત્યારે તેમના મોબેદોને તે લોકો પાર્સીઓના અંધીઆરૂ તરીકે ઓળખવા લાગા, તે અધીઆરૂ બોલ પરથી અ ઉપર અનુસ્વાર ઉમેરી અંધીઆરૂ બોલ પ્રચારમાં આવ્યો.

અંધીયારૂ; અધીયારૂ અધ્વર્યુ, અધ્યન એ રીતે એક બોલ અપભ્રંશ થતો છેલ્લા એ બોલ અંધીઆરૂ ને અંધીયારૂ જૂદા જૂદા લોકોના ધર્મ જ્ઞાનીઓ માટે વપરાય છે. પણ પ્રથમ બોલ અધ્યાય (પ્રકરણ) ઉપરથી અધ્યન બોલ નીકળ્યો અને તે ઉપરથી અધ્વર્યુ આ ક્રિયા કરનાર માટે મુકરર થયો. (જુઓ અધ વર્યુ.) હિંદુ ધર્મ ગુરૂઓના મોઢે અધ્યાય હોય છે, તે પરથી તેઓ અધ્યન કરનાર થયા અને ક્રિયા કરવા માંડયાથી અધ્વર્યુ ગણાયા ને એ પ્રમાણે એક બોલ બદલાતો અંધીયારૂ ધર્મનાં અધીકારી, આ શબ્દ મુકરર થયો, તે ઉપરથી પાર્સીઓના ધર્મ ગુરૂઓ માટે અંધીયારૂ બોલ હિંદુસ્થાનમાં પ્રચારમાં આવ્યો છે.

અધીનાથ—એ ગોરખનાથનો બપાવો તથા મછેંદ્રનાથનો પિતા હતો.

અધીશકિત—સર્વ શકિતઓમાં ઉગ્ર સ્વરૂપ વાળી માતા, આ દેવીને ચાર હાથ હોય લાંબી જીભ છે. આ માતા કાળી માતાને નામે પણ જાણીતી છે. એના ગળામાં મનુષ્યના ખોપરીની માળા તેમજ હાથમાંની ખોપરીમાં લોહી ભરેલું હોય છે. આ શકિત ને પ્રસન્ન કરવા આગલા લુટારા, પીંઢારા ઓ કાળા કર્તુક કરવા થકા પ્રથમ મનુષ્યનો ભોગ આપતા અને માનતા કે આ દેવી તેમનાં નિર્દય કામમાં મદદ કરશે.

અધેડો—સફેદ, લાલ અને પાણ અધેડો એવાં ત્રણ પ્રકારના એનાં ઝાડ હોય છે. એના ઝાડ દરેક ઠેકાણે ઉગી નીકળે છે. આ ઝાડની શાખાઓ દાંતન કરવા ઘણી ઉપયોગી હોય છે. અધેડાનો ખાર થાય છે તેને 'અપ્પામાર્ગ ક્ષાર' કહે છે. આ ક્ષારમાં કપડાં સાફ કરવાનો ગુણ છે તેથી એને 'અપા માર્ગ (સ્વચ્છ કરનાર). એવું સંસ્કૃતમાં નામ આપેલું છે. આગલા

વખતમાં ઘાંચીઓ એનો ક્ષાર વાપરતા હતા. અઘેડો ઘણા દુઃખ દર્દો ઉપર ઉપયોગી છે, તેમજ જાનવરોના ઝેર ઉપર પણ અકસીર છે. વૈદ લોકો એને ઔષધી ઉપચારમાં વાપરે છે.

અધેલી—અર્ધો રૂપીઓ યા અર્ધી અશરફી. તેપરથી અધેલી યાને અર્ધો રૂપીઓ. અધેલી યાને અર્ધો આનો. આધપાવ યાને નવટાંક રતલ યા શેરનો આંઠમો ભાગ.

અનક્શા ગોરસ—એનો જનમ કલેઝોમાંની માંના ગ્રીક શેહેર 'યોનીયા' ખાતે ઇ. સ. પૂર્વે ૫૦૦ માં થયો હતો. આ ફીલસુફ એરીસ ટૉતલીસનો ચેલો હતો. આ વિદવાન ઘણી કંગાલ હાલતમાં રહેતો હતો. તાહાડ ઉન્હાળો તેને એઉ સરખાં હતાં અને સદા તે ઉઘાડા બદનથી ફરતો. એવી એની કંગાલીયત અને છતી ઇજ્જતે ચીંથરીયા અવતારે ફરવાનો સબબ તે એમ દર્શાવતો હતો કે હું બીહુંછ કે રખે મારો જીવ મારી સાથે બદ લગામી તથા નાફરમાની કરે અને મને જોરદસ્ત કરી બુરાં કામ કરવાની તરફ લઈ જાય તેથી હું મારા તનને શકિતમાં રાખુ છું. કારણ કે એ મારા તાબામાંજ રહે, તો મને ફાયદો છે." આ ફીલસુફની ઓરત ઘણીજ કજ્યાખોર હતી. એનું મરણ લૅમ્પસીયમ ખાતે, ઈ. સ. પૂર્વે ૪૨૮ માં નીપજ્યું.

અન્કુતો—એસકિવમો જાતની પ્રજાનાં ધર્મ ગુરૂનું એ નામ છે. તેઓ તેમનાં ધર્મ સંબંધી દરેક કામ કરે છે, તેમજ નજુમીપણું પણ જાણવાનું ડોળ ઘાલેછે. ગામમાં કોઈ પરોણો આવ્યો હોય તો તેને આ ધર્મ ગુરૂઓ, જે આદરમાન આપી ગામમાં દાખલ કરે છે તે રીત ઘણી વિચીત્ર છે. પેહેલાં પરોણાને અન્કૂતો તમાચો ખેંચી કાઢે છે, કે તુરત તેનો જવાબ તે પરોણો તેજ રીતે વાળી આપેછે. એ રીતે થોડીક ધોલ થપકાર ચાલ્યા પછી બગલગીરી કરી પોતાના યજમાનનાં પરોણાને આ અન્કુતો મકાનમાં દાખલ કરે છે.

અનંગ—(જુઓ કામ.)

અનંગ ક્રીડાત્કાછંદ—પેહલા ચરણમાં ૧૬ ગુરૂ અને બીજા ચરણમાં ૩૨ લઘુ, તેમાં ૮ અક્ષરે યતીઓનો આ છંદ થાય છે. તેમાં ગુરૂનો ૧ લઘુ થાય ને લઘુનો ૧ ગુરૂ થાય, એમ હેરફેર થતાં અનેક વૃતો થાય છે.
સંપત્તીની વૃદ્ધી થાતાં, ચારે કોરે મોહે લોભે
કઠણુ બરફ પણુ, ગરમી પરસ થકિં,
જળ થઈ વઈ જઈ; જરી ન બરફ પણુ.
કવિ હીરાચંદ.

અનંગટસૂ—નેપાલના રાજ્યમાં આ શેહેર આવેલું છે. આલમોરાની ઉત્તર પૂર્વે ૧૨૯ માઇલ પર છે.

***અનંગપાળ**—વિલન દેવના વંશનો ૧૯ મો રાજા. એ ઇ. સ. ના ૧૩ માં સૈકામાં દિલ્હીની ગાદીપર બેઠો હતો. મહારાજા યુધિષ્ઠીરે વસાવેલું પ્રાચીન ઇંદ્રપ્રસ્થ (જૂની દિલ્લી) મહારાજા વિક્રમાદીત્યે પોતાની રાજધાની ઉજ્જનની શેહેરમાં કરવાથી સ્મશાનભૂમિ જેવું થઇ પડયું હતું, પણ તેને પાછું સજીવન કરનાર રાજા વીલન દેવનામે એક શૂરો રાજપતિ હતો; તેણે ત્યાં ફરીથી રાજગાદી સ્થાપી, અસલી ઇંદ્રપ્રસ્થ એકવાર તાજું કર્યું હતું. તેના ૧૯ માં વંશરાજ અનંગપાળને પુત્રનું સંતાન નહોતું પણ કમલાદેવી અને રૂકમિણી નામે રાજકન્યા હતી. કમળાદેવીને અજમેરના ચહુઆણ રાજા સોમેશ્વર જોડે પરણાવી હતી, જેને પેટે સંવત ૧૨૧૫ માં પ્રખ્યાત પૃથુરાજ ચહુઆણનો જન્મ થયો હતો. બીજી કન્યા રૂકમિણીને કનોજના રાઠોડ રાજા વિજયપાળ સાથે પરણાવી હતી. આ જોડાને પેટે જયચંદ્ર નામે પુત્ર જનમ્યો. એ રીતે પૃથુરાજ ચહુઆણ અને જયચંદ્ર રાઠોડ દિલ્હીશ્વર અનંગપાળના દોહિત્રા થતા હતા. પાછલથી અનંગપાળ વૃધ થતાં બદ્રીકાશ્રમમાં તપ કરવા ગયો ત્યારે પોતાનું રાજ્ય પૃથુરાજ ચહુઆણને આપી ગયો હતો.

અંનગ મંજરી—(જુઓ સંયુકતા.)

અનઘડ—આ. તાલુકો રેવાકાંઠા ઇલાકામાં દોડકામેવાસ એ નામના જીલ્લામાં મહિનદીના કોતરવાળા ભાગમાં છે. એના તાબામાં ૩૬ ચોરસ માઇલ જમીન ને આસરે ૧૦૦૦ માણસની વસ્તી છે. વાર્ષીક ઉપજ સુમારે ૨૦૦૦ રૂપ્યાની છે, તેમાંથી રૂ ૧૭૫૪–૮–૦ ગાયકવાડ સરકારને ખંડણી દાખલ આપવા પડે છે. સપાટ જમીનમાં બાજરી, કોદરા, દીવેલ, કપાસ અને કઠોળ વગેરેની પેદાયશ થાય છે. વસ્તી કોળી લોકની છે. આ તાલુકાના સરદારનાં પૂર્વજો ઘણાં વર્ષથી આ ઠેકાણે વસેલા છે, પણ હાલમાં 'પગી'ની ઓળખથી ઓળખાય છે.

આ તાલુકાના કોળીઓ લુટવામાં ઘણા મશહૂર હતા. ઇ. સ. ૧૮૫૭ ના સમયમાં આ લોકોએ ઇંગ્રેજ સરકારને ભારે તસદી આપી હતી, તેમનાં ભયંકર કૃત્યોથી તે વખત આખા મહિકાંઠાને લગતા મુલકના ગામોમાં ભારે ત્રાસ વ્યાપી રહ્યો હતો. આ કામમાં જેવો આગેવાનો હતા, તેમાનાં એકને તોપે બાંધીને, તથા બીજાને ગોળીબારથી અને કેટલાએકને ફાંસી દઇ મારી નાખવામાં આવ્યાં હતા.

અનઘ્રરઓચાઓ—(જુઓ અને રાન.) (૨) બેહેસ્તના ૭ સ્થાનોમાનું એક. સતરપાય, માહાપાય, ખોરશેદ પાય, અલબુર્જપાય, ગરોથમાનપાય, પશુઅખાન, અનઘ્રરઓચાઓ.

અનજનગામ—નિઝામ હૈદ્રાબાદમાં આ શેહેર છે. તાપતીની દક્ષિણ તરફ એક પાટ ઉપર તે વસાયલું છે. નાગપૂરથી દક્ષિણ પશ્ચિમે ૯૦ માઇલપર અને ઇલીચપૂરની દક્ષિણ પૂર્વે ૪૨ માઇલપર છે. હૈદ્રાબાદની દક્ષિણે ૨૩૧ માઇલપર અને મુંબઇની ઉત્તર પૂર્વે ૩૫૦ માઇલપર છે.

અનઝોન—મોઝંબીક કેનલમાંનું આ એક બેટ છે. જેને જોન બેટને નામે પણ ઓળખવામાં આવે છે. આ બેટ ફળદ્રુપ અને દેખાવે મનોહર છે. એના વચમાંની ટેકડી 'કેનલ'થી ૩,૮૦૦ ફીટ ઉંચી છે. વસ્તી સુમારે ૨૨૦૦૦ ની છે.

અનટીઓક—સિર્યામાં આવેલું આ શેહેર છે. ઓરોનેટસ નદીના મુખની ૨૦ માઇલ ઉપર વસાયલું છે. ઇ. સ. પૂર્વે ૩૦૦ માં સીલેસ્યનની કૉટરે પોતાના બાપના નામ (એન્ટીઓકસ)પરથી એવા ૧૬ શેહેરો બંધાવ્યાં હતાં. એ સિરીયાના રાજ્યનું મુખ્ય શેહેર હતું. રોમન વખતમાં આ શેહેર સિરીયાના ગવરનરનું મુખ્ય મથક હતું. અને મધ્ય મુલકના વેપારનું મુખ્ય ઠેકાણું હતું. હાલમાં વસ્તી સુમારે ૬૦૦૦ ની છે.

ઍનટોનીયો—જેરૂસલમમાં એ નામનો એક મજબુત કિલ્લો છે, કે જેની ઉંચાઇ ૫૦ હાથની છે. આ કિલ્લો મકાબીસે બાંધ્યો હતો.

અનટોનીયો સિલવ્હા—આ પ્રસિદ્ધ વિદ્વાન ગરીબ માબાપને પેટે ઇ. સ. ૧૫૪૦ માં રોમ ખાતે જનમ્યો હતો. મરણ ઇ. સ. ૧૫૯૩ માં નીપજ્યું. એ પોતાની ૧૬ વર્ષની ટુંક વયે 'ફીરારા' ખાતે પ્રોફેસરની પદવિએ ચઢયો હતો. એણે પુશકળ પુસ્તકો રચી પ્રસિદ્ધ કર્યા છે.

અનડરસન એડમ—આ સ્કૉચ પુરૂષનો જન્મ ઇ. સ. ૧૬૯૨ માં થયો. કસટમ ખાતાનો એ વડો હતો. એણે વેપારની તવારીખનું એક મસમોટું પુસ્તક રચી પ્રગટ કર્યું હતું, તે પુસ્તક પાછળથી એટલુંતો પ્રસિદ્ધતા પામ્યું હતું કે, તેની અનેક આવૃતિઓ પ્રગટ કરવી પડી હતી. મરણ ઇ. સ. ૧૭૬૫ માં નીપજ્યું.

અનડરસન અલેકઝાન્ડર—આ ઇંગ્રેજ કુદ્રતી તવારીખ શાસ્ત્રી ઇ. સ. ૧૮૧૩ માં મરણ પામ્યો હતો. એણે 'કારીબિયન'ના બેટોની મુલાકાત લઇ ત્યાંની અજાયબ જેવી વનસ્પતીની તવારીખનાં પુસ્તકો રચી પ્રગટ કર્યા હતાં. ઇ. સ. ૧૭૯૮ માં એણે બાગબાનીનું મોટું પુસ્તક પ્રગટ કર્યું. એના પ્રસિદ્ધ થએલા પુસ્તકોમાં ઘણાએક નવાઇ રોપા તથા ઝાડોની તવારીખ આપી છે.

અનડરસન જેમ્સ—આ પ્રસિદ્ધ સ્કૉચ લખાણઆજનો જન્મ ઇ. સ. ૧૭૩૯ માં એડીનબર્ગ પાસે હરમીસ્ટોનમાં થયો હતો. ખેતીવાડી વિશેના અસરકારક નીબંધો લખનાર, રાજ્યનિતી શાસ્ત્ર જાણનાર તથા કુદરતી વિદ્યામાં પૂરવિણ હતો. એના માત પિતા એને બચપણમાં મુકી મરણ પામ્યા હતા. એ ૧૫ વર્ષની બાળવયથી ખેતીવાડીનાં કામમાં રગડાઇ, ગરીબ સ્થિતિમાંથી મોટે મરતબે ચઢયો હતો. મરણ ૧૮૦૮ માં ૧૫ મી અકટોબરે નીપજ્યું.

અનડરસન જોન—આ જર્મન કાયદા શાસ્ત્રી, ભાષા શાસ્ત્રી અને ભૂગોળ વેત્તાનો જન્મ હેમબર્ગ ખાતે ૧૪ મી માર્ચ ૧૬૭૪ માં થયો હતો. ૧૬૯૭ માં એણે ડૉકટર ઑવ લૉની ડીગ્રી, લીડન ખાતે મેળવી હતી. થોડીક મુદત સુધી દેશાટણ કરીને પોતાનાજ ગામમાં કાયદા શાસ્ત્રીની ઑફીસ કાઢી હતી. ૧૭૦૮ અને ૧૭૩૨ માં એની કામ ચલાઉ ધારા શાસ્ત્રીની જગા ઉપર નેમણુક થઇ હતી. ૧૭૧૧ માં એને ડેનમાર્કના રાજા ૪ થા ફ્રેડરીકની દરબારમાં એલચી દાખલ મોકલવામાં આવ્યો હતો. એણે વિદ્યાજ્ઞાન સંબંધી ઘણાક પુસ્તકો રચ્યાં હતાં. સહુથી વધારે પ્રસિદ્ધ ગ્રંથ એના મોતબાદ પ્રગટ કરવામાં આવ્યો હતો કે, જેનો તર્જુમો ડેનીશ અને ફ્રેન્ચ ભાષાઓમાં કરવામાં આવ્યો છે. મરણ ૧૭૪૩ માં ૩ જી મે એ નીપજ્યું.

અનડરસનજોન—આ સ્કૉચ પ્રોફેસર તથા ગલાસગો યૂનિવરસીટીનો સ્થાપક હતો. એનો જનમ ડનબાર્ટન શાયરમાં ૧૭૨૬ માં થયો હતો. મરણ ૧૭૯૬ માં ૧૩ મી જુને નીપજ્યું હતું.

અનડ્રાડીગોટ—આ પ્રસિદ્ધ પોર્ટુગીજ વીદ્વાન કોઇમ્બ્રા ખાતે ઇ. સ. ૧૫૨૮ માં જનમ્યો હતો. મરણ ૧૫૭૫ માં નીપજ્યું. ટ્રીન ખાતેની કાઉન્સીલમાં તે પ્રસિદ્ધતા પામ્યો હતો. એણે ઘણાએક ગ્રંથો રચી પ્રગટ કર્યાં છે.

અનંત—આકાશ. (૨) વિષ્ણુ, ઇંદ્ર, ઇશ્વર, બ્રહ્મ. (૨) હિંદુઓ અનંત ચૌદશને દહાડે વિધીયે કરીને જમણે હાથે દોરો બાંધે છે તે અનંત (૪) શેષનાગ. (૫) અમર્યાદી. (૬) શ્રાવક લોકોનો એ નામનો ૨૪ માંનો ૧૪ મો તિર્થંક થઇ ગયો છે.

અનતૂન પેશુતેહુવકુરદાજ—પોર્ટુગલનો આ એક તવંગર રહેવાશી હતો. એ પોતાના દેશમાં સખાવત માટે ઘણો જાણીતો થઇ ગયો છે. એને ફકીર લોકોની દોસ્તી અતી મનપસંદ હતી, અને તેઓનાજ મંડળમાં ફરીને તે તરેહવાર જ્ઞાન મેળવી શક્યો. તે સમે જાણીતા માહાત્મા 'નાંધલા બેહેરામની વિદ્વત્તા તથા માહાત્માપણું સાંભળી તેની પાસે કાશમીર જઇ બેહેરામની સેવામાં રહ્યો. એણે બેહેરામ સાથે રહી આત્મજ્ઞાન હાંસલ કરી પોતાના ધર્મનો ત્યાગ કીધો ને ઇશ્વરી ધર્મપર ધ્યાન લગાડી ફકીરી હાલતે રહેવા લાગ્યો. ત્યાર પછી એ હિંદુસ્થાનમાં 'મશીહ' નામથી જાણીતો થયો હતો. ઈ. સ. ૧૭૩૬ માં એ કાશમીરખાતે રહેતો હતો.

અન્દ—અથવા અબ્દ. ત્રીસ વર્ષનું એક કરણનુ વર્ષ થાય છે. અને તેવાં અનેક વર્ષો ૧૫૦૦૦ વર્ષોનો એક અબ્દનો જમાનો ગણાય છે.

અંદમાનના બેટો—એ નામના ચાર બેટો ઘણાંક ઉપદ્વિપો સાથે બંગાલના અખાતની પૂર્વે આવેલાં છે. ઇ. સ. ૧૮૫૭ ના સાલથી હિંદુસ્થાન સરકારના કેદીઓને દેશનીકાલની જે ટેપ આપવામાં આવે છે, તેમને અત્રે રાખવામાં આવે છે. બલારનું બંદર જે દક્ષિણ અન્દમાનનાં પૂર્વે આવેલું છે તે દેશનીકાલ થયલા કેદીઓ માટે વપરાય છે.

લૉર્ડ મેયો અંહીના કેદીઓની હાલત તપાસવા પોતે ગયો હતો, તે વેળા એક અક્ધાન કેદીએ કીનાના ઝનુનથી વહાણ ઉપર ભરાઇ રહી લાગ મેળવી આ ભલા વાઇસરાયનું ખૂન ઇ. સ. ૧૮૭૨ ની ૮ મી ફેબ્રુવારીએ કર્યું.

અન્દમાનના ટાપુમાં વસ્તી જંગલી ટોળી. અન થી ટોળીની એક શાખામાંના છે (જુઓ

અનાર્ય ટોળો.) એમની વસ્તી ૩૦૦ના સુમારે છે. જેઓ હજીવેર તદન જંગલી હાલતમાંજ રહી ગયલા હોવાથી ૧૮૯૪ માં હિંદી સરકારે પોતાના ખરચે તેઓમાંના કેટલાએક મુખીઓને સુધારવા અર્થે, કલકત્તામાં લાવી ફેરવ્યા હતા, પણ આ જંગલી લોકો બીજાઓને કપડાંમાં ઢંકાયલા જોઇ અજબ થઇ સામાં બીજાઓને જંગલી સમજતા. ૧૮૫૭ આગમજ આ જંગલીઓ તદન નગ્ન હાલતમાં રહેતા હતા. તેઓ કાચા માસનો ખોરાક લેતા, તેઓ ખુશાલીની વખતે રાતી અને શોકની વખતે કાળી મટોડી ચોપડતા અને પોતાના બચ્ચાંને તેમના જન્મ આગમજ નામ આપતા જે વહેવારૂ પડતા.

અન્દર—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે એ એક દેવનું નામ છે. કે જે અર્દીબેહેસ્ત અમશાસપંદની સામેનો હરીફ છે. સંસ્કૃત ઇંદ્ર. આર્ય પ્રજા ઇરાનવેજથી જુદી પડી, તે પછી તેમના દેવતાઓને ઇરાનીઓએ દુશ્મન ગણેલાં છે. તેમાંનો આ ઇંદ્ર તે અવસ્તાનો અન્દર છે.

અનદલીબ—આ પક્ષી કદમાં ચકલી કરતાં નાનુ અને ઘણું સુંદર હોય છે. એનો અવાજ ઘણો મોટો અને મધુર હોય છે. ઇરાનમાં આ પક્ષી વસંતનો બહાર બેસવા પેહેલાં પોતાનો દેખાવ દઇ, ગુલાબના ફુલો ઉગી તમામ થાયછે તેની સાથે તે પણ તમામ થયું હોય તેમ મુદલ દીઠામાં આવતું નથી. બીજા પક્ષીઓની માફક એ પક્ષી કદી પકડાઇ શકાતું નથી પણ કદાચ જો પકડાય છે તો તૂરત મરણ પામે છે. આ પક્ષીની ઉત્પન્તિ ઇરાનદેશમાં મુખ્ય કરી થાય છે.

અન્ધકૂપ—તથા **અન્ધતામિત્ર**-આ બે, એકવીસ નર્કમાંના બે છે.

અન્ધ્ખૂહ—અફઘાની તૂર્કસ્થાનમાં આ શેહેર બલખની પશ્ચિમે ૧૦૦ માઇલ પર છે. અંહીની વસ્તી ૧૫૦૦૦ની છે. જેમાં તૂર્કોમાન, ઉઝબેગ, તાઝક નામની મુખ્ય કોમો વસે છે. ઓકસસ નદી મધ્ય પ્રદેશમાંથી વહે છે. તે શિવાય ઝર્રશાન, શેહેર સબ્ઝ, જેક્ષઅરટીઝ નદીઓ પણ છે.

અનન્ત—એના ઝાડ કોકણ પ્રાંતમાં ઘણા મોટાં વિસ્તારમાં વિશાળ ઉગે છે. એના પાંદડાં લાંબા અને જાડાં હોય છે. એનું ઝાડ ઘણુ શોભાયમાન દેખાય છે. એ ઝાડને ફુલો આગસ્ટ માસમાં ગોડિતગીરીના ફુલો જેવાં ઝુમખાદાર આવે છે. આ ફુલો ઘણાજ શોભાયમાન હોય છે. એનો સુગંધ મધુર આવે છે. એની ધોળી અને કાળી એવી બે જાતો છે. એ ઝાડ ઓષધી ઉપચારમાં ઘણું વપરાય છે.

અનન્ત ચતુર્દશિ—આ હિંદુઓનો તેહેવાર ભાદરવા શુદ ૧૪ સને દહાડે આવે છે. આ તેહેવારની ઉત્પત્તી વિશે એવી કથા છે કે, પાંડવો ભાઇના પ્રપંચથી જુગારમાં રાજ્ય ધન હરી અદૂત વનમાં ગયા, ત્યાં કૃષ્ણે પ્રગટ થઈ અનંત ચતુર્દશિનું વૃત કરવા કહી અધીક માસનું મહાત્મ સંભળાવી તે પાળવા કહ્યું જેથી તેમનું ભવિષ સુધર્યું હતું. શ્રી કૃષ્ણે યુધિષ્ટીરને આ વૃતનું માહત્મ સમજાવતાં દાખલો આપ્યો હતો કે આ વૃત યોગે કૌંડિન્ય ઋષિપત્નિ શીળાનો કોઢ દૂર થયો હતો. (જુઓ અનંત.)

અનન્તફંદી—આ કવિનો જન્મ નગર જીલ્લામાં સંગમનેર ગામમાં ઇ. સ. ૧૭૪૪ માં થયો. આ કવિ 'અજુર્વેદી કૌંડીણ્ય ગૌત્રી' ન્યાતનો બ્રાહ્મણ હતો. એના પિતાનું નામ ભવાની બાવા અને માયનું નામ "રાઉબાઇ" હતું. એનું નામ ફંદી એમ પડયું કે આગળ સંગમનેરમાં 'મલીક ફંદી' નામનો એક ફકીર રહેતો હતો; તે ફકીર લોકોને તર્હેવાર ચમત્કારો કરી બતાવતો તેથી તેને ફંદીના નામે ઓળખતા. આ ફકીર સાથે અનન્તને ઘાડી મિત્રાચારી હોવાથી એનું નામ અનન્તફંદી પડયું.

અનન્તફંદી પેહલાં તમાશાઓ કરી ગુજરાન કરતો હતો. એક સમે રાણી અહલ્યાબાઇને

તે તમાશો કરી બતાવતો હતો, ત્યારે અહલ્યાબાઇ બોલ્યાં કે "તમે બ્રાહ્મણ થઇ ઢોંગધતુરા કરો છો તે ઠીક નહિ, માટે પશ્ચાતાપ કરી કોઈ સારો ધંધો કરો." રાણીના આવાં શીખામણના બોલોની અસર તેની ઉપર એટલીતો થઈ કે તેણે પોતાનું ડફ રાણી સામેજ ફાડી નાખીયું ને તે દિવસથી કથાઓ કરવા લાગ્યો. અનન્તફંદીની કટાવો, લાવણીઓ શ્લોકો અને આરતી તથા આર્યાઓ ઘણી એક બનાવેલી છે. એવીમાં બનાવેલો માધવગ્રંથ નામે પુસ્તક પ્રસિદ્ધ છે. આ ગ્રંથ બનાવવાનું કારણ એમ કે, જ્યારે સવાઈ માધરાવ પેશવા મહેલની બારીએથી પોતાને કારંજાપર નખાવી દઇ મરણ પામ્યો, ત્યારે બાજીરાવે રઘુનાથ મારફતે આગલા બનાવોની વિગતો અનન્તફંદી ઉપર લખી મોકલી હતી, તે સઘળી બાબતો ઊપરથી એણે ચરિત્ર રચ્યું હતું. આ ગ્રંથનાં અધ્યાય ઘણા છે. જેમાંના ફક્ત ૬ અધ્યાય હાલમાં કાયમ છે. એનું મરણ ઈ. સ. ૧૮૧૯ માં ૭૫ વર્ષની વૃધ વયે નીપજ્યું. એનો શ્રીમંતફંદી નામનો પુત્ર હતો તેને લોકો સવાઇફંદીના નામે ઓળખતા હતા, કારણ કે તે કવિતાઓ ઘણીજ સરસ રચતો હતો. હાલમાં તેના બે પુત્રો અનન્તફંદી અને ગણપતફંદી હેઆત છે. હાલમાં પણ તેમને વંશ પરમપરાથી મળતું આવેલું વરસાસન રજવાડા તરફથી મળ્યું જાયછે.

અન્નભટ—આ મોટો સિધાન્તી અને ન્યાયી જાતે તેલંગી બ્રાહ્મણ હતો. પેહલા નીજામ અલીખાનના અધીકાર નીચે 'ગરીકપાદ' નામે ગામડું હતું (હાલમાં તે ચિત્તપલ્લીના રાજાના તાબામાં છે.) ત્યાં એનો જન્મ થયો હતો. એનો ઉદય શાલીવાહન શકના પંદરમાં સૈકામાં ચાલુકય રાજાઓનાં વખતમાં થયો. કોંડીણ્યપૂર (કોંડવીડુ) ની પાઠશાળામાં બાર વર્ષ સુધી એ ન્યાયશાસ્ત્ર શીખ્યો. એજ વખતે એણે ન્યાય શાસ્ત્રનું સંપૂરણ જ્ઞાન મેળવ્યું. ત્યાર પછી અભ્યાસ કરનારાઓને ન્યાય શાસ્ત્રમાંના પદાર્થજ્ઞાન તથા સિદ્ધાંત થોડામાં સમજાવવા સારૂં એક સંક્ષિપ્ત ગ્રંથ રચ્યો, તેનું નામ તર્ક સંગ્ર પાડ્યું. એ ગ્રંથ બધેબધ ઘણો પ્રસિદ્ધ છે, અને ન્યાયશાસ્ત્ર શીખનાર પ્રથમ આ ગ્રંથ ભણે છે. અન્નભટે પોતાના દેશમાં ન્યાયશાસ્ત્ર શિખવા સારૂં એક વિદ્યાલય સ્થાપ્યું. તહાં એણે પોતાના શિષ્યોને તર્ક સંગ્રહ, દીપીકા, મુક્તાવળી, અને ગદાધરી એ સર્વ ગ્રંથો અનૂક્રમે શીખવ્યાં. આ પ્રમાણે એનો ઉદ્યોગ ઘણાં વર્ષો ચાલ્યાથી એના વિદ્યાર્થી તે શાસ્ત્રમાં ઘણાં પ્રવિણ થયા. અન્નભટ સુમારે ૫૫ વર્ષનો હતો ત્યારે કેટલાક શિષ્યોને સાથે લઇ શ્રી સૈલમલીક જુતેશ્વરની જાત્રાએ ગયો. જાત્રાથી આવ્યા પછી એણે પોતાની બાકીની જીંદગી ઇશ્વર ભજનમાં ગુજારી. એ કોઈપણ રાજ્યોમાં મદદ થકી ગયો નહોતો, એ કોઈની પણ ભેટ સોગાદો સ્વીકારતો નહોતો. એની પાસે એના બાપ તરફથી મળેલી મોટી દોલત હતી, કે જેનાપર તે પોતાનું ગુજરાન કરતો હતો.

અન્નનાળ—જે નળીમાં થઇને ખોરાક તથા પાણી હોજરીમાં જાય છે તેને ઉપલું નામ આપવામાં આવ્યું છે. એ અન્નનાળ મોંહોડાની બારીના પાછલા ભાગથી શરૂ થાય છે. તે ચામડીની પોચી નળી જેવી હોય છે, અને તે ગરદનમાં થઈને છાતી અને પેટની વચેના પરદાના નાકામાંથી પેટમાં ઉતરે છે, અને પીપડી આગળ હોજરીના ઉપલા મોંહ સાથે લાગેલી હોય છે. એની લંબાઈ સુમારે ૧૨ ઇંચની હોય છે. ગરદનમાં આગળી તરફથી હવા જવાની નળી જેને 'નરડી' કહે છે, તેથી એ અન્નનાળ ઢંકાયલી હોય છે, અને છાતીમાં તે દીલના પરદાની પાછળ તથા મોટી ધોરી નસની અટોઅટ મુકાયલી છે. તેની પાછળી બાજુએ બરડાના કાંટાની આગલી બાજુની હાર લાગેલી છે. અન્નનાળ હવા જવાની નળીની પાછળ મુકાયેલી છે,

તેથી જ્યારે ખોરાક ગળીએ ત્યારે તેનો થોડો ભાગખી હવાની નળીમાં ન જાય તે માટે એ નળીનું મોહ બંદ કરવાને એક નાહનું ઢાંકણું જીભ સાથે વળગેલું હોય છે; જે ખોરાક ગળતી વેળા હવાની નળીનું મોહ ઢાંકી નાખે છે, અને તેના ઉપર થઇને ખોરાક અન્નનાળમાં જાય છે.

અન્નાચ્ચારી—આ કવિ તૈલંગણમાં જનમ્યો હતો. એને પુરાણોમાંની સર્વ કથાઓનું જ્ઞાન હતું. એણે પીતામહ ચરિત્ર નામે એક ગ્રંથ રચ્યો છે કે જેના બે ભાગ છે. તેમાંના વિષયો પુરાણમાંથી લઇને વિશ્વનો ઉત્પન્ન કરતા જે બ્રહ્મદેવ તેનું વર્ણન કર્યું છે.

અન્નપુર્ણા—પાર્વતીનું એક રૂપ. અન્નાચ્છાદાનથી ભરપૂર રાખનાર. એ દેવીની સ્તુતિથી ધનદોલતની વૃધી થાય છે.

અન્યૂબિયસ—આ એક ઇજીપ્શીઅન લોકોની દેવતાઇ મૂર્તિ છે. જેનો દેખાવ ગળાંવેર માણસના જેવો અને માથું શિયાળવાં જેવું હોય છે. હાલમાં ઇજીપ્તમાં જે ખંડીયરો રહેલાં છે તેમાં એક કરંડી કે જે ઉપર 'મમી' મુકવામાં આવે છે તે ઉપર પડેલું જણાય છે. એ ઓસિરીયસ અને ઇસસનો છોકરો હતો. એમ કહેવાય છે કે તે મિનોઇ દુન્યામાં ચાલી ગએલા આત્માનો રખેવાલ છે. એના કામો અને શક્તિ ગ્રીક હરમસ અને રોમન મરક્યુરી સાથે સરખાવવામાં આવે છે. કોહોલું એનું સુચિત્ર ચીંત્ર છે. પુરાતમ વખતથી ગ્રીશયન લોકો એને માનતા આવેલા છે, એ પ્રમાણે પુરાતમ વખતમાં એ મૂર્તિની પૂજા ચાલતી હતી.

અનરાધાપૂર—આ લંકાનું પુરાતમ પણ હાલમાં નાશ પામેલું શેહેર છે, કોઇ એને અનરાજ અથવા અનરાજપૂરા પણ કહે છે. અંહી બુદ્ધના મંદીરો ઘણાં છે કે જે ઈ. સ. પૂર્વે ૩૦૭ થી ૩૭૬ વેરમાં બાંધવામાં આવ્યા હતા. એનું ખંડીયર ૧૬ ચોરસ માઇલ સુધી ફેલાયલું છે.

અનશોતાગીહા--આ ચીનમાં ઉગતું એક અજાયબ જાતનું ઘાસ છે. જેનો આકાર મનુષ્યના આકાર જેવો હોય છે.

અનસરો—આ અનસરીના ખાનદાનીઓની મોટી વસ્તી કેરમાનીયા અને સીરિયામાં છે. તેઓ શેખના ખાનદાનથી ઉતરેલા છે, તેમજ અલીને માને છે. આ ખાનદાનના પુરૂષો બીજા ટોળાંઓ કરતાં વધારે શ્રેષ્ટ ગણાય છે.

અનસરી—આ બલખનો રહિશ અબુલ કાસીમ અનસરીના નામે જાણીતો થયો છે. એ પોતે ગઝનીની દરબારમાં શાએર તરીકે જાણીતો થઇ ગયો છે. એ અબુ ફરશ સનજારીનો ચેલો તથા અસજાદી અને ફરરૂખનો શિક્ષક હતો. એ પોતાના વખતમાં એક મોટા વિદવાન શાએર તરીકે પ્રસિદ્ધતા પામી ગયો છે. એણે પોતાના વખતની ઘણી ખરી ભાષાઓમાં કવિતાઓ રચી છે, ગીઝનીની પાઠશાળામાં ભણેલા ૪૦૦ શાએરો, વિદવાનો અને વિદ્યાર્થીઓ એને પોતાના શિક્ષક તરીકે માન આપતા હતા. એણે રચેલા દીવાનમાં ૩૦૦૦ બયતો દાખલ કરી હતી. 'દોલતશાહ'ના લખ્યા મુજબ એનું મરણ મહમદના પુત્ર ૧ લા સુલતાન મસુદના અમલમાં ઇ. સ. ૧૦૪૦ હી. સ. ૪૩૧ માં નીપજ્યું હતું. ડૉ૦ સ્પ્રીંગર લખે છે કે, એનું મરણ ઇ. સ. ૧૦૪૯, હી. સ. ૪૪૧ માં નીપજ્યું હતું.

અનહોમા—જરથોસ્તી એતેકાદ પ્રમાણે એ પેહેલી પેદા થયલી શક્તિનું નામ છે. તેમજ એ ઇન્સાનના બદનમાં રહતું એક નામ છે. (૨) એ અસપંદીઆરના છોકરાના છોકરાનું નામ.

અનહોમાયાન—આ પુરૂષ ખુશરૂ પરવેજનો પિતા. એ હોરમજદની ઓલાદનો હતો.

અનાઇતિસ—(જુઓ અનાહિત.)

અનાક્રીયોન—ગ્રીકનો આ પ્રસિદ્ધ કવિરાજ એશિઆ માઇનરમાં આવેલા 'થીસોસ'માં જનમ્યો હતો. ઇ.સ. પુર્વે ૫૩૦ માં તેનો કાળ ગણાયો છે. એના કા૦ યોં ગર રસીક તથા રમુજથી ભરપૂર છે.

અનાકુરૂ—આ ઝાડ પશ્ચિમ હિંદુસ્થાનમાં ઉગે છે. અનાકુરૂ આ તામીલ ભાષામાં નામ છે. એના ઝાડ ૩૦ ફીટ ઉંચાં વધે છે અને તે ઘેરાવામાં ૧૮ ઇંચ હોય છે. દેશીઓ એનું લાકડું ઝુપડાં બાંધવાનાં કામમાં લે છે.

અનાખશીમાન્દર—આ ફીલસુફનો જનમ ઇ. સ. પૂર્વે ૬૧૦ માં 'મિલીટશ' ખાતે થયો હતો. એ આયોનીયન પાઠશાળાનો એક વીદવાન હતો. ભૂગોળ વિદ્યાના નકશા પ્રથમ એણેજ બનાવ્યા હતા, અને સૂર્ય મંડળનો માર્ગ પણ એણેજ શોધી કાઢયો હતો. સેતારાઓમાં તફાવત તથા કદ વિશે એણે એક નાનો ગ્રંથ બનાવ્યો હતો. એની આગમજ કોઈ પણ ગ્રંથ રચાયો નહોતો. એ ગણીત શાસ્ત્ર ઉપર ઘણો ફીદા હતો તથા એણે ભૂમિતીના કેટલાક સીધ્ધાંતો શોધી કાઢયાં હતાં. મરણ ઇ. સ. પૂર્વે ૫૪૭ માં નીપજ્યું.

અનાખશી મીનશ—આ ફીલસુફનો જનમ ઈ. સ. પૂર્વે ૫૫૬ માં થયો હતો. એ અનાખશી માંન્દરનો વડો ચેલો હતો. અનાખશી માન્દરના મોત બાદ એ તેનો વારેસ ઠર્યો હતો.

અનાજ—અસલી ઇરાની મેહાબાદી ટોળાના વખતમાં ફળ ફળાદી ઘણી પેદા થતી હતી. જમશેદના વખતમાં તથા આર્ય જમાનામાં અનાજની વાવણી થતી હતી. ઇરાનમાં ઈ. સ. પૂર્વે ૮૦૦૦ વર્ષ પર પેહેલવેહેલું અનાજ વાવવામાં આવ્યું હોય એમ જણાય છે. દુન્યા ઉત્પન્ન થયા પછી પરમેશ્વરે માણસ જાતને પોતે અનાજની વાવણી કરવાનું બતાવ્યું હતું એવી દંત કથાઓની શાહદતો મળી આવે છે. મિસર દેશમાં એમ માનવામાં આવે છે કે ઈ. સ. પૂર્વે ૨૪૦૯ ના સાલમાં એરીસ નામની દેવીએ અનાજનું પેહેલ વેહેલું વાવેતર કીધું હતું, અને એ હુન્નર તેણીએ લોકોને શીખવ્યો હતો; માટે તેના મરણ પછી તેઓ તેની મૂર્તિ બનાવી પુંજા કરવા લાગ્યા હતાં. ચીનાઓના કહેવા મુજબ ઇ. સ. પૂર્વે ૧૯૯૮ માં ચીંગનુંગા નામના પાદશાહે ખેતીનો તથા ઘઉંમાંથી રોટલી, અને ચોખામાંથી દારૂ બનાવવાનો હુન્નર શોધી કાઢયો હતો. ૬ ઠી સદીમાં ઈંગ્લાંડમાં પેહેલ વેહેલાં ઘઉં દાખલ થયાં હતાં.

અનાજી—માયસોરના રાજમાં આ શેહેર એજ નામના પ્રગણાનું મુખ્ય શેહેર ગણાય છે. ચીતલ ડ્રૂગથી સાવનૂરના માર્ગમાં આવેલું છે. ચીતલ ડ્રૂગથી ઉત્તર પશ્ચિમ ૨૮ માઇલ પર અને સાવનૂરની દક્ષિણ પૂર્વે ૬૦ માઇલ પર છે.

અનાદેવી—આ હિંદુઓની દેવીઓમાંની એક. આ દેવી મનુષ્યનું રક્ષણ કરે છે. રજપૂતો જમવા આગમજ એને નીવેદ આપે છે.

અનાન્તાગીર—નિજામ હૈદ્રાબાદનું આ ગાંમ ગનટુરની ઉત્તર પશ્ચિમે ૬૦ માઇલપર છે.

આનાન્તાપુર—માયસોરના રાજ્યમાં આવેલું આ શેહેર ઈંગ્રેજ સરકારના તાબામાં છે. શ્રીરંગા પટમની ઉત્તર પશ્ચિમે ૧૫૦ માઇલપરછે.

અનાપા—કાળા સમુદ્રપર રશીયન સરકેશીયાને લગતું આ એક બંદરવાલું શેહેર છે. જોકે તે નાહાના વાહાણો લાયકનું બંદર છે તોપણ મોસમમાં અહીં મોટો વેપાર ચાલે છે.

અનાબર્ગ—સેકસનીમાં આ એક ખાણોવાલું શેહેર છે. આ શેહેર ફ્રીજબર્ગના દર્યાની સપાટીથી ૨૮૦૦ ફીટ ઉંચે આવેલું છે. ખાણોમાં ચાંદી, કથીર, કોબાલ્ટ નામની ધાતૂ નીકળે છે. અત્રે લેસ અને રેશમની તર્હેવાર બનાવટોના કારખાના છે. વસ્તી ૭૭૯૦ ની છે.

અનામ—એશિયાને લગતો આ એક દેશ છે, કે જે કોચીન ચાઇનાની દક્ષિણે અને હિંદુસ્થાનના પૂર્વ ભાગમાં આવેલો છે. એમાં ટાનકિવન, કોચીન ચાયના અને કાંબોડિયાનો ભાગ આવેલો છે. 'હ્યૂ' નામની નદી ઉપર એજ નામનું રાજધાની શેહેર આવેલું છે. આ નદી ટાનકિવનના અખાતમાંથી વહે છે. એનું ક્ષેત્રફળ ૧૫૦,૦૦૦

ચોરસ માઇલનું છે. અત્રેવસ્તી ૧૨૦,૦૦૦૦૦ થી તે બે કરોડ વેર અંકાયલી છે. અહીંના રાજાની ૧૦૦ બાઇડીએ છે, જેમાં પાંચ મુખ્ય છે. તે પાંચને માથે આંગલાના નખની સંભાળ લેવાનું કામ સોંપેલું છે કે,જે નખો નામદારના આંગળા જેવડાંજ લાંબા છે.

અનાર--દાઢમને ઇરાનમાં અનાર કહે છે. (જુઓ દાઢમ)

અનારકીસ્ટ--આ નામ હેઠળ જાણીતી થએલી યુરોપમાં એક નાસ્તીક ટોળી છે. જે ટોળીવાલાઓએ પોતાનો પંથ ફેલાવવામાં ઠીક ફતેહ મેળવી છે. તેઓમાં ભિખારી, બેકારલોકો શામેલ છે. તેઓ ખુદાને માનતા નથી તેમજ કોઈ સત્તા પણ ગણકારતાં નથી. તેઓ દેશના રાજાને પ્રજાને તથા પોતાના ભાઇબંદોને વડીક માન આપતા નથી. તેઓને વાઘ, વરૂ સરખા ફાડી ખાનારા જાનવરો સાથ સરખાવ્યાં હોય તો તે ખોટું કહેવાશે નહિ. જેમ જાનવરો માણસોને તથા બીજાં જાનવરોને મારી ફાડીને ખાઇ જવા શિવાય બીજું કાંમ કરી શકતાં નથી તેમ અનાતકીસ્ટોનું કાંમ પણ માણુસોને તથા બીજાઓની માલ મીલકતોનો નાશ કરી નાખવા શિવાય બીજું જોવામાં આવતું નથી; પણ અનારકિસ્ટો વાઘ, વરૂથી પણ ચઢતા જણાયલાં છે. પેલા ક્રુર જાનવરો જ્યારે ધરાયલાં હોય છે ત્યારે કોઇને છેડવાથી દુર રહે છે, પણ અનારકીસ્ટવરૂ તો કશી રીતે ન ધરાતાં જ્યાં સુધી જોગવાઇ મળે ત્યાં સુધી ખાનાખરાબીના કામો કરતા જાય છે.

આગલા ઇરાની પાદશાહ નોશીરવાનના પિતા કોબાદના વખતમાં મજદકી ધર્મ ફેલાયો હતો, તે ધર્મને આ લોકોનો નાસ્તીક પંથ મલતો આવે છે. અનારકિસ્ટો બધી પ્રજાને એક સરખી હાલતમાં રહેલી જોવા ઇચ્છે છે. તેઓ પૈસાદારોને, સત્તાવાળાઓને તથા રાજકર્તાઓને ધીક્કારે છે. તેઓ મનુષ્યનું સુખ અનીતીમાં સમાયલું જોવા ઇચ્છે છે. અનારકિસ્ટોનું મંડળ જોખી નાહાનું છે તોપણ તેઓએ જે ખાનાખરાબીઓ આજ વેર કીધી છે તે ઘણી મોટી ભયંકર અને મોટા વિસ્તારમાં કરી, કરતા જાય છે.

અનાર્ય ટોળા--હિંદુસ્થાનનાં આગલા વતનીઓ અનાર્યના નામે જાણીતાં હતા. તેઓ લખવાનો હુન્નર જાણતા નહિ હોવાથી તેઓ પોતા વિશે કાંઇપણ હકીકત લખીને રાખી ગયા નથી. તેઓમાં મડદાં દાટવાની ચાલ હતી અથવા તેનાપર સમાધી બાંધતા હતા. તેઓનો ધંધો શીકારનો હતો, તથા તેમનો ધર્મ દૈત્યો પુજવાનો હતો. તેઓને આર્યવૃતના આગલા આર્યન લોકો દૈત્ય, રાક્ષસ, અગ્નિમાં ભંગ કરનારા, દેવ વગરના કદરૂપા ગણી હિણતા હતા. તેઓની જાત હિંદુસ્થાનની કોઈ સૌથી પેહેલી વસાહાત કરનારી નહોતી. એઓ દક્ષિણ તરફથી ચઢી આવ્યા, યા ઉત્તર તરફથી તે ચોકસ નથી; તોપણ ઉત્તર તરફથી આવ્યા હોયે એવું ચોકસ અનુમાંનછે. તેઓએ આવીને 'માહાર' નામની પ્રાચીન જાતને હાંકી કાઢી પોતે અહીંના વતની થયા. તેમના પછી આર્ય ટોળો ધશી આવ્યો, તે સહુથી વધારે ડાહાપણવાલો, ભણેલો અને લઢવૈઓ હોવાથી તેણે આ ટોળાને વીખેરી નાખી તાબે કીધો અને પોતે રાજ્ય કરવા લાગા. વેદના મંત્રમાં તેમના ૭ ગઢ અને ૯૦ કિલ્લાઓ વિશે વર્ણન કરેલું છે. 'આર્ય લોકે પાછળથી અનાર્ય લોકો સાથે સંધી કરી, અને હિંદમાંના કેટલાક અતી બળવાન રાજ્યોપર અનાર્ય રાજા અમલ ચલાવતા હતાં. અનાર્ય લોકો ધર્મવિધી વિનાના અથવા પરલોકના અભિલાષા વિનાના નહતા. દક્ષિણ હિંદમાં આર્ય લોકે સ્વારી કરી તેનું વર્ણન રામાયણ નામે સંસ્કૃત વીરરસ કાવ્યમાં છે, તેમાં એક અનાર્ય સરદારે પોતાના લોકોને વિષે કહ્યું છે કે તેઓ ભયંકર ઝડપથી દોડનાર, લઢાઇમાં હટે નહિ એવા અને રંગે ઘનસ્યામ છે.'

આર્ય લોકે આવી તેમને સપાટ પ્રદેશોમાંથી હાકી કઢ્યા, ત્યાર પછી તેઓએ પોતાના રહેઠાણો જંગલમાં બનાવ્યાં; તેઓને આજે આપણે નીચામાં નીચી સ્થિતિથી ઉંચી સુધરેલી સ્થિતિમાં જોઈએ છિયે. તેઓ જૂદે જૂદે ઠેકાણે વેંહેચાઈ જૂદી જૂદી વિચિત્ર રીતભાતો પાળતા જણાયછે.

૧ લો ટોળો—અન્દમાનના ટાપુઓ તરફ ગયો. તેઓ વિશે આરબ તથા પ્રથમના યુરોપી વહાણવટીઓએ તેમને શ્વાનમુખા અને માણસને ખાનારા લખ્યા છે. આ ટોળો ૧૮૫૭ વેર તદન નગન સ્થિતીમાં રેહેતો હતો. તેઓ કાચા માસનો ખોરાક લેતા, તેઓ ખુશાલીની વખતે શરીરે રાતી અને શોકની વખતે કાળી મટોડી ચોપડતા. તેઓ પોતાનાં બચાંને તેમના જનમવા આગમજથી નામો આપતા જે નામો સામાન્ય જાતીમાં વેહેવારૂ પડતા.

૨ જો ટોળો—મદ્રાસ ઇલાકાના દક્ષિણ ભાગમાં 'અનમૈલ' નામે ડુંગરોથી ઘેરાયલી જગોમાં જઇ વસ્યો. તેઓમાં ચાર જાતો છે. 'પુલીઅર' નામે લાંબા બાલવાલા ને જંગલી દેખાવના લોકો જંગલી જાનવરો ખાઇ નિર્વાહ કરે છે, અને દૈત્યો પુંજે છે. 'મુન્દવેર' નામની એક બીજી જાત છે તે કોઇ ઠેકાણે સંતાઇ ઘર કરીને ન રેહેતાં પોતાના ઢોર સહીત છેક અંદરના ભાગના ડુંગરોમાં ભટકેછે. તેઓ કોતરોમાં કે પાંદડાની મરડીમાં રહે છે અને તેની તે જગ્યાએ ભાયગે એક વરસથી વધારે રહે છે. જાડા હોઠ અને નાના શરીરવાલી ત્રીજી 'નેર' નામની જાત છે, તેઓની સ્ત્રીઓ ગમે તેટલા પતી કરી શકે છે. તેઓમાં પોતાના બેટાને વારસો આપવાનો રેવાજ નથી, પણ તેઓ પોતાની બેહેનની દીકરીને આપે છે. ચોથી 'કદર' નામની જાત છે, જેઓ ઠીંગણાં ચપળ, અને જબરા શેકારી હોય છે. તેઓ બીજી જંગલી જાતો પર સત્તા ચલાવે છે. પ્રાચીન અનાર્ય લોકો તેમના શબને દાટી તેઓ ઉપર પથ્થરની સમાધીઓ બાંધતા.

૩ જો ટોળો—વિંધાચળ પર્વતોમાં જઇ વસ્યો. તેઓની ઉત્તર અને દક્ષિણ હિંદની વચ્ચે આવેલા ડુંગરાળ પ્રદેશમાં વગડાઉ જાતો વસે છે. એ જંગલી જાતોમાંના સૌથી જાણીતા કદાચ ભીલ લોકો છે. તેઓ નર્મદા નદીને છેક ઉત્તરે ઉદેપુર સંસ્થાનથી મુંબઇ ઇલાકાની ખાનદેશ એજન્સી લગી ગયલા વિંધ્યા પર્વતમાં રહે છે. તેઓ બકરાં અને ઘેટાંના ટોળાં લઇને જંગલના પાહાડી પ્રદેશોમાં ભટકતા ફરે છે, અને શિકાર વડે તથા જંગલની સ્વાભાવિક નીપજ વડે જેમ તેમ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ઉદેપૂર સંસ્થાનમાં તેઓ નાના ઝુપડા બાંધીને વસ્યા છે. આખા ગામ પર દુશમનો એકદમ છાપો મારી ન શકે તેટલા માટે દરેક ઝુપડું જૂદી જૂદી ટેકડી પર બાંધેલું છે. હરકોઇ એક કુટુંબને પકડી શકાય, પણ તે કિકીઆરીઓ કરેછે તે પરથી બાકીના કુટુંબોને ભયની સુચના મળે છે કે, થોડા વખતમાં લઢાઇની 'રાડ' એક ટેકરીથી બીજી ટેકરી સુધી ફેલાઈ જવાથી બધા ભીલો હથીઆરબંદ થઇ તૈયાર રહે છે. આ જંગલી જાતોને સર જેમ્સ ઔટ્રામે કબજે કરી સુધાર્યાં હતા. હાલમાં એ જાતને સરકારે વિશવાસુ સીપાઇ બનાવ્યાં છે.

૪ થો ટોળો—આ ઓરીસાની જાત છે. ઇ. સ. ૧૮૬૦ વેર એ લોકોના બૈરાં વગર વસ્ત્રે ફરતા અને કેડે મણકાની માળા બાંધી આગળ પાછળ પાંદડાનો ઝુમખો રાખતા. ઇ. સ. ૧૮૭૧ માં ઇંગ્રેજ અમલદારે એ ટોળીના બધા બાઇડી મર્દોને એકઠાં કરી બોધ કીધો. અને ભાષણ પુરૂં થયા કેડે બઇરીને પેહેરવાને લુગડાનો એક એક કટકો આપ્યો, તે તેઓએ ખુશીથી પેહેરી પાંદડાના ગુચ્છાઓને બાળી નાખ્યા.

૫ મો ટોળો—હિમાલયના ઢાળ અને નાકામાં

અનેક અનાર્ય ટોળાઓ વસે છે. આસામના કેટલાક ડુંગરી લોકો પોતાની ભાષામાં પણ બરાબર કેળવાયલા નથી. તેઓ આળશી, કાળા અને વિકાળ હોય છે. આગલા વખતમાં તેઓ આસપાસના ગામડાઓ લુટી પોતાનો નિર્વાહ કરતા. હમણા દર વર્ષે કપડાં, ચાચવાં. અને અનાજ આપી સીમાડાનો બંદોબસ્ત રાખવાનું પોલીસના જેવું કામ તેઓને સોંપ્યું છે. પૂર્વે તેઓ શું કામ કરતા હતા તે તેમના હાલનાં નામ પરથી જણાઇ આવે છે. આસામમાં 'અકસ' નામે જાત છે તેમાં બે ટોળીઓ છે તેમાંની એકના નામનો અર્થ 'હજાર ચુલાનો ખાનાર' છે; અને બીજીનો અર્થ 'કપાસના ખેતરમાં સંતાઇ રેહેનાર ચોર'' છે.

૬ ઠો ટોળો—બંગાલના ડુંગરી મુલકમાં જઇ વસ્યો જે સુધરેલો ટોળો છે, તેમની સંખ્યા ૧૦,૦૦૦૦૦ દસ લાખની છે. તેઓએ જોકે આગલી જંગલી રીતનો ત્યાગ કર્યો નથી તોપણ તેઓ કીસબી ખેડુત બની સ્થાઇ વસ્તી કરી રહ્યા છે. તેમના ગામનો બંદોબસ્ત એક મુખી પટેલ કરેછે, જેના બીજા મદદગારો હોયછે. પટેલ જે બી શિક્ષા કરે તેને તેઓ શરણ થઇ માન આપેછે. તેમનામાં ૧૫ થી ૧૭ વર્ષની ઉમર પછી સ્ત્રી પુરુષો લગનના પવિત્ર ગાંઠથી જોડાય છે. તેઓ પોતાની સ્ત્રીને માન આપેછે; અને જો તેણી વાંઝણી હોયતોજ બીજી બાયડી પરણે છે. તેઓ પોતાના મડદાંને ક્રિયા સહિત બાળી, મડદાનાં માથાની ખોપરીના ત્રણ કકડા કરી તેને પવિત્ર મનાતી 'દામોદર' નામની નદીમાં નાખે છે. તેઓ ભૂત પીશાચ, વંનત્રી અને રાક્ષસોને માનેછે. તેઓ આગળ લુટફાટ કરી પોતાનો નિર્વાહ ચલાવતા હતા, પણ અઢારમી સદીની આખરીમાં ઇગ્રેજ સરકારના અમલ દરમ્યાન તેઓ આબરૂદાર ખેડુત થઇ વસવા લાગા. તેઓએ ખેતીવાડીમાં પોતાનો વખત ઠીક ગાળવા માંડયો હતો, પણ બ્યાજખાઉ સાહુકારોના જુલમથી તેમની સ્થિતિ ઘણી તંગ થઇ પડી હતી. તેઓ પિતાના મોત બાદ તેનું કરજ ફેડવામાં પુત્ર મોટું માન સમજતો હોવાથી પોતાના વડવાનાં ચઢેલા કરજો ફેડવા જતાં પોતે તદન પાયમાલ થઇ ગયા. સેવટે તેઓએ ખેતરો છોડી જંગલોનો રસ્તો લીધો. ઇ. સ. ૧૫૪૮ માં ત્રણ ગામના લોકોએ નિરાશ થઈ પોતાના ખેતરો છોડી નાહાશી ગયા અને ઇ. સ. ૧૮૫૫ માં પોતાનાં તીરકામઠાં સહિત ત્રીસ હજાર સંતાલો પોતાની હાલત ગવરનરે જનરલને જણાવવાને કલકત્તે આવવા નીકળ્યા. તેઓ સુલ્હેભરી રીતે આગળ વધવાના વિચારથીજ વધ્યા હતા, પણ લાંબો પંથ ને વેઠવા પડતા ભુખમરાને લીધે લુટફાટ કરવાની તેમને ફરજ પડી. તેથી ઘણો રકતપાત થયોઃ પણ છેલ્લે તેમને દાદ મળી અને પાછા તેઓ આબાદાનીમાં મહાલે છે.

૭ મો ટોળો—કંધ, એ ટોળો ઓરીસાના ડુંગરી પ્રદેશમાં ૧૦૦૦૦૦ ની સંખ્યામાં વસે છે. તેઓ ખેતીનો ધંદો જ્યાં વેર જમીનમાં કસ હોય ત્યાં વેર કરી, ગમે તે તરફ થોડે થોડે વર્ષે ફરતા રહી ગામો વસાવતા રહેછે. તેઓમાં સ્ત્રીને જમીનદાર થવા દેવામાં આવતી નથી, તેથી જો કોઇ નરવારસ વિના મરણ પામે તો તેની જમીન ગામના મુખીઓમાં વેહેચાઈ જતી. તેઓમાં ખૂન કરનારને તેનું ખુન રેડી સજા કરવામાં આવતી. અને કોઇક વાંધા માટે દ્વંદયુદ્ધ કરવા તેઓ ઘણાં તતપર રહેતા. એ રીત ઇંગ્રેજ સરકારે ઇ. સ. ૧૮૩૫ થી બંદ પાડી છે, અને હાલમાં તેઓ આબાદ સ્થિતીમાં છે. કંધ લોકોની લગ્ન રૂઢી એવી છે કે ઉજાણીમાં યા જમનવારમાં લોક મળ્યા હોય તે સમે બળાતકારે કન્યાને લઈ જવી એ કંધ લોકોનું લગનછે. વંરનો બાપ તે કન્યાનું મૂલ આપે છે અને વર કરતાં વહુને ઉમરે અને કદે વધારે પસંદ કરવામાં આવે છે. એ પ્રમાણે એઓમાં ૧૧ વર્ષની

વયે છોકરો પંદર વર્ષની કન્યા સાથે પરણે છે. એમ હોવાથી સ્ત્રીની સત્તા વર ઉપર વધારે ચાલેછે. કંધ લોકોમાં જાતી ભેદછે. તેઓ માણસનો ભોગ દરવર્ષે આપતા અને તેથી પાક સારો ઉતરશે એમ માનતા; એ રીત હાલમાં બંદ પાડવામાં આવી છે.

દુન્યામાં ઘણા દેશોમાં જંગલી જાતોને સુધરેલી જાતોએ કચરી નાખી છે, પણ ઈંગ્રેજી અમલ તળે આ અનાર્ય ટોળો દીન પ્રતિદીન વધતો જણાય છે, તેઓ હાલમાં સારી સ્થિતિમાં છે. તેઓ સ્વભાવે માયાળુ અને નીમકહલાલ જણાયલાં છે. તેઓએ ઇંગ્રેજ સરકારની નોકરી ઈમાનદારીથી કરી છે. તેઓએજ દક્ષિણ હિંદ બ્રિટીશોને જીતી આપ્યું. જે પ્લાસીના સંગ્રામથી બંગાળ દેશ જીતાયો તેમાં પણ તેઓ લઢ્યા હતા. તેમનાજ પ્રતાપે બ્રિટીશે હિંદપર પૂર્ણ સત્તા ફેલાવી.

અનાવલા—સૂરત જીલ્લાનાં તથા પડોસના વડોદરાના મુલકનાં આસરે ૧૫૦૦૦ મળી ને ૪૧૧૫૮ ખેડુતો દક્ષિણ ગુજરાતમાં સર્વોપરી ગણાય છે. સૂરતની પૂર્વમાં ૨૦ મૈલ ઉપર અનાવલા ગામ છે ત્યાં તેઓનો મૂળ વાસ હતો. તેઓ ભાઠેલા કે મસતાન એ નામે પણ ઓળખાય છે. તેઓમાં ભિક્ષુક કોઇજ નથી, સઘળા ધંદાદારીઓ છે. તેઓની ગણના અજુર્વેદી ને શૈવમાં થાયછે. તેઓ ઉદ્યમી, સંતોષી ને સાહાસીક હોયછે, તેઓમાં ઘણાક હજી ખેતીવાડી કરી તેપર નિર્વાહ કરેછે ત્યારે બીજાઓ નોકરી, ધંધો તથા મેહેતાગીરી કરી પોતાનું ગુજરાન કરેછે. સંસારી સ્થિતીએ અનાવલા દેસાઈ ને ભાઠેલા એવા બે વર્ગ કહેવાય છે. પેશવાઇ અને ઇંગ્રેજીની શરૂઆતમાં કેટલાએક અનાવલાઓ મુલખની ઉપજ ઉઘરાવનારા કે તેના ઈજારા રાખનારા કે ગામોની સંભાળ રાખનારા અધિકારી હોવાથી 'દેસાઇ' એ નામ ધરાવતા થયા. કેટલાએક ઘણા સત્તાધારીઓ અને તાલુકદારો થઇ ૨૦૦ થી ૩૦૦ હાલી ગુલામ રાખતા હતા. ૧૮૦૩ થી ૧૮૧૦ દરમ્યાન તેમની સત્તા સરકારે છીનવી લેવાથી તે દેસાઇઓ તદન નીરાધાર થઇ ગયા. તેઓમાં લગ્ન સમારંભમાં ભારે ખર્ચ કરવામાં આવે છે તેમજ છોકરીના બાપને ઘણું તણાવું પડેછે. તેઓમાંના ભાઠેલા વર્ગની હાલત ઘણી સુધરી છે; તેઓ ખરચ ખુટણમાં ઘણાં ચોક્સ હોવાથી હાલમાં તેમની હાલત સારી હોવાને લીધે તેઓ જમીનદારો છે.

અનાવારામ—મદ્રાસ ઇલાકાના વિજગાપટમમાં આવેલું તેનીજ ઉત્તર પશ્ચિમે ૨૫ માઇલપર છે, અને વીજંગા નગરની દક્ષિણ પશ્ચિમે ૩૯ માઇલપર છે.

અનાસર—એ એક તત્વ છે, કે જેનું મૂળ યજદાન છે. સાધારણ રીતે ૪ અનાસરો પ્રજાની જાણમાં હતા. (જમીન, પાણી, હવા અને આતશ.) પણ થોડી મુદત થઇ યુરોપીઅન વિદ્વાનોએ પાંચમું અનાસર ઇથર ('આકાશ' એ હિંદુ ફીલોસોફી પ્રમાણે) કે જે ખુલ્લી આંખે જણાતું નથી, તે શોધી કાઢ્યું છે. ઉપલા પાંચ શિવાય બીજા બે અનાસરો હસ્તી ધરાવે છે. પણ હજી તે પ્રગટ રીતે વિદ્વાનોને જણાયાં નથી; પણ વખત જતાં તેઓ શોધી કાઢી શકે એ બનવા જોગછે.

ઉપલાં પાંચ અનાસરોને, ઇદ્રીઓ સાથે પાધરો સંબંધ અસર શક્તિને લીધે છે, તે નીચલા મુકાબલાથી જણાશે.

તત્વ	ખાશીઅત	ઇંદ્રી
આકાશ	શબ્દ	કાન
હવા	સ્પર્શ	ચામડી
આતશ	રૂપ	આંખ
પાણી	રસ	જીભ
જમીન	ગંધ	નાક

બાકીના જે બે અનાસરો હજી પ્રગટ થયાં નથી તેમની સાથે તાલુકો ધરાવતી આપણામાં હાલની પાંચ ઇંદ્રીઓ ઉપરાંત બીજી બે ઇંદ્રીઓ છે, જેઓ હાલમાં માણસમાં મંદ કે સૂરત હાલતમાં છે, એમ

વિદ્વાનોનું મત છે. તેને ઈંગ્રેજીમાં ક્લેર વાઇન્સ અને ક્લેર ઑાડયન્સ' યાંને અતી દૂરનુ જોવું અને અતી દૂરનું સાંભળવું છે. ક્લેર વાયન્સની શકિત ચોક્કસ પ્રયોગોથી મેળવી શકાય છે; તોપણુ તે શકિત દુન્યર-મંદીથી હજી કોઇએ હસ્તીમાં આણેલી નહિ હોવાથી હજી અનદીઠ ગણાય છે. ક્લેર ઑાડયન્સને મળતું એક નવું યંત્ર. યૂરોપના એક વિદ્વાને શોધી કાઢયું છે કે જેથી ચોક્કસ વેગળાઇ (હાલમાં ૪૦ માઇલ સુધી ફતેહ પામ્યું છે) ઉપર વગર તારે કે કસાબી સાધન વીના સંધેસો પોંહચાડી શકાય છે. આ યંત્રમાં વીજળીક રેલાનો ઉપયોગ કરવામાં આવે છે.

અનાહિત—જરથોસ્તી ધર્મ ફીલસુફી પ્રમાણે આ શબ્દ અવસ્તાના અર્દીસૂરના વિશેષણ તરીકે વપરાયો છે. આખા નામને બદલે એ પાછલા શબ્દને નામે એ આવાં ઈજદની સેતાયશ અસલના જમાનામાં દુન્યાના ઘણાક ભાગોમાં ફેલાઇ હતી. એ અર્દ્વિસૂર અના-હીતને મળતો યૂનાની દેવતા 'અનાઇતીસ' હતો, જેને 'અર્ટેમસ અને એફ્રેદાઇટના જૂદા જૂદા ઉપનામે યુનાનના જૂદા જૂદા ભાગમાં યાદ કરવામાં આવતો હતો. અના-હિતનો પાછળથી નાહીદ બન્યો, જે શુક્રના તારા તરીકે તેમજ એક દેવ તરીકે રોમન વિનસને મળતો આવે છે. એ વળી હિબ્રૂ અને સીરીયન દેવના Astarte ને મળતો થાય છે."

અનાહિદ—(જુઓ આના.)

અનિકીની—પ્રાચીન સૈન્ય સમુદાયની ગણત્રી શબ્દ. ૧૦ અક્ષોહિણીની એક અનિકીની. (જુઓ અક્ષોહીણી.)

અનીનસ—ગરમ દેશોમાં થતું આ એક ઘણું સ્વાદીષ્ટ ફળ છે. એનું મૂળસ્થાન અમેરિકા અને તેની આસપાસના બેટો જણા-યલાં છે. પોર્ટુગીજ લોકોએ હિંદુસ્થાનમાં પેહેલવેહેલાં અનીનસ ઈ. સ. ૧૫૯૪ માં લાવીને રોપ્યાં હતા. હિંદુસ્થાન દેશમાં એની ઉત્પન્તી ઘણા બોહોળા વિસ્તારમાં થવા માંડી છે. અનીનસના પાંદડાં ઘણાં ખરાં લીલા રંગના હોય છે, પણ કોઇ વેળા રંગબેરંગી પણ માલમ પડે છે. સીંગાપુરમાં સારાં અનીનસોના ઝાડોના પાંદડાં ત્રણથી સાડાત્રણ ફીટ લાંબા હોય છે. એના પાંદડાંની કીનારી પર ઝીણા ઝીણા કાંટા હોય છે. કેટલાકમાં ફળો અને પાંદડાં પસતાંના રંગનાં હોય છે.

આ ફળ ઘણુંજ અજબ કરામતથી બનેલું છે. અનીનસનું ઝાડ ફળ આપવા લાયકનું થયું કે તેમાંથી એક ડીરો ઉપર ઉપસી આવે છે, અને તેનીપર જગેજગ પુશકળ ફુલો આવવા માંડે છે. આ ફુલ સાથના. ડીરાને વનસ્પતિ શાસ્ત્રમાં 'ઇનફ્લૉરેસેન્સ' કહે છે. પેહલાં ફુલના પ્રથમ ફળો થવા માંડે છે અને જેમ જેમ તે મોટાં થતાં જાય છે તેમ તેઓ એકમેકથી વળગી જઇ એક ફળના આકારમાં બદલાઇ જાય છે, એજ તે અનીનસ છે. અનીનસનું ફળ બારીકઇથી તપાસી જોતાં તે ઘણાક ફુલોનું બનેલું જણાય છે. અનીનસની પુશકળ જાતો છે પણ તેઓ આકારમાં એક સરખાંજ હોય છે.

અનીનસ લાલ મટોડીની યા રેતીની જમીનમાં ઘણા સરસ ઉગે છે. આ ફળોના માથાંપર પાત્રાંનો ઝુમખો આવે છે, તે જો જમીનમાં દાટયો હોય તો તેથી પણ અની-નસનું ઝાડ પેદા થાય છે. આગષ્ટમાં એનાં ઝાડની વાવણી થાય છે. એને ત્રણ ત્રણ ફીટની વેગળાઇએ દાટવા પડે છે, અને એક દિવસ આંતરે પાણી સીપવું પડે છે. માર્ચ મહિનામાં આંઠ દસ દાહાડે પણ પાણી સિપ્યાથી આ ફળ જીવી શકે છે; પણ ત્યાર પછી જ્યારે ફળ આવવા માંડે છે ત્યારે રોજ પાણી સીપવું પડે છે. એનાં ઝાડને દર્યા કીનારે વાવ્યાં હોય તો ફળો ઘણાં સ્વાદીષ્ટ ઉગે છે. વળી જમીનનાં ગુણ પ્રમાણે ફળો આવે છે. સીંગાપોરના બાગોમાં

અનીનસના ફળો ચાર ફીટ લાંબા અને દસ ઇંચ ઘેરાવામાં ઉગે છે. પણ આપણા દેશમાં તેવાં મોટાં ફળો થતાં નથી.

એના ઝાડપર ફળો ફેબ્રુવારી માર્ચ મહિનામાં આવે છે અને તે સપટેમ્બર મહિનાવેર રહે છે. ફળો કાપી જમીનમાં રહેલાં થડો ખોદી કાઢયાથી બીજા સપટેમ્બર અથવા અકટોમ્બર મહિનામાં પાછા જોરથી ઉગી નીકળેછે, અને એવા ઝાડ ઉપર વરસાદ આગમજ ફળો આવવા માંડે છે.

બ્રહ્મદેશમાં એના પુશકળ જંગલો છે. મલાકા બેટમાં એના નાના જંગલો એટલાં તો ગીછ ઉગી નીકળેલા હોય છે કે તેમાં આપણાથી દાખલ થઇ શકાતું નથી. એનાં ઝાડ પર જે પાતરાં થાય છે તેમાંથી નીકળતાં તંતૂઓના ઘણા મજબુત દોરડાં બનાવવામાં આવે છે. આ તંતૂઓમાંથી બનાવવામાં આવતું સવાત્રણ ઇંચનું દોરડું ૧૭ હંડરવેટ વજન ખમી શકેછે. એના તંતૂના સુંદર કપડાં વણાયછે. એના કપડાંને 'પાઇન મસલીન' કહે છે. ફીલીપાઇન બેટના લોકો એની ઉપર સોનેરી ભરતકામ ભરી' આ કપડાની એક જોડ રૂ ૨૫૦૦ ના ભાવે વેચેછે.

અનીયા—હિંદુ દંતકથા પ્રમાણે એ નામનો ગોવાળ જે રાધાનો વર.

અનીરૂધ—પ્રદ્યુમ્ન ને રતીનો એ પુત્ર હતો. એ ઘણો બળીયો હતો. એક સમે બાણાસુરની કન્યા ઉષા (ઓખા) સાથે એની પ્રીતી બંધાયાથી એ ગાંધર્વ વિવાહથી તેણી સાથે પરણ્યો. એ વાતની બાણને જાણ પડયાથી તેણે કોપાયમાન થઇને લશકર મોકલ્યું અને તેઓએ ઉષાનું મંદીર ઘેરી લીધું. અહીં અનીરૂધ જે ઉષા સાથે વિલાસ કરતો હતો તેણે બારીએથી કુદી પડીને બાણના લશકરનો ચુરે ચુરો કરી નાખ્યો. તે પછી પ્રદ્યૂમ્ન ને શિવ વચ્ચે જુદ્ધ થયું જેમાં બાણાસૂરના હજાર હાથોમાંથી ચાર હાથ રાખી બાકીનાં કૃષ્ણે કાપી નાખ્યાં.

અનુપ્રાસ—અક્ષરની આવૃતિઓ બેથી વધારે આવતી જાય તે અનુપ્રાસ કહેવાય છે. તેમાં ત્રણ પ્રકાર છે. ૧ છેકાનું પ્રાસ, ૨ લાટાનું પ્રાસ, ૩ વૃત્તાનું પ્રાસ.

છેકાનું પ્રાસમાં પુરાં શબ્દો વિના અક્ષરની આવૃતિઓ આવે છે.

દુહો—છેકાનું પ્રાસ.

ચિત અચ્યુત ચિંત્તામની,
ચુકતા સકુચ ન આઇ.૦
ચિતવત કંચન કામની,
ચિંત્તાસી ચિંતા પાઇ.–ક. હિ.

અનુબાઈ—આ બાઇ પેહેલા પેશવા બાળાજી વિશ્વાનાથની બેહેન થાય. અનૂબાઇના લગન 'કાપશીકર ઘોરફડે' ને ત્યાં ઇચલ કરંજીકર સંસ્થાનીક જોશી સાથે થયાં હતા. આ બાઇ ૧૮ મી સદીમાં પોતાની જાતી ચંચલાઇ અને ડાહપણ માટે વખણાઇ હતી. એ બાઇ એકના રાઘોબા દાદાના ખાનદાનની હતી.

અનુરાધા—સત્તાવિશ નક્ષત્રમાંનુ આ સત્તરમું નક્ષત્ર ચાર તારાનો ઝુમખો; બળદના આકારનો. (૨) દક્ષની એક પુત્રી, સત્તાવીશ જે ચંદ્રને આપી તેમાંની એક.

અનુસૂયા—એ અત્રી ઋષિની સ્ત્રી. સીતા જ્યારે રામની સાથે વનમાં અત્રીને આશ્રમે આવ્યાં ત્યારે અનુસૂયાએ પોતાના કપાળમાંના કંકૂનો તેને ચાંલ્લો કર્યો ને નહીં કરમાય તેવો એક પુષ્પનો હાર પહેરાવ્યો, ને એક વસ્ત્ર આપ્યું. વળી કહ્યું કે એ ત્રણ વસ્તૂ તમારી પાસે હશે ત્યાં લગી તમને કોઇ રાક્ષસનો ભય નહિ રહેશે.

અનૂકુલચંદ મુકરજી—ઑનરેબલ બાબુ. આ વિદવાન સારી કેલવણી અને ચંચલ બુદ્ધિથી કાયદા શાસ્ત્રીનો અભ્યાસ કરી કલકત્તામાં પ્રસિદ્ધતા પામ્યો હતો. કલકત્તાની હાઇ કોર્ટનો તે પાછળથી જડજ થવા પામ્યો હતો. એક દીવસે તે કોરટમાં મુકરદમો સાંભળતો હતો તેટલાં એકદમ માથું દુઃખવા માંડયાથી તે ઘેર ગયો અને તુરત મરણ પામ્યો. મરણ સંવત ૧૯૨૭ ના ભાદ્રવા શુદ ૧ લીએ નીપજ્યું.

અનૂકુલાછંદ—આ છંદનું બીજું નામ સાંપ્રેદાછંદ છે. ભગણ, તગણ, નગણ, અને બે ગુરૂનો અનૂકુલ છંદ થાયછે.

" કૈ કૂળની ચાલ અસલ રીતે
વંશી ધની ધામી નીરખી પ્રીતે.
રોગી કુરૂપી વરધ ધણીને
સુંદરીને દે હૂંદરી ગણીને.—ક. હિ.

અનૂવિન્દ—અનૂ અને વીન્દ એ નામના આ બેઉ જોડયા ભાઈઓ હતા. તેઓ અતી જોરેમંદ દાખલ માહાભારતની લઢાઇમાં વખણાઇ ગયાં છે. આ બેઉ બંધુઓ અવંતી દેશના રાજા કોરવ પક્ષમાં પાંડવો સમે યુદ્ધ કરવામાં હતા, એમનું મરણ અર્જુનને હાથે નીપજ્યું.

અનૂપગર—(૧) બીકાનેરના રજપુત રાજ્યમાં આ એક ગામ છે, અને તે ભાવલપૂરની પાસે આવેલું છે. (૨) બુલંદ શીહુરના પ્રાંતમાં ગંગાને તીરે વસેલું છે. કારતીક માસની જાત્રાવેળા અત્રે એક લાખ હિંદુઓ એખટાં થાય છે. આ શેહેર જહાંગીર પાદશાહના અમલ દરમ્યાન વસાવ્યું હતું.

અનૂષ્ટપછંદ—એના ચરણમાં આંઠ આંઠ અક્ષર હોયછે. એમાં ઘણું કરીને ૫ મો લઘુ ૬ ઠો ગુરૂ અને ૭ મો (બીજા ને ચોથા પાદમાં) લઘુ તથા (પેહલા, ત્રીજા) ગુરૂ હોયછે. વેદમાં આ છંદના ચારને બદલે ત્રણ ચરણ છે અને તેમાં અક્ષરનો નીયમ આ આ પ્રમાણે છે–૮, ૧૨, ૧૨, અથવા ૧૨, ૮, ૨૨ એમ આવેલાં છે.

અનુષ્ઠાન*—શ્રાવણ શુદ ૧ થી તે શ્રાવણ વદ ૩૦ સુધીના આખા એક મહિનાને હિંદુઓ અતિ પવિત્ર ગણે છે. એ મહિનો ચાતુર્માસનાં પેટામાં હોવાથી તેમાં વ્રત, શિવ પુજનનું ઘણું મહાત્મ સમજવામાં આવેછે. અતિ રૂદ્ર, મહારૂદ્ર કે સાદો રૂદ્ર કરવાથી અથવા 'નકતવ્રત' એટલે દરરોજ આખા મહિના સુધી માત્ર પ્રસન્ન થઈ પુન્ય હાંસલ થાયછે. આ મહિનામાં શિવ ભકતો આખો મહિનો પંચ કેશ રાખે છે. બેલપત્ર તથા જળધારાના અભિષેકથી ભક્તિ કરેછે અને માસ સંપૂર્ણ થતાં બ્રહ્મ ભોજન કરેછે. ધનવાન હિંદુઓ પોતાથી ન બનતાં બ્રાહ્મણોને પૈસા આપી શિવ પુજન કરાવે છે. દુકાળ યા મર્કી સમે દક્ષિણ તરફના બ્રાહ્મણો શિવની મૂર્તિપર રાત દિવસ ચાલુ જળધારાનો વરસાદ વરસાવી, વરસાદ લાવવા યા મર્કી ટાળવા વિનવે છે. જેટલા દિવસની બાધા લીધી હોય તેટલા દિવસ બ્રાહ્મણો વારીવારીએ રાત દિવસ જળધારા ચાલુ રાખે છે. જ્યાં શુધી વખત પુરો થઇ બ્રહ્મણોનું એકત્ર ભોજન થતું નથી ત્યાં વેર મોટી ધર્મ ક્રિયા તે તે ફળીયામાં થઇ શકતી નથી. આવી ક્રિયાને 'અનુષ્ઠાન બેસાડયું' એમ કહેછે. ૧૮૯૭ ના દુકાળ અને મર્કીના વખતમાં આવાં અનુષ્ટાનો જગેજગ બેસાડવામાં આવ્યાં હતા.

અનુસ્વારાધીક દ્વિતીયઅર્થ સૂચક—આ એક કવિતાનો પ્રકાર છે. એમાં કવિતાની રચના એવી કરવામાં આવે છે કે અનુસ્વાર કાઢી નાખતાં એકજ વાકયના જૂદાં જૂદા બે અર્થ થાય. ઉદાહરણ.—

ઘટિ યંત્ર સદા ઘરમાંહિ ફરો
સંકટો ધનના નિત આવી રહો,
અતિ ઉગ્ર અંગાર રહો તનુ કારણ
વંશ વિષે કદિ પીડ ન હો.

ક. હિરાચંદ.

અર્થ—૧, ધર્મી પુરૂષના ઘરમાં સદા ચટિ યંત્ર યાને ઘડિઆળ ફરો અને પાપી પુરૂષના ઘરમાં સદા ઘંટી યંત્ર ફરો, યાને દળયા કરો. ૨, ધનના સંકટો એટલે ગાડીઓ આવી રહો, અને પાપીને ધનના સંકટો આવી પડો. ૩, અંગને કારણે ઘણાં સંપત્તિવાન ઘર રહો. અને પા૦ અંગ ઉપર બળતા અંગારા આવી રહો. ૪) વંશમો કોઇ દિવસ પીડ એટલે પીડા ન થાઓ ને કોઇ પાછળ પીડે નહિ.

અનેકાર્થી—એમાં એક શબ્દના બેથી પાંચ, દસ પચીસ સુધીઅર્થ થાય તે શબ્દ. અનેકાર્થી એવા શબ્દો ગુજરાતી ભાષાના

કોશમાં ૨૩૦૦ છે. અત્રે થોડાક નમુના દર્શાવ્યા છે.

અજ—બકરો, બ્રહ્મદેવ, વિષ્ણુ, રઘુરાજાનો પુત્ર, ચંદ્ર, મદન, કામ, રઘુરાનો પુત્ર, મહાદેવ.

આકાશ—જેમાં કાંઇ નથી એવી જગા, પાંચમું મહાભૂત જે આસમાની રંગનો અર્ધ ગોળ દેખાવામાં આવે છે તે, હવા, શૂન્ય, ગગન, આસમાન.

ઈંડું—પક્ષીનું ઇંડુ, પરમેશ્વર ધણી, ખાટલાની ઉભી લાકડી.

ઉત્તર—ચારમાંની એક દિશા, જવાબ, પાછળનો ભાગ.

ઉંદરી—માથામાં થતું દર્દ, સ્ત્રીલિંગે ઉંદર-સ્ત્રીજાતિ.

એક્કો— રમવાના પાસામાં એક ચિન્હ, એક જાતની ગાડી.

ઓઠું—નમુનો, દાખલો, બીબું.

કોશ—સર્વ નામ અર્થ સંગ્રહ. દેહમાં પાંચ કોશ છે તે, ભંડાર, ખજાનો. કુવામાંથી પાણી કાઢવાનો મોટો કોથળો, માટી ખોદવાનું લોહડાનું હથિયાર, ગાઉ, કમળનો ડોડો.

ખંડ—પૃથ્વિનો મોટામાં મોટો ભાગ, કડકો, પ્રકરણ, કાળું સુતરૂં રેશમી કોરવાળું લુગડું, ચોળીખંડ.

ગણુ—ગુણ, સમૂહ, કવિતા રચવાનાં માપ-મગણુ, ભગણુ, તગણુ વગેરે. ગણુવું-આ રૂપ્યા ગણુ.

ઘાટ—પર્વતની હાર, નદી અથવા તળાવ ઉપર પથ્થરની બાંધેલી આડી વગેરે, ઘરાણું આકાર, રેશમી લુગડું, વિચાર.

ચક્કર—ચક્ર: ગોળ, પૈડું, માથામાં રોગ થાય છે તે, ફેરો, લોઢાનું ગોળ હથિયાર, ચક્રમ.

છંદ—શોક, વ્યસન, શ્લોક, પાનડું, અભિપ્રાય, વેદ, ગાયત્રી મંત્ર.

જવ—અનાજની એક જાત, એ નામનું એ દાણા જેટલું માપ, અંગોઠાનો બીજો વેઢો, સોનાનો જવ કંઠીમાં નાખવાનો.

ટંક—વખત, પથ્થર ફોડવાનું લોઢાનું હથિયાર, ગર્વ, તરવારનું મ્યાન, ક્રોધ.

ટંકો—નગારાનો ટકોરો, દર્યાકાંઠેનો ધક્કો.

ઢાલ—કાચબાના ચામડાની બનેલી વસ્તુ, સિરસ્તો. ઉતરતી જગા, હરેક ધાતુને ગાળી આકાર આપવો તે, નાખવું, પથારવું, ખેતરના અન્નનો નિશ્ચય.

તર—મલાઇ, દર્યાની ખાડી, સરસ, તાજું, મગજતર, તરવું તું નદીમાં તર. તરવારની મુઠ.

અનેગહાંઉ—અથવા અનઅંગ હાઉ ચીનમાં આવેલી કેનટોન નદીમાનું આ એક બેટ છે. ઇ. સ.૧૮૪૧ માં બ્રિટીશ ફોજે અત્રેનો કિલ્લો હાથ કીધો હતો.

અનેરાન—અવસ્તામાં આ ફરેસ્તાને અનઘ્ર રઓચાઓ કહે છે. એના હમકાર ફરેસ્તા જેમ રોશની ઉપર મવક્કલ છે, તેજ માફક એ પણ રોશની ઉપરનો સરદાર છે. એ ઇજદને હોમપાલા સાથે સંબંધ છે. એ જરથોસ્તીઓના ત્રીસમાં રોજનું નામ છે.

અનોશ—જરથોસ્તી એતેકાદ પ્રમાણે આ એક મિનોઈ ખોરાકનું નામ છે. જેવું નેક માણસનું રવાન બેહેસ્ત મધે દાખલ થાય છે કે તુરત તેને તે ખાવા આપવામાં આવે છે. (૨) આદેલ નોશેરવાનનું આ બીજું નામ છે.

અપઓષ—જરથોસ્તી એત્તકાદ પ્રમાણે આ એક દેવનું નામ છે. જેનું કામ તેની ધાતૂ પ્રમાણે સઘળી ચીજ બાળી યા સૂકવી નાખવાની છે.

અપ્પર કવિ—આ તામિલ કવિ જૈનમતી હતો. એ 'ગણુસબંધર' નામે પંડીત સાથે વાદવિવાદ કરી પોતે હિંદુ ધર્મ કાયદા પ્રમાણે વરતતો હતો. એણે બનાવેલી તામિલ ભાષાની કવિતાઓ હાલમાં જણાતી નથી.

અપ્પા કવિ—આ કવિ તૈલંગણુમાં રેહેતો હતો. એણે તૈલંગી ભાષામાં છંદ શાસ્ત્ર 'આંધ્રપ્રયોગ રત્નાકર' અને વૃંદા સંભાવન, એ બે ગ્રંથો રચ્યાં છે. પેહલો ગ્રંથ છંદશાસ્ત્ર ઉપર ઘણો ઉત્તમ અને લોકમાન્ય છે. બીજા ગ્રંથમાં વૃંદા નામની એક દૈત્યની સ્ત્રીનું ચરિત્ર વર્ણવ્યુ છે. એ સ્ત્રીની વિષ્ણુપર પૂર્ણભ-

કિત હતી, તેથી તે તુળશી રૂપી જનમી અને તેને સર્વદા કૃષ્ણ સાન્નીધ્ય પ્રાપ્ત થયું. મધ્વ મતાનુસારી લોક તુળશીની ઉપાસના ઘણી કરે છે.

અપપેનઝીલ—બાવીસ જીલ્લાઓમાંનું આ એક સ્વિસમાં આવેલું સ્વીટઝરલેંડની ઉત્તર પૂર્વેનું પ્રગણું છે. ક્ષેત્રફળ ૧૫૨ ચોરસ માઇલ છે. એના મુખ્ય શેહેરનુ એજ નામ છે. ૧૮૮૧ માં એકંદર લોકવસ્તી ૬૬૭૯૯ ની હતી. મુખ્ય શેહેરની વસ્તી ૪૦,૦૦ ની છે.

અપભ્રંશભાષા—આ ભાષા હિંદુસ્થાનનાં પશ્ચિમ રજપૂતાનામાં તથા સિન્ધમાં બોલાતી હતી. હાલમાં આ. ભાષામાં ઘણો સુધારો કરવામાં આવ્યો છે.

અપ્યાદિક્ષીત—એ જાતે દ્રવિડ બ્રાહ્મણ હતો. કાંચી નગરથી ૪૦ અક્ષાંસ ઉપર અગ્નિ દીશાએ આદીપાલ્ય નામનું અગ્રહાર છે તહાં. એ રેહેતો હતો. એના પિતાનું નામ નારાયણ દીક્ષિત. શાંલીવાન શકના પંદરમાં સૈકામાં વિદ્યાનગરના કૃષ્ણદેવ રાજાની કારકિર્દીમાં એની ચઢતી થઇ. એ ૧૨ વર્ષનો હતો ત્યારે એણે 'વેદાઅધ્યાન' પુરૂં કીધું અને એ શિવાય કેટલીએક બીજીવિદ્યાઓમાં પ્રવિણુતા મેળવી હતી, અને બ્રહ્મ વિદ્યાઓમાં પણ એને જ્ઞાન હતુ; એથી તે વખતના લોકો એને શિવનો અંશ માનતા હતા. એણે ત્રણ બાઇડીઓ કરી હતી; તેમનાથી એને ૧૧ છોકરાં થયાં હતાં. એણે પોતાની જવાનીમાં મોટી સભાઓમાં ઘણાં ભાષણો આપ્યાં હતાં, અને બીજા મોટા મોટા પંડિતોનું ખંડન કીધાથી ચંદ્રગીરીનો રાજા એ વ્યંકટપતી રાયલ્લૂની કૃપા મેળવી હતી. એ રાજા દિક્ષીતને કુટુંબના તથા વિદ્યાર્થીઓના નિર્વાહને સારૂ જમીન બક્ષીસમાં આપી હતી. એણે શિવોપાસના માર્ગ ઉપર ગ્રંથો રચ્યાં છે,

શિવાર્થનચંદ્રીકા એના ૩૦ અધ્યાય છે. શિવતત્વ વિવેક એના ૨૦ અધ્યાય છે. શિવમણીદિપિકામાં 'સ્રુતી' સ્મૃતી, પૂરાણો વગેરેના વચનોનો સંગ્રહ કરીને શિવ એજ પરમ દૈવત એવું સ્થાપન કર્યું છે. શિવકર્ણામૃત એ કાવ્યમાં પંચરાત્ર અને વિષ્ણુ પુરાણ એ કેવળ વિષ્ણુમતાનૂરોધી છે, એવા મતનું ખંડન કરીને શિવના પ્રધાન્યનું નિરૂપણ કર્યું છે. આત્માઅર્પણનો ગ્રંથ શિવ શકિતપર ૧૦૦ શ્લોકનો છે. વીરશૈવમાં શિવાલય નિમાણ શાસ્ત્ર, એમાં ૨૭ પટલ છે. રામાયણસાર તત્વ એ સ્તોત્ર છે. એમાં રામાયણની મતલબ શિવ ઉપર લાગુ કરી છે. નામસંગ્રહ માલા અને શબ્દ પ્રકાશ એ બે કોશ છે.

પેહલાં ત્રણ ગ્રંથો, કેટલાંક યજ્ઞો કરી રચ્યાં હતા. એવું કહેવાય છે કે આત્મા અર્પણ ગ્રંથ રચવા પેહેલાં કેટલાંક દિવસ સુધી ધતુરાના બીયાં ખાધા હતા. કારણ ધર્મ વિશે વિચાર કરવાને અંતઃકરણ ઘણું નિર્મળ જોઇએ, તે સાફ રાખવાની શકિત એ વનપતિમાં છે. એવી લોક વાર્તા હતી, એથી કરીને દીક્ષિતને ઇશ્વરી પ્રેરણા થઇ અને તે વેળા એને જે જે સુજ્યું તે ચાર લેખક પાસે લખાવ્યું, તે આ ગ્રંથ હોવાથી દક્ષિણ હિંદુસ્થાનના લોકો એ માટે ઘણું માન ધરાવે છે. અપ્યાદીક્ષિતે વેદાન્ત, અલંકાર અને ન્યાયશાસ્ત્ર ઉપર એકંદર ૮૪ ગ્રંથો રચ્યાં છે. તેઓમાંના 'કુવલયાનન્દ' અને ચિત્ર મિમાસ એ ગ્રંથો અલંકાર ઉપર તથા દશકુમાર ચરિત્ર સંક્ષેપ ઘણું રસીક છે. સર્વ પંડીત લોકો તે ગ્રંથોનો અભ્યાસ કરે છે. બાકીના ગ્રંથોને ટુટક રચ્યાં છે.

અનેક ગ્રંથો રચ્યાં પછી આ વિદ્વાન ત્રીચનાપલ્લી, તનજાવર અને મધુરાના રાજાઓને મળવા ગયો. એની વિદ્વતા અને બુદ્ધી જોઇને તે રાજાએ તેને બક્ષીસો આપી વીદાય કર્યો. એ મોટો ધર્મ પાલક અને હિમાયતી હતો, માટે એણે કાવેરી નદીને કાંઠે આવીને પોતાના આશ્રયથી ઘણા યજ્ઞો કીધાં. જ્યાં જ્યાં એ જતો ત્યાં શિવની સ્તુતિ ગાતો અને જે કોઈ વૈષ્ણવ ધર્મ તજીને શિવની ઉપાસના કરતો તેની સ્તુતિ કરતો.

વ્યંકટપતી રાજાની સભામાં અપ્યા-

દીક્ષિતે 'તાતાચર્યાના'.વેદાન્ત અને ધર્મ વિશેનાં મતનું ખંડન કરીને પરાજ્ય કર્યો, માટે એની સાથે દીક્ષિતનું વેર બાઝયું. તાતાચાર્યે ગમે તે ઉપાયે દીક્ષિતનો નાશ કરવો એવો વિચાર કરી એક દીવસ અપ્યાદીક્ષિત જંગલમાંથી પસાર થતો હતો ત્યારે એને મારવા સારૂં મારાઓ મોકલ્યા; તેઓ જેવા તુટી પડયા કે તેજ વખતે તાહાંથી એક વીર પુરૂષ અકસમાત તેઓની નજરે પડયો અને તેણે તે મારાઓને હાંકી કાઢયા અને દીક્ષિતનો જીવ બચાવ્યો.' એ વાત રાજાએ જાણી ત્યારે તેણે દીક્ષિતની શિવ ઉપર પૂર્ણ નિષ્ટાછે એવું જોઇને અમૂલ્ય વસ્ત્ર ભૂષણ આપીને ઘણું માન આપ્યું. અપ્યાદીક્ષિની ૬૦ વર્ષ તે વયે કાશીની જાત્રાએ જવાની તૈયારી કરી પણ ચીદંબરના બ્રાહ્મણોએ એનો જવાનો વિચાર જાણ્યો ત્યારે તેઓએ ચીદંબરમાં આવીને રેહેવા વિશે વિનન્તી કરી. કારણ દિક્ષીતનું મત એવું હતું કે કાશી કરતાં ચીદંબરની જગા પવિત્ર છે; અને ગંગા કરતાં શિવ-ગંગાનો પ્રવાહ પવિત્ર છે. તે પ્રમાણે તેણે ચીદંબરમાં જઇ ૩૦ વર્ષ વેર ધર્મદાનમાં કાળ કાઢયો. એનું મરણ પોતાની ૯૦ વર્ષની વયે નીપજ્યું.

અપ્યાદિક્ષીત બીજો—એ પેહેલા અપ્યાદિક્ષીતનો ભત્રીજો થાય. એને સર્વ શાસ્ત્રનું જ્ઞાન હતું. એનામાં કવિતા શકિત ઘણી ઉત્તમ હતી. તે પોતાની બુદ્ધીબળે કરીને મધુરા શેહેરના તિરૂમલ નાયકનો કારોબાર એવી રીતે ચલાવ્યો હતો કે તેની પ્રજા સુખી અને આબાદ હતી. એના પિતાના મરણ બાદ એણે નીલકંઠ વિજય નામે એક સંસ્કૃત ગ્રંથ રચ્યો, તેમાં જૂદા જૂદા દેશોનું સરસ વર્ણન કર્યું છે.

અપરવક્ર છંદ—અયુજમાં (વિષમમાં) એ નગણ એક રગણ એક લઘુ ને એક ગુરૂ હોય, અને વચમાં એક નગણ એ જગણ ને એક રગણ હોય તો અપરવક્રછંદ અથવા વૈતાલીય છંદ થાય છે.

'ભમર કમળ ભ્રાંતિથી પડયો,
પરમ સુગંધિત કેવડા વિષે;
રજથી નયન અંધ કટકે
ક્ષત તણું ઉડવું ને દીશે. ક. હિ.

અપરાજીત—એક જાતનો પુષ્પ વૃક્ષ (જુઓ ગરણી.)

અપરાજીત છંદ—આ છંદ બે નગણ રગણ, એક સગણ, એક લઘુ ને એક ગુરૂનો બને છે. એમાં સાત અક્ષરે વિસામો આવે છે.

પરન્તપ મનની ગતી બધિ દ્રુતથી
સમજી જતન ધીરજે મનને મથી;
મરવું સફળ જેમ, વાલને હાનીરે
ધન જશ જય લાભને લઇ ધિરે. ક. હિ.

અપરાદીત્ય—અપરાર્ક નામનો પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ કર્તા. એની તર્કશકિત મહા વિશાળ હતી.

અપલાંગ—જ્યૉર્જીયાના દક્ષિણ પૂર્વ ભાગમાંનું એક શેહેર છે. એનું ક્ષેત્રફળ ૧,૦૬૦ ચૌરસ માઇલ છે. જમીન સપાટ છે. જેમાંનો થોડો ભાગ રેતાળ છે. ઈ. સ. ૧૮૫૦ માં અત્રે ૬૩ ગાંસડી રૂ ઉત્પન્ન થયો હતો અને હાલમાં ઘણા મોટા વિસ્તારમાં તેની ખેતી થાય છે. અહીં દસ ખ્રિસ્તી દેવલો છે. વસ્તી ૨૯૮૯ ની છે, જેમાંના ૨૫૪૫ સ્વતંત્ર અને ૪૪૪ ગુલામો હતા.

અપવાહછંદ—આ છંદમા એક મગણ, ૬ નગણ; ૧ સગણ ને ૨ ગુરૂનો સમાવેશ થાય છે. એમાં ૯,૬ ને ૬ અક્ષરે વિસામો આવે છે.

હાથીને ઝરણ સર જળપી પતર
કમળ ફળ કુસુમ જમી રેવું.
પોતાને વશ ગજિની લઇ ગિરી વન
સરવર ફરવું સુખશું કેવું.
તેણે ઘાતી નરવશ થઇ તૃણ જમી
અંકૂશ સહિ બંધન દુઃખે વ્હેતું
દૈવે નાખ્યું દુઃખ દુર નહિ થવું
સઘળું તન મનથી શિર સહી લેવું.—ક હિ.

અપસ્માર—છંદ શાસ્ત્રનો એક ભેદ.

અપ્સરા—સ્વર્ગમાં તેઓ ગાયણ, નૃત્યુ કરનારી સ્ત્રીઓ છે. એ ૨૫ મોહિની અને

ચાતૂર્યથી સંપૂરણ છે. તેમની સંખ્યાં સાઠ કરોડની છે. તેઓમાં રંભા, ઉર્વશી, તિલોત્તમ અને મેનકા એ મુખ્ય છે. ઋષિઓનાં તપ ભંગ કરવા ઇદ્ર અપસરા મોકલતો કે જેઓ પોતાના મોહિની રૂપથી તેમના તપનો ભંગ કરી શકતી. અપ્સરા સમુદ્ર મથન કરતાં દાસી સાથે નીકળી હતી.

અપસાલાની પાઠશાળા—સ્વીડનમાં આ સર્વેથી મોટી પાઠશાળા ગણાય છે. અત્રે વડો આર્ચબીશપ વસે છે. આ પાઠશાળા ઈ. સ. ૧૪૭૭ માં સ્થાપવામાં આવી હતી. આ શાળામાંના પુસ્તક ખાનામાં ૨૦૦૦૦૦ છાપેલા ગ્રંથો અને ૭૦૦૦ હસ્ત લેખોનો મોટો સંગ્રહ કરેલોછે.

અપહનુતી—૬૩ અલંકારોમાંનો એક.

અપામ-નપાત—જરથોસ્તી એતેકાદ પ્રમાણે આ એક પાણીને લગતો ઇજદ છે. હવામાં બનતી કોઇ કુદરતી બનાવનું એ પણ એક સ્વરૂપ જણાય છે, કે જે બનાવથી વર્સાદ પડે છે. આ શબ્દ હિંદુઓના વેદમાં પણ નાપાત મળે છે; એ ઉપરથી જણાય છે કે એ અસલી એરીયન જમાનાનો ઇજદ છે. એ તીરં ઇજદને વર્સાદ વર્સાવવામાં મદદ કરે છે. એને ઘોડાની ચાલનો, પાદશાહી કરનાર, નૂરમંદ અને બુલંદ એવા વિશેષણો લગાડવામાં આવ્યા છે.

અપાલા—આ સ્ત્રી અત્રી મુનીની પુત્રી. એને કોઇ કારણથી રકતપીતનો રોગ લાગુ પડયો હતો, તેથી તેના પતિએ તેનો ત્યાગ કર્યાથી તે પોતાના પિતાના તપોવનમાં ઈશ્વર ભકિતમાં જઈ રહી, અપાલાએ ઋગવેદના મંડળમાંના ૯૧ માં સૂકતની ૭ રૂચાઓ બનાવી હતી. તેણે ઈદ્રને સોમરસ અર્પણ કરી તેની પાસેથી વરદાન મેળવ્યું હતું. અપાલા પિતાની ઘણીજ ભકિત કરનારી હતી. બાપના ખેતરમાં અનાજ નહિ થવાથી એણે ઈદ્રની સ્તૂતી કરી વરદાન મેળવ્યું, તેથી અત્રી મુનીના ખેતરોપર વૃષ્ટી થઈ.

અપાલાચેન—આ પર્વતની હાર ઉત્તર અમેરિકાના પૂર્વ ભાગમાંથી પસાર થાય છે. કેનેડાના રાજ્યની મધ્ય ભાગમાંથી, ને ઘણું ખરૂં યુનાઇટેડ સ્ટેટમાંથી પસાર થાય છે. આ અતી લાંબી હાર ઉત્તર પૂર્વથી દક્ષિણ પશ્ચિમે લંબાયલી છે. એની લંબાઈ ૧૩૦૦ માઈલની છે કે, જે ગાસ્પરની ભૂશીરથી સેન્ટ લૉરેન્સના અખાતમાંથી અને મેકસીકોના અખાત વેર લંબાયલી છે. આ હાર ત્રણ ભાંગમાં વેહેંચાયલી છે. ઉત્તર તરફની ભૂશીરથી તે ન્યુયૉર્ક અને ન્યુયૉર્કથી ન્યુરિન્હર સુધી અને દક્ષિણ તરફ ન્યુરિન્હરની ઉપર સુધી લંબાયલી છે.

અપાસાહેબ—એ નાગપુરનો રાજા હતો. ઇ. સ. ૧૮૧૭ ની ૨૬ મી ડીસેંબરે ઈંગ્રેજો સાથે 'સીતાબુલદી' ની લઢાઇમાં એ હાર પામ્યો હતો. અસલ નામ માધજી ભોંસલા હતું. લઢાઇમાં હાર્યા પછી તેના બે સરદારો સાથે અલાહબાદ ગવરનર જનરલપર મોકલી આપવા માટે તેમને કિલાંમાં કેદ કર્યા હતા, ત્યાંથી ૧૮૧૮ ની ૧૨ મી યા ૧૩ મી મેને દીને અપાસાહેબ પોતાના સોબતીઓ સાથે નાહાશી ગયો. એણે ગોન્દવનમાં ચેનશાહ અને બીજા સરદારોનો આશ્રો લીધો. અહીં તે ઘણાક સરદારો, બીજી ટોળીઓ અને આરબો વગેરે સાથે મળી જઈ ઈંગ્રેજો સામે થયો. વળી પીંઢારા ને ઠગ લોકોને મેળવી નર્મદા, તાપતી તથા પૂર્ણાના વચલા પ્રદેશમાં ઈંગ્રેજોને દાખલ થતાં અટકાવ્યાં. ૧૮૧૯ ની લઢાઇમાં અપાસાહેબ ૨૦૦૦૦ લશકર છતાં ટકાવ કરી શકયો નહિ. ફેબ્રુવારીમાં ચેનશાહ પકડાવાથી અપાસાહેબ અશીરગઢપર નાહાશી ગયો, પછી ત્યાંથી રણજીતસીંગનો આશ્રય લીધો અને સેવટે, જોધપૂરના રાજાના આશ્રયમાં જઇ રહ્યો. અહીં તે ઇ. સ. ૧૮૪૦ માં મરણ પામ્યો.

અપી—નેપાલના રાજ્યમાં આવેલું આ એક ગામ છે. અલમોરાની ઉત્તર પૂર્વે ૮ માઇલ પર છે.

અપીનિયન્સ—ઇટાલીમાંના પર્વતની એક લાંબી હારનું નામ છે. જે મારટીમી આલ્પ ને જીનોઆથી શરૂ થઇ સ્પાર્ટીવ્હીનટોની ભૂશીર સુધી લંબાયલી છે. દક્ષિણ તરફની હદ દ્વિપકલ્પ વેર અને તેજ પાછી સીસીલીમાં જણાય છે. એની લંબાઇ ૮૦૦ માઇલની છે.

અપીયન—આ જર્મન ખાગોળ શાસ્ત્રીનો જનમ લીપસી ખાતે ઈ. સ. ૧૪૯૫ માં થયો. એણે ધુમકેતૂની બારીકઈથી શોધ કરી તેને જાહેરમાં આણ્યો હતો. એણે અનેક ગોળાઓની શોધો કરી હતી. એનું મરણ ઈ. સ. ૧૫૫૨ માં નીપજ્યું.

અપીયાન—ઇજીપ્તમાં અલેકઝાન્ડ્રીયાનો આ રહીશ. એ એક પ્રસિદ્ધ તવારીખ નવેશ હતો. એણે રોમની તવારીખ ગ્રીક ભાષામાં રચી હતી. એના તવારીખનાં પુસ્તકોમાં નહિ જણાયલી બાબતોનો નવોજ સંગ્રહ જોવામાં આવે છે. એના તવારીખના પુસ્તકોના ૨૪ દફતરોમાંથી ફક્ત હાલમાં ૧૧ દફતરો બચી રહ્યાં છે.

અપીર—હિંદુ સ્ત્રીઓના માથાના ઉપરના સણગારમાં વપરાતું એક જાતનું ઘરેણું. આ ઘરેણું સાંકળી જેવું હોય છે. તે કપાળ ઉપરથી સેંટા સુધી લંબાયલું હોય છે. એની આંકડી સેંટાપરના વાળમાં ખોસી રાખવામાં આવે છે.

અપીલસ—ઇ. સ. પૂર્વે ૩૫રથી ૩૦૮ વેરમાં ફીલીપ અને સીકંદરના વખતમાં આ પ્રસિદ્ધ ચીતારો થઇ ગયો છે. એ કોલોપોનોનો રહેવાશી હતો (કોલોપોનો એશિઆમાઇનરના આયોનિયન પર આવેલું છે.) એ સીકંદરનો જાની મિત્ર હતો. એણે સીકંદરના અનેક ચિતારો ચીતાર્યાંછે.

અપૂર્ણાંક ગણીત—જે અંક પૂર્ણ નહિ તે અપૂર્ણાંક. જેમ પાં, અર્ધો, પોણો, ઇત્યાદી. અપૂર્ણાંક લખવાનાં ચાર પ્રકાર છે. પાનાના અપૂર્ણાંક, દશાંશ, વહેવારી અને વિવિધ અપૂર્ણાંક.

પાનાના અપૂર્ણાંક એટલે પેહલાં એક ચીજના ચાર ભાગ કરી તેમાંના એક ભાગના પાછા ચાર ભાગો કરવાં અને એ પ્રમાંણે જેટલા જેટલા નાના ભાગ થઈ શકે તે પ્રમાંણે દરેએક ભાગના ચાર ચાર ભાગ કરતાં જવું.

દશાંશ અપૂર્ણાંક એટલેપેહેલાં એક વસ્તૂના દસ ભાગ કરવાના; પછી તેમાંના દરેક ભાગના દસ ભાગ કરવાં અને તેજ પ્રમાણે કર્યા જવાનું.

વેહવારી અપૂર્ણાંક એટળે; ચીજના ગમે તેટલા ભાગ અને ભાગના ગમે એટલા પેટા ભાગ કર્યા જવું.

વિવીધ અપૂર્ણાંકમાં એક ચીજના નીયમીત ભાગ કેડવેલા હોઇ તેમાંના દરેક ભાગના વધુ નિયમીત ભાગ કેડવેલા હોય છે.

અપૂર્ણાંક પાનાનાં

એક ભાગ યાને પા...... ।

બે ભાગ યાને અર્ધો... ।।

ત્રણ ભાગ યાને પોણો... ।।।

ચાર ભાગ યાને પૂર્ણ...૧

પા, રૂપીયાના વધુ ચાર ભાગ કર્યા હોય તો તેને આનો કહે છે. આનાનું આ)~ ચીન્હ છે.

પાનો પા ભાગ...)~

અર્ધો પા ભાગ...)=

પોણો પા ભાગ...)≡

પૂર્ણ પા ભાગ... ।.

એક આનાના ચાર ભાગ હોય તો તેને પા આનો કહે છે. પા આનાનું ચિન્હ)૦।

પાનો પા ભાગ)૦।

અર્ધો પા ભાગ)૦।।

પોણો પા ભાગ)૦।।।

પૂર્ણ પા ભાગ)~

પાનાનો સરવાળો.	પાનાની બાદબાકી.	પાનાના ગુણાકાર.
૧૩૫।।=।।।	૧૩૫।।~।।।	૧૩૫।।~।।।
૨૭))।।	૭૭। =।।	૫
૫૮) ~।	૦૫૮। ≡।	૬૭૯।) ।।।
૨૧૨)) ।।।		
૪૩૩) ~।		

પાનાંનો ભાગાકાર.

૪ા=ાા)૧૫૨૪ા−ાા(૩૨૭ા= ઉત્તર.
૧૩ાાા≡ાા
———
૧)ાા
× ૧૦
———
૧૦ા−
૨
———
૧૨ા−
૯ા−
———
૩)).
× ૧૦
———
૩૦
૪ા−ાા
———
૩૪ા−ાા
૩૨ાા−ાા
———
૧ાાા
૧)=ાા=
———
ાા−ા=
ાા−ા−
———
०))−

અપૂર્ણાંક વેહવારી. એક ચીજનાં ગમે તેટલા ભાગ કરી તેમાંથી ગમે તેટલા લેવા. તે લખવાની રીત એવી છે કે એક આડી લીટી દોરી તેની નીચે તે ચીજનાં કરેલાં ભાગની સંખ્યા લખવી અને ઉપર લીધેલા ભાગની સંખ્યા લખવામાં આવે છે. લીટી ઉપરના અંકને અંશ કહે છે અને નીચલા અંકને છેદ કહે છે.

ા=$\frac{૧}{૪}$ ાા=$\frac{૧}{૨}$ ાાા=$\frac{૩}{૪}$

)−=$\frac{૧}{૧૬}$)=$\frac{૧}{૮}$)≡=$\frac{૧}{૧૬}$

૮)ા=$\frac{૧}{૬૪}$)ાા=$\frac{૧}{૩૨}$)ાાા=$\frac{૩}{૬૪}$

$\frac{૩}{૪}$ એનો અર્થ, એક રકમના ચાર ભાગ કરી તેમના ત્રણ ભાગ લીધા એમ થાય છે અથવા તો ત્રણેના ચાર ભાગ કરી તેમાંથી એક ભાગ લીધો એમ થાય છે. જેમકે ૧ રૂપીયાના ચાર ભાગ કરી ત્રણ લીધા હોય તો પોણો રૂપીયો લીધો એમ કહેવાય છે. યાને રૂપીયાના ચાર ભાગ કરીને એક ભાગ કીધો હોય તોય પોણો રૂપીયો લીધેલો કહેવાય. તેથી અપૂર્ણાંકમાં છેદ અંશના ભાજક હોય છે એમ કહેવામાં હરકત નથી.

જ્યારે છેદ કરતાં અંશ ઓછા હોય છે ત્યારે તે અપૂરર્ણાંકને સમ અપૂર્ણાંક કહે છે. ઉ૦ $\frac{૨}{૫}$ જ્યારે છેદ કરતાં અંશ વધારે હોય છે ત્યારે તેને વિશમ અપૂર્ણાંક કહે છે, કારણકે તે ખરો અપૂર્ણાંક નથી. અંશ હોવાને લીધે તેને છેદથી ભાજ્યા હોય તો ભાગાકારમાં કેટલાક અપૂર્ણાંક ગણાય. કારણ કે તે પૂર્ણાંક છે (ઉ૦ $\frac{૫}{૫}$, $\frac{૭}{૭}$, $\frac{૨}{૨૧}$)

અંશ છેદ કરતાં ઓછા હોય યા વધુ હોય યા સરખા હોય. ઉપર અંશ અને નીચે છેદ હોય તો ભાગ જતાં અપૂર્ણાંક એમ સમજવું. પૂર્ણાંક લખી તેની આગળ અપૂર્ણાંક લખીએ. એટલે તેને ભાજ્યબંદ અપૂર્ણાંક કહે છે. (ઉ૦ ૨$\frac{૧}{૨}$) ભાગના જે પ્રતી ભાગ તે પ્રભાગ, તેથી અપૂર્ણાંકના જે અપૂર્ણાંક તેને પ્રભાગ જાતી અપૂર્ણાંક કહે છે ઉ૦ $\frac{૧}{૨}$ નો $\frac{૧}{૪}$. $\frac{૨}{૫}$ ના $\frac{૭}{૮}$ ઇ.

જ્યારે અંશ અને છેદ એ બેઉ અપૂર્ણાંક હોય ત્યારે તેને મિશ્ર અપૂર્ણાંક કહે છે. ઉ૦ $\frac{\frac{૧}{૨}}{\frac{૪}{૫}}$ $\frac{ાા.}{ાાા}$ $\frac{૨ાા;}{૩ા−}$ $\frac{૫\frac{૩}{૪}}{૪\frac{૧}{૭}}$ ઇ૦

*પૂર્ણાંક હેઠળ છેદ લખીએ એટલે પૂર્ણાંક રૂપ આવે છે. (ઉ૦ $\frac{૭}{૧}$ $\frac{૬}{૧}$ ઇ૦

વેહવારી અપૂર્ણાંકના રૂપાંતર કરવાની ૯ રીતો છે, આ રૂપાંતરોનો ઉપયોગ અપૂર્ણાંકનો સરવાળો, બાદબાકી, ઇત્યાદીમાં લેવો પડે છે.

દશાંસ અપૂર્ણાંક:—પૂર્ણાંક સંખ્યામાં સ્થાન પ્રમાણે દરેક અંકની કિંમત રહે છે. કોઈ પણ અંક તેના સ્થાનકથી ડાબી ગમ પાસેની જગા ઉપર લઈએ તો તેની કિંમત તુરતજ દશગુણુક વધે છે. દાખલો. ૩૦૪૫

અથવા ૩૦૦૦+૦+૪૦+૫ એની બરોબર છે. એમાં દરેક અંકની કિંમત તેની ડાબી ગમીના સ્થાનક પ્રમાણે ૧૦, ૧૦૦, ૧૦૦૦ ઇત્યાદીથી ગુણીને વધારી શકાય. એ માટે હવે જો પૂર્ણાંકની આગળ યાને જમણી ગમ આપણે અંક માંડીયા જઇએ, અને દરેક જમણા સ્થાનક તરફ અંકની કિંમત દસ ઘણી ઓછી થાય છે એમ માનીયે, તો આપણને દશાંસ રીતથી અપૂર્ણાંક માંડતા આવડશે. પૂર્ણાંક અને અપૂર્ણાંક એનો ભેદ સમજવા માટે પૂર્ણાંકની છેલે, યાને અંકસ્થાન આગળ એક મીંડુ માંડે છે, તેને દશાંસ ચિન્હ કહે છે.

આ રીત અને ૩.૦૪૫ એનો અર્થ આ પ્રમાણે થાય છે=$૩+\frac{૦}{૧૦}+\frac{૪}{૧૦૦}+\frac{૫}{૧૦૦૦}$ એમાંના દરેક અંકની કિંમત કાઢવી હોય તો દશાંસ ચિન્હ આગળ જમણી તરફ અંકના બીજા ત્રીજા ઇત્યાદી, જે સ્થળ હોય તે પ્રમાણે ૧૦, ૧૦૦, ૧૦૦૦ ઈત્યાદી એઓથી ભાંજવા.

દશાંસ અપૂર્ણાંકમાં વધુ એક એ સમજ છે કે દશાંસ અપૂર્ણાંકની જમણી ગમ ગમે તેટલા મીંડા લખીયે તોય તે અપૂર્ણાંકની કિંમત બદલાતી નથી. પણ જો ડાબી ગમ સુંન માંડીયે તો તેને ૧૦, ૧૦૦, ૧૦૦૦, ઈત્યાદી એઓથી ભાંજ્યા જેવું થાય છે.

$૩=\frac{૩}{૧૦}$ $.૦૩=\frac{૩}{૧૦૦}$

$૩૦=\frac{૩૦}{૧૦૦}=\frac{૩}{૧૦}$ એથી ઉલટું $.૦૦૩=\frac{૩}{૧૦૦૦}$

$૩૦૦=\frac{૦૦}{૧૦૦૦}=\frac{૩}{૧૦}$ $.૦૦૦૩=\frac{૩}{૧૦૦૦૦}$

અપૂર્ણાંક ગણીત ઘણા બોહોળા વિસ્તારમાં વીસ્તારેલું છે. પણ તેની ટુંક સમજણ અત્રે આપવામાં આવી છે.

અફ્ઘાનિસ્તાન—આ દેશનો વિસ્તાર મોટો છે અને તેમાં પાક પણ અપાર થાય છે. તે જમીનમાં હિંદુસ્થાનની જમીનનો ગુણ છે, અને પશ્ચિમ તરફના સમશિતોષણ દેશમાંની અનુકુળતા પણ ત્યાં છે.

અફ્ઘાનિસ્તાનની ઉત્તરે તૂર્કસ્થાન તથા હિંદુકુશ નામનો મોટો પર્વત, પૂર્વે પેશાવર અને સિન્ધુ નદી, પશ્ચિમે ખોરાસાન, તથા સુલેમાન નામનો ઉંચો પાહાડ; દક્ષિણે ખૈબર નામનો તે કરતાં નીચો ડુંગર તથા બલુચિસ્તાન. તેનો વિસ્તાર સુમારે સુલેમાન પાહાડથી સિન્ધુ નદી સુધી છે, એટલી ચતુઃસિમાનો મુલક અફ્ઘાનોના ખાસ મુલકોનો દસમો હિસ્સો છે.

અફ્ઘાનિસ્થાનની લંબાઇ ઉત્તરથી દક્ષિણ સુધી ૭૬૦ માઇલ. પોહોળાઇ પૂર્વેથી પશ્ચિમ હદ સુધી ૬૪૦ માઇલ, વિસ્તાર ૪,૦૦૦૦૦ ચોરસ માઇલ અને વસ્તી ૫૦૦૦૦૦૦ ની છે.

અફ્ઘાનિસ્થાનનાં મુખ્ય શેહેરો કાબુલ, જલાલાબાદ, પેશાવર, ગીજની, કંદહાર, હિરાત, ખિલાત અને બલુચિસ્તાનનો મોટો પ્રાંત છે. કાબુલ નદીપર કાબુલનું રાજધાની શેહેર દર્યાની સપાટીથી ૬૪૦૦ ફીટની ઉંચાઇએ આવેલું છે. અંહી બાલાહિસાર નામનો એક કિલ્લો છે જેને રશીઆ, ચીન, તૂર્કસ્થાન અને હિંદુસ્થાન સાથે ઘણો સારો સંબંધ છે.

અફ્ઘાનિસ્થાનનો મુલક બલુચિસ્તાનના રેતીના મેદાનથી તથા બરફથી સદાના ઢંકાયલા હિંદુકૂશના મથલાંઓ સુધીમાં બધી જાતની આબોહવા તેમજ જમીન ધરાવે છે. જમીનનો જે ભાગ ખેતીના ઉપયોગમાં લેવાય છે તેમાં યુરોપ તથા હિંદુસ્થાન મધેની ઉપજનો મેવો અને ભાજી તરકારી ઘણી જાતની ઉગે છે. લોકોનાં સાધારણ ખોરાક માટે ચોખા તથા ગહુ અને ઘોડાના ખોરાક માટે જવની વાંવણી કરે છે. અહીંઆ તહેવાર જાનવરોની ઉત્પન્તી છે; તેમાં શેકારી કુતરા વિશેષ ઉપયોગી જણાયલાં છે. અત્રેના મેંઢા તેની ચરબીવાલી પુછડીના ભારે વજન માટે પ્રસિદ્ધ છે. ફકત પુછડીમાંથી ૧૦ થી ૧૨ રતલ ચરબી નીકળેછે.

પૂર્વ દેશમાં હિંદુ લોકોનો વિશેષે વસાહત છે. ઉત્તરના ઉંચ પ્રદેશમાં હજારી અને માંગોલીયન જાતો વસે છે, તેઓનો સામાન્ય ધરમ ઈસલામી છે.

અફઘાનિસ્તાનના અફઘાની લોકોને હાલમાં 'બરદુઆની' કહે છે. એઓમાં અને બીજી જાતોમાં ભાષાનો તથા રીતભાતનો કાંઇ તફાવત છે. ઉત્તર તરફના પ્રાંતોમાં 'યુસફૈઝી' જાતના અફઘાન લોકો રહે છે, તેઓનું કૂળ ઇશાન્ય તરફના સર્વ અફઘાનોમાં મોટું છે. અને બાકીના અફઘાન લોકોને તેઓનો કિત્તો લેવા જોગ છે.

પેશાવર પ્રાંતના તળવટના ઉત્તર ભાગનો પણ તેઓના દેશમાં સમાવેશ થાય છે, યાને ત્યાંથી આગળ હિંદુકુશ નામના બરફથી ઢંકાઇ ગએલા પર્વત સુધી તેઓના મુલકનો વિસ્તાર છે; તેમાં ૧૫ થી ૨૦ કોસ સુધીની લંબાઇની, અને તેટલીજ પોહળાઇની કેટલીક ખીંણો છે, તેઓની બાજુએ બીજી ખીંણો લાગતી ગઇ છે. તે ખીંણોના મોહોડાં છેક સાંકડા થતાં ગએલાં છે, અને તેઓમાંથી કેટલીએકોને ફરતા મોટા ઉંચા તુટેલા પાહડો છે, અથવા કેટલીક રાનોમાં અને ગીચ્ચ અરણ્યમાં ઢંકાઇ ગએલી છે. તે સર્વનું સૌંદર્ય અને હવા કાશ્મીરની હવાની બરાબરી કરેછે. એવા મુલકમાં કોઇ શત્રૂ આવ્યો તો તે છેક ધભરાઇ જાય છે અને તેને અડચણો ઘણી પડે છે, પણ તે દેશના લોકોને એક ખીંડમાંથી બીજી ખીંડમાં જવાના ઘણાં માર્ગ ખબર હોય છે, અને રસ્તા પડેલા ન હોય તોપણ તેઓ માર્ગ શોધી કાઢી શકે છે, તેથી તેઓથી સેહેજ અહીંથી તહીં જવાય છે.

એ દેશમાંના લોક મૂળના હિંદુ હતા. તેઓ પ્રાચીનકાળના 'પારોપામીસાદી' લોકોના વંશજ હતા એમ જણાય છે. ત્યાર પછી કેટલીક જાતોના અફઘાન લોકોએ આવીને તેઓને જીતી ગુલાંમો સરખા કર્યા હતાં, અને ૧૫ મી સદી પેહેલાં કંદહાર પાસેથી યુસફૈઝી જાતના લોકોને તેઓએ મૂળ પ્રાંતમાંથી કોઇ બીજા લોકોનાં કાઢી મુકયા, ત્યારે તેઓએ આવીને એ અફઘાનોનો મુલક લીધો. આ પ્રમાણે તેઓનો મુલક હતો અને તેઓની સત્તા ઘણા લોકો ઉપર હતી, તેથી તે યુસફૈઝી લોકોને પોતાની શ્રીમંતાઇનો ગર્વ હતો. શિવાય તે લોકો પાહાડી હતા તેથી તેઓને સ્વતંત્રાનું અભિમાન સેહેજ હતું. વળી તેઓનું રાજ્ય પ્રજાસત્તાક હતું, તેથી તેઓનું માન ઘણું વધ્યું હતું. તેઓનાં દરેક કુળનો વંશપરમપરાનો મુખ્ય સરદાર હતો; તથા જ્યારે તેમનાં હાથ સર્વસત્તા રહેતી, ત્યારે તેઓ પોતાની જાતીના લોકોના અભિપ્રાય લઇને બીજી જાતના લોકોને જણાવતા. તે શિવાય તેઓને બીજો અધિકાર નહોતો. પ્રત્યેક ગામના લોકો પોતપોતાનો અંદરનો કારોબાર કરતા; કજીયા ટંટા થાય તો તેઓનો પંચાતથી નીકાલ થતો હતો, અને કોઇ પણ કારણ માટે ઘણું કરીને હમેશાં ગામના ચોરામાં લોકોની સભા ભરાતી હતી, શિવાય લોક આરામ સારૂં પણ આવીને ચોમાસામાં બેસતા. તેમજ કોઇ મુસાફર આવનાર જનારને અથવા બીજા કોઇ ગ્રહસ્થને મેજબાની આપવી હોય તો તે ત્યાં આપતા. તેઓની જમીનના સરખા ભાગ કરેલા હતા; અને તે તેવાજ સરખા રહેવા માટે તેઓનાં ફરી ફરી વિભાગ કરતા હતા; એ અફઘાનો પોતાની હિંદુ રૈયતને સારી રીતે પાળતા, પણ તેઓ પાસે કાંઇ રાજકારોબાર નહોતો. એ લોક પોતાની રૈયત કરતાં દેખાવડા હતા, અને તેમજ તેઓની રીતભાત તે કરતાં સારી હતી. દક્ષિણ તરફના સપાટ દેશમાં અને ઉંચા ડુંગરી મુલકમાં તે બીજા જાતના અફઘાનો રહેતા હતા, તેઓની તેઓ કરતાં ઘણા દાહાડાથી તહાં વસતી થએલી હતી અને હિંદુસ્થાનમાંના મુસલમાન લોકો સાથે વધારે વ્યવહાર હતો, પણ સુલેમાન પર્વતમાં જે કેટલીએક જાતના અફઘાનો રેહેતા હતા, તેઓનો મુલક વધારે ડુંગરી હતો, અને

યુસફ્ઝી કરતાં તેઓ સુધરેલા હતા. બાબર પાદશાહે એ ઇશાન્ય તરફના બીજા અફ્ઘાનોને પોતાના તાબામાં આણવાનો યત્ન કર્યો અને તે થોડોક સિદ્ધ થયો હતો; પણ યુસફ્ઝી લોકો આગળ તેનું કાંઇ ચાલ્યું નહિ. તેણે તેઓની સાથે મજબુત થવાને યત્ન કર્યો અને તેઓના મુલકમાં જ્યાં સુધી તેની ગતી થઇ તે મુલક લુટી લીધો પણ બધું ફોકટ. સેવટે અકબર જેવા બળવાન પાદશાહને પણ તેઓએ જેર કર્યો હતો. આ યત્નમાં રાજા બીરબલ માર્યો ગયો હતો.

આ રાજ્ય અઢારમી સદીની અધવચ સુધી અમીર પાદશાહના તાબામાં હતું તેની આગમજ આ રાજ્ય ઇરાનના તાબેનું એક વખત ગણાતું હતું. ગીજની અને ઘોર સુલતાનોના વખત પછી ઈ. સ. ૧૭૪૭ માં પેહેલવેહેલા અફ્ઘાનોને સ્વદેશી રાજા મળ્યો, એ મહમદશાહ દુરાની હતો. ઇરાની વિજ્યકરતા નાદીરશાહના મરણ પાછળ અવ્યવસ્તા થઇ તેવામાં આ દ્રઢમનના શુરવિરને પોતાનું કામ કરી લેવાની તક મળી. ઈ. સ. ૧૭૭૩ માં તેનું મરણ નીપજ્યું, તેની આગમજ તેણે હિરાતથી પેશાવલ લગી અને કાશમીરથી સિંધુ સુધીનું બોહોળું રાજ્ય જીતી લીધું હતું. તે ઇ. સ. ૧૭૬૧ નાં પાણીપતના રણમાં વચ્ચે આવ્યો તેથી મરાઠા વિજ્યનું રોકાણ કર્યું અને દીલીની ગાદીએ પાછો મુસલમાન પાદશાહ બેઠો. પણ અહમદશાહે હિદમાં વસવાની કદી દરકાર કરી નહીં અને પોતાના દેશમાં કાબુલ અને કદંહાર એ બે રાજધાનીઓ હતી તેમાં વારા ફરતી દરબાર કરતો.

'દુરાની સુલતાનોને દીકરાઓ ઘણાં હતા અને તે દીકરા ગાદીને માટે એકમેક સાથે લઢી મરતા. સેવટે ઇ. સ. ૧૮૨૬ માં બળવાન 'બર્કજાઈ' કૂળનો દોસ્તમહમદ **અમીર**ના ઈલકાબથી કાબુલમાં પોતાનો અમલ સ્થાપન કરવામાં ફતેહ પામ્યો. એ વેળા દુરાની વંશના બે ભાઈઓ નાહાશીઆવી પંજાબની સરહદપર આવેલા 'લુધીઆના' શેહેરમાં ઈંગ્રેજના આશ્રયમાં રેહેતા હતા. ઈંગ્રેજ સરકારનું પેહેલું લક્ષ લૉર્ડ વેલ્લેસ્લેયના વખતથી અફ્ઘાનિસ્થાનપર લાગ્યું.

ઇ. સ. ૧૮૦૦ માં જમાંનશાહ લાહોરમાં દરબાર કરી રેહેતો હતો. અહમદશાહની માફક હિંદુસ્થાનપર ચઢી આવે એવો ડર વેલ્લેસ્લેયને હતો. રણજીતસિંહના જબરદસ્ત શીખ રાજ્યની ચઢતીથી ત્યાર પછીને માટે, આ ભયનો તદન નાશ થયો હતો. હિંદ ઉપર તે વેળા ફ્રેન્ચ સ્વારી થઇ શકે તેવું હોવાથી તેનાથી બચવાની ગોઠવણ કરવાંની હતી તેથી ૧૮૦૫ માં લૉર્ડ મિન્ટોએ માઉન્ટ સ્ટુઅર્ટ એલફીન્સટનને જમાનશાહના ભાઈ શાહ શૂજાહી પાસે અરસપરસના બચાવ માટે ઐકય કરવાને મોકલ્યો. આ પુરું થવા પેહેલાં શૂજાનો ત્રીજો નાનો ભાઇ મહમુદશાહ સુલતાન થઈ પોતાના વડા ભાઇને રાજ્યમાંથી કાઢી મેલ્યો. ત્યાર પછી ૧૮૩૭ માં અફ્ઘાનિસ્થાનના રાજ્યમાં ઈંગ્રેજોને પેહેલપેહેલાં હાથ ઘાલવાને પ્રસંગ આવ્યો. આ વેળા મહમદ બરકજાઇની સત્તા કાબુલમાં મજબુત થએલી હતી. આ વેળા રૂશીઆનું રાજ્ય મધ્ય એશિઆમાં આગળ વધવા માંડયું હતું અને ઇરાની ફોજે હિરાતને ઘેરો ઘાલ્યો હતો. તેવે સમે હિંદુસ્થાનપર ભયનું વાદળ ઘેરાયલું હોવાથી લાર્ડ ઑકલૉંડ કાબુલની ગાદી પર કહ્યું કરે એવો કોઇ હાકેમ બેસાડવાની ગોઠવણમાં મચેલો હતો.

લુધીયાનામાં નાહાશી આવેલા બે અફ્ઘાન સુલતાન હતા. તેમાંનાં શાહશુજાને આ કામ સારું પસંદ કર્યો. એ વેળા સિન્ધુ અને પંજાબ બન્ને સ્વતંત્ર રાજ્ય હતાં. એમાંનુ સિંધ ઓછું બળવાન હોવાથી તે માર્ગે શાહશુજાને લઇ એ બ્રીટીશ લશકર 'બોલાન ઘાટમાં થઇ દક્ષિણ અફ્ઘાનિસ્થાનમાં પેઠું. કંદહાર શરણે આવ્યું, હલ્લા કરીને ગજની લીધું, હિંદુકૂશ ઓળંગી દોસ્તમહમદ નાહાઠો અને ૧૮૩૯ ના

આગસ્ટમાં કાબુલ શેહેરના બાલાહિસારમાં શાહશૂજાને દાખલ કર્યો. ત્યાર પછી બીજે બાહાદુર ઝગડો કરીને દોસ્ત મહમદ શરણે આવ્યો; તેને કેદ કરી કલકત્તા લાવી રાખ્યો.

ઇંગ્રેજોએ શાહશૂજાને ગાદીએ બેસાડયો પણ ત્યાંના અફ્ઘાની લોકોને આ અમીર મર્જી વીરૂધનો નેમાયલો ગમ્યો નહિં. બે વરષ સુધી ઇંગ્રેજે અફ્ઘાનિસ્થાન કબજે રાખ્યું. ૧૮૪૧ ના નવેંમ્બરમાં એક આફ્ત આવી. એ વખતે પોલીટીકલ એજંટ સર અલેકઝાન્ડર બર્નસને કાબુલ શેહેરમાં કતલ કર્યો. છાવણીમાંના લશકરનો ઉપરી જનરલ એલફીન્સટન હતો. સર વીલીયમ મેકનોટન પોલીટીકલ અમલદાર હતો. એલફીન્સટન ઘરડો હતો અને તેના ઓધાનું જોખમભરેલું કામ ચલાવવાને જોઇએ તેટલો તેનામાં દમ નહતો. દોસ્ત મહમદના વડા દીકરા સરદાર અકબરખાનની જોડે મૅકનાટનની મુલાકાત થઈ તે વેળા મેકનૉટનને વીસવાસઘાતથી અકબરખાને મારી નાખ્યો. છાવણીમાં બે માસ ધભરાટમાં રહી અફ્ઘાન સરદારોની જુઠી બાંહેધરી ઉપર આધાર રાખી ભર શિયાળે ઇંગ્રેજ સૈન્ય પાહાડી ઘાટોને માર્ગે હિંદુસ્થાન આવવા નીકળયું. જ્યારે લશકર ઉઠયું ત્યારે ૪૦૦૦ યોદ્ધા અને ૧૨૦૦૦ છાવણીના અનુગામી હતા. એ બધામાંથી એકલો ડૉકટર બ્રાઇડોના માત્ર ઉગરી જલાલાબાદમાં રહેલા મિત્રોને જઇ મળ્યો. જ્યાં જનરલ સેલ બાહાદુરીથી ટકી શકયો હતો. બાકીનાં ખુદ, કાબુલ અને જગદલકની બરફવાળી નાલમાં અફ્ઘાનોના છરા અને બંદુકોથી તથા તાહડથી મરણ પામ્યા. થોડા કેદીઓના મુખત્વે બૈરાં છોકરાં અને અમલદારોની સંભાળ અકબરખાનના હુકમથી લેવામાં આવી હતી. ૧૮૪૨ માં વેર લેવા માટેની ચઢાઈ કરવાનું સાહાસ આરંભ્યું, પણ તે ચલાવવામાં અણબનાવ અને ગેરબંદોબસ્ત હોવાથી ઇંગ્રેજ ફોજને નામોશી લગાડીને સાહાસનો અંત આણ્યો.'

ઇ. સ. ૧૮૪૨ માં જનરલ નૉટ અને પોલકના બેઉ સૈન્ય કાબુલમાં ભેગા થઇ ત્યાંના મોટા બજારને દારૂગોળાથી ઉરાડી મેલ્યો, અને દોસ્ત મહમદને તેનું તખ્ત વગર વાંધે બક્ષી તેઓ હિંદમાં આવ્યા. આ લઢાઇ પછી અફ્ઘાનિસ્થાનનો મામલો ઠીક ચાલ્યા કીધો પણ ૧૮૭૮ ની સરદ રૂતૂમાં અફ્ઘાની મામલો ફરીને જાગ્યો. આ વેળા અમીર શેરઅલી રૂશિઆને મદદ કરતો જણાયો, તેણે ઇંગ્રેજ એલચીને પોતાના દેશમાં પેસવા નહિ દેતાં રૂશીઅન એલચીનો સારો સતકાર કર્યો. એ ઉપરથી ૧૮૭૮ માં લઢાઈ થઈ તેમાં શેરઅલી નાહાસી તૂર્કસ્થાન ભરાયો; જ્યાં તે વેળા તેના દીકરા યાકૂબખાન જોડે 'ગંધમક' મુકામે તહનામું ૧૮૭૯ ના મે માંસમાં થયું. આ તહનામાની રૂહે ઇંગ્રેજ સરદારને અફ્ઘાનિસ્થાનના મુખ્ય બચાવના મથકો મલ્યાં.

ઈ૦ સ૦ ૧૮૭૯ ના સપટેંબર માસમાં ઇંગ્રેજ રેસીડંટ સર લુઇ કાવાન્યાને તેના રસાલા સુધાં મારી નાખવામાં આવ્યો. આથી એક બીજી લઢાઇ જાગી અને યાકુબખાનને હિંદમાં આણી રાખ્યો. આ વેળા સર ફ્રેડરીક રૉબર્ટે (૧૮૮૦) બાહાદુરીથી કાબુલનો કબજો સ્વાધીન રાખ્યો. તે વેળા યાકુબખાને પાછું માથું ઉઠાવવાથી ફ્રેડરીક રૉબર્ટસે બાહાદુરીથી તેને દાબી નાખી અબદુલ રહીમાન નામે દોસ્ત મહમદના કૂળના સૌથી વડા રાજવંશજને (ઇંગ્રેજે) અમીર કબુલ રાખ્યો. એને રાજધાનીનો કબજો સોંપી ઇંગ્રેજ લશકર કાબુલમાંથી ૧૮૮૭ માં પાછું ફર્યું. ત્યારથી આજ લગણ અફઘાનિસ્થાનનો અમીર બ્રિટીશ સરકારનો વફાદાર મિત્ર ગણાતો આવ્યો છે.

અફ્ઘાનિસ્થાનના અમીરને પ્રથમ શેરઅલીના વખતથી કિંમતી નજરાણા તથા સાલીયાણા આપવાનું શરૂ થયું હતું.

૧૮૬૮ માં પ્રથમ લૉર્ડ લારેન્સે અમીરને છ લાખ રૂપ્યાનો ઉચકો આપ્યો હતો.

૧૮૬૮ માં લૉર્ડ મેયોએ ૧૦૦૦ હજાર હથ્યારો આપ્યાં હતા. ૧૮૭૦ માં એજ હાકમે ૧૮ રતલી ગોળાની ૪ તોપો, ૬ રતલી ગોળાની બે પહાડી બેટેરી, ૮ ઈંચ જાડા ગોળાની બે તોપો, ૯ હાથી સાજથી સજ્જ કરેલા, ૨૦૦૦૦૦ રૂપ્યા સાથે બીજો દારૂગોળો અમીરપર મોકલ્યો હતો. હાલમાં હિંદી સરકાર દર વર્ષે ૧૮૦૦૦૦૦ રૂપ્યા અને હથીઆરો અમીરને આપે છે.

અફ્જલ ઉદ્દૌલા—નિઝામ વંશનો નાંસીર ઉદૌલા ઇ० સ० ૧૮૫૭ માં મરણ પામ્યો. તેની ગાદીપર અફ્જલઉદૌલા ૧૮૫૭ ની આખેરીએ ગાદીનશીન થયો. એનો દીવાન સર સાલારજંગ નામે પ્રસિદ્ધ રાજપુરૂષ થઇ ગયો છે. મહારાણી તરફથી અફ્જલઉદૌલાને ‘ નાઇટ સ્ટાર આફ ઇંડીયા ’ નો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. અફ્જલ-ઉદૌલા ૪૩ વર્ષની ઉમરે ઇ० સ० ૧૮૬૯ ની ૧૬ મી ફેબ્રવારીએ મરણ પામ્યો. એના પછી એનો પુત્ર મીરમેબુત ગાદીએ બેઠો અને હાલમાં તેજ નિઝામ છે.

***અફ્ઝુલ**—અફ્ઘાનિસ્થાનના અમીર દોસ્ત મહમદનો વડો દીકરો. ઈ. સ. ૧૮૬૩ માં અમીર દોસ્તમહમદ મરણ પામ્યો અને તેના તખ્તપર તેનો માનીતો બહાદુર બેટો શેરઅલી બેઠો, ત્યારે અફ્ઝુલ બંદીખાને હતો. બે વર્ષ પછી ઈ. સ. ૧૮૬૫ માં અફ્ઝુલના બેટા અબ્દુલ રહેમાને દોસ્ત મહમદના બીજા બેટા અજીમખાન જોડે એકસંપ કરી શેરઅલીને કાબુલના તખ્ત પરથી હાંકી કાઢયો. શેરઅલી તખ્ત છોડી ન્હાશી ગયો ખરો પણ માહોમાહેની લઢાઇ ચાલુજ રહી. જેમાં અફ્ઝુલ ઇ. સ. ૧૮૬૭ માં માર્યો ગયો. એ પછી શેર અલીએ બીજે વર્ષે પોતાના ભાઇ તથા ભત્રિજાને હરાવી કાબુલનું તખ્ત પાછું હાથ કીધું.

અફ્ઝુલખાન—આ સરદાર વિજાપુરના લશ-કરનો વડો સેનાપતિ હતો. એણે અનેક લઢાઇઓમાં સારૂં નામ મેળવ્યું હતું. ઇ. સ. ૧૬૫૮ માં છત્રપતી શિવાજીએ વિજાપુરના રાજ્યમાં લુટફાટ ચલાવી અને ‘ જુન્નર’ ગામમાં બાર લાખથી વધુની લુટ મેળવી, આથી વીજાપુરની દરબારના હોકમથી અફ્ઝુલખાનને ૧૨૦૦૦ સ્વારોનું સૈન્ય આપી ઇ. સ. ૧૬૫૯ માં શિવાજીપર ચઢાઈ કરવા મોકલ્યા. આ વેળા શિવાજીએ પોતાની કુન્હેબળથી તેને મિત્ર બનાવ્યો અને આગ-મજથી ગોઠવણ મુજબ વગર હથીઆરે અફ્ઝુલખાનને મુકરર કરેલી જગામાં મળવા તેડયો; આ વેળા અફ્ઝુલખાન પોતાની પાઘ-ડીમાં કમાનદાર હથિયાર છુપાવી એક હુજ-યાંસાથે મુલાકાતે ગયો. આ વેળા શિવાજીએ પોતાનું આટલું બધું બીકણપણું બતલાવ્યું કે અફ્ઝુલખાને પોતાનાં હુજયાંને સાથે લીધા વગર શિવાજીની મુલાકાત લીધી. આ સરદાર કદે તેમજ દેખાવે અસાધારણ મોટો હતો, અને શિવાજી તેની પાસે મચ્છાં જેવો દીસતો હતો. અફ્ઝુલખાને શિવાજીને બગલગીરી કરવાના હેતુથી પોતાની બાથમાં એવો તો ચાંપ્યો કે શિવાજીને પોતાના બંચાવમાં પોતે હમેશાં ભયને વખતે છુપા વાઘનખો જે પેહેરી રાખવાની સાહુચેતી રાખતો હતો, તે તેના પેટમાં ભોકીને અફ્-ઝુલખાનનો પ્રાણ ઇ. સ. ૧૬૫૯ માં લીધો.

અફ્ઝુલપુર—આ ગામ નિઝામ હૈદ્રાબાદની પશ્ચિમે ૧૪૧ માઇલપર છે.

અફ્રેડોમીટીયસ—આ પ્રસિદ્ધ વકતા ‘ટાઇબીરીઅસ’ના રાજ્યમાં નીમસ ખાતે જન-મ્યો હતો. એ તિસેનાં રાજ્યમાં સારી પ્રતિષ્ટા પામી ઇ. સ. ૬૦ માં મરણ પામ્યો.

અફ્રાસિઆબ—આ તુરાનીઓનો પાદશાહ તથા ઇરાનીઓનો કટ્ટો દુશમન જરતોસ્ત આગમજ ૭૦૦ વર્ષપર જનમ્યો હતો. એ પશંગનો વડો બેટો હતો અને ફરેદુનના બેટા તૂરના ખાનદાનથી ઉતરી આવ્યો હતો. ‘બકરી’નો પાહાડ તૂરનો હતો તેને એણે પોતાનું મથક બનાવ્યું હતું. એણે હેતૂમંદ નામની મોટી નદી અને બીજી અનેક નદી-

એનો જુનો માર્ગ બંદ કરી બીજે માર્ગે વેહેતી કરી હતી. મધ્યએશિયામાં દુશમનોને હેરાન કરવા અને તેઓના દેશમાં પાણી અને ખોરાકીની તંગી પાડવાનો અને એમ કરી તેઓને તાબે કરવાનો માર્ગ અસલના જમાનામાં એ ગણતો હતો. એ નદીઓનાં માર્ગો પોતાના લાભ માટે અને ઇરાનીઓના ગેરલાભ માટે ફેરવી નાખવાની કોશેસમાં સજ્જડ ખતા પામ્યો હતો. નદીઓને એમ બીજીગમ ફેરવવા જતાં 'દૂરસ્ત વંદાજદાઓ' અને અવજદા' નામના મોટા સરોવરો એકાએક પેદા થયાં હતાં. એણે ઇરાનીઓનું ખોરેહ અને કિર્તી છીનવી લેવાની કોશેસ કરી અને એમ કરવામાં નહિ ફાવતાં એના હાથમાંથી તે ખોરેહ જતું રહ્યું.

નોદરના રાજ્યમાં, કૈકોબાદના રાજ્યમાં, કૈકાઉસના રાજ્યમાં અને છેલ્લે કયખશરૂના રાજ્યમાં તે વારેઘડીએ ઇરાન ઉપર હુમલાઓ લાવી ઇરાનની કિર્તી લુટવાની કોશેસ કરતો પણ તે કોશેસમાં એ નીશફળનીવડયો હતો.

અફ્રાશિઆબે પોતાના જમાઇ શિયાવક્ષને કસરેવજની ફુસલવણીઓથી મારી નખાવ્યો હતો. એણે પોતાના નાના ભાઈ અગ્રેરસને મારી નાખ્યો હતો; કારણ કે અગ્રેરસ તેના બુરા કામોની સામે થતો હતો. કયખશરૂએ પોતાના બાપ સીયાવક્ષનો કીનો લેવા માટે એની સાથે એક મોટી લઢાઇ કીધી તેમાં અફ્રાશિઆબે સખત હાર ખાધી, અને જંગલોમાં નાહાસતો ફરવા લાગો.' એમ ભરાતો ફરતો 'બરડાહાના' પાહાડોમાં ભરાવા ગયો કે જે ઠેકાણે કયખુશરો પાદશાહનો આગલો 'હોમ' નામનો એક પેહેલવાન હતો તે પાછળથી બુઢાપાના વખતમાં તે પહાડપર ખોદાની બંદગી કરવા માટે એક ગુફા બાંધી તેમાં ખુદાની બંદગી કરતો હતો, ત્યાં અફ્રાશિઆબ આસરો શોધતો જઇ લાગ્યો. પેલા પરહેજગાર હોમે જુલ્મી અફ્રાશિઆબને પીછાની કેદ કીધો; અને કેદ કરી કયખુશરોને સ્વાધીન કરવા લઇ જવા લાગ્યો. તેટલાં માર્ગમાં 'ભેમસ્તે' સરોવર આવતાં અફ્રાશિઆબે બંદ ઢીલા કરવાનો આગ્રહ કરવાથી 'હોમે' જેવા બંદ ઢીલા કર્યા કે અફ્રાશિઆબ પાણીમાં કુદકો મારીને સરોવરની તળીએ ભરાઇ બેઠો. એમ કેટલાક દીવસો વેર તે ભરાઇ રહ્યો. કયખુશરો તેની શોધ કર્તો ત્યાં આવી તેને ઉપર લાવવાની ઘણી કોશેસો કરી પણ તે ઉપર આવ્યો નહિ, અને પોતાના આત્મવિદ્યાનાં જોરે કરી હેઠાણમાં ભરાઇ રહ્યો. ત્યારે કયખુશરોએ તેના ભાઈ કસરેવજને ત્યાં લાવી રીબાવવા માંડયો; તેની કલાપીટના અવાજથી જેવો તે ઉપર આવ્યો કે તેને મારી નખવામાં આવ્યો હતો.

અફ્લાતુન—અથવા પલેટો ઇ. સ. પૂર્વે ૪૨૯ થી ૩૪૮ વેરમાં થઇ ગયો. એ પ્રસિદ્ધ યુનાની વિદ્વાન હતો. એનુ પ્રથમ નામ 'એરિસ્ટોકિલિસ' હતું પણ તેના ખભાની પોહોળાઇ અસાધારણ હોવાથી તેને પલેટો કહેવામાં આવ્યો હતો. આ ઓલમા જ્યારે બાળક હતો ત્યારે તે જંગલના એકાંતવાસમાં જઈ પોતાનું પુસ્તક લખતો હતો. કહે છે એનો નાહાનપણામા રડવાનો અવાજ બે કોસ ઉપરથી સંભળાતો હતો. અફ્લાતુને પોતાનો બુઢાપો જંગલની એકાંતવાસ જીંદગીમાં ગુજાર્યો હતો. એના ઘણા ચેલાઓ દુન્યામાં પ્રસિદ્ધ થતા પામ્યા છે. તેમાં 'એરિશ્ટોતલીસ' સર્વેથી વધુ જાણીતો હતો. એની ફીલસુફી વેદ તથા અવસ્તાને મળતી છે. એના પુસ્તકોમાં રીપબલીક, પારમેનાઇડસ, ક્રિડો વગેરે છે.

અફ્સાર—આ એક તુર્ક ટોળાનું નામ છે. આ ટોળાવાલાઓએ શાહ ઇસમાયલનો પક્ષ પકડી તેનું રક્ષણ કર્યું હતું.

અફીણ—હિંદુસ્થાનમાં પેદા થતું આ એક જાતનું ઝેર છે. અફીણ જો વધારેં ખાધું હોય તો તે ઝેર છે પણ થોડું ખાવું એ કેફી વ્યસન કહેવાય. હિંદુસ્થાનમાં તથા દુન્યાના કેટલાક ભાગોમાં કોઈક લોકોને એવું બુરૂં વ્યસન લાગે છે પણ ચીન દેશ તો આ

ઝેરથી તદ્દન પીળાતોજ જાય છે. જે લોકો અફીણ પકવેછે. અને તેના સટ્ટામાં નફો હાંસલ કરે છે તેઓ જો ચીનના અફીણ પીનારાઓના બદીના રેહેઠાણોમાં જઇને તે ઠેકાણે જે મુફલેસી, કંગાલ્યત, દરદ તથા મોહોત જે એ ચીજ પીધાથી નીપજે છે તે નજરે જોય તો; અથવાતો તેમને તે દુખઃભરી હાલતની રજકણ ભરી અનૂભવિક ખબર હોય તો તેઓ એનો વિચાર કદીજ કરે નહી. આવી આ શ્રાપ દાખલ ગણાતી ચીજથી ઇંગ્રેજ સરકારને વરસ દહાડે લગભગ બે કરોડ રૂપ્યાની મેહેસુલ ઉપજે છે. તો એવી એક અજાયબ વેપારની ચીજની માહીતી આપવાની જરૂર છે.

અફીણનો ઇતિહાસ તથા વેપાર—ઇતિહાસ ઉપરથી એવું જણાય છે કે ઇરાન તરફથી મુસલમાન યોદ્ધાઓએ આવી, દેશી રાજાઓનો પરાજય કર્યો તે વેળા પોતાની નવી રઇયતમાં અફીણ ખાવાની ટેવ દાખલ કરી હતી. તે વેળા આરંભ લોકોનો જે ભાગ પશ્ચિમ કોસ્ટા તરફથી હિંદમાં દાખલ થયો, તેઓએ પેહેલવેહેલી એ કેફી વસ્તૂની ખેતી કરવા માંડી, જે રફતે રફતે માલવા સુધી લંબાઇ ગઇ. મહાન રાજકર્તા અકબરના ઇતિહાસ કર્તા અબુલ ફૂજલના કહેવા પ્રમાણે તેના વખતમાં એની મુખ્ય પેદાયશ બીહાર અને ગાજીપુરમાં થતી હતી. એ ખેતીની પરવાનગી આપવાનો હકક સરકારે પોતાને માટે રાખ્યો હતો. તે વેળા અફીણ ઉગાડનારી જમીન ઉપર લેવાતો ઓછામાં ઓછો કર ગહું ઉગાડનારી જમીન ઉપર લેવાતા સહૂથી વધતા કર કરતાં પણ ચઢતો હતો.

'મોગલ વંશના નાશ પછી મરાઠાઓની ચઢતી થઇ, અને તેઓ પછી બ્રિટીશ રાજ્યનો ઉદય થયો. એ સાથે ઈ. સ. ૧૭૭૩ માં અફીણની ખેતીનાં સગળાં હક ઇલાકા ઇંગ્રેજના હાથમાં આવ્યા, ત્યાર પછી આંઠ વર્ષ સુધી તેઓએ સઘળો મકતો કેટલાક ભાગીદારોને આપી તેમના હાથે વહીવટ ચલાવ્યો.

ઇ. સ. ૧૭૮૩ પછી ઇસ્ટ ઈંડીયા કંપનીએ મકતો પોતાને સાથે ચલાવવા માંડયો. આજે અફીણની મુખ્ય ખેતી બ્રિટીશ આશરા તળેનાં દેશી રાજ્યોમાં થાય છે. એ અફીણ માળવી અફીણને નામે ઓળખાય છે. ખેતીનો બીજો મુખ્ય વિભાગ વાયવ્ય પ્રાંતના દક્ષિણ પૂર્વભાગ, ઓદ અને બિહારનો બનેલો છે. અહીંઆનું અફીણ સાધારણ રીતે બંગાલી અફીણને નામે ઓળખાય છે. એ ઉપરાંત પંજાબ અને વડોદરા પોતાના ઉપયોગ માટે અફીણ ઉગાડે છે. માળવામાં ઉગતું અફીણ ત્યાંના સરદારોની આવકનું મુખ્ય સાધન છે: માળવી અફીણ ઘણું ખરૂં મુંબઈ લાવવામાં આવે છે, કે જ્યાંથી થોડો ભાગ હિંદની ખપ માટે રાખી બાકીનું ચીન ખાતે ચઢાવવામાં આવે છે. બ્રિટીશ હદ્દમાં દાખલ થતાં અફીણ ઉપરના કરથી ઇંગ્રેજ સરકારને મોટી આવક મળે છે. ઉજ્જન ખાતે એ કર '૭૨.૫ અને માળવાના બીજા ભાગોમાં ૭૦ છે. એ કર ઉઘરાવવા માટે ઠેકઠેકાણે તોલવાનાં કાંટાઓ અને તેમને લગતા ખાતાં રાખેલા છે. જુમલે ખરચ–આવક સાથે સરખાવતાં બહુ નાનો છે. તે જગ્યાએ એ અફીણ તોલીને ૧૪૦$\frac{5}{8}$ ગુ. રતલની પેટીઓમાં અથવા ૭૦$\frac{5}{8}$ ગુ, રતલના અરધાઓમાં ભરવામાં આવે છે, અને તે સાથે તેને લઇ જવાના પરવાનાઓ આપવામાં આવે છે. એવા ખાતાંઓ ગુજરાતમાં અમદાવાદ તથા મધ્ય વિભાગ અને રજપુતાનામાં અજમેર, ઉજ્જન, ઇંડોર, ધાર, રતલાંમ, જાવરા, માંદેસોર, ભોપાલ અને ચીતોડછે. વળી એ અફીણ સરકારે નકી કરેલા મારગોથીજ લવાય છે, મુંબઇ ઇલાકામાં એ મારગોથી દાખલ થતું સઘળું અફીણ તપાસી જોવામાં આવે છે. મુંબઇની વખારમાંથી મકતેદારો તે ખરીદ કરે છે, ત્યારે લાઇસન્સવાલા હકીમો પાંસે તે તપાસવું પડે છે; વેપારીઓ પણ એ રીતે પોતાનો માલ તપાસે છે, કેમકે સારાં નરસા અફીણની

તપાસ કરવી એ લાંબા અનૂભવનું કામ છે; અને તે સર્વે કોઇથી બનતું નથી. ચીન ખાતે ચઢતું અફીણ તપાસનારા ચીનાઇ વઇદો એ કામમાં બહુ કુશળ હોય છે. આતશની મદદથી એ જીનસના રસાયણીક પદાર્થો તેઓ છુટા પાડે છે અને હલકી જાતનો માલ તેઓની નજર કદી ચોરાવી શકતો નથી. માળવી અફીણનો મોટો ભાગ ચીનમાં ખપી જાય છે. હાલમાં સરાસરી ૨૯૦૦૦ પેટીઓ ચીન ખાતે ચઢે છે. ત્યારે હિંદનાં ઇલાકાના ઇજારદારો માત્ર ૭૦૦ થી ૮૦૦ અને વડોદરા શિવાય દેશી રાજ્યો ૧૦૦ થી ૧૫૦ ખપાવેછે. પણ ચીનના વેપારમાં દાહાડે દાહાડે રસ ઓછો થતો જાય છે. ચીનમાં હાલ અફીણની ખેતી વધતી જાય છે, અને માલ ઉંચી કીસમનો નીકળે છે. વળી અહીંના અફીણપર મોટો કર હોવાથી તે તેને પાલવતું નથી. ૧૮૮૪-૮૫ ના સાલમાં મુંબઇથી લગભગ ૪૦૦૦૦ પેટીઓ ચઢી હતી જ્યારે ૧૮૯૧-૯૨ માં તેમાંથી અગ્યાર હજાર ઓછી થઇ ગઇ હતી એ છતાં મુંબઇ ઇલાકામાંથી પસાર થએલા અફીણની કુલે મેહેસુલ ૧૮૯૪ ના વર્ષમાં રૂ. ૧૮૫૦૦૦૦૦ ઉપરની હતી.

હીંદી અફીણની બે જાતો છે, માળવી અને બંગાલી. માળવીના બાબમાં સરકારને આવકના પ્રમાણમાં ખરચ બહુ થાય છે. બંગાલી અફીણનાં સંબંધમાં ગોઠવણ જૂદી છે. સઘલો માલ સરકાર ખરીદી લેછે અને બંગાલ, વાયવ્ય તથા મધ્ય પ્રગણાઓને વેચાતું આપે છે; પણ એ અફીણ ઉપર સરકારને મોટો ખરચ બેસે છે. એજંતોની મારફતે ખેડુતોને નાણા ધીરવાં પડે છે, જે ખરાબ રૂતૂમાં ઘણાં ડુબી જાય છે. સને ૧૮૯૧ માં ખેડુતોને ધીરેલી કુલે રકમ રૂપીયા વીસ લાખની હતી.

બંગાલી અફીણની ખેતીનો વિસ્તાર ૧૮૫૧ ના સાલમાં ૨૮૭૭૦૧ એકરનો હતો જે ૧૮૯૧ માં વધીને '૫૦૧૭૧૯' થયો હતો. પણ એ કરતાં કેટલાક વચલા સાલોમાં વિસ્તાર વધારે હતો. જેમકે ૧૮૮૬ માં ૫૯૪૯૨૧ એકરનો અને ૧૮૮૫ મા ૫૬૫૨૪૬ એકરનો વગેરે. આગળ બનારસની અફીણ ઉગાડવાની જમીન બિહાર કરતાં મોટી ગણાતી હતી પણ હાલ છેલ્લાં કંઇક વર્ષો થયાં તે ઓછી થતી જાય છે, કારણકે ત્યાંનો પાક અવારનવાર બગડે છે.

"અફીણ પુરૂં પાડવાની યોજના જૂદી છે. પ્રત્યેક જીલ્લા માટે ઇલાકા યા પરગણાના કમીશનર તરફથી ટેનડરો માંગવામાં આવે છે અને તેના ચોકસ ધોરણોને લીધે પેહેલી પંકતીનાજ ગ્રસ્થો એ ધંધામાં જીપલાવે છે. ૧૮૭૮ ના પેહેલા આકટથી અફીણનું વાવેતર ખાલસા મુલકમાં બંધ કરવામાં આવ્યું છે. ગુજરાતના વડોદરાઇ કડી પ્રાંતમાં એનું વાવેતર હાલમાં થાય છે. ત્યાં ખરીદ કરવા તથા વેચવાનો કુલ અખત્યાર વડોદરા સરકારે પોતાની પાસે રાખ્યો છે, એટલે ખેડુતથી પોતાની મરજી મુજબ અફીણ વાવી શકાતું નથી, પણ પરવાનો લેવો પડે છે. કડી પ્રાંતમાંથી અફીણ એખટું કરી સીદ્ધપુરમાં મોકલે છે, તેને દેશ દેશાવર મોકલવા થકી તૈઆર કરવામાં આવે છે. દરેક પેટીમાં ૧૪૦ રતલ અફીણ હોય છે અને તેની કિંમત બજારની સ્થિતિ પ્રમાણે રૂ ૧૦૦૦ થી ૧૪૦૦ સુધી હોય છે., અરધા કદની પેટીનું વજન ૬૫ થી ૭૦ રતલનું હોય છે. એ અફીણ ગોટીઓના આકારમાં આવે છે. સાધારણ રીતે દરેક ગોટીનું વજન પોણો રતલ હોય છે. એ ગોટીઓને ભૂસામાં રાખી માહે હવા નહિં જાય તેવી પેક કરે છે, કારણ કે હવાની અસરથી સુકાઈ જાય છે અને તેથી ૨૫ ટકા ઘટ આવે છે.

ચીન ખાતે ચઢતું અફીણ આગલના કરતાં હાલ ઓછું ચઢે છે. હૉંગકૉંગ ખાતે ચઢેલા (૧૩૩ રતલની પેટીઓમાં) એકંદર વીસ વર્ષના કોઠા તરફ જોતાં તેમાં નવ ટકાનો

ઘટાડો માલમ પડે છે. તે કોઠો નીચે પ્રમાણે છે.

ઇ. સ.	પેટીઓ
૧૮૭૧-૭૨	૭૩૭૮૪
૧૮૭૫-૭૬	૮૩૬૪૯
૧૮૮૧-૮૨	૬૯૯૬૨
૧૮૮૭-૮૮	૬૬૧૬૮
૧૮૯૧-૯૨	૬૭૩૧૪

હિંદના પ્રાંતીક ખપમાં અફીણના વેપારમાં ઠીક વધારો થયો છે. જેમાં બંગાળ સહુથી વધારે ખપ કરવામાં પેહેલું છે. અફીણનું મેહેસુલી સાલ આગસ્ટથી શરૂ થાય છે અને જુલાઇમાં પુરૂં થાય છે. નીચલો કોઠો હિંદનો પ્રાંતીક ખપ દર્શાવી શકશે.

વર્ષ.	બંગાલ.	આસામ.	દક્ષિણ બરમાં	મુંબઈ.	મધરાસ.	મધ્યપ્રાંત.	જુમલે.
૧૮૮૭-૮૮	૧૯૮૪૯૯	૧૬૨૭૪૬	૧૭૪૦૭૮	૧૩૦૪૫૭	૯૫૨૮૧	૬૭૬૩૪	૮૯૦૨૨૦
,, ૮૮-૮૯	૨૦૦૮૧૩	૧૬૩૫૬૦	૧૮૯૦૮૯	૧૩૮૧૩૦	૬૮૩૮૭	૬૯૦૧૯	૯૨૮૦૪૨
,, ૮૯-૯૦	૧૯૫૯૪૯	૧૭૩૬૮૧	૧૯૧૭૯૫	૧૪૦૫૯૦	૬૪૦૨૨	૭૧૦૮૩	૯૫૨૮૧૬
,, ૯૦-૯૧	૧૯૯૫૩૧	૧૮૦૩૮૫	૨૦૦૮૫૩	૧૨૭૭૮૧	૭૧૮૧૪	૭૧૩૩૪	૯૬૯૪૫૨
,, ૯૧-૯૨	૨૧૧૮૮૨	૧૫૦૯૯૬	૧૮૭૦૭૩	૧૨૨૧૪૪	૭૨૩૦૪	૭૩૦૧૯	૯૭૬૫૧૩

અફીણનો મોટો ખપ ચીનમાંજ થતો જણાયલો છે, તેમાં સરકારને મોટી પેદાશ છે. ઇ. સ. ૧૮૫૪ ના સાલમાં અફીણ બાબદમાં એક યાદગાર લઢાઇમાં ચીન સાથે ઇંગ્રેજોને ઉતરવું પડ્યું હતું. બલવાખોરોએ પેહેલવેહેલું પગલું ઇ. સ. ૧૮૫૩ ની ૧૮ મી 'મે' એ ભર્યું હતું; જેના પરીણામો ઘણા ભયંકર આવ્યાં હતા, આ વેપાર થકી થએલી લઢાઇમાં ઇંગ્રેજ સરકારની જીત થઇ હતી.

અફીણની ખેતી અને બનાવટ—એનો પાક ફળવંત જમીન, સારૂં પાણી, સારી હવા જે ઠેકાણે હોય ત્યાં તેની સારી ઉત્પન્તી થાય છે. અફીણની બાબદમાં હિંદુસ્થાન માહેલો માલવા દેશ વધારે સારો છે અને હિંદના બીજા ભાગના પાક કરતાં માલવામાં ઠીક ઉપજે છે. દર્યાની સપાટીથી ૧૩૦૦ થી ૨૦૦૦ ફીટની ઉંચાઇએ જ્યાં માફકસર પવન, તડકો અને દવ હોય છે તેજ દેશમાં અફીણનો રોપો પુખ્ત થાય છે. અફીણ પાકવવાની જમીન સારી ફળદ્રુપ જોઇએ. જમીનની ખાશીઅત અને હવાની સરદ યા સુકી હાલત વચે એટલો તો સંબંધ છે કે બીજા રોપાઓ થોડા ખાતરમાં ઉગી શકે છે, પણ અફીણનો પાક કરવા માટે અતીશય ખંત અને કાળજી લેવી પડેછે. એના માટે કાળી મટોડીની જમીન અથવા રૂ પાકી શકે તેવી જમીન પસંદ કરવામાં આવે છે. માળવાનાં ઘણા ખરા ભાગોમાં કાળી મટોડીની જમીન હોયછે કે જે તેની જાતી ખુબીને વાસ્તે અને તેમજ હવા અંદરનું પાણીચુસી લેવાને નામીચી ગણાઇ છે, અને તેવી જમીન, ઉપરની સપાટી ગરમ રહી અંદરનું પાણી ઠંડી સ્થિતિમાં રેહે છે, તોપણ સારાં ખાતર વગર તેમાં પાક થઇ શકતો નથી. તેના પાક માટે બકરાની લીદનું ખાતર નાખવામાં આવે છે.

જમીન પસંદ કરી તેને ખેડીને 'બી' ને માટે તઇઆર કરે છે, અને ખેડવાનું કામ લાગટ પાંચ ચાર દિવસ વેર ચાલુ રેહે છે. ત્યાર પછી એક વિંઘા જમીન ઉપર ૧૬ થી ૧૮ ગાડાં યાને ૩૫ મણ

લેખે બીજી નજીસાતનું ખાતર નાખવામાં આવે છે. એ પ્રમાણે જે જમીન પસંદ કરવામાં આવે છે તેનાં નાના નાના કિત્તાઓ કરવામાં આવે છે અને જો પાણી પુષ્કળ હોય તો તેની ઉપર; અને તેની ઉપર ખેડણી જો સારી પેઠે કરવા ચાહાતા હોય તો, તે કિત્તાનું કદ છ ફીટ લાંબુ અને ચાર ફીટ પોહોળું રાખે છે; યા તેથી એવડું કરે છે પણ નાના કિત્તામાં પાણી, જલ્દી પોંહોચી શકે છે. આ કિત્તાઓમાં ખસખસ હાથ વતી ભભરાવે છે, પછી જમીન ખોદી પાધરૂં તેને પાણી પાયછે. ખસખસ હવાયલી નહિ હોય અને એક વર્ષ દાહાડાની હોય તોજ તે 'બી' માટે કામ લાગે છે.

'બી' અકટોબરની આખેરીએ અને નવેંબરની શરૂઆતમાં રોપીઆમાં આવે છે. જે દાહાડે તે પેહેલ વેહલાં રોપવામાં આવે છે તેજ દહાડે તેને પેહેલ વેહેલું પાણી શીપવામાં આવેછે, અને બીજી વખતનું પાણી ત્રણ દહાડા પછી અને ત્યારબાદ આંઠ આંઠ દહાડે શીપવામાં આવેછે; પણ એકંદર નવ વખત કરતાં કદીબી વધારે પાણી શીપવામાં આવતું નથી, અને ઘણું કરીને માત્ર સાતજવાર પાણી શીપવામાં આવે છે. ફુલની પાંદરી ખરી ગયા પછી, રોપાઓને કદી પાણી શીપવામાં આવતું નથી; કારણ કે એમ કીધાથી રોપા કરમાઇને કોહી જાય છે. આ કરમાઇ ગયલા છોડને 'જોગીડા' કહેછે. કેટલાક છોડ વાંઝીયા હોય છે એટલે તેમાંથી રસ નથી નીકળતો પણ ખસખસ થાય છે, એટલે 'બી' ને વાસ્તે તેવા છોડ રાખે છે. છોડ કુમળા હોય તો તેનું શાક કરે છે.

થંડીની રૂતુમાં એક વિંઘા જમીનને પાણીથી તર થતાં બે દહાડા અને જેમ ઉન્હાળો આવતો જાયછે તેમ ચાર દાહાડા લાગે છે. ૬ યા ૮ દહાડા ઉગાવાનું ઠીક વધી રોપાઓ વધવા માંડે છે. જ્યારે તેઓ ૬ ઈંચ ઉંચા વધે છે ત્યારે તેને છાંટી નાખવામાં આવે છે તથા નીંદે છે. પણ સૌથી મજબુત થડ હોય છે તો તે એક વેંહેતનું રાખવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે મહિને મહિને જમીનને નીંદવી પડે છે. બરાબર સંપુરણ હાલતમાં આવવાને યાને જ્યારથી ફુલની પાંદરી ખરેછ અને દીંડવાંને જખમ કરવામાં આવે તહાં સુધી ખસખસના રોપાને ત્રણ મહિના જોઇએ. આય મુદત રસ કાઢવાને ઘણી સારી છે અને બરાબર માવજત કરી હોય તો તેના સિધાં થડમાંથી ચારથી ચૌદ ડાંખળીઓ ફુટે છે, જે જુદી જુદી ઉંચાઇએ પોંહચે છે, અને સૌથી નીચી જમીનથી અઢી ફીટ ઉંચી હોય છે. ખસખસનો પોશ જ્યારે સંપુરણ હાલતમાં હોય છે ત્યારે તે લંબાઇમાં સાડા ત્રણ ઈંચ અને ઘેરાવામાં બે ઇંચ હોય છે.

રોપાની વધ પ્રમાણે ફેબ્રુવારી અને માર્ચની શરૂઆતમાં દીંડવાને જખમ કરવાનું કામ શરૂ થાય છે. પણ જ્યાં સુધી પાંદડી ખરી નહિ પડે ત્યાં સુધી એ કામ થતું નથી. નરેણી વડે કળીના નીચલા ભાગથી શરૂ કરી ઉપલા ભાગ લગણ એકીવાર ત્રણ કાપ મુકે છે. એ કાપ નસતર જેવા ત્રણ લોઢાના કટકા જે અકેક સાથ રૂના કપડાંથી બાંધેલા હોય છે; તે એટલા બહાર રાખેછ કે અંદર સુધી પોંહચી શકે નહિ. એક ખેતરમાં ત્રણ માણસો કામે લાગેલા હોય છે અને એ પ્રમાણે ખેતરના કટકામાં ત્રણ ચાર દાહાડાને આંતરે જખમ કરવામાં આવે છે. તે કામ પુરૂં કરવાને બાર દાહાડા લાગે છે તેથી દરેક દીંડવું ત્રણ વખત અને જો દીંડવા મોટા હોય તો ઘણું કરીને ચાર યા ૬ વખત જખમ કરવામાં આવે છે. જખમ કરવાને સેહેલ પડે તેટલા માટે દીંડવાને નીચું પકડીને સરખું ધરે છે અને ત્રણ કલાકને અમલે યાતો જે વેલા ઘણો તાપ પડતો હોય ત્યારે નશતર ભોકે છે. પણ હમેશાં આગલો જખમ રૂજાયા પછી બીજા જખમ કરે છે. જખમ કીધો એટલે તરત મલાઇ

જેવો જાડો રસ નીકળે છે જેની સપાટીપર થોડા વારમાં સુરજની ગરમીથી એક પાતળી છારી બંધાય છે અને તેજ મતલબથી તાપના વખતે કામ કરવું પડે છે. વધારે તાપ પડીયાથી તે રસ વધારે સુકાઈ જાડો થતો જાય છે. જેથી દીંડવામાંના રસને ટપકવા નહિ દેતાં ત્યાંજ થમી રહે છે. પણ જ્યારે રસ ઘણો હોય છે ત્યારે રસ પડતો બંદ થઇ શકતો નથી. તે વખતે તેનો રંગ આગળ જે સફેદ દુધ જેવો હતો તેને બદલે ગુંદર જેવો જાડો થાય છે અને તેમાંથી ઘણો જલદ વાસ નીકળે છે. એ રસ ઓખવી કાઢવાનું કામ બીજે દિને સહવારે કરવામાં આવે છે. ઓખવતાં હાથને અફીણ ચોંહટે નહિ તેથી 'લેનશી' તેલ લગાડવામાં આવે છે. સારા ખેતરમાંથી એક માણસ દસ વાગા વેરમાં અર્ધો રતલ અફીણ મેળવી શકે છે. એક એકર જમીનમાંથી ૧૫ શેર અફીણ નીકળે છે, પણ એનો કાંઇ નીયમ નથી. હવામાં જરા જરા ફેરફાર થયો તો અફીણના પાકને નુકશાન પોંહચે છે. વાદળાં થયા હોય, રાત્રે ઓસ ભારે પડ્યો હોય પૂર્વ તરફથી પવન જોરથી વાતો હોય, કમોસમે વર્સાદ પડયો હોય, તાપ સખત પડતો હોય અને હિમ પડતું હોય તો પાકને થોડું ઘણું નૂકશાન થાય છે. વાંદરાઓને ખસખસનો ભારે શોખ હોવાથી તેમનો ત્રાસ ભારે હોય છે અને તેઓ નુકસાની પોંહચાડે તેથી ભારે તકેદારી રાખવી પડે છે. ૧૮૯૪ માં બંગાલી અફીણપર '૧૩૦૬૭૪૧ ખેડુતો રોકાયલા હતા, પણ તેઓનો સદન્તર આધાર અફીણ શિવાય બીજી જાતના પાક ઉપર પણ હોય છે.

ખેતરમાંથી રસ એખટો કીધા પછી તે ફુટકળ વેચનારાઓનાં હાથમાં જાય તેની આગમજ તેમાં ઘણીક ભેળ કરવામાં આવે છે. તે રસને નીતરોજ એક મતોડીના વાસણમાં નાખે છે. અને હવામાં ઉડી નહિ જાય એટલા વાસ્તે ચીકના દશ ભાગ સાથે બે ભાગ લેનશી તેલ ભરે છે. એમ કીધાથી અફીણની ખુબી તેલ સાથે ભેળાયાથી થોડીએક ઓછી થાય છે. સારી રીતે કીધેલા એક વીંઘા જમીનમાંથી ૨૦ થી ૩૦ રતલ અફીણ ઉત્પન્ન થાય છે. એક યા બે મણ જેટલું અફીણ એખટું કરીને હવા અને રોશનીથી બચાવવા સારૂ દસોટીના કપડાની બનાવેલી એવડી કોથળીમાં બાંધીને અંદરનું લીનશી તેલ ટપકવા સીલીંગ સાથે બાંધે છે. અને એ કામ ગરમીની મોસમમાંજ થાય છે. પછી પેલા પાતળા અફીણને વાસણમાં નાંમી ઘટ બનાવવામાં આવે છે. આ ઘટ અફીણની બે માણસો મળી ગોટીઓ બનાવે છે. દસ રતલમાંથી અઢાર ગોટીઓ બનાવે છે. અને એક પેટી ૧૦૦ રતલ ઉપરની હોય છે. ત્યાર પછી તેને પેક કરી સરકારની દેખરેખ તળે મોકલવામાં આવે છે અને સરકાર ખેતરનો ધણી ગણાય છે.

ઇરાનાં અફીણ—અહીં અફીણ સહુથી પ્રથમ ઉગાડવામાં આવ્યું હતું પણ એની ખેતી ઘણા નાના પ્રમાણમાં કરવામાં આવતી હતી. હાલમાં દીનપ્રતીદીન તેનો ઉઠાવ ચીન ખાતે વધારે થતો હોવાથી, તેની ખેતી ઓહોળા પાયા પર કરવામાં આવે છે. ઇરાનમાં એનો પાક વર્ષમાં એક વાર ઉતરે છે. વર્સાદ અને બરફ વરસવાની નજદીક દહાડા આવે છે એટલે જમીનમાં ખસખસ વાવી તઇઆર રાખે છે. ઇરાનમાં અફીણ પકાવવાની રીત હિંદુસ્થાન કરતાં ઘણી કડાકુટની હોવાથી અહીંના જમીનદારો બનતાં લગી પોતાનાં માણસોને રાખી તે કામ કરાવવાને બદલે પારકા ધણીઓને સોંપે છે. તેમાં એવો કરાર કરવામાં આવે છે કે, જો ચાર મણ અફીણ ઉતરે તો ત્રણ મણ જમીનના ધણીને મળે અને એક મણ જે કોઈ પોતાના માણસો રાખી કામ કરાવે છે તેને મળે. આથી કરી કશી રીતની લુચ્ચાઇ યા દગલબાજી થતી નથી, પણ ઇજારે લેનાર બન્ને જણાને જોઇતો ફાયદો થાય છે, તોપણ કેટલાક

ઇજારે નહિ આપતાં પોતેજ માણસો રાખી કામ કરાવે છે. તુરતનું કાઢેલું અફીણ પાકું અને ખાવા જોગ હોતું નથી, પણ જ્યારે તેને ચુલા પર ઉકાળી તેમાંનુ પાણી બાળી નાખી ખુબ મસલવા પછી તે પાકું અફીણ કહેવાય છે. આમ કરવાની મેહેનતભરી રીત એવી છે કે પ્રથમ કાચ્ચાં અફીણના રસને મોટા ખુમચામાં ભરી ચુલે ચઢાવે છે તે વેળા ખુબ તળે ઉપર કર્યા કરે છે. એક કલાક તેમ કર્યા પછી તેને ઉતારી થંડુ પાડી, તેમાંથી થોડુંથોડું લઇ લાકડાના પોહોળા પાટીયા પર મેલી લાકડાની પોહોળી ચીપો વડે ખુબ મસળે છે. એક ગમ મસળાયું કે બીજી ગમ ફરી મસળવા આપે છે. આમ ચાર પાંચ હાથે વારા ફરતું મસળવાથી કઠણ તથા કેફદાર બને છે, કે તુરત તેની એક સરખા વજનની ગોટીઓ બનાવી તૈયાર કરતી વેળા તે પર 'કોનજેટ' નામનું તેલ ચોપડી ભાતના છાલાં સાથે મેલવી પેટીઓમાં બંદ કરે છે, આ પેટીઓ ઘણી ખરી ચીન મોકલવામાં આવે છે. ઇરાનનું અફીણ હિંદી અફીણ કરતાં ઉતરતું છે.

જેટલું અફીણ ઇરાનમાં પાકે છે તેનો પા હિસ્સો ત્યાંના મોટા લોકોમાં ખપી જાય છે. આ ઇરાની અફીણમાં ઘણીએક જાતની ભેળસેલ કરવાથી 'કૉન્સ્ટન્ટીનોપલ અને ઇંગ્લાંડમાં તેની કિમત બીજા દેશોના અફીણ કરતાં અરધી પણ આવતી ન હતી. વરસોના વર્ષો સુધી વેપારીઓને ત્યાં તે પડી રહેવાથી ઇરાન ખાતેથી તેની નિકાશ ગગડતી ગઇ હતી પણ તે વેળાના શાહા નાસરૂદ્દીનખાનના 'શાહજાદા ઝેલઉલ સુલતાનનું ધ્યાન આ બાબદ ઉપર ખેંચાવાથી વેપારીઓ અને ખેડુતોને મુદદ કરવાને અર્થે તેઓએ હુકમ કાઢયો કે ત્યાં જતાં અફીણમાં જો કોઈ ભેળ કરશે તો તેની તપાસ કરી તેને સજા કરવા ઉપરાંત તેના કબજામાંનું સઘળું અફીણ બાળી નાખવામાં આવશે. આ હોકમથી સંતોષ નહી પામતા તેઓએ આ કામ માટે કેટલાક ભરોસેદાર અને સ્વદેશઅભિમાની ગ્રહસ્થોની એક મંડળી બનાવી, જેને આપવામાં આવેલી સત્તાની રૂહે નીકાશ કરવામાં આવતા અફીણને બરાબર તપાસી ખાતરી કરી પોતાની મોહોર દરેક અફીણની પેટી ઉપર તે મારતી હતી. જે પેટી ઉપર તેની મોહોર હોય તે પેટીમાં કોઇ પણ જાતનો ભેળ કર્યા વગરનું ચોખું અફીણ છે એમ માનવામાં આવતું. પ્રદેશ ખાતેના વેપારીઓ પેટીની મોહોર જોઇને આંચકી વગર તે ખરીદી લેતા. આથી ઇરાનના અફીણનો ઉઠાવ નીચલા વીસ વર્ષમાં કેટલો મોટો થયો હતો તે કોઠા પરથી જણાશે. હાંગકાંગ ખાતે ચઢેલા માલ ૧૩૩ રતલની પેટીઓમાં—

૧૮૭૧-૭૨=૫૭૬.
૧૮૭૫-૧૭૬=૧૬૫૪.
૧૮૮૧-૮૨=૭૨૩૯.
૧૮૮૭-૮૮=૪૮૨૦.
૧૮૯૧-૯૨=૬૬૧૯.

અફીણનું વ્યસન અને ઝેર, માહા બુરૂં છે. એ ઝેરની અસર રાખે છે. નાહાના બાળકોને રડતાં મુગા રાખવાની મતલબથી ઘણી હિંદુ સ્ત્રીઓ પોતાનાં બચ્ચાંને અફીણ ખવાડેછે અને એ વસ્તુ બેઅંદાજે આપવાથી ઘણી વેળા બચ્ચાંનો પ્રાણ થોડા વખતમાં કબજ થવાના દાખલા વારંવાર બને છે. હમેશાં અફીણ ખાવાની ટેવ રાખીઆથી મન સૂસ્ત થાય છે, અક્કલ ઘટી જાય છે અને માણસ દેવાનાં જેવું બને છે. કાઠીયાવાડ અને મુંબઇની નજદીકના પ્રાંતોમાં જ્યાં અફીણ ખાવાની બહુ છુટ છે ત્યાંના લોકોની હાલત જોયાથી આ બુરાં વ્યસનની ખરી માઠી અસર શું થાય છે તે જણાઇ આવશે.

અફીણની બનાવટથી ચંડુલ અને મદત બનતા હોવાથી તેના મકતા આપવામાં આવે છે. અફીણની દુકાનો થોડી છે પણ પરગણામાં તેની બનાવટની દુકાનો જુદી

રાખવામાં આવતી નથી. મદ્રાસ ઇલાકો, વાવ્ય પ્રાંતો અને બરમાહમાં તેના મકતા ઞામટાજ આપવામાં આવે છે. ૧૮૯૦–૯૧ ના સાલમાં અફીણની ૬૮૧૧ દુકાનો આખા હિંદુસ્થાનમાં હતી અને તેની બનાવટ વેચવાની ૫૯૦ હતી. ચંડુલ નામનું મદતનું વ્યસન મુસલમાન લોકોમાંજ ઘણું જોવામાં આવે છે. હાલમાં ચંડુલખાના સરકારે બંધ કરવાથી આ બુરા વ્યસનથી ઘણાઓ મુકત રહેશે એવું છે. ' લોડેનમ, મોરફીયા અને બીજી અફીણની બનાવટો વધારે વજનમાં લીધાથી તેનાં જેવીજ ઝેરી અસર કરે છે. અફીણના ઝેરથી પેહેલાં ફેર આવે છે, માથું દુ:ખે છે અને ફેર આવી ઝુંકણુ આવવા માંડેછે. તેને તે વખતે જો આપણે મારીને જગાડયે તોપણ તે પાછો સુઇ જશે. આંખના પોપચાં ઢંકાયલાં રહે છે અને આંખની કીકી સોય જેવી ઝીણી થઇ જાય છે. તે વેળા તેનો સ્વાસ ધીમે ધીમે ચાલે છે, આંગ ઉપર પરસેવો પડી નાડ ઘણી ધીમી ચાલવા માંડે છે, તેના હોટ તથા મોહોડું કાળું પડી જાય છે અને પેટ કબજ થાય છે. વધારે કેફમાંથી કદી મોત નીપજે છે ને કોઇને તાપ પણ થઇ આવે છે. મોટા વજનમાં લીધામાં આવ્યું હોય તો અર્ધા કલાકમાં તદન બેશુદ્ધી આવે છે. તે વખતે એકથી દોઢ કલાક પછી તેની અસર થવા માંડે છે, અને ખાલી પેટપર લીધાથી તે જલ્દી કામ કરે છે. જો કદી કોઈ એવી હાલતમાં માણસ આવેછે ત્યારે ડોકતરો તુરત (જો હોશમાં હોય તો) ઇસ્ટમક પંપ વતી સઘળું પેટ ખાલી કરી નાખે છે જેથી અફીણ બહાર નીકલી આવે છે. સેહેલો ઇલાજ ઉલટીની દવા આપે છે. ઉલટી માટે સલફેટ આવ ઝીંક' ૨૦ ગ્રેન્સ લઇ ગરમ પાણીમાં મેળવી તે પાય છે; અને તે ન હોય તો પીસેલી રાઇ ૧ થી ૨ ચમચી ભરી લઇને થંડા પાણીમા ડોહેવી પાય છે. ચાર કલાક પછી ઉલટીની દવા આપ્યાથી કશો. ફાયદો થતો નથી. અજારી હોશીયારીમાં રહે તે માટે થંડા પાણીના ફટકા મારતાં રેહેવું જોઇએ. જેણે ઝેર ખાધું હોય તેને ઉંઘવા નહિ દેતાં જાગૃત રાખવો ઘટે છે. જ્યારે તે હુશીયારીમાં આવે ત્યારે તેને સ્ત્રૉંગ કોફી પંદર મીનીટને આંતરે તાકીદે પાવી. જો કદી કૉફી નહી હોય તો ચાહે પણ પાવી. જો તેની નાડ દબેલી રહે તો બરાંડી પાણીમાં પાવો અને ગરમ પાણીની બાટલીના સેક પગ ઉપર કરવા.

અબઆકકો—આ શિલ્પશાસ્ત્રી તથા કોતર કામ કરનાર ૧૮૫૮ માં હતો. પુરાતમ રોમન કારીગરીના એ ઘણા સરસ નમુનાઓ હુન્નરમંદીથી તૈયાર કરી પ્રસિદ્ધતા પામ્યો હતો.

અબકારી—મુખ્ય કરી દારૂ તાડીના મકતા આપનાર ખાતાને કહે છે. તે શિવાય ભાંગ, અફીણના ખાતાંને પણ એજ નામ હેઠળ મેલવામાં આવ્યું છે.

અબકારૂ—પ્રાચિન ઇજીપ્તનો મહાન રાજકર્તા એન્ટેફની સમાધી ઉપર જે ચાર કુતરાઓના ચિતારો પાડેલા છે તેમાં એક કુતરાના ગળાના પટાપર અબકારૂ નામ લખેલું છે. આ કુતરો કાંઇક વિચીત્ર છે. તેનાં કાન ઉંચા, નાક અણીદાર ને પુછડી ગુચ્છાદાર છે. એ સ્ત્રીટઝ જાતના કુતરાઓને મલતો આવેછે પણ તે મુળ કુદ્રતી કુતરાના જેવો લાગેછે, તેમજ શીયાળવાને વધારે મળતો અને જે કુતરાઓ ગમે તેમ ઉતપન્ન થયા હોય અને જંગલમાં ફરતા હોય તેવા આકારનો છે.

અબજદ—અંક વિગેરેની સંજ્ઞાઓ બતાવવા અથવા સંકેત વગેરે સુચવવાની અનેક રીતો ઘણાં દેશોમાં ચાલુ છે. દેશી કાવ્ય અને શાસ્ત્રોમાં અંકસંજ્ઞા સૃષ્ટીના અનેક પદાર્થ, અને વિષય સંકેતથી લીધેલી છે. જેમકે—નર્ક =૨૧. સ્વર્ગ=૨૧ વેદ=૪. કળા=૬૪ વિદ્યા=૧૪. ચંદ્ર=૧. વિર=૫૨. મુની=૭. વગેરે.

જ્યારે તેમને કોઈ યૂક્તિથી બતાવવાં હોય છે, ત્યારે આ અંકોને બદલે ઉપર મુજબ સાંકેતિક શબ્દો વાપરે છે. આ નિયમ જ્યોતિષ શાસ્ત્રમાં હિંદુ રીતે દાખલ કરેલી છે. રોમન અંકમાં I=૧. C=૧૦૦. L=૫૦. X=૧૦. M=૧૦૦૦ વગેરે અક્ષર સંજ્ઞા રાખેલી છે. તેને મળતી આરબોએ પોતાના મૂળાઅક્ષરોને ચોકસ અંકોની સંજ્ઞા આપેલી છે. કે, જે પધતિને 'અબજદ' કહે છે. આ હિસાબમાં, ફારસી મૂળાઅક્ષરોને જૂદા જૂદા વિભાગોમાં વેહેંચી નાખ્યા છે. અને દરેક અક્ષરની કિંમત ગણીત સંખ્યા મુજબ આંકી છે.

જેમ-એક, દસ, સો, હજાર, આ મુજબ એકથી દસ સુધી દરેક અક્ષરની કિંમત દસથી દશક દશક વધી સો સુધી દરેક અક્ષરની કિંમત, અને ચોથી. શતક શતક વધી હજાર સુધી અક્ષરની કિંમત એ મુજબ અંકોથી જે સંખ્યા કાઢવી હોય તે નીકળી શકે છે.

૧	ا	A	અ	૬૦	س	S	સ
૨	ب	B	બ	૭૦	ع	H	આ
૩	ج	J	જ	૮૦	ف	F	ફ
૪	د	D	દ	૯૦	ص	S	સ
૫	ه	H	હ	૧૦૦	ق	Q	કુ
૬	و	V	વ	૨૦૦	ر	R	ર
૭	ز	Z	જ	૩૦૦	ش	SH	શ
૮	ح	H	હ	૪૦૦	ت	T	ત
૯	ط	T	તૃ	૫૦૦	ث	S	સ
૧૦	ي	Y	ઈ	૬૦૦	خ	KH	ખ
૨૦	ك	K	કિ	૭૦૦	ذ	Z	જ
૩૦	ل	L	લ	૮૦૦	ض	Z	ઝ
૪૦	م	M	મ	૯૦૦	ظ	Z	જ
૫૦	ن	N	ન	૧૦૦૦	غ	GH	ઘ

અબજદમાં કોઇક યાદગાર સને લખવો હોયતો, તેની ગણત્રીના ધોરણથી અર્થ સૂચક શબ્દો બનાવી તે બનાવને આ ધોરણે યોગ્ય નામ આપી શકાય છે. પોતાની મતલબ મુજબ લખવાની ગોઠવણ કરવી કે જેથી સંખ્યાનો સરવાળો કરતાં યોજેલી સંખ્યા તેમાંથી નીકળી શકે છે. ફારસી શાએરો કવિતા યા ગ્રંથોના નામો અબજદમાં લખી તેના રચવાનો સને તેમાં શબ્દોની ઉત્તમ ગોઠવણ કરી સમાવી દે છે.

ફખર—ફે=૮૦+ખે=૬૦૦+રે=૨૦૦=૮૮૦

આખરૂલ ઔલિયા— અલેફ=૧+ખે=૬૦૦+રે=૨૦૦+અલેફ=૧+લામ=૩૦+અલેફ=૧+વાવ=૬+લામ=૩૦+યે=૧૦+અલીફ=૧=૮૮૦ ખુતમા વ મિબંર=આ શબ્દમાંથી હિ. સ. ૯૧૪ નીકળે છે.

બીના ઇદર—ઇબિહીસ્ત=હિ. સ. ૯૭૪.

ચરાગે રયાસત=હી. સ. ૧૨૭૫ (ઇ. સ. ૧૮૭૫માં પ્રીન્સ ઑફ વેલ્સ (હાલનો એડવર્ડ સાતમો.) હિંદની મુલાકાતે આવ્યા તેની યાદગીરીમાં આ બોલ બનાવ્યો હતો.

અબ્દ—આ એક દેવજાદો. એ માજદીયસની દીનદારોને હેરાન કરતો તેથી એને સામ નરીમાને માર્યો હતો.

અબ્દ અલ મલેક બીન મેરવાન—આ દમાસ્કસનો પાંચમો ખલીફ ઇ૦ સ૦ ૬૮૫ થી ૭૦૫ સુધી રાજ્ય કરી ગયો. એણે મક્કાના સુલતાન અબદલ્લા બીન જોબાય સામે લઢાઇ કરી તેને સખત હાર આપી હતી. એણે વળી ગ્રીસના શેહેનશાહ બીજા જસટીનની સાથે લઢાઇ કરી તેમાં એને ખંડણી આપવી પડી હતી. એની હારને લીધે દસ વર્ષ વેર ખંડણી આપવાનું કબુલ્યા છતાં પાછળથી એણે નહિ આપવાથી એક મોટી લઢાઇ થઇ તેમાં ગ્રીસનો શેહેનશાહ પાછો જીત્યો અને અબદલ્લા મલેકને શરણે આણ્યો.

અબ્દઅલ રજાક—જમાલુદીન અબ્દ અલ રજાક, બીન જલાલુદીન ઇશાક સમરકંદી. જન્મ હિરાતમાં ઇ૦ સ૦ ૧૪૧૩ હિ. સ. ૮૧૬ માં થયો હતો, એનો પિતા—તૈમુરલંગના વડા શાહાજાદાના રાજ્યમાં વજીરની પદ્દિપર હતો. ઇ૦ સ૦ ૧૪૪૧ માં શાહારૂખે હિંદમાં વિજીયાનગરના રાજાપર

મોકલેલા એલચી ખાતામાં એને મોકલ્યો હતો, ત્યાર પછી ગીલાન અને ઇજીપ્તમાં એ એલચી તરીકે ગયો હતો.

૧૪૪૨ ની. જાનેવારીમાં હિરાતથી નીકળી કોહીસ્તાન, કેરમાનથી હોરમઝ અને ત્યાંથી હિંદમાં કલીકટ તરફ ગયો; જ્યાંથી મસકત ગયો હતો; પછી આગળ વધતાં માંગલોર અને બીલુરથી વીઝીયાનગર ગયો, ત્યાંથી કલીકત જઇ તે ૧૪૪૪ ના માર્ચ માસમાં અરબસ્તાન તરફ ગયો હતો.

અબ્દ અલી ઉલ હુસેન—ઇબ્ને અબ્દલ્લા ઇબ્ન સીના. જનમ ઇ० સ० ૯૮૦ માં 'ખારમાતઇન' નામના બોખારા પાસેના એક ગામમાં થયો હતો. કેલવણી બોખારામાં લીધી હતી. એનું નામ બીજા હકીમો કરતાં સર્વોપરી દુન્યાનાં એરીસટોટલ અને ગેલીન શિવાય મશહુર રહી ગયું છે. પોતાની ૨૧ વર્ષની ઉમરે એણે 'અલી કીતાબ અલ માજમા' નામના ૨૦ દફતરોનું એક જ્ઞાનચક્ર બનાવ્યું હતું. વળી તેજ ગ્રંથ ઉપર ટીકાના બીજા ૨૦ દફતરોમાં જૂદા જૂદા ગ્રંથો રચ્યાં હતા.

જ્યારે અગીઆરમી સદીની શરૂઆતમાં સામાની ખાનદાનનો નાશ થયો ત્યારે થોડા વખત સુધી બુખારા છોડી દિલ્લીના રાજાનો આશ્રીત થયો, ઇ. સ. ૧૦૧૨ માં તે પાછો 'જોરજન' જઇ રહ્યો, જ્યાં તેણે પોતાનો વૈદકીનો જગ પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો હતો. ત્યાર પછી થોડા વખતમાટે તે, કઝવાન, ઇસપહાન જઇ રહ્યો હતો. એનો વૈદકીનો ગ્રંથ ૧૫૯૫ માં રોમ ખાતે પ્રગટ થયો હતો, ત્યારપછી લાટીન પરથી ઇ. સ. ૧૬૦૮ માં વેનીસમાં તેનો તર્જુમો છપાયો હતો. આ વિદ્વાન મુસાફરી દરમ્યાન હમાદન તરફ ઇ. સ. ૧૦૩૧ માં ૫૭ વર્ષની વયે મરણ પામ્યો હતો.

અબ્દ કાસમ મહમદ—બીન અબદુલ્લા લબક **મેહેદી** ઇસમાયલી બીન જાફર સાદકના વંશનો એ મહાન પુરૂષ હતો. મહમદીઆનોનો એવો મત છે કે, હદીસમાંજે મેહેદીની ખબર મળી છે તે મેહેદી એજ છે. હિ. સ. ૩૯૬ માં તેણે અબુ અબદલ્લા સુરીની મદદથી આફ્રીકા તરફ ચઢાઇ કીધી હતી. મેહેદીના મિત્રો માને છે કે ત્રીજા સૈકામાં પશ્ચિમ દિશા તરફથી સૂર્ય, લોકોના માથાં ઉપર ચળકશે એવું જે હદીસમાં ફરમાન છે તે આયજ મેહેદી વિશે ઇસારો છે. તે કોઇ પણ કોમ સાથે લઢાઇ કરતો ત્યારે હમેશાં ફત્તેહ મેલવતો હતો. કીરાન તરફ એક મજબુત કિલ્લો બાંધી તેનું નામ 'મેદીઆ' પાડ્યું. હિ. સ. ૩૯૮ માં પશ્ચિમના કેટલાએક રહેવાશીઓએ મેદીની નાફરમાની કરવાથી તેણે તે લોકોને જેર કરવા પોતાના દીકરા 'કાયમ' ને મોકલ્યો. કાયમ લાંબી મુદત સુધી તેઓના શેહેરના દરવાજા ઉપર ઘેરો ઘાલી બેઠો, તેટલાં માહેલા લોકોનો ખોરાક ખુટી પડતાં તે લોકો તલવાર અને કફન લઇ બહાર આવી જીવતદાન માંગવા લાગા. કાયમે તેમને જીવતદાન આપી જે લુટ મળી તે લઇને પાછો ફર્યો. મેદીએ પોતાની કારકીર્દીમાં પશ્ચિમનો સઘળો મુલક તાબે કરી જુનાં ખાનદાનનો નાશ કીધો. જ્યારે તેનું લશકર કીરાન અને ત્રાસબલ વગેરે જીતી આશાયસ પામ્યું ત્યારે તેણે કાયમને મોટા લશકર સાથે મીસર સર કરવા મોકલ્યો. ત્યાંના હાકેમ 'મુકદર અબાશીએ' મનસ ખાદમને બળવાન ફોજ સાથે તેની સાંમે મોકલ્યો, એ બેઉ વચે ઘણી મોટી લઢાઇઓ થઇ. જેમાં મુનસે બહુ શૂરાતમ બતાવ્યાથી તેને પોતાના રાજ્ય તરફથી મુજફરનો ખેતાબ મલ્યો. કેટલાક ઇતિહાસ કર્તા લખે છે કે 'મુનસે' દસ વાર કાયમ સાથે લઢાઇ કરી. કાયમે દસવાર હુમલા કીધા પણ મીસર તેના હાથમાં આવ્યું નહિ. મેદી ૨૫ વર્ષ રાજગાદી ભોગવી ૬૨ વર્ષની વયે 'મેદીઆ'ના કિલ્લામાં મરણ પામ્યો.

અબ્દય—ઉત્તર હિંદનું એક વૃક્ષ (જુઓ ગહુલા.)

અબદલ્લા બીન અબ્દ અલી મુતાલીબ—હજરત મહમદ પેગંબરનો આ પિતા હતો. એનો જનમ મક્કા ખાતે ઈ૦ સ૦ ૬૪૫ માં થયો. અબદલ્લા વનજારા ટોળાના વાહીબની અમીના નામની બેટી સાથે પરણ્યો હતો. પોતાની બાઇડી અમીના જ્યારે હમેલદાર હતી ત્યારેજ અબદલ્લા મુસાફરી દરમ્યાન ઈ. સ. ૬૭૦ માં મરણ પામ્યો.

અબદલ્લા બીન અબ્દુલ મલીક ઓમર—આ ધણી ઈ૦ સ૦ ૭૮૫ માં હતો. દક્ષિણ અફ્રિકાની લઢાઇમાં સ્પેનીશ મૂર તરફથી આ એક અંજુક સરદાર હતો. એણે 'જીફની' અને 'નારબોની' નામે શેહેરોને ઘેરો ઘાલી તે શેહેરો હાથ કીધાં હતાં.

અબદલ્લા બીન અલી—પેહલા ખલીફ અબદલ્લા સાદીકનો એ કાકો હતો. ખલીફ મેરવાન સામેની લઢાઇમાં એ લશકરનો વડો સપેહસાલાર હતો. આ લઢાઇમાં ખલીફને હરાવી તેની ગાદીપર પોતાના ભત્રીજાને બેસાડયો. જ્યારે એનો વડો ભત્રીજો મરણ પામ્યો ત્યારે તેના ભાઇ અલી મનસૂરે સઘળી સત્તા પિતાને હાથ કરી. એ વાતની ખબર અબદલ્લાને પડતાં તે તેની સામે થયો. એમાં અબદલ્લા હાર પામી અલી મનસૂરના હાથે ઈ. સ. ૭૫૫ માં મરણ પામ્યો.

અબદલ્લા ઇબ્ન મુકફ્ફા—એ ૮ મી સદીમાં હતો. મોહાદીસના મરણ પછી એ મોહમેદન ધર્મમાં વટલ્યો હતો, અને ખલીફની દરબારમાં મોટી પદ્વિ પામ્યો હતો. ખલીફ મનસૂરનાં અમલ વખતે એણે નાની નાની વાર્તાઓનો 'ખલીલ્લા ઓ દામીના' ગ્રંથ રચ્યો હતો. આ ગ્રંથનો તર્જુમો પેહેલવી બરજુવસમાંથી કર્યો હતો, અને કેટલીક વાર્તાઓ પંચતંત્રમાંથી તરજુમો કરી લખી હતી. પોતાની કાબેલીયતથા દરબારમાં તે જ્યારે ઘણો લાગવગ ધરાવવા લાગો ત્યારે તે ખલીફાને શકમંદ દેખાવાથી ખલીફે તેને ઈ૦ સ૦ ૭૨૦ માં મારી નખાવ્યો હતો.

અબદલ બીન બાલકન—છેલ્લો અને ચોથો આ ગ્રેનેડાનો પાદશાહ વિદ્યાહુન્નર તરફ અતીશે ભાવ ધરાવતો હતો. કહે છે કે એણે કોરાનમાં સુધારો કરાવી તેને સારી રૂપ પર રચાવ્યું હતું. એણે પોતાના રાજ્યમાં ઇમારતો ઘણી સુંદર બંધાવી હતી. એના બુઢાપામાં મોરક્કોના સુલતાન યુસુફ તાસીફીએ એને કેદ કરી આફ્રિકામાં આવેલા આમાતના કિલ્લામાં કેદ કર્યો. આજ કિલ્લામાં એ કેદી હાલતમાં મરણ પામ્યો હતો.

અબદલ્લા બીન મહમદ—આ સ્પેનનો રાજા, પોતાના દુશમનો તરફ મોટું મન બતલાવી તેમને માફી બક્ષવા માટે પ્રસિદ્ધતા પામ્યો છે. મરણ ઈ૦ સ૦ ૯૦૧ માં નીપજ્યું.

અબદલ્લા કાસીમ—અલ મોરાદીના ખાનદાનનો સ્થાપનાર, અગ્યારમી સદીમાં થઇ ગયો છે. એ ખાનદાનનો દોર આફ્રિકા અને આખા સ્પેન વચ્ચે હજી વેર ચાલતો આવ્યો છે. અબદલ્લા એક સાધારણ મુનશીની યોગ્યતાપરથી પોતાના દેશના લોકો પર હાકેમી કરવાની યોગ્તાએ ચઢયો અને ઘણીક ટોળીઓનું વડપણ મેળવ્યું. એણેજ વચલી સદીમાં 'ઍટલાસ' પર્વતમાં લોક વસ્તી વસાવી ત્યાંનાં વડા દાખલ માન માનતા મેળવી ઈ૦ સં૦ ૧૦૫૮ મરણ પામ્યો.

અબદલ્લા મુલ્લાં—આ મહાન પૂરૂષ હોરા લોકનો પંથ સ્થાપક થઇ ગયો છે. ઈ૦ સ૦ ૧૦૭૦ ના સુમારમાં અરબસ્થાનના યમન શેહેરથી ગુજરાત તરફ આવ્યો. પ્રથમ અબદલ્લા ખંભાતમાં ગયો ત્યાં ગામ પાસે આવતાં એક ખેતરમાં કાકા અકેલા ને કાકી અકેલી નામના બુઢા વર વહૂના જોડાંને દીઠાં. અબદલ્લાએ કાકા અકેલા પાસે પાણી પીવાનું માંગ્યું ત્યારે કાકી અકેલીએ જવાબ આપ્યો કે "આંહી ખેતરની પાસે

કુવો છે પણ તેમાં પાણી નથી.' આથી અબદલ્લાએ તે કુવો જોવા માંગ્યો. વર વહૂએ તે કુવો બતલાવ્યો તો તેમાંનું પાણી ગર્મીને લીધે તદન સુકાઇ ગયું હતું, આ પરથી અબદલ્લાએ તેમને કહ્યું કે "જો હું મોજેજાથી આ કુવામાં પાણી આણું તો તમે ઇસલામી ધર્મ કબુલ કરશો ?" વર વહૂએ હા પાડવાથી અબદલ્લાએ ખુદાને યાદ કરી એક પથ્થર પર તીર માર્યો. તીર પથ્થરમાં પેસતાં મોટી ફાટ પડી ને તેમાંથી પાણી ધોધબંબ ઉભાઇ ગયું, તે પરથી કાકા અકેલા ને કાકી અકેલીએ તેનો ઈસલામી ધર્મ સ્વિકારી પોતાના ગુરૂને મકાને લઇ જઇ ઘણી મદારતથી સંતોષ્યો.

ખંભાતથી અબદલ્લા પાટણ શેહેરમાં ગયો. ત્યાં તેણે ઘણાક મોજેજા કીધા તે પરથી લોકો એને કોઇ મહા પુરૂષ છે એમ માનવા લાગા. ત્યાંના એક મુખ્ય દેહડાંના ગોર સાથે અબદલ્લાની ઓળખાન પડી. કેટલીક ધર્મ સંબંધી બાબદોમાં ગોરજી નહિ સમજવાથી તથા કુદરત વિશે કેટલાક ખુલાસા નહિ સમજ્યાને લીધે અબદલ્લાએ તેને ખુલાસા બતલાવી ઈસલામી ધર્મની ફીલસુફી સમજાવી પોતાનાં ધર્મમાં દાખલ કીધો. અબદલ્લા પાટણથી પાછો ખંભાત ગયો. ત્યાં એક દેહેડામાં એક લોઢાનો હાથી અધર લટકતો હતો તેને પોતાના એલમથી જમીનં પર પછાડયો. આ મોજેજો જોઈ ઘણા હિંદુઓની આસ્થા અબદાલ્લા પર થઈ; આ વાતની ખબર તે વખત ખંભાતના રાજા સુંદર જેસીંગને પડી. તેણે અબદલ્લાની ખોળ કરાવી શિક્ષા કરવા એક મોટુ લશકર મોકલ્યું, કે તેને કેદ કરી દરબારમાં આણે. લશકરે જઈ અબદલ્લાને ઘેર્યો પણ કોઇ તેની પાસે જઇ શકયું નહિ કેમકે તેની આસપાસ આતશની ચેહે રોશન થઈ હતી. આ વાત પાદશાહે જાણી ત્યારે તે પંડે ત્યાં ગયો અને પીરને કહ્યું કે "તું જો અમારી ખાત્રી કરે તો અમે તારો ધર્મ માન્યે." આથી અબદલ્લા એ મંત્ર ભણ્યું કે આતશ ગાયબ થઈ ગયો. પછી પાદશાહે કહ્યું કે "અમારો આર્યવેદક ધર્મ સદીઓ થઇ બુલંદ ગણાતો આવ્યો છે ને તમારો ધર્મ આજ કાલનો છે, તે માટે અમોને સાબેત કરી આપ કે જે પુરાણો છે તે ખોટો કેમ ને આજ કાલનો નવો ધર્મ તે ખરો કેમ?

અબદલ્લા, રાજાનું ભાષણ સાંભળી બોલ્યો "અએ રાજેંદ્ર તૂં ખરેખર તે મોટા પુતળાની પૂંજા કરે છે, તેને માન આપે છે, પણ તે પુતળું કાંઈ બોલતું નથી યા સાભળતું પણ નથી, અને તારીપર સંકટ આવી પડે તે કાંઇ દફે કરી શકતો નથી, તથાતારી અરજ સ્વિકારી શકતો નથી. હવે હું પેલા બુલંદ ખુદાની બંદગી કરૂં છું અને તે મારી અરજ કબુલ રાખે એવી મને આશા છે, અને હું તે સાહેબથી ડરૂં છું. ખુદાતાલા હમેશગીનો સાહેબ છે તે મારી નીમાજ સાંભળે છે અને સંકટ ટાળે છે, તેમજ મોજેજા બતલાવવાનો મને અખતયાર આપ્યો છે; તેથી જો તારી ખાત્રી કરવી હોય તો હું આ તારાજ મંદીરમાંની મૂર્તિના મુખથી ઇન્સાફ કરાઉં કે ખરો ધર્મ કયો ને પાંખડી મત કયો છે. પેલું પુતળું જે ઇન્સાફ કરશે તેને તને માન આપવું પડશે!" પછી તેઓ સર્વ મંદીરમાં ગયા. પેલા પુતળાને અબદલ્લાએ પુછતાં તે બોલયું કે 'અએ રાજેંદ્ર અબદલ્લાનું કહેવું ખરૂં છે અને આ તમારી હિંદુઓની બુતપરસ્તી પાખંડી છે' આ સખુન સાંભળતાંજ રાજા તથા સર્વેએ જનોઇ તોડી નાખી અને આ બધી તુટેલી જનોઇનું વજન ૯ મણ ૮ રતલ થયું હતું. આ બનાવ પછી તુરતજ ખંભાત, પાટણ ગુજરાત વગેરેમાં ઇસલામી ધર્મનો ફેલાવો થવા માંડયો હતો. આ રાજા જેસીંગના વંશમાના હાલના વોહોરાઓના વડા મુલ્લા કહેવાય છે. અબદલ્લા તે પછી ખંભાતમાંજ જીંદગીના

દિવસ પુરા કરી ઈ. સ. ૧૦૮૨ ના સુમારે મરણ પામ્યો.

અબદાલી—આ નામનો આરબ તાયફો એડનની નજદીકમાં રહે છે. તેમનું મુખ્ય શેહેર 'લાહીજ' છે. આ ટોળો સારો સુધરેલો જણાય છે; પણ દક્ષિણ પશ્ચિમે થોડોજ જાણીતો છે.

અબદાલી—આ શૂરવીર અફ્ઘાની તાયફાઓમાંની એક જાતનું નામ છે. તેઓ અફ્ઘાનિસ્થાનના મુખ્ય દેશોમાં, તથા મુખ્ય કરી હિરાત તથા ખન્દહારમાં રહે છે. તેઓ ૧૪૪૭ થી દુરાનીથી ઉતરી આવેલા છે. અહમદશાહ કે જે અફ્ઘાનિસ્થાનનો પેહેલો રાજા હતો તેણે તેમને આ નામ આપ્યું હતું. અબદાલી અને ગીલઝાઇ અફ્ઘાનિસ્થાનના બીજા તાયફાઓ કરતાં વધારે તોખમી ગણાય છે. અબદાલી તથા સલેમાની નામે જૂદા પણ એક ટોળાના છે. અબદાલી એ નામ તેમનાં પેહેલા પ્રસિદ્ધ વડવા મલીક અબદાલી પરથી પડયું છે, ૧૬ મી સદીમાં 'શાહેરેશફા' તેમનું મુખ્ય શેહેર ગણાતું હતું.

અબદુલ અજીજ—પોતાના ભાઇ અબદુલ મજીદના મરણ બાદ તેની ગાદીપર આ નાનો ભાઇ ઈ. સ. ૧૮૭૧ માં ટર્કીનો સુલતાન થયો. એનો જનમ ઈ. સ. ૧૮૩૦ માં થયો હતો. ઇગ્રેજ પ્રજા તરફ આ સુલતાન ઘણોજ માયાળુ અને ઉદાર હતો. એણે પોતાના લશકરને યૂરોપના બીજા લશકરી કાયદા કાનૂન પ્રમાણે સુધાર્યું હતું. પારીસ ખાતેના ભરાયલા મોટા પ્રદક્ષણની એણે મુલાકાત લીધી હતી. એ ત્યાર પછી ઈંગલાંડમાં જઇને થોડો વખત રહ્યો હતો. ટર્કીનો પેહેલવેહલો એજ એવો સુલતાન થઇ ગયો છે કે જેણે યૂરોપનાં જાણીતા શેહેરોની મુલાકાત લઇ ત્યાં રહ્યો હોય. મરણ ઇ. સ. ૧૮૭૬ માં નીપજ્યું.

અબદુલ કાદર અલ ઘીલાની સઇઅદી—આ અંવલીયા બગદાદ ખાતે ઇ. સ. ૧૧૬૫–૬૬ માં મરણ પામ્યો હતો. આ વિદ્વાન 'કાદીરિયેહ' નામના એક જાતના દર્વિશોનો ટોળો સ્થાપન કરી ગયો છે. પોતાની જીંદગીના છેલ્લા દિવસો બગદાદમાં ગુજાર્યા હતાં. બગદાદમાં એ પીર દાખલ મનાતો હોવાથી એની કબર તથા રોજો ત્યાં અતી પૂજ્ય ગણાય છે. આ પીરને ઇસલામીઓ માને છે.

અબદુલ કાદીર—'હાસીફ ગારાબો' ના બીદુઇન ટોળાનો આ એક અમીર હતો. એનું આખું નામ 'સીદી અલ હાજી અબ્દલા કાદીર અવલીદ મોહીદીન હતું'. એનો જનમ દમારકસ ખાતે ઇ. સ. ૧૮૦૭ માં થયો. એણે પોતાની કેળવણી ત્યાંની કૉલેજમાં લઇ બ્રહ્મજ્ઞાન અને કાયદા શાસ્ત્રોનો એલમ સંપાદન કર્યો, એનો બાપ અમીર મોહીદીને પોતાના વખતમાં એક જ્ઞાની માણસ દાખલ ઘણી પ્રતિષ્ટા મેળવી હતી. તે એટલા વેર કે ગુન્હેગારો અને કરજદારોનો ઇન્સાફ એનેજ ત્યાં થતો હતો. એનું મરણ ઝેર આપવાથી ઈ. સ. ૧૮૩૪ માં નીપજ્યું. અબદુલ કાદીર પોતાના પિતા સાથે મક્કે ગએલો હોવાથી એને અલ હાજીનો ખેતાબ મલ્યો હતો. એણે પોતાની મુસાફરી દરમ્યાંન અરબીક, લાટીન, અને ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ કર્યો હતો. ૧૮૨૭ માં ઈજીપ્તની મુલાકાત લઇ કેટલીક મુદત વેર મહમદ અલીની દરબારમા કાયદા શાસ્ત્રી દાખલ કામ બજાવી નામ મેળવ્યું હતું. એ આરબ લોકોમાં દાનાવ, ફીલસુફ અને શૂરો લઢવૈયો ગણાયો છે. એ દેખાવે કદાવર અને ખુબસુરત સીપાહ બચ્ચો હતો. એ ફ્રેન્ચો સાથે ઘણી વેળા બાથો બાથ લડયો હતો. મરણ ઇ. સ. ૧૮૫૫ માં નીપજ્યું.

અબદુલ બીન ઝોબીર—આ મક્કાના સુલતાનનો જનમ ઇ. સ. ૬૨૨ મા થયો. હીજરા પછી આ પ્રથમ મહમદનો ચેલો થયો હતો, એના વખતમા મક્કા ઉપર ઘણા દુશમનોએ હલ્લો કર્યો હતો, પણ એણે બાહાદુરીથી

બએ મરતબે તેમને મારી હટાવ્યા હતાં. લઢાઈમાં પાછું ફરતાં એક ઘેર ઉપરથી નળીયું માથાપર પડતાં એનું મરણ ૭૯ વર્ષની વયે ૬૯૨ માં નીપજ્યું હતું.

અબદુલ મજીદ—આ ટર્કીના સુલતાનનો જનમ ઇ. સ. ૧૮૨૩ માં થયો. એ મહમદ બીજાનો વડો બેટો હતો. પિતાના મરણબાદ ૧૮૩૯ માં ૧ લી જુલાઈએ તે ગાદી નશીન થયો. બીજા. શાહાજાદાઓની માફક એને પણ જનાનખાનાની મોજ મઝામાં ઉછેરવામાં આવ્યો હતો. એના પિતાની મરજી એવી હતી કે એને ઇંગલીશ રીત પ્રમાણે વિદ્યા અભ્યાસ કરાવવો પણ તે તેનો વિચાર ત્યાંના જુના વિચારના મવલવીઓ સામે ટકી શકયો નહિ. અબદુલમજીદ ગાદી નશીન થયો ત્યારે તુર્કરાજ્ય દ્રવ્યવાન સ્થિતિમાં હતું. એના પિતાના સુધરેલા વિચારથી રૈઅતનાં મન બેદીલ થવાથી તેને પોતાના સુધરેલા વિચારો મુકી દેવા પડયાં હતાં. શીતૂરી મહમદ અલીએ બંડ કર્યું, તે બેસાડી દઇ એણે શાંતી ફેલાવી.

અબદુલમજીદ ઘણો મક્કમ વિચારનો હતો તથા રૈઅતનો વ્હાલો થવા ઘણો તતપર હતો. આ સુલતાન ઇંગ્રેજ રાજના કેટલાક કાયદા કાનુન પોતાના રાજ્યમાં દાખલ કરીને તે પ્રમાણે વર્તતો હતો. રશીઅન શાહાનશાહે 'ખુશાએરની', ઉત્તરનો મુલક પચાવી પાડવાનો વિચાર કીધો હતો. આ શેહેનશાહ નીકોલસ કોઇ બાહાનું શોધતોજ હતો તેણે પવિત્ર જગાનું વાલીપણું પોતે જાહેર કરવા માંડયું. અને તેમજ ગ્રીક ક્રીસ્ચીયન જેઓ તર્કીમાં વસતા હતા તેમનું વાલીપણું પણ પોતાનુંજ બતલાવવા માંડયું. આ એનું મુરબીપણું સુલતાને ના પાડયું. આથી ઇતિહાસમાં પ્રસિદ્ધ થએલી મોટી લઢાઇ ઇ. સ. ૧૮૫૩ માં જાહેર થઇ. આવું ટર્કીના સુલતાનનું મક્કમપણું જોઈ ફ્રાન્સ અને ઇંગ્લાંડ ટર્કીને મળી ગયું, અને રશીયાનું પીશીયારી ભરેલું ઢાલી મુરબી પણું આગલ વધતાં અટકાવવામાં એક દીલે મદદ કરવા માંડી. લડાઇ ૧૮૫૫ વેર ઘણી ભયંકર થઇ. આય મુદત દરમ્યાન 'સેબાસ્ટોપોલ'ના પડી ભાગવા પછી સુલેહના કોલકરારો થયા. અબુદુલ મજીદ જોકે જાહેરમાં નમ્ર અને વીનયી હતો પણ જ્યારે કોઇ લઢાઇનો પ્રસંગ આવે ત્યારે તે મક્કમ અને શૂરો જાહેર થતો. એની રાજ્યનિતી ઘણી ખર્ચાળ હતી. એનો મોટો ખરચ જનાનખાનાનો હતો, તથા જાહેર મેહેલો અને બીજા બાંધકામોમાં એણે ઘણા પૈસા ખરચ્યા હતા. એના અતી ઉડાઉ ખર્ચોનું પરીણામ ઘણું ભયંકર આવ્યું હતું, તે એમ કે પાછળથી મેહેસુલમાં જબરી ખોટથી તંગી પડવા માંડી. એનું મરણ ઇ. સ. ૧૮૬૫ માં નીપજ્યું.

અબદુલમલીક—આ ઇરાનનો બાળક પાદશાહ દશ વર્ષની નાની વયે ઇ. સ. ૯૫૪ માં ગાદીનશીન થયો. ઉમરે પુગ્યા પછી એણે પોતાનો અમલ ચાલુ કરવાના અનેક ફીલાજો લીધા, પણ તે સૌ ફોકટ ગયા. સાત વર્ષ રાજ્ય કારોબારના પુરા નહિ થયા તેટલાં તે ઘોડા ઉપરથી તુટી પડવાથી ઇ. સ. ૯૬૧ માં મરણ પામ્યો.

અબદુલમુતાલીબ—એ મહમદ પેગંબરનો બાપાવો. એનો જન્મ ઇ. સ. ૪૯૭ માં થયો. અબદુલ મુતાલીબના વખતમાં કોરાનમાં જાણીતી થએલી હાથીઓની મોટી લઢાઇ એની સરદારી તળે થઇ હતી. એને મક્કા શેહેરમાં 'ઝમ ઝમ' નામનો માટીથી પુરાયલો કુવો ખણાવ્યો. તે યશસ્વી થયો. પણ દુન્યામાં એકજ પુત્ર પોતાને હતો તેથી તે સદા દલગીર રેહેતો. એણે ઇષ્ટદેવતા પાસે દસ પુત્રોની પ્રાર્થના કીધી, ને માનતા કીધી કે જો ખુદા ખુશ થાય તો હું એક પુત્ર દેવતાને ખુશ કરવા માટે બળીદાન આપીશ. દસ પુત્રો ખુદાની અપાર મેહેરથી થયાં. નંજુમીના કહેવા પ્રમાણે સઘળાં કરતાં નાનો અને સહુથી પ્યારા પુત્ર અબદુલ્લાને બળીદાન કરવાની તૈયારી કીધી. હાથમાં છરી

લઇને તેના ગળા ઉપર રાખવાની તૈયારી કરેછે એટલામાં કોઇએ આવીને તેમનો હાથ પકડયો તેથી તેવને નજુમીના કહેવા પ્રમાણે પુત્રને બદલે એકસો ઉંટ બળીદાન કરીને પ્રતિજ્ઞાથી છુટા થયાં. અબ્દુલતાલીબના દસ પુત્રમાં 'અબુતાલેબ, અબુલ, લહાબ, અબાસ, હેમઝા અને અબદલ્લા તવારીખમાં મશહૂર થઇ ગયા છે. અબદુલ મુતાલીબ ૮૦ વર્ષની બુજોર્ગ વયે ઇ. સ. ૫૭૯ માં મરણ પામ્યા.

અબ્દુલ મુનાફ અને અબ્દુલ દાર—એ બે શખસો મહમદ પેગંબરના વડવાના વડવાઓ હતા. અબ્દુલ મુનાફ અને દાર કૂરેશના પુત્રો. અબદુલદાર અતી ભોળો હતો પણ નાના ભાઇએ અસાધારણ વિરત્વથી તથા બુધ્ધીબળથી આરબોના રૂધયમાં રાજ્યત્વ સ્થાપ્યું. અબદુલદારે કાબા મંદીરની કુંચી રાખી. અબદુલ મુનાફના મરણ બાદ તેનો પુત્ર હાકમ મક્કા શેહેરનો સર્વથી શ્રેષ્ટ પુરૂષ તરીકે સન્માનીત થયો. અરબ લોકોએ 'કાબતૂલ્લા'ની સત્તા તેના હાથમાં આપવાની ઇચ્છા કીધી પણ અબદુલદારના પુત્રોએ પોતાનો અધિકાર છોડવાને ના પાડયાથી બન્ને પક્ષમાં લઢાંઇ થઇ, અંતે અબ્દુલદારના પુત્રોએ કાબતુલ્લાની કુંચી પોતાના હાથમાં રાખી અને અહેરામની હજ્જ કરનારાઓને પાણી આપવાનું અને શેહેરનો બંદોબસ્ત કરવાનો કારોબાર હાસમને સોંપીને સૂલ્હે કીધી. સલ્લાહ થઇ પણ મનનું મલીન દુર થયું નહીં. કૂરેશના પુત્રો એ વખતથી બે દુશમનોના ટોળામાં વેહેચાઇ ગયા. તેઓ વચ્ચે ઘણીક લઢાઇઓ થઇ, અંતે બન્ને ટોળાંએ મધ્યસ્થ રહીને થતો કજ્યો દુર કરવાનો વિચાર કરી અબદુલ કાદીરના વંશમાં ઉતપન્ન થએલા ખરાબ માણસ 'ઉમૈયા'ને સ્વદેશમાંથી દેશનિકાલ કીધો. ઉમૈયા સિરીયામાં ગયો ત્યાં તેના પુત્રે સ્વરાજ્ય સ્થાપી હાસમ વંશની સાથે લઢાઈમાં ગુંથાયો. સિરીયાના રાજધાની શેહેરમાં હાસમનું મોત નીપજ્યું. હાસમના મોત પછી તેની સ્ત્રીએ એક પુત્રનો જનમ આપ્યો એ પુત્ર અબુ મુતાલીબના નામથી જગ મશહુર થયો.

અબદુલ મુમિન—(૧) આ પેહેલો ખલીફ મોહાદીશ, પંથનો હતો. સ્પેન તરફથી જતાં એણે મોરીસનાં સુલતાનની પાંસે પોતાનું કુરબીપણું કબુલાવ્યું હતું. જ્યારે એ પવિત્ર લઢાઇ ક્રૂઝેડ સામે તઇઆરી કરતો હતો તેજ સમે ઇ. સ. ૧૧૬૩ માં ૬૩ વર્ષની વયે મરણ પામ્યો. (૨) આ એક કુંભારનો છોકરો હતો. પોતાની જાતી હુશિયારીથી વધતાં વધતાં તે વડો સપેહસાલાર થયો અને પાછળથી સુલતાનની મોટી યોગ્યતાએ ચઢયો. એણે પોતાના નામ સાથે અમીરલ મૂમિનીનનો ખેતાબ જોડયો હતો. એણે મોરક્કો પોતાને તાબે કીધું અને ત્યાંના સુલતાનના કુટુંબનો નાશ કીધો. એનું મરણ ઇ. સ. ૧૧૬૨ માં નીપજ્યું.

અબદુલરહીમ—હિંદુસ્થાનના મહમદીઆન અકાબરોમાં એ ઘણો નામાંકિત હતો. એનો જનમ ઇ. સ. ૧૫૫૭ માં લાહોર ખાતે થયો. જ્યારે એ ઉમરે આવ્યો તે વેળા અકબર પાદશાહે એને મિરઝાંનો ખેતાબ આપ્યો, અને થોડી મુદત પછી ગુજરાતનો હાકેમ નેમ્યો. પાદશાહે એને ૨૮ વર્ષની વયે શાહાજાદા સલીમ (જહાંગીર) નો અતાલીક (શીક્ષક) નેમ્યો અને તેજ વર્ષે મુજફ્ફરશાહના બંડને સમાવવાને મોકલ્યો. અબદુલરહીમનું લશકર આ વેળા ફક્ત ૧૦૦૦૦ માનસોનું બનેલું હતું અને સામા દુશમનનું લશકર ૪૦૦૦૦ સીપાહોથી વધારેનું હતું, તેથી અકબર પાદશાહે તેને શીખામણ દીધી કે એટલી ફોજ સાથે મોટી લઢાઇમાં ઉતરવું નહિ, પણ કોઇ બુજોર્ગ અમીરે તેને સલ્હા આપી કે ખાનખાનાન થવાનો કે રણમાં પાડવાનો આજ પ્રસંગ છે. એ વાત એના ધ્યાનમાં ઉતરવાથી તે પ્રમાણે કરવાનું જોખમ ખેડી

મુજફ્ફરને હરાવ્યો. રણભૂમિમાંથી નાહાશી મુજફ્ફર ખંભાત ગયો. અમીરખાન તેની પાછળ ત્યાં ગયો, એટલે તે ત્યાંથી વડોદરે નાહાઠો. પાદશાહી ફોજે તેની પુઠ પકડવાથી તે રાજપીપળાના ડુંગરોમાં ભરાયો. અહીં તેને કેટલીક મદદ મળવાથી તેનું લશકર વધ્યું. ત્યાં પણ મીરઝાંએ ડુંગરોમાં પેશી તેને હરાવ્યો. ત્યાંથી મુજફ્ફર નાહાશી સોરઠ ગયો. આ જયના સમાચાર અકબરને મળતાં મીરઝાંને ખાનખાનાનનો એલકાબ, ઘોડો, જામો, રત્નજડીત કટાર અને પાંચ હજાર સ્વારોની સરદારીનો વાવટો બક્ષી ઘણી શાબાશી આપી. તેના હાથ નીચેના સરદારોને પણ તેમની સેવાની યોગ્યતા મુજબ ઇનામ આપ્યાં. ત્યાર પછી તેને 'વકીલ-ઇ-સુલતાનની પદ્િ મળી; એ પદ્િ એટલી મોટી હતી કે ભાગ્યેજ કોઇને મળતી. જવાનપૂર, મુલતાન અને સિંધની હાકમી વારા ફરતી તેને મળી હતી. દખણમાં મોટી લઢાઇઓ થઈ તેમાં પણ એણે નામ કાઢયું હતું. શાહાજાદો દાનીઅલ એની બેટી સાથે પરણ્યો હતો. એનું મરણ ઈ. સ. ૧૬૧૬ માં નીપજ્યું.

અબ્દુલ રહિમાન—આ કાબુલના અમીરનો જન્મ ૧૮૩૦ માં થયો હતો. દોસ્ત મહમદ મરણ પામ્યો તે વેળા એ તેની પાસે નહોતો પણ બલ્ખમાં 'સુબેદારી' પર હતો. આ સંધી જોઈ દોસ્ત મહમદનો બીજો પુત્ર 'શેરઅલી'એ પોતાના પિતાનું મન વળાવી તેના મોત પછી પોતાને ગાદી મળે એવું નક્કિ કરાવ્યું. એ અફઝુલખાન અને દોસ્ત મહમદનો ત્રીજો દીકરો અઝીમખાન એને માઠું લાગવાથી તેઓએ બંડ કીધું. તે લઢાઇમાં અબ્દુલ રહિમાન પોતાના પિતા સાથે હતો. આ ભાઈ ભાઇઓમાં જે અનેક લઢાઇઓ થઇ તેમાં અબ્દુલરહિમાને ઘણી બહાદુરી બતલાવી હતી. આ લઢાઈ થઇ તે મુદત દરમ્યાન હિંદુસ્થાનમાં વૉઇસરૉય તરીકે લૉર્ડ લોરેન્સ અને લૉર્ડ મેયો થઇ ગયા, પણ તેઓએ આ વખતે દુરથીજ જોયા કર્યું. શેવટે શેરઅલીનો જય થવાથી અબ્દુલ રહિમાન પોતાના સસરા બુખારાના અમીરને ત્યાં જઈ ભરાયો; પણ ત્યાં શેરઅલીએ પુઠ પકડવાથી અબ્દુલરહિમાન રશિઆમાં નહાશી ગયો. ત્યાં રશીઅન સરકારે એનો સારો આદરસત્કાર કરી ૫૦૦૦૦ રૂપ્યાનું વાર્ષીક પેનશન આપતું કર્યું હતું.

શેરઅલીને અફઘાનિસ્થાનના અમીર તરીકે ઇંગ્રેજ સરકારે કબુલ કરી ઇ. સ. ૧૮૬૯ માં લૉર્ડ મેયોએ તેની મુલાકાત અંબાલામાં લઇ દોસ્તીનો ગાંઠ મજબુત કર્યો; પણ તે પછી શેરઅલીએ રૂશિઅન એલચી સાથે મસલહત કરી ઇંગ્રેજ એલચીને દેશમાં દાખલ થવા દીધો નહિ; આથી એક મોટી લઢાઇ ઉઠી. આ લઢાઇમાં ઇંગ્રેજ જય પામ્યા અને શેરઅલી તૂર્કસ્થાન તરફ જઈ ભરાયો, ને ત્યાંજ મરણ પામ્યો. તે પછી તેનો પુત્ર 'યાકુબખાન' અમીર થયો. તેની સાથે ગંદમક મુકામે એવા કરાર થયા કે, ઇંગ્રેજોનો વકીલ કાબુલની દરબારમાં રાખવો તે મુજબ સર લુઇ કાવન્ગરી એલચી તરીકે રહ્યો. તે પછી થોડી મુદતમાં કાબુલમાં બંડ ઉઠયું, તેમાં ૧૮૮૦ માં સર લુઇ કાવાન્ગરી અને તેના સાથના ઇંગ્રેજોની કતલ થઇ; આથી ઇંગ્રેજોને ફરી લઢાઇમાં ઉતરી કાબુલ અને કંદહાર સર કરવાં પડયાં. તેટલાં ૧૮૮૦ નાં જુલાઇ માસમાં કાબુલના સરદારોએ અબ્દુલરહિમાનને ગાદીએ બેસાડયો, અને તેને હિંદુસ્થાનની સરકારે મદદ કરી. તે વેળા હિંદુસ્થામાં પ્રતાપી લૉર્ડ રીપન વૉઇસરાય તરીકે હતો.

અબ્દુલરહિમાન પેહેલો—આ સ્પેનનો ઓમાઇદસ ખાંનદાનનો પેહલા ખલીફનો જન્મ ઇ. સ. ૭૩૧ માં દમાસ્કસ ખાતે થયો હતો; એ ૭૫૫ માં ગાદીએ આવ્યો. એણે યુસુફ અલફીરી સામે થઇને તેનો પરાજય કર્યો અને કોર્દોવાની ગાદી પણ હાથ કીધી. એણે પોતાના રાજ્યની હદમાં અતીશય વધારો. ઘણીક પ્રસિધ્ધ લઢાઇઓ લઢી ફર્યો

હતો. એણે કોર્દોવા ખાતે એક અતીશય ભવ્ય મસજીદ બાંધી છે. આ મસજીદ બંધાતી ત્યારે પોતે જાતે રોજનો એક કલાક કામ કરવા ત્યાં જતો. એણે કોર્દોવામાં પેહેલવેહલા ખજુરીનાં ઝાડ રોપ્યાં હતા. એણે પોતાના રાજ્યમાં ઘણીક સુંદર ઇમારતો તથા મસજીદો બાંધી હતી. પોતાના રાજ્યમાં કળા કૌશલ્ય તથા વિદ્યાને આ ખલીફે ઘણું ઉત્તેજન આપ્યું હતું. એનું મરણ ઈ. સ. ૭૮૭ માં નીપજ્યું.

અબ્દુલ રહિમાન બીજો—એનું ઉપનામ કોર્દોવાનો ફતેહમંદ સુલતાન હતું, એ ઈ. સ. ૮૨૨ માં રાજ્ય ગાદીએ આવ્યો. એ ત્રીસ વર્ષ રાજ્ય ચલાવી ઇ. સ. ૮૫૨ માં મરણ પામ્યો.

અબ્દુલ રહિમાન ત્રીજો—આ મહાન સુલતાનનો જનમ ઇ. સ. ૮૯૧ માં થયો. ગાદીએ ઇ. સ. ૯૧૨ માં બેઠો. એની તમામ જીંદગી લઢાઇની કામમાંજ અટવાઇ હતી. પોતાના દેશ માંહેલાં હુલડો, ખ્રીસ્તી લોકોની ચઢાઇઓ અને સરહદ ઉપરનાં આફ્રિકન લઢવઇઆઓ સાથે લઢવામાં એની જીંદગીનો સઘળો વખત પસાર થયો હતો. તોપણ એણે પોતાના ૪૯ વર્ષની લાંબી કારકિર્દીમાં ઘણું કરી બતાવ્યું હતું. એણે પોતાનાં રાજ્યમાં વિદ્યા હુન્નરનો અતીશય વધારો કીધો હતો. એણેજ ખ્રીસ્તી શાહાજાદો 'સેન્કો'ને મદદ કરી તખતનશીન કીધો. એનું મરણ ૯૬૧ માં નીપજ્યું.

અબ્દુલલતીફ—આ અરબસ્થાનનો જાણીતો ફીલસુફ અને હકીમ હતો. એનો જનમ ઇ. સ. ૧૧૬૨ માં થયો. એને પ્રખ્યાત સુલતાન અલાઉદીનનો આસરો હતો. એણે ઇજીપ્તનો ઇતિહાસ તથા ભૂગોળ રચ્યો હતો. એના લખાણોનો મુખ્ય નમુનો હાલમાં ઑકસફર્ડ ખાતે લાટીન ભાષામાં તર્જુમો કરી મુકવામાં આવ્યો છે. આ લખાણનો પાછળથી ફ્રેન્ચ ભાષામાં સીલ્વેસ્ટરડી સાસીએ તર્જુમો કર્યો હતો.

અબ્દુલવાહેબ—એ મહમદીઆનોનાં વાહાબી પંથનો સ્થાપક હતો. જનમ ઈ. સ. ૧૬૯૨ માં થયો. એના માતપિતા ઘણીજ કંગાળ સ્થિતીમાં રેહતાં હતાં. તેમનું વતન યૂફ્રેટીસ નદી કાંઠેના પરગણામાં હતું. અબ્દુલ વાહેબે ઇરાનથી મુસાફરી કરતાં બગદાદ અને બસોરામાં જઇ ધર્મનું જ્ઞાન મેળવ્યું હતું. કોરાન ખુદા તરફથી મહમદપર બક્ષેસ થએલું છે એમ તે ના પાડતો હતો. જો કે તે એક ચુસ્ત મોહમેદન હતો તોપણ તેણે દાખલા દલીલોથી બતાવી આપ્યું હતું કે કોરાન એક લખાવેલું ધર્મપુસ્તક છે. વળી તે ફરેસ્તાઓ આપણને મદદ કરે છે એ માનવાને સાફ ના પાડતો હતો. મરણ ઇ૦ સ૦ ૧૭૮૭ માં નીપજ્યું.

અબ્દુલસિંહ—આ રાજા રેવાકાંઠાના માહારાજા હતા. અનીરૂધસિંહ પછી એ ગાદીનો માલેક ૭ માસની ઉમરે થયો. એની તરફથી દરબારી રાજ્ય ચલાવતા હતા. તે વખતે પન્નાના રાજાએ મોટી ફોજ સાથે રેવાકાંઠા ઉપર ચઢાઇ કરી, તેમાં સરદારો બાહાદુરીથી લઢયા છતાં તેમની હાર થઇ, તેથી રાણી વનકુંવરબા પોતાના આ બાળક રાજા અબ્દુલસિંહને લઇ પીયરે ગઇ. આ વેળા બુંદેલાનું રેવામાં રાજ થયું પણ રેવાના ઉપરનો હદીનો કિલ્લો દુશમનોનાં હાથમાં ગયો નહોતો. રાણીએ પોતાને પીયર પ્રતાપગઢ જઇ, ત્યાંથી પોતાનો વકીલ દિલ્લીના મહમદ બહાદુરશાહ આલમગીરની હજુરમાં રવાના કર્યો. તેણે જઇ રાણીના ફરમાવ્યા મુજબ વિનંતી કરી. પાદશાહે રાણીની મદદે લશકર આપ્યું. આ ખબર બુંદેલાઓને મળતાં થોડી ફોજ રેવામાં રાખી સર્વ ફોજ લઇ પોતાનું રાજ્ય સંભાળવા ગયો, એટલે ઉપર હદીમાં જે સરદારો હતા, તેઓએ તમામ બુંદેલાનું લશકર હાંકી કાઢયું તેથી પાદશાહી ફોજને રેવા સુધી આવવાની જરૂર પડી નહીં. ત્યાર પછી અબ્દુલસિંહ પ્રતાપગઢથી આવી ગાદી નશીન થયો.

અબ્દુલહસન—આ પાદશાહ મોદુદનો ભાઇ હતો. ભાઇના મરણ બાદ પોતાના ભત્રીજાને મારી નાખી ઈ. સ. ૧૦૪૯ માં ગજનીના તખતે આવ્યો. એણે એજ વર્ષ રાજ્યગાદી ભોગવી. કેમકે એના કાકા અબ્દુલરસીદે એને પદચ્યુત કરી ઇ. સ. ૧૦૫૧ માં મારી નાખ્યો.

અબ્દુલહૉલ—ઇજીપ્તમાં એક ગંજાવર પુતળું છે તેને આરબો 'અબ્દુલહૉલ' અથવા ભયનોપિતા કહે છે. આ પુતળાની લંબાઇ ૧૧૪ ફીટની છે. આ ગંજાવર પુતળું જે કેટલેક અંશે બિથીઅનના પાહાડોમાંથી કોતરી કાઢવામાં આવ્યું છે. તે એટલું તો ગંજાવર છે કે તેના પોહળા કરેલા પગ વચ્ચે એક દેવળ છે. તે ૧૮૧૬ માં ઉઘાડવામાં આવ્યું હતું અને તેની ત્રણ દેવાલો ઉપર લેખો કોરેતલા જડી આવ્યાથી એના વિશે વિશેષ માહિતી મળી હતી. આ મોટા અબ્દુલ હોલની પાછળ એક નાનું મંદીર છે તે ઘણું કરી પાદશાહ શાફરાનું બંધાવેલું જણાય છે. તેમાં દ્દન્નરમંદીથી ગોઠવેલી રાતા ગ્રાનીટની શિલાઓ "સાયેનની" નજદીકથી આણેલી હતી, અને આ શિલાઓ એવી તો ખુબીથી જોડેલી છે કે તેનો સાંધો શોધવો મુશકેલ પડે છે. આ પુતળાની માહે ગુપ્ત ભોયરાંઓ છે; અને તેમાંથી પશ્ચિમે ૩૦૦ ફીટપર આવેલી બીજી પીરામીડ સાથે સંબંધ જોડાયલો જણાય છે.

અબ્દુલ્લા બીન મેમુન—આ એક વફાદાર મિત્ર અને નોકર દાખલ સીયા મહમદીયાન લોકોમાં વખણાઇ ગયોછે. એણે ઇસમાઇલની નોકરી અતી વફાદારીથી બજાવી હતી, તથા ઇમામી જાફર સાદકનો તે એક વફાદાર મિત્ર હતો. એ જેવો વફાદાર હતો તેવોજ તેનો બેટો મરઝમાન પણ નીવડયો હતો.

અબ્દુલ્લા મેમુન—એ અજ્ઞાની દાખલ વખણાયો છે. એણે પ્રથમ સુફી પંથનો મુળ પાયો રચ્યો અને તે પંથ દુન્યાનાં ઘણાક ભાગોમાં સ્થાપ્યો; એ મજહબ શીખવા માટે નવ સીઢીઓ કરી. એ પાયરીઓ ક્રમે કરી ચઢવામાં આવતી. આ સુફી પંથનો મજહબ શીખવા માટે મીસરમાં કૉલેજો સ્થાપવામાં આવી હતી. તેમાં સંસારી કેલવણી પણ આપવામાં આવી હતી. સુફી મતનાં અનેક ગ્રંથોછે તેમાં દેવાનેહાફેજ, મસનવી મૌલાનારૂમી અને દાનેશનામેજહાન છે. સુફી મતનું તત્વ જ્ઞાન છુપું રાખવા માટે તાકીદ છે. તેનું કારણ એ કે એની બારીકી ન સમજી શકે તે બગડી નાસ્તીક થાય, માટે જ્ઞાનપાત્ર હોય તેનેજ આપવું યોગ્ય છે એમ અબ્દુલ્લાનું ફરમાન હતું.

અબ્બન્નકવિ—આ કવિ તેલંગણમાં જનમ્યો હતો. એણે મોટા મોટા કવિઓના સંસ્કૃત અને તૈલંગી ભાષામાંના પુશકળ ગ્રંથો વાંચયા; તેણે કરીને એ ઘણો બાહોશ નીવડયો, એ મોટો બુદ્ધીમાન હતો. એની ગણના ઉત્તમ કવિઓમાં થાય છે. એણે પુરાણોમાંથી સોમવંશી પુરૂરવ ચક્રવર્તી હિંદુસ્થાનના રાજાઓનો ઇતિહાસ લઇને તેનું તૈલંગીમાં ભાષાન્તર કર્યું છે, તેના ત્રણ અધ્યાય છે. તેમાં તે રાજાનો જન્મ, રાજ્ય અને વિવાહ વિશેનું વર્ણન છે.

અબ્બાસ મિર્ઝાં—જનમ ઇ. સ. ૧૭૮૩ માં થયો. આ પાટવીકુંવર પોતાના પિતા ફત્તેઅલીશાહની હૈઆતીમાં ગાદીનશીન થયો. ફત્તેઅલી શાહે પોતાની હૈઆતીમાં ૩૭ વર્ષ રાજ્ય કરી ઇ. સ. ૧૮૧૫ માં અબ્બાસને પોતાની સતા તળે પાદશાહીનો કારોબાર સોંપ્યો. અબ્બાસ ઘણો ખટપટયો હતો. એણે તૂર્કો સામે લઢાઇ કરી પોતાના લશકરની મોટી ખુવારી કરી હતી. ઇ. સ. ૧૮૧૪ અને ૧૮૨૭માં રૂશીઅન શેહાનશાહ નીકોલસ સાથે લઢાઇ કરી પોતાની પાછી બીજી વેળા ખુવારી કરી હતી. આ હારમાંથી બચવા થકી રશીયનોને ૪૦૦૦૦૦૦ રૂપીયાનો દંડ આપ્યો હતો. આ વેળા ઇંગ્રેજોએ ઇરાનને પોતાની દોસ્તીમાંથી દુર કરી તેના સંકટ વેળા વેગળું થઇ ગયું અને પાછું પોતાની કુન્હેબળથી તેને સમજાવી લેવામાં ફાવ્યું

હતું, પણ તે વખતથી તેને પોતાનો વગવસીલો ખોઈ દીધો હતો. એના વખતમાં ઇરાનમાં પાર્સીઓની વસ્તી ઘણી મોટી હતી પણ જજીયા કરના જુલમાંતથી તેઓ ઘણા હેરાન થતા હતાં. આ વેળા મુંબઇની પાર્સી પ્રજાએ તેઓનો તે કર ભરી આપી તેમને મુક્ત કીધા હતા. આ પાદશાહ પોતાના પિતાની હઇંઆતીમાં ૧૮૩૩ માં મરણ પામ્યો.

અબબીઆટી ફીલીપો—આ તવારીખરૂપી સુંદર ચિત્રો રંગનારનો જનમ મીલાન ખાતે ઇ. સ. ૧૫૪૦ માં થયો, એ ચિત્રકાર દાખલ પ્રતિષ્ટા મેળવી ઇ. સ. ૧૭૧૫ માં મરણ પામ્યો.

અબ્યૂદસ અફ્ફાર બીન તોફીલ—આ પ્રસિદ્ધ હકીમ તથા મોટો ફીલસુફ હતો. એની અસાધારણ ફીલસુફીની અનેક વાંતો પ્રસિદ્ધ છે. સિવ્હીલા ખાતે ઈ. સં. ૧૧૯૦ માં મરણ નીપજ્યું.

અંબર—આ શેહેર પ્રથમ જયપૂરની રાજધાની હતી. આ ગામ જયપૂરથી ઇશાન ખુણે ૭ માઇલપર છે, પ્રથમ આ શેહેર ઢોલરાયે ઇ. સ. ૯૫૭ માં વસાવ્યું હતું. તે નાનાં નાનાં ડુંગરાની વચમાં આવેલું છે. અંહીનો જુનો રાજ મેહેલ ઘણી સુંદર બાંધણીનો એક ચિત્રયૂકત નમુના જેવો છે, ડુંગરની બાજુએ રાજગઢથી ઉપર જતાં જનાનો આવે છે. તેનાથીં આગળ વધતાં ઓંય કિલ્લો નજરે પડે છે. તેના બુરજો ઘણા મજબુત અને દેખાવે સુંદર છે. આ પુરાણુ શેહેર જોવા જવા માટે રેસીડંટની અથવા દરબારના સેક્રેટરીની પરવાનગી લેવી પડે છે.

અંબર સીદી—એ જંજીરાનો ઇ. સ. ૧૬૩૬ માં સૂબો હતો. તે વખતે મોગલ લોકોએ અહમદનગર જીતી લીધું હતું અને અહમદનગર, કોકણુ વિજાપૂર સરકારને આપ્યું. સ્થાનીક વીગતને આધારે જંજીરાની સુબાગીરીનું મહત્વ આ વખતે ઘણું વધી ગયું હતું અને વિજાપૂરનો વેપાર તથા મક્કાના હાજીઓનું રક્ષણ કરવાનાં કરાર ઉપરથી નાગોઠણાથી બાણુકોટ નદી સુધીનો સર્વ દેશ વિજાપૂરના દર્યાઇ કાફલાના આગેવાન એબિસીનીઅન અધીકારીને બક્ષીસ આપવામાં આવ્યો હતો. વળી તેમને વઝીરના નામે ઓળખતા હતા, તેઓએ પોતાની રાજ્યનીતિ એવી રચી હતી કે કોઇ વજીર મરણ પામે તો તેની ગાદી તેનો બેટો નહિ પણ તેનાથી ઉતરતો લાયક અધીકારી મેળવી શકે. મરણ ઇ. સ. ૧૬૪૨ માં નીપજ્યું.

અબ્રક—'આખી દુન્યામાં અબ્રકની ઉતપન્તી કરનાર દેશોમધ્યે હિંદુસ્થાન સહુથી આગેવાન મુલક છે. એની ઉત્પત્તિ હિંદના ઘણાક ભાગોમાં મોટા જથ્થામાં થાયછે. તે વિદ્યા હુન્નરમાં તેમજ લોકોપયોગી અને ઉદ્યોગના કામો માટે જરૂરની અને ઉપયોગી ચીજ થઈ પડેછે. એ સબબોને લીધે વેપારની કિંમત વધતી જાયછે. અને કદર પણ વધુ પિછાનવામાં આવે છે. એ જીલ્લાની આસપાસ માઇલોના વિસ્તાર વાલી ખીણોમાંથીબી મળી આવેછે, અને ઘણીક ખાણો તેમનાં માલેકોને સારો નફો ઉપજાવી આપતી જણાઈ છે. હિંદુસ્થાનથી અબ્રકની નિકાશ મોટા જથામાં ઈંગ્લાંડ કરવામાં આવેછે. જ્યાં તેનો ઓહોળો ઉઠાવ થાયછે. કેમકે ત્યાના કારખાનાવાલાઓ હુન્નર ઉદ્યોગનાં કામ માટે તેનો ઉપયોગ વધારતાજ જાયછે. એ ઉદ્યોગી ખનીજ સીલીક, મેગનિસ્યા, ચુનો તથા લોખંડ એવા ચાર તત્વનું મુખ્ય કરીને બનેલું હોય છે. એવું માલમ પડેછે કે ઘણા પ્રાચીન કાળથી હિંદુસ્થાનમાં તે અને તેની ખુબીઓ, અકસરકરી વૈદક ખુબીઓ જાણીતી હતી. અસલના સંસ્કૃત લખનારાઓ તેના એ વૈદક ગુણોની તારીફ કરી લખી ગયાછે.'

'અબ્રક ચાર જાતનું મળી આવેછે. પીળું, કાળું, રાતા ભુરા તથા સફેદ રંગનું પણ બજારમાં કાળું તથા સફેદ અબ્રક વધારે પ્રસિદ્ધછે. કાળું અબ્રક જે લગભગ કાળા રંગનુ કઠણ, ભારી અને

સ્વાદમાં લગાર ખારાસવાળું હોયછે, તે ઘણું ખરૂં સદાબરૂં દવાદારૂના કામમાં વપરાયછે. જ્યારે સફેદ અભ્રક દવાદારૂ ઉપરાંત ઉદ્યોગના કામોમાં પણ ફાળો આપેછે અને તેથી વધારે જાણીતું છે. સફેદ અભ્રક તેની બીજી ખાશીયતોમાં કાળાને મલતું આવેછે, પણ એ છેલ્લાનાં જેટલું કઠણ કે ભારી હોતું નથી અને અજવાળામાં આરપાર જોતાં આકાશનો રંગ તેમાંહેથી અસલના જેવોજ નજરે પડેછે, જ્યારે કાળા અભ્રકમાંથી એ રંગ રતાશપર દીસેછે. અભ્રકના વૈદક ગુણો સખ્યાબંદ છે, અને હિંદના દેશીઓ તેને ભરચોપડની તેમજ ખાવાપીવાની દવા તરીકે ઘણી રીતે વાપરેછે. મુખ્ય કરીને તે નાકૌતી તાવ, મરડો અને અતેસાર તથા ચામડીના દર્દો ઉપર અને કોઠાને મજબુતી આપનારી, પાચન શક્તિ સુધારનારી, શરીરનો બંધારો કરનારી તથા તાકાત લાવનારી દવા તરીકે વપરાય છે. વળી દેશી તબીબો ખુદી, હાફણુ, તથા ખાંસી ઉપર લોખંડના ભેળ સાથે તે આપે છે. ઉપલા સઘલાજ નહિ તો તેઓમાંના ઘણાક દર્દો ઉપર એ ખનીજ સારૂં અકસીર પુરવાર થએલું જણાયું છે, અને યુરોપના તબીબો વદીક તેના એ ગુણોથી માહીતગાર થયા છે.'

'વિધ્યા અને હુન્નર ઉધ્યોગના નીચલા અને બીજા તર્હેવાર કામોમાં તે ઉપયોગી થઇ પડે છે. બત્તીના લાંપની ચીમનીઓ બનાવવા, રસોઇના વેલાતી ચુલ્હામાં વાપરવા તાપ તથા ગર્મીની અસર માટે ટકાવ કરવાની જરૂર હોય એવા સાંધ સુધના અને બીજા કામો માટે તથા સામાન્ય રીતે જ્યાં જ્યાં 'એસ્બેટોસ'નો ઉપયોગ થતો હોય તેવી જગ્યાએ તે વપરાય છે. વળી હિંદવાશીઓ તેના તર્હેવાર ઘરેણાં બનાવે છે. યુરોપના કારખાનાવાલાઓ વિજળીક યંત્રોની બનાવટ સાંધવામાં તેમ ફોટોગ્રાફીના કામો અને બનાવટો માટે પણ તેને વાપરે છે. ચોકસ જાતનું નીખાલસ અને પારદર્શક હિંદી અભ્રક ચશમાં બનાવવા માટે, મુખ્ય કરી સૂર્યની રજાલ અને અજવાલા સામે આંખને રક્ષણ આપનારા ચશમાં બનાવવા માટે, પણ ઉપયોગી ગણાય છે. વળી સાચાં કામમાં પણ તે ઘણી એક રીતે વપરાય છે.'

'વળી એમાંથી લુબ્રીકંટ (તેલ) ચર્બી, પેસ્ટ જેવી જાડી મેલવણી તેમજ ભૂકો વગેરે અભ્રકની જૂદી જૂદી બનાવટો બનાવે છે, જે ઘણી કીસમના સાચાંકામ સંબંધમાં વાપરવામાં આવેછે. હાલમાં બંગાલમાં એનો સાબુ બનાવવામાં આવે છે કે, જેમાં કોહવાટ અટકાવવાનો ઘણો ઉત્તમ ગુણ છે. એની ઉત્પન્તી છોટા નાગપૂર, ઉગમણુ તરફના મહાલો અને બહાર વગેરેમાં ઠીક થાય છે.'

અબર્કોવાદ—ફારસ તથા અહોવાજ નામના પ્રગણાઓની વચમાં આ શેહેર ઉંચી ટેકડીઓ ઉપર વસાયલું છે.

અબરંગ—કાશમીરમાં આવેલું આ એક શેહેર છે. સીમલાની ઉત્તરે ૧૮૦ માઇલ પર છે.

અબરા કોન્ચન—નેપાલમાં આવેલું આ એક શેહેર છે: કટમાંડુથી ઉત્તર પશ્ચિમે ૧૭૮ માઇલપર છે અને તે નેપાલના રાજ્યને તાબે ગણાય છે.

અબ્રાહામ—(સચ્ચાઇનો બાપ) એનો જનમ ઇ૦ સ૦ પૂર્વે ૧૯૯૬ માં મેસો પોટેમિયાના ખાલદીસના 'ઉર' નામની જગ્યામાં થયો હતો. અબ્રહામ પોતાની ૧૭૫ વર્ષની બુજોર્ગ વયે ઇ૦ સ૦ પૂર્વે ૧૮૨૧ માં મરણ પામ્યો, એને ઇસાક અને ઇસમાયલે મછીપાલના ગુફામાં દાટયો હતો.

અંબરીષ રાજા—એ મનુના પુત્ર નગભનો વડીલ પુત્ર હતો. આ રાજા માહા ભાયગશાળી હતો. એના તાબામાં સાત દ્વિપવાળી પૃથ્વીનું રાજ્ય, અખુટ લક્ષમી અને સર્વોતમ વૈભવ, કે જે, બીજા પુરૂષોને અત્યંત દુર્લભ છે તે મળયાં હતાં. તોંપણ અંતે

વૈભવ નાશ પામનાર છે એમ જણાતાં અંબરીષ રાજા સદા ભગવાનનાંજ વિચાર ને તેનીજ ભક્તિમાં રેહેતો. પોતાની અતી ભક્તિ ભાવથી આ રાજા ભગવાનના સૌથી પ્રીય દાસ દાખલ વખણાયો છે. આ રાજાના ત્રણ પુત્રો હતા. વિરૂપ. કેતૂમાંન અને શંભુ. એનો કાળ ત્રેતાયુગમાં થયો.

અબલક—દેશી વાજીંત્ર. સારંગી, મોરચંગ.

અંબા—(૧) કાશીના રાજાની ત્રણ પુત્રીઓમાંની વડી. એ અને બીજી બે અમ્બાલીકા અને અમ્બીકા એ. ત્રણેને માટે રાંજાએ સ્વયંવર રચ્યો હતો, પણ ભિષ્મે ત્યાં મળેલા રાજાઓ સાથે યુદ્ધ કરીને તે ત્રણેને પોતાના ભાઇને માટે હસ્તીનાપૂર લઇ આવ્યો. અંબાએ કહ્યું કે મારા મનથી શાલ્વને વરમાળ પેહરાવવી છે, તે ઉપરથી તેને રથમાં બેસાડી ત્યાં મોકલી પણ શાલ્વે તેનો અનાદર કર્યો, ત્યારે તે પાછી ભીષ્મ પાસે આવી ને બોલી કે તું મને પરણ. ભિષ્મને તો પરણવુંજ નહોતું તેથી તેણે ના કહી. એ ઉપરથી તેણે બદ્રીકાશ્રમમાં જઇ તપ કરી પરશુરામને પ્રસન્ન કર્યો. એ અંબાને લઇ હસ્તીનાપુર આવ્યા ને ભિષ્મને કહ્યું કે એની સાથે પરણ. ભિષ્મે પોતાનું વૃત જણાવ્યું. પછી પરશુરામે યુદ્ધ માંગ્યું તે ભિષ્મે સ્વિકાર્યું તોય પરશુરામ અંબાનું કાર્ય કરી શકયા નહિ. અંબાએ ભિષ્મનો પ્રાણ લેવાને ઘોર વનમાં મોટું તપ કરી પોતાનો પ્રાણ મેલ્યો. (૨) આદી શકિત જગતની માતા, પાર્વતી. (૩) ચોસઠ જોગણીમાંની એક (૪) ઈંદોરના રાજ્યને તાબે આ એક શેહેર છે. ઇંદોરની દક્ષિણ પશ્ચિમે ૯૬ માઇલપર છે.

અંબા—આ નદી સુરત જીલ્લામાં ૪૦ મૈલ નૈરૂત્ય કોણમાં વહી, પૂર્ણાની દક્ષિણે ૧૫ મૈલપર મળે છે. વાંસદાનાં ડુંગરમાંથી નીકળી, પ્રથમ ગાયકવાડી મુલકમાં થઇને બે જૂદા ફાંટામાં વહે છે. પછી ખાલસાં મુલકમાં દાખલ થઈ ચીખલીને જલાલપુર તાલુકાની વચે ઉંડા રેતીના ભાઠામાંથી જાય છે. અહીંથી પશ્ચિમે એકદમ દક્ષિણ તરફનો ૧૨ મૈલ સુધી રસ્તો લઈ, જલાલપુર તાલુકાને, ગણદેવી પરગણાથી જુદો પાડે છે; ને છેલ્લા ૫ મૈલમાં પશ્ચિમ તરફ વહી સમુદ્રમાં પડે છે. ભરતી નદીના મુખથી ૬ મૈલપર રેલવેનો પુલ ૮૭૫ ફુટ લાંબો ને નદીના તળીઆઆમાંથી ૨૮૦ ફીટ ઉંચો બાંધેલો છે. રેલવેના પુલથી ૧ મૈલ પશ્ચિમે એને કાવેરી ને ખરેરા નદી આવી મળે છે. એ સંગમની નીચે નદીનું મુલ બોહોળું થાય છે. મુખથી ૬ મૈલપર બીલીમોરા સુધી વાહાણો આવી શકે છે અને આગળ નાનાં વાહાણો જઇ શકે છે.

અંબાજી—અથવા અંબા ભવાનીનું દેહેરૂં ગુજરાતની છેક ઉત્તરે આરાસુર પર્વતની દક્ષિણ પશ્ચિમ બાજુએ દાંતાથી ૧૫ મૈલ ઉત્તરે સરસ્વતીના મૂળ આગળ છે. એ દેહેરૂં ઘણા પુરાતમ વખતનું છે. પણ પાહાડોની ખીણ અને ગીચ ઝાડો વાલી ડુંગરોમાંથી થઇને દેહેરે જવાય છે. જાત્રાળુઓ હમેશાં આવ્યા કરે છે, પણ ઘણા સંઘો ભાદરવે કે જે માસમાં માતાનો જન્મ છે તે વખતે આવે છે, નવરાત્રીની આંઠમે દાંતાના રાણો પુજા કરવા આવે છે જે ત્યાં હોમ કરે છે, ને માતાને પાડાનું બળીદાન આપે છે. દેહેરાંની ભોંય આરસની છે, અને અંદર મોટાં પથ્થરમાંથી માણસના આકારને મળતી એક મૂર્તિ કોતરી કાઢેલી છે. કહેછે કે આ દેહેરૂં નાગર બ્રાહ્મણોએ બંધાવેલું પણ કયારે તે ચોકસ નથી. તોપણ તે દેહેરાનાં થાભલાઓ ઉપર સંવતના ૧૩ માં સૈકાનું વરસ લખીને જૂદે જૂદે સ્થળે જૂદા જૂદા સલાટનાં નામો કોતરેલાં છે. તેથી સલાટોએ મળીને એ અસલ દેહેરૂં બાંધેલું હોય એ પણ જણાયછે. આ દેરાની આસપાસ ધર્મશાઓ ગુજરાતનાં ગ્રહસ્થોએ બંધાવીછે. ત્યાં હમેશાં ચાર ચાર ઘડીએ ચોઘડીયા વાગેછે. પુજારીઓ સીધ્ધપુરના ઔદીચબ્રાહ્મણો છે. દેહેરાંમાં જાત્રાળુઓ જે પૈસા મુકેછે તે દાંતાનો રાણો લેછે.

દાંતાનો રાણો વળી જાત્રાળુ પાસે કર લઇ દેહેરે જવાની રજા ચીઠ્ઠી આપેછે. આ દેહેરા પાસે કોટેશ્વર માહાદેવનું દેહેરૂં છે, તેનું દર્શન પણ જાત્રાળુઓને સાથે સાથ કરવું પડેછે. માતાના દેહેરાની આસપાસ ઉતારૂઓને માટે ઘણી ધર્મશાળાઓ છે.

અબાટીગાઇડો ગુબાહડો—આ રોમન ચીતારો ઈ. સ. ૧૬૦૦ માં સિટાં ડી કાસ્ટીલો ખાતે જનમ્યો. તાજી ફુળફળાદીના આબેહુબ રંગીન ચીત્ર પાડવામાં એ અસાધારણ બાહોશી ધરાવતો હતો. એનાં ચીત્રોમાંના ઘણાં ખરા બચેલાં ચીત્રો રોમમાં છે. મરણ ૧૬૫૬ માં નીપજ્યું.

અબાટીયા અરનાડે—આ ભવિષ્ય કહેનાર ટુલસી ખાતે ૧૯ મી સદીમાં થઇ ગયોછે. પોતાના વખતમાં ભવિષ્યવાદી દાખલ ઘણી પ્રતિષ્ઠા પામ્યો હતો, અને તે જમાનાનો એ એક સાચો ભવિષ્યવાદી હતો.

અબાટીયાલ—આ સીસીલીનો પ્રસિદ્ધ કવિ ૧૫૭૦ માં હૈઆત હતો, એણે માહાન કવિ હોમરની ઇલીયડ તથા ઑડીસીનો તર્જુમો લાટીન ભાષામાં કર્યો હતો, તે એવી તો સરસ ઇબારતમાં કીધો હતો કે હાલમાં પણ તે વખણાયછે.

અબાટીસ—યુદ્ધકળાને લગતી એક યુક્તિ, જેમાં લશકરની છાવણી પડી હોય ત્યાં લાભ લેવામાં આવેછે. જંગલનાં ઝાડો કાપીને તેની ડાંખળીઓ દુશમનો તરફ એવી રીતે ફેંકવામાં આવે છે કે તેની પાછળ થોભેલા લશકરનો બચાવ થાય. આ યુક્તિને "અબાટીસ" કહે છે. આગલા કાળમાં એનો ઉપયોગ થતો હતો.

અંબાડા—એનાં ઝાડ કોકણ અને કર્નાટકમાં ઘણાં મોટાં વધે છે, એનાં પાંદડાં 'રામફળીના' પાંદડાં જેવાં હોય છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એના ફળ ખાટાં હોય છે, એ ફળ ખાટાં હોવાને લીધે આમળીની ગરજ સારે છે. અંબાડા પર મોર કેરીના ઝાડના જેવોજ આવે છે. એ ઝાડના પાતરાં તથા બીયાં દવાદારૂમાં ઘણા ઉપયોગી છે.

અબાદેહુ—ઇસપહાન અને પાર્સીપોલીસની વચમાં આવેલું ગામડું.

અબાન્ટીસ—આ પુરાતમ ગ્રીકોની એક આગલા વખતમાં જાત હતી. એમનું મુખ્ય શેહેર 'અબા' હતું.

અંબાબવાની—મેવારમાં આ એક શેહેર છે. મેવારની દક્ષિણ પશ્ચિમે ૬૧ માઇલ પેર આવેલું છે.

અબારકા મેરીયાડી—આ સ્પેનીશ બાનુ ૧૭ મી સદીમાં હતી. ચીત્રીકળામાં તેણી અસાધારણ શક્તિ ધરાવતી હતી. તેણીના ચીત્રોની હાલમાં કિંમત અસાધારણ ઉપજે છે, અને તે જવલેજ મળી શકે છે.

અંબારી—અંબારી હાથીના પીઠ પર બાંધવામાં આવે છે. આગલા રાજવંશીઓ લઢાઈ અથવા શેકારગાહમાં અંબારી ઉપર બેસી જતા હતા. તેમજ અંબારીમાં તેમના જનાનાની બાનુંઓ પણ બેસી શેકારની દરેક મોજ મેળવતી. હાલમાં પણ દેશી રજવાડાઓમાં કોઇક પ્રસંગે રાજાઓ અંબારીમાં બેસી જાહેરમાં દેખાવ આપે છે.

અંબાલા—હિંદુસ્થાનનાં બ્રિટીશ રાજ્યનો આ એક જીલ્લો છે. અહીં લેફ્ટનન્ટ ગવરનર ઑવ પંજાબની સત્તા છે. એનું ક્ષેત્રફળ ૧,૮૩૨ ચોરસ માઇલનું છે. અહીંની વસ્તી ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૧,૭૨૯૦૩૪ ની હતી. આ જીલ્લો જમના અને સતલજ નદીની વચમાં આવેલો છે. એની લંબાઇ હિમાલયનાં નીચલા ભાગ સુધીની છે. એની શેહેર વસ્તી ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૧,૬૩,૨૬૩ ની હતી. અંબાલા સિંધ, પંજાબ અને દિલ્લી રેલવેનું મુખ્ય મથક છે. લશકરી છાવણી શેહેરની દક્ષિણ પૂર્વે આવેલી છે.

અંબાલાલ સાકરલાલ એમ, એ. એલ, એલ. બી. રા૦ બા૦ જસ્ટીસ. જનમ સંવત ૧૯૦૦ માં અમદાવાદ ખાતે થયો. ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી ઇંગ્રેજી

ભાષાનો સારો અભ્યાસ કરી અમદાવાદ હાઇસ્કૂલમાં આસીસ્ટંટ માસ્તરની જગા મેળવી. ત્યાર પછી ગુજરાત કોલેજ ઊઘડવાથી તેમાં દાખલ થઇ ફત્તેહ મેળવી. ઇ. સ. ૧૮૬૩ માં સર થીઓડરહોપ અમદાવાદના કલેકટર હતા, તેમણે એમની પરીક્ષા લઇ સારા પગારની જગા આપી હતી. તે આગમેજ તેવન પ્રાચીન પધ્ધતી પ્રમાણે પરિક્ષા આપી વકીલાતપણ ચલાવતા. તેટલાં અમદાવાદ સુધી રેલવે ટ્રેન દોડતી થતાં એવન મુંબઇ જઇ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં એસી તે પેહેલે નંબર પસાર કરી પછી એલ્ફીન્સટન કૉલેજમાં, દાખલ થઇ એમ. એ. ની પરિક્ષા આપી ત્યાર બાદ ઇ. સ. ૧૮૬૯ માં એલ. એલ. બી. ની પરિક્ષા આપી પ્રતિષ્ટા મેળવી.

જેમસ પીલ જેઓ કેળવણી ખાતાનાં તે વખતના ડીરેકટર હતા, તેઓએ તેમને સૂરતની હાઈસ્કૂલનાં એકટીંગ હેડ માસ્તરની જગા ઉપર નેમ્યા, ત્યાં બે ત્રણ વર્ષ કામ કર્યા પછી અમદાવાદ હાઇસ્કૂલમાં તેજ ઓધા ઉપર બદલી થઈ. અને અમદાવાદમાં ગુજરાતી કોલેજ સ્થાપન થતાં તેના પ્રિન્સીપાલ તરીકે નેમાયા.

ઈ. સ. ૧૮૭૫ માં સર. ટી. મધવરાવે નવસારીના ડીસ્ત્રીકટ જડજ તરીકે તેમની નેમણુક કરી, અને ત્યાર પછી કડી પ્રાંત તથા વડોદરામાં એજ હોધ્ધા ઉપર ગાયકવાડ સરકારની સેવા બજાવી, પાછળથી વડોદરાની હાઈ કોર્ટના 'ચીફ જસ્ટીસ' દાખલ નેમાયલા હતા. એવને રચી પ્રસીદ્ધ કરેલા પુસ્તકોમાં અર્થ શાસ્ત્રનું ગુજરાતી પુસ્તક મીલના પુસ્તકના આધારે ગુજરાતી વર્નાકયુલર સોસાઇટીની ભલામણથી રચ્યું હતું. અને ભંડાર' નામની બીજી સંસ્કૃત પોથીનું ગુજરાતી ભાષાતર પણ સરકાર માટે કર્યું છે. સરકારે રચાવેલા મોટા ગુજરાતી કોશમાં એમની મુખ્ય મદદ હતી. હાલમાં એ- વણ અમદાવાદમાં રીટાયર જીંદગી ગુજારે છે.

અબાશિયો—હિ૦ સ. ૧૩૫ પછી એ ખલીફ ગાદીએ બેઠો. અબાશિયો પેહલો ખલીફ અબુ અબાસ હતો, જેનો વંઉશ પેગંબર મહમદના કાકા અબાશિયોથી ઉતરેલો હતો. અંબાશનો અબદુલ્લા; અબદુલ્લાનો અલી, અલીનો મહમદ, મહમદનો ફતાહ, અને અબુઅબાશા અબાશિયો હતો. અબાશના વંઉશની કારકીર્દી ૫૨૪ વર્ષ સુધી હતી.

અબાસમાગુસ—આ 'માજી' દસમી સદીમાં થઈ ગયો છે. એણે પ્રાકૃતગ્રંથ કર્તા દાખલ પ્રતિષ્ટા મેળવી હતી. એનુ ધી રોયલ વર્ક' નામનું લખાણ હાલમાં પણ વખણાય છે.

અબાસ ૧ લો—ઈરાનના સોફીશ ખાનદાનનો પાંચમો પાદશાહ પોતાના બે વડા ભાઇઓનાં ખુનથી ઈ. સ. ૧૫૮૭ માં ગાદીનશીન થયો. ઈરાનની શાહનશાહતને આજની સંપૂરણ ચઢતી દશાએ લાવવાનું માન આ પાદશાહે મેળવ્યું છે. એના વખંતમાં 'કુજીલબાશ' નામે લોકોનો દોર વધી ગયો હતો અને તેઓ મરજી પડે તેમ દાવાદારો ઉભા કરતા હતા. પણ અબાસ શાહે તેમનો આ દોર તોડવા પોતાના ખાસ મદદગારોનો એક વિશવાસુ ટોળો ઉભો' કરી તેમને 'શાહાના મિત્રો'ને નામે જાણીતા કીધા હતા, એણે પોતાની ધજા અફઘાનિસ્થાન, માંઝનદરાન અને ટર્કીના મોટા ભાગપર ઉડતી કરી હતી. ઇ. સ. ૧૬૦૫ માં બસોરાના તૂર્કો પરની ચઢાઇમાં એણે ઘણું દ્રવ્ય મેળવ્યું. શાહા અબાસે માઝનદરાનનો મોટો માર્ગ જે ૩૦૦ માઇલ લાંબો છે તે બંધાવ્યો હતો, જેની પોહોળાઈ ૪૦ ફીટની છે; હજી તેનો ઘણો ખરો ભાગ કાયંમ રહેલોછે. એનો વિચાર યૂરોપ જીતી લેવાનો હોવાથી એનાં એલચીઓ દેશે દેશની દરબારે ગયા હતા. એણે પોતાના વડા બેટા 'સુફી મીરઝાં'ને પોતાને હાથે કતલ કીધો, પણ ત્યાર પછી એનું હૈયું ડંખવા માંડયાથી આ પાદશાહ ૧૬૨૮ ની જાનેવારીમાં મરણ પામ્યો.

એણે ઇસ્પાહાનને પેહેલ વેહેલું રાજધાની શેહેર બનાવ્યું. ઈંગ્રેજોની સાહ્યતાથી એણે હોરમજદનું બંદર પોરટુગીઝોના હાથમાંથી છીનવી લીધું હતું. આ શાહા ઇરાનની ઇસલામી પાદશાહી તવારીખમાં માહાત્માના એલકાબથી ઓલખાઈ ગયો છે. તવારીખ નવેશોનાં જણાવ્યા મુજબ આજવેર એનાં જેવો કોઇપણ ઇસલામી પાદશાહ ગાદીએ આવ્યો નથી. આ પાદશાહના સારાં નામ જોડે, એની મોટાઇ પ્રમાણે જોતાં એણે કરેલાં ઘાતકી કામો એની કીર્તિને એક ડાઘરૂપી કલંક છે. પોતાના વડા બેટાને વગર વાંકે કતલ કરી, પોતાના બીજા બે શાહજાદાઓની આંખો ફોડી તેમને જનમના આંધળા બનાવ્યાં. એટલું કીધા છતાં આ ઘાતકી શાહ નહિ ધરાયો અને છેલ્લે એકનો એક ગાદીવારેસ જે બેટો હતો તે ખબરદાર અને બુદ્ધીમાન નહિ થાય કરી તેને અંધીણો બનાવ્યો. આ શાહા જોકે પ્રજાને માનીતો હતો પણ ધર્મી ન હતો; તેને શરાબનો હદબહાર શોખ હતો.

અબાસ બીજો—આ પેહલા અબાસના બીજા બેટાનો જનમ ઇ. સ. ૧૬૨૯ માં થયો. એ રાજ્યગાદીએ ૧૬૪૨ માં બેઠો. એ અતી બેપરવા હતો, એનું કહેવું એવું હતું કે 'ખોદાજ એક માનસના દિલનો શાહ છે.' આ શાહ ઘણો ઇન્સાફી અને ઉદારવૃતીનો હતો. ઇ. સ. ૧૬૬૪ માં મસ્કોવિના ગ્રાંડ ડ્યૂકે બે એલચીઓ ૮૦૦ રસાલદાર જોડે એની દરબારમાં મોકલ્યા હતા. આજ વખતથી રશીઅનોનો પેહલો પગદંડો ઇરાનમાં પેવસ થયો. સાડત્રીસ વર્ષની જુવાન વયે ઇ. સ. ૧૬૬૬ માં એ મરણ પામ્યો.

અબાસ—એ અબુ મુતાલીબનો બીજો બેટો હતો; પણ વખત જતાં એનો વિચાર એવો તો ફરી ગયો હતો કે, તે એક ચુસ્ત મોહમેદન દાખલ તવારીખમાં વખણાઇ ગયો છે. ઇ. સ. ૬૫૩ થી ૬૫૯ વેર એનો વડો બેટો ખલીફાની ગાદીપર હતો. એના પછી અબ્બા સીદીક નામે એ ખાનદાન જાણીતું થયું છે. અબ્બા સીદીકનો ખેતાબ ઇ. સ. ૧૨૬૦ વેર તેમના વંશજો ભોગવી ગયા છે.

અબાસા—આ બાનું ખલીફ હારૂન અલ રશીદની સગી બેહેન હતી. આ બાનું ૮ મી સદીમાં હૈયાત હતી. તેણી એક ઉત્તમ કવિએણ હતી. ખલીફના વડા વજીર જાફરની મોહબતમાં તેણી ફસી હતી. તેણીએ તે ઉપરથી પોતાના આશક પર ઘણીજ મધૂર ગજલો જોડી મોકલી હતી. તેમની મોહબતની વાત જ્યારે ખલીફ હારૂનની જાણમાં આવી ત્યારે તેણે તે બેઉ વ્હાલાંઓને લગનથી જોડાવા પરવાનગી આપી. પણ લગ્ન થયાં પછી જાફરને એવો સખત હુકમ કીધો કે, બેઉ જીગરોએ કદી પણ સંબંધમાં આવવું નહિ. તેણે ક્રૂરતાથી ખુદરતી પ્રેમને અટકાવવાનો સખ્ત હુકમ કીધો છતાં તે રીતે તેઓ વર્તિ શક્યાં નહિ, તેથી ક્રૂર ખલીફે પોતાની બેહેન અબાસા તથા જાફર અને તેના તમામ કુટુંબને ઘણી ઘાતકી રીતે કતલ કીધાં. આ બાનું પોતાના વ્હાલા ભર્થાર માટે ઘણી બાહાદુરીથી સામે થઈ મરણ પામી હતી.

અબાસકોલ જોશીફરનેન્ડો—આ સ્પેનીશ પ્રસિદ્ધ જનરલ ૧૭૪૩ માં જનમ્યો હતો. એણે પોતાના દેશની નોકરી લાંબા વર્ષો વેર ખરી બાહાદુરીથી બજાવી હતી. તે ઇસ્ટઇંડીયા, દક્ષિણ અમેરિકા તથા પીરૂમાં ગવ્હરનર દાખલ ૧૮૦૪ થી ૧૮૧૬ વેર હતો. એનું મરણ ૧૮૨૧ માં નીપજ્યું.

અબાસ પાશા—એ ઈજીપ્તનો વડો હાકેમ હતો, તથા મહમદઅલીનો નાનો બેટો હતો. એનો જનમ ઇ. સ. ૧૮૧૩ માં થયો. એણે સાઇરનની ચઢાઇમાં મોટી બાહાદુરી બતલાવી નામ મેળવ્યું હતું. એનું મરણ ઇ. સ. ૧૮૧૫ માં નીપજ્યું.

અબાસેમ્યૂઅલ—આ હંગેરીનો ત્રીજો રાજા ઇ. સ. ૧૦૪૦ માં ગાદીએ આવ્યો અને ત્યાર બાદ તુરતજ ત્રીજા હેત્રી સાથે લઢાઇમાં

ગુંથાયો. ઇ. સ. ૧૦૪૪ ની ૪ થી જુલાઇએ એનું મરણ નીપજ્યું.

અંબાહ—નીજામ હૈદ્રાબાદમાં આવેલું આ એક ગામડું છે. હૈદ્રાબાદની ઉત્તર પશ્ચિમે ૧૬૭ માઇલ પર છે.

અંબિકા—વિચીત્ર વીર્યની સ્ત્રી, એ અંબાલીકાથી વડી હતી. એને વૈધવ્ય પ્રાપ્ત થયા પછી વ્યાસથી પુત્ર ઉત્પન્ન થયો. એનો પુત્ર ધૃતરાષ્ટ્રને નામે જાણીતો છે. તે આંખે અપંગ હતો.

અબિબ—હીબ્રૂ લોકોનાં પેહેલા માસનું આ નામ. એજ નામે આગળ મોઝીઝને ઓલખવામાં આવતો હતો. ઇંગ્રેજી એપ્રીલ અને એમનો અબીબ મહિનો મલતો આવે છે.

અબિયોકુટા—આ મધ્ય આફ્રીકાનું એક મોટું શેહેર છે, અને તે ઇબા દેશનું પાયતખ્ત છે. અહીંની વસ્તી લગભગ એક લાખ માણસોની છે. આ શેહેરની લંબાઈ લગભગ ૪ માઇલ અને પોહળાઈ બે થી ત્રણ માઇલની છે. અત્રેનું હવા પાણી સ્વચ્છ હોવાથી દિવસો દિવસ લોક વસ્તીમાં વધારો થતો જાય છે.

અબીર—આ સુગંધી ચીજ હિંદુ લોકો દેવ પુજામાં વાપરે છે. તથા બીજાઓ પણ ચોકસ ધર્મ ક્રીયાંમાં વાપરે છે. અબીર બનાવવાની રીત સેહેલ છે. 'સુગંધીવાળો, કપુરકાચળી, ધવલો, સફેદ ચંદન, એ સઘળી ચીજો દસ દસ તોલા. નાગરમોથ ૨૦ તોલા, કેસર બે માસા, કસ્તુરી એક વાલ, અને જાવંત્રી જાયફળ, એલચી એ અકેક તોલો; એ કસ્તુરીને બારીક વાટીને સારી પેઠે ઘુંટી તેને ગુલાબનો પટ દેવો કે તે ઉપયોગી થઈ પડે છે. **બીજી** રીત-કેવડાનો લોટ. પાંચ ભાગ, કપૂરકાચળી એક ભાગ એખટું કરીને બારીક વાટી ચાળી કાઢવું. પછી તેને સ્વાસીક અત્તરનો હાથ દઈ તેને રાખી મુકવું. એથી બનેલું અબીર હલકું બને છે. **ત્રીજી** રીત-સફેદવાળો કપૂરકાચળી, સફેદ ચંદન એ દસ દસ તોલા, અને ૨૦ તોલાં મોથ, કેસર ૬ માસા, કસ્તુરી ૧ વાલ તથા જાયફળ જાવંત્રી એલચી ૧ તોલો; એ દસ ચીજો ખાંડી તેને ગાળી કાઢી ગુલાબનાં પાણીમાં પથલાવી સુકવ્યા કરવી. આ રીતે પાંચ છ દીવસવેર લાગટ કર્યાથી ઉત્તમ અબીર બનેછે.

અંબીર—જેપૂરમાં આવેલું આ સુંદર શેહેર છે. જેપુરની ઉત્તર પૂર્વે ૪ માઇલપર નાની ટેકડીઓથી ઘેરાયલા એક તલાવને કીનારે આવેલું છે. અત્રેનાં દેહેરાં તથા ઇમારતો, આગળા વખતની સુંદર હુન્નરમંદીનાં નમુના પુરા પાડે છે.

અંબીરવારં—નાગરપુરમાં આવેલું આ એક ગામડું છે, અને તે નાગપુરની ઉત્તરે આઠ માઇલ પર છે.

અબીરેદ—મોબેદોના એક પંથનું એ નામ હતું. જેની જગ્યા હાવનાનની સામે તથા જોતીની ડાબી બાજુએ હતી.

અબીસ્તાજી—(જુઓ અલપ્તગીન) ગીજની વંશનો સ્થાપક.

અબુઅલી અહમદ, બીન મહમદ—જાવેદાને ખેરદ નામના જગપ્રસિદ્ધ ગ્રંથનો આ કર્તા ઉજવદૌલાના વખતમાં થઇ ગયો છે. એક દીવસે શેખ અબુઅલી આ કવિની પાસે આવી તેના ચેલાઓના દેખતાં તેના બદન પર એક આખરોટ ફેંકી તેનું માપ ગણવા કહ્યું. ત્યારે આ ફીલસુફે 'અખલાંખની' કેતાબ તેની સનમુખ ધરી કહ્યું 'પ્રથમ તું એમાંથી નીતિશાસ્ત્ર હાંસલ કર કે પછી હું એનું ચોક્કસ માપ કહીશ, આ ભેદી શીખામણથી તે સરમાઇ ગયો અને તેનો ચેલો થયો. આ બુજર્ગ ફીલસુફ પોતાની ૯૦ વર્ષની બુજર્ગ વયે મરણ પામ્યો હતો.'

અબુઅલી બીન હાસીમ—આ વિદ્વાનને લોકો બીજો 'બતલીમુશ' કહેતા હતા. આ ફીલસુફ ખગોળ શાસ્ત્રી દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. એણે એલમે અખલાક પર એક કાબેલયત ભર્યો નીબંધ લખેલો છે. આ ફીલસુફ પૈસાનો લોભી ન હોતો. તે વિશે એવી

કયા છે કે "અમીર શુરખાબ, એનો ચેલો હતો. જ્યારે તે શીખતો હતો ત્યારે આ ફીલસુફને ૧૦૦ દીનારનો દરમાયો આપતો હતો, જ્યારે તે શીખીને પોતાના દેશ તરફ જવા નીકળયો ત્યારે આ ફીલસુફે તેને એક દીનારથી ભરેલી મોટી કોથળી ભેટ દાખલ આપી કહ્યું "આ દીનાર તેં જે આજવેર સુસારા દાખલ આપ્યાં છે તે હું તને આય દીનારથી અજમાવી જોતો હતો, પણ જ્યારે મેં જોયું કે તું પૈસાને પ્યારા ગણુતો નથી ત્યારે મેં તને દીલોજાનથી શીખવ્યો અને તને પુરતો કાબેલ કીધોછ. હવે તું તારા દેશ તરફ જાયછે તાંહાં તને એ રકમ ઘણી કામની છે, પણ મને તો એ નકામી છે. ભલાઇના કામમાં મજુરી અને લાલચ. એ સારી ચીજ નથી."

અબુઅલી હોશેન બીન અબદુલ બોખારી-શેખ--આ પ્રસિદ્ધ વિદ્વાનની જીંદગીનો હેવાલ ઘણો રસીક છે. એનો બાપ અમીર હમીદનૂર બીન મનશૂર'ના જમાનામાં બોખારા શેહેરનો હાકમ હતો. પાછળથી તે "'જરહીન'ના હાકમની જગ્યા પર નેમાયો. અંહી તે એક ઓરત સાથે પ્યારમાં પડયો અને તે સ્ત્રી સાથે તેનાં લગ્ન થયાં. ઇ. સ. ૯૫૨ માં તેમને ત્યાં અબુઅલી જન્મ્યો. આ ચંચળ બાળક પોતાની દસ વર્ષની બાળ વયે કોરાન, ભૂમિતી તથા ગણિત શાસ્ત્રમાં પ્રવિણ થયો. એણે પોતાની જવાનીમાં જેટલું જ્ઞાન હાંસલ કીધું તેટલું જ્ઞાન કદી કોઈએ મેલવ્યું ન હશે: વળી તે વૈદકીમાં ઘણો પ્રવિણ હતો. નૂરબીન મનશૂર પાદશાહ એક બુરા દરદથી પિડાતો હતો તે દરદ એણે મટાડયું હતું; એથી કરી પાદશાહની એની પર ઘણી મેહેરબાની વધી, જેથી એને પાદશાહી કેતાબખાનામાં વાંચવા જવાની પરવાનગી મળી હતી, ત્યાં તે જઇ જૂદી જૂદી કેતાબો વાંચી અભ્યાસ કરતો. એક દીવસે એકાએક આ પુસ્તક ખાનામાં મોટી આગ લાગી અને તે બળીને ભસમ થયું. આ આગ લગાડવાનું તોહમત આ ફીલસુફ ઉપર આવ્યું પણ તે તદન બેગુન્હા હતો.

આ વિદવાને ૧૮ વર્ષની વયે દરેક વિદ્યામાં પ્રવિણતા મેળવી હતી. ત્યાર બાદ એના બાપનું મોત નીપજવાથી એને ખારજમ બાદશાહની દરબારમાં નોકરી મળી. અહીંથી તે મુસાફરી કરતો 'જરજાન' શેહેરમાં જઇ ત્યાંથી કાબુશ બીન શફર શેહેરમાં જઇ વસ્યો. અહીંના પાદશાહ સાથે કાંઇ અનબનાવ બનવાથી એ બંદીખાને પડયો. અહીંના પાદશાહના મોતબાદ એનો છુટકારો થયો. ત્યારપછી એ મજદુદોલા પાદશાહની દરબારમાં જઇ રહ્યો. અહીંના પાદશાહનું બીકટ દર્દ મટાડવાથી એ મોટી પાલ્વ પામ્યો. અંહી એ વધતો વધતો વડા વજીરની પદ્દિએ પોંહચ્યો. એણે પોતાના જોખમ ભર્યા હોદ્દાપર પણ પુસ્તકો રચવાનું ચાલુ રાખ્યું હતું. એણે પોતાની વજીરાતના વખતમાં 'ઇશારાત' નામનો ગ્રંથ રચ્યો હતો: રે' શેહેરનો હાકમ મશઉદ બીન મહેમુદ સાથે એના પાદશાહની એક મોટી લઢાઇ થઇ, ત્યારે આ વિદવાને પાદશાહને કહ્યું કે તું તારી બેહેનને સુલતાન મશઉદ સાથે પરણાવી આપ કે લઢાઇ બંદ પડે, ને સલહા થાય; ત્યાર પછી આ પાદશાહે પોતાની બેહેનને સગાઇમાં આપી સુલ્હે કીધી. થોડી મુદત પછી અલાઉદીને સુલતાન મશઉદ સાથે છેડતી શોધી ત્યારે મશઉદ સુલતાને લખ્યું કે 'તું લઢાઇથી હાથ ઉઠાવશે તો ઠીક, નહિ તો તારી બેહેનને એક સીપાહી સાથે પરણાવી આપીશ; તે પત્ર આ વિદવાનને બતાવવામાં આવ્યું. એણે એવો જવાબ લખાવ્યો કે "મારી બેહેન તે તારી બેગમ છે અને બાઇડીની શરમ તથા ઇજ્જત તેના ખાવંદને કે તેના ભાઇને? એનો વિચાર કરી આગળ પગલાં ભરજે." આ ચાનકરૂપી શબ્દની અસર પેલા હાકમપુર માહી થઇ. તેણે બેગમને

તેના ભાઇ ઉપર પાછી મોકલાવી. આવું જોઇ અલાઉદીન ઘણો ક્રોધાયમાન થઇ બધા ફેસાદનું કારણ અબુ અલીને ધારી તેને બેહોરમત કરી દરબારમાંથી હાંકી કાઢયો. આ ફીલસુફની સઘળી કેતાબો લુટાવી તેને પાયમાલ કીધો હતો. સેવટે ગમગીનીમાં દીવસો પુરા કરી ૫૮ વર્ષની ટુંક વયે ઇ. સ. ૧૦૧૦ માં તે મરણ પામ્યો.

અબુઇસાક—ઇસ્તખરી અથવા પાર્સી પોલીસના એલકાબથી એ ઓળખાયો છે. ઇ. સ. ૯૫૧ માં કિતાબ ઉલ અકલીમી નામનો ફાર્સી ગ્રંથ લખ્યો હતો. એણે હિંદથી અટલાનટીક ઓશન અને પર્સીયન ગલ્ફથી કાસ્પીયન સમુદ્ર સુધી મુસાફરી કરી હતી. ઈંડસના કીનારાપર ઇબ્ન હૂકાલની સાથે મુલાકાત થતાં બન્નેએ પોતાની નોંધો સરખાવી જોઇ હતી.

અબુઉસમાન સઇઅદ બીન યાકૂબ—આ પ્રસિદ્ધ ફીલસુફ દમાસ્કસ શેહેરમાં ઘણા વર્ષો ઉપર હતો. એ યુનાની અને અરેબીક ભાષાનું પુખ્ત ગ્નાન ધરાવતો હતો, એણે ઘણાએક ગ્રંથો રચ્યાં હતાં પણ એના સને તેમજ ગ્રંથો વિશે કશું વધારે જણાયું નથી.

અબુકારીબ—આ પ્રસિદ્ધ શૂરવીર પાદશાહ હતો. એણે કાબાને ઇ. સ. ૨૦૬ માં નકશીદાર ચામડાથી ઢાંકીયું હતું તથા તેના દરવાજાને સુનાના ટળાથી સણગાર્યું હતું.

અબુકાશમ ફીરદોશી—જગ પ્રસિદ્ધ ફાર્સી શાહાનામાંના કર્તાનો જનમ ઇ. સ. ૯૪૬ માં તૂસ નામના શેહેરમાં થયો, એનો પિતા ‘અહમત’ તૂસ શેહેરના હાકેમનો બાગબાન હતો. જે બામદાદે ફીરદોશીનો જનમ થયો તેના આગમજની રાત્રે એના બાપે સ્વપનામાં એવું દીઠું કે, ફીરદોશી પોતાનું મોહોડું કેબલા તરફ કરી પુકાર મારે છે ને તે અવાજ સઘળે ઠેકાણે ફેલાય છે. સહવાર થતાં એના પિતાએ શેખુનજી બેહેદીન નામના નજુમી પાસે જઇ સ્વપનાની તાસીર પુછી. શેખુનજીએ ફાલમાં જોઈ કહ્યું કે “તારો છોકરો આગળ વધતાં મોટો શાએર થશે, ને તેનો અવાજ તમામ દુન્યામાં ફેલાશે તથા સઘળી આલમ તેને માન આપી કીર્તિવંત બનાવશે.” જ્યારે ફીરદોશી મોટો થયો ત્યારે તેના પિતાએ તેને કેળવણી આપવા માંડી. ફીરદોશી નાહાનપણથીજ ઇરાનની તવારીખ વીશેની બયતો લખવાની હોંશ ધરાવતો હતો, તેથી એક વેળા ‘બોસ્તન નામા’ નામના ગ્રંથમાંથી થોડીએક તવારીખ ઉપર બેતમાં તવારીખ લખીને તાહાંના હાકેમ ઉપર તે મોકલી. તે બયતો વાંચી હાકમ ઘણો ખુશી થયો અને ફીરદોશીને તેની મેહેનતના બદલામાં ઠીક નવાજ્યો. ત્યાર પછી જ્યારે તે મરણ પામ્યો તે વેળા ફીરદોશીને મદદ મલતી બંદ પડી, પણ તેટલાં તેની જગા પર ‘અરસલ’ નામનો હાકેમ નેમાયો, તેણે ફીરદોશીની સારી કદર બુઝી તેની પર નજર રાખવા માંડી.

ફીરદેશીની તારીફ જ્યારે મહેમુદશાહે જાણી ત્યારે આ શાએરને પોતાની રાજધાનીમાં તેડયો. ફીરદોશીએ તે આમંત્રણ કબુલ કરી ગીજની તરફ રેવાના થયો. જ્યારે ફીરદોશી તહેરાન જઇ પુગો. ત્યારે બદીઓદીન નામના મહમદના મુનશીને તથા અનસરી તથા રૂદકી નામના બે શાએરોને એ ખબર થઇ, પેલા શાએરો ફીરદોશીના ચઢીયાતાપણાનાં લીધે તેની અદેખાઇ કરતા હતા, તેથી તેઓએ તેના આવવાની ખબર પાદશાહના કાનપર નહિ પુગે તેની સંભાળ રાખવા માંડી, અને બીજી ગમથી ફીરદોશીપર કહેવાડયું કે “અમો તને સારી રીતે ઓળખીયે છિયે કે તું ઘણા મોટા મરતબાનો માણસ છે, તેથી અમો તને એક દોસ્તની રાહે જણાવીએ છિયે કે તારૂં અંહી કાંઈ વળવાનું નથી. જોકે તને પાદશાહે તેડાવીયો હતો તોપણ તને તે યાદ કરતો નથી, માટે તું તારા વતન તરફ પાછો ફર; કારણ કે હવે તારૂં અહીં કાંઈ વલવાનું નથી.” ફીરદોશી આ તેમની અદેખાઇથી જાણીતો થઇ ‘અબુબકરવરાક’

નામના એક મિત્રના મકાનમાં જઇ રહ્યો. થોડી મુદત પછી પેલા અદેખા શાએરો વચ્ચે કજીયો જાગ્યો, તેથી બદીઓદીને ફીરદોશી ઉપર કાગળ લખી પોતાની અદેખાઇની વાત જણાવી અને પોતે તેને માટે ઘણી ઓજરખાઇ બતલાવી. ફીરદોશીએ આ દરગુજરના જવાબમાં નીચલી બયતો તેની પર જોડી મોકલી—

બગુશ અઝ શરૂસમ બસી ચુજદહાસત-
દીલંમ ગંજે ગોહર જબાન અજ દહાસત-
ચેસંઝદ એમિજાને મન ઓનસરી
ગીહા ચુન કશદ પીશ ગોલંબન સરી..
ઝે બીદાનશી બાશદો ફુદકી
કેરાઇ ફઝુની ઝનદ રૂદકી.

યાને "શરૂશ તરફથી મને કેટલીએક વધામણી મલીછ. મારૂં જે દીલછે તે જવાહેરનો ખજાનો છે અને મારી જબાન અજદહા છે. જેમ વાઘનો વાસ ગુલાબના સુગંધ પાસે કાંઇ બીશાદમાં નથી તેમ અનસરી મારા મિજાનમાં સુતેલો છે. રૂદકી મોટાઇનો દાવો કરેછે તેથી તે ના સમજછે?

ત્યાર પછી ફીરદોશી ગીજનીમાં ગયો. તે વેળા મહેમુદની દરબારમાં સાત શાએરો હતા. જેઓને શાહાનામાંના સાત ભાગો કરી, જૂદા જૂદા વેંહેચી આપ્યા હતા. તેમાંથી જે કોઇની સરસ બયતો નીવડે તેને આખું શાહાનામું લખવા આપવાનું ઠેરવ્યું હતું. જે વેળા ફીરદોશી ગીજની બહાર એક બગીચામાં આવી ઉતર્યો ત્યારે પોતાનાં આવવાની ખબર પોતાના દોસ્તોને પોંહચાડી. તેજ સાંહાજે સાંજની નેમાજ કરી ઉઠતો હતો તેટલાં તેને પાદશાહના ત્રણ શાએરો અનસરી રૂદકી અને અસજાદીને સાંમેથી આવતા જોયાં. તેઓએ ફીરદોશીને જોઇ એવી તાલ કરી કે "અપણે આપણા વચ્ચે ત્રણ કાફીયા બોલશું તેનો એ કેવી રીતે જવાબ વાળે છે તે આપણે જોઇશું." જેવા તેઓ ફીરદોશીની પાસે આવ્યા કે નીચે પ્રમાણે તેઓ બોલ્યા, કે ફીરદોશીએ હાજર જવાબીથી તે કવિતા પુરી કરી.

અનસરી—

ચુ આરઝેતો માહન બાશદ રવશન.

ફરૂખી—

માનન્દે રૂખતે ગુલ ન બુવદ ગુલશન.

અસજાદી—

મેઝગાંનગોઝર કુનદ હમીદર અઝ જઓશન

ફીરદોશી—

માનન્દે સનાને ગીવ દર જંગે પશન.

અર્થ

તુજ માહાતાબ ચેહેર કોઇ રોશન નથી.
ગુલશને તુજ રૂખસું કોઇ ફુલ નથી.
તુજ પાપણ બખતરથી થયાં છે પસાર,
જેમ ગેવના નેજે પશન એકરાર.

ફીરદોશીની આ આવી હાજર જવાબીથી તેઓ દંગ થઇ ગયા, પણ તેની મુલાકાત પાદશાહ સાથે નહિ થાય તેની ચોકાસી રાખવા લાગા. પણ તેટલાં ફીરદોશીની ઓળખાન પાદશાહના એક ખેશી 'માહક' સાથે થઇ. ફીરદોશીએ તેની આગળ સઘળો અહેવાલ જાહેર કીધો ત્યારે તેણે ફીરદોશીની ઓળખાણ શાહા સાથે કરાવી આપવાની આશા આપી. ત્યાર પછી માહકે ફીરદોશીને જણાવ્યું, કે જે સાત ભાંગો સુલતાને સાત શાએરોને લખવા આપ્યાં હતા તેમાં અનસરી ફતેહ પામ્યો છે, તેથી તેના પાસથી આખું શાહનામું લખાવવાનો ઠેરાવ થયો છે. ફીરદોશીએ પુછ્યું કે તે કયો ભાગ છે?" ત્યારે માહકે જણાવ્યું કે 'જ્યારે સોહરાબને આશા હતી કે મેં અઇ કાલે રૂસ્તમને છુટો મુકયો તેથી આજેબી તે મને છુટો મુકશે પણ તેમ તેને કીધું નહિ. એ ભાગ તેણે ઘણી સારી રીતે લખેલો હોવાથી શાહા તેનીપર ઘણો મેહેરબાન થયો છે. ફીરદોશીએ આ વાત જાણી રૂસ્તમ અને અસફંદીયાર વચેના દાસ્તાનપર બેતો જોડી કાઢી, તે મહેમુદ પાદશાહની દરબારમાં લઇ જઇ વાંચી સંભળાવી, આ બયતો સાંભળી પાદશાહ અતી

ખુશ થયો. અહીં ઘણા એક જવાબ સવાલ થયા હતા. ત્યાર પછી ફીરદોશીને શાહાનામું લખવા આપવામાં આવ્યું. તે એવી શર્તે કે એક હજાર બયતો પાછળ એક હજાર મીસાલ ગણી આપવા; પણ ફીરદોશી તે લેતો નહિ હતો. કારણ કે તેનો વિચાર એવો હતો કે છેવટે બધી ગંજાવર દોલત લઇ તૂસ શેહેરમાં એક પુલ બાંધવો.

ફીરદોશીના દોસ્તો તેને દર વખતે જણાવતા હતા કે ગીજનીના વજીર સાથે નમીને ચાલવું કે તેથી તેને ઘણો ફાયદો થશે, પણ ફીરદોશીને આવી ચાપલુસી પસંદ નહિ હતી. એક વેળા પેલાજ વજીરે એવું તોહમત મેળીયું કે 'ફીરદોશી' ફીલસુફી એત્તેલાઝ તથા શબજી મજહબનો છે, ને તેની દલીલ દાખલ ઘણી બયતો ટાંકી બતલાવી તેને 'મોતલાઝ' ટોળાનો ઠેરવ્યો. અને જાહેરમાં એવી દલીલ લાવ્યો કે ખુદા જોઇ શકતો નથી એવી ફીરદોશીની ફીલસુફી છે. પાદશાહ આવું જાણી ફીરદોશીપર ક્રોધે ભરાયો પણ ફીરદોશીએ પાદશાહને બીજી બયતો ટાંકી બતાવી સમજાવી લીધો.

જ્યારે ૩૪ વર્ષોની અથાગ મેહેનત પછી સાઠ હજાર બયતોનું ગંજાવર શાહાનામું ફીરદોશીએ પુરૂં કીધું અને તે પુસ્તકને ચાર માણસોના માથાપર ઉંચકાવી અયાજ સાથે દરબારમાં મોકલાવ્યું, ત્યારે અસાધારણ પુસ્તકનું કદ જોઇ પાદશાહ અજાયબ થયો, અને વજીરને ફરમાવ્યું કે 'એક હાથીપર જેટલું સુનું લધાય તેટલું ફીરદોશીને આપવું', કેમકે જ્યારથી એતબાજીની રીત જનમ પામી છે ત્યારથી તે આજ સુધી એવી ખુબીવંત બયતો કોઇએ રચી નથી; અને કોઇપણ ઝવેરીએ એ મિસાલની ગોઠવણથી મોતી વિંધ્યા નથી; પાદશાહની આવી ઉદાર બક્ષેસથી અદેખો વજીર વધુ અદેખો બની પાદશાહને તર્હેવાર ઉલટું સમજાવી સાઠ હજાર સોનાના સીક્કાને બદલે રૂપાનાં સીક્કા આપવાનું ઠેરવ્યું. પેલા કાવતરાંબાજ વજીરના મીઠા સુખન ને દલીલોથી સુલતાને તેને જેમ સુજે તેમ કરવા ફરમાવ્યું. પેલા વજીરે અયાજ મારફતે સાઠ હજાર ચાંદીના સિક્કા ફીરદોશીપર મોકલ્યા. જ્યારે ફીરદોશીએ સુનાને બદલે રૂપાંના સિક્કા જોયા ત્યારે ગુસ્સે થઇ તે સઘળું નાણું અયાજ તથા બીજા ખીદમતગારોને વેહેંચી આપ્યું. એ વાત પાદશાહને માલમ પડતાંજ તે ઘણો ગુસ્સે થયો, અને વજીરના ઉશકેરાવાથી ફીરદોશીને હાથીનાં પગ તળે છુંદી નાખવાનો હોકમ કીધો. જ્યારે એ વાત ફીરદોશીને માલમ પડી ત્યારે તે ઘણો ધભરાયો અને પાદશાહને પગે લાગી માફી માંગી. પાદશાહે તેની નાદાની માફ કરી.

થોડા દીવસ પછી ફીરદોશીએ ગીજની છોડી જવાનો વિચાર કીધો. પણ જતાં જતાં જે મસજીદમાં પાદશાહ નેમાજ કરવા ગયો હતો તે મસજીદની દેવાલ પર નીચલી નઝમ લખી ગયો.

ખોજસ્તે દરગેહ મહેમુદ ગઝનવી દરયાસત
ચે ગુન્હે દરિયા કિનારા કેરાને પયદા નીસ્ત.
ચું ગુનેહા ઝદમો અનદર નદીદમ દોરમ
ગોનાહે બખ્તે મનં અસ્ત ઇન ગુનાહે દરિયા નિસ્ત.

યાને 'મહેમુદ ગજનીવીની મુબારક દરગાહ એક દરીયો છે. કેવો દરીયો કે જેનો કિનારો પણ દીસતો નથી. જ્યારે મેં તેમાં ડુબકી મારી ત્યારે ત્યાં મેં મોતી દીઠાં. નહિ એ ગુન્હા નશીબનો છે કાંઇ દર્યાનો નથી.'

આ પ્રમાણે લખી અયાજને મળી ગીજનીને છેલ્લી સલામ કરી, પણ જતી વેળા એક બીડેલું કાગળ અયાજને આપીને કહ્યું કે : આજથી વીસ દીવસ પછી આ કાગળ પાદશાહને આપવું. ફીરદોશીના જવા પછી વિસમે દહાડે અયાજે તે બીડેલું કાગળ પાદશાહને આપ્યું. પેલા પત્રમાં પાદશાહની સામે બયતોમાં ઘણું સખત લખાણ કરેલું હતું. તેમાં પાદશાહને બીજી શીખામણો સાથે તે કંઇ નીચ ખુન્યાદના ભઠીયારાનો પુત્ર હતો તે દરશાવી તેની

તુલના કરી હતી. આ કવિતા એટલી તો વખણાયછે કે હાલમાં પણ તે ઘણા આ વેશ સાથે દરેક વાંચનાર વાંચી ફીરદોશીને મળેલા ગેરઈન્સાફની યાદ દુ:ખી હૈડાં સાથે કરે છે.

થોડી મુદત પછી મુહેમુદની ગેરઈન્સાફીની વાત સઘળા દેશોમાં ફેલાઇ, ને તે વાત કોહેસ્તાનના હાકેમ નાસરેલકના જાણમાં આવી. તેજ સમયે ફીરદોશી પણ તેજ શેહેરમાં આવી પોંહોચ્યો. પેલા હાકમે આ શાએરને ઘણા માનસહિત પાસે રાખ્યો. ફીરદોશીએ વળી બીજી બયતો પાદશાહની ગીબતમાં જોડી મોકલવાનો એરાદો કીધો પણ પેલા હાકમે એ વાતથી વાર્યો; પણ ફીરદોશીએ થોડો સુધારો કરી તે બયતો પાછલથી મોકલાવી હતી. આ બયતો અતી કરૂણારસીક છે.

મહેમુદશાહ એક સમયે જુમ્માને દીવસે મસજીદમાં ગયો હતો, ત્યાંથી બાહાર નીકળતાં દેવાલપર ફીરદોશીએ લખેલી નઝમ વાંચી, અને તેટલાં પેલું કાગળ પણ મલ્યું તે વાંચી વજીરપર રીશે ભરાઈ તેને ઠાર કીધો.

ફીરદોશી ત્યાર પછી કોહેસ્તાનથી માજનદરાન ગયો કે જ્યાં ત્યાંના હાકમને ફીરદોશીએ શાહાનામાની એક નકલ ભેટ આપી, જેની કીંમત તેને અતી મોટી મળી હતી. ત્યાર પછી તે થોડી મુદત રહી બગદાદ ગયો કે, જ્યાં તેને એક વેપારીએ પોતાના મકાનમાં ઉતારો આપ્યો. તેની પાસ પોતા પર ગુજરેલી સઘળી બીના કહી, ત્યારે તે વેપારીએ ફીરદોશીની મુલાકાત ત્યાંના વજીર સાથે કરાવી અને વજીરે ફીરદોશીની મુલાકાત ખલીફ સાથે કરાવી. બગદાદમાં ફીરદોશી મોટા શાએર દાખલ માન પામ્યો અને ત્યાંજ પોતાનું રેહેઠાણુ કીધું. પણ પોતાના શાહાનામામાં ઇરાનના પાદશાહોની તારીફ કીધી હતી તે પેલા ખલીફાને તથા બીજા બગદાદીઓને પસંદ નહિ પડવાથી ફીરદોશીએ યુસુફ અને ઝુલીખાનો કિસ્સો જે કુરાનમાં છે તે બયતોમાં બનાવ્યો.

થોડી મુદત પછી મહેમુદને માલમ પડ્યું કે ફીરદોશી બગદાદમાં પાછો ઘણી પ્રસિદ્ધતા પામતો જાય છે. તેને બગદાદના ખલીફા ઉપર એક ધમકી પત્ર લખી મોકલ્યો તેમાં ફીરદોશીને તરત પોતા તરફ મોકલી આપવા જણાવ્યો, અને છેલ્લે અરેબીકમાં એક ફકરો લખ્યો હતો કે 'અવલ સલામ.' આ વાક્ય વાંચી બધા તાજુબ થયા પણ પછી વિચાર કરતાં તેનો અર્થ એવો જણાયો કે 'બગદાદને હાથીના પગ તળે સોંફસ' આ ભેદ પામી ખલીફાએ કોરાનમાંથી એક ટુંક ફકરો એવો લખ્યો કે 'અલમતર અક અફે ફઆલે રબેકબ અસહાબે લફીલ' યાને તેં નથી જોયું કે કેવી રીતે ખુદાએ હાથીઓનાં ધણીને કીધું. ?'

મહેમુદે ત્યાર પછી ઘણીક કોશેસો કીધી પણ કોઇ પણ રીતે ફીરદોશીનો ગુસ્સો ઉતારી શક્યો નહિ. છેલ્લે એક માફી પત્ર લખી ઠેરવેલો સાઠ હજાર મીસાલનો ખજાનો પાદશાહી સરપાવ સાથે ફીરદોશી પર મોકલ્યો. આ વેળા ફીરદોશી પોતાનાં વતન તૂસમાં જઇ રહ્યો હતો.

એક દીવસે ફીરદોશી તૂસના બજારમાંથી પસાર થતો હતો તેટલાં તેના કાન ઉપર આ નીચલી બયતો પડી.

બયત.

અગર શાહરા શાહ બુદી પેદર
બસર બર નેહાદે મરા તાજે સર.

અર્થ.

અગર બાપ તારો હતે તાજવર.
તો ધરતે છતર મુજ સરની ઉપર.

આ બયત સાંભળતાં ફીરદોશીને આગલી યાદોનું પાછું સ્મરણ થતાં દુ:ખથી તેની છાતી તેજ જગાએ ફાટી ગઇ ને તે મરણ પામ્યો. મરણ ઇ. સ. ૧૦૨૦ માં ૭૪ વર્ષની બુઝેર્ગ વયે નીપજ્યું.

જ્યારે તેને ભૂમિદા કરવા લઇ જવામાં

આવ્યો, તેજ ઘડીએ પાદશાહ તરફની બક્ષેસ આવી લાગી. કહે છે કે ફીરદોશીની એક બેટી અજીજબી નામે હતી તેણીએ આ ખજાનો લેવાને ના પાડયો ત્યારે તેની આસાં નામની બેહેને ફીરદોશીની ઇચ્છા પ્રમાણે તૂસમાં પુલ બાંધવા માટે તે ધન લઇને ખરચ્યું. આ પુલનું નામ 'બંદે આઇશ એ ફરરેખ' કરી રાખ્યું હતું, કે જેની હાલમાં ઘણીક નિશાનો કાયમ છે.

જે વેળા ફીરદોશી મરણ પામ્યો ત્યારે તૂસનો કાજી તેની મૈઅત પર નિમાજ પઢવા આવ્યો નહિ, ને કહ્યું કે ફીરદોશીએ પોતાની જીંદગી જુદદીનોની તારીફ કરવામાં ગુજાર્યાથી તેની મૈયત પર નીમાજ પઢાય નહિ. જે દિવસે ફીરદોશી મરણ પામ્યો તેજ રાતના પેલા કાજીને સ્વપનો આવ્યો કે ફીરદોશી એક જડાવદાર તખત પર બેઠેલો છે. કાજીએ તેની પાસે જઇ કહ્યું કે 'અએ ફીરદોશી તને એટલી હોરમત ને એટલો દરજ્જો કેમ મલ્યો? ત્યારે ફીરદોશીએ કહ્યું કે "શાહાનામાની શરૂઆતમાં મેં ખોદાને યાદ કીધો હતો તેથી આ હાલતે પોંહચ્યોછ. તે બયતો સાંભળી કાજી ઉંઘમાંથી ઉઠી તેની કબર પાસે જઇ માફી ચાહી નીમાજ પઢયો.

આ માહાન શાએરની કીર્તિ આજે ચોખંડમાં ફેલાયલી છે. તેની તારીફ નામીચા શાએરો જેવા કે અનવરી, જામી, નિજામી, મુલાં ફીરોઝ વગેરે બીજા અસંખ્ય વિદ્વાનો તથા યુરોપના પ્રખ્યાત વિદ્વાનોએ એક અવાજે જાબજા કરી ગયા છે. શેખ સાદી જેવો ઝનૂની પણ દાનેશ ગ્રંથકાર એને 'પાક જાદ અને પવિત્ર ખુનનો ને નેક તોખમનો લખી ગયો છે. જે એલકાબ મહમદીઆન લોકોનાં એત્તેકાદ પ્રમાણે તેઓના પેગંબર શિવાય બીજા કોઇબી મનૂષ્ય જાતને આપવામાં આવતો નથી. મીરખુંદ એને તવારીખ નવેશોની સફમાં સૌથી વડો દરજ્જો આપે છે અને 'અલેમુલ કલાંમ' યાને સુખનનો પાદશાહ એવો એલકાબ પોતા તરફથી આપી જાય છે.

અબુ જાફર—સિયા ઇસમાયલી શાખાનો મનસૂર બિલ્લાના રાજ્યમાં આ એક શાએર થઈ ગયો છે. એની શાએરીથી એના વખતનાં લોકો ઘણાં ખુશ થતા હતાં. તેમજ એ શાએર પાદશાહી દરબારમાં ઘણું માન મેળવતો હતો. એક વેળા એને કેટલીક બયતો બનાવી પાદશાહપર ખુશ હિંગામની મુબારકબાદી માટે; મોકલી. તેમાં એવી મતલબનું લખાણ હતું કે 'આપનો બેટો મુઇઝદીનઅલ્લા જે તમારો વારસ છે તેનું નામ મક્કા અને મદીનાના મંમ્બરો તથા શિક્કાઓ ઉપર જારી થશે એવું ઇચ્છું છું. આ બયતોથી પાદશાહે ખુશી થઇ તેને નેહાલ કર્યો હતો.

અબુજાફર બીન બાબુય—સીસતાનનો આ દાનાવ પાદશાહ પ્રસિદ્ધ ફીલસુફોમાંનો એક હતો. એ પોતાનો રાજ્ય કારોબાર દાનાઈ તથા ઇન્સાફીથી ચલાવતો. એ પાદશાહ યૂનાની ભાષાનો ખાસ અભ્યાસી હતો. એ કેહેતો કે 'યૂનાની ઓલમાઓની' વાતો સુંનાની રજકણ બરાબર છે.' સઘળી નશીહતો જે એરિશ્તૉતલીશે સીકંદરને લખી આપી હતી તે આ પાદશાહ રોજ વાંચી તેનો અભ્યાસ કરતો હતો.

અબુતાલીબખાન—એનો જનમ લખનોર ખાતે ઇ. સ. ૧૭૫૨ માં થયો. યૂરોપમાં પેહેલવેહેલો હિંદી મહમદીઆન મુસાફર દાખલ એજ ગયો હતો. એણે આઉદના નવાબની નોકરીમાં ઘણાં વર્ષો કાઢયાં. ૧૮૦૦ અને ૧૮૦૨ માં એણે ઈંગ્લાંડ અને ફ્રાન્સની મુલાકાત લીધી હતી, અને હિંદુસ્થાન તરફ પાછું ફરતા કૉન્સટન્ટીનોપલ તથા ઇરાન દેશની મુલાકાત લઇ આવ્યો હતો. એની મુસાફરીના ગ્રંથો ઈંગ્લાંડમાં અને ફ્રાન્સમાં છપાયલાં છે. તે શિવાય એના બીજા અનેક ગ્રંથો પ્રસિદ્ધ છે. એનું મરણ કલકત્તા ખાતે ઇ. સ. ૧૮૦૬ માં નીપજ્યું.

અબુતીમામા—ઈ. સ. ૮૦૭ ના સુમારમાં

આ મહાન આરબ કવિનો જનમ થયો હતો. એણે પોતાની શાએરીના બળે બેશુમાર સુના મોહોરની દોલત મેળવી હતી. એણે પૂર્વ તરફ-નીભાષાઓના તર્જુમાં કરેલા ત્રણ ગ્રંથો કાયમ છે. સર્વેથી ઉત્તમ ગ્રંથનું નામ 'હમાસા' છે. જેની વખાણ સર વિલ્યમે ઘણી કરી છે.

અબુનગર—બ્રિટીશ મુલકને લગતું ફતેહપુરમાં આવેલું આ એક શેહેર છે. અહીં ઉત્તર પશ્ચિમ પ્રાંતના લેફ્ટનન્ટ ગવરનરની સત્તા છે. એ કાલ્પી અને ફત્તેહપુરનાં માર્ગમાં છે.

અબુનશર ફરાબી—એનો જનમ બગદાદમાં થયો હતો. એનો પિતા બગદાદના લશકરનો સીપેહસાલાર હતો. અબુનશરે પોતાની બચ-ગીથી ઉંચી કેલવણી લેવા માંડી હતી. એ ગાયણ કળામાં ઉસ્તાદ હોવાથી તે તાનસેન જેવી પ્રસિદ્ધતા પામ્યો હતો. એનાં સમયમાં 'સાહેબ બીન આબાદ' નામનો ખલીફા રાજગાદી ચલાવતો હતો. આ ખલીફા અબુન-શરને પોતાની દરબારમાં તેડતો પણ આ ગવૈયો ત્યાં જતો નહોતો. એક દીવસ જ્યારે જવાની ફરજ પડી ત્યારે તે ગયો. તે દીવસે દરબારમાં રંગરામશની ચાલતી હતી ત્યાં એ જઇ લાગો. ત્યાંથી એણે એક વાજીંત્ર લઇ તે પર ચોકસ રાગ વગાડયો, જેની અસર એવી તો અકસીર થઇ કે દરબાર એકદમ ખુશહાલીની ખુમારીમાં આવી, કે તુરત બીજો રાગ એવો ગાવા માંડયો કે બધા રડવા લાગા. પછી તેણે એક એવો રાગ વગાડયો કે બધા ઊંઘાઇ ગયા? આ વેળા અબુનશર પેલા વાજીંત્ર પર લખી ગયો કે 'અબુનશરને તમો મલવા ચાહાતા હતા, પણ જ્યારે તે તમારી રૂબરૂ આવ્યો ત્યારે તમે તેની ઠેકડી કરવા માંડી તેથી તેણે તમુને પોતાનો હુનર બતલાવી બેફામ કરી નાખ્યા છે.' એવું લખી તે ચાલી ગયો. ત્યાર પછી આ મોટો ગવૈયો કદી પાછો ખલીફાની દર-બારે ગયો નહોતો.

અબુનૂશ—આ ચીવટ લાકડાનાં ઝાડ સીલો-નના ટાપુમાં ઉગે છે. ઘણું ખરૂં એવું કાળી જાતનું લાકડું હોય છે. અને તેનાં ઝાડો ઘણાં વિશાળ ઉગે છે, એનો સુંદર ઘેરસણગારનો સામાન બને છે. આ લાકડું ઘણું મોઘું મલતું હોવાથી તે બનાવટી પણ બનેછે. તે ઘણું ખરૂં કાળા સીસમી રંગને મળતું આવે છે, તેમજ આ લાકડું લાલ, લીલું તથા પીળું પણ હોય છે. કાળા રંગનું લા-કડું ઘણું વખણાય છે, એના ઘણા ખરા ઝાડો મોરિશીઅસ તથા મેડાગાસ્કરમાં ઉગે છે. એને બનાવટી બનાવવાની રીત એ છે કે દર્યા કાંઠે ઉગેલી નાની વનસ્પતીને લાવીને તેને બે કલાક બે ભાગ સલફ્યુરીક આસીડ અને એક ભાગ પાણી એ બેના મિશ્રણમાં ભરી મુકવું. ત્યાર પછી તેને કાઢી લઇને સૂકવવી ને બારીક વાટવી; એ રીતે કરેલો બારીક ભૂકો ૧૯ ભાગ, દસ ભાગ ઉકાળેલો સરસ, પાંચ ભાગ ગટાપરચા, રબ્બર અઢી ભાગ (ગટાપરચાને તથા રબ્બરને નેપથામાં ભેગા પીગળાવીને વાપરવા) ટાર દસ ભાગ, ગંધક પાંચ ભાગ, વાટેલી ફટકી પાંચ ભાગ, વાટેલી રાળ પાંચ ભાગ, એ બધાંને મિશ્ર કરીને તેને સારી પેઠે ગરમ કરવું. બાદ નીચે ઠરવા દેવું અને ત્યાર પછી તેના મરજી મુજબ નમુનાં બનાવવાં. આ નમુનાં સૂકાયા પછી અબનૂસ જેવા કઠણ થઇ જાય છે અને તે ઉપર પાલીસ પણ ઝલેહદાર થઇ શકે છે.

અબુપૂર—મીરતમાં આવેલું આ ગાંમડું દિ-લ્લીથી મીરતનાં માર્ગમાં છે. સત્તા ઉત્તર પશ્ચિમનાં લેફ્ટનન્ટ ગવરનરની છે.

અબુબક તકલઘ—તકલઘ ઘરાણાનાં ગ્યાસુ-દીનનો આ બેટો ઈ. સ. ૧૩૮૯ ના નવેમ્બર માસમાં ગાદીનશીન થયો. એક વર્ષ રાજ્ય ચલાવ્યું નહિ તેટલાં જે નાસરૂદીન રાજ્ય-માંથી નાહાશી જઈ પાહાડોમાં ભરાતો ફરતો હતો, તે ત્યાંથી એક ફોજ એખટી કરી એની સામે લઢવા આવ્યો. તેણે પેહેલી લડાઇમાં દિલ્લી પોતાને હાથ કીધી. પછી તેનો અને અબુબકનો ઝગડો ઘણા માસવેરે ચાલ્યો, જેમાં દિલ્લી થોડી મુદત સુધી નાસરૂ-

દીનના હાથમાંથી ગઈ અને અબુબકરે ફરીથી મેળવી. સેવટે નાસરૂદીનનો અમલ કાયમ થતાં તેણે પોતાના પ્રતિસ્પર્ધી અબુબકરને કેદ કીધો. એ ઇ. સ. ૧૩૪૦ માં કેદી હાલતમાં મરણ પામ્યો.

અબુબકર કાલીફ—હજરત મહમદના મરણ પછી આ તેનો સસરો ઇ. સ. ૬૩૨ માં (હિ. સ. ૧૧ માં) ગાદીનશીન થયો. એણે મહમદનો ગમ કરી તે બતલાવવા જાહેર રીતે પાદશાહ તરીકે ખેતાબ અથવા નામ રાખવા ધિક્કાર બતલાવી સાદી રીતનો કાલીફ (મહમદનો વારેસ)નો ખેતાબ ધારણ કીધો. એનાથી એના પછીનાં દરેક વારેસોએ આ કાલીફનોજ ખેતાબ ચાલુ રાખ્યો. જ્યારે મહમદ મરણ પામ્યો ત્યારે ડામાડોલ મનનાં લોકો મૂર્તિપૂજા તરફ વલવા લાગા, તેથી ઇસલામી સરદાર 'ખાલીદે' અબુબકરને મદત કરી એક મોટા જમાવ કીધેલા લશકર સાથ જંગલમાં વીખરાઇ ગયલા મુસલમાન મૂર્તિપુજક જાતો ઉપર ફત્તેહ મેળવી, તેમનાં પાસે ઇસલામી ધર્મ કબુલાવ્યો. અબુબકરનું રાજ્ય જે ઘણું વખણાયું હતું તે તેમના વખતમાં મુસલમાનોનો કટ્ટો દુશમન અને મહમદનો હરીફ પેગંબર 'મોસાઇલામાં' ઉપર ખાલીદે ફત્તેહ મેળવી તેને ઠાર કીધો એ હતું. કાલીફ અબુબકરે ટુંક કારકીર્દીમાં બસરા અને દમાસ્કસ હાથ કીધાં હતાં.

અબુબજદજાની—અબુવીફા મહમદ. આ અરબ ખગોળશાસ્ત્રી ખોરાસાનમાં બજદજાની નામના ગામડામાં દસમી સદીમાં થઇ ગયો હતો.

અબુરેહાન મહમદ—બીન અહમદ બેરૂન. એ સિંધમાંના બેરૂન શેહેરમાં જનમ્યો. ત્યાં વિદ્યાઅભ્યાસ સંપાદન કરી તે હિંદુસ્થાન તરફ આવ્યો. એણે ઘણો વિદ્યા અભ્યાસ કરી પોતાની નાની વયથી એટલી તો મોટી સંખ્યામાં ચોપડીઓ લખી હતી કે તે સઘળા ગ્રંથોને ઉંચકવા માટે એક ઉંટ રાખવો પડયો હતો.

અબુલકાશમ—આ વિદ્વાન હકીમ વૈદકીમાં ઘણો પ્રવિણ હતો, એનું વતન નેશાપૂર શેહેર હતું. ઘણા લોકો એને બુકરાતના ઉપનામથી ઓળખતા. કારણ કે તે બુકરાત જેવો પ્રવિણ હતો. તે પોતાની ૮૦ વર્ષની બુજોર્ગ વયે નેશાપુર ખાતે મરણ પામ્યો.

અબુલ ફજલ—એનો જનમ ૧૪ મી જાનેવારી ૧૫૫૧ માં થયો. અકબરની દરબારમાં હિંદુઓમાં બીરબલ અને મુસલમાનોમાં ફૈઝી અને અબુફજલ નામે બે ભાઇઓ સર્વોપરી હતા. એમનો દાદો શેખ ખિજર સિંધમાંથી હિંદુસ્થાન આવી નાંદેર નગરમાં વસ્યો. ત્યાં તેને મુબારક નામે બેટો થયો. એ શેખ મુબારક બુધીમાન, વિદ્વાન અને ધર્મ સંબંધી ઉમદા વિચારનો હતો. એના પુત્રોમાં ફૈઝી અને અબુલ ફજલ માહાન પૂરૂષો થઇ ઘણા પ્રસિધ્ધ થયાં, ફૈઝી કવિતા રચવામાં એકકો હોવાથી અકબરનો માનીતો સાથી બન્યો. ફારશી કવિઓમાં તે સર્વોપરી હોવાથી દરબારમાં રાજકવિ ગણાતો. હિંદમાં મુસલમાન કવિઓમાં સર્વોપરી અમીર ખશરૂ અને બીજે નંબરે ફૈઝી ગણાય છે, એનો બીજો નાનો ભાઇ અબુલ ફજલ હતો. એના બાપે એને બહુ સંભાળથી ભણાવ્યો હતો. આ માહા બુદ્ધિમાન અને ઉદ્યોગી હોવાથી વિશ વર્ષની ઉમરે અબુલ ફજલ મોટો અને સારાસાર સમજનારો પંડીત ગણાયો. એણે ઘણાં ગ્રંથો વાંચી બહુ જ્ઞાન સંપાદન કર્યું ને તેથી આગળ 'અલ્લામી' યાને માહા પંડીતનું પદ પામ્યો.

અકબરના અમલનાં ૧૨ માં વર્ષમાં ચીતોડનાં ઘેરાનું કામ ચાલતું હતું, તેવારે ફૈઝીની કવિતા જાણવામાં આવ્યા પછી અકબરે તેને પોતાની હજુરમાં બોલાવ્યો. તરૂણ કવિ ઉતાવળે તેનો માનીતો થયો, અને તેની સત્તા દરબારમાં જામી. ફૈઝીએ પોતાના ભાઇ અબુલ ફજલને તેના ૧૭ માં વર્ષે પાદશાહી હજુરમાં આણ્યો, પાદશાહે તેનું બુધ્ધીબળ ઝટ પારખી દર વર્ષે તેને મોટાં કામો

સોંપી મોટે દરજ્જે ચઢાવ્યો. ચઢતે ચઢતે અબુલ ફજલ વડો વજીર અને ૪૦૦૦ સ્વારોનો 'મન્સબદાર' અને પાદશાહનો અતી વિશ્વાસુ મંત્રી થયો. દીવાની અને લશકરી કામમાં તેણે રાજ્યની મોટી મોટી સેવા બજાવી. એના પ્રમાણીક પણાનો એક દાખલો નોંધાયલો છે. તે એકે, દખ્ખણનાં અશીરગઢનો ઘેરો ચાલતો હતો તે વેળા તેના કિલ્લેદાર બાહાદુરખાને તેને ફોડવાને ભારે નજરાણાં મોકલ્યા. અબુલ ફજલે તે લેવાની ના પાડી, કારણ બતલાવ્યું કે 'મેં એવી પ્રતિજ્ઞા લીધી છે કે ચાર કારણ હોય તોજ મારે ભેટ લેવી, તે વિના લેવી નહિ. તે ચાર કારણો એ છે કે-૧ મંત્રી, ૨-તે નજરાણાંને બહુ અમુલ્યનું ગણુ નહિ ૩-નજરાણું લેવાને આતુર નહિ હોવું, ૪-અને લેવાની જરૂર હોય. એમ માનીએકે તમારા નજરાણાં સંબંધી પેહેલાં ત્રણ કારણો છે, પણ પાદશાહાની મેહેરબાંની મારી પર એટલીતો છે કે મને કોઇ પાસેથી નજરાણાં લેવાની ઇચ્છા કે જરૂર રહી નથી.

અબુલ ફજલ અને તેનો વડો ભાઇ ફૈજી બન્નેએ પિતાના ધર્મ સંબંધી ઉદાર મત સ્વિકાર્યો હતો, અને તેઓમાં ઘણો વધારો કર્યો હતો. આસ્તીક મુસલમાંનો તેમને ધર્મભ્રષ્ટ, પાખંડી, નાસ્તિક અને ધર્મઠગ વગેરે એવા અપશબ્દો વડે નીંદતા. પાદશાહના મનમાં સત્યનો અગ્નિ સળગાવનારા તેઓ નહોતા, પણ તેને વીંજનારા અને જાગૃત રાખનારા તેઓ હતા.

અકબર સામે સલીમે બંડ કીધું તે બેસાડવા માટે અકબરે પોતાના પુત્રને માયા ભરેલી રીતે માફી બક્ષી પણ તે દુષ્ટ, મનમાં ગભરાતો હતો. એ વેળા અબુલ ફજલે સલીમની બદચાલની ખબર અકબરને આપી તેથી શાહાજાદાએ અબુલ ફજલપર કીનો રાખી તેનો જાન લેવાના કસમ લીધા.

અકબરના હુકમથી ઇ. સ. ૧૬૦૨ માં શેખ અબુલ ફજલ થોડા રખેવાળો સહિત દક્ષિણથી નીકળી હિંદુસ્થાન આવતો હતો. ગ્વાલીયરેથી દક્ષિણ બે મંજલપર સરાઇબંગ નામે જગાએ તેને ઓચીંતો ઘેરી લઈ મારી નાખવાની ગોઠવણ સલીમની શીખવણીથી નારસીંહદેવ બુંદેલા નામે રજપૂત ઠાકોરે કરી હતી, શેખના માણસોને આ ભયની ખબર પડી હતી તેથી તેઓએ શેખને ચેતાવ્યો અને ભલામણ કરીકે બે કોસ ઉપર 'અંતરી' મુકામે 'રાયરાયાં' અને રાજા રાયસીંગ બે હજાર સ્વારો સહીત છે તેના રક્ષણમાં જવું, પણ અબુલ ફજલે કહ્યું કે "મોતથી ડરવું હિચકારાનું કામ છે. મરવાનું તો છેજ, ક્યારે તેની કોઇને ખબર નથી, કદાચ આવતી કાલમાં, કદાચ આવતી પળમાંજ, માટે મરવાની વખતો રાખેલીજ છે, તેથી તે માટે તૈયાર છેઉં. હું દુરવેશનો દીકરો થઈ મારી બાહાદૂરીથી ઉમરાવ પદ પામ્યો છેઉં તો બીજાનો આશ્રય શોધવાનું નીચ કામ કેમ કરૂં?" આગળ વધતાં તેના પર રજપૂતો તુટી પડયા અને તેને તથા તેનાં સીપાઇઓને તેમણે કતલ કર્યાં. અબુલ ફજલનું માથું કાપી નારસીંહે શાહાજાદા સલીમ ઉપર મોકલ્યું. આ ખબર અકબરને થતાંજ તે બહુ શોક પામ્યો, ઘણું રડયો અને બે દિવસ અને રાત અન્ન ખાધું નહિ ને ઉંઘાયો નહિ. મયત મિત્રના પાપ માફ થવા માટે તેણે બંદગી કરી અને નારસિંહને પકડવાને અને તેનો મુલક ઉજડ કરવાને સખત હોકમ આપી ફોજ મોકલી પણ ખુની પકડયો નહિ.

અબુલ ફજલના મોતથી અકબરની દરબારમાંનું સૌથી બેમુલ જવાહીર ગુમ થયું. આ વિદ્વાનના રચેલા કાયદાઓ હાલમાં પણ સુધરેલા દેશોમાં ચાલે છે. એણે ઘણાક ગ્રંથો રચ્યાં છે. તેમાં આઇને અકબરી, અકબરનામાં, તથા માહાભારતનું ફારસીમાં ભાષાંતર એણેજ કર્યું હતું.

અબુલફરહદ બીન તીબ—ઈસવી સનની પેહેલી સદીમાં આ વિદ્વાન બગદાદમાં હતો. એ અતી ડાહ્યો અને વિદ્વાન હતો. એણે

ઘણાક ગ્રંથ માણસની જીંદગીના અંદાજા વિશે ઘણીજ વીદવત્તા ભરી રીતે રચેલાં છે.

અબુલ ફરાજુસ—આ લેખક સાઈરીક અને અરેબીક લેખક તરીકે પ્રસિદ્ધ છે. જન્મ ઇ. સ. ૧૨૨૬ માં થયો. એ ગ્યૂબા અને એલેપ્પો ખાતેનો વડો વજીર હતો. એનું રચેલું મુખ્ય પુસ્તક પાદશાહોનો ઇતિહાસ છે. જેમાં જ્યૂઇસ, ખાલદીયન, ઇરાની, ગ્રીક, રોમન, મોહમેદન અને મોગલ રાજાઓની તવારીખોનો સામટો સમાવેશ કર્યો છે. મોહમેદન અને મોગલોની તવારીખનો ભાગ મુખ્ય કરી ઘણો અગતનો છે, પણ બાકિના ઉપરટપકેની હકીકોથી રચેલાં છે. એના પુસ્તકને એડવર્ડ પેકોકે અરેબીક અને લાટીન ભાષામાં ઑકસફર્ડ ખાતે છાપ્યું હતું. ઈ. સ. ૧૬૬૩ માં તેના તર્જુમાં સાઇરીક અને લાટીન ભાષામાં કરી લીપસી ખાતે ઇ. સ. ૧૭૮૯ માં આ ગ્રંથ છાપ્યો હતો. એનું મરણ ઇ. સ. ૧૨૮૬ માં નીપજ્યું.

અબુલફીદા ઇસમાઇલ—આ સીરીયન શાહાજાદાનો જન્મ ઈ. સ. ૧૨૭૩ માં દમાસ્કસ ખાતે થયો હતો. એણે સર્વ જગત ઇતિહાસ નામે મોટો ગ્રંથ પોતે રચ્યો હતો. જેમાં પશ્ચિમ તરફના મોહમેદન શાહાનશાહોનું વર્ણન ઘણી બારીકઇથી આપેલું છે. આ ગ્રંથ ઈંગ્રેજી તથા લાટીન ભાષામાં પણ છપાયલું છે. વળી એણે ભૂગોળ પણ રચ્યો છે, જેનો તર્જુમો ૧૮૪૮ માં પારીસ ખાતે પ્રગટ થયો હતો. એના રાજ્યમાં ક્રૂસેડની લડાઇ થઇ હતી, તેનો ઇતિહાસ એણે અસરકારક રચેલોછે મરણ ૧૩૩૧ માં નીપજ્યું.

અબુલરસીદ—એણે પોતાના ભત્રીજા અબુલ હસનને મારી ઇ. સ. ૧૦૫૧ માં ગીજનીના તખત પર બેઠો. એણે પંજાબ પ્રાંત એક દગારા દુશમનના હાથમાંથી છોડવ્યો; પછી સીસતાન પ્રાંતના તોઘલ નામના એક સરદારે બંડ કીધું તે બંડને પણ બેસાડયું. મરણ ૧૦૫૨ માં નીપજ્યું.

અબુલવાહીબ—મોહમદ ઇબ્ન અહમદ ઇબ્ન મોહમદ ઇબ્ન રસીદ. એ પશ્ચિમ યૂરોપમાં પ્રસિદ્ધતા પામ્યો છે. એ પ્રસિદ્ધ ફીલસુફ અને વૈદરાજ હતો. એનો જનમ કાર્દોવા ખાતે ઇ. સ. ૧૧૪૯ માં થયો હતો. એની ફીલસુફી એરીસટોટલને મળતી છે કેમકે એ એરીસટોટલના ગ્રંથનો અભ્યાસી હતો.

અબુલહસન રૂદકી—આ પ્રસિદ્ધ ફાર્સી કવિરાજ મહેમુદની દરબારમાં કવિ હતો. એની કવિતામાં તદન નીતળ ફાર્સી ભાષા જોવામાં આવે છે. એની કલમ ઝમકદાર અને ચંચળ ગણાઇ છે. એણે ૧૩૦૦૦૦૦ (તેર લાખ) બયતોનાં ૧૦૦ ગ્રંથો રચ્યાં હતાં. એનો ઠાઠ માઠ રાજવંશી જેવો હતો. એ પોતાની સાથે ૨૦૦ ગુલામો અને ૪૦૦ ઊંટો ખજાનાથી ભરેલા લઈ ચાલતો.

અબુલહુસનઅલી—એ મસુદીની પુરાતન અટકથી પ્રસિદ્ધ છે; એ બગદાદનો રહીશ હતો. એ પ્રસિદ્ધ મુસાફર, લેખક અને કુદરતનું અવલોક કરનાર દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. તે મોરકો અને સ્પેનની પશ્ચિમે ફર્યો હતો અને ચીનની પૂર્વે તેમજ જૂદા જૂદા ઈસલામી રાજ્યોમાં ફરી પોતાની મુસાફરીઓનો એક ગ્રંથ રચ્યો હતો.

અબુલ હુસન નસ્ર—(જુઓ, અમીર સઇઅદશાહ.)

અબુલો ડબુલો—'આ રમત હિંદુસ્થાનમાં રમાતી પણ નાના નોશાળિઆઓમાંજ તે જાણીતી છે. આ રમત ગમે તેટલા છોકરાઓ રમી શકે છે. પણ ઓછામાં ઓછા બે જણ રમી શકે છે. ખુલ્લા મેદાનમાં ગમે તેટલા છોકરાઓ હાથમાં કાંકરો અથવા લખોટો યા દડી લઇ બોલે છે કે 'અબુલો કે ડબુલો? તો બીજો જવાબ દે છે 'ડબુલો.' પછી લખોટો યા કાંકરો જેના હાથમાં હોય છે તે બોલે છે કે 'દિશાએ? તો સામેવાલો જવાબ દે છે કે ફલાણી દિશાએ' એ ઉપરથી જે દિશા બતાવી હોય તે તરફ લખોટો યા કાંકરો ફેંકી દે છે, એટલે બધા છોકરાઓ તે લેવા દોડે છે. જેના હાથમાં પેલો કાંકરો

આવે છે તે છોકરો પાછો ફરીથી ઉપર પ્રમાણે કરે છે. એમ ઘડી ઘડી રમીયા કરે છે અને ગમે ત્યારે રમત બંદ કરી શકાય છે. જૂદા જૂદા દેશોમાં આ રમત રમતી વેળા જૂદા જૂદા વાકયો વાપરે છે. જેમ કે ગુજરાતમાં એક છોકરો બોલે છે કે અબુલો કે ડબુલો? તો બીજો કહે 'જ્યાં પડયો ત્યાં વેડો. તેમજ ઝાલવાડમાં શામળીયો કે શેડો? જ્યાં પડયો ત્યાં વેડો?

અબુ સઇઅદ મિર્ઝા—અમીર તૈમૂરના પુત્ર મીરન શાહનો પુત્ર સુલતાન મહમદ મિર્ઝાનો એ પુત્ર, એનો જન્મ ઇ. સ. ૧૪૨૭ માં થયો હતો. ૧૪૪૧ માં પિતાના મરણ પછી એ સમરકંદવાલા મિર્ઝા ઉલુગબેગ સાથે રહેલો હતો. એ ઇ. સ. ૧૪૫૧ હી. સ. ૮૫૫ માં સમરકંદ ખાતે ગાદીનશીન થયો. એણે ૧૪૫૭ હી. સ. ૮૬૧ માં બાબર સુલતાનના મરણ પછી ખુરાસાન તાબે કીધું. એણે પ્રથમ ૬ વર્ષ શાંતીમાં રાજ્ય કર્યું હતું પણ તેટલાં કાળા મેંઢા નામની એક ટોળીએ ઇરાનમાં ઘણો ત્રાસ વર્તાવી અબુ સૈયદને ઘણું દુઃખ આપ્યું હતું, તેમની સાથે લઢાઇ લઢતાં સફેદ મેંઢાના સરદાર ઉઝુન હસને એનો પરાજય કરી કેદ કીધો ને ઇ. સ. ૧૪૬૯ માં ૮ મી ફેબ્રુવારી હી. સ. ૮૭૩ માં ૨૫ મી રજબે મારી નાખવામાં આવ્યો હતો. એણે ૧૮ વર્ષ રાજ્ય કર્યું હતું.

અબુસઇઅદ સીના—આ વૈદરાજ, ખગોળ વેત્તા તથા ગણિત શાસ્ત્રી તરીકે પ્રખ્યાતી પામી ગયો છે. જનમ મેસેપોટેમીયામાં આવેલા હારાનમાં થયો હતો. મરણ ઇ. સ. ૯૪૨ માં બગદાદમાં નીપજ્યું.

અબુસુજા—એક ગરીબ માછી માહિઆર. તે તબરસ્થાનનાં દિલમ નામે ગામમાં વસતો હતો. તેને ત્રણ બેટા હતા, જેમાં વડાનું નામ અલી હતું. એ ત્રણેને રાજ ધારી હકુમત મળવાનું ભવિષ કહેવામાં આવ્યું હતું, જે પાછળથી ખરૂં પડયું હતું. તબરસ્થાનનાં હાકમની નોકરીમાં ત્રણે છોકરાઓ દરજજાદાર ઓધ્ધાઓ ભોગવતા હતા, જેમાં વડો અલી પાછળથી વધી જઇને ફાર્સી તથા ઇરાકે અજમી (ઇરાની ઇરાક) નો ધણી થઇ બેઠો.

અબુસુફ્યાન—કુરેશ ટોળાનો ૬ ઠી સદીનો *એક હાકમ. એના વખતમાં હાસીમનાં ખાનદાનનાં એક નબિરા મહમદ પેગંબરે જન્મ લઇ પોતાનાં મહાન બુદ્ધિબળથી પેંગબરીનો દાવો કીધો હતો. અબુસુફ્યાન મહમદના વિરૂદ્ધ પક્ષનો હોવાથી તેણે તેને માન્ય કર્યો નહતો. કુરેશ ટોળાનાં આ વડા હાકેમે જ્યારે મહમદને પકડી ઠાર કરવા માટે લઢાઇની તૈઆરી કરવા માંડી, ત્યારે મહમદ-અબુ તથા બીજા શત્રુઓથી ડરીને તુરની ગુફામાં પોતાના શાગેર્દો અબુ સાથે ભરાઇ બેઠો, અને ત્યાં કોરાનનાં કેટલાક બાબ બનાવ્યા. પછી મદીના ન્હાસી જઇ તક મળતાં એજ હરીફને હરાવી ૩૬૦ મૂર્તિઓનો નાશ કરી તેને તથા તેના તમામ કુટુંબને મહમદ પેંગબરે પોતાનો નવો મજહબ ઇ. સ. ૬૨૯ હી. સ. ૮ માં કબુલ કરાવ્યો હતો. અબુલ સુફ્યાન મહમદનો પિત્રાઈ થતો હતો, જેને પોતા તરફ વધારે ખેંચવા માટે પેગંબરે તેની બેટી સાથે શાદી કીધી હતી.

અબુસુહેલી કુફી—ઇ. સનની સાતમી સદીમાં 'કુફા' ગામમાં આ વિદ્વાન રેહેતો હતો. પેહેલાં તે એક જુગારી હતો પણ મોટી ઉમરે તેણે વિદ્યા અભ્યાસ હાંસલ કરવા માંડયો અને તેમાં ફતેહ મેળવી, નામીચો થયો. એણે ઘણાં ગ્રંથો રચ્યાં છે.

અબુ હનીફ—એનું જન્મ નામ 'ઇમામ નેઃમાન' હતું. જનમ કુફામાં હિ. સ. ૭૦ માં થયો. એ ઘણી મુસલમાનોના ૪ ઇમામોમાં સર્વથી વડો ઇમામ ગણાય છે. એણે શીલસુન્ની હનફી નામનો પંથ સ્થાપ્યો હતો. હનફી મજહબ ટર્કી, કુર્દીસ્થાન, તુર્કસ્થાન, અફઘાનિસ્થાન તથા બુખારા વગૈરે દેશોમાં ઘણો ફેલાયલો છે. અબુહનીફે ફીકા નામનો

એક ગ્રંથ રચ્યો હતો, તે ગ્રંથ સુન્ની મુસલમાનો ધર્મ પોથી દખલ માને છે. આ ગ્રંથમાં નીમાજ, ઈસલામી ધર્મની ફરજો, તેમજ દુનીયાઇ વહીવટની સચોટી વગૈરે ઉપર ધર્મ રૂહે વીવેચન કર્યું છે. મરણ હી. સ. ૧૪૦ માં નીપજ્યું. બગદાદથી ૪ માઈલની વેગળાઇ પર એમની એક કબર રૈનકદાર રોજામાં બાંધી છે.

અંબેલ—આ એક કેળાંની જાત છે. એ કેળાં ઘણાં સ્વાદીષ્ટ હોય છે અને તે આજારી માનસને આપી શકાય છે. આ કાચા કેળાંની તરકારી આજારી માણસને ગુણકારી હોય છે.

અબોઝીટ ફ્રાંઁયમન—આ વિદ્વાન પૂરૂષનો જનમ 'યૂસિસ' ખાતે ઇ. સ. ૧૬૭૯ માં થયો. એનો બાપ એની બચગીમાં મરણ પામવાથી એનું પોશણ એની માતાએ કીધું. એની માતાએ વિદ્યા સંપાદન કરવા માટે એને જીનોબ્હા મોકલ્યો. ત્યારે એ જીનોબ્હા ગયો હતો તે દરમ્યાન એની માતાને કોઇક સબબથી બંદીખાનામાં પુરવામાં આવી હતી. પોતાનો અભ્યાસ પુરો કરી તે હૉલંડ અને ઇંગલાડ ગયો, ત્યાં આઇઝેકન્યૂટન સાથે એની સારી મીત્રાચારી થઇ. વિલ્યમ રાજાની મર્જી એને પોતાની દરબારમાં રાખવાની હતી પણ એણે જીનોબ્હા રહેવાનું પસંદ કર્યું. જીનોબ્હામાં એણે ૧૭૩૦ માં જીનોબ્હાનો ઇતિહાસ લખી પ્રસિદ્ધ કર્યો, જેથી એણે સારી પ્રતિષ્ટ મેળવી. એનું મરણ જીનોબ્હા ખાતે ૧૭૬૭ માં નીપજ્યું.

અબોટ ચાર્લસ—એનો જનમ ઈ. સ. ૧૭૫૭ માં થયો. એ આમની સભાનો ૧૮૦૨ થી ૧૮૧૭ વેર એક સ્પીકર હતો. એનું મરણ ૧૮૨૯ માં મે ની ૯ મીએ નીપજ્યું.

અબોટ જીયૉર્જ—એ કેન્ટરબરીનો આર્ચ બીશપ ઇ. સ. ૧૫૬૨ માં જનમ્યો. જેમ્સ રાજાના હોકમથી એણે બાઇબલનો તર્જૂમો કર્યો હતો. ત્યાર પછી ૧૬૦૯ માં લીચફીલ્ડ તથા કોવ્હેનટરીનો ઉપાધ્યા નેમાયો. ૧૬૧૦ માં લંડનના બીશપની મોટી પદવી પામ્યો. ત્યાર બાદ તેજ વર્ષના નવેંબરમાં કેન્ટરબરીનો આર્ચબીશપ થયો. એણે પેહેલા ચાર્લસને તાજ પેહેરાવ્યું હતું. મરણ ક્રોયડન ખાતે ૧૬૩૩ માં ૫ મી આગસ્ટે નીપજ્યું.

અબોટ બેનજામીન એલ. એલ. ડી.—આ બાહોશ વિદ્વાનનો જનમ ૧૭૬૩ માં થયો, એણે હારવર્ડની યૂનિવ્હરસીટીમાં કેલવણી લીધી હતી. ત્યાં એણે ડીગ્રી મેળવી, દૂનરનો ફેલાવો કરનાર મંડળીના વડા સભાસદની જગા મેળવી. ૧૮૩૮ માં પોતાનાં ઓધાનું રાજીનામું આપી એકાંત જીદગીમાં પડયો. મરણ ૧૮૪૯ માં નીપજ્યું.

અબોટી—આ જાત ગરીબ રીતે ગુજરાન કરી ગુજરાતમાં વસે છે. કૃષ્ણે દ્વારકામાં યજ્ઞ કરેલો ત્યાં વાલ્મીક ઋષિનો નાનો પુત્ર, ગરૂડ ઉપર બેસી આવેલો તેથી અબોટીની ઉત્પન્તી થઈ. કૃષ્ણના ભકત તેઓ હોવાથી દ્વારકાનાથને ઇષ્ટદેવ માને છે. તેઓ દ્વારકાંના બેટમાં દેહેરામાં નોકર, કોઇ ભીખ માંગતા, તો કોઇ બરડા તાલુકામાં ખેડુત, કોઇ સુખડીયા ને કોઇ બીજો ધંધો કરે છે.

અભંગ છંદ—આ છંદ ભજન વગેરેમાં વપરાય છે. અભંગમાં દખણી હીંદુઓ ભક્તિ કરે છે અને તેઓમાં તુકારામ ભકતના અભંગ ઘણાં પ્રસીદ્ધ છે.

અભંગ છંદના પેહેલા ત્રણ પાદ ૬, ૬ અક્ષરનાં ને ચોથુ પાદ ૪ અક્ષરનું. તેમાં બીજા ને ત્રીજા પાદને અંતે પ્રાસ મળે છે. અભંગ પાંચ પ્રકારના બને છે. તેમાં કંઇક તર્હેથી અક્ષર વધે છે, અને ચોથા પાદમાં પણ ફેરફાર થાય છે ને બે પાદનાં પણ થાય છે. વળી ગુજરાતીમાં બીજી રીત છે ત્યારે મરાઠીમાં ચારે પાદ આંઠ આંઠ અક્ષરનાં આવે છે.

ગુજરાતી.

ગુઢ વાત રૈએ, ખળને જો કૈએં.
કુંમાં તેલ દૈએં ફેલી જાએ.

ક૦ હીરાચંદ.

મરાઠી.

કંઇ વહાવે જીવન, કંઈ પલંગી શયન,
જૈસી જૈસી વેળ પડે, તૈસે તૈસે વેળ પડે.
કંઈ સજજનાસી સંગ, કંઇ દુર્જનાસી સંગ
તુકા મ્હણે જાણુ, સુખ દુઃખ તે સમાન.
તૂકારામ ભગત.

અભયસિંહ—આ જોધપૂરના માહારાજાને જનમ ઇ. સ. ૧૭૦૮ માં થયો. એણે પોતાના પિતા સાથે રહી ઘણી શૂરવીરતા બતાવી હતી. ઇ. સ. ૧૭૨૪ માં એ દિલ્લીમાં પાદશાહની દરબારમાં હતો ને અજીતસિંહ જોધપૂરમાં હતો. તે વેળા ત્યાંના પાદશાહે અજીતસિંહ જેવા શૂરવીર જોધાને ઠાર કરવાનો ઈરાદો કર્યો. તેણે અભયસિંહને ગુજરાતની સૂબાગીરી આપવાની લાંચ આપી અજીતસિંહનું ખૂન કરવા કહ્યું. અભયસિંહે પોતાના નાનાભાઈ વખતસિંહને નાગોરની ગાદી આપવાની કબુલાત આપી પિતાનો ઘાત કરવા લખ્યું. આ દુષ્ટ પુત્ર વખતસિંહે પોતાના પિતાને મધરાત્રે કતલ કીધો. અભયસિંહને આ વાત જણાતાં તે ખુદરતી બિહીકથી નાહાશી ઇડર જઇ ભરાયો હતો. એનું મરણ ૧૭૨૦ માં નીપજ્યું.

અભિકળા—ગુપ્તવાત સામાં ધણીને ઇશારતથી જણાવવાની કળા, આ કળા આગળ લડાઇ સમે ઉપયોગમાં લેતા.

અભિનય—નાટક તખ્તા પર બીજાનું રૂપ ધારણ કરી તેમની સ્થિતિની નકલ કરે છે તેને અભિનય કહે છે. આ અભિનય ચાર પ્રકારનાં છે ૧-અંગીકાભિનય=જેમકે 'બે જને' ભુંડાનો શીકાર કીધો તે બતાવવા ગુરગીન (નટ) પોતે દોડધામ કરી બતાવે છે તે. ૨ વાચીકાભિનય=જેમકે બાળકોનું ભાષણ હોય તો તે બોબડું અને સ્ત્રીનું નજાકત સાથે બોલવું તે. ૩ આહાર્યાભિનય=જેમકે રાવણનું રૂપ લીધું હોય તો ૧૦ મુખો ૨૦ હાથો પરીયાનું હોય તો પીઠપર પરો બતાવવાં વગૈરે રીતનાં વેશો. ૪ સાત્વિકાભિનય=મનોવૃતીનાં ચિન્હોથી જેમકે રડવા પ્રસંગે અશ્રૂપાત કરી ડચકાં ખાવાં, ભયના પ્રસંગે કાંપવું, એ પ્રમાણે ભય, રોમાંચ, વગૈરે અનુસરતાં ચીન્હો બતાવવાં તે.

અભિનયનો મુખ્ય સાર એજ છે કે, જે રૂપ જેણે ધારણ કર્યું હોય તેનો વેશ, હાલ ચાલ, ભાષણ, મશ્કરી, મનોવૃતી ઇત્યાદી સઘળી બાબતોમાં તેનું અનુકરણ કરવું. રૂપકોનું મુખ્ય બીજ રસ છે અને તે રસનો આધાર અભિનય ઉપર છે. અભિનય વિના નાટક પાત્ર રસહીન હોયછે.

અભિધાન—આગળા સંસ્કૃત કોશને એ નામ આપવામાં આવતા હતા. એક અભિધાન રત્નમાળા નામે પ્રસિદ્ધ ગ્રંથ છે કે જે ૭ મી સદીમાં લખાયો હતો. અભિધાન ચીંતા મણી હેમચંદ્રે ૧૩ મી સદીમાં લખ્યો હતો.

અભિધાન કોશ—આ એક જાતની કળા છે જેનું બીજું નામ 'નામકોશ.' એમાં દરેક પદાર્થના કેટલા નામો છે અને તે નામોનાં કેટલાં અર્થોછે તે જાણવાનું છે. આનો કવિતા કરવામાં વધારે ઉપયોગ થાય છે. જેમકે કોઇ ઠેકાણે અશ્વ શબ્દ વાપરવો હોય. પણ તે ઠેકાણે છંદનાં નીયમે બેઉ દીર્ઘ અક્ષરવાળો શબ્દ જોઇતો હોય, તો ત્યાં અશ્વને બદલે ઘોડો; અને બેઉ બાજુનાં અક્ષરો રસ્વ અને વચલો દીર્ઘ એવાં ત્રણ અક્ષરનો (જગણ) શબ્દ જોઇતો હોય તો ત્યાં તુરંગ શબ્દ અશ્વને ઠેકાણે વપરાય. આથી અર્થમાં ફેરફાર ન કરતાં કવિતા દોષરહીત કરી શકાય છે. આવાં શબ્દ કોશો સંસ્કૃતમાં ઘણા છે. અમરકોશ એક પ્રસિદ્ધ છે.

અભીરછંદ—આ છંદ ૧૧ માત્રાનો બને છે. તેમાં અંતે જગણ રાખીયે એટલે અભીર છંદ બને છે.—

સ્વજને આપ સમાન, અવર ગણે ગુણવાન
હરિને ગોપ સ્વજાતિ, જાણે અમર વિજાતી.
ક. હીરાચંદ.

અમજાર—માળવામાં આ નદી વહે છે. એનુ મુખ મુકનદરામાં છે. મુકનદરાથી ૧૨ માઇલ

પર તેનો જોગ છે. પ્રથમ તે ઉત્તર પર્વતમાં ૨૫ માઇલ વેહેતી દક્ષિણ પૂર્વે ૫૦ માઇલ વેરની વલાણુ લીએ છે, ત્યાર પછી દક્ષિણ પશ્ચિમે વહે છે.

અમઝીરા—માળવામાં આવેલું આ એક નાનું દેશી રાજ્ય છે. ૧૮૨૦ માં અહીં ફક્ત ૫૦૮ ઘેરો હતાં, હાલમાં વસ્તી ઘણી વધેલી છે. દર્યાની સપાટીથી ૧૮૯૦ ફીટની ઉંચાઈ પર છે. ઓઝનની દક્ષિણ પશ્ચિમે ૬૦ માઇલ પર છે અને ધારની પશ્ચિમે ૧૨ માઈલ પર છે.

અમદાવાદ—મુંબઇ ઈલાકામાં સૌથી ઉત્તરનો જીલ્લો ઉત્તર અંક્ષાસ ૨૧° ૨૫′ ૨૩° ૩૭′ અને પૂર્વ રેખાંશ ૭૧° ૨૧′ ૭૩° ૨૮′ ની વચે છે. એનું ક્ષેત્રફળ ૩૮૨૧ ચોરસ માઇલ છે. વસ્તી ૧૮૮૧ માં ૮,૫૬,૩૨૪ ની ૧૮૯૧ માં ૯,૨૧,૭૧૨ અને ૧૯૦૧ માં ૭,૯૫૦૯૪ ની એકંદર જીલ્લાની હતી. શેહેર વસ્તી ૧૮૯૧ ની ગણત્રી મુજબ ૧,૪૮,૪૧૨ ની હતી.

સિમાં–ઉત્તરે ગાયકવાડી દેહગામ ને કડી, પૂર્વે ખેડા જીલ્લો, ખંભાતનું સંસ્થાન ને આખાત. દક્ષિણે ભાવનગર ને પશ્ચિમે ઝાલાવાડ ને કચ્છનું રણ છે. જીલ્લાની વ્યવસ્થા માટે તેને સાત તાલુકામાં વેંહેચેલો છે. પરાંતીજ, દસક્રોઇ, વીરમગામ, સાણંદ, ધોળકા, ધંધૂકા ને ઘોઘા. પરાંતીજમાં મોડાસા પેટા મહાલ છે. બધા મળી ૮૮૪ ગામો છે. તેમાં ૮૩૧ બ્રીટીશ સરકારનાં ને ૫૩ ઇનામી છે. જીલ્લામાં અડધોઅરધ ગામો તાલુકાદારી છે. દેખાવમાં ઉત્તર તરફ પાહાડોની હાર, એ શિવાય પ્રદેશ ખુલ્લો, સપાટ ને સારો ખેડાયલો છે. પણ છેક પશ્ચિમમાં ખારા પાટના મોટા વેરાન કચ્છના રણ સુધી પથરાયલા છે. દક્ષિણમાં નળનું સરોવર ૪૯ ચોરસ માઇલ ને ધોલેરા, ઘોઘા વગેરેની ખાડીઓ છે. નદી એ બે દીશામાં વહે છે; કેટલીક પૂર્વ ગુજરાતનાં પાહાડોમાંથી આવી નૈઋત્ય કોણમાં ને કેટલીક કાઠીયાવાડના ડુંગરોમાંથી આવી પૂર્વ તરફ વહે છે. નૈઋત્ય કોણમાં વહેનારી સાબરમતી ને તેની શાખાઓ ખારી, મેશ્વો, મહાજમ, શેલવા અને અંધારી છે. પૂર્વ તરફ વહેનારી ભોગાવા, ભાદર, ઉતાવળી, નીલકા, પીંજારી ને આદિઆ છે. **વસ્તીનો** દસમો ભાગ મુસલમાનોનો છે. બાકીનાં થોડાક પારશીઓ શિવાય બધા હિંદુઓ છે. વેપારમાં શ્રાવક વાણીયા પૈસાદાર છે. ખેડુતમાં કણબી ઘણાં ચાલાક છે. રજપૂત તાલુકદારો તથા ખેડુતો આળશુ જીંદગી ગુજારે છે. કોળીઓની સંખ્યા મોટી છે, ને પેશવાઈ અમલમાં લુટફાટનો ધંધો કરી ઘણો ત્રાસ આપતા હતા, પણ બ્રિટીશ અમલ તળે તેઓ સ્થાઇ વસી નરમ પડયા છે, ને ખેતી કે મજુરીનો ધંધો કરે છે. **ખેતીનો** મુખ્ય ભાગ રજપૂત તાલુકદાર ને મેવાસી ઠાકોરના હાથમાં છે. નદીનો પ્રવાહ ઘણો ઉંડો છે અને તેનું પાણી પાકનાં કામમાં ઘણું લેવાતું નથી. હાથમતી કે નળનું પાણી ૧૮૭૩ થી વપરાય છે. ગહું, જુવાર ને બાજરી મુખ્ય તૂલ છે. ને દેશી કપાસ, ચોખા, કઠોળ ને તલ પણ ઘણાં થાય છે. **વેપાર** અર્થે ૧૮૭૩ થી રસ્તા બાંધવા પાછળ મોટી રકમ ખરચાઈ છે. આ બધા રસ્તા ૩૭૫ માઇલ છે. ૧૮૬૪ માં પેહેલવેહેલી રેલવે આવી, તે ૧૮૭૦ સુધી અહીંવેરજ હતી. ૧૮૭૧ માં વઢવાણ વેર ગઈ. ૧૮૭૩ માં વીરમગામથી ખારા ઘોડા સુધી; ૧૮૮૦ માં વઢવાણથી ભાવનગર ને ૧૮૭૯ માં અમદાવાદથી ઉત્તરમાં રજપૂતસ્થાન તરફ આગગાડી ચાલવા માંડી. ને એ રીતે અમદાવાદની દોલતમાં વધુ વધારો થતો ચાલ્યો. ૧૮૬૬ માં મુંબઇના ખાનેખરાબી ભર્યા સટ્ટાના છાંટા અહીં ઉડયા તોબી ઘણી ખરી દોલત અત્રેજ રહી. તેમજ સ્પીનીંગ અને વીવીંગ મીલોનાં વધારાથી અત્રેના ગરીબ લોકોની રોજી સારી જાગ્યા ઉપરાંત કાપડ સસ્તું થયું. **હુન્નર** અને કારીગરી માટે આ શેહેર પ્રસિદ્ધ છે.

અંહીનું રેશમી કાપડ ને કીનખાબનું કામ હજી ઘણુ વખણાય છે. કીનખાબમાં વપરાતી સોનેરી, ત્રાંબા પીતલના વાસનો, લાકડાં પરનું નકશી કામ ને સુતરાઉ કાપડ અમદાવાદનું વખણાય છે. અહીંની મીલોએ કાપડનો હુન્નર ઘણો વધારી મેલ્યો છે. સાબુનું કારખાનું, તેમજ ખારાઘોડામાં સરકાર મીઠું પાકવી આગગાડી મારફતે ગુજરાત અને મધ્ય હિંદુસ્થાનમાં પુરૂં પાડે છે. એકંદર જીલ્લાની વાર્ષીક ઉપજ રૂ. ૨૫૬૪૯૦૦ ના સુમારેની છે.

ઇતિહાસ જોતાં આ શેહેર પેહેલવેહેલું અહમદશાહે ઇ. સ. ૧૪૧૧ ની ૪ થી માર્ચે વસાવવાનો પાયો નાખ્યો. આ શેહેરની ઉત્પત્તી માટે એવી કથા છે કે સુલતાને પેગંબર ખઝર આગળ એવી પ્રતિજ્ઞા લીધી કે જો ચાર અહમદ નામના શખસો મને મળે કે જે એકપણ નેમાજ ચુકતા નહિ હોય તો, હું અહમદના નામથી એક નવું શેહેર ઉભું કરૂં. તેણે આ પ્રમાણેના ચાર અહમદો મળી આવ્યાથી સાબરમતી નદીના કીનારા પાસ તેને આ શેહેર વસાવ્યું, ને આ શેહેરને અહમદઆબાદનું નામ આપ્યું હતું, પણ ત્યાર પછી અમદાવાદને નામે જાણીતું થયું. ચાર સદીમાં એ શેહેરે બે પડતીનાં, બે ચડતીનાં જમાનાં પસાર કીધા છે. પેશવાઇ રાજની આખેરી સાથે ઇ. સ. ૧૮૧૮ માં ઇંગ્રેજના હાથ આ શેહેર આવ્યું. આ શેહેર હિંદમાં સર્વેથી માનીતું અને જાણીતું ગણાતે પણ ઉમરાવોની માહો માહેની લડાઈ અને ટંટાથી એને ઘણું ખમવું પડયું છે.

ગુજરાતના રાજાનાં વંશજ મહમદ બેગડાના વખત પછી આ શેહેર પડતું ચાલ્યું અને તેવી હાલતમાં વલંદા લોકો, મુગલ પાદશાહો અને છેલ્લે મરાઠા રાજાઓએ પોતાનો દોર ચલાવ્યો. હાલનું અમદાવાદ એ આગલી જાહોજલાલીની નિશાણીઓ ધરાવે છે. મુંબઈ ઇલાકામાં તે મુંબઇ પછી બીજું છે. તે લશકરી મથક છે ને તેથી શેહેર ને કેંપમાં વેંહેચી નાખ્યું છે.

અહીં જોવાલાયક જગીયામાં રાણી સીપારીની મસજીદ, જુમા મસજીદ, હઇબતખાનની મસજીદ, સ્વામી નારાયણનું દેહેરૂં, હથી સીંગનું દેહેરૂં (આ મંદીર રૂ. ૧૦૦૦૦૦૦ ના ગંજાવર ખર્ચે ૧૮૪૮ માં બાંધ્યું હતું કે જે ચાલુ સદીની ઉત્તમ કારીગીરીનો ખ્યાલ આપે છે,) કાંકરીયો તળાવ અને આગલા વખતના વિશાળ ભોંયરાઓ છે. સર્વ ઇમારતોમાં ૧૪૨૪ માં બંધાયલી જુમા મસજીદ ઘણી ભવ્ય છે.

અમપ્યૂડિઆ—સ્પેનમાં આવેલું આ એક ગામ છે. પુરાતમ પેલીનસિયાથી ૧૮ માઇલપર આવેલું છે. ૧૮૧૩ માં ૬ ઠી જુને વેલીંગટને પોતાના લશકરનું અત્રે મુખ્ય મથક બનાવ્યું હતું. વસ્તી ૧૮૩૬ ની છે.

અમ્માર ઇબ્ને વજીર—ઉપનામ અબુલવોકાદીન. આ પ્રસિદ્ધ આરબ 'અન્સ' ટોળાનો હતો, અને એ પેગંબરના સાથીઓમાંનો એક હતો. એ પોતે સાતમી સદીમાં હઈઆત હતો. મહમદીઆન ધર્મ પ્રથમ સ્વિકારનાર તરીકે એ પેહલો હતો. એ નબી તરફ એટલો તો વફાદાર હતો કે નબીની બોર્ડુએ રહી જીવ આપવા તે તૈયાર રેહેતો. એણે એબિસીનીયાની લઢાઇ વેળા પેગંબરની બાજુએ રહી જીવ ખોયો હતો. અબદુલ્લા ઇબ્ન શીદીક એનો વડો પુત્ર હતો. એના મરણ સમયે એની વય ૯૦ વર્ષની હતી.

અમબર—આ એક સુગંધી વસ્તુ છે. એ કઠણ અને રાખના રંગની અપારદર્શક અને બળે તેવી હોય છે. એ મગરમચ્છના આંતરડામાં હોય છે ને તે ગરમ દેશોના દર્યાના મોજાં ઉપર અથવા કીનારા ઉપર મળી આવે છે. એ દવાદારૂમાં ઘણી ઉપયોગી હોય છે. એનું સુગંધી અત્તર બને છે.

અમબર્ગ—બવેરીયાનું આ કિલ્લેબંદીવાલું શેહેર છે. ન્યૂબર્ગની પૂર્વે ૨૬ માઇલ પર

વીલસન નદીપર આવેલું છે. વસ્તી ૧૨૦૦૦ ની છે. અત્રે સરકારી હથીઆરો બનાવવાનું મોટું કારખાનું છે. જ્યાં દર વર્ષે ૨૦૦૦૦ બંદુકો ઘણીજ સરસ બનાવવામાં આવે છે. આ શેહેરની પડોસમાં લોઢાંની ખાણો આવેલી છે.

અમ્બલિકા—(જુઓ આંબલી.)

અમબ્રીઝ—સ્વતંત્ર આફ્રિકાનું આ એક સંસ્થાન છે. ગાયનાની દક્ષિણે અને લોનાડોથી ૭૦ માઇલ ઉપર આટલાનટીક પર તેજ નામની નદીપર વસાયલું છે. ગુલામી ધંધાની ત્યાં સખત બંદી છે, અને ત્યાંના લોકો ગુલામીને અંતકરણથી ધીક્કારે છે. વેપાર સુંદર અને હાથીદાંતનો છે.

અમ્બ્રીઝીટ—દક્ષિણ ગાયનામાં આવેલું આ આફ્રિકાનું એક દેશી રાજ્ય છે. કોનગો અને અમબ્રીઝીટ નદીની વચમાં આવેલું છે. અમબ્રીઝીટની ઉત્તરે ૩૦ માઇલ પર ગામ છે. અત્રેના લોકો લઢાયક જાતના છે.

અમ્બરીષ—આ સૂર્ય વંશી રાજા વિષ્ણુનો મોટો ભકત હતો. સર્યાતીનો એ પુત્ર થાય. એક સમે દુર્વાસા ઋષિ એનું 'પણ' મુકાવવાને ઘણાક ઋષિઓ સહીત દવાદશિને દીવસે એને ત્યાં આવ્યા. રાજાએ સઘળાંને ભોજન લેવા કહ્યું ને દુર્વાઆદી સ્નાન કરવા ગયા. એ દિવસે બે ઘડી દવાદશિ હતી તે પુરી થવા આવી પણ ઋષિઓ આવ્યા નહિ. પારણા ન થાય તો વ્રત ભંગ થાય માટે રાજાએ બ્રાહ્મણોના વિચારથી વિષ્ણુનું ચરણામૃત પ્રાશન કરી પારણા કર્યાં. પછી તેરસ થઇ એટલે ઋષિઓ સ્નાન કરીને આવ્યા કે દુર્વાસનના પુછવાથી રાજાએ કહ્યું કે ચરણામૃત પ્રાશન કરી પારણા કર્યા છે. એથી ઋષિઓ ક્રોધાયમાન થઇ માથાની એક લટા કાપી પૃથ્વી ઉપર નાખી એટલે એક કૃત્યા પેદા થઇ ને એ રાજાને બાળવા આવી એટલે વીષ્ણુએ રાજાની રક્ષા સારૂ શુદર્શન મોકલ્યું એટલે કૃત્યાને બાળીને દુર્વાસાની પાછળ તે દોડયું; એટલે ઋષી નાઠા ને બ્રહ્મા શિવ પાસે ગયા પણ કોઇએ ગણકાર્યા નહિ. પછી વિષ્ણુ પાસે જઇ માફી માંગી ત્યારે વિષ્ણુએ કહ્યું કે મારા ભક્ત આગળ મારૂં ચલણ નથી તમે અમબરીષ પાસે જાઓ, ત્યારે ઋષિઓ રાજા પાસે ગયા ને પોતે કરેલા અપરાધની ક્ષમા માંગી. રાજાએ સુદર્શનને પાછા વળવાની વિનંતી કરવાથી ઋષિ ઉગર્યા. એ રાજાના પુત્ર શંભુએ લેખ પત્રકનો ચાલ સહુથી પ્રથમ કાઢયો હતો.

અમ્બ્રોઝીટ સેન્ટ—જન્મ ઈ. સ. ૩૪૯ માં થયો, એ ખ્રીસ્તીઓનો મોટો ધર્મગુરૂ મીલાનના બીશપ દાખલ ૩૭૪ થી ૩૯૭ વેર હતો. આ સેન્ટની લખેલી વાએજે ઘણી વિદ્વત્તા ભરી છે. આ મહાન સેન્ટના નામથી મિલાનમાં અમ્બ્રીયન લાઇબ્રેરી સ્થાપન કરવામાં આવી છે. મરણ ૩૯૭ માં નીપજ્યું.

અમ્બાલિકા—કાશીના રાજાઓની ત્રણ પુત્રીઓમાંની એક. એ વિચીત્ર વિર્ય સાથે પરણી હતી. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી વ્યાસથી પુત્ર ઉત્પન્ન થયો, પણ પ્રસુત સમયે તેનાથી વ્યાસનું તેજ સહન ન થયાથી કંપથી તે ધોળી ફક થઈ ગઈ, માટે તેને કપૂર વર્ણનો પુત્ર થયો, જે પાંડુને નામે પ્રસિદ્ધ છે.

અમ્બોર—જેપુરના રજપૂત રાજ્યનું સંસ્થાન છે. જેપુરના ઉત્તર પૂર્વે ૪ માઇલ પર એ આવેલું છે. આ સુંદર શેહેર નાના સરોવરોની કીનારે ખીણમાં આવેલું છે. એની આસપાસ પાહાડોની લાંબી ને લાંબી હારો બંધાયલી છે. અત્રે દેહેરાં, ઘેરો અને રસ્તાઓ જ્યાં ત્યાં વીખરાયલાં ખીણોમાં અને ખેતરોમાં આવેલાં છે, વળી આસપાસનાં પાહાડો પર કિલ્લાઓ અને દેહેરાઓની રચના ઘણી મનોહર દીસે છે. જેપૂર શેહેરની આગમજ આ એક મોટું શેહેર હતું. અને અંબીજ સંસ્થાનનું રાજ્યધાની શેહેર ગણાતું હતું.

અમ્બીલ—આ બેટ ફીલીપાઇનના બેટોમાનું એક છે. મનીલાની ૭૦ માઇલ દક્ષિણ પશ્ચિમે તે આવેલું છે. એની આસપાસ ઘણાં જવાળા મુખી પર્વતો છે.

અમ્રાઇબ્નઅલઆસ—હિજરાના ૬ માં વર્ષમાં એણે મહમદ પેગંબર સાથે જોડાઇ ઘણીક લઢાઇઓમાં યશ મેળવ્યો હતો. એ પોતાની બહાદુરીથી ઇજીપ્તનો પાદશાહ થયો હતો.

અમરકંટ—આ પ્રસિદ્ધ ડુંગર મધ્ય પ્રાંતમાં બિલાસપૂરના જીલ્લામાં આવેલો છે. આ પર્વત દર્યાની સપાટીથી ૩૫૦૦ ફીટ ઉંચો છે. આ પાહાડમાં નર્મદાનું મુખ છે જે ૫૦૦ માઇલ સુધી જમણી તરફ વિંધાચળ ને ડાબીગમ સંહ્યાદ્રી એ બેની વચમાંથી વહે છે.

અમરચંદ બીદરીચંદ—આ જેપોરનો મોટો શરાફી પેઢીવાળો મારવાડી હતો. એનો જન્મ જેપોરમાં સંવત ૧૮૨૩ માં થયો. મુંબઇમાં તે સંવત ૧૮૬૫ માં આવ્યો, ને અત્રે શરાફી ધંધો ચલાવવા લાગો. એણે મુંબઇ શેહેરમાં શરાફી ધંધો ૧૮ વર્ષોવેર એવો તો ધીકતો ચલાવ્યો કે મરતી વેળા તે પોતાની પાછળ રૂ. ૩૦૦૦૦૦૦ મુકી ગયો. મરણ સંવત ૧૮૮૩ માં ૬૦ વર્ષની વયે મુંબઇમાં નીપજ્યું. એના પેટે પુત્ર સંતાન નહિ હોવાથી બે ભત્રીજાઓ જેઠમલ અને હીરાચંદે દોલતપર હક પુરવાર કરવા કોર્ટે ચઢી લઢીને સઘળી દોલત બરબાદ કરી નાખી હતી.

અમરજી કુંવરજી—જનમ સંવત ૧૭૯૭ માં થયો. સંવત ૧૮૧૫ માં રાજ્ય દરબારમાં કોઇ નોકરી મેળવવા થકી જુનાગઢ જઇ મુકામ કર્યો. તે વેળાના ત્યાંના નવાબ 'મોહબતખાનજી'ના તાબામાં ફકત જુનાગઢનો મુલક હતો. આ સમયે આસપાસના દુશમનોથી આ રાજ્ય ઘેરાયલું હતું, તેવે પ્રસંગે અમરજીનું બાહુબળ અને વિદત્તા નવાબની જાણમાં આવતાં, પોતાની નોકરીમાં તેમને રાખ્યા. ત્યારપછી અમરજીએ ઘણાક કાઠી સરદારો તથા રાજાઓ સાથે લઢાઇઓ લઢી તેમને જેર કરી તાબે કર્યા. ત્યારથી તેમને જુનાગઢના દીવાનની જગા મળી. સંવત ૧૮૩૧ માં નવાબના મરણથી આઠ વર્ષનાં બાળક હામીદખાનજીને ગાદીએ બેસાડયો. આ બાળક નવાબપર પ્રપંચીઓએ લાગવગ લગાડી સંવત ૧૮૪૦ માં અમરજીને વગર કારણે કતલ કરાવ્યા; તેમજ તેના ઘેરબાર જપત કરી લુટી લઇ પુત્રોને કેદ કીધાં. આ સમયે ગાયકવાડ સરકારનું લસ્કર કાઠીયાવાડમાં ખંડણી ઉઘરાવવા સારૂં આવેલું હતું, તેના સરદાર રૂપાજી સીંધ્યાના કે જેની સાથે અમરજીને મિત્રાચારી હતી તેણે આ વાત જાણતાંજ લશકરથી જુનાગઢને ઘેરી અમરજીના ખેશીઓને છોડવ્યાં, તથા તેમના વડીલ પુત્ર રઘુનાથને દીવાન બનાવ્યો.

અમરદાદ—(૧) જરથોસ્તીઓનાં મહિનાનાં ત્રીસ રોજમાંનો સાતમો રોજ. બાર માસમાંના પાંચમાં માસનું એ નામ છે. (૨) એ નામનો એક ફરેસ્તો, જેના કામો નેક છે. આ ફરેસ્તો ઝાડ, છોડવા, ફળ અને બીનો રખેવાળ છે. આ ફરેસ્તાના રોજ જે સાતમો છે તે રોજે નીલુફર નામનું જશન ઇરાનમાં કરવાનો રેવાજ હતો. એ જશનનું નામ નીલુફર આપવાનું કારણ એ હતું કે તેની ક્રિયામાં નીલુફર નામના ફુલોનો ઉપયોગ થતો હતો. આ ટાંકણે શાહા તથા મોટા લોકો આગળ ગએલી સઘળી અરજો ઘણી ખરી બહાલ રેહેતી હતી.

અમરનાથ—કાશમીરના પહાડોની વચમાં અમરનાથના ગુફાઓ આવેલા છે, અને તે બહુ પવિત્ર ગણાય છે. આ ગુફાઓ દર્યાની સપાટીથી ૧૬૪૨ ફીટની ઉંચાઇ પર આવેલાં છે, અને તે મૌંટ બ્લૉક કરતાં ૧૦૦૦ ફીટ ઉંચા છે. આ ગુફામાં જવા આગમજ ૧૮૦૦ ફીટની ટેકડી ચઢી ત્યાં એક રાત વિસામો લઇ આગળ મુસાફરી કરવી પડેછે.

આ ગુફામાં શિવનું મંદીર છે કે જે ગુફાની વચેથી કોરી કાઢેલું છે અને તે ૩૦ વાર ઉંચુ ને ૨૦ વાર ઉંડુ છે. તેની ઉપરના ભાગમાં પાણીનો ધોધ વહે છે કે જે શિવની જટામાંની ગંગામાંથી જળ પ્રવાહ વહેતો હોય એમ માંની ધાર્મિક હિંદુઓ

તેને બહુ પવિત્ર ગણે છે. તે વિશે એવી દંતકથા છે કે જો ભક્તિ કરતાં ગુફા અંદર ભરાઇ રહેલાં કબુતરો ઉડી જાય તો ફરીથી ભક્તિ કરવી પડેછે.

અમરપુર—(૧) ઇરાવતી નદીને કાંઠે ઇ.સ. ૧૮૧૯ વેર એ એક મુખ્ય શેહેર હતું. અહીંની વસ્તી સુમારે '૧૦૦૦૦૦' માણસની છે. (૨) બીરાલીના બ્રિટીશ દીસ્ટ્રીકટમાં આ એક શેહેર છે તે મદ્રાસ ઇલાકામાં આવેલું ચીતલદ્રૂગથી ચીતોડ સુધીનાં માર્ગમાં ૪૦ માઇલ પૂર્વે છે.

અમરવેલી—કેરીના ઝાડ પર વેલા જેવું આ એક વનસ્પતિ ઉગે છે, તેને અમરવેલી કહે છે. આ વેલીના મૂળ વૃક્ષમાંજ હોય છે. અમરવેલી રૂચીમાં જરાક તીખી મધુર અને પીત્તનો નાશ કરનારી છે.

અમરસિંહ—અથવા અમરદેવના ઉપનામથી જાણીતો થએલો આ કવિ, જૈન મતનો હતો કે, જૈન મતનો એણે પક્ષ સ્વિકાર્યો હતો, એ વાત વિષે અંદેશો છે, પણ સિંહ નામ ઉપરથી એ જૈન મતી હતો એમ જણાય છે. તેમજ એના અમર કોશ નામના ગ્રંથને આરંભે મંગલાચરણ પણ જૈન સંપ્રદાયનું જણાય છે, તોપણ એ જૈનમતી હતો એમ લોકો માનતા નથી.

આ કવિ ભોજ રાજાની દરબાર માહેલાં નવ રત્નોમાંનો એક હતો. આ રીતે જોતાં આ કવિની હસ્તી ૬ ઠી સદીમાં હતી. એણે ઘણાં ગ્રંથો રચયાં હતા પણ એવું કહેવાય છે કે ઉદયનાચાર્ય તથા શંકરાચાર્ય એઓએ પાખંડી ગ્રંથોની સાથે એના ગ્રંથો પણ ડુબાવ્યાં હતાં; પણ એનો રચેલો 'અમર કોશ' માત્ર લોકોપયોગી જાણીતો હોવાથી તે રહેવા દીધો હતો. અમરકોશમાં કાળ વિશે દાખલો નથી, તોપણ પ્રથમ કોશનો રચનાર અમરસિંહ હતો એ વાત સઘળા માને છે. અગ્નિ પુરાણમાંના નામોનો સંગ્રહ કરીને પ્રકરણો બાંધીને અમરકોશ રચ્યો હતો; એના ત્રણ કાન્ડ છે અને ૧૫૦૦ શ્લોકો છે. અમરકોશ ઉપર ઘણા પંડીતોએ ટીકાઓ કરી છે તેમાં ક્ષીર સ્વામી, રામાશ્રમ, રાયમૂકુટ, ભરત માલ, નીલકંઠ, ભાનૂ દીક્ષિત, રૂદ્રભટ, નારાયણ ચક્રવર્તી અને વોપાલીતી ઇત્યાદી પ્રસિદ્ધ છે, તેમજ અચ્યુતો પાધ્યાએ વૈષ્ખ્યશુદ્ધીના નામની ટીકા કરી છે. એ ટીકા મુકૂટની કરેલી વ્યાખ્યાના સંક્ષેપ રૂપ છે. એ ટીકા બંગાલમાં 'સૂપદ્મભદત્તે કરેલું સુપદ્મ નામનું વ્યાકરણ બધે ઠેકાણે શીખવે છે તેને અનૂસરીને રચી છે. હાલમાં મી૦ કૉલબ્રૂકે ઈંગ્રેજીમાં તથા મરાઠીમાં બાળબોધ ટીકા કરી છે.

અમરસિંહ—એ મહાપ્રતાપી રાણો પ્રતાપસિંહના મરણ પછી ઇ. સ. ૧૫૯૭ માં મેવાડની ગાદીએ આવ્યો. ઇ. સ. ૧૬૦૮ માં જહાંગીરે રાણાને પાદશાહી સત્તા કબુલવાને ફરમાવ્યું. આ વખતે તેના સઘળા સરદારોએ એખટા થઇ રાણાને લડાઈ માટે તૈયાર થવા ઉશકેર્યો, પણ તેણે હિમ્મત બતાવી હા નહિ પાડવાથી 'સલુંબરવાળા' સરદાર ચંદાવતે કહ્યું કે 'રાણો પ્રતાપસિંહ શું કરી ગયો છે? શું તે ભુલી ગયા?' પણ એથી તેની પર કશી અસર થઈ નહિ તેથી તે સરદારે રાજાનો હાથ પકડી ગાદીએથી તેને ઉઠાડી મેલ્યો અને બીજા સરદારોને કહ્યું કે ચાલો તૈયાર થાવો. આથી સઘળા સરદારો ચંદાવતના કહેણને માન્ય કરી તૈયાર થઇ ચાલ્યા. અમરસિંહ એથી દીઢમુઢ થઇ થયો પણ પછી વિચાર કરી પોતાનું લશકર લઇ સરદારને જઇ મળયો. આ વેળા રાણાની આંખમાં પાણી આવી ગયાં અને તેણે બધા સરદારોનું અપમાન કરયું હતું તે માટે માફી ચાહી, તેથી સઘળા સરદારો અમરસિંહની સરદારી તળે લડવા વધ્યા, તેઓએ દેવર આગળ શેહેનશાહી લશકરને સજ્જડ હાર ખવરાવી, આ વેળા રાણાના કાકા સકતાએ બહુ પ્રરાક્રમ કરી મુગલોને હરાવ્યા, ત્યાર પછી તરતજ અમરસિંહને મુગલ પાદશાહ સાથે કોલકરાર

થયાં, પણ તે સંધી ઝાઝી મુદત ટકી નહિ. ઇ. સ. ૧૬૧૦ માં રાણાપૂર આગળ ફરીથી લડાઇ થઇ, તેમાં મુગલોની હાર થઇ; આથી ઉપરાસાપરી મેવાડીઓએ મુગલો ઉપર હુમલા કરવા માંડયા, જેથી જહાંગીર પાદશાહે પોતાનું વેર લેવા થકી પ્રતાપના કાકા સકતાને ચીતોડ આપી દીધું, કારણ કે સકતાએ પોતાનું કુટુંબ લડીવઢીને તજી દીધું હતું; પણ શાહાનશાહની એ ધારણા પાર પડી નહિ. સકતાએ એકપણ રજપુત સરદારની પ્રિતી સંપાદન કર્યા વગર આંઠ વર્ષ એકાંત રાજ્ય વૈભવમાં ગુજાર્યા, પછી પોતાની અયોગ્ય વર્તણુક માટે તેને અંતઃકરણમાં પસતાવો થવા લાગ્યો, તેથી સેવટે ચીતોડ પોતાના ભત્રીજા અમરસિંહને સ્વાધીન કરી પોતે દિલ્હી ગયો. દરબારમાં પાદશાહે ઠપકો આપ્યાથી સકતા કટારીખાઇ મરણ પામ્યો.

ચીતોડનો કિલ્લો હાથ આવવાથી અમરસિંહને ૮૦ ગામો તથા કિલ્લાઓ મલ્યા. ત્યારપછી અમરસિંહ મુગલો સાથે સત્તરવાર ઘણી બાહાદુરીથી લઢયો પણ સેવટે મુગલોનાં અસંખ્ય સેના પાસે પોતાનું કાંઈ નહિ વળવાથી શરણે ગયો, ત્યારે શાહાજહાને અમરસિંહ સાથે ઉદાર રીતે વર્તિ અકબરે જીતી લીધેલા રાણાનાં દેશો પાછા આપ્યાં. આ રીતે માન ભંગ થવાથી ૧૬૨૧ માં રાજ્યગાદી તજી પોતાના કુંવર કરણને ગાદી સોંપી પોતે ઉદેપૂરથી એક માઇલપર બંધાવેલા મેહેલમાં જઇ રહ્યો. તે પોતાના એકાંતવાસમાંથી મરતાં લગી કદી બહાર આવ્યો નહિ.

અમરસિંહ—ઇ. સ. ૧૭૦૦ માં મેવાડની ગાદીએ આવ્યો. આ સમયે ઔરંગજેબના છોકરાઓએ માંહોમાંહે ટંટા કર્યા તે વખતે રાણા અમરે શાહજાદા 'શાહઆલમ' સાથે ખાનગી સલહા કરી હતી. એના રાજ્યમાં મુસલમાનોથી પોતાનું સંરક્ષણ કરવા માટે રજપૂતો વચે માહો માહે એકસંપ કરવામાં મુખ્યત્વે એ રાણો હતો. આ સંધી ત્રણ રાજાઓ વચે થઇ હતી. એક પક્ષમાં જયપૂર અને જોધપૂરના માહારાજા હતા, અને બીજા પક્ષમાં ઉદેપૂરના રાણા હતા. આ એકસંપ કરવાની સંધીની શરતો માંહોમાંહે ટંટા ફીસાદ ઉત્પન્ન કરવા જેવી હતી, તેથી કેટલીકવાર એ તકરારોનું સમાધાન કરવા મરેઠાઓ વચ્ચે પડી લુંટફાટો ખાઈ જતા હતા. અમરસિંહના વખતમાં ખેતીવાડી તથા વેપાર રોજગારથી મેવાડ આબાદ હતું. મરણ ઇ. સ. ૧૭૧૬ માં નીપજ્યું.

અમરસિંહ—મેવાડના રાણા ગજસિંહનો આ ગાદીવારેસ કુંવર હતો. રાણો ઇ. સ. ૧૬૩૮ માં મરણ પામ્યો ત્યારે આગળથી ગજસિંહે ઠેરવી રાખ્યા મુજબ તકરારી અમરસિંહને ગાદી નહિ મળતાં જસવંતસિંહને ગાદી મળી, તેથી અમરસિંહ ક્રોધાયમાન થઇ કાળે પોશાગે અને કાળે ઘોડે બેસી મારવાડના રાજ્યની સરહદ છોડી દિલ્લી પાદશાહી દરબારમાં ગયો. ત્યાં તેને શાહાજહાંનને ૩૦૦૦ સ્વારોની સરદારી, નાગોરની જાગીર તથા રાવનો ઇલકાબ બખશયો; પણ તેના અભિમાની સ્વભાવથી પાછળથી તેનાપર પાદશાહી ઇતરાજી વધી, એક વખતે તેણે પાદશાહપર ઉશકેરાઈ જઇ તલવાર ખેંચી ઘા કર્યો, પણ તે ઘા એક સ્તંભ ઉપર પડવાથી તલવાર ભાગી ગઇ અને પાદશાહ બચ્યો. આ વેળા ત્યાં મારામારી થઇ તેમાં અમરસિંહે પોતાની સામે આવનારને તલવાર ભાગી ગયા પછી કટારીથી મારવા માંડયા, અને કેટલાકને માર્યા પછી તે માર્યો ગયો. જે દરવાજે થઇને અમરસિંહ દાખલ થયો તે આજે પણ અમરસિંહનો દરવાજો એ નામથી મશહુર છે. અમરસિંહ મરણ પામ્યો ત્યારથી એ દરવાજો બંધ રહ્યો હતો, ને ઇંગ્રેજો આવ્યા ત્યારે ઇ० સ० ૧૮૦૯ માં ઉઘાડવામાં આવ્યો. અમરસિંહ સાથે તેના સાથી ચંપાવત અને કુંપાવતે કેશરીયા કર્યા, તથા તેની પાછળ તેની રાણી સતી થઇ બળી મુંઇ.

અમરસિંહ—આ માહારાવ જેસલમીરની ગાદીએ ઇસવી સનની ૧૬ મી સદીમાં આવ્યા હતા. એ બહુ જોરાવર હતા. વીકાનેરના રાજા અનૂપસિંહે જેસલમીર ઉપર હૂમલા કર્યો તેને હરાવી નસાડયો અને આસપાસ લુટ ચલાવનારા લુટારાઓનો તદન નાશ કીધો. જે વખતે મારવાડના રાજા અજીતસિંહના બારવટાના વખતમાં પાદશાહી લશકર મારવાડ પર હુમલો કરી મુલક જીતતું હતું તે વખતે પાદશાહી સુબો ખ્વાજા સાલ જે મંડોળમાં છાવણી નાખી પડયો હતો તેના ઉપર અમરસિંહે 'બગરી' આગળ હુમલો કરી તેના ૧૦૦૦ માણસોને કાપી નાખ્યાં, અને તેને નસાડી મુકયો. આ લઢાઇમાં અમરસિંહનાં રામસિંહ અને સામતસિંહ નામના બે બહાદુર સરદારો માર્યા ગયાં હતા. અમરસિંહ ઇ૦ સ૦ ૧૭૦૨ માં મરણ પામ્યો.

અમરસિંહ—આ પતિયાલાનો માહારાજા ઇ. સ. ૧૭૬૫ માં ગાદીએ આવ્યો. એને ૧૭૬૭ માં અહમદશાહ દુરાનીએ 'ઇરાજગાનબાહાદુર' નો ખેતાબ અને ડંકો નીશાન આપ્યાં હતાં. ઇ. સ. ૧૭૭૨ માં મરાઠા સરદાર જનકોજીરાવના હુમલાથી ડરી જઈ તેણે ખજાનો તથા જવાહીર ભતીન્દ્ર મોકલી દીધું, પણ તેના ભાઇ હિમતસિંહે બળવો ઉઠાવી પતિયાલાનો કિલ્લો લઇ લીધો, એ વેળા અમરસિંહે બાહાદુરીથી બચાવ કરી સર્વ દુશમનોને હરાવ્યા; પણ માહારાજા રણજીતસિંહ પાસે એને નમવું પડયું હતું. મરણ ઇ. સ. ૧૭૮૧ માં નીપજ્યું.

અમરસિંહ—રાવત અમરસિંહ રાજગઢની ગાદીએ ઇ. સ. ૧૬૪૮ માં આવ્યો. એમના વખતમાં એક અફઘાન શીવગઢમાં બળવાન થઇ પડયો હતો, તે પ્રજાને ઘણી હેરાનગતી આપતો તેની પર ચઢાઇ કરી તે પરગણાં પર ખંડણી ઠેરવી સમાધાની જાળવી હતી. મરણ ઇ. સ. ૧૬૮૫ માં નીપજ્યું.

અમરસિંહ—ધ્રાંગધરાની ગાદીએ ઇ. સ. ૧૮૦૪ માં આવ્યા. એમના વખતમાં વડોદરાના રેસીડંટ કર્નલ વૉકર અને ગાયકવાડનો સરદાર બાબાજી અપ્પા કાઠીયાવાડના રાજાઓ ઉપરનો ગાયકવાડ સરકારને ખંડણી ભરવાનો આંકડો મુકરર કરવાને આવ્યા અને તેઓએ ઇ. સ. ૧૮૦૮ માં આંકડા મુકરર કર્યા. રાજા અમરસિંહના વખતમાં જાટમીયાના અને બીજા લોકોનાં હૂમલાથી અને વઢવાણના રાજા સાથના કલહથી રાજ્ય ઉજડ અને કંગાલ સ્થિતિમાં આવવાની તઇઆરીમાં હતું, પણ ઇ. સ. ૧૮૨૦ માં કાઠીયાવાડમાં એજનસી સ્થાપ્યા પછી તે ધીમે ધીમે આબાદ અને વસ્તીમાં વધતું ગયું. ૧૮૧૪ માં અમરસિંહે ઝીંઝુવાડ જીતી લીધું અને ત્યાં બે વર્ષ રાજ્ય કર્યું. ઇ. સ. ૧૮૧૬ માં ખંડણી નહિ ભરી શકવાથી વીઠલરાવ દેવજીએ ઇ. સ. ૧૮૧૮–૧૯ સુધી ત્યાં અમલ કરી મેજર બલેનટાઈનનાં વખતમાં ૧૮૨૦–૨૧ લગી ઇજારે આપ્યું. ૧૮૨૧ ના સાલમાં અમદાવાદના કલેકટરને એ રાજ્ય સ્વાધીન કરવાથી તેણે ત્યાં જપતી બેસાડી ત્યારથી તે આજલગી ઝીંઝુવાડાનો જુદો તાલુકો રહ્યો છે. ૧૮૨૦–૨૧ ના સાલમાં ધ્રાંગધરાની ઉત્તરનાં કચ્છ તાબાનાં કોળી તથા સિંદીઓએ લૂટ કરવા માંડી તેથી તે ભાગપર અમરસિંહે થાણા બેસાડયાં, અને લુટનો કચ્છના રાવ તરફથી બદલો મેળવવાની અપીલ કરી. આ વેળા કચ્છનો રાવ પોતાની રૈઅતને કબજામાં રાખવાને અશકત હોવાથી સરકારે કપતાન મેકમડૉને લશકર આપી મોકલ્યો, તે હળવદ અને મોરબીનાં ધાટીલા મુકામે થોડાં વર્ષો લગી થાણું કરી રહ્યો અને નુકસાનીનાં બદલ કચ્છના રાવ પાસેથી બે લાખ રૂપ્યા લઇ જેમને નુકસાન થયું હતું તેમને વેંહેચી આપ્યા. અમરસિંહ ઇ. સ. ૧૮૪૩ માં મરણ પામ્યો.

અમરસિંહ રાવ બાહાદૂર—ખીલચી પૂરના હાલના એ રાજ્ય કર્તા. ખીલચીપૂરનું રાજ્ય

મધ્ય હિંદમાં ભોપાળ એજન્સીમાં આવેલું છે. એ રાજ્ય સીંધીયા સરકારનું ખંડીયું છે. આ રાજ્યકર્તાને 'રાવ' ના ખેતાબથી ઓળખવામાં આવે છે. તેમજ તે જાતે ચહૂઆણ રજપૂત છે. એમની આગળના રાજા દીવાન શેરસિંહ મરણ પામતાં તેમને પુત્ર સંતાન નહિ હોવાથી ૧૮૬૯ મા ગાદીનશીન કીધા. આ રાજાને ૧૮ મી એપ્રેલ ૧૮૭૩ ને રોજે ઇંગ્રેજ સરકાર તરફથી રાવબહાદુરના ખેતાબની સનદ મળી. આ રાજાના રાજ્યનો વિસ્તાર '૨૦૪' ચૌરસ માઇલ છે. વસ્તી ૩૬૦૦૦ ની છે. પેદાશ સુમારે ૧૭૫૦૦૦ ની છે, તેમાં હાલી રૂપ્યા સીંધ્યા સરકારને ખંડણીનાં ૧૩૧૬૦ દેવા પડે છે. રાજા અમરસિંહ બ્રિટીશ છાવણીમાં જાય ત્યારે તેમને ૯ તોપોનું માન આપવામાં આવે છે.

અમરાગ્યુરા—પાસીફીક માહાસાગરની દક્ષિણે આવેલું આ શેહેર એક બેટ છે. આ બેટમાં એક ખડક ઉપર એજ નામનો જ્વાળા મુખી આવેલો છે.

અમરાન—આ શેહેર અને કિલ્લો હિંદુસ્થાનમાં ગાયકવાડ સરકારના તાબામાં આવેલો છે. જોરીયાથી ૧૮ માઇલ ઉત્તર પૂર્વે કચ્છના આખાતમાં આવેલું છે. દક્ષિણ પૂર્વે ગએલી અફ્ઘાનિસ્થાનના પર્વતોની હાર અહીંથી પસાર થાય છે. જેમાંના કેટલાક પાહાડોની ટોંચ ૯૦૦૦ ફીટ ઉંચી છે.

અમરાની—આ નામનો એક બલુચી તાયફો છે. બલુચીસ્તાનની અમરાની નામના ડુંગરાની હાર સાલમ ને પીશીનની સપાટ જમીનને પશ્ચિમે ઘેરી લે છે અને હાલા નામની હાર પૂર્વે વધેછે. ખોજક પાસ ૧૪૫૧ ફીટ છે.

અમરાપર—આ તાલુકો કાઠીયાવાડ ઇલાકામાં હાલાર પ્રાંતની નીચે છે, પણ તે ખાસ સોરઠ પ્રાંતનો ભાગ છે. એના તાબામાં ૮ ચૌરસ માઇલ જમીન, બે ગામ અને આસરે ૧૯૦૦ માણસની વસ્તી છે. વાર્ષીક ઉપજ સુમારે રૂ ૧૬૦૧૦ ની છે. જેમાંથી

રૂ ૫૧૧ નામદાર ઇંગ્રેજ સરકારને જમાબંદીના મળે છે. અહીંના તાલુકદારો જાતના મુસલમાન અને સેતા તથા મલેકની અટકથી ઓળખાયછે. પેહેલાં તેમના વડવા રાઠોડ જાતનાં રજપૂત હતા પણ પાછળથી ઇસલામી ધર્મ સ્વિકારી મુસલમાન થયા. તેમનાં પૂર્વજ મલેક ઈબરાહીમ, ખાનના બેટા મલેક અલીશેરને ૧૭૪૫ માં ગુજરાતના સુબા ફકરૂદૌલાએ અમરાપુર તાલુકો બક્ષીસ આપ્યો હતો. હાલમાં તેમનાજ વંશજ રાજ કરેછે. ગાંમની વસ્તી ૧૩૦૦ માણસોની છે.

અમરાપુર—(૧) આ શેહેર બરમાંમા આવાની ઉત્તર પૂર્વે ૯ માઇલ ઉપર ઇરાવતી નદીને કાંઠે છે. આ શેહેર ૧૭૮૩ માં પ્રથમ વસાવી તેને રાજ્યની રાજધાની શેહેર બનાવવામાં આવ્યું. પણ ૧૮૧૯ માં રાજાએ આવાંને પાછું રાજધાની શેહેર કીધું. ૧૮૧૦ ના માર્ચ મહિનામાં આ શેહેર બળીને નાશ પામ્યું, તે વેળા ત્યાં ૧૭૦,૦૦૦ માણસોની વસ્તી હતી. ૧૦૨૭ માં અહીંની વસ્તી ફકત ૩૦૦૦૦ ની હતી. આ શેહેર સુંદર રીતે મંદીરો અને ઝુપડાંઓથી વસાયલું હતું. અત્રેના દેહેરાં જોવા લાયક છે. આ શેહેરની આસપાસ માણેકની પુશકળ ખાણો આવેલી છે. તથા ઇમારતી લાકડાંના મોટાં જંગલો છે.

(૨) મદ્રાસ ઇલાકામાં બેલારી પ્રાંતમાંઆ શેહેર છે. ચીતલડ્રૂગથી ચીતોડનાં માર્ગમાં છે.

અમરાબાદ—નીજામ હૈદ્રાબાદનું એ એક ગામ છે. હૈદ્રાબાદની દક્ષિણે ૮૦ માઇલ પર છે.

અમરાવતી—(૧) ઇંદ્રનું વતન, ઈંદ્રપૂરી. (૨) પૂર્વે બીરારના કમીશનરના તાબામાં આ શેહેર છે. ૧૮૮૧ માં આ જીલ્લાની કૂલે વસ્તી ૫,૭૫,૩૨૮ ની હતી. શેહેર વસ્તી ૨૫૦૦૦ ની છે.

અમરી ચમરી—હિંદુ સ્ત્રીઓ આ નામનું

એક ઘરેણું પેહેરે છે. આ માથામાં પેહેરવામાં આવે છે. જે માથા ઉપર દોરા ધાંટો રૂપાંના ગાઠાં જેવું હોય છે તેને 'અમરી' કહે છે અને તેનીજ સાથે વલગાવી લટકતી રાખેલી રૂપાંની ચમ્મર આકારની જે ફુમતી તે ચમરીના નામે ઓળખાય છે. આ અમરી ચમરી જુવાન સ્ત્રીઓ કપાળ પર પેહેરે છે જેની શોભા ઘણી સારી દીસે છે.

અમરીતસર—આ શેહેર સીખ લોકોનાં પવિત્ર સ્થાનક દાખલ જાણીતું છે. આ શેહેરને રણજીતસીંગે દેવાલથી ઘેરી લીધું હતું. આ શેહેર બીયા અને રાવીના વચમાં આવેલું છે. અગાઉ એ 'ચાક નામથી પ્રસિદ્ધ હતું. અહીં જોવા લાયક એક પવિત્ર કુંડ છે, કે જે રામદાસ–શીખોનો ચોથો ગુરૂ હતો તેણે ઇ. સ. ૧૮૫૧ માં બાંધ્યું, અને તેનું નામ અમરીતસર યાને અમરૂતના પાણીનો તળાવ એવું રાખ્યું. ત્યાર પછી આ શેહેર જાત્રાળુઓનું મુખ્ય તીર્થ સ્થાન ગણાવા લાગ્યું. આ શેહેરને રામદાસપૂર અથવા અમરીતસરનાં નામે ઓળખવામાં આવે છે.

સુમારે બે સદી ઉપર અહમદશાહ તે દુરાની વંશના સ્થાપકે અહીં ચઢાઇ લાવી અત્રેના પવિત્ર મંદીર અને તળાવને દારૂ ગોળાથી અપવિત્ર કરી નાખ્યું. અહમદશાહનું કાબુલ ફરવા પછી શીખ લોકોએ અહીંના પવિત્ર મંદીર અને તળાવને પાછું સમારી પવિત્ર કીધું. આ પવિત્ર તળાવ ૧૫૦ ચોરસ પથ્થરનો બાંધેલો છે. અંદરનાં પાણી ઘણુંજ સ્વચ્છ હોવાથી તેમાં જાત્રાળુઓ સ્નાન કરી પવિત્ર થાય છે. ત્યાં એક નાહાના બેટની વચોવચ 'અહિ' અથવા વીષ્ણુનુ મંદીર છે. નદીના કીનારાપર એક નાહાનું સમાધીસ્થાન છે, કે જ્યાં રામદાસ ગુરૂ પોતાનું બદન ગાળી અન્નપાણી વગર મરણ પામ્યો હતો. બેટની વચોવચ બાંધેલું દેહેરૂં સુંન્ના ચાંદી તથા ઉમદા કારીગરથી ઘણું સણગારેલું છે. જ્યાં શીખ લોકોનો વડો ગુરૂ ચેલાઓ સહીત રહે છે. ૫૦૦ થી ૬૦૦ ત્યાં તેના ચેલાઓ છે, જેમને જાત્રાળુઓએ ઉઘરાણું કરી સુંદર મકાનો બાંધી આપેલાં છે. આ શેહેર, વસ્તીવાળું અને જોવા લાયક છે. અહીંના રસ્તા સાંકડા છે પણ ઇમારતો ઇંટની ઘણી ભવ્ય બાંધેલી છે. આ શેહેરમાં વેપારની ઘણી જનસો બને છે તેમાં જાડું કાપડ, હલકું રેસમી અને શાલોની વણત ઘણી સારી છે. રણજીતસીંગે રાવી નદીથી શેહેર વેર પાણી લાવવાની એક નેહેર બાંધી હતી તે હાલમાં પણ વપરાય છે, કે જે ૪૦ માઇલ વેરથી બાંધવામાં આવેલી છે. અહીંનો સહૂથી જોવા લાયક કિલ્લો ગોવીંદગર નામનો છે. આ કિલ્લો રણજીતસીંગે ૧૮૦૯ મા બાંધ્યો હતો. પંજાબમાં ચર્ચ આવ ઇંગ્લાંડ પેહેલવેહેલાં બાંધવા માટે આ શેહેરને પસંદ કરવામાં આવ્યું હતું, તે વેળા ઉઘરાણુથી રૂ ૮૦૦૦ ભરાયા હતા. ૧૮૮૧ માં આ ભાગની વસ્તી ૨૭,૨૯,૧૦૯ ની હતી, અને પ્રાંતની ૮૯૩,૨૬૬ અને શેહેરની ૧૫૧, ૮૯૬ ની હતી. ૧૮૯૧ ની ગણત્રી મુજબ શેહેર વસ્તી ૧૩૬,૭૬૬ ની હતી.

અમરૂ—આ મહાન કવિ ઈ. સનના સાતમાં સૈકામાં થઇ ગયો. રસીક વાંચકોમાં તથા મહાન અલંકારીકોમાં વખણાયલા 'અમરૂશતક' નો એ કર્તા થઇ ગયો છે. એણે કુમારીલ ભટ્ટાચાર્યના પ્રધાન શિષ્ય મંડન મિત્રને હરાવી, ભગવાન શંકરાચાર્યને હરાવ્યો હતો. એણે કરેલા અનેક ચમત્કારોની કથા ઘણી પ્રસિદ્ધ છે. અમરૂશતક નામના રચેલા કાવ્યમાં ભાષાની ટાપટીપ અને અલંકારની રસીકતા તેમજ શૈલી સરળ ને સીધી પણ સંક્ષિપ્ત છે, અને રસ બધે બધ વ્યાપીત જણાય છે. કવિની ખુબી પ્રસંગ અને મનોભાવના બતાવવાની ચિત્રયુકત રચના અતી રસીક છે. અમરૂશતકના શ્લોકો સદીઓ થઇ પ્રજામાં પ્રીય હોય એમ જણાય છે. છેક દસમાં નવમાં અને આંઠમાં સૈકામાં પણ તેનાં અનુકરણો થએલાં મળી આવે છે.

અમરૂ અલ આસ—મહમદીઆન ધર્મ પ્રથમ સ્વિકારનાર દાખલ એ પણ એક ચૂસ્ત ઇસલામી પ્રસિદ્ધ છે. એ લઢાઇનાં મેદાનમાં પોતાની અસાધારણ બાહાદુરી માટે ઘણી પ્રસિદ્ધતા પામ્યો છે. એણે એબેસિનીયામાં ઇસલામી ધર્મનો ફેલાવો કર્યો તથા ઇજીપ્તપર, ૪૦૦૦ માણસોનાં લશકરથી ફતેહ મેળવી, પીલસુમ હાથ કીધું તથા કેરો શેહેર સ્થાપ્યું. ત્યારબાદ તુરતજ એણે અલેકઝાન્ડ્રીયા હાથ કીધું અને સપેહસાલારની મોટી પદ્વી પામ્યો. એની બાહાદુરી તથા બાહોશીથી એણે ઇજીપ્તના અમીરની પદ્વી મેળવી. અમરૂએ નેહેર મારફતે નાઇલ નદી અને સમુદ્રને જોડી નાખવાની કલ્પના કીધી, પણ તેટલાં ખલીફ 'ઓથમાને' તેને તેડાવી લીધાથી તેને ઈજીપ્ત છોડવું પડયું. તેજ વેળા ત્યાંની રૈઅતે બંડ કરી ઇજીપ્ત ગ્રીકોનાં હાથમાં સોંપ્યું, તેટલાં અમરૂએ આવી બંડખોરોને તાબે કરી ઈજીપ્ત હાથ કીધું. એનું મરણ ઇ. સ. ૬૬૩ માં નીપજ્યું.

અમરૂ અલ કયસ—આ અરબ કવિ હતો. પેગંબર સામે તે અતીશય વેરભાવ ધરાવતો હતો. એણે પોતાની લાગણીના જુસ્સામાં અસરકારક કવિતાઓ હજરત મહમદ સાંમે રચી છે. ઇ. સ. ૧૭૪૮ માં આ કવિતાઓ 'લેડન' ખાતે અરેબીક ભાષામાં પ્રસિદ્ધ થઈ હતી, અને સર વિલ્યમ જોને ૧૭૮૨ માં તેનો ઇંગ્રેજીમાં તર્જુમો કર્યો હતો. ૧૮૩૭ માં પારીસ ખાતે તેની નવી આવૃતી ઘણા વધારા સુધારા સાથે કાઢવામાં આવી હતી.

અમૃત—એક જાતના ખડકપર ઉગતો વેલ (જુઓ ગળા.)

અમરૂત—(૧) આ એક જાતનો એજમતી રસછે કે જેથી મરણ પામેલું મનુષ્ય પાછું સજીવન થાયછે. એ વિશે એવી હિંદુશાસ્ત્રમાં કથા છે કે 'એ અમર કરનારો મીઠો રસ (ચૌદ રત્નોમાનું એક) સમુદ્ર મથન કરતાં નીકળ્યો હતો. એક સમયે સુર અને અસુર વચ્ચે મોટો ઝગડો થયો હતો, પણ પછી વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કરી અમૃત ચોરી રાખી પાછળથી દેવતાઓને સોંપ્યું હતું. (૨) પેર, જાયફળ, (૩) પત્રશેશ, (૪) જ્યોતિષ શાસ્ત્ર મુજબ આંઠ ચોઘડીયાનું એક શુભ.

અમરૂત ધારાચંદ—પેહેલા ચરણમાં ૧૨, બીજામાં ૧૬, ત્રીજામાં ૨૦ અને ચોથામાં ૮ અક્ષરો હોયઃ ને તેમાં દરેક ચરણનાં અંતના બે અક્ષર ગુરૂ હોય, બાકી લઘુ હોયતો આ છંદ બને છે.

'ગિરી શિખર પર કમળ ઉગે,
પછમ દિશ વચ રવિ થઇ આવે;
અગનિ શિત હિમગિરિ
ગરમ જળધૃત કદિ થાએ
સુનર કહ્યું ન ફેરે.

ક. હીરાચંદ.

અમરૂતરાય—આ દેશસ્થ બ્રાહ્મણ કવિ ઔરંગાબાદનો રહીશ હતો. પ્રથમ એ વિસામોર નામના પોતાના ગામનાં મોગલ સરકારના મુત્સદીનો કારકુન હતો. એ સ્વભાવે ઘણો મશકેરો હતો. એક દીવસે મધ્ય મૂનિશ્વર નામે સાધુની મશકેરી કરી તેથી પેલા સાધુએ અમરૂતરાયને બોધ કીધો. તે દીવસથી એણે કવિતાઓ રચવા પર ધ્યાન દોડાવ્યું. એની કવિતાઓ ઘણી મધુર એબારતમાં રચેલી છે. એની જોડેલી કવિતાઓ મરાઠી તેમજ હિંદુસ્થાની ભાષામાં છે. અમરૂતરાય કથાઓ કરી લોકોનું ધ્યાન અવારનવાર પોતા તરફ ખેંચેલું રાખતો. એનું મરણ ઇ. સ. ૧૭૫૩ માં નીપજ્યું. એના રચેલા ગ્રંથો ઘણાં છે તેમાંના દામાજી પંથાચીરસદ, દ્રોપદી વસ્ત્ર હરણ, શુકચરિત્ર, ધ્રૂવચરિત્ર, સુદામાચરિત્ર, જીવદશા, રામચંદ્રદર્શન, ગણપતીદર્શન, અને દુર્વાસાયાત્રા ઉપરાંત બીજી અનેક કથાઓ પ્રસિદ્ધ છે.

અમરૂતા—એના વેલા થાય છે. તે પર એકત્ર ત્રણ પાંદડાં ફુટે છે તેથી તેને ત્રીદલો કહેછે. એને કોઇ 'સાઇલી' એમ પણ કહે છે.

જાઇ, જુઇના ફુલો જેવાં એપર સુગંધી ફુલો આવે છે. એ ઔષધી ઉપચારમાં બહુ કામ આવે છે.

અમરૂ ને ચમરૂ—એક પંખીનું જોડું. ફ્રવરદીન યસ્તમાં અમરૂ અને ચમરૂના 'ફ્રોહરો' ને આરાધવામાં આવ્યાં છે. તે ઉપરથી એઓ કોઇ પ્રાચીન જમાનામાં ઘણા ઉપયોગી પક્ષીઓ થયાં હોય ! કય ગુશતાસ્પના વખતમાં લખાયલી **'જામાસ્પી'** નાં એક પ્રકરણમાં કય ગુશતાસ્પ જામાસ્પ હકીમને .'કંગદેજ, વર્જમકર્દના ગુફા ;. કેરશાસ્પનું કાલબુદ, ખરતાલનું ઠામ, હોમનું ઝાડ, ઇઉપતશાહનું મકાન ને ખરમાહી તથા બીજા પક્ષીઓ વિશે પુછે છે ત્યારે જામાસ્પ હકીમ નીચે પ્રમાણે અમરૂ ચમરૂ પક્ષીઓ વિશે ખુલાસો કરેછે.—"શાહા મુર્ગને દર્યા કિનારે દાદાર અહુરમજ્દે પેદા દીધો છે. તે શાહા મુર્ગનું કામ એ છે કે, જે પાક દાદગરે 'જાદબીશ નામનું (દુઃખદર્દો ટાળનાર) ઉત્પન્ન કર્યું છે તે ઝાડ ઉપરથી જ્યારે શાહા મુર્ગ પંખી ઉડે છે; ત્યારે તે ઝાડને ૧૦૦૦ ડાળીઓ ફુટે છે. તેપર હજાર ઠેકાણે તરેહવાર બીયાં ઉગે છે, પણ શાહાસુર્ગ ત્યાં બેઠા પછી તે ૧૦૦૦ ડાળો ભાંગી નાખે છે તેથી સર્વ જાતનાં બીજ ખરી પડે છે. તે ચમરૂશ મુરગ જેને કહે છે તે માદા છે ને અમરૂશ નર છે. એ નરમાદાનું કામ એ છે કે નર અમરૂશ પેલા ઝાડ ઉપર બેસી સર્વે બીજ નીચે તોડી પાડે છે ને ચમરૂશ મુર્ગ તે પડેલા બીયાં પાંખોથી વીંઝોડી દર્યામાં નાખે છે, તેથી તે સર્વ બીયાં દર્યામાં એકત્ર થાય છે. પણ પછી તે દર્યાનું પાણી સૂરજનાં તાપથી વાદળ માહે ચુસાય છે. પછી જ્યારે વરસાદ આવે છે ત્યારે પાણીની સાથે પેલા સર્વે બીજ પણ વર્સે છે, તેથી વર્સાદનાં દિવસમાં તરેહવાર વનસ્પતિ ઉગે છે ને તેથી કુદ્રતની લીલા લેહેર થાય છે."

અમરેલી—આ ગુજરાત પશ્ચિમ પ્રાંતનો ગાયકવાડી મુલક છે. આ પ્રાંતની જમીન ૧૫૭૫ ચોરસ માઇલ છે; ગામો ૨૯૨ આ પ્રાંતમાં છે, તથા વસ્તી ૧૭૯,૪૯૨ ની છે. અમરેલી કસબો, ધારી, કોડનારી, ઓખામંડળ અને દામનગર એ પ્રમાણે પાંચ છે. એ વહીવટદારોનાં તાબામાં છે. તે શિવાય શિયાનગર અને ભીમકટ એ પેટા મહાલ છે. અને તે મહાલકરીઓનાં તાબામાં છે. આ પ્રાંતની ઘણીખરી જમીન પાહાડી, ખરબચડી અને થોડી સપાટ છે, તેમાં ગહું, જાર, કઠોળ, કપાસ, શેરડી વગેરે પાકે છે. આ પ્રાંતમાં વસ્તી મુખ્ય રજપૂત, રબારી, કોળી, કાઠી વગેરેની છે, પણ ખુદ અમરેલી કસબામાં વાણીયાં બ્રાહ્મણ અને બીજા કારીગરો પણ વસે છે.

અમરેલી કસબો સારી વસ્તીવાલો છે. આ કસબામાં ગાયકવાડી રાજ્યનાં પશ્ચિમ પ્રાંતના સુબા અને કાઠીયાવાડનાં પોલીટીકલ એજંટની દરમ્યાન બ્યવ્હાર સારૂ, વડોદરા ખાતેના એજંટ અમરેલીમાં રહે છે. વળી પ્રાંતન્યાયાધીશ પ્રગણાનાં વહીવટદાર તથા મુનસફ કચેરીઓ એજ કસબામાં છે. ખુદ અમરેલી કસબામાં જવું હોય તો ચીત્તપળનાં સ્ટેશન ઉપરથી ૧૨ માઇલ ચાલી જવું પડે છે. કસબાની વસ્તી ૧૬૦૦૦ ની છે.

અમરોલી—વાયવ્ય પ્રાંતનાં ફરૂકાબદમાં આવેલું આ શેહેર અલઇગરથી ફત્તેહપુરના માર્ગમાં આવેલું છે. ફત્તેગરની ઉત્તર પશ્ચિમે ૨૬ માઇલપર છે.

અમલ—'અમલ ખાના' નામના રજપૂતાનામાં અફીણ પીવાનાં ઘણાં મકાનો પ્રસિદ્ધ છે. રજપૂતોમાં 'વીનાશ કાળે વીપ્રત બુદ્ધી' તેમ છેલ્લી પડતી દશામાં અફીણના અમલની ભુંડી ટેવ તેમને પડવાથી તેઓએ દુઃખો વેઠી વેઠતાં આવ્યા છે. તેઓમાં અમલ કરવાની એક ચાલુ રસમ પડી ગઈ છે. જન્મ દિવસના શુભ હિંગામપર જરદાર સરદારો પોતાનાં મિત્રોને આમંત્રણ કરી અમલ કરાવે છે. પ્રથમ સઘળાઓ એખટા થાય છે કે પછી ચોકસ અફીણનો જથ્થો વચમાં લાવી મુકે

છે, પછી તેને પાણીમાં પળાલી તે જેમ કોઈ પીએ તેમ તેને વાટકા ભરી પાય છે. આ અમલની નિશાથી ઘણાકો બેભાન હાલતમાં ઘણા વખત સુધી પડી રહે છે.

અમલબેદ—એના ઝાડ બનારસ તરફ થાય છે. એ ફળ ઘણું ખાટું હોય છે. એનો વાસ પાકેલી કેરી જેવો આવે છે. આ ફળની એક અજાયબ ખુબી એ છે કે, જો પોલાદની સોય આ ફળમાં ભોકી હોય તો તે થોડા વખતમાં પઘળી જાય છે. અમલ બેદ પેટના તથા ગુલ્મ વગેરે રોગોપર અકસીર છે, ઔષધીમાં એનો રસાયનો જેવો ઉપ્યોગ થાયછે.

અમલસારો ગંધક—ગંધકને તાવીને તેના પાછા ગાંગડા બાંધે છે તે આ વસ્તુ. (જુઓ આમ્મલસારો ગંધક.)

અમલસોનાથ—આ ઈટાલ્યન શાહાજાદી પ્રસિદ્ધ રાજા થીયોડરીકની બેટી હતી. રાજા ઇ. સ. પ૨૨ માં મરણ પામ્યો. ગૉથીક લોકના કાયદા મુજબ સ્ત્રીથી રાજ્યપદ ભોગવી શકાય નહિ તેથી અમલસોનાથનો દીકરો ગાદીનો ધણી થયો. આ સમે 'અથેલરીક'. તદન બાળક હોવાથી તેના વતી એણીએ રાજ્ય કારોબાર ચલાવવા માંડયો. આ બાનુ લાટીન, ગ્રીક તથા ગૉથીક ભાષા જાણતી હતી. આ બાનુ દીલે દયાળુ અને ઉદાર વૃતીની હતી. થીયોરીક 'બોઇથીઉસ' નામના પ્રસિદ્ધ અને વિદ્વાન ઉમરાવને તથા તેના સસરાને બીન તકસીરે કેદમાં પુરી તેમની માલ મીલકત લુટી લીધી હતી, તે આ દયાળુ રાજમાતાએ માફ કરી હતી. આ બાનુ બીજા રાજ રજવાડા સાથે મિત્રાચારીથી વરતતી. ટર્કીનો સુલતાન એણીનો મીત્ર હતો.

અમલસોનાથે પોતાના કુંવરને સારી કેલવણી આપવાની ઘણી કોશેશ કરી, પણ તે ઉછાછલો બાળક રાજા બુરી સંગતમાં છગી ગયો હતો, તેને અમલસોનાથે ઘણીક શીખામણો આપી સુધારવાની કોશેસ કીધી, પણ તે સુધર્યો નહિ. એક વેળા તેની સાથે કરડાઇથી વરતવાથી તેના પ્રપંચી મિત્રોએ તેને કેલવણી આપવાનાં બહાનાથી પોતાના લશકરી સફમાં લીધો અને તેની પર પોતાનો કાબુ વાપરવા લાગા. આથી અમલસોનાથે પોતાના બચાવ થકી પોતાનો સર્વ ખજાનો ડીરાશીઅમ ખાતે મોકલી કૉન્સટન્ટીનોપલ તરફ નોહાસવાનો ઇરાદો કરી રાખ્યો. તેણીએ તેના પ્રપંચી મિત્રોમાંના ત્રણની ગરદન મરાવી પણ તે કુછંદી બાળકે તેમની સંગત તજી નહિ. તે બાળક રાજા બદફેલી અને ખાવાપીવાની પરહેજી વગર ગળાતો જઈ ૧૬ વર્ષની ટુંક વયે મરણ પામ્યો.

પોતાના બેટાના અકાળ મરણથી તેણીને ઘણું દુઃખ ઉપજ્યું. તેમજ હવે તેણીને કોઈનો આશ્રો નહિ રહેવાથી તેણીએ પોતાની ફુઇના દીકરા 'થીયોડોરસને' ગાદીવારેસ ઠેરવ્યો. થીયોડોરસે અમલસોનાથા સાથે સારી રીતે વર્તવાનું વચન આપ્યું, પણ તે બદ સંગતથી નાફરમાન તથા અપકારી નીવડયો. તે પોતાને મળતી સારી શીખામણોથી વેરી બન્યો અને પોતાનું ભલું કરનાર બાનુ અમલસોનાથને પ્રપંચથી કેદ કરી. તેણીને બોલસીના ટાપુમાં મોકલી ત્યાં ઇ. સ. પ૩પ માં નીર્દય રીતે ફાંસી આપી મારી નાખવામાં આવી.

અમલા—માળવામાં ધારના રાજ્યનું એક ગામડું. આ ગામ ધારની ઉત્તરે ૧૦ માઇલ પર છે.

અમલાન—(જુઓ આંબલી.)

અમવા—બુંદેલખંડમાં આ શેહેર પુણા જીલ્લાના તાબે છે. રાવી નદીની ઉત્તર પશ્ચિમે ૩૧ માઇલપર છે.

અમશાસપંદ—જરતોસ્તી ધર્મ પ્રમાણે જગતનાં પેદા કરનાર 'અહુરમજદની' એ સાત મોટી શકિતઓ, કે જેના નામોના અર્થોજ તે સાહેબની ઇચ્છા અને અસર બતલાવે છે. અમશાસપંદનો અર્થ 'બેમર્ગ' અને

પવિત્ર એવો થાય છે. અમશાસ્પંદના બીજા અર્થ પવિત્ર, નિર્મળ, અથવા વૃધીમાં સદા વધનાર એવાં થાય છે. એ અમશાસપંદો તે અહૂરમજદની નજદીકનાં હજુરી ફરેસ્તાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ સાત અમશારપંદો અહૂરમજદ, બેહેમન, અર્દીબેહેસ્ત, શહરીવર, અસપંદારમદ. ખુરદાદ અને અમિરદાદ એઓ ચઢતે દરજ્જેનાં ઇજદો છે. એ અમશાસપંદોને હિંદુઓ "આદીત્ય અને હિબ્રુઓ Archangel નાં નામથી ઓળખે છે.

એ અમશાસપંદોને જોડયા ઇજદો નેમી આપેલાં હોય છે, જેઓ તેઓનાં કામમાં મદદગાર થઈ પડે છે. દરેક ઇજદ નીતિમાંન ગુણ અને સાથે સૃષ્ટિની અકેક ઉમદા પેદાયશો ઉપર નેમાયલાં છે. આ સાતે અમશાસપંદનું વર્ણન નીચે મુજબ છે.

અહૂરમજદ. એ સાત અમશાસપંદમાંનો પેહલો અને મુખ્ય છે. અહૂરમજદ યષ્ટમાં ૩ જા અને ૨૪ માં ફકરામાં તે પોતાને અમશાસપંદ તરીકે ગણે છે, જ્યારે તેના પછીનાજ ફકરામાં જણાવે છે કે બહમનથી તે અમરદાદ સુધીના અમશાસપંદો મારી પોતાની પેદાયશ છે. દાદાર અહૂરમજદની બે શકિતઓ જગતમાં હસ્તી ધરાવે છે, એ બે શકિતઓ તે સ્પેન્તામઇન્યૂશ અને અંગ્રેમઇન્યૂશ (વધુ માટે જુઓ પાનું ૩૦ મું) નામની છે. એ બેઉ શકિતઓ ગુણ, કામ, રૂપ અને ખાશીયત વગેરે સર્વે ચીજોમાં એક એકથી ઉલટું કામ બજાવે છે. અવસ્તામાં અહૂરમજદ માટે ત્રણ શબ્દ વપરાયલા છે કે, જે શબ્દો અહૂર-મજદ અને હોરમજદ છે. હોરમજદ એ અવસ્તાના અહૂરમજદનો અપભ્રંશ શબ્દ છે. આખી અહૂરમજદ યષ્ટ દાદાર અહૂરમજદની તારીફમાં અને કિર્તી ગાવાના બાબમાં લખાયલી છે. એ યષ્ટમાં જણાવેલા દાદાર અહૂરમજદના નામ બહુજ એજમતી અને ઉત્તમ અસર ધરાવનારાં છે. કોઈબી અવસ્તા એવા ન હશે કે જે અહૂરમજદની તારીફમાં નહિ લખાયલાં હોય. ખુદ ગાથામાં અહૂરમજદની વખાણમાં પુષ્કળ ફકરાઓ લખાયલાં છે.

બેહમન. આ અમશાસપંદનો અવસ્તા શબ્દ 'વોહુમન' છે. વોહુમનો એ બોલ: વંઘ્રહુ=વસુ એટલે ભલું, નેક, તથા મન= વિચારવું ઉપરથી નીકળીને ભલું મન એવો થાય છે. ભલા મન શિવાય એનો અર્થ સૂદ્દહે, અક્કલ, તથા ડાહાપણ પણ થાય છે. ડાહાપણ બે રીતે મળે છે, એક તો જનમથીજ માણસને મળે છે, અને માણસમા જન્મથીજ હોય છે, જેને જંદમા-અસન્યખ્રત્ર Intuition (અંતર્જ્ઞાન; સહજ-અયત્નજ્ઞાન) કહે છે; અને બીજું ડાહપણ જે માણસ સાંભળવાને અથવા ભણીને મેળવે છે તેને ગએશો સૂતહેખત્રૂ એટલે કાને સાંભળેલી અક્કલ કહે છે; આ જગામાં તે કીરતારને પુરતી રીતે ઓળખવાને માણસને અક્કલની વધારે જરૂર છે. બેહેમન અમશાસપંદને અક્કલે અવ્વલ' તરીકે ઓળખવામાં આવે છે. વળી એ 'ગેઉપ ઉર્વાન' એટલે ખુદરતનો રૂહ (Universal sout of Nature) ઉપર મવક્કલ છે. બેહમન જો હોય નહિ તો આ જગત તેમજ સર્વે પેદાયશો, બુરા રાક્ષસો અને દેવદરૂજોનું સદાનું રેહેઠાણ થઇ પડે. વોહુમનના હરીફ તરીકે અહરેમને પેલા મીતોખ્ત (જુઠાપણું) અને ત્યાર પછી અકોમન (બુરા વિચાર)ને પેદા કીધાં.

વોહુમનને લગતું વર્ણન અવસ્તામાં જગેજગ મળી આવે છે. આખી પેહેલવી બહમન યષ્ટ એ અમશાસપંદની ખુબી અને કિર્તીમાં લખાયલી છે. હપતનયષ્ટના કેટલાક ફકરાઓ તથા અહૂનવઇતી ગાથાના ૩ જા હા. ના ૯-૧૧ અને ૧૩ મો ફકરો; ૩૦ મા હા. નો ૧૦ મો ફકરો; તથા ૩૪ મા હા નો ૧૧ મો ફકરો એ અમશાસપંદની તારીફમાં લખાયલાં છે.

બેહમન મનુષ્યનું રક્ષણ કરે છે એટલુંજ નહિ પણ તે ગોસપંદો ઉપર પણ મવક્કલ

છે. પતેત પશેમાનીમાં ગાય ઢોર ઉપર ઘાતકીપણું ચલાવનાર જુલ્મી માણસને વોહુમનો (ગોસપંદની પાસબાની કરનાર અમશાસપંદ) તરફ ગુન્હેગાર તરીકે ગણેલો છે. બુનદેહશના ૭ માં પ્રકરણમાં ૩ ફકરા ઉપરથી જણાય છે કે તેશતર સેતારાને 'વસાદ લાવવાની મદદમાં બીજાઓ સાથે વોહુમનો પણ મદદ કરે છે. વંદીદાદની ૧૯ મી પ્રગરદ ઉપરથી જણાય છે કે 'બેહમન' અમશાસપંદ બીજા ઇજદો સાથે અશોઓના ભલાં રવાંનોને બેહેસ્તના દરવાજા પાસે આવકાર દે છે.

વોહુમનોની સામે દુન્યાની આખેરીએ 'અકોમન' થશે, તેને વોહુમનો (જમયાદ યષ્ટના ૪૬ માં ફકરા પ્રમાણે) મારશે.

અર્દીબેહેશ્ત. આ અમશાસપંદને અવસ્તામાં 'અષવહિશ્ત' અથવા અષ તરીકે જણાવ્યો છે. તે ભીતરના આતશ ઉપર ને અનદીઠ આતશ ઉપર મવક્કલ છે. તે જગતને લોહચુંબક શક્તિ, રોશની ગરમી, વીજળી વગેરે પુરી પાડે છે. અશવહિષ્તનો અર્થ "સૌથી સરસ અશોઇ થાય છે, એ ખુબસૂરત અને નૂરમંદ છે. રોશની અહૂરમજદની ખાશીઅત હોવાથી અને તે સર્વ ઠેકાણે પંથરાયલી હોવાથી 'અશવહિસ્ત' ખુદાનું સર્વ વ્યાપકપણું જણાવે છે.

અર્દીબેહેશ્ત વિશેના બ્યાનમાં આખી અર્દીબેહેશ્ત યસ્ત લખાયલી છે, તથા અહૂનવઇતિની બંદગીનાં ૩૪ માં હા:ના ૪ થા ફકરામાં જણાય છે કે, જે આતશ અષની મારફતે, પોતાના પુરતા કૌઅતે કરીને દ્વેષ રાખનાર શખસને મજબુત શિક્ષા કરનારો છે. એજ અમશાસપંદ વિશેનું બ્યાન તેમાંથી મળે છે. અશવહિશ્તનો હરીફ વેદનો ઇંદ્ર તથા પેહેલવીમાં અન્દર તરીકે જણાવેલો છે. અર્દીબેહેશ્ત અમશાસપંદના હાથમાં બેહેશ્તની ચાવી છે યાને સૌથી ઉત્તમ અશોઇ અખત્યાર કરવાથી બેહેસ્ત પ્રાપ્ત થાય છે. (વધૂ માટે જુઓ અર્દીબેહેસ્ત)

શહરીવર. આ અમશાસપંદને અવસ્તામાં 'ક્ષથ્રવર્ઇર્ય' તરીકે ગણેલો છે. એક સામાન્યનામ તરીકે એ શબ્દ દોલતને અર્થે અને રાજ્ય અથવા રાજ્યકારોબારને માટે વપરાય છે. મેહેર યસ્તનાં ૧૨૯ માં ફકરામાં ક્ષથ્રવઇર્યને ધાતૂ ઉપરનો મવક્કલ ફરેસ્તો ગણેલો છે. ક્ષથ્રવઇર્ય વિષેનું વર્ણન હપ્તન યસ્તમાં, વંદીદાદની ૧૭મી પરગરદના ૬ ઠા અને ૮ માં ફકરામાં તેમજ અહૂનવઇતી ગાથાના ૩૩ માં હા:ના ૧૩ માં ફકરામાં મળી આવે છે. એની સામે લડાઇ કરનાર અવસ્તા પ્રમાણે સાઉરૂ (પેહલવી સોવર) છે.

અસ્પનદારમદ. એ પાંચમો અમશાસપંદ જેને સ્પેન્તા આરમઇતિ નામે પણ ઓળખવામાં આવે છે. એનો અર્થ ડાહાપણ તેમજ તાબેદારી, પરમેશ્વરની મરજી ઉપર સર્વે ચીજ મુકવી તે (Resignation to the will of God) થાય છે. રીગવેદમાં જણાવેલા આમેઇતિની મીસાલ એ પણ તાબેદારી અને બંદગી ઉપર મવક્કલ છે. વંદીદાદની ૧૯ મી પ્રગદના ૧૬ માં ફકરામાં અસ્પનદારમદને અલંકાર રૂપે અહૂરમજદની બેટી તરીકે ગણી છે. એ એક નારી ફરેસ્તો છે. અસ્પનદારમદ પોતે જમીન ઉપર મુકરર છે.

ખુરદાદ. આ અમશાસપંદને અવસ્તામાં 'હઉર્વતાત' કહે છે. ખુરદાદ યસ્ત ઉપરથી એવું સીદ્ધ થાય છે કે, એ ફરેસ્તો આકાશી દુન્યાઓ ઉપર તેમજ પાણી ઉપર સરદારી ભોગવે છે. ખુરદાદ યસ્ત આખી એની સીફતમાં લખાયલી છે. હઉર્વતાતનાં અર્થ પ્રમાણે એ સંપૂર્ણતા અથવા તંદરોસ્તી ઉપર મવક્કલ છે. તે તઉર્વ નામના દેવનો હરીફ છે. એ તઉર્વ નામનો દેવ જેને પેહેલવીમાં તઉરપે કહે છે તે દુ:ખ તથા સંતાપનો દેવ છે. ગાથા ઉપરથી જણાય છે કે ખુરદાદ અને અમરદાદ એ બેઉ અમશાશપંદોનો સંબંધ ઘણો નીકટ છે. એ બેઉને અહૂન-

વધતી ગાથાના ૩૧ માં હા:નો ૭ મો, ૫૧ માં હાનો ૭ મો ફકરો એનાં સાથેજ આરાધવામાં આવેલા છે.

અમરદાદ. આ અમશાસપંદને છેલ્લા સાતમાં દાખલ અવસ્તાંમાં અમેરેતાત કરીને કહે છે. એ ઝાડપાન તેમૃજ અમરપણા ઉપર મવકક્લ છે. એ અમશાસપંદ હમેશાં ખુરદાદનો ગોઠીગો છે. એના હરીફો તારીક અને ઝારીક જેઓ ભૂખ અને તરસ ઉપરના દેવો છે તેને ગણેલાં છે. આ અમશાસપંદ ગાય ઢોરના ટોળાની આબાદી ઉપર, અનાજના ઉગવા ઉપર અને ગયોકેરન ઉપર સરદારી ભોગવે છે. ઉપલા ખુરદાદ અમશાસપંદના જણાવેલા ફકરા અમરદાદને પણ લાગુ પડે છે. દીનકર્દ વાલ્યુમ ૭ ને પાને ૪૨ માં જણાવવામાં આવે છે કે, બદનને પાયદાર રાખવા સારૂં ખોરાકની અગત છે અને ખોરાકની મદદ તેને ખુરદાદ તથા અમરદાદ તરફથી મળે છે. (જુઓ અમરદાદ) ઉપર જણાવેલામાંના કેટલાંક અમશાસપંદો સારૂં એકેક યસ્ત તેની બંદગી થકી રોકવામાં આવી છે. એ યસ્તો ભેદ અને ફીલસુફીથી ભરપૂર છે, જેમાં ઘણા ઉત્તમ સબકો આપવામાં આવ્યાં છે.

અમ્સટરડમ—એ નેધરલેંડનું મુખ્ય રાજધાની શેહેર ઉત્તર હૉલંડના પ્રાંતમાં 'અમસ્ટલસ' નદીપર આવેલું છે; આ નદી ઉપરથી અમસ્ટરડમ નામ પડયું. આ શેહેર જૂદા જૂદા બેટોમાં વિખેરાયલું છે, અને પુલો મારફતે બધેબધ વેહવાર ચાલે છે. ઈ. સ. ૧૨૦૦ માં અમસ્ટરડમ ફકત માછીમારોનું એક પરૂં હતું, આગળ ૨૦,૦૦૦ માણસોની વસ્તી હતી; હાલમાં ૪૧૭૮૩૯ ની મોટી વસ્તી છે. આગળ આ શેહેરને કિલ્લેબંદીથી મજબુતી કરી લેવામાં આવી હતી પણ હાલમાં એનું બારૂં ઘણું મજબુતી ધરાવે છે. સત્તરમી સદીમાં આ શેહેર દુન્યાનાં જાણીતા બંદરોમાંનું એક હતું. હાલમાં આ શેહેર નેધરલેંડનું મુખ્ય વેપારી મથક છે; તેમજ ઇસ્ટ અને વેસ્ટ ઈંડીઝનું મુખ્ય બંદર છે. અત્રે હિરા કાપવાનું કામ ઘણાં મોટા પાયાપર ચાલે છે. અમસ્ટરડમનું બંદર એક મૈલ લાંબું છે અને તે યૂરોપનાં સર્વેથી સરસ બંદરોમાંનું એક છે. યૂરોપમાં રાજ્યની ઉથળપાથળ કરનાર નેપોલ્યન બોનાપાર્ટના ધુજારા અને લઢાઇઓ આગમજ અમસ્ટરડમનો વહિવટ જીંદગી સુધીના ૩૦ સેનેટરો અને કેટલાંક બર્ગોમાસ્ટરો ચલાવતા હતા. આ શેહેર ૯ માઇલના ઘેરાવાનું છે. શેહેર નેહેરોથી વેંહેચાઈ ગયલું હોવાથી ૯૫ બેટોવાલું જણાય છે અને તેપર ૩૦૦ પુલો મારફતે વેહવાર ચાલે છે. ૧૬૪૮ માં રાજમેહેલ બાંધવા શરૂ કર્યો હતો તે ૧૬૭૫ માં બંધાઈ રહ્યો હતો. તેની પાછળ ૭૫૦૦૦૦ પૌંડનો ખર્ચ બેઠો હતો.

અમસ્ટરડમ ન્યૂ—આ બ્રિટીશ ગાયનાનું બંદરવાલું શેહેર છે. બાર્બીક અને કોનજી નદીના સંગમ આગળ આવેલું છે. આ શેહેર ડચ લોકોએ વસાવી ડચ બાંધણી પ્રમાણે બાંધ્યું છે. અત્રે ત્રણ કિલ્લાઓ છે તથા ૧૮૦૦ માણસોની વસ્તીછે.

અમ્સલસ સેમ્યૂઅલ—જર્મનીમાં પેહેલવેહેલું હુન્નર કામ દાખલ કરનાર તરીકે એ પ્રસિદ્ધ છે. એનો જન્મ સ્વીટઝરલેંડ ખાતે ૧૭૯૧ ની ૧૭ મી ડીસેંબરે થયો. મ્યૂનિચ ખાતેની બાદશાહી 'ફાઇન આર્ટસ'નો તે પ્રોફેસર હતો. એણે ત્યાં હુન્નરમંદીનો વધારો કર્યો હતો. એનું મરણ મ્યુનીચ ખાતે ૧૮૪૯ માં ૧૮ મીએ નીપજ્યું.

અમહર્સ્ટ વિલીયમ પીટ અર્લ આફ—જનમ ઈ. સ. ૧૭૭૩ માં ૧૪ મી જાનેવારીએ થયો. ચીનમાં ઈંગલાંડ તરફના એલચી તરીકે ૧૮૧૬ માં એ મીશન સાથે ગયો હતો. ઘણીક તકરારો તથા મુસીબતો પછી તેમને ચીનના મધ્ય દેશમાંથી મુસાફરી કરવાની પરવાનગી મળી હતી. જ્યારે તેઓ પેકીન જઇ પુગા ત્યારે ત્યાં ચીનના

શેહનશાહ પાસે જવા માટે કેટલીક ક્રિયાઓ કરવી પડેછે, તેવી ક્રિયાઓ અમહર્સ્ટે કરવા દેવા ના પાડી, તેથી તેમને મીશન દાખલ ચીનના શાહાનશાહ પાસે જવા નહિ દીધા હતા. અહીંથી તે મીશન સાથે પાછો બટેવીયા તરફ વળ્યો, ત્યારપછી હિંદુસ્થાનનાં વાઇસરાયની જગાપર ૧૮૨૬ માં નેમાયો. મરણ ૧૮૫૭ ની ૧૩ મી ફેબ્રુઆરીએ નીપજ્યું.

અમહર્સ્ટ—બ્રિટીશ બરમાંમાં આવેલો આ જીલ્લો મુખ્ય કમીશનરની સત્તા તળે છે. આ શેહેર ૧૮૨૬ માં વસાવી અર્લ આફ અમહર્સ્ટ ઉપરથી તેનું નામ રાખ્યું હતું. આગળ આ શેહેર બ્રિટીશ બરમાનું રાજ્યધાની શેહેર હતું. આખા પ્રાંતની વસ્તી ૧૮૮૧ પ્રમાણે ૩૦૧,૦૮૬ ની હતી. શેહેરની વસ્તી ૩૦૦૦ છે.

અમાઈતિ—મેવારનું આ શેહેર નીમચથી જોધપૂરનાં માર્ગમાં આવેલું છે. નીમચની ઉત્તર પશ્ચિમે ૯૦ માઇલપર અને જોધપૂરની દક્ષિણ પૂર્વે ૧૦૨ માઇલપર છે.

અમાકૂસા—આ બેટ જપાનની શાહાનશાહતમાં 'કયૂસ્યૂ'ની પશ્ચિમે આવેલું છે. જમીન ફળદ્રુપ હોવાથી કુદરતી દેખાવો માટે પ્રસિદ્ધ છે.

અમાગીર—આ નાનું બેટ કોપેનહેગનનાં દક્ષિણ કીનારે આવેલું છે. અહીં એક નાનું ગામડું વસેલું છે. એનું ક્ષેત્રફળ ૨૪ ચોરસ માઇલ છે. કોપેન હેગનને એ ગામડું ભાજી તરકારી, દહી, દુધ, ઘી, માખણ વગેરે ખોરાકી પુરી પાડે છે.

અમાડી કાર્લોએનટોનિયો—આ વનસ્પતિ શાસ્ત્રી તથા વૈદનો જન્મ બોલોગન ખાતે ૧૭ મી સદીમાં થયો. આ શાસ્ત્રી વનસ્પતિ વિદ્યામાં એટલો તો પુરવીણ હતો કે, કોઇ પણ ધાન્ય જોઈ તેને તુરત પારખી કહાડતો; અને તે કીયા વનસ્પતીનું બી છે તે કહી શકતો. મરણ ૧૭૨૦ માં નીપજ્યું.

અમાડીયા કાર્લો એનટોનિયો—કુરદીસ્થાનને લગતો એક તાલુકો, તાઇગ્રીસ નદીની એક શાખાપર આવેલો છે. મોસેલના ઉત્તર પશ્ચિમે ૬૫ માઇલપર છે. અહીં એક મોટો જોવાલાયક કિલ્લો છે. આ કિલ્લાની મજબુતી ઉપરથી તેને કુરદીસ્થાનનો દરવાજો ગણવામાં આવે છે.

અમાનસ—આ એશિયા માઈનરમાં આવેલા એક પર્વતની હાર છે. તે યૂરોપ પર્વતની શાખા દાખલ જાણીતી છે. એની લંબાઇ ૧૬૦ માઈલની સિલેસિયાથી યૂફ્રેટીસ અને સિલેસિયાથી ઉત્તરે લંબાય છે.

અમાના—વીનઝુલામાં આવેલી આ નદી ૧૪૦ માઇલ લાંબી છે. પારિયાના અખાતમાં તે ખાલી થાય છે, એનો બીજો ભાગ વ્યાઝીલના સરોવરમાં પડે છે. આ સરોવર ૨૦ માઇલ લાંબો અને ૧૦ માઇલ પોહોળો છે.

અમાપૂર—નેપાલના રાજ્યમાં આવેલું આ એક ગામ, કટમાંડુની દક્ષિણ પૂર્વે ૧૧૩ માઇલપર છે.

અમરાહુ—ઔદના બન્સવાર જીલ્લામાં આ ગામડું છે. આ ગામ ગંગાનદીના ડાબા કાંઠાપર વસેલું છે. કાનપૂરથી પ્રતાપગઢનાં માર્ગમાં, કાનપૂરની દક્ષિણ પૂર્વે ૩૮ માઇલપર છે.

અમારીબો—ફ્રેન્ચ ગાયનામાં આ એક નદી છે. ઉત્તરેથી વેહતી અટલાનટીક માહાસાગરમાં ખાલી થાય છે. લંબાઈ ૧૪૬ માઇલની છે.

અમાલ્ફી—હાલમાં પડતી હાલતમાં આવેલું નેપલ્સનું આ બંદરવાળું શેહેર. વસ્તી ૬૦૦૬ ની છે. પૂર્વ તરફના વેપારનું આગળ આ એક મથક હતું. આગળ એ ઇટલીનાં રાજ્યને તાબે હતું અને ઇજીપ્ત સાથે મુખ્ય વેપાર ધરાવતું હતું; હાલમાં તે સ્વતંત્ર છે.

અમાલાપૂર—મદ્રાસ ઇલાકાનાં રાજમંદીરમાં આ શેહેર છે. એ ગોદાવરી નદીને કાંઠે છે. કારીનગાની દક્ષિણ પશ્ચિમે ૨૪ માઇલપર છે.

અમાવાસ્યા—જે તીથીની આખરે સૂર્ય અને ચંદ્ર એઓનો પૂર્વ પશ્ચિમ અન્તર બીલકુલ હોતો નથી તે, મહિનાનો ત્રીસમો દહાડો. જે રાતે ચંદ્ર બીલકુલ ઉગતો નથી

તે દહાડો અમાવાસ્યાનો ગણાય છે, અમાવાસ્યાને દિવસે હિંદુ ધંધાદારીઓ પોતાનું કામકાજ કરતાં નથી અને તેમ કરવાની તેમને મનાઇ છે. પણ એ ચાલ હાલમાં નહિ જેવો છે.

અમાસિયા—એશિઆટીક ટર્કીમાં આ એક શેહેર છે. વસ્તી ૩૦૦૦ ની છે. આગલા વખતમાં બંધાયલી જોવાલાયક ઇમારતો અત્રે પુષ્કળ છે. સુલતાન બઝાંઝીદે બંધાવેલી ભવ્ય મસજીદો પણ ઘણી છે. ફક્ત એજ ઉંચા પથ્થરોથી બાંધેલો મિનારો જોવાલાયક છે.

અમિત્રઘાત—ભરતખંડનો માહારાજા ચંદ્રગુપ્તનો એ કુંવર હતો. એનું બીજું નામ 'બીંદુસાર' હતું. એ રાજા ઇ. સ. પૂર્વે ૨૯૧ માં ગાદીનશીન થયો. એણે પોતાનું રાજ્ય ઘણી કુશળતાથી તથા અદલપણે ચલાવ્યું. ૨૮ વર્ષ રાજ્ય ભોગવી ઇ. સ. પૂર્વે ૨૬૩ માં મરણ પામ્યો.

અમીનગર—બેલગામ જીલ્લામાં આ ગામડું કુલાદગીથી મુડગલનાં માર્ગમાં છે. કુલાદગીની દક્ષિણ પૂર્વે ૩૨ માઇલપર છે. (૨) બંગાલ પ્રાંતમાં 'પૂરાલીયા'માં આવેલું આ ગામડું છે. કુશી નદીના જમણે કાંડે વસેલું છે. મદીનાપૂરની ઉત્તર પશ્ચિમે ૫૦ માઇલ પર છે.

અમીન્ટાનીકોલસ—આ ઇટાલ્યન પ્રસિદ્ધ વકીલનો જનમ નેપલ્સ ખાતે ઇ. સ. ૧૬૫૯ માં થયો. ૧૪ વર્ષની ઉમર વેર તે તદન આંધળો હતો, પણ ત્યારપછી આંખ સાજી થવાથી તેણે કાયદાનો અભ્યાસ કરી તેમાં મોટી પ્રતિષ્ઠા મેળવી. એના કાયદા સંબંધી પુસ્તકો તેમજ લખાણો ઘણાં છે. દેશહિતકારી દાખલ એણે મોટું નામ મેળવ્યું હતું. મરણ ૧૭૧૯ ની ૨૧ મી જુલાઇએ નીપજ્યું.

અમીની—ગ્વાલીયરમાં આ શેહેર, સિંધુ નદીના જમણા કાંઠાપર વસેલું છે. ગ્વાલીયરના કિલ્લાની પૂર્વે ૪૦ માઇલ પર તથા કાલ્પીની પશ્ચિમે ૪૫ માઇલ પર છે.

અમીર—ઉમરાવ, લૉર્ડ. રાજા તરફથી આ ખેતાબ મળે છે. કંઇક રાજકર્તાઓ અમીરના ખેતાબથી ઓળખાય છે, જેમકે કાબુલનો અમીર, તેમજ સરકારી ખાતામાં આગળ એ ખેતાબ ધરાવનાર ઓહ્‌દ્દેદાર રેહેતા હતા; જેમકે અમીરૂલ બહાર, (દરીયાઇ સેનાધિપતી) અમીર અલ સૂક, (કોટવાલ) અમીરજાદા, ઉમરાવ ખાનદાનના નબીરાને કહે છે. અમીરલ મોમીનીન યાને ઇમાનદારોનો મુખી. આ ખેતાબ ફક્ત ખલીફોનેજ એનાયત થતો હતો. અમીરલ ઉમર'નો ખેતાબ ઘણો ખરો લશકરના વડા સપેહસાલારને એનાયત થતો.

અમીરઅલી શીરફનાઇ—એનો પિતા ટાટારના પાદશાહનો વડો વજીર હતો. તે જોકે રાજદ્દવારી ખટપટમાં સદા ગુંતાયલો રેહેતો, તોપણ તેણે ફારશી તેમજ ટાટારી ભાષામાં ઘણાએક પુસ્તકો પોતાની ફુરસદે લખ્યાં હતાં. એના બાપે એને ઘણા ઉંચા પ્રકારની કેલવણી આપી હતી. સુલતાન બાબરનાં મરણ પછી તેના વારસ સુલતાન હુસેન મીરઝાંનો ઇ. સ. ૧૪૫૬ માં અમીરઅલી વડો દીવાન હતો. એનું રેહેવાનું મુકામ હિરાત હતું. અમીરઅલી ચુનન્દો રાજદ્દારી તેમજ શાએર દાખલ પ્રતિષ્ઠા પામ્યો છે. ઘણાં વર્ષો સુધી તેણે રાજ્ય કારોબાર ચલાવ્યો હતો, અને તે દરમ્યાનમાં એને દેશની આવકમાંથી વિદ્યા હુન્નરને તથા વિદ્વાનોને સારો આશ્રય આપી ઘણું ઉત્તેજન આપ્યું હતું. તે જોકે રાજદ્દારી ખટપટમાં સદા ગુંતાયલો હતો, તે છતાં ફારસી અને તૂર્કિ ભાષામાં ઘણાક પુસ્તકો રચ્યાં હતા. એણે નીજામના પંચ ગંજનો ટર્કીશ ભાશામાં તર્જૂમો કર્યો હતો; તેમજ એને ટર્કીશ ભાષામાં ઘણી મધુર ગજલો જોડેલી છે. એણે તૂર્ક ભાષામાં ૧૦૦૦૦ બયતો તથા ગજલોનું એક મોટું દીવાન રચ્યું હતું. એનું તખલ્લુસ ફનાઈ હતું.

અમીરકોટ—ગાહરાના પ્રાંતની સરહદપર આ શેહેર છે. અત્રે અકબરનો જન્મ હુમાયુનના ઇરાન જતી વેળા થયો હતો.

અમીરખશરૂ—આ શાએર રમુજી કવિતાઓ રચવામાં પ્રસિદ્ધતા પામ્યો છે. એનો જન્મ પતીયાલા ખાતે ઇ.સ. ૧૨૫૩ માં થયો. એનાપિતાનું નામ સફ્ઉદ્દીન હતું. અમીર ખશરૂ બચપણથી ઘણો ચપળ હતો. એણે પોતાની કેલવણી નિજામુદીન અવલીયા પાસે લીધી હતી. એણે સાત આસમાન નામનો બયતોમાં લખેલો ગ્રંથ સુલતાન કુતબુદીનને અર્પણ કર્યો, તેના બદલા તરીકે એને એક હાથી સુનાના સાજથી સજાવી તેની કિંમત જેવડા રૂપ્યા આપ્યા હતા. અમીર ખુશરૂનો પિતા શરફ્ઉદ્દીન હિંદુઓ સાથની લડાઇમાં માર્યો ગયો, તેની જગાપર અમીર ખુશરૂની નેમણુક કરવામાં આવી. થોડા વખત પછી દરબારી ખટપટની જીંદગીમાંથી નીકળી એણે એકાંતવાસ સ્વિકાર્યો, અને કવિતા જોડવાપર ધ્યાન આપી લોકહિતનાં કામમાં જીંદગી ગુજારી હતી.

આ શાએર એક ઉમદા ગવૈઓ હતો, એ તેની અસાધારણ શક્તિ વિશે ઘણા લોકો જાણીતાં છે. આ શાએરની દોસ્તી મેળવવા શેખસાદી હિંદુસ્થાન વેર આવ્યો હતો. એના ૯૯ ગ્રંથો રચેલાં છે, જેની આખી ટીપ મળી શકતી નથી. એનો બનાવેલો ગ્રંથ 'ઇશ્ક'માં ૪૦૦૦ બયતો છે. તખલઘશાહનાં ઈતિહાસમાં ૩૦૦૦ બયતો છે. એના દીવાનના ચાર ભાગો છે. એના સઘળાં ગ્રંથોમાં આવેલી એકંદર બયતો ચાર લાખ છે. એનો વિચાર પાંચ લાખ બયતો બનાવવાનો હતો, પણ તે પાર પડયો નહિ. એણે જૂદા જૂદા સાત રાજાઓની નોકરી બજાવી હતી. મરણ ૧૩૨૪ માં ૭૨ વર્ષની વયે નીપજ્યું.

અમીરખાન—રજપૂતાનામાં આવેલા 'ટોંક' નાં રાજ્યનો એ મૂળ પુરૂષ હતો. એનો પિતા હયાતખાન 'બોનર' ટોળામાંથી ઉતરી આવ્યો હતો. તે રોહીલખંડનો એક જમાદાર હતો. તેને ત્યાં અમીરખાનનો જનમ ઈ. સ. ૧૭૬૮ માં થયો. અમીરખાન બચપણથી ઘણો ચપળ હતો તેથી ઉમરે આવતાં લુટારા પીંઢારાઓની ટોળી સાથે જોડાઇ તેમની એક નાની પણ મજબુત ફોજ એણે એખટી કરી હતી. તે ફોજની મદદ બીજા આસપાસના રાજાઓને આપી પોતે મોટી કમાની કુટી કાઢતો હતો, ત્યાર પછી તેણે પોતાની ફોજ વધારી પોતાનાં બળમાં ઘણો વધારો કર્યો. પોતાની આ ફોજ સાથે તે મહારાજા જસવંતસીંગની નોકરીમાં રહ્યો. દરમ્યાન તેણે પેશવા અને સિંધ્યા સામેની લઢાઈઓમાં હોલકરની સારી સેવા બજાવવાથી હોલકરે તેને 'ટોકનું' રાજ્ય બક્ષીસ આપ્યું. ત્યાર પછી એણે જોધપૂર અને જેપૂરના રાજાઓ પ્રસિદ્ધ કૃષ્ણાકુમારી માટે લઢી મરતા હતા તેમની વચમાં પડી, જેપૂરના રાજા સાથે મળી જોધપૂરને બહુ નબળું પાડી નાખ્યું અને ત્યાં મોટી લુટ ચલાવી. ત્યારબાદ ઉદેપૂરના રાણાને સમજાવી તેની કુંવરી કૃષ્ણાકુમારીને પોતાને હાથે વીષ દઇ મારી નખાવી અને જયપૂરના રાજા ઉપર પીઠ ફેરવી તેના પણ હાલ જોધપૂરના રાજા જેવા કીધા.

૧૮૦૯ માં તેણે મોટી ફોજ સાથે નાગપુરના રાજા ઉપર ચઢાઇ કરી, પણ તે વખતે બ્રિટીશ સરકારે તેને ચેતવણી આપવાથી તે રજપુતાનાથી પાછો ફરી, નાગપુરથી પાછો વળતાં માર્ગમાં મોટી લુટ કીધી.

૧૮૧૭ માં બ્રિટીશ સરકાર લુટારૂ પીંઢારાઓનો દોર કમતી કરવાના કામમાં મંડી હતી; તે વેળા એક હોકમ અમીરખાનપર મોકલ્યો હતો કે, જો તે પોતાનું લશકર વિખેરી નાખશે તો તેઓ તેને ટોકના નવાબ તરીકે સ્વિકારશે, નહિ તો મુલક છીનવી લેશે.' અમીરખાને બ્રિટીશ સરકારને માન આપવામાં ડાહાપણ વાપરવાથી તે ટોકનો સ્વતંત્ર નવાબ થયો. અમીરખાન બ્રિટીશો તરફ ઘણો વફાદાર હતો. એનું મરણ ઇ. સ. ૧૮૫૪ માં નીપજ્યું.

અમીરશાહી—ફીરોજ કોહનો હાકેમ મલેક જલાલુદીનનો એ છોકરો તથા સીરબહાલ વંશના પાદશાહ 'હોમાના' ખાજે અલીસઇઅદનો એ ભત્રીજો હતો. એનો જનમ સબ્ઝવારનાં પ્રગણામાં ઇ. સ. ૧૩૮૫ માં થયો. આ શાએર ચિત્રકળામાં ઘણો કુશળ હતો. એણે પાદશાહ બાબર માટે ઘણી ઉમદા ગજલો જોડી તેથી શાહે ખુશી થઇ તેને આસ્ત્રાબાદની પુરાત ઇમારતોના ચીતારો પાડવા તે તરફ મોકલ્યો હતો.

અમીરશાહીએ એકંદર બાર હજાર બયતો બનાવી હતી પણ તેમાંથી એક હજાર પોતાના દીવાન માટે રાખી બાકીનાનો નાશ કર્યો હતો. પાદશાહ તૈમુરલંગના નબીરા 'બાયસન કરખાન' સાથે એ શાએરની ઘણી મિત્રાચારી હતી. પાછળથી એક નજીવા કારણ માટે બેઉમાં મતભેદ પડવાથી દોસ્તીમાં ખલલ પડી. તે કારણ એ હતું કે અમીરશાહી પોતાની કવિતામાં પોતાનું તખલ્લુસ શાહી વાપરતો, તેથી પાદશાહે કહ્યું કે હજરતની ઓલાદના શિયા મજહબવાળા (પાદશાહ પોતે) ને તે શાહી નામ લખાય, તેથી એ તખલ્લુસ બદલી નાખવું. અમીરશાહીએ એ વાતપર ધ્યાન નહિ આપવાથી તેને દરબારમાંથી કાઢી મેલ્યો. એનું મરણ ૭૦ વર્ષની બુજર્ગ વયે ૧૪૫૪ માં નીપજ્યું. એના વશીઅત મુજબ એનું શબ એની જન્મભૂમિ 'સબ્ઝવાર' માં લઇ જવામાં આવ્યું, અને નિશાપૂરની ભાગોળ આગળ દફનાવ્યું. એની કબર પાસે હાલમાં ઘણાં લોકો જીઆરતે જાય છે.

અમીર સઇઅદશાહ—ઇરાનના શાહ અહમદશાહના ખુન પછી તેનો આ બાળક બેટો દસ વર્ષની વયે ઇ. સ. ૯૧૫ માં ગાદીનશીન થયો. એના બાળ વયમાં એક રાજમંડળ મારફતે એનો કારોબાર ચાલ્યો હતો. ઉમરમાં આવતાં એણે પોતાનું રાજ્ય ઘણી કુનેહથી ચલાવ્યું. પેહલાં એનો કાકો ઇસહાક ખાનદાનનાં વડા દાખલ પાદશાહી દાવો કરી નીકળ્યો, તેને અને ત્યારબાદ તેનાજ બેટા મનસુરને સઇદે પોતાનાં સરદારોથી જેર કીધો. એના વખતમાં જાણીતો ફારસી શાએર અબુલ હસન રૂદાકી વખણાઇ ગયો છે. આ પાદશાહનો ઠાઠ ઘણો મોટો હતો. મુસાફરી દરમ્યાન પોતાનો દમામ બતાવવા માટે ૨૦૦ ગુલામ છોકરાઓને તે આગળ ચલાવતો અને માલમત્તાથી લાદેલા ૪૦૦ ઉંટોને તે પાછળ ચલાવતો. આ પાદશાહ ૯૪૩ માં ૩૮ વર્ષની વયે મરણ પામ્યો. એ પાદશાહ ઇન્સાફી અને ડાહ્યો હતો.

અમીલકોટ—સિંધમાં આ ગામડું અફઝુલપૂરથી શિકારપૂરનાં માર્ગમાં આવેલું છે. શિકારપૂરની પૂર્વે ૨૦ માઇલપર ઇન્ડસની સપાટ ભૂમીના કીનારાપર આવેલું છે.

અમીલીયા—(૧) શહાજહાનપૂરમાં આવેલું આ એક શેહેર છે. વાયવ્યપ્રાંતના લેફ્ટનન્ટ ગવરનરની અહીં સત્તા છે. બરઇલીથી સીતાપૂરના માર્ગમાં પૂર્વે ૫૨ માઇલપર છે. (૨) વાયવ્યપ્રાંતમાં આવેલા ઇટવામાં આ ગામડું કાલપીથી ઇટવાનાં માર્ગમાં, કાલ્પીની દક્ષિણ પૂર્વે ૨૮ માઇલપર છે. અહીંની જમીન સપાટ અને ફળદ્રુપ છે.

અમુદ—હિંદુસ્થાનનો આ એક રાષ્ટીય ભાગ છે, અને તે ગુજરાત પ્રાતમાં આવેલો છે. આ ભાગ દર્યાકિનારે આવેલો હોવાથી અહીં મીઠાંના વિશાળ આગરો છે.

અમુર—એશિયામાં આવેલી આ એક મોટી નદી છે. આરગન અને શિલકા નદી સાથે સાઇબિરીયામાં એનો સંગમ થાય છે. તારતરીનાં આખાતમાં તે ખાલી થાય છે. લંબાઇ ૨૫૦૦ માઇલની છે.

અમેરિકા—આ ખંડ આખી પૃથ્વિનો એક ચોથો ભાગ ગણાય છે. એની આજુબાજુ મોટા સમુદ્રો આવેલા છે, અને એ ખંડ પશ્ચિમ ગોળાર્ધમાં આવેલો છે. ખુદરતી રીતે આ ખંડ બે મોટી સંયોગી ભૂમીમાં વેહેંચાયલો છે, જેમાં એક ભાગનું નામ

ઉત્તર અમેરિકા અને બીજાનું નામ દક્ષિણ અમેરિકા પાડવામાં આવ્યું છે. આ બેઉ ભાગો પનામાંની સામુદ્રધૂનીથી જોડાયલા છે; અને મધ્ય અમેરિકા, એ સામુદ્રધૂનીની ઉત્તર તરફ હોવાથી એક ત્રીજો ભાગ ગણવામાં આવે છે. ઉત્તર અમેરિકામાં અલાસકા (જેને પેહેલાં રશીયન અમેરિકા કેહેતા હતાં) ગ્રીનલાંડ, કેનેડાનું રાજ્ય, યુનાઇટેડ સ્ટેટસ અને મેકસિકોનાં મુલકો આવેલાં છે. દક્ષિણ અમેરિકામાં કોલંબીયાનું યુનાઇટેડ સ્ટેટ, વેનઝુલા, ઇકિવેડોર, બ્રીટીશ ગાયના, ડચગાયના, ફ્રેન્ચ ગાયના, બ્રાઝીલ, પીરૂ, બોલીવ્હિયા, ચીલ્લી, આરજેનતાઈન અથવા લાપલાટા, પેરૂગુવાઈ, ઉરૂગુઆઈ અને પાટા ગોનીયાના મુલકો આવેલાં છે. મધ્ય અમેરિકામાં ગ્વાતેમાલા, સાનસાલવાડોર, હનડુરાસ, નીકારાગુવા, કોસ્ટારીકા અને બેલીઝદેશો આવેલાં છે. અમેરિકાખંડ ક્રીસ્ટોફર કોલંબસે ઇ. સ. ૧૪૯૨ માં શોધી કાઢયો હતો પણ અમેરિકા નામ અમેરિગો વેસીપીસીના નામ ઉપરથી આપવામાં આવ્યું છે.

અમેરિકાખંડ અને તેની સાથે જોડાયલા બેટોનો વિસ્તાર નીચે પ્રમાણે છે. ઉત્તર અમેરિકા ૮૮૯૨૦૦૦ ચોરસ માઈલ, દક્ષિણ અમેરિકા ૬૫૦૦૦૦૦ ચોરસ માઇલ. બીજા ટાપુઓ ૧૫૦૦૦૦ ચોરસ માઇલ, ગ્રીનલેંડ, અને તેની સાથે જોડાયલા હડસનની સામુદ્રધૂનીની ઉત્તર સુધી આવેલા ટાપુઓ આશરે ૯૦૦૦૦૦ ચોરસ માઈલ છે.

જુમલે વિસ્તાર ૧૬૪૪૨૦૦૦ ચોરસ માઇલનો છે. એ રીતે જોતાં યુરોપ કરતાં ૪ ઘણું મોટું, આફ્રિકા કરતાં $\frac{1}{3}$ મોટું અને એશયા કરતાં $\frac{1}{4}$ નાનું છે. અમેરિકાની ઉત્તરથી દક્ષિણ સુધીની લંબાઇ આશરે ૯૬૦૦ માઇલની છે. આ ખંડમાં દરેક જાતના નવી નવાઇના જાનવરો તથા વનસ્પતિઓ મળી આવે છે. કે જે દુનિયાંનાં બીજા ભાગોમાં જણાતાં નથી. આ ખંડમાં ખાણોની પેદાશ કોઇ પણ દેશ કરતાં ઘણીજ ચઢીયાતી અને જાત જાતની થાય છે, કે જેની બરાબરી કોઇ બીજો દેશ કરી શકતો નથી. આ ખંડમાં કેટલાક ઉંચા પાહાડો, મોટી મોટી નદીઓ અને આખી દુનીયાંમાં મોટામાં મોટાં મીઠાં પાણીના સરોવરો આવેલાં છે. થોડાક ભાગ શિવાય આખો અમેરિકા ખંડ યુરોપીયનોના સ્વાધીનમાં છે. આખા ખંડની વસ્તી ૧૦૦૦૦૦૦૦૦ ની ધારવામાં આવે છે. અમેરિકાના બ્રિટીશ સંસ્થાનોનો વિસ્તાર ૩૭૫૩૦૨૦ ચોરસ માઇલ અને પ્રજાસત્તાક રાજ્યનો ૩૫૦૧૦૦૦ ચોરસ માઇલનો છે.

અમેરિકા ખંડમાં દુન્યામાં સૌથી જોવાજોગ અજાયબીઓ ભરેલી છે. તેમાં મુખ્ય નીચલી અજાયબીઓ વધારે પ્રસિદ્ધ છે. નાયગરાનો ધોધ, કેનતકીમાં આવેલો મેમોથનો ગુફો કે જેમાં જમીન માહેથી નદીનાં પાણી પસાર થાય છે અને તેમાં આંખ વગરની માછલીઓ હોય છે જે સહેલાઇથી પકડી શકાય છે. મિસીસીપી નદી ૪૦૦૦ માઇલની લંબાઇ ધરાવે છે. દુન્યામાં સૌથી મોટી ખીણ મિસીસીપીની છે કે જેનો વિસ્તાર ૫૦૦૦૦૦૦ ચોરસ માઇલનો છે અને તે જગતમાં અત્યંત ફળવંત છે. લોકો માટે ફરવાનો સૌથી મોટો બાગ ફીલાડેલફિયા ખાતેનાં ૨૭૦૦ એકરના વિસ્તારવાલો છે. ચિકાગોનું અનાજનું બંદર સૌથી શ્રેષ્ટ છે. સૌથી મોટો સરોવર સૂપીરીઅરનો છે કે જે ૪૩૦ માઇલ લાંબો ને ૧૦૦૦ ઉંડો છે. સૌથી લાંબો રેલવે પેસીફીક રેલવેરોડ ૩૦૦૦ માઇલથી પણ વધુ લાંબો છે. નક્કર લોઢાનો સૌથી મોટો એખટો કરેલો જથો 'મીસૂરી ખાતેનો 'પાઇલટનૉબ ઉંચાઇમાં ૨૫૦ ફીટ અને ઘેરાવામાં બે માઇલ છે. દુન્યામાં યુનાની બાંધકામનો સૌથી સરસ નમુનો ફિલાડેલફીયા ખાતેની માબાપ વગરના બચાં માટે બાંધેલી 'જીરાર્ડ' કૉલેજ છે. સૌથી મોટી કોલસાની ખાણ 'પેનસીલવાનિયા'માં છે કે જેમાંથી દર વર્ષે લખો ટન કોલસો નીકળીયાજ કરે છે.

* * **વ્યાપાર**—અમેરિકાનો વ્યાપાર અતિ ગંજાવર આંકડાઓ દેખાડે છે. ત્યાંનું સઘળું લોક ઉદ્યોગી. સાહષિક અને શોધક-બુદ્ધિનું હોવાથી મજુરો પણ મોટી પેદાશ કરે છે. આ દેશે પોતાનો વ્યાપાર બહુ વધારી મેળ્યો છે. ધાતુ, કોલસા તથા ઉદ્યોગ મળી વર્ષ દહાડે ૧૦૦૦૦૦૦૦૦૦૦ ડાલરનો આંકડો થવા જાય છે. દર વર્ષે ત્યાંની ખાણોમાંથી ૭૮૦૦૦૦૦૦ ટન કોલસો નીકળે છે. એનો નીકાશ વ્યપાર ૭૯,૫૦૦૦૦૦૦ ડાલરનો, અને આયાત વ્યપાર ૬૩૫૦૦૦૦૦૦ ડાલરનો છે. વર્ષ દહાડે નજદીક ૫૦૦૦૦૦ માણસો યૂરોપથી ત્યાં જાથુકનાં વસવા જાય છે. મિસૂરી નદીમાં ૩૯૦૦ મૈલ સુધી સિદ્ધીને સિદ્ધી સ્ટીમર જઇ શકે છે. હાલ ત્યાં ૧૪૫૦૦૦૦૦૦ એકર જમીન પર ખેતીવાડી થાય છે, પોતાની વસ્તીને પુરા પાડીને તેઓ વર્ષ દહાડે નજદીક ૩૫૦૦૦૦૦૦૦ બુશલ અનાજ બીજાં દેશાવરો ખાતે મોકલે છે. દેશનો ઉદ્યોગ દેશમાંજ ખીલવવા માટે અમેરિકામાં બાહેરથી આવતા આયાત માલપર (તેમાં ખાસ કરીને દારૂ તથા તંબાકુપર) બહુ મોટી જકાત લેવામાં આવે છે. એ શિવાય બીજો કશો કર રૈઅત પર નાંખતા નથી.

કિમતી ખાણો—કિમતી ખણીજ પદાર્થોમાં અમેરિકા મુલ્યવાન છે. તેણે દુન્યાને સોના તથા રૂપાંનો મોટો જથો પુરો પાડયો છે. વળી અમેરિકા કોલસો, લોખંડ, ત્રાંબુ, સીસું, કલાઇ, પારો તથા પેટ્રોલિયમ તેલના કુવાઓનો અખુટ જથ્થો ધરાવે છે, જે કદી ન ખુટે એવો છે. ઇ. સ. ૧૮૭૦ થી ૮૦ સુધીનાં એક દાહેકામાં ત્યાં ૭૩,૦૦,૦૦,૦૦૦ ડાલરની કિંમતનું સોનું તથા રૂપું ખણી કાઢયું હતું. પણ હાલમાં દુનિયાનાં ખપનું અર્ધો અરધ સોનું રૂપું આ દેશ પુરં પાડે છે. લોખંડની ખાણો આખી પૃથ્વીને પુરી પડે એટલી અમેરિકા ધરાવે છે. કેલિફોરનિયા જે પોતાની કિમતી ખાણો માટે 'સોનેરી ભૂમિ'નું ઉપનામ પામ્યું છે, ત્યાં ઇ. સ. ૧૮૪૫ માં સોનાની પેહેલી શોધ થયા પછીથી ૧૮૮૧ સુધીનાં ૩૬ વર્ષમાં એક અબજ ને સત્તર કરોડ ડાલરની કિંમતનું સોનું કાઢયું છે અને દરસાલ અઢી ક્રોડ ડાલરનું સોનું નીકળતું જાય છે. એજ પ્રમાણે નિવાડા, ઇદાહો, કોલોરેડો તથા મોન્ટોનામા પણ સોના-રૂપાંની ધાતુઓ ઘણી નીકળે છે. લોખંડની ખાણો પણ તેજ મુજબ ઘણી છે. 'આયરન મૌંડ' તથા પાઇલટ નૉબ ' નામના એજ પહાડમાં સૌથી ઉત્તમ પ્રતનું ૫૦ ક્રોડ ટન લોખંડ સમાયલું ધારવામાં આવે છે. કલાઇની ખાણ મસૂરી સ્ટેટમાં ૫૦૦૦ માઇલની જગ્યા રોકે છે. ૧૮૯૫ માં તેમાંથી આઠ ક્રોડ રતલ કલાઇ નીકળી હતી. ત્રાંબુ એ સ્ટેટ શિવાય બીજાં બધાં સ્ટેટોમાં મળે છે. ગંધકનાં તો આખા પહાડોનાં પહાડ મળે છે. ઈદાહાનાં એક પર્વતમાંથી ૮૫ ટકા ગંધક નીકળે છે. લુસિઆના સ્ટેટમાંથી ૧૧૨ ફીટ જેટલા જાડા થરોમાં ચોખ્ખી ગંધક મળી આવે છે. નિવાડા સ્ટેટમાં ટંકણખાર એટલાં ગંજાવર જથ્થામાં મળે છે કે આખી પૃથ્વીને પૂગી શકે: વાયોમીંગનાં સરોવરમાંથી ૧૫ ફીટ જેટલો જાડા થરમાં બંધાયલો સોડાખાર (Sulphate of Soda) મળે છે.

સેનેટ—ત્યાંની પ્રજાસતાક સરકાર સેનેટને નામે ઓળખાય છે. દરેક સ્ટેટમાંથી ૨૦ સેનેટર્સો ચુંટીને સેનેટમાં મોકલવામાં આવતા હોવાથી તે ૭૬ જણાની બનેલી હોય છે. સેનેટનો દરજ્જો ઈંગલાંડના 'હાઉસ ઑફ લૉર્ડને મળતો છે. એથી ઉતરતું મંડળ જેને હાઉસ આવ રેપ્રીઝેન્ટેટીવ કહે છે તેને દરેક ડીસ્ટ્રીકટ ચુંટી કહાડે છે. તેમાં એકંદર ૩૧૬ પ્રતિનિધિઓ હોય છે. દરેક ડીસ્ટ્રીકટ વસ્તીના પ્રમાણપર મોક્લો ધરાવે છે. અને વસ્તી વધતી જાય તેમ પ્રમાણ વધે છે. આગળ દર ૧૪૩૦૦૦ માણસની વસ્તી દીઠ એકેક ડીસ્ટ્રીકટ ગણતા પણ તે સંખ્યા છેલ્લી ચુંટણી વખતે કૉંગ્રેસમાં ધારો પસાર

ફરીને ૧૫૩૦૦૦ કરાવી છે. આમ કરવાનું કારણ વસ્તીનો વધારો છે. એ મુજબ એક સ્ટેટમાંથી બે સેનેટરો (પછી તે સ્ટેટની વસ્તી ગમે એટલી હોય) અને સ્ટેટની વસ્તી પ્રમાણે દર ૧૫૩૦૦૦ માણસ દીઠ એકેક પ્રતિનીધિ હાઉસ આવ રેપ્રીઝેન્ટેટીવમાં મોકલે છે, જે બધાઓનું ભેગું નામ કૉંગ્રેસ છે. દરેક ડીસ્ત્રીકટ પોતામાંથી એક 'ઇલેક્ટર' ઠેરવે છે જેઓ એકઠા મળીને એક પ્રેસીડન્ટ ચુંટી કાઢે છે. પ્રેસીડન્ટનો ઓધ્ધો ચાર ચાર વર્ષનો છે. સેનેટરો છ અને પ્રતિનીધીઓ બે વર્ષ ઓદ્ધો ભોગવે છે; પછી નવાં મેમ્બરો ચુંટાય છે અને તેમાં જુનાઓને પણ પાછો હક મળી શકે છે. એ કૉંગ્રેસ આખાં યુનાઇટેડ સ્ટેટસને લગતા ધારા બાંધે છે, જેથી તેને Legisletive Body (ધારા બાંધનારી સભા)નું નામ મળ્યું છે. તે પસાર થયા પછી અમલમાં લાવવા માટે પ્રેસીડંટ તે ઉપર સહી કરે છે, તેથી તેને Executive Body કહે છે. રાજ્યના બંધારણથી ધારો કાંઇ જૂદી રીતે બંધાયો હોય તો ત્યાંની વડી કોર્ટના ૯ જડજો પોતા સામે તે બીલની તકરાર ચલાવી તેને રદ કરી શકે છે, જેને Judicial Body કહે છે. એ મુજબ ત્રણ ભાગમાં સેનેટનું કામ વેંહેંચાયલું હોવાથી સઘળો રાજકારોભાર સ્વતંત્રપણે ચાલે છે, અને રાખરખાવટ કે પક્ષાપક્ષી રહી શકતી નથી. એક બીલ નીચલી સભા (Representatives) એ પસાર કીધું તો તેને ઉપલી સભા (Senats) એ બહાલી આપવી જોઇએ' અને સેનેટ કાંઇ બીલ ઘડે તે નીચલી સભાએ સ્વિકારવું જોઇએ. જો બન્ને સભા એક બીલપર એક મત થાય અને તે બીલપર પ્રેસિડન્ટ સેવટની બહાલી તરીકે પોતાની સ્વતંત્ર મરજીથી સહી કરે તો બીલ પસાર થયલું કહેવાય, અને ૧૦ દિવસ સુધીમાં સહી ન કરી તો બીલ પાછું બન્ને હાઉસોમાં ફરીથી તપાસવા જાય છે, અને ત્યાં જો તે બેત્રતિયાંશ ભાગથી પાછું પસાર થાય તો પ્રેસીડેન્ટની દરકાર વગર તે ધારા તરીકે બહાલ રહે છે.

પ્રેસીડન્ટને વર્ષ દહાડે ૫૦૦૦૦ ડાલરનો પગાર મળે છે. વાઇસ પ્રેસીડન્ટને ૮૦૦૦ ને દરેક સેનેટર તથા પ્રતિનિધીઓને ૬૦૦૦ ડાલર વર્ષાસણ મળે છે. એ શિવાય મુસાફરીનો ખર્ચ દરેકને જુદો મળે છે.

યુનાઇટેડ સ્ટેટસની બાંહેધરીમાં બીજા ૧૦ મોટા દેશો છે, જેમને ટેરીટરીસ કહે છે. તે રાજ્યની મીલકત ગણાય છે. એમાં કોઇની વસ્તી, ઠરાવેલી સંખ્યા કરતાં કમી હોવાથી કોઇ સ્ટેટમાં સામેલ થવાની માંગણી કરતા ન હોવાથી, તો કોઇ (મારમનોની માફક) ઊલટો ધર્મ ચલાવવાથી 'સ્ટેટમાં દાખલ થઇ શકતા નથી. (તેમનાં નામો—ટિકાટો, મોન્ટાના, એરિઝોનાં ઇડેહો, ઇટા, વૉશિંગટન, ઇન્ડીયન, ન્યૂ મેક્ષિકો, વાઇઓમિંગ, અલાસ્કા) જેઓ સ્ટેટમાં સામેલ છે તેઓ પોતપોતાનાં ધારા પોતાની ધારા સભા ચુંટીને બાંધે છે, જેને Assembly (એસેમ્બલી) કહે છે.

પૂર્વ તરફનાં ભાગપર ત્યાંની સ્થાવિક વસ્તી વસેછે અને અમેરિકાની કીર્તિ, દોલત તથા વ્યાપારથી અંજાઇને યુરોપખંડ તરફથી તથા દુન્યાનાં બીજાં ખંડોમાંથી જે લોકો વસવા જાયછે તેમનું જબરૂં દબાણ પશ્ચિમ તરફ છે. હજારો વર્ષના પડત જંગલોથી જમીન એવી ફળદ્રુપ થયલી છે કે વગર ખાતરે પાક ઉતરે છે. જાનવરો માટે પુષ્કળ ચારો તથા ચરવાનાં મેદાંનો છે. જ્યાં બારે માસ વર્ષાદ પડતો નથી ત્યાં આરટીઝન કુઆઓ બહુ જૂજ ખર્ચમાં બંધાવી શકાયછે. દેશનો વ્યાપાર મોટે ભાગે દેશમાંજ હોવાથી મજુર વર્ગને મોટો ફાયદો થાયછે.

૩ વર્ષ અમેરિકામાં કોઇબી આદમી રહે અને પછી ત્યાં સોગંદ લેતો અમેરિકન રહેવાશી દાખલ તે ગણાય છે અને તેને ત્યાંથી પ્રજાને લગતાં સઘળાં સ્વતંત્ર હકો મળે છે.

આજે આખા યૂનાઇટેડ સ્ટેટની દોલત

૫૮૦૦,૦૦,૦૦,૦૦૦ (અઠ્ઠાવન અબજ) ડૉલરની ગણવામાં આવે છે. યૂરોપનું યૂનાઈટેડ કીંગડમ' જે યૂરોપમાં સૌથી માતબર મુલક ગણાય છે; તે પણ યુનાઇટેડ સ્ટેટની દોલતથી ઉતરતું છે. ત્યાં બાળકોને કેળવવાનો ફરજીઆત ધારો હોવાથી હાલની પ્રજા કેળવણીની બાબતમાં બહુ આગળ વધેલી છે, અને તેથી અમેરિકા ઘણું ફાવી નીકળ્યું છે. કેલવણીમાં લઢાઇને લગતી કેલવણી પણ મળતી હોવાથી તથા હથિયાર વાપરવાની છૂટ હોવાથી ત્યાંના રહિશો બાહદૂર નીવડે છે. વળી યૂદ્ધનો પ્રસંગ આવી પડે તો ૭૦,૦૦,૦૦૦ માણસો ૬ મહિનામાં તૈયાર થઇ શકે એવી ગણત્રી લેવાઈ છે. રૈયત પોતેજ લડાયક લશકર હોવાથી કાયમની ફોજ તરીકે માત્ર ૨૫૦૦૦ માણસોનું સૈન્ય રાખેલું છે. જેનો હેતુ ઇંડયનોને અટકાવી દબાવી રાખવાનો છે. આટલી મોટી શેહેનશાહત લશકર વગર નીભી શકે છે એ–એ દેશની બલિહારી છે, અને તેનાં બુલંદ સિતારાની મોટાઇ દેખાડે છે. ઇ. સ. ૧૮૬૦ માં 'ગુલામોને છુટાપણું આપવા માટે લઢાઈ' થઇ તે આગમચ રાજ્યનું કરજ સાડા પાંચ ક્રોડ ડૉલરનું હતું પણ લઢાઇમાં ખરચ ઘણો થઇ જવાથી તથા બન્ને બાજુનું કરજ યુનાઇટેડ સ્ટેટસને માથે પડવાથી તે વધીને ૧૮૬૬ માં ત્રણ અબજ ડૉલરનું થઇ ગયું હતું, જેનું બ્યાજ ફકત ૧૫ ક્રોડ ડૉલર દરસાલ ભરવું પડતું હતું, જેથી રૈઅતપર ઘણાં કરો નાખ્યા હતા, તથા આવકપરનો કર પાંચ ટકાનો કીધો હતો. આમ કીધાથી સરકારને ૫૬ ક્રોડ ડૉલરની પેદાશ થતી ગઇ અને તેમાંથી કરજ ઘણું જલ્દી અપાવા લાગું. હાલ કરજ અબજપર આવી જવાથી સઘળાં કરો (ઇનકમટેક્ષ વગેરે) કાઢી નાંખ્યા છે અને ફકત પ્રજાને પોતાનો કર(Internal) દારૂ અને તંબાકુ ઉપરજ આપવો પડે છે.

અમેરેતાત—જરથોસ્તીઓનાં ધર્મ પુસ્તક પ્રમાણે આ સાત અમશાસપંદોમાંનો છેલ્લો અને ખુરદાદનો ગોઠીયો. વધુ માટે જુઓ 'અમરદાદ' તથા અમશાસપંદનો વિશય.)

અમોય—ચીનનું આ વેપારી બંદર એજ નામનાં બેટમાં આવેલું છે. એ ફારમોસાની સામુદ્રધુનીપર તથા કેનટોન શેહેરની ઉત્તરે ૧૫૦ માઇલપર આવેલું છે. આજે ૧૦૦૦ વર્ષો થયાં આ શેહેર વેપારનું મુખ્ય મથક દાખલ વપરાય છે. ઇંગ્રેજ સરકારના તાબામાં ૧૮૪૨ નાં કરાર મુજબ જે પાંચ બંદરો આવેલાં છે તેમાંનું આ પણ એક છે. હાલમાં આ બંદર દરેક મુલકોનાં વેપાર માટે ખુલ્લું મેલાયલું છે. અહીંની વસ્તી ૩૨૦,૦૦૦ ની ગણાય છે. અત્રે ઘણી ભવ્ય ઇમારતો બાંધેલી છે, તથા બ્રિટીશોની ચઢાઇ વેળા બાંધવામાં આવેલાં ઘણાં એક કિલ્લાઓ પણ આવેલા છે. તેમાંનો એક કિલ્લો ૧૧૦૦ યાર્ડ લાંબો છે અને તે ઘેરાવામાં ૯ માઇલ છે. આ શેહેર 'ચાંગ કુચો'નું મુખ્ય બંદર છે. ચાંગ કુચો નદી વાટે એની સાથે વેહવાર ચલાવે છે. બીજા દેશો અમોય સાથે મુખ્ય વેપાર કપૂર, સાકર, કાગળ, કાગળની છત્રીઓ, માટીનાં વાસણો અને રેશમનો કરે છે.

અમોરાહ–ગોરખપૂરમાં આવેલું આ એક શેહેર છે. ગોરખપૂરથી પશ્ચિમે ૬૮ માઇલ પર અને લખનોરની પૂર્વે ૯૮ માઇલપર છે. વસ્તી ૭૦૦ ની છે, અત્રે ઇમારતી લાકડાનાં મોટાં જંગલો આવેલાં છે.

અમોલ—ઇરાનમાં આવેલું આ એક ગામડું છે. તે માઝનદરાનનાં પ્રાંતમાં અને તેહેરાનનાં ઉત્તર પૂર્વે ૭૬ માઇલપર આવેલું છે, અને હીરાજ નદીનાં મુખથી ૧૧ માઇલ પર છે. આગલા ઇરાનનાં શાહાનશાહોએ બાંધેલી ભવ્ય ઈમારતોનાં મોટા ખંડીયરો આ ગામની આસપાસ આવેલાં છે. અત્રે જોવાલાયક સારા અને અમોલનાં પાદશાહ પ્રસિદ્ધ સૈયદ કુમુદીનનો રોજો છે. જે ૧૩૭૮ માં મરણ પામ્યો હતો. અહીં એક મોટો મેહેલ છે કે જે અબ્બાસે બાંધ્યો છે. વળી

અહીં ત્રણ મીનારાઓ છે જે આગલા ઈરાનીઓનાં આતશ આદરાન હતા એમ મુસાફરો કહે છે. થંડીની રૂતુમાં અહીંની વસ્તી ૪૦,૦૦૦ ની હોય છે.

અય—કાનાનનું આ પુરાતમ શેહેર બેનજામીનનું એક સંસ્થાન છે. જેરૂસલેમથી ૧૨ માઈલ પર તે આવેલું છે. અહીં લશકરનું મુખ્ય મથક છે. અબરાહામ હરેનથી જ્યારે મુસાફરી કરતો આગળ વધતો જતો હતો ત્યારે તેણે અહીં મથક કર્યું હતું. જુડાએ આ શેહેરનો નાશ કર્યો હતો.

અયકોટ—કોચીનના દેશી રાજ્યમાં આવેલું આ એક શેહેર છે. વીપીનના બેટોની ઉત્તર તરફ આય શેહર આવેલું છે. ઘણીખરી આ શેહેરનો સરહદ પાણીથી ઘેરાયલી છે. અહીંના પશ્ચિમ તરફના ઘાટો પર સંખ્યાબંદ ઝરાઓ ફુટી નીકળી તેના છાલકા અનેક તલાવો આસપાસ ફરી વળેલા છે. આ શેહેર કિલ્લેબંદીવાલું છે અને આગલા વખતથી વેપારનું મુખ્ય મથક જણાયલું છે. અઢારમી સદીમાં 'ડચ' લોકોએ આ શેહેર હાથ કીધું. ઇ. સ. ૧૭૯૦ માં જ્યારે ટીપુસુલતાન અને બ્રિટીશો સાથે અહીં લઢાઇ થઇ તે વેળા ઇસ્ટ ઇંડીયા કંપનીએ પોતાનું મુખ્ય ઠેકાણું અહીં રાખ્યું હતું. કોચીનની ઉત્તરે ૧૫ માઇલપર અને બેંગલોરની દક્ષિણ પશ્ચિમે ૨૦ માઇલપર છે.

અયટોની વીલ્યમ—આ સ્કૉચ બાગબાનનો જનમ સ્કૉટલંડમાં ઇ. સ. ૧૭૩૧ માં થયો. ૧૭૫૪ માં એણે ઇંગ્લાંડ તરફ પ્રવાસ કીધો; ૧૭૫૯ માં કયુ ખાતે બાદશાહી બાગનો ઉપરી થયો. એના તાબામાં આ બગીચો આવ્યા પછી આખી પાદશાહાતમાં એના બગીચા જેવો બીજો કેયે હતો નહિ. ૧૭૮૯ માં બાગબાનીનું એક મોટું પુસ્તક રચી પ્રગટ કર્યું. એનું નામ બાગબાનીથી એટલું પ્રસિદ્ધતા પામ્યું હતું કે દેશેદેશના બગીચા બનાવવા માટે એને તેડાં આવતાં હતાં. મરણ ઈ. સ. ૧૭૯૩ માં નીપજ્યું.

અયાથ્રેમ—જરથોસ્તી ધર્મ પ્રમાણે આ ગંબાહાર ચોથો છે અને તે મેહેર મહિનો ને આસતાદ રોજે શરૂ થઇને રામ રોજે ખતમ થાય છે. આ વખત ઉપર અહૂરમજદે ઝાડ પાનો પેદા કીધાં. એ ગંબાહાર કરનાર ધણીને ૧૦૦૦ ઉંટની માદા બચ્ચાં સાથે ભેટ આપી હોય તેટલો સવાબ લાગે છે. એ વિશે એક કાબેલ લખનાર લખે છે કેઃ—

"The six Gahambars are:—(1) Maediyo-zarem in which the heavenly canopy was formed; (2) Maediyoshahim in which the collected moisture formed the steamy clouds from which the waters were finally precipitated; (3) Paetishahim, when the earth consolidated itself out of primeval cosmic atoms; (4) Iyathrem; in which earth gave birth to vegetation; (5) Maediyarem, when the latter slowly evoluted into animal life and (6) Hamespithmidam, when the lower animals culminated in man."

અયન—અયનવૃત. સૂર્યને ફરવાની એક રાખેલી જે લીટી તેને અયનવૃત કહે છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ અયનો બે છે. તે એમ કે મકર રાશીએ સૂર્ય આવ્યાથી તે મિથૂન રાસ પુરી થાય ત્યાં સુધી, છ મહિના ઉત્તરાણ, તથા કર્ક રાશીએ સૂર્ય આવ્યાથી તે ધનરાસી પુરી થાય ત્યાં સુધી છ માસ દક્ષણાયન એ પ્રમાણે અયનો બે છે. (૨) માર્ગ, રસ્તો.

અયનમાડી—આલજીર્યાના જંગલમાં આવેલું શેહેર તથા રેતીનું એ રણ છે. આલજીયર્સની દક્ષિણે ૧૬૦ માઇલપર છે. ઈ. સ. ૧૮૩૮ તથા ૧૮૩૯ માં અબદુલકાદીરે આ શેહેર હાથ કરવાનો પ્રયત્ન કર્યો પણ તે તેમાં નીશફળતા પામ્યો હતો. ટીટજીનો ટોળીનો સરદાર આ શેહેરપર હકુમત ચલાવેછે. આ ટોળો મોરક્કોથી આવી વસ્યો હતો.

અયનલતૂરા—અથવા અલદીબરાન. આ એક તારાનું નામ છે. જેને બળદની આંખો ઉપરથી નામ આપવામાં આવ્યું છે. તેને વૃષભ (વરખ) રાશીથી આપણે ઓળખીએ છિયે.

અયન્સવર્થ વીલ્યમ હેરીસન—આ ઇંગ્રેજ નવલકથા રચનારનો જન્મ ઇ. સ. ૧૮૦૫ માં ૪ થી ફેબ્રુવારીએ થયો. એનો પિતા વકીલ હતો. નહાનપણથી એનું વલણ સાહિત્ય તરફ હોવાથી તે ઉપર ધ્યાન દોડાવ્યું. પેહલાં એણે 'યૂરોપીયન મેગેઝાઇન'માં લખાણો કરવા માંડયા તથા બીજા એડીનબર્ગ મેગેઝીન'માં પણ લખાણો કરવા માંડયા. પોતાનો કાયદાનો અભ્યાસ સંપૂરણ કરવા ઈંગ્લાંડ ખાતે ગયો, ત્યાં એક ઇટાલ્યન નાટક કંપનીના માલેકની મુલાકાત લીધી અને તેજ કંપનીના એક ભાગ્યાની બેટી સાથે ૧૮૨૭ માં પરણ્યો. ૧૮૨૫ થી એણે વાર્તાઓ લખવા માંડી જે ઘણી લોકપ્રીય નીવડી. ૧૮૪૫ માં એણે એક ચોપાન્યું પ્રગટ કરવા માંડયું ને ઘણી પ્રસિદ્ધતા પામ્યો.

અયનાદ—અરબસ્તાનનો આ મુખ્ય તાલુકો, એડનની ઉત્તર પૂર્વે ૨૭ માઈલ પર છે. અત્રેની લોક વસ્તી ૧૫૦૦૦ ની છે.

અયબીક અઝાદીદદીન—ઇજીપ્તનો એ પેહલો પાદશાહનો જન્મ કાસ્પીયન સમુદ્રને કાંઠે ઇ. સ. ૧૨૦૦ માં થયો. એ પ્રથમ એક ગુલામ હતો ત્યાર પછી મામુલકની પલટણમાં દાખલ થઇ હાકમની પદ્વિ પામ્યો. ૧૨૫૦ માં મામુલ્કે ફ્રાન્સના રાજા લુઇનો પરાજય કરી તેને કેદ કીધો. મામુલ્કના વખતમાં એણે બંડ ઉઠાવી સુલતાન તૂરાંન શાહને મારી નાખ્યો અને તેની રાણી 'શારીદ દ્વારને' ગાદીએ બેસાડી. તેણીએ અયબીકને વડો સેનાપતિ બનાવી ત્રણ માસ બાદ એની સાથે લગ્ન કર્યાં. આવા એક ગુલામને ઉંચે દરજ્જે ચઢેલો જોઇ લશ્કરે બંડ કીધું. તેઓને આ ગુલામ પાદશાહની પાદશાહી ગમી નહિ. તેટલાં દમાસકસનો સુલતાન નાઝીર યુસુફ ચઢાઇ કરી આવ્યો તેને અયબીકે જબરી શીકસ્ત આપી તેનો નાશ કીધો. આથી તેની પર લોકોની પ્રીતિ પાછી વધી અને તેથી તે ૧૨૫૪ માં ગાદી-નશીન થયો. એ થોડા વર્ષ રાજ્યપદ ભોગવી શક્યો. કારણકે ઇ. સ. ૧૨૫૭ ની ૧૦ મી એપ્રેલ એનું ખુન કરવામાં આવ્યું.

અયમક—આ માંગોલીયન, માનચુરીયન અને ટર્કી શબ્દ છે; કે જેનો અર્થ ટોળો થાય છે. પણ મુખ્ય કરી તે ચાર ટોળા માટે જાણીતો છે. જેમકે ચાર અયમક. આ ટોળા કાબુલ અને હિરાતની ઉત્તરે છે. એમનો દેશ પાહાડી તથા કાળી મટોડીવાલો છે. એક અયમકી ટોળો 'ફીરોઝખોઇ'ના નામે પ્રસિદ્ધ છે, કે જે નામ તેહેરાનથી ૬૩ માઇલ પર આવેલા દેશ ઉપરથી પડેલું છે. હઝારી અયમક, તૈમૂરી અયમક, તૈમુની અયમક અને ઝુરી અયમકના નામે જાણીતાં છે. તેમની સંખ્યા ૪૦૦,૦૦૦ થી ૪૫૦,૦૦૦ વેરની છે. તેમની પાસે લગભગ ૨૦૦૦૦ ઉપરાંત લઢવૈયાઓ તૈયાર છે. બીજો એક ટોળો જમશેદી અયમક નામનો છે કે જેની વસ્તી ૪૦,૦૦૦ ની છે, આ ટોળાએ પોતાની બાહાદુરીથી જૂદા જૂદા હિરાત તરફના દેશોપર સત્તા ચલાવી ઇરાનના રાજ્ય પ્રકરણમાં આગેવાની ભરયો.ભાગ ભજાવ્યો હતો. તેઓ લડવે બાહાદુર અને દઢ મનના છે.

અયરી—(૧) ઇગ્લાંડનાં યૉર્કશાયરમાં આ નામની એક નદી છે, જે માઈલોના માઇલો વહેતી કાલડર સાથે મળે છે. (૨) ફ્રાનસમાં એજ નામનું એક કિલ્લેબંદીવાલું શેહેર છે. આ શેહેરની બાંધણી ઘણી સુંદર છે. વેપાર રેશમ, સુતર અને રૂનો મોટો ચાલે છે; એ શિવાય લોઢું કામ, ચીનાઇ વાસણ અને સાબુ વગેરેનાં કારખાનાઓ છે. વસ્તી ૧૨૦૦૦ ની છે.

અયરોલા એનજીલા—આ ઇટાલ્યન બાનુ

ચિત્રકળામાં તેમજ રંગવામાં ઘણી કુશળ હતી. એણીએ ડોમીનીકો નામના શિક્ષકના હાથ તળે શિક્ષણ લીધું હતું. તેણીએ મઠોમાં તેમજ દેવળોમાં પોતાના ચીતારેલાં ચિત્રો સંખ્યાબંદ ભેટ કીધાં હતાં. મરણ ઇ. સ. ૧૬૭૦ માં નીપજ્યું.

અયલસા—આ પહાડ સ્કૉટલંડના પશ્ચિમ ભાગપર છે. ઉંચાઇ ૧૧૩૯ ફીટની છે.

અયસની—ઉત્તર ફ્રાન્સનો એક ભાગ છે. જેનું નામ તેની નદી ઉપરથી પડેલું છે. ત્યાંના લોકો ખેતી કરી પોતાનો નિર્વાહ કરે છે અને ઘાસ ચારો ફ્રાન્સના મોટા ભાગને પુરો પાડે છે, વસ્તી સુમારે ૭૦૦,૦૦૦ માણસોની છે. ક્ષેત્રફળ ૨૧૯૬ ચોરસ માઇલ છે. મુખ્ય શેહેર "લોન" છે.

અયસીમલી—આ છોકરી સરકેશીયન સરદારની બેટી હતી, જે ફ્રેન્ચ સરદાર હતો. તેને લડાઇમાંથી ગુલામ દાખલ કૉન્સટન્ટીનોપલ ખાતે આણવામાં આવ્યો; ત્યાં તેની સ્ત્રીને પેટે ઇ. સ. ૧૬૯૩ માં એક બેટીનો જનમ થયો, તે અયસીમલી હતી, જ્યારે તેણી ચાર વર્ષની હતી તે વેળા 'કોમટી ડી ફીલીપોએ' તેણીને વેચાતી લીધી, અને પારીસ ખાતે આણી પોતાના આશ્રયમાં રાખી સારી કેળવણી આપી. તેણીનો સુંદર અને મનોહર મુખડો તથા અજાયબ કુશળતાથી ફ્રેન્ચ અમીર ઉમરાવો તેણીની મોહિનીમાં ફસ્યા. જ્યારે તેણી ભરજુવાનીમાં આવી ત્યારે 'ફેરીલો' એ તેણીની દરેક ઉમેદો પાર પાડવાનો વિચાર કર્યો. તેણીની કર્મગતિ સુધરે એવી દીસતી હતી. પણ ડયુક ઑવ ઑર્લીયન્સની માંગણી પાછી વાળવામાં આવી. કેવ્હીલીયર આઇડી નામે માલ્ટાના એક નાઇટે તેણીનો પ્યાર જીત્યો પણ તેણીએ તેને પણ નાઉમેદ કીધો. થોડી મુદત પછી તેણીએ ઈંગ્લાંડ જઇ એક બેટીનો જનમ આપ્યો અને તેણીને મીસ બ્લેક નામે ખાનગી આશ્રમમાં ઉધારી. તેણી હજી ખીલતી જુવાનીમાં હતી પણ તેટલાં સદગુણના નાશથી તેણી પીળાઇ પીળાઇ પશ્ચાતાપથી ૪૦ વર્ષની વયે પારીસ ખાતે ૧૭૩૩ માં મરણ પામી. તેણીએ તે વખતની રીત પ્રમાણેજે કાગલ પત્રો લખ્યાં હતાં તે ઘણાં વિદ્વત્તાભર્યાં હોવાથી પાછળથી તે છપાવી પ્રગટ કરવામાં આવ્યાં છે.

અયાસુફીયા—એક નામીચી મોહેમેદન મસજીદ. કોન્સટન્ટીનોપલમાં આ નામની નામીચી મસજીદ શીલ્પ શાસ્ત્રનો એક નાદર નમુનો છે. તેને જોઇ 'જોનારાઓ' હેરત થાય છે. મોટા કોન્સટેન્ટાઇને જ્યારે આ શેહેર જીતી લઈ નવેસરથી બાંધી તેને કોન્સટેન્ટીનોપલનું નામ આપ્યું ત્યારે સેંટ સોફીયા નામે એક દેવળ તેણે બાંધ્યું હતું, પણ શેહેરીઓએ તેનો નાશ કરવાથી શેહેનશાહ જસ્ટીનિયને તેને ફરીથી વધુ પૈસા ખર્ચીને બહુ ભપકાદાર બાંધ્યું હતું. એ રીતે અસલ એ ખ્રીસ્તી દેવળ હતું. પણ પાછલા વખતમાં જ્યારે ટુર્કીઓની ચઢતી થઇ ત્યારે તેઓએ તે ઉપર ગંજાવર દોલત ખરચીને તેને દેવળપરથી એક મસજીદમાં ફેરવી નાખ્યું. પૂર્વથી પશ્ચિમે એની લંબાઇ ૨૭૦ ફીટ ને ઉત્તરથી દક્ષિણે પહોળાઇ ૨૪૦ ફીટની છે. સુલતાન સલીમે પછી તેને ચાર મિનારાઓ બાંધી મસજીદનું રૂપ આપ્યું છે. એનો ગુંબજ કિમતી સંગેમરમરના સ્થંભો ઉપર ઉઠાવેલો છે અને તમામ ફરસબંધી એજ જાતના કિમતી પથ્થરની કીધેલી છે. એ ભાગમાં દિવસે પણ પુરતો ઉજાશ પડી શકતો ન હોવાથી જ્યારે કોઈ પવિત્ર તેહવાર કે મોટો દહાડો હોયછે, ત્યારે રોશની કરે છે, જેથી આખી મસજીદ દીપી રહે છે. મસજીદના બહારનું ચોગાન ઝાડપાનની સુંદર ઘટાથી બહુ રળીયામતું લાગેછે.

અયૂ—(૧) પુરૂરવનો પુત્ર. (૨) આ ચીનની શાહનશાહત પર ઇ. સ. પૂર્વે ૨૮૫૩ ઉપર 'ફુહહી' નામે શાહનશાહ રાજ્ય ચલાવતો હતો તેના પછી બીજા શાહનશાહો થયા. તેમના વંશનો સાતમો પાદશાહ ઇ. સ.

પૂર્વે ૨૨૫૭ માં ગાદીએ આવ્યો. એણે અને એના વંશજોએ ૧૦૨ વર્ષો રાજ્ય ચલાવી બધે વખાણવા લાયક સુધારા કરયા. એના આગલા શાહાનશાહોના વખતમાં એવો રવૈયો હતો કે પ્રજાની પસંદગીથી એક જાહેર ચુંટણી કરી કોઈ લાયક ખાનદાની, અમીર યા ગ્રહસ્થને ચુંટી કાઢી તેને પોતાનો શાહાનશાહ ઠેરવતા હતા; તેમજ રૈયતે પોતાની પસંદગીથી અયુને ચુંટી કાઢયો હતો. આ શાહાનશાહ તેવોજ લાયક અને રૈયત પરવરશ કરનાર નીવડયો હતો. અયુ ૬ ઠા શાહાનશાહ ફૂહનો વડો વજીર હતો, અને તે ઘણોજ ડાહપણવાલો તથા લોકરક્ષી હોવાથી ૬ ઠા શાહનશાહના મરણ બાદ એને રૈયતે ચુંટી કાઢયો. એ સાતમો શાહનશાહ થયા પછી એણે સાતજ વર્ષ રાજ્ય ચલાવ્યું. એ રૈયતનો અતી પ્રીય હતો, એણે પોતાની રાજ્યનીતિથી એવાતો ઉત્તમ સુધારા કરયા હતા કે એના વિશેના વખાણો સેંકડો વર્ષો વહી ગયા છતાં થાય છે. જેમ નોશીરવાન આદેલની તારીફમાં હજરત મોહમદે તારીફના સુખનો લખ્યાં છે તેમ જગ આશકાર કાનફુશિઅસે પોતાનાં 'શુકીંગ' નામનાં મોટા ગ્રંથમાં શાહાનશાહની તારીફમાં ઘણું લખ્યું છે.

આ શાહાનશાહે ચીનાઇ રાજ્યના ઠેરાવમાં અગત્યનો ફેરફાર કર્યો હતો, એટલુંજ નહિ પણ રૈયતની રાજીખુશીથી એવી કબુલાત લીધી હતી કે હવે પછી જે શાહાનશાહ થાય તે પાદશાહનો વડો બેટો હોય તે રાજગાદીનો માલેક થાય. તે ઠેરાવ સઘળા રાજાએએ કબુલ રાખ્યાથી તેના વંશે ૧૦૨ વર્ષ વંશપરંપરાએ રાજ્ય ચલાવ્યું. અયૂ શાહાનશાહ થયા પછી ૯ મે વર્ષે મોટી રેલ આવી પણ તે વેળાએ તેનો બેટો 'કી' નામનો બે વર્ષ અગાઉ રાજગાદીએ બેઠો હતો, તેના અને તેના પછીના વંશના વખતમાં ૬૫ વર્ષો વેર વારંવાર રેલ આવાથી મોટી ખરાબીઓ થઈ હતી. અયુ શાહાનશાહ ઈ. સ. પૂર્વે ૨૨૫૦ માં મરણ પામ્યો.

અયૂગ્મ વિપૂલાછંદ—ચારે પાદમાં પાંચમાં અક્ષરથી જગણ આવે ને પેહલો તથા આંઠમો અક્ષર લઘુ કે દીર્ઘ સુઝે તે હોય તેનો કાંઈ નીયમ નથી, ને વચલા છ અક્ષરોનો નીયમ છે. તેમાં બીજા ત્રીજા ને ચોથા અક્ષરમાં નગણ અને સગણ લાવવાને અને બાકીના ૬ ગણ સુઝે તે આવે. એટલો નીયમ જાણવો.

આ ભોગિનું શરીર રે, લૂખું એમ નરો કહે;
નાગ વાયુ જમી રહે, કો તેં કાં પુષ્ટતા લહે.

અયૂથિઆ—બીજું નામ સીયૂથિઆ. આ શેહેર શિઆમમાં ૪૦ માઈલ ઉત્તરે મિનામ નદીનાં એક બેટ ઉપર છે. આગળા વખતમાં એ રાજ્યધાની શેહેર હતું. બ્રહ્મી લોકોએ ઈ. સ. ૧૭૬૭ માં આ શેહેરનો નાશ કીધો. વસ્તી ૧૧,૫૦૦૦ ની છે. લોકો ઉદ્યોગી અને હુન્નરમંદ છે.

અયૂન—આ અયુ વંશનો શાહાનશાહ ઈ. સ. ૧૨૮૦ માં રાજ્ય ગાદીએ બેઠો. એના રાજ્યમાં મોગલોએ અને બીજાઓએ વારંવાર ચઢાઇઓ કરી હતી, પણ તેઓ ફાવી શકયા નહિ. અયૂને ૮૯ વર્ષ રાજ્યપદ ભોગવ્યું હતું.

અયોઅસ્તી—આ મહાન પુરૂષ અવસ્તા જમાનામાં હૈયાત હતો. એનો પિતા પોઉરૂઘાસ્તી હતો. એ 'ક્ષતાવએન્યન'ના જાણીતાં ખાનદાનથી ઉતરી આવ્યો હતો. એનો ભાઇ 'અશ્વજદંઘ' તૂરાનીઓ સામેની મોટી લઢાઇમાં ઉતરી મોટું નામ મેળવી ગયો છે.

અયોધ્યા—આ નગર ઘણું પ્રાચીન ક્ષેત્ર છે. અયોધ્યા પ્રાંતનું 'ઉત્તર કોસલ એવું બીજું નામ છે. એના વિશે પુરાણમાં એવું લખે છે કે 'અયોધ્યા નગરી પ્રથમ વૈવસ્ત મનુએ પોતાના રેહેઠાણ સારૂ સ્થાપી હતી, અને ઇંદ્રપ્રસ્થના પૂર્વ ભાગે આવેલી 'અગ્નેચીકોસલની' રાજધાની હતી. દશરથ રાજાના વખતમાં આ નગરીની લંબાઇ બાર યોજન

અને પોહળાઇ ત્રણ યોજન હતી. તેના મૃત્યુબાદ રામે ત્યાં ૧૧૦૦૦ વર્ષો સુધી રાજ્ય કરી જ્યારે તે સ્વર્ગમાં ગયો ત્યારે પોતાની સાથે તમામ પ્રજાને લઇ ગયો, જેથી આ નગરી ત્યારપછી કાંઇક કાળ સુધી ઉજડ પડી, પરંતુ સૂર્ય વંશી 'રૂષભ' નામના રાજાએ તેમાં પાછી વસ્તી વસાવી આબાદ કર્યું.

આ શેહેર પ્રાચીન છે એમ માનવાને ઘણીક સાહદતો છે. વૈવસ્તે ઇ. સ. પૂર્વે ૧૩૬૬ માં આ નગરી બાંધી તે પેહેલાંની અયોધ્યા બે ત્રણ વેળા નાશ પામી હતી. હાલની અયોધ્યા નગરી રાજા વિક્રમે ઇ૦ સ૦ પૂર્વે ૫૭ માં બાંધી હતી એવો લેખ મળ્યો છે. આઇનયે અકબરી નામના ગ્રંથમાં પ્રાચીન કાળમાં અયોધ્યા નગરી ૧૪૮ કોસ લાંબી અને ૩૬ કોસ પોહળી હતી એવી નોંધ મળે છે.

એકંદરીમાં આ શેહેર પુરાણ પ્રસિદ્ધ છે પણ હાલમાં તેનો વૈભવ બીલકુલ રહ્યો નથી. મુસલમીન લોકોની કારકિર્દીમાં આ પ્રસિદ્ધ નગરી અને પ્રાચીન દેવળો ભ્રષ્ટ થયાં, અને અયોધ્યા પ્રાંત મુસલમાન નવાબના તાબામાં ગયો, કે જ્યારે લખનઉના નવાબ વજીર સુરાજઉદૌલાની કારકીર્દીમાં તેનું ઉત્પન્ન ૫૦૦૦૦ રૂપ્યાનું હતું. તે વેળાએ ત્યાં ૫૦૦ ગોંસાઇઓ રેહેતા હતા અને મંદીરોની વ્યવસ્તા પણ સાધુઓ તરફજ હતી. હાલમાં તેનાજ વંશમાં તેની વ્યવસ્તા ચાલતી આવી છે, અને તેના બદલામાં તેઓને કાંઇ ઉત્પન્ન મળે છે. ત્યાં સૂગ્રીવ કિલ્લો, રામપ્રસાદનો કાના, વિદ્યા કુંડ નામના ત્રણ પ્રસિદ્ધ સ્થળો છે. જ્યાં પેહેલાં અનુક્રમે સોથી દોઢસો વેરાગીઓ રેહેતા હતા.

જ્યારે વિક્રમ રાજાએ નવી અયોધા વસાવી ત્યારે ત્યાં ૩૬૦ દેવાલયો બાંધેલા હતા પણ ઐરંગજેબે તે માહેલા ઘણા કોનો નાશ કીધો, એટલુંજ નહિ પણ તેજ દેવાલયોના સર સામાનોથી મસજીદો બાંધી હતી એમ તવારીખમાં છે. વળી અયોધામાં હનૂમાનગઢ અને રામગઢ નામની ધાર્મીક જગ્યા હતી તે પૈકી રામગઢનું હાલમાં નામનીશાન વટીક કહ્યું નથી, અને હનૂમાન ગઢ માત્ર કાયમ છે. હનૂમાનગઢ એક કિલ્લા જેવો મજબુત છે, અને તેમાં પ્રાચીન કાળની જગેજગ શાહાદતો મળે છે. આ ઇમારતમાંથી મોટા દરવાજામાં થઇ અંદર ગયા એટલે એક મેદાન લાગે છે, અને ત્યાંજ મારૂતીનું દેવલ છે. તેની પાસે શ્રી રામચંદ્રજીનું એક નાહાનું દેવાલય છે, કે જેમાંની મૂર્તિ ઘણીજ સુંદર છે. હનૂમાન ગઢનું પ્રાચીન સ્વરૂપ અને ત્યાંની શાંત સ્થિતી જોઈને મનમાં ઘણોજ આનંદ વ્યાપે છે. ભક્તિમાન લોકો ઘણા ભાવથી ત્યાં આવે છે. ચૈત્રમાસનાં રામનૌમીનો ઓત્સવ ઘણો જોવાલાયક થાય છે. એમ કહે છે કે ત્યાં વાંદરાઓ ઘણા છે, તેમના અસંખ્ય કલ્પો જોઈને રામના સૈન્યના વર્ણનનું સ્મરણ થાય છે. આ ક્ષેત્રમાં સમહરીની એટલે સાત હરી, ચક્રહરી, ગુપ્તહરી ઇત્યાદી સ્થાનકો ઘણા પ્રસિદ્ધ છે. આ નગરી સરયુનદીને કાંઠે આવેલી છે.

ઇ૦ સ૦ ૧૮૬૭ માં વેરાગી અને મુસલમાન લોકો વચે હનૂમાન ગઢી માટે ઘણો ટંટો ફેસાદ ચાલ્યો હતો. આ સમયે ઘણા કોના લોહી રેડાયાં હતા. એમ કહે છે કે અહીં રામચંદ્રજીનું જન્મ સ્થાન હતું ત્યાં મુસલમાનોએ મસજીદ બાંધી. તે વેળાએ આ સ્થળ અયોધાના નવાબ તરફ હતું તેથી નામદાર ગવરનરે તેનો બંદોબસ્ત કરવા સારૂં લખનૌના રેસીડંટની મારફતે નવાબને સખ્ત તાકીદ કીધી હતી પણ નવાબથી તેનો બંદોબસ્ત થઇ શકયો નહિ અને તેજ કારણથી નવાબને ગાદીએથી ઉઠાડી મેલ્યો હતો.

અયોધ્યાનાથ પંડિત—આ પ્રસિદ્ધ વિદ્વાન પુરૂષનો જન્મ ઈ૦ સ૦ ૧૮૩૯ માં આગ્રા

શેહેરમાં થયો હતો. એમનો પિતા ઝાઝર નામના સંસ્થાનનો દીવાનં હતો. અયોધ્યાનાથે વકીલાત ચલાવવાની સનદ મેળવી. એમના પિતાનો વિચાર પોતાના બોહોળા ધંધામાં નાખવાનો હોવા છતાં અયોધ્યનાથે પોતાની જીંદગી અભ્યાસનેજ અર્પણ કરી તેમાં નામ મેળવ્યું.

૧૮૫૭ ના બળવા સમયે એમનું કુટુંબ ઘણા પ્રસંગભર્યા સંકટ વચે આવ્યા છતાં રાજ્યભકત રેહેવાથી બચી શકયું હતું. ત્યાર પછી આગ્રેથી અલાહબાદમાં હાઇકોર્ટ જવાથી ત્યાં કુટુંબસહીત જઈ રહેવું પડયું. અહીં પિતાનું મરણ નીપજ્યું. અલાહબાદમાં સારી પ્રતિષ્ટા પામ્યા પછી જાહેર રાજદુવારી સવાલો પર એવને જુંબેસો લઇ સારી પ્રસિદ્ધતા મેળવી. તે સમયે એંગલોઇંડીયનો તરફથી પ્રગટ થતા પાયોનીયર પત્રમાં હિંદવાશીઓ સામે અયોગ્ય ટીકાઓ થતી હોવાથી, તેમની સામે ટક્કર ઝીલવા લગભગ એક લાખ રૂપ્યાનો ખર્ચ કરી 'ઈંડીયન હેરલ્ડ' નામનું પત્ર ઇ૦ સ૦ ૧૮૮૦ માં પ્રગટ કરવા માંડયું. પણ આ પત્રને દેશીઓ તરફથી ઉત્તેજન નહિ મળવાથી તે તરત બંદ પડયું.

પંડીત અયોધ્યાનાથની બાહોશી અને વિદવત્તાથી તેમની જગેજગ વાહવા થવા માંડી હતી. ઇ. સ. ૧૮૮૧ માં સરકારે દરેક હાઈકોર્ટમાં એક એક દેશી જડજ નેમવાનો ઠેરાવ કર્યો ત્યારે અલાહબાદની હાઇકોર્ટમાં પંડીત અયોધ્યાનાથને જડજનો હોદ્દો આપવા માટે, ચીફ જસટીસ સર રૉબર્ટ સ્ટુઅર્ટે હિંદી સરકારને ભલામણ કર્યા છતાં, મુસલમાન કોમને રાજી રાખવા માટે સરકારે આ જગ્યા અલીગઢના સર સૈઅદ અહમદના પુત્ર મી૦ મહમદને આપી, આ બનાવથી પંડીત ખુશી થયા, કેમકે તેમની સ્વતંત્રતા કાયમ રહી હતી. તેટલાં અલાહબાદમાં સ્થાપવામાં આવેલી યુનિવ્હરસીટીના ફેલોનું પદ આપવામાં આવ્યું. તે સમયે ધારા સભા સ્થાપવાનો વાયવ્ય પ્રાંતને હક્ક મળવાથી તેમાં પેહેલ વેહલા એમને એક ઑનરેબલ કૌનસીલરની જગા આપવામાં આવી. આ ધારા સભામાં તેવણે બજાવેલી અગણીત સેવાને લીધે તે વેળાના ગવરનર સર ઑકલંડ કોલવીને તેમને ફરીથી ચુંટી કાઢવાનું માન આપ્યું.

ઈ. સ. ૧૮૮૫ માં નેશનલ કૉંગ્રેસ સ્થાપન થઇ. તેના ત્રણ સમારંભો થયાં ત્યાં વેર તેથી અલગ રહ્યા, પણ ત્યાર પછી નેશનલ કૉંગ્રેસના હેતુ જાણી તેના એક ચુસ્ત હિમાયતી થઈ તે મંડળીમાં દાખલ થયા.

ઈંડીયન નેશનલ કૉંગ્રેસનો ત્રીજો સમારંભ ૧૮૮૭ માં મદ્રાસમાં થયો. આ સભામાં પંડીતે હાજરી આપીને ચોથી સભા અલાહબાદ ભરવાનો ઠેરાવ પસાર કરાવ્યો. એ રીતે સભાનું બળ દીનપર દીન વધતું જોઇ કેટલાક સ્વાર્થી, અને અદેખા એંગલો ઇંડીયનોએ સભાને રાજદ્રોહી અને જુઠી તકરારો કરનારી છે એવા દોષથી નીંદી મુસલમાનોને તેથી દુર રાખવાનો પ્રયતન કરવા માંડયો, અને અલાહબાદ કે જે ઇસલામીઓનું મોટી વસ્તીવાલો ભાગ ગણાય છે. ત્યાં એ સભા ભરવાનું નક્કી થએલું હોવાથી તેને હેરાન કરવાના ઘણાક પ્રયત્નો કરવામાં આવ્યાં, પણ પંડીતે આ કામ માથે લઇ ઘણી મેહેનતથી ત્યાં મંડપ નાખી તેમાં ફતેહે મેળવી, એટલુંજ નહિ પણ આ સમારંભમાં જૂદા જૂદા ભાગનાં ૫૭ મુસલમાન ડેલીગેટોને પણ પોતાના મંડળમાં શામેલ કરી બતાવ્યા. ત્યાર પછી તેમની નામના એટલી તો વધી કે ૧૮૯૦ માં મુંબઈ ખાતે ભરાયલી કોંગ્રેસનું મહાન પ્રમુખ પદ એમનેજ આપવામાં આવ્યું. ૧૮૯૧ માં સાતમી બેઠક નાગપૂરમાં થઈ હતી, તે વખતે પંડીતજીએ મીઠાંના કર સંબંધી એક ઠરાવ

સભામાં રજુ કરી તે ઉપર ઘણું સરસ રીતે વિવેચન કર્યું હતું. આ સભામાં જાહેર કર્યું હતું કે ૧૮૯૨ ના સાલની સભા અલાહબાદમાં ભરવી, પણ જો તે માટે અમારા પ્રાંતમાંથી એ કામમાં દ્રવ્યની મદદ નહિ મળશે તો હું મારા પોતાની ગાંઠના પચાસ હજાર રૂપ્યા ખર્ચીશ. પણ આ તેની બાહાદુર ઉમેદ પાર પડી નહિં. કારણ કે ઇ. સ. ૧૮૯૨ ના સાલની ૧૧મી જાનેવારીએ એમનું મોત અલાહબાદમાં નીપજ્યું.

અરઇ—કોઇ વખત ઘણું ખાધાથી થાય છે. અથવા તો હોજરી યા આંતરડાં બગડવાથી થાય છે. અરઇ મોઢાંપર અને ગરદનપર ઘણું કરીને થાય છે, યા આખાં શરીર ઉપર પંથરાય છે. અરઈ નાની નાની ફુલીની માફક દેખાય છે, અથવા તો ચામડી પર દાધા દાધાની માફક માલમ પડેછે. અરઇ કોટલાંવાલી માછલીઓ, ઘણી જાતના સાસો, પનીર વગેરે ખાધાથી થાય છે. કસરત કીધા પછી અંગ ગરમ થયું હોય તો તે વેળાએ થંડું પાણી પીધાથી અરઇ થાય છે. બચ્ચાંઓને જે અરઇ થાય છે તે દાંતના દરદથી અથવા તો ખોરાકની નળીમાં ખટાશ પેદા થવાથી થાય છે. અરઈ થાય ત્યારે ગરમી, અને પાણીની ઘણી તરસ લાગે છે.

અરઈ થઇ હોય તો જોલાબ લેવો અને ગરમ પાણીથી નાહવું. જો ઘણું ખવાયું હોય તો ઓકારી લાવવા માટે ૧૫ ગ્રેન્સ 'ઇપીકાકયૂના' લેવું. છોકરાઓને અરઈના ઈલાજ તરીકે થોડું મેગનીશીયા આપવું અથવા તો થોડા ચમચા સુનામખીની ચાહે અથવા મેનાની ચાહે પાવી. 'અરઇ પારખવામાં ભુલ પણ થાય છે. ઘણી વખત અરઇને સ્કોરલેટફીવર અને ગોવરાં સાથે ભેળી નાખવામાં આવે છે. ગંધક ૮૦ ગ્રેન્સ, માગનીસ્યા ૧૫ ગ્રેન્સ, ઓક્ષાઈડ આવ ઝીંક ૫ ગ્રેન્સ યા ભુકીમાં ભીની વાદળી દાબી અરાઇવાલા ભાગઉપર ઘસવી અને પછી લુછી નાખવી.

અર્ક—(ટીંચર) ઘણી ઔષધીનો અર્ક બનાવવામાં આવે છે. દવાને રેકટીફાઈડ સ્પીરીટ અથવા પ્રુફ્સ્પીરીટ સાથે મેળવી એથી સાત દીવસ પર્યંત પળાલી રાખવી પડે છે. તે દરમ્યાન કોઇ કોઈ વખત તેને હલાવવાની જરૂર પડે છે. તેને કાચના બુચવાળા વાસણમાં રાખવી જોઇએ. ત્યારબાદ તેને ગાળી લઇ સાંચાંમાં નીચોવી લેવામાં આવે છે. ઘણું કરી એક પાઇંટ અર્ક બનાવવાનું પ્રમાણ લખવામાં આવે છે તે પ્રમાણે જોઇએ તેટલો અર્ક બનાવવો. તેમાં પ્રથમ ૧૫ ઔંસ સ્પીરીટ સાથે દવા પલાળી બાકીનો પાંચ ઔંસ સ્પીરીટ નીચોવતી વખતે ઉમેરાય છે. તે શિવાય કાંઈ સ્પીરીટનો ભાગ ઉડી જવાથી ઓછો થાય છે તેટલો બીજો ઉમેરી તૈયાર થયલો અર્ક એક પાઈંટ પુરો કરવો પડે છે. કોઈ કોઈ ઝેરવાળો અર્ક છોડી દઇ બાકીનાં ઘણાખરા અર્કની ગોળી ½થી એક દ્રામ પર્યંત હોયછે. અર્કનાં નામ સાથે 'આદી' ઉમેરેલ હોય છે, ત્યારે મૂળ દવાની સાથે 'અફીણ અથવા બીજી મહતની દવાઓ છે એમ સમજવું.

અર્કપુષ્પ—એક જાતનો વેલો. એના પાંદડાં પીપળાનાં પાંદડાં જેવડાં હોય છે. (જુઓ શીરદોશ.')

અરકીડીશ—એના રોપા અને વેલા હોય છે. ઘણું કરી એ વેલાઓ પોતાનું પોષણ હવાથીજ કરેછે. એના ફુલો ઘણાં સુંદર હોય છે અને જે જગાપર સો ઇંચથી વધુ વરસાદ પડે છે ત્યાં એ ઝાડ ઉત્પન્ન થાય છે. એની અનેક જાતોછે અને તે મહાબળેશ્વરમાં ઉગેછે.

અરખ—(જુઓ આસીડવાલી બાબતો).

અરગજા—નાગરમોથ, વાળો, જટામાસી, તજ, નકૅચૂર, ધવલો એ બબે ભાગ. પથ્થરફુલ, કૃષ્ણાગર, ચંદન, જાયફળ, જાવંત્રી,

એલચી, કપૂર, કાચળી, લવીંગ એ એકેક ભાગ. એ બધી જણસોને જૂદી જૂદી છુંદી કપડછાંડ કરી પછી ઉપરના વજન પ્રમાંણે એકઠી કરી તેમાં કસ્તૂરી એક ભાગ, કેસર ભાગ અર્ધો ઘુંટીને તેના પાપા ભાગ, મોતીઆ, ચંદન ગુલાબી, અત્તરના પટ ચઢાવવાથી સર્વોત્કૃષ્ઠ અર્ગજો તૈયાર થશે. (૨) બીજી રીત એ છે કે કેવડાનો આટો શેર પાંચ, કપૂરકાચળી શેર એક, અને સુગંધી તજ નવટાંક, એ બધાંને ઘુંટીને પછી તેને કેસરનો રંગ દેવો. પછી પોતાની મરજી આવે તે અત્તરનો પટ દેવો, આથી જે અર્ગજા બનશે તે હલકી જાતનો થશે. (૩) ત્રીજી રીત એ છે કે શીંગડાનો આટો કેસરના પાણીમાં ઘુંટીને પીળા રંગનું કરવું, અને જે સુગંધીવાલો અર્ગજા બનાવવો હોય તે જાતનું અત્તર તેને લગાડવું અને દાબડીમાં ભરી પછી તેને બંદ કરી મુકવું. એ જાતનો અર્ગજા હાલમાં સાધારણ છે. કેમકે તે થોડે ખર્ચે સહેલાઇથી બને છે.

અરગામ—નિજામ હૈદ્રાબાદની ઉત્તરે આવેલું છે. નર્મદા નદીને દક્ષિણ કીનારે અને દક્ષિણ પાહાડોમાં હારની વલાણમાં તાપતીને કાંઠે વસેલું છે, ૧૮૦૩ માં ૨૮ મી નવેંબરે બ્રિટીશ લશકર કે જેની સરદારી મેજર જનરલ વેલ્સલીએ (ડ્યુક ઑવ વેલીંગટને) લીધી હતી, તે અને સામાં દુશમન બીરારના રાજાના ભાઈ મણીબાપુ સાથે એક યૂદ્ધ થયું, તેમાં મરાઠાઓનો પરાજ્ય થયો. આ લડાઈ થયા પછી ૧૮૫૧ માં એ બનાવ વિશેનો ઈંગ્લાંડમાં સ્મરણાત્સવ કર્યો, તેમાં દરેકના સેવાની કદર બુજી માહારાણીજીએ દરેકને ઈનામો આપ્યાં હતા. અરગામ એલીચપુરથી ઐારંગાબાદના માર્ગમાં, એલીચપુરની દક્ષિણ પશ્ચિમે ૪૦ માઈલ પર છે.

અર્ગુન—આ પાદશાહ ઈરાનના મોગલ વંશના બળવંત પાદશાહ અબાકનો પૌત્ર હતો. એ ઇ. સનની ૧૩ મી સદીની આખેરીમાં રાજ્યગાદી પર હતો. એને યૂરોપની પરદેસ પ્રજાઓ સાથે ઘણો સારો સંબંધ હતો તથા ૧ લા એડવર્ડને એના વિશે ઘણું માન હતું. એના અમલ દરમ્યાન માહોમાહેની લડાઈઓ ઘણી થઇ હતી.

અરજાસ્પ—પુરાતમ જમાનામાં ઈ. સ. પૂર્વે ૨૬૭૮ માં આ તૂરાનીઓનો બળાયો પાદશાહ માર્યો ગયો હતો. જ્યારે ગુસ્તાસ્પે આગલો ધર્મ ત્યાગ કરી જરથોસ્તી મજહબ સ્વિકાર્યો ત્યારે અરજાસ્પે તેની ઉપર ચઢાઈ કરી. આ લઢાઈમાં ગુસ્તાસ્પનાં સાવકા ભાઇઓ અર્દશીર અને શીદસ્પ માર્યા ગયા. પછી જામાસ્પ વજીરના બેટા બીશુ તથા જરીરે અરજાસ્પ સામે ધશી એની ઘણીએક ખરાબીઓ કીધી, તેથી તૂરાનીઓએ વધારે ઉશકેરાઈ બળતવારીથી લઢી જરીરને માર્યો. તેથી અસપંદીયાર રૂઇનતને તેની પર ચઢાઇ કરી તેનો પુરો પરાજ્ય કરી નહસાડયો. ફીરદોશી મુજબ આ લઢાઇમાં તૂરાનીઓનાં ૯૦૦૦૦૦ માણસો માર્યાં ગયાં અને ઇરાનીઓનાં ૩૦૦૦૦ કપાઇ ગયાં હતાં. ત્યાર પછી અરજાસ્પે છુપી તઇઆરીઓ કરવા માંડી, અને જ્યારે રૂઇનતન ઉપર ગુસ્તાસ્પની ઇતરાજી થઇ, ને તેને કેદ કરવામાં આવ્યો તથા ગુસ્તાસ્પ રૂસ્તમને વતન પરોણા દાખલ ગયો તેનો લાભ લઈ ચઢાઇ કરી. બલ્ખમાં આ વેળા ફકત ૧૦૦૦ ઘોડેસ્વારો હતા. અરજાસ્પના લશકરે બલ્ખમાનાં ઘણાખરા આતશખાંનાઓ જમીનદોસ્ત કરી પુસ્તકોનો નાશ કીધો. આ હિંગામમાં લોહરાસ્પ અને સ્પેન્તમાન જરથોસ્ત માર્યા ગયા. અરજાસ્પે ગુસ્તાસ્પની બે બેટીઓને કેદ કરી પોતાના રાજ્યમાં આણી. ગુસ્તાસ્પને જ્યારે સીસતાનમાં આ ખબર પડી ત્યારે રૂઇનતનને કેદમાંથી મુકત કરી અરજાસ્પ ઉપર ચઢાઇ લઇ મોકલ્યો. (જુઓ અસંપદીયાર રૂઇનતન) અસપંદીયારે

સોદાગરને વેશે અરજાસ્પના મુલકમાં દાખલ થઇ 'કાસા'ના કિલ્લામાં એક વેપારી તરીકે ઉતારો લીધો, અહીં રૂઇનતને અરજાસ્પને એક જીઆફ્ત આપી તેની ભોલાઇનો લાભ લઇ તેની ઉપર ૨૦૦૦ સ્વારોથી હુમલો કીધો. અરજાસ્પને એ વાતની જાણુ થતાં તેણે પોતાના ૧૦૦૦૦૦ સીપાહોને બચાવ કરવા તઇઆર કીધા; પણ શૂરવિર ઇરાનીઓએ સેવટે બધાઓને હરાવી અરજાસ્પને મારી નાખ્યો. આ લઢાઇમાં અરજાસ્પની બે રાણીઓ, બે બેટીઓ અને એક બેહેન અસપંદીયારને હાથે કેદ પકડાયાં હતાં.

અર્જમંદબાનુ—એના પિતાનું નામ વજીર આસોફ્જાંહ હતું. આ બાનુ જમાલખાનની બાઇડી હતી. પણ ત્યાર પછી દિલ્હીના શાહાનશાહ શાહનજહાન સાથે લગ્ન કરી ગઇ હતી. એણે મુમતાજમહાલનો ખેતાબ મેળવ્યો હતો. આ બાનુ પુત્ર પ્રસવતા સમયે મરણ પામી હતી. તેણીની મરતી વેળાની ઇચ્છાપરથી શાહજહાને જગ પ્રસિદ્ધ તાજમહાલ બંધાવી તેમાં તેણીની કબર બનાવી હતી.

અર્જેવર્ઝ—પ્રાચીન ગ્રીકોને આગલા કવિઓ આ નામે ઓળખાવી ગયા છે; તેમાં મુખ્ય આર્ગોસના રહિશોને અર્જેવર્ઝની ઉપમાં આપી હતી.

અર્જુન—પાંચ પાંડવોમાંના ત્રીજો. પાંડુની આજ્ઞાથી કુંતિએ ઇંદ્રને આરાધી ઉત્પન્ન કરેલો, એ ઉપરથી તે ઇંદ્રનો પુત્ર કહેવાય. એ તથા કૃષ્ણ એ બે નરનારાયણનાં અવતાર છે. એણે દ્રોણાચાર્ય પાસે ધનૂર્વિદ્યાનો ઉત્તમ અભ્યાસ કરીને ગુરૂનો પ્રેમ સંપાદન કર્યો, ને દ્રોણે પ્રસંન્ન થઇ તેને બ્રહ્મશિરો એ નામનું અસ્ત્ર, જેથી બ્રહ્માંડનું લય થાય તે આપ્યું. દ્રુપધની સામે યૂદ્ધ ચાલ્યું તેમાં ઘણોખરો અર્જુનનાજ પરાક્રમથી તેહાર્યો ને દ્રોણને શરણ થયો. પછી ઘણાંક રાજાઓને અર્જુને જીત્યા ને હસ્તીનાપૂરને સણગાર્યું. લાક્ષાગૃહમાંથી બંચીયા

પછી પાંડવોએ વનવાસ કર્યો, તેમાં અર્જુને એક ગંધર્વને અગન્યાસ્ત્ર વિદ્યા શિખવી ને પોતે તેની પાસેથી સૂક્ષ્મ પદાર્થ દર્શક, ચક્ષુસી અને ગંધર્વાસ્ત્ર વિદ્યા શિખ્યો. દ્રૌપદીનાં સ્વયંવરમાં એણેજ મચ્છ વિંધ્યો ને દ્રૌપદીએ તેને વરમાળ પહેરાવી, એ ઉપરથી બીજા રાજાઓએ ક્રોધે ભરાઇ સામા થયા પણ અર્જુને બાણથી ને ભીમે એક મોટા વૃક્ષથી સહૂને હંકાવ્યા.

કાકાના કહેવાથી ધર્મે ઇંદ્રસ્થાનમાં જુદું રાજ્ય સ્થાપેલું ત્યાં એક સમે એક બ્રાહ્મણ અર્જુન પાસે રડતો ,રડતો આવી બોલવા લાગો કે 'મારી સવત્સ ધેનૂ ચોરાઇ છે. તે સાંભળી અર્જુન ઉતાવળથી ચિત્રાશાળામાં ધનૂષ્ય લેવા ગયો, ત્યાં તેને ધર્મરાજા અને દ્રૌપદીને એકાંતમાં સુતેલાં જોયાં. આથી તેણે પાંચ ભાઇઓમાં થએલી કબુલાત પ્રમાણે ૧૨ વર્ષવેર વનવાસ કરવા ગયો. પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે તીર્થયાત્રા કરવા નીકળ્યો. ગંગાનું દર્શન કરી આગળ વધતાં 'ઉલુપી' નામની નાગકન્યા તેની પર મોહી પડવાથી તેની સાથે લગ્ન કર્યું, તેને પેટે 'ઇરાવાન' નામે પુત્ર થયો. પછી બદ્રીકેદારનાં દર્શન કર્યાં ને હીરણ્યબીંદુ તીર્થ કર્યું. પછી દેશે દેશ ફરતાં મણીપૂર નગરમાં કોઇ ચિત્રવાન રાજા રાજ્ય કરતો હતો, તેની કન્યા ચિત્રાંગી એની પર મોહી પડી તેની સાથે લગ્ન કરી ત્યાં ત્રણ વર્ષ રહયો. અહીં તેને બભ્રૂવાહાન નામે પુત્ર થયો જેને ચિત્રવાનનું રાજ્ય આપ્યું. પછી અર્જુન ત્યાંથી આજ્ઞા લઇ આગળ વધ્યો. મણીપૂરની દક્ષિણે સમુદ્ર કીનારે સૌભદ્ર, પૌલોમ અગસત્ય, કરંધમ અને ભાટધ્વજ એ પાંચ તીર્થ 'નારીતીર્થ' નામે પ્રસિદ્ધ છે; પણ તેમાં કોઇને સ્નાન નહિ કરતાં જોઇને ઋષિઓથી પુછતાં જણાયું કે તેમાં મોટી મગરો હોવાથી મનુષ્યો તેમાં સ્નાન કરતાં નથી. તેથી અર્જુન પ્રથમ સૌભદ્રમાં સ્નાન કરવા ઉતરી એક મગરીને પકડીને તેણીને

બહાર કાઢતાં, તે એક અતી સ્વરૂપવાન સ્રી થઇ ઉભી. તેને પુછતાં તેણીએ જણાવ્યું કે 'હું કુબેર સભાની અસ્પરા છેઉં, મારૂં નામ વર્ગા છે. એક દીવસે હું સૌરભેઇ, સમીચી, બુદબુદા અને લતા' એ ચાર સખીઓ સાથે અરણ્યમાં ગાયણ ગાતી હતી. ફરતાં ફરતાં એક સ્થળે રમવા લાગી, ત્યાં કોઈ ઋષિપુત્ર અભ્યાસમાં ગુંથાયલો હતો તેને અમે જોયલો નહિ તેથી અમારી મસ્તી તુફાનથી તેના અભ્યાસમાં ખલલ થતાં તેણે શ્રાપ દીધો કે તમે જળ મધે મગરીરૂપ થઈ પડો. એ શ્રાપથી અમે ભય પામી ને તેમને વીનવી દયા માંગી, ત્યારે તેવણે કૃપા કરી ૧૦૦ વર્ષ પછી તમારાજ સ્પર્ષથી ઉદ્ધાર પામી પૂર્વ સ્વરૂપ થવાનો શ્રાપ આપવાથી આજે અમારૂં તારણ થયું છે, માટે હવે બાકીના તીર્થોમાં જઈ સ્નાન કરી બીજી બધીઓનો છુટકારો કરવા વીનવવાથી અર્જુને બધીઓનો છુટકારો કીધો.

ત્યાંથી પાછા ફરતાં મણીપૂર આવી શીવકાંચી, વિષ્ણુકાંચીના દર્શન કરીને કામ્યવનમાં આવ્યો. એ શિવનું અનુષ્ટાન સ્થળ હતું ત્યાં અર્જુન ધ્યાનસ્થ થઇ બેઠો, ત્યાં શિવ આવ્યા ને કોપાયમાન થયા. અર્જુને શિવ સાથે યૂદ્ધ કર્યું તેમાં શિવના બાણથી મુર્છા પામવાથી, શિવે તેનું યુદ્ધચાતૂર્ય જોઇ પ્રસન્ન થઇ તેને સાવધ કવચ, કુંડળ આપ્યાં. પછી તેણે રામેશ્વરનાં દર્શન કરી હનૂમાનના મુખથી રામચરિત્ર સાંભળયું. અર્જુને હસીને કહ્યું કે રામ એટલો બળીયો હતો ત્યારે બાણથી સેતૂ કેમ ન બાંધ્યો? હનૂમાને કહ્યું કે બાણ તો ભાંગી જાય. અર્જુને કહ્યું કે 'જો હું હોત તો બાણનો સેતૂ બાંધત. હનૂમાને કહ્યું કે બાંધ જોઉં! પછી અર્જુને એક જોજનનો બાણસેતૂ બાંધ્યો અને કહ્યું કે, એ જો ભાંજે તો હું અાગ્નિકાષ્ટ ભક્ષ કરીશ. હનૂમાને કહ્યું કે જો હું ના ભાગું તો તારી ધજાપર બેસી મારે તાબે રહેવું. હનૂમાને કુદકો મારી સેતૂ ભાંજ્યો ત્યારે અર્જુને કાષ્ટ એખટાં કરી સળગાવી તેમાં પ્રવેશ કરવાની તૈયારી કરી, પણ એટલામાં કૃષ્ણે બ્રાહ્મણને રૂપે આવી તેની સર્વ વાત સાંભળી, પછી કૃષ્ણે હનૂમાનને કહ્યું કે સાક્ષી કોણ છે? માટે ફરીથી સેતૂ રચાય ને પછી તે તું ભાંજે ત્યારે ખરી વાત. અર્જુને તે બાંધ્યો કે કૃષ્ણે તેની નીચે છાની રીતે સુદર્શન મુકેલું તેથી તે સેતૂ હનૂમાનથી તુટયો નહિં, ત્યારે હનૂમાન અર્જુનની ધજાપર બેસી તેનો સાહ્ય કરતા થયો. ત્યાંથી અર્જુન દ્વારીકા ગયો, અહીં તે કૃષ્ણની સાહ્યતાથી બળરામની ઇચ્છા ઉપરાંત સૂભદ્રનું હરણ કરી પરણ્યો અને એ સાથે એક વર્ષમાં ઘણાં તીર્થો કર્યાં.

બાર વર્ષ પુરાં થતા ઈંદ્રપ્રસ્થ આવી ભાઇઓને ભેટી સૂભદ્રાને દ્રૌપદીએ બેન કરીને માની. થોડા કાળમાં સુભદ્રાથી અભિમન્યુ પુત્ર થયો અને ત્યાર પછી ત્રીજે કે ચોથે વર્ષે દ્રૌપદીથી શૃતકર્માં પુત્ર થયો. એક વેળા અગ્નિએ બ્રાહ્મણ રૂપે આવી ખાંડવવન ભક્ષ કરવા માંગ્યું અને તે માટે જણાવ્યું કે ઇંદ્ર સાથે યૂદ્ધ કરવું પડશે. 'અર્જુન યૂદ્ધમાં જતાં અગ્નિએ વરૂણ પાસેથી લાવી આપેલા ગાંડીવચાંપ, અક્ષય ભાથા ને વિજયરથ લાવી તે વતી ઈંદ્ર તથા દૈત્યો સાથે યૂદ્ધ કરી તેને વન ભક્ષ કરાવ્યું.

ત્યાર પછી ધર્મ રાજાએ રાજસૂયજ્ઞ કરવાનો વિચાર કર્યો ત્યારે પુશકળ ધન લાવવાને ચારે ભાઇ ચાર દિશાએ ગયા તેમાં અર્જુન ઉત્તર દિશાએ વધી અસખ્ય દેશોને જીતી મોટું દ્રવ્ય લઇ પાછો ફર્યો. તેમાં ઈરાન અને રૂશિઆના પ્રસિદ્ધ દેશો પણ શરણે આણ્યા હતા. ત્યાર પછી રાજસૂયજ્ઞ સમાપ્ત થયો.

દુર્યોધન પાંડવોનું ઐશ્વર્ય જોઇ નહિ શકયો તેથી કપટદ્યૂત રમાડી સર્વસ્વ હરણ કર્યું. દ્યૂતમાં સઘળું હાર્યા પછી પાંડવો તેર વર્ષ વનવાસ ભોગવાને અદ્વૈત, વનમાં ગયા. ત્યાં વ્યાસજીના કહેવાથી અર્જુને ઘણું તિવ્ર

તપ કર્યું તેમાં ભંગ કરવા શિવે યૂકિતઓ કરી પણ નહિ ફાવવાથી તેની પર પ્રસન્ન થઇ તેને પાશૂતમ બ્રહ્મશિરો નામે અસ્ત્ર આપી તારો વિજય થાઓ એવો આશીરવાદ આપ્યો. ત્યાર પછી ઇંદ્રે પોતાની દરબારે તેને આણ્યો. અહીં અર્જુન પાંચ વર્ષ રહ્યો તેમ તેણે સ્વર્ગની સર્વ રચના જોઇ, અસ્ત્રશસ્ત્રવિદ્યા, ગાયન, નૃત્યકળા, અને બીજી વિદ્યાઓ શિખ્યો. આ વેળા અર્જુનનું તેજસ્વી રૂપ જોતાં 'ઉર્વશીનું' રૂધીર વિંધાયું. એ જોઇને ઉર્વશીને ઇંદ્રે આજ્ઞા આપી કે તું અર્જુનને આનન્દ પમાડ. ઉર્વશી આવતાં તેને અર્જુને કહ્યું કે "આવો માતા" એ ઉપરથી તેણીએ શ્રાપ દીધો કે તું નપૂસક રહીશ ને સ્ત્રીઓમાં વાસ કરીશ. ઇંદ્રે આ વાત જાણી કહ્યું કે તું ફકત એકજ વર્ષ આવી હાલતમાં રહીશ અને તે વખતે ગુપ્ત ન રેહેતાં આ શ્રાપ કામ લાગશે. પછી આગલ અર્જુન અધ્વૈત વનમાં ભાઇઓ હતાં ત્યાં આવ્યો. એક વેળા જયદ્રથે દ્રૌપદીને એખલી જોઇ હરણ કરી ચાલ્યો ત્યારે અર્જુને તેને પકડીપાડી તાબે કર્યો હતો. તેરમે વર્ષે પાંડવો વિરાટ રાજાને ત્યાં છુંપા રહ્યા ત્યારે અર્જુન બ્રૃહનાટ એવું નામ ધારણ કરી અંતઃપૂરમાં સ્ત્રીઓને નૃત્યુકળાશીખવવા રહ્યો. આ વેળા કૌરવોએ પાંડવોને પાછા વનવાસ મોકલવા માટે શોધી કાઢવા ઘણા પ્રયત્ન કર્યા પણ કાંઇ વળ્યું નહીં. પણ તેવોએ અનુમાન પરથી નગરીને (કૌરવોએ) ઘેરી લઇ ત્યાંની ગાયોનું હરણ કર્યું, ત્યારે અર્જુને ભાઇઓ સાથે મળી તેમનાં-સે યૂદ્ધ રમી તેમને હરાવ્યા. આ વેળા તેર વર્ષો પુરાં થયલા હોવાથી તેમનું કાંઇ ચાલ્યું નહિ. વિરાટ રાજાએ પાંડવોનો ઉપકાર માની ક્ષમા માંગી પોતાની ઉત્તરા કુંવરી અર્જુનને પરણાવવા માંગી, પણ અર્જુને કહ્યું કે હું એનો શિક્ષાગુરૂ છું માટે નહિ પરણું. એ ઉપરથી અર્જુનપુત્ર અભિમન્યુને તે પરણાવી.

યૂધીષ્ટીરે દુર્યોધન પાસે રાજનો અર્ધો ભાગ આપવાનું સમજાવવાને કૃષ્ણને મોકલ્યો હતો, પણ તેણે ચોખી ના પાડી. તે ઉપરથી કુરૂક્ષેત્રમાં યૂદ્ધ થયું. ત્યારે અર્જુને કૃષ્ણને કહ્યું કે આ મારા વડીલગુરૂ અને સંબંધી છે તેમને કેમ મારૂં? આવી પ્રીતિ જોઇ કૃષ્ણે તેનો આ મોહ; ઉપદેશ આપી મટાડયો. પછી અર્જુને દસ દિવસ સુધી ભીષ્મ સાથે યૂદ્ધ કરી કૌરવ દળનાં ઘણાક વિરોને માર્યા. ભિષ્મ રણમાં પડયો ત્યારે પાંડવો કૌરવો પાસે ગયા હતા. એ વખતે ભિષ્મે પોતાનાં લલાટનાં લટકતા માથા નીચે કાંઈ મુકવાનુ માંગ્યું. કૌરવો સુંદર ઓસીકાં લઇ આવ્યા, ત્યારે ભિષ્મે તે ન સ્વિકારતાં અર્જુનને કહ્યું કે તેને ત્રણ બાણ ઠોકી ઓસીકું, કરી આપવું. તેમ અર્જુને કરી પાણી માટે પૃથ્વીમાં એક બાણ મારીને પાતાળ ગંગાની ધાર ભિષ્મના મુખમાં પાડી. ત્યારથી તે સ્થળ બાણગંગાના નામથી પ્રસિદ્ધ છે. કૌરવ સૈન્માં દ્રોણ સેનાધિપતી હતો ત્યારે અર્જુને પોતાના સૈન્યથી જુદો પડીને કૌરવ દળના 'સમસતપક' નાંમના જૂદા પડેલા સમૂહ સાથે યૂદ્ધ કરતો હતો અને વખતે પોતાના મોટા સૈન્યની સહાયને માટે પણ આવતો હતો. તેરમે વર્ષે એ સમસતપક સાથે લઢતો હતો અને મોટા સૈન્યમાં અભિમન્યુ લડતો હતો. અભિમન્યુ ચક્ર વ્યુહમાં તેજ દિવસે પડયો. એ વાત જ્યાંરે અર્જુને રાત્રે જાણી ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કે કાલે જો હું જયદ્રથને સૂર્યોસ્ત પેહલાં ન મારૂં તો બળી મરશ. ચૌદમે દીવસે બપોરે અર્જુને પોતાનો અશ્વ તૃષાકાંત થયો ત્યારે પૃથ્વિમાં બાણ મારીને ચારે પાસે વૃક્ષની ઘટા ઝુકી રહેલી અને તેને તીરે હંસો ફરતા ફરે છે એવું સરોવર ઉત્પન્ન કર્યું. તેમાંથી પોતે પાણી પી અશ્વને પાઈ, પાછું તે અલોપ કર્યું હતું. એ સમે કૌરવો બાણ મારતા હતા. પણ તેને અર્જુન ગણકારતો નહિ. દીવસ થોડો રહયો હતો,

ત્યારે કૃષ્ણે સાંજ પડી હોય એવી માયા કરી, કે જેથી જયદ્રથ સમજે કે અર્જુનથી મને મરાશે નહિ. એવું સમજીને તે સંતાયલો બહાર આવ્યો પછી અર્જુને તેને માર્યો. એ પછી ૧૫ દિવસમાં બધા સૈન્યનો પરાભવ કર્યો ને દુર્યોધન રણસંગ્રામમાં મરણ પામ્યો.

ત્યાર પછી યુધિષ્ટીરે જે અશ્વમેધની દીક્ષા લીધી હતી તેથી સ્યામકર્ણી અશ્વ છુટો મુકયો. અર્જુન તેની સાથે પોતાનાં સૈન્યને લઇ નીકળયો. અશ્વ જયાં જયાં ગયો ત્યાં અર્જુને તેમની સાથે યૂદ્ધ કરીને સઘળાંને શરણે આણ્યા. દેશેદેશ જીત મેળવતાં તે મણીપૂર આવ્યો; અહીં બભ્રુવાહન રાજ્ય કરતો હતો, તે માતાના કહેવાથી અર્જુનને શરણ આવ્યો ત્યારે અર્જુને તેને લાત મારી કહ્યું કે, જો તું અર્જુનનો પુત્ર હોય તો (અશ્વ બાંધ્યા પછી) યૂદ્ધ કર્યા વગર શરણ થાય નહિ, માટે તારી માયે જાર કર્મ કર્યું હશે. એ ઉપરથી બભ્રુવાહને ક્રોધે ભરાઇ યૂદ્ધ કર્યું. તેણે અર્જુન તથા વૃક્ષકેતૂનાં ડોકાં ઉડાવી દીધા. એ વાત ચિત્રાંગી અને ઉલૂપી જે બે અર્જુનની સ્ત્રીઓ હતી તેમનાં જાણમાં આવતાં તેઓએ પુત્રને ધિક્કાર્યાથી તેણે ઉલૂપીનાં પિતા શેશ પાસેથી સજીવન મણી લાવી તેમને સજીવન કીધાં. આ વાત ચિત્રાંગી અને ઉલુપીએ જાણી તેને વધાવી લીધો. એ પછી ત્રીયા રાજમાં લઢાઈ ન કરતાં ત્યાંની રાણી પ્રમિલા સાથે લગ્ન કરી તેણીને વશ કરી. આગળ વધતાં મયૂરધ્વજ જે કૃષ્ણનો ભકત હતો તે પણ ૮ મો અશ્વમેધ કરતો હતો તેની સાથે યૂદ્ધ થતાં ઘણું ખમવું પડયું. પછી કૃષ્ણે વચમાં પડી એઉતું કામ કરી આપ્યું. પછી તેઓ કુંતલપૂરમાં આપી ત્યાંના ચંદ્રહાંસ રાજાને શરણે આણ્યો. પછી સીંધુ દેશનાં રાજા જયદ્રથની નગરીમાં આવી ત્યાં દુર્યોધનની બેન દુશલા તથા તેના પુત્રને લઇ અર્જુન અને કૃષ્ણ અસંખ્ય ધન તથા સર્વ રાજાઓ સહીત હસ્તીનાપૂરમાં આવ્યો. યુધીષ્ટરે અશ્વમેધ યજ્ઞના કુંડની રક્ષા કરવાનું કામ અર્જુનને સોંપી યજ્ઞ પૂરો કર્યો.

યૂધિષ્ટીરનાં રાજ્યમાં અર્જુન ઉત્તમ રીતે સેનાધીપતિનું કામ બજાવતો હતો. થોડા વખતમાં કૃષ્ણ સ્વર્ગે ગયાથી અર્જુન ઘણો શોક પામ્યો. પછી અર્જુન સર્વ બંધુઓ સાથે ઉત્તરાખંડમાં જઈ ત્યાં ગુપ્ત થયો. અર્જુનના દસ નામો તેના દસકાર્યો ઉપરથી આપવામાં આવ્યાં છે. એને દ્રોપદીથી શ્રુતકિર્તી, ઉલૂપીથી ઇરાવાન, ચિત્રાંગથી બભ્રુવાહન અને સુભદ્રાથી અભિમન્યુ એ ચાર પુત્રો થયાં હતા. એના રથનું નામ 'વીજય' હતું. તે પર ધજા સજીવકપીની હતી. રથને ચાર અશ્વ જોડવામાં આવતા. યૂધ્ધ સમય સાર્થી કૃષ્ણ હતો. એના ધનૂસ્યનું નામ ગાંડીવ હતું. (૨) એ નામનું હિંદમાં એક ઝાડ થાય છે તેને આંજણીયાનું પણ ઝાડ કહે છે.

અર્જુન—એક જાતનું વૃક્ષ (જુઓ આસુંદરો).

અર્જુનદાસ—એ નાનકશાહ પછી શીખોનો ગુરૂ થયો હતો. એણે નાનકના પદોનો સંગ્રહ કરી તેને આદિ ગ્રંથ નામ આપ્યું હતું.

અર્જુનપાલ રાજા—એ જાતે જાધવ રજપૂત હાલમાં કિરોલના માહારાજા છે. કિરોલનાં રાજ્યોનો વિસ્તાર ૧૮૭૦ ચૌરસ માઇલ જમીનનો છે. અને તેમાં ૧૨૫૯૮૦ માણસની વસ્તી છે. વાર્ષીક પેદાશ પાંચ લાખની છે. આ રાજ્ય બ્રીટીશ હિંદનું ખંડીયું છે. હાલના રાજાની આગમજ 'મદનપાળ' નામે રાજા રાજ્ય કરતો હતો, જેની ખરાબ વર્તણુકને લીધે સરકારે તેને ઈ. સ. ૧૮૮૧ માં પદભ્રષ્ટ કીધો પણ તેમનો કોઈ ગાદીવારેસ નહિ હોવાથી તેના નજીકના કુટુંબી અર્જુનપાલને ગાદી મળી. આ માહારાજા બ્રીટીશ છાવણીમાં જાય ત્યારે તેમને લશકરી સલામતી ને ૧૭ તોપોનું માન મળે છે.

અર્જુનદેવ—ગુજરાતનાં વાઘેલા વંશનો આ રાજા ૧૨૬૨ માં ગાદીએ આવ્યો. એનું મરણ ૧૨૭૫ માં નીપજ્યું.

અર્જુનસિંહ—ભીમસિંહ અસાવગઢનો રાજા હતો તે વખતે અર્જુનસિંહ પોતાના ભાઇ સાથે હતો. ભીમસિંહની રાણીનું નામ ભાવમતી હતું. એક વખતે અર્જુનસિંહને ભૂખ લાગવાથી ભાવમતી પાસે ભોજન માંગ્યું, અને તે ખાવાની ઉતાવળ કરવા લાગો, તે જોઇ ભાવમતીએ કહ્યું કે "ઉતાવળ શી છે? શું તું દેવગઢ જીતીને આવ્યો છે?" આવા સુખન સાંભળી અર્જુનસિંહનાં મનપર ઘણીજ અસર થઇ; અને તરતજ એણે દેવગઢ જવાની તૈયારી કરી. પછી ત્યાંથી એક ગાઉ દૂર જઇ પોતાનો તંબુ નાખ્યો. આ ખબર તેના ભાઇ રાણા ભીમસિંહને થતાંજ તે તેની પાસે ગયો અને તેને એક ઓરત જાતનાં બોલવા પર તેખ લાવી બળીયા રાજા સામે થવામાં કશો ફાયદો થવાનો નથી તે જણાવ્યું; છતાં અર્જુનસિંહે મક્કમ ઠેડાવથી દેવગઢ જવાનો નિશ્ચય જણાવ્યો, આથી ભીમસિંહે લાચારીથી લશકર તથા મુલક અર્જુનસિંહને સોંપી પોતે રાજપાટ તજી વનમાં જઇ રહયો. પછી અર્જુનસિંહે ગાદી સ્વીકારી એખલો દેવગઢ ગયો. ને ત્યાં એક વાવ પાસે તંબુ મારી મુકામ કર્યો. આ સમયે દેવગઢમાં રાજારામસિંહ રજ્ય કરતો હતો, તેનો માણસ તે કુવા ઉપર પાણી ભરવા આવ્યો તેને અર્જુનસિંહે પુછ્યું કે આ પાણી તું કોણને માટે લઇ જાય છે? તે અવિવેકીએ બરાબર જવાબ નહિ આપ્યાથી અર્જુનસિંહે તેમાંના ઘણાકોને માર્યા તેથી રાજાએ લઢાઇ નહિ કરતાં સામો અર્જુનસિંહને મળવા આવી પોતાને ઘેરે તેડી ગયો.

રામસિંહનાં પગમાં એક તોડો હતો તે પેહેરવાનું કારણ અર્જુનસિંહે તેને પુછ્યું ત્યારે રામસિંહે જવાબ આપ્યો કે "મેં દુશમનોને હરાવ્યા તેના જયની આ નિસાની છે." અર્જુનસિંહે "તોડો ઉતારી નાખો યા મને આપો, નહિ તો લઢાઇ કરો એવી માંગણી કરી." માનસિંહે અર્જુનસિંહને સમજાવ્યો કે હું મારી પુત્રી તારી સાથે પરણાવીને આ તોડો ભેટ આપીશ. આ માંગણી નહિ સ્વીકારી તેણે એક બર્છી થાંભલામાં મારી આરપાર કાઢી કહ્યું કે આ બર્છી બહાર ખેંચી કાઢો યાતો મને તોડો આપો. રામસિંહે સેવટે અર્જુનનેજ તે બર્છી કાઢી જીત મેલવવાની જોગવાઇ કરી આપ્યાથી તેણે બર્છી ખેંચી કાઢીને તે તોડો તથા તેની કુંવરીને હાથ કરી. આ પ્રમાણે અર્જુનસિંહે વીજયી થઈ પોતાના ભાઇ તથા ભાભી પાસે જઇ તેમને ખુશી કર્યાં હતા.

અરેંજહિ—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે જગતમાં સાત ખંડો છે, તેમાંનો આ ૧ લો અરેંજહિ નામનો ખંડ પશ્ચિમ દીશાએ આવેલોછે. આ ખંડની લંબાઇ ૪૦૦૦ ફરસંગનીછે. અહીંના વતનીઓ ખુદા પરસ્ત છે અને સખાવતે બાહાદુર ગણાય છે.

અર્ઝેરૂમ—આર્મેનિયા પ્રાંતમાં યૂફ્રેટીસ નદીના કીનારાપર આશેહેર છે. એ કાળા સમુદ્ર અને ઇરાન સાથે સારો વેપારી વેહેવાર ધરાવે છે. સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફીટની ઉંચાઇએ આ પ્રાંત આવેલો હોવાથી અત્રે થંડી બહુ પડેછે. અહીં ઢોર તથા ઘેટાંની મોટી પેદાશ છે.

અરઝામસ—આ રશીયન યુરોપમાં આવેલું શેહેર એજ નામનાં પ્રાંતનું મુખ્ય શેહેર દાખલ જાણીતું છે. વસ્તી ૯૦૦૦ ની છે. આ શેહેર હાલ હવાલ સ્થીતિમાં છે. દર વર્ષે અત્રે બે મોટી જાત્રાઓ ભરાય છે.

અરટાલીગાસ્પર—આ બાહાદુર સીપાહ તથા દ્વંદ્વયૂદ્ધ કરનારનો જનમ સીસીલીમિઝારા ખાતે ઇ. સ. ૧૬૨૮ માં થયો. કેનેડાને જે વેળા તુર્કોએ ઘેરો ઘાલ્યો હતો તે સમે એણે પોતાની અસાધારણ બાહાદુરીથી ફતેહ મેળવી હતી. તે માટે એને નાઇટનો માનવંત ખેતાબ મલ્યો હતો એ અછો કવિ હતો, એની કવિતાના અનેક ગ્રંથો પ્રસિદ્ધ છે. મરણ ઇ. સ. ૧૬૭૯ માં નીપજ્યું.

અરટીજન—આ જાણીતા પ્રખ્યાત ચિતા-

રાનો જનમ 'લીડન' ખાતે હૉલંડમાં ઇ. સ. ૧૪૯૮ માં થયો હતો. પ્રથમ એ કાંતનારનો ધંધો કરતો હતો પણ પાછળથી પ્રતિષ્ઠા મેળવવાની ઉત્કંઠાથી તેણે આ ધંધો સંપાદન કર્યો ને તેમાં પ્રસિદ્ધતા મેળવી હતી. મરણ ૧૫૬૪ માં નીપજ્યું.

અરડુસો—એનાં ઝાડ સૈહ્યાદ્રી પર્વત ઉપર ઘણાં વિશાળ ઉગે છે. કડવા લીંબુના પાંદડાં કરતાં એનાં પાતરાં ઘણાં મોટાં હોય છે. એની ડાખળી હાથ દોઢ હાથ લાંબી હોય છે એની છાલનો વાસ તજ જેવો આવે છે. એની છાલ તજના કરતાં જાડી હોય છે. ગરીબ લોકો તજને બદલે એનો ઉપયોગ કરે છે, એમાં ગર્મી તોડવાની શક્તિ હોય છે. એનું લાકડું હલકું હોવાથી તે ઇમારત બાંધવાનાં ઉપયોગમાં આવતું નથી; પણ એના લાકડાનાં મૃદંગ અને ઢોલક બનાવવામાં આવે છે.

અરડુસ—એના ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એમાં સફેદ તથા કાળી એવી બે જાતો છે.. સફેદ અરડુસનો રંગ સફેદ અને કાળી અરડુસના ઝાડોનો રંગ કાળો હોય છે. એના પાંદડાં ઘણા સુંદર હોય છે અને તે ઉપર કસાનો ડાઘ હોતો નથી. આ અરડુસ સફેદ અરડુસ કરતાં ઘણાંજ ઉષ્ણ અને કફનાશક હોય છે. ધોળી અરડુસનો રંગ લીલાસપર હોય છે. તે ઉપર ધોળા રંગના ચાઠાં હોય છે. અરડુસીનાં ફુલો સફેદ હોય છે, અને એના ઝાડ ૬ થી ૧૦ ફીટ ઉંચા હોય છે. એની છાલ ઔષધીમાં વપરાય છે. ગુણમાં પાચક, ગ્રાહી હોય છે. અજીરણ અરૂચી, ઝાડો, સંગ્રહણી ઉપર તેનો ઉપયોગ 'કાવો' કરી, યા 'હીમ' આપી કરવામાં આવે છે.

અર્ણછંદ—આ છંદ ત્રીસ અક્ષરનો તેમાં બે નગણ ને આંઠ રગણ હોય છે.

અરણ્યજીરણ—કાળા જીરાનો છોડ.

અરણી—એના ઝાડ ગરમ દેશમાં ઘણાં ઉગે છે. એનો લાકડાને એક બીજા સાથે ઘસીયાથી તેમાંથી અગ્નિ પ્રગટે છે. એના પાંદડાની ભાજી અને ફુલની કઢી કરી આ દેશનાં લોકો ખાય છે. હૂક્કાના નેળ એના લાકડાનાં બનાવવામાં આવે છે. આ ઝાડના ફુલ ચંપેલીના જેવાં ધોળા હોય છે.

અરણી—એને એરણ પણ કહે છે. એમાં નાની ને મોટી એવી બે જાતો છે. તથા સફેદ ને કાળી એવી પણ બે જાતો છે. નાની જાતનાં ઝાડ ૬ થી ૮ ફીટ ઉચા હોય છે; પણ મોટી જાતના ઝાડ ઘણાં ઉંચા હોય છે, અરણીને ફુલોની બહાર આવે છે તે સમયે એ ફુલો ઉપર થઇ આવતી પવનની લેહેરી સુગંધી હોય છે અને તે મનને આનન્દ પમાડે છે.

ગામડાઓમાં ખેતરોની વાડ ઉપર એનાં ઝાડો ઘણાં થાય છે. કાળી અરણીનાં મૂળોનું તેલ કાઢવામાં આવે છે. અરણી ઔષધીમાં વપરાય છે. એ ઉષ્ણ, વાતહરને સોથઘ્ન છે. સુતિકારો, વાયુ ઉપર એનો કાહવો વપરાય છે, સોજા ઉપર એને ઘસીને ચોપડે છે.

અર્થપતિ—પ્રતિકુટ ગામમાં 'શોન' નદીને કાંઠે આ વિદ્વાન પુરૂશ રહેતો હતો. એ જ્ઞાતે વાત્સયાયણ ગોત્રી બ્રાહ્મણ હતો. અર્થપતીનો પુત્ર ચિત્રભાનું મહા ધર્મધૂરંધર હતો.

અર્થવિદ્યા—અથવા અર્થશાસ્ત્ર, દેશની આબાદી માટે શીખવું અવશ્ય છે. અર્થશાસ્ત્રથીજ દેશની હાલત સુધરેલી જણાય છે. જે દેશના લોકો અર્થવિદ્યામાં નિપૂણ હોય છે, તેઓજ સુખી અને આબાદ સ્થિતીમાં હોય છે, અર્થવિદ્યા પ્રજાની દોલતને લગતી વિદ્યા છે. એક પ્રજા બીજી પ્રજા કરતાં શ્રીમંત કેમ થઇ અને શા માટે છે યા શાથી શ્રીમંત થઈ શકી છે, તે આ વિદ્યા બતાવે છે. દેશમાંથી ગરીબાઇને નાબુદ કેમ કરવી તે આજ વિદ્યા શિખવે છે. એટલુંજ નહિ પણ દરેક માણસનો તેના બદલામાં પુરતું દામ મળે તે પણ એજ વિદ્યાથી શીખાય છે.

આ વિદ્યાને શીખવા માટે ખાસ એ વિદ્યાને લગતી વાતોઓ જોડાયલી છે; તેમજ આપણને એ વિદ્યા શું છે તે જાણવાનું હોવાથી આપણને આ વિદ્યાની મુખ્ય મતલબ પ્રથમ જાણવી જોઇએ. અર્થવિદ્યા તે દોલતની વિદ્યા છે. દોલત પોતે જાતે શું છે? તે કેમ મેળવી શકાય છે? તેનો ખરો ઉપયોગ યાને ખપ શું છે? અને તે મેળવવા માટે બીજી વિદ્યાઓની કેવી મદદ લેવી પડે છે તે સઘળું અર્થવિદ્યા શિખવે છે. એટલી બધી ખુબી અને ઉપયોગ ધરાવવા છતાં સૌથી સાધારણ રીતે થોડી જણાયલી વિદ્યા એજ છે. દોલત સઘળાંને ગમે છે, તવંગર સઘળાં કોઈ થવા માંગે છે, તેમ ગરીબઇ ખરેખર ધીક્કારવાજોગ નથી, તોપણ તેને ધીક્કારનારાઓ વટીક આ કિમતી અને ફાયદાકારક વિદ્યા તરફ રહે છે, એ થોડી તાજુબી પમાડનારૂં નથી. ઘણા લોકો અર્થવિદ્યાના મૂળ તત્વો નહિ જાણતાં તેઓ વિદ્યા જાણવાનો ફાંકો રાખે છે. તેઓ આ વિદ્યા જન્મથી માણસને અપાયલી સમજે છે. તેઓ ગમે તેમ એના કાનુનથી ઉંધા કાનુન ઠોકી બેસાડી અર્થવિદ્યાની સાબુતાથી પોતે ચાલે છે એમ બતાવે છે, પણ તેમ કરતાં તેઓ પોતે પોતાના કુટુંબને અને પોતાના દેશને નુકસાનકારક થઇ પડેલા જણાય છે.

બીજી વિદ્યાઓ કરતાં આ વિદ્યા શીખવામાં, સમજવામાં, અને યાદ રાખવામાં ઘણી અઘડી હોય છે. માણસ પોતાની આખી જીંદગીવેર આ વિદ્યા શીખવા પછવાડે ધ્યાન લગાડે તોપણ તે આ વિદ્યામાં કદી નીપૂણ થઇ શકવાનો નથી. આ અર્થવિદ્યાને વેહવારીક વિદ્યામાં મુકાઈ શકાય નહિ; કારણ કે વેહવારીક વિદ્યા સાધારણ જ્ઞાનથી સંપાદન થઇ શકે છે. સખાવત કેમ કરવી એ પણ અર્થવિદ્યા શીખવે છે. સખાવત કરવી તે એવાઓને કરવી ઘટારત છે કે જેઓથી દેશમાં આળસાઇ અને હરામખોરી વધે નહિ.

અર્થવિદ્યાનાં કાયદે વરત્યાથી દેશની આબાદી વધે છે. જેમકે પૈસો દેશની આબાદીનો મૂળ પાયો છે પણ હૂન્નર સૌથી શ્રેષ્ટ છે, તેથી અર્થવિદ્યાના ધોરણથી દેશમાં એવે જગે પૈસા રેડવા કે જેથી દેશમાં હૂન્નરને ઉત્તેજન મળે અને પોતાનો દેશ નવાઇ જેવી દેશ ઉપયોગી ચીજો બનાવી શકે તે અર્થવિદ્યા શિખવે છે.

અર્થવિદ્યા એછે કે દેશમાં પાઠશાળાઓને ઉત્તેજન આપો, પુસ્તકખાનાઓને ઉત્તેજન આપો, વિદ્યા હૂન્નરનાં પ્રદક્ષણોને મદદ કરો, દેશમાં પરદેશીના જેવી ચીજો બનાવવાનાં કારખાનાં કાઢો. એકંદર આ વિદ્યા એટલુંજ શીખવે છે કે તમે પારકા દેશના આસરાપર પડી નહિ રેહેતાં તમારા ઉપયોગની ચીજ તમારાજ દેશમાં પેદા કરો. તમારા દેશનો પૈસો બીજા દેશમાં ઘસડાઇ જતો અટકાવો. નવી શોધો કરો, નવા હૂન્નર ઉપજાવી કાઢો તોજ દેશ, અર્થવિદ્યાના કાનૂનથી શ્રેષ્ઠ થયલો જણાશે. પોતાના દેશમાં પારકા દેશોથી તરેહવાર ચીજોની બનાવટો બનાવીને આવે છે, તેવીજ અને તેથી સસ્તી પડે તેવી નકલ કરી ખુદ તે ચીજો પોતાના દેશમાં બનાવવી.

અર્થવિદ્યા એ દોલતની વિદ્યા છે. એ વિદ્યા દોલત સાચવવી કેમ ને વધારવી કેમ એ શીખવે છે. અર્થવિદ્યાને આધારે હૂન્નર ખીલવ્યો હોય તો દેશની આબાદાનીમાં વધારો થઇ શકે છે.

અર્થવેદ—અર્થવેદ નાનાપ્રકારનાં છે નિતીશાસ્ત્ર, અશ્વ શાસ્ત્ર, પાક શાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર વગેરે.

અર્થોપક્ષેપક—નાટકમાં જે વિષય અંકમાં જાહેર રીતે બતાવી શકાતો નથી તે, અને જે વિષે જણાવવાનું તો ઘણું અગત્યનું હોય છે, એવી બાબતો અને બીજી વીસતૃત વાર્તાઓ જણાવવામાં આવે છે તે અર્થોપક્ષેપક-વારે સુચવી શકાય છે. અર્થોપક્ષેક પાંચ છે. ૧ વીષ્કંભક. ૨. પ્રવેશક ૩. ચૂલીકા. ૪. અંકાવતાર. ૫. પંચમૂખ.

વીષ્કંભક—આગલ બનેલી અને હવે પછી બનનાર કથા ભાગનો જે સાર જણાવવામાં આવે છે તે આ સૂચના પર્સ પર મધ્ય પાત્રોનાં ભાષણોમાં કરવામાં આવે તો તેને શૂધ્ધા કહે છે. અને મધ્યમ તથા હલકા પાત્રોનાં ભાષાણોમાં જણાવ્યું હોય તો તેને 'સંકીર્ણ' કહે છે.

પ્રવેશક—ઉપલા વિષ્કંભક પ્રમાણેજ બનેલા અને બનવાનાં બનાવો વિશેની સુચના પર્સપર હલકા પાત્રોનાં સંભાષણદ્વારે કરવામાં આવે છે, ત્યાં પ્રવેશક થાય છે. એ બે અંકના વચમાં બને છે.

ચુલીકા—નેપથ્યમાં જે સુચનીય અર્થની સુચના કરવામાં આવે છે તે.

અંકાંવતાર—એક અંકની સેવટમાં પાત્રની તરફથી ભાષણદ્વારે આગળા અંકમાંના ભાગ વિશે જે સુચનાં કરવામાં આવે છે તે અને તે પ્રમાણે આગલા અંકનો આરંભ થાય છે ત્યારે તેને એકાંતવાર કહે છે.

અંકમૂખ—અંકમાં એક કથાભાગ છિન્ન થાય તો અંકમાંના પાત્રદ્વારેજ આગલા ભાગની સુચના કરી તે આગળ ભજવી બતાવવામાં આવે છે તેને અંકમૂખ કહે છે.

અરદઇશીર—કચ્છનાં દેશી રાજ્યના તાબામાં આવેલું ભૂજની ઉત્તર પૂર્વે ૭૦ માઇલ પર આ ગામડું આવ્યું છે.

અર્દવશ પેહેલો—આર્મેનિયાંનાં માજદીયસની પાદશાહોનાં વંશજનો આ ત્રીજો પાદશાહ ત્રીગાનનાં મરણ પછી ઇ. સ. પૂર્વે ૫૫ માં ગાદીનશીન થયો. એ ઘણો વિદ્વાન હતો. એણે યૂનાની ફીલસુફી અને ઇતિહાસીક ગ્રંથોનો સારો અભ્યાસ કર્યો હતો. એણે ઘણાક નાટકો તથા નીબંદોનાં ગ્રંથો રચ્યાં છે. રૂમી સરદાર ક્રેસસે ઇરાન ઉપર ચઢાઇ કરી ત્યારે આ પાદશાહ તેની ઓર્દુમાં હતો, પણ ક્રેસસની ફોજનાં સમૂળા નાશ પછી અશકાની પાદશાહ ઓરોડીશ આર્મેનીયા ઉપર ચઢાઇ લઇ ગયો ત્યારે રૂમીઓએ તેમને કશી મદદ આપી નહિ. આથી અર્દવશેં તેની દોસ્તી તોડી ઓરોડીસની પનાહ માંગી અને તેના બહાદુર બેટા 'પેકોરસ' સાથ પોતાની બેટીને પરણાવી. પણ પાછળથી 'માર્ક એન્ટનીએ' અશકાની ઉપર નવો ધૂંજારો લાવવા માંગ્યો, ત્યારે આ પાદશાહ પાછો રૂમીઓને મળી ગયો, એટલુંજ નહિ પણ આજરબીજાનનાં માજદીયસની પાદશાહ અર્દવશ સામે લડવા ગયો તેમાં તેનું તેમજ એનટનીનું લશકર જબરો માર ખાઇ નાઠું હતું. આથી તે રૂમી સરદાર એટલો તો ગુસ્સે થયો કે તેણે આ આર્મેની પાદશાહને પકડી મીસરવાળી પોતાની માશુક કલિયોપેટ્રા ઉપર મોકલ્યો. આ રાણીએ ઇ. સ. પૂર્વે ૩૦ માં એને મારી નાખ્યો.

(૨) અર્દવશ બીજાને નામે ત્રીજા ત્રીગાન પછી એ ઇ. સ. પૂર્વે ૫ માં તખ્તનશીન થયો, પણ બે વર્ષ રાજ્ય કીધું નહિ તેટલાં તે પદભ્રષ્ટ થયો.

અર્દવાન ૧ લો—આ અર્દવાન અશકાનિયાન ખાનદાનનો તેરમો પાદશાહ હતો. એ બીજા અશકનો બેટો હતો. ઇ. સ. પૂર્વે ૬૧ માં ગાદીનશીન થયો અને ૨૯ વર્ષ રાજ્ય કરી ઇ. સ. પૂર્વે ૩૨ માં મરણ પામ્યો.

(૨) એ અશકાનિયાન ખાનદાનનો છેલ્લો પાદશાહ ઇ. સ. ૧૯૬ માં ગાદીએ આવ્યો; એને અરદેશર બાબેગાંને ઇ. સ. ૨૨૬ માં ગાદીએથી ઉઠાડયો ને સાસાનીયાન ખાનદાનનો પાયો રચ્યો. એણે ૩૦ વર્ષો સુધી રાજ્યપદ ભોગવ્યું હતું.

અર્દવિસૂર—(જુઓ આવાં ઇજદ)

અર્દશીર બાબેગાન—(જુઓ અરદેશર બાબેગાન)

અર્દાવિરાફ—આ મહાન પુરૂપ ઇસવી સનની બીજી સદીમાં જનમ્યો હતો. જ્યારે અરદેશર બાબેગાને પોતાની સત્તા ઇરાનમાં સ્થાપન કરી, તે સમયે જરથોસ્તી મજહબની સ્થિતિ ડામાડોળ હોવાથી દીનદારોનું એકીન મુસ્તકીમ પાયા પર લાવવા થકી તે વખતનાં દસ્તુર

દાવરો એ એક અનજુમન આદરફરોબાહ* ના મકાનમાં બોલાવી. આ અનજુમનનાં દાનાવેનો વિચાર એવો હતો કે એક ધણીને આપણા પવિત્ર કલામોની ખુબીથી મીનોઇ જહાન મોકલી ત્યાંની બધી ખબરો મંગાવવી અને મીનોઇ તથા ખાકીજહાન વચ્ચે શું સંબંધ છે તે લોકોને જણાવવો. આ ઉપરથી આવા કામને લાયક એવાં શખસોમાંથી ચુંટીને ૭ શખસોને ચુંટી કાઢયા. તેમાંથી તેઓ સાત જણાએજ ત્રણને ચુંટી કાઢયા, ને ત્રણમાંથી સેવટે અરદાવિરાફ એખલો ફતેહમંદ નીવડયો. વિરાફે પોતાને ચુંટી કાઢેલો જાની અનજુમન સનમુખ ઉભો રહી કહ્યું કે "અગર જો તમારી મેહેરબાની હોય તો તે અનગમતું મંગT મારા નામની ચીઠી નીકળે ત્યાં સુધી નહિ આપતા. પણ મારા નામની ચીઠી નીકળશે તો તે મંગ, પી, હું પેલી જહાનમાં ખુશીથી જવશ. વિરાફના કહેવા પ્રમાણે ચીઠીઓ નાખી અને તે ત્રણ-વેળા વિરાફનાંજ નામની નીકળવાથી, તેજ મકાનમાં એક અલાહેદી જગામાં પોતાને સુગંધીથી તર કરી એક ઇધોરાપર ગલીચો બીછાવ્યો અને તે ઉપર ઘટતે વખતે બેસી ગુજરેલાં રવાનોની આરાધના કરી, અને ખોરાક ખાધો. પછી દીનના દસ્તુરોએ દારૂ તથા વિસ્તારપના 'મંગ'થી ત્રણ કુલ્યાં ભરી હુમત, હુખ્ત ને હવર્સ્ત બોલી પાયો, કે વિરાફ શુધીમાં હતો તેટલાં બાજ પાછી મેલી સુઈ ગયો. આ સમયે વીરાફની સાતે બેહેનો તેના બદનની રખેવાલી થકી સાત દિવસ તથા રાત સુધી બેસી રહી, ને બીજા મોબેદોએ પવિત્ર ભણતરો ચાલુ રાખ્યાં. વિરાફ મંગ પીધા પછી ઇન્સાફની ટાંચવાલા મિનોઇ પહાડ ઉપર જઇ ત્યાં અશો ફરોહરોની મદદથી જ્યાં ત્યાં ફર્યો તેના વર્ણનનાં લગભગ ૯૮ પ્રકરણો અર્દાવિરાફ નામામાં આપ્યાં છે. સાતમે દીવસે જાગૃત થઈ પોતે જોયલું સર્વ એક લેખક પાસે લખાવ્યું. આ વિરાફ ના-મામાં મનુષ્ય જાતીને પોતાની ચાલચલણપર કાબુ રાખવા માટેની ઘણીએક ઉમદા બાબદો રસીક રીતે વર્ણન કરેલી છે.

* ઈરાનમાં સરવેથી પુરાણા ગણાતા આત-શોમાનાં આ એક આતશને પેહેલવેહેલાં ખાઈરી-જમમાં હોમાવંદના પાહાડ ઉપર પરઠવામાં આવ્યો હતો, પણ પાદશાહ ગુસ્તાસ્પનાં વખ-તમાં તેને કાબુલના રોશન પાહાડ ઉપર લઇ જવામાં આવ્યો હતો; અને બુનદેહેશ કેતાબ લખાઈ ત્યારે તે કાયમ હતો.

T પુરાતમ ઇરાની જમાનામાં એવો વિચાર હતો કે જે કોઇ મરદ ઘણોજ પરહેજગાર હોય તે જો મંગ નામની એક કેફી વસ્તુ પીએ તો પોતાના આત્માને પેલી દુન્યાંમાં મુસાફરી કરાવી બેહેસ્ત દોજખનો મહિમાં બતાવી શકતો. પાપી શખસ એ ચીજ પીધાથી હેરાન થતો હતો.

અરદીબેહેસ્ત—જરથોસ્તીઓનાં ત્રીસે રોજ-માંનો આ ત્રીજો રોજ, અને બીજા મહિનાનું નામ. આ એક ફરેસ્તાનું નામ છે કે, જેની પાસે બેહેસ્તની ચાવી હોય છે, તથા તે પાહાડોનો તથા આતશનો રખેવાળ છે. એજ માસનો એજ રોજ જે આ ફેરેસ્તાનાં નામ ઉપરથી ઓળખાય છે. તે દીવસે એવું માન-વામાં આવતું હતું કે લઢાઇ કરવી તથા તથા આતશદાદગાહ જવું, શાહાની હજુર એવા વિચારથી જવું કે ખુદા અથવા પાદશાહને જેબી અરજ કરશું તે અરજ સાંભળવામાં આવશે, તથા આપણા લાભમાં ઉતરશે. એ સઘળી સગનની નિશાનીઓ છે. આ માસમાં કુદરતનો બહાર ખીલેલો રહે છે. તેથી એ માસને બેહેસ્તની ઉપમાં આપવામાં આવી છે. વળી 'અરદ'નો અર્થ ગાવું એવો થાય છે એટલે એ મહિનામાં તમામ પક્ષીઓ ઝાડ ઉપર બેસી મધુર ગાયણ ગાય છે, તેમજ માણસો પણ કુદરતના બાહારથી ખુશી થઇ ગાયણ ગાય છે.

અરદેશર બાબેગાન—ઇરાનીઓની મોટી સાસાનીયાન શાહાનશાહાત સ્થાપન કરનાર અરદેશર બાબેગાન હતો. આ અરદેશર બાબેગાન અસલી પાદશાહોની તોખમનો હતો. ફીરદોશી લખે છે કે 'દારા' સીકંદરની

લઢાઇમાં માર્યો ગયો અને તેના તમામ મુલકનો અને ઇરાનીઓનાં એલકાબનો દીવસ ખતમ થયો તે વેળા. તેનો સાસાન નામનો એક બેટો હતો, તેણે પોતાના પિતાને આવી રીતે બેજાન થયલો જોઇ હિંદુસ્થાન તરફ નાહાઠો અને ત્યાંજ કંગાલ હાલતે મરણ પામ્યો. તેના પેટે સાસાન નામનો એક બેટો હતો એજ નિશાન પ્રમાંણે કેટલીક પેહેડીના દીકરાઓ સુધી તેઓના બાપ સાસાનનાંજ નામે બોલાવતા હતા. તેઓનો ધંધો ગોવાળીયાનો હતો. હવે આ છેલ્લા સાસાને બાબક નામના માજદીયસની અમીરના મુલક પારસ તરફ નીકળી જઇ તેના ગોવાળીયાનાં સરદારની નોકરીમાં રહ્યો અને પોતાની સારી વર્તણુકથી ગોવાળીયાના ઉપરીપણાનો ઓધ્ધો મેળવ્યો.

એક રાત્રે બાબકે સ્વપનામાં એવું દીઠું કે હાથમાં હિંદી તલવાર લઇને સાસાન એક મોટા હાથીપર બેઠેલો છે અને જે કોઇ તેની આગળ આવતા તેઓ દુવા કરી સાસાનની નજદીક સેજદો કરતા. બીજી રાતેસ્વપનામાં એવું દીઠું કે આતશપરસ્તો ત્રણ બળતાં આતશ જેવા કે આજરગુશસ્પ, આજર ખુરદાદ, અને આજરમેહેર હાથમાં લઈ, તે ઉપર ખુશબો મેળી સાસાનની આગળ રોશન રાખતા હતા. બાબક આ સ્વપનો જોઇ ગભરાયો અને આ સ્વપનાનો ભેદ નજુમીને પુછી જવાબ માંગ્યો. નજુમીએ વરતારો કાઢી એવો જવાબ આપ્યો કે 'સ્વપનામાં જે શખસને તેં હાથી ઉપર બેઠેલો દીઠો છે તે પાદશાહ થશે. ત્યાર બાદ તેનો એક દીકરો પેદા થશે તે કુલ જેહાનનો શાહાનશાહ થશે."

બાબક આ બીના સાંભળી ઘણો ખુશી થયો અને નજુમીને ઇનામ આપીયું. ગોવાળમાંથી બોલાવ્યા મુજબ સાસાન પોતાની ઓઢવાની કામળી લઈને બાબકની હજુરમાં આવ્યાથી તેને તખ્તની નજદીક બેસાડી તે કયા ખાનદાનનો છે એવો સવાલ કીધો. સાસાને અચકાઇને જવાબ દીધો કે "પાદશાહ મારા જાનની માફી બક્ષવા વચનથી મારો હાથ પકડે ને મને પાછળથી દુઃખ નહિ દીએ તો ખોલાસો કરૂં. બાબકે કબુલ કીધાથી સાસન બોલ્યો કે "હું દારા બીન દારાબની ઓલાદનો છેઉં." બાબકે આ વાતથી વાકેફ થઇ સાસાનને હમામખાનામાં મોકલી પેહેલવાની પોશાક, હથીયાર અને ઘોડો તેના સારૂં મોકલ્યો અને ત્યારબાદ ઘણીએક નવાજેશો કરી એક જૂદા મેહેલમાં રાખી પોતાની દીકરી સાથે તેના લગન કરી આપ્યાં. તેની બેટીને પેટે બેટો પેદા થયો તેનું નામ બાબકે અરદેશર રાખ્યું. તેને લાડ સાથે ઉધારવા છતાં દરેક જાતની વિધા તથા લઢાયક કળા શિખવવામાં આવી. એવી રીતે ઉધારવા પછી તે અરદેશર બાબેગાન નામે પ્રજામાં પ્રસિદ્ધતા પામ્યો.

આ સમે અર્દવાન બીજો ઇરાનમાં રાજ્ય કરતો હતો. તેને રએમાં ખબર થઈ કે અરદેશર લઢાઇના કામમાં અને વિધા હૂન્નરમાં ઘણો કાબેલ થએલો છે તેથી તેણે બાબક ઉપર નામું લખી અરદેશરને પોતાની હજુરમાં રાખવા બોલાવી મંગાવ્યો. બાબકે કેટલોક ખજાનો અરદેશરને આપ્યો અને બીજો ઘણોક ખજાનો અને પાદશાહી અસબાબ નજરાણાં તરીકે અર્દવાનને વાસ્તે આપી રવાના કીધો. અર્દશીર અર્દવાનની હજુર રએ શેહેરમાં જઇ પુગો, તેને પાદશાહે તખ્ત નજદીક બેસવાનો હક બખશ્યો, અને શેકારગાહમાં અર્દવાન અરદેશરનો મરતબો પોતાના ફરજંદોની કાની જાળવવા લાગો. એક વેળા અરદેશરે શેકારગાહમાં અર્દવાનના બેટાઓને પાછળ પાડી પોતે શેકારો કરવા લાગો અને બધા શેકારોનું માન પોતે ખાટી જઈ શાહાજાદાઓને હલકા પાડવા માટે અર્દવાનની તેનીપર ઇતિરાજી ઉતરી. અર્દવાને અરદેશરને હોદ્દા ઉપરથી એકદમ ઉતારી પાડી પોતાના ઘોડાઓના તબેલાનો ઉપરી બનાવ્યો. અરદેશરને લાચારીથી તે નોકરી કબુલ કરવી પડી. આ હલકી નોકરીપર રહ્યા પછી બાબક ઉપર તેણે કાગળ

લખી બધી બીના જણાવી ત્યારે બાબકે કેટલાક નશીહતનાં કાગળો લખી મોકલ્યા અને તેના ચાલુ ખરચ માટે દસ હજાર દીનારો મોકલી. આ રકમ મલ્યા પછી અરદેશરે ખુબ રંગરાગમાં દીવસો ગુજારવા માંડયા. તેનું આ રંગીલાપણાનું કારણ એક જુદું હતું, તે એકે, તેની પડોસના મકાનમાં અર્દવાનની 'ગુલનાર' નામની દાસી રેહેતી હતી. તે દાસી ઘણી પ્યારી અને ખજાનાનો હવાલો રાખનારી હતી. આ ગુલનાર સાથે અરદેશરને મોહોબત બાઝી અને ત્યાર પછી તેઓ અવારનવાર એક બીજાને છુપી રીતે મળતા રહ્યા. થોડી મુદત પછી એકાએક બાબક મરણ પામ્યો. એવી ખબર મળવાથી પારસ શેહેરની હાકમી લેવા ઘણા અમીરોએ ઉમેદવારી કરી પણ અર્દવાને પોતાના બેહમન નામના બેટાને ત્યાંની હાકમી આપી. અરદેશર પોતાના મુરબી બાબકના મરણની ગમગીની અને પાદશાહની ઇતરાજીથી તે રાજમેહેલમાંથી નાહાશી જવાનો ઇરાદો રાખતો હતો તેટલાં એવો બનાવ બન્યો કે, તેને નાહાશી જવાની ફરજ પડી. એ વાત ચર્ચાતી હતી તે વેળા અર્દવાને કેટલાક નજુમીઓને પોતાના અએવાનમાં ભવિષની બાબતમાં સીતારાઓની ચાલ તપાસવા બોલાવી ગુલનાર પાસ મોકલ્યા. તેઓએ ત્રણ રાત અને દીવસો સુધી વર્તારાઓ કાઢી ચોથે દીવસે પાદશાહને જણાવ્યું કે 'થોડા દીવસ પછી અર્દવાનનો નબળો દીવસ આવશે; યાને એક બુજોર્ગ અર્દવાનની આગળથી નાહનો પણ મોટા કુળનો ધણી (અરદેશર) નાહશી જશે અને તે મોટો શાહનશાહ થશે. એ વાત સાંભળી અર્દવાન ભારે દલગીર થયો. આ બીના રાતોરાત ગુલનારે અરદેશર પાસે જઇ જણાવી ત્યારે અરદેશરે કહ્યું કે હવે આ રએ શેહેર તજી ઇરાન (પાર્સ) જવું જોઇયે, નહિં તો અત્રે જીવની હાની થશે. પેલી વફાદાર સુંદરી તેની સાથે જવા તૈયાર થઇ. તેઓ રાતોરાત ઘણુંક જરજવાહેર અને દીનારો લઇ પાદશાહનાજ ઘોડાપર સ્વાર થઇ નાહાશી ગયાં. સહવારે આ ખબર મળતાં અર્દવાન પોતે લશકર લઇ પાછળ દોડયો પણ તે તેમને પકડી શકયો નહિ. સેવટે નાઉમેદ થઇ અર્દવાને પોતાના બેટા બેહમન પર એક નામું લખી જણાવ્યું કે અરદેશરને કોઇબી રીતે કેદ કરવો.

બીજી તરફ અરદેશરનું ઇસતખર (પાર્સ) ની નજદીકના કીનારાપર પોંહચવાની ખબર જાહેર થતાં બાબકની પક્ષવાલા હતા તેઓ અને જેઓ દારાના ખાનદાનની ઓલાદના હતા તેઓ કેટલુંક લશકર લઇ ખુશીથી અરદેશરને એસ્તેકબાલ લેવા ગયા. તેઓ સાથે શેહેરનાં અકાબરો અને ટોલાંબંદ બીજા લોકો આવી હાજર થયા, અને તમામ અનજુમનને અરદેશરે કહી સંભળાવ્યું કે "ઓ નામવરો! સેકંદરે અમારા નેઆગાનોને મારી નાખ્યા અને જુલમથી દુન્યાને પોતાને હાથ કીધી તે વાતથી તમો બુજરોગવારોમાંથી કોઇ અનજાણા નહિં હશે. હાલમાં દારાની ઓલાદનો હું હોવા છતાં મુલકમાં અર્દવાન પાદશાહી કરે તે વાતનો જુલમ હું નહીં પોકારૂં તો મને કોઇ ઓળખેબી નહિ; માટે તમે એ કામમાં મદદ કરો તો બેગાનાઓ પાસે પાદશાહી તાજ અને તખ્ત હું રેહેવા દેનાર નથી.' આ ભાષણ સાંભળી સઘળાંઓએ ઉભા થઇને જવાબ દીધો કે 'અમો જેટલા બાબકના કુટુંબના અને સાસાની તોખમનાં છિયે તો તારા આવ્યાથી ખુશી થઇ કીનો લેવા સારૂ કમર બાંધવાને તૈયાર છિયે; કારણકે બેઉ તરફની ઓલાદને તુંજ બુજોર્ગીને લાયકનો છે, માટે પાદશાહી કરવી તને સજાવાર છે.' આ જવાબ સાંભળી અરદેશર કીનો લેવાનો વિચાર કરવા લાગો, ત્યારે એક મોબેદે તેને સલાહ આપી કે પાર્સને પેહેલાં હાથ કરવું. પછી અર્દવાન સાથે લડાઇ કરી 'તલાએફે મલુક'ના ખજાના સાથે તે તખ્ત છીનવી લેશે તો ફરી કોઇબી તારી સામે માથું

ઉઠાવી શકશે નહિ.' અરદેશરે આ ઠેરાવ પસંદ કરી નદી ઓલંગીને પાર્સ તરફ ગયો. તેવામાં બેહમન લશકર સાથે સામે લઢવા આવ્યો.

તબાક નામનો જે હરમનો પાદશાહ હતો તે બેહમનના તાબામાંથી મોકળો થઈ પોતાના સાત દીકરાઓ સાથે અરદેશરની કુમકે આવી લાગો અને અરદેશરના લશકરમાં વડા સરદારની પદ્દી પામ્યો. પછી આજરેરામ અને આજરેર્ખુરદાદ નામના આતશોની દરગાહમાં જઇ ખુદાની બંદગી કરી દુવા માંગી કે "નેકકામ કરવામાં ખુદા મદદ કરે." તહાંથી લશકરમાં આવીને પ્યાદા અને સ્વારોની ગણત્રી કરતા ૫૦૦૦૦ માણસોની ભરતી થએલી જોઇ અને તેઓનાં નામો નોંધી લઇ પંગાર ચુકવી બેહમન સાથે લઢાઇ ચલાવી. સહવારથી સાંજ સુધી લઢાઈ ચાલી તેમાં તબાકના શલકરથી બેહમન માર ખાઇને નાહાશી ગયો. તેની પુઠે અરદેશર પાર્સમાં દાખલ થયો, જ્યાં ઘણુંએક લશકર તેની સાથે જોડાયું. તેમજ અર્દવાનનો ખજાનો હાથમાં આવવાથી અદેશરનું કઉવત વધી પડયું. લશકરને કેટલોક ખજાનો વેંહેચી આપી પાર્સથી રએ તરફ કુચ કીધી. એ ખબર અર્દવાનને મળતાં તે ધભરાઇ ગયો અને લડવા માટે પોતે પણ એક મોટું લશકર તઇયાર કરી લડવા ઉભો. ચાલીસ દીવસવેર તેઓ વચે લઢાઇ થઈ, છેલે દીવસે તેને સખત શીકસ્ત આપી ત્યારે અર્દવાને માફી માંગી. એક ખુરદાદ નામના સરદારના હાથમાં અર્દવાન કેદ પકડાયો જે તેના ઘોડાની લગામ પકડીને અરદેશરની નજદીક લઇ ગયો, તે તીરથી જખમી થએલો હતો પણ તેને ખંજરથી બેજાન કીધો. કારણ કે તેથી કરી દુશમનોના દીલમાં બિહીક બેસે. અર્દવાનનો એક કુંવર હિંદુસ્થાન તરફ નાહાશી ગયો, બીજો કેદ પકડાયો પણ અરદેશરે અર્દવાનની બેટી સાથે લગ્ન કરી તેનો ખાનગી ખજાનો પોતાના સ્વાધીનમાં લીધો.

પાર્સમાં અરદેશર પાછો આવી આરામ પામ્યો અને શેહેરને તમામ બગીચા, ચશમાં અને મેહેલોથી સણગારી એક મોટું શેહેર વસાવ્યું, હાલમાં પણ ત્યાંના લોકો 'ખુરેહ અર્દશર' એ નામે ઓલખે છે. વળી એક મોટો સરોવર હતો, તે મધે ઘણી નેહેરોનાં પાણી વેહેતાં હતાં પણ તેમાંથી નીકળી જવાનો માર્ગ નહિ હતો, તેથી અરદેશરે ઘણાએક મજુરો કામે લગાડી એક પાહાડને તોડી પાડી તે મધેથી ૧૦૦ નેહેરો ખોદી કાઢી, ઉંડા દર્યાવ સાથે મેળવી દીધી. તેમ કીધાથી ઓહોળી ફળદ્રૂપ જમીન મળી આવી તે ઉપર બાગ બગીચા તથા અએવાનો હવેલીઓ અને એક આતશની દરેમેહેર બંધાવી મેહેરગાંન અને જશને મેહેરગાંન નામનાં જશનોને તાજાં કીધાં અને ત્યાં એક એવું મોટું શેહેર વસાવ્યું કે જેને તહાંના લોકો શેહેરેજુરનાં નામે ઓલખે છે. શેહેરે જુરથી તે પેલા પાહાડને તોડી, નેહેરો બાંધી લીધી અને ત્યાં બીજા ઘણાએક સુંદર ગામડાંઓ વસાવી આબાદ કીધાં.

પેહેલવાનો નામના ટોળા સાથે લઢાઇ થતાં તેમાં હાર ખાઇ અરદેશરને નાહાસવું પડયું. એમ કેટલીક મુદત સુધી રખડતી હાલતમાં રહી તેણે પાછું એક મોટું લશકર જમાવ કરી પેહેલવાની ટોળાપર રાતની વેળા અચાનક હુમલો કરી તેમને જેર કીધાં. ત્યારબાદ એક 'કજરા' નામનાં પરગણાનાં હાકેમ સાથે 'હફતવાદ'ની લઢાઇ થઇ તેમાં હફતવાદની જીત થવાથી હફતવાદ ઘણો બળવાન થયો અને અરદેશર હાર પામ્યો. તેટલાં બીજી તરફથી 'મેહેરનૂશઝાદ' નામના જેહરમના હાકમે પારસ પર ચઢાઇ કરી અરદેશરનો મેહેલ અને તમામ ખજાનો લુટી લીધો. આ વાત જાણી અરદેશર તદનજ નાઉમેદ થયો પણ લશકરની વફા-

દારીથી તેનામાં પાછું નવું કૌવત આવ્યું. છેલે મેહેરનૂશઝાદ સાથે લઢાઈ કરી તેને જબરી શિકસ્ત આપીને તેનો જાન લીધો. તેટલાં હફતવાદ એક મજબુત કિલ્લો બાંધી પોતાનું રાજ્ય સ્થાપવાની ગોઠવણ કરતો હતો તેને યુક્તિથી કેદ કરી તેનો પણ જાન લીધો, અને કેરમાનની પાદશાહી એક વિશ્વાસુને સોંપી ત્યાંથી તીસફૂન આવી દુશમનો પાસથી મુલકો છીનવી લીધાં અને ઇરાનના શાહાનશાહ દાખલ ઈ. સ. ૨૧૬ માં ગાદીનશીન થયો.

અરદેશરે અર્દવાનની બેટીને રાણી બનાવી. તેના ભાઇઓને કેદ કીધેલા હોવાથી તેઓએ પોતાની બેહેન ઉપર છુપી રીતે વગ ચલાવી પાદશાહને ઝેર દઇ મારી નાખવાનું તરકટ રચ્યું. આ બાનુ પોતાના ભાઈઓ માટે અરદેશરને ઝેર આપી મારી નાખવાનો કસદ કરતાં પકડાઇ ગઈ, ત્યારે પાદશાહે તેની ગરદન મારવાનો હોકમ આપ્યો. પણ એક ડાહ્યા દસ્તૂરે તેણીને હમેલદાર જોઇ છુપી રીતે પોતાના ઘેરમાં સંતાડી રાખી; ત્યાં તેણીએ એક બેટાનો જન્મ આપ્યો તેનું નામ શાહાપૂર રાખ્યું. જ્યારે તે બાર વર્ષનો થયો ત્યારે અચાનક તે જાહેર થયો. પછી પાદશાહે શાહપુરની માતાને માફી બક્ષી પોતાની સાથે રાખી. અરદેશર બાબેગાનનું મરણ ઇ. સ. ૨૪૦ માં નીપજ્યું.

અરદેશર બીજો—સાસાનીયાન તબક્કાનો આ ૧૦ મો પાદશાહ હોરમજદનો વડો બેટો હતો. એના વખતનાં દરબારીઓએ એને પાદશાહ તરીકે નાલાયક ઠેરવી શાપૂરની માતાને તાજ પેહેરાવ્યું. પણ જ્યારે શાપૂર મરણ પામ્યો ત્યારે એણે પોતાનું વેર લઈ ઇ. સ. ૩૭૯ માં ગાદીએ બેઠો. ગાદીએ આવતાં એણે મોટા મોટા અમીર ઉમરાવોને કતલ કર્યા. એની જુલમી રાજનીતિને લીધે ઇ. સ. ૩૮૯ માં રૈયતે એને ગાદીએથી ઉઠાડી મેળ્યો.

અરદેશર—આ પાદશાહ શીરૂઆહનો બેટો હતો. જન્મ ઇ. સ. ૬૨૧ માં થયો. ઈ. સ. ૬૨૮ ના નમ્વેબર માસમાં એ ગાદીએ બેઠો. આ બાળક પાદશાહને ગાદીનશીન થયલો જોઈ શીરૂઆહ નામના એક ઉમરાવે બંડ ઉઠાવ્યું અને રાજધાની શેહેર ઉપર ચઢાઈ કરી, આ ચઢાઇમાં ઇ. સ. ૬૨૯ માં એ મરણ પામ્યો."

અરદેશર ખરશેદજી દાદીશેઠ—જન્મ ઇ. સ. ૧૮૧૫ માં થયો. આ ગ્રહસ્થ મુંબઇના એક જાણીતા ખાનદાનનો નબીરો. પ્રથમ પોતાના ભાઇઓ સાથે સલાહ સંપજમાં રહી વેપારમાં મોટી દોલત એકઠી કરી હતી. પણ ૧૮૬૫ ના મુંબઇનાં સેર સટ્ટાના નાશકારક વખતમાં આ ગ્રહસ્થ પોતાના ભાઇઓ સાથે એટલી તો તંગદસ્ત સ્થિતિમાં આવ્યા કે, પોતાની છાસટીમાં આવેલી ચાર ગામોની જાગીરો વેચી નાખી કર્જ ફેડવું પડયું. પોતાના ચાલતા વખતમાં ધાર્મીક કામો ઘણાએક કર્યા હતાં.

અરદેશર ખરશેદજી વાડીયા—મુંબઇની ગોદીનાં વડા અધીકારી. જન્મ ઇ. સ. ૧૮૦૮ માં થયો. ૧૫ વર્ષની વયે ગોદીમાં શીખાઉ દાખલ કામે રહી રફતે રફતે એટલી પૂર્ણતા મેળવી કે એક જાણીતા ઇજનેર દાખલ છેલ્લે માન મેળવ્યું હતું. ઇન્ડસ નામે એક નાહાની આગબોટ ઇ. સ. ૧૮૩૩ ની ૧૪ મી આગસ્ટે બાંધીને પાણીમાં તરતી કરી હતી. મુંબઇમાં દેશી દાખલ પેહેલવેહલાં ગ્યાસની રોશની ઇ. સ. ૧૮૩૪ ની ૨૦ મી ફેબ્રુવારીએ પોતાનાં બંગલામાં કરી બતલાવી. ઈ. સ. ૧૮૩૯ માં ઇંગ્લાંડ પોતાનો અભ્યાસ આગળ વધારવા જઇ, એજ વર્ષમાં પોતાની ધારણામાં ફતેહમંદ થઇ 'નામદાર કોર્ટ આવ ડીરેકટર' તરફથી મુંબઇની ગોદીખાતામાં વડા ઇજનેરની માનભરી પદ્વિ રૂ ૬૦૦ ના દરમાયાએ મેળવી. આ ઓહ્દાપર ૧૮૪૦ થી ૧૮૫૪ વેર રહી તેજ વર્ષમાં ઇંગ્લાંડમાં વધુ અભ્યાસ વધારવા ગયા. ૧૮૫૭ ની ૧ લી આગસ્ટે રૂ ૪૦૦ નું

પેનશન મેળવી નોકરી છોડી હતી. ૧૮૬૪ માં સદા માટે ઇંગ્લાંડમાં જઈ રહેવાનું ઠરાવ્યું ત્યાં જઇ રહ્યા હતા. મરણ ઇંગ્લાંડમાં ૧૮૭૭ ની ૧૪ મી નવેમ્બરે નીપજ્યું.

અરદેશર જમશેદજી દસતૂર કામદીન—આ ગ્રસ્થ કામદીન દસ્તૂરના અને પાછળથી ઓળખાતા દરોગા ખાનદાનનાં નબીરા. એમના પિતાએ બાગે પારસા નામે પુસ્તક રચ્યું હતું. એવને પોતાની કેળવણી ભરૂચની સ્કૂલમાં લીધા પછી ઇંગ્રેજ સરકારની નોકરીમાં નાના દરમાયાએ જોડાઈ પોતાની જાતી ચંચળાઈ અને લાયકીથી વધ્યા અને પ્રથમ ભરૂચ તાલુકાનાં અમોદનાં મામલતદાર થયા હતા. ત્યાંથી વિરમગામ (અમદાવાદમાં) મામલતદાર તરીકે નેમાયા હતા. તે પછી ૧૮૮૧ માં એવણ ધુળીયા તથા ખેડામાં ડેપ્યુટી કલેકટર તથા ફર્સ્ટ કલાસ મેજીસ્ત્રેટ તરીકે નેમાયા હતા.

૧૮૮૩ માં વાંસદા સ્ટેટના રાજા નાની ઉમરનો હોવાથી એમને તે સ્ટેટના એડમીનેસ્ટ્રેટર તરીકે નેમ્યા હતા, જ્યાં થોડાં વર્ષ રહી સ્ટેટની સારી સેવા બજાવ્યા પછી, પોતાની અસલ જગ્યા ઉપર પાછા 'ખેડે' ફર્યા. તે મુદત દરમ્યાન જુનાગઢ અને માંગરોળ દરબાર વચ્ચે કેટલાંક ગામો બાબત તકરાર પડવાથી ઇંગ્રેજ સરકારે એક કમીશન નેમ્યું હતું તે કમીશનમાં પોતાનાં પ્રતિનિધી તરીકે મોકલવાની માંગણી કરી, અને તે મુજબ એવને જુનાગઢ દરબાર તરફથી કામ બજાવ્યું હતું, ને તેમાં એમની સેવાથી જુનાગઢ સરકારને મોટો ફાયદો થયો હતો. ત્યાર પછી એમને જુનાગઢમાં રાયબહાદુર હરીદાસ બિહારીદાસનાં વખતમાં 'સ્પેશલ એસીસ્ટંટ ટુ ધી દીવાન' તરીકે નેમ્યા હતાં. ત્યાંથી પાછાં થોડા વખત માટે એવન પોતાની ખેડાની આગલી નોકરીપર આવ્યા અને પોતે ઉમરે પુગાથી ઇંગ્રેજ સરકાર પાસેથી પેનશન મેળવી "રીટાયર' થયા હતા.

તે પછી ૧૮૯૪ માં જુનાગઢ દરબારે એવનને પોતાની નોકરીમાં રાખવાની ખાહેશ બતલાવ્યાથી એવને 'ભાયાત કોર્ટનાં' જડજનો ઓહ્દો કબુલ્યો હતો, ત્યાંથી એમને રાધનપુરનાં રાજાએ પોતાની દરબારમાં રાખવાની ખાહેશ બતલાવવાથી જુનાગઢ દરબારે એમને ત્યાં મોકલ્યા હતા. પણ થોડી મુદતમાં રાધનપૂરનાં નવાબ મરણ પામવાથી અને ત્યાં એડમિનેસ્ટ્રેશન' થવાથી એઓ પોતાનાં જુનાગઢનાં આગલા ઓહ્દાપર પાછા ગયા હતા. તે પછી એમની વૃધ ઉમર થવાથી એવન હાલ પોતાના વતન ભરૂચમાં જઇ રહ્યા છે. હાલમાં તેમની ઉમર લગભગ ૬૨ વર્ષની છે.

અરદેશર ડોશાભાઇ મુનશી—જનમ ઇ. સ. ૧૮૧૧ માં થયો. પોતાના પિતાની માફક જુવાનીમાં ઇંગ્રેજ અમલદારોને, મુખ્ય કરી સીવિલીયનો તથા લશકરી અમલદારોને ફાર્સી યા હિંદુસ્થાની ભાષા શીખવવાનો ધંધો કરતા તે મુજબ કેટલાંક વર્ષો સુધી સરકારી ભાષાઓની પરીક્ષા કમીટીનાં મેમ્બર નેમાયા હતા અને તેથી મુંબઇનાં ઇંગ્રેજ તથા દેશીઓમાં પ્રસિધ્ધતા મેળવી હતી. ઇ. સ. ૧૮૫૧ ના વર્ષમાં થએલા હુલ્લડ વખતે બાહારકોટનાં પાર્સીઓને મદદ કરી હતી. ૧૮૬૨ માં પાર્સીઓનાં વાર્સા હિસ્સા તથા લગનનાં ધારાઓને લગતી પરપુછ કરવા બેઠેલા 'લોક મીશન' ઉપર કેટલીક તકરારી બાબતો લખી મોકલી હતી. સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇન્સિટીટયૂશનનાં ૧૮૬૧ થી ૧૮૭૧ સુધી એક હિસાબ તપાસનાર તરીકે હતા. ૧૮૮૪ માં એજ ઇન્સ્ટીટયૂશનનાં એક અધિકારી નેમાયા. ઇરાન દેશના રહેનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી મંડળીનાં ઇ. સ. ૧૮૬૨ થી ૧૮૭૧ વેર એક અધિકારી હતા. ગ્રેટઇસ્તર્ન સ્પિનીંગ એન્ડ વિવીંગ મીલ્સ કુંનીનાં ૧૮૬૬ થી ડાએરેકટરે તથા સેક્રેટરી તરીકે કેટલાક વર્ષો સુધી

અધિકારી હતા. ૧૮૭૧ માં પુરાતમ પાર્સીઓ તથા ૧૮૯૩ માં રમુજે દીલપસંદ નામનાં બે પુસ્તકો રચી પ્રગટ કર્યાં હતા. એમનું મરણ ૧૮૯૫ ની ૧૩ મી માર્ચે નીપજ્યું.

અરદેશર દાદાભાઇ—આ પ્રસિધ્ધ પ્રમાર્થી તથા સખાવતે બાહાદુર ગ્રહસ્થનો જનમ ઇ. સ. ૧૭૫૬ માં થયો હતો. ૧૭૯૯ માં પિતાના મરણ પછી પોતાને હાથ મોટી દોલત આવતાં પ્રથમ સખાવતો કરી નામને પ્રકાવ્યું. ઈ. સ. ૧૮૦૩ માં પોતાના પુત્રના લગન પ્રસંગે મોટી રચના અને ધામધુમ કરી હતી. તે પ્રસંગે નાખવામાં આવેલા લગનના માંડવા પાછળ રૂ ૨૦૦૦૦ નો ગંજાવર ખરચ કર્યો હતો, અને લગનમાં તેથી વધારે ખર્ચ થયો હશે એ સહેજ વિચારી શકાય. એવને બંધાવેલા કુવા તલાવો અને ધર્મશાળાઓ હજી કાયમ છે. ૧૮૦૫ માં ઇસ્ટ ઈંડીયા કંપની પાસથી દાના જીલ્લાનાં આંઠ ગામો દરસાલ રૂ ૨૮૦૦૦ ને મકતે ખરીદ્યાં હતા. (કેનેરી, મલાહાર, તુળસી, માગાથાન, દઇસર, આરૂંપાહાડનો થોડો ભાગ અને એકસર વગેરે) ૧૮૦૮ માં હિંદુસ્થાનમાં મોટો દુકાળ પડયો ત્યારે ૫૦૦૦ થી ૬૦૦૦ દુકાળીયાઓને પોતાનાં ખર્ચે લાગટ ૧૩ માસવેર ખવાડી પાળીયા હતા. એમના ૬ વહાણો હતાં. આ ગ્રસ્થ ૫૪ વર્ષની વયે ૧૮૧૦ ના મે માસમાં મરણ પાંમ્યા, એમનાં મરણથી મુંબઇમાં એટલી તો ગમગીની ફેલાઈ હતી કે તે વખતનાં નામદાર ગવરનર જોનાથનડંકને પાયદસ્ત વેળા સેંટ થૉમસના દેવળમાં હાજર રહી દેવળના ઘાંટનો ગમખાર સરોદ કાઢવાનો હોકમ કર્યો હતો. આ પ્રમાણે રાજકર્ત્તા તરફનું મરણ પછીનું માન, આજ એક પાર્સીને મલ્યું છે.

અરદેશર દાદાભાઇ નવરોજી, ડૉકટર—જનમ ઈ૦ સ૦ ૧૮૫૯ માં થયો. હિંદના મહાંન પ્રજારક્ષી દાદાભાઈ નવરોજીનાં આ એકજ પુત્ર હતા. જવાન વયે પોતાનો સારો અભ્યાસ ચાલુ રાખી ઈ. સ. ૧૮૮૦ માં એલ. એમ. એંડ. એસ. ની તબીબી પરીક્ષામાં ફતેહમંદી મેળવી, કચ્છ માડવીમાં સરકારી ડૉકટરની નોકરી મેળવી હતી. દાદાભઇ નવરોજજી; એમ. પી. થયા પછી પોતાનાં સ્વદેશ આવનાર હતા તેજ સમયમાં ઈ. સ. ૧૮૯૭ ની ૭ મી અકટોબરે હાર્ટ ડીઝીઝથી એકાએક મરણ પામ્યા. મરનારની નોકરીની કદર બુજીને નામદાર કચ્છના માહારાજાએ તેમની વિધવાને જો કચ્છમાંજ રહે તો રૂ. ૨૦૦ નો મુસારો બાંધી આપવાનું ઠેરવ્યું હતું.

અરદેસર ધનજીશાહ કોટવાલ—આ સૂરતનાં પ્રસિદ્ધ કોટવાલનો જનમ ઇ. સ. ૧૭૯૭ માં સૂરતમાં થયો. એમના બપાવાના બાવાને નેકસાતખાનનો ખેતાબ મલ્યો હતો. એમના પિતા ધનજીશાહ ૧૮૧૦ માં બોધાનમાં ફકીરશાહ સાથની લઢાઈમાં લઢતા માર્યા ગયા હતા. આ વેળા અર્દેશરની વય ૧૩ વર્ષની હતી પણ મી૦ ક્રોએ અરદેશર તથા ફીરોઝશાહને પોતાની રાહબરી તળે ઉધારવાનું માથે લઈ ધનજીશાહની વીધવાને ૩૦૦ રૂપ્યાનું પેનશન બાંધી આપ્યું.

નાહાનપણમાં વેહવાર જ્ઞાન મેળવી પેહલવેહલા અદાલતમાં એક કારકુન તરીકે રહ્યા. અહીં પોતાની ચાલાકીથી સૂરતના કોટવાલની જગા ઇ. સ. ૧૮૨૧ માં મેળવી શેહેરખાતાનાં કોટવાલનો હોદ્દો તે વેળા મીરઝા અમાનીના હાથમાં હતો. રફતે રફતે બન્ને ખાતાનાં કોટવાલીનું કામ પોતાની અમલદારીમાં જોડી નાખ્યું, પછી કોટવાલ તથા કમીશનર તરીકે કામ ચલાવવા માંડયું. ત્યાર પછી દીવાની કોર્ટનાં ન્યાયાધીશ નેમાઈ સુરતનો ઇન્સાફ કરવા માંડયો. આ સમયે નર્મદા અને મહિના કીનારાનાં સઘળા મુલકો તવરીયા અને ભીલ લોકોથી ત્રાસ પામતા હતા. વેલ્સલીયે જોકે પીંઢારાઓનો દોર તદ્દન નાબુદ કર્યો હતો, તોપણ હજી છુટા છવાયા તેઓ આ તરફ ઉતરી આવતા હતા, તેમના ત્રાસથી સૂરત શેહેર પણ

આ વખતે હેરાન થવા લાગું. એવી રીતે બે ત્રણ વખતે સૂરતનાં કલેકટરનાં બંગલા ઉપર ધાડો પાડવાથી, એક વેળા કલેકટરે અરદેશરને પુછ્યું કે "તમે શું આવી રીતનાં ત્રાસનો બંદોબસ્ત કરી શકશો નહિ?" ત્યારે અરદેશરે કલેકટર પાસેથી એવી સત્તા માંગી કે જો લુટારાઓ સાથે હાથો હાથ થતાં તેમનો જાન લેઉં તો કોઇ હરકત કરે નહિ અને લશકરની ગરજ પડવે મદદ મળે તો હું ૬ માસમાં તેમનો દોર નરમ પાડી નાખું. કલેકટરે તેવો હોકમ આપવાથી અરદેશરે તે લુટારાઓનાજ સંબંધીઓને લાંચ આપી હાથમાં લીધા અને જે જે વેળા ધાડ પાડવાની હોય ત્યારે આગમજથી જાણી સાહુચેતીનાં ઉપાયોથી તેમનો નાશ કરવા માંડયો. તે વેળા હથીઆર વાપરી શકે અને મજબુત એવા સીપાઇઓને પોલીસ ફોજમાં રાખ્યા. તેમજ પોતાનાં તાલીમબાજ ઓળખીતાઓને પોતાની બાંહેધરી હેઠળ રાખી બધે ત્રાસ બેસાડી લુટારાઓનો દોર તોડયો.

અરદેશર એક પોલીશ મેજીસ્ટ્રેટ કે ન્યાયાધીશ તરીકે અતી સખત હતા. તેમજ એમના નીયમિતપણાંથી થએલા બંદોબસ્તીથી શેહેર સુધરાઇ વર્ષો સુધી એક યંત્ર પ્રમાણે ચાલ્યા કીધી. અરદેશરે પોલીસ બંદોબસ્ત જે રાખ્યો હતો, તે એટલો તો મજબુત હતો કે લોકો વગર બિહીકે ઉઘાડે બારણે રાતે સુઇ રેહેતા. એક સમે અરદેશર પોતાના નવા બે પોલીસ સીપાઇઓને લઇ તપાસ અર્થે ફરતા ફરતા એક એકાંત જગામાં ત્યાંના ઇંગ્રેજ ન્યાયાધીશ સાથે મુલાકાત થતાં સાથે ફરવા લાગા, તે વેળા તે અમલદારે કહ્યું કે જો આ વેળા તમારી ઉપર ભીલ લોકો તુટી પડે તો તમે આ તમારાં બે શીપાઇઓથી કેમ પુરા પડી શકશો? અરદેશરે તેનો જવાબ નહિ આપતાં પોતાના સીપાઇને નીશાન કીધી કે તેણે સીટી વગાડી કે પા કલાકમાં ૫૦ સીપાઇઓ હથીયારબંદ ત્યાં આવી લાગા. આવો ઉત્તમ બંદોબસ્ત જોઇ તે ન્યાયાધીશ ઘણો ખુશી થયો. અરદેશરની પોલીશની ગોઠવણ એવી હતી કે કોઇ સીપાઇ ભૂંગળનો અવાજ સાંભળે કે તરત તેણે તે તરફ દોડવું, ને દોડતાં દોડતાં પોતાની ભૂંગળ વગાડતાં જવું. એ પ્રમાણે એક સીપાઇએ ભૂંગળ વગાડી કે પેલા ન્યાયાધીશે સવાલ પુછયો તેને દસ મીનીટ થઇ નહિ એટલામાં કેટલાક સીપાઇઓ નાગી તલવાર લઇને આવી ઉભા, ને કેટલાક સાદા પોશાખમાં સોટાઓ લઇ ઉભા. આ બધા લોકો અરદેશર શું હોકમ આપે છે તેની વાટ જોતા રહ્યા. કારણ કે હુકમ શિવાય તેમને એક ડગલું પણ ભરવાને હોકમ નહોતો.

અરદેશર કોતવાલ પોતાની ફરજ ઉપરાંત જાહેર કામોમાં તથા શેહેર સુધરાઇ કામમાં તેમજ બંદીખાંનામાં તપાસ રાખતા. બે વખત જેલમાં તપાસ અર્થે જતા. એક વેળા ભીલોને કોતવાલે બંદીખાને પુર્યા તેથી તેઓએ અરદેશર પર વેર લેવા માટે ઝનુનમાં આવી બેડીઓ તોડી નાહાશી ગયા. તેઓની મુખ્ય મતલબ નાહાશી જઇ અરદેશર પર કીનો લેવાની હોવાથી, મેદાનમાંથી નાહાશી બજારમાં જઈ સરાણીયાને ત્યાંથી બે તલવારો લઈને અરદેશરનું ઘેર પુછતા ભર બજારમાંથી દોડયા. લોકોએ તેમની મતલબ જાણી તેમને ખોટે રસ્તે દોરવી આ ખબર અરદેશરને કહી. અરદેશરે તેઓને કુન્હેથી ઘેરી લઈ છુટકારો કરવાનું વચન આપી કેદ કીધા હતા.

તે વખતે જ્યારે સુરત શેહેરમાં દેશી લશકરનું મુખ્ય મથક હતું, ત્યારે તે પલટણનું તાબુત આખું ગામ ફરવા નીકળતું; ત્યારે તેઓ ઘણું તુફાન કરતા, અને તેથી રૈયતને ઘણું ખમવું પડતું; તેનો બંદોબસ્ત અરદેશરે કરવાનો નિશ્ચય કરી એક સમે તેઓ સાથે સખત ઝપાઝપી કરી હતી અને છેલ્લે તેઓને તાબુત ફેરવવાનું સખત હોકમથી બંધ કરાવ્યું. આ તાબુતનાં અટકાવથી

રીજમીટનાં વડાઓ સાથે અરદેશરને અનબનાવ થયો હતો પણ પોતાની કુન્હે બળથી સર્વેને વશ કીધાં હતા.

અરદેશરે જેમ કોટવાલી કામમાં ચાલાકી બતાવી હતી, તેમ બીજાં કામો પણ કીધાં છે. નવા રસ્તાઓ, ડંકાઓ, વલંદાઓનું બંદર, સુરતથી ડુમસ સુધીનો ધોરી રસ્તો વગેરે અનેક બાંધ કામો પોતાની આગેવાની તળે બંધાવ્યાં હતા. તાપી નદીમાંથી નેહેર બાંધવાનાં કામમાં ઇજનેરોનાં મુખ્ય સલ્લાહકાર અરદેશર હતા. રાજપ્રકર્ણી કામ તરીકે એવોએ ધરમપોર અને સચીનનાં રાજા સાથે ઇંગ્રેજ સરકારની બીકટ ભાંજગડો તથા સુરતનાં નવાબનાં વારેસોની તકરારી બાબતોને નક્કી કરી હતી; જેમાં અરદેશરની બાહોશી પ્રકાશી હતી. ત્યાર પછી ઇંગ્લાંડની પાર્લામેંટમાં ખાસ એમની વખાણ કરવામાં આવી હતી.

અરદેશરે પોતાનાં અમલ દરમ્યાન એટલીતો પ્રસિધતા મેળવી કે તેમનું નામ અરદેશર બાહાદુર એ રીતે બધે પ્રસિદ્ધતા પામ્યું. સરકાર તરફથા ૪ વેળાં એમને જાહેર માન મળ્યું. ઇ. સ. ૧૮૨૫ માં મુંબઇ સરકારે દરબાર ભરીને એમને શીરપાવ તથા ઇનામ બક્ષેસ કીધાં. ૧૮૨૮ માં દિલ્હીનો શાહાજાદો સુરત આવ્યો ત્યારે ઈંગ્રેજ સરકારની રજામંદીથી અરદેશરને સપેહસાલારનો શીરપેચ તથા તલ્વાર ભેટ આપી. ૧૮૨૯ માં મુંબઇનાં ગવ્હરનર સરજૉન માલકમે ખાસ તેમને માટે દરબાર ભરી પોતે સુરત આવી પોતાનાં હાતથી ખીલાત અને ખાનબહાદૂરનો ખેતાબ આપ્યો, અને તે સાથે ૩૦૦૦ ની જાગીર બક્ષી. ૧૮૩૦ માં ઇંગ્લાંડની સરકારે સુનાનો ચાંદ ભેટ મોકલ્યો અને તે ચાંદ મોટી દરબાર ભરી બક્ષવામાં આવ્યો. પોતાની આવી ઝલકાટમંદ કિર્તી દરમ્યાન એક વેળા કોઇ દુલભ હરગોવનદાસ લક્ષાપતીનાં વીલના સંબંધમાં આવવાથી તેમને કાયદા વીરૂધ પોતાનો તેમાં સ્વાર્થ સાચવેલો જણાવી અરદેશરની કમીશન મારફતે તપાસ થઇ હતી, પણ તેમાં નિર્દોશ ઠર્યા. તે પછી તા૦ ૨૨ મી જુન ૧૮૪૫ ને દીને એવણને સરકારનાં હોકમથી સુરતનાં જડજ મી૦ એનડરૂસે એક દરબાર ભરી દબદબાવાલી ક્રિયા સાથે પાછા પોતાના ઓધા ઉપર બેસાડયા હતા; જે વેળાએ ત્યાંની રૈઅત તરફથી હજારો સહીનું મુબારકબાદીનું એક માનપત્ર એમને આપવામાં આવ્યું હતું. તે પછી એવણે ૧૮૪૬ ના અકટોબર માસમાં પોતાનો ઓહ્દો છોડયો હતો. એમની ૩૫ વર્ષની કિમતી નોકરીના બદલામાં સરકારનાં હોકમથી છેલ્લું માન આપવાને તા૦ ૧૨ મી ફેબ્રુવારી ૧૮૪૯ ને દીને સૂરતના જડજ મી૦ એન્ડરૂસે અદાલતના મકાનમાં એક દરબાર ભરી સરકાર તરફથી એક સુભાખીત ભાષણ કરી એમનો ઉપકાર માન્યો હતો. તે પછી એવણે એકાંત જીંદગી ગુજારી હતી. સુરતના પારસી પંચાતનાં એવણ એક વડા મેનેજર હતા. મરણ કલેજાનાં દરદથી ઇ૦ સ૦ ૧૮૫૬ માં ૧૫ મી ફેબ્રુવારીએ નીપજ્યું હતું.

અરદેશર નોશેરવાન કેરમાનીદસ્તુર— આ વિદ્વાન દસ્તૂરને મહાન અકબરે જરથોસ્તી ધર્મની મોત્તેબરી સમજાવવા સારૂ ઇરાનથી તેડી મંગાવ્યા હતા. આ સમયે માહાન શાહ અકબરે બનાવવા માંડેલી ફરહંગ કે જેને જહાંગીરે 'ફરહંગે જહાંગીરી' નામ આપ્યું હતું. તેમાનાં સઘળાં પેહેલવી તથા પાજંદ લોગતો એવને લખ્યાં હતા.

અરદેશર ફરામજી દાવર—જનમ ઇ. સ. ૧૭૯૦ માં થયો. એ ધણી જહાંગીર નશરવાનજી વાહાડીયાની પેહેડીનાં કારભારી હતા. તે પછી ઇ૦ સ૦ ૧૮૪૩ માં જહાંગીરજી વાહાડીયાનાં મરણથી એજ સાલની ૧ લી જુનથી અરદેશર ડોસાભાઇની કુંપનીનાં નામથી જોડાઇ, ફ્રેન્ચ તથા અમેરીકન સરકારની આડત અને મીશીઅર્સ

ફ્રાંકેકસ્ટીન મીલની કુંપનીનાં દલાલ થયા હતા. એ પછી ૧૮૪૮ માં ઉપલી કંપનીમાંથી જુદા પડી સ્વતંત્ર પેઢી કાઢી. આજ વર્ષમાં ફ્રેન્ચ સરકારની હુંડીઓ કોઇ સ્વીકારતું નહોતું, તે વેળા એવણે તે ઘણી સસતા ભાવે ખરીદી મુંબઇનાં ફ્રેન્ચ મનવાર ખાતાંના અમલદારોને સેહેલાઇ કરી આપી, તેથી ફ્રેન્સ સરકારે ઇ૦ સ૦ ૧૮૫૧ માં એખલાને પોતાનાં મુંબઇના આડતીયા ઠેરવી એમની આગલી કિમતી નોકરીને માટે એક સુન્નાનો ચાંદ ભેટ મોકલ્યો હતો. મરણ ઇ. સ. ૧૮૫૪ ની ૯ મી ડીસેંબરે નીપજ્યું.

અરદેશર ફ્રામજી મુસ—જનમ મુંબઇમાં ૧૮૨૭ માં થયો. એલફીન્સટન સ્કુલમાં ૧૮૩૯ માં દાખલ થઇ ૧૮૪૩ માં પેહેલી પરીક્ષા પસાર કરી, 'વેસ્ટ સ્કોલરશીપ' મેળવી હતી. ત્યાર પછી ત્રણ વર્ષ વધુ અભ્યાસ કરી 'કલેર સ્કૉલરશીપ' મેળવી. ૧૮૮૭ માં પોતાનાં પિતાનો વેપાર પડી ભાગવાથી તેજ સ્કુલમાં માસ્તરની જગા મેળવી. અહીં કેટલાંક વર્ષોવેર નોકરી બજાવી; તેટલાં એલફીન્સટન કૉલેજનું કામ વધી પડયાથી 'આસીસ્ટંટ ટૂ ધી પ્રોફેસર' એલકાબ સાથે મદદનીશ દાખલ ૧૮૫૮ માં જોડાયા. આ ઓધો દોઢ વર્ષ ભોગવી પાછી અસલ જગાપર નેમાયાં હતાં.

જ્ઞાન પ્રસારક મંડળીનું કામ ૧૮૫૮ માં શરૂ થયું ત્યારે તેના પેહેલા મુનશી દાખલ નેમાયા હતા; અને પેહેલવેહેલું ભાષણ પણ એવણેજ આપવાની શરૂઆત કરી હતી. તેમજ ત્યાર પછી બીજાં ૫૦ ભાષાણો તો ફકત રસાયન શાસ્ત્રપર આપ્યાં, કારણ કે એવણ રસાયનશાસ્ત્રમાં ઘણું સારૂં જ્ઞાન ધરાવતા હતા. ત્યાર પછી જ્ઞાન પ્રસારક નામનું ચોપાનીયાનું પેહેલું અધિપતિપણું એમનેજ હસ્તગત હતું. વળી તેજ સમયે રાસ્તગોફ્તાર નામે પ્રસિદ્ધ પત્ર એમનીજ નીશાળ મંડળી તરફથી નીકળવા માંડયું અને તેમાં મુખ્ય લખાણો કરનાર મુસ હતા.

મુંબઇમાં પેહેલવેહેલું તાર ખાતું ઈ. સ. ૧૮૫૩ માં સ્થાપ્યું તેમાં અરદેશર મુસની નેમણુંક દેશી ઇન્સપેકટર તરીકે પેહલવેહલીજ થઇ હતી. દેશીઓ આ કામમાં ચાલાક નહિ નીવડશે એવો અભિપ્રાય ડૉ૦ ગેરીનો હતો, પણ એમની રસાયન તથા વિજળીક વિદ્યામાં કુશળતા જોઇ ડૉ૦ ગેરીએ તેમને મુંબઈ ખાતેની વડી ઑફીસનાં અધિકારીની જગા આપી. પોતાનાં ઉદાર ખવાસથી તાર ખાતામાં પોતાની જાતવાલાઓને બધેબધ નોકરીએ રાખ્યા અને ડૉ૦ ગેરીનો જે હલકો વિચાર હતો તે તદન દુર કીધો. પાછળથી વડા સાથે ગેરસમજુતી થવાને લીધે તે જગ્યા છોડી એલફીન્સટન સ્કુલમાં જોડાયા. ઇ. સ. ૧૮૬૧ માં ઉભી થએલી બૅામ્બે રૅાયલ મીલના સેક્રેટરી નેમાયા. ઇ. સ. ૧૮૭૦ માં નોકરી છોડી પોતાને હીસાબે સ્વતંત્ર વેપાર ચલાવવા માંડયો. ત્યારપછી મુંબઇની મ્યુનીશીપાલીટીનાં હીસાબ તપાસનાર ઑડીટરની માનવંત જગ્યા મેળવી. એવણે ઘણાંક ભાષાણો આપેલાં છે તથા અનેક રેસાલાઓ લખ્યાં હતા, તેમજ કિંમતી પુસ્તકો પ્રગટ કર્યાં છે. મેશર્સ રાણીના અને મુસે 'ઇંગ્રેજી ગુજરાતી મોટો કોશ' વર્ષો થયાં રચી કટકે કટકે પ્રગટ કરતા હતા પણ તે છેલે સુધી પુરો કરી શકયા નહિ. મરણ ૧૮૯૬ માં નીપજ્યું.

અરદેશર બેરામજી પટેલ—જન્મ ઇ. સ. ૧૮૫૫ ની ૧૪ મી મેએ થયો હતો. પ્રોપ્રાયટરી હાઇ સ્કુલમાં કેળવણી લઇ મેટ્રીકની પરિક્ષા પસાર કરી થોડુંક સુધી ગ્રાંટમેડીકલ કૉલેજમાં વૈદાનો અભ્યાસ કરી તે અભ્યાસ થોડીક મુદત પછી છોડી દીધો હતો. ૧૮૮૧ માં પ્રથમ બૉમ્બે ક્રૉનિકલમાં સબએડીટર તરીકે કામ ચલાવી ૧૮૮૨ માં મુંબઇનાં જામે જમશેદ નામનાં રોજીંદા પત્રમાં મદદનીશ અધિપતિ તરીકે જોડાયા હતા. એવણ એક આગલા જુના ક્રિકેટર તરીકે જાણીતા છે. ઇ. સ. ૧૮૮૬ માં એવણ પેહેલવેહલી એક

પાર્સી ટીમ લઇ ઈંગ્લાંડ ગયા હતા. એવણે એક ડજન ઉપરાંત વાર્તાઓ તથા નાટકો રચ્યાં છે. તેમાં તકદીરની તાસીર નામનો કરૂણ રસીક નાટક મુંબઇની શોખીન આલમમાં સારી પ્રસિદ્ધતા પામ્યો હતો.

અરદેશર બેરામજી લશકરી—જનમ ઇ. સ. ૧૭૯૦ માં થયો. મુંબઇની સૂપ્રીમ કોર્ટનાં એક દુભાસ્યા. ઇંગ્રેજી ભાષાનો તર્જુમો ગુજરાતીમાં સરસ ઇબારતમાં કરવા માટે પ્રસિદ્ધતા મેળવી છે. એવણે મરેની ઇંગ્રેજી વ્યાકરણ ઉપરથી પેહેલવેહેલું ગુજરાતીમાં ભાષાંતર કરી છપાવ્યું હતું. તથા ઈંગ્રેજી શબ્દકોશનો ગુજરાતીમાં એક કોશ છપાવી પ્રગટ કર્યો હતો. મુંબઈ સમાચાર નામના જાણીતા પત્રમાં શરૂઆતમાં એવણે ઘણી ઉત્તમ બાબતો લખી પ્રસિદ્ધતા મેળવી હતી. ૬૦ વર્ષની પુખ્ત વયે ૧૮૫૦ ની ૧૧ મી સપટેંબરે મરણ નીપજ્યું હતું.

અરદેશર સંજાણી—આ પ્રસિધ્ધ પાર્સી યોધ્ધો, જાદી રાણાના છેલ્લા વંશજના વખતમાં પ્રખ્યાતી પામ્યો છે. ઈ. સ. ૧૪૧૪ માં મહમદ બેગડાએ સંજાણ ઉપર ચઢાઇ કરી તે વેળા આ રાજા ઘણા સંકટમાં આવી પડયો હતો, ત્યારે તેણે તે વખતનાં પાર્સીઓ પાસે મદદ માંગી ત્યારે પાર્સીઓએ હથીયારો બાંધવાની રજા મેળવી, મહમદ બેગડા સામે લઢાઇમાં ઉતર્યા હતા. ૧૪૦૦ જરથોસ્તીઓની ફોજનો અરદેશરને સરદાર નેમ્યો હતો. એને આ પેહેલી લઢાઇમાંજ બહાદુરી બતલાવી મહમદ બેગડાના લશકરને હરાવ્યું. બીજી વેળા મહમદ બેગડાએ બીજા મોટા લશકર સાથે લઢાઇ કરી ત્યારે અર્દેશીરે જાદીરાણા પાસે જઇ કહ્યું કે "નામવર, આ વેળા દુશમનો અમારા કરતાં હજાર ઘણાં વધારે છે છતાં અમો વફાદારીથી સેવટવેર લડશું એ ખુબ યાદ રાખવું." તે પછી તેણે લઢાઇમાં જીપલાવી મહમદ બેગડાનાં ઘણાએક મોટા સરદારોને કતલ કીધાં, ત્યારે અલફખાંએ પાર્સીઓની એવી બાહાદૂરી જોઇ પોતાના મોટા સમુદાય સાથે હલ્લો કરી પાર્સીઓને સખત હાર આપી. આ લઢાઇમાં અલફખાનની તલવારનો અરદેશર ભોગ થઇ પડયો હતો.

અરદેશર સોરાબજી દસ્તુર કામદીન—આ વિદ્યા ઉત્તેજક તથા સખાવતે બહાદૂર વિદ્વાન ગ્રહસ્થનો જન્મ ઇ. સ. ૧૮૩૮માં ભરૂચ ખાતે થયો હતો. ૧૮૫૦ માં તેવણ એરવદ (નાવર) થયા હતા. તેજ સાલમાં તેવણ ભરૂચની ઈંગ્રેજી સ્કુલમાં દાખલ થયા અને ૧૮૫૪ માં સૂરતની ઈંગ્રેજી સ્કુલમાં દાખલ થયા, ત્યાં બે વર્ષ રહીને ૧૮૫૭ માં વડોદરા રેલવે કુંપનીની નોકરીમાં ઇજનેરી ખાતામાં હેડકલાર્ક તથા ચીફ એકાઉન્ટન્ટ તરીકે નેમાયા હતા. તે નોકરી એવણે ૧૮૬૬ માં છોડીને જીનીંગ ફેકટરીઓ તથા પરચુટણ ધંધામાં પોતાનો વખત ગુજાર્યો હતો. વડોદરા રેલવે કુંપનીની નોકરી છોડી ત્યારે તેઓને મેકેબતું સુન્નાતું ઘડીયાળ તથા છેડો ભેટ મલ્યાં હતા.

૧૮૭૦ માં શેઠ અરદેશર મુંબઇમાં આવી કંત્રાકટર તથા મીલ ઉધોગના કામમાં પડયા હતા. એજ વર્ષમાં "કાંદાવાળા મોહલા રીડીંગરૂમ એંડ લાયબ્રેરી" કે જે હાલ સર દીનશાહા માનેકજી પીટીટ કાંદાવાળા મોહલા લાયબ્રેરીને નામે પ્રસિદ્ધ છે. તે સ્થાપવામાં એવણે મુખ્ય ભાગ લઇ તેના ૧૮૭૩ વેર સરનશીન તરીકે હતા. આ લાયબ્રેરી પાછળ તન મન અને ધન ખર્ચી તેનું પુસ્તકખાતું સારી સ્થિતિમાં મેળી આપ્યું હતું.

૧૮૭૩ માં એવણે હિંદુસ્થાનની મુસાફરી કરી હતી. અને ૧૮૭૪ થી પીટીટ ખાનદાન હસ્તકની સર્વે મીલોની મુકાદમીનું કામ શરૂ કરી પોતાની જીંદગીના અંતસુધી ચાલુ રાખ્યું હતું.

પાર્સીઓને લગતાં સઘળા સંસારી વિદ્યાધર્મજ્ઞાન તથા ધર્મ સંબંધી કામો યા સવાલોમાં ખાનગી તથા જાહેર રીતે એવણે ભાગ લઈ પોતાના જ્ઞાન તથા જરની મદદથી અનેક ખાતાંઓને પગભર સ્થિતિમાં મેળયાંછે.

એવણુને ૧૮૭૭ માં 'ઇરાન દેશના રહેનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનાર મંડળીના ઑનરેરી સેક્રેટરી તરીકે નેમવામાં આવ્યા હતા. પોતાના સેક્રેટરી તરીકેના અમલ દરમ્યાન એવણે જજીયા કર કાઢી નખાવવામાં મોટી મદદ કરી હતી, જેની કદરશનાશીમાં એવણુને ઇ. સ. ૧૮૮૪ માં ૩૦ મી સપટેંમબરે એક આફ્રગાન્યું તેના 'સેટ' સાથે ભેટ આપવામાં આવ્યા હતાં; તેમજ આ મંડળીના સેક્રેટરી તરીકેનો ઓધો ઈ. સ. ૧૮૯૧ માં છોડયો તે વેળાએ આ ખાતાની કારોબાર મંડળીએ એવણુને એક 'ટી સેટ' ભેટ આપી–તે ઉપરાંત એક હજાર રૂપ્યાની 'પર્સ' ભેટ કરી પણ તે 'પર્સ' ત્યાં સ્વિકારી તેજ વેળા ત્યાં પાછી તે ફંડને બક્ષેસ તરીકે પોતા તરફથી ખાતું પાડી ભેટ આપી દીધી હતી.

ઇ. સ. ૧૮૭૩ થી એવણ નવસારીના પેહેલા દસ્તુર મેહેરજીરાણા લાયબ્રેરીના ઑ૦ સેક્રેટરી તરીકે હતા. જે વેળા એવણે સેક્રેટરીનો ચાર્જ લીધો તે વખતે આ ખાતામાં માત્ર રૂ ૧૦૪ ની સીલક રકમ હતી પણ તે ઓહ્દો ૧૮૯૧ માં છોડતી વેળા તે ખાતામાં રૂ ૧૦૫૮૯ ની મોટી રકમનો વધારો બતાવ્યો હતો. તે પછી એવણે આ ખાતાના ખજાનચી તથા ત્રસ્ટી તરીકેનો ઓહ્દો સેવટ વેર ભોગવ્યો હતો.

શેઠ અરદેશર જેમ એક ઉદ્યોગી અને ચંચળ કારોબારી તરીકે પ્રસિદ્ધતા પામ્યા છે તેથી જયાદા તેવણ એક બાહોશ લેખક તરીકે કીર્તિ મેળવી શકયાછે. ઇ. સ. ૧૮૭૬ માં School Boy's Guide નામનું એ. બી. સી. ના અનુક્રમે એક ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. ૧૮૭૮ માં કામદીન ખાનદાનની ૩૩ પેઢીની એક વંશાવળી છપાવી પ્રસિદ્ધ કરી હતી. ૧૮૮૦ માં ઇરાનની તવારીખ એકી નજરે જોઈ શકાય તેવા 'ચાર્ટ' માં છપાવી હતી, જેમાં દુન્યામાં બનેલા અગત્યના મોટા બનાવો પણ દાખલ કરેલાં છે. ૧૮૮૩ માં જરથોસ્તી ધર્મ ઇતિહાસ સંબંધી એક ચોપાન્યું 'પરચુટન લખાણોને નામે પ્રગટ કર્યું હતું. ૧૮૯૭ માં શીખાઉ શખસોને વાસ્તે રૂની સમજની ચોપડી રચી પ્રસિદ્ધ કરી હતી. તે શિવાય જમશેદી નરોજ તથા બીજી બાબતો ઉપર બે ડજનથી વધુ ચોપડી ચોપાન્યાં લખી પ્રગટ કર્યાં હતાં. જમશેદી નરોજ સંબંધી વિદ્વાન શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીની તકરારોમાં કોઇએ પણ કાબેલ્યતથી ભાગ બજાવ્યો હોય તો તે એક મરહુમ શેઠ અરદેશર કામદીન હતા. શેઠ કામાજીની દલીલ એવી છે કે, દે મહિનો ને હોરમજદ રોજ તથા ૨૧ મી માર્ચ પાર્સી વર્ષની શરૂઆત છે, પણ શેઠ અરદેશર કામદીને અનેક દાખલાઓ તથા ગણત્રીઓ આપીને સાબેત કીધું હતું કે ફરવરદીન મહિનોજ પેહેલો છે, અને ૨૧ મી માર્ચ પારસી વર્ષની શરૂઆત નથી.

આ ઉપલા વિષય ઉપર ૧૮૯૫ માં એવણે "તા૦ ૨૧ મી માર્ચ યા હાલના 'દે' માસની ૧૯ મી જુન જરથોસ્તી વર્ષનો પેહેલો દિવસ નથી તથા ધંબારો ઋતુઓનાં જશનો નથી' એ નામના ૭ જૂદા જૂદા ચોપાન્યાં શેઠ ખ. રૂ. કામાજી સાથની તકરારમાં પ્રગટ કર્યાં હતાં. એવણ આ તકરારમાં તનમન અને ધનથી એટલાતો ચીવટપણે તેની પાછળ મંડયાં હતા કે, આ તકરાર બાબેના ચોપાન્યા પોતાના ખર્ચે છપાવી પાર્સી આલમમાં મુફ્ત વેંહેચાવતા, તેની પાછળ એવણે લગભગ ૩૦૦૦ રૂપ્યાનો ખર્ચ કીધો હતો. તે પછી મરણની થોડા દિવસ આગમજ એવણે "જમશેદી નરોજ સંબંધી શેઠ ખ. રૂ. કામાજીના ભૂલ ભરેલા વિચારો" નામનું એક દલદાર પુસ્તક પ્રગટ કરી પોતાની તકરારોનું વાજબીપણું કાબેલ્યત ભરી દલીલો તથા ઉંડી ગણત્રીઓથી બતાવી આપ્યું હતું. એમની સ્તુતિ કરતાં 'નવશારી પ્રકાશ' લખે છે કે, "તેમની આ કોશેસનો સહુથી યાદગાર દાખલો પારસી વર્ષ અથવા કબીસાની તકરારમાં એવણે લીધેલા

આગેવાન, ઉલટમંદ તથા કાબેલ્યત ભરેલા ભાગનો છે. મી૦ ખરશેદજી રૂસ્તમજી કામા જેવા અથાક અભ્યાસી સામે તેવણે ઉઠાવેલો આ જુંદો, જેમ તેમની કાબેલ્યતની તેમજ તેમના ચીવટપણાની એક માન ભરેલી સાબેતી રજુ કરે છે."

કોઇ શખસ પોતાની કીર્તિનો સ્થંભ પોતાના એક કામથી યા એકજ રાહની જૂદી જૂદી રાહ રીતીથી કાયમ કરી જાય છે પણ આ વિરલા નરે તો જેમ એક ઉદ્યોગી, સહાશીક, ચંચળ લેખક, સખાવતે બહાદુર તરીકે પ્રસિદ્ધતા મેળવી હતી, તેમજ એક નવીજ રૂઢીના જૂદા ધોરણે સખાવત કરવાનો નવો માર્ગ પોતાની જેહેન અક્કલથી ખુલ્લો મેળી ગયા છે. આજવેર કેટલીક મંડળીઓએ ઇનાંમો છપાવ્યાં હશે, પણ આ ગ્રહસ્થે સાહિત્યની ખીલવણી માટે પોતાની ગીરોથી મોટી મોટી રકમો આપી જૂદા જૂદા ઇનામો છપાવી ગુજરાતી તથા અવસ્તા ભાષાનાં પુસ્તકો પ્રગટ કરાવ્યાં છે, તે એક અગત્યની નોંધવા જોગ બિના છે; કેમકે શેઠ કામદીનના ઇનામોથી લખાયલાં પુસ્તકો જેમ સમસ્ત પ્રજા લાભના નિવડયાં છે, તેમ જરથોસ્તી ધર્મપર નવું અજવાળું નાખનારા ઠરી ચુકયાં છે. નીચલા ગ્રંથો માટે મોટા મોટા ઇનામો આપી લખનારાઓને એવણે ઉત્તેજન આપ્યું છે.

ઇનામો—અવસ્તાના વિશેષ નામોની 'ડીક્ષનરી' ઇનામ રૂ ૫૦૦ નું, અવસ્તાની સંપૂર્ણ 'ડીક્ષનરી' ઇનામ રૂ૦ ૧૨૦૦ નું. તારીખે શાહાને ઇરાન ઇનામ રૂ.૭૦૦ નું. 'ગાથાનો ગુજરાતી તર્જુમો ઇનામ રૂ૦ ૫૦૦ નું. પારસી કીર્તિ સંગ્રહ ઇનામ રૂ. ૨૫૦ નું. ધર્મ ક્રિયા સંગ્રહ ઇનામ રૂ. ૫૦૦ નું, જ્ઞાનચક્ર ભાગ ૧લો ઇનામ રૂ. ૪૦૦ નું (આ ઇનામની હરીફાઇમાં બીજે નંબરે ઉતરેલા ઉમેદવારને પાછળથી ૧૫૦ નું જુદું ઇનામ વધુ આપ્યું હતું; જે મળી ૧ લા ભાગ માટે ઇનામ રૂ૦ ૫૫૦નું) જ્ઞાનચક્ર ભાગ બીજો ઇનામ રૂ. ૪૦૦ નું. એ રીતે એક પછી એક અતી ઉપયોગી વિષયોનાં ગ્રંથો લખાવી આ જ્ઞાનચક્રનો મોટો ગ્રંથ ઇનામની ચાલુ હરીફાઇમાં પ્રગટ કરાવવાનો એમનો ઇરાદો હતો.

'પોતાની પુંજી લખ્ખોની ન છતાં તેઓએ જે કામો કરી કરીબતાવ્યાં છે, તે એક ઉત્તમ ધડો લેવા જોગ બિના છે. તેવણની ખાનગી સખાવતની મદદથી ઘણા વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પુરો કરી આજે આબાદ હાલતમાં આવ્યા છે. તેમની ઉદાર બક્ષેસથી ઘણા ધંધાદારી તથા અભ્યાસીઓએ પોતાનો દિવસ ફરી ગયલો દીઠો છે. એમની સખાવતો વિષે પાર્સી કેલેંડર તથા કેટલાક પત્રોપરથી જણાય છે કે એવણે લાયક કામો માટે ઇનામો સાથે રૂ ૭૬૦૦૦ ની જાહેર સખાવત કરી હતી. તે શિવાય એમના તરફથી થતી દર વર્ષની ખાનગી મોટી સખાવત વિષે તેમનાં એક માર્ગીપણાને લીધે વધુ જણાયું નથી.

આવી ઉત્તમ, આવી ઉપયોગી, આવી પ્રજા લાભકારક જીંદગી ગુજારી જનાર શખસ કોઇ પણ એલકાબથી બાકી રહે એ એક જાણવા જોગ બીના છે અને ખસુસ કરી એમને માનચાનનો કેટલો લોભ નહોતો તે નીચલી બીના ઉપરથી જણાઈ આવશે. તેવણ ઈચ્છતે તો સારા માનચાન પામી શકતે પણ તેમનો એકમાર્ગી સ્વભાવ તેમને તેવે રસ્તે દોરી નહિ લઇ ગયો તેથીજ તેવણ કોઇ પણ જાતના એલકાબથી બાકાત રહી ગયા હતા. એમની ભલામણથી અનેક શખસો જે. પી. ના તેમજ એવા બીજા એલકાબો પામ્યા હતાં ત્યારે એવણને એવાજ બીજા એલકાબો શોધતા આવ્યા છતાં તે માન એવણે ના પાડયું હતું. મરહુમ શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ એવણને એક વેળા જણાવ્યું હતું કે "તમારા અનેક પ્રજા કલ્યાણનાં જાહેરકામો જાણીતાં છતાં તમે જે. પી. વટીક થયા નથી એ અજબ જેવું છે માટે મારી એવી ઇચ્છા છે કે આવતા વર્ષમાં કરવામાં આવનાર જે. પી. ઓમાં હું તમારે માટે ભલામણ કરૂં." ત્યારે મરહુમ

અરદેશરજીએ તે માંગણી ઉપકાર સાથે નાપાડી જણાવ્યું હતું કે "મને એવા માનની ઇચ્છા નથી." એક સમે મરહુમ ત્રીજા સર જમશેદજી જીજીભાઇ બારોનેટે એમને ખાનબહાદુર બમનજી બેહરામજી પટેલ મારફતે 'પારસી મેત્રીમોનિયલ કોર્ટના ડેલીગેટ' થવાનું માન આપવા જણાવ્યું હતું, ત્યારે પણ તે માગણી ઉપકાર સાથે ના પાડી હતી. તેમજ અનેક વેળા સર દીનશાહજી માનેકજી પીટીટ બારોનેટે એમને જણાવ્યું હતું કે "તમે બીજાઓને જસટીસ ઑફ ધી પીસ કરવા માટેના ભલામણ પત્રો મારી પાસેથી મેળવોછો પણ તમારા પોતાને માટે કદી કહેતા નથી." ત્યારે એવણે સર દીનશાહજીનો ઉપકાર માની જણાવ્યુ હતું કે હું એવા માનની ભૂખ ધરાવતો નથી તેમ તેની કદી ઇચ્છા કરતો નથી.'

એવણ 'ડાયેબિટીસ' ના રોગની લાંબી માંદગી ભોગવી તેની નાતવાનીથી ન્યુમોનિયાને શરણ થઇ પોતાના માનીતા અંદેરી કસબાના બંગલામાં ૨૩ મી માર્ચ ૧૮૯૯ એ બેહેસ્તનશીન થયા હતા.

અરદેશર હેરબર્દ હોરમજ—જનમ ઇ. સ. ૧૭૬૭ માં થયો હતો. એવન દસ્તુર અસપંદીયાર દસ્તૂર કામદીનનાં ભત્રીજા હતા. એઓ ભરૂચનાં બાહારકોટમાં હાથીબાર આગળ આવેલી પોતાના બપાવા દસ્તુર કામદીનવાલી દરમેહેરનાં મુતવલી હતા. ઇ. સ. ૧૮૫૭ નાં સાલમાં હિંદમાં બળવો જાગ્યો તે દરમ્યાનમાં ભરૂચમાં મુસલમાનોએ પાર્સીઓ સામે હુલ્લડ મચાવ્યું તે વેળા આતશ આદરાનનો બચાવ કરવા જતાં માર્યા ગયા હતા.

અરદેશર હોરમસજી વાડીયા—આ ગ્રસ્થ મુંબઇનાં જાણીતા વાહાડીયા ખાનદાનના એક પ્રસિધ્ધ નમીરા હતા. મુંબઇ તથા હિદુસ્થાનનાં દુર દેશાવરોમાં એમની તરફથી દર વર્ષે લાખો રૂપીયાની સખાવતો થતી હતી. દર વર્ષે એમની તરફથી લગભગ રૂ. ૬૦૦૦૦ ની સખાવતની ચાલુ રાસ આવતી હતી. તેમજ મુંબઇમાં એક કુસાદે આતશ બહેરામ પોતાના ખેશીઓની મદદથી બંધાવ્યું હતું. મરણ ઇ. સ. ૧૮૮૨ ના મે માસમાં નીપજ્યું.

અર્ધકામ મોહિની છંદ—આ છંદ ૬ માત્રાનો બને છે. એને સ્ત્રીગ્વીછંદ પણ કહે છે.

'એ તરેની ક્રિયા, સાધસો જો રિયા.
તો તમારી દિયા, થી ભલું છે ઇયા.
ક૦ હિરાચંદ

અર્ધતોટક છંદ—બે સગનનો આ છંદ બને છે, અને એજ છંદને 'ઝીલછંદ' પણ કહે છે.

'ઉપકારી નરો જગ માહિં ફરો
અપકારી મરો નરકેંજ ગરો.'
ક૦ હિરાચંદ

અર્ધનારાચ છંદ—આંઠ માત્રાનો. જગણ, રગણ, લઘુ અને ગુરનો બને છે. એને નગસ્વરૂપીણી પણ કહેછે.

'પરાઇ નારીને ધરી, દુઃખી થઈ ગયાં મરી
અનેકની જુવો દશા, અકીર્તિ શાંઇને ફશાં.
ક૦ હિરાચંદ.

અર્ધભૂજંગી છંદ—આ છંદ ૬ માત્રાનો બે યગણનો બને છે, એને શંખનારી છંદ પણ કહે છે.

જણે કોઈ માતા ધરે ધર્મ દાતા
જશોરે ગવાતા, વસે સર્વ શાતા.'
ક૦ હિરાચંદ.

અર્ધચૂડ—હિંદુસ્ત્રીઓ બાંગડીની ઉપર આ કંકણ જેવું ઘરેણું પહેરે છે. એ સુન્નાનાં તારની ઝીણી કંકણુ હોય છે.

અર્ધસમ વૃત્ત—પિંગળમાં કાવ્યના વૃત્તનો *એક પેટા ભેદ. એ ભેદ ત્રણ જાતના છે. તેમના નામ:સમવૃત્ત, અર્ધસમવૃત્ત અને વિષમવૃત. દરેક વૃત્તની કલીનાં ચાર ભાગ હોય છે. એ ચારે ભાગને ચાર ચરણ કહે છે. જે છંદનાં ચારે ચરણ સરખાં હોય તે સમ વૃત્ત, જેનો પેહેલો અને ત્રીજો તથા બીજો અને ચોથો ચરણ સરખો હોય તે અર્ધસમવૃત્ત અને જેના ચારે ચરણ ભિન્ન લક્ષણનાં હોય તે વિષમવૃત્ત. સંસ્કૃતમાં વિષમ વૃત્તનો પુષ્કળ પ્રસાર છે. પ્રાકૃત ભાષામાં તે કિંચીત જણાય છે.

અર્ધહાર—હિંદુસ્ત્રીઓ આ ઘરેણું ગળામાં પેહેરે છે. એ બાર સેરની મોતીની કંઠી જેવી હોય છે. એમાં મોતી પોવામાં આવે છે.

અરનવાજ—જમશેદ પાદશાહની બે બેહેનો, તેમાં શેહેરનવાજ વડી અને અરનવાજ નાહાની હતી. જમશેદ પાદશાહ પોતાની મગરૂરીથી પદભ્રષ્ટ થઇ નાહાઠો ત્યારે આ બેઉ બેહેનો જોહાકને હાથ કેદ પકડાઇ હતી. ઘણાં વર્ષો પછી જમશેદનાં ઓલાદના ફરેદુને આવીને જોહાકને મારી ઇરાનનું રાજ્ય જીત્યું, ત્યારે તેણે આ બેઉ બેહેનોનો છુટકારો કરી તેમની સાથે લગ્ન કર્યાં હતા. અરનવાજને પેટે સેલમ અને તૂર નામનાં બે બેટાઓ અવતર્યા હતા. એ છોકરાઓ યમનનાં શાહાની બેટી સાથે પરણીયા હતા.

અરના—મુંબઈ ઇલાકામાં ઉત્તર કોકણ તરફ આ કિલ્લેબંદીવાલું બેટ આવેલું છે. અત્રે વાહાણો મારફતે વેહવાર ચાલે છે. આ બેટમાં એક મજબુત કિલ્લો છે તે બ્રિટીશ લશકરનાં વડા જનરલ 'ગોગાર્ડે' ઇ. સ. ૧૭૮૧ માં જીતી લીધો. મુંબઇની ઉત્તરે ૩૦ માઇલપર છે.

અરનો—આ નદી મધ્ય ઈટલીમાં છે. જે બીજી ટાઇબર જેવડી ગણાય છે, પીનિયન્સમાંથી તે વહે છે અને પશ્ચિમ તરફ વેહેતી ફ્લોરેન્સમાં થઇ પીસ્સામાંથી પસાર થઇ ૮ માઇલપર મેડીટરેનીયન સમુદ્રમાં પડે છે. આ નદી ૧૫૦ માઇલ લાંબી છે.

અરબસ્થાન—આ દેશની લંબાઇ યૂફ્રેટીસ નદીથી તે બાબલમાન્ડેબની સામુદ્રધુની સુધી ૧૫૦૦ મૈલ; પોહળાઇ પશ્ચિમે રાતા સમુદ્રથી તે પૂર્વે રાસલ હદનાં બીંદુસુધી ૧૩૦૦ મૈલ અને વિસ્તાર ૧૨૦૦૦૦૦ ચોરસ માઇલનો છે. વસ્તી સુમારે ૧૨૦૦૦૦૦૦ ની છે.

આ દેશની હવા અતી ગરમ છે. એનો મધ્ય ભાગ સપાટ ફળવંત અને વાહાબી જાતના લોકોની વસ્તીથી ભરેલો છે. દેશની આસપાસ મોટા ડરામણાં ને ગંજાવર રેતીનાં રણો ફરી વળેલાં છે. વેપારની મુખ્ય જણસોમાં ખજુર, કાફી, ગુંદર, ઇસસ વગેરે બીજા વસાણાંઓની ઉપજ થાય છે.

અત્રેનાં ઘોડા ખુબસૂરત, ઝડપી, બળવંત તથા ઈમાનદારી માટે એ દેશમાં પ્રસિદ્ધ છે. ત્યાંના લોકોના ભટકતી જીંદગીને અનુસરતા ઉપયોગી જાનવર ઉંટની પેદાશ ઘણી મોટી છે. જંગલી જાનવરોમાં વરૂં, કોલ્હાં, તરસ, ચિત્તા, હરણ, સિંહ વગેરે છે.

અરબસ્થાન મહમદ પેગંબર અને તેના ઉભા કરેલા ધર્મની જન્મભૂમિ માટે પ્રખ્યાત છે. અરબ લોકો મધ્યમ કદનાં, ભૂરા રંગના ગંભીર પણ ઉદાર ચહેરાના હોય છે. તેઓ જાતે બાહાદુર, અચ્છા ઘોડેસ્વાર ને હથીયાર વાપરવામાં ઘણી સફાઇ બતાવનારા છે. જ્યાં ને જ્યાં સુધી તેઓને ખોરાક પાણી મળે ત્યાં, ને ત્યાં સુધી તેઓ હરએક જગોએ પોતાનાં તંબુ મારીને પડી રહે છે. તે અહીંથી તહીં ભટકીને રાહદારીઓ તથા મુસાફરોનાં કાફલાઓ ઉપર તુટી પડીને લુટફાટ કરી પોતાનું ગુજરાન કરે છે. પણ પોતપોતામાં તેમજ તેઓને ત્યાં ગએલા પરોણા સાથ ઘણીજ લાયકીથી વર્તે છે. તેઓ મહેમાનદારીમાં ઘણી લાયકી, ઇમાનદારી, સભ્યતા અને માયા દેખાડે છે. આ લોક એક બીજાથી અનેક સ્વતંત્ર ટોળીઓમાં વેહેચાંઇ ગયલા હોય છે. તે દરેક ટોળીને માથે એકેક સરદાર હોય છે, તેને શેખ, શરીફ, કલીફ, ઇમામ કે અમીર વગેરેનાં નામથી ઓળખે છે. તેની સત્તા એક બાપ પોતાના બચ્ચાં ઉપર જેટલી ને જેવી ધરાવે તેટલી તેઓ ધરાવે છે. (જુઓ વધુ માટે 'આરબ લોકોની તવારીખ' વાલો વિષય.)

અરબાસીસ—આ મિડીયન શેહેનશાહતનો સ્થાપક ઇ. સ. પૂર્વે ૮૭૬ માં થઇ ગયો છે. અરબાસીસે મીડીયન શાહનશાહતનો પાયો નાખ્યો કે જે સાયરસનાં રાજ્યના ઇ. સ. પૂર્વે ૫૫૯ સુધી મજબુત રહ્યો હતો.

અરબીસન—એને 'શરસન' પણ કહેછે. આ શરૂસન-ઈ. સ. ૫૯૯, શાલિવાહનશક

પ૨૧, વિક્રમ સંવંત અને ફસલી ૯ મે વર્ષે ચાલુ થયો. આ સને જ્યેષ્ઠ માસમાં 'જૂન' મહિનાની સુમારે પાંચમી તારીખે મૃગનક્ષત્ર (પાંચમું નક્ષત્ર) થી શરૂ થાયછે. મુસલમાન લોકોનું રાજ્ય હિંદમાં સ્થાપન થતાં સરકાર દરબારમાં આ સન મરાઠી અક્ષરે અરબી ભાષાની રૂઢી મુજબ લખાતો હતો. હાલમાં ઈંગ્રેજી રાજ્ય શિવાય બીજા સંસ્થાનીક રાજ્યોમાં આ સને ચાલુ છે.

અરમાઇન—ઉત્તર ધ્રૂવ તરફનાં થંડા મુલકોમાં વસતા એક જાતના જાનવરોના રૂવાં સાથનું ચામડું. એ ચામડીની ટોપીઓ તથા ગરમ કોટો સીવવામાં આવે છે.

અરમેસ્તધાહ—રહેવાનાં ઘેરમાંની પવિત્ર જગા. વંદીદાદમાં દુર બેઠેલી ઓરતને કેવી પવિત્રાઈથી રાખવી જોઇએ તે માટે લખવામાં આવ્યું છે.

અર્લ—આ અમીરી ખેતાબ બ્રિટીશ ઉમરાવોને બક્ષવામાં આવે છે. અર્લનો ખેતાબ ડેનીશો તરફથી ઉત્પન્ન થયો હતો, અને તે સેકસન આલડરમેન અથવા એલડરમેન સાથે સરખામણીમાં મેળી શકાય.

અર્લનો ખેતાબ ઉમરાવી પદ્મિમાંનો ત્રીજો, માર્કવિસથી બીજો ને વાઈકાંઉન્ટથી ચઢીયાતો છે. આ ખેતાબ લખવામાં રાઇટ ઑાનરેબલ અને બોલવામાં માઇ લૉર્ડની પધતિથી વપરાય છે. અર્લનો વડો પુત્ર વાઈકાઉંટ, નાહાનો ઑાનરેબલ અને પુત્રીઓ લેડીનાં નામે ઓલખાય છે.

અર્લનું અમીરી તાજ સુનાનું બનેલું હોઇ તેની આસપાસ સુનાની આંઠ મેખોમાં પાનાઓ જડેલાં હોય છે. બ્રિટીશ અર્લનો ખેતાબ તે ફ્રેન્ચ કોન્ટ અને જર્મનોનો ગ્રાફને મળતો છે. અર્લની બાનુને કૌન્ટેસનાં એલકાબથી ઓળખવામાં આવે છે.

***અર્લ**—એક રોપો એનું ઝાડ કદમાં બહુ ન્હાનું હોયછે, પણ દેખાવામાં સુંદર લાગે છે, એના પાંદડા ઘોડાની ગરદનપરનાં બાલ જેવડાં લાંબાં અને પાતળાં હોય છે. પાંદડાની ભોંય મોટે ભાગે લીલી હોય છે, પણ તેમાં પીળી, લાલ, ગુલાબી વગેરે છાંટ હોવાથી તે બહુ મોહક દેખાય છે. એ આવું સુંદર છતાં ક્રોટનનાં વર્ગનું નથી.

અરલુ—એના ઝાડ નાના હોય છે, અને તેનાં પાંદડા કાંઇક મરીયાનાં જેવા હોય છે. તે ઝાડ પપાંઉનાં ઝાડ જેવું નરમ હોય છે. એને સીંગો આવે છે તે બે આંગળ પોહળી અને બે હાથ લાંબી હોય છે. તેમાં બસોથી વધુ કપાનાં જેવાં બિયાં હોયછે. આ સીંગો કુમળી હોય છે ત્યારે તેનું શાક તથા આથણું કરવામાં આવે છે. એની શીંગોનો આકાર તલવારનાં જેવો વાંકદાર હોય છે. અરલુનાં મૂળની અંતરછાલ લીલા રંગની હોય છે. એના કુમળાં ફળ તૂરાં લાગે છે. આ ઝાડ ઐાષધિમાં ઘણું વપરાય છે.

અરવંદ—હમાદનની પશ્ચિમે અરવંદ પહાડમાંથી વહેતી નદી હાલમાં નામ તાઇગ્રીસ, આગળ દજલે ને અરવંદ નામ અવસ્તા જમાનાનું છે. એના પાણી સ્વચ્છતા માટે જાણીતાં છે.

અરવંદ કએપસીન—શાહા લોહરાસ્પનો એ પિતા. બુનદેહશમાં એ નામ અઉઝવ જણાવવામાં આવે છે. એરચની બેટી તંજાઉ બાનુનો એ ભર્થાર.

અરવીંદ મુખીછંદ—આ છંદ આંઠ સગણુનો ને ૧ લઘુનો બને છે. એનાં ૧૨ અક્ષરે વિસામો આવે છે.

અરવિષગાહ—પવિત્ર આતશગાહમાં જ્યાં સર્વ પવિત્ર અલાતો રહે છે યા જે જગાપર યોજદાથ્રેગરીનું કામ કરાવવામાં આવે છે તે જગા.

અર્ષતાત—જરથોસ્તી ફીલસુફી પ્રમાણે એ એક ઇજદનું નામ છે. જે સચ્ચાઇ ઉપર મવકલ છે. તે રશને ઈજદ સાથે ચીનવદ પુલપર માણસો પાસાર થતી વખતે ઇન્સાફ કરવામાં મેહેર દાવરનો મદદનીશ થઇ રહેછે, ને દુન્યાઇ ન્યામતોને આબાદી આપનાર તથા તેમની વૃદ્ધી કરનાર છે.

અર્ષતીશ—આ હકીમ ઘણો પ્રસિદ્ધ અને જરદાર હતો. એક વેળા દર્યામાં સફર કરતાં તેનું વાહાણ ભાગ્યું અને એજ એખલો તરીને કીનારાપર ઉતર્યો હતો, તે ગામમાં જઇ પ્રથમ એણે ભીખ માંગી નિર્વાહ કરવા માંડયો પણ તેટલાં તેને જણાયું કે અહીંના લોકો માંત્રીક કળા શિખવાની ઘણી ઉતકંઠા રાખે છે. તેથી અર્ષતીશે તેમને એ હૂનર શીખવી ઘણું દ્રવ્ય એખઠું કરી પોતાને દેશ ફર્યો. આ બુજોર્ગ ૭૦ વર્ષની વયે મરણ પામ્યો હતો.

અર્ષન—કય અર્ષન તરીકે પ્રસિદ્ધ છે. એ કયકોબાદનો બીજો પુત્ર. કયકાઉસની દરબારમાં એ વડો અધીકારી હતો.

અરષન—અથવા અર્ષ. આ શૂરવીર પુરૂશ અવસ્તા જમાનામાં થઇ ગયો છે. એ દૂર અને ઝડપથી તીર ફેંકનાર હોવાથી એનું નામ કહેવત તરીકે પડયું હતું. અરષતીસ યાને ઝડપથી અને ઘણો દુર જનાર તીર એમ એતું નામ મશહૂર થયું હતું. ફીરદોશી પ્રમાણે તુરાની અરજાસ્પે જ્યારે ઇરાની ઝરીરને પોતાના લશકર ઉપર મજબુત હુમલો લાવતાં જોયો, ત્યારે તેના ગુરૂજના ફટકાને સામનાં ગુરજની સાથે સરખાવે છે, અને તેના તીરને અર્ષના તીર સાથે સરખાવે છે. શાહ મિનોચહેર અને અફ્રાશિઆબ વચે સરહદનો એક વેળા વાંધો પડયો ત્યારે એવો ચુકાદો કરવામાં આવ્યો હતો કે દમાવંદનાં પાહાડ ઉપરથી અર્ષે પૂર્વ ભણી એક તીર ફેંકવો અને જ્યાં તે તીર પડે ત્યાં તેઓની હદ મુકરર કરવી; તે પ્રમાણે કરવામાં આવ્યું હતું.

અરસલ—આ વિદ્વાન હાકેમ મહમુદ ગજનવીના રાજ્યમાં સારી પ્રતિષ્ટા પામી ઈ. સ. ૯૭૬ માં તૂસ શેહેરનો હાકેમ નેમાયો હતો. એણે શાહાનામાંના રચનાર ફીરદોસી તૂસીને આશ્રય આપી મહમદ ગજનવી તરફ ભલામણ કરી મોકલ્યો હતો, (૨) ગીજની વંશનો ૧૧ મો શાહ. ઇ. સ. ૧૧૧૪ માં રાજ્યપદ ધારણ કીધું. મરણ ૧૧૧૮ માં નીપજ્યું.

અરસારી—અમેરિકા દેશનું એક સુંદર પક્ષી. આ પક્ષી ગરમ ભાગમાં વસે છે.

અરાગુઆ—આ મોટી નદી બ્રાઝીલમાં આવી છે. મોટોગ્રોસોનાં પ્રાંતમાંથી ઉત્તર દિશાએ વહે છે, એની લંબાઇ ૧૩૦૦ મૈલની છે. જેમાંના ૧૧૦૦ મૈલનેર વેપાર વેહવારી વહાણો જાવઆવ કરી શકે છે. આ નદીને કાંઠે વસતી જૂદી જૂદી જંગલી જાતોનાં રેવાજો ઘણાં વિચીત્ર છે.

અરાટસ—આ ગ્રીક કવિ ઇ. સ. પૂર્વે ૨૭૦ માં સિલીસ્યામાં આવેલા 'સોલી' ગામમાં જનમ્યો હતો. એની કવિતાઓ ગ્રીક દેશમાં ઘણી પ્રસિદ્ધ છે. પેટેલોમી ફીલાડેલ્ફીઅસનો મિત્ર હતો. એની કવિતાનાં બે પુસ્તકો ઘણી પ્રતિષ્ટા પામ્યાં છે. તેમાં આકાશી દેવતાઓની કથાઓ ઘણી રસીલી છે. એનાં લખાણો હાલમાં જડતાં નથી.

અરાટી—હિંદમાં ઉગતું આ ઝાડ વેલા જેવું પસરેલું હોય છે, એને સંસ્કૃતમાં 'વલ્લી ખદીર' કહે છે, ખેરનાં પાંદડાં જેવાં એના પાંદડા હોય છે. અરાટીનાં ઝાડ વાડ ભરવાનાં ઉપયોગમાં આવે છે.

અરાફાત—અરબસ્થાનમાં મક્કા પાસે આરાફાત નામે આ પર્વત આવેલો છે. હાજીઓ હજ કરવા જતાં કેટલાક દિવસો મોઝમઝા કરવા અત્રે ઉતરે છે. આ પાહાડ અડદીયા પથ્થરનો જમીનથી ૨૮૦ ફીટ ઉંચો છે. હાજીઓ મક્કામાં ત્રણ દિવસ રહે છે, તેમાં બીજે દિવસે આ પર્વતપર જઇ નેમાજ પઢે છે. કહે છે કે આદમ ૧૨૦ વર્ષની જુદાઇ પછી ઇવ્હ (હવ્વા) ને આ પાહાડ ઉપર મલ્યો હતો; અને તેપરથી આ પાહાડને આરાફાત (વફાદાર)નું નામ આપવામાં આવ્યું છે. જે વેળા હાજીઓ અહીં એખટા થાય છે ત્યારે તેમની એકંદર સંખ્યા ૭૦૦૦૦ ની હોય છે.

અરારાટ—આ પર્વત પશ્ચિમ એશિઆમાં

આવેલો છે, અને તે રશીઅન, ટર્કી અને ઇરાની રાજ્યની સરહદપર હોઇ આ ત્રણે રાજ્યોની સરહદ બાંધી આપે છે. સમુદ્રની સપાટીથી ૧૭,૩૨૩ ફીટ એની ઉંચામાં ઉંચી ટોંચ જનાયલી છે, અને તળેટીથી સામાન્ય ઉંચાઇ ૧૪,૩૨૦ ફીટની છે. પશ્ચિમ એશિયામાં સૌથી ઉંચો એજ પર્વત છે. અને તે સદા બરફથી ઢંકાયલો રહે છે. ઇ. સ. ૧૮૪૦ માં થએલા ભયંકર ધર્તિકંપનાં આંચકાથી આ પાહાડનું કેટલુંક સ્વરૂપ બદલાઈ જઇ એની તળેટીમાં વસ્તાં અરગ્યૂરી નામના ગામડાને દાટી નાખ્યું હતું, અને તેની બાજુમાં આવેલા સેન્ટજેમ્સના મઠનાં પણ તેજ હાલ થયા હતા. આગલા આર્મેનયન ધર્મગુરૂનું કહેવું એવું હતું કે આ પાહાડનાં ઉંચામાં ઉંચા શીખરવેર કોઇ ચઢી શકવાનું નથી, પણ ઇ. સ. ૧૮૨૯ ની ૯ મી અકટોંબરે ડૉ૦ પેરાટ પેહેલ વેહલો છેક ટોંચવેર મુસાફરી કરી આવ્યો હતો. ત્યાર પછી આજવેર ઘણાક મુસાફરોએ તેની મુલાકાત લીધી છે.

અરારૂમ—બ્રાઝીલમાં આવેલા આ એક મીઠા પાણીનો સરોવર છે, કે જે ૨૩ માઇલ લાંબો અને ૭ માઇલ પોહળો છે. આ સરોવર દર્યાથી પાંચ માઇલ પર આવેલો હોવાથી એમાં ભર્તિ તથા ઓટ પણ થાય છે.

અરાવલી—ઉત્તર હિંદુસ્થાનમાં લંબાયલી એક પર્વતની હાર છે. ઉત્તરથી પૂર્વસુધી ૩૦૦ માઇલની એની લંબાઇ છે. આ હાર રજપૂતાનાનાં રાજ્યમાંથી બ્રિટીશ રાજ્યનાં મારવાડ અને અજમેર સુધી પોંહચેલી છે. એની ઉંચામાં ઉંચી ટોંચ ૫૬૫૫ ફીટની છે. સૌથી ઉંચી ટોંચ દાખલ આબુનો પર્વત પ્રસિદ્ધ છે.

આ આરાવલી પર્વતની હારને પ્રાચિન કાળમાં 'આદર્શાવલી'ના નામે ઓળખતા હતા. આ નામ પડવાનું કારણ એમ છે કે, આ પર્વતમાં જગેજગ સંગેમરમર અને અવાંતર ચિત્ર વિચીત્ર રંગની ધાતૂ ઉપધાતૂનાં રંગબેરંગી 'થર' હોવાથી, સૂર્ય કીર્ણોનાં પ્રતિબીંબ નાખવા માટે, ઇશ્વરે આ 'આદર્શો'ની 'આવલી' યાને 'આરસીની હાર' ઉત્પન્ન કરી હોય એમ ભાસ થવાથી આ નામ આપવામાં આવ્યું હતું. તે પછી ઉપલા શબ્દમાંના 'દ'કાર અને 'શ'કાર એનો લોપ થઇ 'આ દર્શાવલી=આરશાવલી'=આરાવલી= અરાવલી એમ સંક્ષેપ નામ હાલમાં ચાલુ છે. આર્યવ્રતની સીમા એક સરખી ન રહેતાં, 'પાણીની' અને 'કાત્યાયન'નાં સમયમાં જેમ બદલાતી ગઈ, તેજ પ્રકારે 'પંતજલી'ની કારકિર્દીમાં બની. પંતજલીનાં સમયથી 'આદર્શાવલી' પર્વત આર્યવ્રતની પશ્ચિમ સિમાએ રહેલો છે.

ઍરાસ—આર્મેનિયામાં આવેલી આ એક નદી છે. અઝેરૂમની દક્ષિણથી વેહ છે અને ૭૦૦ માઇલિનો માર્ગ કાપી કારપીયન સમુદ્રમાં ખાલી થાય છે.

અરીજાવ—સીંધ પ્રાંતનું એક ગામ, સ્વાનથી લારખાનાનાં માર્ગમાં એક ફળદ્રૂપ બેટ નામે ઇંડસના એક ફાંટા 'નાર'ની વચોવચમાં આવેલું છે, લારખાનની દક્ષિણે ૮ માઇલપર અને ઇન્ડસની પશ્ચિમે ૮ માઈલપર છે અને નારાની પૂર્વે ૧ માઇલપર છે.

ઍરીકા—આગલું પીરૂને લગતું પણ હાલ ચીલીને તાબે છે. વસ્તી ૩૦૦૦ની છે. ૧૮૬૮ ના ભૂકંપથી એનો કેટલોક ભાગ ગર્ક ગયાથી હાલ નવું બંધાયું છે.

અરીઠા—એના ઝાડ હિંદુસ્થાનમાં સર્વે ઠેકાણે થાય છે. એનાં ઝાડ આમલીનાં ઝાડ જેવડાં મોટાં હોય છે. જયારે બીજા દેશોને બનાવટી સાબુ વાપરવો પડે ત્યારે હિંદવાશીઓ માટે કુદ્રતે, કુદ્રતી સાબુની બક્ષેસ કરી છે. એનાં પાદડાં ઉમરાનાં પાદડાં કરતાં મોટાં હોય છે. અરીઠાથી નાહવાને લીધે ઘણાં ફાયદા થાય છે. ખજ, ચાંદીયો તથા બીજા ચાંમડીનાં રોગોપર અરીઠા ઘણાં ઉપયોગી છે. એનાં અંદર કાળાં કઠણ બીયાં હોય છે, તેના 'વજરબુટ્ટા' બાળકોને નજર

નહિ લાગે માટે કરી પહેરાવે છે. સોની, ઝવેરીઓ ઘરેણાં સાફ કરવાનાં ઉપયોગમાં એને દરરોજ લે છે. અરીઠા એ મોટો વિષનાશક પદાર્થ છે. સર્પદંશ થાય તો અરીઠાનું પાણી કરી તેનું આંખોમાં અંજન કરવું એટલે વિષ ઉતરે છે. અરીઠાનું પાણી પીવાથી ઉલટી થાય છે. અફીણ આદી ઝેરી વસ્તૂ ખાવામાં આવી હોય તે માટે ઉલટી કરાવવા તેનું પાણી પાય છે. માથું દુઃખતું હોય અથવા આધાશીશ થઇ હોય ત્યારે તેના પાણીનાં બે ત્રણ ટીપાં નાકમાં નાખવાથી આરામ થાય છે. અરીઠા કેશ તથા કપડાં ધોવાના કામમાં ઘણા ઉપયોગી છે અને તે સાબુ કરતાં વધારે સ્વચ્છ બનાવે છે. તેના ફીણને કળતર ઉપર લગાડવાથી નરમ પડે છે.

અરીષ્ટ—આ એક જાતનો વૈદકીમાં દારૂ દાખલ વપરાતો પ્રવાહી પદાર્થ છે. દેશી વૈદો દવાઓને પાણી મધ અથવા ગોળીઓમાં મેળવી થોડા દિવસ રહેવા દે છે, અને તેમાં ખટાસ આવવા દે છે. ઘણું કરી ૩૨ શેર પાણી, ૧૨½ શેર ગોળ, ૬¼ શેરમધ અને દવા ¼ શેર આ પ્રમાણમાં લેવામાં આવે છે. અને પછી તેની સાથે મેળવવામાં આવે છે, અથવા ઔષધીનો ક્વાથ કરીને પાણી મેળવે છે.

અરીહંત—આ જૈન ધર્મ સ્થાપક પ્રસિદ્ધ જૈનાચાર્ય 'અર્હન્' નામથી જાણીતો થએલો છે. યુધીષ્ટીર શક ૧૪૪૪ મું વર્ષ ગત થયા પછી, ૧૪૪૫ વર્ષે તારણ નામે સંવત સરમાં બાહાર પ્રાંતનાં પાટણ શેહેરમાં જન્મ થયો એવું જૈન ગ્રંથોમાં લખ્યું છે. આદીનાથ રાજર્ષી અંતર્નિષ્ટ થઇને નગ્ન પણે પૃથ્વી પર ફરતા હતા, તે કોકણના કુટકાચળનાં અરણ્યમાં બળીને ભસમ થયા. તેમની આવી વર્તણુક જોઇ કોકણ દેશનાં રાજાએ આદીનાથની અંતર્નિષ્ટતા સંપાદન નહી કરતાં માત્ર તેમના બાહ્ય ચાર જોઇ દિક્ષા લીધી. આ વેળા વેદ ધર્મ પુર બહારમાં હોવાથી આ ધર્મપ્રસાર પામી શકયો નહિ, પણ કળીયુગ આવતાં આ ધર્મનો પ્રસાર થવા માંડયો. પ્રથમ દેહનેજ આત્માએ જોવો એવો મત સંપાદન કરનાર 'ચાર્વક' ઉત્પન્ન થયો. ત્યાર પછી કાછડી રહીત બુદ્ધ ઉત્પન્ન થયો અને તેના પછી દીગંબર તથા સ્વેતતાંબર એવા બે ભેદથી ઘણા પ્રકારના જૈન ઉત્પન્ન થયાં. આ સર્વ ધર્મ પરલોકને માનતા નથી. બૌધ ધર્મે ચાર્વકનો મત ખંડન કરી પોતાનો ધર્મ સ્થાપ્યો.

અરીહંતે જૈન ધર્મ સ્થાપન કરીને ધર્મ સંબંધી ઘણાં ગ્રંથો રચ્યાં અને જગે જગ પોતાનાં મઠ સ્થાપી તેના સારૂં રજવાડા તરફથી મઠને ઉપજ થાય એવી ગોઠવણો કરી આપી. અરીહંત ૯૦ વર્ષની વયે યુધિષ્ઠીર શક '૧૫૩૩' ના વિકારી નામના સંવંતસરમાં જેઠ વદ ૧૨ ગુરૂવારે પુષ્કર તિર્થે મરણ પામ્યા. જૈન ધર્મને સ્થાપન થવાને એ પરથી ૩૪૫૦ વર્ષ થએલાં જણાય છે.

અરૂચી (૧)—આ સ્ત્રીને 'વેન' નામના રાજાના મરણ પછી ઋષિઓએ તેના હાથનું મથન કરી તેમાંથી એને ઉત્પન્ન કરી, અને જમણા હાથમાંથી પૃથુને ઉત્પન્ન કર્યો. અરૂચી ઘણી સાધ્વી હતી. પૃથુથી એને પાંચ પુત્રો થયાં. એણે ઘણાં વર્ષો સુધી સાતેદ્વિપનું રાજ્ય ભોગવ્યું પછી પોતાના વડીલ પુત્ર 'વિજીતશ્વને' રાજ્ય આપી પતીસહ વનમાં જઇ તપથી દેહ ગાળયો.

અરૂચી (૨)—અનાજ ખાવાની ઇચ્છા થાય નહિ અથવા અનાજને દેખીને કંટાળો આવે તેને અરૂચી કહે છે. આ કાંઈ એક જૂદું દરદ નથી, ફક્ત કેટલાક દરદની નીશાની છે. અજીર્ણમાં, તાવમાં, કલેજાનાં દરદમાં, મગજનાં દરદ વગેરેની અંદર અરૂચી ઉત્પન્ન થાય છે. જે કારણને લીધે ભૂખ મંદ થાય છે, તે કારણના ઇલાજ લેવા ઘટે છે. પોતાની વૃતીને માફક આવે એવો ખાટો, તીખો, મીઠો ખોરાક, ચટણી, મસાલો, કેરી, આથણું, રાઇતું વગેરે વાપરવાથી મોઢામાં અરૂચી

આવે છે. કોઇ વખત મોઢું કડવું થઇ જાય છે, કોઈવાર મીઠો ખ્વાસ આવે છે, પિત્તને લીધે અરૂચી હોય તો દહી માફક આવે છે. જમતી વેળા આંમળીનું શરબત, ગોળ, તજ.એલચી નાખીને વાપરવું. (૨) સાકર, સુંઠ, મરી, પીપર તથા કોઠની મધ સાથે ગોળી કરી મોઢાંમાં રાખવી. અથવા વાવડીંગની ગોળી મધ સાથે મોમાં રાખવી. (૩) લીંબુનું શરબત અથવા દાડમનાં શરબતથી રૂચી થાય છે. (૪) સાકર, ખજુર, મનુકા અથવા દાડમ એમાંની કાંઇ ચીજ સીંધવા સાથે ખાધાથી મોઢામાં રૂચી વળે છે.

અરૂણ—આ કસ્યપ અને વિનતાનો પુત્ર, ને ગરૂડનો મોટો ભાઇ. એને ગુંઠણ આગળથી એ પગ નથી. બાકી સ્વરૂપે બહુ સુંદર છે. એ સૂરજનો સારથી છે. (૨) સૂર્યવંશી ઇશ્વાકુનો ૧૯ મો વંશજ એ અયોધ્યાનો રાજા હતો.

અરૂણપ્રકાશ—'ઉત્તર ધ્રૂવ તરફ મુખ્ય અરૂણ પ્રકાશ હોય છે; યાને ધ્રૂવ આગળ છ મહીના રાત અને છ મહીના દહાડો હોય છે. એવે ઠેકાણે માણસની વસ્તી વ્યવ્હાર ચલાવી શકે એ ઘણું કઠણ છે, પણ ઇશ્વરની કળા અપાર છે. છ મહીનાં રાત હોય છે ત્યારે એ મુલકોમાં જૂદી જૂદી તર્હેનું અજવાળું આકાશમાં દેખાય છે. અને તેથી માણસોનો ઘણો વ્યવ્હાર સૂર્ય વગર પણ ચાલી શકે છે. એવા અજવાળામાં ઉત્તર અરૂણ પ્રકાશ મુખ્ય છે, અને તેનું વર્ણન જાણવાજોગ છે.

'ઘણું કરીને એનો પ્રકાશ અરણ યાને સૂરજ ઉગવાની પેહેલાં જે અજવાળું દેખાય છે તેના જેવો હોય છે. અરૂણ પ્રકાશ જોબી ઈંગલંડમાં કવચિત વખતે દેખાય છે ખરો, પણ તેનો ખરો બહારતો ધ્રૂવવૃતમાંજ જોવાનો છે. દક્ષિણ ધ્રૂવ વૃત્તમાં પણ આ ચમત્કાર થાય છે, પણ તે ઘણું કરી ઉત્તરમાં જણાતો હોવાથી સાધારણ રીતે તેને ઉત્તર અરૂણપ્રકાશ એ નામથીજ ઓળખવામાં આવે છે. ઉત્તર અરૂણ પ્રકાશ જાત જાતનાં રંગ બદલી ઘણા દમામદાર દેખાવો આપે છે. કોઇ વખતે રોશનીનાં એક મધ્ય બીંદુમાંથી ચળકતા અને નાચતા કીરણોનો સમૂદાય નીકળે છે, અને ઝડપથી ઉંચે જઇ ચંદ્રનાં જેવો પ્રકાશ નાખે છે. ઘણીવાર રોશનીનું એ મોટું ધનુષ્ય દેખાય છે. અને તેની સાથે બીજા નાના ધનુષ્યો પણ ઘણાં હોય છે, આ ધનુષ્યો વેગથી એક બીજા તરફ દોડે છે અને એકાએક એખટા થઇ જઇને અજવાળાનો એક મોટો ભભૂકોજ પેદા કરે છે. તેમ કોઇ વખતે મોટું ભવ્ય તેજોમય ધનુષ્ય ધીમે ધીમે લેહેરમાં ચાલતો એકાએક ફાટીને અનેક નાના ધનુષ્યો કે અગણિત તારાઓ થઈ જાય છે. કોઇ સમે આ ધનુષ્યો મધ્યમમાં સૌથી વધારે તેજસ્વી હોય છે; અને કોઇ વેળા છેડા આંગળ તેનો ભપકો રહેલો હોય છે. અરૂણ પ્રકાશ સાધારણ રીતે સફેદ રૂપાંના રંગનો હોય છે, પણ કોઇ કોઇ વખત મેઘ ધનુષ્યનાં સુંદર તથા વિચીત્ર પ્રકારનાં રંગ પણ જોવામાં આવે છે. ઉત્તર તરફનાં અક્ષાંસમાંતો ઘણું કરીને એનો રંગ સફેદ કે કાંઇ પીળાસ પર હોય છે, પણ જ્યારે આકાશ ખુલ્લું હોય છે ત્યારે એના રંગનો ભપકો તથા વીચિત્રતા ઘણીજ જણાય છે. બાફીનનાં ઉપસાગરમાં એનો રંગ લાલ, નારંગીઓ, પીળો અને લીલો પણ હોય છે. હડસનનાં ઉપસાગરમાં પ્રકાશ એટલો બધો પડે છે કે તેનું અજવાળું છેક ચંદ્રના જેટલુંજ પડે છે. લાપલાંડ, અને સ્વિડનમાં એથી પણ એનો ઝલકારો વધારે હોય છે, અને તે ઘણું કરીને સ્થાઇજ હોય છે.

સૈબિરીયાનાં ઇશાણ ખુણામાં જેવો સુંદર દેખાવ આપે છે તેનુંતો વર્ણનંજ થઇ શકતું નથી. આકાશ જાણે સોનાનોજ ઘુમટ હોય અને તેમાં અપાર માણેક તથા નીલમ જડયાં હોય એવો બાહાર થઇ રહે છે. એ કારણને લીધે ઉત્તર તરફનાં વસનારા લોકોને અરૂણ

પ્રકાશ એ એક મોટો આશિર્વાદ છે; અને તેથી કરી તેમની ઘણી અગવડો દુર થાય છે. શેટલેંડનાં ટાપુમાં એ પ્રકાશ ઘણીવાર જણાય છે અને તેને જોઇને લોકો ઘણાં ખુશ ખુશ થઇ જાય છે. સાંજનું ઝઝખલું થવા માંડે છે ત્યારથી તે દ્દષ્ટીમર્યાદામાં દેખાવા લાગે છે; પણ પછી ધીમે ધીમે તેનો પ્રકાશ વધે છે, અને તર્હેવાર પ્રકારના રંગ તથા આકાર ધારણ કરે છે. અરૂણ પ્રકાશનો ઝરણમાંથી અપાર તારાઓ આવેલા હોય છે તે દેખાય છે અને ઘણું કરીને એ કારણથી તારાઓનું તેજ કાંઇ ઘણું ઝાંખુ પડતું હોય એમ લાગતું નથી.

પૃથ્વીથી કેટલે ઉંચે અરૂણ પ્રકાશ થાય છે તે હજી બરાબર જણાયું નથી; જુનાં શોધકો તો તે વાતાવરણની પણ પેલી તરફ થાય છે એમ માનતા હતા. પણ હાલમાં એ વાત ખોટી ઠરી ચુકી છે. એનાં દેખાવ ઉપર પૃથ્વીની ચાલુ ગતીની કાંઇ પણ અસર થતી નથી, અને તેથી એ પણ એક બીજા વાતાવરણથી ચમત્કારનાં જેવોજ આ પૃથ્વી સંબંધનો ચમત્કાર જાણવો. તે છતાં ઘણી વખત વાતા વરણમાં એ બહુ ઉંચે રહે છે એમાં કાંઇ શક નથી. કોઇ વખત પૃથ્વીની પાસે પણ આવે છે અને તે એટલે સુધી કે જાણે તેને અડે છે એમ જણાય છે; તોપણ ઓછામાં ઓછા અઢી માઇલનું ઉંચાણ તો હમેશાં હોય છે. કેટલાકો કહે છે કે આવી વખતે કોઈ નવાઇના અવાજો સંભળાય છે. કોઈ કહે છે કે એ અવાજ રેશમનાં લુગડાનાં ખખડાટનાં જેવો, કોઇ કહે છે કે આતશબાજીનાં કડાકા જેવોજ અને કોઈ તો કહે છે કે બત્તીના સામે પવન આવતો હોય ને ચચડાટ થાય તેના જેવો સંભળાય છે. એમ કહેવાય કે છેલ્લા પ્રકારનો અવાજ સાઇબિરીયામાં થાય છે, અને તે વેળા શિકારી કુતરાઓ એકદમ ભયભીત થઈ જમીનપર સુઈ જાય છે. પણ બીજા મુસાફરો આ પાછલા અવાજ વિષેનો ઇનિકાર કરે છે. જ્યાં સુધી અરૂણ પ્રકાશ કાયમ રહે છે ત્યાં સુધી લોહચુંબકની શળીયો પોતાની હમેશની દિશામાંથી પલટાઇ જાય છે. પેહેલાં તો તે ઘણું કરીને પશ્ચિમ તરફ વળેછે, અને પાછળથી પૂર્વ તરફ સુધી વલણ લે છે. આ અસર જ્યાં અરૂણ પ્રકાશ નથી દેખાતો ત્યાં સુધી પણ જઇ પોંહચે છે, તેથી આપણા ગોળાર્ધમાં લાંબે પણ અરૂણ પ્રકાશ થતો હોય તો તે લોહચુંબકની સળી ઉપરથી જણાય છે.

વીજળીનાં તારનાં સાંચા ઉપર પણ અરૂણ પ્રકાશની અસર લાગી શકે છે, અને તેમાં જે લોઢાનાં નાના ગજીયાં હોય છે તે એનાથીજ લોહચુંબક થઇ જાય છે તેથી એ સાંચો વખતે ત્રણ ત્રણ કલાક સુધી બંદ પડે છે; અને અરૂણ પ્રકાશ પોતાની મરજીમાં આવે તેમ તારના કટકાને રમાડે છે. તે બેઠા બેઠા જોયાજ કરવું પડે છે.

અરૂણ પ્રકાશનું કારણ સાધારણ રીતે એમ ધારવામાં આવે છે કે પૃથ્વિપરનાં પાણીની જે વરાળ ઉંચી જાય છે તેમાં સમવિદ્યુત ભરેલી હોય છે; અને પૃથ્વી પરની હવામાં વિષમ વિદ્યુત હોય છે. હવાનાં નીચલા થરમાં ભેળ હમેશાં થોડો ઘણો હોય છે, તેને લીધે એ એ પ્રકારની ઉલટ વીજળીઓનાં સંયોગ થાય છે, અને તે એક બીજાનું બળ ખંડન કરી નાખે છે. પણ ધ્રૂવ તરફનાં પ્રદેશમાં તો જ્યાં બરફના ઢગલાજ સદા પડી રહે છે, ત્યાં વરાળ જલદીથી ઠરી જાય છે અને તેથી તે બંન્નેના સંયોગ ત્યાં વધારે થાય છે. વળી વિષૂવવૃત તરફ વરાળ ભરેલી હવા ઉંચી ચઢી ધ્રૂવ તરફ આવવા નીકળે છે, તે ધીમે ધીમે નીચે ઉતરી ધ્રૂવની પાસેના પ્રદેશમાં પૃથ્વિને છેક લગોલગ અડે છે, તે સમયે સમ અને વિષમ વીજળીઓ એક બીજાને જોરથી ભેટી પડે છે અને તેથી અજવાળું ઉત્પન્ન થાય છે. બીજી રીતે વાતાવરણ ઉપર પ્રકાશની કાંઇ અસર નથી. ઉષ્ણતામાનાં ભેજ, કે વાતાવરણનું વાદળ એને લીધે કાંઈ કરતું નથી, તેમ અરૂણ

પ્રકાશનો પવનની સાથે કાંઈ સંબંધ નથી. ઘણું કરીને તો એનું સ્થળ આંકાશમાં એટલું ઉચું છે કે વાયૂ માપક યંત્ર ઉપર તેની કાંઇ પણ અસર થઇ શકતી નથી.

અરૂંધતી—આ સ્ત્રી વષીષ્ટ ઋષિની પત્ની હતી. વષીષ્ટ ઋષિ રામ અને તેના પૂર્વજોનો રાજગુરૂ હતો. વષીષ્ટે અરૂંધતીને વેદ, ન્યાય, નીતિશાસ્ત્ર અને આધ્યાત્મજ્ઞાન વગેરે શિખવી જ્ઞાનવંતી બનાવી હતી, આ ઋષિ પત્નીએ વેદ ઉપર ભાષ્ય કર્યું હતું. પ્રથમ એ સંસાર વ્યવહારમાં પડી હતી પણ પાછલથી ધર્મ વૈરાગ્યથી પોતાના ભર્થાર સાથે હિમાલય પર જઇ તપશ્ચર્યા કરી બાકીની જીંદગી ગાળી હતી. એનો પુત્ર શકિત નામે વીદવાન હતો.

અરૂમ—(જુઓ અરેંજહી.)

અરેંઘો—ઇરાનવેજમાં આવેલા ઝેરધ પહાડની પડોસમાં આવેલો આ એક પહાડ છે. આ પહાડ પર ફળ ફળાદીનાં ઘણા વૃક્ષો ઉગે છે. એજ પાહાડ પર પાદશાહ મિનોચહેરનો જન્મ થયો હતો.

અરેંજહી—જરથોસ્તી ધર્મ ફીલસુફી પ્રમાંણે આ આપણી પૃથ્વીનાં સાત ખંડોમાંના પશ્ચિમ તરફનાં એક ખંડનું નામ છે. આ ખંડ અવસ્તા જમાનામાં પ્રસિદ્ધ હતો.

અરેજૂર—જરથોસ્તી એતેકાદ પ્રમાંણે આ પાહાડ દોજખનાં દરવાજા પાસેનાં એક પાહાડની ટોંચનું નામ છે. આં પાહાડ ઉપર દોજખી દેવોનું રેહેઠાણ છે અને ખંદકોમાં દુરગંધી તથા ગલીચી સદા રહે છે, તેથી એ પાહાડને દોજખનો પાહાડ પણ કહે છે. એ પહાડ રૂમી શેહેનશાહતના પૂર્વનાં રૂમિઆના ને રૂમીલીઆની બાજુમાં છે.

અરેનજયઝ—સ્પેનમાં મેડ્રીટનાં પ્રાંતમાં આવેલું આ એક શેહેર છે. અને તે મેડ્રીટના શેહેરથી ૨૮ માઇલ પર આંવેલું છે. ઇતિહાસમાં આ શેહેર પ્રસિદ્ધતા પામ્યું છે. આ શેહેરની વસ્તી મર્કીથી તદન નાશ પામી છે તથા ઈ. સ. ૧૮૮૪ માં ફેલાયલી મર્કીથી સદનતર લય પામ્યું હતું. હાલમાં વસ્તી ૫૦૦૦ માણસોની છે.

અરેબીયન નાઇટસ—'આ જગપ્રસિદ્ધ ગ્રંથનો તરજુમો દુન્યાની દરેક ભાષાઓમાં થએલો છે. અરેબીકમાં આ પુસ્તક ' અલેફ્ લયલા ' ના નામથી જાણીતું છે.

" બીજી ભાષાઓમાં આ પુસ્તક ૧૦૦૧ નામની વાર્તાનાં નામે જાણીતું છે, પણ સાધારણ રીતે અરેબીયન નાઇટસ દાખલ જગપ્રસિદ્ધ છે. યુરોપમાં પહેલ વેહલાં એન્ટોઇન ગેલેન્ડ નામના એક ફ્રેંચે ઇ. સ. ૧૭૦૪ થી ૧૨ સુધી બાર પુસ્તકોમાં પ્રસિદ્ધ કરી જાહેરમાં આણ્યું હતું. આ અરેબીક તર્જૂમો, કે જે વાર્તાઓ અરબસ્તાનમાં ઉત્પન્ન થવા ઉપરાંત ત્યાં તે હજી પણ પ્રસરેલી છે. મજકૂર ગેલેન્ડનાં જેવુંજ મત સાધારણ રીતે યૂરોપ્યન અને આપણા દેશીઓ ધરાવે છે. પણ કેટલાક યૂરોપ્યન વિદવાનોએ કીધેલી શોધખોળપરથી જણાયછે કે, અરેબ્યન નાઇટસની ઉત્પન્તી અરબસ્તાનમાં નહિ પણ ઇરાનમાં થઇ હતી. ૧૮૨૭ ના જનરલ એશિયાટીક ચોપાન્યાનાં ૨૫૩ માં પાનામાં વોન હેમ્મર નામના એક વિદવાને ધ્યાન ખેચ્યું હતું કે હઝાર અફશાન (૧૦૦૦ વાર્તાઓ) નામના એક ફારસી પુસ્તકનો જે તર્જુમો મસુદીએ અરેબીકમાં કીધો હતો, તેમાંની કેટલીએક વાર્તાઓ તેને મલતી આવે છે. મુષ્યાકરી શાહાજાદી શાહેરજાદ અને તેની દાસી દીનાઝાદ એ બન્ને પુસ્તકોમાં જે ભાગ બજાવે છે તે લગભગ સરખો છે. વળી વોનહેમ્મરે દાખલા દલીલોથી બતાવ્યું છે કે અરેબીયન નૈટસની ઉત્પન્તી અરબસ્તાનમાં થઇ નથી. એ મત સામે ૧૮૩૮ માં 'ડીસાસી' એ વાંધો લઈ જણાવ્યું કે અરેબીયન નેટસ ખરેખરી છે. એના જવાબમાં વોનહેમ્મરે ઇ. સ. ૯૮૭ માં લખયલા 'ફીહરિસ્સા' પુસ્તકમાંથી એક ફકરો ૧૮૩૯ નાં જનરલ એશિયાટીકના ૧૭૫ માં પાનામાં ટાંકી બતાવી પોતાનું મત ખરહતું

એમ જણાવ્યું છે. આ ફકરાની મતલબ નીચે પ્રમાણે છેઃ—

વાર્તાઓ જોડી કાઢી તેના પુસ્તકો લખવામાં અસલી ઇરાનીઓ પેહલા હતા. તેમાની કેટલીક વાર્તાઓ તેઓ જાણે જાનવરો બોલતાં હોય તેવી ઢપે લખતા. ઇરાનીઓનાં અશકાનીયાન વખતના પાદશાહો અને ત્યાર પછી સાસાન્યાન પાદશાહો એવી વાર્તાઓના ઘણા શોખીન હતાઃ તેથી એવી વાર્તાઓ જોડતા અને જોડાવતા, જેનો તર્જૂમો યા તેને મળતી આવતી વાર્તાઓ પાછળથી અરબ લોકો લખતા હતા.

"પારસી પાદશાહોના વખતમાં સઘળા રચાયલા પુસ્તકોમાં 'હઝાર અફશાન' યાને એક હજાર વાર્તઓ એક હતું. આ વાર્તાઓનું મૂળ એ પ્રમાણે છે કે "એક ચોકસ ઈરાની પાદશાહને પોતાની પરણેતરના બેવફાઇને લીધે ઓરત જાત વિશે ઘણો હલકો વિચાર બેઠો, અને તેથી તેણે દરરોજ અકેક બાયડી પરણી બીજે દીને સહવારના તેણીને કતલ કરવાનો રેવાજ પાડયો. એ પ્રમાણે ઘણાં વખત સુધી ચાલ્યા કીધું પણ આખરે, શેહેરીયાર જાદી નામની હુસ્યાર શાહાજાદી સાથે પરણ્યો જેણીએ લગનની આખી રાત એક વાત કહેવામાં ગુજારી પરોઢીયું પડતાં તે વાત ઘણી રસપર ચઢી. હમેશનાં રેવાજ પ્રમાણે કતલ કરવાનો વખત આવી પુગો. પણ પાદશાહ તે વાતનો છેડો શું આવશે તે જાણવા ઘણો અધીરો થયો. તેણે તે દીવસે પોતાની પરણેતરનો પ્રાણ બચાવ્યો. બીજી રાતે પણ તેમજ થયું એ રીતે એક હજાર રાતો પસાર થઇ, તે દરમ્યાનમાં શેહેરીયારજાદીને એક બાળક અવતર્યું. ત્યાર પછી તેણી એ ઓરત જાત વિશે શાહાનો ધીક્કાર કેટલો ભુલભરેલો હતો તે દેખાડવા આ યુક્તિ રચી હતી, કરી જનાવ્યું. પાદશાહે તેણીની અક્કલ અને હિમ્મતપર આફ્રીન કરી તેણીને ખરા પ્યારથી ચાહવા લાગો અને તેણીની જીંદગી બચાવી. શેહેરીયાર જાદીએ રચેલી યૂકિતમાં પાદશાહના મેહેલનો કારભારણ દીનાઝાદે (દીનારજાદી) ઘણી મદદ કરી હતી. ત્યાર પછી આ વાર્તાનો સંગ્રહ કરી પાદશાહ બહમનની બેટી શાહાજાદી હોમાય માટે લખવામાં આવી હતી. ...... એમાં સઘળી મળી આસરે ૨૩૬ વાર્તાઓનો સમાવેશ કીધેલો છે, જેમાંથી અકેક વાર્તા ઘણીવાર કેટલીક રાતો સુધી 'ચાલતી હતી.' પણ એ પ્રમાણે જોતાં તે લાંબા વખતે પુરી થવી જોઇએ પણ તેને કાપકુપ કરી અસલી ૧૦૦૧ રાતોમાં આટલીજ વાર્તાઓ પુરી થઇ હતી એમ ઠોકી બેસાડેલી છે. ખરૂં જોતાં અરેબીયન નૈટસમાં દાખલ થએલી વાર્તાઓ ૧૦૦૧ રાતોમાંની માત્ર ૨૩૬ રાતોનીજ છે અને બાકીની ૫૭૬ રાતોની વાર્તાઓ તેમાં દાખલ થવા પામી નથી. આ બાકીના રાતોની વાર્તાઓ નૈટસમાં દાખલ થએલી રહી ગયલી છે એમ જણાવી, ગઇ સદીની આખેરીમાં ફ્રાન્સ અને ઇંગ્લાંડમાં નવીજ આરબ વાર્તાઓએ દેખાવ દીધો હતો. આ દેખાવ દેનાર પુસ્તકોમાનું એક ૧૭૯૨ માં ઈંગ્રેજી ભાષામાં એડીનબરો શેહેરમાં છપાઇ પ્રગટ થયું હતું. આ ગ્રંથ ચાર દફતરોમાં સંપૂર્ણ કર્યું હતું અને તેનો તર્જુમો કરનાર રૉબર્ટ હેરણે તેને Arabian Tales, or a continuation of the Arabian Night's Entertainments નામ આપી પ્રગટ કર્યું હતું. એની આગમજ પેહેલાં ૧૭૮૮ માં ફ્રેંચ ભાષામાં એજ પુસ્તક પ્રગટ થયું હતું તેનું બીજાઓએ અનૂકરણ કર્યું હતું. હવે એવી અરેબીયન નૈટસમાં નહિ દાખલ થએલી વાર્તાઓનો સંગ્રહ જૂદા જૂદા લેખકોએ કરી તેને અરેબીયન ટેલ્સના નામે પ્રગટ કર્યું હતું. તે ઉપરથી ગુજરાતી ભાષામાં પણ તર્જુમાં થએલા છે. પણ આ સર્વ વાર્તાઓનું પેહેલું મૂળ ઇરાની વાર્તાઓ ઉપરથી છે.

અરેલીયા—એ ઝાડને કાગળનાં ઝાડ પણ કહે છે, કારણ કે એ ઝાડનાં લાકડામાંથી માવો કાઢી ચીનમાં તેના કાગળો બનાવવામાં આવે છે. એ ઝાડને ચીન દેશમાં રોપવામાં

આવે છે. એ ઝાડ ઘણુંજ સુંદર હોય છે અને તે ૯ થી ૧૦ ફીટ ઉંચા વધે છે. તેના પાદડાં નકસીદાર છુટાં છુટાં હોય છે. એ ઝાડ રેતાળ છાયડાંવાલી જગ્યામાં ઉગી શકે છે. એની ઉપર ફુટેલી ફાંદીઓ રોપ્યાથી બીજા ઝાડ ઉત્પન્ન થાય છે. એને રોપ્યા પછી એનીપર ત્રણ ત્રણ દિવસે પાણી સીપવું પડે છે.

અરોઇ—લાલ સમુદ્રમાં એ નામના બેટો આવેલાં છે. મોરક્કોની ઉત્તર પશ્ચિમે ૩૦૦ માઇલ ઉપર છે.

અરોલસીન—આ શેહેર પશ્ચિમ જર્મનીમાં આવેલું છે. વસ્તી ૩૦૦૦ છે. અહીં એક બુલંદ કિલ્લો બાંધેલો છે. આ શેહેર શાહાજાદાનું મથક છે, જ્યાં મોટા પુસ્તકાલયો અને ઉનનાં મોટાં કારખાનાઓ આવેલાં છે.

અલઅરીમ—આ તલાવ અરબસ્થાનમાં બાંધવામાં આવ્યો હતો. ઇ. સનની પેહેલી યા ૩ જી સદીમાં તેનો નાશ થએલો માલમ પડે છે. કોરાનમાં તેના નાશ માટે લખેલું છે જેને ' સલે અલ અરીમ' કહેછે.

અલઅશહારી—અબુલ હસન ઇબ્ને ઇસમાયલ. એણે અશહારી પંથની પ્રથમ સ્થાપના કરી. આ પંથ સવરે ફેલાયો હતો. એના કાયદાકાનુંન ઘણા ઉત્તમ પ્રકારના હતા. આ પંથ સ્થાપકનો જનમ ઈ. સ. ૮૯૦ માં થયો હતો. મરણ ૯૩૫ માં નીપજ્યું.

અલઆશઉઆદ—હજરત મહમદના ત્રણ હરીફ પેગંબરોમાંનો આ એક. આ શખસ ચાલાક બુદ્ધીવાલો હતો. કુદરતેજ તેને મન ફેરવી નાંખવાની જબાંદરાજી બક્ષી હતી. એ પેહેલાં મૂર્તિપુજક હતો પછી ઇસલામી ધર્મમાં દાખલ થયો. પણ તે ધર્મ પાછો તજી તેણે પોતાનો એક નવો ધર્મ સ્થાપ્યો હતો એમ પોતાના ધર્મ સંબંધી વિચારો ફેરવ્યાથી એને ' એઇલ હાલા (પવનચક્કી)ના નામથી ઓળખાતા હતા.

હજરત મોહમદ સાથે સરોબરીયો ગણાવા માટે તેણે પોતાને આકાશ તરફથી બે ફરેસ્તાઓની મારફતે ઇશ્વરી ફરમાનો મલવાનો દાવો કીધો હતો. તે પોતાની જાતી ચાલાકી, હાથ ચાલાકી અને ભૂલથાપ આપનારી મન શકિતના બળથી ટોળાબંધ લોકોને ગુચવણમાં નાખી અજબ કરી પોતાની યુકિતઓથી કરેલા ખેલોને મોજેજા બનેલા તરીકે કબુલ રખાવતો હતો. એવી કળાથી તે પોતાની ધારણામાં ચોકસ હદ સુધી ફાવ્યો હતો. એ ઉપરથી તે વખતે આરબોની ધર્મ સંબંધી બેફીનદારી ડામાડોળ હતી એવું સિદ્ધ થાય છે.

અરેબી ફીકશ'નો હાકેમ 'ઇરાની બુદહાન' જે મહમદના તાબે થયો હતો તેના મોતનો લાભ લઇ પોતાનાં પંથને ઘણો મજબુત બનાવી તે હાકેમના બેટાને કતલ કરી તેની વિધવા સ્ત્રી સાથે પરણી ત્યાંની રાજ્ય સત્તા પોતાને હાથ કીધી, વળી નાજરાનનાં લોકોએ પોતાનું શેહેર તેના હસ્તક આપ્યું અને યમનની રાજ્યધાની 'સનાઆ' તેને તાબે થયું. એ પ્રમાણે ટુંક વખતમાં આખું અરબસ્થાન ફીલીકસની રાજસત્તાને તાબે થયું. એ ખબર મહમદને થઇ તે વખતે સિરીયા ઉપર ચઢી જવાની ભારે તઇઆરી કરવામાં જબરો રોકાયલો હતો. તેવા ઝડપથી ચાલતા કામમાં એવી અડચણો નડવાથી મહમદે ખુબ અધીરો બની, એકલા અલઆશઉઆદનો જીવ લેવાનું કાવત્રું રચ્યું. એ કામ તેણે પોતાના બે મલતીઆ 'રાઇસ અને ફીરૂઝ' ને સોંપ્યું. તેઓ મધરાતના તેના મેહેલમાં દાખલ થઇ તેનું ડોકું કાપી નાખ્યું. એવી રીતે મહમદે તેનો ફેજ આણી તેના રાજ્યમાં પોતાનો ધર્મ ફેલાવ્યો.

અલઇગર—આ બ્રિટીશ જીલ્લો નૅાર્થવેસ્ટ પ્રૅાવ્હીન્સના લેફ્ટનન્ટ ગવહરનરના તાબામાં છે. એની ઉત્તરે બુલંદ શિહૂર, પૂર્વે બુદાને અને માંઇનપૂર, દક્ષીણે માઇનપૂર અને મથુરા, પશ્ચિમે મથુરા અને ગુરગાન છે. ક્ષેત્રફળ ૨૧૪૯ ચોરસ માઇલ છે. અહીં તલ, ગહું, બાજરી અને કડોળનો મોટો પાક થાય છે. મુખ્ય વેપારીમાલ-ગુળી, કપાસ, તમાખુ, અને ખાંડ છે. ૧૮૫૭ નાં સાલની ગણત્રી મુજબ અહીંની લોક વસ્તી ૧,૧૩૪,૫૬૫ ની હતી.

ગઇ. સદીની શરૂઆતમાં આ શેહેર ફ્રેન્ચોનું મુખ્ય મથક હતું અને અહીં 'પીરોની' નામનો ફ્રેન્ચ સરદાર રેહેતો હતો. ૧૮૦૩ માં થએલી દિલ્લીની લઢાઇ વેળા આ શેહેર 'બ્રીટીશોના હાથમાં આવ્યું.

અલઓમર—ગ્રેનેડાના આ પેહેલા મુરીશ. પાદશાહનો જનમ ઇ. સ. ૧૧૯૫ માં થયો. આ પાદશાહે વિદ્યા હૂન્નરને પોતાના વખતમાં સારો આશ્રય આપ્યો હતો. એણેજ ગ્રેનેડાને હૂન્નરમંદીથી સણગાર્યું હતું. અલહમબ્રાનો મેહેલ આજ પાદશાહે બાંધ્યો હતો. એના વંશજોએ બે સદી સુધી રાજ્યપદ ભોગવ્યા પછી ઈ. સ. ૧૪૯૨ માં ઇસાબેલા અને ફરેડીનાડે રાજ્ય જીતી લીધું.

અલકનન્દા—આ મોટી નદીનો ઉગમ હીમાલય પર્વતમાંથી ઉત્તર અંક્ષાસ અને પૂર્વ ૭૯ અને ૮૦ એની વચમાં થાય છે. આ નદીમાં બે ઉગમ છે. એક અલકનન્દા અને બીજી ગંગા. પૂર્વ તરફનો પ્રવાહ અલકનન્દા અને પશ્ચિમ તરફનો પ્રવાહ ગંગાના પ્રસિદ્ધ નામે જાણીતો છે. અલકનન્દાનો પ્રવાહ મોટો છે પણ તેનું માહાત્મ હિંદુઓમાં કાંઇજ નહિ હોવાથી તે જાણીતી નથી. આ નદીની લંબાઇ ઉગમથી મુખ સુધીની ૧૫૦૦ માઇલની છે. તે છેલે સમુદ્રને જઇ મળે છે.

અલકછંદ—આંઠ આંઠ માત્રાની બે યતીઓને અંતે બે લઘુ હોય તે.

અલકયુઅર ચાર્લસ—જેન, મૅારી એરન. આ ફ્રેન્ચ એલચીનો જનમ ઇ. સ. ૧૭૫૨ માં થયો. ફ્રેન્ચ રાજ્યની ઉથળપાથળ વેળા એણે મુખ્ય ભાગ બજાવ્યો હતો. ત્યાર બાદ ૧૭૯૮ માં એણે એખલાએજ રાજ્યદુતનું કામ બજાવ્યું હતું. ત્યાર બાદ જાણીતા મીશનો સાથે બવેરિયા, નેપલ્સ, રોમ, સ્ટૅાક હોલ્મ અને કોપનહેગનમાં જઇ રહ્યો હતો. મરણ ઇ. સ. ૧૮૨૬ માં ૪ થી ફેબ્રુવારીએ નીપજ્યું.

અલકાપુરી—એ કુબેરની નગરી હતી. જ્યાં દ્રવ્યની કશી મના નહોતી. લંકામાંથી કુબેરને રાવણે હાંકી મુકયા પછી કુબેરે પોતાને માટે આ નગરી વસાવી હતી.

અલંકાર—સૂરને સીંગાર આપવામાં આવે છે તે. અલંકાર રાગ અથવા રાગણીનો મીઠાસ વધારે છે. અલંકારનો અવાજ કાઢવાની રીત એ છે કે, એક ગ્રામનું સૂર બીજા કોઇબી ગ્રામના સૂર સાથે ભેળાય અને એકએકની પાસે પાસે આવી અવાજ કરે તે અલંકાર, જેમ કે એક સપતકનું સૂર બે વખત અવાજ કરે અથવા એક સપતકનું કોઇ બી સૂર બીજા સપતક સાથે અવાજ કાઢે, અથવા એક સપતકનાં ત્રણ અથવા પાંચ સૂરો ભેગાં અવાજ કરે, અથવા એક અને બીજા સપતકનાં સૂરો ત્રણ અથવા પાંચ એકઠાં થઇને અવાજ કાઢે તે અલંકા '૬૩' છે.

(૧) સાસારીગગ, રીરીગમમ, ગગમપપ, મમપધધ, પપધનીની.

(૨) સારીગમપ, રીગમપધ, ગમપધની. મપધનીસા.

(૩) સાસા રીરી ગગ મમ પપ ધધ નીની.

(૪) સારીગ રીગમ ગમપ મપધ પધની ધનીસા.

સારી સારીગ, રીગ રીગમ, ગમ ગમપ, મપ મપધ, પધ પધની, ધની ધનીસા, નીસા નીસા સા.

અલકાહિરા—કેરો શેહેરનું બીજું નામ. પુરાતમ વખતમાં એજ નામે જાણતું હતું.

અલકુજા—આ દેશી વાજીંત્ર અલગુંજા જેવું દક્ષિણ હિંદમાં ઘણું જાણીતું છે.

અલકુલ—'એન્તીમની' નામની ધાતૂમાંથી આ મેલવણી બનાવવામાં આવે છે. એ મેલવણી પૂર્વ તરફના દેશોની સ્ત્રીઓ (મુખ્ય કરી એશિયામાં મોહમેદન સ્ત્રીઓ) પોતાની આંખના પોપચાં અને પાપણ કાલાં કરવા થકી વાપરે છે.

અલખબુલાખી—આ કવિ અમદાવાદનો સાઠોદરો નાગર બ્રાહ્મણ હતો. એણે કોઇ ગુલાબ ભારતી નામના ગોસાંઇનો ઉપદેશ

મલવાથી એ વેદાન્ત થયો હતો. એ અમદાવાદ શેહેર બાહાર એક જગા બાંધી તેમાં રેહેતો હતો. એને ગાંજો પીવાનું વ્યસન હતું. ઘણાએક એના શિષ્યો થયા હતા જેમાં હાલ ૨૦૦ ને આસરે છે. તેઓ અલખબુલાખીને મોટા પુરૂષનો અવતાર માને છે. તેઓ એના રચેલા કિર્તનો ઠામેઠામ ગાય છે. પદ, ગરબી, ઘોળ, વગેરે કવિતા એને રચી છે. એ ઇ. સ. ૧૮૩૯ માં હઇઆત હતો.

અલખીનડી—આ અરબ હકીમ વિદ્વાનનો જનમ બસરા ખાતે ૮મી સદીમાં થયો હતો. એનું મરણુ નવમી સદીમાં નીપજ્યું હતું. બીજા તવારીખનવેશોનું મત એમ છે કે તે ૧૨ મી સદીની અધવચે થયો હતો. ત્યારે બીજાઓ ૧૩ મી સદીમાં મુકે છે. અમરૂલ ખાસ' ના ખાનદાનથી તે ઉતરેલો હતો, તેથી એનું નામ અલખીન્ડી પડયું. એણે જૂદા જૂદા પૂસ્તકો ન્યાય શાસ્ત્ર, ભૂમીતી, ગાયણુશાસ્ત્ર, ગણીત શાસ્ત્ર, ખગોળવિદ્યા, વૈદશાસ્ત્ર, વગેરે બાબદો ઉપર રચ્યાં હતા. એના હકીમીનાં ગ્રંથમાં જણાવેલી દવાએ તથા ગાયણુ વિદ્યાના કાયદા ઘણી પ્રસિદ્ધતા પામ્યા છે. એનો તવારીખ બાએનો અમૂલ્ય ગ્રંથ બગદાદ જ્યારે તૂર્કોએ લીધું ત્યારે ગુમ થયો હતો. એના ઘણાએક પુસ્તકોના તર્જુમાં લાટીન ભાષામાં પારીસ, સ્ટાર્સબર્ગ અને વેનીસમાં પ્રગટ થયાં છે. દુન્યાના ૧૨ વિદ્વાનોમાંનો એ પણુ એક ગણાય છે.

અલગીજાલ અબુ અહમદ મોહમદ—આ પ્રસિદ્ધ વિદ્વાનનો જનમ તૂસ શેહેરમાં ઈ. સ. ૧૦૫૮ માં થયો. એનો પિતા રેસમનો વેપારી હતો. જ્યારે એ નાહાનો હતો, ત્યારે એનો પિતા મરણુ પામ્યો. એણે પોતાનો અભ્યાસ બગદાદ ખાતે કર્યો હતો. એણે અર્થવિદ્યામાં સારૂં જ્ઞાન મેળવ્યું હતું. તે પછી પોતાની જીંદગી મક્કામાં જઇ શાંત રીતે ગુજરવા થકી જઇ રેહો હતો. એણે મહમદીઆન ધર્મના પુસ્તકો સ્વરશાસ્ત્રની મદદથી ઘણી સરસ રીતે લખ્યાં હતા. એણે પોતાની મુસાફરી જેરૂસલમ અલેકઝાંન્ડ્રીયા અને કેરોમાં કરી હતી. મુસાફરીથી એ બગદાદ પાછો ફરતો હતો તેટલાં નિશાપૂરની પાઠશાળામાં ઇશ્વરી જ્ઞાનશાસ્ત્રીના ઓધા ઉપર એની નેમણુક થઇ હતી. એ સુફી પંથનો ચુસ્ત હીમાયતી હતો અને તેજ રૂઢીના એના વિચારો એના દરેક ગ્રંથોમાં મળી આવે છે. એનું મરણુ ઇ. સ. ૧૧૧૧ માં બગદાદ ખાતે નીપજ્યું હતું.

અલજાકબ—આ ધાતૂ શોધકનો જનમ ઇ. સ. ૧૭૭૩ માં દક્ષિણુ નૉર્વેના પોર્સલેંડમાં થયો. એણે ડેનમાર્ક અને કોપનહેગનની યૂનિવ્હરસીટીમાં અભ્યાસ કર્યો હતો. એને કુદ્રતી વિદ્યાનો ઘણો શોખ હતો તેથી એણે ખનીજ પદાર્થ જ્ઞાનમાં સારી માહીતી મેળવી હતી. અને જર્મની અને સ્વીટઝરલેંડમાં પોતાનો અભ્યાસ આગળ વધાર્યો હતો, અને ત્યાંથી પાછું ફરતાં એણે લોઢાનું સાચાકામ પોતાને વતન અર્નેડલમાં દાખલ કીધું. મરણુ ઇ. સ. ૧૮૪૪ માં ૪ થી આગસ્ટે નીપજ્યું.

અલજુબારૂટા—આ શેહેર પોર્ટુગલને લગતું ઇસ્ટર્ન માહુરાના પ્રાંતમાં આવેલું છે. આ ગામ પાહાડ ઉપર વસેલું છે. ડીસ્ટ્રીક્ટ કલેરાથી ૧૫ માઇલ દક્ષિણુ પશ્ચિમે છે. પોર્ટુગલના પેહેલા જૉને ઇ. સ. ૧૩૮૫ ની ૧૪ આગસ્ટે, કાસ્ટી પર ચઢાઇ કરી જીત મેળવી હતી, તેમાં ૧૨૦૦૦ કાસ્ટીલીયનોને મારી નાખ્યા હતા.

અલ્તમસ—ગુલામ વંશનો આ ત્રીજો પાદશાહ આરામને પદભ્રષ્ટ કરી ઇ. સ. ૧૨૧૧ માં ગાદીનશીન થયો. અલ્તમસ, કુતબુદીન શાહનો ગુલામ હતો પણુ પાછળથી પોતાની અક્કલ હુશીયારીથી શાહનો જમાઇ થયો. ઇ. સ. ૧૨૧૭ માં મોગલોનો સરદાર જેંઘીસખાન ચઢાઈ કરતો હિંદુસ્થાનના ઘાટો ઓલંગી માહે આવ્યો, પણુ સિંધુ નદીને લીધે તેને પાછું ફરવું પડયું. અલ્તમસે ઇ.સ. ૧૨૩૬ સુધીમાં બંગાલ તથા સિંધુ

મુસલમાન સુબાઓ પાસથી જીતી લીધા અને ઉજ્જન, ગવાલીયર તથા કેટલાક રજ-પૂત રાજ્યો સ્વતંત્ર હતા તેમને વશ કર્યા. પાદશાહનું મરણ ઇ. સ. ૧૨૩૬ માં નીપજ્યું. ગુલામ વંશમાં એ સૌથી શ્રેષ્ટ રાજા ગણાયો છે.

અલ્નવીક—આ શેહેર નૉર્થંબરલેંડને લગતું છે. અહીં ડયુક ઑવ નૉર્થમબરલેંડનો એક ગઢ છે. તેમજ ઇંગ્લાંડમાં આગળા ઉમરાવોમાનું બાકી રહેલું આગલું નમુનેદાર મથક દાખલ જાણીતું છે. વચલા જમાનામાં ઇંગ્લાંડપર જ્યારે સ્કૅાટલંડે ચઢાઇ કરી હતી ત્યારે આ કિલ્લો રક્ષણ અર્થે ઘણો કામ લાગો હતો. ઇંગલીશોએ સ્કૉટીશોનો પરાજ્ય ઇ. સ. ૧૧૭૪ માં કર્યો. હાલમાં પણ એનો મોટો ભાગ સલામત છે. આ કિલ્લો હૉટસપરે બાંધ્યો હતો. અહીંની વસ્તી ૧૮૮૧ માં ૬૬૯૧ ની હતી.

અલપ્તગીન—ગીજની વંશનો આ મૂળ પુરૂષ. સામાની વંશના પાચમાં રાજા અબુલમલેકની દરબારમાં ખેલાડી હતો. અલપ્તગીન અબદુલ મલેકનો એક માનીતો ગુલામ હતો. તે વખતે ગુલામોને ખાસ ભરોસાના કામો સોંપવામાં આવતા તેમાં વળી અલપ્તગીન, સાચ્ચો, શૂરો તથા શાણો હોવાથી એ એક વખત કારભારમાં પડયા પછી એની ચઢતી થતાં, કાળે કરીને ખુરાસાનની સુબેદારી એને મળી. પણ ઇ. સ. ૯૬૧ માં અબ્દુલ મલેકના મરણથી તેના કુટુંબમાંથી કોણને ગાદી ઉપર બેસાડવો એનો વિચાર પડયો. દરબારના બીજા ઉમરાવ લોકોએ મનસૂરની ધારણા કરી હતી પણ અલપ્તગીનને પુછવા જતાં તેણે મનસૂરની વીરૂધ પોતાનો અભિપ્રાય આપ્યો. તેને લીધે મનસૂરની ઇતરાજી થઈ ને તેણે ગાદીએ આવતાં અલપ્તગીનને સુબાના ઓધા ઉપરથી દુર કર્યો. પછી અલપ્તગીનને કેદ કરવા વિશે તથા તક મળે તો મારી નાખવાના શત્રૂએ ઘણા ઈલાજ લીધાં, પણ અલપ્તગીન લઢાઇના કામમાં ઘણો ચતૂર તેથી મોટી ચતૂરાઇથી પોતાના શત્રૂઓમાંથી છુટીને પોતાની થોડીક વિશવાસૂ ફોજ હતી તે સાથે લઇને નીકળયો, અને સુલેમાન પર્વતને મધ્ય ભાગે ગજનીમાં આવ્યો અને ત્યાં પોતાને કોઈની બીક નથી એવું જોઈ તે ત્યાંજ રહ્યો. પછી અલપ્તગીનની જગ્યાપર બીજો સુબો નેમાયો. તેના હૂકમમાં બલ્ખ, હીરાત, સિસ્તાન એ પ્રાંતો સુધાં સપાટ દેશ એટલો માત્ર રહ્યો, પણ એ દેશની અને સિન્ધુ નદીની વચેનો કઠણ પ્રાંત સામાની રાજાના હાથમાં આવ્યો નહિ અને તેમણે જે હલ્લા કર્યા તે સર્વ પાછા હટાવ્યા. એ બધો મૂલક અલપ્તગીનનાં તાબામાં નહોતો તથાપી એને સ્વતંત્ર થવાને એ બધાં પ્રાંતોમાંના લોકોની મદદ હતી. જ્યારે અલપ્તગીન ગીજનીમાં નાહાશી આવ્યો ત્યારે એની સાથે ૩૦૦૦ કવાયદ શિખેલા મમુલક (ગુલામો) હતા, એ લોકો એના જેવાજ મૂળના તૂર્ક ગુલાંમ હતા. પેહેલાં એ સુબેદાર હતો ત્યારે જે લોકોએ એના હાથ નીચે ચાકરી કરી હતી, તેમાંના પણ લોકો વારે વારે એની પાસે આવીને રહ્યા. પણ જે દેશમાં એ આવી રહ્યો ત્યાંનીજ એણે બધી ફોજ રાખી હતી, કારણ કે તે પ્રાંતમાં જ્યાં ખેતીવાડી થતી હતી, ત્યાંના લોકો પણ લઢવૈયા હતા, બીજા પાહાડી અફઘાન લોકો પણ એના તાબામાંના હતા, તથા કેટલાક પગારને લોભે એને મળી શકે તેવા હતા. એવું છતાં અલપ્તગીને પોતાનો મુલક વધારવાનો ઉદ્યોગ કર્યો નહિ અને સ્વતંત્ર થયા પછી ૧૪ વર્ષે ઇ. સ. ૯૭૬ માં તે મરણ પામ્યો. અલપ્તગીન શૂરો પણ સંતોષી ને વિદ્વાન હતો.

અલપુચાર રાસ—સ્પેનના દક્ષિણમાં આવેલો આ પાહાડી મુલક એન્ડાલ્યૂસિયામાંના પ્રાંતમાં આવેલો છે. એના ઉંચામાં ઉંચા પર્વતોની ટોંચ ૭૦૦૦ ફીટ ઉંચી છે. આ મુલકની ખીણો આખા સ્પેનમાં ઘણી ફળદ્રુપ ગણાય છે.

અલફતેહા—કોરાનના પ્રથમ ભાગને અલફ્તેહાના એલકાબથી ઓળખવામાં આવે છે.

અલફારિયાબી—આ આરબ ફીલસુફ દસમી સદીમાં થઇ ગયો છે. એણે પોતાનો અભ્યાસ બગદાદમાં કર્યો હતો. ત્યાર પછી દુન્યાના ઘણા ખરા ભાગોમાં એણે મુસાફરી કરી દમાસ્કસમાં ગયો, જ્યાં ખલીફ આબાસે ઘણા માનથી પોતાની દરબારમાં રાખી એને પેનશન આપતું કર્યું હતું. એણે ચાલુ મેહેનત પછી સર્વ વિદ્યાસંગ્રહ નામનું એક મોટું પુસ્તક રચ્યું તેમાં હૂનર અને વિદ્યા વિશેની શોધખોળની બાબદોનો મોટો સમાવેશ કર્યો હતો. મરણ ઇ. સ. ૯૫૦ માં નીપજ્યું.

અલફીરિ વિકટોરિયા—આ કવીનો જનમ ઇ. સ. ૧૭૪૮ માં થયો. એણે ઘણાંજ અસરકારક નાટકો લખી ઇટલીમાં મોટું માન મેળવ્યું હતું. ૧૭૮૫ માં એણે પેહલો કરૂણારસીક નાટક લખ્યો હતો. સૌથી કરૂણારસીક નાટકોમાં Saul અને Filippo વખણાયલા છે. બીજા નાટકો ગ્રીક અને રોમન વિષયોના છે. એનું મોત આપઘાતથી ઇ. સ. ૧૮૦૩ માં ફ્લૉરેન્સ ખાતે નીપજ્યું.

અલબતગીન—આ આરબ રાજકુંવર અને ખગોળ વેત્તા ઇ. સ. ૯૨૮ નાં સુમારે મરણ પામ્યો હતો. ૧૫૩૭ માં ન્યૂબર્ગખાતે આ ખગોળ વેત્તાના પુસ્તકોનો તર્જુમો લાટીન ભાષામાં 'પ્લાટો આપ્ટીબુરે' કર્યો હતો. એના પુસ્તકમાં જે જે બાબતો સમાવેલી છે તે ઘણીજ કાબેલ્યત ભરી છે. તે વેળાના જગ પ્રસિદ્ધ ૨૦ ખગોળવેત્તાઓમાંનો એ પણ એક ગણાયો છે.

અલબા—ઇકસોરા નામના ફુલના ઝાડોમાંના એક જાતમાનું ઝાડ. એના ઝાડો કુંડામાં ઉગાડવામાં આવે છે. એની પર ફુલો સફેદ આવે છે, તે ઘણા સુંદર પણ સુગંધ વીનાના હોયછે.

અલબિરૂની—આ વિદ્વાનનું આખું નામ 'અબુલ રહિમાન મહમદ બીન અહમદ અલબિરૂની છે. એનો જન્મ ઇ. સ. ૯૭૧ ના સુમારે ખ્વારીઝમમાં આવેલા બિરૂન શેહેરમાં થયો હતો. એ વિદ્વાન પુરૂષ ખગોળવેત્તા, ભૂમિતીશાસ્ત્રી, તવારીખ નવેશ, સ્કૉલર ને ન્યાય-તર્ક શાસ્ત્ર જાણનાર તરીકે પ્રસિદ્ધતા પામી ગયો છે. તે શિવાય આત્મ તત્વ વિદ્યા, ન્યાય શાસ્ત્ર તથા મુખ્ય કરી જાદુઇ એલમમાં એ પૂર્વિણ હતો. એણે પાદશાહ તથા અમીર ઉમરાવો સામે કેટલાક હેરતભર્યા ચમત્કારો કરી બતલાવ્યાથી એના વિશે તે વખતે સર્વેને બેહદ માન હતું.

એણે દુન્યાના ઘણાક ભાગોમાં મુસાફરી કરી હતી અને ૪૦ વર્ષની વયે એ હિંદુસ્થાનમાં આવ્યો હતો. એણે ઘણાંક ગ્રંથો રચ્યાં હતા તેમાં કેટલાક ગ્રંથો ગ્રીક ભાષાના ગ્રંથોપરથી તર્જુમો કરી રચ્યાં હતા. એના રચેલા ગ્રંથોનો સંગ્રહ એવડો તો મોટો હતો કે તેને ઉંચકવા માટે એક ઉંટ રાખવું પડ્યું હતું. એના ગ્રંથોમાં 'તારીખ અલહિંદ' છે, બીજો ગ્રંથ 'કાનૂન મસુદી કે જે ગીઝનીના સુલતાન મસુદીને અર્પણ કર્યો હતો તે વાંચવા જોગ છે. આ ગ્રંથની કિમતમાં પાદશાહે એક હાથી સર્વ સાજ સાથે ચાંદીના સિક્કાઓથી લાધી બક્ષેસ આપ્યો હતો. અલબિરૂની સુલતાન મહમદ તથા મસુદીના વખતમાં થઇ ગયો છે. એનું મરણ ઇ. સ. ૧૦૩૯ માં નીપજ્યું હતું.

અલબીંગા—સાર્ડિનિયાનો આ એક પ્રાંત છે. ક્ષેત્રફળ ૨૬ ચોરસ માઇલ છે. વસ્તી ૭૦૪૧૦ ની છે. ૧૭૯૬ મા નેપોલ્યનના લશકરનું આ એક મુખ્ય મથક હતું. આ દેશની ભૂમિ ઘણી ફળદ્રૂપ હોવાથી આ દેશ ઘણો માતબર છે.

અલબીલાદરી અબુલ અબ્બાસ અહમદ—આ આરબ ઈતિહાસ કર્તા ઈ. સ. ૮૯૫ માં મરણ પામ્યો. બગદાદનો એ વડો મૌલવી હતો. બગદાદના ખલીફ અલમોતાવાકલના વખતમાં એ રેહેતો હતો, તથા વડા શાહાજાદાનો એ શિક્ષક હતો. રાષ્ટ્રીય સંબંધી એણે એક મોટો ગ્રંથ રચ્યો છે જેમાં તે વેળાના જૂદા જૂદા રાજ્યોનો ઇતિહાસ

આપેલો છે. જેમાં સિરીયા, સાઈપ્રસ, મેસેપોટેમીયા, આરમેનીયા, ઇજીપ્ત, આફ્રિકા, સ્પેન, ન્યૂબિયા તથા મેડીટરેનીયન વિશે છે. વળી તેણે ઇરાનમાં ઇસલામી ધર્મના ફેલાવા વિશેની તવારીખ આપી છે, તથા ઇન્ડસના કીનારા પરના મહમદીઆન રાજ્યોનો ઇતિહાસ આપ્યો છે. બીજા પુસ્તકોમાં જાણીતા શેહેરોનું વર્ણન આપ્યું છે તેમાં મુખ્ય કુફા, બસરા તથા બગદાદ છે.

અલબુર્જ—આ જગ આશકાર પાહાડ ઈરાનની ઉત્તરે આવેલો છે. એને અવસ્તા ભાષામાં હરએરેજઇતી, હરઈતીબેરેઝ અથવા હરતીબરેશના નામે ઓલખાવામાં આવે છે. એ શબ્દનો છુટો અર્થ એવો થાય છે કે ' પાણીથી ઉંચી જગા. હાલમાં નકશા ઉપર નજર કરતાં ઈરાનની ઉત્તરે આવેલા પાહાડોની હારને પાછળનું નામ અલબુર્જ આપ્યું છે, પણ અવસ્તાના જમાનામાં આ પાહાડનો વિસ્તાર ઘણો મોટો હતો, હાલમાં અલબુર્જમાંથી જેમ તેને નકાશામાં દેખાડયો છે તેમ 'કીઝીલ' ઓઝેન, એરેસ અને બીજી નાની નાની નદીઓ તેમાંથી વહે છે. પણ આગલા જમાનામાં હદ પૂર્વ ભણી લંબાયલી હોવાથી ઘણી નદીઓ વહેતી હતી.

આ પર્વત ૧૮૦૦૦ ફીટ ઉંચો છે. ડૉ૦ સુલીવાન પૃથ્વીની સપાટી પરના પાહાડોના તેઓના ઉંચાઇના પ્રમાણમાં ૧૮ વર્ગો કરે છે તેમાં અલબુર્જને બીજા વર્ગમાં મેળે છે. આ પાહાડની લંબાઇ એટલી હતી કે તેની હારમાંના '૨૨૪૪' પહાડો જૂદે નામે જૂદા જૂદા દેશોમાં જાણીતા થએલા છે. પણ આ અસલી નામ તો આ મોટી લાંબી હારનેજ લાગુ પાડયું છે.

અલબુરાક—પાંખવાલા ઘોડાનું આ અરેબીક નામ છે. કહે છે કે મહમદ પેગંબરે આ ઘોડા ઉપર નિંદ્રાવસ સ્થિતિમાં મન કલ્પીત સ્થિતિથી સાતમાં આકાશમાં મુસાફરી કરી હતી. આ અલબુરાકનો ચેહેરો પરીના જેવોછે, અને બાકી ગરદનનો નીચેનો ભાગ ઘોડાના આકારના જેવો છે. એના પીઠ ઉપર બે પાંખો છે.

અલબોરાત—આ સ્પેનીશ બેટ મેડીટરેનીયનમાં આવેલો છે. આલમિર્યાની દક્ષિણ પશ્ચિમે ૬૦ માઇલ ઉપર છે. વસ્તી માંછીમારોની છે.

અલમનસૂર—આ શેહેર સિંધમાં તદન ખંડીયર સ્થિતીમાં છે. હાલમાં જ્યાં અલમનસૂરનું ખંડીયર છે ત્યાં આગળ બ્રાહ્મણાબાદ નામે ગુલજાર નગરી હતી. આ બ્રાહ્મણાબાદ ધર્તિકંપથી છિન્ન છિન્ન સ્થિતીએ પુગું હતું તેટલાં મહમદકાસીમે ચઢાઈ કરી તે શેહેરનો નાશ કીધો. પછી અલમનસૂરના નામે નવું શેહેર બાંધી તેને પોતાનું રાજધાની શેહેર બનાવ્યું.

અલમાનસર અબુ જાફર અબદલ્લા—એ અબ્બા સીદીકના વંશનો બીજો ખલીફ હતો. અબુલ અબાસના મરણબાદ ઇ. સ. ૭૫૪ માં એ ગાદીનશીન થયો. જ્યારે એ ગાદીએ આવ્યો ત્યારે તેના ભત્રિજા અબદુલ્લાએ પોતાનો હક્ક રજુ કર્યો, પણ અલમનસૂરે તેનો પુરતો પરાજય કીધો, એણે પ્રથમ બગદાદને રાજધાની શેહેર બનાવ્યું, એના રાજ્યમાં અલીબીન અબુ તાલીબે એની સામે બંડ કરી એને હેરાન કરવા માંડયો હતો; તેનો પણ એણે પરાજય કરી કિર્તિ મેળવી, મોહમેદનોમાં આ પેહલો ખલીફા હતો કે જેણે કેળવણીનો મોટો પ્રસાર પોતાના રાજ્યમાં કીધો. એના રાજ્યમાં ગ્રીકમાંથી અરેબીકમાં ઘણા ગ્રંથોનો તર્જુમો કરવામાં આવ્યો હતો.

અલમાસ—આ એક જાતના કિમતી જવાહેરનું નામ છે. એની ખાણ હિંદુસ્થાનના બુંદેલખંડમાં આવેલી છે. તે શિવાય આ કિમતી ચીજ પૂર્વ તરફના ટાપુઓમાં પણ મળી આવે છે. એની અનેક જાતો છે. ૧ લી સફેદ અને નીર્મળ કાચ જેવી. (૨) સફેદ પણ ઝાંખા પીળા રંગની કે જેને "જીતી" કહે છે. (૩) પાનાના જેવી રંગની જાતને

શિયાબ કહે છે. અલમાસ લોઢા કરતાં પણ સખત હોય છે. પણ તે કલાઈ અથવા સીસાંથી તુટી શકે છે, અલમાસ ઘણું સખત હોવાથી તેને હથીયાર ઉપર જડીને તેના વતી સખતમાં સખત ચીજોપર કોતરકામ કરી શકાય છે.

અલમૂતગઢ—આ ગઢ કાસ્પીયન સમુદ્રના દક્ષીણ કાંઠા ઉપર ઇરાનના ઉત્તરભાગમાં આવેલો છે. એનું સ્વરૂપ જમીન ઉપર ઉંઠ એઠું હોય તેવું છે. આ પાહાડી કિલ્લો પેહલવેહલો રૂકનુદ્દીન ખુરશા નામે ખલીફે પોતાને હાથ કીધો ત્યારે કહે છે કે આ કિલ્લો એવો તો બુલંદ હતો કે, તેને તોડતી વખતે તોડનારાઓને આસમાનનાં બુરજો તોડવા હોય એવું લાગતું. આ કિલ્લાના પેટામાંથી તે વખતે, મધ, શરાબ, સરકાના હોજો તથા હસનના વખતનો સંગ્રહ કરેલો કેટલોક ખોરાક જેવોને તેવો મળી આવ્યો હતો. ઇસલામીઓ આ વાતને હસનની કરામત ધારે છે.

અલમોરા—આ સેનેટરીયમ વાલું 'હિલ સ્ટેશન' હિંદની ઉત્તરે આવેલું છે. એના પાહડોની હારો ૫૪૨૫ થી ૫૬૦૭ ફીટ સુધીની દર્યાની સપાટીથી ઉંચી છે. કામાનોનાં પ્રાંતનું આ મુખ્ય શેહેર છે, એ ૩૦ માઇલ પર છે. હિંદી સરકારે અલમોરાના પાહાડોમાંના લોહુઘાટપર એક સેનેટરીયમ બાંધી ઈંગ્રેજોને તેનો લાભ આપે છે. અલમોરાની ઉત્તર પાશ્ચમે નવ માઇલપર 'અયના' મુકામે ગંધકની ખાણો શોધી કાઢવામાં આવી છે.

અલ્યૂટા—આ અતી વેગવાલી નદી ટ્રાન્સ સાલવાનીયામાં આવેલી છે. લંબાઇ ૨૭૦ માઇલની છે. તે પશ્ચિમ કાસ્પીયનમાં વહે છે.

અલર્ક—(૧) ગુરૂદત્તાત્રયનો એક રાજ્ય ચેલો (૨) સફેદ રૂઇનું વૃક્ષ. (૩) અયોધ્યાના રાજા ઋતુધ્વજનો એ નાનો કુંવર. આ કુંવરને રાજમાતા મદાલસાએ કેલવણી આપી રાજયનીતિ શાસ્ત્ર શીખવ્યું હતું અને બીજા ભાઇઓએ સન્યાસ લીધો તેમાંથી અલર્ક બચવા પામી ઋતૂધ્વજ પછી ગાદીએ આવ્યો.

અલરીકયૂસ—આ પૂરાતન ઇતિહાસ કર્તા બર્લીનમાં યૉર્કશાયર ખાતે જનમ્યો હતો. એનું પ્રસિદ્ધ ઇતિહાસીક પુસ્તક ઈંગલાંડનું સાલવાર વૃતાંત છે. આ ઇતિહાસમાં બ્રુટસના વખતથી તે પેહલા હેન્રિના વખત સુધીની બાબતો સંપૂરણ રીતે લાટીન ભાષામાં લખેલી છે. એનું મરણ ઇ. સ. ૧૧૨૯ માં નીપજ્યું.

અલવંદ—અવસ્તા જમાનાના અઉરવંદ પહાડનું પેહેલવી નામ.

અલવર—આ દેશી રાજ્યની સીમા–ઉત્તરે પંજાબ ઇલાકાનો ગુરગાન જીલ્લો અને કોટ કાસીમની જાગીર, દક્ષિણે જયપૂરનું રાજ્ય, પૂર્વે મથુરા જીલ્લો અને પશ્ચિમે જયપૂરનું રાજ્ય આવેલું છે. અહીંનો રાજ કર્તા 'કછવા રજપૂત'માંથી નીકળેલી મેવાતી શાખાનો રજપૂત છે, અને મહારાવ રાજા કહેવાય છે. એના રાજ્યનો વિસ્તાર ૩૦૦૦ ચોરસ માઇલ જમીનનો છે, અને તેમાં આસરે ૭૮૦૦૦૦ માણસની વસ્તી છે. વાર્ષીક પેદાશ રૂ ૨૫૦૦૦૦૦ ને સુમારેની છે.

આ રાજાના મુલકનો ભાગ કેટલોક પાહાડી તથા ઝાડીવાલો છે, તેમજ કેટલોક ખુલ્લો પણ છે. નદી 'મહના સનઇ' નામે છે. હવા ગરમ છે. દીસે તાપ અને રાતે તાઢ પડે છે. એ દેશની ઘણી ખરી જમીન પથ્થરવાળી પણ રસાળ છે. તેમાં મુખ્ય પાક, કપાસ, તંબાકુ, અફીણ, ગહું, ચણા, ડાંગર, જુવાર, તલ, અળશી તથા તમામ જાતના કઠોળ વગેરેનો થાય છે. આ દેશની પાહાડી ધર્તીમાં જ્યાં ઝાડી વધારે હોય છે ત્યાં વાઘ, ચિત્તા, સાંબર, દીપડા, વગેરે ક્રૂર પ્રાણી વસે છે. એ દેશમાં બળદ, ગાયો, તથા ભેંસો સારી ઉછરે છે. મુખ્ય વસ્તી જાટ ગુજ્જર રજપૂત અને વાણીયા, બ્રાહ્મણ તથા કારીગરો વગેરેની છે. અહીંની ભાષા હિંદુસ્થાની છે. આ દેશનું મુખ્ય શેહેર અલવર એ રાજધાનીનું કિલ્લે

બંદીવાલું શેહેર તેના મધ્ય ભાગે ૧૨૦૦ ફીટની ઉંચાઇએ ડુંગરની તળેટીમાં આવેલું છે, તેમાં મહારાવના મેહેલો ઘણી સુંદર બાંધણીના છે. તેની નજીક એક મોટું સુંદર સરોવર આવેલું છે, તેને કીનારે સુધ સફેદ આરસપાહાણનો બંધાવેલો એક સુંદર બંગલો છે. આ રાજ્યની લશકરી પધ્ધતી ઇંગલાંડના રાજાના વખતના ચાલતા ફ્યૂડલ ધારાને મળતી છે. રાજ્યના લશકરમાં ૫૫૦૦ પાયદળ, ૨૦૦૦ સ્વારો, ૩૦૦ તોપો અને તેટલાજ ગોલંદાજો છે.

હાલના માહારાજા મંગળસિંહ છે. તેવન ઇ. સ. ૧૮૭૪ માં માહારાવ રાજા શિવદીન સિંહજીના મરણ નીપજ્યાથી અને તેમની પાછળ કાંઇ પુત્રસંતાન નહિ હોવાથી એક કુટુંબી હરદેવસિંહના કુંવર મંગળસિંહજીને દત્તક લઇને ગાદીએ બેસાડયા. ૧૮૯૧ ની ગણત્રી મુજબ શેહેર વસ્તી ૫,૨૩૯૮ ની હતી.

અલવઝેડી ઓરીન્ટી—આ પોર્ટુગીજ કવિ પંદરમી સદીની અધવચમાં જનમ્યો. એની કવિતાના પુસ્તકોનો તર્જૂમો જૂદી જૂદી ભાષામાં થયલો છે.

અલવા—આ તાલુકો રેવાકાંઠા ઇલાકાના તાબામાં સંખેડા મેવાસ એ નામના જીલ્લામાં મેણ નામની નદીને લગતો વિરપૂર તાલુકાની પડોસમાં છે, તેના તાબામાં પાંચ ચૌરસ માઇલ જમીન અને ૧૧ ગામડાઓ છે: વાર્ષીક પેદાસ સુમારે રૂ ૫૫૦૦ ની છે. તેમાંથી રૂ૬૭ શ્રીમંત ગાયકવાડ સરકારને ખંડણીના આપવા પડે છે. તાલુકાની જમીન કેટલીક પાહાડી તથા ઝાડીવાળી અને થોડીક સપાટ છે. તેમાં મકાઇ, બાજરી, જુવાર ડાંગર, ચણા, તલ, દીવેલ, અને કઠોર વગેરે પેદા થાયછે. વસ્તી મુખ્ય કરી ભીલ લોકોની છે. આ તાલુકાના સરદાર અગરના ઠાકોરના કુટુંબી અને તે અગરથી ઉતરેલા ચહૂહાણની અટકથી ઓળખાતા માલેસલામ (મુસલમાન) છે. હાલના ઠાકોર રસુલખાનજી છે, તે મુખ્ય ગામ અલવામાં રહે છે.

અલવા ફરડીનેન્ડ અલવાઝેડી ટાલિડો ડ્યૂક આવ—જનમ ઇ. સ. ૧૫૦૮ માં થયો. સ્પેનીશ લશકરના જનરલ ચાર્લસ પાંચમાંના વખતમાં તથા ફીલીપ બીજાના વખતમાં એ એક મુખ્ય પ્રધાન હતો. એ પોતાના વીરત્વથી મુશહૂર થઈ ગયો છે. એણે નેધરલેંડ ઉપર કરેલી ચઢાઈ સમે ઇ. સ. ૧૫૬૭—૭૩ માં પ્રતિષ્ઠા મેળવી હતી. આ લઢાઇ ૭૦ વર્ષવેર એક સરખી ચાલી હતી. ઈ. સ. ૧૫૮૦ માં લઢાઈ ઉપરથી એને પાછો તેડી લેવામાં આવ્યો હતો. બે વર્ષ પછી ૧૫૮૨ માં એ મરણ પામ્યો.

અલશામ—હાલમાં નામ દમાસ્કસ, એ સિરીયા પ્રાંતમાં જુનામાં જુનું શેહેર હોવાથી ઘણી પુરાતમ તવારીખો ધરાવે છે. અત્રેની સર્વેથી સરસ ઈમારતો મધે એક મસજીદ છે જેની લંબાઇ ૬૫૦ ફીટ તથા પોહળાઇ ૧૫૦ ફીટની છે. તે ઉપર જેમ ખ્રિસ્તીઓ, તેમજ ઇસલામીઓ દાવો કરે છે. ખ્રિસ્તી ધર્મના બાપતીઝમ નામની ક્રિયા કરનાર ‘યોહાન્ના’ની એમાં કબર છે, અને મુસલમાનો મક્કાના કાબામાં જવાનો દરવાજો અહીંથીજ શરૂ થતો માનીને તેના તરફ ભક્તિભાવ ધરાવે છે. ઇ. સ. ૧૮૬૦ માં ખ્રિસ્તી લોકોની અત્રે ભારે કતલ થઈ હતી. અહીં રેશમી તથા સુતરાઉ કાપડ, ચામડાં, સાબુ વગેરે વખાણવા જોગ બને છે.

અલસ્ટમ્યલ—બવેરિયામાં આ એક નદી છે. લંબાઈમાં ૧૫૦ માઇલની છે. ઉત્તર પૂર્વે ૭ માઇલપર રાઉતનબર્ગથી વેહે છે અને ડેન્યૂબમાં જઈ ખાલી થાય છે.

અલસ્ટોન ચાર્લસ—આ સ્કૅાચ ડૅાકટર તથા વનસ્પતી શાસ્ત્રીનો જનમ ‘ઇડલઉડ’ ખાતે ઇ. સ. ૧૬૮૩ માં થયો, એણે પોતાનો અભ્યાસ ગલાસગોમાં શરૂ કર્યો હતો. અહીં એની સગી ડચેસ ઑાવ હેમીલટીન તરફથી ઘણું ઉત્તેજન મળયું હતું. તેણીની મેહેર બાનીથી ‘લીડન ખાતે એણે ડીગ્રી મેળવી. ત્યાર બાદ એડીનબર્ગ ખાતે એણે પોતાનો ધંધો

શરૂ કરી, ત્યાંની યૂનિવરસીટીમાં વનસ્પતી શાસ્ત્રોની મુખ્ય વડી જગા મેળવી શક્યો. એણે ઘણાક પુસ્તકો રચ્યાં છે. મરણ ઇ. સ. ૧૭૬૦ માં નીપજ્યું.

અલસ્ટોન વૉશીંગટન—આ પ્રસિદ્ધ ચિતારાનો જનમ ઇ. સ. ૧૭૭૯ માં ૫ મી નવેંબરે થયો. આ ચિતારાએ પોતાના વખતમાં એટલી તો પ્રસિદ્ધતા મેળવી હતી કે એના જીવન ચરિત્રના જૂદે જૂદે હાથે મોટા ગ્રંથો રચાયાં છે. મરણ કેમબ્રીજ ખાતે ૧૮૪૩ ની ૯ મી જુલાઈએ નીપજ્યું.

અલસારિયો વિનસીન્ઝો—આ ઈટાલ્યન ડૉકટરનો જનમ ૧૫૭૬ માં જીનોવા ખાતે થયો. એણે પોતાનો ધંધો ઘણીજ ફતેહમંદી સાથે બોલોગન અને રાવ્હીના તથા ૨૦ વર્ષ રોમ ખાતે ચલાવ્યો હતો. વળી એ ૧૫ માં પોપનો ઘણો માનીતો હતો. એણે વૈદકીય સંબંધી અનેક પ્રસિદ્ધ ગ્રંથો રચ્યાં છે. એણે પોતાનું પહેલું પુસ્તક ૧૯ વર્ષની વયે રચ્યું હતું. મરણ ઇ. સ. ૧૬૩૧ માં નીપજ્યું.

અલ હાકીમ ઇબ્ને અત્તા—ઉપનામ મુખન્ના. આ એક પાખંડી પેગંબર દાખલ મહમદી આન લોકોમાં ખોરાસાનની રાજધાની શેહેરમાં ઇ. સ. ૭૭૪ માં પ્રસિદ્ધતા પામ્યો હતો. તેણે પોતાને ખુદાના દીકરા દાખલ જાહેર કરયો હતો. એણે કેટલાક એવા દેખાવો બતલાવ્યા હતા કે એના ખરાપણા માટે જરાબી શક નહિ હોવાથી ઘણા લોકો એને માનવા લાગા. ખલીફ મેહેદીએ એની સામે સ્વારોને લઢવા મોકલ્યા તેમાં એણે જ્યારે હાર ખાવાનો સમો જોયો તે વેળા કિલ્લાને આગ લગાડી પોતાના સાથીઓ સહીત બળી મુવો. આ એના કાર્યથી એના વિશેનો સત્ય ખીયાલ આજવેર મહમદીઆન લોકોમાં બેસી ગયો છે.

અલહામા—સ્પેનમાં એજ નામના અનેક શેહેરો છે. આ નામ અરેબીક ઉપરથી આવેલું છે. એજ નામનું એક ગામ ગ્રેનેડાથી ૧૫ માઇલપર આવેલું છે. અહીં એક કુદરતી ઝરો વહે છે તેમાં મૂરિશ લોકો નાહવા જાય છે અને માને છે કે આ ઝરામાં નાહવાથી ઘણા દુઃખ દર્દો સારાં થાય છે. આ ઝરાથી અહીંના સરકારને મોટી ઉપજ થાય છે. અત્રે વસ્તી ૬૦૦૦ સુમારેની છે.

અલ્લાગબી—આ દેશી છોકરાઓમાં રમાતી એક તર્હેની રમતનું નામ છે. તેમાં સાત અથવા તેથી વધુ છોકરાઓ ખુલ્લા મેદાનમાં રમે છે. એમાં એક ચીથરાની દડી અને ગબી ખોદવાને ખીલો યા લાકડીનું કામ પડે છે. દરેક છોકરો સાધારણ ઉંડો ખાડો ખોદે છે અને તે કુંડાળાની વચમાં એક વધુ મોટો ખાડો ખોદે છે તેને અલ્લાગબી કહે છે. ત્યાર પછી પેલી ગબ્બીમાં દડી ટીચવા માટે ચોકસ આંતરે (આઠથી દસ હાથ) એક છોકરો ઉભો રહી ટીચે છે. જો દડી પોતાની ગબીમાં પડી તો છોકરો દડી લઇ મનમાં ગમે તે છોકરાને મારે છે. આ દડી કોઇને વાગે યા ન વાગે તોપણ તેનો હક કાયમ રહી તે દડી પોતાની ગબીમાં પડે ત્યાં વેર ટીચતો રહી માર મારતો રહે છે. પણ જો દડી અલ્લાબગીમાં પડે છે ને પછી કોઇને તે દડી મારતા લાગે છે, તો તે છોકરાનો વારો આવે છે. દડી ટીચતાં પોતાની યા અલ્લાગબીમાં નહિ પડતાં બીજાની ગબ્બીમાં પડે છે તો તે ગબીવાલાનો વારો આવે છે. પણ દડી ટીચતાં કોઇ પણ ગબ્બીમાં નહિ પડતાં બહારજ રહે તો તેનો દાવ પુરો થયો એમ કહેવાય છે. એમ વારા ફરતી રમત ચાલે છે.

અલાઉદ્દીન ખીલજી—આ ખીલજી ઘરાણાનો ત્રીજો ખુની પાદશાહ ઇ. સ. ૧૨૯૫ માં ગાદીએ આવ્યો. ગાદીએ આવવા પેહલાં એ ખાનદાનના શાહજાદાઓ તથા બેગમોની કતલ ચલાવી ગાદીનશીન થયો. એ પોતે ખુનીના નામે જાણીતો થયો છે તોપણ એણે જબરા રાજ્યોને જીતી પોતાની હદમાં મોટો વધારો કર્યો હતો. ઈ. સ. ૧૨૯૭ માં એણે ગુજરાત ઉપર ચઢાઈ કરી તેની રાજધાનીનું

શેહેર અણહીલવાડ જીતી લઈ બાળી નાખ્યું, ગુજરાતનો રાજા કરણ ઘેલો નાશી ગયો અને રાણી કમળાદેવી ઘણી ખુબસૂરત હતી તેની જોડે પાદશાહ પરણ્યો. કમળાદેવીની દીકરી દેવળદેવી પણ પાછળથી અલાઉદીનના છોકરા ખીજરતખાં જોડે પરણી હતી. અલાઉદીને ગુજરાતપર ચઢાઇ કરી ત્યારે ત્યાં મલીકકાપુર નામનો એક ખુબસૂરત ગુલામ બંદીવાન થયો હતો, તેની ચાલાકી જોઇ અલાઉદીને તેને મોટી પદવિએ ચઢાવ્યો. પાદશાહનો માનીતો થયા પછી આ ગુલામ, રાજા થવાના વિચારથી પોતાના ધણીનો ઘાટ ઘડવાની યૂક્તિઓ રચવા લાગો. દારૂના વ્યસનથી અલાઉદીનનું મન અને તન તદન બગડી ગયું હતું, તેથી કાફૂરની ઉશકેરણીથી તેણે પોતાના શાહાજાદા અને બેગમને કેદ કર્યા, તથા પોતાનો ભાઇ અલફખાં તેમજ એના સેનાપતિ અલપખાનને મારી નાખ્યા, આ પછી ગુજરાત, ચીતોડ, અને બીજી જગામાં બંડ ઉઠયાં તેજ ગડબડમાં મલીક કાફૂરે તેને ઝેર આપી ઈ. સ. ૧૩૧૬ ની ૧૯ મી ડીસેંબરે મારી નાખ્યો. અલાઉદીને પોતાના ભત્રીજાઓને આંધળા કરી મારી નાખ્યા એટલુંજ નહિ પણ ઇ. સ. ૧૩૧૧ માં ૧૫૦૦૦ મોગલોને કાપી નાખ્યા હતા, કારણ કે તેઓએ એનો પ્રાણ લેવાનો પ્રપંચ રચ્યો હતો.

અલાઉદ્દીન ઘોરી—આ પાદશાહ ઘણા ક્રૂર કામો કરવા માટે જાણીતો થએલો છે. એના ભાઈ સૈફુદીનની બેહેરામ પાદશાહે ફેડફજેતી કરી હતી તેના વેરમાં એણે ગજની શેહેરપર ચઢાઇ કરી તેને બાળીને ભસમ કીધું. સૈયદોને સૂલીએ ચઢાવ્યા અને ઘણીક સુંદર ઇમારતો તથા કબરોનો નાશ કીધો. ત્યાર પછી સલજુક લોકોએ અલાઉદીનના રાજ્યપર ઇ. સ. ૧૧૫૨ માં સ્વારી કરી એને કેદ કર્યો પણ ત્યાર પછી ઇ. સ. ૧૧૫૩ માં એને પાછો છોડી દઇ એને એનું રાજ્ય પાછું બખશીયું. એણે ફક્ત ચાર વર્ષ રાજ્ય ચલાવી ઈ. સ. ૧૧૬૬ માં મરણ પામ્યો.

અલાઉદ્દીન મસાઉદ—સુલતાન મોઅજુદીનના મરણ પછી રૂખનૂદ્દીનનો કુંવર ઇ. સ. ૧૨૩૮ માં ગાદીનશીન થયો. એના રાજ્યમાં ઘણી અવ્યવસ્થા ચાલી હતી. તેમાં વળી એ ક્રૂર અને વિષયી હોવાથી ઘણો બગાડ થયો. એની કારકિર્દીમાં મોગલ લોકોએ બે હલ્લા કર્યા; તેમાં પેહેલીવાર તીબેટમાંથી આવીને બંગાળપર સ્વારી કીધી. તે બાજુએ થએલી એવી બીજી સ્વારી ઇતિહાસમાં કેયે વર્ણવેલી નથી. ઇ. સ. ૧૨૪૪ માં સ્વારીમાં એના પ્રાંતોના સરદારોએ તેઓનો પરાજય કર્યો. બીજી "માણકુખાન" નામના સરદારની ફોજમાંથી એક ટોળીએ વાયવ્ય પ્રાંત ઉપર સ્વારી કીધી. પણ તે સ્વારીમાં તેઓ મુલતાનની દક્ષિણે પંજાબમાંની સંગમ થએલી નદીઓ ઉપર 'ઉદ' નામનું શેહેર છે ત્યાં સુધી આવીને પાછા ગયા. એનું મરણ ઈ. સ. ૧૨૪૫ માં નીપજ્યું.

અલાઉદ્દીન મહમદ—હિ. સ. ૬૧૮ માં આ પાદશાહ ગાદીનશીન થયો. એ પાદશાહ નિઝારી વંશનો હતો. નવ વર્ષની ઉમરે તે ગાદીએ આવ્યો, અને જેઓએ પોતાના બાપને ઝેર આપ્યું હતું તેમની ગરદન મરાવી. ઇસલામીલોકો ઈમામની બચપણ, જુવાની અને ઘડપણ એ ત્રણે અવસ્તાને સરખી માને છે અને તે ત્રણે અવસ્તામાં તેનાં હૂકમની સરખી તાબેદારી કરે છે. માટે અલાઉદીન જે હોકમ કરતો તે વાજબી હોય કે નહિ, તોપણ તે બજાવતા. અલાઉદીને એક બકરાંનું ટોળું પાલ્યું હતું તથા રમતમાં વખત કાઢતો હતો, એના રાજ્યનું કામ ઓરતોના કબજામાં પડયું હતું. અલાઉદીને બાપના મતનો ઇનકાર કરી નઝારીઓનો મત ચાલુ કરી લોકોને પોતાની તરફ વળાવ્યાં. ૧૫ વર્ષની વયે એ બેમાર હતો ત્યારે કોઇ નીમહકીમે એની ફસ ખોલવાથી લોહી ઘણું ગયું અને તેથી એની દેહ લથડી ને તેનો મીજાજ બગડી

ગયો, તેથી તે જ્યારે પણ ખરાબ મીજાજમાં હોય ત્યારે ગમે તેમ પ્રજાની ગરદન છરકાવતો; એથી રૈઅત ઘણી નારાજ થઈ. અલાઉદીનના ઘણા પુત્રો હતા તેમાં સૌથી મોટો રૂખનૂદ્દીન હતો. તે બાળક હતો ત્યારે પાદશાહ કહેતો કે એ મારો વારસ છે માટે રૈઅતે એઉને સરખું માન આપવું જોઇએ. હિ. સ. ૬૫૩ માં અલાઉદ્દીન આ બેટાથી નારાજ થઇ બીજા દીકરાને વાલી કરવાનું જણાવ્યું પણ ઇસલામીઓ પોતાની રીત મુજબ આગળના વશીહતને વલગી રહ્યા. અલાઉદ્દીન રૂખનૂદ્દીન ઉપર કરડી નજર રાખતો હતો તેથી તે નાહાશી એક મજબુત કિલ્લામાં જઇ ભરાયો. અલાઉદીન એક હસન માજનદરાની નામના વ્યસની દોસ્તની સાથે સદા ફરતો હતો. તે રૂખનુદ્દીનની ઉશકેરણીથી અલાઉદીનનું કામ પુરૂં કરવાની તક શોધતો હતો, એક વેળા મધરાતે અલાઉદીન બકરાના તબેલામાં દારૂની કેફમાં પડેલો હતો ત્યાં હસને તેનું ગળું કાપી નાખ્યું. એનું મરણ હિ. સ. ૬૫૩ માં નીપજ્યું.

અલાઉદ્દીન શેખ—મુલહીત ગામમાં બે પાહાડો વચેની ચોકસ ખીણમાં આ બુજોર્ગ વિચીત્ર પુરૂષ તેરમી સદીમાં રેહતો હતો. તે પોતાને બેહેસ્તના ધણી દાખલ ઓળખાવતો હતો. તેણે બેઉ પાહાડોની વચેની જગા પુરાવી નાખી અને ત્યાં સૌથી મોટો, સૌથી સુંદર બગીચો કે જે કદી દીઠામાં નહિ આવ્યો હોય, એવો દરેક જાતના મેવાના ઝાડોથી ભરપૂર બનાવ્યો. તેના અંદર ઘણાજ ખુબસુરત તંબુઓ અને મેહલો, જેનો આપણને ખ્યાલ પણ નહિ આવી શકે એવા ગીલીટ ચઢાવેલા અને સરસ રંગના બનાવ્યા હતા. તેમાં નેહરો હતી, જેમાં દારૂ, દુધ અને પાણી ખુલ્લા વેહેતાં હતા, અને તેમાં ઘણીએક ઓરતો અને અતી સુંદર છોકરીઓ જે કદાચજ મળી શકે તેવીઓ ફરતી હતી, તેઓ દરેક જાતના વાજીંત્ર વગાડી જાણતી અને ઘણુંજ મધુર ગાયણ ગાતી, તથા એવી રીતે નાચતી કે જેનારનું મન હરણ કરી લેતી; કારણકે આ અલાઉદીનની મતલબ એવી હતી કે લોકો એમ માને કે ખરેખર તે જીન્નત છે. તેણે તે બાગ, જે પ્રમાણે મહમદ પેગંબરે બેહેસ્તનું બ્યાન આપ્યું હતું તેના જેવોજ તે બનાવ્યો હતો. જે કોઈ બુજોર્ગમર્દને ખૂની જેવો દીસતો તેને બગીચામાં દાખલ થવા દેતો નહિ. તે બગીચામાં દાખલ થવાના દરવાજા પાસે ગઢ હતો, તે એવો તો મજબુત હતો કે આખી દુન્યાને અંદર પેસતાં અટકાવે અને તે શિવાય અંદર આવવાનો બીજો રસ્તો નહિ હતો. તે પોતાની દરબારમાં બારથી વીસ વર્ષ સુધીની ઉમરના કેટલાક છોકરાઓ, કે જેઓને સીપાહ થવાનો શોખ હોય તેમને રાખ્યાં હતા. તેઓને જેમ મહમદ નબીએ કહ્યું હતું તેમ એ પણ જીન્નત વિશે તેમને સમજાવતો; અને જેમ મહમદને લોકો માનતા તેમ એને પણ પેલા છોકરાઓ નબી તરીકે માનતા. પછી એ તેઓને ચાર, છ કે દશને એકી વખતે એવી ચીજ પાતો કે તેઓ ભર ઉંઘમાં પડતા, ત્યારે તેમને જન્નતમાં લઇ જઇને મુકતો. જ્યારે તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એવી ખુશનૂમા જગીઆમાં જોતા કે તેઓ ધારતા કે ખરેખર તેઓ જીન્નતમાં છે, અને પછી તે ખુબસુરત બાનુઓ અને છોકરીઓ તેઓનો જીવ ખુશ થાય એવી રીતનો તેઓ સાથ પ્યાર કરતી. જુવાન પુરૂષ જે કાંઇ માંગે તે તેઓના માટે ત્યાં હતું. તેઓ પોતાની મરજીથી તે જગ્યા છોડે નહિ એવી હોવાથી બીજી યૂક્તિથી બાહાર મોકલવા પડે ત્યારે મોકલતો.

આ ઘરડો પુરૂષ પોતાની દરબાર ઘણીજ દબદબા ભરી રીતે રાખતો અને ભોલા જવાનો જે તેની આસપાસ રેહેતા તેઓને એમ મનાવતો કે હું મોટો પેગંબર છું

તેમ તેઓ માનતા. જ્યારે કોઇને બાહાર મોકલવું હોય ત્યારે એક કેફી દારૂ પાઇ બેહોશીમાં તેને ગઢમાં મોકલી દેતો, પણ જ્યારે તે ત્યાં જાગી ઉઠતો ત્યારે કિલ્લામાં જોઇ અજબ થતો અને ઘણો નાખુશ થતો. ત્યારે તેને બીજાઓ પેલા ઘરડા પુરૂષ પાસે લઇ જતા, ત્યારે તે ઘણો નમીને બોલતો કે 'હું બેહેસ્તમાંથી આવ્યો છેઉં.' ત્યારે બીજા લોકો અજબ થતા અને તેના ચેલા થઈ સુખ પામતા.'

આ અલાઉદીનના બીજા બે મળતીયા હતા, એક દમારકસ અને બીજો કુરદીસ્થાન તરફ જઇ લોકોમાં આ વાતો ફેલાવતો હતો અને બીજાઓને ભોળાવતો. કોઇને જો મારી નાખવું હોય તો તે પેલા જવાન્યાઓને કેહેતો કે ફલાનાને જો મારશે તો તને જીન્નત બક્ષીસ, ત્યારે તે ઝનુન ઉપર ચઢી કામ કરતો. આવી રીતે બીજા પાદશાહોમાં દેહેશત ઉપજાવી તેણે બધાઓ પાસેથી ખંડણી લેવા માંડી. આ ઘરડા શેખથી વળી આસપાસના પાદશાહો બિહીતા, તેનું કારણ એ કે તે પોતાના જાસુસો મોકલી બેઉ વર્ગના (ખ્રીસ્તી તથા ઈસલામી) શાહાજાદાઓને મારી નખાવતો, અને બીજા જે જવાન પુરૂષ તાબે થતા તેમને પોતાના દેશમાં લાવતો, તેમને જૂદી જૂદી ભાષાઓ શીખવતો, અને બીજી બધી બાબતો ઉપરાંત તેઓના ખાવીંદથી બિહીઉં તેને મરવા સુધી તાબે થવું કે જેથી જીન્નતની ખુશાલીમાં દાખલ થવાશે, અને જે કોઈ તે ખાવંદનો હુકમ બજાવતાં મરી જશે તેને ફિરીસ્તા માનવામાં આવશે એમ સમજાવતો.

આ ચેલાઓ કેવી સખત તાબેદારી કરતા હતા તે વિશે 'ફ્રામીપીનો અને મારીનો સાનડન્ટો એમ લખે છે કેઃ—એક વખતે જેરૂસલમનો રાજા તે ઘરડા પુરૂષની મુલાકાત કરવા આવ્યો. તેઓ એક દિવસે સાથે ફરતા હતા ત્યારે તે ઘરડા પુરૂષે રાજાને કહ્યું કે, જેવી મારી રૈઅત મને તાબે છે તેવી કોઇ પણ બીજી પ્રજા પોતાના રાજાને તાબે નહિ હશે. તેનો જવાબ તે રાજા આપે તેની વાર જોયા વિના બે છોકરા જેઓ એક મીનારા ઉપર હતા તેમને ઇસારો કીધો કે તે સાથેજ તેઓ નીચે કુદયા અને મરણ પામ્યા. આ ધુતારા ઘરડાએ એમ પોતાની સત્તા ઘણા વર્ષો વેર ચલાવી. તેટલાં લીવંટના તાતાર લોકોના અમીર અલાઉદીને આ ઘરડા પુરૂષના ઘાતકી કામો વિશે સાભળીયું, અને તેનો છેડો લાવવા ઠેરાવ કરી ઈ. સ. ૧૨૫૨ માં એક સરદારને મોટી ફોજ આપી તે કિલ્લા પર મોકલ્યો, પણ તે કિલ્લો એટલો તો મજબુત હતો કે તે લેવાયો નહિ. તેથી ત્રણ વર્ષ વેર તેને ઘેરો ઘાલ્યો, ત્યારે ખોરાક ખુટી ભુખમરો પડવા લાગો કે તેનીપર હોમલો કરી તે ઘરડાને તથા તેના મળતીઆઓને ઇ. સ. ૧૨૫૫ માં મારી નાખ્યા.

અલાટપૂર—માઇનપૂરના જીલ્લામાં આવેલું અને નૉર્થવેસ્ટ પ્રૉવ્હીન્સના લેફ્ટનન્ટ ગવરનરના તાબામાં છે. આગ્રા અને માઇનપુરની કેંપના માર્ગમાં, માઇનપુરની પશ્ચિમે ૧૮ માઇલપર છે.

અલાદીન મસુદી—આ શાહ દિલ્હીમાં ઇ. સ. ૧૨૨૧ થી ૧૨૪૬ સુધી રાજ્યાસનપર હતો. એના અમલની ટુંક મુદત દરમ્યાન જાણવાજોગ કાંઈ પણ બનાવો બન્યા નહોતા.

અલાનખાન—ચંગીજખાનનો આ વડો શાહાજાદો હતો. એણે ઇરાનપર રાજ્ય કર્યું અને ૧૨૫૮—૯ માં બગદાદના ખલીફાને મારી નાખી તેની ગાદી મેળવી હતી. એ ક્રૂઝેડની લઢાઇમાં બહાદુરીથી લઢયો હતો.

અલાન મેડમ કારાડોરી—આ જાણીતી ગાયણકારનો જનમ ઇ. સ. ૧૮૦૦ માં 'મીલાન' ખાતે થયો, એનો પિતા બેરન ડીમન્ક હતો. આગળ તે ફ્રેન્ચ લશકરમાં એક સરદારના ઓધ્ધાપર હતો. જ્યારે આ બાનુ ૨૦ વર્ષની થઇ ત્યારે તેણીને ગાવાના ધંધામાં પડવા સમજાવવામાં આવી. તે તેણીએ પોતાની ગાયણ વિદ્યા માતા

પાસે તાલીમ લઇ ઘણી ઉમદા રીતે ખી-લવી હતી. તેણીએ પ્રથમ જાહેર દેખાવ ૧૮૨૨ ની ૧૨ મી જુને લંડનની પાદ-શાહી નાટકશાળામાં આપ્યો તેજ દિવસથી તેણીની ફતેહેએ અસાધારણ રૂપ લીધું અને ત્યાર પછી લાગટ વીસ વર્ષો વેર યૂરોપમાં જાણીતી ગાનારી દાખલ નામના મેળવી. ૧૮૪૦ માં યૂનાઇટેડ સ્ટેટમાં જગે-જગ મોટા જલસાઓ કરી મોટું દ્રવ્ય મેળવ્યું. ૧૮૨૩ માં મી૦ અલાન નામના ગ્રહસ્થ સાથે પરણી હતી. આ અલાન પાદશાહી થીએટરનો સેક્રેટરી હતો.

અલાની—(અથવા અલાન્સ) રોમની શેહેન-શાહતના પડી ભાગવા દરમ્યાન એશિયા-માંથી નીકળી પશ્ચિમ તરફ ગયલી એક લડાયક જાત. કોકેસસના વતનીઓ તેઓની સામે થયા કે જ્યાં પૉમ્પી તેઓ સાથે લડ્યો. આ મથકથી તેઓ હાલના રશિઆની દક્ષિણે થઇ રોમન શેહેનશાહતની હદ સુધી પથરાઇ ગયા. પાંચમી સદીની અધવચમાં તેઓ વેનડાલ્સ લોકો જોડે એવા મળી ગયા, કે જેઓ વચ્ચે તેઓ તવારીખમાંથી ગુમ થઇ ગયા.

અલાપ—ગાવાનું શરૂ કર્યા આગમજ તેજ રાગ અથવા રાગણીના અવાજ ને આ-પણા ગળામાંથી સૂર મારફતે કાઢવો તે. ઉસ્તાદ લોકો દરેક રાગ ગાવા પેહલાં અ-લાપ લે છે. અલાપ એ તાનનું મંડાણ પણ કહેવાય છે. ઉસ્તાદો પ્રથમ અલાપ લઇને તાન લેવાનું શરૂ કરે છે. અલાપના ચાર મુકામ ઠેડવેલા છે. જે અસ્થાન, ચીક, રૂપક અને અશરામક. અસ્થાન, એટલે સૂરથી રાગની જાત ખબર પડે તે. રૂપક એટલે રાગને ખીલવે તે. ચીક યાને બીજા અલા-પોને મદદ કરવું. અશરામક રાગને તેજી આપે છે તે.

અલાપૂર—(૧) ગુરગાનના બ્રિટીશ જીલ્લામાં આવેલું આ ગામડું છે. દિલ્હીની દક્ષિણે ૨૯ માઇલપર છે. (૨) સુડાનના ડીસ્ટ્રી-ક્ટમાં તે આવેલું છે. અહીં નૉર્થવેસ્ટ પ્રૉવ્હી-ન્સના લેફ્ટનન્ટ ગવર્નરની સત્તા છે. બુડાનની દક્ષિણ પૂર્વે ૧૦ માઇલ ઉપર છે.

અલાબામા—અમેરિકા સ્ટેટને લગતું આ એક શેહેર છે. અલાબામાં આગલા ઇંડી-યનોએ આપેલું નામ છે, જેનો અર્થ આપણી આશાયશની જગા થાય છે. એનું ક્ષેત્રફળ ૫૧,૭૨૨ ચોરસ માઇલ છે. ટીન-સીસની દક્ષિણે અને મિસીસિપીની પૂર્વે તથા મેક્સિકોના અખાતના કીનારાપર આવેલું છે. જ્યારે સ્પેનિયર્ડો સુન્નાની શો-ધમાં આણી તરફ આવી લાગા, તે પેહલાં યૂરોપીયનોને આ પેહેલવેહેલું ૧૫૪૧ માં મળી આવ્યું હતું. અહીંની મુખ્ય ઉત્પત્તી ચોખા તથા દારૂની છે. તે શિવાય ત્યાં કિમતી ખનિજ પદાર્થોની ખાણો આવેલી છે. વસ્તી ૧૮૮૦ માં ૧૨,૬૨૩૪૪ ની હતી.

અલાબાસ્ટર—ઇજીપ્તમાં આ જાતના સફેદ કિમતી પથ્થરાની ખાણો અલાબાસ્ટોનની આસેપાસે આવેલી છે. ગામના નામ ઉપરથી પથરાનું નામ પાડવામાં આવેલું છે. આ પથ્થર રમકડાં, ટેબલો બગીચામાંના ઘણાક સણગાર તથા મેહેલોના સણગાર બનાવ-વવાના કામમાં લેવામાં આવે છે.

એ, સંગેમરમર જાતીના પથ્થરથી નરમ પ્રકારનો પથ્થર છે. એ 'પલાસ્ટર ઑફ પારિસ' કરતાં કઠણ અને અતી લીસો હોય છે, અને એનો ઉપયોગ પલાસ્ટર ઑફ પારિસ જેવોજ કરવામાં આવે છે. એનાં તહેવાર પુતળાં, દાબડા, આરસી, બાટલી વગેરે બને છે. આ પથ્થરને ભાંજી તથા ભુંજી તેના તહેવાર આકારો યંત્ર વડે બનાવી શકાય છે.

૧—અલાબાસ્ટરનો 'પાઉડર' વાસણમાં ભરી તેને અગ્નિની આંચ આપતાં તેનો રસ બની તેમાંથી ધૂમાડો નિકળી જવા દેતાં તે થડું પડતાં ફરી તેનો 'પાઉડર' બને છે.

૨—અલાબાસ્ટર અનેક રંગનો મળે છે

અને તે જૂદાં જૂદાં દેશમાંથી જડે છે. એને સ્પિરિટ ઑફ નેટરમાં નાખતાં તેનો રસ બને છે.

૩—અલાબાસ્ટરના કટકા ચુના પ્રમાણે ભુંજ્યાથી તેનું પલાસ્ટર ઑફ પારીસ બને છે.

જે માનસનો આબેહુબ ચેહેરાનો હસ્સો બનાવવો હોય તેને ચત્તો સુવાડી નાકમાંથી શ્વાસ જવા માટે બે નળીઓ તેના નાક સાથે જોડવી, અને પછી તેને આંખ બંધ કરવા કહી તેના તમાંમ ચેહેરાપર તેલ ચોપડવું અને પછી પલાસ્ટર ઑફ પારીસને પાણીમાં પધળાવી તેના ચેહેરાપર ચોપડવો. પછી થોડી મીનીટમાં તે સુકાતાં કાઢી લેવું અને તેને ભુંજી નાખવો એટલે તે માનસના ચેહેરાનો હસ્સો મુજબુત થાય છે. આ હસ્સાને માહેથી તેલ ચોપડી અલાબાસ્ટરનો લેપડો માંહેથી લગાડવાથી જોઇએ તેટલી આકૃતિ તે ઉપરથી કાઢી શકાય છે.

અલાબુ સારંગી—આ વાજીંત્રની શોધ ઘણા પ્રાચિન કાળમાં થઇ હતી. એને યુરોપમાં 'ઇંડીયન વાયોલીન' કહે છે. મુસલમાન લોકો એને કમચ્યા' કહે છે.

અલામાન્ડા—ડૉ૦ અલામાન્ડાએ ગીની દેશમાંથી આ ઝાડ શોધી કાઢયું તેથી તેનાજ નામે આ ઝાડ જાણીતું છે. આ ઝાડ સુંદર ફુલો માટે વખણાય છે. એના પાંદડા ફીકકા લીલા રંગના હોય છે. અને ફુલો મોટા તથા સુંદર પીળા રંગના હોય છે.

અલાયનડીલીફ—લાટીન નામ અલાનસ ડી ઇનસ્યૂલીસ. જનમ ઇ. સ. ૧૧૧૪ માં થયો, એ પ્રસિદ્ધ ડૉકટર બારમી સદીમાં સૌથી વિદવાન દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. વળી એ વિદવાન ડૉકટર ખગોળશાસ્ત્રી કવિ અને ઇતિહાસ કર્તા દાખલ પણ ઘણી પ્રતિષ્ઠા પામ્યો છે. એની જન્મ ભૂમિ વિશે સ્કૉટલંડ સ્પેન, સિસીલી, અને ફ્લાનડર્સ વાલાઓ માન ધરાવવા માંગે છે. પણ તે પોતે કહી ગયો છે કે હું ફલેનડર્સના 'લીલી' પરગણાંમાંથી આવ્યો હતો.

અલારકો હુરનાન્ડો ડી.—આ સ્પેનીશ નૌકા શાસ્ત્રી ૧૬ મી સદીમાં થઇ ગયો છે. ઇ. સ. ૧૫૪૦ ની ૯મી મેએ સ્પેનીશ કોર્ટ તરફથી ચાકરી રહ્યો, એણે ૧૫૪૧ માં પોતાની જગેજગ નવી શોધો કરી મુસાફરી લંબાવી એક નકશો બનાવ્યો જેના વિષે હાલાના નૌકા શાસ્ત્રીઓ વડીક ઘણી અજાયબીથી જોઇ બોલે છે કે "હાલમાં અમારા સુધરેલા જમાનામાં એવો નકશો કોઇ બનાવી શકશે નહિ. એને ઘણાક નીબંધો લખ્યાં હતા.

અલાર્ટમેરીગે—આ વિદવાન ઓરતનો જન્મ લાયન્સ ખાતે ઇ. સ. ૧૭૫૦ માં થયો હતો. તેણીએ નાહનપણમાં સારી કેળવણી લીધી હતી, અને ૧૮ વર્ષની વયે જાણીતી ભાષાઓની સંપૂરણ માહીતી મેળવી હતી. તેણીએ પેહલાં એક ઈંગ્રેજી ગ્રંથનો તર્જુમો ફ્રેન્ચ ભાષામાં કર્યો હતો, પણ તેની વધારે ફતેહ તો તેણીએ રચેલી એક વાર્તાથી થઇ હતી. એણીની બેટી પણ એક અછી લખાણબાજ હતી. મરણ પારીસ ખાતે ૧૮૨૧ માં નીપજ્યું.

અલાર્ડજેન ફ્રેન્કોસ—આ ફ્રેન્ચ જનરલ હિંદુસ્થાનમાં વખણાઇ ગયો છે. જનમ સેન્ટટ્રોપીજ ખાતે ઇ. સ. ૧૭૮૫ માં થયો. નેપોલ્યનના વખતમાં તે એક સરદાર હતો. પાછળથી તેણે નોકરી છોડી 'લીગહૉર્ન' ખાતે ગયો, અને વિચાર કર્યો કે અમેરિકા જઇ વસવું. તેણે ત્યાર બાદ પોતાનો વિચાર ફેરવી ઇજીપ્ત ગયો અને ત્યાંથી ઇરાન તરફ ગયો. અહીં અબાસ મીરઝાંએ તેને ઘણું માન આપ્યું. ૧૮૨૦ માં તે લાહોર ખાતે ગયો જ્યાં રણજીતસીંગના લશકરમાં નોકરીએ રહ્યો અને ત્યાં થોડી મુદત પછી વડા સેન્યાધીપતિની મોટી પદ્વિ પામ્યો. ૧૮૩૫ માં એણે પોતાના વતન જવાનો વિચાર કીધો. અને રણુંજીતસીંગે ઘણા માન સાથે વિદાય કીધો. તેજ વર્ષમાં તે પંજાબ જઇ પોંહચ્યો પણ પેશાવર જતાંજ

ઇ. સ. ૧૮૩૯ ની ૨૩ મી જુને મરણ પામ્યો. એના વસીહત મુજબ એની લાસ લાહોરમાં દાટવામાં આવી હતી.

અલાવ્હી—અલીના વંશજો આ એલકાબથી ઓળખાય છે. ફાતમાના વંશજોને સઇઅદના એલકાબથી ઓળખવામાં આવે છે તેમાંનો એ પણ એક વંશજ.

અલાવા—મોહમેદનો મોહરમની ૯ મી રાત્રે યાને કતલની રાતે મસજીદમાં અસરખાના પાસે મુકરર કરી રાખેલી જગામાં કોદાળીથી ખાડો ખણે છે. જો ખાડો બનાવેલો હોય છે તો તેપરનું ઢાંકણું ઉપલી રાતે ખોળી તેમાં આતશ રોશન કરે છે અને આસપાસ કુંડાળામાં નાચતા ફરી, યા અલી ! યા હસન ! યા હુસેન ! દુલ્લા ! દુલ્લા એમ બોલે છે. કોઇક સાંઇઓ પોતાની ગેબી શકિતથી પેલા અલાવામાંના આતશ ઉપર કુદી તે થંડો પડે ત્યાં વેર નાચે છે.

અલાસ સ્ટ્રેટ—આ નેહેર લૉમ્બોકો અને સમબાવા બેટોની વચમાં છે. આ નેહેર ૫૦ માઇલ લાંબી અને ૯ માઇલ એના સાંકડા ભાગમાં પોહળી છે. નૌકા શાસ્ત્રીઓને આ માર્ગ બહુ સુલભ પડે છે. જાવાના બેટો તરફ જવાનો માર્ગ ઘણો ટુંકો છે.

અલાહબંદ—આ બંધ સીંધની દક્ષિણ સરહદ ઉપર આવેલો છે. તે રેતી અને શીંપ, શંખ, કોડી, છીપનો બનેલો છે. ઈ. સ. ૧૮૧૯ ના સખત ધર્તિકંપથી આ બંધ એકાએક ઉત્પન્ન થયો હતો તે પુર્નાપરથી ઇંડસ વેર ફેલાયલો છે. તે ૫૦ માઇલ લાંબો અને કેટલેક ઠેકાણે ૧૬ માઇલ પોહળો છે. ૧૮૧૬ માં ઇંડસમાં મોટી રેલ આવવાથી તેનો મોટો ભાગ ધસી ગયો છે.

અલાહબાદ—'હિંદુઓના માહાભારતમાં અલાહબાદ અને તેની પડોસના પ્રદેશોને 'વારણાવત'નું નામ આપવામાં આવ્યું છે. કોઇ એને પ્રયાગ અથવા ભાટ પ્રયાગ પણ કહે છે; તથા અકબરાબાદના નામે પણ એ શેહેર પ્રસિદ્ધ છે. આ નામીચા શેહેરનો ઇતિહાસ જાણવા જોગ છે. દુર્યોધન અને પાંડવોનું એક મજબુત યૂદ્ધ આ શેહેરમાં થયું હતું. અલાહબાદના પુરાતમ કિલ્લામાં ઇ. સ. પૂર્વે ૨૪૦ માં બૌધ ધર્મ પાળનારા 'અશોક' નામના રાજાએ ૪૨ ફીટની ઉંચાઇનો એક પથ્થર દાટી તે ઉપર આ શેહેરના ઇતિહાસને લગતા કેટલાક લેખો કોતરેલા છે, એ ઉપરથી ઘણું જાણવા જોગ મળી આવ્યું છે. ઇ. સ. ૧૧૯૪ માં પઠાણ લોકોએ અલાહબાદ શેહેર કબજે કીધું હતું, જે લાંબો વખત તેમની હકુમત તળે રહેવા પછી ઇ. સ. ૧૬૨૯ માં પઠાણોને મારી હટાવી, બાબરે જીતી લીધું હતું. ઇ. સ. ૧૬૭૫ માં દીલ્હિના ઇન્સાફી પાદશાહ અકબરે ત્યાં એક જબરદસ્ત કિલ્લો બાંધ્યો, જે ઉપર ખર્ચ કરવામાં કશી કસર રાખી નહિ. આ કિલ્લો બાંધીયા પછી અકબરે તેનું નામ 'ઇલાબાદ' રાખ્યું. એજ નામ રફતે રફતે અપભ્રંશ થઇ શેહેરનું નામ પણ અલાહબાદ થયું. આ પછી કેટલાક ચઢતી પડતીના ચિતારો જોઇને આ શેહેર અયોધ્યાના નવાબને હાથ આવ્યું, જેના પાસેથી ઇ. સ. ૧૮૦૧ માં નામદાર ઇંગ્રેજ સરકારે લઇ લીધું. ઇ. સ. ૧૮૫૭–૫૮ ના લશકરી બળવામાં થોડા દીવસ આ શેહેર બળવાખોરોના હસ્તક ગયું હતું, પણ મદ્રાજી તથા ઇંગ્રેજી લશકરે જનરલ 'નીલ' ની સરદારી તળે હાથ કીધું. આ હિંગામ પછી ઇંગ્રેજે પોતાનું ઠાણું જે પ્રથમ આગ્રા હતું તે અલાહબાદમાં કીધું.

અહીં એક પુરાતમ શંકરનું દેહેરું છે અને ભકિતમાન લોકો તે વિશે એવું કહે છે કે, ગંગા જમનાની ભેટ લેવા માટે સરસ્વતીને ત્યાં આવી હતી. દેવળની પડોસમાં એક ગંજાવર વડ છે, જે વડ ઘણા લાંબા કાળનું પુરાણું છે; હાલમાં એ વડ હસ્તી ધરાવે છે પણ તે વારંવારના પૂરાથી કરી અર્ધું દટાઇ ગયું છે. ૭૩૦ વર્ષ પર જમના અને ગંગા નદી એક માઇલ પર હતી, પણ હાલમાં તે તદન શંકરના દેહરાં પાસે આવી લાગી છે.

અલાહબાદનો ભાગ ૬ જીલ્લાઓનો સમાવેશ કરે છે. તેમાં અલાહબાદ, કાનપૂર, ફતેપૂર, હમીરપૂર, બાનડા અને જોનપૂર. હિંદુસ્થાનને લગતાં આ સંસ્થાનો ઘણુંજ ફળદ્રુપ અને વસ્તીવાળાં છે. અહીંઆની વસ્તી ૧૮૮૧ માં ૫૭,૫૪,૮૫૫ ની હતી. અલાહબાદનું પરગણું ૮૦ માઇલ લાંબુ અને ૫૦ માઇલ પોહળું છે. એનું ક્ષેત્રફળ ૨૮૦૦ ચૌરસ માઇલનું છે. અહીંઆની વસ્તી ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૧૪,૭૪,૧૦૬ ની હતી. અલાહબાદ હિંદુસ્થાનના નૉર્થ વેસ્ટ પ્રૉવિહન્સનું મુખ્ય મથક છે. જમના અને ગંગા નદીના સંગમ પાસે તે આવેલું છે, અને તે રેલવેનું મોટું જંકશન છે; કે જે મુંબઈ, મધ્યહિંદુસ્થાન અને બંગાળની રેલવેને જોડે છે. અહીંના કિલ્લામાં અકબરના વખતની ઘણીક નીશાનો જણાય છે.

અલી ઇબ્ન અબુ તાલીબ—ખલીફ ઓસમાન પછીનો આ ગાદીવારેસ હતો. ખલીફ ઓસમાનનું જ્યારે ખુન કરવામાં આવ્યું ત્યારે તેમની ગાદીપર હજરત અલીને બેસવાની વિનન્તી કરવામાં આવી પણ અલીએ ગાદીપર બેસવા ના પાડયું ત્યારે 'તૂલ્હા' અને 'ઝુબેર' નામની ઇસલામી મંડળીએ એમને આગ્રહ કરવાથી ગાદીએ બેઠા. ઇ૦ સ૦ ૬૫૫ માં એથી બખેડા જાગ્યા. તૂલ્હાએ કુફાની હાકેમી માંગી અને ઝુબેરે બસરાની હાકમી માંગી. હઝરત અલીએ ફરમાવ્યું કે તમો બન્ને જણાઓએ અહીં રહી મદદ કર્યા કરવી, પણ તે વાત તેઓએ ના પાડી બીબી અયસા સાથે મળી તેઓએ બંડ કીધું. બસરા પાસે મોટી લઢાઇ થઇ તેમાં તૂલ્હા અને ઝુબેર માર્યા ગયા. તેથી દમાસ્કસનો હાકેમ મવૈયા સામે થયો. તેની સામે અલી ૯૦૦૦૦ ની મોટી ફોજ લઈ લઢવા ગયા, પણ તે સામે થયો નહિ તેથી મવૈયાની પુરી હાર થઇ. તેના ઘણાક માણસો કપાઇ ગયા પણ તેટલાં ઇજીપ્તના હાકમ અમરૂએ પ્રપંચ કર્યો. તેને લવાદીપર કામ સોપવાનું કહ્યું તે વાત હજરત અલીએ ના પાડી. સેવટે તેમના અમીર મંડળના વિચારથી તેમ કરવું પડયું હતું. લવાદીઓમાં મવૈયા તરફનો અમરૂ હતો અને હજરત અલીનો અબદુલા મુસા હતો. અમરૂએ મુસાને ઠગ્યો. તેણે એમ સમજાવ્યું કે, ખરો હક અલી સાહેબનો છે એ તો જાહેર છે, પણ આપણે જો અલીનો હક જાહેર કરશું તો મવૈયા સ્વિકારશે નહિ અને લઢાઇ ઉભી થશે. તેથી જે ઇસલામીઓનું ખૂન રેડાસે તેની જવાબદારી આપણા ગળામાં આવી જશે. ભોલા મૂસાપર એ વાતની અસર થઈ, ત્યારે શી રીતે ફડચો કરવો એ અમરૂને પુછયું. અમરૂએ એમ કહ્યું. કે "આપણે બન્નેની મોહોર રદ્દ કરવી, પછી ગમે તે થાવેતેનો દોશ આપણે માથે નહીં રેહશે.

આ ચુકાદો સાંભળવા કૂફાની મસજીદમાં ભારે લોકોની ગીર્દી થઇ હતી. બન્ને બાજુના વકીલ ત્યાં હતા. અમરૂએ પેહેલાંથીજ એક યુક્તિ રચી રાખી હતી કે જેથી મૂસા આગળ ચાલે. તેને એમ સમજાવ્યું હતું કે હજરત અલીની મોહોર તમારા હાથમાં છે તેથી હું તમને માન આપું છું. મૂસા આગળ હતો તેને મીંબરમાં ચઢતાં હજરત અલીસાહેબની મોહોર રદ્દ કરેલી જણાવી, કે તૂરત અમરૂએ મીંબરપર ચઢી મવૈયાની મોહોર કાયમ કરેલી જાહર કીધી. આવા ચુકાદાથી મુસલમાન લોકોની અજાયબીનો પાર રહ્યો નહિ. હજરતઅલી તરફનાઓએ તલવારો ખેંચી, પણ કૂફાવાલાઓએ વચમાં પડી સમાધાન કીધું. ત્યાર પછી આરજી ટોળું જાગ્યું. એ ટોળાએ એવો વિચાર કર્યો કે હજરતઅલી, મવૈયા, અને અમરૂ એ ત્રણેને ઠાર કરવા. અમરૂને બદલે ભૂલથી તેમનો એક અમીર માર્યો ગયો. મવૈયાને જખમ થયો પણ તે ખાટલો સેવીને અંતે બચ્યો. ઇ. સ. ૬૬૧ માં અલી નીમાજ પઢતા હતા તે વેળા 'અબ્દુલ મલજુમ' નામના શખસે તેમને મારી નાંખ્યા.

અલીઇલ્લાહી—ઇરાનના દક્ષિણ ભાગમાં કુરંદ તરફ આ ધર્મ પાળનારાઓની મોટી વસ્તી છે. તેઓ અલીને ખુદાનો અવતાર માની માને છે. તેમજ તેઓ ઇસલામીઓમાં જે જે ચીજો હરામ ગણેલી છે તે તેઓ ખાઇ ને પીયે છે. તેમજ નીમાજ પઢતા નથી, તથા ચાલચલણમાં નિર્દય અને જંગલી છે. તેમના ધર્મની ઘણી ખરી રસમો જયૂ ધર્મને મળતી આવે છે. તેમની મોટી વસ્તી કેરમાનશાહ અને ...માં છે. તેઓમાં વર્ષ દહાડે પક્ષિનો તેહેવાર પડે છે. તે દહાડે દરેક ગામનો મુખી પોતાને ત્યાં પક્ષી લાવી તેને પકાવે છે. પછી તેમનો ધર્મગુરૂ 'શેખ' આવી મીજલસ ભરી બેસેછે. પ્રથમ તે પેલા પકાવેલા પક્ષીની બોટી ઉંચકી બધાંને વેંહેચે છે, પણ જેને પેલા પક્ષીનું હાડકું મળે છે તે ઘણી આવતા વર્ષમાં અલીનો વધારે માનીતો થશે એમ માને છે. આ ક્રિયા યાહુદીઓની ચોકસ ક્રિયાને મળતી છે.

અલી આબાદ—ઇરાકઅજમીના પ્રાંતમાં આ એક નાનું ગામડું છે. આ ગામડામાં ૫૦૦ ના સુમારે મકાનો છે. આ ગામ પોતાની રાજધાની શેહેર નજીક આવેલું હોવાથી શાહી અબ્બાસે વસાવ્યું હતું.

ઍલીકસ ઑવ ચેમ્પેગની—ફ્રાન્સના ૬ ઠા લુઇની એ રાણી. એ રાણી પોતાના અદલ ઇન્સાફ તથા શૂરાતન માટે જાણીતી થએલી છે. તેણીનો બેટો ફીલીપઆગસ્ટ પવિત્ર જેરૂસલેમની લઢાઇમાં ગયો હતો ત્યારે રાણીએ સઘળો રાજ્યકારોબાર ચલાવ્યો હતો. આ રાણી પોતાના બેટા લુઇની શીક્ષક હતી. મરણ ૧૨૪૬ માં નીપજ્યું.

અલીગંજ—(૧) બંગાલ ઈલાકામાં આવેલું આ શેહેર દીનાપૂરથી ગોરખપૂરનાં માર્ગમાં છે. દીનાપૂરની ઉત્તર પશ્ચિમે ૫૪ માઇલ પર છે. અત્રેનું બજાર જોવાં લાયક છે. વસ્તી મહમદીયાનોની મોટી છે.

(૨) આઉદના રાજ્યમાં સુલતાનપૂરના જીલ્લામાં, સુલતાનપૂરની છાવણીની ઉત્તર પશ્ચિમે ૧૨ માઇલ પર છે. અને લખનોની દક્ષિણ પૂર્વે ૭૦ માઇલ પર છે. અહીંની વસ્તી ૨૦૦ ના સુમારેની છે.

અલીગર—આ જીલ્લો મીરતમાં જમના અને ગંગા નદીની વચમાં છે. એની ઉત્તર તરફનો ભાગ તદન ખેતીવાડી વિનાનો છે, અને તેનો મોટો ભાગ તદન ગીચ ઝાડીઓથી ભરાયલો છે; પણ દક્ષિણ ભાગ ફળદ્રૂપ છે. અલીગરનું મુખ્ય શેહેર અલીગર આગ્રાથી ૫૦ માઇલ પર છે. ઇંગ્રેજ સરકારના હાથમાં ૧૮૦૩ માં આવ્યું. ૧૮૪૬ માં અલીગર જીલ્લાની લોક વસ્તી ૭,૬૬,૧૬૧ ની હતી. ૧૮૮૧ ની ગણત્રી મુજબ લોક વસ્તી ૧૦,૨૧,૧૮૭ ની હતી.

અલીનકી—મહમદીઆનોનો આ ૧૦ મો ઇમામ હતો. જનમ હિ. સ. ૨૧૨ માં થયો. એનું મુકામ રૂમના 'સામરા' નામના ગામડામાં હતું. મરણ હિ. સ. ૨૫૪ માં નીપજ્યું.

અલીનકોન—આ ફ્રાન્સથી ૧૧૬ માઇલ ઉપર છે. વસ્તી ૨૦૦૦૦ ની છે. અત્રે લેસ બનાવવાનાં ઘણા કારખાનાઓ છે. આ શેહેરમાં વડા ધર્મ ઉપાધ્યાની બેઠક છે.

અલીપાશા—જનમ ઇ. સ. ૧૭૪૧ માં થયો. આ પ્રસિદ્ધ આલબેનિયન સરદાર હતો. એની તવારીખ જુલમી અને ખુનરેજીથી ભરપૂર છે. ૪૦ વર્ષ આગમજ એની માતા તથા બેહેનનું કોઇ દેશીએ અપમાન કર્યું હતું તેનો બદલો આ ખુની બેટાએ 'ગાર્ડીક' નામના ગામડાનાં ૮૦૦ રહેવાશીઓને કત્તલ કરી લીધો હતો. એણે પોતાના ભાઇની ગર્દન મરાવી હતી, તથા પોતાની માતાપર ઝેર દેવાનું તોહમત મેળી માયને પણ કેદ કરી હતી, આ વૃધ માતા થોડી મુદત પછી તેવીજ હાલતમાં અંતઃપુરના કેદખાનામાં મરણ પામી હતી.

આસ્ટ્રેલિયા અને રશિયા સાથેની ૧૭૮૭ ની લઢાઇમાં એણે એવી તો બહાદુરી બત-

લાવી હતી કે 'એને' ટીખાલાનાં પા-શા''નો મોટો મરતબો મળ્યો. ૧૮૦૭ માં શાહાનશાહ નેપોલ્યન સાથે દોસ્તી કરી 'પારગા' મેળવવાની જીજ્ઞાશા કરી. પારગા આલબનીના કીનારા ઉપર આયોનીયન બે-ટોને લગતું એક છે. જ્યારે તે આ ઉમેદમાં નાઉમેદ થયો ત્યારે બ્રિટીશોની સેવામાં જોડાયો. ત્યાર બાદ તેમની બાંહેધરીમાંથી દૂર થઇ 'પારગા' સ્વાધીન લીધું. ઇ. સ. ૧૮૧૯ માં સુલતાન તો નામનો વડો હતો પણ બધી સત્તા અલીપાશાને હાથ હતી. ઇ. સ. ૧૮૨૦ માં સુલતાનને એના કાવ-ત્રાંની જાણ થતાં એને હોદ્ધા ઉપરથી દૂર કીધો. પાછળથી અલી એવી શરતે શરણ થયો કે તેની માલમીલકત તથા જાનને કશો ધોકો પોંહચાડવામાં નહિ આવે. પ્રથમ વચન આપી પાછળથી તે વચનનો ભંગ કરી ઇ. સ. ૧૮૨૨ માં એને મારા-ઓના હાથે ઠાર કીધો હતો.

અલીપાશા અહ્મદ અમીન—આ ટર્કીનો પ્રસિદ્ધ રાજ્ય કારભારી કૉન્સટન્ટીનોપલ ખાતે ઈ. સ. ૧૮૧૫ માં જનમ્યો. ૧૮૪૧ થી ૧૮૪૪ વેર તે ઇંગ્લાંડ ખાતેનો એલચી હતો. ૧૮૫૫ માં વિએના ખાતે મળેલી કૉન્ફ્ રન્સમાં પ્રતિનીધિ દાખલ બીરાજ્યો હતો, અને તેમજ પારીસ ખાતે ૧૮૫૬ માં નેમા-યો હતો. ૧૮૬૭ માં ૧૧ મી એપ્રેલે વડા વજીરની પદ્વિ એને પાંચમી વેળા મળી હતી. એનું મરણ કૉન્સટન્ટીનોપલ ખાતે ૧૮૭૧ માં નીપજ્યું.

અલીપૂર—(૧) દિલ્લીમાં આવેલું આ એક ગામ દિલ્લીથી કુરનાલાના માર્ગમાં છે. તે દિલ્લીની નેહેરપર આવેલું હોવાથી તેને ત્યાં-થી પુશકળ પાણી મળે છે.

અલીપુર—બુંદેલખંડમાં આ એક જાણીતી જાહાગીર છે. એની ઉત્તરે હમીરપૂર, પૂર્વ દક્ષિણે છત્રપૂર, અને પશ્ચિમે જાનસી. ક્ષેત્ર-ફળ ૮૫ ચોરસ માઇલનું છે. એમાં ૨૦

ગામડાઓ છે. તેમાં ૧૦૦૦૦ માણસોની વસ્તી છે. વાર્ષીક ઉપજ ૪૫૦૦ ની છે.

અલીબીન શીરબેગ જાહુક—આ વિદ્વાન કવિ જ્યારે સાત વર્ષનો હતો, ત્યારે સીત-લાથી પોતાની બેઉ આંખો ખોઇ બેઠો. એ પ્રથમ કુરાન શીખ્યો, પછી અદબ અને અખબાર વિદ્યા મોહડે કીધી. ત્યાર પછી તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર, તથા બ્રહ્મજ્ઞાન સંપાદન કર્યું. તે પોતે બી-જાઓ પાસે પુસ્તકો વંચાવતો અને મનમાં ગોખીને યાદ રાખતો. એ પ્રમાણે એણે અસાધારણ જ્ઞાન મેળવ્યું હતું. આ વિદ્વાન પુરૂષ એક પંચાંગ બનાવી દર વર્ષે તવંગર લોકોમાં વેંહેચતો અને તેપર પોતાનો નિર્વા-હ કરતો.

અલીબેગ—ચોથા સુલતાન મહમદની દરબા-રનો એ એક દુભાશ્યો હતો. જનમ પોલાંડમાં થયો. અહીંથી તે કેદ થઇ તુર્કસ્થાનમાં ગયો. અહીં એને સુલતાનના જનાનખાનામાં કેલવણી આપવામાં આવી હતી. તે ૧૭ ભાષાઓ સારી રીતે લખી, વાંચી જાણતો હતો. એણે તુર્કિઓની રીત ભાત, દેશ તથા હાજીઓ વિશે એક મોટો ગ્રંથ રચ્યો હતો. જેનો તર્જુમો હાઇડીએ કરી ઑકસફર્ડ ખાતે (નોંધો સહીત) ૧૬૯૧ માં છપાવ્યો હતો. એણે બાઇબલનો તર્જુમો ટર્કીશ ભાષામાં કર્યો હતો. મરણ ૧૬૭૫ માં નીપજ્યું.

અલીમબાદી—મદ્રાસ ઇલાકામાં કોઈંબતૂરના જીલ્લામાં કાવેરી નદીના જમણા કાંઠાપર આવેલું છે. માઇસોરની તવારીખમાં ૧૬૨૪ માં આ શેહેર પ્રસિદ્ધતા પામ્યું છે. શ્રીરંગા-પટ્ટણની પૂર્વે ૬૫ માઇલ પર અને મદ્રાસની દક્ષિણ પશ્ચિમે ૧૮૫ માઇલ પર છે.

અલીમર્દનખાન—ખંદહારનો એ ઇરાની સૂબો હતો. ઇ. સ. ૧૬૩૭ માં ઇરાનના શાહની ફરમાબરદારીમાંથી નીકળી દિલ્હીમાં શાહાજહાનની દરબારમાં ઘણા માનપાનથી ઓહ્દો પામી રહયો હતો. અલીમર્દને પોતાની ચાલાકી ને બાહોશીથી શાહાની મેહેરબાની

મેળવી જૂદે જૂદે વખતે કાબુલ અને કાશમીરનો હાકેમ નેમાયો હતો. તેમજ બલ્ખ અને બદખશાનની ચઢાઇમાં સામેલ થયો હતો. એણે પોતાની ઉત્તમ શોધકબુદ્ધિથી જમના નદીમાંથી ૧૨૦ માઇલની નેહેર બાંધી દિલ્હીમાં તેનું પાણી દાખલ કર્યું હતું.

અલીમસજીદ—આ કિલ્લો ખાઇબરની ખીણુમાં આવેલો છે. પેશાવરથી ૨૯ મૈલ પર અને જલાલાબાદથી ૬૯ મૈલપર છે. આ કિલ્લો બ્રિટીશોએ બે મરતબે સર કરી પાછો આપ્યો હતો. એક ૧૮૩૯ અને બીજી મરતબે ૧૮૭૮ માં હાથ કર્યો હતો. આ કિલ્લો સમુદ્રની સપાટીથી ૨૪૩૩ ફીટની ઉંચાઈપર બાંધેલો છે. એની આસપાસ આફ્રીદી તાયફાઓ વસે છે. ૧૮૯૭ ના સરહદની લઢાઇનાં હિંગામપર દુશમનોએ અલી મસજીદના કિલ્લાને આગ લગાડી જમીનદોસ્ત કીધો હતો.

અલી મસુદી—એનું અપત્યાર્થ નામ અબુલ હુસેન અલી હતું. એ બગદાદમાં પ્રસિદ્ધ લેખક અને મુસાફર દાખલ વખણાયો છે. એણે મોરક્કો અને સ્પેનની પશ્ચિમે મુસાફરી કરી હતી અને ચાઇનાની પૂર્વે પણ ફર્યો હતો.

અલીમાકુર—કરનૂલમાં મદ્રાસ ઇલાકાના તાબામાં આ ગામ છે. કરનૂલથી ગનટુરના માર્ગમાં અને કરનૂલની પૂર્વે ૩૮ માઇલ પર છે.

અલી મુરાદખાન—ખૈરપૂરના હાલના એ રાજ્ય કર્તા છે. એ તાલપૂર જાતના મુસલમાન છે. અગાઉ સીંધ દેશ ઘણા અમીરોના તાબામાં હતો. અમીરોમાં અલીમુરાદખાન શ્રેષ્ટ હતો. તેના તાબામાં આ ખૈરપુરનો મુલક હતો. જ્યારે ઈંગ્રેજ સરકાર અને અમીરો વચે લઢાઇ થઇ ત્યારે અલીમુરાદખાને ઇંગ્રેજોનો પક્ષ પકડયો. આ લઢાઇમાં અમીરોની હાર થઇ તેથી બ્રિટીશ સરકારે સીંધદેશ ખાલસા કીધો. પણ અલી મુરાદખાનની સેવાની કદરશનાશી કરી સરકારે ખૈરપૂરના તાબાનો મુલક, જે તેના કબજામાં હતો તે તેની પાસે રેહેવા દીધો. ત્યારથી ત્યાંનો રાજકર્તા અલી મુરાદખાન છે. એમના રાજ્યનો વિસ્તાર ૬૧૦૯ ચોરસ માઇલ છે. તેમાં વસ્તી ૧,૩૦,૯૦૦, ની છે. વાર્ષિક પેદાસ છ લાખ નેવું હજારની છે. રાજ્ય ઇંગ્રેજ સરકારના રક્ષણમાં છે.

અલીયા—આ રાગણીનો મુખ્ય સૂર ઋષભ છે. બાદીનિખાદ, સમબાદી ગંધાર, અમબાદી ઋષભ. એના સ્વરો—રે ग म प ध नी सा म. ષડજ શુદ્ધ, રૂષભ તીવ્ર, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, ધૈવત તીવ્ર, નિષાધ તિવ્ર, એ રાગ ગાવાનો વખત સાંહાજનો છે. એ જુદાઇની અસર ઉપજાવે છે.

અલીરેઅલી—આ રમત દેશી છોકરાઓમાં રમાય છે. દસ બાર અથવા ચૌદ છોકરાઓ એવડી સંખ્યામાં હોય છે અને તેમાં દસથી ઓછા રમનારાઓ નથી હોતાં. આ રમત છોકરાઓ ખુલ્લા ચોગાનમાં રમતી વેળા એક છોકરો દાવ લે છે. પેહલા છોકરાઓ ધુળ પાણી અથવા કશાનું એક કુંડાળું કરે છે. પછી દાવ લેનાર છોકરો કુંડાળા બહાર ઉભો રહે છે. ત્યાર બાદ દાવવાલો છોકરો તથા કુંડાળામાં ઉભેલા છોકરાઓ નીચે પ્રમાણે બોલે છે.

કુંડાળા માહેલા છોકરા—અલી રે અલી.
દાવ લેનાર છોકરો—તેલ તેલ પળી.
કુંડાળા માહેલા છોકરા—કોને માથે ઢળી.
દાવ લેનાર છોકરો—મારા-દોસ્તને મારશો નહિ.

એમ કરી કુંડાળા માહેલા ગમે તે છોકરાનું નામ લે છે. એટલે તે છોકરો કુંડાળાની બાહાર નીકળી જવાનું કરે છે, તેને કુંડાળાની બહાર નીકળતાં, વાર લાગે તો તે કુંડાળાની બહાર નીકળી જાય ત્યાં સુધી અંદરના છોકરાઓ તેને મારે છે.

કુંડાળાની બાહાર નીકળેલો છોકરો તથા દાવવાલો છોકરો એ બે જણા પોતાના એકેક હાથની આંગળીઓ અરસપરસ પકડી, મુગે મોઢે એક પગે ખોડમતા ખોડમતા કુંડાળાની અંદરના છોકરાને અડકવા જાય છે. તેઓ

જને અડક તેને કુંડાળા બાહાર નીકળી જવું જોઇએ. એમ કુંડાળામાંના બધા છોકરાંઓને પેલા બે અડકીને બાહાર કાઢે છે, એટલે રમત પુરી થાય છે.

અલીવર્દીખાન—એ કર્નાટકનો નવાબ. ઇ. સ. ૧૭૫૪ થી ૧૭૫૬ વેર ફ્રેન્ચોનો અને ઈંગ્રેજ લોકોનો જે ઝગડો ચાલતો હતો તેમાં અલી વર્દીખાને ઈંગ્રેજો તરફથી ભાગ લીધો હતો. એના અમલમાં મરહાઓ એની રૈઅતને લુટવા આવતા, તેમને કળેવળે એ પાછા હાંકી કાઢવા મેહેનત કરતો. એના મુલકમાં ઈંગ્રેજો હતા, તેમનો એ બંચાવ કરતો, અને તેના બદલામાં તેમની પાસેથી એ પૈસા લેતો. મરેઠાઓના ધુજારાથી કલકત્તાની આસપાસ ઇંગ્રેજોએ ખાડો ખોદવા ઇચ્છયું તે તેને ખોદવા દીધી. તેને મરેઠા ખાડી કહે છે. એનું મરણ ઇ. સ. ૧૭૫૬ માં નીપજ્યું.

અલીવાલ—પંજાબમાં સતલજ નદીને કાંઠે આ ગામડું આવેલું છે. સર હેરી સ્મીથે ૧૮૪૬ માં ૨૮ મી જુને ૨૪૦૦૦ શીખો સામે પોતાનાં ૧૨૦૦૦ ઘોડેસ્વારો સહીત સામે થઇ અહીં મોટી જીત મેળવી હતી, હાલમાં આ ગામડામાં વસ્તી નાની છે, જમીન ફળદ્રુપ છે.

અલીહુગંજ—ફરૂકાબાદમાં આવેલું એક ગામડું છે. એની જમણી તરફ રામગંગા નદી વહે છે. ફરૂકાબાદની ઉત્તર પૂર્વે ૧૧ માઇલપર છે. વસ્તી સુમારે ૬૦૦૦ ની છે.

અલીહાકેમ બિલ્લા—સિયા ઇમામી ઈસમાયલીની શાખાના આ ખલીફનો જનમ તા૦ ૧૬ મી રબીઉલ હીં૦ સ૦ ૩૫૦ માં મીસરમાં થયો. અલવીઓનાં ખલીફઓમાંથી મીસરમાં પ્રથમ એજ ખલીફા જનમ્યો હતો. એના વખતમાં હસનબીન અબદુલ મલેક સાથના એક શખસે ઘણી લઢાઇઓ કરી પણ અંતે ઇસલામીઓનાં અમીર ફજલ ઈબ્ને સાલેને તે હાથ આવતાં તેણે તેને હાકેમ પાસે મોકલ્યો. હાકેમે તેના માથા ઉપર લાલ ટોપી પહેરાવી હાથપગ બાંધી ઉંટ પર બેસાડયો, અને હમધુનાને તેની સાથે રાખ્યો. તે તેની પીઠ પર ઠોંસા મારતો હતો. આ દેખાવ જોઇ મીસરના લોકો ઘણા રાજી થયા. ઠોંસા ખાતાં ખાતાં તેનો દમ ઉંટપરજ આખર થયો. હિ. સ. ૩૭૮ માં પાદશાહે હુકમ કાઢયો કે રાતની વખતે શેહેરના દરવાજા તથા દુકાનો બંધ નહિ રાખતાં, ઘેરના દરવાજા ઉપર તથા ગલીઓમાં મશાલો બલતી રાખવી. લોકો રાતનાં બજારમાં ફરતા હતા, તથા હાકેમ પણ પોતાના નોકરો સાથે ફરતો હતો. હિ. સ. ૩૯૨ માં તેણે કાયરેમેજીકમાં મસજીદ બંધાવી, તથા હોકમ કીધો કે શરાબ અને બીજી કેફી ચીજોનો વેપાર બંધ કરવો, તથા સ્ત્રીઓને ખુલ્લે ચેહેરે ફરવા દેવી. અલીહાકેમે ઘણી પાઠશાળાઓ સ્થાપી હતી, તથા આલીમ અને ફકીઓ (કાયદા જાણનાર) ને પોતા પાસે રાખી તેમને ઘણી મીલકતો બક્ષી હતી. આ હાકેમ જાહેરમાં ધર્મી દેખાતો હતો પણ તેની રૈયત ઉપર કારભારીઓ જુલમ કરતા તેની તે દરકાર કરતો નહોતો. એક વખતે લોકોએ એક પ્રતિમાં બનાવી તેના હાથમાં એક કાગળ આપી અલી હાકેમના જવાના માર્ગમાં ઉભી રાખી. હાકેમે રસ્તે જતાં તે કાગળ લઇ વાંચ્યો, તો તેમાં તેનું તથા તેના વડીલોનું બુરૂં લખેલું હતું. આથી તે નાખુશ થયો અને મીસરને લુટવા તથા બાળી નાખવાનો હોકમ આપ્યો, જેથી મીસરના અર્ધા ભાગનો નાશ થયો. તેને એક એવી ટેવ હતી કે, તે કાગળો લખી હવામાં ફેંકી દેતો, તેમાં લખેલું હોય કે લાવનારને અમુક ચીજ આપવી અને કોઇને અમુક સજા કરવાની લખતો હતો. જે કોઈ તેવો કાગળ લઇ અમીરબાહદની પાસે જતો, તેની પ્રત્યે અમીર લખેલું અમલમાં લાવતો. આ ખલીફાને પોતાની બેહેન માટે પોતાના લશકરના એક અમીર

ઉપર શક જતાં તેને મારી નાખવાનો મનસુબો કર્યો. આ વાતની ખબર પેલા અમીરને થતાં તેણે અલીહાકમને મારી નાખવાને એક ટુકડી તૈયાર કરાવી.

અલીહાકેમ દરરોજ ઉંટ ઉપર સ્વાર થઈ મિસરની આસપાસના પાહાડોમાં ફરવા જતો. તે નજુમમાં પૂર્વિણ હતો અને હમેશાં કેહેતો કે અમુક રાતનાં હું આફતમાંથી બચું તો મારી ઉમ્મર ૮૦ વર્ષની થશે. જ્યારે તે રાત આવી તે વેળા રોજ મુજબ તે ફરવા નીકળયો પણ તેની માયે તેને તે વાત યાદ આપી રોકયો, પણ તેણે નહિ ગણકારતાં તે બહાર નીકળયો કે માર્ગમાં અમીરની ટોળીએ હિ. સ. ૪૨૦ માં એને મારી નાખ્યો. એની લાસને એની બેહેન પાસ લઈ આવ્યા. તેને પાદશાહી મેહેલમાં દફનાવ્યો તેની પેહેલાં કોઇને ખબર કરી નહિ. સાત દીવસ પછી વજીરે કાજીને એ વાત જાહેર કરી, ત્યારે તેની ગાદી તેના બેટા જાહેરઅલદીન અલ્લાને સોંપી. આ હાકમે ૨૫ વર્ષ રાજ્યપદ ભોગવ્યું હતું.

અલુર—(૧) નાગપૂરને લગતું આ ગામ તેની દક્ષિણે ૧૭૦ માઇલ પર છે.

(૨) નિઝામ હૈદ્રાબાદમાં આવેલું આ પણ એક ગામડું છે જે હૈદ્રાબાદની પશ્ચિમે ૨૯ માઇલપર છે.

અલેકઝાન્ડર ધી ગ્રેટ—આ મહાન પાદશાહ **સીકંદર રૂમી**નાં નામે પણ પ્રસિદ્ધતા પામ્યો છે. ગ્રીસ દેશના માસીડોનીયન ફીલીપ રાજાનો આ પુત્ર હતો. ફીલીપની ઓલીમપ્યાસ નામે રાણી હતી. તેણીએ સીકંદરનો જન્મ ઈ.સ. પૂર્વે ૩૫૬ માં આપ્યો. એક વેળા અદેખા લોકોના ભંભેરવાથી પોતાની રાણી પર બેવફાઇનો આરોપ મેળી ઘેરમાંથી કાઢી મેળી, અને ત્યાર પછી તે ઘણીક રાણીઓ સાથે પરણ્યો. છેલ્લે તેણે પોતાના સરદાર એટેલસની ભત્રીજી કલિયોપેત્રાને પસંદ કરી, અને ઇ. સ. પૂર્વે ૩૩૭ માં ઓલીમપ્યાસને તલાક આપી.

સીકંદર ઘણો ખરો પિતાની સાથે રેહેતો હતો. જ્યારે તે ૧૩ વર્ષનો થયો ત્યારે એરીસટૉટલીસ નામે પ્રખ્યાત તત્વજ્ઞાનીને સોંપ્યો. સત્તર વર્ષની ઉમરે તેણે પોતાના પિતાને મરતાં બચાવ્યો. ૧૮ મે વર્ષે આથિનીયન ગ્રીક ઉપર ચઢાઈ કરી તેમને હરાવ્યા હતા, પણ પિતાએ પોતાની માતાને તલાક આપેલી વાત આ સમયે જાણી તે ઘણો ગુસ્સે થયો, અને ફીલીપ સામે જાહેર દુશમનાઇ બતાવવા માંડી. એ કજ્યો ઘણો વધી ગયા પછી પાસેન્યસ નામે એક ખાસ સીપાઈએ રાજાનું ખુન ઈ. સ. પૂર્વે ૩૩૬ માં કીધું પણ તતકાળ તે પણ માર્યો ગયો. આ ખૂનમાં સીકંદર તથા તેની માતાનો હાથ હતો એમ કેટલીક બીજી બીનાઓ ઉપરથી જાહેર થાયછે. અલેકઝાન્ડર તથા તેની માતાએ આગલા કીનાના વેરમાં ગરીબ અનાથ જુવાન રાણી કલિયોપેત્રાને તથા તેણીના બાળક બેટાના જાન લીધાં. કહે છે કે પ્રથમ તેણીના કુંવરને તેણીની છાતીપર કાપી કલિયોપેત્રાને ત્યાર પછી શૂલીએ ચઢાવી હતી. આ ઉપરથી સીકંદરની ઘાતકી ચાલ જણાઇ આવે છે, અને તેની તમામ કારકિર્દી તેવીજ ઘાતકી અને લોભી નીવડી હતી.

જ્યારે પોતાના પિતાનું ખૂન થયું ત્યારે હવે તેની ગાદીપર કોણ બેસે એ સવાલ હતો. સીકંદરે પોતાના રસ્તા વચેની નડતલો ઘાતકી રીતે દુર કીધી હતી. પણ બીજો દાવાદાર 'એમેન્ટાસ' હાલ ૨૪ વર્ષની વયનો હતો, અને તે ફીલીપનો ભત્રીજો તેમજ જમાઇ હતો. તેનો ખરો હક છતાં તેને બાજુએ રાખી ફીલીપ પોતાના ભાઇના તખત ઉપર બેઠો હતો. અને તેના મરણ પછી પણ આ એકમાર્ગી શાહાજાદાને તખત મલ્યું નહિ અને સીકંદરે તેને નડતલ ગણીને મારી નાખ્યો. એ રીતે પોતાની વીસ વર્ષની વયે ઈ. સ. પૂર્વે ૩૩૬ માં ગાદીનશીન થયો.

ગાદીએ આવ્યો તેજ વર્ષના અકટોબર મહિનામાં સીકંદર યુનાન ઉપર ચઢાઇ લઇ ગયો, ત્યારે સ્પાર્ટા શિવાય સઘળા નાના રાજ્યોએ તેની હકુમત કબુલ રાખી. આ વેળા કોરીન્થ ખાતે મળેલી મોટી રાજ્ય દરબારમાં તેને સઘળી યુનાની ફોજનો વડો કબુલ કરવામાં આવ્યો અને એ રીતે યુનાની રાજ્યો ગુલામગીરીના બંદમાં સીકડાઈ પડયા.

થીબસમાં એક વેળા એવી વાત પસરી કે 'ઇલીરીયન'માં સીકંદર મરણ પામ્યો છે. તેથી તે ગામના લોકોએ ઉશકેરાઇ સીકંદરના બે સરદારોને કીનાના આવેશમાં મારી નાખ્યા. આ વાત જાણી ત્યારે સીકંદરે ૧૩ દાહાડામાં થીબસ જઇ ત્યાંનો કિલ્લો જમીનદોસ્ત કરી ત્યાંના લોકોની ઘણી ઘાતકી કતલ કીધી. આ દેશની લુટમાં તેણે બાર લાખ રૂપ્યા તથા તે શિવાય બીજી અસંખ્ય ચીજો મેળવી હતી.

ઇ. સ. પૂર્વે ૩૩૪ ની વસંત રૂતૂમાં હજાર પાયદળ અને પાંચ હજાર સ્વારો અને લશકરને પોણા બે લાખ રૂપ્યા પગારના આપવાના સાથે રાખી, તે એકસો સાઠ વાહાણોમાં ભરી ૨૨ દાહાડે એશિયામાં અસલ ટ્રોય નગર હતું ત્યાં આવી પોહચ્યો. સીકંદરનો જ્યારે વાહાણમાંથી કીનારાપર ઉતરતાં પગ સરી પડયો તે વેળા તે ઘણી સમયસૂચકતા વાપરી બોલ્યો કે "જુઓ હું એશિયાખંડ ખચીત જીતવાનો છેઉં, તેથી હું તેને આગમજથી કોટી કરી લેઉં છું. જેવો તે ગ્રાક નદી પાસે જઇ પુગો કે ત્યાં દારાનો એક સરદાર યૂદ્ધ માટે તૈઆર હતો તેની સાથે ઇ. સ. પૂર્વે ૩૩૪ ના મે મહીનામાં એક યૂદ્ધ થયું તેમાં અલેકઝાન્ડરની ફતેહ થઇ. આ ફતેહથી બીજા દેશોનાં લોકોના મનપર એટલો તો છાપ બેઠો કે સાર્ડીન, કનારશ, માઇલેટશ વગેરે શેહેરો પોતાની મેળે તાબે થયાં.

મીલીટશ આગળ આવ્યો ત્યારે તેણે ઇરાનીઓનાં મોટા રાજ્યને નક્કી ઉંધુ વાળવું જ એવો નિશ્ચય કર્યો અને અને પોતાના વાહાણોનો કાફલો કાઢી નાખ્યો. હાલીકર્નિસસ આગળ આવ્યો ત્યારે ઘણાક રાજાઓએ ત્યાં આવી તાબે થવાનું કબુલ કર્યું. પછી કેટલુંક લશકર વેરાતું પડયું હતું તેને એખઠું કરલને સીકંદર ગાર્ડીયન નગરમાં ગયો. તે ગામડામાં એક ગાડીની જુસરીને થાંભા સાથે કોઇ ઝાડની છાલથી ઘણોજ મજબુત ગાંઠ મારેલો હતો, અને તેને વિશે એવી કહેવત ચાલતી હતી કે 'જે શખસ એ ગાંઠ છોડશે તે સઘળી દુન્યા ફતેહ કરશે. પણ તે ગાંઠ એવી તો કળાથી મારેલો હતો કે તેના બેઉ છેડા અંદર ગુંચવી નાખી બેમાલુમ કરેલા હોવાથી તેને કોઇ છોડી શકતું નહિ. જ્યારે સીકંદરની પણ તેને છોડવાની મેહેનત રદ ગઇ ત્યારે તેણે તે પોતાની તલવારથી કાપી તેના ૨૦૦ કટકા કર્યા. આ ગામમાં સીકંદરને ઘણા દીવસો ખોટી થવું પડયું તેથી દારાને વધારે હિમ્મત આવતી ગઈ અને તે એવું સમજવા લાગો કે સીકંદરતો બિહીકથી મારા રાજ્યપર હુમલો કરવાને પાછો આવતો નથી. પણ ખરૂં કારણ તો એજ હતું કે તે ત્યાં કેટલાક દીવસો સુધી બેમાર હતો.

અલેકઝાન્ડર (સીકંદર) ની તબીઅત સારી થતાંજ તેણે છાવણી ઉઠાવી અને સિરીયાની સરહદ ઉપર ઇસસ નગર આગળ દારાયસ જાતે લઢવા આવ્યો હતો તેને ઇ. સ. પૂર્વે ૩૩૩ માં હરાવ્યો. દારાયસ નાહાઠો પણ તેની માં, સ્ત્રી અને બચ્ચાંઓને સીકંદરે કેદ પકડી તેમને માન વિવેકથી રાખ્યાં. ત્યાર પછી તે દમાસ્કસ શેહેરમાં દાખલ થયો, ત્યાં જે ઇરાનીઓ નાહાશી ભરાયા હતા તેઓને કેદ કર્યા. પછી તેણે 'ફીનિસ્યા' ના કેટલાક આબાદ શેહેરો તાબે કીધાં.

સાત મહિના ઘેરો નાખી ઇ. સ. પૂર્વે

૩૩૨ માં ટાયર શેહેર લીધું. ત્યારબાદ જેરૂસલેમમાં થઇને-ઇરાનનું 'ગાઝા' લઇ તેણે ઇજીપ્ત દેશ તાબે કરી નૈલ નદીના મુખ ઉપર અલેકઝાંન્ડ્રીયા (સીકંદ્રીયા) શેહેર ઇ. સ. પૂર્વે ૩૩૧ માં વસાવ્યું જે હાલમાં પણ કાયમ છે. તે શેહેરથી પાછો ફરી યુફ્રેટીસ તથા ટેગ્રીસ નદી ઓળંગી એસિરીયાના આર્બેલા નગરથી ૫૦ માઇલ દૂર આવી થોભ્યો. અંહી દરાયસે દસલાખ લશકર એખટું કરી રાખ્યું હતું. અહીં ગ્રીક તથા ઇરાનીઓની એક મોટી લઢાઈ થઇ. આ આર્બેલાની લઢાઇ ઈ. સ. પૂર્વે ૩૩૧ ના અકટોબર માસમાં થઇ. આ લઢાઇમાં ઇરાનીઓ હાર્યા અને એશિયામાં સીકંદર વીજયી કહેવાયો.

તે બાબીલન, સુસા, પાર્સીપોલીસ વગેરે શેહેરોને સેહેલાઇથી તાબે કરી દરાયસની પાછળ ગયો. તેણે કૂચ કરતાં એક રાત્રે દારૂની ખુમારીમાં પાર્સીપોલીસને તારાજ કીધું. અહીંથી ૨૭૫૦૦૦૦૦૦ ની ગંજાવર દોલત હાથ કરી ૫૦૦૦ ઉંટો અને તે કરતાં વધારે ખચ્ચરોપર લાધીને આ ગંજાવર ખજાનાને પાર્સિસ બાહાર મોકલી દીધો. સીકંદરે આ વેળા પોતાના મીત્રોને જીયાફત આપી, તેમાં સઘળા દારૂથી મસ્ત થયા. આ વખતે છાવણીમાંની યુનાની સ્ત્રીઓ તદ્દન બેહયા બનીને આ છાકટાઓની મીજલસમાં પોતાના દોસ્તો મેલવવા મોહડાં છુપાવીને દાખલ થઇ. આ બેશરમ ઓરતોમાંની એક થૈસા નામની ટાલેમીની માશૂક હતી, તેણીએ સીકંદરનું લક્ષ પોતાનાં શરમભરેલા ચાળાઓ તરફ ખેંચીને તથા શરાબની જામ ઉઠાવીને તેને માહત્મા જર્કસીસનાં મેહેલોને બાળી મુકવા ઉશકેર્યો, જે ઉપરથી આખી છાકટી મીજલસે તેણીને ખુશાલીનાં પોકારોથી વધાવી લીધી, અને તેણીની ઇચ્છા તૃપ્ત કરવાને સીકંદરને આગ્રહ કીધો. આ ઉપરથી તે પોતાની બેઠક ઉપરથી ઉઠયો. તેની પાછળ સઘળો રસાલો બળતી મશાલો લઈને આવ્યો અને આગ લગાડી. તે મેહેલ થોડોકવાર સુધી બળયો, પણ પછી આવો સારો મેહેલ બળતો જોઇ પાદશાથી જોવાયું નહિ, ત્યારે પોતાની હુલડાઈ ઉપર અફસોસ કરીને જલદીથી આગ બુજવવાનો હોકમ આપ્યો પણ બધું ફોકટ. આ બનાવ ઇ. સ. પૂર્વે ૩૩૦ માં બન્યો.

પાર્સીપોલીસ ખાતે ૩૦૦૦ મેસીડોનીયનોની એક ફોજ રાખીને સીકંદરે તીરદાદને પાર્સી પોલીસની હાકેમી બક્ષી અને ઇ. સ. પૂર્વે ૩૩૦ ની વસંતમાં મીડિયા તરફ વળયો. દરરોજ ૪૦ માઇલ કુચ કરતાં તે ૧૫ દહાડે 'મીડિયાની રાજધાની' 'એકબેટા' માં જઇ પોંહચ્યો. અને ત્યાંથી પાર્થીયામાં ગયો. અહીં તેણે સાંભળીયું કે બાકટ્રીયાનાં હાકમ 'બીસસે' દારાને મારી નાખ્યો. જ્યારે સીકંદરને બીસસે કરેલા ખુનની વાત તથા તેણે ઇરાનના શાહાનું પદ ધારણ કરેલું જાણ્યું તેવો તે તેનાપર જીહૂન નદી પસાર કરી બીસસને કેદ કર્યો. તેના ગળામાં એક બંદ બાંધ્યો, તેના પગે બેડી ઠોકી અને એક જાહેર રસ્તા ઉપર તેને ઉભો કીધો અને તેને બાંધી મરાવ્યો; ત્યાર પછી તે બલ્ખમાં જ્યારે પાછો ફર્યો કે તુરત તેના નાક કાન કાપી છુટો છોડી મેલ્યો. તે એવી દેખાઇતી મતલબથી કે મીડ અને ઇરાનીઓ પોતાના પાદશાહના ખુનીને પોતાના હાથેજ જબેહ કરે. સીકંદર પોતાના સ્વાર્થ માટે બીસસ ઉપર જેટલો ક્રોધાયમાન થયો એટલો દારાના ખુન માટે નહોતો. તોપણ ઇરાની પ્રજાને રાજી રાખવાની મતલબથી તેણે બીસસ ઉપર ખુદ દારાનેજ માટે વેર લેવાના ઢોંગ કર્યા હતા.

ઇ. સ. પૂર્વે ૩૩૦–૨૯ ની પાનખર તથા શિયાળાની રૂતુઓ 'દ્રાન્જયા' નાગેદ્રસ્યા, આરકોસ્યા અને આજનાં અફઘાનિસ્થાનનાં કેટલાક મુલકો જીતવામાં પસાર થઇ ગઈ. એજ મુદતમાં સીકંદરે, કાબુલ,

કંદહાર, ગીજની અને ફરાહ' ની વચેનો મુલક જીતી ફતેહ કીધો. હિંદુકુશના દક્ષિણ માર્ગમાં એ નવું નગર બાંધી તેમાં પોતાના દેશના વૃદ્ધ લશકરી સીપાઇઓને વસવાને રાખ્યા પછી, પાહાડમાંથી પંદર દહાડાની મંજલ કાપી બાકટ્રીયામાં જઇ ઉપર જણાવ્યું તેમ બીસસ ઉપર વેર લીધું.

છેલ્લે તે ઈ. સ. પૂર્વે ૩૨૭ માં સીંધુ નદી ઓલંગી અટક આગલ આવ્યો ને જ્યારે તેણે જેલમ નદી પસાર કરવા માંડી ત્યારે પોરસ નામે હિંદુ રાજા સામો થયો. સીકંદરે લઢાઇ કરીને તેને હરાવ્યો. જ્યારે પોરસને સીકંદરની પાસે લાવ્યા ત્યારે તેનો મજબુત બાંધો,. તેની ભવ્ય કાંતી ને તેનું નીડરપણું જોઈ પ્રસન્ન થઈ તેને મીત્ર કહયો, ને તેનું રાજ્ય તેને પાછું આપ્યું. તેણે સીંધુ અને જેલમની વચમાંનો બીજો કેટલોક પ્રદેશ જીતીને પોરસને આપ્યો અને ઘણાક રાજાના વકીલો તાબેદારી કબુલ કરવાને આવેલા તેઓનો સત્કાર કર્યો.

અલેકઝાન્ડરે સતલજની પેલી પાર જવાની તૈયારી કરવા માંડી, પણ સરદારો હઠ લઇ બેઠા. ત્રણ દીવસ ઘોળાઘોળ થયા પછી સીકંદરે પાછા ફરવાનો નિશ્ચય કીધો. પછી બે હજાર વાહાણોનો કાફલો સિંધુ નદીમાં રાખીને સમુદ્ર તરફ ચાલ્યો, અને બીજું લશકર નદીને બંને કાંઠે ચાલતું આવી મળયું. અહીં સીકંદરે ગોઠવણ કરી કે લીયોનેટસ થોડા વાહાણો સાથે સિંધુ નદીમાં રહી, નીયાટસે મોટો કાફલો લઇ સમુદ્ર માર્ગે પણ કાંઠાની નજદીક રહીને ઇરાન આવે અને બાકીનું લશકર ખુશકીને માર્ગે પોતાની સાથે આવવાને તૈયાર કરે. પછી તે આબીસ નદી ઉતરીને જીડોશિયામાં આવ્યો. અહીંથી તે ઘણો દુઃખ પામતો પાર્સીપોલીસ તથા પર્સાગર્દની ભેટ લઇ આગળ વધ્યો અને અહીં માહાત્મા કુરેશના અસ્તોદનને ખરાબ થએલું જોઇ તેના રખેવાલને મારી નાંખ્યો.

પછી કેટલાક લશકરને ટૈગ્રીસ નદી ઉપર હાજર રહેવાનો હુકમ કરી ઇ. સ. પુર્વે ૩૨૫ની આખેરીએ 'એકબટા' થઇને બાબીલ્યન આવ્યો. અહીં રહી તેણે ત્યાંના મોટા રાજ્ય સંબંધી કાયમ બંદો બંદોબસ્ત રાખવાને અને પ્રજાને સુધારી સુખી કરવાને ઘણાએક વિચાર કરવા રહ્યો. અત્રે તેનો એક માનીતો મરણ પામ્યો તેના મોત પાછળ મોટી ખાણીપીણી કરીને પોતે પણ પુશકળ દારૂ પીધો અને તેજ લખથી અંતે તેનું મોત નીપજ્યું.

તાવ છતાં તે નાહયો અને તેથી આંઠ દિવસનો સખત મંદવાડ ભોગવીને ઇ. સ. પૂર્વે ૩૨૩ ના જુનમાં મરણ પામ્યો.

૨૦ વર્ષની નાની વયે રાજ્યપદ ભોગવી શૈ:ર્યતાથી ગ્રીસથી પશ્ચિમ એશિયા ને ત્યાંથી ઇજીપ્ત ને પાછો એશિયામાં તે છેક તાતાર દેશની જાકજર્ટીસ નદી સુધી, ને પંજાબથી સતલજ નદી સુધી ને ત્યાંથી પાછો છેક ઇરાનમાં તે છેક પ્રાચીન બાબીલ્યનમાં ટુંક વયમા ફતેહો મેળવી સૌને તાબે કર્યા.

અલેકઝાન્ડર પોપ—આ પ્રસિધ્ધ કવિનો જનમ ઇંગલાંડમાં ઈ. સ. ૧૬૮૮ ની ૨૧ મી મેએ થયો. એનો બાપ કાપડનો વેપારી હતો, જેમાં તેણે સારૂં ધન મેલવ્યું હતું. પોતાના બુઢાપામાં એના બાપે વેપાર બંધ કરી ઠીક નાણું ગાંઠે રાખી એકાંત જીંદગી બિન્સફીલ્ડમાં ગુજારવા માંડી. અલેકઝાન્ડર પોપ એક ચુસ્ત કેથોલીક હતો. તેઓ વિલીયમ અને મેરીની નવી રાજનીતિને ધીક્કારતા હતા. એના બાપે પૈસાના બળે કરી પોપને સારી કેલવણી આપી હતી. ૧૨ વર્ષની વયથીજ એણે નાહાની નાહાની કવિતાઓ જોડવા માંડી. એણે ૧૫ વર્ષની વયે યુનાની કવિ:સ્તેતિયશના એક કાવ્યનો તથા ઇટાલ્યન કવિ ઓવિસની કલમથી જોડાયલી એક માશુકના વિલાપનો મધુર ઇંગ્રેજી બેતબાજીમાં તર્જુમો કરી છપાવ્યો હતો. ઇ. સ. ૧૭૧૧ માં 'એસે ઑનક્રીટીઝમ' અથવા નૂકતેચીનીપર કવિતા રૂપી રેસાલો પ્રગટ

કર્યો. ત્રેવીસ વર્ષની વયે અવસ્તાનાં સુખનોથી સણગારેલી એક કવીતા એણે જોડી. એજ વર્ષમાં એક પોતાનીજ પડોસની છોકરી પર એ આશક પડયો, પણ તેણીના માયબાપોએ આ સાંમે વાંધો લીધાથી પેલી કુમારીકા નાસીપાસ થઇ, ને પોતાના આશકના ગમમાં મરણ પામી. એની માશુકના આવાં કંગાલ મરણ પર કવિએ ઘણીક શોકાતુર અને દયા ઉપજાવે એવી કવિતાઓ જોડી બાહાર પાડી. ઇ.સ. ૧૭૧૫-૧૬ માં એણે કિર્તીનું મંદીર નામે પુસ્તક છપાવ્યું. વળી એણે ઈલીયડનો તર્જુમો કરી છપાવ્યો હતો.

એ રોમન કેથોલીક હોવાથી રાજા રાણીને ધીક્કરતો હતો, તેથી તેમના તરફથી થતી બક્ષેસ હરગેજ તે કબુલ કરતો નહિ. એણે પોતાની જીંદગી કુંવારાપણુમાં ગાળી 'ટવિકહેમ' ખાતે ઇ. સ. ૧૭૪૪ ની ૩૦ મી મે ને દીને મરણ પામ્યો.

અલેકઝાન્ડર વિલીયમ—અર્લ ઑવ સ્ટર્લીંગ. એ સ્કૉટલંડમાં ઇ. સ. ૧૬૨૬ માં સેક્રેટરી ઑવ સ્ટેટનાં ઓધા પર હતો. એણે ઘણીએક કવિતાઓ તથા નાટકના ગાયનો જોડયાં હતાં. કેટલીક મુદત સુધી એ છઠ્ઠા જેમ્સની દરબારમાં હતો. જ્યાં તેણે કવિતાના તથા બીજા વિષયોનાં પુસ્તકો પ્રગટ કરી નામ મેલવ્યું હતું. એનું મરણ ઇ. સ. ૧૬૪૦ માં નીપજ્યું.

અલેકઝાન્ડર બીજો—(૧) અમીસ્ટન બીજાનો બેટો. એ મેસીડોન્યાનો ૧૬ મો પાદશાહ થઇ ગયો છે. એનો જમાનો ઇ. સ. પૂર્વે ૩૦૦ માં હતો.

(૨) સિરીયાના એક ભાગનો એ રાજા હતો. એને ઝીબીનાસના નામે પણ ઓળખવામાં આવે છે. એ રાજગાદીએ ઇ. સ. પૂર્વે ૧૨૮ માં આવ્યો. મરણ ૧૨૨ માં નીપજ્યું. એના રાજ્ય દરમ્યાન ચાલતા ત્રાંબાચાંદીના સિક્કાઓ હાલમાં બ્રિટીશ મ્યુઝીઅમમાં જોવામાં આવે છે.

અલેકઝાન્ડર—એ બીજા એરિસ્ટો બ્યુલસનો પુત્ર હતો, અને જ્યુ પ્રજાનો રાજા હતો. પોમ્પિઆઇએ એને તથા એના બાપને કેદ કરી રોમ મોકલ્યા હતા, એનની સાથે એનો ભાઇ એન્ટીગોનીસ તથા એ બેહેનો કેદ થઇ હતી. કેદમાંથી છુટકારો મેળવી જુડીયા ખાતે જઇ એણે એક મોટું લશકર જમાવ કરી સામે થયો તેમાં ગેબીનીયસના હાથે હાર પામી કેદ થયો. કેદ થયા પછી એને રોમ ખાતે મોકલવામાં આવ્યો. આ બનાવ ઇ. સ. પૂર્વે ૫૭ માં બન્યો. સીઝરે એનીપર દયા આણી પાછું એને છુટાપણું બખ્સ્યું. કારણ કે આ બાહોશ માણસ સિરીયાંની સેવા કરશે એમ તે ધારતો હતો, પણ એણે પાછું બંડ કીધું તેથી પોમ્પિઆઇએ એને કેદ કરી ઇ. સ. પૂર્વે ૪૦ મારી નાખ્યો.

અલેકઝાન્ડર જોનીસ—આ જ્યુ પાદશાહ ઈ. સ. પૂર્વે ૧૦૪ માં ગાદીનશીન થયો. ફારીસીસ ખાતેના બળવાંના વખતમાં ૮૦૦ કેદીઓને આ જંગલી રાજાએ એક દીવસમાં મારી નાંખ્યા હતા. એનું મરણ ઇ. સ. પૂર્વે ૮૧ માં નીપજ્યું.

અલેકઝાન્ડર ૧ લો—એનો ભાઈ એડગર ઈ. સ' ૧૧૦૭ માં મરણ પામ્યા પછી એ સ્કૉટલંડની ગાદી ઉપર બેઠો. આ રાજા ઇનસાફમાં ઘણો સખત હતો, તેથી એના રાજ્યમાં ઘણા બખેડા ઉત્પન્ન થયા હતા. એનું મરણ ઇ. સ. ૧૧૨૪ માં નીપજ્યું.

અલેકઝાન્ડર બીજો—(૧) આ સ્કૉટલંડનો રાજા ૧૧ વર્ષની વયે પોતાના બાપ વિલ્યમ ધી લાયન પછી ઇ. સ. ૧૨૧૪ માં ગાદીએ આવ્યો. એની તમામ જીંદગી લડાઈમાં ગુજરી હતી. ઇગલંડનો રાજા જોન એના રાજ્યપર ચઢાઇઓ કરી ગયો હતો અને ઘણી ઘાતકી વર્તણુક ચલાવી હતી. તેનું વેર એ ઈંગલંડમાંથી પસાર થતો હતો ત્યારે તેવીજ રીતે લીધું હતું. ઇ. સ. ૧૨૨૧ માં ત્રીજા હેન્રિની બેન સાથે એના લગન

થયાં, આ સગાઈથી ફરી બેઉ રાજા વચ્ચે સુલેહ થઈ. એનું મરણ ૧૨૪૯ માં નીપજ્યું.

(૨) જનમ ઈ. સ. ૧૭૭૭ માં થયો. એનો ભાઇ એમપરર નીકોલસ પછી ૧૮૦૧ માં એ ગાદીનશીન થયો. એ શાહાનશાહ પાલનો બીજો બેટો હતો. તેનું મરણ ઇ. સ. ૧૮૨૫ માં નીપજ્યું.

(૩)જનમ ઈ. સ. ૧૮૧૮ માં થયો. એ ૧૮૫૫ માં રશીઆની ગાદીએ આવ્યો અને સેન્ટ પીટર્સબર્ગમાં ૧૮૮૧ ની ૧૩ મી મારચે અનારકીસ્ટોએ એનું ખુન કીધું.

(૪) આ પોલાંડનો રાજા એનો ભાઈ જોન આલબર્ટ પછી ૧૫૦૧ માં ગાદીનશીન થયો. મરણ ૪૫ વર્ષની વયે ૧૫૦૬ માં નીપજ્યું. આ રાજા ઉદાર શૂરો અને ચંચળ હતો.

અલેકઝાન્ડર ડુમા—જનમ ઇ. સ. ૧૮૦૨ ની ૪ થી જુલાઇએ 'વીલર્સકેતેર્સમાં' થયો. એનો પિતા જનરલ ડુમા લશકરનો વડો હતો. એણે પોતાની કેળવણી માતાની રાહબરી હેઠળ લીધી હતી. એનો પિતા નેપોલ્યન શેહેનશાહની ઇતરાજીમાં આવ્યાથી ૧૮૦૬ માં મરણ પામ્યો હતો. અલેકઝાન્ડર ડુમાએ સાધારણ કેલવણી લઇ ૧૮૨૩ માં પારીસ ખાતે નોકરી માટે ગયો. અહીં નોકરી મેળવી દીલોવે નામના એક મિત્રની મદદથી તેણે ૧૮૨૫ માં એક નાટક પ્રસિદ્ધ કીધો. ૧૮૨૬ માં એક બીજો લખ્યો. ૧૮૨૯ માં ત્રીજા હેંત્રિ નામનો નાટક રચ્યો. આ નાટકથી સારા નામ સાથે દોલત પણ મેળવી. ત્યાર પછી લઢાઈનો હિંગામ જાગતાં તેણે લઢવઈઆની નોકરી મેળવી નામ કાઢ્યું. આ વેળા રાજા લુઇ ફીલીપની સામે લઢેલો હોવાથી રાજાની ઇતરાજીમાં આવ્યો હતો. ૧૮૮૧ માં Antoni નામનો નાટક રચ્યો. નાટકોમાં ઝાઝી કમાણી નહિ જોવાથી, તેણે પોતાનું ધ્યાન વાર્તા રચવામાં દોડાવ્યું. પણ તેટલાં તે એક જણ સાથે 'ડયુઅલ' રમવાથી થોડો વખતવેર ફ્રાન્સ છોડી જવાની તેને ફરજ પાડવામાં આવી, જેથી ૧૮૭૨ ના જુલાઇ માસમાં સ્વિટઝરલેંડ ગયો. આ તેની મુસાફરીથી તેને વાર્તાઓ લખવામાં ઘણી મદદ મળી. ૧૮૪૨ માં તે એક નાટકી સ્ત્રી સાથે પરણ્યો, જેણી તેના રચેલા નાટકો ભજી બતાવતી હતી. તેણીનું મરણ ૧૮૫૯ માં નીપજ્યું. ૧૮૪૪ માં તેણે મોંતેક્રીસ્તો નામની વાર્તાની ચોપડી રચી અતિ ઘણી પ્રસિદ્ધતા મેળવી. આ વાર્તાની ચોપડીમાં ફતેહે મેળવ્યા પછી તેને વાર્તા લખવાનું એટલું તો શૂર છુટયું કે તેણે તેજ વર્ષમાં ૪૦ ચોપડીઓ લખી કાઢી. પછી તેણે 'થ્રી મસકેતીયર્સ' નામની વાર્તા લખી પ્રસિદ્ધતા મેળવી.

ડુમાનો ખરચ ઘણો લખલુટ હોવાથી આગળ જતાં તેને ઘણું ખમવું પડયું. તેણે પોતે રચેલા નાટકો ભજવી બતાવવા થકી પોતાના ખર્ચે એક મોટી નાટકશાળા બંધાવી હતી. તેમાં તેણે લખલુટ ખરચો કરી મોટી દોલત ઉડાવી નાખી. ત્યાર પછી મુસાફરીએ નીકળયો પણ તેના હાથમાં આ વેળા સાત પત્રો લખવાનાં ચાલુ હતાં. તેઓએ એની ઉપર નુકસાનીની ફર્યાદી માંડી. આ કેસ હાર્યાથી તેની સઘળી દોલત ઘસડાઇ ગઇ. ૧૮૬૦ માં તે ગેરીબૉલ્ડના લશકરમાં જોડાયો ને કરજ કરી ખુવાર થતો ગયો. સેવટે મગજશકિત ખોઇ બેસી ઇ. સ. ૧૮૭૦ માં પ્યુઈસ ખાતે મરણ પામ્યો.

અલેકઝાન્ડર ઑવ પારીસ—આ ફ્રેન્ચ કવિ ૧૨ મી સદીમાં થઇ ગયો. સીકંદરનું જન્મ ચરિત્ર એણે કવિતામાં રચ્યું હતું. આ કવિતાઓ ૧૨ સ્લેબલની બનાવી છે. આવી રીતની કવિતાને હાલમાં એનાજ નામ ઉપરથી અલેકઝાન્ડ્રીયન કહેછે.

અલેકઝાન્ડર નોલ—કુદરતી વિદ્યાશાસ્ત્રી. ઇ. સ. ૧૬૩૯ માં જનમ્યો. એનો ખ્રીસ્તિ ધર્મ તવારીખ વીશેનો ગ્રંથ ઘણો વખણાયછે. આ ધર્મ તવારીખનો મોટો ગ્રંથ લખતાં

અને ઘણું સંકટો વેઠવાં પડયાં હતા અને તે ૧૭૮૬ માં પ્રગટ કરી શકયો હતો. મરણ ઈ. સ. ૧૭૨૪ માં નીપજ્યું.

અલેકઝાન્ડર કિન્લાક ફાર્બસ—આ મહાન પુરૂષ એક સ્કૉટીશ ઉમરાવ કુટુંબનો વંશજ હતો. જનમ લંડનમાં ઇ. સ. ૧૮૨૧ ની ૭ મી જુલાઈએ થયો. બાળ વયમાં શિલ્પશાસ્ત્ર તરફ ધ્યાન પુગવાથી પ્રખ્યાત શાસ્ત્રી મી૦ જ્યૉર્જ બાસેવિની પાસે શિષ્ય તરીકે ઘણા મહિના તુલીક સીખવા રહ્યો પણ આ કામ થોડા વખત પછી પડતું મેળી વિદ્યાપર ધ્યાન આપવા માડયું. હેલીબરીની પાઠશાળામાં અલેકઝાન્ડર અભ્યાસ કરી ઇસ્ટ ઈંડીયા કંપનીની સિવીલ સર્વિસમાં દાખલ થયો હતો.

૧૮૪૨ માં તે મુંબઇ ઇલાકાની સિવીલ સર્વિસમાં નેમાયો અને ૧૮૪૩ ના નવેંબર માસની ૧૫ મી તારીખે તેણે હિંદની ભૂમિમાં પ્રથમ પ્રવેશ કર્યો, અને અહમદનગરના કલેકટરના હાથ તળે રહ્યો. પછી હિંદુસ્થાની ભાષામાં પસાર થયાથી અહમદનગરનો ત્રીજો આસીસટંટ કલેકટર થયો. ૧૮૪૪ માં મરાઠી ભાષામાં પરીક્ષા આપવાથી ખાનદેશનો બીજો એસીસ્ટંટ કલેકટર થયો. ૧૮૪૬ ના એપ્રીલની ૬ ઠી તારીખે સદર અદાલતના ડેપ્યુટી રેજીસ્ટ્રારની જગા મેળવી, થોડા મહિના પછી અમદાવાદના આસીસ્ટંટ જડજનું પદ મેળવ્યાથી ૧૮૪૬ના નવેંબરમાં તે અમદાવાદ આવ્યો.

અલેકઝાન્ડર ફાર્બસ ગુજરાતી સાહિત્ય પર વધુ ધ્યાન આપતો હોવાથી ગુજરાતી ભાષાની ખીલવણી થકી ઘણું કર્યું હતું. તેવને ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી રા. બા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ પાસેથી સારૂં જ્ઞાન મેળવ્યું. ૧૮૪૮ માં રાજકવિ દલપતરામ ડાહ્યાભાઇ સી. આઇ. ઇ. ને પાસે રાખ્યા ને તેમની મદદથી ઘણું કરી બતાવ્યું.

૧૮૪૮ માં કર્નલ ફુલજેમ્સ, કર્નલ વૉલેસ અને રેવરંડ પીરીટ વગેરે ગ્રસ્થોને સાંમેલ રાખી ગુજરાતી વર્નાકયૂલર સોસાઇટીની સ્થાપના કરી. પછી દર બુધવારે એક પત્ર કાઢવા માંડયું તે 'બુધવાર્યાને નામે પ્રસિદ્ધ થયું છે. આ પત્રમાં ગણા ઉમદા લખાણો અલેકઝાન્ડરની કલમથી લખાતાં હતા, તેમાં સરકાર વિરૂધના લખાણો આવવાથી સરકારે એક ખાસ ઠેરાવથી સરકારી કામદારોને ખાનગી ઉદ્યોગમાંથી સંખત હુકમથી રોકયા; એથી ફાર્બસે સોસાઇટીના મંત્રીનું કામ ડાક્ટર 'સીવર્ડ'ને સોંપ્યું.

૧૮૫૦ ના એપ્રીલ મહિનામાં સૂરતના એસીસ્ટંટ જડજ અને સેશન જડજની જગા મળવાથી સૂરત ગયો. સૂરતમાં એક "સૂરત અઠ્ઠાવિશી સોસાઇટી' ઉભી કરીને પોતે તેનો મંત્રી થયો, અને બીજાઓને ઉત્તેજન આપી 'સૂરત સમાચાર' એનામે પત્ર પ્રગટ કરાવ્યું, પછી 'એન્ડ્રુરી પુસ્તકશાળા સ્થાપન કીધી કે જે હાલમાં સૂરતમાં હૈઆત છે. ૧૮૫૧ માં મ્યૂનીસીપલ કમીશનર તરીકે નેમાયો. એજ વર્ષમાં મે માસમાં અમદાવાદના પેહલા આસીસટંટ કલેકટર અને મેજીસ્ટ્રેટ તરીકે નેમાયો. ૧૮૫૨ માં મહિકાંઠાનો પોલીટીકલ એજંટ થયો. ૧૮૫૩ ના જુનમાં અમદાવાદના એકટીંગ જડજ અને સેશન જડજનો ઓધો મેળવ્યો. આજ વર્ષમાં ચંદબારોટનો 'પૃથૂરાસો' જે મળવો દુર્લભ હતો તે મેળવ્યો.

મી૦ ફાર્બસે સાગર ગચ્છના અપાસરામાંનાં ગ્રંથોનો સંગ્રહ જોયો હતો તેમજ પાટણ, જયપૂર, કાશમીરના પુસ્તકાલયોમાંથી પણ કેટલોક અભ્યાસ કર્યો હતો. એની પાસે પ્રબંધ ચીંતામણી, ભોજપ્રબંધ, પૃથ્વિરાજ રાસો, કુમારપાલ રાસો દ્વાશ્રય રત્નમાળા, પ્રવિણસાગર, જગદેવ પરમાર, બાબી વિરાસ, શ્રીપાલરાસ કેશર રાસ વગેરે મુખ્ય ગ્રંથોનો સંગ્રહ કરી રાખ્યો હતો. તે સંગ્રહમાંથી અભ્યાસ કરી ૧૮૫૪ માં જ્યારે લંડન ગયો ત્યાં રાસ-

માળા નામના બે ભાગમાં ગ્રંથો પ્રગટ કર્યા હતા.

અલેકઝાન્ડ ફાર્બસે દેશે દેશ પગે વટીક મુસાફરીઓ કરી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો અને જૂદી જૂદી વાતો જાણી લઇ જૂદા જૂદા લખાણો કર્યા હતા. તેના સામટા સંગ્રહનું નામ ભૂતનીબંધ આપી પ્રગટ કીધું.

૧૮૫૨ માં મહિકાંઠાના પોલીટીકલ એજંટના ઓધાપર હતો. ઇડરમાં એક સમે જૂદા જૂદા દેશના ભાટ કવિઓનો મેળાવડો કરી તેમની પાસે ઘણીક કવિતાઓ સાંભળીને તેમને યોગ્ય બક્ષીસો આપી હતી. દાંતામાં એવને એક સદાવ્રત સ્થાપન કર્યું હતું.

૧૮૫૬ માં સ્વદેશથી હિંદમાં આવ્યો. ૧૮૫૭માં સૂરતના ન્યાયાધીશ તરીકે નેમાયો. આજ વર્ષમાં બળવા સમયે પોતાની કુન્હે બળથી એવને ઘણી શાંતતા જાળવી અને હિંદને દોષ આપનારને ઘણી કુન્હેથી જવાબ આપી ખરૂં કારણ દર્શાવ્યું હતું. ૧૮૫૮ માં ખાનદેશના જડજ તરીકે નેમાયો. ત્યાંથી ૧૮૫૯ માં કાઠિયાવાડના પોલીટીકલ એજંટ થયા. ૧૮૬૦ માં સૂરતના જડજની જગોએ નેમાયો. ૧૮૬૧ માં રાજકીય, ગુહ્ય વિદ્યા સંબંધી, ન્યાય સંબંધી અને પરઝીયન સંબંધી ખાતાના અધીકારના મંત્રીની જગા મળી.

૧૮૬૧ ની આખેરીમાં મુંબઇની સદર અદાલતમાં વડા જડજ નેમાયા જ્યાં સેવટ સુધી હતા. ૧૮૬૪ માં મુંબઇની રૉયલ એશિયાટીક સોસાઇટીના પ્રમૂખ થયા. એજ વર્ષમાં મુંબઇની યૂનિવ્હર્સિટીના વાઇસ ચાન્સેલરનું પદ મેળવ્યું તે શિવાય ઘણીક જૂદી જૂદી મંડળીના મુખી નેમાયા હતા.

મરણ પુનામાં ઇ. સ. ૧૮૬૫ ની ૩૧ મી આગસ્ટે નીપજ્યું, તેમના મરણથી દેશીઓના મન ઉપર કેવો કારી ઘા થયો હતો, વગેરે દર્શાવવાને મરહુમ કવિશ્વર દલપતરામે 'ફાર્બસ વિરહ' નામે ગ્રંથ જે રચ્યો હતો તે ઘણોજ કરૂણાજનક છે.

અલેકઝાન્ડર હાલીસ—આ ઇશ્વરી જ્ઞાનશાસ્ત્રી તેરમી સદીમાં ઇંગ્લાંડ ખાતે હતો મરણ ૧૨૪૫ માં નીપજ્યું. એણે પોતાની જીંદગીનો મોટો ભાગ પારીસમાં ગુજારી પોતાનો અભ્યાસ ઘણીજ ખંતથી શરૂ કર્યો હતો. એનો વખણાયલો ગ્રંથ Summa નામનો છે. આ ગ્રંથ ૭૦ વિદ્વાનોના એક મંડળે બેસીને તપાસ્યો હતો. અને તે ઇશ્વરી જ્ઞાનને માટે સંપૂરણ ગણાયો હતો.

અલેકઝાન્ડર ત્રીજો—(૧)સ્કૉટલંડના બીજા અલેઝાન્ડરની બીજી બાઇડીને પેટે અવતરેલો આ શાહજાદો ૧૨૪૯ માં ગાદીએ આવ્યો. આ વેળા એની ઉંમર કેવળ આંઠ વર્ષની હતી. એના લગન ત્રીજા હેત્રિની બેટી મારગ્રેટ સાથ થયાં હતા. નૉર્વેના રાજાએ મોટા સૈન્ય સાથે જે ચઢાઇ કરી તેમાં એણે ઘણું શુરાતમ બતાવી દુશમનનો પરાજય કર્યો હતો. એનું મરણ શેકાર રમતાં ૧૨૮૫ માં નીપજ્યું.

(૨) આ રશિયાનો શેહેનશાહ ઝાર નો જન્મ ઇ. સ. ૧૮૪૫ માં ૧૦ મી માર્ચે થયો. એના ભાઇના મરણ પછી ૧૮૮૩ માં તખ્તનશીન થયો. ડેનમાર્કના રાજાની દીકરી શાહાજાદી ડાગમાર સાથે લગ્ન થયાં હતા. આ લગન એક દુઃખભર્યા નવાઇ સરખા સંજોગ વચ્ચે થયાં હતાં. શાહજાદી ડાગમાર્ક મરહૂમ ભાઈ ગ્રાંડ ડયુક નીકોલસની અદરાયલી બાનુ હતી, પણ કમનસીબે પરણવા આગમજ તે મરણ પામ્યો હતો. તે પોતાની આ ભવિષની મોહોરદારને ઘણી ચાહતો હતો અને તેથી મરણ આગમજ તેણે પોતાના ભાઈ ત્રીજા અલેકઝાન્ડર પૉલ પાસે વચન લીધું હતું કે તેને શાહાજાદી ડાગમારને મોહોરદાર બનાવવી. મરતી વખતની પોતાના ભાઇની આજ્ઞા તેણે પાળી ને તેના મરણ બાદ તેની સાથે પરણ્યો.

જુવાનીમાં એ બહુ ઉલટમંદ, કુવતદાર અને માથાનો ફેરાઉન હતો. પણ રાજકારોબારનો બોજો માથે પડયા પછી ગંભીર, વિચારવંત અને ધર્મી બન્યો હતો. એને લઢાઇનો ઘણો તિરસ્કાર હતો. કારણ કે તર્કી અને રશિયા વચ્ચેની લઢાઈ વખતે બલગેરીઆના લશ્કરનો એ સરદાર હતો, તે વખતે તેણે લઢાઈના જે ખરા દેખાવ નજરે જોયા હતા તેને લીધે લઢાઈનું નામજ તેના મનમાં કમકમાટ ઉપજાવતું હતું. પ્રજાને પોતાનાં બચ્ચાં સમાન ગણવાની તેની લાગણી સુલ્હેનો જરા પણ ભંગ થતો અટકાવવાને તેને આગ્રહ કરતી હતી.

ઈ. સ. ૧૮૮૭ ના માર્ચમાં તેનો જીવ લેવાનું કાવત્રું રચાયું હતું પણ તેમાંથી તે બચ્યો હતો. એના રાજ્યમાં રશીયન શાહાનશાહાતને જે મજબુતી મળી છે તેવી વધારે મજબુતી આગળ બીજા કોઇ પણ શેહેનશાહના અમલમાં મળી નહોતી. એના રાજ્ય અમલમાં મધ્ય એશિઆમાં મર્વસેરાક્સ અને પંજદેહ સુધીના અગતના મથકો મેળવી, રશીઅન સરહદને અફધાનિસ્થાનની લગોલગ લાવી મેલવામાં આવી હતી. મધ્ય એશિયામાં સલંગ રેલવે બાંધીને તથા નેહેરો વગેરેનાં બાંધકામો વેરાન અને ધાસ્તી ભરેલા ગણાતા આવેલા ભાગોને વસ્તીવાલાં અને ફળદ્રુપ બનાવવામાં આવ્યા છે. મધ્ય એશિઆમાંના રેલવેનો મોટો ભાગ તૈઆર થયા પછી તે જોવા માટે પોતાના કુટુંબ સહીત અકટોબર ૧૮૮૫ માં શેહેનશાહ નીકળયો, પણ બોરીકના મથક આગળ રેલવે ગાડીને બનેલા એક ભયંકર અકસમાતને લીધે તે નામદાર પોતાની મુસાફરી અધુરી મેળી પાછો ફર્યો હતો. મરણ ૧૮૯૪ માં ૧ લી નવેંબરે નીપજ્યું.

અલેકઝાન્ડ્રીયન લાયબ્રેરી—મીસર ઉપર સીકંદરે ચઢાઇ કરી પોતાની સત્તા ત્યાં મક્રમ કરી સીકંદ્રીયા (અલેકઝાન્ડ્રીયા) નામે શેહેર ઇ. સ. પૂર્વે ૩૩૨ માં બાંધ્યું. ત્યાંનો રાજા 'પૉટેલમીશેટર' વિદ્યા હૂન્નરને ઘણું ઉત્તેજન આપવા માટે જાણીતો થયો છે. તેણે અલેકઝાન્ડ્રીયામાં એક પાઠશાળા સ્થાપન કરી, તેમાં શીખતા વિદ્યાર્થીઓ માટે પેહેલવેહેલી પુસ્તકશાળા ઇ. સ. પૂર્વે ૩૦૦ માં સ્થાપન કરી. આ પુસ્તકખાનામાં ૭૦૦૦૦૦ હાથનાં લખેલાં પુરાતમ વિદ્યાના ગ્રંથો હતાં. તેના પછીના પાદશાહો રફતે રફતે તેમાં પુસ્તકોનો વધારો કરતા આવ્યા હતા. જે વેળા આ પુસ્તકાલયનો નાશ થયો તે વેળા પૃથ્વીમાં સૌથી મોટું પુસ્તકાલય આજ એક હતું.

આ 'લાયબ્રેરી' બનાવવા માટે ઇજીપ્તની સરકારે જેથી યૂનાનીઓ પાસે પુસ્તકો હતાં તે તથા પારકા દેશથી કોઇ પણ જે કાંઇ પુસ્તકો લઇ આવતો તે તેની પાસેથી છીનવી લઇ તેને મનમાનતી નાણાંની રકમ આપતા, અને તેની અસલ નકલ પુસ્તકાલયમાં રાખી તેની બીજી નકલ કરાવી અસલ ધણીને તે પાછી આપવામાં આવતી.

આ પુસ્તકાલયના બે ભાગ હતા. જેમાં ચાર લાખ પુસ્તકોતો ઉપલાજ પુસ્તકખાનામાં હતા. બાકીના ત્રણલાખ પુસ્તકો જ્યૂપીટર સીરેપીસ' ના મંદીરમાં રાખી મુકવામાં આવ્યાં હતા. પેહલાં જ્યારે રોમન રાજ્યના વડા કૉનસલ જુલીયસ સીઝરે અલેકઝાન્ડ્રીયા શેહેરને ઘેરો ઘાલ્યો તે વેળા તેને તે મંદીરમાંહેલા પુસ્તકોનો નાશ કર્યો પણ પાછળથી 'પરગેમસ'નું પુસ્તકાલય રોમના 'આનટીનીએ' ઇજીપ્તની રાણીને ભેટ આપ્યું હતું, જેથી ઉપલી ખોટ પાછી પુરાઇ હતી. આ ભેટ મળેલા પુસ્તકાલયમાં ચાર લાખ પુસ્તકો હતાં. જ્યાં વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ કરી બીજાઓને ત્યાં શીખવતા હતા. આ પુસ્તકાલયનો નાશ 'આરલીઅન' પાદશાહના વખતમાં માહોમાહેની લઢાઇથી થયો હતો. જ્યુપીટરના સીરેપીસ મંદીર માંહેલાં ગ્રંથો 'થીઓદોશીઅસ ધી ગ્રેટ' ના અમલ સુધી સલામત હતાં. આ પાદ-

શાહે ઇજીપ્ત માંહેલાં દેહેરાંઓનો નાશ કીધો તેની સાથે ઉપલા ગ્રંથોનાં ભંડારોનો પણ નાશ થયો. તેમજ ખ્રીસ્તીઓએ ઇ. સ. ૩૯૧ માં ચઢાઇ કરી તેનો નાશ કીધો હતો.

ઇ. સ. ૬૪૦ માં ખલીફ ઓમરે જ્યારે ઇજીપ્ત ઉપર ચઢાઇ કરી જીત મેળવી ત્યારે આ પુસ્તકખાનાનો કાંઇક ભાગ હસ્તી ધરાવતો હતો. તેમાં ઉમેરાતા આવેલા ગ્રંથોનો સંગ્રહ ૭૦૦૦૦૦ થી પણ વધુનો હતો, કે જે રફતે રફતે નાશ પામ્યો હતો, પણ ખલીફ ઓમરના સમયે તે સારી સ્થિતિમાં હતો. જે વેળા ઓમરના હોકમથી એ પુસ્તખાનાને તારાજ કરવાનો ઠેરાવ થયો; તે સમયે અલેકઝાન્ડ્રીયામાં 'જૉન' નામનો એક વિદ્વાન રહેતો હતો, તેણે પોતાના મિત્ર 'અમરૂ' નામના અરબ સરદારને અરજ કરી કે આ પુસ્તકાલયમાં જે પુસ્તકો ખલીફાને પસંદ નહિ હોય તે જો મને આપવામાં આવશે તો મોટું અહેસાન થશે. આ ઉપરથી પેલા સરદારે ખલીફ ઓમરને તે વિશે પુછાવ્યું, ત્યારે તેણે જવાબ મોકલ્યો કે "તમે જે ગ્રંથો માટે લખોછો તે ગ્રંથો બચાવવાની કશી જરૂર નથી. કારણ કે મનુષ્ય જાતને જે જોઈએ તે કોરાનમાંથી મળી આવે છે. પણ જો કોઇ પુસ્તકો કોરાનને મળતા નહિ હોય તો તે સઘળાં ખોટા, ગલીચ જાણવાં. માટે હું હોકમ કરૂં છું કે આ સઘળાં ગ્રંથોનો એકદમ નાશ કરી નાખવો." ખલીફ ઓમરના હોકમથી આ પુસ્તકાલયના ગ્રંથો જૂદા જૂદા હમામખાનામાં મોકલી ત્યાં ૬ માસવેર ચાલુ બળતણ દાખલ વાપરી બધાં ગ્રંથોનો નાશ કરી નાખ્યો.

આ પુસ્તકાલયમાં રોમન, ગ્રીક, હિંદુસ્થાનની ભાષામાંના તથા ઇજીપ્તનાં પુરાતમ પુસ્તકોનો અખુટ ભંડાર ભરેલો હતો. જે ભંડાર ભરાતાં વર્ષોની મેહેનત પછી જ્યારે વિદ્યા હુન્નરનો વધારો થવાનો વખત આવ્યો તેજ સમયે જંગલી ઝનુની લઢવઈઆઓનું તે ભોગ થઇ પડયું. કેટલાક ગ્રંથો ઉપયોગી જોઇ તેને છુપાવી તે ઉપરથી તર્જુમો કરી અરેબીક ભાષામાં નામ કાઢી ઘણાક વિદ્વાનો પ્રસિદ્ધતા પામ્યા છે અને તે પ્રસિદ્ધતા પામેલા વિદ્વાનો એજ જમાનાની આસપાસનાં હતા.

અલેકઝાન્ડ્રીયા—(૧) આ પેડમાઉન્ટનો એક ભાગ. વસ્તી સુમારે ૫૫૦૦૦ ની છે. અત્રે મકાઈ, દારૂ, રેસમ અને મજીઠ પાકે છે.

(૨) ઈજીપ્તનું ઘણું પુરાતમ પાયતખત દાખલ જાણીતું થએલું આ શેહેર ઇ. સ. પૂર્વે ૩૩૨ માં અલેકઝાન્ડર ધી ગ્રેટે બાંધ્યું હતું. એ સીકંદરીયાનાં બીજા નામે પણ ઓળખાય છે. આ શેહેર રોમના જેવું છે. ઈ. સ. પૂર્વે ૩૦ માં એ રોમનોના હાથમાં ગયું, અને એમપરર આગસ્ટસે પોતાનું રાજધાની શેહેર બનાવ્યું હતું. ઇ. સ. ૬૩૮ ના આગસ્ટમાં તેમના તાબામાં હતુ તે ઇ. સ. ૮૬૮ માં તૂર્કોએ જીતી લીધું. આગળા વખતથી તે હાલ સુધી આ શેહેર પૂર્વ અને પશ્ચિમ તરફનું વેપારનું મુખ્ય મથક ગણાતું હતું. પણ ૧૭૭૮ માં ૬૦૦૦ થી વધુ લોકવસ્તી નહોતી. આગલા વખતમાં હિંદુસ્થાન જવા માટે આ શેહેરનું બંદર કરવું પડતું હતું, પણ જ્યારે સુએઝની નેહેર બાંધવામાં આવી ત્યારથી આ બંદર ભાગી પડયું છે. ૧૮૮૨ માં બ્રિટીશોની ચઢાઇ વેળા આ શેહેર બળીને ઘણું નાશ પામ્યું હતું. અહીંની વસ્તી ૧૮૮૨ ની ગણત્રી મુજબ ૨૦૮૭૫૫ ની હતી.

(૩) આ સેત્રંજ વિશેનો પ્રસિદ્ધ લેખકનો જનમ જર્મનીમાં ઇ. સ. ૧૭૭૩ ના સુમારમાં થયો. ૧૮૩૭ માં એણે પારીસ ખાતે સેત્રંજની રમત વિશે વિદ્યાવળી પ્રગટ કરી હતી. અને ૧૮૪૬ માં સેત્રંજની સારી સારી રમતોની બાજીઓનું એક મોટું પુસ્તક પ્રગટ કર્યું હતું. પોતાના વખતમાં એ યુરોપમાં એક્કો રમનાર ગણાતો હતો. એણે પોતાના શીષ્યોને સાથે રાખી બધેબધુ

મુસાફરી કરી સેત્રંજનાં કાયદા આશકારા કીધાં હતાં.

અલેકઝાન્ડ્રોવ્હ—રશીઆમાં આવેલા ઘણા શેહેરો આ નામથી જાણીતાં છે. તેમજ કેટલીક જગ્યાઓ પણ એજ નામથી પ્રસિદ્ધ છે.

અલેપ્પો—(જુઓ, એલેપ્પો)

અલોરાટ—યૂરોપ્યન રૂશિયાને લગતું આ શેહેર છે. ક્રિમીયાના દક્ષિણ કોસ્ટાપરના ખડકપર એ વસેલું છે. આ શેહેર ઘણું પુરાતમ અને જાણીતા બનાવો માટે પ્રસિદ્ધ છે. ૬ ઠી સદીમાં શહાનશાહ જુસટીને ત્યાંના કિલ્લા તથા જુના બાંધકામોને ફરીથી સમાર્યા હતા.

અલોલાછંદ—આ છંદ ચૌદ માત્રાનો છે. જે જગણ, સગણ, મગણ, ભગણ અને એ ગુરૂનો બને છે—

તુરંગ રથ હાથી પાળાની બહુ ચોકી
પહાડ બધિ બાજૂ રસ્તો એકજ ઓકી.
કહ્યા છ ગઢમાં ગીરિનો કોટજ ગારો
જહાં અરિથિ જીતાય નૈ એમ વિચારો

પી. દર્શ.

અવઝદાન—આ કાસ્પીયન સમુદ્રનો એક ભાગ ગણાય છે. પુરાતમ ઇરાનની જાહોજલાલી વેળા અફ્રાશિઆબ ત્રીજી વેળા ઇરાનીઓ ઉપર ચઢાઇ લઈ જતી વેળા ઈરાનીઓનાં મુલકમાં વેહેતી એક નદીનો માર્ગ અફ્રાશિઆબે ફેરવી નાખ્યો, ત્યારે તેમાંથી એક ઉમદા સરોવર ઉત્પન્ન થયો, તે અવઝદાનના નામથી અવસ્તામાં પ્રસિદ્ધતા પામ્યો છે.

અવતાર—એ વિષેની કથાઓ હિંદુધર્મ શાસ્ત્રમાં મળી આવે છે. મોટા પરમેશ્વરે આ મોટી દુન્યા પેદા કરવા થકી અનેક અવતારો લઇ એક જગતને પેદા કરી હતી. અહીંથી હિંદુઓનું મોટું ભાગવત શરૂ થાય છે.

ભગવાનના અવતારો માટે એવી કથા છે કે 'પ્રથમ મહતત્વ' અહંકાર અને તેની પાંચ તન માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) વડે બંધાયલું અને અગિઆર ઇંદ્રીયો (કાન, ત્વક, ચક્ષૂ, જીવ્હા, ઘ્રાણ એ પાંચ જ્ઞાનેંદ્રીય તથા પાંચ કર્મેંદ્રીય અને એક મન) તથા મહાભૂત રૂપ (પૃથ્વી, જળ, તેજ, વાયૂ અને આકાશ.) સોળ કળાવાલું પુરૂષનું રૂપ ધારણ કર્યું, કે જે પાણીમાં સુતેલા યોગનિંદ્રાનો વિસ્તાર કરનાર રૂપની દુટીવાલા ભાગ (નાભી રૂપરદયના કમળ) માંથી જગતને સર્જનારાઓનાં મુખી બ્રહ્મા ઉત્પન્ન થયા. જેમના અવયવોનાં ઠેકાણાથી લોકનાં વિસ્તાર કલ્પેલાં છે. તે ભાગનું રૂપ શુદ્ધ સત્વરૂપ છે. યોગીલોક એ રૂપને અત્યંત જ્ઞાન રૂપ ચક્ષુથી હજારો પગ, હજારો જાંગ, હજારો હાથ અને હજારો મુખે કરીને અદ્‌ભૂત હજારો માથાં, હજારો કાંન, અને હજારો નાક વાળું અને હજારો મુગટવસ્ત્ર અને કુંડળોથી શોભાયમાન દેખે છે. ભગવાનનું મૂળરૂપ તહેવાર અવતારોનું જગતને અંતે સમાવવાનું સ્થાનક, ઉત્પન્ન થવાનું સ્થાનક, અને નાશ હીત છે. કે જે નારાયણના અંશના અંશવડે દેવતા, પશુ અને માણસ મૂળના અવતારો સમજાય છે.

ઇશ્વરે પુરૂષનું રૂપ ધારણ કરી તે ઇશ્વરે કુમારની (સનક, સનંદત, સનાતન અને સન્ત કુમાર એ બ્રહ્માના ચાર પુત્ર કુમાર કહેવાય છે.) જગતમાં બ્રહ્મા થકી પેહેલે અવતારે બ્રાહ્મણ થઇ કોઇથી ન પાળી શકાય એવું અખંડીત બ્રહ્મચર્ય વ્રત પાળ્યું. બીજે અવતારે આ જગતની ઉત્પન્તી માટે છેલાં પાતાળમાં જતી રહેલી પૃથ્વીનું તારણ કરવા (પાણીની ઉપર લઈ આવવા) યજ્ઞના ઇશ્વર એવા પ્રભૂએ ભુંડ (વારાહ) નું શરીર ધારણ કર્યું.

ત્રીજે અવતારે ઋષિનો અવતાર પામી દેવર્ષીપણાને (નારદ) પાંમી વિષ્ણું સંબંધી શાસ્ત્રને કર્યું, જે શાસ્ત્રોથી કર્મોનું નીષ્કર્મપણું થાય છે.

ચોથા અવતારે ધર્મની સ્ત્રી થકી 'નર-નારાયણ નામે ઋષિ થઇ એક મોટું તપ કીધું.

પાંચમો અવતાર અદભુત શક્તિના ઇશ્વર 'કપીલ' એવે નામે થયો. તેણે આ સૂરીના નામના બ્રાહ્મણને તત્વનાં સમૂહના નિશ્ચયવાળું સાંખ્યશાસ્ત્ર કહ્યું.

છઠ્ઠા અવતારમાં અત્રી ઋષિ અને તેની સ્ત્રી અનૂસૂયાના માંગવાથી તેના પુત્રપણાને પામીને, તેણે મદાલસના પુત્ર 'અલર્ક' અને પ્રલ્હાદ વગેરેને, આત્મા વિદ્યાનો ઉપદેશ કર્યો. ત્યાર પછી સાતમે અવતારે રૂચિ થકી 'આકૃતીને' વિશે યજ્ઞ પુરૂષ ભગવાન ઉતપન્ન થયા અને તેણે 'યામ' નામના પોતાના પુત્રો જેમાં મૂળ છે એવા દેવતા સહીત સ્વયંભૂ મનવંતરનું પાલન કર્યું. આઠમે અવતારે સર્વ આશ્રમો (બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી એ ચાર) એ નેમાયલો પરમાત્માનો માર્ગ દેખાડતા એવા ઋષભદેવ થયા.

નવમે અવતારે ઋષિઓની પ્રાર્થનાથી પૃથૂને રૂપે રાજાનું શરીર ધારણ કર્યું. અને આ પૃથ્વીને તથા ઔષધીઓને દોહી તેથી આ પૃથ્વીનો આકાર વખણાય છે.

દસમે અવતારે ચાક્ષુસ મનવંતરમાં સમુદ્ર સાથે થયા હતા તે વખતે પ્રલય થયો ત્યારે મત્સયનું રૂપ ધારણ કરી, પૃથ્વી ઉપર વાહાણમાં વૈવસ્તસવ મનુને બેસાડીને રક્ષા કરી.

અગીઆરમે અવતારે સૂર અને અસૂરો સમુદ્રને દોહવતાં હતા, તે વેળા કાચબાનું રૂપ લઇ પોતાની પીઠવડે 'મંદરાચલ પર્વત' ને ઉતપન્ન કીધો.

બારમો અવતાર ધનવંતરીનો થયો. તેજ અવતારમાં સ્ત્રીનું રૂપ લઇ અસૂરોને મોહ પમાડી દેવતાઓને અમૃત પાયું, તે બારમાં અવતારમાં તેરમો અવતાર થયો.

ચૌદમો નૃસિંહનો ધારણ કરીને, છપી ગએલા દૈત્યના ઇંદ્ર હિરણ્યકશ્યપને નખ વડે છાતીમાંથી ચીરી નાખ્યો.

પંદરમો અવતાર વામનજીનો ધારણ કરી બળી રાજાના યજ્ઞમાં જઇને સ્વર્ગને ઝુંટી લેવાની ઇચ્છાથી તેમણે ત્રણ પગલાં પૃથ્વી માંગી.

સોળમે અવતારે બ્રાહ્મણનો નાશ કરનાર રાજાઓને જોઇને ક્રોધથી એકવીસ વાર ક્ષત્રીય વિનાની પૃથ્વી કરી.

સત્તરમાં અવતારમાં પરાસર માટે સત્યવતીને વેશે ઉત્પન્ન થઇ થોડી બુદ્ધિવાલા પુરૂષો જોઇ તેમના જ્ઞાન માટે વેદ લખ્યું.

અઢારમે અવતારે રામનો અવતાર લઇ સમુદ્રને શિક્ષા આપી. ઓગણીસ અને વીસમે અવતારે રામ અને કૃષ્ણ એવા નામના વૃષ્ણી કૂળ વિશે જન્મ લઇને પૃથ્વીનો ભાર ઉતાર્યો. ત્યાર પછી એકવીસમે અવતારે કળીયૂગ શરૂ થયાથી અસૂરોને મોહ પમાડવા માટે કિકટ દેશમાં યાને ગયા પ્રદેશમાં અજ્જનના પુત્ર બૌદ્ધ એવે નામે પેદા થયા. ત્યાર પછી ૨૨ મે અવતારે કળીયુગની અંતે રાજાઓ ચોર જેવા થશે, તે વેળા વિષ્ણુ યક્ષસ બ્રાહ્મણ થકી 'કાલ્કી' એવે નામે ઉત્પન્ન થશે.

ઋષિઓ, મૂનિઓ, દેવતાઓ મોટા બળવાન મનુના પુત્રો એ સઘળા પ્રજાપતિ સહીત હરીભગવાનનાં કળારૂપથી અવતારો લઇ ગયાં છે. ઉપર જે અવતારો જણાવ્યાં તે સઘળાં પરમેશ્વરનાં અંશ અને કાલરૂપ છે; પણ કૃષ્ણ અવતાર તો ઇશ્વરનો પ્રગટ અવતાર હતો. આ સઘળા અવતાર અસૂરોથી પીડાયલા લોકોને સુખી કરવા માટે થયલાં છે. મુખ્ય દશ અવતારો આ પ્રમાંણે છે. મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ બૌદ્ધ, કાલ્કી વગેરે.

અવપાતન—જૂવો આરભટીવાલો વિષય.

અવર્ણુ—આ કુબેરનો પુત્ર ને રાવણનો ભત્રિજો હતો. એણે પોતાના પિતાને અલ્પપુરી વસાવવામાં ઘણી મદદ કરી હતી; તેથી તે યશસ્વી થયો છે.

અવરેથઅબંધ—(૧) જરથોસ્તી ધર્મ પુસ્તક પ્રમાંણે રાસ્તે વંધનનો એ બેટો.

(૨) એ આદરબાદ મારેસ્પંદનો છોકરો

હતો. એ પોતાની બહાદૂરી અને ધર્મજ્ઞાન માટે જાણીતો થયો છે.

અવસ્તા—અવ+સ્તા, એવી જોડણીથી બનેલો છે કે, જેનો અર્થ 'જે કાંઇ સર્જેલું હોય તે' (પવિત્ર વાણી) એવો થાય છે.

અવસ્તા એ નામ સ્પેન્તમાંન જરથોસ્ત પેગંબરની ગાથા વાણીને મળેલું છે. પણ તે માટે ઘણું મતફેર છે. અવસ્તા ભાષાનું મૂળ વતન બલ્ખ હતું. કિયાની બાદશાહો આ અવસ્તા વાણી વાપરતા માલમ પડેલાં છે, પ્રથમ આ ભાષાનો ફેલાવો હાલના ઇરાન દેશના પૂર્વ ભાગમાં થયલો જણાય છે, તે વેળા ત્યાંની બાદશાહતપર કિયાની અમલ જારી હતો.

અવસ્તા ભાષા અને વેદીક સંસ્કૃત ભાષાઓ એક ચોકસ મૂળ ભાષાની પુત્રીઓ જણાયલી છે. પણ એની આગમજની ગાથાવાણી હોવાથી અવસ્તા ભાષા ગાથાની રચના પછી દોઢશો વર્ષે આશકારા થએલી હતી.

અવસ્તા ભાષામાં વ્યારણનું ધોરણ જણાયલું નથી, તેના માટે કાંઈ કાયદા બાંધવામાં આવ્યા નહોતા. અવસ્તા ભાષા વાંચવાથી જણાય છે કે, રચનારાઓએ વાકયરચનાને સ્વતંત્ર રીતે એક એકના સંબંધ વગર સીલસીલાબંધ ચલાવેલી છે.

આ મિનોઇ ભાષાની લિપિ વિશે કશું ચોકસ જણાયું નથી, પણ જે અનુમાનો ઉપરથી જણાવવામાં આવે છે કે તે નહીં જેવું છે. સાસાનિયાન જમાનામાં જે લિપિ હતી તેજ હાલ પણ ચાલુ છે. એ લિપિમાં જોડાઅક્ષરોની ચોકસ મુકરર કરેલી નિશાનીઓ જેવું કશું જણાતું નથી, તો જોકે વ્યંજનો કેટલીકવાર ચાર સુધી એક બીજા સાથ જોડાઇને બોલાય છે. અવસ્તાની લિપિ ડાબાને બદલે જમણા હાથ તરફથી લખાય છે, અને એકેક અક્ષર સ્વર તેમજ વ્યંજન, છુટો લખાતો હોવાથી ગમે તેવા જોડાઅક્ષરવાળા શબ્દોનો ઉચ્ચાર પણ બરાબર જેમ લખાયો હોય તેમ થઇ શકે છે. પણ આ ખાલી અનૂમાનો ઉપરથી કહેવાતું હોવાથી આ ભાષાની અસલ ખરી લિપિ કઇ રીતની હતી અને તેની બારાખડી કેમ લખાતી હતી તે નહિ જણાયાને લીધે તેનો ખ્યાલ પણ હજી વેર ફોઇને આવી શકતો નથી.

આજના જરથોસ્તીઓ પોતાના ધર્મ સંબંધી પુસ્તકોને અવસ્તા વાણીના પુસ્તકો (પવિત્ર વાણીના પુસ્તકો) દાખલ ગણીને તેને ધર્મ સંબંધી ભણતરમાં વાપરે છે. જોકે તે કાંઇ અવસ્તા ભાષા કે જે વિશે ઘણું નહિ જેવું જણાયલું છે, તે લિપિમાં લખાયલી નથી, પણ ચાલતા આવેલા રેવાજ રીતીથી તેને અવસ્તા વાણીના પુસ્તક દાખલ ગણી લીધુંછે. આવા અવસ્તાનાં પુસ્તકોમાં મુખ્ય 'યજસ્ને હપ્તગઇતી, વંદીદાદ, યસ્તઃઇજસને, વીસ્પરદ, ખોસ્દેહઅવસ્તા વગેરે ઉપલા સઘળા ભણવાના પુસ્તકો મોટી અગત્યનાં છે, ત્યારે આ ખોરદેહ અવસ્તા ઓછી અગત્યની હોવાથી એને નાની અવસ્તાનું નામ આપેલું છે. જરથોસ્તીઓનાં ચાલુ દરરોજના ભણતરમાં ખોરદેહ અવસ્તામાંની બંદગીઓ મુખ્ય હોય છે.

અવસ્તાએ દેરૂન—જરથોસ્તીઓનાં ધર્મને લગતો આ એક ઉત્તમ ગ્રંથ છે. આ ગ્રંથમાં 'ફ્રૂરઅશી' પઢવાની ક્રીયા તથા તેની તરતીબનું વર્ણન પેહેલવી ભાષામાં લખેલું છે. આ પુસ્તક ઘણા પ્રાચીનકાળમાં રચાયલું છે એવું તેની પ્રાચીન ભાષા ઉપરથી જણાય છે.

અવિઆર—મલબારી લોકોમાં અવિઆર નામની એક વિદ્વાન સ્ત્રી થઈ ગઇ છે. એના માતપિતા ઘણાં વિદ્વાન હતાં અને પરદુઃખ ભંજન હતાં, તેમને પેટે અવિઆર સુધાં સાત ફરજંદો થયાં હતાં. તે સાતે જણાં પોતાની બુદ્ધી તથા વિદ્ગત્તા માટે પ્રસિદ્ધ છે. અવિઆર કયા જમાનામાં થઈ

ગઇ તે અચોકસ છે, પણ કેટલીક બીનાઓ પરથી ધારવામાં આવે છે કે અવિઆર નવમી સદીમાં થઇ ગઇ હશે. આ વિદ્વાન સ્ત્રી તામીલ' ભાષા સારી પેઠે બોલી તથા લખી જાણતી હતી. તામીલ ભાષામાં તેણીએ ઘણીક કવિતાઓ જોડેલી છે. તેણીએ રસાયન શાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો. આ સ્ત્રી નીતિ શાસ્ત્રમાં ઘણી પૂરવીણ હતી, અવિઆરની દાનાઇ અને કાબેલીઅત માટે મલબારી લોકો ઘણું માન ધરાવે છે, અને તેઓ તેણીની પ્રતિમાં કરી તેની દેવી પ્રમાણે પુંજા કરે છે અને તેને માનતાઓ ચઢાવે છે.

અવિઆરે પોતાના દેશીઓ માટે તેમાં મુખ્ય કરી છોકરાં તથા જુવાનીઆઓને માટે તામિલ ભાષામાં કેટલાંક નાનાં પુસ્તકો રચ્યાં છે. આ પુસ્તકો ઘણા ઉપયોગી હોવાથી મલબારી નિશાળોમાં હાલમાં શીખવવામાં આવે છે.

અવેટોના—આસ્ટ્રેલીયાના ન્યૂઝીલેંડના સંસ્થાનમાં આ વિચીત્ર જીવડો પેદા થાય છે. આ જીવડો ત્રણથી ચાર ઈંચિ લાંબો હોય છે, પણ તેનો આકાર રોપાને મળતો હોવાથી વિદ્વાનો ચટીક તેનાં વિશે ગુંચવાડામાં પડયા છે. મેદીના જે ઝાડો ઉપર રાતાં રંગનાં સુંદર ફુલો હોય છે તેને તળીયે તે હમેશાં મળી આવે છે.

અવેટોના ભોંયમાં થોડાક ઈંચિનાં ઉંડાણમાં ઝાડનાં મૂળીયામાં દટાયલો રહે છે. તે સંપૂર્ણ વૃધી પામેછે ત્યાંસુધી તે ત્યાં પડી રહે છે. તેમ થયા પછી તેનામાં અજાયબ જેવો એક ફેરફાર થઇ જાય છે. બિયાંના જેવો એક દાણો તેની ગરદન આગળનાં ભાગ ઉપર ચોંટી રહેલો જોવામાં આવે છે. અને તે ત્યાર પછી ૬ થી ૮ ઈંચની ઉંચાઇ સુધી વધતો જાય છે. ભોંયમાં તે જીવડાનાં જેવો હોય છે અને ઉપર રોપાનાં જેવો હોય છે, છતાં બંનેના રંગમાં સેજબી ફેરક હોતો નથી. તેમાં એવો ફેરફાર થાય છે કે તૂરતજ જીવડો અને રોપો સુકાઇ મરી જાય છે, તોપણ જીવતાં તેનો જેવો આકાર હોય છે તેવો આબેહુબ આકાર મરી ગયા પછી પણ જળવાઇ રહેછે. આખા જીવડાનો રંગ તપકિર્યો જેવો હોય છે. એ જીવડાની પ્રજા કેમ ઉત્પન્ન થાય છે તે વિશે ખાતરીથી કાંઇ જણાવી શકાતું નથી, પણ સામાન્ય રીતે એવું જણાયલું છે કે એ જીવડો બદલાઈ ગયા પછી ઉધાઈમાં ફેરવાઇ જાય છે, ત્યારે તે ઇંડા મૂકે છે. અને તેમાંથી પાછા જીવડા ઉત્પન્ન થાય છે. અવેટોની ગરદનનાં પાછળા ભાગમાંથી રોપો ફુટી નીકળે છે, તે વિશેં ઘણા કારણો આપવામાં આવે છે; એક એ કારણ છે કે તેની ગરદનમાંથી ચોકસ પ્રકારનો ચીકણો પદાર્થ નીકળે છે. અને અવેટો મેદીના ઝાડની હેઠળ પોતાનો ખોરાક મેળવવા બકોરં પાડતો હોય છે ત્યારે તે પદાર્થ ઝાડનું બી તેની ગરદન ઉપર મજબુતી સાથ પકડી રાખે છે, અને તે બીયાંમાંથી ફણગો ફુટી નીકળે છે, તે પછી અવેટોમાંનું શરીરને પોષણ આપનારૂં સઘળું તત્વ તે ચુસી લે છે ત્યારે તે મરી જાય છે. અવેટો વારંવાર મોટી સંખ્યામાં જોવામાં આવે છે.

અંશ—પૃથ્વી ઉપરની જગ્યાઓમાં ચોકસ ઠેકાણાં જાણવાને સારૂં કેટલાક વૃતો અથવા કુંડાળા જેવી રેખાઓ તે ઉપર કલ્પેલી છે, અને તે રેખાઓ ભૂગોળ ઉપર તથા નકશા ઉપર કાઢેલી હોય છે. આ ભૂગોલનાં દરેક કુંડાળા (વૃતો) ના ૩૬૦ ભાગો કલ્પેલાં છે અને તે દરેક ભાગને અંશ કહે છે. દરેક અંશની ૬૦ કળા અને દરેક ૬૦ વિકળા છે. અંશ, કળા અને વિકળાના ચિન્હ આવાં છે, ° , '

" જેમકે ૨૩° ૪૦' ૫૨" એટલે ૨૩ "અંશ, ૪૦ કળા ને ૫૨ વિકળા.

અશક—(૧) અશકાનિયાન ખાનદાનનો આ ૧ લો પાદશાહ ઇ. સ. પૂર્વે ૨૨૭ માં ગાદીનશીન થયો હતો. એ દારાનો બેટો હતો. સીકંદરે દારા ઉપર ચઢાઈ કરી રાજ જીતી

લીધા પછી અરતહન' નામના સરદારને ઇ-રાનની હકુમત સોંપી ત્યારે એણે જાહેર થઈ બંડ કીધું અને ઇરાનનું રાજ્ય પોતાને તાબે કીધું. એને પાદશાહી પદ મલ્યું નહોતું. મરણ ઇ. સ. પૂર્વે ૨૧૨ માં નીપજ્યું.

(૨) એજ વંશનો ત્રીજો પાદશાહ ઇ. સ. ૨૦૩ માં ગાદીએ આવ્યો. એ જે વેળા ગાદીએ આવ્યો ત્યારે તેની નાની વય હોવાને લીધે એની માતા એની વતી રાજ્ય કારોબાર ચલાવતી હતી. એનું મરણ ઇ. સ. પૂર્વે ૧૯૬ માં નીપજ્યું.

અશકાન—આ પાદશાહ અશકાનિયાન વંશનો બીજો પાદશાહ. એ આશકનો માંમો હતો. પોતાનો ભાણેજ બાળઅવસ્તામાં હોવાથી એણે નવ વર્ષ રાજ્ય ચલાવ્યું. ઇ. સ. પૂર્વે ૨૧૨ માં ગાદીનશીન થયો હતો.

અશખલીઉશ—આ ફીલસુફ એરીસટોટલીસનો ઘણો માનીતો સાથી હતો. સીકંદરની દરબારમાં એ પણ પોતાની વીદ્વત્તાથી સારી પ્રતિષ્ટા પામ્યો હતો. આ વિદવાન લગ્ન વિરૂધ હતો અને તેથી તે જીંદગીવેર કુંવારો રહ્યો હતો. એક વેળા સીકંદર તેની પર ક્રોધે ભારાઇ તેને બંદીખાને પુર્યો પણ ત્યાંથી પોતાની વિદ્વત્તાના પ્રતાપથી છુટકારો મેળવી મોટે મરતબે ચઢયો હતો.

અશતર—આ એક રીતની સજાનું નામ છે, કે જેથી ગુન્હેગાર માણસની આંખના પાપણો ઉખેડી નાખવામાં આવતા હતા. આ સજા હાલમાં ચીન દેશમાં કોઇ કંદાચ અમલમાં મેલાય છે.

અશ્નવંત—આ પવિત્ર પાહાડનું નામ છે. કયખશરૂ અશ્નવંત પાહાડની નજદીક 'ચએચસ્ત, સરોવરની પડોસમાં મૂર્તિપુજકોના દેહેરાંનો નાશ કરવા ગયો, ત્યારે તેના ઘોડાની યાળ ઉપર એક રોશની દેખાવા લાગી, તે રોશનીથી અંધકાર દુર થયો અને કયખશરૂ પોતાના દેહેરાં પાડવાનું કામ તેથી ઘણી સારી રીતે ચલાવી શકયો. એ ઉપરથી આ પાહાડ ઉપર આદરગુશસ્પ નામનું આતશકદેહ બાંધ્યું હતું.

અશપરમ—'યાને મટલી અથવા વેલાતી મેદી જેને ઇંગ્રેજીમાં 'મરટશકમ્યૂનિશ કહે છે. આ એક ઝાડ ઉપર ઉગતો રોપો છે અને તે કદમાં નવ ફીટ સુધી ઉંચો થાય છે. એનું થડ નાહાનું ખરબચડી ભુરી છાલનું થાય છે, તે મથાળે વધતાં ગુછવાઇને ઝાડીનાં આકારમાં બદલાઇ જાય છે. એના પાંદડાં નોકદાર સુવાળાં અને પીળાં હોય છે. એના ફુલો રેશમનાં ફુલોને મળતાં સફેદ ઝીણા કદના અને તેજાનાની ખુશબોનાં હોય છે. આ રોપાની ઝાડીમાં ખરાબ હવા દુર કરવાનો જાતીગુણ હોય છે અને એપર કાળાં ફળ ઉગે છે, તેમાંથી લાલ રંગનો રસ નીકળે છે. ફળનો સ્વાદ સેહેજ તીખો એલચીને મળતો હોય છે, તે દવાના કામમાં વપરાય છે. આગલા ઈરાની લોકો આ ઝાડને ઘણું ઉપયોગી ગણતા હતા અને તેના પાંદડા તથા જડો સુકવી લોબાન અથવા બોયને ઠેકાણે બાળતા. હાલમાં પણ ઇરાનીઓ કેટલેક ઠેકાંણે એને વપરાસમાં લે છે, કારણ કે એનો ધુમાડો ખુશબોદાર હોય છે. આગલા યૂનાની લોકો આ સીધા ઉગતા છોડવાને બહુ ચાહતા તેમજ પવિત્ર ગણતા હતા. વગર ખુનરેજીથી જીત કરી આવનાર પોતાના પેહેલવાનોને તે લોકો એ ઝાડનાં પાત્રાં સહીત ડાંખળીઓનું મુગટ બનાવીને પેહેરાવતા, તેમજ શેહેરના કોટવાલને પણ તેનો મુગટ પેહેરવાનો હક હતો!

'યૂરોપનાં ઘણાક ભાગમાં અને મુખ્ય કરી દક્ષિણ યુરોપમાં એ ઝાડનાં આકારમાં ઉગે છે. હિંદુસ્થાનના દક્ષિણ ભાગમાં આ છોડવો ઘણી સહેલાઈથી ઉગે છે અને તે ભાગમાંના બાગોની દેવાલ આ રોપાની ઝાડીઓથી બનાવવામાં આવે છે. અશપરમની વૃધી કલમ બાંધીને તથા ડાંખળી રોપીને કરવામાં આવે છે. જ્યાં થોડો વર્ષાદ પડતો હોય ત્યાં શરૂ થતાં અને ઘણો પડતો હોય ત્યાં ચોમાસાની આખેરીએ સીધાં ઉગેલા પાકટ ડાખળીઓને આસરે ૧૦ ઈંચ લાંબા

કડકા કાપી સારી ખત્રાશવાલી જમીનને ખોદી, ઉપર તળે કરી તેમાં અર્ધા ફુટને છેડે એ ડાખલી સાથે રોપીને દર ત્રીજે દીવસે સારી રીતે પાણી આપતાં જવું, અને નવા ફૂપા મજબુત થઇને ઉપર પાત્રાં પાકટ થતાં સુધી જમીનમાંથી નવી થએલી ડાંખળીની કલમો કાહડવી નહિ. આસરે ત્રણ મહિનામાં તે તઇયાર થયાથી તે બીજી જગે રોપવા લાયક થાયછે.'

'જે મેદી જંગલી કહેવાય છે તેનાથી મુસલમાન લોકો હાથ રંગે છે, તેને આ અશપરમ મળતી આવતી હોવાથી એને વેલાતી મેદીના નામે ઓલખવામાં આવે છે. પણ એઉ જાતો તદન એક બીજાથી જૂદી છે અને કોઈપણ પ્રકારે એ મેદી અશપરમની બરોબરી કરી શકે એવી નથી. અશપરમનાં પાત્રાં અને ઝીણાં ફૂળ કે જે તાજી હાલતમાં મીઠાં હોય છે તે કેટલીક જાતની લોહી પડવાની ને પેટની બીમારીને ફાયદો કરનારી દવા છે. એના પાત્રાંનો ઉકાળો પેટ બંધ કરે છે અને કોઠાને કૈઅત આપે છે, અને સુકાં પાત્રાનું પૌષ્ટીક ચુરણ બનાવવામાં આવે છે.

અશફ્નદરાશ—આ ફીલસુફ એકમાર્ગી અને ગોફોનશીન હતો. યુનાનમાં ઘણી સદીઓની વાતપર એ થયો. એણે એવો પણ કર્યો હતો કે કોઇ સાથે બોલવું નહિ. જ્યારે તેના એકમાર્ગીપણાની વાત તે વખતના પાદશાહને ખબર પડી ત્યારે સીપાઇઓને મોકલી તેને તેડાવી મંગાવ્યો, અને તેને બોલાવવાની તથા હસાવવાની ઘણી કોશેશથી ફરજ પાડી પણ તે હસ્યો નહિ કે જરા બોલ્યો નહિ. ત્યારે તેને જલ્લાદના સ્વાધીનમાં આપી તેની ગરદન મારવાનો હોકમ આપ્યો. તોપણ તે એક પણ શબ્દ બોલ્યો નહિ. એવું એવું એકીન જોઇ પાદશાહે તેને આબરૂથી દરબારમાં પાછો દાખલ કરી પોતાની પાસે બેસાડયો.

અશફૂળ—હિંદુસ્થાનમાં આ ફળનાં ઝાડ અસાધારણ ઉંચાઇનાં થાય છે. એ લીચનાં ઝાડોની જાત માહેલાં હોય છે. આ ઝાડપર ફળો જુન મહિનામાં આવવા માંડે છે. તે સેતારી જેવડાં કદમાં મોટાં હોય છે, અને દરાખ જેવાં તેનાં ઝુમખાઓ થાય છે. આ ફળ માંહેલો ગર લીચના જેવો હોય છે, તે ખાવામાં મિઠાસ આપે છે, પણ લીચનાં માવા કરતાં સ્વાદે ઓછો હોય છે. એના ઝાડો બીથી ઉત્પન્ન થાયછે.

અશમંતક—(જુઓ આશેત્રી.)

અશમોખન્વંત—એ હજરત જરથોસ્ત પેગંબરના સૌથી પેહલા શાગેર્દોમાંનો એક. પેગંબર જરથોસ્તે 'ઉશીદાઓ' પહાડ ઉપર એકાંતવાસમાં અભ્યાસ અને બંદગીમાં ઘણો વખત ગુજાર્યો હતો, તે વખતે આ શખસની પેગંબર સાથે મુલાકાત થઇ હતી. એણે જરથોસ્તી ધર્મ સૌથી પેહેલાં સ્વિકાર્યો હતો. એનું મરણ જરથોસ્તી ધર્મના ફેલાવા પછી ૬૦ મે વર્ષે નીપજ્યું.

અશ્વગતીછંદ—આ છંદ સોળ માત્રાનો બને છે. એમાં પાંચ ભગણ ને ૧ ગુરૂ આવે છે. તેમાં દર પાંચ પાંચ અક્ષરે વિસામો આવે છે. રાજ્યથી રક્ષિત ધર્મ કરે જન જ્ઞાનિ યથા આયુ પ્રજા ધન વૃદ્ધિ નરેશની થાય તથા; જ્ઞાનિ દુઃખાય શરિરેથી તો નૃપ નર્ક લહે એ સમઝી નૃપ જ્ઞાનિનિ સેવ સદૈવ ગૃહે.

ક૦ હીરાચંદ.

અશ્વગતિ પ્રબંધ—ઘોડાની અઢી ઘેરની કુદતી ચાલ ચાલનારૂં સર્વ કવિતાનું ચક્ર. સેત્રંજના પાટપર ઘોડાની ચાલ અઢી ઘેરમાં કુદતી જતી હોય છે, તે પ્રમાણે તેમાં કાવ્ય રચના યૂકિતથી બનાવી યોજી હોય તેને અશ્વગતિ પ્રબંધ કહે છે. કાવ્ય શાસ્ત્રમાં એવી રચનાથી બનાવેલી કવિતાઓ ઘણી પ્રસિદ્ધ છે. તેમાં કંઇકાતો કવિતા રચી ૬૪ ખાનામાં તેને એવી રીતે ગોઠવે છે કે, ચોકસ આંકથી જો અઢી ઘેર ઘોડો કુદતો જાય તો, તે ફરતો ફરતો એક સરખી રીતે ચોસઠ ઘેરો માર્ગ તોડયા વિના ફરી રહે છે અને તે સાથે તેમાંની કવિતા વંચાય છે.

નીચે બે દાખલા મારી અદના શકિત

મુજબ બનાવી દર્શાવ્યા છે. તેમાં એક ચોસઠ ખાનાનો છે તેમાં સારંગ જેવો અર્થ ભરપૂર શબ્દ, યૂક્તિથી ગોઠવ્યો છે. બીજામાં ૪૦ ખાનાંમાં આપેલો દોહરો ગુપ્ત અને પ્રગટ રીતે વંચાય એમ અશ્વગતિપર ગોઠવ્યો છે.

(૧)

આન ગાન ધન તાન સ્મર
હર દીન ધર ઇશ ધ્યાન;
હાન ભાન ધન માન સ્થીર
હર દન રઠ કશ જાન.

(૧)

ગા ૧	ન ૨૨	ગા ૩	ન ૨૪	ધ ૫	ન ૨૬	તા ૭	ન ૨૮	સ્મ ૯	ર ૩૦
હ ૧૧	ર ૩૨	દી ૧૩	ન ૩૪	ધ ૧૫	ર ૩૬	ઈ ૧૭	શ ૩૮	ધ્યા ૧૯	ન ૪૦
હા ૨૧	ન ૨	ભા ૨૩	ન ૪	ધ ૨૫	ન ૬	મા ૨૭	ન ૮	સ્થી ૨૯	ર ૧૦
હ ૩૧	ર ૧૨	દ ૩૩	ન ૧૪	ઠ ૩૫	ર ૧૬	ક ૩૭	શ ૧૮	જા ૩૯	ન ૨૦

(૨)

૧૪ સારંગ	૫૫ નેજાય	૨૨ ડંખ	૩૭ પ્યારૂં	૧૨ કેદ	૫૧ મુરાદી	૧૮ લુટારોજ	૩૫ સારંગ
૨૩ સારંગ	૩૮ ભલેતેજ	૧૩ માહે	૫૪ તોજ	૧૭ હતોજે	૩૬ મહારૂંજ	૧૧ પુરી	૫૦ સારંગ
૫૬ સારંગ	૧૫ બુરાની	૪૦ વરેન્હાથી	૨૧ દઇ	૫૨ કીનોલે	૯ ફસાવીને	૩૪ લેઇ	૧૯ સારંગ
૩૯ સારંગ	૨૪ છળીનારને	૫૩ મરે	૧૬ દઇભુખને	૩૩ પછી	૨૦ વરણુનો	૪૯ પડેનેજ	૧૦ સારંગ
૨ સારંગ	૫૭ મળેલાર	૨૮ નામે	૪૧ તાહુમુલ	૮ ધરીઅંતે	૬૧ છળેએક	૩૨ ધરીધારને	૪૭ સારંગ
૨૫ સારંગ	૪૨ નુંછે	૧ કીધુંમુજ	૬૦ માહે	૨૯ બુરોજે	૪૮ ખરેન્હાથી	૭ બુરાએ	૬૨ સારંગ
૫૮ સારંગ	૩ ચુરી	૪૪ હમારૂં	૨૭ જંગ	૬૪ જંગ	૫ માહે	૪૬ છેજ	૩૧ સારંગ
૪૩ સારંગ	૨૬ શાહા	૫૯ તનેમુળ	૪ ધુળ	૪૫ બધે	૩૦ કરોહાર	૬૩ જેશાહ	૬ સારંગ

મજકુર છંદ.

કીધું મુજ Tસારંગ[૧] ચુરી ધૂળ માંહે
સારંગ[૨] બુરાએ ધરી અંતને;
ફસાવીને સારંગ[૩] પુરી કેદ માંહે
સારંગ[૪] બુરાએ દઇ ભૂખને.
હતો જે લુટારોજ સારંગ[૫] વરણનો
દઈ ડંખ સારંગ[૬] છળી નારને;
સારંગ[૭] શહાજંગ નામે બુરો જે
કરો ઠાર સારંગ[૮] ધરી ધારને.
પછી લેઇ સારંગ[૯] મહારૂંજ પ્યારૂં
ભલે તેજ સારંગ[૧૦] વરે વ્હાથી;
તાહુમુલ્લનું છે સારંગ[૧૧] હમારૂં
ભલે તેજ સારંગ[૧૨] વરે વ્હાથી.
પડેનેજ સારંગ[૧૩] મુરાદી કિનો લે
મરે તોજ ને જાય સારંગ[૧૪];
મળે ત્યાર સારંગ[૧૫] તને મૂળ માહે
છળે એક સારંગ[૧૬] જે શાહજંગ.

T ૧ ફુલ. ૨ ભ્રમરો. ૩ હરણ. ૪ સીંહ. ૫ સાંપ. ૬ સાંપ. ૭ તીરથી. ૯ રત્ન. ૧૦ સ્ત્રી. ૧૧ રત્ન. ૧૨ હીરો. ૧૩ રાત. ૧૪ દુષ્ટવિંછું ૧૫ રત્નો. ૧૬ સાંપ.

કવિતાનો અર્થ.=મારૂં સુંદર ફુલ (પ્રીયા) બુરા ભ્રમરાએ ધુળમાં રગડીને, તેને પાયમાલ કીધું; (૨) માહરા સુંદર હરણ (સુંદરી) ને કાવતરાંથી કેડ કરી પોતાના સિંહ જેવા ક્રૂર હવશમાં વશ કીધી. (૩) તે એક સાંપની વરણનો લુટારો હતો, કે જેણે મારી સ્ત્રીને ડંખ મારીને મને પાયમાલ કીધો. (૪) તે સાંપ રૂપી અજદાં શાહ જંગ નામે એક લુટારો છે તેને તીરની અણીપર ધરીને ઠાર કરજે. (૫) પછી આ મહારૂં વ્હાલું રતન (ગદરા) ને ગમે તો પ્યારથી ચાહીને વરજે. (૬) કારણકે આ મહારૂં સંતોશી રતન એક ખરો હીરો છે, એને કોઇ પણ છળી શકનાર નથી. કારણકે, આ ભેદ ખોલનાર ખરો વફાદાર નીવડશે. (૭) જ્યારે રાત પડે ત્યારેજ તું મુરાદનો કિનો લેજે કે પાતકી વિચ્છુ મરણ પામે (૮) ત્યારે તને તારી મેહનતના બદલામાં એક રતન મળશે કારણકે જ્યારે તું તે શાહ-જંગને છળશે.—(આ પ્રબંધ ૧૮૯૫ માં મારી લખેલી સાલારજંગ નામની વાર્તામાં આપવામાં આવ્યો છે.

અશ્વગંધા—(જુઓ આસંધ.)

અશંવઝદદ-હુ—જરથોસ્તીઓનાં એત્તેકાદ મુજબ એઃગુસતાસ્પના જમાનાની આખેરીમાં એક પવિત્ર પુરૂશ દાખલ વખણાયો હતો. એ સાયુજદ્રિનો પુત્ર હતો.

અશ્વથામા—આ ધનૂર્વેદી, નીપૂણ માહારથી પૂર્વે કાળમાં હતો. એનો પિતા દ્રોણાચાર્ય હતો. જન્મતી વેળાએ એણે અશ્વ જેવો નાદ કાઢવાથી તેનુંનામ અશ્વથામા પડયું. દ્રોણાચાર્ય કૌરવ પાંડવોને ધનૂરવિદ્યા શિખ-વવાને રહી ભિષ્મનો આશ્રીત થયો, તે વેળા અશ્વથામાએ પિતા પાસેથી સર્વ વિદ્યાઓ શીખી લીધી. તે પોતે યૂદ્ધમાં ઘણો કૂશળ હતો. પાંડવો સાથે એણે યૂદ્ધ કરી ઘણી વેળા તેમને હંફાવ્યા.

અશ્વથામાંની કાયા અમર હોવાથી હજી પૃથવીપર તે જીંવત છે. એ હવેના દવાપર યૂગમાં દ્રૌણી નામે વ્યાસ થશે અને આઠમાં સાવર્ણિ મનવંતરમાં પણ એજ અશ્વથામા નામે સપ્ત ઋષિઓમાંનો એક ઋષિ થશે, એવું હિંદુ ધર્મશાસ્ત્રમાં વર્તેલું છે.

અશવન્દ—આ એક ઇરાની પેહેલવાન હતો. અવસ્તા જમાનામાં એણે દેવદરૂજો સાથે લડી તેમનો નાશ કીધો હતો.

અશ્વનીકુમાર—હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે સૂર્યને કામ વ્યાપવાથી અશ્વરૂપે થઇ અશ્વની પાસે ગયો, અને ઘોડા ઘોડીના નસકોરાં એક બીજાને અડકયાં, તેથી ઘોડીને બે જોડ પુત્ર થયાં અને તે અશ્વની કુમાર છે. તેઓ બન્ને સ્વર્ગમાં વૈદ છે.

અશ્વપતિ—એ મદ્ર દેશનો રાજા હતો. એને ત્યાં સાવિત્રી નામની મહા સતિ પુત્રી અવતરી હતી.

અશ્વમેધ—ઘોડાનો જગન. એનું કિર્યા કર્મ એવું છે કે, ધોળું શરીર અને કાળા કાન અને ચંદ્રમાનાં જેવું તેજસ્વી મોહ એવા અશ્વ જોઇએ. તેને જવનો ચારો કરાવવો ને ગંગાજળ પાવું ને એક સ્વચ્છ ઘર બાંધી તેમાં નરમ જમીન ઉપર ઘોડાને

સુવાડવો ને નીત્ય ચાર સેવકો તેની સેવા કરવાને બારણે ઉભા રાખવા. જ્યાં તેની લીદ મુત્ર પડે ત્યાં નીત્ય હોમ કરી ૬૦૦૦ ગૌદાન આપવાં. પછી ચૈત્ર શુદ પુનમને દહાડે અશ્વને છોડી મુકનો ને તે એવી રીતે કે તેને સણગારી કપાળે એક સુવર્ણપત્ર બાંધવું ને તે પર લખવું કે ફલાણો ચક્રવર્તી રાજા 'જાગ' કરે છે માટે જે કોઇ આ અશ્વને બાંધે તેણે યુદ્ધ આપવું ને તેણે યજ્ઞમાં પધારવું પછી ઘોડાને આગળ કરી તે જહાં ખરી ઠોકે તહાં કુવા, ને સુવે ત્યાં તલાવ બાંધવાં. એ પ્રમાણે ફરતાં બધી પૃથવી બધાથી જીતાય તોજ જાગ થાય નહિ તો તે થાય નહિ. જાગની ક્રિયા આ પ્રમાણે છે:— કોઇ મોટા ક્ષેત્રમાંથી માટી મંગાવી તેની ઇંટ કરીને તેનો દક્ષિણ દીશાએ કુંડ સ્થાપવો ને તેની આસપાસ ચોરી બાંધવી. તેમાં ખાખર, ખેર અને સમડીનાં લાકડાંનાં સ્થંભ ચણાવવાં. પછી ચોસેઠ વરવહૂનાં છેડા ગાંઠી તેની પાસે ગંગામાંથી પાણી મંગાવવું ને તે વતી અશ્વને મંત્ર ભણી નવડાવવો. તેનો ડાબો કાન દાબવાથી જો દુધની ધારા નીકળે તો જાણવું કે તે શુદ્ધ થયો. પછી તેને કુંડ પાસ લઇ જઇ તેનું ડોકું તલવાર વતી ઉરાડી દેવું. તેની આહુતી વેદ વિધા કરીને બીજી અનેક આહૂતિ સાથે ઇંદ્રને આપવી.

અશ્વમેધ કરનારને અસીધારા વૃત પાળવું પડે છે. તે એવું વૃત છે કે અષ્ટભોગ તજવા ને રાત્રે દર્ભની પથારી ઉપર ધણી ધણીયાણી સાથે સુવું પણ એક બીજાને સ્પર્શ ન થાય માટે વચમાં નાગી તલવાર મુકવી. એમ અશ્વમેધ કરવાની અગાઉ એક વર્ષ સુધી કરવું. પછી જાગમાં ૨૦૦૦૦ બ્રાહ્મણની વરણી કરીને તેમને ખાનપાન પુરાં પાડવાં. દક્ષણામાં અકેક બ્રાહ્મણને સહસ્ત્ર ગાય, એક હાથી, એક અશ્વ સણગાર સહીત, સવામણ સુવર્ણ અને એક પાયલી રત્ન એટલું આપવું. એ યજ્ઞ કરતી વેળા મૃગચર્મ પેહેરવું જોઇએ. ૧૦૦ અશ્વમેધ કરનારને ઈંદ્રાસન મળેછે.

અશ્વમેધ—(પ્રકરણ) જૈમિની ઋષિ, જે *મહાત્મા વેદ વ્યાસના શિષ્ય થાય તેણે રચેલું "અશ્વમેધ પ્રકરણ' માહાભારતનાં પ્રાચિન ગ્રંથમાં વેદ વ્યાસે જાળવી રાખ્યું છે, એ વિશે એવી નોંધ છે કે મહાત્મા વ્યાસે ૧૦૦૦૦૦ શ્લોકનાં પ્રમાણવાલો 'મહાભારત' નામે રસિક ઐતિહાસીક ગ્રંથ બનાવ્યો. તે જોઇને તેમના આ શિષ્ય જૈમિનીએ પણ તેટલાંજ પર્વોવાળું બીજું 'નવું મહાભારત' બનાવી પોતાનાં ગુરૂને બતાવ્યું. વેદ વ્યાસે પોતાના અને શિષ્યના બનાવેલા ગ્રંથની સરખામણી કરતાં શિષ્યના ગ્રંથની ઉત્તમતા જોઇને હેરત થઇ દાંતમાં આંગળી પકડી. પછી શિષ્યના આ અતિ રસીક નવા મહાભારત ગ્રંથથી પોતાની કીર્તિ ઓછી થશે એવું ધારી તેમણે એ ગ્રંથનો નાશ કરાવ્યો. જૈમિનીએ ગુરૂની આજ્ઞા માનપૂર્વક સ્વિકારી લેશ પણ ખેદ ન પામતાં તે બાળી નાખ્યો; પણ બાળવા આગમજ શિષ્યની મહેનત સાવ બરબાદ ન જાય એટલા માટે તેના નમુના દાખલ અશ્વમેધપર્વ' ગુરૂએ બંચાવ્યુ. જે અદ્યાપી સુધી જૈમિનીકૃત અશ્વમેધ પ્રકરણ' ને નામે પ્રખ્યાત છે.

અશ્વિન—(૧) હિંદુ જ્યોતિષ શાસ્ત્રમાં ૨૭ નક્ષેત્રો છે તેમાંના આ પેહલા નક્ષેત્રનું નામ. (૨)ચંદ્રની ૨૭ ઘોડીમાંની એક. ૩૫ સ્ત્રી (ત્રણ તારાનો ઝુમખો).

(૩) સૂર્યની સુવર્ણ નામની સ્ત્રી, જે અશ્વની બની હતી.

અશાવહિસ્ત—(જુઓ અર્દીબેહેસ્ત અમશાસપંદ.)

અશહારી—આ એક ધર્મ પંથનું નામ છે. જુઓ (અલઅશહારી.)

અશીરગઢ—આ પ્રસિદ્ધ પાહાડી કિલ્લો મુંબઇની પૂર્વે આવેલો છે. આ ગઢ સાતપુડાના પર્વતોમાંના એક અલાહેદા કિલ્લાપર છે, અને તે તાપતી તથા નર્મદાના પાટ વચ્ચે છે. આ ગઢ પર્વતપર ૭૫૦ ફીટની

ઉંચાઇપર બાંધવામાં આવ્યો છે. એની ટોંચની પૂર્વેથી પશ્ચિમમાં લંબાઇ ૧૧૦૦ યાર્ડની છે, અને પોહળાઇ ઉત્તરથી દક્ષિણ વેર ૬૦૦ યાર્ડની છે. એનું ક્ષેત્રફળ ગણતાં તે ૩૦૦,૦૦૦ ચોરસ ગાર્ડ કરતાં પણ વધુ જણાયલું છે. ચૌદમી સદીમાં 'આસા' નામે એક જમીનદાર (ઉપનામ અશીર) ના તાબામાં તે હતું. સાતમી સદીથી પેઢી દર પેઢી તે તેમનાજ કુટુંબના તાબામાં રહ્યું હતું. નાસરૂલ્લાખાને જ્યારે દક્ષિણ દેશમાં રાજ સ્થાપ્યું ત્યારે આ કિલ્લામાંના કુટુંબીઓને મારી નાખી કિલ્લો પોતાનાં તાબામાં લીધો. જ્યારે દિલ્લીના રાજ્યમાં અંધેર ચાલ્યું ત્યારે આ કિલ્લો માધવજી સીંધ્યાના તાબામાં આવ્યો. ૧૮૦૩ માં એ ઇંગ્રેજ સરકારના તાબામાં આવ્યું. આ ગઢ મઉની દક્ષિણ પૂર્વે ૯૯ માઇલપર છે અને મુંબઇની ઉત્તરપૂર્વે ૨૯૦ માઇલપર છે.

અશીશવંધ—(જુઓ અરશેસંધ.)

અશુમતી—આ સતી સ્ત્રી 'સુવ્રત' નામે સાધુની સ્ત્રી હતી. બાળ વયમાં તેણીએ ભૃગૂઋષિ પાસે વેદ, આત્મજ્ઞાન, પુરાણાદી ધર્મ શાસ્ત્રો વગેરેનો અભ્યાસ કર્યાથી, તેણી ઘણી વિદ્વાન નીવડી, એનો કાળ ઇ. સ. ૩૦૦ માં થયો હોય એમ અનૂમાન છે.

અશૂમાન—સૂર્યવંશી સગર રાજાનો એ પૌત્ર હતો. એના પિતાએ અશ્વમેધ કરવા માંડયાં ને ૧૯૯ તો વગર હરકતે કર્યા, તો પણ છેલા યજ્ઞની વેળા ઇંદ્રે યજ્ઞના અશ્વને પાતાળમાં જ્યાં કપીલ મૂનિ ધ્યાનસ્થ બેહા હતા તેમની પાછળ બાંધી રાખ્યો. એ અશ્વની રખેવાલી સગરનાં ૬૦૦૦૦ પુત્રો કરતા હતા. તેઓ અશ્વને શોધી થાકયા, ત્યારે સગરે પૃથ્વી ખોદાવીને અશ્વનો પત્તો મેળવ્યો. કપીલ મુની પાસે સાઠ હજાર પુત્રોએ પોતાનો અશ્વ માંગ્યો ત્યારે મુનીએ ક્રોધથી આંખ ઉઘાડી કે તેઓ સઘળા ભસ્મ થઇ ગયા. પછી અશૂમાને મુનીની સ્તૂતી કરી અશ્વને છોડવ્યો હતો.

અશોક—બૌદ્ધ ધર્મ સ્થાપક રાજા ચંદ્રગુપ્તનો પૌત્ર અને બીંદુ સારનો પુત્ર હતો. તે યુધિષ્ટીર શક ૧૭૪૫ નાં પ્રજાપતિ સંવત્સરમાં 'પ્રિયદર્ષિ' નામ ધારણ કરીને મગધરાજની ગાદીએ આવ્યો. એની રાજધાની પાટલીપુત્ર-પટના હતી. એ દેખાવે કરૂપ પણ કદાવર બાંધાનો હતો તેથી બીંદુસાર રાજાની એની પણ પ્રિત નહોતી. એનો સ્વભાવ ઘણો તુંદ હોવાથી એનું નામ 'ચંડ' પડયું હતું. એણે પોતાનો અભ્યાસ 'પીંગલવત્સ' નામે પંડીતનાં હાથ તળે કર્યો હતો. એના ગુરૂએ એનું પ્રકાશીત ભવિષ્ય વર્તેલું હતું પણ બીંદુસાર એના અજબ ફાંટેલ મીજાજને લીધે એને રાજ્યપદ આપવા ખુશી નહોતો તેથી તેને દુર ગામેગામ રખડાવ્યા કરતો તેટલાં 'તક્ષશીલા' નામે ગામમાં એક બંડ ઉઠયું તે બંડ અશોકે ઘણીજ કુશળતાથી સમાવી આપ્યું. આ સમે બીંદુસાર મરણ કાંઠે આવેલો હતો તેનાપર પ્રધાન મંડળીએ વગ ચલાવી અશોકને ગાદી અપાવી.

અશોક રાજા ગાદીનશીન થયા પછી પરાક્રમી, ધર્મી અને ઉદાર વૃતીનો નીવડયો હતો. એ પોતાના પિતા પ્રમાણે રોજ ૫૦૦૦૦ બ્રાહ્મણોને દાન આપી જમાડતો હતો. પાછળથી એ 'સમદ્ર' નામનાં બૌદ્ધ ભિક્ષુકના અસરકારક ઉપદેશ તથા તેના ચમત્કારીક કામોથી અજાયબ થઇ તેણે આ ધર્મપર વિશેષ એકીન રાખ્યું હતું. ત્યાર પછી એક બૌદ્ધ સન્યાસીના ઉપદેશથી તેણે 'કકુટોદ્યાન' નામની જગોએ એક ચૈત્ય બનાવ્યો, અને ત્યાં બુદ્ધ દેવની મૂર્તિ સ્થાપન કીધી, તેમજ તેણે રામગ્રમમાં બૌદ્ધ મંદીર બાંધ્યું. એ રીતે રફતે રફતે તેણે આ ધર્મનો બોહોળો ફેલાવો કર્યો હતો. અશોક રાજાને 'કુનાલ નામનો એક બેટો હતો. તેનું બીજું નામ ધર્મવર્દ્ધન હતું. તેણે અલ્પકાળમાં ઘણાક વિદ્યા અભ્યાસથી વિદ્વાન બની બૌદ્ધ ધર્મમાં

અધીકાર મેળવ્યો હતો. એક વેળા અશોક રાજા કકુટોદ્યાનમાં એક યતીની પાસે ધર્મ વિશે માહીતી લેવા જઈ ત્યાં ઘણુંક જ્ઞાન સંપાદન કર્યું હતું.

અશોકે બૌદ્ધ ધર્મનો પ્રસાર કરવા થકી ઘણો પૈસો ખરચ્યો હતો, તેણે એ ધર્મના ૭૪ હજાર જતીઓને આશરો આપ્યો. પેહલવેહલા આ ધર્મનો ફેલાવો કરવા થકી માહારાષ્ટ દેશમાં ધર્માધ્યક્ષોને મોકલ્યા હતા. એ પ્રમાણે મહારાષ્ટમાં ૧૦૦૦ ધર્માધ્યક્ષો ગયા હતા; તેઓએ ૧૭૦૦૦૦ ચેલાઓ કર્યા હતા. વળી તેણે લંકા, તીબેટ, ચીન, સીયામ તથા બ્રહ્મદેશ વગેરે ઘણા દેશોમાં ધર્મોપદેશકોને મોકલીને બૌદ્ધ ધર્મનો ફેલાવો કર્યો હતો, સીલોનમાં તેના પુત્ર 'મહાઈંદ્રને' તથા ભાઈને મોકલ્યા હતા, અને તેઓએ ત્યાંના રાજાને બૌદ્ધ ધર્મી કીધો હતો. પાટણમાં બૌદ્ધધર્મનો માર્ગ નક્કી કરવા થકી ૧૦૦૦ માહાન વિદવાનોની એક સભા ભરી હતી. એ સભાએ નિર્ણય કરેલા બૌદ્ધ ધર્મ પ્રમાણે હાલમાં દક્ષિણ એશિયામાં એ ધર્મ ચાલે છે. માહારાજા અશોકે એ ધર્મની મુખ્ય આજ્ઞાઓનાં જાહેરનામાં કર્યા અને સ્થંભો. ખડકો તથા ગુફાઓમાં ૮૦૦૦૦ શીલા લેખો કોતરાવ્યાં હતાં, એ લેખો પ્રાચીન લિપિ પાલી અથવા માગધી ભાષામાં કોતરાવ્યા હતા. બૌદ્ધ ધર્મની ચૌદ આજ્ઞાઓ તેણે પેશાવર પાસે કપર્દીગિરીમાં, કટકની પાસે ધવલીમાં, ગીરનારની તળેટીમાં, દિલ્લીમાં, પ્રયાગમાં, બકારામાં, રધીયામાં અને તીરહુતમાં મોટા મોટા પથ્થરોપર કોતરાવેલી છે.

એણે પોતાના રાજ્યમાં ધર્મ ફેલાવવાનું એક ખાસ ખાતું રાખ્યું હતું. તેમજ લોકોની રેહેણી નીતિ તથા કેળવણી ઉપર ધ્યાન રાખવા માટે અધીકારીઓ નેમ્યા હતા. દેશમાં જગેજગ રસ્તાઓ બાંધી છાંયડા માટે બેઉ તરફ ઝાડો રોપ્યાં હતાં તેમજ કુવા, ધર્મશાળાઓ આશ્રમો અને પાંજરાપોળો સ્થાપ્યાં હતાં. પોતાનાં ધર્મનો ફેલાવો કરવા થકી રાજ્યમાં તથા દેશ દેશાવરોમાં યતીઓને ફરતાં રાખ્યાં હતાં. એણે બૌદ્ધ ધર્મનો ફેલાવો સમજાવીને કીધેલો હોવાથી જગતમાં તે સર્વથી બોહોળો ફેલાયલો ધર્મ ગણાય છે. અશોક રાજા બૌદ્ધધર્મી હતો તે છતાં પોતાની પ્રજાને ગમે તે ધર્મના ફરમાનો પાળવાની આજ્ઞા હતી. બૌદ્ધ ધર્મનો ફેલાવો યૂરોપમાં કરવાની કોશેસ કરી પણ તેમાં ફતેહ મળી નહિ, તેણે ગ્રીક તથા મીસરના રાજા જોડે સંબંધ જોડી તેમના દેશમાંથી શિલ્પકળા પોતાના દેશમાં આણી હતી. એણે પોતાનાં રાજ્યનો વિસ્તાર ઘણો વધારી મેળ્યો હતો. પોતાની સત્તા આખા ભરતખંડમાં તથા અફઘાનિસ્થાનમાં સ્થાપન કરી હતી. પાંડવનાં વંશનાં છેલ્લા રાજા 'ક્ષેમક' જેને લક્ષ્મીદેવ પણ કહેતા હતા તેને આ રાજાના વિરસેન પ્રધાને મારી નાખ્યો હતો, તથા તેનું રાજ્ય કબજે કરી દિલ્લીમાં ગાદી સ્થાપન કરી હતી. અશોકે મેવાડ, મારવાડ, અને ભાટીયા વગેરે પ્રાંતોમાં પોતાની સત્તા સ્થાપન કરી હતી.

અશોકે રાજ્ય વિસ્તાર વધારી પોતાની સત્તા સર્વોપરી સ્થાપી હતી. ગુજરાત, કાબુલ, દીલ્હિ વગેરેમાં તેની ધજા ઉડતી હતી. એ ૪૫ વર્ષ રાજ્ય કરી યુધિષ્ઠીર શક ૧૭૯૧ માં પીંગળ નામે સંવતસરમાં ફાગણ વદ ૧૦ શનીવારે પ્રાંત માહેલા 'મુંગી' નામના શેહેરમાં સાંજની વેળા મરણ પામ્યો હતો.

અશોજુસ્ત—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે એ એક ભલા પક્ષીનું નામ છે. નખ બાલ વગેરે વસ્તુઓને જમીનમાં દાટવાનું ફરમાન છે. ત્યાં દાટતી વેળા આ પક્ષીની તે ઉપર નજર પાડવામાં આવતી હતી. અવસ્તા જમાનાની રાહ રીતી પ્રમાણે તે જમાનામાં માણસ જાતની સેવા બજાવનારા પ્રાણીઓને ઉપયોગી જોઇ પવિત્ર ગણ્યા છે. કુતરો પણ એજ કારણથી માન પામેલો છે. તેમજ આ પક્ષી પણ પવિત્ર ગણાયલું છે. એની ખાશી-

અત એવી દીસે છે કે જ્યારે માણસ પોતાના શરીર ઉપરનાં બાલ અને નખ ઉતારી જમીનમાં દાટે છે ત્યારે એ *પક્ષી ત્યાંથી ઉખેડી કાઢીને ખાઇ જાય છે, અને તે બાલ અને નખથી નુકસાન થતું અટકાવે છે. એથી પલીદઇ અને દુરગંધી નીપજતી નથી.

અશોરબેગ કરામાનલુ—આ માહાત્મા પુરૂષ ઇ. સ. ૧૬૩૯ માં કાશમીર શેહેરમાં રહેતો હતો; એ પ્રસિદ્ધ નાંધલા બેહેરામ બીન ફરશાદનો શિષ્ય હતો. બેહેરામ સાથે એની દોસ્તી થવાથી એ બેહેરામનો ચેલો થયો હતો. બેહેરામે એને આત્મજ્ઞાન શીખવ્યાથી એણે દુન્યાદારી ત્યાગ કરી ઇશ્વર ધ્યાનમાં પોતાની જીંદગી પુરી કરી હતી. તેણે ચમતકારો કરી બતલાવ્યાં હતા.

અષઅષો—અષોઇ—જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં આ શબ્દને બાબજા વખાંણેલો છે. જરથોસ્તી ધર્મ મનુષ્યને અષો થવા ફરમાવે છે. તેઓ (જરથોસ્તીઓ) વારેઘડીએ એક બંદગી ભણે છે કે જે બંદગી એક બાળક સમજમાં આવે છે ત્યારથી તે જાણવા માંડે છે; અને તે પેહેલી અષેમવહુની બંદગી છે. તેમાં 'અષ' જે છે તે સર્વેથી ઉત્તમ છે. અષનો અર્થ કાંઇ એટલોજ નથી કે નાહિ ધોઇને ભણવા ગણવામાં મશગુલ રહેવું અથવા સાચ્ચું બોલવું તેજ માત્ર ઉત્તમ છે, એટલુંજ નહિ પણ તે શિવાય બીજા ઘણા દુન્યાને ફાયદો કરનારા. કાંમોબી 'અષ'ને લગતાં છે, માટે તેઓનેબી ઉત્તમ ગણવામાં આવે છે. અષથી ઉલટું દરૂજ છે, તેના કામો બદીના છે. જેમ કે નશાવાલી ચીજો.

દુન્યામાં સવાબી કામો કીધાથી અષો કહેવાઇએ છિયે, અને તેજ માણસ અષો ગણાય છે, કે જે બુરી ચીજોનો ત્યાગ કરી અષને ચાહે છે. જે માણસ અષને અખત્યાર કરે છે તે સ્પેન્તામીનોને લગતું કામ કરે છે તે અષો કહેવાય છે અને જે તેવાં અનેક કામો કરે છે તે અષોઈ કરનાર કહેવાય છે.

અષ્ટવિવાહ—હિંદુસ્થાનમાં પ્રાચીન વખતમાં આંઠ જાતનાં લગ્નો કરવામાં આવતા, તેમાં ચાર જાતના લગ્નો બ્રાહ્મણો કરી શકતા હતા, બાકીના નીચ વર્ગના ગણવામાં આવતા.

ब्राह्मो दैवस्त थैवार्षः प्राजा पत्यस्त यासूरः
गांधर्वो राक्षस श्चैव पैशाच श्चाष्ट मोऽधम

मनुस्मृति.

યાને બ્રાહ્મણ, દેવ, આર્ષ, પ્રજાપાત્ય, અસુર, ગાંધર્વ, રાક્ષસ અને પીશાચ વગેરે ૮.

અષત્રજદ્દંષ—જરથોસ્તીઓની અવસ્તામાં એ નામના બે પુરૂષો પ્રસિદ્ધતા પામ્યાં છે. એક 'પોરૂધાસ્તિનો છોકરો અને બીજો સાયૂજદ્રીનો છોકરો.

પોરૂધાસ્તીનો છોકરો રસ્તાખેજની વેળા સોશ્યોસનો મદદગાર થઇ નીકળશે. એની કીર્તી અમર અને એ પણ અમર્ગ છે. એણે પેસીઆન સાઇના મુલકમાં રાજ્ય કર્યું હતું.

બીજો. સાયૂજદ્રીનો બેટો એ જરથોસ્તી ધર્મનો ફેલાવો કરવામાં ગુસ્તાસ્પ પછી ઘણી જાુંબેસો લઇ લઢયો હતો.

અષસ્કોયથ—અવસ્તામાં આ પુરૂષ મહાન પદ પામ્યો છે. પોરૂધાક્ષિતનો છોકરો, ગયધાક્ષિતનો નબીરો યા કુટુંબી હતો.

અષસ્તૂ—આ મહાન પુરૂષે ગુસ્તાસ્પ પછી ધર્મનો ફેલાવો કરવા થકી અનેક લઢાઇઓમાં ઉતરી ઘંણાક દેશોમાં જરથોસ્તી ધર્મનો ફેલાવો કર્યો હતો. એનું મરણ જરથોસ્તી ધર્મના ફેલાવા પછી ૬૦ મે વર્ષે અખ્ત જાદુગરના હાથે નીપજ્યું હતું.

અષાત—જરથોસ્તી ધર્મ પ્રમાણે ૨૧ નૂસ્કમાંનો આ ૧૬ો નૂસ્ક. અષાત બોલ અવસ્તાનો છે. પેહેલવીમાં 'પાજક' તથા રવાયતમાં 'પાજય'ના નામે જાણીતો છે. આ ગ્રંથમાં ચોપગાં પશુઓને જબેહ કરવાની રીત તથા કયા પશુનું ગોસ્ત ખાવું રવા છે યા નારવા છે તેની સમજ, ગંબ્હારની શ્રેષ્ઠતા, પવિત્ર મનુષ્યને બદલો આપવો, ફરવરદેગાનનાં પાંચ મોટા ને પાંચ નાના દીવસો ઉપર શું શું ભલાં કામો કરવાં જોઇએ વગેરે એવી અનેક બાબતોનો સંગ્રહ આપવામાં આવ્યો છે.

તેનાં ૨૨ પ્રકરણો કરતાં વધારે હાલમાં તે મળતું નથી.

અષિવંઘૂઇ—'જરથોસ્તી એત્તેકાદ પ્રમાંણે આ એક ઇજદ છે. નઇર્યોસંગ માફક એ ઉત્તમ લક્ષ્મી ઉપર મવક્કલ છે. એની ધાતૂ પ્રમાંણે એનો અર્થ પવિત્રાઇ, સચ્ચાઇ વગેરે થાય છે, પવિત્રાઇનો ખજાનો એકઠો કરે તે પેલી દુન્યાનું સુખ પામે, એ ઉપરથી તે સામાન્ય રીતે ખજાના ઉપરનો મવક્કલ ઇજદ ગણાય છે. પવિત્રાઇ અને અશોઇ જેમ પેલી દુન્યાનું સુખ મેળવે છે તેમ આય દુન્યામાં પણ ઘણા સુખનો ખજાનો એખઠો કરે છે.' એને અવસ્તામાં અર્દ દાખલ ઓળખવામાં આવે છે. એ એક નારી ફરેસ્તો છે એને અલંકાર રૂપે અહૂરની બેટી તરીકે ઓળખાવીયો છે. એની જુવાન છોડીઓને પરણાવી આપવામાં બુદ્ધી અને દોલત બક્ષવામાં મદદ કરે છે. તેણીને અષીસંગ યસ્તમાં ઘણીજ જુવાન ખુબસૂરત અને ચેહેરેનમુન ચિતારી છે. એને અવસ્તામાં નીચલે ઠેકાણે આરાધી છે. હોશબામ, હોમ યસ્ત, કરદો બીજો ફકરો ૧ લો, યજશંને હાં ૧–૨–૫૨.

અષેમઓગ—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે આ એક બુરો દેવ છે. એનું કામ અષોઇ તોડવાનું છે. એનો જનમ સ્પેન્તમાન જરથોસ્ત પછી ૧૦૦ વર્ષે થયો હતો. એ 'નાઇઇવતાક' નામના મુલકમાં સરદાર હતો. એ ગોસ્તે ફ્ર્યાનો ભાઇ ગણાય છે.

અષેમવોહુ—'જરથોસ્તી ધર્મમાં અષેમ' યથા અને યેંગ્હેહાતાંમની ત્રણ બંદગીઓને બીજી બંદગીઓ કરતાં વધુ અગત્યતા આપવામાં આવી છે આ બંદગીઓ સ્પેંતમાન જરથોસ્ત આગમજ બનાવેલી જણાવવામાં આવે છે. આ બંદગીમાં અશોઇની બુલંદ શકિત આમેજ થયેલી છે. જરથોસ્તીઓ બાળકને સાધારણ સમજમાં આવતાં પ્રથમ આ બુલંદ ભેદ ધરાવનાર બંદગીના સબકો શિખવેછે. આ અષેમવોહુ બંદગીના કલામના ઉંડાણુમાં ગયાથી જે મતલબ ખુલ્લી થાય છે તે મતલબ એની સાધારણ સપાટી ઉપરથી મળી શકતી નથી. સાધારણ સપાટી ઉપરથી એમાંથી એટલીજ મતલબ માલમ પડે છે કે સત્ય, સચોટી રાખવાથી મનુષ્ય સુખ સંપાદન કરી શકે છે. એમાં દર્શાવેલું સુખ ઘણો ઉંડો ભેદ ધરાવે છે અને તે હમેશગી યાને અમર્ગ સુખ જણાવવામાં આવે છે.

અષોરઓચંધ—એક પુરૂષનું નામ. જે ક્રાન્યનો છોકરો યા ખાનદાનનો હતો. જે જરથોસ્તની બેટી ફ્રેનીનો બેટો યા તેણીના ખાનદાનનો એક નબીરો ગણાય છે.

અસ—આ એક રોમન તોલજોખનું નામ છે. એ બાર આંઉસનો હોય છે. એજ નામના નાણાં પણ ચાલે છે. સિસરોનાં વખતમાં આ નાણાંની કિંમત બે દોઢીયાની હતી. આગળ એનો આકાર બેડોળ લંબકાર યા ત્રીકોણ અથવા બીજી તર્હાનો હતો; પણ પાછળથી સુધારીને તેનો આકાર ગોળ કરવામાં આવ્યો હતો.

અસકવિમો—આ જાત ઉત્તર ભાગમાં વસે છે. અસકિવમોનો અસલ અર્થ કાચું માસ ખાનાર આદમી થાય છે. જે એલકાબ તેમના ગુણોને મલતોજ છે. તેઓ ભાજીપાલા તરફ અભાવ રાખે છે, પણ શિયાળાની મોસમમાં કાચા ગોસ્તનો એવડોતો મોટો સડતો જથ્થો ભરી મુકે છે કે, જેના ગંધથી આપણથી જરાએ ચોભાય નહિ, તેનું ગોસ્ત તેઓ હોંસે હોંસે ખાયછે. તેમજ તેઓ એવા તો ગંધીલા હોયછે કે તેમનાં અંગ ઉપરની ચરબી લગાડેલા પડને લીધે એમની ચામડી વટીક જણાતી નથી. તેઓ ચપળ ને ઘણા તિક્ષણ નજરનાં હોયછે. બરફ ઉપર પડેલાં પગલાં વટીક તેઓ પારખીને નાહાસનારની શોધ કરી શકે છે. દીવામાં બાળવાનું મગરનું તેલ મેળવવા તેઓ બધ્ધરી છોકરાંઓ સાથે લઈ શેકારે ઉતરી પડે છે. તેઓ અર્ધ નગ્ન હાલતમાં વસે છે. ગણત્રી કરવાની તેઓમાં બુદ્ધી છેજ નહિ. મનુષ્યની

ઉત્પન્તી વિશે તેઓમાં એવી દંતકથા છે કે જમીનમાંથી પ્રથમ એક મનુષ્ય પેદા થયો તેણે અંગુઠામાંથી એક સ્ત્રી બનાવી તેની સાથે તે પરણ્યો, તેમાંથી મનુષ્યની વસ્તી વધી, પણ એક સમે તેઓના એક વંશજે કુરકુરીયાનો જન્મ આપ્યો. તે એક બુટમાં ભરી દર્યામાં ફેંકી દીધા તેમને ફેંકતા તે ઓરતે શ્રાપ દીધો કે, તમે હવે મછી સફેદ ચામડીના મનુષ્ય થજો. તે હાલના યૂરોપ્યનો તે કુતરાની ઓલાદના છે, એમ તેઓ કહેછે.

અસકૂલાન—પેલેસ્ટાઇનનું આ નાશ પામેલું શેહેર છે, આગલા વખતમાં પાંચ પેલેસ્ટાઇનના સુંદર શેહેરોમાંનુ આ પણ એક મુખ્ય હતું. આ શેહેર મેડીટરેનીયન કિનારા પર આવેલું છે અને ગાઝીની ઉત્તરે ૧૨ માઇલ પર છે. ઇ. સ. ૧૦૯૯ થી તે ૧૨૭૪ વેર આ ક્રૂઝેડ અને સેરેસન્સ સાથે થએલી મુખ્ય મોટી લઢાઇઓનું મુખ્ય મથક થઇ પડયું હતું. હાલમાં આ શેહેર આગલી જુજ નિશાનીઓ આપતું વેરાન સ્થિતીમાં નજરે પડે છે.

અસધહુાનેશ—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે આ દેવ આળસાઇ ઉપર મવકલ છે. એ શેહેરેવર અમશાસ્પંદનો હરીફ મનાય છે.

અસ્જરહ—જરથોસ્તી એતેકાદ પ્રમાણે આ ચીજ જેહેર જેવી કડવી અને તેવીજ અસરવાલી હોય છે, અને તે દોજખીઓને ખાવા આપવામાં આવે છે.

અસ્ટર—આ એક અતી સુંદર ફુલતું ઝાડ કે જેની અનેક જાતો છે. એપર એ રંગી ફુલો આવે છે. એના માટે ઘણી ઉત્તમ ખેતી કરેલી જમીનની જરૂર હોવાથી એને કુંડા-ાં ઉગાડવામાં આવે છે, કુંડામાં રોપ્યા પ૮ ાએ દીવસે લાગટ પાણીની સીપણી આ. રાખવી જોઇએ. એના બિયાં આગર અને સપટેંબર મહિનામાં રોપવામાં આ ૦.

અસ ાયા—કોલંબીયા નદી પાસે આ શેહેર વસેલું છે. હાલમાં વસ્તી ૯૮૦ માણસોની છે. આ ગામનું નામ જૉન જેકબ અસ્ટોર'ના નામ ઉપરથી તેના માનમાં આપવામાં આવ્યું છે. આં શેહેરનો પુરાતમ ઈતિહાસ વૉશીંગટન એરવીંગે પોતાના અસટોરીયા નામે પુસ્તકમાં આપ્યો છે.

અસ્ત્ર—આગલા વેદીક જમાનામાં હિંદુ શૂરવિરો જે બાણ ભણીને મારતા તે બાણને અસ્ત્ર કહેતા.

અસ્ત્રવિદ્યા—યૂદ્ધકળા જાણવાની વિદ્યા. એમાં તીર, તલવાર, ગોફણ ચક્ર, ગદા વગેરે જૂદા જૂદા હથિયારો કેમ વાપરવાં તે દર્શાવેલું છે.

અસતરક—એક જાતની બાલસમ. એ લિવાંટ અને યૂરોપની દક્ષિણ તરફથી આવે છે. એ રંગે લાલ હોય છે, જે ઓષધી ઉપચારમાં કામ આવે છે.

અસ્ત્રાખાન—યૂરોપ્યન રૂશિયાના તાબામાં આ દેશ આવેલો છે. આગળ આ શેહેર મોગલ લોકોના તાબામાં હતું પણ ઇ. સ. ૧૫૫૪ થી રૂશિયાને હસ્તક ગયું છે. કાસ્પિયન સમુદ્ર કૉકેસસ પર્વતની ઉત્તરે તે આવેલું છે, અહીં મીઠાનાં આગરો અતીશય છે, તથા ફળ ફળાદીની મોટી ઉત્પન્તી છે. આ ગામ કાસ્પિયનની ઉત્તરે ૩૦ માઇલપર છે. એ ઇરાન તથા પૂર્વ તરફનાં દેશો સાથે ઘણો મોટો વેપાર ચલાવે છે. અહીં ફળફળાદી લોઢું, ઉન વગેરે અનેક ચીજોની પેદાશ છે. અહીંની વસ્તી ૧૮૮૨ ની ગણત્રી મુજબ ૭૮૦૯૧૧ ની હતી. શેહેર વસ્તી ૫૭૭૦૪ની છે.

અસ્ત્રાબાદ—માજનદરાન પ્રાંતના પૂર્વ તરફનાં વિભાગમાં 'ગુરગાન' નદીને કાંઠે આવેલું છે. આ શહેર જોકે વેપારની લાયક જગોએ આવેલું છે તોપણ ત્યાં વેપાર ઝાઝો ચાલતો નથી. અહીંની હવા એટલીતો ખરાબ છે કે સાધારણ રીતે એને મર્કીનું ઘેર કહેવામાં આવે છે.

અસ્તવત એરેત—જરથોસ્તી ધર્મ ફીલસુફી પ્રમાણે એ રસ્તાખેજ વખતે આવનાર

'શોસ્યોસ'નું બીજું નામ છે. એને અસ્ત-વત-એરેત એટલા માટે કહે છે કે, અસ્ત યાને હાડમંદ માણસને રસ્તાખેજને વખતે ઉઠાડી જીવતાં કરશે અને 'સોષ્યત' એટલા માટે કહે છે કે તે માણસ જાતને ફાયદો પોંહચાડશે. એ 'વીસ્પતઉર્વઈરી' નામે એક સ્ત્રીને પેટે જન્મશે. જે સ્ત્રીનું નામ એરેદતફ્રેધી' છે. એને વીસ્પતઉર્વરી (સઘળાનો નાશ કરનાર) એટલા માટે કહે છે કે એણીનો છોકરો શોસ્યોષ રસ્તાખેજ વખતે સઘળી બુરાઇનો અંત આણશે. એ ઘણી 'કાસૂ' દર્યા તરફથી આવશે. રસ્તા-ખેજ વેળા એના છ ભાઈઓ એને મદદ કરશે. તેમાં હોશેદર બામી મુખ્ય રહેશે.

અસ્તાચલ—હિંદુ ધર્મ કથા પ્રમાણે આ એક મોટો પર્વત છે, કે જે પશ્ચિમ દીશામાં છે. તેની બીજેપાર સૂર્ય જતો હોવાથી તે જણાતો નથી. અલબુર્જને મળતો છે.

અસ્તોદન—જરથોસ્તી ધર્મ રૂહે મરણ પા-મેલા માનવિના હાંડકાં સાચવી રાખવાની જે જગા તેને અસ્તોદન કહે છે. આગલા જમાનામાં ઇરાનદેશનાં જરથોસ્તીઓ પો-તાના ખેશી મરણ પામ્યા બાદ ખોરશેદ નેગેરશની કરી તેના માસનો ભક્ષ પક્ષીઓ પાસે કરાવ્યા પછી તેમના હાંડકાંને એક અલાહેદી બંધીયાર ચણી લીધેલી જગામાં સાચવી રાખતા, તેને અસ્તોદન કહેતા.

આ અસ્તોદન જમીનથી ઘણી ઉંચાઇ પર એવી તો મજબુત પથ્થરની બાંધણીથી બાંધતા કે જેને હિંસક પ્રાણીઓ કદી અલવલ પોંહચાડી શકતા નહિ. વળી તેમાં ધર્મના ફરમાન પ્રમાણે માહે રોશની પેસવા માટે એક છુપું બકારૂં રાખતા, તેમજ આ અસ્તોદનમાં તુફાની પવનનું પાણી પેવસ નહિ થઇ શકે એવી ચોકસ બાંધણીથી મજબુત બાંધવામાં આવતું હતું. આવા મજબુત પથ્થરના બાંધેલા અસ્તોદનો ફક્ત પાદશાહોજ બાંધી શકતા; પણ ગરીબ આમ લોકો ધર્મમાં મુકેલી છુટ ઉપરથી બીજી રીતે હાડકાંને જાલવી રાખતા.

જરથોસ્તી ધર્મમાં અસ્તોદન કરવા માટે એવું પણ ફરમાન છે કે જેની શક્તિ હોય તે પથ્થરનું અસ્તોદન બાંધે, થોડી શક્તિ-વાલો ચુનાનું, ગરીબ ગમે તો ગલીચામાં યા મજબુત સાદડીમાં યા તો બરનીમાં હાડકાં ભરી તેને જાળવી શકે. પાદશાહો ઘણી વેલા પોતાની હઇઆતીમાં આવાં અસ્તોદનો મોટા ખરચે બંધાવી રાખતા હતા, અને મુવાબાદ તેમનાં કુટુંબીઓ તેમને દોખમે ચઢાવી જ્યારે તેમનું માસ ખવાઇ રહી ફક્ત હાડકાં તદનજ સુકઇ રહેતાં ત્યારે તેના હાડકાનાં દરેક ભાગ ઘણીજ ચોકસ રીતે વીણી લઇ તેને અસ્તોદનમાં રાખતા. એમ કરવાની તેમની મતલબ એવી જણાઇ છે કે મરણ પામ્યા પછી જ્યારે રસ્તાખેજ થશે તે વેળા આ હાડકાંથી ફરી તેઓ પાછા સજીવન થશે. આ એમનું મત પુરાતમ ઈજીપશીઅશોને મલતું હતું.

આવાં અસ્તોદનો ઇરાનમાં હાલ ઘણા-એક જણાયલાં છે. તે ફક્ત પ્રસિદ્ધ પાદ-શાહોનાંજ છે પણ આમ લોકોના મળી આવ્યાં નથી. તોય ઘણેક ઠેકાણે ખોદકામ કરતાં નાની નાની મજબુત બરનીઓમાં મનુષ્યના હાડકાં જાળવી રાખેલાં ખોદી કાઢવામાં આવ્યાં છે.

શીરાજથી ઇસ્પહાન જતાં ઇસ્તખર પાસે નક્ષેરૂસ્તમ નામના પાહાડ ઉપર ચાર અસ્તોદનો આવેલાં છે. એમાં બે તો તદન કાળા સંગેમરમરના પથ્રના બાંધેલાં છે. આ અસ્તોદન ૧૧ ફીટ ઉંચા, ૨૧ ફીટ લાંબા ને ૧ ફીટ પોહળાં છે. ઉપલા અસ્તો-દન પાંચ ફીટ ઉંચા, ચાર ફીટ ઉંડા, તથા પોહળા અને ૬ ફીટ લાંબા બાંધેલા ઓરડામાં છે. એક અસ્તોદન મોટા પથ્થરના બાંધેલા મકાનમાં આવેલું છે, જેની ઉપર ચિતારો તેમજ લેખો કોતરેલાં છે. લેખો ઉપરથી તે દરાયસ હિસ્તારપીસનું બાંધેલું અસ્તોદન જણાયલું છે. શીરાજથી ઇસ્પહાન જતાં મોરગાબના ગામડાના આગલના એજ

નામના મેદાનમાં પાદશાહ કુરૂશનું એક અસ્તોદન આવેલું છે, કે જે ઘણીજ મજબુત પથ્થરની બાંધણીનું બાંધવામાં આવ્યું છે, તે શિવાય નાના એવાં અનેક અસ્તોદનો ઇરાનદેશમાં હાલમાં પણ બીસમાર હાલતમાં નજરે પડે છે.

અસ્તોયાદ—જરથોસ્તી એત્તેકાદ મુજબ આ એક મોતનો ફેરસ્તો છે, અને તે મોત ઉપર મવકલ છે. આ ફેરસ્તાને અરેબીકમાં મલેકુલ મૌત કહે છે.

અસ્તોવિંઘોતુ—એ એક દેવ અથવા બુરી શક્તિનું નામ છે. જેનું કામ માણસનો દમ બંદ કરી નાખી તેનું મોત લાવવાનું છે. એ દેવને એક ખરાબ પવન યા જીંદગીનો છેડો લાવનાર કહયો છે. જ્યારે તે તંદરૂસ્ત માણસ ઉપર હુમલો કરે છે ત્યારે તે સુસ્ત બનેછે ને બીમારને ઘભરાવે છે. અહેરેમને એની મારફતે ગયોમર્દ ઉપર ઉમલો કરાવ્યો હતો પણ તેની જીંદગીના બીજા ૩૦ વર્ષો બાકી હોવાથી, તે નીશફળ નીવડયો હતો. મનુષ્યના મોતબાદ ત્રીજી બામદાદે તેના પુલગુજાર થતી વખતે તે દેવ તેના રવાનના ગળામાં ફાંસો નાખી તેને દોજખમાં ઘસડી જાય છે, પણ સવાબી મનુષ્ય તેના હાથમાં સપડાઇ શકતો નથી.

અસ્થાઇ—હિંદુ સંગીત શાસ્ત્રમાં એ અલાપ અથવા તાનનું નામ છે, કે જેમાં ખરજ સુર વધારે આવી ઉચ્ચારણ પણ ખરજ જેવો થાય છે, અને પેહલો સ્વર અંતઃમાં આવી બોલાય છે. એની સાત તર્હો છે.

અસ્થિભંગ—ભેજવાળી જમીનમાં ઉગતા બે હાથ ઊંચા વૃક્ષો, એના ફળો પ્રથમ લીલાં ને પછી રાતાં બને છે.

અસ્નતાર—અથોરનાન વર્ગમાંના એક પંથનું એ નામ છે, કે જેઓનું કામ નાહાન નહવાડવાનું હોય છે.

અસ્નાર—આસરે સવ્વા રૂપીયાની કિંમતનો સીક્કો. આ સીક્કા પુરાતમ ઇરાની રાજ્યોમાં ચલતા હતા.

અસ્પન્તમાન—એ હજરત જરથોસ્તના એક વડવાનું નામ છે, કે જેની ૧૦ મી પેહેડીએ પેગંબર સાહેબનો જન્મ થયો હતો. અને આવા ઉમદા ખાનદાનથી ઉતરી આવેલા દરશાવવા માટે તેમને સ્પેન્તમાન જરથોસ્ત કહેવામાં આવે છે. અસ્પન્તમાન બોલ પેહલવીનો છે.

અસપંદાર—જરથોસ્તીઓનાં ત્રીસ રોજમાંનો પાંચમો અને બારમાં મહિનાનું એ નામ (જુઓ અમશાસપંદ).

અસપંદીયાર રૂઇનતન—કએ ગુસ્તાસ્પનો આ શૂરવીર કુંવર ઈ. સ. પૂર્વે ૨૬૭૦ ના સુમારે જનમ્યો હતો એવું અનુમાન છે. જરથોસ્તે પોતાની માજદીયસની દીનમાં પાદશાહી ખાનદાનમાથી સપર પેહલાં અસપંદીઆરને દાખલ કીધો અને એણે પોતાના પિતા ગુસ્તાસ્પને વારંવાર સમજાવી તેજ દીનમાં દાખલ કીધો. જરથોસ્તી દીનનો ફેલાવો અસપંદીયારે દેશે દેશ કરવા માટેનું કામ પોતાને માથે ઉઠાવ્યું હતું, અને તે કામ ઘણીજ બાહાદુરીથી પાર પાડ્યું હતું. ઇરાનમાં ધર્મ સંબંધી જે ફેરફારો થયા તેથી સપર પેહેલું પરીણામ એ નીપજ્યું કે તાતારના પાદશાહ 'અરજાસ્પ' સાથ લઢાઈ થઇ. એ પાદશાહે ગુસ્તાસ્પને અસલીજ મજહબપર એતેકાદ રાખવા સમજાવ્યું અને તેમ જો તે નહિ કરે તો લઢાઇ ઉઠાવવાની બીહિક આપી.

ગુશતાસ્પે તરતજ એક લઢાઈ ઉઠાવી તેમાં ગુશતાસ્પનો ભાઇ અરજાસ્પના છોકરાને હાથે મારયો ગયો. પણ તે ફત્તેહ આ જુવાન શાહાજાદાએ કાંઇ ઘણું સુધી ભોગવી નહિ. કેમકે તે પોતે અસપંદીઆરની તલવારથી ત્યારબાદ મારયો ગયો. એ લઢાઇનું પરીણામ એ આવ્યું કે અરજાસ્પે તદન હાર ખાધી, અને પોતાના મુલક તરફ તે નાહાશી ગયો. આ લઢાઇ પછી પોતાના બાપની દરબારની ખટપટને લીધે અસપંદીઆરે એક બંડ કીધું, તેમાં તેને તાબે

થવું પડયું હતું, અને તેને બંદીખાને નાખવામાં આવ્યો પણ તેનું કેદ થવાનું તથા ગુસ્તાસપનું સીસ્તાનમાં રૂસ્તમને ત્યાં પરોણા દાખલ ગએલાની ખબર તાતારમાં અરજાસ્પને મળી, તેવીજ તેને ઈરાન પર ચઢાઈ કીધી. આ વેળા અસપંદીઆર કેદખાનામાં બંદીવાન હતો, અને ગુસ્તાસ્પ તો સીસતાનમાં મોજ શોખમાં પડેલો હતો. એવી સેહેલી તકથી તેને ઇરાન ઉપર ચઢાઇ કરી બીસ્યાર લુટ ચલાવી, તેમાં સ્પેન્તમાન જરથોસ્ત અને લોહરાસ્પ પાદશાહને કતલ કીધા, તથા ગુસ્તાસ્પ પાદશાહની બે 'બેટીઓ' હોમાય અને બેહેઆફ્રીદને કેદ કરી સાથે લઇ ગયો.

આ બનાવની ખબર ગુસ્તાસ્પની બાનુ 'કએતાઉને' રાત દાહાડો મુસાફરી કરીને સીસતાનમાં જઇ આપી. ત્યાર બાદ ગુસ્તાસ્પે અસપંદીયારને બંદીખાનેથી મુકત કરી તેને જણાવ્યું કે પોતાની બેહેનોને છોડવવામાં જો તે ફતેહે પામે તો પોતાનું તાજ તેના માથે મુકશે. આ મોટી આશાઓથી તેણે એક લશકર જમાવ કરી તેની મદદથી અરજાસ્પને હરાવ્યો અને તે પાદશાહના 'રૂહિનદેહ' નામના પાએતખ્ત શેહેર સુધી જો ગરજ પડે તો તેનો દુંબાલો પકડી તેને નસાડવાની સઘળી ગોઠવણો કરી રાખી. બલખ આગળથી તે શેહેરમાં જવાના ત્રણ રસ્તા હતા એવું માલમ પડે છે. એક છ માસની મુસાફરીનો, બીજો બે માસની મુસાફરીનો અને ત્રીજો છ ને સાત દિવસની મુસાફરીથી વધારે દૂરનો નહોતો. આ છેલ્લો રસ્તો એક મોટા બિયાબાનમાં આવેલો હતો અને તેમાં એટલા તો ક્રૂર જાનવરો અને ઝેરી સાંપો હતાં કે, તે જગાઓ લગી જવાની અતિઆર સુધી કોઇએ કોશેસ કરી નહોતી. પોતાની સાથે ૬૦ ચુન્દા સીપાહો લઇ એ રસ્તો ઓળંગવાનો ઠેરાવ બહાદુર અસપંદીઆરે કર્યો. બે માસની મુસાફરીનો જે રસ્તો હતો તે માર્ગે તેણે એક પુશતંગ નામના સરદારને લશકર તથા સામાન સુધાં વિદાય કીધો. દુશમનનાં પાયતખત શેહેર ભણી જ્યારે તે જઇ પોંહચ્યો, ત્યારે એકેકને આતશની નિશાની સારૂ જોયા કરવાનો હોકમ કર્યો હતો અને જેને તે નિશાની નજરે પડે તેણે તરતજ પોતાનાં લશકરને હૂમલો કરવાને વાસ્તે લઇ તરતજ મદદે આવવા ફરમાવ્યું હતું. અસપંદીયાર અને તેના ૬૦ સોહોબતીઓએ વેપારીનો વેશ લીધો અને સાથે ઘણીક કિંમતી ચીજો લીધી. તેઓએ પેલું બિયાબાન સલામતી ભરી રીતે પસાર કર્યું અને કોઇબી શક ઉત્પન્ન કર્યા વિના રૂહિનદેહ શેહેરમાં તેઓ દાખલ થયાં, અને સંભાળથી તહાં એવી અફવા ઉરાડી કે એક મોટો વેપારી પોતાનાં કેટલાક દોસ્તો સાથે ગુશતાસ્પના જુલમથી નાહાશી આવ્યો છે. અરજાસ્પે આ વાત જાણી તેમને ઘણું માન આપી રાખ્યા.

ઠેડવેલે દીવસે લશકરે બાહારથી અને અસપંદીઆરે મેહેલમાં કતલ ચલાવી. તેમાં અરજાસ્પ અને તેના ભાઇ માર્યા ગયા. પોતાની બેહેનોનો છુટકારો કરી તુરાનનું રાજ્ય 'અગરેરસના એક પરહેજગાર વંશજને બખશ્યું'. આ ફતેહેમંદીથી ગુશતાસ્પે ખુશી થઇ પોતાના બેટાને બલખનો હાકેમ બનાવ્યો, જ્યાં એણે પોતાની દરબાર બનાવી, એટલુંજ નહિ પણ શેહેનશાહતપર હોકમ ચલાવવા લાગો. આ પ્રમાણે એણે ઓહ્દો ચલાવ્યાથી એના દુશમનો પોતાની હુશીઆરીમાં વધારે રેહેવા લાગા, તેઓએ ગુસ્તાસ્પને એવું સમજાવ્યું કે 'તારો છોકરો તારી જીંદગી લેવાની ઇચ્છા રાખે છે, એ વાત સાંભળી શાહાજાદાને એકાએક પાર્સી પોલીશમાં આવવાનો હુકમ થયો. અહીં જેવો તે આવી પોંહચ્યો તેવો તેને બંદીવાન કરી આદરબીજાનનાં બંદીખાનામાં કેદ કરવામાં આવ્યો. આ બનાવથી તે વેળાએ ઇરાનમાં માહોમાહે રાજપાટ તથા ધર્મ સંબંધી ઝગડા ચાલતા હતા, તેઓને ઉત્તે

જન મળયું, એટલુંજ નહિ પણ શેહેનશાહત પર પાછો હુમલો કરવા તાતારના પાદશાહને ઉલટ થઇ. આ વેળા કાવયાની ઝુંડો વટીક દુશમનોનાં હાથમાં ગયો હતો. આવો ફેરવાયલો વખત જોઇ અસપંદીઆરને પાછો છુટો કરી દુશમનોને જેર કર્યાં. અસપંદીઆરે દુશમનોને જીત્યા બાદ ઇરાનનું તાજ, જે વિષે અનેકવાર એને આશા આપવામાં આવી હતી તેની માંગણી કરી; પણ લોભી ગુસ્તાસ્પ પોતે રાજ છોડવા નાખુશ હતો તેથી તેણે પોતાની કબુલાત પુરી પાડવાને ઉડાવ્યા કીધો. આ કુન્હેબાજ જૈફ પાદશાહે તેને એવું સમજાવ્યું કે "મારૂં રાજ્ય હાલ મુસ્તકીમ પાયાપર આવ્યું નથી તેથી તે તને સોંપવા હું શરમાઉં છું. રૂસ્તમ અને તેના કુટુંબે આપણી ફરમાબરદારી કરવાનું મોકુફ કર્યું છે અને સીસતાનમાં પોતે એક સ્વતંત્ર રાજ્ય સ્થાપી બેઠો છે. તેઓને પાછા ફરમાબરદારી કરવા તેડી લાવવાં જોઇએ. અને અગર જો એ કામ તું કરે ને તે સરદારને બાંધી મારી હજુર લાવે, તો તારી અસાધારણ બાહાદુરીના બદલામાં તને આ મોટી અને સમાધાનીભરેલી શેહેનશાહતનું રાજ મળશે.' આ દરખાસ્તથી એ શાહાજાદો ચોંકયો, પણ આવા ભયભરેલા કામમાં હાથ ઘાલવા ઘણી હુશીઆરી અને યૂકિત ભરેલી રીતે આખરે તેના બાપે તેને હારપર આણ્યો. નાચારીએ તેણે એ કામ માથે ઉઠાવવાનું કબુલ કર્યું. સીસતાનથી કુચ કરી બલખ તરફ ચાલતાં માર્ગમાં અસપંદીઆરે ઘણી આજીજીથી રૂસ્તમ પાસેથી માંગી લીધું કે "મારા બાપના ફરમાન પ્રમાણે તું મને તારો હાથ બાંધવા આપ;" પણ તે શિવાય તે પેહેલવાને બીજી હરએક કબુલાતો જે તે કહે તે બાહાલ રાખવા જણાવ્યું. પણ "આ કામથી મારા કુટુંબને બટ્ટો પોંહચશે માટે એ વાત મારાથી કબુલ નથી કરાતી" એવો જવાબ આપ્યો. એથી લઢાઇ થઇ તેમાં બન્ને હરીફોનાં ઘણાએક મુખ્ય સરદારો માર્યા ગયાં. અસપંદીયારે રૂસ્તમ સાથે જંગ કીધું તેમાં રૂસ્તમ ઘાએલ થયો અને લઢાઇના મેદાનમાંથી પાછો હટયો, પણ બીજે દિવસે તે લઢાઇના મેદાનમાં આવીયો, તે વેળાએ તે પોતાની સાથે બે પીછાંદાર તીર, અસપંદીઆરનું શરીર બખતરથી જીતી ન શકાય એવું બનેલું હતું તેથી તેની આંખોમાં ભોંકવાને લાવ્યો. રૂસ્તમે બીજી લઢાઇ શરૂ કરી તેની આગમજ પોતે એ પાદશાહને પોતાની દોલત પણ આપવા કહી અને પોતે ઇરાનના પાદશાહી હોકમનો સદા મોટો ફરમાબરદાર છે એવું પણ જનાવ્યું, તોએ અસપંદીઆરે આ પેહેલવાન પોતે ગુસ્તાસ્પ સોડે હાથ બંધાવી આવે તે શિવાય બીજી કાંઇ પણ વાત તેને સાંભળવા ના પાડી. લઢાઈ શરૂ થઇ અને રૂસ્તમે પેલો નાશકારક તીર કાઢયો ત્યાં સુધી તે જોસ્સા ભરેલી રીતે ચાલુ રહી. ઘણી ચોકસ નિશાનીથી તે તીર આ બાહાદુર શાહાજાદાની આંખમાં વાગ્યો, જેથી તેનું મોત નીપજ્યું.

મરતાં તે બોલ્યો કે "આ જોખમ અને બેવકુફીભરેલાં કામમાં મારા ઘાતકી બાપની યૂકિતઓથી હું જે ગુંથાયો હતો તેનો વાજબી રીતે આ છેડો આવ્યો છે." પોતે મરણ પામ્યો તેની આગમજ તેણે પોતાના બેટા બહમનને રૂસ્તમના સ્વાધીનમાં આપી, તેને દરેક જાતના એલમ હૂન્નર શીખવવા કહ્યું. મરણ ઇ. સ. પૂર્વે ૨૬૪૦માં નીપજ્યું

અસપંદીઆર દસ્તુર કામદીન—જન્મ ઇ. સ. ૧૭૫૫ માં થયો હતો. ઇ. સ. ૧૭૮૧ માં પોતાના પિતાની જગોએ દસ્તુર દાખલ નેમાયાં. આ વિદવાન દસ્તુર પહેલવી, ફારસી તથા બીજી ભાષાઓનું ગ્નાન ઘણું સારૂં ધરાવતા હતાં. એમનાં પિતાના વખતમાં કબીસાની તકરાર જોશ ઉપર ચાલી હતી અને તેણે તે વખતે ઘણું ભયંકર રૂપ પકડયું હતું. તેની પઝરણભરી અસર તેમનાં મરણ પછી દસ્તુર અસપંદીઆરના

વખતમાં પણ ચાલુજ રહી હતી. આ તકરારે તે વેળા એટલું તો ભયંકર રૂપ લીધું હતું કે મરહુમ દસ્તુર કામદીનનાં ગુજરેલાં હાડ સાથે કાંઇક ચેડાં કાઢવામાં આવ્યા, જેથી ભરૂચના પાર્સીઓ ઉશકેરાઈ ગયા અને તે વેળા પંચાતનાં ગણાતા કેટલાક શેઠીયાઓ તથા તેમના ગોઠીઆઓ સાથે મારામારી કરી તેમનાં ઘેરબાર લુટયાં. આ મારામારી વખતે એક પાદશાહ નામે મોબેદની 'બેહેનબાઇ' નામની ઓરત હમેલદાર હતી, તે તેના હમેલને નુકસાન પુગું એવું તોહમત બેહેદીન હોમાજી જમશેદજી નામના શખસ ઉપર આવ્યું.

આ બનાવ વિષે ભરૂચના તે વેળાના અમલદાર મી૦ ગ્લીઅર પાસે તપાસ ચાલી હતી, તેમાં આ દસ્તુર તથા તેમનાં કાકા તથા બીજા ૩૦ થી ૪૦ મોબેદો અને બેહેદીનોને તેમાં શામેલ ગણી ખરડવામાં આવ્યાં હતાં, પણ આ તપાસમાં ફરીઆદીઓ પોતે હાર્યા હતા. તેથી તેઓએ મુંબઈ આવી કેટલાએકોની મદદ મેળવી મી૦ આલસી નામના અમલદારની મદદથી ઇ. સ. ૧૭૮૨ માં મુંબઇ તરફ બધાઓને વહાણમાં બેસાડી લાવતા હતા, તેટલાં 'ડટન' નામે પ્રસિદ્ધતા પામેલું મોટું તોફાન નડવાથી બધાં ડુબતાં ડુબતાં પાછા ભરૂચ આવ્યાં હતાં. અને ૧૭૮૩ માં પાછાં દસ્તુર અસપંદીઆર અને હોમાજી જમશેદજી સાથે સઘલાઓ મુંબઇ આવ્યા હતા.

આ દસ્તુર જ્યારે મુંબઈ આવ્યા ત્યારે તે વેળાના મુબઈના શેઠીયાઓ મનચેરજી બમનજી, વાડીયાજી, નશરવાનજી, હીરજી જીવનજી રેડીમની, માણેકજી શરાફ તથા માણેકજી લાલા વગેરેએ એમના વિષે સરકાર ઉપર શીફારસ કરી એમની સારી બરદાસ્ત લેવડાવી હતી. આ વેળા અસપંદીઆરજી પોતાની સાથે કબીસાની તકરારને લગતાં ગ્રંથો લાવ્યા હતા, તેમજ તે વેળા અત્રેના પાર્સીઓમાં આ તકરાર વિષેનો જુસ્સો શરૂ થએલો હતો તેથી આ તકરારની સમજ લેવા ટોળે ટોળાં તેમની પાસે જતાં હતાં.

અત્રે મેયરની કોર્ટમાં તપાસ પુરી થતાં બેહેદીન હોમાજી જમશેદજીને જસ્ટીસ ફ્રારબસે ફાંસીની સજા ફરમાવી હતી. તે વેળા એમ કહેવાતું હતું કે, આ હોમાજીએ ધર્મ માટે જીવ આપ્યાથી એમની નઈઅતે બાજદરૂન દર વર્ષીએ કરવું, તે પ્રમાણે હાલમાં પણ કરવામાં આવે છે, અને તેમનાં નામે વંદીદાદની ઇજશને કરવામાં આવે છે.

આ બનાવ પછી દસ્તુર અસપંદીઆરજીને અત્રેના શેઠીઆઓએ કબીસા વિષે લોકો સામે ભાષણો આપવા અરજ કરી, તે ઉપરથી એવને પુરતા બંદોબસ્ત પછી વાએજો કરી હતી, તેમજ કેટલાક બેહેદીનો સાથે તકરારો કરી હતી તે ઉપરથી એમને હેરાન કરવાની કોઇ ઠેકાણેથી કોશેસ થવાથી તે વેળાનાં અમલદાર મી૦ તાલીસને એમને ઇ. સ. ૧૭૮૩ માં મોટા માનસહિત ભરૂચ રવાના કીધાં. આ વેળા તેમના માનમાં ઘણાંક અનજુમનનાં શેઠીઆઓ મેહેમવેર વળાવવા ગયા હતા. માર્ગમાં થાણા, તારાપૂર, ઉદવારા, ગનદેવી, વલસાડ, નવસારી તથા સૂરત ખાતે એમને મોટું માન મળીયું હતું.

ઇ. સ. ૧૮૦૩ માં ભરૂચમાં ઇંગ્રેજ સરકારનો અમલ સ્થાપન થયો તે વેળા એવણને મુનસફની જગા ઉપર નેમીયા હતા, આ ઓધ્ધો પોતાનાં ધર્મ સંબંધી કામો બજાવ્યાં પછી ફુરસદે બજાવવાની પરવાનગી મળી હતી. અને આ માન ભર્યો ઓધ્ધો ૨૩ વર્ષોવેર ચલાવ્યો હતો.

આ વખત સુધી કબીસાની તકરાર નરમ પડી ન હોતી તેથી ઇ. સ. ૧૮૨૫ માં એવને 'કદીમ તારીખ પાર્સિઓની તકરાર યાને કબીસાની હકીકત' એવે નામે એક ચોપડી પ્રસિદ્ધ કરી હતી. મરણ ઇ. સ.

૧૮૨૬ ની ૧૬ મી આગસ્ટે નીપજ્યું. એમની કાબેલીઅત તથા અશોઇને લીધે હજી વેર અફરગાન ફિર્યામાં એમનું નામ માનથી લેવામાં આવે છે.

અસપંદીયાર ફરામજી દસ્તુર—જન્મ ઈ. સ. ૧૮૦૯ માં થયો હતો. ૧૮૪૧ માં હાદીએ ગોમરેહાન, ૧૮૪૯ માં ઇજશને બામાએની તથા એજ વર્ષના આગસ્ટ મહીનામાં સમાચાર દર્પણ નામનું રોજીંદુ પત્ર પ્રગટ કર્યું હતું. મરણ ઇ. સ. ૧૮૮૪ માં ૧૮ મી અકટોબરે નીપજ્યું.

અસ્પંદીયાર યજદીયાર—આ પ્રસિદ્ધ વીદ્વાન; જરથોસ્તી ધર્મના સંશોધન તરફ ઘણી લાગણી ધરાવતા હોવાથી ઇ. સ. ૧૫૩૫ માં ખંભાતથી ઇરાન જઈ ધર્મ સંબંધી એક રેવાયત લખી લાવ્યા હતા.

આસ્પંદીઆરજી રતનજીશાહ—જન્મ ૧૭૫૫ માં થયો. આ પ્રસિદ્ધ ને કુશળ વેપારી, ચીન તથા હિંદુસ્થાન સાથે વેપાર ચલાવતો હતો. ઇ. સ. ૧૮૦૨ માં કબીસો જરથોસ્તી દીનમાં જાયજ છે તે વીષેનાં મિર્ઝા અબદુલ્લા ઇસ્પાહાનીનાં મેહેજરનો એક રદીયો ગ્રંથોની શહાદતોથી લખયો હતો. એમના પાસે પોતાના બાપનો તથા પોતે રચેલી જરથોસ્તી મજહબને લગતી ચોપડીઓનો એક મોટો સંગ્રહ હતો, અને તે સંગ્રહ ઇ. સ. ૧૮૨૬ ની આખેરીએ કબીસાની તકરાર પ્રસંગે મુંબઇમાં મંગાવવામાં આવ્યો હતો.

અસ્પાય ઓધ—(જુઓ જરીર) અસ્પાય ઓધ એ જરીરનો એલકાબ છે. જેનો અર્થ ઘોડાની પીઠ ઉપર લડનાર કરી થાય છે. એ શૂરવિર મોટો લઢવૈઓ હતો અને એનો ઘોડો પણ ઉત્તમ જાતવાન હતો.

અસપાસી—આ ક્રૂર અને દેવાની ઓરતનો જન્મ ફ્રાન્સમાં ઇ. સ. ૧૭૭૨ માં થયો. નાહનપણથી દેવાનશાળામાં તેને પુરવામાં આવી હતી, પણ જે વેળા ફ્રાન્સમાં મોટો બળવો થયો ત્યારે આ દેવાની ઓરતે બંડખોરોમાં આગેવાની લઈ એક શૂર અબળાની અસાધારણ ક્રૂર ધૈર્યતાથી સામાં દુશમનોનો ભયંકર ઘાણ કાઢયો હતો. એણીની સરદારી તળે બીજી ઓરતો તથા ઘણા પુરૂષો હતાં. સેવટે તેણી પકડાઇ અને ઇ. સ. ૧૭૯૫ માં ફાંશીએ ચઢાવવામાં આવી. મરણ પામવા આગમજ એણે પોતાના મળતીયાનું નામ દીધું નહિ. જોકે એણીપર ઘણો જુલમ ગુજારવામાં આવ્યા છતાં તે મરતાં બોલી નહોતી.

અસપાસિયા—આ બાનુનો જન્મ 'મીલીટસ' ખાતે થયો હતો. એના પિતાનું નામ 'એકરીઓચસ' હતું. અથેન્સ અને ગ્રીકની ચઢતીનાં વખતમાં આ બાનુ પોતાની બાહોશી અને અકલ હુશીયારી માટે ઘણી વખણાઈ છે. તેણી પરસીકલીસ સાથે જોકે રહેતી હતી, તોપણ તેની સાથે તેણીએ લગન કર્યાં નહોતાં. અને એ લીધે તેણીએ તેના સાથે કોઇ પણ વ્યવહાર રાખ્યો નહતો. એણીએ પરસીકલીસને ભાષણ કરવાની છટા અને રીત શીખવી હતી. તેણી જોકે મીલીટસમાં જનમી હતી, તોપણ તેણીએ પોતાની જીંદગી અથેન્સમાં ગુજારી હતી. તેણીનું ઘેર તે વખતનાં જાણીતા રાજદુવારીઓ તથા વક્તાઓનું વાદવિવાદનું મથક ગણાતું હતું. સોક્રેટીસ અવારનવાર આ બાનુની મુલાકાત લેતો હતો. આ બાનુ રાજદુવારી બાબદો તથા બીજી દરેક બાબદો પર વિચાર કરવાની સારી શકિત ધરાવતી હતી.

ઇ. સ. પૂર્વે ૪૨૯ માં પરસીકલસનાં મરણ બાદ આ બાનુ લીસીકલસ નામના એક ભરવાડ સાથે પરણી હતી. પોતાની લાગવગ અને બાહોશીથી પોતાના ખાવંદને આ બાનુએ અથેન્સમાં એક જાણીતો વક્તા અને રાજદુવારી પુરૂષ બનાવ્યો હતો.

અસ્ફ બીન બર્ખી—આ માહાન વિદ્વાન સાલોમાન ઇબ્ને દાઉદનો વડો વજીર હતો. એ ગુપ્ત વિદ્યામાં પોતાના શાહા જેવોજ

પૂરવીણુ હતો. તેનામાં મુવેલાંને જીવતા કરવાની શકતી હતી. એના તાબામાં જીનો તથા જંગલનાં જાનવરો વગેરે હતાં.

અસ્ફેહાન—ઇજશનેની પવિત્ર ક્રિયા કરતી વેળા વપરાતું એક જાતનું અલાત કે જે એવીજ બીજી પવિત્ર ક્રિયામાં વપરાય છે.

અસબની—જરથોસ્તી ધર્મના અવસ્તામાં જે નારીઓને યાદ કરી છે તેમાં અસબની પણ એક છે. આ નામાંકીત ઇરાની બાનુ 'પોરૂધાસ્તિની' બાયડી હતી. એણીના છોકરાઓ ઘણા નામીચા નીવડયાં હતાં, ને તેઓએ જરથોસ્તી ધર્મના ફેલાવામાં દીલોજાનીથી મદદો કરી મુર્તિપુજકો સાથે ઘણી એક લઢાઇઓમાં ભાગ લીધો હતો.

અસંબાધાછંદ—આ છંદ ચૌદ માત્રાનો બને છે. જેમાં મગણ, તગણ, નગણ, સગણ તથા બે ગુરૂ હોય છે. એમાં પાંચ અક્ષરે વિસામો આવે છે.

અસમંજસ—એ સગરનો પુત્ર. માંનુ નામ કેશિની હતું. એ ઘણો બળવાન હતો અને તે લોકોને ઘણું દુઃખ દેતો હોવાથી સગરે તેને વનમાં હાંકી મેલ્યો હતો. ત્યાંજ તેનો કાળ થયો હતો.

અસરરોશની—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે આ એક બેહેસ્તનો ઉંચો તબકકો છે.

અસરતશામ—અવસ્તાઇ ગ્રંથોમાં એને થ્રીત નામે જણાવેલો છે. કેરસાસ્પ અને ઉર્વાક્ષ જેવો વિદવાન ને શુરવિર એના પુત્રો હતા.

અસલી—આ ફળ ઘણું કરી 'રાસ્પબેરી' ના ઇંગ્રેજી નામે જાણીતું છે. જેઓ માહાબળેશ્વર તરફ ગયા હશે તેઓએ તેની મજાહ ચાખી હશે. આ મેવાની ત્રણ જાતો છે. ૧ ઇંગ્લીશ. ૨ મોરીશિઅસ અને ૩ મ્હૈસુરી. એના ઝાડ ડુંગરો પરનાં થંડા પ્રદેશોમાંજ થાય છે. પેહેલી જાતના ફળો ઘણાં સ્વાદીષ્ટ હોય છે. મોરિશીઅસ રાસ્પબેરીના ફુલો ડબલ ગુલાબના ફુલો જેવાં હોય છે. આવાં ઝાડ ઘણે ઠેકાણે મળી આવે છે. એ રાસ્પબેરીના ઝાડો ચારથી પાંચ ફીટ ઉંચા હોય છે. એના ઝાડને ગુલાબના જેવા કાંટા હોય છે. આ ઝાડને વસંતમાં ફળો આવતાં નથી. બાકી આંઠ મહીના રહીને ફળો આવવાં માંડે છે. ફળો આવી ગયા પછી છોડવા કાપી નાખવા કે પાછા નવા ફળો આવવા માંડે છે. નવાં ઝાડ બિયાં રોપીયાથી ઉગે છે.

અસાણ—આ જાતના ઝાડ હિંદુસ્થાનમાં ઉગે છે. એના ઝાડ ઘણાં વિશાળ હોય છે. એના લાકડાં ઇમારતનાં કામમાં ઘણાં ઉપયોગી હોય છે. અસાણનાં પાંદડાં મોટાં અને લાંબા હોય છે. એ ઝાડ ઉપર ફળો બારીક આવે છે. કાચાં ફળોનો રંગ લીલો હોય છે, પછી પીળો થતો જઈ પાક્યા પછી કાળો થાય છે. એ ફળો રૂચીએ કડવાં હોય છે. અસાણની અંતરછાલ લાલ રંગની હોય છે.

અસાનેશ—આ એક દેવ છે કે જેની સાત ખુરી ખાશીયતો છે. આ દેવ શેહેરેવર અમશાસપંદનો હરીફ છે.

અસામાવાઆમાં—જેપાનની શેહેનશાહતનાં એક બેટમાં આ નામનો એક જવાળામુખી પર્વત આવેલો છે. આ જવાળામુખીમાંથી રાત દહાડો ધુમાડાના ગોટેગોટા નિકળે છે.

અસાવરી—દેશી ગાયણ વિદ્યામાં એ એક રાગણીનું નામ છે. એ રાગ શ્રી રાગની સ્ત્રી છે. એને 'આડુ' રાગ કહેછે; એટલે રેખબ તથા ગંધાર બેબાદી ગણે છે. રાગણી સંપૂર્ણ છે (કારણ કે એમાં સપતકનાં સાતે સૂર આવે છે.) અને ભેરવીનાં સૂરપર વાગે છે. એનો ખરજ શુદ્ધ, રેખબ કોમળ, ગંધાર કોમળ, મધ્યમ કોમળ, પંચમ શુદ્ધ, દૈવત કોમળ, નિખાદ કોમળ એ રીતે બધા સૂરો કોમળ છે.

ખરજ	રેખબ	ગંધાર	મધ્યમ	પંચમ	દૈવત	નિષાદ
સા	રે	ગ	મ	પ	ધ	ની
શુદ્ધ Natural	કોમળ Flat	કોમળ Flat	કોમળ Flat	શુદ્ધ Natural	કોમળ Flat	કોમળ Flat

એની સારેગમ—ધ પ મ ગ રી સા ની; એ રીતની છે, એનો બાદી સૂર દૈવત છે, સંબાદી રેખબ છે તથા અમબાદી પંચમ છે. જોગીયા અસાવરીમાં દેવગંધારની મીલાવટ છે, તથા અસાવરીમાં મલાર તથા બસંત છે.

એ રાગણી સવારનાં નવ વાગે ગવાય છે. સ્વરૂપે સાંવળી સૂરતની સોહાસણ, સફેદ લુગડાં પેહેરેલી છે, કપાળે કપુરની લેહેર લગાવી છે. પોતાનાં ગુમાનમાં એટલી તો ચકચૂર બની છે કે, હાથે ને પગે મોટા લાંબા મણીધર સર્પો વિટલાંયા છે. લાંબા નીમાળાની કાળુડી નાગેણુ ચોટલો ફેણદાર ચકરડે બનાવ્યો છે. એ ઉંચા પર્વતના હરીયાલીનાં શીખર વચ્ચે વહેતા નીર્મળ ઝરાના વેહેમાં થંડીની લેહેર લેવા બેઠી છે.

આ રાગણીમાંથી શંકર અને બિહાગ ઉત્પન્ન થયલાં છે (જે એ રાગણીના પુત્ર કહેવાય છે.) એ રાગણી ઘણીજ શોકાતૂર છે અને માહેતમનો જુસ્સો બતાવે છે. કાંઇ મોહબત અથવા રદન કરવું હોય તો 'અંસાવરીમાં' તેમ થાય છે. મોહરમ ઉપરનાં માહાતમનાં મરશીઆ એ રાગણીમાં ઘણાં ગવાય છે.

અસાવરી ૧૨ જાતની છે. શુદ્ધ અસાવરી, ટોડી અસાવરી, માંડ અસાવરી, ભૈરવી અસાવરી, જીંજોટી અસાવરી, મિયાની અસાવરી, જોગીયા અસાવરી, ગંધાર અસાવરી, બીંદ્રાબન અસાવરી, જોહનપુરી અસાવરી.

અસાવરી સાથે જોગીયા રાગણી હમેશાં ઘણી ભેલાંયલી રહેછે. ઘણાં ખરાં અસાવરીનાં ગીતોમાં 'જોગીયા' રાગણીનું મિશ્ર હોયછે. એ મિશ્ર જોગીયા રાગણીના નામથી ઓળખાય છે. જોગીયા રાગણી સહવારે ૯ વાગે ગવાય છે. એના સૂર નીચે પ્રમાણે છે:—

ખરજ	રેખબ	ગંધાર	મધ્યમ	પંચમ	દૈવત	નિષાધ
|	|	|	|	|	|	|
સા	રે	ગ	મ	પ	ધ	ની
|	|	|	|	|	|	|
શુદ્ધ	કોમળ	તિવ્ર	કોમળ	શુદ્ધ	કોમળ	તિવ્ર
(Natural)	Flat	Sharp	Flat	(Natural)	Elat	Sharp.

ગુસ્સો, ખુશહાલી, ટપકો, તકરાર, ઉશકેરણી, અપમાન, ધમકી, એવા જુસ્સાવાલાં ગાયનો અસાવરી અથવા જોગીયા અસાવરીમાં રચવાં નહિ.

અસાહુાન—સુમાત્રાના બેટોની ઉત્તર પૂર્વે આ શેહેર છે. વળી આ પ્રાંતમાંથી એજ નામની નદી વહે છે. અહીં સીસાની ખાણો છે. વસ્તી ૭૦૮૦૦ ની છે. આ શેહેર નદી કાંઠે અને મલાકાની સામુદ્રધુનિથી ૨૦ માઇલ પર છે.

અસાળીઓ—ખાનદેશમાં નદીના અથવા ઝરાના કીનારે આ ઝાડ વાવવામાં આવેછે. એના ઝાડ ઘણાં નાના હોય છે. અસાળીયાનો રંગ રાતો હોય છે. અને તે બારીક અને ચપટાં હોય છે. તે કડવાં, પૂષ્ટીકારક ને ઉષ્ણ છે. માર વાગ્યો હોય, અથવા પડી જવાથી વાગ્યું હોય તો તેના ઉપર અસાળીયાનાં બીજની ખીર કરી ખાય છે. અને શૂળ તથા બીજાં દુઃખારા ઉપર તેને વાટીને ચોપડાય છે. આંખ દુઃખતી હોય તો તેના બીજ આંખમાં ભર્યાથી આરામ થાય છે, તે લોહીને તોડી નાખે છે.

અસીત—આ વેદ વિદ્યામાં નીપુણ પંડીત વેદ વ્યાંસનો શિષ્ય હતો.

અસીનબોની—ઉત્તર અમેરિકામાં આવેલી આ મોટી નદી છે. જે ઉત્તરેથી વહેતી ગીનીપીગનાં સરોવરમાં ખાલી થાય છે. તેમાંથી બે નદીઓ બને છે, તેમાંની એક

લાલ નદી મીસીસિપી પાસેથી વહે છે. આ નદીના કિનારા પરની કેટલીક જમીન ફળદ્રુપ અને બાકીની સૂકિ તથા કઠણ છે. આ દેશ નૉર્થ વેસ્ટ કંપનીને તાબે હોવાથી તે કંપનીનાં માલોની વખારો નદી કીનારે બાંધેલી છે.

અસીર્યા—(જુઓ એસીર્યા.)

અસૂર—એ હિંદુ દેવતાઓનાં ભાયાદો છે. દેવોનો હિસ્સો લઇને તેઓને પાતાળમાં હાંકી મેલ્યા તોપણ તેઓએ પોતાના દુશમનોની સાથે ઘણા દીવસો સુધી ટક્કર લીધી. ગ્રીસ દેશની દંત કથાઓમાં જે 'તૈતન' કરીને રાક્ષસો વર્ણવેલાં છે, તેઓ સાથે એઓ ઘણે દરજ્જે મળતાં આવે છે. જરથોસ્તીઓ જે અર્થમાં 'અહૂર' શબ્દ વાપરે છે, તેજ અર્થમાં પ્રથમ વેદમાં અસુર વપારાયો છે. વેદમાં અસુર વિશ્વ વેદસ શબ્દ જેનો અર્થ સર્વ જ્ઞાની અસુર એવો થાય છે. જ્યારે એરીયનોમાં બે તડાં પડયા, તે વખતથી 'અસૂર'ને ઇરાનીઓએ વિકાર્યો ને આર્યનોએ માન્યો, પણ પાછળથી તેને દૈત્યની પંકિત પર મુકયો હતો.

હીંદુઓએ પોતાના મોટા દેવતાઓને અસુર કહેલો છે. તેમાંના દાખલા ઋગવેદ કે જેના ૧૦ મંડળો છે તેમાં એક પછી એક મળી આવે છે. એક જરથોસ્તી વિદ્વાન* તે વિષે નીચે મુજબ દાખલા રજુ કરે છે; ઋગવેદમાં ઇંદ્રને ભાગ ૧ લા, શ્લોક ૫૪, લીટી ૩ જીમાં અસુર કહેલો છે. અગ્નિને બે ઠેકાણે અસુર કહેલો છે—એક ભાગ ૪, શ્લોક ૨, લીટી ૫, બીજે ઠેકાણે ભાગ ૭, શ્લોક ૨, લીટી ૩ જીમાં છે. સ્રીતુને ભાગ ૧, શ્લોક ૩૫, લીટી ૭ માં અસુર કહેલો છે. રુદ્ર અથવા શિવને ભાગ ૫ મો, શ્લોક ૪૨, લીટી ૨ જીમાં 'અસુર ગણેલો છે. એ ઉપરથી સાબેત થાય છે કે જરથોસ્તીઓ જે માન અહુરને આપે છે, તેજ માન અસલ વેદમાં અસૂરને આપેલું છે. રીગવેદનાં ૧ લા ભાગના ૧૦૮ માં શ્લોકની ૬ઠી લીટીમાં અસુર બોલ સર્વ દેવતાઓ થકી વપરાયલો છે. રીગવેદનાં ૧ લા ભાગમાં ૧૩૧ માં શ્લોકની ૧ લી લીટીમાં ખુદ સ્વર્ગને અસુર લખેલું છે.

પણ રીગવેદનાં છેલ્લા ભાગમાં અસુર બોલ ઋષિઓએ ખરાબ અર્થથી વાપરવા માંડયો, અને ત્યાર પછી અથર્વવેદમાં અસુર બોલ ખરાબ અર્થથી વપરાવા લાગ્યો, ભાગ ૪ થો, શ્લોક ૨૩, લીટી ૫. ભાગ ૬ ઠો, શ્લોક ૭, લીટી ૨. એ મુજબ પાછળથી હિંદુ પુસ્તકોમાં દેવો તથા અસુરોને એક બીજાનાં દુશમનો ગણ્યાં છે, તથા તેઓ વચ્ચે કેટલીક લઢાઈઓ થએલી જણાવે છે. એ વેદના દેવતા તથા અવસ્તાના અહૂર (અસૂર) લોકો વિષે જાણવું. જેમ સોમ તે હોમ છે, જેમ સપ્ત હિંદુ તે હપ્ત હિંદુ છે, તેમ અસુર તે અહૂર છે. કેમકે અવસ્તાનો "હ" ને વેદનો "સ" છે. વેદમાં જરથોસ્તીઓનાં પાદશાહોને સારા અર્થથી અસુર (અહૂર) કહેલાં છે. રીગવેદ ભાગ ૪ થો, શ્લોક ૨૬, લીટી ૧; જેમાં ઇંદ્ર પોતાને કવય ઉસ્ન (કૈકાઉસ) કહે છે. પાછળથી વેદમાં કવઉસ (કૈકાઉસ) ને અસુરોનો પેગંબર જણાવેલો છે.'

અસોક—આ ઝાડ આંબાના ઝાડ જેવડું મોટું હોય છે. એના પાંદડા આંબાના પાંદડા કરતાં ઘણાં લાંબા અને કળાદાર હોય છે. એની છાયા ઘણી ઘટ્ટ હોય છે. ઝાડ શોભાયમાન હોવાથી તેને બાગ બગીચામાં ઘણાં ઉગાડવામાં આવે છે. એના ફુલો રાતાં રંગનાં હોય છે.

અહુકામ—પુરાતમ ઇરાની પાદશાહો સૌથી માનીતાને આ ખેતાબ ઇનાયત કરતા હતા. તેમજ આ ખેતાબ કોઇ કવચીતજ મેળવી શકતું હતું. ગુસ્તાસ્પ પાદશાહના જામાસ્પ વજીરને આ ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

અહુમત—આ હિરાતનો શૂરવિર હાકેમ હતો.

---

* મરહુમ શેઠ અરદેશર. સો. દ. કામદીનકૃત ખરચુટણ લખાણો.

એણે ૧૮૬૧ માં અફઘાનિસ્તાનનાં અમીરની ગાદી છીનવી લેવા થકી ચઢાઇ કરી પણ એનું દોસ્ત મહમદનાં બળ સામે વળયું નહિ પણ અમીરે ૧૮૬૩ માં હિરાત પર ઘેરો ઘાલી લઢાઇમાં અહમતને માર્યો હતો.

અહમત પેહલો—આ ટર્કિના સુલતાનનો જન્મ ઇ. સ. ૧૫૮૯ માં થયો. એનો પિતા અહમત ત્રીજો મરણ પામવાથી એ ૧૩ વર્ષની વયે ગાદીનશીન થયો. એના રાજ્યમાં પોર્ટ અને આસ્ટ્રીયા સાથે અનબનાવ વર્ષે સુધી ચાલ્યો હતો. મરણ ૧૬૧૭ માં નીપજ્યું.

અહમત રસ્મી ઇફેન્દી—આ ટર્કિના રાજ્યમંત્રીનું મરણ ઇ. સ. ૧૭૮૮ માં નીપજ્યું. ઇ. સ. ૧૭૫૭ માં એને વિએના તથા બર્લીન ખાતે મોકલવામાં આવ્યો હતો. એણે તે વેળાની બનેલી બાબતો વિષેનો એક ગ્રંથ તુર્ક ભાષામાં રચ્યો હતો. ઇ. સ. ૧૭૬૮-૭૪ માં થએલી તુર્ક અને રશિઆ વચ્ચેની લઢાઇનો ઇતિહાસ એણેજ રચ્યો હતો. જેનો તર્જુમો ૧૮૧૩ માં જર્મન ભાષામાં થયો હતો. પાછળથી એણે અપમાન ભરી હાલતમાં કાઢી મેલવામાં આવ્યો હતો. ત્યાર પછીની એની છેલ્લી જીંદગી કશા બનાવો વગર પસાર થઇ હતી,

અહમદખાન—(૧) મુંબઇ ઇલાકાનાં સિંધ પ્રાંતમાં, કરાંચીમાં આવેલું આ એક ગામ છે. કરાંચીથી શિરાનનાં માર્ગમાં પૂર્વે ૭૦ માઇલપર છે.

(૨) જંજીરાનાં હાલનાં નવાબનો જન્મ ઇ. સ. ૧૮૬૩ માં થયો. એનો પિતા ઇ. સ. ૧૮૭૯ માં મરણ પામ્યો, તે વેળા તેના ત્રણ દાવાદારો પુત્રો હતાં. બે મોટા રાખના પેટના હતાં, અને સીદ્દી અહમદખાન જે ત્રણેમાં સૌથી નાહનો હતો તે નવાબની નીકા કરેલી બેગમનો હતો. મોટા બન્ને બીન હકદાર હોવા છતાં તેમના પક્ષકારો સબળ હતા, તેથી તેઓએ આસીસ્ટન્ટ પોલીટીકલ એજંટના મનાઇ હુકમ છતા, આ બેમાંથી વડાને નવાબ બનાવી ગાદીનશીન કર્યો. મુંબઇ સરકારે આ યોજના રદ કરી અને તેને બદલે સૌથી નાના અહમદખાનને નવાબ તરીકે સ્વિકાર્યો. ૧૮૮૧ સુધી તેને રાજકોટની રાજકુમાર કૉલેજમાં અભ્યાસ કરવા રાખ્યો હતો, ત્યાર પછી ૧૮૮૨ માં તેને ગાદીનશીન કીધો. જંજીરાનું નાનું સંસ્થાન કોકણ પટ્ટીમાં મુંબઇની દક્ષિણે આવ્યું છે. તેના તાબામાં ૩૨૪ ચોરસ માઇલ જમીન અને તેમાં વસ્તી ૭૫૦૦૦ ની છે. વાર્ષીક પેદાશ પાંચ લાખને સુમારે છે. આ નવાબ ઇંગ્રેજ સરકારને કાંઇ પણ ખંડણી આપતો નથી. એની પાસે ૭૦૦ માણસોનું હથીયારબંદ લશકર છે.

અહમદગંજ—ફત્તેહપૂરમાં આ શેહેર નૉર્થ-વેસ્ટ પ્રૉવીન્સનાં ગવરનરની સત્તા તળે છે. અલાહબાદથી ફત્તેહપુરનાં માર્ગમાં અને ફત્તેહપુરની દક્ષિણ પૂર્વે ૩૬ માઇલ પર છે.

અહમદનગર—બુલંદ શિહૂરમાં આ કિલ્લેબંદીવાલું શેહેર આવેલું છે. દિલ્લીની દક્ષિણ પૂર્વે ૬૦ માઇલપર છે.

અહમદનગર—(૧) આ જીલ્લો નાશક જીલ્લાની દક્ષિણે છે. લોક વસ્તી ૮,૮૮૭૫૫, ની છે. જમીનનો વિસ્તાર ૪૧,૧૨,૭૨૯ ચોરસ માઇલનો છે. તેમાં જંગલનો વિસ્તાર ૫,૩૯,૭૭૯ મૈલનો છે. વગર ખેડાયલી જમીનનો વિસ્તાર ૪,૧૯૪૬૪ ચોરસ માઇલનો છે. સને ૧૮૯૩ માં ૨૭,૩૭,૯૩૨ ચોરસ માઇલ જમીન ખેડવામાં આવી હતી. તેમાં ૩૫, ૧૦૫૧ મૈલ જમીન પડતલ નાખેલી છે, જેમાં ખેડી શકાય એવી ૬૪૫૦૩ ચોરસ માઇલ છે.

મુખ્ય શેહેર અહમદનગર એ સીન નદીના કાંઠા પર છે. આગલ એ મુસલમાની રાજ્યનું રાજધાની શેહેર હતું. અંહી ચાંદબીબી મરણ પામીયાથી તેને અકબરે ઇ. સ. ૧૬૦૦ માં સર કર્યું. શાહાજહાને ૧૬૩૭ માં પુરતો કબજો કરી લીધો. ઔરંગઝેબ અત્રેના કિલ્લામાં ૧૭૦૭ માં મરણ

પામ્યો હતો. આ કિલ્લો જોવા જોગ છે. હાલમાં તેમાં તોપખાનું તથા લાઇબ્રેરી અને બીજા સરકારી ખાતાંઓ સ્થાપ્યાં છે. નગરથી ૬ મૈલ પર સલાબતજંગની ઘોર એક ટેકરી ઉપર આવેલી છે. હાલમાં આજ ટેકડી ઉપર સુખશાંતી ગૃહ બાંધવામાં આવ્યું છે. ઇંગ્રેજે આ શેહેર ૧૮૦૩ માં જીતી લીધું. આ જીલ્લામાં બે નદી ગોદાવરી અને ભીમા વહે છે. એના તાબે ૧૧ તાલુકાઓછે. આકોલા, સંગમનેર, કોપરગામ, રાહુરી નેવાસ, શેવગાંવ, નગર, પારનેર, શ્રીગોદ કર્જત અને જામખેડ વગેરે.

(૨) આ બીજું અહમદનગર ઇડરના તાબાનું હાથમતીને તીરે આવેલું છે. એની આસપાસ ૧૪૨૬ માં સુલતાન અહમદ ૧ લાએ કોટ બાંધ્યો હતો. ૧૭૨૮ માં એ ઈડરના મહારાજાના તાબામાં ગયું. ૧૭૯૨ માં ઇડરના માહારાજા શીવસીંગના ભાઇ સગરામસીંગે અહમદનગર લઇ ત્યાં સ્વતંત્ર રાજ્યકારભાર ચલાવવા માંડયો. સંગ્રામસીંગના પૌત્ર તખતસીંગ જોધપૂરની ગાદીએ આવ્યો ત્યારે ૧૮૪૮ માં અહમદનગર ઈડરનાં તાબામાં પાછું આવ્યું. કોટમાંના અમદાવાદ દરવાજાનું નકસી કામ જોવા જોગ છે, એમાં એક બુરજમાં બે માળ છે. શેહેરમાં અહમદનગરના માહારાજાનો મેહેલ તથા કેટલાક જૈન મંદીરો છે. શેહેરની અંદરના કિલ્લાને ભદ્દર કહેછે. મોહેના રાણીનો મેહેલ જોવા લાયક છે. ઇડરના દરવાજાની પાસે એક મસજીદ છે. તેમાં પથ્થરની જાળીઓમાં ઝાડ પાંદડા તથા ઘટા સાથે ઘણું સુંદર રીતે કોતરકામ કરેલું છે. એ મસીદ સુલતાન અહમદના વડા શાહજાદા નસઉલમુલ્કે બંધાવી હતી. એ મસીદની પાસે નવલખી વાવ છે. એ બધી પથ્થરની છે. તેનું પાણી જીવતું છે. વાવના કુવાની આસપાસ ત્રણ બાજુએ પથ્થરનાં ઘુમટ કરી લીધાં છે. એમાંના પશ્ચિમ તરફના ઘુમટના પાછલા ભાગમાં પથ્થરની જાળીઓવાલી જનાનખાનાની બેઠક છે. અહીં ઇડરના માહારાજાઓ પોતાનાં જનાનખાનાની સાથે ગર્મિનાં દીવસમાં એશઆરામ લેવા આવતા. થોડેક દુર હાથમતીની નેહેર છે. અહમદનગરમાં રેતી, પથ્થરનો ઘણો ખપ છે, તેથી અહીં કિસબી સલાટો પણ ઘણાં રહે છે. અહીંની તલવાર, બંદુક અને છરીઓ વખણાય છે. વસ્તી ૪૫૦૦ ની છે. ઘણો ભાગ હોરાઓની વસ્તીનો છે, તેઓ ભીલ લોકો સાથે વેપાર ચલાવે છે.

(૩) અલેગરમાં આ અહમદનગર આવેલું છે. કોલીથી ફરાકાબાદનાં માર્ગમાં અને કોલીની દક્ષિણ પૂર્વે ૩૩ માઇલ પર છે.

અહમદપુર—(૧) પંજાબમાં 'સીન્દી સાગર દુઆબ' માં આવેલું એક નાનું ગામ છે. તે ચીનાબ નદીના જમણા કીનારા પર, મુલતાનની પશ્ચિમે ૩૭ માઇલપર છે.

(૨) અહમદપુર બરા—ભાવલપુરના દેશી રાજ્યમાં છે. એને બરા અહમદપુરના નામે એમ ઓલખવામાં આવે છે કે એજ રાજ્યમાં બીજો અહમદપૂર આવેલો છે. અહીં ઉંચા મીનારાવાળી ઘણી મસજીદો છે પણ રહેવાનાં ઘરો માટીનાં બનાવેલાં છે. અત્રે જામગીરી બંદુકો, રૂ અને રેસમ બનાવવાનાં કારખાનાઓ છે. લોક વસ્તી ૩૨,૦૦૦ ની છે.

અહમદશાહ—(૧) આ ઈરાનનો પાદશાહ ઇ. સ. ૯૦૮ માં ગાદીનશીન થયો. આ પાદશાહ ઘણો વહેમી તેમજ આકળા સ્વભાવનો હતો. પોતાના વેહેમીપણાને લીધે તે પોતાનાજ મિત્રોને અવારનવાર મારી નાખવા લાગો. કારણ કે એ બિહીતો હતો કે તેનાજ મિત્રો તેને કોઇ દીવસે મારી નાખશે. આથી તેણે પોતાના સુવાના મેહેલના દરવાજા ઉપર સખત ચોકી કરવા સિંહોને રાખ્યાં હતાં. પણ એક રાત્રે બરાબર ચોકાસી નહિ હોવાથી એનું ખુન કોઇ ખીદમતગારે કીધું. એનું મરણ ઇ. સ. ૯૧૪ માં નીપજ્યું.

(૨) મહમદશાહ પછી દિલ્લીની ગાદી પર એનો કુંવર અહમદશાહ ઇ. સ. ૧૭૪૮ માં બેઠો. એના રાજ્યમાં અબદાલીએ સ્વારી કરી ત્યારે આ પાદશાહ તેની સામે નહિ થતાં લાહોર અને મુલતાન આપી પાછો વળયો. એની આવી નબળાઇ જોઇ મલ્હારાવ હોળકરે દિલ્લી પર ચઢાઇ કરી રાજાને કેદ કીધો. નિઝામ ઉલમુલ્કના પૌત્ર ગાઝીઉદ્દીનની શીખવણીથી અમીરોએ અહમદશાહને આંધળો કીધો. એ અંધાપાથી રીબી ૧૭૫૪ માં મરણ પામ્યો.

અહુમદાબાદ—(જુઓ અમદાવાદ) ખરૂં નામ અહમદાબાદ છે પણ પ્રચારમાં અમદાવાદ છે.

અહુમુદ—મુંબઇ ઈલાકાના ભરૂચ જીલ્લામાં આ એક ગામ છે. ભરૂચની ઉત્તરે ૨૧ માઇલ પર અને વડોદરાની દક્ષિણ પશ્ચિમે ૩૦ માઇલ પરછે. લોક વસ્તી ૨૫૦૦૦ની છે.

અહુરશવગ—(જુઓ અર્શેસંગ.)

અર્હુત—(જુઓ અરીહંત)

અહુલ્યાજી—હિંદુ કથા પ્રમાણે, પ્રથમ બ્રહ્માએ જગત પેદા કીધી ત્યારે આ એક સ્વરૂપવાન માહા તેજસ્વી સુંદરીને ઉત્પન્ન કરી તેનું નામ અહલ્યા પાડયું. સઘળા દેવો તેના સૌંદર્ય પર મોહિત થઈ તેણી સાથે લગન કરવા માંગતા હતા, પણ બ્રહ્માએ તેને સ્વયંવરથી ગૌતમ ઋષિ સાથે પરણાવી.

અહલ્યાએ એવો પણ લીધો હતો કે જે કોઇ એક દીવસમા પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવે તેની સાથે પરણવું. એ સાંભળી ઇંદ્રે ઐરાવતી પર સ્વાર થઇ તથા બીજાઓ પોતાના વાહાનો લઇને દોડયા. એ વાત ગૌતમ ઋષિના જાણમાં આવતાં પોતે ત્રણવાર ગાયની પ્રદક્ષિણા કરીને (ગાય પૃથ્વીનો આકાર છે માટે) બ્રહ્મા પાસે આવી કહયું કે હું ત્રણવાર પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યો છું માટે મને પરણાવો. બ્રહ્માએ તેણીને પરણાવી. પાછી ઈંદ્ર આવ્યો ને અહલ્યાને ગૌતમ પરણીયો એ જાણી ઘણો ખીજવાયો ને તેનું વેર લઇ સતીનું સત્ય છળવાનો નિશ્ચય કીધો. આ ઋષિ સઘળા ઋષિઓમાં શ્રેષ્ટ ગણાતો હતો.

આ પતી પત્નિ બેઉ સંપજમાં રહેતા હતાં. એને પેટે શતનંદ નામે પુત્ર અને અંજની નામે પુત્રી એ બે સંતાન થયાં. અહલ્યા ઘણી સ્વરૂપવાન હોવાથી તેની ઉપર ઘણા દેવોની દુષ્ટ નજર અવારનવાર ખેંચાતી, પણ આ સાધવી સ્ત્રીએ પોતાનું સત્ય જાળવ્યું હતું. ઇંદ્રમાં આગલા વેરભાવથી બુરી ઇચ્છા ઉત્પન્ન થઇ, પણ આ સાધ્વી સ્ત્રી કોઇ પણ રીતે મચક નહિ આપતી હોવાથી ઇંદ્રદેવે ગૌતમ ઋષિની ગેરહાજરીમાં તેનો વેશ અને રૂપ લઇને સતીને છળવા આવ્યો. તેમાં તે ફાવ્યો. તેટલાં ગૌત્તમ ઋષિ આવવાથી તેનું કપટ જાહેર થતાં ઋષિએ તેને શ્રાપ આપી નપૂસક કીધો ને અહલ્યાને વિયોગી થવાનો શ્રાપ આપ્યો. જ્યારે આ સતીએ ઘણું વિનવ્યાથી રામચંદ્રજીના દર્શન થયે તેણી શ્રાપમાંથી મૂકત થશે એવું વચન આપ્યું. ઘણા વર્ષો પછી રામચંદ્રજીના દર્શનથી આ સતી સ્ત્રી પોતાની અસલી યોગ્યતાએ પોંહચી હતી.

અહુલ્યાબાઈ હોળકરીન—આ પ્રસિદ્ધ રાણીનો જન્મ ઇ. સ. ૧૭૩૫ માં થયો હતો. નાહાનપણથી તે ઘણી ચાલાક અને ધાર્મિક હતી. હોલકર વંશનું રાજ્ય સ્થાપનાર મલ્હારાવ હોલકરનો દોતરો માલીરાવ આશરે નવ માસ હકુમત કરી ઇ. સ. ૧૭૬૬ માં મરણ પામ્યો. તેની પાછળ છોકરાં નહિ હોવાથી તેની રાજ્યગાદીપર રાજ્ય કરવાનો હક તેની માતા અહલ્યાબાઇનો હતો. મરનાર માલીરાવનો દત્તક પુત્ર ઠરાવવાનો અખતિયાર પણ એજ રાણીને હતો, પણ મલ્હારાવના એક પ્રધાન 'ગંગાધર જેસવંતે' પોતાની મતલબ જળવાય એવા એક છોકરાને ગાદીએ બેસાડવાની યૂક્તિ રચી. એ પ્રધાને અહલ્યાબાઇને

કહ્યું કે "બાઈ તમો રાજ ચલાવવાને પુરતાં લાયક છો, તોપણ તમો સ્ત્રી હોવાથી ગાદી તમારે સ્વાધીન કરાએ નહિ." એવા ફેલમાં ફત્તેહે પામવા સારૂં તેણે પુનાવાલા રાઘોબા દાદાને મોટી લાંચની આશા આપી પોતાની તરફ કરી લીધો. પછી અહલ્યાબાઇ પાસેથી જવાબ માંગ્યો. તેણે ઉમેદ રાખી હતી કે બાઇની મર્જી હશે નહિ પણ ધાસ્તીથી સઘળું કબુલ કરશે. પણ અહલ્યાબાઇએ તેને સાફ જણાવ્યું કે "તમારી સઘળી ગોઠવણ હોલકરના વંશને હિણુ લગાડનારી છે, માટે હું તે કબુલ રાખતી નથી. તે ધણીને મારા સસરાના મુલકનાં કારોબારમાં પડવાની કશી સત્તા નથી. મલ્હારાવના સઘળા વારસો મરણ પામીયા છે, તેઓમાંના એકની વિધવા તથા બીજાની માતા તરીકે ગાદીનો માલેક ઠરાવવાને મારી એકલીનોજ હક છે. તે વાજબી હક હું હરએક હાલતમાં જાળવીશ." આ હિમ્મતવાન રાણી જેમ બોલી તેમ વર્તી. તેને ખબર પડી કે રાઘોબાદાદા લઢાઈની તઇઆરી કરતો હતો માટે પોતાના કૂળના વિશવાસુ પ્રધાનો સાથે મસલહત કરી તે સરદારને કહેવાડીયું કે "સ્ત્રી સાથે લડવાથી તમોને કદી કીર્તિ મલવાની નથી, પણ કદાચ નામોશી લાગશે તે કરતાં તમારી ઇચ્છા લઢાઇ કરવા પરજ હશે તો, મારા વફાદાર સરદારો તમારી ખબર સારી પેઠે લેશે.' એ વેળા હોલકરનું લશકર આ રાણીપર ફીદા હતું. તેઓને લઢાઈના કામ સારૂં ઉશકેરવા માટે તેઓની સરદારી પોતે લેવાનું જણાવ્યું. તે પ્રમાણે તેણે પોતાના ખાસ હાથી પર હોદોબાંધી લઢાઈનાં હથિઆર મેલવાને હુકમ કીધો. બીજા હાથ પર રાઘોબાદાદાની લઢાઇની ધામધુમ બીજા મરાઠા સરદારોને ગમી નહિ. ગંગાધર જેસંત તથા આ બેવફા અમલદારની તરફેણ કરવા સારૂં એ રાઘોબા સાથે સામેલ થવાને ગવાલીઅરના રાજા માધવજી સીંધ્યા તથા નાગપૂરના રાજા જાનોજી ભોંસલાએ સાફ ના પાડી. તે ઉપરાંત રાઘોબાના કાકા પુનાવાલા માધવરાવ પેશવાને પણ દુરઅંદેશવાલી અહલ્યાબાઇએ સઘળી હકીકત લખી વાળી હતી. તેણે હોકમ મોકલ્યો કે 'રાઘોબાદાદાએ' હોલકરની લાયકીવાલી રાણીને કોઇ પણ પ્રકારે ઇજા પોંહચાડવી નહિ.' એ પ્રમાણે બન્યાથી એ સરદાર ચુપ બેઠો. અહલ્યાબાઇએ કરેલા ઠરાવ મુજબ હિમ્મત રાખી કામ લીધાથી તેનો વાજબી હક જળવાયો. ત્યાર પછી આ રાણીએ સઘળો કારોબાર એવી રીતે ચલાવ્યો કે તેથી એનું નામ આખા હિંદમાં વખણાયું.

તે વેળાનો પ્રસિદ્ધ અને સઘળાનો માનીતો તુકારામ હોળકરને પોતાનો સેનાધિપતી ઠેરવ્યો, અને સ્ત્રી તરીકે જે જે કામો પોતાથી બની નહિ શકે, તે એ ધણીને સોંપીયા. તથા બીજોબી કારોબાર ઘટતો લાગે તેમ વેંહેચી આપ્યો. કેટલાક લોકોએ વિચાર્યું કે રાજ્યની સત્તા બે હાથે વેંહચાઈ જવાથી નૂકસાન થશે પણ ત્રીસ વર્ષના અનુભવ ઉપરથી માલમ પડયું કે તુકાજીની વફાદારી તથા અહલ્યાબાઇની ધીરજ અને હુશીઆરીથી હોલકર સરકારનો કારોબાર એ રાણીના વખતમાં જેવો સારો ચાલીયો તેવો સરસ કોઈ બીજે વખત ચાલીયો નહોતો. જ્યારે તુકાજીની લાયકીની પુરી ખાતરી થઇ ત્યારે અહલ્યાબાઇએ તેને પોતાના રાજ્યનો વારસ ઠરાવ્યો. અહલ્યાબાઇએ બે કરોડ રૂપ્યાનો ખાનગી ખજાનો તથા વરશ દાહાડે ચાર લાખ રૂપ્યાની ખાસ આવક પોતાના સ્વાધીનમાં રાખી, બાકી જે કાંઇ પેદાસ થાય તે એ રાણી સરકારી ખજાના ખાતે વસુલ કરાવતી, અને પોતાની ખાનગી આવક દાન ધર્મમાં ખરચતી.

પોતાનાં તાબાનાં મુલકોનો, ગામખાતાં તથા લશકર ખાતાંનો ખરચ પુરો થતાં સરકારી આવકમાંથી જે કાંઇ બાકી રેહેતું તે અગત પડે ત્યારે પારકા દેશમાં કામે

લાગેલા હોલકરના લશકરને સારૂં મોકલતી. તે સઘલી આવક તથા ખરચનો ચોકસ હિસાબ રાખવાને ખબરદાર રેહેતી. પોતાના અમલ દરમ્યાનમાં આ રાણીએ સારો અમલ ફેલાવી બીજા રજવાડા સાથની મિત્રાચારી માનભરી કરી. એના એલચીઓ પુના હૈદ્રાબાદ, શ્રીરંગાપટણ, નાગપૂર, લખનો તથા કલકત્તાની દરબારમાં રેહેતાઃ એના દેશમાં બનતી સઘળી બાબતો સાથે એ રાણી સંબંધ રાખતી અને પારકાં રાજ્યો સાથે મિત્રાચારી રાખી ઇંદોરને પેહેલી પદ્દિનું રાજ્ય બનાવ્યું. ગરાશીઆ તથા ભીલ લોકોનાં સરદારો સાથે એ રાણીએ એવી હુશીયારીથી બંદોબસ્ત કીધો હતો કે, બેરડા, તથા આડીચાલના લોકોને રાજી રાખીપોતાની રૈયતનો લાભ સારી પેઠે જાળવ્યો.

દયાળુ અમલ અને અદલ ઇન્સાફીથી પ્રજાને સુખી કરવાની તેની નેમ હતી. પ્રધાનો તથા અમલદારો પસંદ કરવામાં સદા તેઓની વિદવત્તા તથા હુશીઆરી પર લક્ષ રાખતી. કોઇ કશી આડી ચાલ ચાલતો માલમ પડે તો તેને અપક્ષપાતપણે ઘટતી સજા કરવાને પાછળ નહિ પડતી. દરરોજ ઘણાં કલાકોવેર દરબારમાં બેસી રાજ્યનું કામકાજ કરતી. રાજકારોબાર સંબંધી તેનો મુખ્ય કાનુન એ હતો કે જેમ બને તેમ રૈયત પાસથી થોડો કર લેવો. જે જે લોકો હોલકર સરકારને ખંડણી આપતા તેઓપર એટલી રેહેમ નજર રાખતી કે તેઓ ખંડણી ભરતાં ઢીલ કરતા. એ રાણી ગામડાના અધિકારી તથા વતનદારોના હક્કને નિભાવતી. પરોઢીયામાં ખાનગી ધર્મ સંબંધી કામોમાં વખત ગુજારીયા પછી ખાણું ખાઈ ઇશ્વર ભક્તિમાં યા કથા સાંભળવામાં વખત ગુજારતી. બપોરે બે વાગે દરબારમાં જતી, ત્યાં ૬ કલાક સુધી સરકારી કામકાજ કરતી. પછી ૯ વાગા સુધીનો વખત જમવા તથા ધરમ ધ્યાનમાં ગુજારતી. અને ત્યાર પછી ખાણું ખાઇ ઇશ્વર ભક્તિમાં યા કથા સાંભળવામાં વખત ગુજારતી. અને ત્યાર પછી પાછી દરબાર ભરી રાતે ૧૧ વાગે આરામ કરતી.

આ રાણીની કુંવરી મુક્તાબાઈ પોતાના ભર્થારના મરણ પામવાથી તેની સાથે સતી થઇ બળી મુઇ હતી. જુવાન બેટીના કવખતના મરણથી આ બુર્જોર્ગ રાણી ગમથી ગળાઇ સાઠ વર્ષની બુર્જોર્ગ વયે ઇ. સ. ૧૭૯૫ માં મરણ પામી.

અહિઆયાસ—જરથોસ્તીઓની ધર્મ સંબંધી એક બંદગી. આ બંદગી બે વખત પઢવામાં આવે છે. એને બે વખત પઢવાની નીરંગ અથવા મંત્ર કહેછે.

અહિગંધા—એક જાતનો વેલો. એના કાળા ને ધોળા એવા બે જાતના પ્રકાર છે. (જુઓ સાસસૂત)

અહીર—પ્રુશિઆમાં આ નામની એક નદી છે. આ નદી ૩૦ માઇલ પર ઇફીલબર્ગના પર્વતમાંથી વહે છે અને રાહિનમાં ખાલી થાયછે.

અહીરવા—આ ગામ કાનપૂરમાં આવેલું છે, તે કાનપૂરથી ફતેહપુરના માર્ગમાં કાનપૂરની દક્ષિણ પૂર્વે ૭ માઇલપર છે.

અહીરવાડી—સોલાપુરનું આ એક શેહેર. સોલાપૂરની દક્ષિણે ૨૧ માઇલપર બીજાપૂરના માર્ગમાં આવેલું છે.

અહીરાવણ મહીરાવણ—હિંદુશાસ્ત્રમાં એવી કથા છે કે એઓ બે ભાઇઓ હતા. એક અપ્સરા પદ્દમની રૂપ થઇ હતી, તે જોઇ સૂર્યનું વિર્ય ખલીત થયું. તેમાંથી અડધું પૃથ્વીપર ને અડધું પદમનીના જીબ્હાપર પડયું. પદમનીની જીભપરથી અહીરાવણ, ને પૃથ્વીપરના વિર્યથી મહીરાવણ પેદા થયાં. અહીરાવણ એ રાવણનો મામો થાય. આ બેઉ ભાઇઓએ રામ લક્ષ્મણને નાગ પાસે બાંધી પાતાળમાં કાળીકાને ભોગ આપવા લઈ ગયા, પણ ત્યાં હનૂમાનની યૂક્તિથી રામચંદ્રે અહીરાવણ મહીરાવણનેજ મારી નાખ્યાં હતાં.

અહીલોચન—શોણીતપૂરના મયદાનવનો એ પુત્ર. મયને કૃષ્ણે માર્યો હતો તેનું વેર લેવાને અહીલોચન માહાદેવ પાસેથી વજ્ર પેટી લાવ્યો ને તેમાં કૃષ્ણને ગોંધી મારવો એવા વિચારથી તે પેટી સાથે મુકી કૃષ્ણને સોધવા નીકળ્યો. રસ્તામાં કૃષ્ણ શુક્રાચાર્યને વેશે મળયો ને તેના બાપની ઓળખાન કાઢી કહ્યું કે હું તારો ગોર થાઉંછ. ને પછી પેટીમાં શું છે એમ પુછ્યું. અહીલોચને તેને ગુરૂ જાણી મનની વાત કહી દીધી, ત્યારે વેષધારીએ કૃષ્ણની નિંદા કરીને કહ્યું કે તે તારાજ જેવડો છે માટે આપણે આ પેટીનું માપ લઇએ, ને જો તું એમાં બરાબર માએ તો કૃષ્ણ પણ ખચીત માશે. પછી અહીલોચન પેટીમાં સુતો એટલે કૃષ્ણે પેટી બંધ કરીને પોતે એક ઝાડ તળે ઉભો રહ્યો, પછી તે પેટી ઘણા બળથી આકાશમાં ઉછાળીને અહીલોચનને ગુંગળાવી મારી નાખ્યો.

અહીવર—પિંગળશાસ્ત્રમાં ૨૧ રૂપનાં દોહરા જણાવ્યાં છે. તેમાંના ૧૫માં રૂપનો દોહરો અહીંવરના નામે જાણીતો છે. આ ૨૧ જાતના દોહરાઓ તેમના લઘુ ગુરૂ ને વર્ણ સાથે દર્શાવ્યાં છે. દોહરો લઘુ, ગુરૂ ને વર્ણનાં સ્થાનક સમજી મુકવાથી બની શકે છે. (વધુ માટે જુઓ દોહરા.)

રૂપ.	નામ.	ગુરૂ.	લઘુ.	વરણ.
૧	ભ્રમર	૨૨	૪	૨૬
૨	ભ્રામર	૨૧	૬	૨૭
૩	સરભ	૨૦	૮	૨૮
૪	સેન	૧૯	૧૦	૨૯
૫	મંડુક	૧૮	૧૨	૩૦
૬	મર્કટ	૧૪	૧૭	૩૧
૭	કરભ	૧૬	૧૬	૩૨
૮	હંસ	૧૫	૧૮	૩૩
૯	જળવર	૧૬	૨૦	૩૪
૧૦	ચળ	૧૩	૨૨	૩૫
૧૧	વાનર	૧૨	૨૪	૩૬
૧૨	કમઠ	૧૧	૨૬	૩૭
૧૩	મીન	૧૦	૨૮	૩૮
૧૪	સીંહ	૯	૩૦	૩૯
૧૫	અહીવર	૮	૩૨	૪૦
૧૬	વ્યાઘ્ર	૭	૩૪	૪૧
૧૭	મચ્છ	૬	૩૬	૪૨
૧૮	શાર્દૂળ	૫	૩૮	૪૩
૧૯	સુનક	૪	૪૦	૪૪
૨૦	સુંસ	૩	૪૨	૪૫
૨૧	પન્નગ	૨	૪૪	૪૬

અહૂ—(૧) જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે સાહેબ, માલેક, દસ્તૂર વડો ગુરૂ. (૨) બીજા નૂસ્કનું એ નામ છે કે જેને હવરેસ્ત માથ્ર કરી કહે છે. (૩) ખુદાના નામોમાંનું એક નામ.

અહૂએ—એરવર્દ—આ એલકાબ જે અથોરનાન એરવર્દની પદ્વિ પામ્યો હોય, તેઓ ઉપર અહૂએ એરવર્દ વડો ગણાય છે. આ દરજ્જો દસ્તુરને મળતોજ છે.

અહૂનવઇતિ—(૧) હજરત જરથોસ્તના પાંચ ગાથાઓમાંનો ૧ લો ગાથા છે. એમાં દર એક કળી ત્રણ ત્રણ લીટીઓની છે અને દરેક લીટીઓમાં સોળ લડીઓ છે. એ ગાથાનાં સાત હાઃ છે. જે બધાની એકંદર કળીઓ ૨૦૧ છે. એ હાઃનું ભણતર મરણ પામેલા માણસના રવાન ઉપર ગેહ સારવા તરીકે ભણવામાં આવે છે.

(૨) જરથોસ્તી વર્ષનાં છેલ્લાં પાંચ ગાથાઓમાંનો ૧ લો ગાથા છે.

અહૂનવર—જરથોસ્તીઓની આ અતી પવિત્ર બંદગીનું નામ છે. જેને માટે કહે છે કે અહૂરમજદે આ દુન્યા પેદા કરી તેની આગમજનો એ કલામ છે. એ ખ્રિસ્તીઓનાં 'The Word' ને મળતી આવે છે. તેને

દ્દેવોની સામે ઘણું મજબુત હથિયાર ગ-ણેલું છે. હજરત જરથોસ્ત પણ એજ બં-દગીનું ભણતર ભણી દેવો સામે થતા હતા. આ બંદગી હર મુશકેલીમાં યાદ ક-રવાથી યારી મળે છે.

અહૂર—(જુઓ અસૂર)

અહૂરધાત—એક એલકાબ. એનો અર્થ અ-હૂરનો ઉત્પન્ન કરેલો, એવો થાય છે. ને તે એલકાબ બેહરામ ઇજદને આપવામાં આ-વેલો છે. અહૂરધાત બેહરામ ને હાથ આ જહાન તથા સર્વે દુન્યાનો કારોબાર છે. જ્યાં બે પાદશાહો લઢતા હોય તેમાં જે પા-દશાહની મનશની પાક હોય તેને એ તરત મદદ કરે છે અને તે દુશમનોને ટાળનાર છે, માટે કાંઇ મુશકેલી હોય તો બેહેરામ ઇજદની આરાધનાથી ટળી જાય છે. બેહરામ ઇજદ રાત દીન ખલકતને મદદ કરે છે અને મધ્ય રાતે દેવો દોજખમાંથી આવીને દુન્યાને હેરાન કરવા ચાહે છે ત્યારે તેમને આ ઇજદ મારી હઠાવે છે અને અર્ધી રાત ગયા પછી ઉશહેનઘેહના વખતમાં સ-રોશ અશો, રશને રાસ્ત અને આસ્તાદ ઇજદને હવાલે જેહાનનો કારોબાર કરે છે.

અહૂમજદ—(જુઓ અમશાસ્પંદો) અવ-સ્તાઇ ખુદાનું નામ. અવસ્તામાં ખુદા માટે અહૂર-મજદ અને અહૂરમજદ કરી ત્રણ શબ્દો વાપરેલાં છે, છેલ્લો શબ્દ તેની એક શક્તિને પણ લગાડવામાં આવ્યો છે.

અહૂરાઇ—જરથોસ્તીઓનાં ૨૧ નૂસ્કમાંના આ ૧૬ માં ગ્રંથનું નામ છે. એને 'દુ-બાશ્રજદ' ના નામે પણ ઓળખે છે. આ નૂસ્કમાં સગા સગાઓમાં લગન કેમ કરવાં તેનું વર્ણન બીજી બાબતો સાથે આપેલું છે. દીનકર્દમાં આ નૂસ્ક માટે લખે છે કે ચોરનું કામ અને તેને પકડીયા પછી શું કરવું, જૂદી જૂદી જાતનાં ચોરો, ઠગ વિદ્યા, ચોરેલો માલ ચોર કણેથી લઇ લેવો, ચોરી અને લુટ વચ્ચે તફાવત વગેરે. દીકરાની તકસીરમાં-મા બાપનો હિસ્સો, દીકરો અ-નજાણપણે ગુન્હા કરે તો તે માટે અને ઉમરે પુગેલા છોકરાના અને જૂદી રેહેતી ઓરતોના પાપ વિષે, બાપ તથા ભર્થાર અપરાધી નથી. લઢવાનાં હથિઆરો ઓ-રતો બાલકો અને જૂદ્દીનને આપવાનું પાપ. બે ભર્થાર કરનારી ઓરત વિષે ન્યાયાધિશો અને તેમના ચુકાદા. ગોસપં-દોની જાળવણી વિષે, તેમની ચોકી કર-નાર કુતરા વિષે, ગોસપંદો પોતાના બચ્ચાં જણે તે વેળા તેમને મદદ કરવા અને તે-મને ખોરાક નહિ આપવાથી તેઓ મરણ પામે તો તેના ગુન્હા વિષે. લઢવૈયાનાં સર સામન વિષે, લઢાઇ શરૂ કરયા આગમજ દુશમન ઉપર કાસદ મોકલી કહેવાડવા વિષે, જે દીવસે લઢાઇ થવાની હોય તે કોઇને નહિ કહેવા વિષે. લઢાઇ વેળા ઇજશને કરાવી પેહલાં તીર દાખલ દુશમન સામે અવસ્તા ભણેલી બર્સમ ફેંકવા વિષે, ગરમ પાણીના હમામખાનાઓ, આતશ લુગડાં, સ્યાલનાં સામાન, ઘાસ ચારો અનાજની કાપણી ઉપરાંત બીજી બાબતો એમાં આ-પેલી છે.

અહેલાએશખારી—પુરાતમ જરથોસ્તી-ઓમાં મનાતું હતું કે એ નામનો એક પાહાડ છે કે જેની અંદર બેહદ ખજાનો ભરેલો છે. આ ખજાના ઉપર પરીઓની રખેવાળી હર હમેશ રહે છે. આ પાહાડ નજરથી છુપો છે પણ ગુપ્ત વિદ્યા જાણ-નારા તેથી જાણીતાં છે.

અળાઈ—આ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં ઘણા વિશાળ વિસ્તારમાં ઉગે છે. અને તે કોક-ણ પ્રાંતનાં જંગલોમાં મળી આવે છે. એના પાંદડા ઘણા મોટાં હોતા નથી. અળઇની છાલ ઘણી થંડી હોય છે. એ ઔષધીમાં ઉપયોગી છે.

અળંબા—વર્ષાદની મોસમમાં હિંદુસ્થાનમાં જગે જગ ઉગતી આ એક ચમતકારિક વનસ્પતિ છે. એ વનસ્પતિની રચનાથી

પરમેશ્વરનું પૂર્ણ ચાતુર્ય જણાઇ આવે છે. અળંબાનું છત્ર ઉકરડા પર, સડેલા પદાર્થ ઉપર, કોયલા ઉપર અને કેટલાક ઠેકાણે ખારી જમીન ઉપર પણ ઉગી નીકળે છે.

એની સાત આંઠ જાતો છે અને તેમાં બે પ્રકાર છે. તેમ વિષવાલા અળંબા ખાવાથી માઠું પરીણામ નીપજે છે, કેફ ચઢે છે, પેટ ફુલે છે, ઉલટી થાય છે અને મન ભ્રમિત થાય છે, એથી એ જાણ્યા વગર ખાવું નહિ. ઔષધીમાં અળંબા ઘણાં ઉપયોગી છે.

અળવી—ભિનાશવાળી જમીનમાં એ ઉગે છે, અને તેને પાણી ઘણીવાર પાવું પડે છે. એ ખેતરનાં ખુણા ઉપર અથવા ઘરના વાડામાં થાય છે. આખા ખેતરમાં એખલી અળવી કોઇ રોપતું નથી. રોપ્યા પછી ૭ મે વર્ષે તે તૈઆર થાય છે.

અળશી—એના છોડ હાથ ભર ઉંચા થાય છે. અળશીનું તેલ કાઢવામાં આવે છે; અને તે ખાવામાં કામ આવે છે. હિંદુસ્થાનથી હજારો ખાંડી અળશી વેલાત જાય છે, ત્યાં તેનું તેલ કાઢી તેનું રોગાન બનાવવામાં આવે છે અને તેજ રોગાન હિંદુસ્થાનમાં વેચાઇ તેના પૈસા ઇંગ્લાંડ ઘસડાય છે. ખાનદેશમાં એનો મોટો પાક થાય છે. ગુજરાતમાં એનો પાક ઝાઝો થતો નથી પણ પંચમહાલની ભાડાની જમીનમાં ખસખસનાં ખેતરની કોરે અને બીજે ઠેકાણે ભેજવાળી જમીનમાં ગહુંની સાથે અળશી કરવામાં આવે છે. ખેતરમાં એક એકરે પાંચ સેર બી ઓરે છે. વાવણી યા ઓરણી નવેંબરમાં કરેછે ને માર્ચમાં કાપણી થાય છે. એક મણ અળશીમાંથી દશ શેર તેલ નીકળે છે અને ખોળ ઢોરને ખવડાવવાથી તે ઘણાં માતે છે. એનું તેલ જ્યારે થંડુ હોય છે, ત્યારે લીલા પીલા રંગનું હોય છે, આ તેલની છાપવાની શાહી બનાવવામાં આવે છે. એ રંગને જલદીથી સુકવે છે.

અળાઈ—(જુઓ અરઈ)

અક્ષય તૃતિયા—અખેતીજ. પરશુરામનો તથા ત્રેતાયૂગનો એ જન્મ દીવસ. એ તહેવારને દહાડે બ્રાહ્મણોને દાન ધર્મ અપાય છે. ખેડુતો ખેડવાનાં આરંભ સંબંધી એ દીવસે મુહૂર્ત પાળે છે.

અક્ષર મુષ્ટીકા કથન—આ એક કળા છે જેનો કેટલોક ભાગ લખવા વિષેનો છે. જેમ કે કોઇએ એક ચીજ પોતાની મુઠીમાં સાંતી રાખી હોય અને પછી તેની મુઠી સ્પર્શ કરી તથા તેના મુખના ફેરફાર ઉપરથી તથા સમય ઉપરથી તે મુઠીમાંની ચીજ પારખવી, એથી ન પરખાય તો કેટલાક પ્રશ્નો પુછવાં. જેમકે-એ પદાર્થનો રંગ કેવો છે? તેનો ગુણ કેવો છે? તેના નામના કેટલાં અક્ષરો છે? તે અક્ષરો માંથી કયા કયા બીજા શબ્દો બનેછે ઈત્યાદી પુછીને પણ તે પદાર્થનું નામ કહેવું. આ કળાનાં ઉપલાં વિભાગ તો સેહેજ આનન્દમાં વખત ગાળવાનો છે. એનો બીજો ભાગ વધુ ઉપયોગી છે તે એ કે કોઇ માણસ આપણી સામે બેસીને કાંઇ લખે છે ને તે આપણને વંચાવતો નથી તે છતાં તેમાંની વાત આપણે જાણવી હોય તો તે આ કળાની કુશળતાવડે તેની કલમ અથવા હાથના ફરવા ઉપરથી જાણી શકાયછે.

અક્ષરમેળ—અથવા અક્ષર છંદ. પિંગળ શાસ્ત્રમાં છંદ બનાવાની બે રીતો છે. એક માત્રાની કૃતિથી કામ લેનાર કૃતિ માત્રા મેળ છંદની છે અને બીજી અક્ષરની ગણત્રીથીજ છંદો બની શકે છે તે અક્ષર મેળ યા અક્ષર છંદ કહેવાય છે.

વૃત્તોના નામો	ચર્ણમાંની અક્ષર સંખ્યા.	છંદેનાં નામો. [( ) વચ્ચેના આંક છંદ સંખ્યાનાં છે.
ઉક્તા.	૧	શ્રી છંદ. (૧)
અત્યુક્તા.	૨	સ્ત્રી, મધૂ. (૨)
મધ્યા.	૩	નારી, મૃગી, મંદર. (૩)
પ્રતિષ્ટા.	૪	કન્યા, કુમારીકા, સમુહા, વાર. (૪)
સુપ્રતિષ્ટા.	૫	હંસા, પંક્તિ, વિલાસ, પ્રિયા, હારિયબંધો, સમોહ. (૫)
ગાયત્રી.	૬	કામલતા, માલતી, મંથાન, વસુમતી, સોમકુલ. (૧૧)
ઉષ્ણીક.	૭	સામાનીકા, કલીતા, કરહ, કુમારલલીતા, મધુમતી, હંસમાલ. (૯)
અનુષ્ટુપ.	૮	કામતા, તુંગા, પ્રમાણીક, વિધુનમાલા, કમલ, લતી.)૧૩)
બૃહતી.	૯	રત્નકરા, તોમર, સારંગ, બિંબા, હલમુખી, ભદ્રિકા. (૮)
પંક્તિ.	૧૦	પાવક, સંયુંગતા, ચંપકમાલા, બીંદુ, વિરાટ, પણુળ, મત્તા. (૧૦)
ત્રિષ્ટુપ.	૧૧	દોધક, શાલિની, ઇંદ્રવજ્રા, ઉપેંદ્રવજ્રા, ચપલા, કર્ણ. (૨૪)
જગતી.	૧૨	ઇંદુવશાં, ચંદાના, પ્રિયવંદા, લલિતા, તામર, માલતી, સનલ. (૩૦)
અતીજગતી	૧૩	ક્ષમા, માયા, ચંદ્રિકા, તારક, કંધા, પંકાવલી, રૂચિરા. (૧૪)
શકવરી.	૧૪	અસંબાધા, વસંતતિલકા, ઇંદુવદના, લીલા, ગોપ, સિહોંન્નતા. (૧૨)
અતીશવરી.	૧૫	શશિકલા, સારંગીકા, વૃષભ, મૃદંગ; પચંગળ, ભમરાવાળી. (૧૮)
અષ્ટી.	૧૬	વિશેષ, નીલ, નારાચ, સરભ, ચંચળા, વાણીની, પંચમાર. (૬)
અત્યષ્ટિ.	૧૭	પૃથ્વી, હરણી, કોકિલ, વાણિની, સુધાધારા, મોહન. (૧૨)
ધૃતી.	૧૮	નારાચ, તારકા, ચંદ્રકુલ, ચંચરી, મંજીર, છેલ. (૯)
અતીધૃતિ.	૧૯	શાર્દુલવિક્રીડીત, મુની શક, ચંદ્રમાળા, ઝુલના. (૬)
કૃતિ.	૨૦	ગીતકા, સુવદના, વૃત, શશિધર, ગંડીકા, મનોભવ. (૬)
પ્રકૃતિ.	૨૧	નરીંદ, શુભતા, સ્ત્રગધરા. (૩)
આકૃતિ.	૨૨	ભત્રકછંદ, મદીરા, સર્વગામી. (૩)
વિકૃતિ.	૨૩	લલીત, મત્તા-કાંડ, શોભા, સુદરી, સભા. (૯)
સત્કૃતિ.	૨૪	કીરત, દેવ, તનવી, કુમેલા, નેહપાલ. (૭)
અભિકૃતિ.	૨૫	હરીછંદ, દાસછંદ, કળાકુશળ, સુમિલા, ચારૂ. (૮)
ઉત્કૃતિ.	૨૬	ભુજંગ વિજરૂભિત, વિલાસ, કીશોર, ભુજંગેરીત, આપવા હાખ્ય. (૫)

અક્ષાંસ—ભૂમધ્ય રેખાની ઉત્તર અથવા દક્ષિણ દિશાએ હરેક જગાનું જે અંતર હોય તેને તે જગાનું અક્ષાંસ કહે છે. દરેક જગા ભૂમધ્ય રેખાની ઉપર હોય તો તેનું ઉત્તર અંક્ષાસ અને નીચે હોય તો તેનું દક્ષિણ અંક્ષાસ જાણવું. ઘણામાં ઘણું અક્ષાંસ ૯૦ અંશથી વધારે હોતું નથી.

પૃથ્વીના નમુનાનાં ગોળાની વચોવચમાંથી તેના ‘આસને’ ઠેકાણે લોઢાનો એક સળીયો ખોસેલો હોય છે, અને તે ગોળાની ઉપરથી પીત્તળની એક પટી તેને ફરતી આપેલી હોય છે, તેમાં તે સળીયાનાં છેડા બેસાડી તે ઉપર તેને ફરતો રાખેલો હોય છે. અંક્ષાંસના અંશો એ લિટી ઉપર કાઢેલાં હોય છે અને રેખાંશના અંશો ભૂમધ્ય રેખા ઉપર મુકેલાં હોય છે. નકશાની ઉપર નીચે રેખાંશનાં અને બાજુએ ઉપર અંક્ષાસનાં અંશો માંડેલાં હોય છે.

અક્ષોભ્યદીક્ષિત—આ મધ્ય મતાનું સારી સંસ્કૃત કવિ ‘સાવનૂર’ નો રહેવાસી હતો. તેણે બાળ વયમાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરી તેમાં પ્રવિણતા મેળવી હતી. તે કર્ના-ટકી અને મરાઠી ભાષામાં ઘણો પૂરવીણ હતો. એને મધ્ય લોકોના મતો વિષે ઘણુા

ગ્રંથો રચ્યાં હતાં, પણ હાલમાં તે જડતાં નથી. એ મોટો ખળવાદી હતો. એણે પોતાનું 'દ્વૈતમત' મોટી બુદ્ધી બળે પાળયું હતું. તે પોતાની જન્મ ભૂમિ સાવનૂરમાં ઇ. સ. ૧૭૪૮ માં મરણ પામ્યો.

અક્ષોહિણી—આ શબ્દ લશકરની ચોકસ મોટી સંખ્યાંના એક સમુદાય માટે વપરાય છે. એક અક્ષોહિણીમાં ૧૦૯૩૫૦ પેદલ, ૬૫૬૧૦ ઘોડેસ્વાર, ૨૧૮૭૦ રથો તથા ૨૧૮૭૦ હાથીઓ હોયછે. યાને ૨૧૮૭૦૦ જણાંથી બનેલી અક્ષોહીણીઓ પુરાતમ આર્યો જૂદે જૂદે મથકે વેહેંચી તે વતી લઢાઇ કરતા હતા.

અક્ષોહિણીનું કોષ્ટક—

૧ હાથી, ૧ રથ, ૩ ઘોડા, ૫ પાયદળ=૧ પત્તિ.
૩ પત્તિ મળી-૧ સેના મૂખ.
૩ સેના મૂખ મળી-૧ ગુલ્મ.
૩ ગુલ્મ મળી-૧ ગણ.
૩ ગણ મળી-૧ વાહિણી.
૩ વાહિણી મળી-૧ પૃતુના.
૩ પૃતુના મળી-૧ ચમૂ.
૩ ચમૂ મળી-૧ અનકિની.
૩ અનકિની=૧ અક્ષોહિણી.

(૨)-એક આંકડા ઉપર એકવીસ મીંડા લખ્યાં હોય તો તે સંખ્યાને પણ અક્ષોહિણી કહેછે.

આ.

આ—બીજો મૂળા અક્ષર; પેલો દીર્ઘ સ્વર (અ ટુંકો ને આ લાંબો) પાસેની વસ્તુ દેખાડવાનો શબ્દ. આદ્યું, વિસ્તાર, હદ, સીમાં વગેરે.

આ—ઉત્તર અને મધ્ય યૂરોપમાં આ નામથી ૪૦ ઝરાઓ તથા નદીઓ પ્રસિદ્ધ છે. જેમાંના હૉલંડ, ફ્રાન્સ, રશિયા અને સ્વીટઝર લેંડમાં મુખ્ય કરી છે.

આ—જરથોસ્તીઓના ધર્મ સંબંધી ૨૧ નૂસ્કમાંનો આ એક નૂસ્ક છે. એમાં પાપીને શું સજા મળે છે, તથા માણસના નસીબ ઉપર સરદારી ભોગવતા તારા વિષે આનૂસ્કમાં ખુલાસો કર્યો છે. આ નૂસ્કને હુસ્પરમના બીજે નામે ઓળખે છે. આ'ના ત્રીસ પ્રકરણોમાંનો એક 'અએર્પતિસ્તાન' યાને મોબેદોનો અભ્યાસ, મોબેદો, સાગેર્દો અને તેમની પાંચ ખાસ્યતોનું વર્ણન તેમાં આપવામાં આવ્યું છે. એક બાબ નીરંગસ્તાનનો છે જેમાં જૂદી જૂદી જાતની ક્રિયાઓ, બે ત્રણ અને ચાર વખત ભણવાની અવસ્તા, દીવસની પાંચે ગેહ અને તેમની ઘટતી ક્રિયાઓ, સુદરેહ કુસ્તી બરસમ આપવી, પાણીની આરાધના, જરથોસ્ત, હવોવ અને વિસ્તારપનાં કુટુંબ વગેરેની બાબદો છે. એક ગોહરીકિસ્તાન નામે છે જેમાં ઉમરાવ વર્ગ વિષે, ખરીદવા અને વેચવા વિષે; તથા પરદેશીઓ સાથે કામ કેમ પાડવું તેનું વર્ણન છે. બીજા વિભાગોમાં કોઇની મીલકત ખાઈ જવા વિષે, તાબેદાર અને નાફરમાન ઓરતો, નર નારી, બાલકોના ફાયદા વિષે, ગોસ્પંદોને ઉછેરવા, અનાજની ખેતી કરવા, જૂદી જૂદી જાતના ગુન્હા વિષે. ઘેલા કુતરાઓ અને તેઓથી થતાં નૂકસાન, દોલત ભેગી કરવાનાં સાધન, છોકરાં છોકરીઓને પરણાવવાં, સખાવત કરવાની ભલાઇ અને બગાડ કરવાની બુરાઇ, પાંચ સરસ કામો અને પાંચ નઠારા કામો, ગેરકાયદે ઝાડ કાપવાં અને ગુજરેલાંઓને દાટવાનાં પાપ વિષે, બાળકોને જણવા અને તેમની માવજત કરવા વિષે તથા વૈદકશાસ્ત્ર અને નજુમવિધા વિષે વર્ણન આપેલું છે.

આઇઝેકન્યૂટન—આ ગણિત શાસ્ત્રી ઇંગલાંડના લિન્કનશાયરમાં કોલ્સટવર્થ નામની જગામાં સને ૧૬૪૨ ની ૨૫ મી ડીસેંમબરે જનમ્યો હતો. બાર વર્ષની ઉમરે તે નિશાળે જવા લાગો. અહીં જ્યારે બીજા છોકરાઓ રમવા જતા ત્યારે તે લાકડાની ઘણીક વસ્તૂઓ બનાવવામાં વખત ગાળતો. નિશાળેથી ઉઠયા પછી તે પોતાના ધંધામાં પડવાનો હતો,

પણ તેમ ન થયું. તે ઢોરની ચોકી રાખવાને તથા કામ કરનારાઓનું ઉપરીપણું કરવાને ખેતરમાં જતો ત્યાં ઘણો ખરો વખત ઝાડ તળે બેશી વાંચીયા કરતો અને જ્યારે તેનો બાપ તેને બજારમાં માલ વેચવા મોકલતો ત્યારે તે કામ પોતાના માનસોને સોંપી પોતે ઘાસની ગંજીમાં ભરાઇ બેસી ગણિત સિદ્ધાંતનાં દાખલા ગણતો. તેની માએ પોતાના દીકરાની આવી વલાણ જોઇ તેને કેમબ્રીજની પાઠશાળામાં ૧૬૬૦ ના જુનની ૫ મીએ બેસાડયો. ઇ. સ. ૧૬૬૫ માં તેણે 'આકર્ષણ ને ગુરૂત્વ આકર્ષણ'નો ખગોળવિદ્યામાં મોટો વધારો કીધો. ૧૬૬૬ માં તેણે શોધીને નક્કી કર્યું કે પરમાણું રૂપ વીખરાઇ જાય તેવા કીરણો એખટાં મળેથી રોશની પેદા થાયછે. સફેદ રોશનીનાં કીરણમાં ૭ રંગછે. રાતો, નારંગી, ભૂરો, લીલો, આસમાંની, ગુળીનો ને જાંબુડો. આ શોધથી નેત્ર વિદ્યાનું બીજ રોપાયું. ૧૬૬૭માં તે પાઠશાળાનો ફેલો ને બે વર્ષ પછી ગણિત શાસ્ત્રનો પ્રોફેસર થયો. ૧૬૭૧ માં રાયલ સોસાયટીનો ફેલો થયો. ૧૬૮૩ માં તેણે 'પ્રીન્સ પિયા (પદાર્થ જ્ઞાનના ગણિત સંબંધી મૂળતત્વો) એ નામનું પુસ્તક છપાવી પ્રગટ કર્યું.

ન્યૂટને શોધનાં જયથી માન મેળવ્યું. ૧૬૯૯ માં તે ટંકશાળનો માસ્તર થયો. ૧૭૦૫ માં એન રાણીએ તેને નાઇટનો ખેતાબ આપ્યો. આઇઝેક ન્યૂટનમાં વિદ્વાન દાખલની જરાએ મગરૂરી નહોતી, તે ઘણો નમ્ર ને દયાળુ હતો. એની નમનતાઇ અને દયાળુપણાની અનેક વાર્તાઓ પ્રસિદ્ધ છે. મરણ ૮૪ વર્ષની વયે ૧૭૨૭ નાં માર્ચ મહિનાની ૧૮મીએ નીપજ્યું.

આઇઝેક પીટમેન—ચોકસ ચિન્હો વડે સામા માણસનું બોલેલું ટુંકમાં અને ઉતાવળે લખી લેવાનો રીત. યૂરોપમાં ઘણી ચાલેછે, તેમાં આ વિદવાને શોધી કાઢેલી રીત બહુ ચઢતા પ્રકારની ગણવામાં આવે છે.

એનો જન્મ ઇ. સ. ૧૮૧૩માં ઇંગલાંડના વીલ્ટશીઅર પ્રગણામાં ત્રાઉબ્રીજ શેહેરમાં થયો હતો અને તે તરફની શાળા તથા કૉલેજમાં સારી રીતે વિદ્યા અભ્યાસ કીધા પછી લીનકશીયર પ્રગણાનાં 'બારટન–આન–હંબર' શેહેરની શાળામાં એક શીક્ષક તરીકે તેણે કામ કરવા માંડયું. તે બાદ ૧૮૩૯ ના વરસમાં તે બાથ શેહેરમાં જઈ રહ્યો હતો. જ્યાં સામા માણસના બોલેબોલ ઝડપથી ઉતારી લેવાઇ શકાય એવી રીતે ચીન્હો વડે લખવાની 'ફોનોગ્રાફી' ને નામે ઓળખાતી વિદ્યાની ખીલવણીના સંબંધમાં ૧૮૪૩ માં તેણે 'ફોનેટીક ઈન્સટીટયૂટ' સ્થાપ્યું હતું, અને તે વિદ્યાને લગતાં પોતે લખેલાં પુસ્તકો છાપી પ્રગટ કરવા માટે એક છાપાખાનું ઉભું કીધું હતું. ઉગમણુ તરફની ભાષાઓનો જાણીતો ઉસ્તાદ પ્રોફેસર મેક્સમૂલર એ ઈનસટીટયૂટનો પ્રમૂખ હતો અને આઇઝેક પીટમેન પોતે તેના ખજાનચી તથા સેક્રેટરી તરીકે કામ કરતો હતો. એ ઉપરાંત ઇંગ્રેજી શબ્દોની જોડણી અને લખવાની રીત વીગેરે બાબદોમાં સુધારો કરવાની હિમાયતમાં પ્રગટ થતા ફોનોટીક જનરલ નામના ચોપાનીયાનો અધિપતિ પણ એજ હતો. અને તે વખતમાં તેની આજુબાજુના જીલ્લામાંના (૧૮૯૫) ૬૦૭ વર્તમાન પત્રોમાંથી ૫૬૯ પત્રોના રીપોરટરો અને લખનારાઓ સામા માણસના બોલેબોલ ઝડપથી અને સહેલાઇથી ઉતારી લેવાની એની શોધી કાઢેલી રૂઢી કામમાં લેતા હતા. ફોનોગ્રાફીક વિદ્યાની ખીલવણીના સંબંધમાં લન્ડન મધ્યે ઉભી કરવામાં આવેલી નેશનલ ફોનોગ્રાફીક સોસાયટીના પ્રમુખ દાખલનું કામ એણે જીંદગીના અંતવેર બજાવ્યું હતું. મરણ ઇ. સ. ૧૮૯૭માં નીપજ્યું.

આઈન—હિંદુસ્થાનના જંગલોમાં આઇનના ઘણાંજ ઉંચા અને મોટા વૃક્ષો થાય છે. આ ઝાડનાં લાકડાં ઘણાં ટકાઉ હોવાથી મોટી ઇમારતો બાંધવાનાં કામમાં તેનો ઉ-

પયોગ થાય છે, એના પાંદડા લાંબા હોય છે. આઇનમાં સફેદ અને કાળી એવી બે જાતો છે. સફેદ આઇનનો રંગ જરા ભૂ-રાસપર હોય છે એની છાલ રંગ બનાવ-વાના કામમાં આવે છે.

આઇનએ અકબરી—આ મોટો ગ્રંથ અબુલફજલે બનાવ્યો હતો, કે જે ગ્રંથ અકબર પાદશાહના આશ્રયથી પ્રસિદ્ધ થયો હતો. તેમાં મોગલ રાજ્યની સત્તા અને રાજકીય અમલ, તથા તે વેળાની રાજદુ-વારી બાબતો વિષેની સ્થિતીનો અહેવાલ જૂદા જૂદા પાંચ ભાગોમાં લગભગ ૩૦૦ વિષયો સાથે આપવામાં આવ્યો છે. વળી તેમાં શેહેનશાહતમાંના ઘણાક પ્રાંતોનાં અહેવાલો આગલા વખતની કળા કૌશલ્યા અને હિંદુઓની ધર્મ સંબંધી બાબદો આપેલી છે. જેમ ઇંગલંડમાં 'ડોમસડેબુક' પ્રસિદ્ધ છે તેમ હિંદમાં આ ગ્રંથ ઘણો લોકપ્રીય છે.

આઇને અર્જાસ્પ—આ ગ્રંથ પાદશાહ અર્જાસ્પના વખતમાં રચાયો હતો. એમાં તે પાદશાહના કાયદા કાનૂનો અને દેશની હાલત વિષેનું વર્ણન આપેલું છે.

આઇને મુસા—આ મુસાનો ઝરો 'સૂઝની દક્ષિણે, દક્ષિણ પૂર્વે ૭½ માઇલ ઉપર છે. તેમાં એક નાનો ખાડો છે કે જેનો ઘેરાવો અર્ધા માઇલ જેવડો છે. તેમાં મોટું ખઓચીયું ૧૦ થી ૧૫ ફીટના ઘેરાવાવાલું છે, અને તેની પાસે બીજાં પણ છે. તેની નજદીક મીશનરીઓનાં મકાનો બાંધેલાં છે.

આઇબિરીઆ—આ પ્રાંતની જગ્યા હાલમાં 'આઇમિરીની' અથવા 'જૉર્જીયાને' નામે ઓળખાય છે, અને તે રશિઆને તાબે છે. એની પશ્ચિમે કલોચીસ પ્રાંત, ઉત્તરે કૉકેસસ પર્વત, પૂર્વે અલ્બાનિયા તથા દક્ષિણે આરમેનિયા આવેલું છે. તેમાં સાઇરસ નદી અને બીજા કૉકેસસ પાહાડોમાંથી નીકળતા ઝરાઓનું પાણી પોંહચે છે, એનું મુખ્ય શેહેર, તાગોડા અથવા તેતેગોંદા છે. અહીં પુરાતમ વખ્તપર સ્વતંત્ર પાદશાહો રાજકર્તા હતા. રૂમી સરદાર પૉમ્પીએ આ પ્રાંત ઉપર હુમલો કરી રહેવાશીઓને જંગ-લોમાં હાંકી કાઢી આગ લગાડી તે પ્રાંત તાબે કીધો હતો. આઇબિરીઆ પાણીથી તદન ખાલી છે. અહીંના લોકો પુરાતમ ઇરાનીઓની માફક વેંહેચાઈ ગયલા જૂદા 'જૂદા ચાર ભાગના નામે ઓળખાતા હતા.

આઇસક્રીમ—હિંદુસ્થાનમાં આ લેહેજતદાર પદાર્થ બનાવવાનો હૂન્નર પ્રથમ યૂરોપમાંથી દાખલ થયો હતો. પાંચમી સદીમાં પેહેલ-વેહેલું સ્પેન અને ફ્રાન્સમાં બનાવવામાં આવ્યું હતું. ઉપલા દેશોમાંથી ૭ મી સદીમાં એ ઈંગલાંડમાં દાખલ થયું. જાહેર જ્યાફ્તોમાં પેહેલવેહેલું આઇસક્રીમ ૧૬૬૭ માં બીજો ચાર્લસ રાજા નવા વર્ષને દહાડે વીંડસર ખાતે તખ્તનશીન થયો તેની ખુશાલીમાં પ્રજાને છુટથી આ મિષ્ટાન ખાવા આપવામાં આવ્યું હતું.

આઇસલાંડ—એક બેટ જે યૂરોપખંડમાં *વાવ્ય ખૂણામાં આવેલો છે. એમાં જવાળા મુખી પર્વતો ઘણા છે, જેમાં સૌથી મોટો પર્વત 'હેકલા' છે. તેની ઉંચાઇ સમુદ્રના પૃષ્ટ ભાગથી ૫૦૦૦ ફીટની છે. આ પર્વતના પ્રવાહ ચાલે છે ત્યારે પ્રાંતોના પ્રાંતો બળીને ખાક થાય છે. ૧૭૮૩ માં તે ફાટયો હતો અને ૯૪ મૈલ લાંબા તથા ૫૪ મૈલ પોહળા પ્રદેશને બાળી ભસ્મ કરી ભયંકર નાશ ફેલાવ્યો હતો. તેના ભડકાની ગરમીથી ૧૨ નદીઓ સૂકાઇ ગઇ અને હજારો માણસ બળી મૂઆ હતા. આઇસલાંડમાં ઉષ્ણ પાણીના ઝરા અનેક છે. ત્યાં અતિશય બરફ પડે છે, જે ઉપરથી તેનું 'આઇસલાંડ (બરફનો બેટ) આવું નામ પડયું છે. ત્યાં બરફના ડુંગરના ડુંગરો નદીઓમાં તરતા દેખાય છે. ત્યાંના રહીશો શરીરે આરોગ્ય અને ઉદ્યોગી છે. તેમનો મુખ્ય ધંધો માછલાં મારવાનો છે. તેઓ ઘણા ધર્માભિમાની અને પરમેશ્વરપર આસ્થા રાખનારા છે.

આઇસાં—(જુઓ આસાં)
આઇસિંગગલાસ—(જુઓ આયસીંગ ગલાસ)
આએ-આએ—આ એક જાતનું વિચીત્ર પ્રાણી છે. આ આશ્ચર્યકારક ચોપગું પ્રાણી મેડેગાસ્કરનાં જંગલોમાં મળી આવે છે. પેહેલવેહલું 'સોન રાતે' ૧૭૮૦ માં આ પ્રાણીને શોધી કાઢયું હતું. એના સ્વદેશમાં પણ એ જૂજ છે, અને તે રાતે ફરનારૂં હોય છે, તેથી તે કદાચજ જણાય છે. ઇ-સ. ૧૮૫૮ માં ડૉ૦ સાન્ડઉઇચે આ પ્રાણીને મોરીસ ખાતે પકડયું, ને તેને ઇંગ-લાંડ મોકલવા માટે લોઢાના પીંજરામાં પુ-રીયા છતાં તેમાંથી તે બકોરૂં પાડીને નાહાશી ગયું. તેના દાતના અતી તિક્ષણપ-ણાને લીધે સેવટે તેને મારીને ૧૮૬૦ માં ઇંગલાંડ ખાતે મોકલ્યું હતું.
આકઝેલીક આસીડ—રૂહબાબ અને બીજી વનસ્પતિઓમાંથી આએ ખાર જથ્થાબંદ મળી આવે છે. એ અતી ઘણો ઝેરી હોય છે. દેખાવમાં તે એપસમ સૉલ્ટ યાને જો-લાબના મીઠાને મલતો આવવાથી ભૂલમાં દરદીઓને આપવાથી ઘણા માઠાં પરીણામ નીપજે છે. કાલીકો નામનું કપડું છાપનારા અને સાદરાની ટોપી બનાવનારાઓ તે વાપરે છે.
આંકડી—(જુઓ ચુંક પેટમાં દુઃખવું) ધાતૂનો વાળેલો છેડો. વાળેલા છેડાની ધાતૂની વસ્તૂ. (૨) મરતી વખતે શરીરને જે આંચકા આવે તે.
આકડીઆ—આ તાલુકો ગોહેલવાડ પ્રાંતની નીચે ખાસ કાઠીયાવાડમાં બાબરા થાણાની હદમાં છે. તેના તાબામાં બે ચોરસ માઇલ જમીન અને આસરે ૧૨૫ માણસની વસ્તી છે. વાર્ષીક ઉપજ રૂ ૧૦૦ ની છે.
આકડો—હિંદમાં એના ઝાડ બધે બધ જાણીતાં છે. એના પાંદડાં જાડા અને વડના પાંદડાં જેવડાં મોટાં હોય છે. આકડાને ફુલો અને ફળો આવે છે. ફળો પાકવાથી અંદરથી રેશમ જેવું નીકળે છે, તે ઉપયોગમાં આવે છે. એનાં લાકડાનાં કોયલા ઘણા હલકા હોવાથી દારૂખાનું બનાવવાનાં કામમાં તેનો ઉપયોગ થાયછે.

સાધારણ અંગ દુખતું હોય તો આંક-ડાનું દુધ ચોપડે છે. એના પાંદડાં ઘણા સફાઇદાર હોવાથી આગેલા. આર્ય લોકો તેનીપર લખતા હતા, પણ ત્યાર પછી તેની જગા કાગળે લીધી હતી. આ ઝાડ વનઔષધી છે. (૨) સંખ્યાની નીશાની. (૩) લેણદેણ જમાખર્ચનો તઇઆર કરેલો હિસાબ.
આકયૂમિનેટા—ઇકસોરા નામે નાના ફુલના ઝાડોને લગતું ઝાડ છે. એના પાંદડા ફીક્કા લીલા રંગના હોય છે. એની ઉપર સફેદ ફુલો આવે છે. આ ઝાડ કુંડામાં રોપાયછે.
આકલ્પ—બ્રહ્મદેવતાના વખતની સમાપ્તિ સુધીનો કાળ. કૃતયુગ ૧૭,૨૮,૦૦૦ ત્રેતા-યુગ ૧૨,૯૬,૦૦૦, દવાપરયુગ ૮,૬૪,૦૦૦ અને કળીયુગ મળી ૪૩,૨૦,૦૦૦ વર્ષની એક ચોકડી, એવી ૧૦૦૦ ચોકડીનો એક કલ્પ તેજ બ્રહ્મદેવનો એક દિવસ એમ પુરાણોમાં લખેલું છે.
આકવીલીયા—આ રોમનોથી વસાયલું પ્રા-ચીન શેહેર હતું. એ ઇટલીની હદમાં આડ્રીઆટીક સમુદ્રની ઉત્તરે હતું.
ઑકસિજન—કુદરતમાં આ પદાર્થ ઘણો ફેલાયલો છે. તે સર્વ ઠેકાણે મળી આવે છે. હવામાં તેની છુટી હાલતમાં અને પાણીમાં હેડ્રોજન તત્વ સાથે સંયૂકત થઇને એ બેશુ-માર પડેલું છે. સ્રષ્ટીનો $\frac{1}{2}$ ભાગ આ પદા-ર્થથી બનેલો છે. પાણીનો $\frac{8}{9}$ ભાગ વજને, હવાનો $\frac{1}{5}$ હિસ્સે અને જમીનમાંના 'સિલી-કાન' તથા આલ્યૂમિના તત્વો સાથે જોડાઇને તેને અર્ધે હિસ્સે આ તત્વ આવે છે. તે ઉપરાંત જીવજંત પદાર્થો, જનાવર અને ઝા-ડપાનનો અર્ધો હિસ્સો આજ તત્વથી બનેલો છે. આ પદાર્થ સાધારણ ઉષ્ણ માને દેખી ન શકાય તેવો, સ્વાદ યા વાસ વગરની

એક ગ્યાસ છે. એ ગ્યાસ હૈદ્રોજનના કરતાં ૧૬ ઘણી ભારી છે, અને હવાના કરતાં $\frac{૧}{૧૦}$ હિસ્સે ભારી છે. એકંદર તત્વો ઑકસિજન સાથે સંયૂકત થાય છે, માત્ર 'ફ્લુઓરીન' એકલું તેમ કરતું નથી. ઑસિજન એ શબ્દ ગ્રીક ભાષાના- બે શબ્દ ઉપરથી નીકળેલો છે. ઑકસિજન એટલે આસિડ અને જેનવો યાને ઉતપન્ન કરનાર અને એ નામ આ તત્વની આસિડ ઉત્પન્ન કરવાની એક ખુબીને લાગુ પડે છે. એ નામ એવે વખતે આપવામાં આવ્યું હતું કે જ્યારે એવું માનવામાં આવ્યું હતું કે, એકંદર આસિડ પ્રકારના પદાર્થોમાં આ તત્વ આવે છે. જોકે હાલમાં ઘણીક આસિડો એવી જણાયલી છે કે જેમાં આ તત્વ તદન આવતું નથી; તોપણ આ અસલ નામ ફેરવવાનું દરસ્ત ધાર્યું નથી. ઑકસિજન તત્વ જોકે હવામાં તેની છુટી હાલતમાં $\frac{૧}{૫}$ હિસ્સે પડેલું છે, તોપણ તેમાંથી મેળવવું મુશકેલ પડે છે. ઘણુંકરીને એ એવા સંયૂકત પદાર્થોમાંથી મેળવવામાં આવે છે કે જેઓનું પૃથૂકરણ ગરમી લાગ્યાથી અથવા બીજા પદાર્થો સાથે સંયોગી કર્મે અદલા બદલી થઇ સેહેજમાં બની શકતું હોય. ઑકસિજન મેળવવાની સરસ સસ્તી અને સેહેલ રીત એ છે કે 'મેન્ગેનીઝ' ધાતૂ અને ઑકસિજનના સંયોગી બનતો મેન્ગેનીઝ પર ઑકસાઇડ નામનો કાળો પદાર્થ જથાબંદ જમીનમાંથી જડે છે, તેને લોહોડાની બાટલીમાં ભરીને ભઠીમાં મેળી બાટલી તપીને લાલ થાય એટલે ગરમીની આંચ આપવી. એમ ગરમ કીધાથી એ ચીજમાંની સઘળી ઑકસિજન છુટી પડતી નથી. માત્ર તેનો $\frac{૧}{૩}$ ભાગ (૧૨ ટકા) મોકળો થાય છે.

તે ચિન્હ રૂપે નીચે પ્રમાણે.

મેન્ગેનિઝનો કાળો ઑકસાઇડ

$3\ M\ N\ 0_2 \quad =$

મેન્ગેનિઝનો રાતો ઑ૦ આકસિજન.

$M\ N\ 3 0_4 \quad + \quad 0_2$

સીંદુર, સૂરો ઇત્યાદી પદાર્થને પણ એજ રીતે ગરમી લગાડવાથી તેઓનું પૃથકરણ થઇ તેમાંથી ઑકસિજન ગ્યાસ છુટી પડે-છે.

હવામાં એ ગ્યાસ અનામત મોકળી પડેલીછે. ત્યારે એ ઉપરથી એમ સાબેત થયું છે કે એ દેખાઇ ન શકાય તેવો, અને તે વાસ અથવા સ્વાદ વિનાનો પદાર્થ હોવો જોઇએ. એ જાથૂક ગ્યાસીક સ્થિતી રાખેછે. કોઇ પણ ઉપાયથી એની સ્થિતી ફેરવાઇ શકાતી નથી. હૈદ્રોજનના કરતાં ૧૬ ઘણી ભારી છે, ત્યારે એ ઉપરથી એ ગ્યાસ હવાના કરતાં કેટલી ભારીછે તે ગણી કાઢવી સેહેલ છે. ˚૬૯૨ˊ × ૧૬ = ૧˚ ૧૦૫૭ કે જે રકમ એના શોધી કાઢેલાખાસ વજનની સંખ્યા બરાબર ઉતરે છે. એ પાણીમાં બહુ થોડી પીધળે છે. ૧૦૦ કયૂ. સેન્ટીમીટર પાણી ૩ કયૂ સેન્ટીમીટર ગ્યાસ ચુસી આપે છે. આ તત્વની સૌથી જાણવા લાયક ખુબી એ છે કે તેના અંદર તત્વો સાથે રસાયની સંયોગ થઇ શકે છે. માત્ર એકલું ફ્લુઓરીન તત્વ એની સાથે સંયોગી વેહવારે જોડાતું નથી. સઘળાં તત્વીક પદાર્થો સાથે એ પાધરે પાધરૂં સંયોગ પામે છે. માત્ર ૭ તત્વો એવા છે કે તેઓ સાથે સંયોગ પામતી વેળા બીજા તત્વોની મદદ જોઇએ છે. એટલે જે સોનું, રૂપું, પ્લાટીનમ તથા હાલોજન્સ નામનાં '૪' તત્વો મળીને સાત તત્વીક પદાર્થોનો ઑકસાઇડ પાધરે પાધરો બનતો નથી, પણ બીજા પદાર્થની મારફતે બને છે. આ પ્રમાણે ઑકિસજન તત્વો સાથે સંયોગ પામીને જે પદાર્થો ઉતપન્ન થાય છે તેઓને 'ઑકસાઇડસ' કહે છે. જ્યારે પણ ઑકસીજનનો બીજા પદાર્થ સાથે સંયોગી વેહવાર ચાલે છે (Oxidation) ત્યારે ગરમીનો થાય છે, અને જ્યારે એ ગરમી એટલી બધી હોય છે કે, પદાર્થો તેથી ચળકીને પ્રકાશવા માંડેછે ત્યારે તે ક્રિયાને (કમ્બશચન) બળી જવું કહે છે.

'ધાતૂ રૂપી તત્વો અથવા ધાતૂઓ પણ ઑક્સિજન સાથે સંયોગ પામે છે. કોઇ કોઇ હવાના સાધારણ ઉષ્ણુમાને અને તેઓની સાધારણ હાલતમાં જેવા કે, 'પોટાસ્યમ' સોડયમ, બેરયમ, સ્ટ્રાનસ્યમ, અને કાલસ્યમ, એવોતું ઑક્સિજન સાથે રસાયણી આકર્ષણ એટલું તો તેજી રહે છે કે એઓને પેટ્રોલ્યમ તેલ કે જેમાં ઑક્સિજન તત્વ મુદલે નથી તેમાં ડુબાવી રાખવામાં આવે છે. બીજા હાથ ઉપર સોનું, રૂપું, પ્લાટીનમ એવી ધાતૂઓ છે કે જેઓ ઑક્સિજન સાથે સંયોગ પામવા ઘણી હટ કરે છે.'

આકારનસ—ઓકના ઝાડના બિયાં. આ બીજને આગલા વખતમાં ખોરાકી દાખલ કામમાં લેવામાં આવતાં હતાં; પણ હાલમાં દુકાલ સમયેજ તેનો ઉપયોગ કરે છે. મરઘા બતક અને ડુકરના ખોરાક દાખલ તે સાધારણ વપરાય છે. એને ઉકાળીને માખણ સાથે ભેળીયાથી કાફીની માફક પીવામાં લઈ શકાય છે; પણ સ્વાદે તે કડવું લાગે છે.

આકાલીફા—આ ઝાડ ઘણા સુંદર પાંદડાવાલું હોય છે. એની ઘણીક જાતો છે. ૧ અકાલીફા ટ્રાઇકલર, એના પાંદડા મોટા અને લાલ રંગનાં હોય છે. એ કઠણ જાતના ને સુંદર હોય છે. એને કોયલાનું ખત આપ્યાથી એના પાંદડાંનો રંગ ઘણો ખીલી નીકળે છે. ૨—આકાલીફા માર્જીનેટ એના પાંદડાની ધાર ફિક્કા ગુલાબી રંગની હોય છે. આ ઝાડ, પણ કઠણ જાતનું છે. ૩—આકાલીફા મ્યાક્રોફીલા, એના પાંદડા ઘણા મોટાં હોય છે અને તે રંગેબેરંગી હોય છે. ૪—આકાલીફા ઇલસ્ટ્રીજ, એના પાંદડાની નેસો સુનેરી રંગની હોય છે.

આકાશ—આ જગકર્તાનું બનાવેલું નહિ વર્ણી શકાય એવું એક છત્ર અગણિત પૃથ્વીઓને માથે ફરતું છે. તેમાં ફરતા હંમેવાર અગણિત રોશન સેતારાઓ આપણને રાતની વેળા જણાય છે. તેમાં મુખ્ય આપણને અગલના દેખાતા સૂર્ય મંડળ અને ચંદ્રમાં છે કે જે આપણી પૃથ્વી ઉપરથીજ આપણે જોઇ શકીયે છિયે, પણ તે ગોળાકાર છત્રમાં અગણિત સૂર્ય મંડળો અને રોશન સેતારાઓ છે કે, જે આગળ વધેલી શોધો પણ ખાતરી ભરી ગણત્રીથી કહી શકતી નથી. આકાશના છત્રમાં જે જે બીજાં અગણિત મંડળો છે તેઓ આપણાજ સૂર્ય જેવાં ચલકાટ ધરાવનાર મોટા સૂર્યો અને તેઓથી રોશની અને ગર્મી મેળવનારા ગ્રહો, ચંદ્રો, ધુમકેતૂઓ, તારાઓ વગેરે અનેક કુદરતી પેદાયશો, આપણી પૃથ્વી સાથે છત્ર તળે મુસાફરી કર્યા કરે છે. જેમ આ જગત મુસાફરી કરે છે તેમ આકાશ પણ પૂર્વેથી પશ્ચિમ દિશાની મુસાફરી ૨૪ કલાકના અરસામાં પુરી કરે છે. આ આકાશી છત્રમાં કેટલાક તારાઓ એક બાજુથી ઉગીને બીજી તરફ અસ્ત પામે છે, ત્યારે ઘણાએક અસ્ત પામતા નથી અને તેઓ ઉત્તર તરફના ચોક્સ બીંદુની તરફ ફેરા ખાયા કરે છે. કેટલાક તારાઓ એકજ બીંદુની વધારે નજીક હોવાથી બહુજ નાનો ઘેરાવો ફર્યા કરે છે. અને તેમાંનો એક તારો એ બીંદુની બરાબર પાસેજ હોવાથી તે ચકરાવો લેતો સાદી આંખે જણાતોજ નથી. તે તારાને ઉત્તર ધ્રૂવનો સેતારો એ નામ આપવામાં આવ્યું છે. તેજ પ્રમાણે બીજો એક તારો દક્ષિણ ધ્રૂવ તરફ છે. તેઓ જે બીંદુઓની પાસે આવેલા છે તેમને આકાશના ઉત્તર અને દક્ષિણ ધ્રૂવના નામો મળયાં છે.

આ આકાશ મંડળમાં આપણા મંડળનો સૂર્ય એક ચોકસ મોટા ચંદ્રની આસપાસ ફરે છે કે, જે ચંદ્રને જ્યોતિષ શાસ્ત્રીઓએ ૧૨ ભાગમાં વેંહેચી તેમને બાર રાશિઓના નામો આપ્યાં છે. આ રાશિઓના નામો આગલા યુનાની લોકોએ હાલમાં જે કારણ લીધે નામો આપ્યાં છે તેજ રૂઢી ઉપરથી તેઓએ પણ આપેલાં જણાય છે.

આકાશનો ઘેરાવો એટલો તો મોટો છે કે

માનવી જાતની અક્કલ કદી પણ ચોક્કસ રીતે ગણત્રી કાઢી શકવાની નથી. સૂર્ય મંડળના આસપાસ જે જે ગ્રહો ફરે છે તેઓ સૂર્યની રોશની તથા ગરમી જેટલ ભાગમાં રહી મળેછે તેજ ચકરાવો ફક્ત ૩૫૦૨૫૦૦૦૦૦ માઇલનો છે. એ ઉપરથી આ જગકર્તાના ઓહળા આકાશમાં બીજી અસંખ્ય દુન્યાઓ અને તેના મંડળો છે કે, જે હજી સુધી શોધી શકાયા નથી, ત્યારે તે કેટલા મોટા મોટા ઘેરાવાઓ ઘેરી રહ્યાં હશે? સૂરજ આપણી પૃથ્વીથી ૯૨૦૦૦૦૦૦ માઇલિ દુર છે. ચંદ્રમાં પૃથ્વીથી ૨૩૮૮૨૦ માઇલની વેગળાઇ પર છે; તેનો વિસ્તાર ૧૪૬૧૦૦૦૦ માઇલનો છે. સૂરજથી ચંદ્રમાં ૯૧૫૦૦૦૦૦ માઇલિની વેગલાઇપર છે તોપણ તેનો સંબંધ વિશેષ જણાયલો છે. વળી આ આકાશ મંડળમાં છેલ્લી શોધ પ્રમાણે એક 'વિગા' નામે સેતારો જણાયો છે કે જે પૃથ્વીથી ૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦ (૭૫ મહાપદમ) માઇલ યાને સૂરજથી ૧૦૦૦૦૦૦ માઇલ પર છે. એજ પ્રમાણે આકાશછત્રમાં તેવા અગણીત તારાઓ હસ્તી ધરાવે છે. તેઓમાં કોઈ બેવડા કોઇ ત્રેવડા અને કેટલાક તો રોશનીના નાના વાદળાંઓ જેવાં જણાય છે. જોરાવર દુરબીનથી તપાસી જોતાં આ વાદળાંઓ નહિ ગણી શકાય એટલા બધા તારાઓથી બનેલાં છે. આ જગતો કોઇ કોઇ વેળા અથડી પડી વિશ્વમાં ઘણો ગભરાટ મચાવે છે અને એવા બનાવો કદી કદી બન્યા કરે છે, કે જેના ઘસારાથી ઉપજતા બળતણુની રોશની વર્ષો સુધી કાયમ રહે છે. (જુઓ ખગોળ તથા જગત.)

આકાશગંગા—એ એક આકાશમાં જણાતો તેજોમય પટો છે કે જેમાં અગણીત સૂર્યો તપે છે. જેમની સંખ્યા ૨૦૦૦૦૦૦૦ થી ૧૦૦૦૦૦૦૦૦ ની છે. આ ભાગ આખી જગતમાં જેટલા તારાઓ દીપે છે તેમનો $\frac{૧}{૬}$ ભાગ છે. એ આકાશગંગાની લંબાઇ સૂર્યથી સીરીઅસ તારાના તફાવતથી ૮૦૦ ગણી ગણવામાં આવી છે, કે જે સીરીઅસના સૂર્યથી તફાવત ૧૩૭૩૦૦૦ એકંદર છે; એટલે કે આકાશગંગાની લંબાઇ ૮૦૦ × ૧૩૭૩૦૦૦ + ૯૦૦૦૦૦૦૦ મૈલ છે.

આકાશયાન—હવામાં ઉડવાનું જે વાહન તે આકાશયાન. આકાશયાનને હવામાં ચલાવવાની જે વિદ્યા તે આકાશ ગમન વિદ્યા છે. આકાશયાનને હાલમાં સાધારણ રીતે ઇંગ્રેજી શબ્દ બલુન (Ballon) થી ઓળખવામાં આવે છે.

પુરાતમ વખતમાં આવાં વિમાનો વિશેષ કરી જાણીતાં નહોતા. પણ કોઇક ભેદી હૂન્નરમંદીથી બનાવવામાં આવેલા પવનપાવડી વગેરે દંતકથાઓમાં જાણીતાં છે. આ હૂન્નરમંદીથી બનેલાં યંત્ર, ભેદી યાંત્રીક શકિતનું પરીણામ હતું, કે જે આજે લગભગ ૧૫૦૦ વર્ષો ઉપર હસ્તી ધરાવતું, હતું પણ ત્યાર પછી તેની હસ્તી માલમ પડતી નથી. આ યાંત્રીકકળા વિષે આજે યુરોપના વિદવાનો શોધ કરે છે પણ હજી કોઇ તેમાં સંપૂર્ણ ફતેહ પામ્યું નથી, તોપણ ગરમ અને ઠંડી હવા ભરી વિમાન બનાવવામાં યુરોપના ફતેહમંદ વિદવાનો ઘણે ભાગે ફતેહ પામવા શકિતવાન થયા છે, જોકે હજી તેપર તેઓ સંપૂર્ણ કાબુ ધરાવી શકયા નથી.

હવાની વિસ્તૃત થવાની શકિત અને તેનું વિશિષ્ટ ગુરૂત્વ, એમના આધારે આકાશયાન (બલુન) ની રચના રચવામાં આવી છે. વિશિષ્ટ ગુરૂત્વ યાને એક પદાર્થનું વજન તેનાજ આકાર માનના પદાર્થ સાથે તોલી જોઇ તેનું જે ભારમાન નીકળે છે તે જો હવા અને પાણી સરખી જગા પ્રમાણમાં લીધાં હોય, તો પાણીનું વજન હવાના વજનથી ૮૦૦ ઘણું વધારે છે, તે ઉપરથી હવાનું વિશિષ્ટ ગુરૂત્વ પાણી કરતાં ૮૦૦ ઘણું ઓછું જણાશે.

પદાર્થનું વિશિષ્ટ ગુરૂત્વ કાઢવા માટે પાણી એ પ્રમાણ લઇ તેનું એક વજન માનેલું છે. સુનાનું વિશિષ્ટ ગુરૂત્વ ૧૯.૬૪૦

એટલે પાણી કરતાં ૧૯ ઘણું, કાચનું ત્રણ ઘણું ઓછું છે, તેલનું ૯૨૦ એટલે પાણી કરતાં કાંઈક ઓછું છે. એ ઉપરથી જણાઈ આવશે કે ભારીચીજ પાણીમાં નાખી હોય તો પાણી કરતાં તેનું વિશિષ્ટ ગુરૂત્વ વધારે હશે, તો તે ડુબી જશે પણ ઓછું હશે તો તરશે. હૈદ્રોજન ગ્યાસનું વિશિષ્ટ ગુરૂત્વ સાધારણ હવા કરતાં સાત ઘણું ઓછું હોવાથી તે તરી શકે છે.

આકાશમાં ઉડવા માટે જે વિમાન તૈયાર કરવામાં આવે છે તેમાં હવા કરતાં જેનું વિશિષ્ટ ગુરૂત્વ ઓછું હોય તેવો પદાર્થ તેમાં ભરવામાં આવેછે. પૃથ્વી ઉપરથી જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ હવાનું વિશિષ્ટ ગુરૂત્વ ઓછું થતું જાય છે. એ ઉપરથી સેવટે એમ બને છે કે આકાશયાનમાં જે પદાર્થ ભરેલો હોય છે તેનું અને આસપાસની હવાનું વિશિષ્ટ ગુરૂત્વ સરખું થવા સુધી વિમાન ઉપર ચઢે છે, પણ ત્યાર પછી આગલ વધતું અટકી પડે છે.

મી૦ મૌંત ગોલફીયર નામે વિદ્વાને ઈ. સ. ૧૭૮૩ માં એની શોધ કરી હતી. આકાશયાન બનાવવાની કલ્પના, ઢગોને હવામાં તરતાં જોઈ તેના મનમાં ઉત્પન્ન થઈ હતી. તે ઉપરથી તેણે હલકી હવા બનાવવા માટે ઘાસને સલગાવી નરમ હવા પાતલી કરી ઉપર ધરી રાખેલી કોથળીમાં એખટી કીધી અને તેથી પેલી કોથળી ફુલીને બાહારની જાડી હવામાં ઉડવા લાગી.

આકાશયાન બે જાતના હોય છે. એક અગ્નિ વીમાન અને બીજો વાયુ વિમાન. અગ્નિ વિમાનમાં ગરમ હવા ભરવામાં આવે છે, એટલે કે તે વિમાનની નીચે આતશનું બળતું કરી તેમાં ગરમ ને હલકી હવા ભરી તેને ઉડાવવામાં આવે છે. વાયુ વિમાન હૈદ્રોજન ગ્યાસ અથવા સાધારણ કોયલામાંથી બનાવેલી ગ્યાસ ભરવામાં આવે છે. એટલે તે બાહારની ખુલ્લી હવા કરતાં પ્રમાણમાં ઘણું હલકું થવાથી ઉપર વધે છે. હાલમાં મજબુત રેશમી કપડાનાં વિમાનો બનાવી બાહારથી જાળી વતી તેને મજબુતી આપેલી હોય છે. આકાશયાનમાં બેસી ઉડનારને સાથે રેતીની કોથળીઓ અથવા કંઈક ભારી પદાર્થ લઈ જવાં પડે છે, કારણ કે તે જેમ જેમ ભારી ચીજો ઉપરથી નાખી દેછે, તેમ તેમ તે ઉપર ચઢે છે પણ જ્યારે નીચે ઉતરવું હોય છે, ત્યારે આકાશયાનમાં એક નાનો પડદો રાખવામાં આવે છે તે ઉઘાડવામાં આવતાં જેમ જેમ ગ્યાસ નીકળતી જાય તેમ તે નીચે આવેછે.

હાલમાં આકાશયાનમાંથી ઉતરવાની પેરેશૂટ નામની છત્રી બનાવવામાં આવી છે, તેના યોગે ગમે તેટલી ઉંચાઈ ઉપરથી ઉડનાર આસાનીથી નીચે ઉતરી શકે છે. આવી રીતનો તમાશો મુંબઈમાં પેહેલવેહલો મી૦ સ્પેનસર નામે એક બેલુનીસ્ટે કરી બતાવ્યો હતો. ત્યાર પછી મેન્સફીલડ નામે બલુનીસ્ટે કરી બતળાવ્યો હતો પણ બીજે મરતબે બલુન આકાશમાં ચઢીયા પછી ફાટી જવાથી તે નીચે પડી મુવો હતો.

ઘણા મુસાફરોએ આકાશયાનમાં ઉડી ઘણે ઉંચે વેરની અજાયબીઓ વર્ણી ગયાં છે. ઈ. સ. ૧૨૬૨ માં મેશર્સ ગ્લેશર અને કૉકસ્વેલ નામે ઈંગ્રેજ જમીનથી ૭ માઇલ ઉંચે ચઢયા હતા. ૧૮૯૪મા ૪ થી ડીસેંબરે જરમની ખાતે સ્ટાટગાર્ડના મથક ઉપરથી ડાકટર એ. બરનસ નામનો એક મુસાફર જમીનથી ૬ માઇલની ઉંચાઈએ ઉડયો હતો. તેને સવાપાંચ કલાક ૬૫૦૦ ફીટ ચઢતાં થયાં હતાં. ૬ માઇલ ઉપર જતાં હવાનું દબાણ ૯ ઇંચથી સેહેજ વધુ હતું; ને થંડી ૪૯ ડીગ્રી જેટલી હતી.

સહૂથી પેહેલાં જાનવરોને બલુનમાં બેસાડવામાં આવ્યા હતાં અને એ રીતે ફ્રેહેમંદ અખતરો અજમાવી મનુષ્ય જાતે લાભ લીધો હતો. ફ્રાન્સમાં એક રાજાએ

એકવાર ફાંસીની સજા પામેલા બે બંધીવાઓને બલુનમાં બેસાડવામાં નહિ આવે તો બલુન ઉડતું અટકાવવા માંગ્યું હતું. પણ બલુનવાલા ધણીએ તેમ કરવા સાફ ના પાડી જણાવ્યું હતું કે, હવામાં ઉડવાનું માન એવા અપરાધીઓને આપી શકાય નહિ. અને તેપરથી રાજાને પોતાની હટ છોડવી પડી હતી.

ઇંગલાંડ દેશમાં બલુનમાં બેશી ઉડનારાઓની શરૂઆતની તવારીખ જાણવાજોગ છે.

ઇ. સ. ૧૭૮૫ ના વર્ષમાં ડોવ્હરમાં ઉડાવવામાં આવેલા એક બલુનમાં 'જેફ્રરસી નામનો તબીબ પણ બલુનમાં માલેકની પરવાનગીથી બેઠો હતો. ઉપર જવા પછી એકાએક બલુન નીચે ઉતરવા માંડયું, અને બલુનમાંથી ગમે તેટલો બોજો નાખી દેવા છતાં બલુન નીચે ઉતરતું અટકયુંજ નહિ. 'જેફ્રરીસે' ગભરાઇને નીચે દર્યામાં નખાવી દેવા સુચવ્યું, પણ બલુનના માલેકે તે સુચના વખોડી કાઢી, અને તેઓ બલુનના દોરડાંએ લટકીને પોતાની એક કાપી નાખવાનો વિચાર કરતા હતા તેટલાં બલુન પાછું ઉંચે ચઢયું હતું.

બુલોં શેહેર ખાતે કાઉન્ટ ઝેમબીકારી નામનો એક ઉમરાવ પોતાના કુટુંબની હજુરમાં એક બલુનમાં બેસી ઉડયો હતો. પણ હવામાં થોડેક ઉંચે જવા પછી અચાનક તેને હાથે સ્પીરીટનો એક ડબો ઉંધો વળી જવાથી બલુનમાં આગ લાગી હતી. આગની શરૂઆત સાથે કાઉંટના કપડાં સળગી ઉઠયાં, અને બળતાના ભડકા નીચે ઉભેલા માણસો પણ સાફ જોઇ શકતા હતા. કાઉન્ટની બાનુ અને છોકરાં પણ તે તમાશો જોવા ઉભેલાં હોવાથી તેમને ઘણું દુ:ખ ઉપજ્યું હતું, પણ પેલો કાઉન્ટ તે છતાં ધભરાયો નહિ, અને માહા મેહેનતે આગ ઓલવી નાખીને સહી સલામત નીચે ઉતરવા પામ્યો હતો.

બલુનમાં ઉડવાનો ઘણો જાણીતો બનાવ 'બલ્નેકર્ડ' નામની એક ફ્રેન્ચ બાનુની હિમ્મતવાન મુસાફરીને લગતો છે. ૧૮૯૧ ના ઉનાળામાં ટીવોલીના મેળા વખતે તે બાનુએ હવામાં ઉંચે જઇ ત્યાં આતશબાજી સલગાવી નીચે નાખવાનો કસદ કીધો હતો, અને તે માટે તેણીએ દારૂગોળાનો કેટલેક જથ્થો સાથે લીધો હતો. પણ હવામાં ઉડયા પછી એકાએક દારૂગોળો સલગી ઉઠયો હતો અને તે બાનુંની ઘણીબી મેહેનત છતાં બલુન સલગી ઉઠયું હતું. અને તે સાથે આ હિમ્મતવાન બાનુ બળી મુઇ હતી.

૧૮૭૦ માં ફ્રાન્સ અને પ્રશયા વચ્ચે થએલી લઢાઇ વખતે પેરીસ શેહેરની ઉપર ઘણા બલુનો ઉડતાં હતાં. મોરયો નાડર નામનો એક ફ્રેન્ચમેન જે પોતાનું બલુન લઇ શેહેરમાંથી બાહાર નીકળતો હતો તેણે દુરથી પોતા સામે એક બલુન આવતું જોયું; નાડરે પોતાની ઓળખ આપવા માટે ફ્રેન્ચ વાવટો દેખાડયો કે સામાવાલાએ પણ તેજ વાવટો દેખાડયો હતો, પણ નજદીક આવતાંસમેત પેલા બીજા બલુને ફ્રેન્ચને બદલે પ્રશયન વાવટો હવામાં ઉરાડયો અને નાડરના બલુન ઉપર રીવાલવર ફોડવા માંડી. નાડરે પોતાનું બલુન તે ઉપરથી ત્યાંથી નસાડવા માંડયું અને દુશમન નાઇલાજ થઇ પડે તેટલું ઉંચે તેણે પોતાનું બલુન ચઢાવી દઇ બચાવ કીધો હતો.

આગળ એક ફ્રાન્સનો રહેવાશી મો૦ એનડરીએ ઉત્તર ધ્રુવ તરફ બલુન મારફતે મુસાફરી કરવાનો ઇરાદો કર્યો હતો પણ તેમાં તેને ફતેહ મળી નહોતી.

'ફ્રાંન્સ' નામનું એક ગંજાવર બલુન બનાવી ૧૮૯૭ ના ડીસેંબર માસમાં એક કાફલો ઉત્તર ધ્રુવ તરફ તે મારફતે મુસાફરી કરવા ઉપડી ચુકયો છે. આ બલુન બનાવતાં બધો સામટો ખરચ ૧૫૦૦૦ પાઉન્ડનો થયો હતો.

આકિમિનીજ—આ એક રંગબેરંગી સુંદર ફુલોના ઝાડનું નામ છે. એ મે મહિનામાં ઉગેછે કે પછી તેને કુંડામાં રોપવામાં આવે છે. આ ઝાડ ઘણું નાજુક હોવાથી તેની જતન બહુ કરવી પડે છે અને તે બાગ બગીચાઓમાંજ ઉગાડવામાં આવેછે.

આકિશ્યમ—ગ્રીસ દેશમાં ઇપૈરસ નામે પ્રાંતમાં આ દેશ છે. અહીં ઈ. સ. પૂર્વે ૩૧માં આગસ્ટસ અને એન્ટની તથા કલિયોપેત્રા એમની લડાઇ થઇ, તેમાં આગસ્ટસનો જય થયો હતો. આ ગામને હાલમાં આકીઝીયો કહેછે.

આકુંટીલડુપેરો—આ વિદ્વાન પુરૂષનો જનમ ઈ. સ. ૧૭૩૧ માં પારીસ ખાતે થયો. નાહનપણમાં પોતાના ગામની પાઠશાળામાં અભ્યાસ કરી ઓકશાયર અને આમસફર્ટ ખાતેની પાઠશાળાઓમાં અનૂક્રમે અભ્યાસ કર્યો હતો. ત્યાં યૂરોપખંડને લગતી ચાલુ ભાષાઓ શિવાય હીબરૂ, આરબી અને ઉગમણુ પ્રાંતની બીજી ભાષાઓ તે શિખ્યો હતો. અને પોતાની જુવાન વયમાંજ અભ્યાસ પુરો કરી પારીસ ફર્યો હતો. અંહી આવી ફ્રાન્સના પાદશાહના પાદશાહી દફતરખાનામાં એ અભ્યાસ વધારવા જતો અને ત્યાં પોતાની ઇચ્છા મુજબ અભ્યાસ કર્યો હતો. આ દફતરખાનામાં 'આબેસાલીએ' નામનો એક વિદ્વાન પાદશાહની તરફથી હસ્ત લેખોની જાલવણી કરનાર દાખલ ત્યાં ઉપરીપણાપર હતો, તેની સાથે આકુંટીલને દોસ્તી થવાથી વિદ્વાન મંડલમાં એની ઓળખાન વધી. આકુંટીલડુપેરોનું નામ, જે નામીચા ગ્રંથથી દુન્યામાં પ્રખ્યાત થયું તે ગ્રંથો પારસી ધરમ પુસ્તકોનો ફ્રેન્ચ ભાષામાં કરેલો તર્જુમોછે. આ ગ્રંથો પછવાડે કોશેસ કરવા અને પારસીઓના ધરમ પુસ્તકો મેળવવાની એને ઉલટ કેમ થઇ તેની વીગત પોતાના જંદ અવસ્તાના પેહેલા ગ્રંથમાં આપતાં તે પોતે લખેછે કે—

"ઇ. સ. ૧૭૫૪ના વર્ષમાં જ્યારે હું પારીસ હતો ત્યારે ઑકસફર્ડના દફતરખાનાં મધેથી જંદ હરફે લખેલાં વંદીદાદના ચાર કાગળો મારા જોવામાં આવીયા. તેજ જગોએ અને તેજ વખતે મે મારો વિચાર કીધો કે આ નામીચા દફતરો લાવીને મારા દેશને તવંગર કરૂં. આ દફતરો મેળવીને તર્જુમો કરવાનો મેં ઠરાવ કીધો હતો, અને એ કારણસર ગુજરાતના પારસીઓ પાસેથી તાલીમ લેવાની અગત હતી. આ કામ માથે લીધાથી મેં વિચાર્યું કે દુનિયાની ભાષાઓના મૂળ વિષે જે માહિતગારી મેળવી હતી તેમાં વધારો થશે અને દુન્યાની ભાષાઓમાં જે ફેરફાર થાય છે તેની વધતી સમજ હું મેળવી શકીશ અને વળી બીજું એક ઉગમણ દેશની વિદ્યા વિષે આપણે ગ્રીક અને લાટીન પુસ્તકોમાં ફોકટ મહેનત કરીયે છિયે તે કરતાં એજ વિદ્યામાં ખુદ પુસ્તકોની શોધ આપણે કરીએ તો ઘણું સારૂં. મે એટલા માટે એવો વિચાર કર્યો કે પાર્સીઓના પુસ્તકો વિષે જે ઇંગ્રેજ વિદ્વાન (ડૉ૦ હાઇડ) એસારો કરી ગયો છે તેની શોધ અગળ વધારયાના કરતાં બીજી ફત્હેમંદી મેલવવા માટે મારી પાસે વધારે સાધનો છે, જે ભાષા શિખવાની મને અગત છે તે ભાષા પાર્સીઓ પાસે હું પોતે જઇને શીખી આવું. બીજું હિંદુ લોકોનાં ધરમ પુસ્તકો જે ચાર વેદ છે અને જે સંસ્કૃત ભાષામાં લખેલાં છે, તેના ફ્રાન્સના પાદશાહી દફતરખાનામાં હિંદુસ્થાનથી આવેલા ઘણાએક હાથના લખેલા પુસ્તકો પડેલાં છે, તોપણ તે વેદ વિશે કોઇ સારી પેઠે સમજતું નથી. એ કારણને લીધે કેરમામાનના પાર્સીઓ પાસે જવાના કરતાં હિંદુસ્થાનના પાર્સીઓ પાસેથી વાકેફગારી લેવાનો મેં વિચાર કર્યો કે તે ઠેકાણે પુરાતમ ઇરાની ભાષા અને સંસ્કૃત બેઉ શીખવા બની આવશે.'

આકુંટીલ ડુપરોએ પોતાનો વિચાર એ

પ્રમાણે નક્કી કરી ઘણી અડચણો ખમીયા પછી ઈ. સ. ૧૭૫૫ ની ૯ મી આગસ્ટે મધરાસના પુલચેરીના ફ્રેન્ચ કોસ્ટા ઉપર આવી લાગો. અહીં તેણે ફાર્સી ભાષાનો અભ્યાસ શરૂ કીધો અને ફ્રાન્સની સરકારે આ વિદ્વાનને મૂલતા વરસાનમાં વધારો કરી ૧૯૦૦ લીવરનું વરસાન આપતું કર્યું. પુલચેરીમાં ફાર્સી ભાષાનો પુખ્ત અભ્યાસ કરી બંગાલ તરફ ચંદ્રનગરમાં સંસ્કૃતનો અભ્યાસ કરવા જઇ રહયો. ત્યાંથી અભ્યાસ પુરો કરી પાછો પુલચેરી જઈ ઇ. સ. ૧૭૫૮ ની ૧ લી મેએ તે સુરત જઈ રહયો. અહીં તેણે ઘણા વર્ષો સુધી રહી જંદ પુસ્તકોનો તરજુમો કીધો. આ મુદત દરમ્યાન આકુંટીલ ઇ. સ. ૧૭૬૦ ની ૨૦ મી જુને, દસ્તુર, દારાબ (કુમાના દાદાદારૂ) સાથે રાતની વખતે સુરતની દરેમેહેરની ખાનગી જગોએ પાર્સીના છુપા લેબાસમાં જઇ જોઇ આવ્યો હતો.

હિંદુસ્થાનમાં ઘણી ભાષાઓ શીખી તે ઇ. સ. ૧૭૬૧ માં પોતાને દેશ પાછો ગયો, ત્યાં જઈ તેણે ૧૦ વર્ષની અથાગ મેહેનત પછી ૧૭૭૧ માં જંદ અવસ્તાના ત્રણ દફતરો ફ્રેન્ચ ભાષામાં બહાર પાડયાં. આ વિદ્વાન જરથોસ્તી ધર્મના જે જે પુસ્તકો હિંદુસ્થાનથી લઇ ગયો હતો તે પાદશાહી દફતરખાનાને ભેટ આપ્યા. એનું મરણ ઈ. સ. ૧૮૦૫ ની ૧૦ જાનેવારીએ પારીસ ખાતે નીપજ્યું હતું.

આકેલખાન—આ નામીચો શાએર ઇ. સ. ની ૧૭ મી સદીમાં ઔરંગજેબ પાદશાહના વખતમાં થઈ ગયો હતો. આ શાએરનું જન્મ નામ મીરઅસ્કરી હતું. એ ખુવાફ પરગણાના નામીચા સઇઅદનાં કુટુંબનો હતો.

એને ઔરંગજેબે ઉમરાવની પદ્વી આપી હતી. આકેલખાનની ઔરંગજેબ સાથ એવી રીતે પીછાન થઇ કે ઔરગજેબનો એક માનીતો મીત્ર મરણ પામ્યો તેનો ગમ ઔરંગજેબે હદથીજયાદા કીધો, પણ બીજેજ દીવસે શેકારગાહમાં શેકાર કરવા ગયો. શેકાર કરી તેમાં ગમગીની બેઠો હતો તેટલાં આકેલખાન હિમ્મતથી પાસે જઇ બોલ્લો 'અએ ખુશ નશીબ શાહાનશાહ ગઇ કાલે તું તારા મિત્ર માટે રડતો હતો પણ આજે શા કારણ માટે તુ અહી શેકાર કરવા આવ્યો છે ?" ઔરંગજેબે જવાબ આપ્યો કે છુપી દલગીરી, એકાંત ગમ અને શેકથી તેના મનને શેકારી કુતરાના અવાજે, સકરાઓનો નાહસભાગ તેમની પુઠે દોડનારા પારધીઓની ખુશાલીનાં બુમાટા તથા સેવટે આથમતા સૂર્યના લીલોતરી ભરેલા મેદાન પર પડતાં તેજી કિરણોના દેખાવ કરતાં કોઇબી રીતે વધારે કરાર લાગતો નથી.' આકેલખાને આ મિત્રની એવી બેપરવાઈ જોઈ એક બયત જોડી બોલ્યો.—

એશક ચે એહસાન નમુદ અહેચે દશવાર બુદ
હજર ચે દશવાર બુદ યાર ચે એહસાન ગેરફ્ત.

યાને—મોહબ્બત કેવી મીઠી દેખાય છે ? ગમગીની કેવી કડવી છે ? ગેરહાજરી કેવી સહેલાઇથી ભુલી જાય છે ?" ઔરંગજેબ આ બયતથી ખુશી થયો ને આકેલખાનને પોતાનો માનીતો બનાવ્યો.

આકેલખાને 'શમએ પરવાને' નામની એક રસીલી મોહબતની વાર્તા બયતમાં રચી હતી, અને તે વાતનું ચોખટું એક હિંદી કવિતા ઉપરથી બનાવ્યુ હતું. તેણે જોડેલા ગજલોનો સગ્રંહ કરી 'રાઝી નામથી એક પુસ્તક બાનાવ્યું હતું. એક ગ્રંથ તેણે શાહનશાહ ઔરંગજેબનો છોકરી ઝીબુલનીસા બેગમ, કે જે નામીચા મુલ્લા મહમદ સઇઅદ અશરફ પાસે કવિતાનો હૂન્નર શીખી હતી, તેણીએ જોડેલી એક કવિતાનો જવાબ આપવા સારૂં બનાવ્યો હતો. આ ગ્રંથમાં ઘણીક મધુર ગજલો છે. એને દિલીના હાકેમની પદ્વિ પણ મળી હતી.

આકેલીઝ—(જુઓ એકેલીઝ.)

આંખ—(જુઓ નેત્ર વિદ્યા.)

આંખન—આ ગામ કોલોન શેહેરથી ૪૦ માઇલ પશ્ચિમે હતું. કોલોન શેહેર જર્મની દેશમાં વ્હેન નદીને ડાબે કાંઠે છે.

આખ્યાનકી છંદ—આ છંદ ૧૧ માત્રાનો બને છે. પ્રથમ ચરણમાં બે તગણ, ૧ જગણ ને ૨ ગુરૂ, અને બીજા, ત્રીજા, તથા ૪ થા ચરણમાં તગણ, જગણ અને બે ગુરૂનો આખ્યાનકી છંદ બને છે. એમાં પાંચમે અક્ષરે વિસામો આવે છે.

એવી તરે લગ્ન બને ન જ્યાં ત્યાં,
હરેક રીતે અફસોસ થાતાં.
વડે રડે કૈંક કલેશ શાતા,
કહે પછી કૈંક કરે વિધાતા.—પી॰ દ॰

આખશીપંથ—આખશી નામનો એક વિદ્વાન પુરૂષ જોહાકની આખરી પાદશાહીમાં શીદાબના વખતમાં થઈ ગયો છે. એણે પોતાની દાનાઇ અને વાકય ચાતુર્યથી લોકોમાં પોતા વિષે સારૂં મત સ્થાપી એક પંથ ઉભો કર્યો હતો. આ ધરમ એ હતો કે ચાર ગોહર યાને આતશ, પવન, પાણી અને ખાક કે જેથી મનુષ્ય પેદા થયો છે. એ ચારે ગોહરનું અસલ જે કાંઇ છે તે ખોદા છે, અને ખુદા કાંઈ જોઇ શકતો નથી. આ પેગંબરે આખશનામા નામનું એક ધર્મ પુસ્તક રચ્યું હતું. એઓ એમ માને છે કે કયામત તથા રસ્તાખેજ છેજ નહિ. એઓમાં માંસ ખાવાની મનાઇ છે. એ ધર્મવાલાઓની એક વિચીત્ર રૂઢી એ છે કે છોકરી, બેહેન, માએ, માસી તથા તેની છોકરીઓ સાથે સઘળાઓએ સંબંધ રાખવો રવા છે. યાને બાપ બેટી, ભાઇ બેહેન પરણે તેમાં કાંઇ હરકત નથી. કહે છે કે છોકરાની તમામ કાયા માયના પેટમાંથી પેદા થાયછે, માટે તે કાયાનો છોકરો માય સાથે પરણે તો કાંઇ ગુન્હા નહિ કહેવાય. વળી આ ધર્મનું ફરમાન એ છે કે છોકરી, માય, તથા બેહેન સાથે પરણવું નેક છે. કારણ કે તે પોતીકા ઓળખતાં છે, અને અનજાણા હાથે સંબંધમાં આવવું ગુન્હા ભરેલું છે. જે કોઇને પોતાનાં સગાં વ્હાલાઓમાંથી કોઇ નહિ મળે તો તેનેજ પારકા સાથે પરણવાની છુટ મુકેલી છે. હાલમાં આ ટોલાના લોકો મુસલમાન લોકોમાં ભેળાઇ ગયાં છે, અને જાહેરમાં મુસલમાન નામ તથા લેબાસથી દેખાવ આપે છે. અસલના વખતથી તેઓ ઇરાની જરથોસ્તીઓથી નાહાસતા ફરેછે. જરથોસ્તીઓ એને 'કાફરે મુતલક કહેછે, ને જ્યાંથી તેઓ એમને જોતા ત્યાંથી અસલવારેથી મારી નાખતાં આવ્યાં છે. આ ધર્મ જોહાકના જમાનામાં ફેલાવો પામી શકયો હતો. આ પંથવાલાઓ એ મજહબ ઘણી છુપી રીતે પાલતા હોવાથી તેઓનો પંથ ઘણી નાની સંખ્યામાં ફેલાયલો છે. કાશમીર તરફના પ્રદેશમાં આ પંથના હાલમાં ઘણા જૂજ લોકો વસેછે, કે જ્યાં તેઓ આ ધર્મ પૂર છુટથી પાળે છે. ઇ. સ. ૧૬૩૧ માં કાશમીર ખાતે 'શીદાબ' નામનો એક વેપારી રેહતો હતો, તેણે આ પંથના ફેલાવા માટે 'રાજે આબાદ' નામનો એક ગ્રંથ મુસલમાન લોકના કોરાન અને હદીસની દલીલથી રચી પ્રગટ કર્યો હતો.

આખૂપર્ણી—એક જાતનો વેલો. એનાપર ઘૂઘરા જેવા ફળો આવે છે ને ફુલો ગુલાબી હોય છે.

આખૂર—આ પુરૂષ રામના ખાનદાનનો એક શૂરવીર નબીરો હતો. કેરશાસ્પે ગનદર્વ દેવ સાથે યુદ્ધ કરી તેને દર્યાના પેટમાંથી ખેંચી કાઢી, પોતાનાં મીત્ર આખૂરને સોંપ્યો હતો. આખૂરે તેનો પ્રાણ લીધો હતો.

આગગાડી—આગગાડી એ દેશની આબાદાની ને મોટાઇનું મુખ્ય સાધન છે. જે દેશમાં આગગાડી ચાલુ થઇ છે ત્યાંનો વેપાર વેહવાર અજાયબ રીતે વધી પડયો છે.

હિંદુસ્થાનમાં રેલવે સડક ૧૮૯૭ માં એકંદર ૨૦૪૨૩ માઇલની લંબાઇ સુધી વપરાસમાં ચાલુ હતી. તે ઉપર ૭૦૦૦૦ થી વધુ માણસો નોકરીએ લાગેલાં હતાં. હિંદની

બધી કંપનીઓનો વાર્ષીક નફો સુમારે ૧૩૨૫૦૦૦૦૦નો થાય છે. આ મોટા રેલવે વેહવારમાં બે હજાર સ્ટેશનો છે. એકંદર એનજીનો ૧૯૯૧ જેટલાં છે; તેમાં જોડાયેલા ડબાઓની સંખ્યા લગભગ ૪૦૦૦૦ની છે. ૧૮૯૬માં એકંદર રેલવેનો લાભ લેનાર ઉતારૂઓની સંખ્યા ૧૬૦૮૧૭૦૦૦ની હતી. હિંદી સરકારે ૧૮૯૭ સુધી રેલવે બાંધવા પાછળ રૂ. ૨૨૦૦૦૦૦૦૦ની રકમ ખરચી છે.

વરાળની શકિતની શોધ આતશથી થએલી જણાવવામાં આવે છે. પાણીનું વાસણ ચુલા પર રાખી તેનું મોઢું બંધ કર્યું હોય, તો વરાળના જોરથી તે ઉઘડી જાય છે; પછી તે વાસણ જોઇએ તેટલું મજબુત હોય તોપણ તે ફુટીને તેના કકડા થઇ જાય છે. એવી અનેક પ્રસરણ શકિત ઉપરથી વરાળની ગાડીની શોધ થઇ હતી. પણ આવી બોહોળી શકિત કદી કોઇના તાબામાં રહી કામ કરશે એમ કોઇના સ્વપને વટીક નહોતું.

આગલા વખતમાં બંદુકની દારૂ સાથે એની શકિત સરખાવવામાં આવતી હતી. ઇ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ ઉપર આ વરાળ વિષયપર લખેલા નીબંધો મળી આવે છે. વરાળની શકિતની જાણ ૨૦૦૦ વર્ષો થયાં જાણીતી થએલી છે; તો પણ આ શકિતની પુરેપુરી સમજ 'જેમ્સવાટ' પછી પક્કેપણે જણાયલી છે. જેમ્સની આગમજ વરાળથી ચાલતા અનેક યંત્રો બીજા કારીગરોએ બનાવ્યા હતાં, પણ તે જેમ્સની શોધ પછી નહિ સરખા જણાયલા છે. જેમ્સ વૅટ એનજીન્યરોનાં પિતાની ઉપમાથી જાણીતો છે. જેમ્સ પછી એક 'કગનાટ' નામે ફ્રેન્ચમેને વરાળની ગાડીની યુકિત ૧૭૬૩ માં શોધી કાઢી. આગળ આગગાડીની મુખ્ય નેમ તોપો ઘસડી જવાની હતી. એના પછી બીજા કારીગરોએ તર્હેવાર ગાડીઓ તઇયાર કીધી, પણ તેઓમાંના એકને પણ તેનો જશ મલ્યો નહીં. સેવટે જ્યૉર્જ સ્ટીફન્સ નામના સ્કૉચમેને સઘળું માન મેળવ્યું.

જ્યૉર્જ સ્ટીફન્સ ઈ. સ. ૧૭૮૧ માં જનમ્યો હતો. એનાં માતપિતા ઘણી ગરીબ સ્થિતીમાં હતાં. જ્યૉર્જની ઘણી ખરી ઉંમર પેહેલાં ઢોરો ચરાવવામાં તથા ખેતીના કામમાં ગુજરી હતી. એના પિતાએ વરાળ યંત્રની ગાડી પર નોકરી મેળવી હતી, તે પરથી જ્યૉર્જને થોડી ઘણી સમજ મળી હતી. જ્યૉર્જ એક દીવસે પોતાના મનમાં એવો વિચાર કર્યો કે, પૈડાંપર વધુ વજન રાખીએ એટલે પૈડાં એકને એક જગે ફર્યા નહિ કરશે અને એમ થયું એટલે પછી પૈડાં અને પાટાઓને દાતા રાખવાની જરૂર રહેશે નહિ. આ પેહેલી સમજ ઉપરથી જ્યૉર્જે એક આગગાડી બનાવી તેને 'ફ્રીલીંગવર્થ' નામના લોહમાર્ગ પર ચલાવી બતાવી અને તે ધાર્યા મેળે ચાલી હતી. એનું નામ તેણે 'બ્લુચર' રાખ્યું હતું, આ કલ્પના પરથી જ્યૉર્જને 'વરાળગાડીના કલ્પકના' નામે ઓળખવામાં આવે છે.

પેહેલી આગગાડી ચલાવવા માટે પાર્લામેન્ટમાંથી હોકમ મેળવી ઇ. સ. ૧૮૨૫ માં ૨૭ મી સપ્ટેમ્બરે ડૉર્લીંગટન અને સ્ટોકટનનાં લોહમાર્ગ ઉપર ચાલુ કીધી હતી. આ પેહેલા દીવસે ૪૫૦ ઉતારૂઓ ગાડીમાં બેસવા માટે આવ્યા હતા. આ ગાડી દર કલાકે, ૧૨ માઇલની ઝડપે દોડી હતી. પેહેલ વેહેલી રેલવે સ્ટૉકટન અને ડાર્લીંગટન નામની કોયલા લાવ લઇજાવ કરવા માટે બાંધી હતી. ત્યાર પછી બીજી ૧૮૩૦માં લીવરપૂલ અને માનચેસ્ટર વચ્ચે માલ લાવ લઇજાવ માટે બાંધી, તે વખતે ઉતારૂઓથી રેલવેને મોટો નફો થશે એમ લોકો જાણતા નહોતાં, અને કોઇ કલ્પનાથી કહેતું તો તેની તેઓ હસી કરતા. એક સમે લોકોના જુઠા વેહેમને લીધે લીવરપૂલથી માનચેસ્ટરની રેલવે બંદ પડી હતી.

પેહેલી ગાડીઓ 'માલ' લઇ જવાના

ડબાઓ જેવી બનાવી હતી. ગાર્ડ જે જે ઉતારૂઓ ગાડીમાં બેસતા તેમના નામની ટીપ લખતો અને જ્યારે રેલવે મથક ઉપર ગાડી આવી ઉભી રેહેતી ત્યારે એક માણસ પ્લૅટફૉર્મ પર ઉભો રહી બ્યુગલ ફુંકતો; આ બ્યુગલ ફુંકવાની રીત માનચેસ્ટરના સ્ટેશન પર આજવેર ચાલુ હતી. જ્યારે ઉતારૂઓ વધવા માંડયા ત્યારે એનજીનો તથા ગાડીઓ વધારી એનજીનની ઝડપમાં વધારો કરવા માંડયો હતો; તથા બેસવાની ગાડી સગવડ ભરી બનાવવામાં આવી હતી. આગગાડીની પેહલી ઝડપ ૧૨ માઇલની હતી, તે વધથી ૨૦,૨૩, ૩૫,૫૦,૬૦ અને ૮૦ થી ૯૦ માઇલની આજવેર વધારી છે. આગલી ગાડીઓનું વજન ૪½ ટન જેવડું દર ડબાનું હતું. હાલમાં તો ૩૦, ૩૫ થી ૪૦ ટનથીબી વધારે ભારી ડબા બનાવવામાં આવે છે.

હિંદુસ્થાનમાં પેહેલવેહેલી રેલવે મુંબઇથી થાણા વેર બાંધી ૧૮૫૩ ની ૧૬ મી માર્ચે તે પેહેલ વેહેલી ખુલ્લી મુકી હતી. ત્યાર પછી બીજે વર્ષે ઇસ્ટઇંડીયા લાઇનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. મદ્રાસ રેલવે ૧૮૫૬ માં ૬૨ માઇલની લંબાઇ સાથની પેહલ વેહેલી શરૂ કરવામાં આવી હતી. હાલમાં આ રેલવે એટલી બધી વધેલી છે કે દક્ષિણ દિશાએ મુંબઇથી મદ્રાસ અને પૂર્વે કલકત્તા ઇલાકાઓને સંલંગ માર્ગે જોડી નાખે છે. એ શિવાય બાવીસસો માઇલની એક મોટી શાખા, લખનૌ લાહોર, દિલ્લી, મુલતાન, અને કરાંચી એટલાં શેહેરોને જોડી નાખે છે. દક્ષિણમાં બંગાલના ઉપસાગરમાં હુબલી નદી અને અરબી સમુદ્રમાંની સિંધુ નદીઓના મુખ આ લોહમાર્ગે જોડી નાખે છે.

૧૮૫૩ માં પેહેલવેહેલી ૧૫૨૦ માઇલની લાઇન નાખવામાં આવી હતી. તે ૧૮૯૪ સુધીમાં વધીને ૧૮૫૦૦ માઇલની થઇ હતી; એટલુંજ નહિ પણ રેલવેની શરૂઆતમાં માત્ર સેંકડો લોકો તેનો લાભ લેતા હતા તે એકદમ વધીને ૧૮૯૪ માં ૬૫,૩૫,૨૦,૪૪૭ ની ગંજાવર સંખ્યાપર વધારો આવ્યો હતો. આખા હિંદુસ્થાનમાં સઘલી મળીને ૨૦૪૨૩ માઇલની લાઇનો નખાયલી છે. વળી એ ઉપરાંત હિંદુસ્થાનની રેલવેઓની શરૂઆતની તવારીખ પણ જાણવા જોગ છે.

મી० દોનાલ્ડ નામના એક ઇંગ્રેજે હિંદુસ્થાનમાં રેલવે નાખવાનું બીડું ઝડપ્યું હતું, તે વખતે તેને ઘણી મુશકેલીઓમાંથી પસાર થવું પડયું હતું, જેમાંની કે ટલીક મુશકેલીઓ એ હતી કે, તેને કહેવામાં આવ્યું હતું કે, રેલવેની લાઇનોતો હિંદુસ્થાનમાં ભારે વર્સાદથી ધોવાઇ જશે. તથા રેલવેના પાટાની સ્લીપરો સફેદ કીડીઓ ખાઇ જશે; એટલુંજ નહિ પણ જે જે ધણીઓ ડ્રાઇવર અને ફાયરમેન તરીકે કામ બજાવશે તેઓ તાપથી ભુંજાઇ ટપોટપ મરણ પામશે. વળી એ ઉપરાંત બીજી જે એક રમુજી ગપ ઉડી હતી કે હિંદુસ્થાનનાં દેશીઓ રેલવે મારફતે બીલકુલ મુસાફરી કરશે જ નહિ; કારણ કે તેમ કરવું ધર્મથી ઉલટુંછે.

હિંદમાં રેલવેને પસાર કરતાં ઘણા બુગદાઓ બાંધવા પડયાં હતાં, જેમાંના ઓરઘાટમાં '૨૫' બુગદાઓ છે, તેમાં સર્વેથી મોટો બુગદો જે છે તેની લંબાઇ ૪૩૭ યાર્ડની છે. આ ઘાટ તૈયાર થતાં ૪ વર્ષો લાગાં હતાં. આ બાંધકામ તા० ૧૪ મી જુન સને ૧૮૫૮ થી શરૂ કરી ૧૮૬૩ માં પુરૂં કીધું હતું, એના માટે ૭૫૦૦૦૬૦ રૂપ્યાનો ખરચ થયો હતો. થળઘાટમાં ૧૩ બુગદાઓ છે, જેમાંનો મોટો બુગદો ૪૭૭ યાર્ડ લાંબો છે. આ ઘાટ તૈયાર કરતાં ૪ વર્ષ લાગાં હતાં. એનું બાંધકામ ૧૮૫૭ ના અકટોબર મહિનામાં પુરૂં કર્યું હતું. એના માટે ૪૫૦૦૦૦૮ રૂપ્યાનો ખરચ થયો હતો. એ શિવાય હિંદુસ્થાનમાં મહુની છાવણી પાસે 'બાઇચા' નામનો ઘાટ છે તેમાં ચાર બુગદાઓ છે. તેમજ કરાંચીથી કવેટા જવાનું રેલવે બાંધકામ બેહદ અજાયબી પમાડનારૂં છે, તેમાં સ્ક્રૂ રેલવે અને ઘોડાની નાલના આકારનો પાહાડી માર્ગ જોવા જોગ છે.

દુન્યાનાં મોટા રેલવેઓનો ૧૮૮૭ના રીપોર્ટ મુજબનો કોઠો.

યૂરોપ.	મેલ.	અમેરિકા.	મેલ.
આસ્ટ્રીયા હંગેરી	૧૨૮૨૦	આરજેનટાઈન સ્વતંત્ર	૨૫૦૦
ઇટલી	૫૬૫૧	ઉરેગ્યૂઆ	૨૮૮
ગ્રેટબ્રીટન અને આર્યલંડ... ...	૧૮૬૧૮	ક્યૂબા	૫૫૦
ગ્રીસ...	૧૦૭	કેનેડા...	૯,૦૬૫
ટર્કી ઇન યૂરોપ	૯૬૫	કોસ્ટારીયા	૯૫
ડેનમાર્ક	૧,૧૦૬	કોલંબિયા	૧૪૦
નેધરલેંડ	૧,૩૨૦	ચીલ્લી	૧,૩૭૮
નોર્વે અને સ્વિડન...	૪,૯૭૧	જમેકા	૫૦
જર્મની	૨૨,૬૧૭	નીકારાગ્યૂઆ	૩૩
પોર્તુગલ	૧,૦૪૯	પીરૂ...	૨૦૩૦
ફ્રાન્સ	૧૭,૦૦૦	પેરાગ્યૂઆ	૪૫
બેલજીયમ	૨,૬૯૯	બ્રાઝીલ	૩૫૦૦
રોમાનિયા	૧,૩૭૪	મેકિસકો	૩,૪૫૦
રશિયા ઇન યૂરોપ... ...	૧૫,૨૭૪	યૂનાઇટેડસ્ટેટ	૧,૨૧૫૩૨
સ્વીટઝરલેંડ...	૧,૮૧૦	હોનડુરા	૫૬
સ્પેન	૫,૩૦૯	વ્હેનઝુલા	૩૭૦

એશિયા.	મેલ.	આફ્રિકા.	મેલ.
એશિયા ઇન ટર્કી	૧૭૨	આલજીર્યા	૯૯૩
હિંદુસ્થાન (૧૮૯૭ માં)... ...	૨૦૪૨૩	ઇજીપ્ત (પ્રૉપર)	૧,૪૩૬
જાપાન	૩૦૦	કેપ ઑફ ગુડહોપ...	૧,૩૮૧
જાવા	૨૪૦	ટયુનીસ	૨૦૦
રશીયન કૉકેસસ	૬૨૭	નાટાલ	૨૨૫
સીલોન	૧૭૬	મોરીશીઅસ	૯૨

આસ્ટ્રેલિયા.	મેલ.	આસ્ટ્રેલિયા.	મેલ.
કવિન્સલેંડ	૧૪૯૨	ન્યૂઝીલેંડ	૪૦૭૪
તસમાનિયા...	૩૭૪	વ્હિકટોરીયા	૧,૬૭૯
ન્યૂ સાઉથવલ્સ	૧,૯૧૦	વેસ્ટર્ન આસ્ટ્રેલિયા... ...	૧૨૩
		દક્ષિણ આસ્ટ્રેલિયા...	૧૨૧૫

જૂદા જૂદા રેલવે કંપનીઓના સહૂથી છેલ્લા રીપોર્ટને આધારે એવી ગણત્રી કરવામાં આવી છે કે દુન્યામાં ચાલુ થયેલી કુલે ગાડીઓ માટે નખાયલા પાટાઓની સંખ્યા ૨૫૦૦,૦૦,૦૦૦ ને આસરે થવા જાયછે. દરેક પાટો સરાસરી પ્રમાણે ગણુતા આંઠ વરસ ટકી શકે એવી ગણત્રી કરતાં, તથા દર વર્ષે કેટલાક પાટા અકસ્માતથી બગડે તે જોતાં, એવું માલમ પડેછે કે દરવર્ષે સરાસરી ૪,૫૦,૦૦,૮૦૦ પાટાઓ દુન્યામાં ખપે છે. ઘણી ખરી રેલવેઓમાં

બીરના પાટા થાયછે. દરવર્ષે રદ થતા પાટાઓની સંખ્યા ૪૦૦૦૦૦૦૦ થવા જાયછે. દરેક પાટામાં ખપતા લોઢાનું માપ સરાસરી અઢી ઘનફુટ જાયછે; યાને દુન્યામાં આગગાડીના રદ પડતા પાટાઓનું દરવર્ષનું સરાસરી પ્રમાણ ૧૦૦૦,૦૦,૦૦૦ ઘનફુટ થાયછે.

આગગાર્ડ ખ્રિસ્ચયન—આ લાટીન ભાષાનો પ્રસિદ્ધ કવિ ડેનમાર્કના વિમબર્ગ ગામમાં ઈ. સ. ૧૬૧૬ ની ૨૭ મી જુને જનમ્યો હતો. એણે ૧૬૩૫ માં કોપેનહેગન ખાતે ગ્રાજ્યુએટ થઇ ઘણી નામના મેળવી હતી. ત્યારબાદ પોતાનાંજ ગામડાની પાઠશાળાના કવિતાના પ્રોફેસરની જગ્યા ૧૬૪૭ માં પામ્યો. તેજ વર્ષમાં એ શાળાનો મુખી થયો હતો. મરણ ૧૬૬૪ માં નીપજ્યું.

આગના બુંબા—આગલા વખતમાં આગના બુંબા જેવું યંત્ર હસ્તીમાં નહોતું પણ તે હાલનાં વખતની શોધ છે. આગ ઓળવવા માટે જેસથી પાણી બાહાર કાઢવા આ સંચો ઇ. સ. ૧૬૬૩ ને સુમારે 'જોન વેનડર્સ હેડન' નામના પુરૂષે પેહેલવેહલો બનાવ્યો હતો અને ત્યાર પછી ૧૭૫૨ માં તેની બનાવટમાં ઘણોક સુધારો કરવામાં આવ્યો હતો. ઇ. સ. ૧૯૭૨ માં લંડનમાં બુંબાખાતું ઉઘાડવામાં આવ્યું હતું. હાલમાં અમેરિકા ખાતે આગના બુંબા સાથે મોટા મિનારાઓની નવી શોધ કરી તે અમલમાં આણી છે. આગના બુંબાનું એનજીન, સ્તીમથી ચાલનારો ચાર ચાક ઉપર બેસાડેલો પમ્પ હોયછે. એના એનજીનની બનાવટમાં બે મુખ્ય ખુબીઓ હોયછે, પેહેલી એકે તેમાં સ્ટીમ જલ્દી પેદા કરી શકાય છે અને બીજું એકે તે વતી પાણી ઉંચે ઉરાડી શકાય છે.

હાલમાં 'મેરીવેધર એન્ડ સન્સનાં' ફાયર એનજીનો ઘણાં ફતેહે ભરેલી રીતે કામ કરેછે. આ પેઢીના કારખાનાનાં એનજીનમાં માત્ર દશ મીનીટ દરમ્યાંન સ્ટીમ તૈયાર થાયછે. આ એનજીનનું બૉઇલર સ્ટીલનું હોયછે. તેની અંદરના પાણીને ગર્મી લાગવાંની જગા ઘણી વિશાળ રાખેલી હોયછે.

લેડી આગનીસહોટાટ—ચૌદમી સદીની આખેરીમાં નૉર્થમશાયરમાં લૉર્ડ હોટાટ નામનો એક અમીર રહેતો હતો, તેની આગનીસ નામની અતી બાહાદુર બેટી હતી. આગનીસ હોડાટ પોતાની બાહાદુરીથી પ્રસિદ્ધતા પામી છે. તે વાત એવી છે કે 'રીંગસડેલ' નામના એક શખસ સાથે જમીન બાબત આ અમીર વચ્ચે વાંધો પતાવવા માટે તે વખતની રીત મુજબનો એલાજ તેઓએ યોજ્યો. તેઓ વચ્ચે ઠેડાવ થયો કે જે જગો વિષે વાંધો હતો ત્યાં જઇ બેઉ દાવાદારોએ યુદ્ધ કરવું; તે યુદ્ધમાં જે જીતે તે એ જગાનો માલેક થાય. પણ જે દિવસે યુદ્ધ થવાનું હતું તે દીવસે લોર્ડ હોટાટ એકાએક માંદો પડયો. એ સબબથી તે ઘણો દુ:ખી થયો, કે જો લડાઈમાં નહિ જાય તો ઈજ્જત ખોવા સાથે હિચકારામાં ઠરશે, અને તેનો હરીફ તેની નીંદા કરશે. જ્યારે આગનીસે એ વાત જાણી ત્યારે આ બાનુએ વિચાર કીધો કે પિતાની ઇજ્જત તથા મીલકત કોઈબી ભોગે બરબાદ થવા દેવી નહિ. જે કામ કરવાને પિતા અશક્ત હતો તે કામ કરવા આ બાહાદુર બેટી તૈયાર થઇ, તેણીએ પગથી માથાં સુધી બખતર પેહેડીને લડાઇના હથીયાર બાંધી ઘોડેસ્વાર થઇ લડાઇના મેદાનમાં જઈ રીંગસડેલ સાથે યુદ્ધ કરવા લાગી. ઘણો રસાકસી ભર્યો ઝગડો થયા પછી બાહાદુર આગનીસે રીંગસડેલને ઘોડા-પરથી નીચે પાડયો. તે હરીફ જ્યારે નીચે પડયો ત્યારે તેણીએ તેને શરમાવ્યો. પોતાનું ખરૂં રૂપ બતાવી તેને જણાવ્યું કે એક ઓરતના હાથે તે હાર્યો હતો. પિતાની મીલકત તથા હોરમત બચાવનાર આ શૂર અબલા જે ખાનદાનમાં પરણી તે લોકો એના કામથી એવી તો મગરૂરી લેતા હતા કે, તેણીની બાહાદુરીની યાદમાં પોતાનો મુદ્રાલેખ તેણીના નામનો પાડયો.

આગ્રા—આ શેહેર દિલ્હીથી ૫૦ મૈલને છેટે યમુના નદીને તીરે વસેલું છે. પ્રથમ સને

૧૫૦૪ થી ૧૬૪૭ સુધી મોગલ વંશની એ રાજધાની શેહેર હતું. એને અકબરાબાદ કરીને પણ કહેતા હતા. એમાં શહાજહાન પાદશાહનો રાજમેહેલ તથા તાજમેહેલ અને મોટી મસજીદો વગેરે જોવા લાયક છે. આ જગપ્રસિદ્ધ તાજમાહાલની ઈમારત બાંધવાને ૨૦ હજાર માણસોને ૨૨ વર્ષો સુધી કામે લગાડવામાં આવ્યાં હતા, અને તેપર જે ખરચ લાગો તે ૩ા કરોડથી ઓછો નહોતો. એ મધ્યે શહાજહાનની તથા તેની બેગમ મુમતાજ મેહેલની કબરો છે. એ શેહેરને ફરતો લાલ રંગના પથ્થરનો ભોંય કિલ્લો અને તેને ફરતી ઉંડી ચર છે. મરાઠાઓની લઢાઇમાં એ શેહેર ઇ. સ. ૧૮૦૩ માં ઇંગ્રેજોએ લૉર્ડ લેકનની સરદારી તળે સર કર્યું. ૧૮૯૧ ની ગણત્રી મુજબ અહીંની વસ્તી ૧૬૮૬૨૨ ની હતી. અહીં રોપ માર્બલ અને બીજી જાતનાં પથ્થરની બનાવટી ચીજો ઘણી સસતી મળે છે, તેમાં તાજનો નમુનો મુખ્ય છે.

આંગસ્ટ—ઇંગ્રેજી ૮ મો મહિનો. એના દીવસ ૩૧ ગણવામાં આવે છે. રોમન લોકો આ મહિનાને 'સીકસ્ટીલસ' કરી કહેતા હતા. યાને લાટીન કયાલેંડર પ્રમાણે ૬ ઠો મહિનો ગણાતો હતો. તે વખતે એ '૨૮' દીવસનો મહિનો ગણવામાં આવતો હતો. ત્યાર પછી જુલીયસ સીઝરે આ મહિનો ૩૦ દીવસનો ચલાવવા માંડયો અને આગસ્ટસે ૩૧ દીવસનો ગણવા માંડયો; તે દીવસથી આજવેર ૩૧ દીવસનોજ ગણાતો આવ્યો છે.

આગસ્ટ—(જુઓ અગસ્તા)

આગસ્ટાઇન—(૧) ખ્રિસ્તી દેવળના મોટા ઉપાધ્યામાંનો આ સર્વથી વડો ધર્મગુરૂ હતો. એનો જનમ આફ્રિકામાં આવેલા ન્યુબિયાના એક ગામડામાં ઇ. સ. ૩૫૪ માં ૧૩મી નવેંબરે થયો. હિપો ખાતે ૩૯૭ થી ૪૩૦ વેર તે બીશપ હતો. એનામા સારા ગુણો તેની ભલી માતાથી ઉતરેલાં હતાં. મરણ ૪૩૦ માં નીપજ્યું.

(૨)—ચાલુ સદીમાં આ શૂર અબલા પોતાના અસાધારણ વિરત્વથી વખણાઇ ગઇ છે. ઇ. સ. ૧૮૦૯ માં સ્પેનના 'સારેગોસા' પર ફ્રેન્ચ લોકોની નાકાબંદીને વખતે તે દેશની આ શૂર અબલાએ બહાદુરી બતલાવી હતી. લઢાઇમાં ગુંતાયલા સ્પાનીશ લશકરને વાસ્તે એક દીવસે નાસ્તો લઇને તે જતી હતી. પોર્ટીલ્લીનો નામની જગાની બેટરી આગળ તે આવી પોંહચી ત્યારે તેણીએ જોયું કે ફ્રેન્ચ લોકોના મારાથી તે બેટરીના સઘળા તોપચીઓ મરણ પામ્યા હતાં. આવા સખત મારાથી સઘળાના દીલમાં ભય પેઠો અને તે બેટેરીપરની તોપો આગળ કામ કરવા જવાની કોઇની હિમ્મત રહી નહિ. લશકરના સીપાહો તથા બીજા શેહેરીઓ ભયથી ઉભા રહ્યા. ઘણા લઢાયક મરદો જે કામમાં પગલું ભરવાને બિહીતા હતા તે પર એ સ્ત્રી હિમ્મતથી દોડી ગઇ. એક મરણ પામેલા તોપચીના હાથમાંથી એ સ્ત્રીએ મશાલ ખેંચી લીધી અને પોતાનેજ હાથે સઘળી તૈયારી કરી ૨૬ પાઉંડના ગોળાવાલી એક તોપ દુશમનો પર આબાદ ઝાડી. પછી પેલીજ તોપપર ઉભી રહી કસમ લીધા કે જ્યાં વેર તે જીવતી છે ત્યાં વેર નાકાબંદી ઉપરથી તેણી કદી હટશે નહિ. એ પ્રમાણે આ હિમ્મતવાન ઓરતે બાહાદુરીનું કામ બજાવ્યું. તેણીની આવી અસાધારણ હિમ્મતથી બીજા સીપાઈઓને શૂર છુટયું. તેઓ પાછા શૂર પર ચઢી લઢાઇ કરવા ધસ્યા અને પાછો તોપોનો મારો શરૂ કીધો. આગસ્ટાઇને બતાવેલી આ બાહાદુરીથી તેણીને 'સારા ગુસ્સાવાલી બાનુ' એવો માન ભરેલો ખેતાબ આપવામાં આવ્યો. સરકારે તેણીને ઘોડેસ્વારને મલતા મુસારા જેવડો માસીક પગાર અને બીજો લવાજમ જીંદગી સુધી આપતો કર્યો હતો.

આગા—તૂર્કસ્થાનમાં આગા અથવા આકા ઉમરાવોને કહે છે. તે શિવાય અફસરો પણ એજ એલકાબથી ઓળખાય છે.

આગાખાન—એઓ ઇરાની પાદશાહી ખા-

નદાનનાં ઉમરાવી વંશના છે. તેઓ ખોજાઓના પીર અથવા ધર્મગુરૂ ગણાય છે. ઈંગ્રેજ સરકારને કાબુલની ચઢાઇમાં સીધ તરફ મદદ આપવાથી સરકારે હીજ 'હાઇનેસનો સર્વોપરી ખેતાબ એનાયત કીધો હતો.

આગા મોહમદ કાજર—'હાલના ઇરાનના શાહાના ખાનદાનનો આ મુળ સ્થાપકનો જનમ ઇ. સ. ૧૭૩૫ માં થયો. એ બચપણથી ઘણો ચાલાક અને કુન્હેબાજ હતો. નાહાનપણમાં એની જીંદગી અજાયબ સંજોગોમાંથી બચવા પામી હતી. એણે પ્રથમ સરદાર દાખલ પોતાની નામના બધા દેશમાં પંકાવી પોતાની સત્તા સર્વે ઉપર ચલાવવા લાગો. કરીમખાન કે જે ઇરાનની પાદશાહતમાં સૌથી વિદવાન વજીર દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે તેણે આગા મોહમદને ઘણી માયાથી ઉધાર્યો હતો. એને કરીમખાનનું ઘેર કેદખાના જેવું લાગવા માંડયાથી તેણે પોતાના સ્વતંત્ર વિચાર પ્રમાણે ઇરાનમાં નામ કાઢવાનો લાગ જોઇ જ્યાં ત્યાં પોતાની બાહાદુરી બતલાવી નામ કાઢવા માંડયું. એ રીતે તેણે પોતાની સત્તા મક્કમ કરતાં જઇ અસ્ત્રાબાદમાં પોતાની સત્તા સ્થાપી.

આગા મોહમદે જ્યૉર્જીયાનો મુલક ૧૭૯૫ માં જીતી લીધો. ત્યાંના જૈફ હાકમને લઢાઇમાં હરાવી ત્યાંના ખ્રિસ્તી મુલકમાંના દરેક ધર્મ ગુરૂઓને કાપી નાખ્યા તે છતાં આ ક્રૂર નહિ ધરાયો અને ૧૫૦૦૮ બૈરાં છોકરાઓને ગુલામ દાખલ વેચી નાખ્યાં. આ ફતેહે પછી આ શાહ લોહીમાં પગ બોળી ૧૭૯૬ માં ગાદીએ આાવ્યો. તખ્તનશીન થયા પછી તેણે પેહેલાં પોતાના સઘળા શત્રૂઓને કતલ કીધાં, તેમાં જંદ વંશના સઘળા નબીરા તથા તેમના હમશરીકોને કતલ કીધાં અને પછી પોતાના ખેશીઓની કતલ ચલાવી, પોતાના સગા ભાઇને પણ કતલ કીધો. મરહૂમ પાદશાહ નાદીરશાહ તથા પોતાના મુરબી કરીમખાનની કબરો ખણાવી તેમના હાડકાંને પોતાના મેહેલની સીડી નીચે દટાવી મુવેલાંપર વેર લીધું. નાદીરશાહ જે અમુલ્ય જવાહીર હિંદમાંથી લુટી લઇ ગયો હતો તે બધો ખજાનો તેના નબીરા અપંગ શાહરોખના તાબામાં હતો અને તે પોતાના પવિત્ર પાયતખ્ત મશદમાં રેહેતો હતો, ત્યાં તેનું ખુન કરી સઘળો અમૂલ્ય ખજાનો પોતે લુટી લીધો. એના રાજ્ય અમલ દરમ્યાન રશિયાની રાણી કેથેરાઇને ગુર્જસ્થાનનો ખ્રિસ્તી પ્રાંત મોટી કતલ પછી હાથ કરી લીધો. તેણીને એ કાંઇ કરી શકયો નહિ. એના બુરા કરતુકથી એનું ખુન ઈ. સ. ૧૭૯૮ માં થયું.

આગીયો—એના ઝાડ હિંદુસ્થાનના જંગલોમાં ઉગે છે. આ ઝાડ સુમારે દોઢ હાથ ઉંચા હોય છે. તેના પાંદડા જાઇના પાંદડા જેવડાં અને આકાર પણ તેવોજ હોય છે. એ ઝાડ પર સફેદ રંગનાં નાના દીંડવા આવે છે, તે શરીરને લાગતાં બદનમાં આગ ઉત્પન્ન કરે છે. નાચણી, હરીક વગેરે ધાન્યોના ખેતરમાં એ ઝાડ ઉગે છે, ત્યારે આખું ખેતર બળી જાય છે. એટલી આ ઝાડની આગ હોય છે.

(૨) એજ નામનો કીડો વર્ષાદ રૂતૂમાં પેદા થાય છે. તેની પુછડીની અંદર ખુદરતી રીતે રોશની મુકેલી જણાય છે, તે અંધારી રાતે ઉડે છે ત્યારે બધેબધ ઝીણા દીવા પ્રમાણે દીપતા જણાય છે. આ ઉડતા જીવડા વર્ષા રૂતૂમાં પેદા થઈ આખેરીમાં ગુમ થઇ જાય છે. ચીનાઓ એમને મરણ પામેલા ખેશીઓના રૂહ માને છે અને એના માટે તેઓમાં તરેહવાર દંતકથાઓ ચાલુછે.

આંધ્રકાલીદાસ—આ કવિનો ઉદય શકે ૯૦૪ માં થયો. એ જાતે તૈલંગી બ્રાહ્મણ; કૃષ્ણા કાઠેનો રહેવાશી હતો. એ નાહાનપણથી તૈલંગી અને સંસ્કૃત ભાષા શીખ્યો હતો, અને જુવાન વયે જાણીતો કવિ થયો.

એણે જૂદા જૂદા દેશોમાં મુસાફરી કરી હતી, એણે 'સંવત વિજય' નામનો ગ્રંથ રચ્યો હતો. ભોજ રાજાની દરબારમાં કાલીદાસ નામે એક કવિ હતો માટે તેનાથી આ કવિ જૂદો હોવાથી એને આંધ્ર એ પદ જોડયું હતું.

આંચકી—"કન્વલ્ઝન્સ." આંચકીમાં હાથ-પગ વગેરે શરીરના સ્નાયૂ ખેંચાય છે, એટલે કેટલાક સ્નાયૂ પોતાની મેળે એકાએક જોરથી તથા વારંવાર તણાય છે અને તે વખતે દરદી પણ ઘણું કરી બેશુદ્ધ હોય છે. આ પ્રમાણે સ્નાયૂનું તણાવું બે પ્રકારનું છે. એક તો કેટલાક સ્નાયૂ ખેંચાય છે, તે પુરા જોરથી નથી ખેંચાતા પણ થોડાક ખેંચાઈ કઠણ થઇ રહે છે. તે પ્રમાણે ઘણા વખત સુધી ટકી રહે છે, અને દરદી તેની સાથે ઘણું કરી બેશુદ્ધ હોતો નથી. જેમકે પગમાં ગોટલી ચઢે છે ત્યારે તથા ચમકમાં આ પ્રમાણે સ્નાયૂ ખેંચાય છે. બીજો પ્રકાર એવો છે કે સ્નાયુ ઉતાવળથી ઉપરા ઉપર ખેંચાય છે અને ઢીલાં પડે છે તથા એ પ્રમાણે કેટલોક વખત થઇને પછી બંદ પડે છે. એ રીતે જો થાય છે તેજ તેને આંચકી કહેવામાં આવે છે.'

* વૈદક શાસ્ત્રમાં જણાવે છે કે, આંચકીના ચિન્હ એક સરખાં હોતાં નથી. કોઇવાર આખા શરીરમાં ખેંચતાણ થાયછે અને કોઇવાર એક બાજુનું શરીર અથવા ફક્ત ચેહરાની તાણ અથવા એકાદ હાથમાં તે રીતે થાયછે. એ ભયંકર અને બિહામણું દરદ છે. હાથ પગ તથા બીજા શરીરના ભાગો જોરથી ખેંચાય છે. ચેહેરાનો દેખાવ ભયભીત થઈ જાયછે. આંખો ઉઘાડી હોય છે તથા તેની કીકી મોટી થઇ જાયછે. જીભ બહાર નીકળી આવે છે તથા દાંત બેસી જવાથી કેટલીકવાર લોહી નીકળે છે, શ્વાસ ઘુંટાય છે અને દાંતખીલી બેસી જાયછે. દરદી ઘણું કરી બેશુદ્ધ હોયછે તથા તેવામાં વખતે ઝાડો પેશાબ થઇ જાયછે. કેટલીક વખત સુધી આ પ્રમાણે થઇ આંચકી બંદ પડી જાયછે અને દરદી ઉંઘ કાઢે છે. એ થવાનું દરદીને ભાન હોતું નથી. આંચકી એક વખત આવી બંદ પડે છે અગર ફરી ફરીને આવ્યા કરે છે.'

'કારણ એ કે, ઘણું લોહી જવાથી, મગજને પોપણ પુરતું લોહી પોંહચે નહિ તેથી આંચકી થઇ આવે છે. ઓરતને આ પ્રમાણે પ્રસૂત વખતે કોઈવાર થઈ આવે છે. લોહી જખમથી નીકળી જાય અગર કોઇવાર ધોરી નસ ફુટી જાય તો તેથી પણ આંચકી થઇ આવે છે. વળી મજગની રકત નળીયો માંહેલી કોઇ એકાએક બંધ થઈ જાયછ તોપણ આંચકી થઇ આવે છે. મગજને ધક્કો લાગવાથી, ખોપરી ફુટવાથી, મગજમાં લોહીનો સ્ત્રાવ થવાથી, અથવા મગજના કેટલાક દરદોને લીધે આંચકી થઈ આવે છે. લોહી બગડવાથી, કલેજાંના તથા મૂત્ર પીંડના દરદોથી, તથા કોઇ ઝેરને લીધે આંચકી થાયછે. બચ્ચાંને દાંત આવતાં, કરમને લીધે એવાંજ સેહેજ કારણોથી પણ આંચકી થઇ આવે છે. મોટા આદમીને આંચકી થઇ આવે તો વધારે જોખમ ભરી છે પણ બચ્ચાંની આંચકી એટલી જોખમ ભરી નથી.

ઉપાયો—એનાૃ એ છે કે મોટા આદમીને આંચકી થઇ આવે ત્યારે તેના કારણ તપાસવાં. જે દરદોની સાથે આંચકી થઈ આવે છે તેનો ઉપાય તે દર્દો પ્રમાણે કરાવવો. આંચકી આવે ત્યારે દરદીને ખુલ્લી હવા આવી શકે એવે ઠેકાણે રાખવો. તેના અંગ ઉપરના કપડાં મોકળાં રાખવાં. વસ્ત્ર ખેંચી બાંધ્યું હોય તો છુટું કરવું, મોઢા ઉપર થંડું પાણી છાટવું. નાક આગળ એમોન્યા ધરવો તથા જુલાબ આપવો અથવા ઝાડા વાટે પીચકારી મારવી. તે શિવાય શું દવા આપવી તેનો આધાર આંચકીના

* ડૉ૦ ત્રી. શા. ક્ર.

કારણપર હોયછે. ખોપરી ફુટી હોય અગર મગજમાં રકતસ્રાવ થયો હોય તો ઉપર કહ્યો તે શિવાય બીજો ઇલાજ નથી. મુત્ર-પીંડ અથવા કલેજાની વ્યાધીથી થયું હોય તો તેને લગતો ઇલાજ કરવો.

પ્રસુત આંચકીનું દુઃખ ઘણું ભયંકર હોય છે, આ આંચકી ઓધાનના વખતમાં કોઇ પણ કાળે પ્રસવ વખતે અને પ્રસવ થયા પછી પણ થાય છે. કેટલાક પૂર્વ ચિન્હ આંચકી શરૂ થયા અગાઉ જણાય છે. આંખ તથા ચેહેરો લાલ થઇ આવે છે, લમણામાં ચસકા તથા પીડા થાય છે, ફેર આવે છે, કાનમાં ઘોંઘાટ થાય છે, આંખે તમ્મર આવે છે, વખતે માથાનાં પાછલા ભાગમાં દુઃખે છે, તેમજ પેટમાં યા છાતીમાં દુખારો થાય છે. આંચકીનો જોસ ઊપડે છે. કેટલીક વખતે આવા આગમજથી ચિન્હ જણાતાં નથી અને આંચકી એકદમ શરૂ થાય છે.'

આંચકીની પેહેલી ગતી ચહેરા તથા ગરદનના સ્નાયૂમાં શરૂ થાય છે. જીભ આગળ આવી જાય છે, અને દાંતથી કચરાઇને તેમાંથી લોહી નીકળે છે, મોંઢે ફીણ આવી જાય છે અને ચહેરો સુજી આવે છે. ત્યાર બાદ હાથ પગ અને આખું શરીર ખેંચાઇ જાય છે. શ્વાસોછ્વાસ મુશકેલીથી ચાલે છે ને તેની સાથ ચમત્કારીક ધુર ધુર અવાજ થાય છે. ઝાડો પેશાબ બીછાંનામાં થઇ જાય છે. મસ્તકથી પગ સુધી આ પ્રમાણે કેટલોક વખત ખેંચાયા પછી ધીમે ધીમે કરાર થાય છે, ત્યાર બાદ શરીર ઉપરથી પરસેવો નીકળી જાય છે, નાડી તીવ્ર ને કઠણ હોય છે, તે શાંત અને નરમ પડે છે. ફીણ થતાં બંદ પડે છે અને સ્થીર થએલી આંખો પાછી ફરવા માંડે છે, અને ધીમે ધીમે સ્ત્રી સાવધ થાય છે અથવા નિંદ્રાવશ થાય છે. તે હુશીયારીમાં આવતાં આગલા દુઃખથી અંજાણી હોય છે. આ પ્રમાણે એકજ વખત આંચકી આવી બંદ પડી જાય છે અથવા લાંબે અથવા ટુંકે અંતરે ફરીને આવે છે. વચલા અંતરના વખતમાં ઓરત કોઇવાર તદન સાવધ થાય છે, અને કોઇવાર હુશીયાર હોય તેટલામાંજ ફરી આંચકી આવે છે.'

'આંચકીના ચિન્હમાં કોઇવાર ઘણો અંતર માલમ પડે છે; એટલે કોઇવાર આંચકી આવી રહ્યા પછી ઓરત ઘણો લવારો તથા બકારો કરે છે. કોઇવાર કેટલાક કલાક સુધી બેભાન પડી રહે છે. ઘણું કરી પ્રસુત આંચકી પ્રસવ કાળને લગભગ અથવા પ્રસવ શરૂ થયા પછી થાયછે અને ત્યાર બાદ જે બાળક અવતરે છે તે માહેના ⅓ મૂએલાં અવતરે છે. પ્રસુત થયા પછી કોઇવારજ આંચકી જણાય છે.'

'ગર્ભિણી સ્ત્રીને સોજો ચઢયો હોય અથવા પેશાબમાં 'આલબ્યૂમિન' જંતુ હોય તેવી સ્ત્રીને આંચકી થવા વિશેષ સંભવ રહે છે. જેટલી સ્ત્રીઓને આંચકી થાય છે તેમાં સુમારે ¼ ભાગ મરણ પામે છે. આ આંચકી વાઇની આંચકીને ઘણી મલતી આવે છે, પણ વાઇની આંચકી એ લાંબી મુદતનો વ્યાધી છે તથા તેમાં ગળામાં ધુર ધુર શબ્દ થતો નથી.'

'હિસ્ટીરીયાની આંચકી તથા મગજ પર લોહી ચઢવાથી થતી આંચકીથી પણ આ જૂદું છે. હિસ્ટીરીયાની આંચકીમાં મોઢે ફીન આવતું નથી. ચહેરાના સ્નાયૂ ખેંચાતા નથી. મોઢા ઉપર પાણી છાંટવાથી ચૈત્ય તથા શુદ્ધી આવે છે પણ આ આંચકીમાં તેથી સાવધગીરી થતી નથી.'

'મસ્તક ઉપર લોહી ચઢી જવાથી થતી આંચકીમાં મોઢે ફીણ આવતું નથી, જીભ કચરાતી નથી. અને તે મટી જાય છે, ત્યારે ઘણું કરી શરીરનો ભાગ રહી જાય છે એનો ઉપાય જલ્દીથી કરવો ઘટે છે. જો આંચકી અથવા પૂર્વ ચિન્હ માલમ પડી આવે તો વારંવાર જુલાબ આપવો. જયારે આંચકી શરૂ થાય ત્યારે ત્યારે તેના શરીરને કાંઇ ઇજા ન થાય એવી રીતે ઓરતને

સુવાડી રાખવી. મોઢાની અંદર દાંતની વચમાં એક બુચ અથવા લાકડીનો કટકો રાખવો. જો સ્ત્રી લોહીઆર હોય અને લમણા તથા ગરદનની નાડીયો ઉછળતી હોય તો ફ્સ ખોલીને લોહી કાઢવું. પણ જો તેવી શકિત ન હોય તો, માત્ર જાલપસાલ્ટ ઇત્યાદીના જુલાબ આપવા, લોહી કાઢવાની જરૂર નથી. મસ્તક ઉપર બરફ અથવા થંડું પાણી રેડવું. અફીણ આંચકી ઉપર સારી અસર કરે છે. ઓરત ઘણો વખત બેશુદ્ધ રહે તો પેસાબ સળી વતી કાઢી લેવા ચુકવું નહિ.

'કલોરાફૉર્મ સુંઘાડી સ્ત્રીને બેશુદ્ધ રાખવી એટલે આંચકી આવતી બંદ થશે. આ પ્રમાણે કેટલાક સુધી 'કલોરા ફાર્મની અસર જારી રાખવાને કાંઇજ હરકત નથી. તે દરમ્યાંન વીણ આવી બાળકનો પ્રસવ થવામાં પણ બાધ આવતો નથી. આવે વખતે કલોરાફૉર્મ આપનાર શખસે ઘણી ખબરદારી રાખવી. પ્રસવ સમયે આંચકી થઇ હોય તો બાળક અવતર્યાની પેહેલાં તે બંદ થવાનો થોડો સંભવ હોય છે, પણ બાળક અવતર્યા પછી તે ઘણું કરી બંદ થઇ જાય છે. માટે જેમ બને તેમ જલદી પ્રસવ કરાવવો. કમળમુખ જો ખુલ્લું થયું હોય તો ગર્ભને ચીમટા અથવા 'ચર્ણ ભ્રમણથી' કાઢી લેવો, જો ચીમટો લાગુ પડે તેમ હોય તો 'ચર્ણ ભ્રમણ' કરવું નહિ. કમળ મૂખ ખુલ્લું ન થયું હોય તો તે ખુલ્લું થાય એવા ઉપાય લેવા. પણ તે પૂર્ણ ખુલ્લું થયા વિના ગર્ભને બાહાર કાઢવાને પ્રત્યન હરગેજ કરવો નહિ, કેમકે તેમ કરવાથી આંચકી વધારે થવાનો સંભવ રહે છે.

'જો કદાચ આંચકી ઘણા જોરથી આવતી હોય, ગર્ભાશય સજ્જડ સંકોચાઇ રહ્યો હોય, ઓરતની શકિત ક્ષીણ થવા માંડે, અને ચીમટા અગર ચર્ણ ભ્રમણથી આંચકીમાં વધારો માલમ પડે તો ગર્ભનું શીર છેદન કરી પ્રસવ કરાવવા શિવાય ઓરતનો જાન બચાવવાનો બીજો એકે એલાજ નથી. આંચકી થયા પછી ઘણી વાર ગર્ભ મૂએલો અવતરે છે. માટે આ બે પ્રસંગે ઓરતનો જાન બચાવવા બાળકના જીવની દરકાર કરવી નહિ. આંચકી મટી ગયા પછી ઓરતને થોડી અજવાળાવાલી જગામાં શાંતપણે રાખવી ને હલકો ખોરાક આપવો.

આંજણી—આંખની પાપણો પર કોઇવાર નાના ગુંમડાં થાયછે. તેને આંજણી કહે છે; એ પાપણની કોર ઉપર થાય છે.' યા એક અથવા બેઉ પાપણોપર સાથે થાયછે. એક થઇને પાકી ફુટીને મટી જાય છે, અગર વારંવાર એક પછી એક થાય છે. ઘણું કરી નબળી અથવા લોહીઆર તબીઅતના આદમીને આંજણીઓ થયા કરે છે. એને ગરમ પાણીથી સેકવી, તે પાકે ત્યારે ફોડવી. તબીઅત સુધારવાના ઇલાજ કરવા તથા જુલાબ લેવો.

આજમ—એ ઔરંગજેબનો બીજો શાહાજાદો. ઔરંગજેબે મરતી વેળા મોઆઝીમ, આજંમ અને કામબક્ષ વચ્ચે રાજ્ય વેંહેંચી આપવાનું વસીહત કરી ગયો; પણ તેના મોતબાદ ત્રણે ભાઇઓ લડયા તેમાં આજમ અને કામ બક્ષ ઇ. સ. ૧૭૦૭ ના ડીસેંબરમાં માર્યા ગયા. આજમ ભલો ને દયાળુ હતો. સંભાજીના પુત્ર શાહુને ઔરંગજેબે કેદ રાખ્યો હતો તેને આજમે માનસહિત છોડી તેના સ્વદેશ રવાના કીધો હતો.

દસ્તુર આજર કૈવાન—આ માહાત્માં બ્રહ્મ જ્ઞાનીનો જનમ ઇ. સ. ૧૫૩૩ માં ઇરાન દેશનાં શીરાજ શેહેરમાં થયો હતો. એના પિતાનું નામ આજર ગોશસ્પ હતું અને માતાનું નામ શીરીન હતું. શીરીનના બાપનું નામ હોમાયુન હતું અને હોમાયુન, પાદશાહ નોશીરવાનના ઓલાદનો હતો. તેમજ આજર કૈવાન પેહલા મૂળ પુરૂષ મેહાબાદના વંશનો હતો અને એ છેલ્લો પુરૂષ ગણાયો છે.[1]

૧. આજર કૈવાંન, ૨ આજર ગોશસ્પ, ૩ આજર જરથોસ્ત ૪ આજર બુરજીન, ૫ આજર આઇન, ૬ આજર બેહરામ, ૭ આજર નુશ,

દસ્તૂર આજર કૈવાંને પાંચ વર્ષની ઉમરથી થોડું ખાવાની તથા ખુદાની બંદગીમાં જાગવાની ટેવ પાડી હતી. આસ્તે આસ્તે તેણે પોતાનું ખાવાનું ઘટાડીને એક દેરમ ભાર લેવા માંડયું હતું અને ત્યારથી ૨૮ વર્ષ સુધી એકાંત જગામાં બંદગી કરવા બેઠા હતા. આ તપના દરમ્યાનમાં આત્મજ્ઞાન હાંસલ કીધું. એ વેળા ઇરાનમાં શાહાતેહેમાસ્પનો અમલ હતો. ઇરાની મુગલ લોકોએ જરથોસ્તીઓ પર ઘાતકી જુલમ ગુજારવા માંડયાથી એવન હિંદુસ્થાન તરફ આવ્યા. ઇ. સ. ૧૫૬૭ માં ગુજરાત પ્રાંતમાં પાટણ શહેરમાં આવી પોતાનું મુકામ કીધું. અહીં આ જ્ઞાની દસ્તૂરે પોતાનો અભ્યાસ આગળ વધારવા માંડયો અને થોડા વખતમાં હિંદમાં આત્મજ્ઞાની દાખલ મહાન પદ પામ્યા. એમને જરથોસ્તીઓ, મુસલમાનો, અને હિંદુઓ વડીક માન આપી માનતા હતા, કે એ મોટા માહાત્મા છે. તે વેળા અકબર શાહાનશાહે આ જ્ઞાની દસ્તૂરની અસાધારણ શક્તિની વાતો સાંભળી પોતાની રાજધાનીમાં તેડાવ્યો પણ કૈવાને પોતે નહી જતાં પોતાના ચેલાઓને મોકલીયાં હતાં; તે ચેલાઓએ કરેલા ચમતકારો વાર્તારૂપે પ્રસિદ્ધ છે.

આ દસ્તૂર દુન્યાના લોકો સાથે ઘણા ભેલાવાથી દુર રહેતા હતા. તેવણ કહેતા કે "મારા રવાનનો મેલાપ, તન સાથે જેમ જામાનો મેલાપ છે તેમ હું મારા જાન સાથે દીલનો રાખુ છું. જ્યારે હું ચાહુંછ ત્યારે રવાનને તનથી છુટો કરૂંછ અને ચાહુંછ ત્યારે તનમાં પાછું લાવુંછ.' આ દસ્તૂરે જે કાંઇ ખુદાઈ ચમતકારો અને ભેદો જોયાં છે તેની બીનાનો એક ગ્રંથ* ફારસી બયતોમાં રચેલો છે. આ બયતો અસલી ફારસીમાં લખેલી છે, એવી નીતળ ફારશી વગર અરેબીક શબ્દોની આ જમાનામાં કોઇ લખી યા બોલી શકતું નથી, અને તેની અસલી ભાષામાં ખુદાઇ ભેદોનું વિવેચન કર્યું છે તેથી તે સમજવું કઠણ છે, પણ એના એક વિદ્વાન શીષ્ય નામે મોબેદ ખોદાજોએ તેમના વખતમાં તેની શરેહ કરી તે શરેહનુ નામ જામે કેખશરો કરી રાખ્યું હતું. તેથી હાલમાં તે બેતોનો ખરો ભેદ આપણે બરાબર સમજી શકીએ છિયે. બીજો ગ્રંથ મુકાશેફાતે આજર કૈવાન' નામે ફીલસુફીનો એવને લખ્યો હતો. એવન પોતે અન્ન ફળ શાકના ખાનાર હતા, મરણ ઇ. સ. ૧૬૧૮ યા ૧૬૧૪ ને હિ. સ. ૧૦૨૭ માં નીપજ્યું. હાલમાં આજર કૈવાનની કબર પાટણ શહેરમાં છે, જેને જૂદી જૂદી કોમના લોકો ખરા માનથી સેજદો કરે છે. એમના સાગેર્દોમાં મોબેદ ફરહાદ, મોબેદહોશ, અને સરોશ વગેરે પ્રસિદ્ધ છે.

આજરબીજાન—આ પ્રદેશ ઈરાનની ઉત્તર તરફ છે. એની ઉત્તરે અને પૂર્વે રશિયન શેહેનશાહાત, પૂર્વે ગીલાન, દક્ષિણે પર્શીયન કુર્દીસ્થાન અને ઇરાક, તથા પશ્ચિમે ટર્કીશ કુર્દીસ્થાન. અહીં જેબીલાનની આગળ એક ગુફા છે તેમાં હજરત જરથોસ્ત પેગંબરે ૨૦ વાર્ષવેર રહી બંદગી કરી ખુદાઇ જ્ઞાન મેળવ્યું હતું. આ મુલક તદન પાહાડી છે. અહીંની મુખ્ય નદી કારા, સૂ, અને આસાર છે, તથા ઉરૂમિયાનો મીઠાનો સરોવર આજ પ્રાંતમાં આવેલો છે. અત્રેનું હવા પાણી માફક છે. થંડીમાં થંડી અને

૮ આજર મેહેતર, ૯ આજર કેહેતર, ૧૦ આજર સાસાન, (પાંચમો સાસન,) ૧૧ કેહેતર સાસાન, ૧૨ કહીન આજરે સાસાન, ૧૩ મહીન આજર સાસાન, ૧૪ શેતેગર આ૦ સાસાન, ૧૫ બોર્ઝ દારાબ, ૧૬ બુજોર્ગ દારાબ, ૧૭ બહમન ૧૮ અસપંદીઆર, ૧૯ ગોશતાસ્પ, ૨૦ લોહરાસ્પ ૨૧ ઉરવંદ, ૨૨ કેનીશન, ૨૩ કેકોબાદ, ૨૪ નોદર ૨૫ મીનોચહેર, ૨૬ એરચ, ૨૭ ફરેદુન ૨૮ આથવીન, ૨૯ જમશેદ, ૩૦ તેહેમુરસ, ૩૧ હોશંગ, ૩૨ શીઆમક, ૩૩ ગઇઓ મરદ, ૩૪ ઈઆનઆજમ, ૩૫ શાઇમેહેબુલ, ૩૬ શાઇકલા ૩૭ જીઆલદ, ૩૮ જીઆફરામ, ૩૯ આબાદા આશદ, ૪૦ મેહાબાદ. આ છેલ્લો પુરૂષ પ્રથમ દુન્યા પર પેદા થયો હતો.

ગર્મીમાંગર્મી સખત પડે છે. અહીં સીસું લોઢું અને ત્રાંબાની ખાણો આવેલી છે. એનું મુખ્ય રાજધાની શેહેર ટાઇબ્રીઝ છે. અહીની મુખ્ય વસ્તી મોગલોની છે: અને બીજા નેટોર્યન ખ્રિસ્તીઓ વસે છે.

આજરમીદોખ્ત—આ પ્રસિદ્ધ રાણી બીજી ઇરાનની રાણીઓમાં વધુ વીજયી થઇ ગઇ છે. શનનદેહને જ્યારે ગાદી પરથી પદભ્રષ્ટ કીધો ત્યારે ખુશરો પરવેઝની આ આજરમી દોખ્ત નામની બીજી બેટીને ઇ. સ. ૬૩૧ ના એપ્રેલ માસમાં તખ્તનશીન કીધી. એ રાણી પોતાની બુદ્ધી તથા ખુબસૂરતી માટે એક સરખી રીતે વખણાયલી છે. આ રાણી અતી ખુબસૂરત, વિદ્વાન અને અદલ ઇનસાફી હતી. અને તેથી તેને દાદગર (દાદની આપનાર)નું ઉપનામ તેના વખતમાં આપવામાં આવ્યું હતું. એ રાણી ગાદીએ આવી ત્યારથીજ રાજમાં બેદાદી અને બખેડાઓએ બીજ રોપ્યાં હતા, કે જે બખેડાઓ અને બલવા પર આ રાણી ધ્યાન આપે તે આગમજ ટુંક મુદતમાં એ મરણ પામી હતી. આજરમી દોખ્ત પોતાની વડી બેહેન પુરાન દોખ્તના જેવી અદલ ઇનસાફી અને બાહોશ હતી. પોતાના રાજ્યમાં સુધારા તથા વધારા માટે તેણી અતી કાળજી મંદ હતી, પણ તેણીની સઘળી કાળજી અને ધારણાઓ એક દુષ્ટ સરદારના હવશને લીધે નાંશ પામ્યાં હતાં.

ખોરાસાનનો હાકમ 'ફરૂખ હોરમજદ' તે વેળા મોટી જાહોજલાલી ભોગવતો હતો. તેણે જ્યારે આજરમીદોખ્તને ગાદીનશીન થએલી સાંભળી ત્યારે તે અતી ઘણો દલગીર થયો. કારણકે એ જ્યારે રાણીની વડી બેહેન ગાદી પર હતી ત્યારે તે આ આજરમીદોખ્ત સાથે પરણવાની ખાહેશ રાખતો હતો પણ તેજ વખતથી તેની માંગણી નામંજૂર થઇ હતી. ફરૈખ હોરમજદ ઉમરે ઘણો બૈદ્ધ હતો અને તેની ત્રણથી ચાર બાઇડીઓ હતી, તોપણ તે પરણવાની ખાહેશ રાખતો હતો. રાણી ગાદીએ આવી ત્યારે તેણે પોતાની માંગણી રજુ કરતાં તે ના પાડવામાં આવી. આથી તેણે ધમકી પત્રો લખી લઢાઇનો મનસુબો કીધો; ત્યારે રાણીએ તેને મદાયન તરફ પોતાની મુલાકાતે તેડી મારી નખાવ્યો. જ્યારે એ વાત તેના બેટા રૂસ્તમે સાંભળી ત્યારે તેણે પોતાના બાપના ખુનનું વેર લેવા ઇરાન પર ચઢાઈ કરી આ રાણીને ઘાતકી રીતે મારી નાખી હતી.

આંટણ—એ બે જાતના થાયછે, કઠણ અને નરમ. કઠણ આંટણ પગ અને આંગળાઓની ઉપર અથવા બાજુએ અથવા તળીયા પર થાય છે. નરમ આંટણ બે આંગળાંઓની વચ્ચેની જગાપર થાયછે. કેટલાકને આનરમ આંટણ શરીરના બીજા ભાગો ઉપર પણ થાય છે. આંટણપર ઘણા લોકો જલ્લદ એસેતીક એસીડ અથવા કેસતીક લગાડે છે, પણ એ ઇલાજથી ઉલટું દરદ થવા માંડે છે, માટે કાસતીક વાપરવી નહિ. ગમે તો જરા એકસત્રેકત આવ લેડ લગાડવું. આંટણનો એલાજ એ છે કે જ્યાં આંટણ થઇ હોય તે ભાગ ઉપરથી દબાણ ઓછું કરવું, પગને ગરમ પાણીમાં બોળવાં અને આટણ ઉપર બકસ્કીન પલાસ્ટર મારવું. સ્ટૉકીન પેહેરતી વખતે સંભાળ રાખવી કારણકે પલાસ્ટર ખસી નહિ જાય. પછી નરમ થાય કે કાપી નાખવું ને દરરોજ તેની પર મીઠું તેલ ચોપડવું. યા નવસાગરનું પાણી કરી તેમાં કપડું બોળી તે આટણપર મેલવું.

શરીર ઉપર નીકળી આવતી આટણ ઘણી એબ લગામણી લાગે છે. તે દુર કરવાનો સુતરો ને સેહેલો ઉપાય નાના જથ્થામાં વેલાતી મીઠાંનો ઉપયોગ કરવાનો છે. લાયન્સ ખાતેનો મો૦ કોલરેટટના વીગર્સ નામનો વિદ્વાન પોતાના અનુભવ ઉપરથી ખાતરી આપે છે, કે (૧૮૯૭ માં) ઘણાક નાના બાળકોને સવાર સાંજ ત્રણ ત્રણ ગ્રેન જેટલું વેલાતી મીઠું આપી તેણે તેમને આ દુઃખમાંથી છોડાવ્યાં હતાં.

મોં૦. ઓબર્ટ નામનો એક બીજો વિદ્વાન દાખલાઓ આપી એજ મીઠાનો ઉપાય કારગત સુચવે છે.

આટાપાટા—હિંદુસ્થાનમાં રમાતી આ એક જાણીતી રમત છે, અને તે ખુલ્લા ચોગાનમાં રમાય છે. આ રમત ઘણીખરી દક્ષણી લો-



કોમાં રમાય છે અને એમાં નાના મોટા સર્વે કોઇ વગર સંકોચે ભાગ લેછે. આ રમત સાંજ પછી રમવામાં આવેછે. ચાંદરણી રાતે યા દર તહેવારે ઘણું કરી રમવામાં આવે છે. આ રમત હિંદુઓ શિવાય બીજા દેશીઓમાં પણ ઘણી પસરેલી છે.'

એ રમત દસ યા તેથી વધુ અસામીઓ રમી શકે છે. પ્રથમ ખુલ્લા મેદાનમાં, ચોકમાં, યા રસ્તા ઉપર ૩૦ હાથ લાંબો ને ૨૦ હાથ પોહળો ભાગ મુકરર કરવામાં આવે છે. લંબાઇના પ્રમાણમાં પોહળાઇ લેવાતી હોવાથી ઘણુ કરી ખુલ્લા મેદાનમાંજ આ રતમ રમાય છે. પેહલાં, રમવાની જગ્યાના વચગાળામાં સોળ હાથ જગ્યા રાખી પાણીવતી યાતો ચાકવતી લંબ રેષાની માફક બે પોહળા પાટા દોરે છે. પછી જે તરફથી રમવાનુ શરૂ કરવાનું હોય છે તે તરફ તેના બે છેડા જોડી દે છે, અને પછી તે રેષાની સમાન્તર પાંચ પાંચ હાથને અંતરે જેટલા રમનારા હોય તેની અરધી સંખ્યા જેટલી રેષાઓ દોરવામાં આવે છે. આ દરેકને પાકી અથવા આડી કહે છે, ને પેહેલી રેષાને કપાળ પાટી અથવા મુખ્ય આડી કહે છે. આ પ્રમાણે કરતાં રમનારની અરધી સંખ્યા જેટલા ખંડ થાય છે. પછી કપાળ-પાટી અને પાટીઓના મધ્ય ભાગમાંથી એક લાંબી રેષા કાઢવામાં આવે છે તેને મુરદંગ અથવા મોભ કહે છે.'

આગળ બતાવેલી આકૃતીમાં અ, ૨, બ, એ કપાળ પાટી છે. ક ધ, ય ચ, ગ છ, ડ, જ, એ પણ પાટીઓ છે. ૨ ફ મોભ છે. અ, બ, ક, ધ એવા દરેક ખંડના અર્ધા ભાગને કયારો અથવા ચોક કહે છે.'

'બીરૂ પકડવાની રીત એ છે કે રમનારા છોકરાઓનાં બે પક્ષ સાધારણ રીતે સરખા થાય એવી રીતે બે ભાગમાં વેહેંચાઇ જાય છે, અને તેમાં એકેક છોકરો આગેવાન થાય છે, આ દરેક આગેવાનને મુરદંગીયો અથવા મોભ સાચવનારો કહે છે. એ પક્ષ બંધાયા પછી મરજીમાં આવે તે પક્ષ ભાગ લે છે.'

'રમવા માંટે ઉભા રહેવાની રીત એ છે કે, બે પક્ષ અને મુરદંગીયા નક્કી થયા પછી દાવ લેનાર પક્ષવાલી કપાળપાટી તરફ મોહ કરીને, તેની સામે ઉભા રહે છે, મુરદંગીયો રમનારની હોશીયારી વગેરે જોઇ પોતાને યોગ્ય લાગે છે તે પ્રમાણે જૂદી જૂદી પાટી ઉપર પોતાના દાવ આપનાર પક્ષમાંથી દરેક જણને ઉભો રાખે છે, અને પોતાને માટે કપાલ પાટી તથા મુરદંગ સાચવવાનું રાખે છે. શરૂઆતમાં મુરદંગીયો કપાલ પાટી ઉપર મુરદંગના છેડા આગળ ઉભો રહે છે. અને એના પક્ષના બધા રમનારા, મ્હો-સામા પક્ષના રમનારા તરફ રાખે છે. સામા પક્ષમાંથી એકાદ રમનાર પણ જે બધી પાટી ઓળંગીને એટલે અ, જ, પાટીની બહાર જઇ પાછો અંદર દાખલ થવા આવે છે, ત્યારે

જરૂર પડે છે તેમ તેમ દાવ આપનારા પોતાના મ્હો પાછાં ફેરવે છે.

'દાવ લેનાર પક્ષનો હેતૂ એ હોય છે કે અડકાયા પછી બધી પાટીઓ ઓળંગી જવી અને પાછા ફરીને કપાળ પાટી 'ઓળંગી બાહાર નીકળવું'. દાવ લાવનાર પક્ષનો હેતૂ એ હોય છે કે દાવ લેનાર પક્ષના રમનારને પાટી ઓળંગી અગાડી જવા ન દેવા, અગર જાય તેને અડકવા, કે જેથી તેમનો દાવ પુરો થાય..

રમવાની રૂઢી એ છે કે બેઉ પક્ષવાલા પોતપોતાની જગ્યા ઉપર ઉભા રહે છે. ત્યાર પછી દાવ લેનારમાંના એક છોકરાના હાથમાંથી દાવ આપનાર મુરદંગીયો તાળી આપી જડપથી મુરદંગ ઉપરથીજ પેહેલી પાટી સુધી જઇને પાછો આવી તે છોકરાને ફરીથી, તાળી આપે છે, એટલે દાવ લેનારા છોકરાઓ ફાવે છે, તે પ્રમાણે પાટીઓ ઓલંગી છેક છેલ્લી પાટીની બાહાર નીકળી જવા પ્રયત્ન કરે છે. આ પ્રમાણે તેમને ઓલંગીને નાસી જતાં દાવ આપનાર પક્ષના છોકરાઓ પોતપોતાની પાટી ઉપર ગમે ત્યાં ઉભા રહી, અથવા આમ તેમ ખસી અટકાવવા યત્ન કરેછે. મુરદંગીયો પણ પોતાના મોભ ઉપર ગમે ત્યાં ગમે તે વખતે દોડાદોડ કરી સામા રમનારાને અટકાવવા અથવા નાહાસતા હોય છે તો અટકવા પ્રયત્ન કરે છે. મુરદંગીયો કપાળ પાટી અથવા મુરદંગ ઉપરથી ગમે તે જગ્યાએ ગમે તે વખતે અટકી શકશે, એ ઉપરથી દાવ લેનારાઓને લક્ષ આપવું પડે છે. કેટલીકવાર સામા પક્ષના બે ચાર રમનારા એકાદ ખંડના અર્ધા ભાગ અથવા ક્યારામાં આવી જાય છે તો તેમને એક બાજુએથી પાટી સાચવનારો અને બીજી બાજુએ મુરદંગ ઉપરથી મુરદંગીયો અટકાવી રાખે છે, ને સામાવાળા નીકળી નાહાસવા પ્રયાસ કરે છે. આ પ્રમાણે દાવ આપનારા બે જણા એક કે વધારે દાવ લેનારને અટકાવે છે, તેને 'કુંડી કરી' કહે છે, આવી કુંડીમાંથી અડકાયા કે માર ખાધા વગર કોઇ નીકળીને અગાઉના ખંડમાં જાય છે, તો તેને કુંડી ફોડી નાખી એમ કહે છે. ઉપર પ્રમાણે કપાલ પાટી અને બીજી પાટીઓ ઓળંગતા અથવા તેમાંના એકાદ ખંડમાં દાવ લેનારા છોકરામાંથી એક જણ પાટીવાળા અથવા મુરદંગયાને હાથે અડકાય છે તો તેના આખા પક્ષનો દાવ જાય છે, ને તેનો વારો પુરો થાય છે, એટલે દાવ આપનારા દાવ લેવા જાય છે અને સામા પક્ષવાલા દાવ આપવા ઉભા રહે છે. કેટલીક જગ્યાએ દાવ લેનારો ખંડમાં હોય તે વખતે અડકાય તો તે પક્ષનો દાવ જતો નથી, પણ પાટી ઓળંગીને જતો અડકાય તો દાવ જાય છે.

'જો દાવ લેનાર પક્ષમાંનો એક પણ રમનાર છેલ્લી પાટી ઓળંગીને બાહાર નીકળી શકે છે તો પછી તેને અડકવાને કે પાછો અંદર આવતો અટકાવવાને તે પાટીવાળો મોહ ફેરવી નાખે છે. કેટલીકવાર એમ બને છે કે એકાદ જણ છેલ્લી પાટી ઓળંગીને બાહાર નીકળેલો હોય છે, અને બીજા એક બે જણ છેલ્લી પાટી ઓળંગવાને ખંડમાં આવી પોંહચ્યા હોય છે. આ વખતે બેમાંથી કોને અડકવા કે અટકાવવા પ્રયત્ન કરવો એ તેને નક્કી કરવું પડે છે. ખરૂં જોતાં બહાર નીકળી ગયલાને અડકવા કે અટકાવવાને પ્રયત્ન કરવા પડે છે, અને તેને માટે તે મ્હો ફેરવી નાખે છે. તે એમ કરે છે ત્યારે છેલ્લા ખંડમાંના છોકરાઓ તે છેલ્લી પાટી સાચવનારને 'ભાભી' કહીને બહાર નીકળી જાય છે. આ પ્રમાણે બધી પાટી ઓળંગી બહાર નીકળી ગયલા છોકરાઓ પાછા પાટી ઓળંગવા આવે છે ત્યારે જૂદી જૂદી પાટીવાલાઓ મ્હો ફેરવે છે. દાવ લેનાર પક્ષમાંના છોકરામાંથી કોઇને ફક્ત કપાલપાટી ઓળંગવાની બાકી રહે છે તો મુરદંગીયો મુરદંગ ઉપર ન ફરતાં કપાળપાટી સાચ-

ચવાને ઉભો રહે છે. કપાળ પાટીમાંથી એક જણ પણ નીકળી શકે તો તેનો આખો પક્ષ જીત્યો ગણાય છે, અને તેમાંના છોકરાઓ જીત્યા કરીને મોટેથી બુમો પાડે છે, અને તેજ પક્ષવાલા ફરીથી દાવ લે છે. પણ તેમ બહાર નીકળવા પેહેલાં જો એક પણ અડકાય છે તો દાવ લેનારમાંથી 'અડકાયા' કરીને બુમ પાડે છે. સામા પક્ષનો દાવ આપનાર દાવ લેવા જાય છે, અને ફરીથી મરજીમાં આવે ત્યાં સુધી રમે છે.

આટો—દરેક જાતના અનાજને દળવાથી તેનો આટો બને છે. હિંદુસ્થાનમાં મુખ્ય કરી ઘઉ, બાજરી, ચોખા, જુવાર અને મકાઇનો આટો ખાવામાં આવે છે. ગરીબ લોકો જુવાર તથા બાજરીનો વાપરે છે. પણ મકાઇનો જો પાક સારો હોય તો તે દુકાળ સમયેજ ઉપયોગમાં લે છે. હાલમાં મકાઇની ખેતી મોટા પાયાપર ચલાવી એનો આટો ગરીબોને ઉપયોગી થઇ પડે તે માટે યોજના ઘડી કાઢી શરૂઆતનો અમલ કરવામાં આવે છે. ઈંગ્લાંડ અને અમેરિકામાં એ નામે વપરાતો આટો ગહુંનો હોય છે. મકાઇનો આટો અમેરિકામાં મોટા જથ્થામાં બને છે. અમેરિકન મકાઇ હિંદી મકાઇ કરતાં ઘણી મોટી ને દલદાર હોવાથી તેનો આટો સારો બને છે. આટાની પારખ કરવી હોય તો તે થોડો હાથમાં લઇ અર્ધી મીનીટ વેર તેને મસળી તેનો લાંદો બાંધવો, તે સારો આટો હશે તો નહિ છુટતાં તેમનો તેમ રહેશે તો જાણવું કે તે વગર ભેળનો આટો છે. પણ તેમાં કાંઈ ભેળ હશે તો તે હાથમાંથી છુટો પડતાંજ વેરાઇ જશે.

દુકાળ માટે અનાજ ભરી રાખવાની યોજનાઓ અમલમાં મુકાઇ છે, પણ હાલમાં આટાને દુકાળ સમય માટે સાચવી રાખવાનાં અખતરાઓ ઈંગ્લંડમાં કરવામાં આવે છે. આટાને તેની અસલ હાલતમાં બચાવી રાખવું જોકે મુશકેલ છે તોપણ નવી શોધથી તેને ઇટના આકારમાં નક્કર બનાવી તે ઇંટો જાળવી રાખવામાં આવશે, ને તેનો ઉપયોગ પ્રજા ઘણી સહેલાઇથી કરી શકશે. તે જેમ થોડી જગા રોકશે તેમ ઘણા લાંબા કાળ સુધી બગડીયા વગર પડી રહી શકશે.

આડવ ખાડવ—હિંદુસ્થાની રાગ રાગણીઓમાં અનેક પ્રકારના રંગોનાં નામો તેઓના જૂદા જૂદા સૂરો મુખ્ય કરી કોમળ તીવ્ર ભેદોથી અને તેમાં વળી આડવ ખાડવથી ઓળખાય છે. દરેક રાગ તથા રાગણીના સૂરો તથા તે કેટલા સૂરનો રાગ છે, એટલે કે તેમાં સાતે સૂર આવેલાં છે અથવા ૭ સૂર આવેલાં છે, અથવા પાંચ સૂર આવેલાં છે અથવા ચાર સૂર આવેલાં છે તેની રાગણીઓ માટે તેઓના જૂદા જૂદા નામો આપેલાં છે. અને તેઓમાંનાં નામ નીચે મુજબ છે.

૧ લો, સંપૂરણ એટલે જે રાગ રાગણી પુત્ર ભારજા, વગેરેમાં સાતે સૂર સમાયલાં હોય તેવા રાગને સંપૂરણ એવું નામ આપ્યું છે; જેમકે ભૈરવી એમા સઘળા સૂરો છે તેને સંપૂરણ કહે છે.

૨ જો, આડવ. જે રાગ રાગણી પુત્ર ભારજા વગેરેમાં પાંચ સૂર આવેલાં હોય તેવા રાગણીને આડવ એવું નામ આપ્યું છે. જેમકે માલકોસ, હિંડોળમાં રેખબ (રે) તથા પંચમ (પ) એ બે સૂર નથી, તેવા રાગને આડવ રાગ કહે છે. તેથીબી ઓછા સૂર હોય જેમકે 'મગદા' એ રાગણીમાં ફકત ચાર સૂર છે. જેમાં રેખબ, પંચમ, તથા મધ્યમ વરજીત છે યાને એવા રાગને આડવ કહે છે.

૩ જો. ખાડવ જે રાગ અથવા રાગણીમાં ફકત એકજ સૂર નથી એટલે એ ૬ સૂરની રાગણી છે. તેવી રાગણીને ખાડવ કરી નામ આપ્યું છે. જેમકે લલત, મારવા, તથા વાગેશ્રી એ રાગોમાં ફકત પંચમનો સૂર નથી એવા રાગોને ખાડવ રાગ કહે છે. અને તે સઘળી રાગણીઓ તેના મત એટલે

જે મતો માટેના નામ આગળ જણાવ્યાં છે તે મતોના આધાર ઉપરથી વિચાર બાંધવો યાને હિંડોળ એ પાંચ સૂરનો છે. એ રીતે દેશી સંગીત શાસ્ત્રના ભેદો ઘણા ભેદોથી વીંટળાયલાં હોય છે.

આણંદરાવ—આ ધારના માહારાજાનો જન્મ ઇ. સ. ૧૭૮૦ માં થયો હતો. એમના જન્મ આગમજ ખંડેરાવ મરણ પામ્યો હતો. જન્મ પછી આ બાળક રાજા ઇ. સ. ૧૭૯૭ વેર પોતાની મા તથા દાદાની સંભાળ તળે વડોદરામાં રહેલો હતો. એજ સાલમાં તે પોતાનું રાજ્ય હસ્તકમાં લેવા 'ધાર' ગયો. આ સમે તેની ગાદીના હક સામે ગંગારાવ ઉરેકર એ રાજ્યનો પ્રધાન જે તેની ગેરહાજરીમા રાજ્ય ચલાવતો હતો તે થયો. ગંગારાવ ખુંચવી લીધેલી સત્તાને જાળવી રાખવાને અશક્ત હોવાથી હોલકરની દરબારમાં ગયો. હોલકરે આણંદરાવ પૂવાર સાથે તેના પ્રધાનને પાછો આપવાની શરતે સલાહ કરવાનો ઢોંગ કરી દેશને લુટયો અને ઉજડ કર્યો. ગંગારાવ પ્રધાન આ જોઇને દોલતરાવ સિંધ્યાના આશ્રયમાં ગયો, અને તેણે તેને ધાર ઉપર હુમલો કરવા ઉશકેર્યો. ધારના રાજાને પેશ્વા તરફથી તેનું રાજ્ય લઇ લેવાનો હુકમ થયો છે" એમ બીક બતાવી દોલતરાવે ૭ વર્ષમાં ઓગર અને સોસીલના પ્રાંતો પોતાના રાજમાં જોડી લીધાં. વળી હરાવતીમાં ધાર સંસ્થાનનો જે કબજો હતો તે પણ લઇ લીધો, અને રાજા પાસેથી મોટી રકમ જોર જુલમથી કઢાવી. બે વર્ષ પછી સિંધ્યાના સંભાજીજગા નામે સરદારે આ નબળા પડી ગયલા રાજ્ય પર હુમલો કીધો. બેદનૂર આગળ બેઉ લશકરો લઢયા તેમાં ધારનો રાજા હાર્યો. સિંધયાના હોકમથી તેણે માંગેલી રૂ ૭૫૦૦૦ ની રકમ પુરી કરવાને માટે તેનો સઘળો દેશ લઇ લીધો. આણંદરાવે ધારનું રાજ્ય જાળવી રાખવા વકી ઉપલી રકમ કોઇબી રીતે ભરી આપવાની ગોઠવણ કરવા માંડી. એ વખતે આણંદરાવની દુષ્ટ બેહેને પોતાના દીકરાને નામે રાજ્યની લગામ હાથમાં લઇ લેવાની ઇચ્છાથી જવાન ભાઇને વિષ દઇ મારી નાખ્યો. આ વાત સરદારોએ જાણતાં આ દુષ્ટ બેહેનને મારી નાખી હતી, આ બનાવ બન્યાને લીધે સિંધ્યા પાસે પૈસા તથા રાજ્ય બેઉ રૂહ્યાં હતાં.

આણંદપર—આ તાલુકો ઝાલાવાડ પ્રાંતને તાબે છે અને તે કાઠીયાવાડના પશ્ચિમ ભાગમાં ચોટીલા થાણાની હદમાં છે. તેના તાબામાં ૩૦ ચોરસ માઇલ જમીન, ૩૩ ગામો અને ૭૦૦૦ માણસોની વસ્તી છે. વાર્ષીક ઉપજ સુમારે રૂ૨૯૦૦૦ ની છે, તેમાંથી ઇંગ્રેજ સરકારને જમાબંદી અને જુનાગઢને જોરતલબી મળી કૂલે રૂ૯૨૦ આપે છે. જમીન ડુંગરાળ છે. ભાટ લોકોના જણાવ્યા પ્રમાણે આણંદપરને ઇ. સ. ૧૧૨૪ માં ચુડાસમાં અનન્તે વસાવ્યું હતું. ત્યાર પછી તે ઇ. સ. ૧૨૬૪ માં ઉજડ થઇ ગયું, અને ૧૬૦૮ માં કાઠીઓએ તેને આબાદ કર્યું. આણંદપરમાં હાલ ઘણા કાઠી ભાગીદારો છે, તે ચોટીલાનાં ખાચર શાખાના કાઠીઓના કુટુંબી છે. ગામની વસ્તી ૧૬૦૦ ની છે.

આત્મજ્ઞાન—(જુઓ **બ્રહ્મજ્ઞાન.**)

આત્મારામજી પંડીત—જનમ સંવત ૧૮૯૩ માં પંજાબના લાહેરા ગામમાં થયો હતો. એમના પિતા ગણેશચંદજી રણજીતસીંગના લશકરમાં નોકરીએ હતા. આ વખતે નંદલાલ નામે બ્રાહ્મણ, ધાડુપાડુઓનો ધંધો કરતો હતો. તેની સાથે ગણેશચંદની મિત્રાચારી હતી. તેમની સંગતથી ગણેશચંદે પણ ધાડપાડુનો ધંધો સ્વીકાર્યો. પણ આગ્રાના કિલ્લામાં ઇંગ્રેજો સાથે માર્યા ગયા હતા. આતમારામનું ત્યાર પછી પાલન પોશણ જોદ્ધામલજીએ કરવા માંડયું; આ વેળા તેવણે ઢુંઢક પંથને સ્વિકાર્યો. સંવત ૧૯૦૯ માં જીરા ગામના જીવણુ મલ્લ અને ગંગારામ ઢુંઢક સાધુઓએ તેમને વિદ્યા જ્ઞાનથી હુશ્યાર

કર્યા. ગુરૂના ઉપદેશથી સવંત ૧૯૧૦ ના માગસર મહિનામાં મલારકોટના ઓત્સવ વેળા ઢુંઢક મતની દીક્ષા લીધી. ત્યાર પછી ૧૯૧૨ વેર એવન હિંદના ઘણાક ભાગોમાં વિદ્યા સંપાદન કરવા થકી ફર્યા હતા. એમની બુદ્ધી એટલી મજબુત હતી કે એવને ૧૦,૦૦૦ શ્લોકો આ સમે મોઢે પાઠ રાખ્યાં હતાં. (સવંત ૧૯૧૫) ઘણાક સાધુઓના સહવાસમાં આવવાથી તથા તેમનાં જૂદા જૂદા ફતવાઓથી ૧૯૧૬ પછી એમની મતી ડામાડોળ થવા માંડી અને ઢુંઢક પંથ ઉપર શક વધ્યો, તેથી તેવને શેત્રુંજમાં આવી શુદ્ધ જૈન મતનો ભેદ જાણવાની ઇચ્છા કરી, પણ જીવણરામના સમજાવ્યાથી માંડી વાળીફું.

સંવત ૧૯૧૮ માં દિલ્લી તથા તેના આસપાસના પ્રદેશોમાં ફરી પોતાના જ્ઞાનમાં વધારો કરતાજ રહ્યા. તે દરમ્યાન સદાનંદજી નામે પંડીત પાસે કેટલુંક જ્ઞાન મેળવ્યું. ઇ. સ. ૧૯૨૦ માં રતનચંદજી પંડીતની ફીલસુફી એમને પસંદ પડવાથી તેની પાસે વધુ અભ્યાસ કરવા માંડયો. પછી તેઓએ માલેરકોટમાં પોતાની મરજી મુજબના ચેલાઓ મેળવ્યા, અને પોતાની શુદ્ધ મતીની ફીલસુફી તેમને સમજાવી. સંવત ૧૯૩૦ સુધીમાં ૭૦૦૦ સાધુઓ ઢુંઢક મતનો ત્યાગ કરી આત્મારામના જૈન મતમાં દાખલ થયા, અહીંથી તેવણ અમદાવાદ ખાતે મોટા માન સાથે જઈ ગુંજરાતમાં આવેલા બધા તીર્થોની ભેટ લઇ, અમદાવાદમાં ખુલ્લે ખુલ્લી દીક્ષા લીધી. સંવત ૧૯૩૮ માં જૈન તત્વદર્શક, અજ્ઞાનતી મિર ભાસ્કર નામના ગ્રંથો રચી પ્રગટ કર્યા. બીજે વર્ષે સમ્યકતસાર નામના એમના વીરૂધ મતના પુસ્તકોનો રદીયો. ૧૯૪૧ માં 'સમ્યકત્વશલ્યોદ્વાર' નામનો ગ્રંથ લખી આપ્યો. ૧૯૪૪ માં એમનું નામ શ્રીમદ્વિજ્યાનંદજીસૂરી નામથી પ્રજામાં જાહેર કીધું. એજ વર્ષમાં ચતુર્થ સ્તુતિનીર્ણય પુસ્તક રચી પ્રગટ કર્યું. ૧૯૪૮ માં તેનો બીજો ભાગ પ્રગટ કીધો. ત્યાર પછી જૈન સભા તરફથી ચીકાગોનાં જગપ્રસિદ્ધ પ્રદક્ષણની ધર્મ સભામાં જવાનું નોતરૂં મલ્યું, ત્યાં ધર્મબોધને માટે મી० વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. ને પોતા તરફથી પ્રતિનીધી દાખલ મોકલીયા. આ સમયે આત્મારામજી વેરાવળ ખાતે ગુંડીઆલે હતા ત્યાંથી વીરચંદને એક સુરસ નીબંધ લખી આપ્યો. તે શિવાય એવને અનેક ધર્મ સંબંધી ગ્રંથો રચ્યાં હતાં. હાલમાં એમના ૧૦૦૦૦ અનુયાઇઓ છે.

આંતરડાં—ખુદાઇ હુન્નરનો આ એક મનુષ્યના શરીરમાં અજાયબ નમુનો છે. 'હોજરીના જમણા છેડાથી સફરા સુધી જે લાંબી ગુછડાવાલી નળી તેને આંતરડાં કહે છે. આંતરડાં બે જાતનાં હોય છે. નાહાનાં અને મોટાં. નાહાના અથવા પાતળાં આતરડાં મોટાં કરતાં જાડાઇ અથવા વિસ્તારમાં નાનાછે માંટે તેને એ નામ આપ્યું છે. તે હોજરીને જમણે છેડેથી શરૂ થાય છે અને રૂની આંટીની માફક ગુછડાં વળીને પેટના ડુટીવાલા તથા પીરૂવાળા ભાગમાં થઇને જમણી જાંગ તરફના ભાગમાં ઉતરે છે, જ્યાં તે મોટા આંતરડાં સાથે જોડાયલાં છે. એ આતરડાંનાં થોડાંક ગુછડાં ડાબી કમરના ભાગમાં પણ હોય છે. આ આતરડાં પીપડીવાલા ભાગ આગળ અને પેટની બેઉ બાજુએ મોટાં આંતરડાંથી તથા પેટના વચલા ભાગ અને પીરૂ આગળ પેટના માસના પડોથી ઢંકાયલાંછે અને પાછળથી બરડાના કાંઠા સાથે પાતળા બંધનથી બંધાયલાં છે.'

'નાના આતરડાં ૨૦ ફીટ લાંબા અને એકથી દોઢ ફીટ જાડાં હોય છે. તેનો શરૂ થતો ભાગ ઘોડાની નાળના જેવો વાંક લે છે, અને તેમાં પીત લાવનારી નળીનું મોહ છે, જેમાં થઇને પીત આતરડામાં આવે છે. નાના આતરડાં જાળી જેવાં અંદરથી પોહળાં છે જે જૂદા જૂદા ચાર જાતના પડથી બનેલાં છે. તેમાંનું એક માસનું પડ છે અને તેના સાખા ઉભા તથા તેના વિસ્તાર

આસપાસ ગોળ ફરી વળેલાં છે. આખા નાના આતરડાંના સાખા સઘળા એકજ વખતે તંગ ઢીલા થતાં નથી; પણ વાર ફરતી થોડા થોડા ભાગના સાકા સંકોચાય છે. એથી આતરડાંનો એક ભાગ સંકોચાય છે ત્યારે બીજો ભાગ ઢીલો થાય છે, અને એ રીતે આખા આંતરડાંમાં જેમ સાંપ વળ ખાય છે તેવી એક જાતની ગતી પેદા થાય છે, અને એ રીતે ખોરાકનો બાકી રહેલો ભાગ જે તેમાં હોય છે તે આગળ ઢકેલાય છે. આતંરડાંનું છેક અંદરનું પડ ખરબચડું કરચળીવાલું હોય છે, અને તેના ઉપર મખમલની પેઠે રૂઆંટા જણાય છે. એ પડની દરેક કરચળી બે ઇંચ લાંબી અને પોણી ઇંચ ઉંડી હોય છે, અને તેમાં ખોરાક ચુસવાની બારીક રગો આવેલી છે. તેની ઉપરના રૂઆંટા બારીક લોહીની નસો તથા રગોના બનેલાં હોય છે. એ શિવાય આતરડાંના પડમાં ચાર જાતના સેંકડોબંધ ગાંઠો હોય છે, જેમાંથી કેટલોક રસ પેદા થાય છે.

આતરડાં મોટાં—નાના આતરડાંનો છેડો પેટના જમણા જાંગ તરફના ભાગ આગળ છે ત્યાંથી મોટા આંતરડાં શરૂ થાય છે. એ બેઉ આતરડાં એક બીજા સાથે સંબંધ ધરાવે છે અને તેઓના છિદ્રોની વચ્ચે એક દરવાજો હોય છે. મોટા આતરડાંના ત્રણ ભાગ કરવામાં આવ્યાંછે. તેની જમણી જાંગ તરફના ભાગ આગળથી શરૂ થવાની જગાથી જમણી પાંસળી હેઠળ સુધી તે પેહેલે ઉપર ચઢે છે, એ ભાગને ચઢતું મોટું આંતરડું કહે છે. પછી કાળજાની હેઠળથી તે ડાબી તરફ વળાણ લે છે અને ત્યાંથી પીપડીવાલા ભાગમાં થઇને પાંસલી સુધી તે પેહેલે ઉપર ચઢે છે એ ભાગને ચઢતું મોટું આંતરડું કહે છે. પછી કાળજાની હેઠળથી તે ડાબી તરફ વળાણ લે છે અને ત્યાંથી પીપડીવાળા ભાગમાં થઈને ડાબી પાંસળી સુધી તે આડું લંબાય છે. એને આડું મોટું આતરડું કહે છે. છેલ્લે તલ્લીની નજદીક વળાણ લઇને પેટની ડાબી બાજુએ ડાબા જાંગ તરફના ભાગ સુધી હેઠળ ઉતરે છે, તે માટે તેને હેઠળ ઉતરતું મોટું આતરડું કહેવામાં આવે છે. મોટાં આંતરડાની લંબાઇ આસરે પાંચ ફીટની હોય છે. ઉપરનો ચઢતો ભાગ અઢી ઇંચ જાડો હોય છે. પણ આગળ જતાં મોટા આતરડાં પાતળાં થતાં જાય છે અને તેના ઉપરના ભાગની જાડાઇ કેટલેક ઠેકાણે માત્ર દોઢ ઈંચથી વધારે હોતી નથી.'

'મોટાં આંતરડાંની નળી ચાર જૂદી જૂદી જાતના પડથી બનેલી છે, તેનું માસનું પડ નાનો આતરડાનાં એ પડના જેવું લાંબા અને ગોળ માસના સાકાથી બનેલું છે, તેના માસના લાંબા સાકાઓ ત્રણ બાજુથી મોટા આંતરડાને સીકડી લીધેલું છે, જેથી તે ઉપરથી એક સરખું જાડું દેખાવાને બદલે તેના ઉપર કરચળી જણાય છે. મોટાં આતરડાનું છેક અંદરનું પડ નાના આંતરડાનાં એ પડ જેવું રૂઆંટાવાલું હોતું નથી, પણ તેના ઉપર કરચળી હોય છે, તથા તે પડમાં ઝીણી રાગોના બનેલાં નાના ટેકાછે. મોટાં આતરડાંનો છેડો જે ડાબા જાંગ તરફના ભાગમાં છે ત્યાંથી એક વાંકવાળો નળ શરૂ થાય છે, જે સફરાના મોહસુધી લાગેલો છે. એને સફરાની નાળનું નામ આપેલું છે. તે ડાબી તરફથી શરીરની મધ્ય લીટી તરફ વળણ લેછે, અને પાછો સીધો હેઠળ ઉતરે છે. એની આગળી બાજુપર પીશાબના ફુકાનું તથા ગર્ભસ્થાન હોય છે અને પાછળથી તે 'ગુધરાના' તથા બેઉ કુલા વચ્ચેના હાડકાં સાથે બંધાયલો છે. તે આસરે છથી આંઠ ઇંચ લાંબો રહે છે. સફરાના મોહની આસપાસ માસના સાકા ગોળ ફરી વળેલા હોય છે, જે ઢીલા થવાથી એ મોહ ઉઘડે છે અને પાછું સંકોચાયાથી પાછું બંદ થાય છે. એ માસના લોચા ગુધરાના હાડકાં સાથે પાછળથી વળગેલાં છે, અને તેના ઉપર આપણો કેટલોક અખતીયાર ચાલે છે.

આતરેદાત—આ મહાન વિદવાન પુરૂષ દસ્તૂર દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. એની પાંચમી

પેઢીએ આદરબાદ મારેસપંદનો જન્મ થયો હતો.

અત્રેય છંદ—૧૦-૧૦ ને ૭ માત્રાની યતીઓ, તેમાં અંતે લઘુ ને ગુરૂ એવો તે અત્રેય છંદ.

આતરે વક્ષ—એક મોબેદ જેનું કામ આતશને રોશન રાખવાનું હોય છે. ધર્મ સંબંધી ક્રિયામાં એ મોબેદ આતશ આગળ બેસી જોતિની સામે રહી ક્રિયામાં શામેલ રહે છે અને આતશને રોશન રાખે છે.

આતશ—પ્રાચીન એરીયન પ્રજાઓએ હસ્તીનાં જે પાંચ તત્વો ગણેલાં છે તેમનું એ બીજું તત્વ. આ દુન્યામાં હસ્તી ધરાવતી સઘળી ચીજોમાં અનેક પ્રકારના ચઢ ઉતર શકિત પંકતિના આતશ તત્વ સમાયલાં છે, અને દુન્યાની હસ્તીનું મૂળ તે આતશ છે, અને તે ખુદરતનું સર્વથી ઉત્તમ તત્વ ગણાય છે. આતશને દુન્યામાં વસ્તા માનવીઓની જૂદી જૂદી કોમો પવિત્ર ગણી પોતાની ચોકસ ક્રિયામાં તેનો ઉપયોગ કરે છે. આતશ વગર મનુષ્યનું જીવન નથી. આતશ વિના દુન્યા અંધકારમાં ઢંકાઇ રેહેત. જૂદી જૂદી ભાષામાં આતશ માટે એક સરખા બોલો બોલવામાં આપે છે.

પાજંદમાં=આતશ,
વેદમાં=હુતાશ.
ખિલારોકીમાં=આત્રીન.
ફારશીમાં=આતશ.
કુર્દીશમાં=અધીર, આરન, એર.
અફધાનિમાં=ઓર.
બલુચીમાં=આઝર.
આર્મેનિયનમાં=આતૂર.
ગુજરાતીમાં—અગ્નિ.

વગેરે બીજી ભાષામાં ઉપલાઓને જૂજ મલતા નામે ઓળખવામાં આવે છે. જરથોસ્તી લોકો આતશને મહા પવિત્ર નૂર ગણી તેના કેબલા પાસે ખુદાતાલાની આરાધના કરે છે. તેઓ આતશની જાલવણી ઘણી સંભાળથી કરે છે. તેની ઉતપંત્તી વિષે ઇરાનીઓ પોતે મગરૂરી લે છે. (વધુ માટે જુઓ આતશ દાદગાહ) આતશની ઉતપન્તી વિષે એવું કહે છે કે પેશદાદીઆન તબક્કાના પેહેલા પાદશાહ અને મેહબાદ પછીના પેહેલા પુરૂષ ગયોમર્દના બેટા શિઆમકનો બેટો હોશંગ જે ૪૦ વર્ષ રાજ્ય કરી ગયો, તે પોતાના અમલ દરમ્યાન એક વાર પોતાના દરબારીઓ સાથે શેકાર કરવા ગયો હતો. ત્યાં જતાં ઇસ્તિખર ફારેસમાં આવેલા એક પાહાડ આગળ જઇ પુગો, ત્યાં તેના જોવામાં એક મોટો અજગર આવ્યો, તે અજદાહ મારવાને પાદશાહે પાહાડ આગળથી એક પથ્થર લઇ માર્યો, જે પાહડના એક બીજા ચકમકના પથ્થર સાથે અથડયો, તેમાંથી એક અજબ રોશનીનો ચળકાળ પ્રગટયો, જેથી તે પાહડ પરનું સુકું ઘાસ અને લાકડાં વગેરે સળગી ઉઠયાં. તે રોશનીનો ચમકાટ જોઇને પાદશાહ હોશંગ અને તેની સાથે આવેલાઓ ભારે અજાયબ થયાં. તેટલાં તે રોશનીમાંથી એક ગેબી અવાજ નીકળયો કે 'ઓ પાદશાહ તે એક ખુદાઇ નૂર છે, અને તે કેબલો કરવાને લાયક છે." આ અવાજ સાંભળી પાદશાહે તે નૂરની સેતાયશ કરી આ આતશને પોતાના શેહેરમાં લાવી એક ખાસ ગુંબજ બંધાવી તેમાં મુકયો અને તેને નૂરે ખુદાનું નામ આપી તેની બંદગી કરવાનું ફરમાન જારી કીધું. તે વેળાના ઇરાનીઓ આ કેબલાને 'આદર ખોરદાદ' કહેતા હતાં. અવસ્તામાં આ આતશને 'આતશ હોરવતાત' કહે છે. જે દીવસે આ આતશના કેબલાને રોશન કરવામાં આવ્યો, તે દીવસ માજદીયસની રોજ ૨૬ મો માહ ૯ મો હતો; તેથી તે દીવસની ખુશાલીમાં એક મોટું જશન પાદશાહે આલમના લોકોને બોલાવી કીધું હતું, કે જે જશનનું નામ 'જશને શદેહ' કરી રાખ્યું હતું.

યુનાની લોકોમાં એવી કથા છે કે, આગળ દુન્યામાં આતશ હતો નહિ. તેને 'પ્રોમીન્યુસ' નામના દેવે બેહેસ્તમાંથી ચોરી લાવીને આ પૃથ્વીમાં આપ્યો હતો.

રૂમિયો આતશ ઉપર વેસ્તા દેવીને મવક્કલ થએલી જણાવે છે. તેઓમાં આતશની પૂજા કરે છે, જે આતશની પૂજા 'ટ્રોય'ની લડાઇ પછી ઇ. સ. પૂર્વે ઈરસ નામે એક પહેલવાને દાખલ કરેલી જણાઇ છે. તે પછી રોમના બીજા રાજા 'ન્યુમા' એ આ દેશને માટે એક મકાન પેલેસ્ટાઇનની ટેકડીની હેઠળ બંધાવીને ત્યાં આતશને સદા બળતો રાખ્યો હતો, આમ એક હજાર વર્ષ સુધી ચાલ્યું હતું. આતશને સદા જાગૃત રાખવાને માટે 'ન્યુમાએ' મરદોને બદલે કુમારી છોકરીઓને પસંદ કીધી હતી. પેહેલાં એવી ચાર છોકરીઓની પાસે આ કામ શરૂ કરાવ્યું હતું. તેમાં પાછળથી બેનો વધારો કર્યો હતો. આ છોકરીઓને છ થી ૧૦ વર્ષની ઉમરમાં પસંદ કરીને આતશની જાળવણી કેમ કરવી તેની તેઓને દસ વર્ષો સુધી કેલવણી આપવામાં આવતી હતી. ત્યાર પછી બીજા દસ વર્ષ સુધી આતશની સંભાળ લેવાનું સઘળું કામ તેઓ કરતી હતી અને ત્યાર પછી બીજા દસ વર્ષ સુધી નવી કુમારીકાઓને તેઓ પોતાનું કામ શીખવતી હતી. આતશની નોકરીમાં દાખલ થયા પછી તેમનું માથું બોડાવી નાખવામાં આવતું હતું. અગ્નિદેવી વેસ્તાના મકાનમાં સ્ત્રી શિવાય મરદોને જવાની મનાઇ હતી. કુમારીકાઓનું કામ આતશને હમેશાં બલતો રાખવાનું હતું. તેમાં જો ભુલ થતી તો તેઓને બાંધી મારવામાં આવતી. જ્યારે પણ આતશ બુજાઇ જાય ત્યારે એમ માનવામાં આવતું હતું કે દેશ ઉપર મોટી આફત વર્ષસે. બુજાઇ ગએલા આતશને નવેસરથી રોશન કરતી વેળા તેઓ કાચની મારફતે સૂરજની ગર્મીથી આતશ મેલવતા હતા. ઉપલી કુમારીકાઓ છેક પગની પાટલી સુધી સફેદ પેહેરન પેહેરીને ઉપર બીજો સાલો નાખતી અને માથા ઉપર બંદબેસતી ટોપી પેહેરતી હતી. મોટા થીઓડોશીઅસ શેહેનશાહે ઇ. સ. ની ચોથી સદીમાં આતશની પૂજા કાઢી નાખી હતી. વળી આગલા યુનાની તેમજ 'રેમત' લોકોમાં એવી જોગનોનાં ટોલાં હતાં. એ શિવાય રોમનોમાં તહેવાર ક્રિયાઓ કરવાની રસમ હતી.

જર્મનીમાં ચોકસ ભાગના લોકો આતશની પૂજા કરતા હતા. અને પારસીઓને મલતી આતશ સનમુખ બંદગી કરતા હતા.

બલગેરીયનો—જેઓ તુર્કસ્થાનમાં રહે છે, તેઓબી આતશની પૂજા હજી કરે છે. નવા વર્ષના દહાડાને સૂરજવડીનો તહેવાર કહે છે. 'સલેવોનિયન' લોકો આતશને સૂરજા અથવા સૂરવા કહે છે અને એરીયનો સૂર્ય અને આર્ય લોકોનો સૂરજ અથવા સૂરવા એકજ હોય એમ લાગે છે.

યુનાન દેશના અથેન્સ શેહેરમાં 'પેલેસ એથેની' એવે નામનું એક દેહેરું હતું કે જે મિનર્વાના નામે ઓળખાતું હતું. તેમાં બંદગીને નામે જાથુક આતશ બળતો રાખવામાં આવતો હતો.

ગ્રીકફાયર—એટલે પ્રાચીન ગ્રીક લોકો પાસે એક એવો આતશ હતો, કે તેઓ તેની મદદથી દુશમનોનાં કાફલા અને કિલ્લાનો સેહેજમાં નાશ કરી શકતા હતા. આ આતશની બનાવટ કેવા પ્રકારની હતી તે વિષે હાલમાં કશું ઝાઝું જણાયું નથી.

યુથોનીક, બોહિમીઆ તથા તાતાર ટોળાઓમાં એક એવો રેવાજ હતો કે એક અપવિત્ર માણસને પવિત્ર બનાવવા માટે તેઓ આતશની જૂદી જૂદી ચેહો સળગાવી પેલા માણસને તેમાંથી ચલાવી લઇ જતા એટલે તે માણસ પવિત્ર થએલો ગણાતો.

ફ્રીમેશનો પણ પોતાની 'માર્ક માસ્ટર્સ' ડીગ્રી નામની ત્રીજી પદવિમાં આતશના પાતરાં આગળ ગુંઠણે નમીને સેજદો કરવાને શીખવેછે અને આતશ ઉપર ખુશબો મેળવા સારૂ તેઓ એકને ક્રિયા કરનાર

(ઓયદેનાર) ઠેડવે છે, અને તેને હાઇ પ્રીસ્ટ કહેછે. આતશ ઉપર ખુશબો બાળવામાં ફ્રીમેશનો એવું સમજે છે કે તે ખુદાને પસંદ છે.

યાહુદી લોકો પોતાના દેવલોમાં બંદગી કરતાં એક બંદગીમાં આતશની સ્તુતિ કરે છે, તેમાં એવું બોલે છે કે 'ફ્રેસ્તાઓ પણ એક બીજાને નશીહત કરેછે કે તમો આતશ બુજવશો નહિ. વળી તેજ બંદગીમાં તેઓ ખુદાની તારીફમાં ગાય છે કે તું પોતે અશો છે અને ગોયા બળતા અંગાર જેવો છે.' બીજું યાહુદીઓના એત્તેકાદ પ્રમાણે આગલા વખતમાં તેઓના દેવલના મુહૂર્તના દીવશે આકાશ ઉપરથી પવિત્ર અગ્નિ ઉતર્યો હતો કે જેને તેઓએ ઘણી મુદ્દત સુધી જાળવી રાખ્યો હતો. મુસા પેગંમબરે એક દેહરૂં બાંધ્યું હતું અને તેમાં એક સમેદાની ગોઠવી હતી, જેને યાહુદીઓ 'ધી હોલી કેંડલ સ્તીક' કહેતા હતા, અને તે દર સાંજે સળગાવવામાં આવતી હતી. તેમજ સુલેમાનના દેહેરાંમાં એવી ૧૦ સુન્નાની સમેદાની આખી રાત સળગાવવામાં આવતી હતી.

હિબરૂઓ, પોતાના રહેવાના મકાનમાં આખી રાત ચેરાગ બળતો રાખવાની પોતાની ફરજ સમજતાં હતા, અને કદાચ જો તે બુજાઇ જતો તો તેઓ મોટી આફત પોતાની ઉપર આવી પડવાની ધાસ્તી રાખતા હતા, અને તે પરથીજ બાઇબલમાં એવું જણાવ્યું છે કે 'પાપીનો ચેરાગ બુજાઈ જશે.'

લાટીન અને **યૂનાની** લોકો પોતાનાં દેવલમાં પાક ચેરાગ અને જાહેર સરઘસોમાં મસાલ બાળવાનું લાંબો વખત થયો સવાબ સમજતા આવ્યા છે, અને તેથી રોમના સેંટ પીટર્સના દેવલમાં અને બીજી જગ્યાઓમાં રાત દીવસ ચેરાગ બળતો રાખવામાં આવે છે.'

ખ્રીસ્તીઓના—બાઈબલમાં લખે છે કે મુસા તથા ઇજીહલ અને દાનીઅલને ખુદાતાલાએ પોતાના ફરમાનો જે જાહેર કર્યાં હતાં તે આતશના બળતામાંહેથી બતાવ્યું હતું. વળી એઓના એત્તેકાદ પ્રમાણે ક્રાઇસ્ટ જે છેલ્લે દીવસે આવનાર છે તેબી આતશના બળતા માંહેથી દેખાવાનો છે. બીજો એક ઇંગ્રેજ ગ્રંથકાર જણાવે છે કે ખ્રિસ્તી લોકો પોતાના દેવલોને જે રોનકદાર બનાવે છે તે આતશના બળતાનો આકાર આપવાને મળતો છે. બાઇબિલમાં જણાવે છે કે, ખુદા જે છે તે આ દુન્યાની રોશની અને જીંદગી અથવા નૂર છે. અને જો આતશ અને પવિત્ર આત્મા ખ્રિસ્તીઓને પાપથી મુક્ત કરે તો બીજી રીતે લેતાં પેલો શુક્રનો સેતારો પણ રોશની છે અને તે બામદાદના સેતારાનો પુત્ર કહેવાય છે.

હિંદુ ધર્મ શાસ્ત્રમાં આતશની સ્તુતિ વીષે આવેલું છે. રીગવેદના દસ મંડલો છે તેમાંના આઠમાંની શરૂઆતમાંનું પેહેલું મંત્ર અગ્નિની સ્તૂતીમાં જોડેલું છે, અને તેને સ્વર્ગવાસી દેવતા કરી ગણેલો છે. જેને પ્રિતીપૂર્વક વાહાલા યજમાન તરીકે બોલાવવામાં આવે છે અને તેને ઇશ્વર શક્તિનાં પારદર્શક રૂપ તરીકે કહ્યો છે. અગ્નિથી ઉતરતો દરજ્જો તેમાં ઇંદ્રનો ગણેલો છે. ગીતામાં કૃષ્ણ અર્જૂનને એવી ખબર આપે છે કે ઇશ્વિરનું સ્થળ અગ્નિની ચેહેમાં છે: વિષ્ણુ પુરાણમાં બ્રહ્માના મુંખમાંથી પેદા થએલા પુત્ર અગ્નિનુ વર્ણન આપેલું છે. વળી હિંદુઓ હોમ યજ્ઞમાં આતશનો ઉપયોગ કરે છે. મોટા મોટા યજ્ઞ કરતી વેળા તેઓ આતશને સહુથી શ્રેષ્ટ જગા પર રાખે છે અને વડા બ્રાહ્મણોજ તે ક્રિયા કરી શકે છે.

મહમદીઆન લોકો આતશને ઘણીક ક્રિયા વેળાએ સુગંધી બાળવા માટે ઉપયોગમાં લીએ છે.

આતશ આદરાન—જરથોસ્તીઓની જ્યાં જ્યાં નાહની પણ વસ્તી હોય છે ત્યાં આતશ આદરાન બાંધવામાં આવે છે- આતશ આદરાન સ્થાપન કરવાની ક્રિયા આતશબે-

હરામની ક્રિયા કરતાં થોડા ફેરફાર સાથ થાય છે. એમાં ચાર ટોળાના ચાર જાતના આતશો લેવામાં આવે છે. ૧ લા અથોરનાન ટોળાના (જેમાં—ગામના દસ્તૂર, મોબેદ તથા જે આતશઆદરાન પરઠે છે તેનાં) ૨ જા અરથેશતાર ટોળાનાં (વડા હાકેમ, વડા સરદાર, તથા ઓહ્દેદારનાં ઘેરના.) ૨ જા વશતરીઓશના (જરથોસ્તી ખેડુતના ઘેરનાં.) ૪ હૂતખશાન ટોળાનાં (જેમાં જૂદા જૂદા વિસ ધંધાદારીના ઘેરના) ઉંપલા આંદરીઆનમાં આતશબહેરામ માફક પાંચે વખતની બોય દેવામાં આવે છે કે જેથી આતશોને પવિત્ર ધર્મ ક્રિયાથી પવિત્ર કરી પરઠવામાં આવે છે. હિંદુસ્થાનમાં એવા પવિત્ર આતશ આદરાનોની સંખ્યા જુમલે '૧૩૪' ની છે,

આતશદાદગાહ—જરથોસ્તીઓના ઘરના આતશ, આ નામે ઓળખાય છે. પાર્સિઓ પોતાના ઘરના આતશ નહિ બુજાય તેની સંભળ રાખે છે. તેઓ રાત્રે સુવા જવા આગમજ આતશને જાળવી રાખવા થકી આતશને વેહેર તથા રાખથી ઢાંકી રાખે છે, જેથી તે કવચિતજ બુજાય છે. આગલા વખતમાં કેરોસીનને બદલે એડયું તથા કોપરેલ વપરાતું હતું એને હાલમાં પણ કેટલેક ઠેકાણે આ દેશી તેલ વપરાય છે, ત્યાં એવો ધારો છે કે સહવારે બળતી દીવેટને ચુલ્હામાં લાકડા સાથે મેળવી દેવામાં આવે છે, યાને 'પેવન' કરવામાં આવે છે, જેથી આતશની જોત આતશમાં મળી જાય. નાના ગામડાઓમાં જ્યાં જરથોસ્તીઓની નાની વસ્તી હોય છે ત્યાં કેબલેગાહ તરીકે આતશ આદરાનને બદલે આતશ દાદગાહ રાખવામાં આવે છે.

આતશના ટાપુ—જાવા મધે ઓબાગાના મેદાનના મધ્ય ભાગમાં આ ટાપુઓ આવેલા છે. આ ટાપુમાં પાણી બીલકુલ નથી પણ તેનો ઉકળતો કીચલ છે, અને તેની આસપાસ વનસ્પત્તિ ઉગેલી નજરે પડે છે. ઘેરાવામાં તે આસરે બે માઇલ છે અને તેના મધ્ય ભાગમાં ગરમ કીચલ મોટા જથામાં ઉંચે ચઢી મટોડીનાં સેંકડો પરપોટા ઉંચે ચઢતા રહી ધડાકા સાથે ફાટતા સાંભળવામાં આવે છે.

આતશબાજી—એ કળા હજારો વર્ષ ઉપર પેહેલવેહેલી ચીનમા નીકળી હતી. ત્યાંથી તે હિંદુસ્થાનમાં દાખલ થઇ. આગલ રોમન લોકો જ્યારે બીજા દેશો ઉપર ચઢાઇ કરી ફતેહ મેળવતા ત્યારે આતશબાજી કરીને પોતાની ખુશહાલી દેખાડતા હતા. ચૌદમી સદીમાં યૂરોપમાં આતશબાજી દાખલ થઇ તે આગમજ ત્યાં આતશબાજી વિષે સૌ કોઇ અંજાણ્યું હતાં.

આતશબાજી બનાવતી વખતે ઘણી સંભાળ રાખવી ઘટે છે, કારણકે તેમાં દારૂગોળો, લોઢુ, ત્રાંબુ, અને જસતની ભૂકીઓ તેમજ રાજમ અને કપૂર વગૈરે જલદીથી સળગી ઉઠે એવાં પદાર્થોની ભેળ કરવામાં આવે છે.

(૧) સઘળી ચીજો એક રસ કરવા પેહેલાં તેમનો ભૂકો કરી છુટી છુટી રેહેવા દેવી. (૨) એક રસ કરતી વેળા હલવે હલવે લાકડાની યા હાથી દાતની ચીપથી કાગળના કટકા પર મુકી પછી તેમ કરવું. (૩) એક રસ કરતી વેળા પણ ઘસારો થવો નહિ જોઇએ (૪) જે ચીજનો ભૂકો કરવો હોય તે ચીજને વજન કરવા પેહેલાં લોખંડની કઢાઇ ઉપર મુકી ભૂજવી. (૫) ભૂકો તદન મેદા જેવો કરવો નહિ.

આ દારૂકામ હિંદુઓમાં લગન વેળાના વરઘોડામાં દીવાળી પર તથા ઈંગ્રેજોમાં લઢાઇની ફતેહ પછી યા કોઇ રાજાના માનમાં, તેમજ મુસલમાનો સુબેબરાતના તહેવાર પ્રસંગે સળગાવે છે.

ચંદ્રજોત—બનાવવાની મેળવણી—(૧) શુદ્ધ કરેલો સૂરોખાર ૨૬ ભાગ, શુદ્ધ કરેલો ગંધક ૪ ભાગ, હડતાળ ૦॥ ભાગ, કપૂર ૦। ભાગ, લોબાન ૨॥ ભાગ, ગળી ૦॥ ભાગ,

રાળ ૦। ભાગ. (૨) સૂરોખાર ૨૪ ભાગ, ગંધક ૮ ભાગ, હડતાળ ૨॥ ભાગ, કપૂર ૫ ભાગ, ગળી ૧॥ ભાગ. (૪) સૂરોખાર ૪ ભાગ, ગંધક ૧ ભાગ, ચુનો ૦॥ ભાગ, સૂરમો ૦|॥ ભાગ, હડતાળ ૦। ભાગ. (૫) સૂરોખાર ૩૩૯ ભાગ ગંધક ૧૯૨ ભાગ, હડતાળ ૩૦ ભાગ સૂરમો ૩૯ ભાગ.

વેલાતી બપોરીયું—સૂરોખાર ૭ ભાગ, ગંધક ૧॥ ભાગ, હડતાળ ૦॥ ભાગ, આ પ્રમાણે જે વર્ગના બનાવવાં હોય તેમાંના એક પ્રકારમાં આપેલા પ્રમાણમાં સામાન લઇ એકસાન કરવો અને ટોપરાનાં તેલ-વાલો જરા હાથ કરી ખુબ તહેં મસળવો. આ પ્રમાણે મસળતાં જ્યારે તે એક જીવ થાય ત્યારે તેને એક માટીના પોહોળા મોહોના બપોરીયાના ચપણમાં નાખી ઉપર ગુંદરથી કાગળ ચોંટાડી દેવો.

આતશબાજી ચીનાઇ—અથવા ચંએલીની કરવા માટે ૨૬ ભાગ બારૂત, ૮ ભાગ સૂરોખાર, ૩ ભાગ કોલસાનો ભૂકો, ૩ ભાગ ગંધક, અને ૧૦ ભાગ લોખંડનો છુંદેલો ભૂકો બનાવી એક રસ કરી પોણા ઇંચ કરતાં ઓછા ઘેરાવાની નળીની આતશબાજી બનાવી શકાય.

ચંએલીની કોઠી—બનાવવી હોય તો સૂરોખાર ૩૦ ભાગ, ગંધક ૪ ભાગ, કોયલો ૧૫ ભાગ, બીડ રેતી ૧૫ ભાગ. બીડ શીવાયનો બીજો સામન સઘળો સારો ઝીણો કરવો જોઇએ પણ તેનું જોર વધારવું હોય તથા તે વધારે ઊંચે છુટે એમ કરવું હોય તો તેમાં અર્ધો ભાગ બંદુકનો દારૂ મેળવવો. આ જાતની કોઠી તૈઆર કરવામાં જે માટીની કોઠી ઉપયોગમાં લેવાય છે તેનું કદ નાનું જોઇએ.

છછુંદર—સૂરોખાર પાંચ ભાગ, ગંધક ૧ ભાગ, કોયલો એક ભાગ. આ પ્રમાણે વસ્તૂઓ લઈ તેમને એખટી કરવી અને પછી જરા પાણીવાલો હાથ કરી ખુબ ચોળવી એટલે તે એક રસ થઇ જશે. પછી કાગળના ખોખાં આશરે ત્રણ ચાર આંગળના કરી તેમાં આ દારૂ ઠાંસી ઠાંસી ભરવો. અને ગમે તો તે ઉપર પાતળા ચામડાનો ચોટાડવો.

સુરસુરીયાં—સૂરોખાર ૪| ભાગ, ગંધક ૧ ભાગ, તથા કોયલો એક લઇ છછુંદરની બનાવટ પ્રમાણે બનાવી તેને એક સળીથી બાંધવી.

સુનેરી તથા **રૂપેરી વર્સાદ**—પ્રથમ કાગળનાં નાના ખોખાં કરવાં અથવા પક્ષીના પીછાંના કૂવીલ લેવાં અને તેમાં નીચે લખેલી વસ્તુઓનો બનાવેલો દારૂ ભરવો. અને તેના મોઢા આગળ જરા દારૂ ભીનો કરીને ચોંટાડવો. ત્યાર પછી આ ખોખાને બાણના. મોટા ખોખામાં બાણના દારૂની સાથે ગોઠવીને ભરવાં એટલે જ્યારે બાણ છોડવામાં આવશે ત્યારે ઉપરથી સોનેરી અથવા રૂપેરી અગ્નિનો વર્સાદ વરષશે. સૂરોખાર ૧ પૌંડ, દળેલો દારૂ ૪ ઔંસ, ગંધક ૪ ઔંસ, પીત્તળનો ભૂકો ૧ ઔંસ, કરવતેલો ભૂકો ૨ ઔંસ, અને કાચનો ભૂકો ૨ ડ્રામ, આ વસ્તૂઓ એકત્ર કરી ઉપરની સુચના મુજબ ઉપયોગ કરવો, આથી સોનેરી વર્સાદ વર્ષશે. રૂપેરી વર્ષાદ માટે સુરોખાર ૪ ઔંસ, ગંધક ૨ ઔંસ, દળેલો દારૂ બે ઔંસ, સૂરમો ૨ ઔંસ, સાલપ્રેનેલા ૦॥ ઔંસ.

આગરબાન બનાવવા માટે, ગંધક, સૂરોખાર અને કોયલો આ ત્રણે વસ્તૂઓ ઘણી ચોખી હોવી જોઇએ, અને તેના દારૂને મેદા જેવો બારીક કરવો. તેને જરા પાણીવાલો હાથ કરી ખુબ મસળવો; અને ખાંડી ખાંડીને એક રસ કરવો. જેમ જેમ તે સારો કુટાશે અને ડસણાઇ ફસણાઇને એક જીવ થશે તેમ તેમ તે સારો અને જોરાવર થશે. આ પ્રમાણે જ્યારે મસળાઇ રહે ત્યારે તેને સૂકવવો અને ફરી ફરીને પાછો ઝીણો મેદા જેવો કરી રાખવો. ભરતી વખતે દારૂમાં જરા પણ ભીનાસ રહેવી નહિ જોઇએ.

બાણના ખોખાં લોઢાના, વાંસનાં કે કાગળના બનાવવામાં આવે છે. પણ લોઢાના અને વાંસના ખોખાં તો માત્ર મોટા બાણને માટેજ ઉપયોગમાં લેવાય છે અને તે બાણ ઘણું કરી યુદ્ધાદી પ્રસંગેજ વપરાય છે. એવા મજબુત બાન બનાવવામાં દારૂ પણ ઘણો જોરાવર કરવો પડે છે. કેવળ ગમતને વાસ્તે બાણના ખોખાં ઘણું કરી કાગળનાજ બનાવવામાં આવે છે અને તેની જાડાઇ એક ઇંચની અંદર રાખવી સારી છે. (૧) સુરોખાર ૧૫ ભાગ, ગંધક ૩ ભાગ, કોયલો ૫ ભાગ. (૨) સુરોખાર ૭ ભાગ, ગંધક ૧ા ભાગ, કોયલો ૧ા ભાગ. (૩) સુરોખાર ૫ ભાગ, ગંધક ૧ા ભાગ, કોયલો ૧ા ભાગ.

આતશબહેરામ—(આતશ–બહેરે–આમ.) જરથોસ્તી લોકોની બંદગી કરવાની મુખ્ય જગાને આતશ બહેરામ કહે છે. આ બોલ ખરી રીતે આતશ–બહેરે–આમ એમ બોલવો જોઇએ પણ અશુદ્ધ રીતે બોલાતો હોવાથી આતશ બહેરામ એ શબ્દ ચાલુ વપરાસમાં આવે છે. આતશ–અગ્નિતત્વ નામે ઓળખતા. હતા. આતશ બહેરામ આ શબ્દ પ્રાચીન વખતમાં ઇરાનમાં વપરાયલો જણાતો નથી; પણ આ શબ્દની ઉતપન્તી થવાનું કારણ બીજું એવું જણાવવામાં આવે છે કે, જ્યારે પારસીઓના અસલ વતનથી જરથોસ્તીઓ ઇરાન દેશ આરબોની જાસ્તીને લીધે તજીને હિંદુસ્થાન તરફ આવવા સારૂં દર્યાને રસ્તે વાહાણો પર સ્વાર થઈ નીકળીયા હતા, ત્યારે તે કમનસીબોને દર્યાએ પણ તુફાનના વમલમાં લઇ બહુ હેરાન કર્યા અને તમામ કોમ ડુબી જઈ ફના થઇ જાય એવી સ્થિતિમાં હતી ત્યારે તે વાહાણો ઉપરના તમામ બુજોર્ગોએ અને અથોરનાનોએ .એક નઇઅત (માનતા) કીધી કે જો તેઓને આવા મુશકેલીના વખતમાં બહેરામ ઇજદ ફરેસ્તો મદદ કરે તો હિંદુસ્થાનની જમીન ઉપર સલામત ઉતરતાંજ પાક બહેરામ ઇજદની યાદમાં એક આતશ બહેરામ બાંધશે.' આ તેમનું ચાહવું બર આયું અને તેઓ સહીસલામત સંજાણ જઈ પુગાં. સંજાણમાં ઉતારો લીધાં પછી પોતાની બંદગી તથા ક્રિયા કરવા માટે તથા પોતે માનેલી માનતા પુરી કરવા થકી પેલા ફરેસ્તાના નામ પરથી આતશ બહેરામ પરઠવાનું ઠેરવ્યું. પછી 'જાદી રાણા' પાસેથી પરવાનગી લઈ ખોરાસાનથી પોતાની સાથે લાવેલા અલાતોથી તૈયાર કરી એક જુદી ઇમારત બાંધી. તેમાં પ્રથમ આતશ બહેરામ સંવત ૭૭૭ ના માસ ૯ મો ને વદ ૯ મે દીવસે તખ્તનશીન કીધાં. તે વિષે એવી કથા ચાલે છે કે, પ્રથમ આતશ બહેરામ મેળવવા માટે વડા દસ્તુર પોતાના હમદીનોને પોતાની સાથે લઇ જંગલમાં ગયા અને પથ્થરની એક મોટી શીળા પર સુકા સુખડને મુકયું અને ચાર મુખ્ય દિશાએ ચાર અતી પરહેજગાર મોબેદોને ભણતર ભણવા ઉભા રાખ્યાં, અને બુલંદ અવાજે માથ્ર પઢવા માંડયાં. દસ્તુરે આકાશ તરફ જોઇ ગેબી શકિતવાલા કલામો ૫ઢયા કે તુરત એક વિજળી પેલા સુખડ પર પડી અને આતશ રોશન થયો. આજે સેંકડો વર્ષો થયાં આય વિજળીનો આતશ બીજા આતશો સાથે હાલનાં ઉદવાડાનાં આતશ બહેરામમાં છે.

આતશ બહેરામમાં જે આતશનો કેબલો રોશન હોય છે તે પ્રથમ સ્થાપન કરતી વેળાએ તેમાં ૧૬ જાતના જૂદે જૂદા આતશો પવિત્ર કરી લેવામાં આવે છે. આપણી વાતાવરણ ચોમેર ફરતી સઘળી આતશ યાને આતશબાજીથી ભરપૂર છે. આ કારણને લીધે આતશબહેરામ સ્થાપતી વખતે જૂદી જૂદી જાતના ચઢ ઉતર શકિત પંકતી ધરાવતા આતશો લઇ તેને પાવન કરી બાલાતર સ્થિતીમાં લાવવામાં આવે છે, તેમાં જૂદા જૂદા ધંધાદારીઓ

હુસ્તકથી વપરાતા આતશ મધેના લાવવામાં આવે છે, અને તે આતશો જૂદા જૂદા રાખી એક સુરાખદાર ચમચની મારફતે તેઓનો અરક ઘટતી કિર્યાથી ખેંચી કાઢીને એક કરવામાં આવે છે. પછી ગમે તેવા દરજ્જાનો યા ગમે તેવી હાલતના માણસને ત્યાંનો હોય, તો બી જ્યારે ઘટતી કિર્યા તથા ભણતર કરીને તેઓનો ખાલેશ નૂરનો અરક એક બીજાની સાથે ભેળી નાખવામાં આવે છે. એટલે તે સઘળા એકજ દરજ્જાના આતશો થઇ જાય છે, અને પાદશાહી આતશમાં કે લોહારના આશત યા ફકીરના આતશમાં કાંઇ ફરક રેહેતો નથી.

આ આતશો મેલવવાની રીત તથા પવિત્ર કરવાની રીત એ છે, કે જે ધર્મગુરૂ આ આતશો એખઠા કરવા જાય છે તે જૂદી જૂદી સગડીઓ, ભઠીઓ, તથા ખાડાઓમાંથી આતશનો કોલસો લેતો નથી, પણ દરેક આતશ મેલવવા માટે રૂનો એક ગોળો અથવા બાળવા લાયક બીજી વસ્તૂ સલગાવી તે પવિત્ર આતશ બનાવે છે. એ પ્રમાણે પેહેલામાંથી મેળવેલા આતશમાંથી તે બીજો આતશ સાહૂ ચેતીથી સળગાવે છે અને તેની જોતથી વળી ત્રીજો, ત્રીજાની જોતથી ચોથો, એ પ્રમાણે પાવન કરતો જાય છે. કેટલીક વખતે ૯ તથા કેટલીક વખતે ૨૦ જોતથી તે આતશ મેળવે છે તે ત્યાં સુધી કે મૂળ મુખ્ય આતશને હલકા ઉપયોગમાં લીધો હોય તો તે પવિત્ર ભાગ સાફ થઇ ફકત સર્વેથી પવિત્ર ખાલેશ ભાગ બાકી રહે છે. ત્યાં સુધી તે ઉપર કહ્યા પ્રમાણે નવી જોતો બનાવતો જાય છે. એવી કિર્યા કર્યા પછીજ તે આતશ પોતાની પવિત્રાઇએ પુગેલા કેહવાય છે. પછી તેમાં વિજળીનો પવિત્ર આતશ મેળવી તેને બાલાતર કરે છે.

આતશોનો આ પવિત્ર કુબલો બનાવવા માટે ૧૬ ઉપરાંત આતશોની જરૂર હોય છે. તેના નામની ટીપ નીચે પ્રમાણે છે— નસાંના આતશ, છાના ઇત્યાદીના, મીટ્ટી પકાવતા ઇંટ ચુનો, નળીયા કુંડા ઇત્યાદીનાં, કુંભાર અને કોડીના વાસણ બનાવનારના, પીત્તળ તથા ત્રાંબા સાથે કલાઇની મેલવણી બનેલી મિશ્રીત ધાતુની ભઠ્ઠીમાંના, સુન્નૂ ગાળવાનાં, રૂપું ગાળવાનાં, લોઢું ઓટવાની ભઠ્ઠીના, મિશ્રીત ધાતુનાં વાસણ બનાવવાના કારખાનાનાં, અથવા જસતના, ભઠીયારાને ત્યાંની ચેહેના આતશ, કલાઇ બનાવવાની ભઠ્ઠીના, ભરવાડ અથવા વનજારાને ત્યાંના લશકરી છાવણીમાંના, હાકેમના, વીજળીના ને મુર્દા બાળવાના આતશ પાવન કરી કેબલામાં મુકવામાં આવે છે.

હાલમાં પારસીઓનું વડું આતશ બહેરામ ઉડવાડા ખાતે છે. પુરાતમ ઇરાનીઓએ ઇરાનથી નાહાસી આવી જાદી રાણાના રાજ્યમાં પેહેલવેહેલું આતશ બહેરામ સંજાણમાં સ્થાપ્યું. અહીં જાદી રાણાના વંશજના તાબામાં ઘણા વર્ષો રહ્યા પછી ઇ. સ. ૧૪૬૯ માં મેહમુદ બેગડાએ ચઢાઇ કરી જાદી રાણાનું રાજ્ય લીધું ત્યારે પારસીઓ પર જુલમ ગુજરવા માંડયાથી બાકી બચેલા જરથોસ્તીઓ પોતાની સાથે આતશ બહેરામને લઇને 'બાહારોતના' પાહડોની ખીણોમાં ૧૨ વર્ષો સુધી જઇ રહ્યા. વળી ત્યાંથી વાંસદાના જંગલમાં જઇને ૧૪ વર્ષ વેર પોતાનો ધરમ ઘણી મુસીબતભરી સ્થિતીમાં જાળવી ટેક રાખ્યો. આ વેળા નવસારીમાં ચાંગા આશા નામે એક તવંગર બેહેદીન હતો તેણે મદદ કરી આતશ બહેરામને જંગલમાંથી નવસારીમાં ઇ. સ. ૧૪૮૨ માં લાવી સ્થાપન કીધાં. નવસારીમાં આ આતશ બહેરામ ઈ. સ. ૧૭૩૨ વેર વગર દહેશતે સચવાઇ રહ્યા હતાં, પણ ઇ. સ. ૧૭૩૨ માં પીંઢારાઓનો જુલમ ઘણો ગુજરવા માંડયાથી મોબેદોએ રાતોરાત તેજ સાલમાં સુરત જઇ તેને સ્થાપન કર્યાં. પછી સમાધાની પંથરાતાં ઇ. સ. ૧૭૩૩

માં પાછા સુરતથી નવસારી જઈ પરઠીયા હતા. અહીં જે સંજાણા મોબેદો આતશ બહેરામ સાથે આવ્યા હતા, તેઓને અને નવસારીના ભગર સાથના મોબેદો વચ્ચે પોતાના હક્ક વિષે મોટો કજ્યો જાગ્યો, તેથી તેઓએ સોનગઢ ખાતે ગાએકવાડની દરબારમાં જઈ ઇન્સાફ માંગ્યો. તેઓની અરજ ઉપરથી ગાયકવાડે તેઓને પરવાનો કરી આપ્યાથી તેઓએ નવસારીના આતશ બહેરામને ઇ. સ. ૧૭૪૧ ની ૧ લી અકટોંબરે વલસાડ લઇ જઇ સ્થાપ્યા. પછી મોબેદોએ રાજી ખુશી બતાવ્યાથી અનજુમને દામાજીરાવ ગાયકવાડ પાસેથી પરવાનો લઇ એકમતે ઇ. સ. ૧૭૪૨ ના અકટોંબર મહિનાની ૨૮ મીએ ઉદવાડા ખાતે જઇ આતશ બહેરામ સ્થાપન કીધાં. કે જે હાલમાં પણ કાયમ છે.

દુન્યામાં જરથોસ્તીઓની વસ્તી ઘણીજ નહાની છે અને તેમાંના મુખ્ય આતશ બેહેરામો હિંદુસ્થાનમાં તથા ઇરાનમાં ૨ મળી દુન્યામાં એકંદર ૧૦ છે. તેમાં ઇરાન ખાતે બે આતશ બહેરામોમાંનું એક યજદ શેહેરમાં છે, કે જે આતશખાનું સાસાનીયાન પાદશાહોના વખતનું સ્થાપેલું છે. ઇ. સ. ૬૫૨ માં આરબોએ ઇરાન સર કર્યા પછી આરબોનો દોર ઇરાનમાં ચાલુ થવાથી તેમના જુલમથી નાહાશી યજદ તજ્યું અને અઘડા નામના ગામડા પાસેના 'શેક ફતેહયજદાં' નામના, એક બુલંદ પાહાડ પર લઇ જવામાં આવ્યા, ત્યાં ૩૦ વર્ષ રાખ્યા પછી સુલેહ પંથરાતાં પાછા યજદ જઇ સ્થાપન કીધાં. બીજું આતશ બહેરામ કેરમાન ખાતે છે.

(હિંદુસ્થાનમાં પરઠાયલાં આઠ આતશ બહેરામો.)

ઠેકાણું.	બંધાવનાર.	સ્થાપવાની તારીખ.	ટોળો.
(મુંબઇ.)		રોજ માહ સને	
કરેલવાડી	કાવશજી બેરામજી બનાજી ...	૧૭ — ૪ — ૧૨૧૫	કદમી.
ચર્નીવાડી	હોરમસજી બમનજી વાડીયા ...	૧૭ — ૨ — ૧૨૦૦	શેહેનશાહી.
બહારકોટ	દાદાભાઈ નશરવાનજી દાદીશેઠ	૧૭ — ૧ — ૧૧૫૩	કદમી.
ધોબિતલાવ	અંજુમનના	૩ — ૨ — ૧૨૫૭	શેહેનશાહી.
(દેશાવર.)			
ઉદવાડા	અનજુમનનાં	૯ — ૯ — ૯૦	શેહેનશાહી.
નવસારી	ખુરશેદજી ટેમુલજી દેસાઈ ...	૧૭ — ૨ — ૧૧૩૫	શેહેનશાહી.
સુરત	દાદાભઇ નશરવાનજી મોદી ...	૧૭ — ૨ — ૧૧૯૩	શેહેનશાહી.
સુરત	પેસ્તનજી કાલાભઇ વકીલ ...	૩ — ૪ — ૧૧૯૩	કદમી.

આથઇવ—(જુઓ આબતીન—)

આથ્રવન—(જુઓ અથોરનાન)

આથિનેસા આ યૂડોશીઆ—આ બાનું યુનાની ફીલસુફ લીઓનીશીઆની બેટી હતી. એણીનો જનમ અથેન્સમાં ઇ. સ. ૩૯૪ માં થયો હતો. એના પિતાએ એણીને સારી કેળવણી આપી હતી. આ બાનુ એટલી તો કાબેલ્યત ધરાવતી હતી કે તેના બાપે મરતી વેળા તેણીને પોતાની જીંદગીમાંથી ૧૦૦ સુનાના સીક્કા શિવાય બીજું કાંઇ વધારે આપ્યું નહોતું. તેણે પોતાની મોટી દોલત બે બેટાઓને વેહેંચી આપી અને કહ્યું કે 'મારી દીકરી પોતાની ખુબસુરતી તથા કમાલીઅતને લીધે એવી સુખી થશે કે મારી

તરફથી કશી દોલતની તેને જરૂર નથી.' પિતાના મરણ પછી આથિનેસાની કાબેલ્યતની એટલી તો જગે જગ તારીફ થવા માંડી કે તેણીના ભાઇઓને તેની ઘણી અદેખાઇ ઉપજવા માંડી અને તેથી તેઓ તેણીને ઘણા હેરાન કરવા લાગાં. આવા જુલમાતને લીધે આ રાંક બાનુ બાપીકું મકાન તજી કોન્સટન્ટીનોપલ ગઇ. આ દસ્તમબોલમાં તેણીની દોસ્તી શેહેનશાહની બેન સાથે થઇ. આ શાહાજાદી પોતાના ભાઈ વતી રાજગાદી ચલાવતી હતી, તેણી આથીનેસાના ગુણોથી ઘણી ખુશી થઇ. પોતાનો ભાઇ જે તે વેળા ૨૧ વર્ષની જુવાન સ્વતંત્ર વયે પુગો હતો તેની સાથે એનાં લગ્ન કરી આપ્યાં. શાહાનશાહ થિઓડોશીઅસ આથીનેસાના સદગુણોપર મોહિત થએલો હતો તેથી તેણે પોતાના ખરા પ્યારથી વડી રાણી બનાવી. વખત જતાં તેણીએ બાપીકો ધરમ તજી ભર્થારનો ધરમ જે ખ્રિસ્તી હતો તે સ્વિકાર્યો, અને પોતાનું આગલું નામ બદલી યુડોશિઆ કરી રાખ્યું.

આથીનેસાને મોટે દરજ્જે ચઢાવ્યા પછી શેહેનશાહની બેહેન પલકેરીયાને હવે અદેખાઇ લાગવા માંડી. તેણીએ પોતાની સત્તા એટલે વેર ભાઈપર ચલાવી કે આથીનેસાને 'આગસ્ટ'નો જે. ખેતાબ મલવો જોઇએ તે તેણીને આપવા દીધો નહિ. પણ જ્યારે આથિનેસાએ એક બેટીનો જનમ આપ્યો ત્યારે તેમની રીત પ્રમાણે તે ખેતાબ તેણીને મલ્યો હતો.

આથિનેસાએ પોતાનો દરજ્જો વધાર્યા પછી પોતાના બેકદર ભાઇઓને દરબારમાં તેડાવી મોટી પદ્દીઓ બક્ષી. તેણી જેવી બુજોર્ગીએ પોંહોચી હતી તે ઉપરથી તેણીએ પોતાનું ધ્યાન કદી ખસાડ્યું નહિ. મેહેલની મોઝમઝા અને આરામનો વખત તે વિદ્યા અભ્યાસ શીખવામાં કાઢતી, તેણી વિદ્યા અભ્યાસ પાછલ ધ્યાન લગાડી, ધર્મ સંબંધી રાજદ્વારી મામલા સંબંધી અને તવારીખને લગતાં ઘણાંજ સંગીન પુસ્તકો રચ્યાં હતાં. તેણીના પુસ્તકોની તે જમાનામાં નહિ પણ પાછલા જમાનામાં ઘણી કદર બુજાઇ હતી. હાલમાં તેના તર્જુમાં જૂદી જૂદી ભાષામાં થયલાં છે.

યુડોશીઆ ઘણી ધર્મચુસ્ત અને સખી હતી. તેણીના એવાં ઉત્તમ ગુણો જોઇ તેણીની નણંદ પલકેરીઆને અદેખાઇ લાગવા માંડી. પલકેરીઆને મક્કરથી તોહમતો જોડવા માંડયા. અને જે જે અમલદાર યૂડોશીઆની તારીફ કરતાં તેઓની ગરદન મરાવી. આવો મામલો જોઇ ભલી આથિનેસાએ જેરૂસલેમની જાત્રાએ જઇ ત્યાં ધર્મના કામમાં વખત પુરો કરવાની રજા પોતાના ભર્થારથી મેળવી જેરૂસલેમ ગઇ, જ્યાં પણ પલકેરીઆએ પોતાનું કપટ ચરીત્ર ચલાવ્યું. પોતાના ભાઇને ઉંધુ સમજાવી યુડોશીઆના બે પરહેજગાર માણસોને મારી નખાવ્યાં. આ પલકેરીયાના દુષ્ટ કામથી યુડોશીઆ ઘણી ક્રોધાયમાન થઈ પેલા નિદાશોને ઠાર કરનાર મારાઓને સખત શિક્ષા કીધી. આથી પલકેરીયાએ ભાઇને ખોટું સમજાવી આથીનેસાનો સઘળો દરજ્જો છીનવી લઇ તેણીને પોતાથી જૂદી કીધી. આ રાણી ત્યાર પછી સંકટો વેઠતી એખલી એકાંત જીંદગી પસાર કરવા લાગી. તેના ભર્થારના મરણ પછી તેની બેટી રોમની રાણી થઇ, પણ તેબી દુશમનોના હાથે કેદ થઇ હતી. આવાં આવાં દુઃખો વેઠી આ રાણી ઈ. સ. ૪૬૦ માં મરણ પામી.

આથીલાએ—આ શુરી ઇઆહુદી રાણીએ જુદાની વંશના 'આહેઝીઆય' નામના જુલમગાર પાદશાહ પાસથી તેનું રાજ્ય છીનવી ઇ. સ. પૂર્વે ૮૪૪ માં ગાદીનશીન થઈ. આ રાણીએ આગલા પાદશાહી ઓલાદના સઘળા નબીરાઓને કાપી નાખી પોતાની સત્તા સ્થાપવાનો વિચાર રાખતી હતી. પણ 'જીહોઆસ' જે એ કુટુંબનું બાળક હતું તેને તેની કાકીએ છુપાવી

રાખ્યાથી, પાછળથી રૈઅતે તેને મદદ કરી જુલમગાર આથીલાએને ઇ. સ. પૂર્વે ૮૭૮ માં કતલ કીધી.

આથૂર—(જૂઓ અંથૂર)

આથોની—એ ખ્રિસ્ટી સેંટોમાંનો પેહલો સેંટ ગણાય છે. એનો જનમ ઇ. સ. ૨૫૧ માં થયો. એણે પોતાની માલ મીલકત ગરીબોને વેંહેંચી આપી એકાંત જીંદગી ગુજારવા માટે જંગલમાં જઇ ગોશ્નિશીન થઇ રહ્યો. એણે એ હાલતમાં ૧૦૫ વર્ષની લાંબી જીંદગી ગુજારી ઇ. સ. ૩૫૬ માં મરણ પામ્યો.

આદધલ દીન અલ્લા—ફાએજ બીન નશર અલ્લાનો એ બેટો હતો. હિ. સ. ૫૫૫ માં એ ગાદીનશીન થયો. આ ખલીફો અલવી ઇસમાયલીઓનો છેલ્લો ખલીફો હતો. એના વખતમાં બળવંત ખ્રિસ્તીઓ મીસર ઉપર ચઢી આવ્યા હતા. તેમના આવવાથી મીસરીઓએ ડરી જઇ સલ્હાની વાત ચલાવી અને દંડ તરીકે ૧૦૦૦૦૦૦ દીનાર આપવાનું ઠેરવી સુલ્હે કીધી. પૈસા વસૂલ કરવા તેઓ શેહેરમાં આવ્યા. આ વાત મીસરના લોકોને સખત લાગી. તેઓએ વિચાર્યું કે સામાવાલા નૂરૂદ્દીન મહમદનો આશ્રય લેવો જેથી નશરાથી બંચાવ થાય. ખલીફા આદધલ દીન અલ્લાના વજીર શાપૂરે એક લાખ દીનાર ખ્રિસ્તીઓને આપ્યા અને બાકીનાને વાસ્તે મુદત માંગી. ખલીફાના હુકમથી તે ફરંગીઓની ફર્યાદ નૂરૂદ્દીન મહમદ આગળ કરવામાં આવી, તેને 'અસલદીન સેરકુની' સરદારી હેઠલ ૮૦૦૦૦ સ્વારોનું મોટું લશકર આપી મીસર તરફ મોકલ્યો, ખ્રિસ્તીઓને આ ખબર મળતાં તેઓ નાહાશી ગયા. શેરકુ હી. સ. ૬૦૪ ના રબીઉલ આખર મહિનામાં મીસર પોંહચ્યો. આદધલ ખલીફાએ તેને વાસ્તે પહેરામણી મોકલી અને વજીરાત આપવાની ખુશ ખબર મોકલી કે આ વાતથી જુનો વજીર શાપૂર નાખુશ થયો. એક દીવસે તે કાંઈ રાજના કામ માટે શેરકુના ઘરની તરફ જતો હતો, તેને માર્ગમાં શેરકુના ભત્રીજા 'અલીજાન અલાઉદીન યુસફ બીન નઝમુલદીન આયુબ' જેની સાથે નૂરૂલદીન મહમદના અમીરોનું એક ટોળું હતું તેઓએ તેને પકડી મારી નાખ્યો. આ ખબર આદધલને મલતાંજ તેણે કાસદ મોકલી તેનું માથું કાપી મંગાવ્યું. શાપૂરના મોત બાદ 'અસલદીન શેકુર વજીર થયો. એ ફકત ૬૫ દીવસ વજીરાત ભોગવી મરણ પામ્યો; એના મરણ પછી અલાઉદીન યુસફને વજીર બનાવ્યો.

અલાઉદીને હિ. સ. ૫૫૭ ના મોહરમના બીજા જુમાને દીવસે આદધલનું નામ ખુતબામાંથી કાઢી 'મુસ્તઝીર નૂર અલ્લા અબાસી'નું નામ આપ્યું.

આ વાત એમ બની કે અલાઉદીન યુસફ ભાઉદીનની મદદથી વજીરાત ઉપર આવ્યો, તેની ખબર નૂરૂલદીન મહમદને પોંહચી ત્યારે તેણે અલાઉદીનને સંદેશો કહેવાડયો કે 'ખુતબા અને દીનદાર ઉપર મુસ્તજીનું નામ લખવું જોઇએ, પણ તેણે તેમ નહિ કરતાં જવાબમાં જણાવ્યું કે મીસરી લોક આ કામથી નાખુશ થઇ બળવો ઉઠાવશે તે બેસાડવો મુશકેલ થશે. આ જવાબ નુરૂલદીન મહમદને પસંદ નહિ પડયાથી લખ્યું કે 'એનો બંદોબસ્ત આસુદીને કરવો. અલાઉદીન ચંત્તામાં પડયો અને રાજ્યના ખાસ સલ્હાકારોની એ વિષે સલ્હા પુછી. કેટલાક એમ બોલ્યા કે આદધલનું નામ ખુતબામાંથી કાઢતાં મીસરના લોકો તુફાન કરશે અને બિજાઓએ કહ્યું કે નૂરૂલદીન મહમદે અમોને અહીં મોકલ્યા છે માટે તેના હુકમને અમે કેમ ઉલટાવ્યે. આ અરસામાં આદધલ ઘણો બેમાર પડયો. એક નજુમીએ કહ્યું કે આ કામની પેહેલ કોઇ કરતું નથી માટે આજ જુમાનો રોજ છે તો હું પોતે મીંબર ઉપર જઇ મુસ્તજીના નામનો ખુતબો પઢું છું. તે 'જામે મશીદ'માં ગયો અને ખતીબની આગળ

મીંબર ઉપર ચઢી મુસ્તજીના નામની દુવા કરી, તેનો કોઇએ ઇનકાર કર્યો ન કર્યો. પછી ખતીબ જુના કાયદા પ્રમાણે ખુતબો પઢયો અને બીજા જુમાને રોજે તે અલાઉદીન યુસુફના હુકમથી આદધલનું નામ ખુતબામાંથી કાઢી મુસ્તજીનું નામ દાખલ કીધું. એજ વખતે આદધલ દીન અલ્લા તા૦ ૧૦ મી મોહરમને દીવસે મરણ પામ્યો.

આદમ—એ નામના પુશકળ અર્થો થયાં છે. ખુદાએ આદમ (રાતી મટોડી) અને હવા (જનમ આપનાર) આ બેઉને બેહેસ્તના બાગમાં પ્રથમ મોકલ્યા. તે બાગમાંથી એક ચોકસ ઝાડનું ફળ ખાવાની તેઓને મનાઇ કરી હતી, તે તેઓએ સેતાનના ફરેબથી લલચાઇ ખાધું હતું. તે ગુન્હા માટે ખુદાએ તેમને બેહેસ્તમાંથી હાંકી કાઢયાં. તેઓ ૧૨૦ વર્ષની જુદાઇ પછી આરાફાત પાહાડ ઉપર એખટા થયા હતા. હવ્વાને પેટે પેહેલું આદમ પેદા થયું. એના વિષેની દંતકથાઓ ઘણી છે. એના સને વિષે ચોકસ નથી, તોપણ ઇ. સ. પૂર્વે ૫૪૧૧ માં એ પેદા થયા હતા એમ હાલના તવારીખ નવેશોનું મત છે. જરથોસ્તીઓના મેહેઆબાદ સાથે એને સરખાવવામાં આવે છે. મેહેઆબાદ આ દુન્યામાં પેહેલો મૂળ પુરૂષ હતો. તેના વંશજોએ ૧૩ પેઢી સુધી રાજ્ય પદ ભોગવ્યું હતું.

આદમખોર—આ નામ મનુષ્યનું ભક્ષ કરનાર જાતોને આપેલું છે. આગલા અમેરીકન ઇંડીયનો અને ચીનના જંગલીઓમાં (હાલમાં પણ) આ રેવાજ ચાલુ છે.

ટેરાડેલફ્યૂગોના રહેવાશીઓને ઠંડીની રૂતૂમાં ખાવાના ઘણા વાખા પડવા માંડે એટલે કુતરા, કોહલાં કરતાં પણ અતી નિરદય બની ઘરડાં ડોસાઓને મારી ખાય છે. ફીજીયન લોકો મનુષ્યની કિંમત હરણ યા મેંઢાથી વધુની ગણતા નથી. સરઅવસરે તેઓ મનુષ્ય ભક્ષ કરે છે. કોઇ વેળા જો રાજાની નાની હોડી પાણીમાં ઉતારવી હોય તો તે હોડીના સૂકાણ ઉપર ૧૦ ઇનસાનોનાં લોહીનો છંટકાવ કરવો પડે છે અને એ રીતે તેઓને તે દહાડે ઉત્તમ સ્વાદીષ્ટ ખાણું મળે છે. તે લોકો મનુષ્યના ભક્ષના શોકીન હતા કે કોઇ પણ સ્વાદીષ્ટ પદાર્થની વાત કરતાં તેને મનુષ્યના ગોસ સાથે સરખાવતા હતા. તેઓને ગોરી ચામડીવાલા મનુષ્યનું ગોસ ગમતું નહિ, કારણ કે તેઓ ઘણી બીડીઓ પિતા હોવાથી તેમના ગોસને તમાકુનો વાસ આવે છે એમ કહેતા. ખલાસીઓને સ્ત્રીનું માસ ઘણું ગમતું, તેમાં તેની જાંગ અને ખુપરાપરના હાથ ઘણા સ્વાદદાર કહેવાતા. દક્ષિણ માહાસાગરમાંના કેટલાક બેટોમાંના આદમખોરોને જુવાંન સ્ત્રીઓના હાથના પંજા બહુ ભાવતા. ન્યૂઝીલેંડમાંના લોકોને પગ બહુ ગમતા હતા. ફીજીયન લોકોના રાજરજવાડાઓમાં મેજબાનીના વખતે મનુષ્યનું ગોસ્ત શ્રેષ્ઠ મિષ્ટાન દાખલ વપરાતું. લઢાઇમાં પણ એજ માસ ઘણું ખરૂં ખવાતું. તેઓના બજારમાં મજબુત ગુલામોને ખાઇ પી મસ્ત બનાવી વેચવામાં આવતા ને તેનો ભક્ષ મોટા પ્રસંગે કરતા. સ્ત્રીઓનું માસ સૌથી શ્રેષ્ઠ હોવાથી તે નહિ ખાવાનો કાયદો કાઢી સ્ત્રી માસને મુક્ત કીધું હતું. ફીજીયન લોકો નર માસ ખાવામાં મોટું માન સમજતા હતા અને 'રાકી રાકી' નો રાજા 'રાઉંડ ઉંડર' કહેતો કે મેં ૯૦૦ મનુષ્યનો ભક્ષ કીધો છે. ઉત્તર અમેરિકામાંના રાતા વર્ણના લોકોમાં એજ રીતનું અભિમાન જણાય છે. જ્યારે કોઇ રાજ્ય સામે લઢાઇમાં જવું પડતું ત્યારે તેઓ શરૂઆતમથી પુકાર મારતા કે "ચાલો તે રાજનું તમામ ખાઇ જઇએ." આ લોકો શત્રુના લોહીની 'કરી' બનાવી દોસ્ત અસનાવેને તેડી પીતા કે જે ચાલ હજી કોઇ કોઈ ઠેકાણે ચાલુ છે.

'બટ ઇન્સ્ટિટ્યૂટ'માં ઈ. સ. ૧૮૬૪ માં 'ચીલકોટન' ઈંડીયન લોકોએ વૉશીંગટનના સાથીઓનું ખૂન કરી તેમના કલેજા

કાપી કાઢી પોતાના લશકરને ખાવા આપ્યાં હતાં. અને એમ સમજ્યા કે ગોરા લોકોના કલેજાંના કટકા કર્યા, માટે હવે તેઓ ધીરજ વિનાના થશે. કેટલાકોએ તે કલેજાં તળી ખાધાં અને બીજાઓએ તેમના લોહીનું શરબત બનાવી પીધું.*

ડાયડોરસ અને સ્ટૂર્યાઓની કારકિર્દીમાં આયરલંડની પ્રજાએ એકમેકને સ્નેહભાવ બતાવવા એકમેકના ઘેરમાંના બેમારોનું ગોસ્ત માંગેલું તવારીખમાં પ્રસિદ્ધ છે. સેંટ જેમોર લખે છે કે "આટીયા કોટી નામે એક સ્કૉચ કોમ છે, તે પોતાનો નિર્વાહ મનુષ્ય મૌસ ઉપર કરે છે." આગળ લખતાં તે કહે છે કે "હું નાહાનો હતો ત્યારે 'ગૉલ'માં રેહેતો હતો. તે વખતે મેં ત્યાં જોયું હતું કે ત્યાંનાં લોકોને ભરવાડની જાંગનું મૌસ ઘણું ભાવતું હતું, અને મોટી મેજબાનીમાં જો ઉંચું પકવાન પીરસવું હોય તો સ્ત્રીઓના તળેલાં સ્થનો ખાસ મુકવામાં આવતાં."

બેકન આદમખોરની જાત વિષે વર્ણન કરે છે કે 'તે લોક નર મૌસને સાધારણ અન્ન કરતાં ઘણા ઉંચા પ્રકારનું પકવાન દાખલ ગણી ખાતા હતાં; કેટલાક આદમખોરોની જાતમાં મનુષ્ય મૌસ એટલું સ્વાદીષ્ટ ગણતા હતા કે, પોતાનાજ જાત ભાઇઓને ચોરી લઇ જઇ તેનું મૌસ ભક્ષ કરતા. પ્યાયુઅન લોકોનો તો એ ધંદોજ છે, કેમકે ટાપ્પુમની બેટમાં જો કોઇ પારકો મનુષ્ય ગયો હોય તો તે જરૂર તેનો ભક્ષ થવાનોજ.

આદમના બેટો—આરાકાનના કિનારાપર અમહર્સ્ટ અને પાગીટનાં બેટો વચ્ચે, અને ભૂખંડથી ૧૦ માઈલપર આ બેટો આવેલાં છે. જમીન રસાળ અને ફળદ્રુપ છે.

આદમ્સપીક—સીલોનમાં આ ઉંચો પર્વત આવેલો છે. આદમ્સપીક સમુદ્રની સપાટીથી ૭૩૫૦ ફીટ ઉંચો છે. આ પર્વતના શિખર પર શિવની પાદુકાઓ છે એમ હિંદુઓ માને છે. બુદ્ધિસ્ટો બુદ્ધની પાદુકા કહે છે. ચીનાઓ 'હો'ની પાદુકા છે એમ કહે છે તેમજ મોહમેદનો તેને આદમની પાદુકા ગણે છે.

આદમ્સબ્રીજ—(રામનો સેતૂ) આ એક સાંકડા પથ્થરના કકડાવાલો દર્યાની વચ્ચેનો માર્ગ છે. એ માનારના આખાતની પાસે ઉત્તરે અને ઉત્તર પૂર્વે આવેલો છે. એના પૂર્વ તરફ રામેશ્વરને જોડે છે. અને બીજે પૂર્વ તરફનો છેડો મનાર બેટના પૂર્વ તરફ સીલોનના કીનારાને મળે છે. ઉત્તર પૂર્વથી પશ્ચિમે એની લંબાઇ ૩૦ માઈલની છે. એ અર્ધો પાણીમાં ને અર્ધો પાણી ઉપર છે. ભરતી વેળા તે ચારથી પાંચ ફીટ પાણીની ઉપર રહે છે. હાલમાં આ તૂતક પૂલ ઉપર સલંગ રેલવે બાંધી હિંદને લોહમાર્ગથી જોડી નાખવાની યોજના ઘડી કાઢી છે.

જ્યારે રામ સીતાને લંકામાં રાવણ પાસથી છોડાવવા અત્રે આવી લાગો, ત્યારે પાણીની ઘણી ઉંડાઇને લીધે તેમનાથી લંકામાં નહિ પોંહચાય એમ હોવાથી, હનૂમાને આસેપાસેના પાહાડો ઉંચકી લાવી થોડા વખત દરમ્યાનમાં આ પૂલ બાંધ્યો હતો. જે ઉપરથી વાનરોનું સૈન્ય લંકા પર ચઢી ગયું ને સીતાને છોડવી લાવ્યા. અહીં મોટા દેવાલયો બાંધેલાં છે. અહીંથી પાણી ભરીને ઘણા જાત્રાળુઓ ગંગા નદી કાંઠે તે પાણી લઇ જઇ તેથી અંગોળ કરે છે. આ પાણી અહીંથી મંગાવવાનું મોટું પુન્ન સમજતા હોવાથી પાણી લાવનાર કવાડીઓની રોજી ઘણી ધીકે છે. આ પાણી લાવનારા ઇંદોર, ગવાલીયર, વડોદરા વગેરે ઠેકાણે ઘણા છે. તેઓ દરેક હાંડા દીઠ રૂ ૧૦૦ થી ઓછું દામ લેતા નથી. કેટલાકો આ પાણી મંગાવી તેને વેચે છે.

આદમીદાન—અથવા ઉમીદાન. આ દસ્તૂર

---

* રઘુનાથ રાવ પેશવાએ દુરાણીને મારી તેનું લોહી પીવા માટે લીધું હતું, પણ રણજીતશીંગે તેને આવી કૃતાથી અટકાવ્યો હતો.

પુરાતમ ઇરિની જમાનામાં મશહૂર થઈ ગયા છે. આ દસ્તૂરના વંશમાં આદર ફરોબગ ફરોખજાદાન આદીદાનના એ પૌત્રનો બેટો.

આદર—એ નામ જરથોસ્તીઓના દાહાડા તથા માસનું છે. ત્રીશ રોજમાંનો નવમો અને બાંરે માસમાંનો નવમો માસ, આ નામ જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે એક ફરેસ્તાનું નામ છે અને તે ફરેસ્તો આતશ ઉપર મવક્કલ છે, અને એટલા માટે નવમાં મહિનાનો નવમો દીવસ એનો પોતાનો છે તે દીવશે પાસિઓના ઘેરમાં ઘેરે ઘેર આતશ ઘણાજ ભપકાથી રોશન રાખવામાં આવે છે, અને આગલા વખતમાં મેજાઈ જરથોસ્તનાં ફરમાન મુજબ આખી શેહેનશાહતનાં તમામ આતશગાહમાં ફરતા હતા અને આતશગાહને અતીશય સણગારવામાં આવતા.

આદર ખોર્દાદ—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે આતશો મધેના એક મોટા કેબલાના આતશનું એ નામ છે. એ આતશનું કામ એ છે કે જ્યારે મનુષ્ય ઉપર કાંઇ આફ્રત યા દુઃખ યા કજા આવી પડે છે ત્યારે તેને એજ આતશથી દીલાસો મળી શકે છે. એ આતશ આફ્રત તથા દુઃખને દફે કરનાર છે, અને નેક ધંધાદારીઓનો મદદગાર છે. માણસોની સારી રીતભાતનો એ ઝરો વહેતો છે તે એ હૂર્વતાત આતશની ખુબીથી છે. એ આદર ખોર્દાદ આતશને પાદશાહ ગુસ્તાસ્પે કેબલા તરીકે તખ્તનશીન કર્યો હતો. આ આતશને કાનગાહ, યા 'કાંગડાં' અથવા ખાર્જમ નામનો પહાડ જે કાબુલની હદમાં આવેલો છે તે ઉપર તખ્તનશીન કર્યા હતા.

આ આતશ દસ્તૂરોની દાનેશી ઉપર મવક્કલ થએલો છે. એના વિષે એવું કહેવાય છે કે, જો એના ઉપર પાણી પડે તો તે બુજાતો નથી, પણ જેમ સાધારણ આતશમાં ઘી અથવા તેલ પડવાથી ભડકું લઇ ઉઠે છે તેમ એ આતશ ઉપર પાણી પડવાથી તે વધારે રોશન થાય છે.

આદર ગુશસ્પ—આ પુરાતમ જાણીતું જરથોસ્તીઓનું આતશકદેહ પોતાની પ્રાચીન તવારીખ આપતું હાલમાં તદન બીસ્માર હાલતમાં ઇરાનના આજરબીજાનના પ્રાંતમાં આવેલા ઉરૂમિયા સરોવર પાસેના ઉશનાઇ પર્વતપર મુસાફરોની નજરે પડે છે. એની તવારીખ એવી છે કે 'પાદશાહ કાઉશના રાજ્યપર તેના પછી ગાદીએ કોણ બેસસે તે વિષે વાંધો ઉઠયો. પાદશાહ વિચારમાં પડયો કે રાજ્ય કોણને આપવું. "જો તે પોતાના છોકરા ફરેબુર્જને આપે તો કેખશરૂ નારાજ થાય કે મારો બાપ મરી ગયો છે તેથી પાદશાહે મને બાપ વગરનો જાણી બાતેલ કીધો છે. જો તે દીકરાના દીકરાને ગાદી આપે છે તો ફરેબુર્જ નારાજ બનેછ કેમકે તે ખુદ પાદશાહનો હૈઆત બેટો હતો.' એનો નિવેડો આણવા માટે પાદશાહે બેઉ શાહાજાદાઓને કહ્યું કે "તમારામાંથી જે કોઇ દઝે બેહમનનો કિલ્લો જીતી લેશે તેને રાજ્યાસન મળશે. આ કિલ્લો જાદુગર મૂર્તિ પૂજકોના તાબામાં હોવાથી તેમના જાદુથી ફરેબુર્જ તે કિલ્લો સર કરી શકયો નહિ. ત્યારે કએખશરૂએ ત્યાં ચઢાઈ કરી. ચઢાઇ વેળા કેખશરૂના ઘોડાની યાળ ઉપર એક આતશ જણાયો તેથી ત્યાં જે અંધકાર હતો તેને જગે રોશની ફેલાઇ અને તે રોશનીની મદદથી દુશમનો ઉપર ફતેહ મેળવી કએખશરૂએ તે ઠેકાણે એક આતશકદેહ બાંધ્યું અને તેનું નામ આદર ગુશસ્પ રાખ્યું. એ નામ આપવાનું કારણ એ કે, જે ગેબી રોશની જનાઇ તે કેખશરૂ ઘોડેસ્વાર હતો તે વેળા ગુશ (કાન) અસ્પ (ઘોડો)ના કાન પાસેથી જણાઇ હતી.

યજદેજર્દના વખતમાં ઈરાનનું રાજ્ય આરબોના હાથમાં ગયા પછી પણ, આ પુરાતમ પવિત્ર આતશકદેહ કાયમ હતું. ઈ. સ. ૮૨૫ માં મોસાય નામે આરબ ગ્રંથકાર આ આતશકદેહ માટે લખી જતાં તેની હાલત આબાદ બતાવે છે; ત્યાર પછી થઈ ગએલા નામીચા તબરીએ પોતાની તવારીખ

ઈ. સ. ૮૧૪ માં લખી તેમાં આ આતશ-કદેહને વિષે એસારો કરી ગયો છે. હાલમાં આ આતશકદેહ બિસ્માર હાલતમાં પડેલું છે. આ આદર ગુશસ્પનું આતશકદેહ વિસ્તારમાં ૬૦ ચોરસ ફીટ છે. તેનું બાંધકામ વર્ષોના વેહેવા સાથ એટલું તો મજબુત થઇ ગયલું છે કે તેની દેવાલો પથ્થર કરતાં પણ ઘણી મજબુત છે. બાહારની દેવાલો ૧૫ ફીટ જાડી છે, અને એક સાંકડો ગુંબજરોકો રસ્તો એમાંથી પસાર થઇ અંદરના આતશના ઓરડાની આસપાસ ફરી વળે છે. આ આતશનો ઓરડો પણ ૧૫ ફીટ જાડી દેવાલથી ટેકાવેલો છે. એનું ગુંબજ અંદરથી ૧૦ પગલાં ચોરસ છે અને હજી તે ધુમાડાથી કાળું થએલું જણાય છે.

આદર ફરોબગ ફરરોખજાદ—એજ ધણી જરથોસ્તી દીનદારોના એક પેશવા તરીકે પ્રસિદ્ધતા પામ્યો હતો. પેહલવી દીનકર્દ ગ્રંથને નવેસરથી એખટી કરનાર એજ ધણી હતો તેમજ આ ગ્રંથનું નામ પણ એવનેજ આપ્યું હતું. શેકન ગુમાની વજારમાં જણાવ્યા મુજબ એવણે જ્યારે દીનકર્દ કેતાબ લખી ત્યારે તેના ૧૦૦૦ બાબ હતા. એ લખાણોનો ઉપયોગ કરવા માટે શેકન ગુમાનીના લખનારે એમનો ઉપકાર માનેલો છે. કારણકે એમના લખાણો વાંચવાથી તે માની R જેવા ફરેબીના લખાણોથી ભોલવાતો બચી ગયો હતો. ગજસ્તે અબાલીસની કેતાબમાં અબાલીસને જે જવાબો આપ્યા છે, તે એમના આપેલા જવાબો છે. એવણે આઈનીન નામનો ગ્રંથ રચ્યો હતો.

આદરબાદ મારેસ્પંદ—આ વિદ્વાન દસ્તૂર સાસાની વંશના ત્રીજા પાદશાહ હોરમજદ ૧ લાનાજ વખતમાં હતા. એવને ઘણાક ગ્રંથો રચી ધર્મની મોત્તિબરી જાળવી હતી; તેમજ પેહેલવી અને પાંજદ ભાષામાં બંદગીઓ રચેલી કહેવાય છે. તે વખતે બિજા ધર્મવાલાઓનું એકીન પવિત્ર જરથોસ્તી ધર્મ ઉપર વળાવવા થકી કહે છે કે એવને ઘણાક મોજેજા કરી બતાવી તેમના મન વળાવ્યાં હતાં. એક સમે પોતાની છાતી ઉપર પીઘલાવેલું સીસું રેડી બતલાવી જરથોસ્તી ધર્મના કલામોની બુલંદી દર્શાવી હતી. પોતાના પુત્રને જે નશીહતો આપી હતી તેનો ગ્રંથ પંદનામે આદરબાદ મારેસ્પંદ' નામનો એક જગપ્રસિદ્ધ છે.

આદરબુર્જીન—એ નામનો અતી ઝલકાટ ભર્યો પવિત્ર આતશ હજરત જરથોસ્તે પ્રથમ જ્યારે પોતાની દીન જાહેર કરવા થકી પાદશાહ ગુશતાસ્પની દરગાહમાં ગયા ત્યારે આ આતશ સાથે લાવ્યા હતા. આ આતશમાં ખુબી એ હતી કે તે વગર બળતણે રોશન રહી સદા ઝલકાટમંદ રોશની આપતો. આ આતશને ખુરાસાનમાં આપેલા 'રેવંદ' નામના પહાડ પર ગુશતાસ્પ પાદશાહે સ્થાપન કીધો હતો. આયજ આતશમાંથી ઇરાનના દરેક આતશકદેહ એક પછી એક રોશન કરવામાં આવ્યાં હતા.

(૨) શાહાનામાં પ્રમાણે આ પહેલવાન ફરામર્જ બીન રૂસતમ જાલનો બેટો હતો. એની માતા હિંદના 'કોહલ' રાજાની બેટી હતી. પાદશાહ બહમન કે જેને જુલમી રાજ્ય ચલાવી જાલેજરના પહેલવાની ખાનદાનનો નાશ કીધો તેને એણે માર્યો હતો.

આદિત્ય—કસ્યપની સ્ત્રીને પેટે આ ૧૨ આદિત્યો જનમીયાં હતા. વરૂણ, સૂર્ય, વેદાંગ, ભાનૂ, ઇંદ્ર, રવી, ગભારીત, યમ, સ્વર્ણરેત, દીવાકર, મિત્ર તથા વિષ્ણું.

***આદિતાલ**—ગાયન કળાનો એક ભેદ. ગાવાના અવાજના જોરનું માપ આ ભેદ ઉપરથી થઈ શકે છે.

આદિનાથ—આ તત્વવેત્તા મહાન યોગી ઋષભ દેવના નામે પ્રસિદ્ધ છે. આ યોગી

R માની નામનો એક ચિતારો શાહાપુર અર્દશીર બાબેગાનના વખતમાં પેગંબરી દાવો કરવા નીકળ્યો હતો. એને માનકીયન નામનો ધર્મ સ્થાપવાથી, બેહેરામ હોરમજદે એને એના ચેલાઓ સાથે કતલ કર્યો હતો. બ. એ. પ.

સ્વયંભૂ વંશના પ્રિયવ્રતના કૂળના નાભી નામના રાજઋષિની મરૂદેવી નામે સ્ત્રીથી અયોધ્યામાં જનમ્યો હતો. વિષ્ણુના ચોવીસ અવતારોમાંનો એ આઠમો અવતાર આત્મજ્ઞાન માટે થયો. જૈન લોકો તેને આદિનાથ કહે છે. અને પોતાના ધર્મનાં પેહલા તીર્થંકર ગણે છે. નાભી રાજાએ આ પુત્રને બાળ વયમાં ઋષિ મૂનિઓ સાથે રાખી, વેદાંત, વેદ, તત્વજ્ઞાન વગૈરેનું શિક્ષણ આપ્યું હતું, તેથી એ ઘણો વિદ્વાન નીવડયો. આદિનાથ યોગ્ય વયે આવતાં નાભી રાજા તેમને રાજ્ય સોંપી પોતાની સ્ત્રી મરૂદેવી સહીત બદ્રીકેદારમાં તપ કરવાને ગયા ત્યારે આદિનાથે પ્રજાનું પાળન કરી ઉત્તમ રીતે રાજ્ય ચલાવ્યું. એણે ૧૦૦ યજ્ઞ સો વાર ફરીથી કર્યાથી ઇંદ્રદેવે કોપાયમાન થઇ તેના રાજ્યમાં મેઘ વૃષ્ટી નહિ કરી, તેથી આદિનાથે પોતાની ચાતૂર્ય બુદ્ધિથી ગમે ત્યારે ગમે તે જગ્યાએ વર્સાદ આવી શકે એવી એક યકિત રચી, તે વતી વર્સાદ પડવા માંડયો. આવી યુકિત જોઇ ઇંદ્રે પ્રસન્ન થઇ પોતાની પુત્રી 'જયંતી' સાથે તેના લગ્ન કરી આપ્યાં. આ સ્ત્રીથી એને ભરત વગેરે બીજા ૧૦૦ પુત્રો થયાં; તેમાં ૮૧ બ્રહ્મકર્મ કરવામાં નીપુણ થયા. બાકીના ૧૯ માંથી ૯ જણાઓ બ્રહ્મવિદ્યામાં નિપૂણ થયા અને બાકીના ૧૦ પોતાની સાથે રાખ્યા હતા. આદિનાથે ઘણા વર્ષો રાજ્ય ગાદી ચલાવી વૃદ્ધ વયે દિક્ષા લઇ વનમાં જવાનો વિચાર કર્યો. પ્રથમ જંબુદ્વિપના ૯ ભાગ માહેલા એક ભાગ 'અજનાભવર્ષ' જે તેના પિતાનું રાજ્ય હતું તેના નવ ખંડ કર્યા અને પાસે રહેલા ભરત, કુશાવર્ત, ઇલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતૂ, ભદ્રસેન, ઈંદ્રસ્પુ, વિદર્ભ અને કીકટ એ દશ પુત્રોના નામ પ્રમાણે એ દરેક ખંડના નામ પાડી એ દરેક પુત્રોને આપ્યાં. શ્રેષ્ટ મધ્યસ્થ ભાગનું ભરતખંડ નામ પાડી એ ભરતને આપ્યો, ત્યારથી આ ખંડનું નામ ભરતખંડ પડયું. પછી આ સર્વ પુત્રોને રાજ્ય સોંપી પોતે પરમહંસ દિક્ષા લઈ વનમાં યોગાભ્યાસ કરવા ચાલી ગયા. પ્રથમ પુત્રોને બ્રહ્માદિક્ષાનો ઉપદેશ કરી દેશે દેશ ફરીને લોકોને દયા, ક્ષમા, શાન્તિ, ભક્તિ, વૈરાગ્ય અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવા ફરતા રહ્યા. એવને શેત્રૂંજના પાહાડ ઉપર તપશ્ચર્યા કરવાથી આ પર્વત અતિ પવિત્ર ગણાય છે. પછી ઉપર પ્રમાણે બધેબધ ફરતા કોકણનાં કર્નાટકના જંગલમાં લાગેલી આગમાં બળી મરણ પામ્યા.

આદિવરાહોપાસક—આ પંથના લોકો હિંદમાં છુટાછવાયાં વસે છે. તેમની વસ્તી જુજ છે. એઓ વરાહનું ચન્હિ ધારણ કરતા હોવાથી તેઓ એ મતના ગણાય છે.

આદું—આ ઘરસંસારી વપરાસની ચીજ ઓષધી ઉપચારમાં પણ ઘણી વપરાય છે. એને સારી જમીનમાં વાવવું પડે છે. વર્સાદનું પાણી ખેતરમાં ભરાઇ જાય તો આદું કોહી જાય છે, તેથી કાળી બેસર જમીન કરતાં તેને કોરડું બેસર વધારે માફક છે. એકર દીઠ ૩૦ ગાડાં ખાતર ને તેટલાજ ગાડાં તળાવનો કીચલ જોઇએ છે. વર્સાદ થતાં સુધી ખેતરમાં નવ વખત હળ તથા કરબડી ફેરવે છે, અને પછી રોપણી થાય છે. ૯ ફીટ લાંબા અને ૪॥ ફીટ પોહળા એવા ખેતરમાં કિત્તાઓ કરી તેમાં આદાંની ગાંઠ જમીનની અંદર ૨ ઇંચ ઉંડાઇએ વાવેછે, ને પછી તેને તરત પાણી પાય છે. તડકો ઘણો લાગે નહિ તે માટે તેના ઉપર ભાત તથા બાજરીનું પરાળ નાખે છે. નવેંબર મહિનામાં ખોદી કાઢવા પેહલાં તેને બાર વાર પાણી પાવામાં તથા ત્રણવાર નીંદવામાં આવે છે. એકરે ૧૭૫ થી ૩૦૦ મણ સુધી આદું ગુજરાતના ખેતરોમાંથી ઉતરે છે. એના ઝાડ એક હાથ ઉંચા વધે છે.

આદાંને સુકવી તેની સુંઠ બનાવે છે. જેટલું આદું હોય તેના ચોથા ભાગ જેટલી

સુંઠ થાય છે. સુંઠનું તેલ કાઢવામાં આવે છે, તે ઘણું ઉપયોગી હોય છે. ચીનમાં એનો મુરબ્બો બનાવવામાં આવે છે, ઇંગલંડમાં સુંઠને દારૂમાં મેળવી તેનો જીંજર વાઇન બનાવે છે, એની મોટી પેદાશ બંગાલ, મદ્રાસ અને જમેકાના બેટોમાં થાય છે.

આદેસ—આ બોલ પહેલવીનો છે જેનો અર્થ આદર થાય છે. જુઓ આદર.'

આધાસીસ—એક જાતનું નજલા જેવું દરદ જેની મૂખ્ય નિશાની એ છે કે કૂપાળ અને આંખની બન્ને બાજુ ઉપરનો ભાગ દુઃખીયા કરેછે. આ દરદ જેઓ હમેશાં ઘણા દીલગીર રેહેતા હોય તથા શરીરે નાતવાન હોય તેમને થાયછે, અને એ થાયછે ત્યારે દીલમાં નબલાઇ આવે છે. તે વખતે માથાનો દુઃખારો પુષ્કળ હોય છે. અને આખા દીવસ કરતાં સાંજે વધારે દુઃખે છે, શરીરની અંદરના ભાગો બગડવાથી એ દરદ થાય છે, મુખ્ય કરીને હોજરી અને કલેજું એ વખતે બગડેલું માલમ પડે છે. એ દરદના ઇલાજ તરીકે આંખને જૂદા જૂદા દેખાવો મળે એમ કરવું, કસરત, લેવી અને ખોરાકમાં ફેરફાર કરવો. ભોજન સાથે જરા જરા શેરીવાઇન લેવો. નીચે લખેલી ગોળીઓ (હોજરી અને કલેજું તંદરોસ્ત થાય ત્યાં સુધી) દહાડાંમાં ત્રણવાર લેવી.

બ્લુપીલ ૧૮ ગ્રેન્સ, રૂબાર્બ પાઉડર ૧૨ ગ્રેન્સ, કાર્બોનેટ ઑવ સોડા ૨૪ ગ્રેન્સ, કવિનાઇન ૯ ગ્રેન્સ આ બધાને સાથે મેળવી ૧૨ ગોળીઓ બનાવવી અને એકેક ગોળી નાસ્તો, બપોરનું ખાવાનું અને રાતના ખાનાની એક કલાક અગાઉ લેવી. પેટ ખુલાસેદાર રાખવા માટે 'હેરોગેત વૉટર અથવા ચેલતેનહેમ વૉટરનો એક દોઝ રોજ લેવો અથવા તો ૮ ઔંસ પાણીમાં બે ડ્રામ એપસમ સોલ્તસ અને બે ડ્રામ ફોસ્ફેત ઑવ સોડા નાખીને દર આંતરે આંતરે લેવું.

આંત્રીકનાન—આ તૈલંગી કવિરાજ આન્હેર નામની કવિયણનો નાનો ભાઇ હતો. એ શૂદ્રના પેટનો હોવા છતાં એને એક રાજાએ ઉછેરી મોટો કરી સારી કેલવણી આપી હતી. એને તામીલ ભાષામાં ઘણાક કવિતાના પુસ્તકો પ્રગટ કર્યા છે.

આન્કોમાર્ક—પીરૂમાં આવેલું આ એક જાણીતું શેહેર છે. આ શેહેર કસ્તમ હાઉસ માટે પ્રસિદ્ધ છે. આ કસ્ટમ હાઉસ ૧૬૦૦૦ ફીટની ઉંચાઇ ઉપર આવેલું છે. કે જેટલી ઉંચાઇએ દુન્યામા કોઈ પણ કસ્ટમ હાઉસ નથી.

આનસુચા—એક જાતનો રોપો. એની જડ રંગના કામમાં આવે છે. એને પીલવાવીયાથી એનો રંગ જાંબુડો થાયછે. ઇંગ્લાંડ, સાઇબિર્યા, સ્પેન અને ટર્કી તથા દક્ષિણ ફ્રાન્સમાં તે પેદા થાયછે.

આનટીગોનન—આ એક સુંદર ગુલાબી ફુલોના વેલાનું નામ છે. વરસાદ અને ઠંડીની મોસમમાં એની ઉપર સુંદર ફુલોનાં ઝુમખાઓ આવે છે. આ વેલો નરમ જમીનપર ઉગે છે.

આનડ્રીઉસેન્ટ—આ ખ્રિસ્તીઓના બીજા સેન્ટપીટરનો ભાઇ હતો, એણે સાઇથીયામાં ખ્રિસ્તી ધર્મસંબંધી વાએજો કીધી હતી. ત્યાંથી એ યુનાનમાં ગયો. યૂનાનમાં 'આકાઇઆ' પ્રાંતના પૂર સત્તાવાલા રૂમી ગવરનર ગીડીસનને વટલાવવાની તજવીજ કરવા જતાં એને ક્રોસ ઉપર ખીલા ઠોકાવીને નહિ, પણ દોરડાં વતી બાંધી ઘણી ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યો હતો.

આન્થરે સૈંટ—આ એક ખનીજ કોયલાની જાત છે. 'વેલ્સ દેશની દક્ષિણે આ પદાર્થ સાધારણ કોયલા સાથે મિશ્ર સ્થિતીમાં મળી આવે છે, તેમજ પેનસિલ્વ્હાનિયા, (અમેરિકા) રશિયા અને આયર્લાંડમાં પણ મળી આવે છે. એનાપર ઝલેહ સારી હોય છે. એ સાધારણ પથ્થર કોયલા કરતાં કઠણ પણ તેથી હલકો હોય છે. એનાથી ખનીજ કોયલા પ્રમાણે હાથ કાળો થતો નથી. એમાં દાહ્ય દ્રવ્ય ઓછું હોવાથી એ જલદી સલગતો નથી, પણ જો એ એક

વખત સળગે છે એટલે પછી તેમાંથી જ્વાળા તથા ધુમાડો ઘણો નીકળે છે. હવાનો સારો પ્રવાહ ભઠ્ઠીમાં છોડીયાથી તેનાથી ઘણી ઉષ્ણતા ઉત્પન્ન થાયછે; પણ તેનો ભુકો થઈ ભઠ્ઠીમાં હવા આવવાનો માર્ગ બંધ થવાનો ભય હોયછે, તેથી વરાળ યંત્ર તથા લોઢું ગાળવાથી ભઠ્ઠીમાં તેનો ઉપયોગ કરી શકાતો નથી. પણ આર્યલાંડમાં ચુનખડી બાળવા અને ધાતુ ગરમ કરવા સારૂ તથા કુંભારોની ભઠ્ઠી માટે એનો ઉપયોગ કરેછે.

સાધારણ કોયલા પ્રમાણે દગડફુલ, શીલાજીત વગેરે કાર્બોન અને હૈડ્રોજન એથી બનેલા સંયુકત દાહ્ય પદાર્થ એમાં હોવાથી આ કોયલો સિસાપેનનાં પથ્થર જેવો શુદ્ધ હોતો નથી. તેના ૧૦૦ ભાગમાં જૂદા જૂદા પદાર્થો મળી આવે છે, તે નીચલા કોષ્ટક ઉપરથી જણાશે.

ઑકસિજન ને નેત્રોજન —	૩ . ૦૩
કાર્બોન—	૯૧ . ૨૦
હૈડ્રોજન—	૨ . ૮૩
રાખ—	૨ . ૯૪
	૧૦૦ . ૦૦

આનથેલમ કૉલેટ—જનમ ફ્રાન્સના 'એન' નામના પ્રાંતમાં ઇ. સ. ૧૭૮૫ માં થયો. એનો પિતા એની બાળવયમાંજ મરણ પામવાથી એના કાકાએ એને કરી લઇ ધર્મગુરૂ તરીકેના પોતાના ધંધાની કેળવણી કેટલાંક વર્ષો વેર રોમ ખાતે આપી. તે ત્યાં ઇટાલ્યન ભાષા ઘણી ઝડપથી શીખ્યો પણ તેને ધરમગુરૂની જીંદગી નહિ ગમવાથી, તેજ વખતથી પોતાના પરાક્રમો તેણે બતાવવા માંડયા, તે એટલે સુધી કે તેની ૫૫ વર્ષની આખી જીંદગીનો પેહેલો અર્ધો ભાગ, બાહોશીભરી ઠગાઇઓ અને એકસરખી રીતે મેળવેલી અસાધરણ ફતેહની કારકિર્દીમાં ગુજર્યો હતો. એની ઠગ કારકિર્દીનો રમુજી એહવાલ જૂદા જૂદા ગ્રંથ રૂપે પ્રસિદ્ધ છે. એની અનેક ઠગાઇઓ પછી છેલ્લે ૧૮૨૦ ના નવેંબરમાં એ સત્તાવાલાઓના હાથમાં સજ્જડ સપડાયો ને કેદખાને પડયો. એનો ઇન્સાફ થતાં એને ૨૦ વર્ષની સખત કેદ ખાનાની સજા કરવામાં આવી હતી. અહીં કેદખાનામાંજ તે ઈ. સ. ૧૮૪૦ માં ૯ મી નવેંબરે મરણ પામ્યો.

આનંદમોહન બોઝ—આ રાજદ્વારી પુરૂષનો જન્મ ઈ. સ. ૧૮૪૭ માં ઉત્તર તરફ આવેલા મીમેનસીંગમાના 'જેસીધી' માં થયો હતો. આનંદમોહનના પિતા પદમાલોચન એક જાગીરદાર તરીકે જાણીતો હતો. આનંદમોહન મીમેનસીંગ ખાતેની નીશાળમાં ૬ વર્ષની વયે દાખલ થઇ બચપણથી વિદ્યા અભ્યાસ તરફ લક્ષ આપી અસાધારણ ચપળતા બતલાવી ૧૮૬૨ માં યુનવ્હરસીટીમાં દાખલ થવાની પેહેલા વિભાગની પરિક્ષા પસાર કરી, ૧૮૬૩ માં કલકત્તાની કૉલેજમાં દાખલ થઇ ૧૮૬૮ માં એમ. એ.ની ડીગ્રી મેળવી. ૧૮૬૯ માં પ્રેમચંદ રાયચંદે સ્થાપેલું ઇનામ હરીફાઈ વચ્ચે મેળવ્યું હતું. ૧૮૭૦ માં ઇંગલાંડમાં 'ઇંડયન સોસાયટી સ્થાપી હતી. ૧૮૭૪ ના ડીસેંબરમાં હિંદુસ્થાનમાં પાછા ફરી ૧૮૭૫ માં 'કલકત્તા સ્ટુડંટસ એસોસિએશન' નું મંડળ સ્થાપન કર્યું હતું. ૧૮૭૬ માં બંગાળમાં છોકરીઓને ઉંચી કેળવણી આપવા સારૂ એક બોર્ડીંગ સ્કુલ સ્થાપન કરી હતી. ૧૮૭૭ માં કલકત્તા યૂનિવ્હરસીટીના ફેલો તરીકે ચુંટી કાઢવામાં આવ્યો હતો. મી૦ આનંદમોહને ઇંડીયન આસોસિએશન' નામનું કલકત્તામાં એક રાજદ્વારી મંડલ સ્થાપવામાં આવ્યું તેમાં આગેવાની ભર્યો ભાગ લઇ હાલમાં તેના પ્રમુખ તરીકે કામ કરે છે. મી૦ આનંદમોહને ૧૮૯૭ માં એક સીટીકૉલેજ સ્થાપન કરી હતી. તેમજ ૧૮૯૭ માં ઇંગલાંડની મુલાકાત લઇ ૧૮૯૮ ના સપટેંબરમાં કલકત્તે પાછા ફર્યા ત્યારે પ્રજા તરફથી ભારે આવકાર મળ્યો હતો કેમકે ઇંગ-

લાંડમાં આનંદમોહન બોઝે હિંદુસ્થાન સંબંધી કેટલાક કામેલ્યત ભર્યા ભાષણો કરી ઇંગલાંડની પ્રજા તરફથી અસાધારણ માન મેળવ્યું હતું. ૧૮૯૮ ની મદ્રાસ ખાતેની ૧૪ મી કૅાંગ્રેસમાં પ્રમુખપદ મેળવ્યું હતું. બંગાલની ધારા સભામાં બે વાર બેઠક મેળવી પ્રજા ઉપયોગી કામો બજાવ્યાં હતાં. હાલમાં આનંદમોહન બોઝ પ્રજા ઉપયોગી કામો બજાવતાં રહી સ્ત્રીકેળવણી તરફ વધુ લક્ષ આપે છે.

આનન્દપૂર—આ ગામ સતારાની જાગીરોમાંનું જુટના દેશી રાજ્યમાં આવેલું છે. વસ્તી નાની ને જમીન ફળદ્રૂપ છે. સતારાની દક્ષિણ પૂર્વે ૮૯ માઇલપર છે.

આનન્દ ભૈરવ—દેશી સંગીત શાસ્ત્રમાંની એક રાગણી. એનો ગાવાનો વખત બામદાદના ૪ વાગેથી સહવારે ૮ વાગા વેરનો છે.

આનન્દ સંપ્રદાય—આ પંથ રામાનન્દ સ્વામીએ સ્થાપ્યો હતો. આ મત રામાનૂજના મતને મળતોજ છે. તેનું નામ રામાનન્દી હતું. આ મતના હજારો વૈરાગીઓ હિંદમાં વસે છે. કબીરે પોતાનો પંથ આનન્દ સંપ્રદાયની મદદથી રચ્યો હતો.

આનન્દાચાર્લૂ સી. આઇ. ઇ. ઓનરેબલ—જનમ ઇ. સ. ૧૮૪૫ માં મદ્રાસમાં આવેલા ચીતૂર ગામમાં થયો. એમના પિતા ૧૮૫૭માં મરણ પામ્યા. તે વેળા એની વય ૧૨ વર્ષની હતી. પણ એની માતાએ એમને મદ્રાસની 'પાચ્છાપા મુદીલીયરે' સ્થાપન કરેલી શાળામાં અભ્યાસ કરવા બેસાડ્યા. આ નિશાળમાં પોતાની ભાષા તેમજ ઇંગ્રેજીનો સારો અભ્યાસ કર્યો. તે વેળાની સ્મૉલ કૉઝ કોર્ટના જડજ મી૦ રંગનાદમ શાસ્ત્રી એના પિતાના મીત્ર હોવાથી એમની કેલવણી ઉપર ખાસ કરી વધારે ધ્યાન આપી વારંવાર એમને સારી સલહા આપતા હતા. ઉપલી નિશાળમાં અભ્યાસ પૂરો કરી 'પ્રેસીડન્સી કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો, અને અહીં સારો અભ્યાસ કરતા જઇ મદ્રાસની યુનિવ્હરસિટીના ગ્રાજ્યુએટની ડીગ્રી મેળવી; અહીંથી પચ્છાપાની પાઠશાળામાં શિક્ષક દાખલ રહી ખાનગી રીતે કાયદાનો અભ્યાસ જારી રાખી ઇ. સ. ૧૮૬૯ માં 'બેચલર ઑફ લૉ'નું પદ મેળવ્યું. ત્યાર પછી મદ્રાસની હાઇ કોર્ટમાં વકીલાતપણું ચલાવતા રહીં પ્રજા લાભના અનેક કામોમાં ભાગ લેવાનું જારી રાખી, પ્રસિદ્ધતા મેળવી, ૧૮૭૪ માં મદ્રાસની ધારા સભામાં મ્યુનિસીપાલીટીના સંબંધમાં એક બીલ આવ્યું હતું, તે સાર્વજનીક હીતથી ઉલટું હોવાથી તેની સામે એક ગંજાવર સભા ભરવામાં આવી હતી, તેમાં અછી છટાથી ભાષણ આપી પોતાની કીર્તિનો પ્રકાશ પ્રકાવ્યો. વર્ષો થયાં ત્યાંની મ્યુનિસીપાલીટીના કમીશનરનો એવણ ઓધ્ધો ભોગવે છે. ઇ. સ. ૧૮૮૫ માં ઇંડીયન નેશનલ કૅાંગ્રેસ સ્થાપન થઇ, તે સભામાં એવણ પ્રમૂખ હતા. ૧૮૮૭ માં ઉપલી સભાની બેઠક કરવામાં આવી હતી, તે સમે ત્યાંની 'રીસેપશન કમીટીના' એક સેક્રેટરી તરીકે હતા. ૧૮૯૧ માં નાગપૂરમાં ભરાયલી કૉંગ્રેસ વેળા પ્રમૂખનું મહાનપદ મેળવ્યું હતું.

આનન્દીબાઇ—આ બાઇ રાઘોબાદાદાની સ્ત્રી હતી. રાઘોબાદાદા નારાયણરાવ પેશવાનો કાકો હતો. આનન્દીબાઇ પોતાના ભર્થારને પેશવાની ગાદીપર જોવા ઇચ્છથી હોવાથી તેણીએ પોતાનો ભત્રીજો નારાયણરાવ જે તે વેળા પેશવા હતો તેનો આંકો લાવવાનો વિચાર કર્યો.

આ દુષ્ટ સ્ત્રીએ તેથી પ્રપંચ કરી પોતાના પતી રાઘોબાદાદાને ઉંધું ચતું સમજાવી એવી રીતે લખાવી લીધું કે नारायणरावाला धरा આ વાક્યમાંના ધ નો मा કરી નાખી તે લેખનો અર્થ ઉલટાવી નાખ્યો. આ હોકમનામું પોતાના વીશવાસુ સૂમેરસીંગ, ગુલાબસીંગ, મહમદ યુસુફ અને ખરકસીંગ નામે સીપાઇઓને આપી નારાયણરાવને ઇ. સ. ૧૭૭૩ માં ૩૦ મી આગસ્ટે મારી નખાવ્યો.

આ કામ કરાવ્યા પછી તેણી પોતાની નેમમાં નિશફળ નીવડી હતી. કારણ કે જે વેળા નારાયણરાવ મરણ પામ્યો તે વેળા તેની સ્ત્રી ગર્ભવંતી હતી. નાનાફડનવીશે આ સ્ત્રીને પુરંધર લઇ જઇ રાખી અને ત્યાં તે બાઇએ એક પુત્રનો જન્મ આપ્યો, તે સવાઇ માધવરાવને નામે પ્રસિદ્ધ થઇ ગયો છે. ભત્રીજાના ખુનમાં રાઘોબાદાદાનો હાંથ હોવાથી સાબેતી મળ્યા પછી તેને જન્મ સુધી 'કોપર' ગામના કિલ્લામાં કેદ રાખવામાં આવ્યો. તે પછી આ દુષ્ટ આનન્દીબાઇને રાઘોબાદાદાના મોતબાદ આનન્દવલ્લી નામે નાશક પાસેના ગામમાં કેદ કરવામાં આવી. સેવટે આ સ્ત્રી આપઘાત કરી મરણ પામી હતી.

ડૉ૦ આનન્દીબાઇ જોશી—એનો જનમ પુનામાં તા૦ ૩૧ મી માર્ચ ૧૮૬૫ માં થયો. તેણીનો બાપ અમરીતેશ્વર જોશી કલ્યાણીનો મોટો જાગીરદાર હતો. તે પોતાની એક સગી ગંગાબાઇ જોશી સાથે પરણ્યો હતો, જેણીનો બાપ અને કાકો પુનામાંજ રેહેતા હતા.

આનન્દીબાઇના બચપણના દીવસો બાપ અને બપાવાના ઘરમાં સુખથી પસાર થયાં હતાં, જે બેઉ ઘરોમાં તેણી ઘણી માનીતી હતી, અને નાનપણથીજ હુશીયારીના ચિન્હો દેખાડતી આવી હતી. જ્યારે તેણી પાંચ વર્ષની થઇ ત્યારે તેણીના કુટુંબમાં એક જુવાન માણસના આવવાથી વધારો થયો. તેબી જોશીના ખાનદાનનો હતો અને તેનું નામ ગોપાળ વિનાયક જોશી હતું. તે ગવર્નમેંટ પોસ્ટ ઑફીસનો એક કલાર્ક હતો અને તેણે સારી કેલવણી લીધેલી હતી. તેને આનન્દીબાઇ સાથે ઘણું સારૂં હતું, તેમજ તેણીની શીખવાની હોંશ જોઇ તેણીને સંસ્કૃત શીખવવાનું તેણે માથે લીધું એ પ્રમાણે ૩ વર્ષ સુધી શીખવાતું ચાલુ કીધું. આ મુદત દરમ્યાન આનન્દીબાઇ ગોપાળ જોશી સાથે અદરાઇ હતી.

જોશીની અલીબાગ બદલી થયા પછી તે ૧૮૭૪ ની ૩૧ મીને દીને આનન્દીબાઈ સાથે પરણ્યો. લગન પછી આ જુવાન જોડું કચ્છ ગયું, જ્યાં ગોપાલરાવને પોસ્ટ માસ્તરની જગ્યા મળી. અહીં ઇ. સ. ૧૮૭૮ માં તેણીએ એક બાળકનો જન્મ આપ્યો પણ તે થોડાજ દિવસ જીવવા પામ્યું. જોકે તે દુઃખી માતા કહેતી હતી કે "જો ડૉકતરોની બરાબર સલ્હા મળી હતે તો તે જરૂર જીવતે, અને ત્યાર પછી તેણીએ ધાર્યું કે હિંદુસ્થાનમાં સ્ત્રી ડૉકટરોની ઘણી જરૂર છે. અને બની શકે તેટલાં વઇદાનો અભ્યાસ કરી પોતાની બેહેનપણીઓનું દુઃખ ઓછું કરવાને તેણીએ ઠરાવ કીધો.

જોશીએ ઉપલા વિચારો સામે સેહેજબી વાંધો લીધો નહિ પણ ઉલટું તેને આગળ વધારવાને પોતાથી બની શકે તેટલું કીધું, અને છેલ્લે તેણીની સાથે અમેરિકા જવા કબુલ કીધું. આવી મતલબથી ગોપાલ જોશીએ અમેરિકાના એક મીશીનરી પેપરના અધિપતિ ઉપર કાગળ લખી પોતાને તેમજ પોતાની બૈરી માટે કાંઇ મદદ માંગી. દેખઇતી રીતે તે કાગળે અમેરિકનો ઉપર કાંઇ ઘણી અસર કીધી નહિ અને ગોપાલને કાંઇ પણ મદદ કરવાને ના પાડી. એવું બન્યું કે જે ચોપાન્યામાં આએ કાગળ છાપવામાં આવ્યું હતું તે મીસીસ કારપેંટરના હાથમાં આવ્યું, જેણીએ એક હિંદુ સ્ત્રીને કેલવણી માટે આજુજી કરતી જોઇને દયા લાવી આનન્દીબાઇ પર એક પત્ર લખ્યો.

ઇ. સ. ૧૮૮૧ માં ગોપાલ જોશીની બદલી કલકત્તે થઈ પણ અત્રે તેઓ સુખ ચેનથી રહી શક્યા નાહ. કલકત્તાની હવા તેમને સદી નહિ. જ્યારે તેઓને લાયકનું ખાવાનું મેલવવાની ઘણી મેહેનત પડી હતી. થોડી મુદત પછી ગોપાલની બદલી બરાકપૂર અને પછી સેરામપૂર થઇ. આ બધો વખત થયા આનન્દીબાઇ જોશી મીસીસ કારપેંટર સાથે પત્રવ્યવ્હાર ચલાવતી હતી. જેણી પોતાથી બની શકે તેટલી ગોઠવણ તેણીને

અમેરિકા મોકલવા માટે કરતી હતી. એવું ઠેઠવવામાં આવ્યું કે ગોપાલને અમેરિકા જવાનું કાંઇ કારણ નહોતું અને તેથી હિંદમાંજ રહી પોતાનો ધંદો કરી તે તેણીને ઘણી મદદ કરી શકશે.

છેલ્લે પૈસાની તેમજ બીજી ગોઠવણો થઇ, મીશીનરી દોસ્તોની મદદથી તેણીનો એક સાથી શોધી કાઢવામાં આવ્યો અને તેણીની જરૂરીયાત માટે પુરતું નાણું એખટું કરવામાં આવ્યું. કલકત્તામાં પોસ્ટ માસ્તર જનરલ મી૦ જેમ્સ અને કેટલાક આગેવાન ઇંગ્રેજોએ એક ઉઘરાણું કીધું અને તેમાં તેણીએ પોતાના બાપ તરફથી મળેલા કેટલાક ઝવેરાતો વેચી ઉમેરો કીધો.

બાહાદુર તોપણ દુઃખી હૈડાં સાથે ઇ. સ. ૧૮૮૩ ની ૭ મી એપ્રેલે તેણી કલકત્તેથી ઇંગ્લાંડ જવા ઉપડી, જ્યાં થોડો વખત થોભીને તેણી અમેરિકાનાં ન્યૂયાર્ક શેહેરમાં તા૦ ૪ થી જુને જઇ પુગી; તેણીને મીસીસ કારપેંટરે સારો આવકાર આપ્યો અને તેણીને 'રોસેલના' ઘરમાં લઇ જઇ રાખી.

ઇ. સ. ૧૮૮૩ ના ચોમાસામાં વૈદાનો અભ્યાસ કરવા તેણીએ શરૂ કીધો. ન્યૂયાર્કની 'હોમ્યો પેઠેક' કૉલેજે તેણીને સ્કૉલરશીપ આપવા માંગી. પણ લાંબો વિચાર કીધા પછી એવું ઠરાવવામાં આવ્યું કે ફીલાડેલફીયાની બાનુઓની વૈદાની કૉલેજમાં ચાર વર્ષનો લાગટ અભ્યાસ કીધામાં તેણીને સૌથી ઘણો ફાયદો થશે. મીસીસ કારપેંટરે તેણીને ફીલાડેલફીયા લઇ જઇ તે કૉલેજના વડા ડાકતર રેચલ બોડલી સાથે ઓળખાણ કરાવી. જેવને તેણીના કામમાં ઘણી દીલસોજી બતાવી અને તેણીના સૌથી કિમતી દોસ્તોમાંના એક બન્યા. ડૉકટર બોડલીએ પોતાના ઘરમાં તેણીના માનમાં એક પાર્ટી આપી હતી. જ્યારે તેણીએ પોતાના દેશી પોશાખ અને ઝવેરાતથી ઘણી અજાયબી ઉશ્કેરી હતી. તેજ વર્ષના અકટોબર મહિનામાં કૉલેજની મેત્રીકયુલેશનની પરીક્ષા તેણીએ પસાર કીધી અને ત્યાર પછી પોતાના વૈદાના અભ્યાસ માટે તેણીએ મેહેનત અને ખંત ચાલુ રાખી. અને કેટલીક વખતે દિવસના ૧૫ થી ૧૬ કલાક સુધી કામ કરવા માંડયું. તે કાંઇ સેહેલ કામ નહોતું તેથી સખત ઋતૂ અને અતી મેહેનતે તેણીની તનદરોસ્તી ઉપર માઠી અસર કીધી. ઇ. સ. ૧૮૮૪ ના ફેબ્રુવારી મહિનામાં બાકીનો સઘળો વખત તેણી માંદીજ ચાલ્યા કીધી.

ઇ. સ. ૧૮૮૪ ના વસંત ઋતૂમાં આનન્દીબાઇને બાળ લગ્ન ઉપર મિશીનરી સોસાયટી આગળ એક ભાષણ આપવા કહેવામાં આવ્યું, પણ તેણીના સાંભળનારાઓને તે રેવાજની તરફેણમાં પોતાના વિચારો જણાવ્યાથી તેઓને અજબ તેમજ નાસીપાસ કીધાં. તેણીના આએ ભાપણે તેણીની વીરૂધ ઘણા લોકોને ઉશકેર્યાં, અને ઘણા લોકોની દીલસોજીમાંથી તેણી દુર થઇ હતી.

ઇ. સ. ૧૮૮૫ માં ગોપાળરાવ જોશી અમેરિકા જઇ પુગો, પણ તેનું આવવું તેણીના દોસ્તો ધારતા હતાં તેમ તેની સ્ત્રીને એક બોજા સમાન થઇ પડયું. ઇ. સ. ૧૮૮૬ ની તા૦ ૧૧ મી માર્ચે આંનન્દીબાઇએ ફીલાડેલફીયામાં ડૉકટર ઑફ મેડીશીનની પદ્દિ મેળવી. નજરે જોનારાઓને તે દેખાવ ઘણો છક કરી નાખનારો હતો. આ વેળા એક ઝલકાટ આપનારી અને ઉપયોગી જીંદગી આએ બાહાદુર અને સહનશીળ સ્ત્રીની સામે છે, એવું સર્વેને લાગતું હતું, અને જે વખાણો મુબારકબાદીઓ અને ભેટોનો વર્સાદ તેણી ઉપર આવી પડયો હતો, તે તેણીની ઘણી ભરૂસેદાર ફતહેના ચિન્હો દેખાડતાં હતાં, પણ તેમ બન્યું નહિ. આનન્દીબાઇની તબીયત ઘણી નબળી હતી પણ ભર્થારના આવ્યા પછી તેણી વધુ નબળી પડી, તેણીનાં ફેફસાંને આ વેળા સર્દી લાગુ પડી હતી. તેણીની ધારણા ઇંગ્લાંડની સ્ત્રીઓ અને બચ્ચાંની ઇસ્પીતા-

લમાં અને ન્યૂયૉર્કની બ્લેકની ઇસ્પીતાલમાં થોડો વખત સુધી કામ કરવાની હતી. પણ કોલ્હાપુરની નવી આલબર્ટ ઇસ્પીતાલમાં રેસીડંટ ફીઝીશીઅનની જગા તેણીને આપવાની માંગણી કરવામાં આવ્યાથી ઉપલો વિચાર તેણીએ માંડી વાલ્યો. મહિને દહાડે ૩૦૦ ના પગાર સાથે ખાનગી કામ કરવાની તેણીને રજા આપવામાં આવી અને રૂ ૫૦૦ સુધી પગાર વધારવાની કબુલાત તેઓએ આપવાથી લાંબો વિચાર કરીને આનન્દીબાઇએ તે માંગણી કબુલ રાખી.

છેલ્લી ગોઠવણ પુરી થાય તેની આગમજ આનન્દીબાઇ ધાસ્તીભરી હાલતમાં માંદી પડી અને સઘળાઓને માલમ પડયું કે ખહીના બુરા મરજે તેણી ઉપર હુમલો કીધો હતો અને ઘણી સંભાળ લેવા છતાંબી તેણીથી ઘણા મહિના જીવી શકાશે નહિ. દુઃખી હૈડાંઓ સાથે તેણીના અમેરીકન દોસ્તોએ તેણીને છેલ્લી સલામ કીધી. તેણી વર સાથે અકટોબરમાં ન્યૂયૉર્કથી ઉપડી એક દુઃખભરી સફર પછી મુંબઈ આવ્યાં, જ્યાં દરેક જાતનાં લોકોએ તેણીને માનથી આવકાર આપ્યો.

થોડા વખત સુધી તેણી મુંબઇમાં રહી, જેથી સારા ડૉકટરોની સલાહ તેણી મેળવી શકે, પણ ડૉકટરો તેણીનું સારૂં કરવા નિષ્ફળ થયા પણ કદાચ તેણીની જન્મભૂમિની હવા તેણીને ફાયદો કરશે, એવા વિચારથી તેણીને પુને લઈ જવામાં આવી. ત્યાં જે ઘરમાં તેણીએ જન્મ લીધો હતો, તે ઘરમાં આનન્દીબાઈ જોશીએ પોતાની જીંદગીના છેલ્લા અઠવાડીયાંઓ પસાર કીધાં પણ દરરોજ વધારે ને વધારે આનન્દીબાઇની હાલત ખરાબ થતી ચાલી, તેણીનું દુઃખ ભયંકર હતું પણ ફર્યાદ અથવા અધીરાઇનો એકબી શબ્દ બોલ્યા વગર અને વળી ખુશ મીજાજથી તેણી સઘળું ખમતી હતી, જે તેણીની આસપાસનાઓને તાજુબ બનાવતું હતું. ઇ. સ. ૧૮૮૭ ની ૨૭ મી ફેબ્રુઆરીએ તેણીનાં દુઃખનો છેડો આવ્યો. અને તે જુવાન હિંદુ સ્ત્રીનો બાહાદુર અને સહનશીળ આત્મા તેણીના દુઃખી દીલમાંથી છુટો થયો.

તેણીને અગ્નિદાહ કીધા પછી તે રાખ ગંગા નદીને સંપૂરદ કરવાને બદલે તેણીના ભરતારે તે એખટી કરી અમેરિકામાં દાટવા મોકલી હતી.

આનદોરા—આ નાનું પ્રજાસત્તાક રાજ્ય ફ્રાન્સ અને સ્પેન એ બે દેશોની વચ્ચે પીરીનીઝના પર્વતો મધે આવેલું છે. એ નાનું છતાં સ્વતંત્ર છે. તે પોતાનું આપઅખત્યારપણું લગભગ ૧૧૦૦ વર્ષો થયાં જાળવી રાખતું આવ્યું છે. તેઓ દર વર્ષે ૯૬૦ ફ્રાન્ક ફ્રેન્ચ સરકારને તથા ૪૮૦ ફ્રાન્ક ઉરજલનાં વડા ધર્મ ગુરૂને આપે છે. ત્યાંની પાર્લામેંટમાં ૨૪ સભાસદો બેસે છે. પ્રેસીડંટનો વાર્ષીક નામનો લવાજમ ફક્ત ૩ પાઉંડનો છે.

આનહાલ્ટ—આ દેશની ચારે દિશાએ ડચી, પ્રૂશિયા અને બ્રન્ઝીક આવેલાં છે. એનું ક્ષેત્રફળ ૮૭૦ ચોરસ માઇલનું છે. વસ્તી ૨૩૦,૦૦૦ ની છે. અત્રેના રહેવાશીઓનો મોટો ભાગ લ્યુથરના પંથનો છે. એની પશ્ચિમ તરફનો ભાગ હાર્ઝ પર્વતથી ઘેરાયલો છે. આ ભાગ શિવાય બીજા બાકીના ભાગો સપાટ છે અને તેમાંથી અલ્બ, મ્યુલડે, અને સૅાલ નામની નદીઓ વહે છે. એમાં આવેલાં મુખ્ય શેહેરો ડેસા (વસ્તી ૨૮૦૦૦) કોથેન, નિમ્બર્ગ, ઝર્વસ્ટ, વન્વર્ગ, વાલેન્સ્ટેટ, હાર્ઝગીરોડ અને કાસ્વિગ વગેરે છે. અહીં ઉત્તપન થતાં મુખ્ય પદાર્થોમાં બીટ નામના કાંદા, બટાટા, ફળો અને ઈમારતી લાકડાંના વૃક્ષો છે. અહીં ખનીજ પદાર્થોની ઘણી ખાણો છે. તેમાં રૂપું (૩૨૦૦૦ ઔંસ,) લોખંડ, કોયલો, (૬૦૦,૦૦૦ ટન) અને મીઠું (૫૦૦,૦૦૦ ટન) નીકળે છે. અહીં દૂનરના અનેક કારખાનાઓ છે, તથા ૩૬ ખાંડનાં કારખાનાઓ છે.

આના લીટીશીઆ બારબોલ્ડ—જનમ ઇ. સ. ૧૭૪૩ માં થયો હતો. એણીનો પિતા નિશાળમાં માસ્તર હતો. તેને આનાને પોતાની તકેદારી તળે સારી કેલવણી આપી હતી. ૧૭૭૩ માં તેણીએ પેહેલવેહેલો પરચુટણ કવિતાનો ગ્રંથ રચી પ્રગટ કીધો. આ કવીતાનો ગ્રંથ એટલો તો લોકપ્રીય થઇ પડયો હતો કે એક વર્ષમાં તેની ચાર આવૃતિઓ પ્રગટ કરવી પડી હતી. તેજ વર્ષમાં બીજો એક કવિતાનો ગ્રંથ પ્રગટ કર્યો. ૧૭૭૪ માં રોશનાટ બારબોલ્ડ સાથે લગ્ન થયાં હતાં. મી૦ રોશનાટ સ્કોર પ્રાંતના પાલગ્રેવ્હની નિશાલમાં માસ્તર હતો. ૧૭૫૫ માં આનાએ નીતિ તથા ધર્મ ઉપર એક ગ્રંથ રચ્યો. ૧૭૮૫ માં પોતાના ભર્થાર સાથે મુસાફરી કરી આવી હેમ્પસ્ટેઅરમાં જઇ વસ્યાં. ત્યાં જઇ વસ્યા પછી તે વખતની રાજદ્વારી બાબદો ઉપર ચોપાનીયાઓ પ્રગટ કર્યાં હતાં. ઇવીનીંગએટ હોમ નામનો રસીક ગ્રંથ એનો પિતા રચતો હતો તેમાં એણીએ સારી મદદ આપી. ૧૮૦૨ ના વર્ષમાં એના ભર્થારને લંડનની પડોસમાં એક ધર્મગુરૂની જગા મલી. ત્યાં પણ એણીએ ઘણાંક નીબંધોના ગ્રંથો રચી પ્રગટ કર્યાં હતાં. ત્યાર પછી રીચર્ડસન નામના વાર્તા લખનારનું જન્મ વૃતાંત તેના કાગળપત્રો સહીત પ્રગટ કીધું. એણીનો ભરતાર ઈ. સ. ૧૮૦૮ માં મરણ પામ્યા પછી પણ એણીએ જૂદી જૂદી વાર્તાના ગ્રંથો લખી પ્રગટ કર્યાં હતાં. મરણ ઇ. સ. ૧૮૨૫ થી ૯ મી માર્ચે નીપજ્યું.

આનિબ્લેસ—દક્ષિણ અમેરિકાના ‘ગાયના’ ના મુલકમાં આ નામની એક વિચીત્ર માછળી પેદા થાય છે. તેની બેઉ આંખોમાં એક ઉપર અને એક નીચે મળીને બબે કિકીઓ હોય છે. તે જ્યારે તરતી હોય છે ત્યારે ઉપલી કિકી તે પાણીની બહાર ઉઘાડી રાખે છે. એની ઉત્પન્તિ ગાયનામાં મોટી થાય છે.

આનીબિસાંટ—(જુઓ એનીબિઝાંટ.)

આપગ્ગા—આ કવિએણ પ્રસિદ્ધ આવ્હેરની બેહેન. એ પોતાની બેહેન જેવી વિદ્વાન હતી. એણીનો જન્મ આર્કાટ પ્રાંતમાં ઉટકાંડુ નામના ગામડામાં થયો હતો. એણીને એક ધોબીની સ્ત્રીએ ઉછેરી મોટી કરી હતી. એણે ‘નીતિપાતળ’ નામે નીતિશાસ્ત્રપર એક ગ્રંથ રચ્યો હતો.

આપઘાત—આત્મઘાત-આત્મહંત્યા. માણસો યા જાનવરો પોતાથી દુઃખ નહિ સહન થઇ શકે ત્યારેજ આપઘાત કરે છે. આપઘાત કરવાનો રેવાજ કયારથી પડયો તે ચોકસ નથી, તો પણ ઇતિહાસ તેની થોડીક વીગતો પુરી પાડે છે. આત્મઘાત કરવાનો રેવાજ આર્યજનો ભર્તખંડમાં આવી વસ્યા ત્યારે તેઓમાં માનતા દાખલ વેહેમને લીધે ચાલુ હતો. પણ ત્યાર પછી રાજાઓએ કાઢેલા કાયદાઓને લીધે એવા બનાવ જૂજ બનતા હતા, તોપણ ભાટ ચારણોમાં આ રેવાજ સત્તરમી સદી સુધી સાધારણ હતો. પોતાને અપમાન થતાં અપમાન કરનારને બારણે તેઓ ઘણીજ ક્રૂરતાથી આપઘાત કરી પોતાનું વેર લેતા હતા, તેને તેઓ ‘ત્રાગા’ કહેતા. યાહૂદી લોકોની તવારીખ જે દુન્યામાં ઘણી પુરાણી મનાય છે-તેઓમાં પેહેલવેહેલો આપઘાત ‘સેમસન’ નામના પુરૂષે ઈ. સ. પૂર્વે ૧૦૫૫ માં કર્યો હતો. યૂનાની તથા રોમન ફીલસુફો આપઘાતને એક મોટો ગુન્હા સમજતાં હતાં અને તેટલા માટે જે હાથે એ કર્મ કર્યું હોય તે હાથને શરીરના બીજા ભાગોથી અલાહેદો બાળતા હતા.

રોમન શેહેરોમાં ઘણી એક મુદત સુધી આપઘાતનો એક પણ દાખલો બન્યો નહોતો. પણ ત્યાર પછી ટારકિવનના રાજ્યમાં લશકરી સીપાઈઓને રસ્તાની ગટર બનાવવાનો હૂકમ થયાથી પોતાને ઘણી નામોશી લાગી એમ માની ઇ. સ. ૬૦૬ માં તેઓએ એકદમ પોતાને હાથે પોતાનો નાશ કર્યો. એ દાખલો રોમમાં પેહેલ વેહેલો બન્યો

હતો. આતશમાં પડીને જાન આપવાના ફક્ત ત્રણ ચાર વિચીત્ર દાખલા મળી આવે છે. એમપેડો કલિરી નામનો ફીલસુફ એટ-નના બળતા પાહાડમાં પડી મરણ પામ્યો હતો. બીજો એક ફ્રેન્ચમેન ઉપલા ફીલસુફની નકલ કરી, ઇ. સ. ૧૮૨૦ માં વીસુવિય-સનાં પાહાડમાં બળી મુવો, ત્રીજો એક ઇંગ્રેજ ૧૮૧૧ માં મોટી ભઠ્ઠીમાં કુદકો મારીને પડયો હતો. ઇ. સ. ૧૮૯૮ ની જાનેવારીમાં એક ઇંગ્રેજ તેલમાં કપડાં બોળી પોતાને સળગાવી મુવો હતો. તેનો આપઘાત એમ વિચીત્ર હતો કે, બળતી વખતની વેદનાનો સંપૂર્ણ હેવાલ તેણે સેવંટ વેર વેદનાઓ ખમતાં જઈ પડીયા પડીયાં લખ્યો હતો. હિંદુસ્થાનમાં આગલા રજપૂત શૂરવિરોમાં હાર મળ્યા પછી આપઘાત કરી મરણ પામતા હતા. તેઓ જ્યારે હાર પાંમવાની અણીપર આવતા ત્યારે પોતાનાં બચ્ચાં કચ્ચાંઓને પેહેલાં બાળી પોતે કપાઇ મરતા, યા પોતાને હાથે પોતાનું ડોકું છટ-કાવી નાખતા હતા.

સુધરેલી દુન્યામાં આપઘાત કરનારાઓને લગતી એખત્રી કરવામાં આવેલી વીગતો ઉપરથી માલમ પડે છે કે, આપઘાત કર-નારાઓમાંનાં સેંકડે ૭૫ ટકાનો ચેહેરો ખુલ્લો અને આંખ આસમાની કે ભૂરી હોય છે. આપઘાત કરનારાઓમાંનાં ૮૦ ટકા જેટલાની ઉમર ત્રીસથી પચાસ વર્ષની હોય છે. ઘણા આપઘાતો સોમવાર અને ગુરૂવારે કરવામાં આવે છે. આપઘાતો સહ-વારની વખતે વધુ જણાયલાં છે. થંડીની મોસમ કરતાં ગરમીની મોસમમાં એ કૃત્યો વધુ થતાં નોંધાયલાં છે, પણ પાનખર ઋતૂ અને વસંતઋતૂમાં આપઘાત કરનારાઓની સંખ્યા એક સરખીજ આવે છે. આપઘાત કરનારાઓની સંખ્યા શેહેરોમાં વધુ માલમ પડે છે, પણ પાહાડી મુલકોમાં આપ-ઘાતનો બનાવ ક્વચીત બને છે. આપઘા-તનું પ્રમાણ નમ્ર સ્વભાવવાલા માણસોમાં વધુ માલમ પડયું છે. સ્ત્રીઓમાં અઢારથી ત્રીસ વર્ષની ઉમરમાં આપઘાત કરવાનું વધુ પ્રમાણ જણાયલું છે. એ ઉમરે આપ-ઘાત કરનારાઓને તેમ કરવાનો મુખ્ય સબબ પ્યારમાં નાઉમેદી મળવાનો હોય છે. આપઘાત કરવાની વલણ સ્ત્રીઓમાં ઘણી વેહેલી માલમ પડે છે. પણ પુરૂષો જુવા-નીની આશા અને નિરાશી વચ્ચે લાંબે વ-ખતે એ રસ્તો અખત્યાર કરે છે. કામ ધંધાનો કંટાળો અને દુન્યાદારીની જંજાળ પુરૂષોના મગજ ઉપર વધુ ભમતી રહે છે અને તેથી તેઓ નાઉમેદ થઇ જઇ પો-તાની જીંદગીનો છેડો આણે છે.

જીંદગીથી કંટાળેલો માણસ આખો દીવસ પોતાના દુ:ખના ગમમાં ગરકાવ રહે છે. રાતે તે એકરારીની ઉંઘ કાઢે છે અને તેથી વધુ કંટાલી જઇ બામદાદ આ-ગમજ તે આપઘાત કરે છે. આપઘાતો એ પ્રમાણે સંકડે ૭૫ ટકા જેટલા સહવારે બને છે. ગામડાંઓ કરતાં શેહેરોમાં અપઘા-તોનું પ્રમાણ બહુ મોટું આવે છે; પણ એક લાખ માણસની વસ્તીના પ્રમાણ પ્ર-માણે જોતાં તો તે સરખુંજ આવે છે.

'પાહાડી જીંદગીમાં કે પાહાડી હવામાં કાંઇ ખુબી હોય એમ માલમ પડે છે. પા-હાડ ઉપર રહેનારા માણસો સામાન્ય રીતે ખંતી, શાંત સ્વભાવનાં, ધીરજવાળાં અને જંગલી જાનવરોની સામે થનારા હોય છે; અને તેથી તેઓ ઉશકેરણી કે દુ:ખને સેહેલાઇથી આધીન થતાં નથી. વળી એ માણસો તનદરોસ્ત હોવા જોડે તેમને પો-તાનું કામ કરવાનું એટલું તો હોય છે કે દુ:ખનો વિચાર કરવાનો તેમને વખત પણ મળતો નથી.

'૧૦૦ આપઘાતમાં ૨૦ આપઘાત સ્ત્રીઓ કરે છે. આપઘાત અને અજ્ઞાનપણું એ કાંઇ એકમેક સાથે સંબંધ ધરાવતાં નથી. જે દેશમાં મગજની કેલવણી ઘણા ઉંચા પ્રકારની આપવામાં આવે છે, ત્યાં ઘણા

માણસો આપઘાત કરે છે. કેલવણીના વધારા સાથે ઘેલાપણાનો પણ વધારે થાય તેમાં કાંઇ નવાઇ જેવું નથી. કાળી ચામડીના માણસોમાં આપઘાત કરવાની વલણ ખુલ્ધી માલમ પડે છે, પણ તેઓ તો તે કામ ઘણે વખતે કરે છે.'

કેવી રીતે આપઘાત કરવાનું માણસો પસંદ કરે છે તે જાણવાજોગ છે. હુલડાઇભરેલું એ પગલું ભરનારા જુવાનીયાઓ જેઓ પ્યારમાં નાઉમેદ થઇ જવાથી કે અદેખાઇથી કે ઘરસંસારી બાબદોથી કંટાલી ગયલા હોય છે તેઓ બંદુક, પીસ્તોલ વગેરે હથીયારો કે ઝેરનો આસરો લેછે. આપઘાત કરવાના એ સાધણને એવા મગજવાલાઓ તેમાં ઓછી નામોશી સમજે છે. જીંદગીથી કંટાલી ગયલો કે દારૂના વ્યસનથી હાડમાર થનારાઓ ફાંસો ખાઇ જીવ આપવાનું પસંદ કરે છે. ઘરસંસારી આફતો જેઓના મગજ ઉપર ઘણી ભમ્યા કરે છે. તેઓ ડુબી મરી તેનો છેડો આણે છે. ઘણો દુઃખદાયક આપઘાત અને જે માટે તાકીદનાં મક્કમ ઠરાવની જરૂર છે તે ઘણી ઉંચાઇથી કુદકો મારવાનો છે. એ રૂઢીએ ઘેલા માણસો ઘણીવાર ચાલે છે. નવાઈ જેવું એ છે કે ઘેલાપણામાં કે ઘણા દુઃખમાં માણસો બંદુક કે પીસ્તોલ જેવાં હથ્યારો વડે આપઘાત કરતાં નથી. આપઘાત કરનાર ધણી તે કામ કરતી વેળા જો ધીરજથી વિચાર કરે કે હું શા માટે આત્મહંત્યા કરૂં છું ? તો તેમ કરવાથી ફાયદો શું અને નહિ કરવાથી શું તે વિચારી શકશે, અને તેથી દુઃખ સહન કરી શકવાથી એ રીતે મોતથી ઉગરશે અને કદાચ સુખી થશે. એ પ્રમાણે વિચાર કરી બચી ગયલા મનુષ્યોએ પોતાની જીંદગીમાં ઘણા સારાં કામો ને સાહાસો કરેલાં તવારીખમાં નોંધાયલાં છે. દુન્યામાં દર વર્ષે ૧૮૦૦૦૦ માણસો આપઘાત કરે છે. સૌથી વધુ આપઘાત જુનમાં થાય છે. ત્યારે સપટેંબરમાં સૌથી ઓછા થાય છે. ૨૪ કલાક દરમ્યાન સૌથી વધુ આપઘાત સહવારે ૬ થી તે બપોરે ૧૨ વાગા વેરમાં થાય છે.

આપતય—આ નામ સંસ્કૃત છે. આ વેદમાં જણાવેલો પુરૂષ અવસ્તાનો આબતીન છે.

આપાતળીકા છંદ—પેહેલી ને ત્રીજી યતીમાં (વિસામાંમા) ૬ માત્રા ને અંતે ગણ ને બે ગુરૂ મુકયે. અને બીજી ને ચોથી યતીમાં ૮ માત્રા અને ભગણ ને બે ગુરૂ મુકયે.

આપીડ છંદ—પેહલા ચરણમાં ૮, બીજામાં ૧૨, ત્રીજામાં ૧૬ ને ચોથામાં ૨૦ અક્ષર હોય ને તેમાં દરેક ચરણના અંતના બે અક્ષર ગુરૂ હોય, બાકી સર્વે લઘુ હોય છે.

ભ્રમર ચતુર ભારે
કમળિની વનપતિ રસભોગી
કરમથિ અલગ અપર વનવચ રૈને
અરક કુસુમનિ સુરભિ મન અતિ ગણી લિધિ પોતે
ક. હીરાચંદ.

આફ્રિકા ખંડ—પ્રાચિનકાળમાં દુન્યામાં પ્રસિદ્ધ થએલા ખંડોમાં આફ્રિકા ઇતિહાસ પ્રસિદ્ધ છે. એનું ક્ષેત્રફળ ૧૨,૦૦૦,૦૦૦ ચોરસ માઇલ છે. એ વિસ્તારમાં એશિયા ખંડ કરતાં સેહેજ નાનો છે પણ યૂરોપ કરતાં ત્રણ ઘણો મોટો છે. આ ખંડમાં મનુષ્યની વસ્તીનું પ્રમાણ બીજા દેશો કરતાં ઓછું આવે છે. ત્યાં માત્ર દર ચોરસ માઇલ દીઠ '૨૭' માણસની રાસ આવે છે; ત્યારે એશિયામાં '૫૨' ને યૂરોપમાં '૭૯' ની રાસ આવે છે. એની ઉત્તરે મેડીટરેનીયન સમુદ્ર, દક્ષિણે દક્ષિણ મહાસાગર, પશ્ચિમે એટલાંટીક સાગર અને પૂર્વે ઈસ્થમસ ઑફ સૂએઝ, લાલ સમુદ્ર અને ઇંડીયન ઓશન છે. આફ્રિકાની વધતામાં વધતી લંબાઇ ૫૦૦૦ માઇલ છે અને પોહળાઇ ૪૬૦૦ માઇલની છે. અને એનો કીનારો ૧૬૦૦૦ માઇલના સુમારે જણાવવામાં આવે છે. આફ્રિકાની કુલે વસ્તી ૨૦૦૦૦૦૦૦૦ ના સુમારેની અંકાઇ છે.

આ ખંડનું નામ એબ્રહામના પુત્ર એફ્રીકસ કે જેણે ત્યાં પ્રથમ વસાહત કરી

હતી તેના નામ ઉપરથી એફ્રિકસ નામ પડયું; જેનું રફતે રફતે અપભરંશ થતાં આફ્રિકા નામ ચાલુ વેહેવારમાં પડયું. ”

આફ્રિકા ખંડ એક એવી વિશાળ ભૂમિ છે કે જેના મધ્ય ભાગે જંગલી જાતોની ક્રૂરતાને લીધે ચોકસ શોધખોળ થંઇ શકી નથી. તોય તેના મોટા ભાગ ઉપર યૂરોપની સુધરેલી પ્રજા પોતાનો કાબુ ઘણા મોટા વિસ્તાર ઉપર મેળવી શકી છે. ત્યાં જે પચરંગી રાજ્યોએ પોતાની સત્તા સ્થાપન કરી છે તેમાં મુખ્ય કરી યૂરોપનાં સુધરેલાં રાજ્યો છે. ઈજીપ્ત શિવાય બ્રિટીશ આફ્રિકાને તાબે ૨,૫૭૨,૯૦૦ ચોરસ માઇલ જમીન અને તેમાં લોકવસ્તી ૪૦,૦૦૦,૦૦૦ ની છે. ફ્રેન્ચ આફ્રિકા ૩૦૦૦,૬૩૦ ચોરસ માઇલ છે. જર્મન આફ્રિકા ૮૨૧૯૫૦ ચોરસ માઇસ. પોર્ટુગીજ આફ્રિકા ૮૪૧,૦૭૦ ચોરસ માઇલ, સ્પેનીશ આફ્રિકા ૨૧૩,૭૭૦ ચોરસ માઇલ, ઇટાલ્યન આફ્રિકા (એબિસીનિયા સાથે ૧૮૯૩ માં) ૮૬૪,૦૦૦ ચોરસ માઇલ હતું. સ્વતંત્ર ઓઅસ અને સ્વેઝલેંડ ૧૬૮,૧૨૦ ચોરસ માઇલ, ટર્કીશ આફ્રિકા (ઇજીપ્ત તથા ટ્રીપોલી સાથે) ૮,૩૬,૦૦૦ ચોરસ માઇલ અને લીબેરિયાને તાબે ૩૭૦૦૦ ચોરસ માઇલ જમીન છે.

મુખ્ય શેહેરો—ઇજીપ્ત અથવા મિસર આફ્રિકાની ઇશાન કોણમાં છે, અને તે રાતા સમુદ્રથી અરબસ્થાનથી જૂદો પડે છે. ઇજીપ્તની આબો હવા બહુ ગરમ અને સૂકી છે અને ત્યાં વર્સાદ કદી પડતો નથી, પણ નાઇલ નદીના પ્રતાપથી તે દેશ ફળદ્રૂપ રહે છે. આ દેશ પ્રાચિનકાળથી ઇતિહાસ પ્રસિદ્ધ છે. ઇજીપ્તમાં લોક વસ્તી ૮૫૦૦૦૦ ની છે.

અલેકઝાન્ડ્રીયા ઇજીપ્તનું સૌથી પ્રાચીન શેહેર છે, તેને પ્રથમ અલેકઝાન્ડર ધી ગ્રેટે વસાવ્યું હતું. કેપ ઑવ ગુડહોપ ફરીને હિંદુસ્થાન ખાતે આવવાનાં જલ માર્ગની શોધ લાગ્યાની અગાઉ તે મ્હોટા વેપારનું મથક હતું. રાતા સમુદ્રનાં પશ્ચિમ તરફનાં ફાંટાના માથા ઉપર કાહિરોથી ૭૬ માઇલ દૂર સૂએઝની નેહેર છે.

ન્યુબિયા પ્રાચીન ઇથિપિઆ દેશનો એક ભાગ છે. તે ઇજીપ્ત અને એબિસિનીયાની વચ્ચે છે. આ દેશ ઘણાંક નાનાં રાજ્યોમાં વેહેંચાયલું છે, તેમાં મુખ્ય ડોંગોલા, મેરાવે, શેંદિ અને સેન્નાર છે. ખારતુમ નાઇલના ઉપલા બેઉ પ્રવાહનાં સંગમ આગલ છે, તે ન્યુબિયાનું મુખ્ય ગામ છે.

એબિસિનીયા ન્યુબિયાની દક્ષિણમાં છે. તેનો વિસ્તાર ૨૫૦૦૦૦ ચોરસ માઇલનો છે ને તેમાં ૪૫૦૦૦૦૦ ની લોક વસ્તી છે. આ દેશમાંની ‘બહરેલઅજરેક’ અથવા નીલા રંગની નદી છે, જેથી દેમ્બીઆનો મોટો સરોવર બનેલો છે.

આફ્રિકાની ઉત્તરમાં મોરાકો, આલજીરિઆ ત્યૂનિસ અને ત્રિપોલી છે. તેમાં મોરકકો છેક પશ્ચિમ તરફનો મુલક છે અને તેનો મોટો ભાગ એટલાનટીક મહાસાગરનાં કિનારા ઉપર આવેલો છે; બાકીનાં બીજાં મુલકો મેડિટરેનિયન સમુદ્રનાં દક્ષિણ કિનારા ઉપર છે. ત્યાંના અસલી રહેવાશી બરબર લોકો છે. તેથી તે ભાગને બારબરીનો મુલક કહે છે. આ દેશમાં એટલાસ પર્વત ફેલાયલો છે.

બારબરીમાં મુખ્ય મોરકકોનું રાજ્ય છે તેમાં ૮૫૦૦૦૦૦ માણસની વસ્તી છે. આલજીર્યા ફ્રેન્ચ લોકોને તાબેનો મુલક છે. આ દેશ ૫૦૦ માઈલ લાંબો તથા ૪૦ થી ૨૦૦ માઈલ પોહળો છે.

ત્યુનીસ આલજીરિયાની પૂર્વે તરફનો ફળદ્રુપ દેશ છે. તે શિવાય સારાહનું રણ એટલાંટીક મહાસાગરનાં કિનારાથી ઇજીપ્તની સરહદ સુધી ફેલાયલું છે. અને ૧૦૦૦ માઇલ પોહળું હોઈ તેનો વિસ્તાર પચીસ લાખ ચોરસ માઈલનો છે.

સુદાન આફ્રિકાનો મધ્ય ભાગ હોઈ તે સાહારાની દક્ષિણમાં અને સેનીગાબિઆની પૂર્વમાં છે. એની દક્ષિણ સરહદ ઉપર કોંગ અથવા જેબેલ કમરિ નામના પર્વતો છે. એની પૂર્વમાં દારફુવર, બર્ગુ, બોર્નૂ, બધેરમેહ અને લાગુન છે. બોર્નૂની પશ્ચિમમાં હવાસાનો મોટો ફળદ્રૂપ દેશ આવેલો છે. નાઈજર નદી ઉપર બામ્બારા, તિમ્બકટુ, યા ઓરિ બોરગુ વગેરે શેહેરો છે, આ બોરગુ શેહેરમાં પ્રસિદ્ધ મુસાફર મંગોપાર્કો માર્યો ગયો હતો.

પશ્ચિમ આફ્રિકામાં સેનિગાંબિયા, અપર ગિની ને લોઅરગિની, એવા ત્રણ પ્રદેશો સમાયલાં છે. સેનિગાંબિઆની આબોહવા અસુખાકારી છે છતાં ત્યાં ફ્રેંચ, ઇંગ્રેજ અને પોર્તુગીજ લોકો ત્યાંના સમૂદ્ર કાંઠે કેટલાક થાણા કરી રહેલાં છે. અપરગિનીમાંના સેએરાલીઓની લાયબિરિયઆ, આશાંતી વગેરે કોસ્ટા જાણીતાં છે. આશાંટી અને ડાહોમે એ ત્યાંના બે મૂખ્ય રાજ્યો છે. બેનિન, વારી અને કાલાબાર નાઈજર નદીના મુખ ઉપરનાં મુખ્ય શેહેરો છે અને ત્યાંથીજ મોટી નદી ગિનીના આખાતામાં પડે છે. આ બેનની પૂર્વમાં આવેલું બિઆફ્રા ફળદ્રૂપ ભૂમિ ધરાવે છે. હેઠલા ગિનીમાં કાંગો મુખ્ય વેપારનું મથક છે. નીચલા ગિનીમાં જંગલી જેવા સિદ્દી લોકો વસે છે. અને ત્યાંના દર્યા કાંઠા ઉપર લોઆંદો, બેંગેલા વગેરે પોર્તુગીજ થાણા છે. અત્રેથી પોર્તુગીજો ગુલામો પકડી બ્રાઝિલ ખાતે મોકલતા હતા પણ આ વેપારની પાછળથી સદનતર બંદી થઇ હતી.

દક્ષિણ આફ્રિકા ઘણો અગત્યનો દેશ છે તેમાં કેપ કાલોની અથવા કેપ ઑફ ગુડ હોપ, જે આફ્રિકાની દક્ષિણ તરફનો છેડો છે અને જેની પ્રથમ પ્રદક્ષિણા ૧૪૯૭ માં વાસ્કોડીગામાએ કરી હતી તે પ્રસિદ્ધ છે. પ્રથમ આ મુલકને ડચોએ વસાવ્યું હતું પણ ૧૮૦૬ માં ઇંગ્રેજોને તાબે થયું હતું. આ તરફની પ્રજા હોત્તેન્તોરને નામે જાણીતી છે. ત્યાંની આબોહવા નરમ ને સુખાકારી છે. તેની રાજધાની કેપ ટૌન એક સુંદર શેહેર છે. ગ્રેહામ હોન કેપ કૉલોનીનાં પૂર્વ તરફનાં ભાગમાં મુખ્ય ગામ છે અને કોનસ્તાનટિઆમાં વાઇનદારૂ બનાવવાના કારખાના પ્રસિદ્ધ છે.

કેપ કૉલોની તથા નાતાલની વચ્ચે 'કાફર' પ્રજાનો દેશ છે. આ પ્રજા શૂરવીર ને સુધરેલી છે. ૧૮૫૨ પછી આ તરફનો સર્વ ભાગ ઇંગ્રેજોને તાબે થયો હતો. કેપ કાલોનીની ઉત્તરમાં 'બેશુઆનાં' લોકોનો પ્રાંત છે અને તેની પાસે લાત્તાકુ, કરીકાને વગેરે મોટાં ગામો વસેલાં છે.

પૂર્વ આફ્રિકાનાં કાંઠા ઉપર આદેલ, આઝાન, જાંઝેબાર, મોઝમ્બીક, સોફાલા અને મોકારાંગા નામના મુખ્ય શેહેરો છે. આગળ આ તરફના સમુદ્ર કિનારાપર પોર્ટુગીજ લોકોનો અમલ ચાલુ હતો. જાંઘેબારનો ટાપુ મસકતનાં ઇમામના હાથમાં છે અને મેલિંદા જે જાંઘેબારનું આગલું રાજ્યધાની શેહેર હતું, પણ તેને ગૅાલ લોકોએ તારાજ કરવાથી હાલમાં તે નાનું ગામ બની રહ્યું છે.

આફ્રિકાના ટાપુઓમાં મેડેગાસકર હિંદી મહાસાગરમાં ઘણો મોટો ટાપુ છે, અને આફ્રિકાના પૂર્વ કાંઠાથી મોઝંબીકની ખાડીથી જૂદો પડે છે, એની લંબાઇ ૧૦૦ માઇલ ઉત્તરથી દક્ષિણ, ને પોહળાઈ ૩૫૦ માઇલની છે. એની ભૂમિમાં ત્રાંબુ, કલઇ, લોઢું અને બીજા ખનીજ પદાર્થો પુશ્કળ મળે છે.

મોરીસ જે આગળ આઇલ ઑાવ ફ્રાંસ તરીકે જાણીતું હતું તે ૧૮૧૦ માં ઇંગ્રેજોને તાબે થયું હતું. આ દેશ સુધરેલા દરેક દેશો સાથે મોટો વેપાર ચલાવે છે. મુખ્ય વેપાર ખાંડ, લવંગ અને ખુંદનો છે આ શેહેર તુફાનથી ઘણી વેળા હેરાન થયું છે.

પેમ્બા, જંઝીબાર, મોન્ફીઆ એ નાનાં

પણ ફળવંત ટાપુઓ જાંઘેબારના કિનારા પાસે છે; અને સોકોત્રા બાબેલમાન્ડેબની સામુદ્રધુનિ આગળ કેપ ગ્વાદારફૂવિની પૂર્વમાં છે.

આફ્રિકાના પશ્ચિમ કિનારા ભણી માદીરા, અને કેપવર્ડનાં ટાપૂઓ છે. કેપવર્ડનાં ટાપૂઓમાં સેંટજાગો નામે મોટા ટાપૂ છે, ત્યાંની આબો હવા સૂખાકારી ભરી છે. સારમી ઉત્તરમાં ૬૦ માઇલપર કનેરી નામે સ્પેનને તાબેનો દેશ છે. વળી ત્યાંનું 'તેનેરિફ'નો ટાપુ જાણીતો છે તેમાં એજ નામનો ઉંચો પર્વત છે તેનું શીખર ૧૨૧૮૨ ફીટ ઉંચું છે.

ફરનાન્દોપો, આનોબાન, પ્રન્સેસ આઇલેડ વગેરે નાના ટાપૂઓ ધીનીનાં આખાતમાં છે.

સેંટ હેલીનાનો ટાપૂ દક્ષિણ આફ્રિકાનાં કિનારાથી સુમારે ૧૨૦૦ માઇલ પર છે. આ ટાપૂમાં નેપોલ્યન બોનાપાર્ટને કેદ રાખ્યો હતો તેથી તે ઘણો જાણીતો છે, તેની ઉત્તર ભણી આસેનશન નામે એક ઉજડ ટાપૂ આવેલો છે.

* દક્ષિણ અને પશ્ચિમ આફ્રિકાની નદીઓમાં ખનીજ પદાર્થોમાં સોનું રેતીની ભેળ સાથે જડી આવે છે, તે શિવાય, ત્રાંબુ, લોખંડ, શીસું, કલાઇ અને કોલસો પણ મળી આવે છે. અનાજમાં ગહું, બાજરી, મકાઇ વગેરે પાકે છે. રૂ, કાફી, કેસવા, ભોયસીંગ, આમ, કેળાં, તંબાકું તથા જૂદી જૂદી જાતનાં ફળો પણ પાકે છે. પ્રાણીઓનાં બાબમાં ઉત્તર આફ્રિકા ભૂમધ્ય સમૂદ્રની સાથે આફ્રિકાના બાકીના ભાગથી પ્રખ્યાત છે. જનાવરોમાં સિંહ, શિયાળ, ચીમપાન્ઝી, બેબુન, હરણાં, હાથી, દરિયાઇઘોડા, ગેંડા, ઝીરાફ, ઝીબ્રા, એન્ટીઓપસ વગેરે રકમ રકમનાં પેદા થાય છે. પક્ષિઓમાં શાહમૂર્ગ, સેક્રેટસ પક્ષિ અથવા સાંપખાનાર, ગિની ફાઉલ, પવિત્ર ઇબીસ, સોસવાટ, ચામિલિઓન અને સામો વગેરે જૂદી જૂદી જાત છે.

* આફ્રિકા'નામ પ્રથમ રોમનોએ કાર્થેજની નજદીક એક ન્હાના પ્રગણા માત્રને આપ્યું હતું. ગ્રીકો એને 'આફ્રકા લીબિયા' કહે છે અને રોમનો પણ વારંવાર એજ નામ વાપરે છે. ક્રાઇસ્ટની આગમજ સાતમી સદીની આખેરીએ પેહેલી આફ્રિકન તપાસ કરનારી તુકડીને 'ફેરઓહ નેકો' એ ખંડની પ્રદક્ષિણા કરવા મોકલી હતી. સફર કરનારા નાવિકો ફિનીશિયનો હતાં, તેઓ ત્રણ વર્ષ સુધી જણાયાં નહિ અને પાછલા હેવાલ પ્રમાણે તેઓએ પોતાની નેમ પાર પાડી. તે સદી પછી 'હેનો' નામનો એક કાર્થેજી પશ્ચિમ કિનારાપર સફર કરી 'બાઇટ ઑફ બેનીન' જેટલો દૂર જઇ આવ્યો. હાલની પ્રજામાં પોર્ચુગીઝો આફ્રિકાની શોધ કરવાની પેહેલમાં પેહેલા હતાં. ઇ. સ. ૧૪૩૩ માં કેપબોજાડોર તરફ તેઓએ બે વખત મુસાફરી કીધી, ૧૪૪૧ માં કેપ બ્લાન્કો જઇ પોંહચ્યા, ૧૪૪૨ માં કેપવર્ડમાં અને ૧૪૬૨ માં તેઓએ 'સીએરાલિઓન' શોધી કાઢયું. ૧૪૮૪ માં 'પોર્ચુગીઝ ડીઇગોકૅમે' કોન્ગોનું મુખ શોધવામાં ફતેહ મેળવી. ૧૪૮૬ માં બાર્થોલોમ્યુ ડાયઝે કેપ ઑફ ગુડ હોપની આસપાસ ફરીને આલગોઆબે જઇ પોંહચ્યો. થોડાં વર્ષ પછી એક પોર્ચુગીઝ મુસાફરે એબિસીનીયાંની મુલાકાત લીધી. ૧૪૯૭ માં વાસ્કોડીગામાંને દર્યાઇ માર્ગે હિંદુસ્થાનનો રસ્તો શોધવા મોકલ્યો હતો, તેણે જંગબારનાં દક્ષિણ છેડા સુધી ગોળ મુસાફરી કરી નેટલ શોધી કાઢયું. ૧૫૦૦ પછી મોઝેમબીક અને એન્ગોલામાં પોરચુગીઝોની પેહેલાં યુરોપ્યન સંસ્થાંનો હતાં. ૧૬૫૦ માં ડચ લોકોએ કેપ તરફ એક સંસ્થાન બનાવ્યું. ૧૭૭૦ માં જેમ્સબ્રુસ એબિસિનિયામાં બ્લુ નાઇલનાં મૂખ તરફ જઇ પોંહચ્યો. આફ્રિકાના મધ્ય ભાગની તપાસ માટે છેલ્લી સદીમાં ઘણીજ થોડી કોશેસો થઇ હતી. હાલના આફ્રિકાની તપાસની શરૂઆત પ્રખ્યાત મુસાફર 'મંગો-

પાર્કથી' શરૂ થઇ હતી મૃત્યુ ૧૮૦૫), કે જે નાઇજરના માર્ગે તરફ જઇ શક્યો હતો. ડૉ૦ લેસર્ગ નામે એક પોરચુગીઝ તેજ વખતે 'કેઝેમ્બીની' રાજધાની નજદીક દક્ષિણ આફ્રિકાની અધવચમાં જઇ પોંહચ્યો, કે જ્યાં તે મરણ પામ્યો. ૧૮૦૨ થી ૬ સુધીમાં બે પોરચુગીસ વેપારીઓ ઝેમબેસી ઉપર પોરચુગીજ સત્તા આગલથી તે કેઝેમ્બીનાં રાજ્યમાંથી (એન્ગોલાથી) આખો ખંડ ઓલંગી ગયા. ૧૮૨૨ થી ૧૮૨૪ માં ઉત્તર અને દક્ષિણ આફ્રિકામાં ડનહામ, કલેપરટન અને ઉડની એ તપાસ કરી, જેઓ ત્રીપોળીથી લેકશાડ સુધી આગળ વધ્યા અને પડોસનાં મુલકોની બારીક તપાસ લઇ ૧૮૨૬ માં લેંગ ત્રીપોલીથી હીમબુટુ સુધીનું જંગલ ઓલંગી ગયો; કાઇલીએ હીમકુટુ તરફ, સીનેગલ છોડીને, ઇ. સ. ૧૮૨૭-૨૮ માં મુસાફરી કીધી, જ્યાંથી જંગલને માર્ગે તે મોરક્કો જઇ પોંહચ્યો. ૧૮૩૦ માં લેન્ડરે નાઇલનાં મુખની નજદીકનો મોટો ભાગ શોધી તેનાં ફાંટાની ભાલ મેળવી. દક્ષિણમાં ડૉ૦ લીવિંગસ્ટન, કે જે મીશીનરી તરીકે કાલોબેન્ગમાં રેહતો, તેણે ૧૮૪૯ માં ત્યાંથી આગળ વધી લેક ન્ગામી શોધી કાઢયો, ૧૮૫૧ માં તે પાછો ઉત્તર તરફ ગયો અને અનેક નદીઓનાં સંગમ આગલથી આવી અટકયો. ૧૮૪૮-૪૯ માં પૂર્વ આફ્રિકામાં, કાટફ અને રેબમેન નામે મીશનરીઓ કિલીમન જારો અને કેલિયાના પર્વતો શોધી કાઢીયાં, બ્રિટીશ સરકારે મોકલેલી એક શોધક ટોળી ૧૮૫૦ માં ત્રીપોલીથી લેક શાડની આસપાસનાં મુલકો અને સારાહના રણની મુલાકાતે નીકળી, જેમાં રીચર્ડસન, ઓવરવેલ અને બર્થ નામના ઇંગ્રેજ સરદારો હતા. એમાંનો છેલ્લો મી૦ બર્થ હજી સુધી નહી જણાયલા આફ્રિકાના મોટા ભાગ ૨૦૦૦૦૦૦ ચોરસ મૈલપર તપાસ કરીને ૧૮૫૫ માં પાછો ફર્યો. ૧૮૫૩-૫૬ માં લીવિંગસ્ટને અગત્યની તપાસ કરી. પેહલાં તે ઉત્તર પશ્ચિમ તરફ ગયો અને અપર ઝેમબેસના ભાગનો પત્તો મેલવ્યો. ૧૮૫૪ માં પશ્ચિમ કિનારાપર સેન્ટપોલડ લોઆના જઇ પોંહચ્યો. પછી ફરતી મુસાફરી દરમ્યાન તે જ્યાં સુધી ઝેમબેસી જઈ પહોંચ્યો ત્યાં સુધી લગભગ તેજ રસ્તે ગયો અને નદીની વચ્ચે આગળ વધી, તેના ધોધની મુલાકાત લઇ, તેને વિકટોરિયા ફૉલ્સનું નામ આપ્યું. એ રીતે સમુદ્ર મારફતે આખો ખંડ ઓલંગીને ૧૮૫૬ ની ૨૦ મી મે એ તે કવિલીમેન આવી પહોંચ્યો. ૧૮૫૮ માં તેણે પોતાની તપાસ ઝેમબેસીના મુલકો તરફ પાછી લંબાવી, અને મુસાફરીઓ કરીને શીરવા અને નિયાસાની મુલાકાત લીધી. છેલ્લા સરોવરથી શિઅર સુધી હંકારી ગયો, જ્યાં આફ્રિકાના આ ભાગની ભુગોળવિદ્યા સ્થાપીને ૧૮૬૪ માં ઇંગ્લાંડ પાછો ફર્યો, આ વખતે આફ્રીકાના મોટા સરોવરો જણાયાં હતાં. ૧૮૫૮ માં બર્ટન અને સ્પેકે 'તેનગેનપિકા' અને વિકટોરિયા શોધી કાઢયા અને છેલ્લા સરોવરથી શિઅર સુધી હંકારી ગયો, જ્યાં આફ્રિકાના આ ભાગની ભૂગોળવિદ્યા સ્થાપીને ૧૮૬૪ માં ઇંગ્લાંડ પાછો ફર્યો, આ વખતે આફ્રિકાના મોટા સરોવર જણાયાં હતાં. ૧૮૫૮ માં બર્ટન અને સ્પેક 'તેનગેનપિકા' અને વિકટોરિયા શોધી કાઢયા અને છેલ્લા સરોવરની મુલાકાત સ્પેક અને ગ્રાન્ટે ૧૮૬૨ માં લીધી. આલબર્ટ ન્યાનઝી ૧૮૬૪ માં બેકરે શોધી કાઢયો. પોતાની અતી અગત્યની શોધ દરમ્યાન બેન્ગવિલો અને મોએરોના સરોવરો તથા કોન્ગો નદીનો ઉપલો ભાગ શોધી કાઢયો. બે વર્ષ સુધી યૂરોપમાં તેની કશી ખબર મળી નહિ. ત્યાર પછી ૧૮૭૧ માં 'તેનગેનપિકા' તરફ તે સ્ટેનલીને મળ્યો. ૧૮૬૧ થી ૧૮૭૪ સુધીમાં જરહાર્ડ રોહલ્ફસે પોતાની અનેક મુસાફરીમાં જૂદી જૂદી દિશાઓથી સારાહનું રણ ઓળંગ્યું અને ત્રીપૉલથી લાગોસ સુધી

આખો ખંડ પસાર કરી ગયો. ૧૮૭૩-૭૫ માં લેફ્ટનન્ટ કેમેરૉન, જેને ડાંo લીવિંગ-ટનની સોધમાં મોકલવામાં આવ્યો હતો તેણે લેક તેનગેનમિકાની તપાસ કરી અને તેની પશ્ચિમનાં દેશની શોધ કરી. એ પછી દક્ષિણ-પશ્ચિમ તરફ મુસાફરી કરીને આખરે એ-ટલાન્ટીક કોસ્ટાપર બેન્ગવિલા આવી પોં-હચ્યો. ૧૮૭૪-૭૭ માં સ્ટેનલી વિક્ટોરિયા ન્યાન્ઝા એ તેનગેનપિકા સરોવરની તપાસ લઇ માહેલા દેશોમાં શોધ કરવા ગયો, અને પાછો પશ્ચિમ તરફ જઇ કોન્ગો નદીનાં મુખ સુધી ગયો. ૧૮૭૯ માં પિન્ટેએ બેન્ગવી-લાથી નેટલ સુધી આખા ખંડની મુસાફરી કીધી. એ રીતે મુસાફરો, મીશનરીઓ અને વ્યાપારી આડત્યાઓની કોશેસથી આફ્રિકા-ખંડ વિષેનું જ્ઞાન છેલ્લી બે સદીઓ પછી અતી ઘણું વધી ગયું છે.'

આફ્રિદી—પેશાવરની દક્ષિણ પશ્ચિમે આ ટોળો તે તરફ વસતા બીજા ટોળાએ કરતાં વધારે જોરાવર તથા જાણીતો છે. આફ્રિ-દીઓનો મૂલક કાબુલ નદીથી ૫૦ માઇલ સુધી દક્ષિણે વધેલો છે. અફ્ઘાનોમાં આ ટોળો લુટારા દાખલ પ્રસિદ્ધ છે. તેમજ તે-મની રીતભાત ઘણીજ ઝનુની હોય છે. તેઓ અવારનવાર ખાઇબરની ખીણમાંથી પસાર થતા મુસાફરોને લુટતા ફરે છે. તેઓ નિર્દય, ખુની અને ઘણીજ ઝનૂની કોમ દાખલ પ્ર-સિદ્ધ છે. તેઓની સ્ત્રીઓ ઘેરતું તથા ખેતી-વાડીનું કામકાજ કરવામાં દિવસ ગુજારે છે. તેઓ ભાઇની વિધવા સાથે શાદી કરી શકે છે. આગળા વખતથી જંગીઝખાન તેમૂર, બાબર, નાદીરશાહ, બર્કઝાઇ, શેખથી તે હાલનાં રાજકર્તા બ્રિટીશોને લઢાઇના સમયે મદદ કરવી, તેમની હદમાંથી પસાર થઇ શકે તે થકી યા સંકટ સમયે આફ્રિદીઓએ તેમને સાહ્યતા આપવી, એવા કરાર કરી તેમને પૈસાની દરેક રીતે મદદ કરતા રહી હાલમાં પણ મદદ આપતા રહ્યા છે, પણ પ્રસંગ પડવે આફ્રીદીઓ આગળ તેમ હા-લમાં પણ બેવફા નીવડી નીચ ઠરી ચુક્યા છે.

તેઓ ઝનૂની અને નીર્દય વીશ્વાસ ઘાતકી અને ખંધા દાખલ પ્રસિદ્ધ છે. તેઓનાં રહેવાના ઝુપડાંઓ ખૈબર પાસની ઉપર અને એવે ઠેકાણે આવેલાં છે કે જ્યાં લશકરને જવું ઘણું બીકટ છે. ખાઇબરની ખીણમાં રહેનારાઓ કદરૂપા પણ દૃઢ નિશ્ચયવાલા, લાંબા ચીમડાયલા મોહડાંના, લાંબા નાક ને ઉપસેલા ડાંચાવાલા અને ચાંમડીએ સામળા છે, તેઓ આસમાની રંગની પાઘડી પેહેરે છે અને ગુઠણ વેર ઝુલતો સાલો પેહેરે છે. આદમખેલ અને અખાખેલ નામના ટોળાઓ આગળ પાંચ હજારના લશકર સાથે રણ-સંગ્રામમાં સામંનો કરવા નીકળ્યા હતા. આદમખેલ તાયફાવાલાઓમાં ચાર ટોળાઓ છે જેમાં ગુલીખેલના ૯૮૦ લઢવૈયા, અસર-ખેલ ૭૬૦ જેવાકીના ૧૦૪૦ લઢવૈયા અને હસનખેલ પાસે ૮૮૦ લઢવૈયાઓ હતા; જુમલે ૩૬૬૦. અખા ખેલમાં પાંચ ટોળાઓ છે, જેમાં 'બુસીખેલ સંગાખેલ, અસરખેલ, સુલતાનખેલ અને મુદ્દારખેલ.

બ્રિટીશ સરકારે તેમને રાજી રાખી પો-તાના લશકરમાં તેમનામાંથી ઘણાકોને દાખલ કર્યા હતા, જ્યાં તેઓ વફાદારીથી નોકરી બજાવી પ્રિય થયા હતા, પણ ૧૮૯૭ ના સરહદપરના બગડેલા મામલા સમયે તેઓ પોતાની આગળી ખાશીયતપર જઇ પોતાના બળવાખોર ભાઇબંદોને જઈ મળ્યા હતા. તેમનીપર કર્નલ લૉકહાર્ટે ગંજાવર લશકર લઇ ચઢાઇ કરી હતી, ને સમાધાની પાંથરી ૧૮૯૮ માં ગુપચુપ ચઢાઇ ખેંચી લેવામાં આવી હતી. આ લઢાઇમાં તેમના ૨૦૦૦૦ લઢવૈયાઓ બ્રિટીશોના ૪૦૦૦૦ લઢવૈયાઓ સાથે ઘણી બળતવારીથી લઢી શૂરાતન પ્રકાવ્યું હતું.

આફ્રીને જરથોસ્ત—આ અવસ્તા ભાષનું પુસ્તક પાદશાહને આશીર્વાદ આપવાના કલામોનું છે. આ ગ્રંથ જરથોસ્ત પેગંબરે ગુસ્તાસ્પને જે આશીર્વાદ આપ્યાં હતાં તેજ કલામોથી ભરપૂર છે. અવસ્તામાં આવી

અનેક આફ્રીનો છે. આફ્રીનમાં, ધાહમબારો, જશનો, ઋતૂઓ, ફરોહરો, બુઝર્ગવારો ઉપર દુવા ગુજારેલી હોય છે. અરદાફ્રવસની, જરથોસ્તની, ધાહમબારની, પાવીની, બુઝોર્ગવારની, મીઅજદની,* રપીથવનની ને હમકારાની આફ્રીનો જાણીતી છે.

*** આફ્રીનગાન**—જેમ ધાહમબારો, જશનો, ફસલો, ફરોહરો તથા બુઝર્ગવારો ઉપર જરથોસ્તી ભણતરોમાં દુવાઓની આફ્રીનો છે, તેમ ગાથાઓ, ધાહમબારો વગેરેની સેતાયશ તથા આરાધનાનાં બંદગીરૂપી કલામો છે, જે 'આફ્રીનગાન' ને નામે ઓળખાય છે. નીચલાં આફ્રીનગાનો મુખ્ય છે. આફ્રીનગાન અરદાફ્રવસનું, આ૦ ગાથાનું, આ૦ ધાહમબારનું, દહમાનનું, આ૦ નાવરનાં (એ ૪ જૂદાં જૂદાં છે.) આ૦ રપીથવનનું, આ૦ સરોશનું.

આબતીન—આ બુજોર્ગી પામેલો પુરૂષ પાદશાહ ફરેદુનનો પિતા હતો. એનું રેહેઠાણ ઇરાનના પાહાડોમાં હતું જ્યારે ફરેદુન નાહાનો હતો ત્યારે એને જોહાકના હોકમથી મારી નાખવામાં આવ્યો હતો. એનો જમાનો ૫૪૦૦ વર્ષપર ધારી શકાય છે.

આબરા કાદાબરા—આ નામ આગલા વખતનાં એસિરીયાનાં વડા દેવતાનું છે. એ બોલ ધંતર મંતરને લાગુ પાડવામાં આવ્યો છે. કેટલીક ચોકસ તાવ અને અગત કરી તાઢીયા તાવના ઈલાજ દાખલ જાદુઇ બોલ તરીકે એને વાપરવામાં આવતું હતું. એ નામ ઉંધા પડાના આકારમાં યા ત્રીકોણાકારમાં ગોઠવી એક ચર્મ પત્રપર લખી તેને માંદરીયાં તરીકે ગળામાં પેહેરવામાં આવતું હતું. પાછલા જમાનાઓમાં નબળા મનના અને વેહેમી માણસો આ બોલમાં દરદો સાજાં કરવાનો ગુણ છે એમ માનતા.

A b r a c a d a b r a
A b r a c a d a b r
A b r a c a d a b r
A b r a c a d a b
A b r a c a d a
A b r a c a d
A b r a c a
A b r a c
A b r a
A b r
A b
A

આબરેતર—આબ-બેરેતર યાને પાણી લઇ જનાર. જરથોસ્તી ધર્મ ક્રિયામાં જે મોબેદ પવિત્ર પાણી લાવવાનાં કામ ઉપર મુકરર કરેલો હોય છે તેને આબરેતર કહે છે.

આંબલીવેલ—એના વેલાને કેટલાકો કડમડ વેલ એવું પણ કહે છે. અંદરની છાલમાંથી આ વેલાના અંકૂર ફુટેછે. એ વેલ ધોળી હોઇ જરા કોહરાનાં કુમળા અંકૂર જેવી દેખાય છે. એના પાંદડાં ઘણા જાડાં હોઇ એનું શાક ઘણુ ખાટું થાય છે. એની ખટાશ આમલી કરતાં પણ વધારે હોય છે.

આબાકા—એ એક સાખાદાર વનસ્પતિની જાત છે, અને તે ફીલીપાઇનના ટાપુમાંથી મળી આવે છે. એ શાખા ચળકાટવાલાં, મજબુત, અને ટકાઉ હોય છે. ઘણા ઝીણા શાખાઓ મલમલ બનાવવાના કામમાં આવે છે. એજ પ્રમાણે ઘણીક નાજુક વણતની બનાવટમાં એનો ઉપયોગ કરવામાં આવે છે. જાડા શાખાઓમાંથી સાદડી, દોરડાં અને વાહાણનાં સડ બનાવવામાં આવે છે. જે પ્રમાણે સનનાં શાખાઓને તર્હેવાર રંગોથી રંગવામાં આવે છે તેજ પ્રમાણે આબાકાના શાખાને રંગી તેઓમાંથી તર્હેવાર પોશાખની તથા ઘર ઉપયોગની વસ્તૂઓ બનાવવામાં આવે છે.

આંબાડો—કોકણ અને કર્નાટકમાં આ જાતના ઉંચા વૃક્ષો ઘણાં ઉગે છે. તે સુમારે ૩૫ ફીટ ઉંચાઇમાં હોય છે. ઠંડીની મોસમમાં ફળો આવવા આગમજ એના ઝાડપર આંબાના મોહોર જેવો મોર આવે છે. એના ફળો સોપારીના જેવા આકારનાં હોઇ પેર જેવડાં મોટાં હોય છે. એના ઝાડ બિયાં રોપ્યાથી યા તો મોટી કલમો દાટીયાથી થાય છે. આંબાડાના ઝાડ કોઇપણ જગામાં ઉગી શકે છે.

આબાદ ૧ લો—સ્વાહિલી ખાતેનો આ ૧ લો ગવરનર હતો. પાછળથી તેણે પોતાને સ્વતંત્ર જાહેર કીધો, અને ૧૦૧૫ માં પોતાનું રાજ્ય સ્થાપ્યું. પોતાના રાજને કાર-

દેવા સાથે જોડી દેવાની તૈયારીમાં હતો તેટલાં ઇ. સ. ૧૦૪૧ માં તેના મરણથી તે વાત પડતી રહી હતી.

આબાદ ૨ જો—એ આબાદ ૧ લાનો ગાદીવારેસ શાહાજાદો હતો, એનો જનમ ઇ. સ. ૧૦૦૨ માં થયો. એને પોતાના પિતા કરતાં વધુ પ્રસિદ્ધતા મેળવી હતી. એની નેમ એવી હતી કે આખા દક્ષિણ સ્પેનને જીતી લેવું; જે ઈચ્છા એને ઘણીક રીતે પાર પાડી હતી. એના તાબામાં ઘણા દેશો હતાં. છેલ્લે એની સૂરતી અને લંપટ બાજીએ એના સર્વ ઉંચા વિચારોનો નાશ કર્યો હતો. એના જનાનખાનામાં ૮૦૦ સ્ત્રીઓ હતી. આ રાજા વિદ્વાન અને કવિ હતો. એનું મરણ અતી વાહાલી બેટીના ગમમાં ૧૦૬૯ માં નીપજ્યું હતું.

આબાદી ટોળો—દુન્યાની શરૂઆતમાં ઇરાનવેજમાં જે પેહેલો ટોળો જણાયલો છે તે આબાદી નામનો ટોળો હતો. આબાદી ટોળાના વડાઓ ઇરાનના પેગંબરો તથા પાદશાહ ગણાતા હતા; આ ટોળાએ સેંકડો વર્ષો વેર રાજ્ય ચલાવ્યું હતું. આ ટોળાના મૂળ પુરૂષનું નામ મેહઆબાદ હતું, તેને આ ટોળાને પાંચ વિભાગમાં વેહેંચી નાખ્યા હતા. (વિદવાનો, કણબીઓ, પાદશાહ, ધંધાદારી ને પેહેલવાનો) આ ટોળાના વડા મેહઆબાદ ઉપર આકાશી ભાષામાં એક પોથી ઉતરી હતી જેને 'દસાતીર' કહે છે. આ પુસ્તક ફારસી ભાષામાં છે અને તેના ૧૫ ભાગો છે, જે દરેકનું નામ આબાદ હતું. આ ટોળાનો છેલ્લો પાદશાહ આબાદ આઝાદ નામે હતો, એ પાદશાહે સંસાર તજી ઈશ્વર ભક્તિમાં જીંદગી પુરી કરી હતી. મેહઆબાદનું મુકામ મક્કામાં હતું, તેને 'મેહગહ' કહેતા હતા. યાને ચંદ્રમાંની મૂર્તિ રાખવાની જગા. કારણ કે ગુસ્તાસ્પની અગાઉના પાર્સી લોકો સોના, ચાંદી તથા ઝવેરાતથી સનગારેલા તારાઓની મૂર્તિઓ પોતાની ભક્તિની જગામાં રાખતા હતા. આ મૂર્તિપૂજકોનો રેવાજ આ ટોળાના છેલ્લા પુરૂષે બંદ કર્યો હતો.

આબાન—(જુઓ આવાં).

આબાનાપિડ્રો—આ ઇટલીનો ફીલસુફ ઇ૦ સ૦ ૧૨૫૦ માં જુનમ્યો હતો. એના વિદવત્તાભર્યા અનેક ગ્રંથો પ્રગટ થયલાં છે. આ વિદવાન જ્યોતિષ વિદ્યામાં ઘણો પ્રવિણ હતો. એના ઉપર જાદુ કરનારનો દોશ મુકી એને બાળી નાખવાની સજા તેના રાજાએ કરી હતી પણ તે બાપડો બંદીખાનામાંજ રીબીને ઇ૦ સ૦ ૧૩૧૬ માં મરણ પામ્યો હતો.

આબાસ પાશા—આ ઇજીપ્તના ખેડીવનો જનમ ઇ૦ સ૦ ૧૮૭૪ ની ૧૪ મી જુલાઇએ થયો હતો. એનો પીતા ત્યૂફીક પાશા ૧૮૯૨માં મરણ પામ્યો હતો. જ્યારે આબાસ પાશા ગાદીએ આવ્યો તે વેળા એની ઉમર પુરી ૧૮ વર્ષની પણ નહોતી. ૧૨ વર્ષની ઉમર સુધી બે ઇંગ્રેજ શિક્ષકના હાથ હેઠલ આ પાશાએ કેલવણી લીધી હતી. આ પાશા ઇજીપ્તનો હાલનો રાજ કર્તા છે.

આબાસ બંદર—આ બંદર ઈરાનમાં આવેલું છે. એનું નામ સફ્વી વંશનાં પાંચમાં પાદશાહ આબાસના નામ ઉપરથી પાડેલું છે, ત્યાંના લોકો પોતાની બોલવાની રૂઢી મુજબ એ બંદરને આબાસીના નામે બોલે છે. આ બંદરકિનારેનું ગામ જોવા જોગ નથી, અત્રે થોડાંક બેઠી બાંધણીનાં મકાનો છે તથા બિસ્માર હાલતમાં પડેલી માંડવી હાલહવાલ બજાર જેમાં ખોરાકી અને કાપડ વેચવાની થોડીક દુકાનો, દર્યે કિનારે હાલહવાલ થોડાક બુરજો જોવામાં આવેછે. અહીંની હવા ખરાબ છે.

આંબાહળદ—એના ઝાડ હિંદુસ્થાનના જંગલોમાં થાય છે. આ ઝાડ પણ હળદરના જેવાંજ હોય છે. આંબાહળદના ગાંગડા મોટા હોઇ તે ઘણા કઠણ હોય છે.

એ હળદ બગાયતી હળદર પ્રમાણે મસાલાના ઉપયોગમાં આવતી નથી, પણ તેને મીઠામાં આંથે છે. આંબાહળદ મોટી શકિત વીકાર છે. શરીરને ચોપડવાના તથા ખાવાના મસાલામાં તેને કોઇ નાખેછે.

આબીજા—યાહુદીઓનાં જુદાની ખાનદાનનો આ પાદશાહ ઈ. સ. પૂર્વે ૯૫૮ માં ગાદીએ બેઠો. એ રાજગાદી ઘણો વખત ભોગવી શકયો નહિ. એનું મરણ ઇ. સ. પૂર્વે ૯૫૫ માં નીપજ્યું.

આબુ—આ પર્વત શીરોહિ પ્રાંતના રજપૂત સ્વસ્થાનમાં આવેલો છે. અમરાવલી પર્વતોની હારમાં તે જોડાયલો છે પણ બીજાં શીખરો કરતાં એના શીખરો ઘણા ઉંચા છે. પાહાડની ઉપર અચોકસ બીજાં ઘણાંએક ઉંચા ટેકડાઓ અને શીખરો છે. આ પર્વતના તળીયાનો ઘેરાવો ૪૦ થી ૫૦ મૈલનો છે. સૌથી ઉંચું શીખર ગુરૂ શીખરના નામે જાણીતો છે. આ શીખરના ઉપરની જમીન સપાટ છે પણ ઉપર ચઢવાનો સાંકડો અને બીકટ માર્ગ છે. એની ઉંચાઇ દર્યાની સપાટીથી ૫૦૦૦ ફીટની છે. જૈન જાત્રાળુઓનું મુખ્ય તીર્થ સ્થાનક તરીકે પ્રસિદ્ધ છે. ગુરૂ શિખરથી દક્ષિણ પૂર્વે પાંચ માઇલપર પર્વતોની વચમાં 'દેલવાડ' નામનું બીજું તીર્થ આવેલું છે. અહીંના જાત્રાળુઓ અહીંથી જાત્રા કરી ગુરૂ શીખરની ભેટ લેવા પેહલાં જાયછે. ગુરૂ શીખર પર ચાર સુંદર મંદીરો છે કે જે મંદીરો + એવે આકારે આવેલાં છે. આ પાહાડ પર જે મંદીરો બાંધેલાં છે તે હિંદુસ્તાનમાંના બીજા મંદીરો કરતાં ઘણીજ ઉત્તમ કારીગદીનાં નમુના બતાવે છે.

આ ડુંગર ઉપર મુખ્ય ગુરૂ શીખર, અચળગઢ, ગૌમુખી અને દેલવાડા નામની જગાઓ છે. ગુરૂ શીખરના દેવાલય માટે એવું કહે છે કે જ્યારે વર્સાદ પડે છે ત્યારે ચઢવાની વખતે તેનો દેખાવ બહુ સુંદર દીસેછે. વળી અચળગઢના દેવાલયો પણ જોવા જેવાં છે. ગૌમુખીના દક્ષિણ બાજુની ઉતરણ બહુ ખરબચડી અને ભયંકર છે; જે તેનું દેવળ છે તે જગ્યાએ ગાયના મૂખની આકૃતીનો પથ્થર છે, તેમાંથી પાણીનો ધોધ હમેશાં પડયા કરેછે. દેલવાડાના દેવળો જોવા જવાને આબુ ઉપરના મેજીસ્ટ્રેટની પરવાનગી લેવી પડે છે. એ દેવળો નખી તલાવની પાસે આવ્યાં છે, તેમાંના મુખ્ય બે દેવાલય તેજપાળ અને વિમળશાહે બંધાવ્યાં હતાં. એ શિવાય બીજા અનેક છે; પણ એ બે મુખ્ય દેવળો પ્રાચીન છે અને તે સફેદ સંગેમરમરના બાંધેલાં છે. એ દરેક દેવાલયમાં દેવને બેસવાનાં ગંભાર આગળ સભા મંડપ ઉપર અષ્ટકોણ ઘુમટ છે, તેમાં તેજપાળનાં દેવળના ઘુમટની વચ્ચેની અર્ધ ખીલેલા કમળની કારીગરી અતી ઉત્તમ છે, તેનો કટોરા જેવો વળગેલો ભાગ એવો તો પાતળો પારદર્શક અને બારીકીથી કોતરેલો છે કે આંખને વીસમય પમાડી જોનારને સ્તબ્ધ કરી નાખે છે.

અહીંના આ ભવ્ય અને સુંદર મંદીરો અણહીલવાડના એક દ્રવ્યવાન જૈન 'વિમળશા' નામના ગ્રહસ્થે બંધાવ્યાં હતા. આ સર્વ મંદીરો બાંધવાનો ખર્ચ ૧૮૦૦૦૦૦૦ (અઢાર કરોડ) રૂપ્યાનો થયો હતો, તેમાં ૫૬૦૦૦૦૦ (છપન લાખ) રૂપ્યા તો ફકત ડુંગરની સપાટી કરવામાં ખરચ્યા હતાં; અને આ સર્વ બાંધકામ પુંરૂં થતાં વીસ વર્ષો લાગાં હતાં.

અહીંના મંદીરોમાં શિવ અને શ્રીવિષ્ણુની મૂર્તિઓ પણ બેસાડેલી છે. તેમજ ત્યાં વશિષ્ટ મૂનિનો આશ્રમ આવેલો છે. એ મૂનિના દેવળમાં તેમની કાળા રંગની આરસપાહાણની મૂર્તિ બેસાડવામાં આવી છે. એ મૂનિએ આબુ ઉપરના અગ્નિ કુંડમાંથી રજપૂતોને ઉત્પન્ન કર્યાં હતા. મૂનિના દેવળ પાસે સહવારે મધ્યાન્હે ને સાંજે નૌબત વાગે છે. તેની સામે ધારવર્ષપર-

મારની મૂર્તિ તેમની સ્તૂતિ કરતી હોય તેમ ગોઠવી છે. આ જગ્યાએથી આબુની પાછળના મેદાનમાં જવાય છે, ત્યાં ખડકનો કિલ્લો છે, તે અચળગઢને નામે પ્રસિદ્ધ છે.

નખી તલાવ દેલવાડની પાસે છે તે બહુ રળીયામણું છે, એ તલાવની નજીક સિવીલ સ્ટેશન છે અને એક ખ્રિસ્તી ધર્મનું દેવળ છે. ગુરૂશીખરથી ઉતરતાં પાસે અગ્નિ કુંડ તથા અચળેશ્વરનાં દેવળો આવે છે. કુંડની તરફના નાકા ઉપર પાંડવોના નાના નાના દેવળોનાં ખંડીયરો જોવામાં આવે છે. ત્યાંથી પશ્ચિમ બાજુએ અચળેશ્વરનું દેવાલય છે. રાવભાણુ નામની છત્રી છેક કુંડની ધાર ઉપર છે. કુંડની પૂર્વે બાજુએ પરમાર વંશના મૂળ પુરૂષનું દેવળ ખંડીયર હાલતમાં નજરે પડે છે.

'આ ડુંગર ઉપર રજપુતાણા ખાતેના મુખ્ય બ્રીટીશ અમલદાર 'એજંટ ટુ ધી ગવરનર જનરલ'નું સદર સ્ટેશન છે. તે આબુરોડ નામે રેલવે સ્ટેશનથી ૧૫ માઈલને આંતરે છે. આબુ ઉપર ચઢવાનો રસ્તો મારવાડ તરફથી ઘણો સેહેલો છે. એ શિવાય અંબાભવાનીના દેવળ આગળ થઈને જવાનો રસ્તો કેટલેક સુધી ઉંચાણની વિચીત્ર રચનામાં થઇને એકાંતમાં પર્વતના ઘોધવાના પટને આકારે છે. આબુ રોડના રેલવે સ્ટેશનને લોકો ખરેડીનું રેલવે સ્ટેશન કહેછે, ત્યાંથી આબુ ઉપર જવાનો રસ્તો એવો સારો બાંધેલો છે કે ઘોડેસ્વાર પણ ત્યાં થઇને જઈ શકે છે. આબુ ઉપર એજંટનું સદર સ્ટેશન ખડીયરથી ૧૫ મૈલને આંતરે છે. થોડા વર્ષો થયાં સરકારે ડુંગરો ખોદીને નવો ૬ મૈલનો રસ્તો બાંધી ખુલ્લો મેળીયો છે. આબુ રોડના સ્ટેશનથી આબુ પર જતાં રસ્તામાં પ્રથમ ચાર મૈલને આંતરે રૂખીકીશનનું દેવાલય આવે છે; ત્યાંથી આગળ જતાં ૬ મૈલને આંતરે રણાચોકી આવે છે. ત્યાંથી આબુ ઉપર એજંટનું સ્ટેશન પાંચ મૈલપર છે. આ સદર સ્ટેશન બાંધવાની જગા ઇ. સ. ૧૮૪૫ માં શીરોહિના રાવ શીવસિંહે બ્રિટીશ સરકારને આપી હતી. આબુ ઉપરનો દેખાવ ઘણો રળીયામણો છે તોપણ ઉપર ચઢતી વેળા નીચે જોતાં ઘણો ગંભીર અને ભયંકર લાગે છે, કારણકે ઉપર ચઢતાં જોનારને નીચે આવેલી ટેકડી ઉપર પડતા સૂરજના તેજસ્વી કિર્ણો આંજી નાખે છે અને કેટલેક જગે ગુફા તથા આડોની ઘટા વાદળી જેવો ભાસ આપે છે. એ સિવીલ સ્ટેશન પાસે નખી તલાવ અર્ધો માઇલ લાંબો અને પા માઇલ પોહોળો ઘણો દબદબાભર્યો આવ્યો છે. અંહીંની હવા ઘણી તંદરોસ્ત છે કેમકે ત્યાંની ગર્મી સાધારણ રીતે ૨૮ ડીગ્રી ને તાપના દીવસમાં ૯૦ ડીગ્રી ગર્મી હોય છે પણ ડુંગર પરની આડીની ઠંડી હવાથી તાપ માલમ પડતો નથી.

આબે હૈયાત—અમૃત. જીંદગીને અમર બનાવનારૂં પાણી, આ પાણી હિંદુઓના અમૃતને મળતો એક એજમતી પ્રવાહી છે. કે જે દેવ પર્યાઓના હસ્તકમાં કહેવાય છે. કોહેકાફનો પાહાડ કે જ્યાં ઠંડી, અંધારૂં ને ભયાનક તૂફાનો તથા દર્યાવ આવેલાં છે ત્યાંના દર્યાની વચમાં કેટલાક રોશનીથી ભરપૂર ટાપુઓ આવેલાં છે, કે જ્યાં જીંદગી શરૂ થઇ ત્યારથીજ આબે હૈયાતનો એક ચશમો જમીનમાંથી ફુટી નીકળેલો છે. આ ચશમો કોહેકાફની એક તરફ તદન છેડા ઉપર એક સૂક્ષ્મ ટાપુમાં છે. જે ટાપુ તરફ જવા માટે સાત મહિનાની સફર કરવી પડે છે. પણ જેની પાસે સુલેમાનની વીટી*

* સુલેમાન ઇબને દાઉદ એ યાહુદીઓનો એક મોટો નામાંકીત પાદશાહ હતો. (સોલોમન ડેવીડ) આ પાદશાહાને ઈસલામીઓ પણ માને છે. એ ગુપ્ત વિદ્યામાં ઘણો પુરવીણ હોવાથી તે તખતપર બેશી આકાશ ગમન કરી શકતો હતો. જીનપર્યા વગેરેને તેણે વશ કરી રાખ્યાં હતાં એની પાસે એક એજમતી વિટી હતી, તેનો આકાર બે સરખી લીટીના ત્રાકોણથી બનેલા ૬ ખુણાના તારા જેવી આકારની હતી. સુલેમાનને આ વિટી આસમાન ઉપરથી મળી હતી. તે ઉપર ખુદાનું નામ હતું. આ વિટી થોડે ભાગે પીત્તળની અને થોડે ભાગે લોઢાની બનાવેલી હતી. પીતળવાલા ભાગથી તે સારા જીનો ઉપર સરદારી કરતો ને લોઢાવાલી બાજુથી બુરા દેવો ઉપર હૂકમ ચલાવતો હતો.

હોય, તે ધણી જો સીધોજ ઉત્તર તરફ સફર કરે છે, તેજ ત્યાં જઇ શકે છે. ખુદાશનાશીની વિદ્યા જાણનારાઓ આ આબે હૈયાતનો ચશમો ઉત્તર ધ્રુવ તરફ પૃથ્વીના પેટામાં હૈયાતી ભોગવે છે એમ જણાવે છે. જેમ પ્રાણી માત્રના શરીરમાં લોહી ફરી વળે છે, તેમજ આ વિજળીક લોહચુંબક પ્રવાહી દુન્યાની રગોરગમાં ફરતો રહે છે, અને દુન્યાની દુટી આગળ તેનો જથો ને જથ્થો ભરપૂર રહેલો છે.

આંબો—હિંદુસ્થાનમાં આ અમૃત જેવાં ફળોની મોટી પેદાશ થાય છે. યુરોપમાં હિંદુસ્થાન ખાતેથી લાખો કેરીઓ મોકલવામાં આવે છે. એના વૃક્ષોને ઘણા થોડા ખર્ચમાં ઉગાડવાની સેહેલી રીત એ છે કે, તેના પ્રથમ કલમો તૈયાર કરવાં માટે મોટા કુંડામાં છાણ, અને અર્ધો ભાગ નરમ મટોડી એક રસ કરી ભરવી. પછી ઉત્તમ જાતનાં આંબાના ઝાડની પાકેલી કેરીની ગોટલી તેના અંદરના ગર સાથે દાટવી અને તેને એક દાહાડે આંતરે પાણી સીપવું. કુંડામાં તે બે ત્રણ મહીનાનું મોટું થયું કે તેને બે દાહાડા આંતરે ભરપૂર પાણી પાવું અને બાર–પંદર દીવસે છાણનું પ્રવાહી ખાતર આપવું. આ પ્રમાણે જતન લીધાથી એક વર્ષમાં તે ઝાડ ખાસું ચાર પાંચ ફીટ ઉંચું વધી જશે અને તેનું થડ એક ઇંચની જાડાઇનું થશે. પછી તે ઝાડને જે જગા પર મોટું ઝાડ ઉગાડવું હોય ત્યાં દાટવું અને તેની મજબુત ડાખળીપર બીજા કોઇ જાતની કલમ બાંધવી. નાની કુંડીઓમાં ગોટલી રોપ્યાથી વૃક્ષો મોટાં વધી શકતાં નથી. કારણ કે તેનું પોષણ બરાબર થઇ શકતું નથી. આ ઝાડ પર ફળો આવવા આગમજ મોર આવે છે અને તેમાંથી આંબો વધે છે.

હાફુસ—આંબાની સઘળી જાતોમાં આ જાત ઉત્તમ છે. હાફુસનું વજન ૨૦ તોલા વેરનું હોય છે. એ ફળ જરા લાંબુ, ઉપરની છાલ જાડી અને નીચેની બાજુએ ટાંચ હોય છે. એ રંગે પીળો અર્ધલાલ વગેરે હોય છે. હાફુસ જલદી કોહતો નથી અને તે સ્વાદમાં સર્વથી ઉત્તમ હોય છે.

પાયરી—આ હાફુસથી બીજા દરજાની જાતનું નામ છે. પણ આ જાતનો આંબો પાકયા પછી ઘણા દીવસ વેર રહી શકતો નથી. એ ફળનું વજન ૨૦ તોલા વેર હોય છે.

કાવસજી પટેલ—આ જાતનો આંબો કદમાં ઘણો મોટો અને સ્વાદે મીઠો હોય છે. આ ફળનું વજન સુમારે ૬૦ તોલા (દોઢ રતલ) થવા જાય છે. એના ઝાડ ઉંચા વધનારાં હોય છે. એના પાંદડાને અણી હોતી નથી. આ આંબો ઇ. સ. ૧૭૬૨ માં જાણીતાં કાવશજી રૂસ્તમજી પટેલે પેહેલવેહલો મુંબા માટે રોપ્યો હતો ત્યારથી આ આંબાનું નામ તેના રોપનાર ધણી ઉપરથી આપવામાં આવ્યું છે. એ શિવાય ઘણી જાતનાં આંબાઓ જૂદે જૂદે નામે તથા સ્વાદે જાણીતા છે. મદ્રાસના આંબા આકારે લંબોયા હોય છે.

આંબાના ઝાડની છાલ તથા ફળમાં ઘણાક ઔષધી ગુણો છે. આંબા મધે જે ખટાશવાલી 'સાઇટ્રિક' આસીડ છે. તેથી કોઇ વખતે તે લીંબુના રસ કરતાં પણ વધુ સરસ ગણાય છે. કાચી કેરીને ઉકાળીને કરેલું શરબત લૂ લાગતી અટકાવવા માટે વારંવાર વપરાય છે. કેરીની ગોટલી છુટી ગયલા ઝાડા અને મરડા ઉપર વપરાય છે. વળી શરીર ઉપર અગન બળતી હોય તો તે ઉપર કેરીની ગોટલીને પાણીમાં ઘસી લાહી જેવી બનાવીને લગાડવાથી ઠંડક મળે છે. પાકી કેરી ગુણમાં–શરીરમાં હુશીયારી લાવનારી, તાજગી બક્ષનારી, ચરબી વધારનારી અને સેહેજ જુલાબ લાવનારી છે; પણ તેની છાલ તથા શાખાઓ અને કાચી કેરી ખાધાથી ખટાશ ઉતપન કરે છે. આંખના ઉપર તથા મસા માટે આંબાના પાંદડાં ઉપયોગી છે. વળી આંખ ઉપર થતી આંજણીના ઉપાય તરીકે આંબાના ઝાડની ડાખળી

ઉપરથી પાંદડું તોડતાં જે દુધ અથવા રસ નીકળેછે તે દુધ બહુ અકસીર છે.

એના ઝાડ ઘણાં ઉંચા વધતા નથી. એ ઝાડપર મોહોર ટંડીની ઋતૂમાં આવે છે અને વર્સાદ ઋતૂમાં ફળો આવે છે. એ ફળો ઘણા ખેરાં ખાટાં હોય છે તેથી એનું શરબત ઉત્તમ થાય છે. તેમજ આ આંબા નિરોગી હોવાથી આજારી મનુષ્યને ખાવા આપવામાં આવે છે.

એના ઝાડ રાતી જમીનમાં સારા ઉગી નીકળે છે. નવા ઝાડ 'બી' થી ઉત્પન્ન થાય છે.

આભ—(જુઓ આકાશ.)

આમણુ—સફરાની અંદરનો ભાગ મળદ્વારની બાહાર આવે છે તેને આમણુ કહે છે. ઝાડો કરવા બેસતી વેળા અશકત બચ્ચાંઓને આમણુ બાહાર નીકળે છે. ઘણો વખત બેશી રહેવાથી તથા મરડામાં જોર કરવું પડે છે તેથી પણ આમણનું દરદ થાય છે. જે જે વ્યાધીમાં કુથવું પડે છે એટલે પીશાબ અથવા ઝાડો જતાં જોર કરવું પડે છે તે આમણુ નીકળવાનાં કારણુ થઈ પડે છે.

પથરી, મૂત્રગાંઠ, ઝાડાનું સુકાવું, સફરાના દરદ જેથી ઝાડો કબજ રહે છે, હરસ અને એવા બીજા રોગમાં આમણનું દરદ થાય છે. સાધારણ રીતે આમણમાં ફકત સફરાનું અંતરપટ બાહાર આવે છે, પણ કવચીત આખો સફરો મોજાની માફક બેવડ થઈ બાહાર આવે છે. ઝાડે જતાં આમણુ બાહાર આવે છે તે ઘણું કરી પોતાની મેળે અંદર જાય છે, કારણ કોઇ વખત અંદર પાછું ન જતાં બાહારેજ રહી સડી જઇ ખરી પડે છે.

આમણનો **ઉપાય** કરવામાં પ્રથમ આમણ બાહાર આવી હોય તેને પાછી અંદર મુકવી જોઇએ. ઘણું કરી દરદી પોતાની મેળે પાછી મુકે છે. પણ કોઇ વાર તેનાથી પાછી ન જાય તો તેના ઉપર તેલ લગાડી એક રૂમાલ તેના ઉપર મુકી હાથના બે અંગુઠા વતી મળદ્વારમાં દાબી દેવી, અને તે ઠેકાણે એક નાની ગાદી મુકીને લંગોટી મારવી.

આમણનું દરદ મટાડવા માટે તેનું જે કારણ માલમ પડી આવે તે દુર કરવું. જેમ કે પથરી હોય તો તેને કાઢવી, મૂત્ર ગાંઠ હોય તો તેનો ઇલાજ કરવો, હરસ હોય તો તેને કાપી કાઢવાં, દસ્ત હમેશાં સારૂ ઉતરે તેવી ઐાષધી આપવી.

આમનીબસ—આ ગાડીઓ ઇ. સ. ૧૬૬૨ માં પેહેલવેહેલી પારીસમાં ચાલુ થઇ હતી, પણ તે ઘણી મુદત સુધી ચાલુ રહી નહિ, પણ પાછી ૧૮૨૭ માં પાછી ચાલુ થઇ હતી. મુંબઇમાં ૧૮૭૫ માં ટ્રામ ગાડીનો વધારો થયા પછી તે ચાલતી બંધ પડી હતી.

આમ્માર બ અકકામ અલ્લા—મુસ્તઅલી પછી તેનો બેટો હિ. સ. ૫૦૦ માં ગાદીએ આવ્યો. એના વખતમાં ખ્રિસ્તીઓએ એના રાજ્યમાં પગપેસારો કરવા માંડયો હતો. તેમને આજેજ કીધા પછી તેઓએ સુલેહ કીધાથી તેમને 'અસ્કલાન' તરફ જવાનો હોકમ કીધો. ત્યાંનો વાલી ખિલાફ તેમની સાથે મળી જતાં આમ્મરે એક અમીર જોડે ત્યાં ફોજ મોકલી. તેણે સમશુ ખીલાફતને કતલ કરી ખ્રિસ્તીઓને શીકસ્ત આપી. આ વેળા નીઝારી મતનું ટોળું લશકરના અમીરોના જીવ લેવા તલપી રહ્યું હતું. તેણે તેને તથા આબાસ નકર નામના ખલીફાના એક મિત્રને એકાએક મારી નાખ્યો. આમ્મારના વખતમાં નીઝારી ટોળાની ધજા શામના મુલક સુધી ઉડતી હતી, તેઓએ ત્યાંના કેટલાક કિલ્લાઓ હાથ કર્યા હતા. હિ૦ સ૦ ૫૨૪ માં નીઝારી ટોલાના પ્રપંચનો આમ્માર ભોગ થઇ મરણ પામ્યો.

આમ્ર—(જુઓ આંબો.)

આમ્રતક—(જુઓ અંબાડા.)

આમ્રનિશા—(જુઓ આંબાહળદ.)

આમલસારો ગંધક—ગંધક ચાર જાતનાં આવે છે. તેમાં આમલસારો ગંધક ઘણો

ચોખો અને કકડાના આકારમાં મળી આવે છે. આ ગંધક ઔષધીમાં કામ આવે છે. તેનો રંગ પાકેલા આંબળાનાં જેવો હોય છે, તેથી તેને આમલસારો ગંધક કહે છે. આ ગંધકને-ગંધકને, તાવી બનાવે છે.

આમલી—એના ઝાડ હિંદુસ્થાનમાં તથા ઇસ્ટ અને વેસ્ત ઇંડીઝ, મીસર અને અરબસ્તાનમાં ઘણાં થાય છે. આ ઝાડની ત્રણ જાતો છે. એક જાત ઘણી ખાટી હોય છે અને બીજી મોળી અને ત્રીજી રાતા રંગવાલી હોય છે. આમલીના બિયાંનું તેલ કાઢવામાં આવે છે. તે તેલ ઔષધીમાં ઘણું ઉપયોગી હોય છે. આમલી દેશીઓના રોજના ઉપયોગની ચીજ છે. વેસ્ટ ઇંડીઝમાં લીલી આમલીને ઝાડ ઉપરથી તોડીને તુરત પીપમાં ભરી ઉપરથી ગરમ સીરો રેડે છે. ઇરાનીઓ આમલીનું શરબત બનાવે છે. આમલીનાં વૃક્ષો ઘેરાવામાં તથા ઉંચાઇમાં ઘણા મોટાં હોય છે. એનો છાંયડો ઘણી ચંડક આપે છે. આમલીનાં ઝાડનાં ફુલો ઘણાં સ્વાદીષ્ટ હોય છે અને તે સ્વાદે ખાટાં મીઠાં હોય છે.

(૨) ઉદેપૂરમાં આવેલું એ નામનું એક ગામડું ઉદેપૂરની ઉત્તર પૂર્વે ૬૦ માઇલ પર છે.

આમલીઆરા—આ તાલુકો મહિકાંઠા ઈલાકાના તાબાના વાત્રંકકાઠા નામના જીલ્લામાં માઝમ નદીના ઉતારાની પાસે છે. તેના તાબામાં ૨૮ ચોરસ માઇલ જમીન ૩૩ ગામો અને ૧૧૦૦૦ની લોક વસ્તી છે. વાર્ષીક ઉપજ સુમારે ૨૯૦૦ ની થાયછે. તાલુકાની જમીન સપાટ તથા ઝાડીવાળી છે. તેમાં મુખ્ય પેદાસ બાજરી, ગહું, ડાંગર, ચણા, મકાઈ, અને મઠ વગેરેની છે. વસ્તી મુખ્ય કરીને કોળી અને વાણીયાઓની છે. આ તાલુકાના ઇતિહાસ સંબંધી એમ કહેવાય છે કે તેમના વડીલ પ્રથમ સંભર યાને અજમેરના ચહૂઆણ વંશના રજપૂત હતા પણ પાછળથી તેમના વંશમાંનો એક સરદાર 'ખાટ' જાતના કોળીની કન્યા સાથે લગ્ન કરી તે જાતમાં દાખલ થયો અને તે વંશમાંના એક જણે ઔરંગજેબ પાદશાહની સારી નોકરી બજાવી જેના બદલામાં આ તાલુકો તેમને ઇનામમાં મલ્યો હતો, અને આજ સુધી તે તેમના વંશજોના તાબામાં છે. હાલના ઠાકોર જાલમસિંહ મહિકાંઠામાં ચોથા વર્ગના સરદારોની પંકતિમાં છે.

આહ્મરસ્ટીઆ નોબિલસ—હિંદમાં ઇરાવતી નદીના કીનારાપર એના ઝાડ ઘણાં ઉગે છે. કહે છે કે વનસ્પતિ માત્રમાં સૌથી સુંદર વૃક્ષ એનુંજ છે. ફેબ્રુવારી અને માર્ચ મહિનામાં એના પાંદડા વચ્ચે ઝુમખાદાર પીળા અને લીલા રંગના ફુલો ફુટી નીકળે છે, ત્યારે તેનો દબદબો સુંદર દીસેછે અને તે નહિ હોય ત્યારે પણ શોભા કાયમ રહે છે. હાલમાં કલકત્તા ખાતે આ ઝાડની ઉતપન્તી ઘણી સારી છે. નવાં ઝાડ એની કલમથી ઉગી શકે છે. લાલ જમીનમાં આ ઝાડ ઘણાં સારાં ઉગે છે.

આહ્મારી ભાષા—આ ભાષા આફ્રિકાના ઇજીપ્ત તથા ન્યુબિયાની દક્ષિણે બોલાય છે. એની ઉતપન્તી ૧૫ મી સદીમાં થઈ હતી. પ્રાચીન ઇથોપીયનભાષા દેશમાંથી પાંચમી સદીમાં ગુમ થયા પછી આ ભાષા સેમેટીક ભાષાની ભેળસેલ સાથે પ્રચારમાં આવી.

આમળાં—એના ઝાડ ઘણા ઉંચા વધતા નથી. આમળાં ત્રણ જાતનાં આવે છે. રાજ આમળાં, જંગલી આમળાં, અને સાધારણ આમળાં. આ જાતો ઝાડ ઉપરથી ઓળખાતી નથી પણ ફકત ફળો ઉપરથી ઓળખાય છે. એમના પેહેલી જાતના ફળો મોટાં હોઇ સ્વાદદાર હોય છે. નવાં ઝાડ બિયાંથી થાય છે. ઝાડ મોટાં થાય ત્યાં વેર ૬ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. પણ જ્યારે ફળો આવવા માંડે છે ત્યારે મહિનામાં બે ત્રણ વાર પાણી સીપવું પડે છે. આ જાતના ઝાડ જંગલમાં ઘણા થાય છે. આમળાનાં ઝાડ બંગાલમાં પુશકલ ઉતપન્ન થાય છે.

આ ફળ કાચાં ખાધાં હોય તો તે ઘણું ખાટાં લાગે છે.

આમાસીસ—આ શૂરવિર પેહલાં એબોલીયનના લશકરનો એક સીપાહ હતો, પણ તે જાતી ચાલાકીથી અસાધારણ પરાક્રમો કરી મીસરનો રાજા થયો હતો.

આમુ—અથવા 'ઓકસસ' નામે આ નદી જાણીતી છે. આ નદી સ્વતંત્ર તાતારમાં થઇને આરબી સમુદ્રમાં ખાલી થાય છે. આ નદી ૨૩૦૦ માઇલ લાંબી છે.

આમુર—અથવા 'સાગેલીઅન' નામથી આ નદી જાણીતી છે. તે ચીનાઇ તાતારમાં થઇને પૂર્વે ઓકોતસ્કના સમુદ્રને મળે છે.

આમેઝીઆએ—આ પાદશાહ યાહૂદીઓના જુદાની વંશનો હતો. ઇ. સ. પૂર્વે ૮૩૯ માં ગાદીનશીન થયો. એણે પોતાના બાપનું ખુન કરનારાઓને કતલ કરાવ્યાં હતાં. પાછળથી એ પણ જુલમગાર નીવડયાથી લોકોએ ઇ. સ. પૂર્વે ૮૧૦ માં એને મારી નાખ્યો.

આમેઝોન—આ સ્ત્રીઓનું રાજ્ય કાળા સમુદ્રના કિનારાપર એશિઆ માઇનરની ઇશાન્ય દિશાએ છે. આ રાજ્ય સ્વતંત્ર હોઇ ત્યાંનું રાજ્યપદ રાણી તરફ છે. આ રાષ્ટ્રની રાજધાની 'થરમાડોન નામે હતી. આ સ્ત્રીઓ એશિઆ માઇનરના કિનારાપર ચઢાઇઓ કરતી અને ત્યાંની પ્રજાને ભારે ત્રાસ આપતી. એમનો ધંધો લઢાઇ તથા શેકારબાજીનો હતો. તેમના હથિઆરોમાં બાણ, તીર, ઢાલ, કોહાડી, ભાલા વગેરે હતાં. તેમનો પોશાક આગલી ઇરાની સ્ત્રીઓ જેવો હતો અને તેઓ ઇજાર પેહેરી કમર પર જરીદાર કમરબંદ બાંધી તેમાં હથિઆરો રાખતી હતી. તેઓ માથાપર મુગટ જેવી ટોપી પેહેરતાં, અને તે ટોપીને 'કિડાર' કહેતાં. તેઓ ઘોડે બેસી યા પગે લઢાઇ કરતી. તેઓ લગ્ન કરતી નહિ પણ પાસેના પ્રાંતમાં જઇ સંત્તતી થવા માટે ત્યાં પુરૂષોના સંબંધમાં આવતી અને તેથી તેઓને ગર્ભ રહેતો. તેમને જો પુત્રી થતી તો તેમને રાખતા પણ બેટો થાય તો તેના પિતાને પાછો આપી આવતા અથવા તેને લુલો કરી ઘેરમાં ગુલામ તરીકે રાખતા. છોકરીને નાનપણમાંજ કવાયત શીખવતા; આ કવાયત લઢાઇ તથા સેકારની હોતી. જમણા સ્થનને લીધે ધનુષ્ય પકડતાં હરકત નહિ થાય તે માટે તેને બાળી નાખતા, યા કોઇ ઉપાયથી તેને જ્યાં ને ત્યાં દાબી નાખતા. એવી રીતે જમણો સ્થન નાબુદ કરતાં તેથી પ્રાચીનકાળથી તેમને આમેઝોન (સ્તનરહિત) એમ કહેવાની ચાલ પડી. એમની દેવી આરતેમિસ હતી.

માહાભારત ઉપરથી જણાય છે કે યુધિષ્ટિરે આરંભેલા અશ્વમેધ યજ્ઞની વેળા, અર્જુન અનેક રાજ્ય જીતતો જતો હતો, તેટલાં એ આમેઝોન સ્ત્રી રાજ્યમાં આવી ચઢયો. આ સ્ત્રી રાજ્ય પર તે વેળા 'પ્રમિલા' નામે મોટી શુરવીર રાણી રાજ્ય કરતી હતી. તે ઘણી જોરાવર હોવાથી અર્જુન તેને જીતી શકયો નહિ. તેની સાથે ગાંધર્વ વિવાહ કરવા માટે આકાશવાણી થવા ઉપરથી અર્જુને તેની સાથે લગ્ન કર્યાં. તેની ગાદી પર બીજી રાણીને બેસાડી અર્જુન તેને હસ્તિનાપૂર લઇ આવ્યો.

"ભારતીય યુદ્ધ" ઇ. સ. પૂર્વે ૧૪૩૦ માં થયું હતું એમ 'ઇન્ડીયા ઇન ગ્રીસ' નામે હિંદુસ્થાનના ઇતિહાસમાં વર્ણુંલું છે. કેટલાકના મત મુજબ આ યુદ્ધ પ્રસંગ ઇ. સ. પૂર્વે ૧૩૭૦ માં આવ્યો હતો. તે વેળા અર્જુન આમેઝોન સ્ત્રી રાજ્યમાં ગયો હશે. આ શક ઉપર ભરોસો એમ રખાય છે કે આમેઝોન સ્ત્રીઓએ એડીસીસ નામે જે શેહેર સ્થાપ્યું તેનો શોધ ગ્રીક પ્રજાએ ઇ. સ. પૂર્વે ૧૧ મી સદીમાં એટલે ભારત યુદ્ધ પછી સુમારે ૩૦૦ વર્ષે કર્યો હતો. એ ઉપરથી અર્જુનનું આમેઝોન રાજ્યમાં જવાનું ખરૂં ઠરે છે.

એજ ભાગની આણી તરફના દેશમાં

નાયરી (નાયર) લોકોની વસ્તી છે. હાલમાં એ નાયરી લોકો મલબાર કિનારા પર વસે છે. તેમની બાયડીઓ જોકે લગ્ન કરે છે, તોય પોતાના ભર્તાર સાથે નહિ રેહેતાં મહિરે રહી બીજા શખસો સાથે પણુ રહી શકે છે.

આમેના—આ પ્રસિદ્ધ સ્ત્રીનો જનમ ઇ. સ. ૫૫૨ માં થયો. એણીના લગન અબદુલ મુતાલીબના નાના બેટા અબ્દલ્લા સાથે થયાં હતાં. આ બાનુએ ભરતારનું સુખ ઘણુા કાળ સુધી ભોગવ્યું નહિ. એનો ભરતાર ઇ. સ. ૫૭૦ માં મરણુ પામ્યો તે વેળા તે ગર્ભવંતી હતી. પતીના મરણુથી તેણીએ પોતાનાં જીવને ઘણું દુ:ખ આપ્યું પણુ એક પુત્રની આશાથી તેના માટે જીવી. તેણીએ એક પુત્રનો જનમ આપ્યો કે જે પુત્ર આગલ વધતાં મહમદ પેગંબર નામે જગ પ્રસિદ્ધ થયો. પોતાનાં પતીના વિયોગથી હજરત મહમદને ૬ વર્ષનો મુકી ઇ. સ. ૫૭૬ ના આગસ્ટ માસમાં ' આવોયા ' ગામમાં મરણુ પામી.

આમેસ્ત્રીસ—આ ઇરાનનાં હખામનીઅન વંશના *જરથોસ્તી પાદશાહ જર્કસીસની એ રાણી હતી. તેણી હુતન ઉર્ફે ઓતાનીસ નામે અમીરની બેટી હતી, આ રાણીને પેટે ત્રણ બેટા અને બે બેટીઓ અવતરી હતી, જેમાંનો સૌથી નાનો શાહાજાદો અર્તાજર્કસીસ તે અર્દશીર દરાઝદસ્ત ઉર્ફે બહમનને નામે જર્કસીસ પછી ઇરાનની ગાદી ભોગવી ગયો હતો. એ રીતે આમેસ્ત્રીસ ભાગ્યશાલી શેહેનશાહની રાણીજ નહિ પણુ એક શુરા શેહેનશાહની માતા પણુ હતી.

આમે સ્ત્રીસ—આ ઇરાનના હખામનીઆન *વંશના જરથોસ્તી બાદશાહ દરાયસ બીજા (દરાયસ નોથસ) ની શાહાજાદી હતી. એને હાર્યદાર્નીસ (વીદર્ન) નામે એક સરદારનાં ત્રીતોખ્મીસ નામે બહાદુર બેટા જોડે પરણાવી હતી. એ ત્રીતોખ્મીસે પાછળથી પોતાના સસરા (પાદશાહ દરાયસ) સામે બળવો કીધો. આ બંડ કરવાનો એ સબબ હતો કે, સેતોખ્મરોક્ષાના (રોશન) નામે એક ખુબસુરત નાજની પર દરાયસનો જમાઇ મોહી પડવાથી તેણીને ખાતર તે ચંડાળે પોતાની પરણેતર આમેસ્ત્રીસનું ખુન કરવા તૈયાર થયો. તેણે ૩૦૦ ખોજાઓ સાથે એકસંપ રચ્યો અને પાદશાહની સત્તા સામે બંડ મચાવવાનો ઠરાવ કીધો. શાહજાદી આમેસ્ત્રીસનો જીવ લેવા માટે તેઓએ એવો સંપ કીધો કે તેણીને એક કોથળામાં બંદ કરી દરેકે તેણીનાં શરીરમાં ખંજર ભોકવાં પણુ આ પાપી કામની પાદશાહને ખબર પડવાથી તેઓની બાજી ઉંધી વળી. પાદશાહે પોતાના જમાઇનાજ એક વિશ્વાસમાં ખપતા નોકરને પૈસાની લાલચે વશ કરી શાહાજાદીનો જીવ બંચાવ્યો. એ યુકિત પાર પાડવા જતાં, બાઇડીને મારતાં ભર્તાર પોતેજ તે પ્રપંચનો ભોગ થઇ પડયો. પેલા નોકરે બીજાઓની મદદથી ત્રિતોખ્તીસનો જીવ લીધો. રાણીએ પોતાના દીકરાના વેરમાં પેલી ખુબસુરત નાજનીન રોશનને ઉભી ને ઉભી વેહેરી નખાવી હતી.

આમોજીયાન—શીરદોશી તુસીએ અથોરનાન વર્ગને ' કાતૂજીયાન ' અથવા આમોજીયાનના નામે ઓળખાવ્યાં છે. આમોજીયાન અને અથોરનાન એ બેઉ એકજ વર્ગ તથા પંથવાલાઓનું નામ છે.

આમોદ—આ ભરૂચના તાબાનું શેહેર ભરૂચની ઉત્તરે ૨૧ માઇલ તથા ઢાઢરની દક્ષિણે એક માઇલપર છે. અંહિયાં ઠાંકારની સત્તા છે. તેને ૮૫૦૦૦ રૂપ્યાની વાર્ષિક ઉપજ છે. વસ્તી ૨૬,૫૦૦ ની છે. એના કસબાને ફરતો કોટ હતો પણુ તે ૧૮૪૮ પછી જીર્ણ સ્થિતીએ પુગો છે. ઇશાન ખુણે તલાવ કિનારે એક નાનો કિલ્લો ને તેની પડોસમાં ભાગી તુટી કબરો તથા મસજીદો હતી. અત્રે રૂનો ધંધો ઠીક ચાલે છે.

આમોનિયા—(જુઓ એમોનિયા.)

આમોનય—આ પાદશાહ યાહુદીઓના જુ-

દાની વંશનો હતો. ગાદીએ ઈ. સ. પૂર્વે ૬૪૩ માં આવ્યો. એણે પોતાના રાજ્યમાં મૂર્તિપુજાનો રેવાજ ચાલુ કીધાથી એનાજ નોકરોએ એને ઈ. સ. પૂર્વે ૬૪૧ માં મારી નાખ્યો.

આયઝીંગગ્લાસ—કાસ્પીયન અને કાળા સમુદ્રમાં તે રેહેતી એક જાતની માંછલીનું આ નામ છે. એજ નામના જે પદાર્થનો વેપાર ચાલે છે તે ઘણું કરી આ માછલીની ચુંઈ તથા આંતરડામાંથી બનાવવામાં આવે છે. ઉત્તમ પ્રકારના આયઝીંગગ્લાસ રશિયામાં બને છે. આ માછલીના ભીંગડાં કાઢી પાંણીથી સ્વચ્છ બનાવી ચીકાસપણું આપવા થકી તેને હવામાં સૂકવે છે. પછી બહારની ચામડી કાઢી અંદરના આંતરડાંને કરચલીદાર બનાવી રાખે છે. આ સળીઓ જેવી લાંબી ટુંકી હોય તેમ તે ઓળખાય છે. ઉત્તમ પ્રકારના આયઝીંગગ્લાસના પકવાનો બનાવવામાં આવે છે. આયઝીંગગલાસ બીર અને વાઇન દારૂને સ્વચ્છ કરવાના ઉપયોગમાં લેવાય છે. એને વાસ રૂચી યા રંગ હોતો નથી. એના પાતળાં તંતૂ હોયછે અને તે પાણીમાં પઘળી જાયછે, આ સીડમાં તે ઉકળે છે અને આલકોહલમાં પઘળતું નથી. રશિયા શિવાય ઉત્તર અને દક્ષિણ અમેરિકામાંથી આયઝીંગગલાસ ઘણું આવેછે. નરમ પ્રકારના આયઝીંગગલાસ કૉડ માછલીમાંથી બને છે. એક ઔંસ પાણી બાંધવા ૧૫ ગ્રેન આયઝીંગગલાસ લેવું જોઇએ.

હિંદુસ્થાનમાં શેકમહાર (મરાઠી નામ) નામની માછલી ઘણી ઉત્પન્ન થાયછે, જેનો વેપાર બોહોળો ચાલેછે. ઇ. સ. ૧૮૮૩–૮૪ ના વર્ષ દરમ્યાન હિંદમાંથી '૯૦૨૭૨૭૮૪' શેર આ માલ પરદેશ રવાના કરવામાં આવ્યો હતો. આ માલની કિંમત રૂ ૧૧૨૩૨૫૪ ની અંકાઇ હતી. આ જાતનાં માલને ફિશમાઝ અને શાર્ક ફિન્સ' ના નાંમે ઓળખવામાં આવેછે. તેથી આ બેઉમાં આયઝીંગગ્લાસ કેટલો ને કેટલો નથી એ કહેવું મુશકેલ છે. અરબસ્થાનમાંથી આ માલ ઘણો આવેછે ને તે ચીન રવાના થાયછે. મુંબઈ તરફ જે માછલીને ડૂંરા કહે છે તેમાંથી આયઝીંગગલાસ જે બનાવવામાં આવેછે તે ઘણા ઉત્તમ પ્રકારનું હોય છે. ૧૮૮૮ના જુલાઇ માસમાં '૩૮૦' ગાંસડીઓ વેચાવા આવી હતી, તેમાંની ૧૯૨ પીનાંગ, ૧૨૭ મુંબઈ તથા કરાંચી અને ૭૧ સૈગાનની હતી. આયઝીંગગ્લાસને હિંદના વેપારી પત્રકમાં 'ફીશમાઝ' ના વર્ગમાં દાખલ કરેલું છે. એને જૂદા જૂદા નાંમો જે આપવામાં આવેછે તે સુકાયા પછી એ જેવી આકૃતી લેછે તે ઉપરથી અપાય છે.

આયમોન પૅમ્પ ફીલિપ્પો પોલ્ડ ફ્રેન્કોમ્સ આ૦—આ ફ્રેન્ચ કવિ તથા ગવૈયાનો જન્મ ઇ. સ. ૧૭૭૯ માં લેસલીમાં થયો હતો. એના પિતાએ ઘણી સારી કેલવણી આપેલી હોવાથી એણે ઘણી પ્રસિદ્ધતા મેળવી હતી. જ્યારે એ ફકત ૧૭ વર્ષનો હતો ત્યારે તેણે માર્શલ્સ ખાતેની નાટકશાળામાં ગાયન જોડનાર તથા મુખ્ય ઉપરી દાખલ જગા મેળવી હતી. એણે કવિતાનાં અનેક ગ્રંથો રચ્યાં છે.

આયર્લેંડ—આ દેશ ગ્રેટ બ્રિટનની પશ્ચિમમાં છે અને તે આઇરીશ સમુદ્ર અને સેંટ જૉર્જની કેનલથી જુદું પડેછે, તેની બાજુએ આટલાંટીક મહાસાગર ફરી વળેલો છે. તેની વધુમાં વધુ લંબાઇ ૨૫૦ મૈલ અને પોહળાઇ ૧૮૦ મૈલ છે, અને તેનો વિસ્તાર ૩૧,૮૭૪ ચોરસમાઇલ છે. વસ્તી ઇ. સ. ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૫૧૫૯૮૩૯ ની હતી. ઇ. સ. ૧૧૮૦ના વર્ષથી આયર્લાંડ ઇંગલાંડને તાબે છે. આ બેઉ દેશોની પાર્લામેંટો ૧૮૦૦ માં એક બીજા સાથે મળી ગયાથી ગ્રેટબ્રિટન સાથે આયર્લાંડ શામેલ થઇને તેમનું એક રાજ્ય થએલું છે; તે ચાર સંસ્થાનોમાં વેંહેચાયલું છે, લીન્સતર, અલસ્તર, મનસ્તર અને કોનનાટ જેઓ બીજાં ૩૨ પ્રગણામાં વેંહચાયલાં છે.

ડબલીન આયર્લાંડના વાઇસરાયને રેહેવાનું મુખ્ય મથક છે. અને તે ઇંગ્રેજી રાજ્યમાં બીજું શેહેર ગણાય છે, તે લીફી નદીના મુખ પાસે સારી રોનકથી વસાયલું છે, તેમાં ઘણીક ઉમદા ઈમારતો છે અને ત્રીનીટી નામની પ્રસિદ્ધ કૉલેજ આ શેહેરમાં છે. લોકવસ્તી ૪૧૮૧૫૪ ની છે.

આયર્લાંડની મુખ્ય નદીઓ શાનોન, બ્લાકવાટર, બોઇન અને લિપી છે, તેમાં મુખ્ય સરોવર એર્ન, કોરરીબ અને કિલ્લાર્ન છે. આયર્લાંડ સપાટ ભૂમીવાલું હોવાથી ઉપજ સારી છે. તેની હવા નરમ પણ ભીનાસવાલી છે. તેમાં હરીયાળી સદા રહેતી હોવાથી લોકોને ઘણી માફક આવે છે. મુખ્ય ઉપજ સણ, પપૈટા, જવ ને ઓટ છે. તેમાં ગાય ઢોર મેંઢાં ડુક્કર ઘણાં ચરે છે અને તેમને તેઓ જીવતાના જીવતા, અથવા કાપીને નીમકમાં આંથી ઇંગલાંડ મોકલે છે.

આયર્લાંડમાં સણના કાપડનું કામ ઉત્તર ભાગમાં ઘણું વણાય છે, તેમજ ઉન અને રૂની મીલો પણ પુશકળ છે. ત્યાંની વસ્તીમાં ઘણા ખરા લોકો કેથોલીક ધર્મ પાળનારા વસેછે; અને બાકીના પ્રોટેસ્ટન્ટો છે. અંહીની પ્રજા ઝાઝી કેળવાયલી નથી પણ મહેનતુ હોવાથી તેઓ ઘણા ખડતળ હોય છે.

આયલભાસ્કર—આ કવિ તૈલંગમાંને રહેવાશી શાલીવાહાન શકના ૧૪ માં સૈકામાં હતો. એણે નાનપણમાં સાધારણ અભ્યાસ કરી તે ભાષાનું વ્યાકરણ શીખ્યો હતો. પછી મોટપણે તે ભાષામાં કવિતાઓ રચવા લાગો. એણે કેતૂમાન નામે એક ગ્રંથનું તૈલંગીમાં શ્લોક બંધ ભાષાન્તર કર્યું છે. એ ગ્રંથના બે પ્રકરણો છે તેમાં યુગ, કલ્પાદી કાલ, પરીવર્તન, ઋતૂપર્યાય, પર્જન્ય મેઘ ગર્જના, વીદ્યુલ્લતા અને સૃષ્ટીમાંના પર્વત, નદીઓ, દેશ ઇત્યાદી તેમજ જળ પ્રલય વગૈરે પુશકળ વિષયોનું નીરૂપણ કર્યું હતું.

આયુરવેદ—આ ઘણા પુરાતમ વેદના જમાનામાં શિવે રચેલું વૈદકી વિષેનો પ્રસિદ્ધ ગ્રંથ છે. એમાં એક લાખ શ્લોકો હતા. બ્રહ્માએ આ ગ્રંથને ઘણો અઘરો જોઇ તેના જૂદા જૂદા આંઠ ભાગ કીધાં કે જે જૂદી જૂદી વૈદકી વિદ્યાને કામનાં છે.

૧ લો **સલ્ય**—એટલે વાહાડકાપની વિદ્યા. એમાં દર્શાવેલું છે કે પથ્થર, કાંટા, લોહું, હાડકું, ખિલા ઇત્યાદી ચીજો શરીરમાં પેઠી હોય તો તેને કેમ કાઢવી અને તે જખમ કેમ સાજા કરવાં તેનું વર્ણન છે. તેમજ ગડ ગુમડા ફોડવાં, ગર્ભમાં બચ્ચું હોય તેને કાઢવું, ઘા સાંધવા ઇત્યાદી.

૨ જો **સાલ્ય**—એમાં આંખ, નાક, કાન, મોહોડું અને બીજી ઇંદ્રીયો એઓના રોગોને કેમ દુરસ્ત કરવાં તે લખેલું છે.

૩ જો **કાયાચિકીત્સા**—એમાં શરીરનાં રોગો જેમ, તાવ, અતિસાર, રક્તપીત, ઘેલાપણું, 'ફીફ્રુ' શરીર ગાંઠ થઇ જાય છે તે, મીઠી પીશાબ, પરમિયો ઇત્યાદી રોગોની પરીક્ષા અને સારાં કરવાના ઉપાયો બતાવ્યાં છે.

૪ થો **ભટ વૈદક**—એમાં ભૂત, પ્રેત, ડાકણ, શાકણ એઓથી મન ભમી રહ્યું હોય તેને ઠેકાણે આણવાનો ઉપાય. વળી તે સાથે યજ્ઞ, બળીદાન, અને જપ એના ઉપાયો પણ કહેલાં છે.

૫ મો **કુમાર ભરત્ય**—એમાં બચ્ચાંઓનાં રોગને કેમ દુરસ્ત કરવાં અને માતું ખરાબ દુધ અને ખરાબ ખોરાક એઓથી શું નૂકશાન થાય છે તેની સમજ અને ઉપાયો છે.

૬ ઠો **આગડ મંત્ર**—એમાં ઝેરી ચીજો, જેવી કે વનસ્પતિ, ધાતૂ ઇત્યાદી ખાધાથી અથવા પીધાથી ઝેર ચઢયું હોય અથવા ઝેરી જાનવર, સર્પ, વિંછૂ ઇત્યાદી એઓના ડંખથી ઝેર ચઢયું હોય તેને ઉતારવાનો ઉપાય એમાં કહેલાં છે.

૭ મો **રસાયણ મંત્ર**—જેમાં બધા રોગોનું સાધારણ વ્યાખ્યાન છે.

૮ મો વાજીકરણ મંત્ર—એમાં મનુષ્ય જાતિની વૃધી કરવાનો ઉપાય અને ધાતૂ પુષ્ટીનો ઉપાય બતાવેલો છે. આયુરવેદમાં શરીરના અવયવો શી રીતે ગોઠવેલાં છે અને પોતાના નીયમથી ખસી ગયલા હોય તો તેને પાછા ઠેકાણે લાવવાને શું ઉપાય કરવાં પડે છે તે સઘળું બતાવેલું છે.

આયૂષમાન—હિંદુ જ્યોતિષ શાસ્ત્રના ૨૭ યોગમાંના ૩ જા યોગનું આ નામ. જોષીઓ નક્ષત્રો અને યોગને ગણીત અને મુહૂર્તમાં લેછે. તિથીઓની પેઠે નક્ષત્ર અને યોગોનું ગણીત પણ ૫૪ થી ૫૭ ઘડી સુધી વધ ઘટતું છે.

આયોડીન—' આ પદાર્થ ધાતૂઓનાં જેવો ઝલકાટ ધરાવનારો હોય છે, અને એનો વાસ ક્લોરીનને મળતો આવે છે. એ સ્વાદે તલખ અને ચામડી પર ભૂરા ડાઘ પાડે છે. ક્લોરીન અને બ્રોમિન તત્વોની માફક એ પદાર્થ પણ દરિયામાંથી મળી આવે છે. દરિયાના પાણીમાં આ તત્વનો ખાર અતીશે થોડી રકમે મળી આવે છે કરીને ક્લોરીન અને બ્રોમિનની માફક એ દરિયાના પાણીમાંથી મળી નથી આવતું, પણ દરિયા કિનારે જે ઝાડી ઉગે છે તેનો ખોરાક આયોડીનનો ખાર થઇ પડયો છે, માટે એ ઝાડી તે પાણીમાંથી એ ખારને પોતામાં ચુસી રાખે છે. દરિયાને કિનારે ઉગતી ઝાડીને સૂકવ્યા બાદ તેની રાખનો ખપ અગાઉ સોડા બનાવવામાં થતો હતો. એ સોડા 'સાબુ' બનાવવાના કામમાં આવે છે. પણ જ્યારથી સોડા નીમકમાંથી બનાવવાની રીત જણાઇ ત્યારથી દરિયાની ઝાડીની રાખમાંથી તે બનાવવાનું પડતું મેલ્યું, અને યૂરોપના કિનારા પર રેહેનારા ગરીબ લોકો જેઓ દરિયાની ઝાડીની રાખ બનાવીને પોતાનું ગુજરાન કરતાં હતા, તેઓનો ધંધો ભાંગી પડવાની અણીપર હતો, તેટલાં આ ઝાડની રાખમાંથી આયોડિન મેળવી શકાય છે એવી અજાયબ જેવી શોધ થયાથી દરિયાની ઝાડી એખટી કરનારા તથા તેને સૂકવીને રાખ બનાવનારાઓનો ધંધો ચાલુ થયો. અસલ યૂરોપ ખંડના ડૉકટરો જાણતા હતા કે વાદળાંની રાખ વાપર્યાથી ચોકસ જાતનાં દરદો મટે છે, અને એ રાખમાં આયોડીન તત્વનો ભાગ આવે છે એવું પણ જણાયલું હતું. આયોડીનના ખારોનો દવાઇના કામમાં ખપ બહુ પડવા લાગ્યો, અને એ તત્વ વાદળાંની રાખમાંથી મેળવી શકાય છે, તેના કરતાં બીજી ચીજમાંથી અનામત કાઢવાની જરૂર પડી. રસાયન શાસ્ત્રીઓએ તેની શોધ દરિયાની ઝાડીની રાખમાંથી કરી આપી અને ત્યારથી એ તત્વથી બનતા ખારોનો ઉપયોગ દવા તરીકે વધતો ગયો.

હાલમાં આયોડીનનો ખાર સૂર્યના કીરણની મદદથી તસ્વીર પાડવાના હુન્નરમાં પણ બહુ વપરાય છે, તેથી દરિયાની ઝાડીને પાંથરી નાખી સૂકવે છે, ને પછી તેને છાલકા ખાડામાં નાખી ધીમી આંચે તેની રાખ બનાવે છે. ત્યાર બાદ રાખના ગાંગડાને પાણીથી ધોઇ નાખી તેમાંથી રેતી, કૉરબોનેટ ઑવ સોડા, સલફેટ ઑવ લાઈમ ઇત્યાદી જણસો જૂદી પડે છે અને પાણીમાં આયોડીનના ખારો (માગનીશયમ-આયોડાઇડ તથા સોડયમ આયોડાઇડ) પીઘળાવેલા રહે છે. એ પાણી શીસાના રિટાર્ટમાંથી નાખી તેની સાથે 'માન્ગેનીઝનો' કાળો ઑકસાઇડ અને સલફ્યુરીક આસિડ ભેળી ઉકાળીને તેમાંથી આયોડીન ગાળી કાઢે છે.

આયોડીન એવો પદાર્થ છે કે માત્ર તે જોતાને વાર પરખાઇ આવે છે. તેની ધાતૂ સરખી ઝલેહ અને ચોકસ જાતના વાસથી ઝટ ઓળખી શકાય છે. અસાધારણ ઉષ્ણુમાને તે ઘટ ખડા જેવા આકારમાં પાસાદાર રૂપે અથવા બારીક પતરીઓ તરીકે મળી આવે છે. ૨૨૫° ફા૦ ના ઉષ્ણુમાને તે પીઘળવા માંડે છે, અને ફારન હીટની ૩૪૭ ડીગ્રીની ગર્મિએ તે ઉકળવા માંડે છે અને તેના ઘણુજ ઉત્તમ જાંબુડા રંગની વરાળ

બને છે, કે જે વરાળ હવાના કરતાં આસરે ૯ ઘણી ભારી છે (ખાસ વજન ૮.૭૨). વરાળ ધીમે ધીમે થંડી થાય છે કે તેની પાછી ચળકતી પતરીઓ બને છે. જો હાથમાં એ પદાર્થ લીધો હોય તો ચામડીની ઉપર ભૂરા રંગનો ડાઘ પાડે છે.

આયોડીનનું ખાસ વજન ઘટ સ્થિતિમાં ૪૦૯૫ છે. એટલે પાણી કરતાં તે પાંચ ઘણું ભારી છે. એ થંડા પાણીમાં થોડું પીઘળે છે પણ ગરમ પાણીમાં તેથી વધારે પીઘળે છે. એક પૌન્ડ પાણીમાં આયોડીનનો એક ગ્રેન પણ પીઘળી શકનાર નથી, પણ આલકોહલ અને ઇથરમાં તે બહુ પીઘળે છે. તેમજ પાણીમાં આયોડાઇડ પ્રકારનો કોઇ ખાર પીઘળાવ્યો હોય તો તેથી આયોડીન વધારે પીઘળી શકે છે. એજ સબબને લીધે ટીંકચર આયોડીન અથવા લાઇકર આયોડીન જાતની દવાઓ આ આયોડીનનો મલમ બનાવતી વેળા પોટાસ્યમ આયોડાઇડ પણ તેની સાથે વાપરવામાં આવે છે. કૉરબાન–ડાઇ–સલફાઇડ અને બેનઝોલ નામના પદાર્થોમાં પણ આયોડીન ઘણું પીઘળી શકે છે. એ રીતે પીઘળાવીને આયોડીનનો ઉપયોગ ગરમીના સંબંધમાં કેટલાક અખતરાઓ કરી બતલાવવામાં થાય છે. કારણ કે તેમ પીઘળવાથી આયોડીનમાંથી રોશનીનાં કિર્ણો પસાર થઇ શકતાં નથી, પણ ફક્ત ગરમીનાંજ કિરણો પારદર્શક રહે છે. ઘણાક ઝરાઓના પાણીમાં પણ આયોડીન આવે છે અને તે આપણને જણાય નહિ તેવા તેના અત્યંત બારીકમાં બારીક ભાગની પરિક્ષા સેહેલાઇથી થઇ શકે એવો એક તેસ્ટ રસાયનીઓને હાથ લાગો છે. તે વસ્તૂ તે કાંજી છે, કે જેને આયોડીન લાગતાને વાર તેનો રંગ બલુ થાય છે. એ ટેસ્ટ કરી જોવા માટે એક ગ્રામ કાંજીને ૧૦ ગ્રામ પાણી સાથે ઘુંટી તેપર ૧૦ યા ૨૦ ગ્રામ ગરમ ઉકળતું પાણી રેડવું અને જરાક ઉભરો આવી થંડું પાડવું. ત્યારબાદ એવી તહેથી બનાવેલા કાંજીના પાણીમાં આયોડીનનો ખડો અથવા તેને આલકોહલમાં પીઘળાવીને તેના એક બે ટીપાં નાખ્યા કે તાબડતોબ કાંજીના પાણીનો સફેદ રંગ બલૂ થઇ જશે. આયોડીન પારખવા માટેનો આ ઉપાય તેની મોકળી હાલતમાં તે હોય છે ત્યારેજ કામ લાગે છે, પણ જ્યારે તે કોઇ બીજા તત્વ સાથે સંયોગ થઇને જોડાયલું હોય છે ત્યારે કાંજીના પાણીનો રંગ બલુ થતો નથી. આ વેળા સાથે લાગું કલોરીનનું પાણી વાપરવું પડે છે, કે તે આયોડીનને પ્રથમ મોકળું કરી આપે છે, અને પછી કાંજીનો રંગ બલુ મારે છે. જો કોઇ કાગળ પર પોટાસ્યમ—આયોડાઇડ, અને કાંજીના પાણીથી કાંઈ ચિત્રામણ કાઢયાં હોય અને પછીથી તેને કલોરીન ગ્યાસ લગાડીએ તો તે બલૂ થઇ જશે. કલોરીનનુ પાણી ઘણું વાપરવું નહી. કારણ કે અતીશે રેડયાથી આયોડીન ખાવેલી કાંજીનો બલૂ રંગ જતો રહેશે. એજ પ્રમાણે 'આલકલાઇ' નામના રસાયણી પદાર્થ ઉપલા બલૂ રંગનો નાશ કરી આપેછે. ગરમી લગાડયાથી પણ કાંજીનો બલૂ રંગ જતો રહેશે, એટલા માટે કાંજીનું પાણી આયોડીનની પરીક્ષા કરવા માટે વાપરતી વખતે ગરમ નહિ જોઇએ, પણ થંડુ હશે તો બલૂ રંગ જણાશે. આયોડીન અથવા આયોડાઇડ પ્રકારના ખારોની પરિક્ષા કરવા માટે સિસું, રૂપું, પારો વગેરે ખારોને પાણીમાં પીઘળાવીને વાપરવામાં આવે છે. એ ધાતૂઓ આયોડીન સાથે સંયોગ પામી સુંદર રંગનાં સંયુકત પદાર્થો ઉત્પન્ન કરે છે. શિસાંનો આયોડાઇડ અતીશે પીળો રેશમના જેવો રંગ ધરાવે છે. રૂપાંનો આયોડાઇડ પણ પીળો સફેદ રંગ ધરાવે છે, અને રૂપાંને કલોરાઇડ અથવા બ્રોમાઇડનો રંગ સફેદ રહે છે. પારાનો આયોડાઇડ ઘણોજ સુંદર કિરમજી રંગનો હોય છે. કલોરીન અને બ્રોમીન તતવની જોડીનું તત્વ આયોડીન છે. જ્યાંથી નીમક મળી આવે છે, પછી તે

જમીનમાં કે દરિયામાં કે પાણીના ઝરામાં હોય, ત્યાં આયોડીન અને બ્રોમીન ખારો પણ જડે છે. પોટાસ્યમ આયોડાઇડ અને ફેરી આયોડાઇડ, એઓનો ઉપયોગ દવામાં બહુ થાય છે.

આયોડીનની રસાયન ક્રિયાનું ચીન્હ I વજન ૧૨૭. અને માપ ૧=[]. એની છુટી કગરસનું ચિન્હ I૨ વજન ૨૫૪ અને માપ ૨=[|]. એનું ખાસ વજન. ઘટ સ્થિતીમાં ૪.૯૪, વરાળ રૂપે ૮.૭૧૬. એ હૈદ્રોજન કરતાં ૧૨૭ ઘણું ભારી છે.

(૨) એક જાતની ઘણીજ જલ્લદ ચોપડવાની દવા. સોજા અથવા રહી ગએલા સાંધા ઉપર તે લગડાય છે. ચામડી ઉપરનો ડાઘ ફીટી શકતો નથી પણ ચામડીના પડની સાથેજ તે નીકળી જાયછે. આયોડીન કદી હાથે લગાડવું નહિ પણ તેને પીછી વતી લગાડવું પણ એ વેળા આંખમાં છાંટો નહિ ઉડે તેની ઘણી સંભાળ રાખવી.

આયોડીન સાબુ—એક ભાગ આયોડાઈડ ઑફ પોટાશયમ લઇ તેને ત્રણ ભાગ પાણીમાં નામી પલળાવવો. આ મિશ્રને ધીમાં તાપ ઉપર મુકીને અથવા તો એક મોટા વાસણમાં પાણી ઉનું કરીને તેમાં અદ્ધર મુકી સાબુને ઓગળાવવો, અને બરાબર ઓગળી એક જીવ થઈ જાય ત્યારે ઉતારી ગોટીઓ બનાવવી.

આયોડો ફૉર્મ—આ એક જાતની ઇંગ્રેજી દવાનું નામ છે. તે પીળા રંગની ભુકી હોય છે, તથા તેનો વાસ ઘણો તીક્ષ્ણ હોય છે. તે વિશેષ ખાવા અપાતી નથી પણ તે તેના ઉત્તમ ગુણને લીધે બહુ વપરાય છે. તે દુરગંધ દુર કરે છે. ચાંદી, ચાંદા, ગંધાતા ક્ષત અને જખમ ઉપર લગડાય છે. તેની ભુકી ભભરાવવી અથવા તેનો મલમ બનાવવો. એક ડ્રામ આયોડોફૉર્મ એક આંઉસ સાદા મલમમાં મેળવવું અથવા તેલને ગરમ કરીને તેમાં મેળવવું અથવા આલકોહલ અને ગીલીસરીનમાં મેળવવું.

આર્ક ઑફ ધી કોવેન્ટસ આર તેશતીમની—એ પ્રથમ યાહુદી લોકોનાં એબાદતખાનામાં રાખેલી પેટી હતી. તેની લંબાઇ ૩ ફીટ ૯ ઇંચ, પોહળાઇ ૨ ફીટ ૩ ઇંચ અને ઉંડાઇ પણ તેટલીજ હતી. તેમાં સુન્નાનું એક વાસણ જેમાં 'માના' એરોને મોજેજો કરેલી લાકડી અને ખુદા તરફથી મળેલા ધારાની બે પથ્થરની શિળાઓ હતી. એ પેટી ઉપર 'સીકીના' અથવા ખુદાઇ નીશાનને જડી લીધેલી હતી. નેબુકાદનેઝઆરે' જેરૂસલેમના દેહેરાંનો નાશ કીધો તે વખતે એ પેટીનું શું થયું તે વિષે યાહુદી વિદ્વાનો (રાબી) માં ઘણો મતફેર ચાલ્યા હતા કે, તે પેટી અને તે માહેલી ચીજોનો નાશ નહિ થએલો હતો પણ સઘળું છુપાવેલું હતું. વિદ્વાન પેરીદો જણાવે છે કે, ઇ. સ. પૂર્વે ૫૧૬ માં ફરીથી બાંધેલા એબાદતખાનામાં જે પેટી મુકવામાં આવી હતી તે આગલી પેટીના કટકા જેવી ખરી બનાવટી બનાવી મુકી હતી.

આર્ક, જોન આવ—(જુઓ જોન આવ આર્ક)

આરકયુઆ—ઉત્તર ઇટલીમાં આવેલું આ એક ગામડું છે. પેડુઆની દક્ષિણ પશ્ચિમે ૧૨ માઇલ પર છે. આ ગામ 'પીટરાચ' ના બાંધેલા મેહેલો અને જોવાલાયક કબરો માટે વખણાયલું છે. આ પીટરાચ અંહી ઇ. સ. ૧૩૭૪ માં મરણ પામ્યો હતો.

આરકાટ—બ્રિટીશ હિંદુસ્થાનનું આ જુનું શેહેર મદ્રાસ ઇલાકામાં આવેલું છે. ઇતિહાસમાં આ શેહેર ઘણું પ્રસિદ્ધ છે. ૧૭૫૧ માં ક્લાઇવથી આ શેહેર ઘણી પ્રસિદ્ધતા પામ્યું છે. ઇંગ્રેજોના હાથમાં કર્નાટક દેશ સાથે આ શેહેર ૧૮૦૧ માં આવ્યું હતું. ૧૮૮૧ ની ગણત્રી મુજબ અહીંની વસ્તી ૧૨૦૦૦ ની હતી.

આરકાનો મ્યુરે—આ ઇટલીના ટીકાકાર કવિનો જનમ ૧૪૯૦ માં થયો. જ્યારે એ જુવાન હતો ત્યારે રોમન ઉમરાવોને ત્યાં નોકરીએ હતો. એ ઘણો ફત્તેહમંદ અપક્ષપાત લેખક દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. મરણ ઇ. સ. ૧૫૩૬ માં નીપજ્યું.

*__આરકાલિખાં__—અલાઉદીન ખીલજીનો યુવરાજ. એ પોતાના બાપના જેવા દયાળુ ખવાસનો હતો. ગ્યાસુદીન ભત્રીજા મલેક જાજૂએ જ્યારે બંડ ઉઠાવ્યું અને 'કાબુલના' વંશના ડાલ-પાંખડાં તેની કુમકે થવાથી બળવાખોરો છેક દિલ્લીના ઝાંપા સુધી દોડી આવ્યા, ત્યારે રૈયતમાં બહુ ધભરાટ ઉપજ્યો; પણ આ બહાદૂર રાજકુંવર આરકાલિખાંએ બહાર પડી તે તમામ બદમાશોનો ઘાણ કાઢી મલેક જાજૂને એડી ઠોકી. તેના શૂરવિરપણાથી તેની રૈયત ખુશ ખુશ થઇ ગઇ, પણ તેના કાક-ભાઇ પેલા પ્રપંચી અલાઉદ્દીન ખિલજીનાં છળ-કપટ આગળ આરકાલિખાં આજેજ થયો, અલાઉદ્દીને પોતાના કાકા જેલાઉદ્દીનને દગાથી મારી પોતે ઇ. સ. ૧૨૯૫ માં ગાદીનશીન થયો. એ પછી આરકાલિખાંનું શું થયું તેની તવારીખમાં કશી નોંધ નથી.

આરકીકો—એબીસીનીયામાં આવેલું આ બંદર લાલ સમુદ્રના આખાતમાં છે.

આરકેડીયશ—આ શેહેનશાહનો જનમ ઇ. સ. ૩૮૩ માં થયો. આ મર્દનો પેહલો શેહેનશાહ કે જેનો પુત્ર થિયોડોશીઅસ ૩૯૫ માં મરણ પામ્યો ત્યાર પછી એના રાજના બે ભાગ થયા. એક બેટો 'હોનોરીયસ' ને બીજો 'આરકેડીયસ' હતો. આરકેડીયશનું રાજ્ય એડ્રેટીક સમુદ્રથી તે ટાઇગ્રીસ નદી વેર અને સિથીયાથી ઇથોપીયા વેર લંબાયું હતું. આ રાજા સદા મોઝમઝામાં અને આળસાઇમાં વખત કાઢતો હોવાથી ખુદાપામાં એની સત્તા એની રાણીના હાથમાં ગઇ હતી. મરણ ઇ. સ. ૪૦૮ માં નીપજ્યું.

આરગ્યૂસ—આ પર્વત એશિયામાઇનરમાં સૌથી ઉંચો છે. એની ઉંચાઈ ૧૩૦૦૦ ફીટની છે, ઘેરાવો ૬૦ માઇલનો છે અને ક્ષેત્રફળ ૩૦૦ ચોરસ માઈલ છે. દક્ષિણ પૂર્વે ટર્કી અને ચાયનાના ભાગને તે જોડે છે. આ પાહાડના ૧૧,૭૦૦ ફીટની ઉંચાઇ પછી તે ઉપર સદા બરફ બંધાયલું રહે છે.

આરગલ—જે વાસણમાં વાઇન ભરી રાખી હોય તેની આસપાસ બંધાયલી કડણ પોપરી તે આરગલ છે. વાઇન ઉપરના રંગ પ્રમાણે તે સફેદ અથવા લાલ બને છે.

આરગસ—ગ્રીક દંતકથા પ્રમાણે આરગસ એક દેવતા છે, કે જેને ૧૦૦ આંખો હોય છે અને તે ફક્ત ઉંઘને માટે બેજ આંખો બંદ કરે છે. દરેક મનુષ્ય જાતપર એની મેહેર હોય છે.

આરગુન—આ વંશના રાજ્યકર્તા સીંધમાં ઇ. સ. ૧૫૨૧ થી ૧૫૫૪ વેર રાજ્ય કરી ગયાં છે. આ મુદત દરમ્યાન શૂજાબેગને તેનો શાહાજાદો મિર્ઝાશાહ રાજ્ય કરી ગયા. આ ટોળો 'સૂમાં' ખાનદાનના રાજ્ય સમે આવ્યો હતો. આ આરગુનના ટોળાએ હિ. સ. ૯૨૭ માં ત્યાંના રાજ્ય કર્તાને ઉઠાડી મેળી પોતે રાજ્યાસને બીરાજ્યા. અહીં તેઓએ ૩૪ વર્ષ જાહોજલાલી ભોગવી હતી. આરગુન ખાનદાનનો ઇતિહાસ ઈ. સ. ૧૬૫૪-૫૫ માં સૈઅદ જમાલે લખ્યો હતો.

આરગોન—હવામાં મિશ્ર રહેલો આ એક તત્વ છે, કે જે વર્ષો વેર બેમાલુમ રહેલો હતો; પણ ૧૮૯૫ માં લોર્ડ રેલી અને પ્રોફેસર રોમસે એ શોધી કાઢયું. હવા મુખ્ય કરી બે તત્વો ઑક્સિજન અને નાઇટ્રોજનથી બનેલી સમજવામાં આવતી હતી, અને રસાયણી પ્રયોગ કરતાં, તે બે તત્વો હમેશાં હાથ પણ લાગતા હતાં, પણ બારીક તપાસ કરતાં લોર્ડ રેલીને એવું જણાયું કે હવામાંથી છુટી પાડેલી નાઇટ્રોજન હવા, બીજા મીશ્ર પદાર્થોમાંથી છુટી પાડેલી સ્વચ્છ નાઇટ્રોજનના કરતાં

સેકડે અરધો ટકો વજનમાં ભારે રહે છે, વજનના તે તફાવતનું કારણ નક્કી કરતાં નવું તત્વ તેમણે શોધી કાઢયું. આ મિશ્રીત તત્વ આરગોનને પુશકળ થંડીથી બરફના આકારમાં લાવી શકાય છે. તેમજ આરગોનનું પૃથ્થકરણ કરતાં જણાયું છે કે તે બએ ભાગની બનેલી છે, જેમાંનો એક હલકો અને બીજો ભારી હોય છે. આ શોધથી વિદ્વાનોમાં નવી અજાયબી ઉત્પન્ન થઇ છે. કેમકે આજ સુધી એમ કોઇ જાણતું અને માનતું નહોતું કે એક હલકી અને બીજી ભારી એવી બે વસ્તૂઓના મિશ્ર થવાથી ત્રીજી વસ્તૂ બનતી હોય, પણ આરગોનના સંબંધમાં તેમ બનતું જાહેર થયુંછે અને એ ગ્યાસ બીજી બે ગ્યાસની ભેળથી બની છે. એ રીતે વાતાવરણમાં બીજી નવી શોધાયલી 'હેલ્મ' ગ્યાસ મળી પાંચ ગ્યાસો થઇ છે.

આર્ચિજીનીયસ—આ ગ્રીક વૈદ શાસ્ત્રીએ પોતાનું નામ ઘણીજ તરૂણ વયમાં જગ પ્રસિધ કીધું હતું. તે સિરીયાનો રહેવાશી હતો અને અગાથીયસનો શિષ્ય હતો. એક સમે આર્ચિજીનીયસે શિક્ષકનો જીવ ઉગાર્યો હતો. એ પોતાનો ધંદો રોમ ખાતે ટ્રોજન રાજ્યનાં વખતે ચલાવતો હતો.

આરચીલ—એજ નામના દીંડાવમાંથી બનતો જાંબુડો રંગ.

આરજા—(૧) હિંદુ જૈન ધર્મમાં કોઇ સ્ત્રી સંસારસુખ ત્યાગ કરી વેરાગણ થઈ જાય છે, તેને આરજા કહે છે. આ વેરાગણ જન્મ સુધી દેહને કષ્ટ આપી જીંદગી ધાર્મીક કામમાં ગુજારે છે. જ્યારે કોઇ નવી આરજા થવાની હોય છે ત્યારે તેમના ધર્મ ગુરૂઓ ઘણીએક કિર્યાઓ કરેછે અને મોટા ખરચો કરી એનો તેહેવાર પાળે છે. આરજા યતિની માફક સાધુવૃતિયે રહેછે તથા સંસારી સ્ત્રી શ્રાવકીઓને ધર્મબોધ કરે છે. તેણીને કેટલાક નીયમો પાળવાં પડે છે. જેવાં કે હમેશાં પાણી ગરમ કીધેલું પીવું, રાત પડે કે કાંઈ પણ ખાવાનું લઇ શકાય નહિ, જમીન પર પથારી તેમાં ધાબળીનાં ત્રણ પડવાળી પથારી કરી તે પર સુવું. ઉઘાડે પગે હમેશાં ચાલવું, રસ્તામાં કે પરદેશ જવામાં કોઇ પણ જાતના વાહાન પર બેસવું નહિ. મરતી ઘડીએ ઘણીખરી આરજાઓ દીવસોના દીવસો અપવાસ કરી પ્રાણ મેલેછે.

આરજા—(૨) એ ભૃગુ ઋષિની પુત્રી હતી. આ પુત્રી જ્યારે દશ વર્ષની હતી તે વેળા દંડક નામનો વિદર્ભ દેશનો રાજા આરજાપર મોહિત થઇ તેણે તેણીપર બલાત્કાર ગુજાર્યો હતો, તેથી સતીયે પ્રાણત્યાગ કર્યો હતો. આથી ભૃગુ ઋષિએ કોપાયમાન થઇ તેને તથા તેના દેશને શ્રાપ આપી ભસ્મ કીધો, અહીં જે વન બન્યું તે દંડકા અરણ્યના નામે પ્રસિદ્ધતા પામ્યું છે.

આરઝુ—આ શાએરનું જન્મ નામ 'શીરાજુદ્દીનઅલ્લી હતું. એનો જનમ આગ્રા ખાતે ઇ. સ. ૧૬૮૯માં થયો. એના બાપનું ખાનદાન શેખ જમાલુદ્દીન તે નામીચા શેખ નાસરૂદ્દીન મહમદના ભાણેજથી હતું, અને તેની માતા શેખ મહમદ ગાથાના ખાનદાનની હતી. આ શાએર કવિતા જોડવામાં કુશળ હતો. તે વખતમાં જેમ સુફી ઘરાણાના પાદશાહો કવિઓ તથા ફીલસુફોને ઉત્તેજન આપતા હતા, તેમ દિલ્લીનાં તૈમૂરલંગના વંશજો પણ ઉત્તેજન આપવા ચુકતા નહિ. તે વખતે દિલ્લીની દરબાર નામીચા શાએરોથી ભરપૂર હતી. જેવા કે અબુલફરાજ જુઝની, મસુદ સાદ સેલમાન લાહોરી, અમીર ખશરૂ, અમીર હસન, શેખ જમાલી અને એ શિવાય બીજા ઘણાએક હતાં.

આરઝુ ઈ. સ. ૧૭૨૦માં ગાવાલીયરથી દિલ્લીમાં આવ્યો ત્યારે સૂસતરના 'મૂનિમ ઉદ-દઉલા' ઇશાખખાનથી ઘણીજ મદદ તથા ઉત્તેજન મલ્યું હતું. તેના મરણ પછી તેના બેટા નજમુદદઉલાએ આ

શાએરને પોતાનીજ પાસે રાખી દર માસે રૂ૧૫૦ નો પગાર આપ્યા કીધો. પણ નજમુદદઉલાના મરણ પછી' આ શાએરનો નાહાનો ભાઈ સફદરજંગ કે જે ઔદ તથા અલાહબાદ પરગણાનો હાકેમ હતો તે એ શાએરને પોતાની સાથે લઇ ગયો, પણ સફદરજંગના મરણ પછી થોડે સુધી આરઝુએ આઉદના મુલકમાં રહી પોતાનું મોટું દીવાન બનાવ્યું.

આઉદના નવાબ સૂરાજઉદ્દઉલાએ એને ૩૦૦ રૂપ્યાનો માસીક દરમાયો આપવાનો ઠરાવ કીધો, વળી ત્યાંની દરબારમાં એ વડો શાએર હતો. અહીં એ ઘણા વર્ષ જીવ્યો નહિ. પોતાના મરણ આગમચ તે લખનઉ ગયો અને ત્યાં ૬૬ વર્ષની વયે ઇ. સ. ૧૭૫૫ માં મરણ પામ્યો. એનું શબ દિલ્લીમાં લાવી દાટવામાં આવ્યું. આરઝુએ ઇ. સ. ૧૭૪૯ માં મજમાહ–અલ–નફાયસ નામનો એક ગ્રંથ બનાવ્યો હતો. આ ગ્રંથમાં આગલ થઇ ગયલા શાએરોની ગજલો તથા રેખતાઓનો સંગ્રહ હતો.

આરટીચોક—આ ઘણી પૌષ્ટીક અને ઉત્તમ ભાજી છે. આ ભાજી કાઠીયાવાડમાં ઘણી ઉત્પન્ન થાય છે. એના આલુ પ્રમાણે કંદ હોય છે, એ કંદ દુધમાં ઉકાળીને ખાવામાં આવે છે.

એને જેરૂસલેમ આરટીચોક પણ કહે છે. એના કાંદા જેવા ગાંઠો ઉપર આવેલી આંખો બે મહિનાની આખેરીએ દોઢ ફુટના અંતર પર કિત્તાઓ કરી ત્રણ ઇંચ ખોદી દાટવામાં આવે છે. જો વર્ષાદ પડતો નહિ હોય તો તેનીપર દસ દીવસે પાણી સીંપવામાં આવે છે. જેમ જેમ એના રોપા વધે છે તેમ તેની આસપાસ મટોડીનો ઢગલો કરવામાં આવે છે, કંદ રોપ્યાથી સુમારે ૪ મહિના પછી તેને પીળાં ફુલો આવે છે. ફુલો કરમાવા માંડયા એટલે તેની ગાંઠો પાકેલી સમજવી ને તેની ઉપર પાણી સીંપવાનું બંદ કરવું પડે છે.

આરટીચોક ફુલના—એના ઝાડપર પાંદડા ઘણા સુંદર આવે છે. એના બી વર્સાદમાં રોપવામાં આવે છે. રોપા ચારપાંચ ઇંચ ઉંચા વધ્યા પછી તેને ત્યાંથી ઉખેડી કાઢી ત્રણ-ત્રણ ફીટના આંતરે બીજે ઠેકાણે રોપવામાં આવે છે. એની ઉપર ચાર ચાર દીવસે પાણી સીંપવું પડે છે. એની ઉપર એક વર્ષ ફુલો આવે છે, તેને ઉકાળી માખણ સાથે ખાઇ શકાય છે. એ ઝાડ ઘણું શોભાયમાન હોય છે.

આરટીજીન્સ—આ ડચ ચીસબી ૧૪૯૩ માં જનમ્યો હતો. એણે પોતાની હુન્નરબંદીથી ઘણી કિર્તી મેળવી હતી, પણ ઉડાઉ અને વ્યસનીપણાથી ઘણી દરીદ્રતામાં ઇ. સ. ૧૫૬૪ માં મરણ પામ્યો.

આરટીસીન—એ હૉલંડનો પ્રસિદ્ધ ચીસબી ઈ. સ. ૧૫૦૭માં અમસ્ટરડમ ખાતે જનમ્યો. સામાન્ય ચિત્ર પાડવા પર એ સારો કાબુ ધરાવતો હતો, તેમજ ખુદરતની બારીકે બારીક ખુબી એટલી તો ચાલાકિથી ચિતારતો હતો કે તેવું ચીત્ર કોઇ જવલેજ ચિતારી શકે. મરણ ૧૫૭૫ માં નીપજ્યું.

આરડીયા—ઇટલીમાં પોન્ટીફીકલના રાજ્યમાં આવેલું આ એક ગામડું રોમની દક્ષિણે ૨૦ માઇલ પર અને મેડીટરેનીયનથી ૩ માઇલપર છે.

આરતી—મદ્રાસમાં જૂદા જૂદા માપના લાકડાંના ચોસલા બને છે તેને આરતી કહે છે. એ માપ માંહે ૧ થી ૧॥ ફીટ પોહળા અને ૧૮ થી ૧૨ ફીટ લાંબા હોય છે.

આર્તેજર્કસીસ—આ હખામનીઆન વંશનો પાદશાહ પોતાના પિતા જર્કસીસના મરણ બાદ ગાદીએ આવ્યો. એના પિતા જર્કસીસનું ખૂન એક લશકરી અમલદાર નામે અર્દવાને કર્યું હતું. આ વેળા આર્તેજર્કસીસ સહુથી નાહાનો હતો, તે પોતાના પિતા તથા વડા ભાઇ દરાયસ સાથે મેહેલમાંજ રહેલો હતો. આ ખૂન કોણથી થયું એ વાત તે

જાણુતો નહિ હોવાથી અર્દવાને એના કાન ભંભેરી એના વડા ભાઇ દરાયસને ખુની દાખલ બતાવી તેનો જાન લેવાડયો. આ વેળા તેનો વચલો ભાઇ હિસ્તાસ્પીસ બલ્ખનો હાકેમ હોવાથી તે રાજધાનીમાં હાજર નહતો, તેથી એ ઇ. સ. પૂર્વે ૪૬૫ માં ગાદીનશીન થયો. તેટલાં આર્તેજર્કસીસને પોતાના પિતાના ખરા ખૂની દાખલ અર્દવાન જણાતાં તે પાપીને તેની ફેજે પોંહચાડયો. આ સમયે હિસ્તાસ્પ એના પર ચઢાઇ કરી પોતાનો દાવો રજુ કરવા આયો પણ લઢાઇમાં હારી નાહાશી ગયો. એ પાદશાહ 'ઇસ્થર નામની એક યાહુદી બાનું સાથે પરણ્યો હતો. એણે યુનાન તેમજ અથેન્સમાં પોતાનો ધાક બેસાડયો. એણે ૪૦ વર્ષો સુધી રાજ્ય કરી ઇ. સ. પૂર્વે ૪૨૫ માં મરણ પામ્યો.

આરતેજર્કસીસ-બીજો—(અરદેશર.) એ ઇ. સ. પૂર્વે ૪૦૪ માં ઇરાનની ગાદીનો માલેક ઠર્યો, અને એ પાદશાહ તાજ પેહેરવા માટે 'પસાગરદા' તરફ ગયો તે વેળા એનો પિતા દરાયસ મરવા પડયો હતો, ત્યારે એની દુષ્ટ માતા પેરીજાતીસે (પરીજાદે) પોતાના નાહાના પુત્ર સાઇરસને ગાદીએ બેસાડવાની ઘણીએક કોશેસ કીધી પણ તેમાં તે નિશફળ નીવડી.

સાઇરસે જ્યારે વડા ભાઇને ગાદીનો વારસ થએલો જોયો ત્યારે એ લોભી શાહાજાદો 'સાર્દીસ' તરફ લશકર એખટું કરવા પાછો ફર્યો. જે વેળા તે સાર્દીસ શેહેરમાં ફરીને આવી પુગો તે વેળા 'પીલો પોનિયન' લઢાઇનો તુરતનો અંત આવી રહયો હતો; જેથી ઘણુએક ગ્રીક લશકર બેરોજગાર થઇ પડયું હતું, તે લશકર એક હાથ કરી લેવા માટે એણે એવી તદબીર રચી કહ્યું કે 'પડોસનો સુબો તીસા ફરનીસ પોતાનું છુપું વેર લેવા મને સતાવે છે,. માટે મેં મારા બચાવમાં આ યુક્તિ કરી રાખી છે,' એવા અનેક બાહાનાઓ બતાવી આ પીતૂરી શાહજાદાએ મોટું લશકર એખટું કીધું અને કલીઆરકસ નામના એક લઢાયક માસીડોનીયન સરદારને મોટી લાંચ આપી દૂર દૂર તેની મારફતે છુપું ગ્રીક લશકર એખટું કરતો ગયો. એણે ઘણાએક જાણીતા સરદારોને પોતાનાં હાથમાં લઇ લીધા હતાં; તેમની કુમકે કરી ગ્રીક કિનારીઓ આગળ લશકરનો જમાવ કરતોજ ગયો. આથેન્સનું જોર તોડવા એણે પોતાના બાપના વખતમાં 'પીલો પોન્સીયાની' લઢાઇમાં આગળ સ્પાર્ટન લોકોને જે મોટી મદદ કરી હતી તેના માંગવા ઉપરથી એની મદદે આવવા કબુલાત આપી. એ પ્રમાણે સઘળું નક્કિ કરી 'એશિયા માઇનરના' પ્રાંતના અગ્નિય કોણ તરફ પીસીદીયન નામના રાહજન લઢાયક ટોળાનો જુલમ તથા તેઓથી થતી લુટફાટનો અટકાવ કરવાને બહાને સારદીઆમાં એણે મોટું લશકર જમાવ કર્યું, જેમાં પેલા વખણાયલા ઇતિહાસી 'ક્ષેનોફ'ને પણ ૧૦૦૦૦ સીપાહો સાથે લેવામાં ફાવ્યો હતો. તે પછી માઇલીતસ ટાપુ પરનો ઘેરો કાઢી નાખી ત્યાંના લશકરને સાથે લઇ ઇ. સ. પૂર્વે ૪૦૧ નાં માર્ચનાં એપ્રીલ માસમાં એ સઘળા લશકરે 'એરસ'ની સરદારી હેઠળ 'સારદીસ' શેહેર છોડી લીદીયા તથા ફ્રિજીઆના પ્રાંતમાં કુચ કીધી. આ લશકર વિષે તીસાફરનીસ નામના સુબાને શક જવાથી તેણે એ વાત પાદશાહને પોતે જાતે જઇને જણાવી એક મોટું લશકર છુપાછુપ તૈઆર કરાવી જાસુસોને મોકલ્યા. અહીં સાઇરસ પિસિદીઆની હદ ઓળંગી 'તારસસ' નામના શેહેર આગળ આવી પોતાની મતલબ લશકરને જાહેર કીધી ત્યારે લશકર ફરી બેઠું પણ પેલા લાંચીયા સરદારોએ તેમને મોટી મોટી આશાઓ આપી ઉશકેર્યો.

છેલ્લે કીઉનાકસા નામની જગા આગળ એક મોટું યુદ્ધ થયું તેમાં આર્તેજર્કસીસના લશકરમાં તિસાફરનીસ તથા આબરાકોમસ નામના સુબાઓ મોટા સરદાર હતા. આ

લઢાઇમાં સાઇરસ બલતવારીથી લઢતાં મરણ પામ્યો કે ઝેનોફનનું લશકર પાછું ફર્યું.

આ શાહાજાદાના ગમમાં એની માતા પરીજાદે પાદશાહી કુટુંબમાં આર્તેજર્કસીસની રાણી સીતારાની અદેખાઇ કરી બહુ ખૂનરેજી ચલાવી અને સીતારાનો જાન ઝેર ખવાડી લીધો. દરબારમાં આ પ્રમાણે માહોમાહેના ફીસાદ ચાલુ જોઇ સ્પાર્ટા દેશના એગીસીલેઅસ નામના રાજાએ ઇરાનીઓના આથમણુ પ્રાંતનાં દેશો ઉપર સખત મારો ચલાવવા માંડયો, જેમાં સપર પેહેલાં તો તે ઘણો ફતેહ પામ્યો પણ આખરે 'કોનના' નામના ઇરાનીઓની ચાકરીમાં આવેલા આથિનીયન સરદારે સ્પાર્ટન લોકોનો કાબુ બહુજ તોડી નાખ્યો, જેથી 'એનતાલસીદાસ' નામના સુલ્હેના કોલકરારો થતી વેળાએ ઇ. સ. પૂર્વે ૩૮૭ ના શિયાળામાં એશિયા માઇનર માહેલાં સઘળા ગ્રીક સંસ્થાનો અને સાઈપ્રસ નામનો ટાપુ તથા કલાજોમિનાઆ નામનું એક ઘણું અગતનું શેહેર પણ ઇરાનીઓના સ્વાધીનમાં પાછું આવ્યું. મીસર દેશ પોતાને હાથ કરી લેવાની ઘણી કોશેસ કરી પણ તેમાં ફતેહ મળી નહિ. ત્રણ શાહાજાદાઓ એના પછી ગાદીના માલેક થવા અપસમાં લઢવા લાગા અને વડા ભાઇ દરાયસને મારી નાખી મોટું બંડ કીધું. આ ફીતૂર સેવટે મટાડવામાં આવ્યું પણ તે દુઃખમાં ને દુઃખમાં એ પાદશાહ સેવટે ઇ. સ. પૂર્વે ૩૬૨ માં મરણ પામ્યો.

આરતેઝર્કસીસ-ત્રીજો—એનું બીજું નામ દરાયસ હતું પણ ગ્રીકો એને દરાયસ ઓકસસના નામે ઓળખાવી ગયા છે. ઇ. સ. પૂર્વે ૩૬૨ માં એ ગાદીએ આવ્યો. ગાદીપર આવતાંજ આ પાદશાહે પોતાના ૮૦ ઉપર ભેશીઓને કાપી નાખ્યાં, કારણ કે તેઓ કદાચ ફીતૂર કરી એને ત્રાસ આપે એવી એ બીહિક રાખતો હતો. એવા એના કૃર કર્મોથી રૈઅતમાં એ ઘણો અકારો પડયો, જેનો લાભ લઇ આરતાબેનસ નામના એશિયા માઇનરના પ્રાંતના એક ઇરાની સુબા સેત્રપે થીબસ તથા એથીનીયન લોકોની સાહાતાથી રાજ્યનો પોતે માલેક થવા એક મોટું ફીતૂર ઉઠાવ્યું. આ પાદશાહ જેવો ઘાતકી તેવોજ પોતે શૂરો પણ હોવાથી સેવટે આરતાબેનસને હરાવી તેને ઠેઠ યૂનાન નહસાડયો.

'સાઇપ્રસના ટાપૂના રેહેનારાઓએ તથા મીસરના લોકોએ ફીનીશીયન લોકોને ફીતૂર કરવા ઉશકેરવાથી તેઓ સામે એને લઢાઈ કરવાની ફરજ પડી. એ લઢાઇમાં એનેજ ફતેહ મળી, એટલુંજ કરી આ શૂરો પણ ખૂની પેહેલવાન બેસી રહયો નહિ. સાઇપ્રસના ટાપુને પણ વળી ફરીને એક વેળા ઇરાનીઓના તાબા હેઠળ કરી લીધાં. તેમજ મીસર દેશને પણ ઇરાનની સત્તા હેઠળ દાબી નાખ્યું અને ત્યાંના પાદશાહ નીકટા નીબસ બીજાને પોતે મારી હઠાવ્યો. આ પ્રમાણે આ પાદશાહે ઇરાનને પોતાની આગલી હાલતપર આણી મેલ્યું. ઇ. સ. પૂર્વે ૩૩૮ માં એના 'બેગાઓસ' નામના નોકરે એને ઝેર આપી મારી નાખ્યો. આ પાદશાહે પાર્સીપોલીસના પાદશાહ દરાયસના મેહેલ ઉપર જે લેખ કોતરાવ્યો છે તે હાલમાં પણ નજરે પડે છે.

આરતેબેનસ—આરસેસી વંશનો આ ત્રીજો પૂરૂષ ઈ. સ. પૂર્વે ૨૧૬ યા ૨૧૪ માં ગાદીએ આવ્યો. એણે સીલૂકસ કેલીનીઅસના નબીરા માહાત્મા એનટીઓકસ બીજાને પોતાના દેશ ઉપરથી હાથ ઉઠાવવા ફરજ પાડી હતી. એનું મરણ ઇ. સ. પૂર્વે ૧૯૬ મા નીપજ્યું.

આરતેબેનસ બીજો—આરસેસી વંશનો આ ૮ મો પુરૂષ ઇ. સ. પૂર્વે ૧૨૬માં ગાદી નશીન થયો. એ પાદશાહ સીથીઅન (તૂરાની) લોકો સાથની લઢાઇમાં ઈ. સ. પૂર્વે ૧૧૫ માં માર્યો ગયો.

આરથર જેમ્સ બૅાલફ્ર-ૅાનરેબલ એલ. એલ. ડી. જનમ ઈ. સ. ૧૮૪૮ માં થયો.

લાર્ડ સૅાલ્સબરી એનો સગો મામો થાયછે. એણે પોતાનો વિદ્યાભ્યાસ કેમબ્રીજ ખાતે ઇટન અને ટ્રીનીટ કાલેજમાં પુરો કરી ૧૮૭૪માં એમ. એ. ની પરીક્ષા ફ્લ્હેમંદી સાથ પસાર કીધી. ઇ. સ. ૧૮૭૪ માં તે પાર્લામેંટમાં બીરાજમાન થયો. અહીં ૧૮૮૫ વેર કાયમ રહ્યો. ત્યાર પછી ઇસ્ટ મેન્ચેસ્ટર તરફથી ચુંટી કાઢવામાં આવ્યો. ૧૮૮૫ માં ગવર્નમેન્ટના લોકલ બોર્ડનો પ્રમૂખ થયો. મી૦ બાલફર લેખક તથા ઉત્તમ વક્તા દાખલ ઘણો પ્રસિદ્ધ છે.

આરથર ટી આર્થર—આ અમેરીકન લેખક ન્યૂબર્ગ ઓરેંગ કાઉન્ટીમાં જન્મ્યો. આંઠ વર્ષની ઉમરે એના માતપિતા એને બાલટીમોર ખાતે લઈ ગયા. અહીં એણે પોતાનો અભ્યાસ શરૂ કીધો. એક વેપારીને ત્યાં તે ઘણાક વર્ષો વેર શીખાઉ દાખલ મેહેતાગીરીપર રહ્યો, ૧૮૩૩ ના સાલથી એનું ધ્યાન લખાણો કરવા ઉપર દોડ્યું તેથી પોતાને વતન પાછો ફરતી વેળા એક પત્ર સાથે જોડાયો અને નાહાની કથા માળા પ્રગટ કરવા માંડી. એની લખેલી કથાઓ નીતિદર્શક અને ઇસપ નીતિના ધોરણપર જોડેલી હોવાથી લોકપ્રીય નીવડી.

આરથર રીચર્ડ—એ બ્રિટીશ વાઇસ એડમીરલ હતો. એનો જનમ ઇ. સ. ૧૭૭૮ માં થયો. પોતાની જવાનીમાં દર્યાઈ કાફ્લામાં કૅપટનના નોકર દાખલ રહી પોતાની જાતી ચાલાકીથી દરજ્જે વધી તે લશકરી ખાતાનો વડો કમાન્ડર થવા પામ્યો. ઈ. સ. ૧૮૦૫ માં ચાર સ્પેનીશ સ્કૂનરો પકડવાની વેળાએ એની જાતી હુશીયારી એકાએક પ્રગટ થઇ. એનીજ સલ્હાએ વર્તવાથી લઢાઈમાં જીત થઇ અને એ મોટી પદ્વિ પામ્યો. ૧૮૧૦ માં પોતાની બીજી બાહાદુરીથી મોટું માન પામ્યો અને ૧૮૫૩ માં વાઇસ એડમીરલની જગા પામ્યો. મરણ ૧૮૫૪ માં ૨૬ મી અકટોબરે નીપજ્યું.

આરથર વેલ્સલી ડયુક આવ વેલીંગટન જનમ ઇ. સ. ૧૭૬૯ ની ૧ લી મેએ થયો. લશકરી કામ શીખવાની પાઠશાળામાં અભ્યાસ કર્યો પછી તે પ્રથમ ૧૭૮૭ માં ૭૩ મી રીજમીટમાં રહ્યો. એક વર્ષની મુદત દરમ્યાન તે ૭૬મીનો લેફ્ટેનન્ટ થયો ને પછી ૪૧મી પાયદળ રીજમીટનો પછી ૧૨ મી ઘોડેસ્વાર પલટણમાં ને પછી ૬૮ મી ઘોડેસ્વાર રીજમીટમાં, એમ અનુક્રમે વધતો ૧૭૯૩ માં ૩૩ મી રીજમીટનો લેફ્ટેનન્ટ કર્નલ થયો હતો. ૧૭૯૦ માં તે પોતાના કુટુંબની તરફથી ડબલીનનો રાજસભાનો એક અધિકારી ગણાયો.

૧૭૯૪ ના જુન માસમાં તે ૩૩ મી રીજ મીટ લઇને આયર્લેંડથી હૅાલંડ ગયો ને ત્યાં ડચની તરફથી ફ્રેન્ચોને હરાવ્યા, પણ ૧૭૯૫ ના જાનેવારીમાં દુશમનના મારથી ઇંગ્રેજોને પાછું હઠવું પડયું હતું. આ હારથી અને લશકરમાં પુરતો બંદોબસ્ત નહિ હોવાથી આરથરે નોકરી છોડવાનો વિચાર કર્યો હતો, પણ સત્તાધારીઓએ એને લશકરમાંજ રહેવાની ફરજ પાડી હતી. પછી ત્યાંથી તે ૧૭૯૭ ના ફેબ્રુઆરી માસમાં પોતાની રીજમીટ સહીત કલકત્તે આવ્યો, અહીં તેણે ટીપૂ સુલતાનની ને સિંધીયાની લઢાઇમાં પરાક્રમ બતલાવી મોટું માન મેળવ્યું, આ વેળા તેને મેજર જનરલની પદ્વિ મળી. એજ સમયે ઇંગલાંડના રાજાએ તેને નાઇટ ઑાવ ધી બાથનો ખેતાબ એનાયત કીધો. ૧૮૦૫ ની ૧૦ માર્ચે તે ઇંગલાંડ ગયો. ૧૮૦૬ માં તે આયરલંડમાં ડયૂક આવ રીચમંડના હાથ તળે ચીફ સેક્રેટરી થયો. થોડા મહિના પછી તેણે પાયદળ લશકરની એક તુકડી લઇને કોપનહેગનની સામા લડવા જવું પડયું. સને ૧૮૦૮ માં પોર્ટુગલના લીસબન જઇ ફ્રેન્ચોને હરવ્યા. અહીંથી તે પાછો આયરલંડ ગયો. ૧૮૦૯ ની ૨૨ મી એપ્રિલે તે પાછો લીસ્બન આવ્યો ને અહીં ઘણા નામાંકીત ફ્રેન્ચ સરદારોને હરાવી માન પાન પામ્યો. ૧૮૧૩ ના મે મહિનાની આખરે ઘણાએક દેશના એકઠાં મળેલા ૨૦૦૦૦૦

ફુમકી લશકરના સરદાર દાખલ તેણે ફ્રેન્ચ-ની સામે મોટી લઢાઇ કરી; ફ્રેન્ચોને સ્પેન-માંથી હાંકી કાઢયા, ને પીરીનીઝ પર્વતમાં ન-સાડયા. અહીં એક લઢાઇ થઇ પછી તે ફ્રાન્સની સરહદ પર આવી રહ્યો. પણ તેટલાં નેપોલ્યન રાજીનામું આપી એલબે ગયો એટલે લઢાઇનો અંત આવ્યો.

૧૮૧૫ ની વાટર્લુની નામીચી લઢાઇમાં તેણે નેપોલ્યનને ફરીથી મોહું ન દેખડાવે તેવો પુરો હરાવ્યો ને મોટું માન મેળવ્યું. ૧૮૨૨ માં તે રાજદ્વારી કામોમાં મોટો ભાગ લઇ મોટી પદ્વિઓ પામ્યો. ૧૮૪૨ માં તે બ્રીટીશ ફોજનો સૌથી વડો સરદાર થયો. મરણ ૧૮૫૨ ની ૧૪ મી આગસ્ટે નીપજ્યું.

આરથર વેલ્સલી પીલ—આ પ્રસિદ્ધ પુરૂષનો જનમ ઇ. સ. ૧૮૨૯ માં થયો. તેણે ઇટન અને બેલયલની પાઠશાળામાં કે-ળવણી લીધી હતી. ઈંગલાંડના વારીકશીઅર પ્રગણાના 'કામનત્રી' શેહેર તરફથી પાર્લામેંટ-માં દાખલ થવાની ૧૮૬૩માં કોશેસ કરી હતી, પણ તેમાં નિશફળતા મળી હતી. એ વર્ષ પછી વારીક શેહેર તરફથીજ પાર્લામેં-ટમાં બીરાજયો. ત્યાં સરકાર તરફથી તૂરત ઓધો બક્ષવામાં આવ્યો. ૧૮૬૮ ના ડીસેં-બરથી ૧૮૭૧ ના જાનેવારી મહિના સુધી ઇંગલાંડના ગરીબ લોકોને મદદ આપવાને લગતાં ખાતાંના અને ૧૮૭૧ થી ૧૮૭૩ સુધી વેપાર ખાતાંના સેક્રેટરી તરીકે તેણે કામ બજાવ્યું. ૧૮૮૦ ના વર્ષમાં મરહૂમ મી૦ ગલાડસ્ટન પ્રધાન પદ ઉપર આવ્યો તે વખત તેણે આરથર પીલ ને સ્વદેશ ખાતાંનો મદદનીશ પ્રધાન નેમ્યો હતો, કે જે ઓહ્દાપર એજ વર્ષના એપ્રેલથી ડીસેં-બર મહિના સુધી તે ચાલુ રહ્યો હતો. ૧૮૮૪ માં તે વખતનો આમની સભાનો પ્રમુખ સર હેર્ની બ્રાંડ પોતાનો એ ઓધ્ધો છોડી ગયાથી તેની જગ્યાએ મી૦ પીલને ચુંટી કાઢવામાં આવ્યો, અને ત્યાં પોતાને એ જગા માટે એટલો તો લાયક પુરવાર કરી આપ્યો કે ૧૮૮૬ના વર્ષમાં નવી પાર્લા-મેંટ મળી ત્યારે કનઝરવેટીવ સરકારના ના-ણાં ખાતાંના પ્રધાન લૉર્ડ રેંડાલ્ફ ચરચીલે તેને ફરી પ્રમુખ નેમવાની દરખાસ્ત મુકી હતી. મી૦ પીલે એ ઓધાનું કામ બહુ મોભા, ફૂન્હે અને મક્કમપણે બજાવ્યું હતું. પોતાના આ ઓધાનું રાજીનામું ૧૮૯૫ માં આપી હાલમાં તે એકાંત જીંદગી ગુજારે છે.

આરથર્સ સીટ—આ નામની એક ટેકડી એડીનબર્ગની પાસે આવેલી છે. જેને વિષે એવી દંતકથા વર્ષો થયાં ચાલતી આવેલી છે કે, 'કીંગ આરથરે અહીંજ સેકસનોને સખત હાર આપી હતી. આ ટેકડીની ઉંચાઈ ૮૨૨ ફીટની છે. આ ટેકડી ઉપરથી મુસાફરો એડીનબર્ગનો સુંદર દેખાવ નીહાળી શકે છે, અને ખસુસ કરી દેખાવો માટે આ ટેકડી ઘણી પ્રસિદ્ધ છે.

આરદાબલ—પર્શિયામાં આજર બીજાનના પ્રાંતમાં આવેલું આ જાણીતું શેહેર કાસ્પી-યન સમુદ્રના પશ્ચિમ કિનારાથી ૪૦ માઇલ પર આવેલું છે. તીફ્લીસ, દરબજદ અને બાકૂ, ઈસપહાન તથા તેહેરાન તરફના વન-જારાઓના વેપારનું એ શેહેર મુખ્ય મથક છે. અહીં ૬૦૦ જાણીતા કુટુંબો વસે છે.

આરદીલાન—કુર્દીસ્થાનમાં આ એક પ્રાંત છે. આ પ્રાંતનો ભાગ ઇરાક અજમીના તાબામાં છે. એ પ્રાંતના મુખ્ય શેહેરો સીના અને કેર્માનશાહ છે.

આરદુઆન—આ પાદશાહ, અશકાનીયાન તબક્કાનો છેલ્લો રાજકર્તા હતો, એ ઇ. સ. ૨૨૬ માં ગાદીએ આવ્યો. આ પાદશાહને અર્દેશીર બાબેગાને કતલ કરી ઇ. સ. ૨૨૬ માં ગાદી છીનવી અને સાસાનીયાન વંશ સ્થાપ્યો.

આર્નદીલીઆન—એ સંગેમરમરના પુરાતમ પથ્થરાઓનું નામ, જે ઉપર યૂનાની લોકોની. મુખ્ય બાબદોની તવારીખ અને તારીખની વીગત સાથનો હેવાલ કોતરેલો હોય છે.

આ શીળા બનાવવાની પેહેલ ઇ. સ. પૂર્વે ૧૫૬૭ માં શરૂ થઇ, અને તે યાહુદીઓએ શરૂ કરી હતી.

*આર્નીથૅારિંકસ—આસ્ટ્રેલિયાનું એક પ્રાણી. તેનાં શરીરની રચના અતી વિલક્ષણ છે. જ્યારે ઇંગ્લાંડના લોકોએ તે પેહેલું જોયું ત્યારે મોટા મોટા વિદ્વાનો પણ અચરત થયા. આસ્ટ્રેલિયા શિવાય બીજા કોઇ દેશમાં એની પેદાસ નથી. તે નદીમાં વસે છે, ને બહુ બીહકણ હોય છે. એ પગે પાંચપાંચ આંગળા જળ કુકડીની પેઠે ચામડીથી એક બીજા જોડે જોડાયલાં ધરાવે છે. તે વાંદર જેવું મોટું અને તેના આખા શરીરપર ભૂરા વાળ હોય છે. એને મોંહને બદલે બતકની જેવી ચાંચ હોય છે. તે ઇંડા મૂકે છે અને મનુષ્યને જોતાંવાર પાણીમાં ડુબકી મારેછે.

આરનેજ—અમદાવાદ જીલ્લાનાં ધોળકા પ્રગણાનું ગામ, ધોળકાની દક્ષિણ પશ્ચિમે ૧૫ મૈલ ઉપર છે. આગળ એ વેપારનું મુખ્ય મથક હતું. રાધનપૂર, કડી, પાટણ, અમદાવાદ ને ખેડાનો માલ અહીંથી ત્યાં ને કાઠીયાવાડ જતો. ગામની ઉપજમાંથી ત્યાંના ભૂત ભવાનીના દેહેરાંને આપવાનું જે દામાજી ગાયકવાડે નક્કિ કરેલું તે બ્રિટીશ સરકાર પણ આપે છે, ગામની ઉપજની વ્યવસ્તા ભાગભટાઇની રીત પ્રમાણે સરકારે ઠેરવેલી પંચ કરે છે.

આરનોલ્ડ ક્રિસ્ટોફ—આ જર્મન ખગોળ વેત્તાનો જન્મ સોમરશીલ્ડના લીપસિયામાં ઇ. સ. ૧૬૫૦ માં ૧૭ મી ડીસેમ્બરે થયો હતો. એ એક ખેડુત હતો, પણ, પોતાની પુરસદની વખતે તારાઓની શોધખોળ કરતો; એમ કરતાં એણે એક વેધશાળા પોતાના મકાનમાં સ્થાપી, અને તે વખતના મોહા પંડીતો સાથે વાદવિવાદ કરતો હતો. એણે જૂદા જૂદા ગ્રહો શોધી કાઢ્યાં છે, મરણ ઇ. સ. ૧૬૯૫ માં ૧૫ મી એપ્રેલે નીપજ્યું.

આરનોલ્ડ થૅામસ ડી. ડી.—આ વિદ્વાન પુરૂષનો જનમ વેસ્ટ હાઉસનાં આયસલ ઑવ વ્હાઇટમાં ઇ. સ. ૧૭૯૫ માં ૧૩ મી જુને થયો હતો. એ પોતે રૂબી ખાતે ૧૮૨૮ થી વડા માસ્તર દાખલ પોતાના મરણ વેર હતો. એનો રચેલો રોમનો ઇતિહાસ પ્રસિદ્ધ છે. મરણ રૂબી ખાતે ૧૮૩૪ માં ૧૨ મી જુને નીપજ્યું.

આરનોલ્ડ મેન્થ્યૂ—જન્મ ૧૮૨૨ માં થયો એણે કવિ તથા ગ્રંથવિવેચક દાખલ નામના મેળવી છે. એની રચેલી 'પોએમ્સ' ઘણી પ્રસિદ્ધ છે.

આરબ લોકોની તવારીખ—'મહમદ પેગંબર આવવાની ઘણું આગમજ એ લોકો ઘણા ગરીબ હોવાથી તેઓપર દુશમનોની નજર નહોતી. તેઓની આવી ગરીબ સ્થિતીને લીધે તેમનો જમાવ થવો કઠણ હતો, તેથી તેઓથી કદી લઢાઇ કરી શકાતી નહોતી. તેમનો મુલક રેતીના રણથી ભરપૂર હતો, અને વચમાં વચમાં પાહાડી જમીન જ્યાં ત્યાં જણાતી. પણ રસાળ જમીનના કડકા લાંબા લાંબા અંતરપર હોઇને વચ્ચે ચોમેર રેતીનાં મેદાનો હતાં. આવા મેદાનોમાં જ્યાં ત્યાં ખારાં તૂરાં પાણીનાં કૂવા આવતાં, ત્યાં ભરવાડ લોકોની નાની નાની ટોલકીઓ પડતી, તેઓ સદા એક ઠેકાણે રેહેતા નહિ; પણ ઘડી ઘડી પોતાના રહેવાના મુકામો બદલીયા કરતા. તેઓ પાસે સોસક અને મેહેનતુ પ્રાણી ઉંટ રેહેતા જે તેમનો સરસામન લાવ લઈજાવ કરવાના કામમાં ઘણું ઉપયોગી જાનવર હતું. એઓ શિવાય કેટલાક લોકોની એ દેશમાં જાથુક વસ્તી થએલી હતી. તેઓ એમના કરતાં સમજણમાં પોંહચેલ હતા તોપણ ઘણું કરીને સાદાઇમાં એમના જેવાંજ હતાં. તેઓમાં જૂદી જૂદી સ્વતંત્ર ટોળીઓ હતી પણ એકમેક વચ્ચે ઓઓ વહેવાર નહોતો. કોઇને એક ટોળીના પ્રદેશમાંથી બીજીનામાં જવું પડે તો, ઘોડા ઉપરથી દોડીને અથવા વનજારાની સોહબતે જવું પડતું. દરેક ટોળીના મૂળ પુરૂષના

કૂળમાંનો જે મુખ્ય પુરૂષ તેનો તે ટોળી ઉપર સેહેજ અધિકાર હતો, તેને સત્તા ચલાવવાને બાહારનું બળ ન હતું. એ માટે તે ટોળીમાં જે બીજી ટુકડીઓ હોય, તેમના મુખીઓની સહાયતાએ તેને પોતાનો ઠરાવ પાર પાડવો પડતો. વળી તે ટુકડીઓમાં જે કૂળમાંના પુરૂષોનું વધારે વજન પડતું તેઓનું મત લેઇને કામ પાર પાડવું પડતું, એ પ્રમાણે લોકોની મરજી મેળવીને રાજ્ય કારભાર કરવો પડતો. સઘળા સ્વતંત્ર હતાં, અને સર્વ મુલકનેજ જો અડચણ આવે તો માત્ર ત્યાં કોઇ પુરૂષના સ્વતંત્રપણાને ધોકો પોંહચતો. આવા દેશમાંના લોકોને કષ્ટ તથા દરીદ્રતાનો સ્વાદ તો પુરેપુરો સમજાયો હતો. તેઓની સ્વતંત્ર ટોળીઓ, તથા તેમના જૂદા જૂદા કબીલાઓ, તેઓ પોતા વચ્ચે અવારનવાર કજીયા કરતા અને તેના ભયંકર પરીણામો પણ આવતાં, તેથી તેમને કદી સંકટોની પર્વા નહોતી. બીજી રીતે એ લોકો સ્વભાવે સહાસી તથા એમની કલ્પના અથાગ એને લીધે જેટલું એઓનું સામર્થ હતું તેટલું બધું વખતે વખત બહાર પડતું.'

'આરબ લોકો મેહેનતૂ અને ખડતલ જીંદગી ગુજારનારા હોવાથી તેમનો બાંધો નક્કર અને સ્નાયૂઓ મજબુત હોય છે. તેમની નજર ચપળ, ચેહેરો કરડો અને ચાલચલણ ગંભીર છે. આ ગુણો ઉપરથી તેઓમાં જે સાહાસ ભરેલો છે તે સ્પષ્ટ દિસી આવે છે. એઓનાં સરખા એશિયાખંડમાં કઠણ મનના બીજા લોકો નથી. આ લોકોમાં મહમદ નામે પેગમ્બર ઇ. સ. ૬૨૨ માં જાહેર થયો. તેનું મત ઘણા લોકોમાં પસરીને ઘણાક કાળથી પોતાનું પરાક્રમ બતાવતા આવ્યા છે.

કોરેશ નામે ટોળીના એક મુખ્ય કૂળમાં મહમદનો જન્મ થયો. (ઈ. સ. ૫૭૦) એ નાહાનપણે ગરીબ હતો. આરબ લોકોની સાદી તથા સરળ રીતભાત પ્રમાણે તે વખતે તવંગર લોકોને પણ ઉંટો લઇને દુઃખ ભોગવીને વેપાર કરવા લાંબી મુસાફરીએ જવું પડતું. તે પ્રમાણે મહમદના કાકાના ઉંટો જ્યારે જતા હતા ત્યારે એ પણ તેમની સાથે જતો હતો. પછી એનું લગ્ન થયું, ત્યારે તેને તવંગર બાઇડી મળી તેથી તે સ્વતંત્ર થયો; એને જે ઉદ્યોગ ગમ્યો તે કરવાની તક મળી.'

'એ અરસામાં આરબ લોકો ઘણું કરીને મૂર્તિપુજક, તથા નક્ષેત્રપુજક હતા. તેઓની રીતભાતને કાયદાનો અથવા ધર્મનો કાંઇજ અટકાવ નહોતો. કેટલાએક યાહૂદી તથા ખ્રિસ્તી ટોળાની એ દેશમાં વસ્તી થઇ હતી, માટે તેઓનાં મતોમાં, સ્વભાવમાં કાંઇક સારો ફેરફાર થયો હતો. એ મૂર્તિપૂજકોમાં પણ બધા દેવોનો પ્રમુખ કોઇ ઇશ્વર છે, એવું તેઓ માનતાં તોપણ એ મતનું વધારે વજન પડતું નહતું અને મહમદના ધર્મની ગતી પેહલા છેક મંદ હતી, માટે તે ધર્મના મતો કબુલ કરવા જોગ દેશોમાં તે વખતના લોકો આવ્યા ન હતા એમ જણાય છે.

'અરબસ્તાન દેશ ઉજડ છે તેથી ત્યાં મનોરંજક વસ્તૂઓ નજરે પડતી નથી, માટે ખુલ્લી મોજમજાહ થકી આરબો વિચારમાં બેશી રહેવાને વધારે પસંદ કરે છે. એ પ્રમાણે મહમદ 'હીરા' પર્વતના ભોયરામાં જઇને બેસતો હતો. અને એકાંતમાં એક ચિત્તે વિચાર કરતો હતો. એની બાઇડીના કાકાનો છોકરો યાહુદી ધર્મ વિદ્યામાં નીપુણ હતો; તેણે ખ્રિસ્તી લોકોનાં ધર્મ પુસ્તકોનું હિબ્રૂમાંથી અરબીમાં ભાષાંતર કર્યું હતું એમ કહે છે. મહમદને એ પુરૂષની ઘણી સોબતી હતી, તે ઉપરથી તે રસ્તે મહમદનું લક્ષ ઇશ્વરના એકત્વ તરફ લાગ્યું હશે, એમ જણાય છે; તોપણ તે ગમે તેમ હોય—બાર પછી મહમદનો વિચાર એક ઇશ્વર તરફ દ્દઢ ચોંટયો અને તેણે પ્રથમ પોતાની બાઇડી તથા પછી કુટુંબમાંના બીજા કેટલાક માણસોને કહ્યું કે "જે

ખરો એક ઇશ્વર તેણે પોતાની સાચ્ચી દીન ચાલુ કરવાને મને હોકમ કર્યો છે." એ વખતે મહમદની ઉંમર ૪૦ વર્ષની હતી. પછી સુમારે ત્રણચાર વર્ષે પોતાને ઇશ્વરી હુકમ થયો છે એવું ઉઘાડી રીતે તેણે કહ્યું, તે ઉપરથી લોકો એને ઘણી રીતે સતાવી નીંદવા લાગા. એ પ્રમાણે ૧૦ વર્ષો પસાર થયાં. એ અરસામાં એના ધર્મનો ધીરે ધીરે ફેલાવો થવા લાગ્યો, તથા અબુતાલેબ નામે એનો પોષણ કર્તા કાકો હતો તે મરણ પામ્યો. એવું જોઇને મક્કાના રાજકર્તાએ એને ઠાર મારવાનો નિશ્ચય કીધો. આવો પ્રસંગ આવવાથી તે મદીના તરફ નાહાંશી ગયો અને જે અર્થે પોતાના ઉપર શતરૂ જુલમ કરે છે તે અર્થે હવે આપણે પણ તેઓ ઉપર કરવો એવો નિશ્ચય કર્યો. અત્યાર સુધી જ્યારે એ ઉપદેશ કરતો તે વખતે જે એનામાં ગરીબઇ રહેલી હતી તે હવેથી છોડી દીધી અને પોતાના સ્વભાવનો તમામ જુસ્સો બાહાર કાઢયો. આગળથી ધર્મોપદેશની સ્થિતિમાં છતાં ઉત્કંઠા તથા સહનશીળતા એ ગુણોમાં જે એની પ્રખ્યાતી હતી તે કરતાં પોતાના પક્ષની સરદારી બજાવવામાં ચતુરાઈ તથા બાહાદૂરી એઓમાં હવે એની મોટી પ્રખ્યાતી થઇ.

'તે પછી એણે ધર્મનો ફેલાવો કરવા થકી લઢાઇઓ કરી પોતાના પક્ષને જબરદસ્તીની મદદ ન જોઇએ એવું-મદીનામાં નાહાશી જતાં સુધી મહમદ હમેશાં કેહતો હતો. પછી "પોતાના બચાવને માટે હથિયાર પકડવાં, એવો મને હોકમ થયો છે" એવું કહેવા લાગ્યો. પછી થોડેક દીવસે 'માહારા ધર્મ ઉપર જેઓ ભરસો રાખતા નહિ હોય તેમનો ધર્મ બદલાવવો અને જો તેઓ ન બદલે તો તેમનો શીરછેદ કરવો, એવો મને ખુદાનો હુકમ થયો છે,' એવું જાહેર કર્યું. આ સેવટના હુકમનું વલણ મહમદના સ્વદેશી લોકોનાં સ્વભાવને મળ્યું એમ જણાય છે. કારણ પેહલાં જ્યારે એણે સ્વારી કીધી ત્યારે એની પાસે નવ શાગરીદો હતાં; એમ છતાં મરવાની અગાઉ એણે સર્વ અરબસ્તાન તાબે કરીને રોમન પાદશાહના રાજ્ય ઉપર હલ્લો શરૂ કર્યો હતો. મહમદને પેહલો ધર્મ વિષેનો વિચાર થયો ત્યારથી ત્રેવીસમે વર્ષે, અને મદીને નાહાશી ગયો ત્યારથી ૧૦ મે વર્ષે એનું મરણ ઈ. સ. ૬૩૨ માં નીપજ્યું.

'મહમદ ઉપર જે લોકોનું એકાન ચોહોટું તે ફકત એના લઢવૈયા સ્વભાવને લીધે એહું એમ નથી. એ જેમ જેમ દેશ જીતતો ગયો તેમ તેમ લોકોની રીતભાત પણ સુધારતો ગયો. ખ્રિસ્તી લોકોના જુના કરારના પ્રૌઢ ઇશ્વર સિદ્ધાન્તોનાં આધારે એણે પોતાનો ધર્મ રચ્યો હતો. એની નીતિ અર્વાચીન ખ્રિસ્તી લોકોને કેવી પણ જણાઓ તોપણ તે વખતે જે આરબ લોકોનો આચાર હતો, તે કરતાં શુદ્ધ હતી. આરબ લોકોને માહોમાહે લઢવાની ટેવ હતી, તે માટે કોઇનું વેર લેવું હોય તો તેઓને ન્યાય ઇન્સાફ લાગતો નહોતો. મહમદે તે બંદ કરીને એવું ઠરાવ્યું કે તપાસ થઇને શિક્ષા કાયમ થયા શિવાય કોઇએ એક બીજાનું વેર લેવું નહિ. એવું થયાથી આરબ લોકોનો જે તીખો સ્વભાવ તેનો અટકાવ થયો. એ વાત મહમદે મોટા મને કરી એમ કેહવું ખોટું નહિ ગણાય? ક્રમે કરીને ઘણું કરી સર્વ આરબ લોક મહમદના મતને મળ્યા, અને તેઓએ તે ધર્મ મન થકી માન્યો હશે એવું ઉપરની વાતથી જણાય છે. નવા પંથમાં દાખલ થયા પછી તેઓની ધર્મસંબંધી ઉલટ જાગ્રત થઈ, તેણે કરીને તેઓની સાહસીક વૃતીનો ઓઘ એકજ માર્ગે વેહવા લાગો. ઇશ્વરના કામ સારૂ જય મેળવો નહિતો તેનું એકત્વ અને મહત્વ એઓનો ઝુંડો ઉભો કરવાના કામમાં જીવ આપવો; એવી બધા મુસલમાનોને ઉલટ પેદા થઇ. તેવામાં રાજ્ય મેળવવાનો તથા લુટનો લોભ, કિર્તીની ઇચ્છા અને સ્વર્ગસુખની આશા,

એ સર્વ વાતો ઉપર કહેલા જોસ્સારૂપ અગ્નિમાં ઘીની માફક પડવાથી તે રોશન આતશની ઝાળ ચોતરફ પસરી, બીજું તે વખતે એમ થયું કે આસપાસના લોકોની રાજકીય તથા ધર્મસંબંધી હાલત સારી નહોતી, તેને લીધે તે જોસ્સામાં આવેલા લોકોને પોતાની મતલબ પાર પાડવાને હિમ્મત આવી.'

'તે વખતે રોમન લોકોના રાજ્યનો નાશ કીધો હતો, તેમજ ખ્રિસ્તી ધર્મમાં ભ્રષ્ટકાર થઇને તે ધર્મનું તેજ કમી થતું ચાલ્યું હતું, તથા તેમાં એક બિજાથી ઉલટા પંથો નીકળીને તેઓની તકરારથી તે ધર્મ જર્જર થયો હતો. ઇરાન દેશને તો સત્યાનાશીજ સુજી હતી. ત્યાંના જરથોસ્તી પુરાણા મજહબનું વાહાણ બુડવાને સામા પવનની થોડીક લેહેર જોઇતી હતી, તેથી ઇરાન દેશમાં આરબોના લશકરે વંટોલ્યા રૂપે જઇ તેમનો નાશ કીધો. ઇરાનમાં જેમ આરબ લોકોનો રાજકીય અમલ પુરો બેઠો, તેજ પ્રમાણે ત્યાં મહમદીયાન ધર્મ સઘળે ઠેકાણે ફેલાયો. પછી ઇરાન દેશનો ધર્મસંબંધી દાખલો બીજા પરાક્રમી લોકોએ જોયાથી તાતાર, ચીન, મલાયા પ્રાંત તથા એશિયાખંડનાં બેટો એ દેશમાં આરબ લોકોના ધર્મની પ્રવૃતી પોતાની મેળે થઈ, નહિ તો એમ થવાને તે લોકો ઉપર આરબોની સત્તાનું કાંઇ જોર નહોતું, રોમન લોકોના રાજ્યમાંના સિરીયા પ્રાંત ઉપર મહમદે પ્રથમ હલ્લો કરયો. તે મુઆ પછી ૬ વર્ષમાં (ઇ. સ. ૬૩૮ સુધી) તેના અનૂયાઇ લોકોએ સિરીયા તથા મીસર દેશ કબજ કરયો. ત્યાર પછી ઇ. સ. ૭૦૯ સુધી પશ્ચિમ તરફ પેહલાં રોમન લોકોએ જેટલો આફ્રિકાખંડ જીત્યો હતો, તેટલો જીતીને ઈ. સ. ૭૧૩ માં સ્પેન દેશ સર કર્યો, અને તેઓનો મૂળ પુરૂષ મહમદ મુવાને ૧૦૦ વર્ષ થયાં નહિ એટલામાં મહમદી લોકો ફ્રાન્સ દેશને મધ્ય ભાગે જઇ પોહચ્યા. આ પ્રમાણે પશ્ચિમ તરફ વર્તમાન બન્યું. બીજી ગમ પૂર્વ તરફ ઇ. સ. ૬૩૨ માં મુસલમાન લોકોએ ઇરાન ઉપર સ્વારી કરીને 'ખદીશિયા'માંની મોટી લઢાઇમાં ત્યાંની ફોજનો નાશ કર્યો. એ વર્તમાન ૬૩૬ માં બન્યો. પછી ઇ. સ. ૬૩૭ માં જલ્લાલમાં તથા સને ૬૪૨ માં નેહાવંદમાં એવી બીજી બે મોટી લઢાઇઓ લઢીને, ઇરાન દેશના રાજ્યનો નાશ કરી ત્યાંના પાદશાહને વક્ષુ નદી પેલીમેર સ્વદેશ પાર હાંકી કાઢયો. આ પ્રમાણે થતાં મહમદની પછી 'ઉમર' નામનો જે બીજો ખલીફ થયો તે ઇ. સ. ૬૪૪ માં મરણ પામ્યો, તે વખતે પૂર્વ તરફ હિરાત શેહેર સુધી બધો ઇરાન દેશ આરબ લોકોએ હસ્તગત કર્યો હતો. પછી ઇ. સ. ૬૫૦ માં ઇરાન દેશમાં એક બંડ થયું તેણે કરીને દેશપાર થયેલા બાદશાહને પોતાનું નશીબ એક વખત અજમાવી જોવું એવી બુદ્ધિ થઇ; પણ તેની કોશેસ સફળ નહિ થતાં તે માર્યો ગયો, અને આરબોની રાજ્યની સરહદ ઘણે દૂરવેર પોંહચી, ને બલ્ખ પ્રાંત તથા હિંદુસ્થાન પર્વતની ઉત્તર તરફનો બધો દેશ તેઓની સત્તા નીચે ઈ. સ. ૬૫૧ માં આવ્યો. હિન્દુકૂશ પર્વતથી સમુદ્ર સુધી દક્ષિણોત્તર તથા ઇરાનના રેતીના મેદાનથી સિંધૂ નદી સુધી જે પાહાડી પ્રદેશ છે ત્યાં સુધી પૂર્વ પશ્ચિમ તે વખતનાં આરબી રાજ્યની હદ આવી પોંહચી. હિન્દુકૂશ પર્વતના ભાગોમાં જે પ્રદેશ છે, તેના તે વખતે ત્રણ વિભાગ પડેલા હતા. ઉત્તર ભાગમાં જ્યાં હાલમાં 'ઐમાક તથા હજારા' લોકો રહે છે, તેને તે વખતે ઘોર પર્વત કહેતા હતા; મધ્ય વિભાગનો સુલેમાન પર્વતમાં સમાવેશ થતો હતો, અને દક્ષિણ વિભાગને મકરાનનો પર્વત કહેતા હતા. આ મકરાન પર્વતથી સમુદ્ર સુધી 'રેતીનું' મેદાન છે. સુલેમાન પર્વતમાં મોટા ઉંચા તલાઓ છે, તેઓમાનું એક તળવટ. સુલેમાન તથા ઘોર પર્વતોની સરહદ ઉપર છે; તે પશ્ચિમ તરફ ગીજની

સુધી ગયું છે. જ્યારે મુસલમાન લોકો સ્વારીઓ કરવા લાગા, ત્યારે મકરાનના પર્વત ઉપર બલુચી લોકો રેહેતા હતા અને સૂલેમાન પર્વત ઉપર અફ્ઘાન લોકો રહેતા હતા. ઘોર પર્વત ઉપર કોણ રેહેતા એ જણાવ્યું નથી, પરંતુ ઘણું કરીને અફ્ઘાન લોકો હોવા જોઇએ એમ જણાય છે. ઘોર પર્વત થકી પૂર્વ તરફ સિન્ધૂ નદી જે હિન્દુકૂશ પર્વતને લાગેલા બીજા પર્વતો છે તેઓ ઉપર તે વખતે 'પારોપમિસાદી' લોકોના વંશમાનાં કોઇ હિન્દુ લોકો રેહેતા હશે એવો સંભવ જણાય છે. ડુંગર છોડીને સપાટી ઉપરની હસ્તી જોવા જઇએ તો મકરાન તથા સૂલેમાન પર્વતોની તથા સિન્ધૂ નદીની વચ્ચે જાટ લોકો રેહેતા હતા અને ઉપલા પર્વતોની પશ્ચિમે જે સપાટ પ્રદેશ છે, તેમાં ઇરાની લોકોની વસ્તી હતી એવું હાલની વસ્તી ઉપરથી અનુમાન થાય છે.'

'આ ઉપરના સ્વતંત્ર મુલકપર પ્રથમ સ્વારી ઇ. સ. ૬૬૪ માં થઇ. તેમાં મર્વ શેહેરથી આરબ લોકોના એક લશકરે આવીને કાબુલ સુધી ચાલ કરી તથા ૧૨૦૦૦ (બારહજાર) લોકોનો ધર્મ ફેરવીને મુસલમાન કર્યા. એ સ્વારીમાં તેઓએ કાબુલનું રાજ્ય લીધું અથવા ત્યાંના રાજા પાસેથી ખંડણીઓ લીધી હશેજ, એમ જણાય છે. કેમકે ત્યાર પછી કેટલીક મુદતે કાબુલના રાજાએ બંડ કર્યા ઉપરથી મુસલમાન લોકોએ તેની ઉપર ઇ. સ. ૬૮૨ માં બીજી સ્વારી કીધી. પણ એ સ્વારીમાં કાબુલના રાજાએ આરબ લોકોને ખીંડમાં આણીને ત્યાં તેમનો પરાજય કીધો, તે વેળા શરણ થઇ ઘણું દ્રવ્ય આપીને પોતાનો છુટકારો કરી લેવાની આરબ લોકોને જરૂર પડી. પોતાના લોકોની આવી ફેજ જોઇને સીસતાનનો અધિકારી એક આરબ સરદાર હતો, તેણે લશકર મોકલીને સારી પેઠે વેર લીધું. પછી ખુરાસાનનાં સુબેદાર અબદુલ રહીમાનને હિ. સ. ૮૦ માં પોતે મોટી ફોજ સાથે કાબુલ ઉપર સ્વારી કરી; ત્યારે તેને ફસાવવાને ઘણી યૂકિતઓ કરી તેમાં ફસાઇને નહિ રોકાતાં તેણે બધો દેશ હાથ કીધો. તે વખતે બસરાનો સુબેદાર હૂજાજ હતો. તે સ્વભાવે ગરમ તથા ક્રૂર હતો એવું આરબ ઇતિહાસમાં વર્ણેલું છે. એ અબદુલ રહીમાનનો ઉપરી હતો, તેને અબદુલ રહીમાને લખેલા કામથી ગુસ્સો આવ્યો. ત્યારે હવે આપણી ઉપર આફત આવી એવી ધાસ્તીથી અબદુલ રહેમાને બંડ કર્યું; અને બસરા શેહેર લઇને કયૂફા નામની જે અર્વાચીન રાજધાની છે તે પણ લઇ લીધી. સેવટે દમાસ્કસ કે જ્યાં ખલીફાનું રહેવાનું ઠેકાણું હતું તે શેહેર ઉપર એ હવે આવી પડે છે એવી લોકોને ધાસ્તી લાગી. આ પ્રમાણે ઇ. સ. ૬૯૯ થી ૭૦૫ સુધી જે એને લાગટ ૬ વર્ષો વેર લઢાઇ કીધી તેને એમાં કાબુલના બાદશાહાની મદદ હતી. પણ જ્યારે એનો પરાજય થયો ત્યારે પોતાના સાહાયકરીની પણ મદદ કરવા જોગ શકિત નહિ જોઈ પોતે આપઘાત કરી મુવો.'

'એ વખતના અફ્ઘાન લોકો મુસલમાન હતા અને ઘણું કરીને અફ્ઘાન લોકોના દંતકથા ઉપરથી તેઓને ખુદ મહમદ પેગંબરે પોતાના ધર્મમાં આણ્યા હશે. આ અફ્ઘાન લોકોએ હિ. સ. ૬૩ માં હિંદુસ્થાન ઉપર સ્વારીઓ કરવાને આરંભ કર્યો ત્યારથી લાહોરના રાજાની તથા તેઓની લઢાઈ ચાલેલીજ હતી. સેવટે સિન્ધૂ નદીના પૂર્વ કાંઠાના ડુંગરોમાં 'ગરક' નામના લોકો રેહેતા હતા તેઓની સાથે મળીને અફ્ઘાન લોકોએ તે રાજાને હરાવીને તેની પાસેથી કેટલોક મૂલક લઇ લીધો, અને બીજા મુસલમાન લોકોના ઉપદ્રવથી એમ તમારૂં રક્ષણ કરશું એવો તેની સાથે છાનો કરાર કર્યો. એ તકરારને લીધેજ પછી સામાની રાજા સિન્ધૂ મુલકમાં માત્ર લુટ કરવા જતા, પણ તેઓએ કદી ઉત્તર હિંદુસ્થાન ઉપર સ્વારી કરી નહિ; એ પ્રમાણે તવા-

રીએ ફરીસ્તામાં વર્ણન છે. બીજું* હિજરી સનના બીજા સૈકામાં સીન્ધૂ મુલકમાંથી આરબો નાહશી આવ્યા, તેઓને અફઘાન લોકોએ આશ્રય આપ્યો. પેહલાં મર્વ શેહેરમાંથી કાબુલ ઉપર મુસલમાનોએ સ્વારી કીધી એવું વર્ણન કર્યું છે. તેજ સ્વારીમાં હિંદુસ્થાનમાં પણ મુસલમાન લોકો (ઇ. સ. ૬૬૪ માં) આવ્યા. એ વખતે સર્વ ઇરાન તથા અરબસ્તાન આરબોને તાબે હતો. એઓનો પ્રસિદ્ધ થયલો 'મોહાલબી' નામનો સરદાર કેટલીક ફોજ લઇને નીકળ્યો, તે મુલતાન સુધી જઇને ત્યાંના ઘણાંક બંદીવાનો લઇને સ્વદેશ ગયો. કાબુલથી મુલતાન સુધી દેશ કેવો છે એનો શોધ કરવો, એટલોજ એનો હેતૂ હતો એમ જણાય છે. પછી એ પાછો ગયા ઉપરાંત એણે આ તરફનું વર્ણન કર્યું, તે નાઉમેદ થવા જોગ કહ્યું કે કેમ એ બરાબર જણાયું નથી, તોપણ તે કારણથી હોય અથવા બીજાં કારણથી હોય, પછી આરબ લોકોની ચઢતી હતી ત્યાં સુધી ઉત્તર હિંદુસ્થાન ઉપર તેઓએ ફરીથી હાથ નાખ્યો નહિ. જોકે હિંદુસ્થાન છોડયું પણ સિંધૂ દેશ ઉપર ખલીફ ઓમરની કારકિર્દીમાં આરબ લોકો વાહાણોમાંથી આવીને તૂરતા તૂરત હલ્લા કરતા, તે વખતે તેઓએ કહીં જાયુક વસ્તી કરી નહિ. પણ આ દેશમાંની સ્ત્રીઓ સ્વરૂપવાંન હોયછે એવી અરબસ્તાનમાં ખ્યાતી હતી, એ માટે તેઓને નસાડીને લઈ જવાનાં કામ સારૂં કદાચીત તેઓ આવતા હશે. બીજા ખલીફાના વખતમાં પણ આ દેશ જીતવા સારૂં કેટલીએક ટોળીઓ મકરાનમાંથી મોકલેલી હતી. પણ આ દેશ ઉજડ હોવાથી તેઓથી કાંઇ થયું નહિ. પેહલાં સીકનદર બાદશાહની ફોજના આજ મુલકમાં ખુરા હાલ થયા એ માટે એને 'ઓડોશિયા' એવું યૂનાની ગ્રંથકારોએ નામ આપ્યું છે.

* 'સિન્ધૂ દેશમાં દાહિર નામે રાજા હતો તેની રાજધાની બકર કિલ્લા પાસે અરોડ નામે શેહેર હતું, તેની સત્તા મુસલમાન પ્રાંત, બધો સિન્ધુ દેશ અને તેની પાસેના ઘણું કરીને કાલાબાગ પર્વત સુધી સિન્ધુ નદનું તળવટ એટલા પ્રદેશો ઉપર ચાલતી હતી. એના હાથ નીચે તેના સગાવ્હાલા ઉમરાવો હતાં. તેઓ ઘણું કરીને રજપુત લોકોની હાલની ચાલ પ્રમાણે તેને રાજ્ય કારભાર સોંપતા હતા. સેવટે ખલીફ વાલીદની કારકિર્દીમાં મુસલમાન લોકોએ ઘણી જીદ પકડીને ઇરાન દેશની દક્ષિણમાંથી સ્વારી કીધી, એ વખતે મુસલમાન લોકોને એવી જીદ પકડવાને જે કારણ મલ્યું તે એ હતું કે 'સિન્ધુ દેશમાં દેવલ નામના બંદરે તહાંના લોકોએ એક આરબ વાહાણ પકડયું, તે પાછું અમારે હવાલે કરવું એવું દાહિર રાજાને મુસલમાન લોકોએ કહેવાડયું, રાજાએ જવાબ દીધો કે દેવલ બંદર મારા રાજમાં નથી. એ તેનું બાહાનું મુસલમાન લોકોએ કબુલ ન કરતાં ૧૦૦ પાયદળ તથા ૩૦૦ સ્વારોની તુકડી મોકલી, પણ એ લશકર છેક થોડું હતું માટે પેહેલા પ્રમાણેજ નાશ પામ્યું. એ જોઇને હુજાજ નામના બસરાના સુબેદારે શિરાજમાં ૬૦૦૦ માણસોનું લશકર તૈયાર કર્યું, અને તે ઉપર પોતાના ભત્રીજા મહમદ કાસીમને નેમ્યો. તે વેળા મહમદ કાસમનું વય ૨૦ વર્ષ ઉપર નં હોતું, એમ છતાં તેણે ઉપર લખેલું લશકર દેવળ આગળ સાચવીને આણ્યું. શેહેરને ઘેરો ઘાલવા સારૂં કોટ ઉપર જોરથી પથ્થરો મારવાનાં સાંચા તથા બીજા યંત્રો એવી બધી સામગ્રી તેની પાસે હતી, પણ તેણે તે બધું છોડીને પ્રથમ ગામ પાસે એક દેવાલય હતું તે ઉપર હલ્લો કર્યો. એ દેવાલય ઘણું પ્રખ્યાત હતું તેને ફરતી મોટી ઉંચી પથ્થરોની દેવાલ બાંધેલી હતી; તેમાં ઘણા બ્રાહ્મણો રેહેતા હતાં, તથા તે શિવાય ત્યાં રજપૂત લોકોનો મજબુત મોહોરો હતો.

આ પ્રમાણે તેને સંકટો આડાં આવ્યાં તેટલાં પકડાયલા હિંદુઓમાંથી, એક બંદીવાને કાસીમને કહ્યું કે 'દેવાલયના કળસે ઉપર જે ધજા છે—તે છે ત્યાં સુધી આપણને શત્રુની બીક નથી, એવી લોકોની સમજ છે. તે સાંભળીને તેણે ધજા ઉપર તોપો ચલાવી, ત્યારે કેટલીક વાર પછી તે ધજા પડી, તે જોઇને અંદરનું લશકર ગભરાઇ ગયું. તેણે કરીને થોડાજ વખતમાં તે દેવાલય શત્રુઓએ લીધું. બ્રાહ્મણોએ મુસલમાન ધર્મ ન સ્વિકાર્યાથી કાસીમે હુકમ કર્યો કે ૧૭ વર્ષ ઉપરના જેટલા પુરૂષો હોય, તેઓની કતલ કરવી. અને જેઓ તેથી નાહાના હોય તેઓ તથા બધી બાઈડીઓ, એઓને ગુલામ કરીને લઈ જવાં.

દેવાલયની આ દશા થયા પછી પાસેનું શેહેર પણ શત્રૂઓને હાથ આવ્યું. ત્યાં મુસલમાન લોકોને ઘણી લુટ મળી. તેમાંથી ચાલ પ્રમાણે હુજાજનો એક પંચમાસ હિસ્સો કાઢીને બાકી તેઓએ વેંહેચી લીધાં. દેવલ ગામમાં દાહિર રાજાનો એક છોકરો ઉમરે આવેલો હતો, તે બ્રાહ્મણાબાદમાં નાહાંશી ગયાથી કાસીમે તેની પુઠ પકડી તેને જીતીને તેની સાથે સલ્હા કીધી ને તેને છોડી મેલ્યો. પછી કાસીમે નેરૂણ શેહેર જેને હાલમાં હૈદ્રાબાદ કહે છે તે ઉપર સ્વારી કરી; અને ત્યાંથી સેહવાણ ઉપર ચઢાઈ કરી તે શેહેરને ઘેરો ઘાલ્યો. તે શેહેર કુદરતી મજબુતીવાલું હતું, એમ છતાં પણ સાતમે દીવસે શેહેર ઉજડ કરી દઇને તેમાંનું લશકર 'સાલીમ' ના કિલ્લા ઉપર નાહશી ગયું, પછી કાસીમે તે કિલ્લો પણ લીધો. આ પ્રમાણે વધારે હરકત ન આવતાં કાસીમ દેશ જીતતો ચાલ્યો. પછી દાહિર રાજાનો મોટો છોકરો બળવાન લશકર લઇને તેને આડે આવ્યો. આણીમેર તેના ભારબરદારી ઉંટો વગેરે દંગ થતા ગયા; લઢાઇની સામગ્રી ખુટતી ગઈ, અને પીઠ બળ કમી થયું, તેને લીધે તેને છાવણી કરીને રહેવું પ્રાપ્ત થયું. કેટલાક દાહાડા પછી તેને ઈરાનમાંથી ૨૦૦૦ ઘોડેસ્વારોની કુમક આવી, ત્યારે તેણે ફરીથી લઢાઇનો આરંભ કર્યો, અને ઘણી નાહાની લઢાઇઓ કરીને ચાલ કરતો છેલ્લે તે 'અરોડ' નજદીક પોંહચ્યો. ત્યાં પોતાની રાજધાનીના બચાવ સારૂં દાહિર ૫૦૦૦૦ ફોજ તૈયાર કરીને પોતે લઢવા આવ્યો. એ સમયે આપણા કરતાં શત્રૂની સંખ્યા ઘણી છે, કદાપી પરાજય થયો તો આપણાથી પાછું જવાશે નહિ, એવું જોઈને કાસીમે પોતાની ફોજ ઉભી રાખવાને મજબુત જગા જોઈ, અને પોતાના શત્રૂની વાટ જોતો તે ત્યાંજ ઉભો રહ્યો. શત્રૂના લશકર સાથે લઢાઈ ચાલતી હતી તેટલાં દાહિરના હાથીને ગોળો વાગવાથી તે નાહાઠો એથી લશકર બીધું અને સેનાપતિ મુવો જાણી નાહાસભાગ કરવા લાગું, તેટલાં દાહિર પાછો સ્વાર થઈ લઢવા લાગો છતાં વિખરાયલું લશકર માર્યું ગયું અને દાહિર પડયો. ત્યાં રાજાનો છોકરો હતો તેણે આગળ થવું હતું, તે એક કોરે રહીને ઉલટો બીકણ સરખો બ્રાહ્મણાબાદમાં નાશી ગયો. એ જોઈને રાણીએ પોતાના ધણીની પરાજીત ફોજ એક ઠેકાણે જમાવી, શેહેરના કોટો વગેરેની મરામત કરાવી, અને શત્રૂના ઘણા હલ્લા હટાવ્યા. પણ પછી ખોરાક ખુટી જવાથી પોતાના દેશની રીત પ્રમાણે ગાંડા રજપૂતોએ બચ્ચાં બાયડીને બાળી નાખી પોતે રણમાં ધસ્યા અને દુશમનની તલવારને શરણ થઇ માર્યા ગયા. પછી બીજા હિંદુ લોકો નિરાશ થઇને તેઓ જીવ ઉપર ઉદાર બની સેવટે 'આશકંદ્રામાં' કાસીમ સાથ લડયા. ત્યાં તેઓનો નાશ થયા પછી, મુલતાનમાં કાસીમને કોઈ આડું આવ્યું નહિ. આ પ્રમાણે કોઈ શત્રૂ ન રહ્યો એવું થયા છતાં મુસલમાન લોકો દેશ જીતતા ચાલ્યા, અને અનૂક્રમે દાહિર રાજાનું આખું રાજ હસ્તગત કરી લીધું.'

'આરબ લોકોએ પેહલા ઝપાટામાં જે

દેશો લીધાં, તેઓમાંના લોકોની સાથે કેટલીક બાબતોમાં શાંતપણે ચાલતા, તથા કેટલેક ઠેકાણે પોતાનું ક્રૂરપણું વધારે પ્રગટ કરતાં જે શેહેરો એણે હલ્લા કરીને લીધા, તે શેહેરોમાંના દેવાલયો જમીનદોસ્ત કરી નાખ્યા હતાં, ત્યાંની પૂજાઓ બંદ કરી હતી, અને ત્યાંના બ્રાહ્મણ લોકોની જમીનો તથા વર્ષાસનો ખાલસા કર્યાં હતાં. પછી એ બાબત આગળ કેમ કરવું એ વિચાર પડયો કારણ કે, જો આપણે ધર્મની બાબતમાં મુળેજ હાથ ઘાલ્યો ન હતે તો તે વાત જૂદી હતી, પરંતુ આપણે કહ્યું તે જો ફરીથી ફેરવ્યું, તો તેણે કરી મૂર્તિપૂજકોને આપણે પ્રત્યક્ષ મદદ કરી એવું થશે, એમ લાગવાથી આગળ કેમ કરવું તે કાસીમને સુજ્યું નહિ, ત્યારે એ બાબત અરબસ્તાનમાં લખી મોકલી. ત્યાંથી એવો જવાબ આવ્યો કે 'તમે લખોછો તે શેહેરોએ ખંડણી આપી છે, ત્યારે તે આપણી પ્રજા છે, એ માટે હવે તેઓને પ્રજાના સંબંધનાં સર્વે હક્કો હોવા જોઇએ. તેઓએ પોતાના દેવલો બાંધવાં, પોતાના ધર્મ પ્રમાણે સર્વ સંસ્કારો કરવાં, બ્રાહ્મણોની જમીન છોડવવી, તેઓના વર્ષાસનો પાછાં આપવાં, અને એકંદર જમાબંદીમાંથી શેંકડે ત્રણ ટકા જે હિંદુઓના રાજ્યમાંથી ધર્મના મલતા હોય તે મુસલમાનોએ ચલાવવા.' કાસીમ ઉમરે નાનો હતો પણ શાણો અને જાનમિલાપી હતો. ઉપરની લઢાઇ ચાલતા છતાં ઘણા હિંદુ રાજાઓને એણે પોતાના પક્ષ તરફ વાળી લીધા અને લઢાઇ બંદ થયા પછી દાહિર રાજાનો મૂખ્ય પ્રધાન જે હિન્દુ હતો તે ત્યાંના લોકોના જુના હક્કોમાં, રીતભાતમાં, તથા કારોબારમાં વાકેફગાર, સબબ તેના હાથથી સારો બંદોબસ્ત થશે એવું સમજીને તેનેએણે પોતાની પ્રધાનગીરીનું કામ સોંપ્યું.'

'કાસીમે કનોજ ઉપર સ્વારી કરવાના એરાદાથી કુચ શરૂ કરી અને ઉદેપૂરમાં જઈ પોહચ્યો તેટલાં તેનું દુરદૈવ આવીને આગળ ઉભું. કાસીમે સિન્ધુમાં જઇ ઘણી સ્ત્રીઓ કરી, તેઓમાં રાજા દાહિરની બે છોકરીઓ હતી, તે રૂપે લાવણ્યયુકત હોઇને મોટા કૂળમાંની એવું સમજીને તેઓને આપણા 'અમીરલ મોમીનીન' ને નજર કરવી એવો વિચાર કીધો, તે બન્નેને દરબારમાં આણી જનાનખાનામાં મોકલી દીધી. તેઓમાંથી મોટી છોકરીની ખુબસૂરતી વિષે ખલીફ વાલીદે વાતો સાંભળીયા ઉપરથી, તેને જોવાની અત્યંત હોંસ પેદા થઈ, પછી તેમને જ્યારે ખલીફ આગળ આણી, ત્યારે તેણીએ રડીને આસૂનું પૂર છોડયું. અને કહ્યું કે "મને સ્વદેશથી અહીં મોકલવા પેહેલાંજ, કાસિમે માહારી ઉપર બલાતકાર કીધો, તે માટે હવે હું આપણી નજર આગળ ઉભી રેહેવાને યોગ્ય નથી.' તેનું સૌંદર્ય જોઇને ખલીફને દયા આવી, અને આપણા ચાકરે આપણું અપમાન કર્યું માટે ક્રોધાયમાન થઈને તેનું વેર લેવું એવા સંતાપના કેહેરમાં તેની વૃત્તિ ફરી, ને કાસીમને કાચા ચામડાંની ગુણમાં શીવીને તેવોજ દમાસ્કસ મોકલી દેવો એવો તેણે હૂકમ કર્યો. તે હુકમ બજાવીને કાસમનું શબ આણ્યા પછી તે તેણે પેલી રાજકન્યાને દેખાડયું. તે જોઇને તેને પરમ આનંદ થયો. પછી તેણીએ ખલીફને કહ્યું કે "કાસીમે માહારા ઉપર જુલમ કર્યો નહોતો પણ તેને મારો બાપ માર્યો તથા અમારો નિરવંશ કર્યો તેનું વેર લેવાનું હતું માટે મેં આવું ખોટું કામ કર્યું છે," તે સાંભળી ખલીફ ચક્રીત થયો. કે તેજવેળા આ રાજકન્યાએ કટારી ખાઈ પ્રાણ મેલ્યો.

કાસીમ મુવા પછી આરબોની ચઢતી દશા પુરી થઇ. ત્યાર પછી તેનો કારોબાર 'તેમીમ' નામના સરદારને ઇ. સ. ૭૧૪ માં સોંપ્યો. પછી ઉમ્મયા નામના અલીફના કૂળની સમાપ્તી થતાં સુધી સુમારે ૩૬

વર્ષ સુધી તે પ્રાંત 'તેમીમના' વંશ પાસે રહ્યો. ત્યાર પછી બંડ થઇને 'સુમરે વંશ' ના રજપૂત લોકોએ આરબોને હાંકી મુકીને તેઓએ જે હિંદના દેશો લીધા હતા તે પાછા લીધાં'

'આરબોની ચઢતી ન થવાના બીજા પણ કારણો મલતા ગયાં. એકતો તેઓના સરકારની દયાનત ફરી. બીજું તેઓના ખલીફા આગળ મોટા હોંસીલા ધર્મોપદેશક હતા, તેઓ તે વિષય છોડીને ઘણા કારસ્તાની રાજા થયા; અને પોતાના ધર્મનો વધારો કરવાની તજવીજ છોડીને પોતાના કુળનો વૈભવ કેમ વધશે એ તરફ વધારે લક્ષ આપવા લાગ્યા. એવું થયાથી પ્રથમ તેઓનો જે જંગલી સીપાઇગીરીનો મીજાજ હતો તે બંદ થયો, અને તેઓ મોટા દોળતદાર તથા એશઆરામી બાદશાહ થયા. પ્રથમ લઢાઇ કરીને જય મેળવ્યો એટલે તેઓને આનંદ થયો હતો, પછી ઇશ્કબાજીની મોજમાં તેમને પડવું ગમ્યું અને તેમાંજ તેઓનો અંત આવ્યો. મહમદ પછી ઉમર નામનો બીજો ખલીફ થયો, તેની ફોજ જેરૂસલેમ શેહેર પાસે હતી, ત્યાં જવાને તે જ્યારે નીકળ્યો ત્યારે તે પોતાના હથિયારો તથા સર સામન પોતાને બેસવાના ઉંટ ઉપર લાધી લઇ ગયો હતો, તેની પછી ઓસમાન નામનો ખલીફા થયો તે પોતાનું નીત્યનું કામ પુરૂં થયું એટલે પોતાની ખ્યાલી ખુશાલીને સારૂં તેલ વપરાય નહિ માટે પોતાનો દીવો જાતે બુજાવતો હતો. એવું છતાં એજ ઓસમાન પછી ૧૦૦ વર્ષ થયા નહિ એટલામાં 'અલ મેહદી' નામનો ખલીફા થયો તેણે બરફ સાથે લેવા સારૂં ૫૦૦ ઉંટો રોકવા માંડયા. પછી અબુ સૈઅદ વંશનાં ખલીફ થયા તેઓ ઘણાંજ ઉડાઉ નીકળ્યા. તે એવા કે તેઓમાંના એકને દર દીવસના ખરચ સારૂં આગલા ચારે ખલીફાની બધી જીંદગીનું દ્રવ્ય ખરચ થતું હતું. આ પ્રમાણે રાજકીય, ધર્મ સંબંધી અને લોકહિત સંબંધી વિચારો ફરી ગયા.'

પેહલા ઓમર ખલીફે અલેકઝાન્ડ્રીયામાંનુ પુસ્તકાલય બાળી નાખ્યું તેજ મુસલમાનોમાં 'અલ મામૂને' સર્વે યૂનાની તત્વવેત્તાઓનાં ગ્રંથોનું ભાષાંતર કર્યું. એ ઉપરથી મુસલમાનોનો પેહલો સ્વભાવ કેટલો ફર્યો હતો એ ઉઘાડું દીસેછે, આ પ્રમાણે વાતો બની આવ્યાથી અરબ લોકોનું પૂર્વ તરફનું રાજ્ય નહિ સરખું થયું. આરબોની ચઢતી દશા પૂરી થયા પછી તેઓની પાછલ બીજા લોકો હિંદમાં સ્વારી કરવા લાગ્યા. આગળ દર્શાવ્યા પ્રમાણે આરબોએ ઇરાન લીધા પછી તેઓનું રાજ્ય 'વક્ષુ' નદી સુધી વધ્યું. પછી બીજા ૬ વર્ષમાં સમરકંદ તથા બુખારા એણે લીધા, વક્ષુ નદીની ઉત્તર તરફનો પ્રદેશ ઉજડ કર્યો, અને આરલ સરોવરના કાંઠાનું 'ખારીઝમ'નું રાજ્ય જીતી લીધું, તેજ વર્ષે મુસલમાનોએ સ્પેન દેશ લીધો ત્યારે મુસલમાંની રાજ્યનો કળસ થયો, તેની પહેલાંજ તેઓના રાજ્યની ઇમારતોને અંદરથી ઉધાઇ લાગી હતી, તે ઉપરથી તે જલદી પડશે એવું ભવિષ દીસવા લાગ્યું હતું. હિ. સનના પેહેલા અર્ધા સૈકામાંજ (ઇ. સ. ૬૫૮ હિ. સ. ૩૮) ઓસમાન ખલીફનું ખૂન થયું. પછી 'ખલીફ'માં પાણી નથી એવું જોઇને લોકોએ તોફાન કરી અરબસ્તાનની બહાર ખલીફને ગાદી મેલવી આપી. આ બંડને લીધે ઉમ્મયાના વંશને ખલીફપણું મલ્યું, તેનો તેના વંશજોએ ૯૦ વર્ષ સુધી ઉપભોગ કર્યો. એટલી મુદતમાં પેગંબરની છોકરી ફતીમાના વંશનો અધિકાર ઉપર હક છે એ બાહાને ઘણા બંડો તથા કજીયા થઇને રાજ્યમાં ધાંધલ ચાલી સેવટે ઇ. સ. ૭૫૦ માં ખુરાસાનમાં બંડ થયું, ત્યારે એ ઉમ્મયા વંશની સત્તા નહિ સરખી થઇને પેગંબરના ભત્રીજા અબ્બાસના વંશજોને રાજય મલ્યું અને સ્પેન દેશમાંના લોકો જુના ખલીફાના વંશના પક્ષ ધરી રહ્યા ત્યાર

પછી એ રાજ્ય એક છત્ર કયારે પણ થયું નહિ. આવી રીતે આરબોની ચઢતી પડતી ની ઝળકતી તવારીખ કટકા બુકલાને આકારે એશિયાખંડમાં પસરી છે. પણ આરબો નું રાજ્ય યા તેમની સત્તા હાલમાં કૈથે રહી નથી.

આરબી ભાષા—આ ભાષા ઘણી પુરાણી જણાયલી છે. આ ભાષાની ઘણીક જૂદી જૂદી ભાષાઓ હતી, જેઓ એક બીજાથી તદનજ ઉલટી હતી. તેઓમાંની ઘણીક વખણાયલી ભાષા 'હેમીઅર'ની જાત અને બીજી ઉંચી જાતનાં આરબો તેમજ 'કોરીઇસ' જાત બોલતી હતી. કોરીઇસ લોકોની ભાષાને સાધારણ રીતે ચોખી આરબી કહેતા હતા, એજ ભાષામાં કોરાન પણ લખાયલું છે.

ઇરાક શેહેરમાં હેનબર તરફનો એક 'મોરામર ઇબ્ને મોરા' નામનો શખસ, કે જે મહમદ પેગંબરની આગમજ થોડાંક વર્ષ અગાઉ થઈ ગયો, તેણે આરબી ભાષાનાં મૂળા અક્ષરો નવા શોધી કાઢ્યાં હતા. એ દસ્તખતો તેણે 'બાશહાર' જે 'કેનેડીયન' જાતનો હતો તેની પાસે શિખ્યો હતો, જેણે આ ભાષા મક્કામાં મુસલમાની ધર્મ દાખલ થવાની થોડીજ મુદત આગમજ દાખલ કરી હતી.

આર્બેલા—આસિયામાં કુર્દીસ્થાનને લગતું આ એક પ્રસિદ્ધ ગામડું છે. કે જે બગદાદ અને મોસલના માર્ગમાં મળે છે. આ ગામડાં નજદીક સીકંદરને ઇ. સ. પૂર્વ ૩૩૧ માં દારા સાથ મોટી લઢાઇ થઇ હતી. આ ગામડું આગલા વખતમાં મોટું શેહેર હોવું જોઇએ પણ હાલમાં ૨૦૦૦ માણસોથી વધારે વસ્તી નથી.

આર્બેલાની લઢાઈ—આ જગ પ્રસિદ્ધ લઢાઇ ઇ. સ. પૂર્વે ૩૩૧ માં ૧ લી અકટોબરે થઇ. આ લઢાઇમાં દારાએ સીકંદર રૂમીના હાથે શીકસ્ત ખાઇ સર્વેસ્વ ખોઈ દીધું હતું. યુફ્રેટીસ, નદીની આથમણુ દિશા તરફનો સઘળો મુલક શત્રૂના હાથમાં જઇ ચૂકયો ત્યારે દારાએ ઉગમણુ તરફના બચાવ માટે યોજના કરી હતી. તે માટે તેણે એક મોટી ફોજ ભેગી કરી હતી. કહેછે કે આ ફોજ ઈસસની લઢાઇ વખતે ભેગી કરેલી ફોજ કરતાં પણ મોટી હતી. તેની સંખ્યા આર્યન પ્રમાણે ૧૦૦૦૦૦૦ પેદલ ૪૦૦૦૦ ઘોડેસ્વાર, ૨૦૦ હથિયારબંદ લઢાઇના રથો અને ૧૫ હાથીઓ હતા. ડાયોડોરસ મુજબ ૮૦૦૦૦૦ પેદલ અને ૨૦૦૦૦૦ ઘોડેસ્વારો હતાં. જસ્ટીન ૪૦૦૦૦૦ પેદલ ને ૧૦૦૦૦૦ ઘોડેસ્વારોની ગણત્રી આપે છે. કર્સ્યસ મુજબ ૨૦૦૦૦૦ પેદલ અને ૪૫૦૦૦ ઘોડા હતા. આ જૂદી જૂદી અચોકસ ગણત્રી ઉપરથી એટલુંજ ઠરે છે કે, દારાનું લશકર ગંજાવર હતું; પણ સીકંદર પાસે ૪૦૦૦૦ પેદલ ને ૭૦૦૦ ઘોડેસ્વારો હતાં. આ સીકંદરનું લશકર બહુજ નાનું હતું તે છતાં તેને ફતેહ મળી હતી.

પાદશાહ દારા જોબી રણસંગ્રામમાં જાતે આગળ લડતો હતો અને પોતાના લશકરને ટકાવી શકયો હતો, તોપણ જ્યારે ચાલુ લઢાઇઓ પછી સેવટે યાને નસીબે હાર સર્જી હતી તે રાત્રે રખે સીકંદર 'શબેખૂન' ચલાવશે એમ પાદશાહ વકી રાખતો હતો, અને પાર્મિન્યનોએ તેમ કરવાની સીકંદરને ભલામણ કરી હતી, એટલા માટે દારાએ પોતાની ફોજને બળતી મશાકોની રોશની વચ્ચે આખી રાત જાગૃત રાખી, જેથી માઠું પરીણામ એ નીપજ્યું કે સહવાર પડી ત્યારે સઘળા હથીયારબંધ ઇરાનીઓ ઉજાગરાથી અને આખી રાત ઉભા રહેવાથી થાકી ગયા અને બીજા હાથપર દુશમનોએ આખી રાત સારી પેઠે ઉંઘ કાઢેલી હોવાથી લઢવાને માટે તેઓ તદન તાજા તૈઆર હતા. આ રીતે બીજે દીવસે આ મોટી અને તવારીખમાં મશહૂર થએલી લઢાઇનું સેવટ દારાની હારમાં આવ્યું. એ લઢાઇ જોખી આર્બેલાને નામે ઓલખાય છે તોપણ એ

લઢાઇ તો 'ગોગેમેલા' નામના ગામ આગળના મેદાનમાં થઈ હતી. દુન્યામાં સૌથી વધારે જાણવા જોગ પંદર લઢાઇઓમાં આ લઢાઇ બીજે નંબરે ગણવામાં આવી છે.

આર્બેલી મેડમ ડી.—(ફ્રાન્સીસ બર્ની.) ચાર્લસ બર્નીની આ બેટી. એક પ્રસિદ્ધ લેખક, સંગીત શાસ્રની તવારીખ લખનાર તથા બાહોશ ગાયણકાર દાખલ વખણાઈ ગઇ છે. એણીનો જનમ ૧૭૫૨ ના જુન માસમાં થયો. તેણી નાહનપણમાં ઘણી કાવલી અને એક માર્ગી હતી, ૮ વર્ષની ઉમરવેર એ તદન અશકત અને અજ્ઞાન હતી. ૧૭૬૦ માં તેણીને લંડન લઇ જવામાં આવી. લંડનમાં વિદ્યા અભ્યાસ સંપાદન કરી પોતાની જાતી હૂશીયારીથી લોકોમાં પ્રસિદ્ધતા પામી હતી. મરણ ઇ. સ. ૧૮૪૦ ની ૬ ઠી જુને નીપજ્યું.

આરભટી—આ રૌદ્રરસ પ્રધાન્ય નાટકમાં આવે છે. જેમાં માયા, ઇંદ્રજાળ સંગ્રામ, ક્રોધ, આઘાત, પ્રતિઘાત, ખૂન અને દયા. એટલાંથી બનેલો જે નાયક તેને આરભટી કહે છે. એના ચાર અંગો છે. વસ્તૂત્થાપન, સંફેટ, સંક્ષિપ્ત, અવપાતન એ ચાર.

(૧) વસ્તૂ ત્થાપન=એટલે માયા, ઇંદ્રજાળ વગેરેથી ચમત્કાર કરવો તે.

(૨) સંફેટ=એકમેકનાં વેરીઓનો જે કજીયો તે સંફેટ.

(૩) સંક્ષિપ્ત=શિલ્પ કામથી બનનારી જે ચમત્કારીક ચીજો તે.

(૪) અવપાતન=પ્રવેશક, ત્રાસ, હર્ષ, પલાયન વગેરેથી ઉપજનાર વાતો તે.

આરઈમતી—જરથોસ્તી એત્તેકાદ પ્રમાણે એ એક ફરેસ્તાનું નામ છે. જે ભલા વિચાર અને ડાહાપણ ઉપર મવકકલ છે. સ્પેન્તા આરમઇતી અથવા અસ્પંદારમદ તરીકે સાત અમશાસ્પંદમાનો એ એક અમશાસ્પંદ છે. એને અહૂરમજદની બેટી ગણી છે. એ અમશાસ્પંદ જમીનની પેદાયશ ઉપર મવક્કલ છે. બુનદેહેશમાં એને અહૂરમજદનો ૪ થી પેદાયશ ગણી છે. કસ્તૂરીના ફુલને એ અમશાસ્પંદનું ખાસ ફુલ ગણેલું છે. તરોતમ અથવા નાઉંઘસને એની વીરૂધ ઉલટી અહરેમનની શકિત ગણી છે. જમીન તરીકે સ્પંદારમદે ગયોમર્દની બીજ પોતામાં રાખી ૪૦ વર્ષે મશી, મશીયાનીને ઉત્પન્ન કર્યાં.

આર્મેસ્ટ્રૉંગ—આ દેશ મધ્ય પીન્સલિવાન્યામાં આવેલું છે. એનું ક્ષેત્રફળ ૭૫૦ ચોરસ માઇલ છે. વસ્તી સૂમારે ૩૦૦૦૦ ની છે. મુખ્ય રાજધાની શેહેર કિટાનીંગ છે. આ દેશ ઉંચી નીચી ટેકડીઓથી ભરપૂર છે ને સપાટ પ્રદેશ માત્ર જુજ્રુપ છે. આ દેશની નાની નાની નદીઓ એને પાણી પુરૂં પાડે છે. અહીં ધાન્યની ૨૧ વખારો છે, તથા ૧૨ નીમકના મુખ્ય મોટા આગરો છે. તે શિવાય કારખાનાઓ તથા હુન્નરનાં ખાતાંઓ અનેક છે. મુખ્ય વેપાર નીમક લોઢું અને કોલસો છે.

આર્મેસ્ટ્રૉંગ જોન—આ કવિ, વૈદ તથા પરચુટણ લખાણ કરનાર દાખલ પ્રસિદ્ધતા પામ્યો છે. એનો જનમ 'કૅસ્ટલટન' પેરીસમાં ૧૭૦૯ માં થયો હતો. એનો પિતા એક સાધારણ પાદ્રી હતો. એણે પોતાનો અભ્યાસ એડીનબર્ગ ખાતે શરૂ કરી ત્યાં ડૉકટરની પદ્દી મેળવી લંડન ખાતે પોતાનો ધંધો ચલાવવા જઈ રહ્યો હતો. એની ઘરાકી થોડી હોવાથી એણે ફુરસદની વેળા ઘણા ગ્રંથો રચી પ્રગટ કર્યાં હતાં. ૧૮૬૦ વેર લંડનમાં તે પોતાનો ધંધો ચલાવતો હતો. સેવટે જોન વિલ્કીસનની ભલામણથી જર્મનીના લશકર ખાતામાં ડાકટરની જગ્યા મળી. મરણ ૧૭૭૯ માં નીપજ્યું.

આરમિઅનસ્કોબાઝાર—અથવા આરમેનીયાનું બઝાર. એ નામનું રશિયાની દક્ષિણે આવેલું ડયૂરીડાની હકુમતમાં આ શેહેર છે. કે જે રશિયાથી કાઇમિયા સુધીના માર્ગમાં આવેલું છે. અહીંથી દર સાલ ૨૦૦૦૦ થી વધુ ગાડાં ભરી મીઠું કાઇમિયાનાં સરોવર મારફતે રશિયા તરફ જાયછે.

આરમીયન રૉબર્ટ—આ નાટકી, શેકસપીયરનો ખાસ મિત્ર હતો. વળી તે શેકસપીયરની નાટક ટોળીમાંનો એક હતો, કે જેના વિષે શેકસપીયરના લખેલા નાટકોમાં એનું નામ જોવામાં આવે છે. એણે એક નાની ઇટાલ્યન કથાનો તર્જુમો પ્રગટ કર્યો હતો. વળી એણે અનેક નાહના નાટકો રચેલાં છે.

આર્મેડીલા—આ ચોપગું નવાઇ જેવું પ્રાણી દક્ષિણ અમેરિકાનું વતની છે. જ્યાં તરેહવાર જાતના અજાયબ પ્રાણીઓ આજે પણ મળી આવે છે, તેમાંનું આ એક છે. આ પ્રાણી અજાયબ જેવું છે. તેની પીઠ અને બરડાથી તે છેક પાછલા ભાગ સુધી કુદરતે તેને ગોયા એક ઢાલ બક્ષી હોય તેમ જાડા ભીંગડાંથી અચ્છાદન પામેલું હોય છે. વળી એ જાડા ભીંગડાં નક્ષીદાર અને ઝીણી તહરાંની હોય છે, અને દરેકની કુદરતી રચનામાં કાંઇને કાંઇ તેનું માથું તેમજ પુછડી કશા પણ વાળ વિના આ ઢાલના જેવીજ બુટ્ટીદાર વસ્તૂથી ઢંકાયલાં હોય છે. આ નક્ષીદાર ભીંગડાં લાંબેથી ઘણુંજ સુંદર લાગે છે. આટલું બધું પોતાનાં બદનનો બચાવ કરવા માટે આવી રીતે પરમેશ્વરે ઢાલ કાં બક્ષી હશે તે સમજાતું નથી. વળી આ પ્રાણી કોઈને પણ ઉપયોગી નથી.

આ પ્રાણી જમીનમાં દર ખોદી તેમાં ભરાઇ રહે છે અને ઘણો ખરો ઝાડ પાન પર નિર્વાહ કરેછે; પણ જો મૈંસ મળે તો તેપર તરાપ મારવા ચુકતો નથી. તેના પગ ટુંકા અને માથું લાંબુ હોય છે. એના મોંહમાં આગલા દાંત જણાતાં નથી પણ પાછળ પુશકળ હોય છે, અને કેટલાએક તો જેમ ઘસાતા જાય છે તેમ નવા ઉગતા જાય છે. તેની જાડી અને મજબુત પુછડી અજદહાની પુછડી જેવી દેખાય છે, આ પ્રાણી ઘણું કરીને બ્રાઝીલનું વતની છે; તે ઘણું ખરૂં જંગલોમાંજ ભટકયા કરે છે અને મેદાનોમાં કદાચજ દેખાવ આપે છે. એના પીઠપરનાં ભીંગડાં હાડકાં જેવાં કઠણ અને મજબુત હોય છે.

'આર્મેડીલા ઘણી જાતનાં આવે છે, કોઇ છેક નાહાના તો કોઇ મોટાં અને કેટલાક તો ઘણાજ વિચીત્ર હોય છે. વળી બીજી તેઓમાં વિચીત્રતા એ છે કે, કોઇને આગલા દાંત બક્ષેલા હોય છે, અને કોઇને તો ભીંગડા છતાં પુશકળ વાળ હોય છે. આ છેલ્લી જાતના પ્રાણીઓ ટોલાબંદ જણાય છે તેઓ મૂવેલા જાનવરનું મૈંસ ઘણા સ્વાદથી ખાય છે.

એક જાત 'દડા રોકા આર્મેડીલા' ને નામે ઓળખાય છે. જે પોતાના પંજાના મોટાં નખ ઉપર ચાલેછે અને મરજીમાં આવે ત્યારે ગબડયા કરેછે અને દડાની પેઠે ગબડી જાયછે. આ પ્રાણીઓ વાંદરાઓ સાથે ઘણી દોસ્તી રાખેછે. બીજી જાતના આર્મેડીલા વાંદરાઓની મજાક મશકેરી સહન કરતા નથી, આ આર્મેડીલાની ઘણીએક જાતો છે. તેમાંની એક જાતના કીડીઓનાં કુંજરનાં કુંજર ખાઇ નિર્વાહ કરેછે, કેમકે તેમને દાંતો હોતાં નથી.

આર્મેનિયન ચર્ચ—પૂર્વ દેશ તરફનું જુનામાં જુનું આ ખ્રિસ્તી ચર્ચ તરીકે જાણીતું રશીયામાં છે. આર્મેનિયામાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવા માટે ઇ. સનની બીજી સદીમાં અત્રે દેવળ બાંધવામાં આવ્યું હતું. બીશપ ગ્રેગરી ત્રીજી સદીવેર અહીં ખ્રિસ્તી ધર્મ ફેલાવવામાં ફતેહ પામ્યો હતો.

આરમેનિયા—પશ્ચિમ એશિયાનો આ મોટો મુલક છે. હાલમાં તે ટર્કી, રશિયા અને પર્શીયામાં વેંહેચાઇ ગયલો છે. એ પ્રાંતની પશ્ચિમે યૂફ્રેટીસ નદી, ઉત્તરે કોચીન તથા આઇબિર્યા અને પૂર્વે કાસ્પીયન સમુદ્ર આવેલો છે. એ પ્રાંતની પૂર્વેથી પશ્ચિમ સુધીની લંબાઇ ૪૩૦ માઇલ અને ઉત્તરથી દક્ષિણ સુધીની પોહોળાઇ ૩૦૦ માઇલની છે. આરમેનિયાની મોટી સપાટ ભૂમિમાંથી નાના મોટા નાળાંઓ વેહેતા હોવાથી ત્યાંની જમીન

ઘણી ફળદ્રુપ છે, અને તેપર ઘણાંક સુંદર પાહાડો પણ આવેલાં છે. આ પ્રાંતમાં અબસ અથવા અરેરાટનો પાહાડ પણ આવેલો છે. તે વિષે એવું જણાવે છે કે નૂહ પેગંબરનું વાહાણ મોટી રેલની વખતે અહીંયા આવી અથડીયું હતું. અહીંથી યૂફ્રેટીસ, ટાઇગ્રીસ એરાસ, અને ખૂર નામની નદીઓ વહે છે.

આ પ્રાંત પુરાણા વખતથી જાણીતો છે. અહીંના રહેવાશીઓ તૂરાની જાતના હોવા છતાં ઇરાનીઓ સાથે ભેળાવાથી તેમની ભાષા ઇરાની ભાષામાં બદલાતી ગઈ, અને પાછળથી આ બેઉ ટોલાંઓ એક બીજામાં ભેલાઇ ગયા. આરમેન્યનો મીડીયન શેહેનશાહતના તાબા તળે આવીયાથી એ બેઉ ટોળાઓની ભાષા, ધરમ, રીતભાત વગેરે તેઓએ હાંસલ કર્યાં હતા; તથા ઇરાની નામો પોતામાં દાખલ કરીને ઇરાની ફરેસ્તા અને યજદોની આરાધના વટીક કરવા માંડી હતી. પણ એ આરાધના છેક પાછલા વખતમાં દાખલ થઇ હતી, પેહેલા અહીં ઇ. સ. પૂર્વે ૩૨૮ માં ગ્રીકોએ દોર ચલાવ્યો. સીકંદરના મરણ પછી સિરીયા દેશનાં પાદશાહોએ આરમિનીયાનો પ્રાંત પોતાને તાબે કરી લીધો અને માહાત્મા એન્ટીઓકસના વખતમાં તેના બે સરદારો 'આરટાક્ષીયસ' અને જદ્રાયડીસે તેની રજાથી આરમેનિયામાં જઇ વસી એ પ્રાંત પોતપોતામાં વેહેંચી લીધો. પણ ઇ. સ. પૂર્વે ૧૯૦ માં એન્ટીઓકસને રૂમીઓએ હરાવ્યા પછી આ હાકમો રૂમી સરદાર લૂકુલસને તાબે થયા. એ પછી ઇ. સ. પૂર્વે ૯૫ થી ૬૩ સુધી આરમેનિયાની હાલત ટાઇગ્રેન નામે (દીરાન' બીજું નામ) મોટા પાદશાહના હાથમાં હતી, જેને કાળા સમુદ્રના કીનારા ઉપર આવેલા પોન્ટાસના પ્રાંતના મોટા હાકમ માહાત્મા મેહેરદાદે પોતાની દીકરી કલીયોપેટ્રા સાથ પરણાવીને તેને પોતાને હાથ કરી લીધો હતો, પણ રૂમી સરદાર પૉમ્પીએ મેહેરદાદને હરાવ્યા પછી ઇ. સ. પૂર્વે ૬૩ માં આરમેનિયાનો પ્રાંત રૂમીઓના હાથમાં ગયો. પાછળથી ઇ. સ. પૂર્વે ૫ માં અને ત્યાર પછી પ્રાંત હાથ કરવા માટે પારથીયનો અને રૂમીઓ વચ્ચે જેવી મોટી લઢાઇઓ થઇ તેવી સાસાનીયનો અને રૂમીઓ વચ્ચે થઇ હતી. આરમેનિયા પ્રાંત ઇરાનની તવારીખમાં ઘણી અગત્ય ધરાવે છે. આ આર્મેનિયનોએ સાતમી સદી પછી ખ્રિસ્તી ધર્મમાં વટલી ઇરાની ધર્મ તજ્યો હતો. આ પ્રાંતમાં આવેલો 'વૅન' સરોવર નાની નદીઓથી ભરાઇ ગયો છે. તે પાહાડોની વચમાં આવીયાથી તેનો દેખાવ ઘણો ખુબસૂરત હજીવેર જણાતો આવ્યો છે. તેના કીનારા ઉપર ફળ ફુલના બાગો, મેદાનો અને વાડીઓ ઘણી રમણીય છે. આ સરોવર પાસે આવેલા ઉરૂમિયાનાં સરોવર જેવડો ખારો નથી. તેમાં માછલી પાકે છે, અને ઢોરો તેનું પાણી પીયે છે. આરમેનિયા પાહાડોથી ભરાયલો દેશ છે.

ઇરાની પ્રાંતોમાં આરમેનીયા કિમતી છે, અહીંના પર્વતોમાંથી નખતેલ, લોઢું ત્રાંબુ અને મીઠું વગેરે બીજી ઘણીએક ખણીજ ચીજો મળી આવે છે. એ ઉપરાંત ઇરાની પાદશાહોને દર સાલ ૨૧૦૦૦ જબરા ઘોડાઓ આ પ્રાંત પુરા પાડતો હતો. આરમેનિયાનો અર્થ ઉંચી જગા થાય છે. અહીંની વસ્તી સદીઓ પછી જૂદી થવા માંડી; તેમાંનો એક ભાગ પૂર્વે યૂરોપ તરફ જઇ વસ્યો અને ½ ભાગ કૉન્સટન્ટીનોપલનો ગણાય છે, અને બાકીનો રશિયાને તાબે છે. એનું ક્ષેત્ર ફળ ૯૦૦૦૦ ચૌરસ માઇલ છે અને લોક વસ્તી સુમારે ૨૦૦૦૦૦૦ની છે.

આર્યજનનું વૃત્તાંત—હિંદુ શાસ્ત્ર પ્રમાણે પ્રથમ આ જગત અંધકાર પ્રલયરૂપ હતી. જ્ઞાનમય એક સૂક્ષ્મ પરમાત્માએ પોતાની ઇચ્છાથી પોતાનું માહાતેજ પ્રગટ કીધું ને અંધકારનો નાશ કીધો. પછી જળ ઉપન્ન કીધું, જળમાં બીજ રોપ્યું તેનું અંડ થયું, પછી અંડ ફાટયું ને પરમાત્માએ બ્રહ્મદેવને

રૂપે જન્મ લીધો. બ્રહ્મદેવે અંડના બે ફાડ-ચામાં પૃથ્વી તથા સ્વર્ગ નિર્માન કરી તે એની વચમાં આકાશ રાખ્યું, ને જળને માટે સ્થાન નક્કિ કીધાં. પછી તેણે આ-ત્માતત્વ તેમાંથી અહંકાર, મન, સત્વ, રજ એ ત્રણ ગુણ; શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ વિષયની પાંચ જ્ઞાનેંદ્રીય તથા કર્મેંદ્રીય અને પાંચ માહાભૂત એ ઉત્પન્ન કીધાં. પછી તેમાંના અર્ધા ભાગમાંનો પુરૂષ અને અર્ધા ભાગની સ્ત્રીએ પેદા કીધાં. આ સ્ત્રી પુરૂ-ષથી વીરાટ નામે એક પુત્ર થયો એણે મનુને ઉત્પન્ન કર્યો અને તેણે દશ પ્રજાપતિને ઉત્પન્ન કીધાં અને એઓએ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણી, સૃષ્ટી રચી તથા સૌને પોત પોતાના કર્મ સોંપી દીધાં. તેઓથી એક મોટી પ્રજા ઉત્પન્ન થઇ તે પ્રજા પુરા-તન આર્ય પ્રજાના નામે જગ પ્રસિદ્ધ થઇ.

આ વેળા ઉપલી આર્ય પ્રજાનું મૂળ-સ્થાન એશિયામાં સોગદીયાનો મુલક હતો. અહીં પોતપોતામાં કુસંપ જાગીયાથી એક મોટો ટોળો એર્યનેમવએજો (ઇરાનવેજ) છોડી ઇ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષપર સિન્ધુ નદીવાલા પ્રદેશમાં આવી વસ્યા, અને ત્યાંથી પછી યમુના ગંગાના પ્રદેશો ભણી આગળ વધ્યા, અહીંજ તેઓએ પોતાના મોટા પ્રદેશને આર્યવૃત કહ્યો છે. પશ્ચિમ ભણી જે કોમે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું તે પારસી રાજ્યના નામે જગ પ્રસિદ્ધ છે. બીજા વધી ગયેલા ટોળાએ આથેન્સ અને સ્પાર્ટા વસાવ્યા અને તે ગ્રીક પ્રજા બની. ત્રીજી શાખાએ ઇટાલીમાં જઇ ત્યાંની સાત ટેકડીઓ ઉપર રોમ વસાવી મોટી પાદશાહી કરી. એજ શાખાની એક ટોળીએ તેજ વેળા સ્પેનમાં જઇ રૂપું સોધ્યું અને તેજ વેળા ઇંગ્લાંડમાં પણ આ પ્રજાએ પોતાનો વાસ કીધેલો છે એમ હાલમાં ત્યાંની કાર્નવાલની કલાઇની ખાણો ખોદતાં માલમ પડી આવે છે. આર્ય શાખાઓ પૂર્વ અને પશ્ચિમમાં જ્યાં ગઇ ત્યાં જે લોકોને હાથ જમીન હતી તેઓપર પોતાની શ્રેષ્ટતા બતાવી. મધ્ય એશિયામાં આ કુલીન આર્ય પ્રજા કેવી સ્થિતીમાં હતી તે વિષે થોડું જણાયલું છે. તેમના ઘણા વખતથી છુટા પડેલા યુરોપ અને હિંદના વંશજની ભાષા-ઓમાં રહેલા શબ્દોપરથી પંડીતો અનુમાન કરેછે કે, તેઓ પોતાના ઢોર સાથે ઘાસનાં જંગલોમાં રહેતા અને ભટકતી જીંદગીમાં અનાજના પાક કરવા માટે તેમાં લાંબી મુદત સુધી મુકામ કરતા, ઘરકામ માટે ઘણા ખરા પશુઓને પાળતા, લોઢું તેમના જાણ-વામાં હતું, લુગડાં વણવાનો અને સીવવાનો એ બેઉ હૂન્નરો તેમને આવડતાં હતા, તેઓ કપડાં પેહેરતાં, અને રાંધેલો ખોરાક જમતા. ગ્રીક તથા રોમન લોકના, ઇંગ્રેજના અને હિંદના પૂર્વજો એશિયામાં ભેગા રેહેતા. તેમની બોલી જાૂદી નહોતી અને દેવો પણ જાૂદા નહોતા. યૂરોપની અને હિંદની ભા-ષાઓ પ્રથમ જોતાં તો એક એકથી ભિન્ન દેખાય છે, તોપણ તેઓ મૂળની આર્ય બોલીમાંથી નીકળીને વધેલા ફાંટા છે. કુટુંબ સંબંધના સાધારણ શબ્દોને એ વિશેષ કરીને લાગુ પડેછે. બાપ, ભાઇ, મા, બેન અને વિધવાના નામો, ગંગાને કાંઠે, ટૈબરને કાંઠે, અને થેમ્સને કાંઠે બોલાતી ઘણીખરી ભાષાઓમાં મળતા આવે છે. યૂરોપ અને આર્યવૃતનાં પ્રાચીન ધર્મોનું મૂળ એકજ હતું. વેદમાં આવેલા દેવો ગ્રીક અને રોમન દેવોને મળતા માલમ પડીયા છે.

વેદના મંત્રો—આર્ય કૂળની હિંદી શાખાને અગ્નિ કોણમાં પ્રસરાવતી અને તેમના નવા ધંધામાં આગળ વધતી દર્શાવે છે. શરૂઆતમાં આ મંત્રો તેમને ખૈબર ઘાટની ઉત્તરે કાબુલમાં દેખાડે છે. પછીના મંત્રો તેમને ગંગા સુધી પોંહચેલા જણાવે છે. વચગાળાનાં મૂલકોમાં તેમનું વિજય પૂર્વક આગળ વધવું થયું તેનું લગભગ દરેક ડગલું વેદના મંત્રમાં જણાવેલું છે. પંજાબ-ની પાંચ નદીઓમાં પાણીનો ચાલુ જથો

રહેવાથી પોતાની ભટકતી ઢોર ચાલુ હાલત છોડી દઇ તે આર્ય પ્રજા ઠરી ઠામ રહેનારા ખેડુત બન્યા. જે નદીઓએ એમને આબાદ કરયા તે નદીઓની વેદના કવિઓએ સ્તૂતી કરી છે. વળી તેઓ જે પર્વતની શાખાઓને માર્ગે આવી તેની તળેટીપર વર્ષો સુધી વાસ કર્યો તે હિમાલય પર્વતનો છાપ તેમની યાદદાસ્તમાંથી ન જાય તેવી પડી. ત્યાંના નદી, નાળાં, બર્ફના શીખરો, ઢગો, આકાશ વગેરેની સ્તૂતિ વેદના કવિઓએ કરેલી છે, અને તેઓ પોતાનો તે વાસ કદી ભૂલ્યા નહિ પણ તેમના દેવો અને ગંધર્વો ત્યાં વસતા, ત્યાં માણસને સ્વર્ગથી સારી શક્તિ મળતી ને હિમાલય પર્વતમાં ઉંચે દેવોને અને વિરોને વસવાનું સ્વર્ગ છે અને ત્યાં ભલા તથા શૂરા માણસો વિરામે છે એમ એમના વેદમાં તે વખતનાં કવિઓએ લખ્યુંછે.

વેદના દેવો વિષે પણ ઘણું જાણવા જોગ છે. આર્ય પ્રજા પોતાના દેવોપર પૂર ભરોસો રાખતી. બીજી વિજયી પ્રજાઓ માફક પોતાને અને પોતાના દેવોને જીતાયલા દેશો અને દેવોથી પોતાને ઉત્કૃષ્ટ માનતા. હરકોઇ પ્રજાને ફતેહ મેળવવામાં આ ઉત્તમ આત્મનિષ્ટા મોટી સાહ્યતા છે. સૃષ્ટીની મોટી શક્તિઓ, એ તેમના દેવો હતા. સંસ્કૃત ધાતૂ દીવ=પ્રકાશવું એ ઉપરથી દેવ શબ્દ બન્યો છે, માટે દેવનો શબ્દાર્થ પામનાર છે. સ્વર્ગપિતાને સંસ્કૃતમાં ધઉશપીતર, રોમનો દીઇસપીતર કે જુપીતર, ગ્રીસનો ઝેઉશ અને આવરણ કરનાર આકાશ, સંસ્કૃતમાં વરૂણ, લાટીનમાં ઉરાનસ ગ્રીકમાં ઔરાનસ. હર ચોમાસામાં વર્સાદ વર્સે છે અને તેનાપર સુકાળ યા દુકાળનો આધાર હોય છે. એ વર્સાદ જે વરાળનો બનેલો છે તે પાણીની વરાળ કે ઇંદ્રના મંત્ર સરવેથી વધારે છે. એ વસનારાઓના ધ્યાનમાં તેમના નવા ખેડુતના ધંધાને માટે વર્સાદની અગત્ય દીવસે વધારે જણાઇ તેથી આસ્તે આસ્તે વેદના દેવોમાં મુખ્ય પદ્ધિ પામ્યો. 'ઓ ઇંદ્ર ! દેવો તને પોંહચતા નથી ને માણસો પોંહચતા નથી, તું બળમાં બધાને જીતે છે.' મંત્રની સંખ્યા સંબંધી કદાચ ઇંદ્રથી ઉતરતો અગ્નિદેવ (લાટીન ઇગ્નિસ) સર્વ દેવોથી બાળક સ્મૃધીનો ધણી અને દાતા છે. તોફાનના દેવો મરૂત છે, જેઓ પર્વતને ધુજાવે છે, વનને ફાડી કકડા કરે છે. ઉષા ફૂળવાન પ્રભાત (ગ્રીકમાં એઓસ) આપણા પર તરૂણી વહૂની પેઠે પ્રકાશે છે, તે પ્રત્યેક પ્રાણીને પોતાના કામપર જવાને જગાડે છે. ઉષાની આગળ ઉતાવળે સ્વારી કરનાર આશવિન અને સૂર્યોદયના પેહેલા કીરણો છે. તેઓ તેજના સ્વામિ છે. સૂર્ય વાયુ મિત્ર, યજ્ઞના કામની સોમ વલ્લીનો રસ અને બીજા ઘણાકનું વેદમાં વર્ણન કર્યું છે. સઘળા મળીને ૩૩ દેવો છે. જેમાંના ૧૧ દેવલોકમાં વસે છે, ૧૧ પૃથ્વીપર અને ૧૧ અંતરિક્ષામાં તેજસ્વી રહે છે.

આર્યજનોનું મોટું સ્મારક પુસ્તક **રૂગવેદ છે.** આ જગપ્રસિદ્ધ પુસ્તક ક્યારે રચાયો તે જણાતું નથી. પુરાવા વિનાં જુના મતને માનનારા હિંદુઓ માને છે કે તે અનાદી છે, અથવા ઓછામાં ઓછા ઈ. સ. પૂર્વે ૩૦૦૧ વર્ષપર રચાયો હશે. યુરોપનાં પંડીતો ખગોળ વિદ્યાથી મળેલા વર્ષોપરથી અનૂમાન કરે છે, કે ઇ. સ. પૂર્વે સુમારે ૧૪૦૮ વર્ષપર તેનું રચાવું ચાલતું હશે. વેદ લખાતી વખતે પુરાતમ કાળમાં બનેલી ગ્રહણાદી બીનાઓ જ્યોતિષીની ગણત્રીથી ઉપજાવી તેમાં દાખલ કરી વેદ જાણે તેજ પુરાતમ કાળમાં રચાયો હોય એવો તેને ભાસ આપેલો લાગે છે. ઇ. સ. પૂર્વે ૬૦૦ માં બૌદ્ધનો ફેલાવો થયો તેની ઘણું આગમજ વેદ ધરમ પ્રસરેલો હતો.

એઓનો સ્થાઇ વાસ ઉત્તર હિંદુસ્થાનમાં દ્વાપરના અંત સુધી હતો. એઓ ગહુંના રંગના હતા ને જુની સંસ્કૃત ભાષા બોલતા, કોઇ ખેતી કરતા ને કોઇ પશુ પાળતા કોઇ સુથાર, લોહાર, કંસાર, વગેરેનો ધંધો

કરતા, કોઇ લઢાઇના શસ્ત્રો બનાવતા, અને કોઇ નાના વાહાણો બનાવી ચલાવતા, કેટલાકો ઓષધી વિષય જાણતા, કેટલાક જણ વિદ્યા જાણતા અને ધર્મ કરી કરાવતા હતા, અને કેટલાકો તો પોતાનાજ વતીનીઓ સાથે લઢી નવા પ્રદેશ પોતાની સત્તામાં લાવી પોતાનું રાજ્ય સ્થાપતા. તેઓમાં જાતીભેદ જેવું કશું નહિ હતું, અને તેથી એકમેકનું ખાધેપીધે અભડાઇ જાય એવું કશું નહોતું. તેઓમાં ઘણાક માસ ખાતા અને સોમવલ્લી તથા જવનો મધ પીતા હતા. તેઓમાં ઘણી સ્ત્રીઓ પરણવાનો ચાલ હતો, તેમજ કેટલાએકો તો કોઇ સ્ત્રીને હરણ કરી લાવી પરણતા. આગળ તેઓમાં લખવાની લિપિ નહોતી. તેઓ અગ્નિ, વાયૂ, સૂર્ય અને એ મુખ્ય, ને ઈંદ્ર, વરૂણ સોમ, યમ ઇત્યાદી દેવતાઓની આરાધના કરી તેમની પૂંજા કરતા અને તેઓને ઘી, ધાન્ય તથા સોમરસ તથા પશુઓના બળીદાન આપતા, અને આરોગ્ય, દીર્ઘાયુ, વંશવૃધી ધાન્ય, પશૂની સંપત્તી યુદ્ધમાં જય વગેરે બીજાં સુખો ઇચ્છતા. તેઓ પીતૃઓને પણ બળીદાનથી સંતોખતા. તેઓમાં કોઇ દેવની મુર્તિ ન હોતી, દેહેરાં નહોતાં, સૌ પોતપોતાના ઘરમાં બંદગી કરતા ને હોમ યજ્ઞ કરતા. કોઇ કોઇ ગામમાં યજ્ઞશાળાઓ પણ બાંધી રાખતા તેઓ તત્વદેવની આરાધના કરતા, તોપણ જગકર્તા એક પરમેશ્વર છે એવું માનતા.

લઢવૈયાઓએ ઉપરાસાપરી દેશો જીતી લીધાં તેથી આર્યપ્રજા નવા લોકના સંબંધમાં આવવાથી નવા નવા મોહ, વિચાર ને ઉદ્યમમાં પડી. વખત જતાં તેમનું એકીન વેદ ધર્મપર રહ્યું નહિ અને એવા ઉનમત્ત યોદ્ધાઓએ ઋષિ પુત્રોને સતાવવા માંડયાથી ઋષિ પુત્રોએ ક્રોધે ભરાઇ તેમને જેર કર્યા. જેઓ તાબે થયાં તેમને તેમના દેશ પાછાં આપ્યાં, બાકીનાઓને સ્વાધીનમાં લઇ પોતાનું શ્રેષ્ટપણું સર્વોપર સ્થાપ્યું. ઋષિઓએ શ્રેષ્ટપણું સ્થાપી વ્યવસ્તા નીયમ બાંધ્યા, જે દ્વાપરનાં અંત સુધી સમાધાની સાથ ચાલ્યું.

ત્યાર પછી તેઓમાં જાતીભેદ થયા. પ્રથમ તેઓ આર્યના નામથી ઓળખાતા પણ જેમ જેમ તેઓ આગળ વધતા ચાલ્યા તેમ તેમને નવા નવા રાજ્યો અને ઉદ્યોગો જડવાથી જૂદા જૂદા વિષયો ઉપર તેઓએ ધ્યાન આપવાથી તેમનામાં જાતી ભેદ પડી, તેઓમાં ચાર વર્ગો થયાં.

આ ચાર વર્ગો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના નામ મુખ્ય જાણીતાં છે. તેઓની ઉત્પન્તિ વિષે એક નવાઇ જેવો શ્લોક છે. તેમાં લખે છે કે બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણ નિકળયો, હાથમાંથી ક્ષત્રીય, જાંગમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્ર.

બ્રાહ્મણો—પોતાને બીજા ત્રણ વર્ગો કરતાં કુદરતી રીતે વધારે ચઢતા ગણતા. તેઓ અસલ વખતમાં બાકીના ત્રણ વર્ગો માહેલા કોઇ પણ વર્ગના શખ્સની પુત્રી જોડે લગ્ન કરતા નહિ. પાછલા વખતમાં બ્રાહ્મણોએ તે પ્રમાણે અમલ કરવો વાજબી ધારયો નહિ. બ્રાહ્મણોની દેવતાઇ શક્તિ પાર વિનાની હતી. તેઓનો ગુસ્સો તે દેવતાઓનો કોપ હતો. તેઓ આશીરવાદ દે તો કામ પાર ઉતરે; શ્રાપ દે તો જીવથી જાય અને નર્કમાં દાર લાગે એમ માનતા. બ્રાહ્મણો આજે છે તેમ આર્ય કાળમાં જ્યોતિષ શાસ્ત્ર જાણતા હતા. મનુના કાયદા પ્રમાણે બ્રાહ્મણોએ ચાર તબક્કા ગુજારવા એવું ફરમાન કીધેલું છે.

ब्रह्मचारिन=જેણે ઇંદ્રી જીતેલી એવો ધર્મનો અભ્યાસી.

गृहस्थ = ધણી.

वानप्रस्थ = વનમાં રહેનારો.

संन्यासी = મોજ શોખ ત્યાગ કરનાર,

એમાં ઘરધણી (સંસારી) તરીકે તે એકથી વધુ બાઇડી કરી શકતો અને બીજા ત્રણ વર્ગોમાંથી કોઇ પણ વર્ગને લગતી સ્ત્રી સાથે પરણી શકતો. એ ચાર વર્ગો અરસ-

પરસ લગ્ન કરી યા કરાવી શકતા, અને તેમાંથી પેદા થયેલાઓ જૂદા જૂદા વર્ગના થતા જતા, એ રીતે જૂદી જૂદી ન્યાતો બની.

ક્ષત્રીનો વર્ગ બીજો છે. એનો ધાતૂ સં० 'ક્ષી' છે જેનો અર્થ 'રાજ્ય કરવું,' એમ થાય છે. જો 'ક્ષત્ર' યાને 'સત્તા' એ ધાતૂ લઇયે તો રાજકર્તા એવો અર્થ થાય છે. જેમ બ્રાહ્મણ બ્રહ્માના મુખમાંથી તેમ ક્ષત્રીય બાજુમાંથી નીકળેલો છે. વેદના સાતમાં પ્રકરણમાં જણાવે છે કે ક્ષત્રીય નીચે જણાવેલા દેવતાઓની રજકણમાંથી ઉત્પન્ન થયો છે. જેઓ ઈંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર અને કુંભ છે. આ કારણને લીધે તે ઘણું કૌવત ધરાવે છે. ક્ષત્રી જાતના ગુણો પેહેલવાન-, ગીરી, હિમ્મત, દોરદમામ, લઢાઇમાં શૂરતા, ઉદારતા અને રાજ્યનીતિ છે. તેણે કદી અપવિત્ર ન રહેવું, તેણે છંદ બાજી નહિ કરવી, તેણે આંઠ દરબારીઓ સોધવા—એમ મનુનાં કાયદા પોથીમાં ૭ માં પ્રકરણમાં ફરમાવેલું છે.

વૈશ્ય—ત્રીજા વર્ગના છે. વૈશ્ય શબ્દ સંસ્કૃત વિષ ધાતૂ ઉપરથી નીકળેલો છે, જેનો અર્થ રેહેવું, દાખલ થવું, એવો થાય છે. પાછળથી એનો અર્થ લોકોને લગતો થયો. લાટીન ભાષામાં Vicus શબ્દ મળે છે જેનો અર્થ પણ ઉપલાને મલતોજ છે. આ વર્ગમાં મુખ્ય કરી ખેડુત, ભરવાડો, વેપારીઓ, વગેરે સાધારણ વર્ણના ધંધાદારીઓ સમાયલાં છે. માહાભારતમાં જણાવે છે કે પાંડવો સાથની મોટી લઢાઇમાં વૈશ્ય લોકો રાજકારોબારમાં ઘણો લાગવગ ધરાવતા હતા. જેઓમાં વિદૂર અને યૂયૂત્સૂ મુખ્ય હતા. પાછલા વખતમાં વૈસ્યો રાજકારોબારીઓ પરથી વેપારી વગેરે બન્યા. એ વેળાના કારીગરો ૬૪ જાતના હૂન્નરો જાણતા હતાં કે જેમાંના ઘણા ખરા હૂન્નરો ૩૦૦ વર્ષ થયાં ગુમ થયાં છે.

શૂદ્રનો વર્ગ ચોથો હતો. આ વર્ગ બહુ હિણાયો, પેહલા ત્રણ વર્ગવાલાઓ આ વર્ગ સાથ કદી બોલતા નહોતા. શૂદ્રોને કોઇ વેદ શીખવવું નહિ. તેની હાજરીમાં કોઈ ક્રિયા કામ થતી નહિ. શૂદ્રોથી પેહેલાં ત્રણ વર્ગોમાંના કોઇ પણ વર્ગને લગતી સ્ત્રી સાથ લગ્ન થઇ શકતાં નહિ. શૂદ્રોએ પ્રમાણીકપણે નોકરી કરી પેટ ભરવું એ તેમને ફરમાન હતું અને તેમ જો તે લોકો વર્તે તો બીજા જનમમાં તે ઉંચી જાતમાં પેદા થશે એવી તેને આશા ;આપવામાં આવતી અને શૂદ્ર પણ તેમજ માનતો.

આ **'ચાર'** વર્ગો સદા જુદાજ રેહેતા તેમ તેઓ જૂદા જૂદા જાનવર, અનાજ સાથે સરખાવવામાં આવતા, તેમજ તેમના જૂદા જૂદા મુખ્ય દેવતા હતા.

મનુષ્ય જાત.	પશુ જાત.	ધાન્ય જાત.	દેવતા.
॥	॥	॥	॥
બ્રાહ્મણ.=	હાથી.	ગહું.	શિવ.
ક્ષત્રીય. =	સીંહ.	જવ.	કૃષ્ણ.
વૈસ્ય. =	બળદ.	ચોખા.	બ્રહ્મા.
શૂદ્ર. =	કૂત્રો.	કઠોળ.	ગણેશ.

જ્યોતીષ શાસ્ત્ર આર્યજનોમાં બહુ પુરાણું જણાયલું છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષપર તેઓએ વર્તારા કાઢવા માંડયા હતાં. ૩૬૦ દાહાડાનું વર્ષ તેઓએ તે ઉપરથી મુકરર કર્યું હતું અને દર વર્ષે પાંચ દીવસ ખુટે છે તેથી તે માટે દર પાંચ વર્ષે એક અધીકમાસ ઠરાવ્યો છે. (જુઓ અધીકમાસ.) તેમને ચંદ્રની કળાનું, ગ્રહોની ગતીનું અને રાશીચક્ર તથા રાશીઓનું જ્ઞાન હતું. ઇ. સ. પૂર્વે ૩૩૦ માં ગ્રીકોએ હિંદમાં આવી આ વિદ્યા સંપાદન કરી, પછી ઇ. સ. ૮૦૦ ને સુમારે આરબોએ તેમના ગ્રંથોનાં તર્જુમાં કરી તે વિદ્યા યુરોપમાં પોંહચાડી.

વૈદક શાસ્ત્ર પણ ઘણું પૂરાતમ છે. એનું પેહેલું પુસ્તક આરયુરવેદ હતું (જુઓ આયુરવેદ) તે વેળાના ધનવંત્રી અને ચરક પણ વખણાઈ ગયા છે. એમની પાસેથી ગ્રીકોએ વૈદકીનું જ્ઞાન મેળવ્યું પછી આરબો શીખ્યા; ને તે ૧૭ મી સદીમાં છેક આરબી ગ્રંથો ઉપરથી છેક અઢારમી સદી વેર ચાલતા આવ્યા.

માહાભારતનો મોટો ગ્રંથ પદ્યમાં લખાયલો છે. એમાંની ઘણીક વાતો વેદના મંત્રોના જેટલી જુની છે અને મુખ્ય વાર્તા ઇ. સ. પૂર્વે ૧૨૫૦ વર્ષપરની દીસે છે. આ મોટા ગ્રંથમાં ૨,૨૦,૦૦૦ લીટીઓ છે.

રામયણ પણ એક વીર રસ કાવ્ય ગ્રંથ છે. આર્યલોક દક્ષિણમાં ગયા તેનું વર્ણન એમાં આપેલું છે. એ કાવ્ય વાલ્મીકે રચ્યું હતું. એમાં સમાયલી કથાનો સમય ઇ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ પરનો જણાય છે. તેમાં ૪૮૦૦૦ લીટીઓ છે. આ ગ્રંથમાં રામ અને સીતાનું વૃતાંત સરસ છે.

આર્યજનોનો છેલ્લો સૂર્યવંશી રઘુકુળનો 'રામ' રાજા થયો. આ રામરાજાએ આર્ય રાજની ચઢતી કળા આણી. યુધીષ્ટીરના વખતમાં પણ આર્યજનોનું તેજ તેજોમય રહ્યું હતું પણ પછી તેમનામાં આપસ આપસની અદેખાઇ અને અંતસે સર્વે ચઢતી કળાને પડતીમાં આણી જૂદા જૂદા પંથોને સ્થાપન થવાનાં માર્ગો કરી આપ્યાં. એ રીતે આર્ય પ્રજાનો વેદક ધર્મ નિસ્તેજ થતાં તેની જગા બૌદ્ધ ધર્મે લીધી.

આર્યબુર્જીન—આ બળીયો સરદાર હખામનીયાન વંશના છેલ્લા પાદશાહ આર્તા જર્કસીસના વખતમાં હતો. એણે પોતાનાં પાદશાહની સત્તા સામે બંડ કીધું તેથી એને કેપેડોશીયા છોડી જવું ભારી પડ્યું, ત્યારે ઉત્તર તરફ કાળા સમુદ્ર પાસે યૂકસાઈની પોન્ટસના દક્ષિણ કિનારા ઉપરના એક નાના પ્રાંતમાં નાહાશી જઇ, ત્યાં પૉન્ટસ નામે નવું રાજ્ય ઇ. પૂર્વે ૩૬૩ માં સ્થાપન કરી સ્વતંત્રપણે રાજ્ય ચલાવવા માંડ્યું. આ પૉન્ટસ વંશના સ્થાપકે અહીં ૨૬ વર્ષ રાજ્ય કરી ઇ. સ. પૂર્વે ૩૩૭ માં મરણ પામ્યો.

આર્યબુર્જીન બીજો—પૉન્ટસની મોટી પાદશાહી વંશનો આ ચોથો પાદશાહ ઇ. સ. પૂર્વે ૨૬૬ માં પોતાના પિતા મેહેરદાદ બીજા પછી ગાદીએ આવ્યો. એણેજ પેહલવેહેલાં પોતાના નામનાં સિક્કાઓ ચાલુ કીધાં. આ સિક્કાઓ ઉપર એક બાજુ સૂર્ય અને ચંદ્રનો ચિતાર પાડેલો હતો. એણે ૨૧ વર્ષ રાજ્ય ચલાવ્યું. મરણ ઈ. સ. પૂર્વે ૨૪માં નીપજ્યું.

આર્ય ભટ—ઇ. સ.ની પાંચમી સદીમાં આ મહાન પંડીત હૈઆત હતો. આ વિદ્વાને પૃથ્વી પોતાની ધરી ઉપર ફરેછે એમ સીદ્ધાંતો સાથે પોતાના ગ્રંથેમાં દર્શાવ્યું છે. આ વાત યૂરોપખંડમાં પ્રખ્યાત ગાલીલીયો પૃથ્વીના ફરવા વિષે મત જાહેર કીધું તે પેહેલાંની છે. ગણિત શાસ્ત્રમાં તે ઘણો પૂરવીણ હતો.

આર્યમન—એ આર્યરથ બીજાના મરણ પછી વડો કુંવર હોવાથી કેપેડોશિયાની ગાદીપર ઈ. સ. પૂર્વે ૨૮૦ માં આવ્યો. એણે પોતાના વડા બેટાનાં લગ્ન પાડોશી સિર્યા દેશના પાદશાહ એન્ટીઓકસ (થીર્યાસ)ની બેટી સાથે કરી આપી તેની સાથે દોસ્તીનો ગાંઠ બાંધ્યો હતો, અને પોતાનાં રાજ્યને વધારે મજબૂત પાયાપર સ્થાપી દુશમનોના ભયથી વેગળું કીધું. આ પાદશાહ ૨૫ વર્ષ રાજ્ય કરી ઇ. સ. પૂર્વે ૨૨માં મરણ પામ્યો.

આર્યરથ—એ કેપોડોશિયાનો પાદશાહ હતો, અને હખામનીયાન રાજ્યનું ખંડીયું ગણાતું હતું. જ્યારે સીકંદરે હખામનીયાન વંશનો અંત આણ્યો તે વેળા આર્યરથે દારાને ઘણી મદદ કરી પણ સેવટે સીકંદરની જીત થઇ. આર્યરથે સીકંદરની સત્તાને નમવા ના પાડી અને પોતાનું સ્વતંત્ર રાજ જાહેર કીધું. ઇ. સ. પૂર્વે ૩૩૧ માં આવી નાફરમાનીને લીધે સેકંદરે પોતાના સરદાર 'પર્ડીકાસ'ને તેની સામે લઢવા મોકલ્યો. આ લઢાઇમાં આર્યરથ હાર પામવાથી રણ ભૂમિમાંથી નાહાશી પોતાના મેહેલમાં ગયો અને ત્યાં અસલી રેવાજ મુજબ પોતાનાં બચ્ચાં છોકરાંઓને મારી નાખી સર્વ અસબાબ ફના કીધો અને પછી રણસંગ્રામમાં ઉતર્યો. અંતે એની હાર થઇ અને એ કેદ પકડાયો. આ વેળા એની વય ૮૨ વર્ષની હતી. ઇ. સ. પૂર્વે ૩૨૨ માં પર્ડી-

ફસ સરદારે એને મારી નાખ્યો. એણે ફક્ત ૧૧ વર્ષ સ્વતંત્ર રાજ્ય ચલાવ્યું હતું.

આર્યરથ બીજો—એ આર્યરથ ૧ લાનો ભત્રીજો થાય, પોતાના કાકાના કેદ થયા પછી તે નાહાશીને આર્મેનિયામાં જઇ ભરાયો. અહીં તે 'યૂમિન્સ'ના મરણ સુધી ૬ વર્ષ ભરાઈ રહ્યો. પછી ઇ. સ. પૂર્વે ૩૧૫ માં આર્મીની પાદશાહની મદદથી તે કેપેડોશીયા ઉપર ચઢાઇ લઇ ગયો, અને એ મીન્ટાસ નામના યૂનાની સરદારને મારી કાઢી પોતાના કાકાનું તખ્ત સ્વાધીન લીધું. એણે ૩૫ વર્ષ નચીંતાઇથી રાજ્ય ચલાવી ઇ. સ. પૂર્વે ૨૮૦ માં મરણ પામ્યો.

આર્યરથ ત્રીજો—કેપેડોશીયાના રાજગાદીનો ચોથો વારેસ ઈ. સ. પૂર્વે ૨૫૫ માં ગાદીએ આવ્યો. એણે ૩૫ વર્ષ રાજ્ય ચલાવી ઇ. સ. પૂર્વે ૨૨૦ માં મરણ પામ્યો.

આર્યરથ ચોથો—એ આર્યરથ ત્રીજા પછી ઇ. સ. પૂર્વે ૨૨૦ માં ગાદીનશીન થયો. એ નાહાની ઉમરથીજ પોતાની ચંચલાઇ અને બાહોશી માટે વખણાયો છે, એના લગન સિર્યા દેશના એન્ટીઓકસની બાહોશ બેટી સાથે થયાં હતાં. એણે પોતાના સસરાની મદદથી મેગ્નીશિયાના મોટા જંગલમાં ઇ. સ. પૂર્વે ૧૯૦માં રૂમીઓ સાથે લઢાઇ કરી, તેમાં એના સસરાએ પોતાનું રાજ્ય ખોયું. આ લઢાઇ થયા પછી બે વર્ષ રહી માફી માંગી અને રૂમીઓથી પોતાનું રક્ષણ ચાહી પાંચ લાખનો દંડ ભરી આપ્યો. પણ પછી પર્ગામસવાલા એના જમાઇ યૂમિનીસે વચ્ચે પડીને આ દંડની અર્ધી રકમ માફ કરાવી. આર્યરથે પોતાની એક બીજી રાણીની બેટી સાથે આ યૂમિનસના લગન કરાવી આપી તેની સાથે દોસ્તી જોડી. જ્યારે પોન્ટસવાલા ફર્નાક ૧ લા સાથ એના આ જમાઇની લઢાઇ થઇ તેમાં આર્યરથે ઘણી મદદ કરી. એને બે બેટીઓ અને એક બેટો નામે મેહેરદાદ એન્ટીઓકસની બેટીને પેટે થયો હતો. મેહેરદાદ પિતાને ઘણો તાબે રહેતો. એક વેળા પોતાની હૈઆતીમાં તખ્ત આપવા આર્યરથે કહ્યું; ત્યારે તેણે એ માંગણી ના પાડી હતી. એનું મરણ ઈ. સ. પૂર્વે ૧૬૨ માં નીપજ્યું હતું. પેહલવેહલા ગોળ સીક્કાઓ એના વખતમાં પાડવામાં આવ્યાં હતાં.

આર્યરથ પાંચમો—એનું નામ મેહેરદાદ હતું, પણ પિતાના મરણ બાદ આર્યરથ પાંચમાંનું નામ ધારણ કરી ઇ. સ. પૂર્વે ૧૬૨ માં ગાદીનશીન થયો. આ પાદશાહ ઘણો વિદવાન હતો, તેમજ એણે યૂનાની વિદવાનોને પોતાનાં આશ્રયમાં રાખ્યાં હતાં. આર્યરથની મિત્રાચારી રૂમીઓ સાથે ઘણી હોવાથી ડીમિત્રીયસની બેહેનનું માંગુ વટીક નાપાડી આ રૂમીના શત્રુનું અપમાન કરી તેની સાથની સુલ્હેનો ભંગ કીધો. આ અપમાનથી ડીમીત્રીયસ રીશે ભરાઈ આર્યરથપર કીનો લેવા નીકળ્યો. તેટલાં કોઈ બેશી હોલોફર્નીસ કેપેડોશીયાની ગાદીપર દાવો ઉઠાની નીકળ્યો તેને ડીમીત્રીયસે દરેક મદદ કરી પોતાનો કિનો લીધો. લઢાઇમાં આર્યરથ હાર પામી રોમ નાહાશી ગયો. રોમ તરફ ડીમીત્રીયસની ઉશકેરણીથી હોલોફર્નીસે પોતાનો એલચી મોકલી મદદ માંગેલી હોવાથી રાજસભા સેનેટે ચુકાદો આપ્યો કે બન્ને દાવાદારોએ એકમેક સાથે મળી પોતાનાં દેશપર અમલ ચલાવવો. પણ આ ચુકાદો આર્યરથને રૂચ્યો નહિ, તેથી તેણે પર્ગામસના નવા રૂમી પાદશાહ એટેલસની મદદથી ઈ. સ. પૂર્વે ૧૫૫ માં પોતાનો દેશ દુશમનોના હાથથી છોડવ્યો. આ બનાવ પછી થોડી મુદત બાદ પર્ગામસવાલાને બિથીનીયાનાં રાજા સાથે લઢાઈ ઉઠી, તેમાં આયરથે આ પોતાના મદદગાર મુરબ્બીને ઘણી મદદ આપી, પણ પાછળથી મર્ગામસનું રાજ્ય રૂમિઓએ હજમ કરવા માંગ્યું ત્યારે આ પાદશાહે રૂમિઓનો પક્ષ પકડી તેમના સરદાર કેસસના ઝુંડા હેઠળ પોતે લઢયો, જેમાં ઇ. સ. પૂર્વે ૧૩૧માં એનું મરણ નીપજ્યું.

આર્યરથ છઠો—આ બાળક પાદશાહ ઇ. સ.

પૂર્વે ૧૩૧માં ગાદીનશીન થયો. એ આગલા પાદશાહનો સૌથી નાનો પુત્ર હતો. એના પાંચ વડા ભાઇઓને, એની માતાએ ઝેર દઈ તખ્તના લોભ અર્થે મારી નાંખ્યા, તેટલાં પ્રજાએ આ છેલ્લા વંશજનો જીવ બચાવી એની દુષ્ટ માતાને કતલ કીધી. એનું મરણ ઇ. સ. પૂર્વે ૯૬ માં નીપજ્યું.

આર્યરથ સાતમો—આ પાદશાહ ઇ. સ. પૂર્વે ૯૫ માં ગાદીનશીન થયો. એ ઉમરે નાનો હોવાથી એના મામાની સાલતામાં હતો, પણ પાદશાહ મામાના કહ્યાસર નહિ ચાલયાથી પેલા ક્રૂર મામાએ ઇ. સ. પૂર્વે ૯૪ માં જીવ લીધો.

આર્યરથ આઠમો—એ સાતમાંનો ભાઈ. એની સામે મેહેરદાદે લઢાઇ ઉઠાવ્યાથી આ બાળક પાદશાહ ડરીને નાહાશી જતાં ઇ. સ. પૂર્વે ૯૩ માં મરણ પામ્યો.

આર્યરથ નવમો—આ પાદશાહ ત્રીજા આર્ય બુર્ઝનનો ભાઇ હતો, ભાઇના માર્યા જવાથી એ ઇ. સ. પૂર્વે ૪૩ માં ગાદી નશીન થયો. એની સાથે માર્કએન્ટનીનું કચડાતું ચાલતું હોવાથી તે ક્રૂર શખસે એનો જાન ઇ. સ. પૂર્વે ૩૬ માં લીધો. એના સાથેજ કેપેડોશીયાની પાદશાહતની સમાપ્તી થઇ હતી અને ત્યાર પછી આ રાજ્ય રૂમિઓના હાથમાં ગયું હતું.

આર્યવ્રત—હિંદુસ્થાનના જેટલા પ્રદેશમાં ઉત્તરે આર્ય લોકો વસ્તા હતા તેટલો પ્રદેશ. ઉત્તરે હિમાલય, દક્ષિણે વિંધ્યાચળ, પૂર્વે બ્રહ્મપુત્ર નદ ને પશ્ચિમે સિન્ધૂ નદ, અને ઉત્તરે હિંદુસ્થાનનો પ્રદેશ.

આર્યક્ષેમીશ્વર—આ કવિ ઈ. સ. પૂર્વે ૨૦૦ ઉપર હતો એવું અનૂમાન છે. વ્રજની દક્ષિણે ચાલીસ કોસ પર કારોલી નામનું ગામ છે ત્યાં યાદવ વંશમાંનો મહિપાળ દેવ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેનો એ આશ્રીત હતો. એણે 'ચંડ કૌશીક' નાટક રચ્યું છે, તેના પાંચ અંકો છે. તેમાં હરીશ્ચંદ્ર રાજાનું આખ્યાન છે. તેમાં કરૂણારસ એવો વિચીત્ર રીતે વર્ણવ્યો છે કે તે સાંભળનારને રડવું આવે છે. એના જેવો સંસ્કૃત ભાષામાં કરૂણારસીક બીજો કોઈ પણ ગ્રંથ નથી. બીજું એણે કલાવિલાસ નામનું કાવ્ય રચ્યું છે, તેના દસ સર્ગ છે; તેમાં કુસુમ નગરમાં મૂળદેવ નામનો વિદ્વાન ધૂતારો સરદાર રેહેતો હતો, તેની પાસે હિરણ્ય ગુપ્ત નામના શેઠે પોતાનો ચંદ્રગુપ્ત નામનો છોકરો કોઇથી છેતરાય નહિ માટે સંપૂર્ણ કળાઓ શીખવા માટે મુકયો હતો, તેને શીખવવાને માટે એણે આ ગ્રંથ રચ્યો હતો.

આર્યા ગીતી છંદ—આર્યાના બે પદોને અંતે ગુરૂ, અકેક ગુરૂ વધતો આવે તેનું નામ આર્યા ગીતી છંદ છે.

"જીતાય ન જાતી વિના,
જગમાં કોયે કદાપી કેની સાથે;
હિરાની સરાંણ વિના,
હાંસો નહિ થાય હીરા માથે."

આર્યા છંદ—'પેહલા પાદમાં ૭ ગણ ને ૧ ગુરૂ એટલે ૩૦ માત્રા પૈકી તેમાં ૧, ૩, ૫, ૭ એ એકીના ગણમાં જગણ આવવો જોઇએ નહિ, અને છઠો ગણ, જગણ કાંતો નગણ એજ આવે તેમાં જે પેહલો, લઘુ આવે છે તે ઉપર યતી આવે, અને બીજા પાદમાં પેહલા પાંચ ગણ ને છઠા ગણને ઠેકાણે ૧ લઘુ આવે અને તે પછી દોઢ ગણ આવે એટલે એની કૂલે માત્રા ૨૭ આવે. બીજો વિચાર પેહલા પાદના બરાબર સમજવો. આ આર્યા અને ગીતી છંદના વીભાગમાં પાંચ ગણ વપરાય છે, તે બધાજ માત્રાનાં છે. આર્યા છંદને જૈન મતવાલા અને પ્રાકૃત મતવાલા ગાહા કરીને પણ કહે છે ને સંસ્કૃતમાં આર્યા કહે છે.

આરલ—આ નામનું એક સરોવર સ્વતંત્ર તાતારમાં આવેલું છે. તેના તથા કાસ્પીયન સરોવરના પાણી ખારાં હોવાથી કોઇ વાર તેઓને સમુદ્ર કહેવામાં આવે છે.

આરલોફ—આ પ્રસિદ્ધ હિરો ઇ. સ. ૧૮૯૪ વેર રશીયાના શેહેનશાહી તાજમાં બીરાજતો

હતો પણ હાલમાં તેને તાજમાંથી કાઢી રશીયન રાજ દંડપર મઢી લેવામાં આવ્યો છે. આ હિરો પેહેલાં ત્રીચનાપોલી શેહેર માંના એક મંદીરમાંની મૂર્તિના આંખમાં જડેલો હતો. ત્યાંથી એક ફ્રેન્ચ સીપાહે ચોરી લીધો હતો અને તે લઇને ઈરાન તરફ નાહાશી ગયો. જ્યાં તેણે એક યાહુદી વેપારીને ૧૬૦૦ પૌંડે વેચાતો આપ્યો. આ યાહુદી વેપારીએ તે હિરો શાફરસ નામના એક આરમેનીયનને ૧૦૦૦૦ પૌંડની કિંમતે વેચ્યો. આ આરમેનીયન રૂશિયામાં ફરી આવેલો હોવાથી તેણે રશિયાની શેહેનશાહ બાનુ કેથેરાઇનને મોટી કિંમતે વેચી નાખ-ખવાનો વિચાર કીધો. રૂશીયાવેર જતાં ઘણા સંકટો વેહવાં પડવાનાં હોવાથી આ હિરો કેમ છુપાવી લઇ જવો એના વિચા-રમાં તે હતો. તેણે તે હિરો ગળી જવાનો ઇરાદો કીધો, પણ તેના મોટા કદને લીધે તેમ નહિ બનવાથી ખંજર વતી પોતાની જાંગમાં કાપો પાડી તેમાં સાંતી જખમને રૂપાના તારથી સીવી લઇને તે રૂશિયા તરફ ગયો. માર્ગમાં લુટારાઓએ તેને ઘેરી લીધો પણ તેની પાસે કાંઇ નહિ જડીયાથી જવા દીધો.

શાફરસ રૂશિયન પાયતખ્તમાં જઇ પુગા પછી તે હિરો તેણે છુપાવેલી જગાએથી કાઢી શેહેનશાહ બાનુની મુલાકાતે ગયો. તે ૩૦૦૦૦ પૌંડે હિરો વેચવા તૈયાર હતો, પણ શેહેનશાહ બાનુ પાસે તેટલી રકમ મોજુદ નહિ હોવાથી શાફરસ હૉલંડની રાજધાની શેહેર 'અમસ્ટરડમ' ખાતે ગયો. આ શેહે-રમાં મોટા હિરા કાપીને પૉલીશ કરવામાં આવે છે, તેથી ત્યાં જઇ તે હિરાને સાફ કરીને પૉલીશ કરાવી, આ શેહેરમાં કાઉંટ આરલોફ નામના એક શ્રીમંત રૂશિયન ઉમ-રાવે તે હિરો જોયો, તેણે રૂશિયન તાજમાં મુકવા સારૂં વેચાતો લેવાનો વિચાર કીધો. શાફરસે આ હિરો ૮૦૦૦૦ પૌંડની રોકડ રકમ, ચાર હજાર પૌંડનું સાળીયાનું અને ઉમરાવપદ એટલી ચીજો કિમતમાં મળી ત્યારેજ વેચાતો આપ્યો. આ હિરો હાલમાં રશિયન રાજદંડમાં બીરાજે છે.

એ ૧૮૫ કેરેટ વજનમાં છે તેનું કદ કબુતરના ઈંડા જેવડું છે.

આરસી—હિંદુસ્થાનમાં જ્યારે આરસીનો લો-કોને ખ્યાલ પણ નહિ હતો ત્યારે તેઓ સ્વચ્છ નદી યા નાળામાં પોતાનો ચેહેરો જોઇ ગરજ સારતા. ત્યાર પછી તેઓ ધા-તૂની આરસી વાપરવા લાગા. યાહૂદી લો-કોમાં તેમની ઓરતો પીતળની આરસી બનાવતા હતા. ઇ. સ. ૩૦૮ ના સાલમાં રૂપાની આરસી બનાવતા હતા. હાલના ઢપની આરસીઓ ઈ. સ. ૧૩૦૦ માં વેનીસ શેહેરમાં બનાવવામાં આવી હતી, અને ત્યાર પછી ઇ. સ. ૧૬૭૩ માં વેનીસ શેહેરના કેટલા કારીગરોએ ઇંગલાંડમાં આવી રહીને બનાવવા માંડી હતી. ગઇ સદી સુધી ફ્રેન્ચ લોકો એ હૂન્નરમાં ઇંગ્રેજો કરતાં સરસાઇ ભોગવતા હતા, પણ હાલમાં થોડું થયું ઇંગ્રેજો ઘણી તારીફ લાયક આરસીઓ બનાવવા લાગ્યા છે, અને તે સાથે એકજ તખતામાં ઓરડાની મોટી દેવાલો ઢંકાઇ જાય એવી મોટી બનાવે છે. હાલમાં પણ જેપાન તથા હિંદુસ્થાનમાં કેટલેક ઠેકાણે ધાતૂની આરસીઓ વપરાય છે. આરસીના કાચ સાફ કરવાં હોય તો નીચે પ્રમાણે કરવાં.—

એક નરમ વાદળીને પાણીથી સારી પેઠે ધોઇ નાખવું, પછી ફરીથી બીજા સારા પાણીમાં તેને ધોઇને નીચોવી નાખવું, પછી તેને સ્પીરીટ ઑફ વાઇનમાં બોળી આર-સીના કાચને લગાડવું. ત્યાર પછી કાચને લગાડવાની બ્લૂ ભૂકી મેદા જેવી કરી મલ-મલના કપડાંથી ગાળી કાઢી તે ભીના કાચ ઉપર લગાડવું અને લગાડી તૂરતજ કપ-ડાથી લુછી નાખવું, પછી બીજા સારા કપ-ડાથી લુછવું ને સેવટે રેશમી કપડાંથી સાફ કરવું. આરસીનો તખતો મોટો હોય તો અર્ધો ભાગ પેહલા સાફ કરી પછી

બાકીનો અર્ધો ભાગ સાફ કરવો. કારણકે સ્પીરીટ ઑફ વાઇન એકજ વખતે બધે લગાડી તેને લૂછી નાખવામાં આવે તેટલામાં તે સુકાઇ જાય છે, જો તે તખતાની ફ્રેમ વારનીસ કરેલી ન હોયતો, ઉપલું મીશ્ર લગાડતી વખતે સંભાળ રાખવી કે, તેનો ડાઘ ફ્રેમ ઉપર લાગે નહિ, કેમકે ડાઘથી ફ્રેમ ઝાંખી પડશે.

મોઢું જોવાની આરસી બનાવવી હોયતો નીચલા મિશ્રણથી બનશે.

(૧) ચાર ભાગ કલાઇ ગરમ કરી પઘળાવ્યા પછી તેમાં પારો ૧ ભાગ નાખી હુલાવી એક જીવ કરવો અને કાચ પર ચોપડવો.

(૨) ચાર ઔંસ પારો લઇ તેમાં કલાઇના વરખનો ભૂકો એક રસ કરી પાતળો રસ બનાવવો, ને પછી તેને કાચ ઉપર ચોપડવો.

(૩) એક ભાગ કલાઇ, એક ભાગ સીસું અને એક ભાગ બિસ્મીથ એ ત્રણે ગરમ કરી પઘળાવી તેમાં પારો નાખી એકરસ કરવાં ને પછી કાચ ઉપર ચોપડવું.

આ કાચ પર પારો ચોપડવાનું કામ હદ સર કરેલો ગેર ફાયદો કરતો નથી પણ એજ ધંધો ચાલુ કીધાથી મનુષ્ય નબળાઇથી હેરાન થાય છે.

આરસેસ—આર્તેજર્કસીસ ત્રીજાનો એ બેટો ઇ. સ. પૂર્વે ૩૩૮ માં ગાદીનશીન થયો. એણે ફક્ત બેજ વર્ષ રાજ્ય ભોગવ્યું. એ પણ પોતાના બાપના જેવાજ મોહતે મરણ પામ્યો હતો. એને એના 'તેગાઓસ' નામે નોકરે ઝેર દઇ મારી નાખ્યો હતો. મરણ ઇ. સ. પૂર્વે ૩૩૬ માં નીપજ્યું.

આરસેસી—આ પુરૂષ આર્સેસી વંશનું પાર્થીયાનું રાજ્ય સ્થાપન કરનાર મૂળ પુરૂષ હતો. એ વંશને આશકાનીયાન દાખલ પણ ઓળખવામાં આવે છે. આર્સેસી એન્ટીઓકસ બીજા લકબે દેવતા (ડીઆસ) ના રાજ્યમાં એક સરદાર હતો. આ એન્ટીઓકસે એના ભાઇને અપમાન કરવાથી એણે 'ઓગાથાકલિસ' નામના એ પાદશાહના સૂબાને મારી નખાવી એશિયા ખંડમાં ઇ. સ. પૂર્વે ૨૫૬ માં એક સ્વતંત્ર રાજ્ય સ્થાપન કર્યું. છોકરાઓ નહિં હોવાથી મરતી વેળા ઇ. સ. પૂર્વે ૨૪૨ માં એણે પોતાના ભાઇ તીરદાદને રાજ્ય સોંપ્યું. તે આર્સેસ બીજાને નામે ગાદીએ આવ્યો.

આરહા—બંગાલ ઇલાકામાં શાહાબાદ જીલ્લામાં આવેલું આ એક ગામ ગાઝીપૂરના માર્ગમાં વસેલું છે. આ ગામની જમીન ફલદ્રૂપ છે અને ગામ નજદીક સુંદર તલાવ આવેલો છે. ૧૮૫૭ ના બળવામાં અહીંના રહેવાશીઓએ ભાગ લેવાથી તેમને શિક્ષા થઇ હતી. લોક વસ્તી સુમારે ૪૦૦૦૦ ની છે.

આરાકાન પ્રૉપર—(જુઓ અકયાબ.)

આરાગુઆટો—વાંદરાઓમાં ભિન્ન ભિન્ન જાતો છે તેમાં આ આરાગુઆટો વાંદરો દેખાવમાં ઘણો ભવ્ય લાગે છે. આ વાંદરો ઘણો ખરો રીંછને મળતો આવે છે. એનું માથું નાનું અને પડારેકું હોય છે. અને તેના બદનપરના બાલ ઘણા કઠણ અને રાતા ભૂરા રંગના જણાય છે. તેઓના ચેહેરાપર કરચળી વળેલી રહે છે તથા ચામડીનો રંગ કાળાસપર ઝાંખ મારે છે. આ વાંદરાનો ચેહેરો ઉદાસી જેવો હોય છે તથા એની દાઢીપર ઘણા બાલ હોય છે. જંગલોમાં તેઓના ટોળે ટોળાં દેખાય છે અને તેમની હીલચાલ એકસરખી હોય છે.

આરામ—ગુલામ વંશનો આ બીજો પાદશાહ પોતાના બાપ કુતબુદ્દીનના મરણ પછી પોતે ઈ. સ. ૧૨૧૦ માં ગાદીએ આવ્યો; પણ એનામાં રાજ ચલાવવાની કુન્હે નહિ હોવાથી એના બનેવી અલ્તમસે બંડ ઉઠાવી એને પદભ્રષ્ટ કીધો. આરામે ફક્ત એકજ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું.

આરામી ભાષા—'આરામાઇક. હિંદુસ્થાન, ઇરાન, આર્મેનિયા અને યુરોપના ભાષાઓનો જે મોટો પ્રવાહ છે; તેનાથી સ્વતંત્ર પણ

તેના બીજા પ્રવાહ છે તે સેમેટીક ભાષાઓનો છે, જે સ્વતંત્ર છે અને તેમાં યાહૂદી ખ્રિસ્તી તથા મોહમેદનો એ ત્રણે ધર્મોના ગ્રંથો રચાયલાં છે. આ સેમેટીક ભાષાનાં ત્રણ મોટા કૂળો છે, તેનાં આરામી, હિબ્રૂ અને આરબી.

'ભાષા શાસ્ત્રીઓ જૂદા જૂદા વિભાગો પાડે છે (ઉત્તર સેમેટીક અને દક્ષિણ સેમેટીક) તેમાં આરામી તથા હિબ્રૂને બીજા વિભાગમાં મુકે છે. બાણાકાર લિપિમાંના ઘણાક શિલા લેખો મળી આવ્યાં છે તે ઉપરથી એસેરિયા અને બાબીલોનીયાની પ્રાચીન ભાષાઓનો શોધ થયો છે. તેનો સમાવેશ આરામી કૂળમાં થઇ શકે છે. આ પ્રાચીન ભાષાનું વ્યાકરણ સંપૂરણ રીતે સમજાવવામાં આવ્યું નથી, તેથી તેનો અને અર્વાચીન આરામી ભાષાનો કેટલો સંબંધ છે તે વિષે ખાતરી કરી શકાતી નથી. મેસેપોટેમિયા પ્રાંતની ભાષાઓ આ લિપિમાંના મળી આવેલા શિલા લેખો ઇ. સ. પૂર્વે ૪૦૦૦ વર્ષોનાં હશે. એ જો ખરૂં હોય તો તેમાંની ભાષા સેમેટીક ભાષાના પ્રાચીન નમૂનાને લગતી હોવી જોઇએ. અને તે પૂર્વે પણ 'સૂમેરો એકેડિયા' નામના વિદ્યા સંપન્ન લોકો હતા એમ સઘળા શોધકો સ્વિકારે છે. એમ હોવાથી ઈજીપ્ત તથા ચીન કરતાં પણ પ્રાચીન સ્થિતીની શોધો મળી આવે છે એમ માનવું પડે છે. એ જો ખરૂં હોય તો બાબિલોનમાંની પાક કેતાબો ઉપરથી જે વિચારો જણાઇ આવે છે તે આર્ય પ્રજાના વિચારો કરતાં પણ છેક પ્રાચીન હોવાં જોઇએ. પણ સુધારાના સંબંધમાં વિચાર કરતાં જણાઇ આવે છે કે તે કરતાં ઘણાજ અર્વાચીન છે P. તે લેખોમાં નગરો, મંદીરો, મુર્તિઓ વગેરેના ઉલ્લેખો છે. તેમજ ધાતૂ અને સઘળી જાતના રત્નો તે વખતે જાણવામાં હતાં, તેમજ લેખનકળા ચાલુ હતી, તથા વેદમાં પણ નહિ જણાયલી એવી કલ્પના તેમાં લખેલી હતી.

P મેકસ મુલર-(ગીલફર્ડ લેકચર્ઝ જુઓ) ગુ. શા.

એબ્રાહામ ખાલ્ડીયા પ્રાંતના 'ઉરગા' ગામથી આવ્યો એમ ખ્રિસ્તી ધર્મ પુસ્તકમાં લખેલું છે; તે ઉપરથી જણાય છે કે, તેની ભાષા ઉપલા શિલા લેખો જેવી હોવી જોઇએ, પણ તેના સઘળા વિચારો હિબ્રુ ભાષામાં છે. તે સઘળા વિચારોનો સંગ્રહ હાલમાં જે જૂના કરારૂં રૂપે પ્રગટ થયો છે, તે સંગ્રહ હવે કયા વખતમાં થયો તે વિષે ખરૂં જણાઇ આવ્યું નથી. તોપણ તે જમાનો એબ્રાહામની ઘણું આગમજનો હોવો જોઇએ.

'આરામી ભાષાની બે શાખાઓ છે, તેમાં એક ખાલ્ડીક અને બીજી સિરીયાક; તે માટે યાહુદી લોકોની (જુના કરાર વગેરેમાં) આરામી ભાષાને ખાલ્ડીક ભાષા કહે છે અને ખ્રિસ્તી લોકોની (નવા કરાર વગેરેમાંની) આરામી ભાષાને સિરીયાક કહે છે.'

'બાબીલોન અને સિરીયામાં પૂર્વે આરામી ભાષા બોલવામાં આવતી હતી, ત્યાંથી તે સિરીયા અને પેલેસ્ટાઇનમાં પસરી, તેમજ એસિરીયાના રાજ્યની મજબુતાઇથી કેટલાક જમાના સુધી ઈરાન, સિરીયા, એશિયા માઇનર, ઇજીપ્ત અને અરબસ્તાનમાં તેનું ઘણુ પ્રાબલ્ય હતું.'

યાહૂદી લોકોની ખાલ્ડીક ભાષા જુના કરારમાંના 'એઝરાડૅાનીએલ' વગેરે પુસ્તકોમાં જોવામાં આવે છે, ત્યારબાદ તેજ ભાષામાં પેન્ટોટયુક તથા પ્રૉફેટ એ બે પુસ્તકોનું ભાષાન્તર થયલું જોવામાં આવેછે, અને તેમના અનૂયાઇઓ તેજ ભાષા બોલતા હોવા જોઇએ. પણ તેઓ ગ્રીક લોકોને ઉપદેશ કરતા ત્યારેજ એ ભાષા વાપરતા હતા. સાતમી સદીથી આરબ લોકોની સત્તા વધવાથી તેમની ભાષા જોર પામી અને ખાલ્ડીક ભાષાની બંદી થઈ, તથા દસમી સદીથી તે મરણ પામી. સિરીયાક ભાષા ઇ. સ. પૂર્વે ઘણા વર્ષો સુધી ચાલુ હતી, પણ ખ્રિસ્તી લેખકોએ તેની આગળ, ઉપર ઘણી ઉતપન્તી કરી, જુના કરાર અને

નુવા કારારના ભાષાંતરો બીજી સદીમાં સિરીયાક ભાષામાં થયાં છે. આરબી રાજ્યની સત્તાથી આ ભાષાને ધોકો લાગો. પણ ૧૨ મી સદીવેર તે ચાલું વપરાસમાં હતી. ઇરાનમાં આ ભાષા ઇ. સ. પૂર્વે ૩જી કે ૪ થી સદીમાં ચાલુ હતી.

આરારાટ—આ પર્વત આર્મેનિયા પ્રાંતમાં આવેલો છે. નોહાનું વાહાણુ મોટી રેલ પછી આ પાહાડપર પ્રથમ અથડયું હતું. એની ઉંચી ટોંચને 'આગ્રીડાગ' કરીને કહે છે અને તે ૧૭૦૦૦ ફીટ ઉંચી છે.

આરારૂટ—આ પદાર્થનો લોટ બનેછે. દક્ષિણ અમેરિકા તથા હિંદુસ્થાન મધે એક રોપો ઉગે છે, જેના મૂળીયામાંથી એ લોટ બનાવવામાં આવે છે. અમેરિકાના અર્ધ જંગલી ઇંડયનો ઝેરી તીર જેને લાગો હોય, તે તીરનો ઘા સારો કરવા એક બીજા રોપાનું મૂળીયું વાપરે છે, તે રોપાના મૂળીયાં સાથ આ રોપાને ભેળી નાખવાથી એનું નામ આરારૂટ પડયું છે, બીજી રીતે એ નામ એમ પડયું છે કે એના મૂળીયાં 'આરોસ' યાને તીરના આકારનાં હોય છે.

આરારૂટના ઝાડપર ઘણા સુંદર પાંદડા ઉગે છે. તેનો રંગ લાલ અથવા બલુ રંગનો હોય છે, અને તે ઘણું સુંદર દીસે છે. આ ઝાડની રોપણી માટે નરમ જમીન પસંદ કરવામાં આવે છે. આરારૂટના ખોરાકની ખુબી એ છે કે તે જલદીથી જરપત થાયછે, અને તેથી કરીને નાનાં બચાંઓને, બીમારીથી નાતવાન થઇ ગયલા અને નબળી હોજરીવાલાઓને એ ખોરાક આપવામાં આવેછે. પણ ઘણો વખત સુધી આરારૂટ ખોરાક દાખલ વાપરવો નહિ જોઇએ, કારણ કે તેમાં પુષ્ટી આપનાર શકિત ન હોવાથી હોજરી તેનાથી ધરાતી નથી. એ ખોરાક હોજરીમાં ખટાશ પેદા કરવાને યોગ્ય છે, માટે એની સાથે થોડોક બ્રાંડી ભેળીને આપ્યો હોય તો ઠીક પડેછે.

સઘળા ખોરાકો કરતાં આરારૂટના ખોરાકમાં ઘણી ભેળ ચાલે છે. એકતો એ ભેળ સેહેલાઇથી થઇ શકે છે, અને બીજું તો એ ભેળ પરખાતી નથી. ખરા આરારૂટનો રંગ ઝાંખો સફેદ હોયછે અને તેને હાથના આંગળાપર લઇ દાબ્યો હોયતો તેમાંથી લાકડી ભાગવા જેવો નરમ આવાજ નીકળે છે, અને આંગળી ઉપર ડાઘ રહી જાયછે. તેને સ્વાદ કે વાસ હોતો નથી, અને ખળખળતા પાણી સાથે મેળવ્યા પછી ઉપલી સઘળી ખાસીયતો એનામાં રહી જાયછે. આરારૂટ તરેહવાર રીતે ભેળવામાં આવે છે. મુખ્ય ભેળ પપેટા અને સાબુચોખાની હોયછે. એ બંનેના આટાને એક સરખા પ્રમાણે આરારૂટના આટા સાથ ભેળવામાં આવે છે; એ વેળા આરારૂટનો રંગ ખુલો સફેદ થાય છે. એમાં ચળકતી રજકણો દેખાય છે. આંગળાં પર લેતાં એ સુવાળો લાગે છે અને કાચા પપેટાનો સ્વાદ અને વાસ એમાં માલમ પડે છે. આરારૂટના તરેહવાર પકવાનો બને છે.

આગળ એ દક્ષિણ અમેરિકામાં થતો હતો પણ હાલમાં તેના રોપાઓ હિંદુસ્થાનમાં મલબાર કોસ્ટા તરફ તથા બીજા ભાગોમાં ઉગાડવામાં આવેછે. હાલમાં કલકત્તામાં આરારૂટનો આટો બનાવી તે ઈંગ્લાંડ મોકલવામાં આવે છે.

આરાસ્તી પેતેરસ્પ—આ પુરૂષ જરથોસ્ત પેગંબરના પેહલા શાગેર્દ ને 'મઇદયો માઓંઘ'નો પિતા હતો. એ પોતાની પવિત્રાઇ માટે વખણાયો છે. એ સ્પેન્તમાન જરથોસ્તનો સગો કાકો ને પૌઇશપનો સગો ભાઇ હતો.

આરાસૂર—મહિકાંઠાંની ઉત્તરે આ ડુંગરીઓ આવીછે, જે અંબા ભવાનીના સ્થાનકને લીધે પ્રખ્યાત છે અને તે ડુંગરી અરાવલીના દક્ષિણ પશ્ચિમ ભાગનો છેડો છે. ડુંગરીમાં આવેલું આરાસુરી માતાનું દેહેરં ઘણુ પુરાતન કાળનું છે એવું કહેવામાં આવેછે. કૃષ્ણ જ્યારે બાળક હતો ત્યારે તેનાં વાળ આ ઠેકાણે ઉતરાવ્યાં હતા અને ત્યારપછી તેમના મોટપણમાં રૂકમિણી અહીં આવેલાં હતા.

તેઓ અંબા માતાની પૂંજા માટે રોકાયલા હતાં ત્યારે કૃષ્ણે તેમનું હરણ કરી આરાસુરના ગુફામાં શાંતી શીશુપાળના ભયથી તેમને મુકત કર્યાં હતાં.

આરી—(જુવો અરાટી.)

આરીકયૂપા—પીરૂ દેશમાં સૌથી સુંદર શેહેર આ ગણાય છે. એનું મુખ્ય શેહેર પણ એજ નામે જાણીતું છે. આઇસવેથી તે ૩૦ માઇલપર આવેલું છે. આ શેહેર ધર્તિકંપના આંચકાઓથી ઘણું જોખમાયલું છે, શેહેરની લોકવસ્તી ૩૫૦૦૦ ની છે. આખા પ્રાંતની વસ્તી ૨૦૦૦૦૦ ની છે.

*__આરીકચુસ__—એક બાહાદુર ઇરાંની સરદાર હખામનીઆન વંશના શાહાજાદા કુરૂશની ઇરાની ફોજમાં એ એક અગ્રેસર અમીર હતો. કુનેકસાની પ્રસિદ્ધ લઢાઇ, જે ઇ. સ. પૂર્વે ૪૦૧ના સપટેંબરમાં થઇ હતી, તે લઢાઇમાં ઇરાની ફોજ તરફથી આરીકયુસે સરદારી લીધી હતી.

આરીયા—આ પ્રાંત મીડીયાની પૂર્વે આવેલો છે, જે સજીસ્તાન અને ખુરાસાનનો દક્ષિણ ભાગ હતો, એમાં આરીસોસ (હિરીરૂદ).નામે એક મોટી નદી વેહેતી હતી, તે ઉપરથી એ પ્રાંતનું નામ આરીયા કરી પડયું હતું. એની લંબાઈ ૧૯૦ ને પોહળાઈ ૨૫ માઇલની છે. જ્યાં આરીયા આવેલું હતું ત્યાં આજે હિરાતનું નામીચું શેહેર હેરમંદ (ઇટીમાન્ડર) નદી ઉપર આવેલું છે, જેમાં તૈમૂરલંગનાં વારેસોની બેઠકો છે. આ શેહેર ૩૦ માઇલ લાંબી અને ૧૫ માઇલ પોહળી ખીણમાં આવેલું છે. એનો ઘેરાવો ૪ માઇલનો છે. તેની દેવાલો કાદવની છે અને ખાઇઓ ખોદી તેપર પુલો બાંધેલા છે.

આરીયા—રોમન શેહેનશાહ કાલીડિશિઆના વખતમાં ઇલીર્યા પ્રાંતની હકૂમત એ શેહેનશાહનો મુકરર કરેલો સૂબો પીટર ચલાવતો હતો. આ સૂબાની મોહોરદાર આરીયા નામની હતી.

આરીયાએ પોતાની અસાધારણ વફાદારી; પ્રિતી અને મક્કમપણાથી કિર્તી મેળવી છે. એક વેળા તેણીનો ભર્થાર તથા બેટો સાથેજ આજારી પડયાં, તેટલાં પેલો એકનો એક પુત્ર મરણ પામ્યો, પણ પીટરની તનદરોસ્તી પુત્રના વિયોગથી વધારે બગડશે કરી આ હિમ્મતવાન બાનુએ કઠણ મન કરી વરને આ વાત નહિ જણાવતાં સર્વ ક્રિયા કામ કર્યાં પછી પોતાના પતિના સારા થવા પછીજ તેને એ વાત જણાવી. થોડી મુદત પછી 'કલાડીશીઅસ' શેહેનશાહ પાસથી હકૂમત છીનવી લેવાને 'સકરીઓનીઅન્સ' નામના સરદારની ઉશકેરણીથી 'ડાલમેશીઆ'માં બળવો ઉઠયો. તેમાં કમનશીબ પીટર પણ શામેલ થયો. આ કામનું સેવટ બળવો કરનારાઓની વિરૂદ્ધ ઉતર્યું. સ્કરીઓનીયન આ લઢાઇમાં માર્યો ગયો, તેનો મલત્યો પીટર કેદ પકડાયો, તેની તપાસ કરી સજા કરવા સારૂં તેને મજબુત ચોકી પોહરા સાથે રોમ મોકલવાને હુકમ થયો. જે ભર્થારપર રાત દાહડો ફીદા તે ભર્થારના આવા હાલ થયાથી, તથા તેની એવી દુરદશાની વખતે તેને મદદ કરવાને તેની સાથે એકજ વાહાણમાં રોમ જવા સારૂં કરેલી અરજ વ્યર્થ ગઇ, ત્યારે એક જૂદા વાહાણમાં તેણી પણ તેની સાથે રોમ ગઇ. રોમ પુગા પછી ભર્થારના છુટકારા માટે શેહેનશાહબાનુ 'મિસાલાઇનાને' અરજ કરી તે પણ વ્યર્થ ગઇ. સેવટે પીટરનો વાંક સાબેત થતાં તેને ફાંસીની સજા થઇ. ફાંસીની સજા સાંભળી આ સદગુણી બાનુ દુઃખદાયક હાલતમાં આવી જેટલું તેણીથી બન્યું તેટલું કર્યું પણ કાંઇ વળીયું નહિ. તેણીએ સેવટે પાદશાહની કાકલુદી કરી પોતાના વર સાથે કેદખાનામાંજ દીવસ ગુજારવાની રજા માંગી. પીટર બંદીખાને પડેલો હતો, તેની જીંદગી મોત કાંઠે આવેલી હતી; તે સમે આ સદગુણી બાઇડીના સહવાસથી તેને ઘણો દીલાસો મલ્યો, પીટરને જાહેરમાં સુલીએ ચઢાવ્યા કરતાં બને તો તેના હાથેજ તેના જીવનો અંત લાવવાની તેને છુટ હતી; તે કારણસર તેને એક ખંજર આપવામાં આવ્યું

હતું; પણ પીટરની આપઘાત કરવાની હિમ્મત ચાલી નહિ. આરીયા બેહોરમતી કરતાં આપઘાત પસંદ કરતી હતી, તેથી પેલું ખંજર લઈ પોતાના કલેજામાં મારી લઇ પ્રાણુ મુકતાં બોલી કે 'મારા વ્હાલા ભર્થાર પેલા નામોશી ભરેલા મોત કરતાં આ ઘણું શાંત મોત છે, માટે તમે પણુ એજ પસંદ કરો.' એજ મુજબ ત્યાં બેઉના મરણુ ઇ. સ. ૪૨ માં નીપજ્યાં.

આરીલ્યા—આ પ્રસિદ્ધ બાનુ માહાત્મા જુલીયસસીઝરની માતા હતી. એણીનું મરણુ ઇ. સ. પૂર્વે ૫૪ માં નીપજ્યું.

આરીલ્યા આરીસ્ટીલા—આ રોમન સ્ત્રી પોતાની બેહદ ખુબસુરતી માટે પ્રસિદ્ધ થયેલી છે. 'કેટીલિનિયા' નામનો એક શખસ તેણીના પ્યારમાં પડયો હતો; તેની સાથે આ સ્ત્રીએ રહી તેની આગલી બાયડી તથા છોકરાઓને રખડાવીયાં હતા. આ સ્ત્રી ઇ. સ. પૂર્વે ૫૦ માં હતી.

આરીસટોટલ—(જુઓ એરીસટોટલ.)

આરૂખ—(જુઓ આલુબુખાર.)

આરોકેરિયા—એના ઝાડ ઘણાં શોભાયમાંન હોય છે. એના પાદડાં કાંટા જેવાં હોઇ, તે ૨૦ થી ૩૦ વર્ષો વેર ટકી રહે છે. એના ઝાડ જાડી હવા અને ઉત્તમ જાતની નરમ જમીનમાં થાય છે, અને તે ઘણા નરમ હોય છે. એની ઘણી જાતો છે તેમાં મુખ્ય જાત આરેકેરિયા એકસેલ્સા, જે નારફક બેટમાં ઉતપન્ન થાય છે. આ ઝાડ જેવા બીજા કોઇ પણુ શોભાયમાંન વૃક્ષો નથી. બીજાં આરેકેરિયા કુકીઆઇ છે, તે ન્યુ કયાલેડોનીયામાં થાય છે. ઉપલા એકસેલસાથી પણુ આ વૃક્ષો ઘણા શોભાયમાંન હોય છે. બીજા આરેકેરિયા કનીંગ હામીનીઆઇ, આ ઝાડ દક્ષિણુ પ્રદેશમાં ઘણાં ઉગે છે. એની શાખાઓ ૪ થી ૫ ફીટનાં અંતરપર એકના જેવી પસરેલી હોય છે. આ ઝાડ બિયાં રોપીયાથી ઉગે છે.

આરેજુર—જરથોસ્તી ધર્મ ગ્રંથ પ્રમાણે આ પાહાડ અરબસ્થાન તથા રૂમ તરફ છે. આ પર્વતની એક હાર 'ખારગર' નામના શેહેરમાં પણુ વધી છે, તથા બીજી હાર તબરીશતાન ને ગીરાન નામના શેહેરમાં વધેછે.

આરોગ્ય રક્ષણુ—આરોગ્યતા એટલે તંદરોસ્તી એ ઉપરથી આરોગ્ય રક્ષણુ શબ્દ નીકળેલો છે, યાને તંદરોસ્તીની સંભાળ કેમ લેવી એ જાણવું જરૂરનું છે. તંદરોસ્તી વગર મનુષ્યનું જીવવું વ્યર્થ છે.

ખરાબ પાણીથી રોગો ઉતપન્ન થાય છે, માટે નદી યા નાળાંનું પાણી પીતી વેળા તેને બરાબર ગાળીને પીવું જરૂરનું છે. જો કુવાનું પાણી પીવામાં આવતું હોય તો કુવાની સંભાળ લેવી ઘટે છે. તેવા કુવાઓ પાસે સ્વચ્છતા રાખવી.

નાના ઘરોમાં ઘણા માણસોએ સાથે રેહેવું નહિ; કારણુ કે તેમના સ્વાસો સ્વાસથી હવા બગડે છે અને એ રીતે દુખ દર્દો ઘણા પેદા થાય છે. ઘેરમાં સ્વચ્છતા રાખવી સૌથી અગત્યની બાબત છે. જે ઘરમાં આસેપાસેથી દુરગંધી આવતી હોય તેવા ઘરમાં રહેલું ઠીક નહિ કારણુ કે, એવા ઘરોમાં જો કોઇ માંદુ પડે છે તો તે જલદી સાજો થતો નથી.

કોઇ પણુ છોકરાંઓએ નિશાળમાં ૬ કલાકથી વધૂ અભ્યાસ કરવા બેસવું નહિ. ધ્યાન આપીને જો અભ્યાસ કરવામાં આવે તો પાંચજ કલાક પુરતા છે. અંગ બળની કસરતો, જેમકે ક્રિકેટ, ખુલ્લી હવામાં ફરવું અને ઘોડેસ્વારી એ સઘળી હદમાં કાધાથી તંદરોસ્તી સુધરે છે.

લગ્ન કરવામાં ચોકસ ઉમર ઘણી ફાયદાકારક છે. છોકરો ૨૧ વર્ષનો અને છોકરી ૧૭ થી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી તેમના લગન કરવાં નહિ, અને ત્યાં સુધી જો બેઉ જણાં પોતાની તંદરોસ્તી સંભાળી પછી જો સંસારમાં પડે તો તેઓને ઘણો ફાયદો થાય. તેથી તેમની સંતતી ઘણી તંદરોસ્ત અને મજબૂત પેદા થશે.

કોઈ પણ જાતનું કેફી વ્યસન તંદરોસ્તી બગાડનારૂં છે માટે આરોગ્ય રક્ષણ થકી કેફી પીણાથી પરહેજ રેહેવું બેહેતર છે.

તાજી ફળ ફળાદી અને ભાજીપાલાથી આપણી તંદરોસ્તીને ઘણું અવસ્યતું પોષણ મળે છે. ઘેરની આસપાસ બનતાં સુધી ઝાડ-પાન રાખવાં ઘણા સારાં છે.

આલ—આ ઝાડને ઉર્દુ ભાષામાં સુરંજી કહે છે. એનું ઝાડ ઘણાં વર્ષો પછી હસ્યાના ઝાડ જેવું થાય છે. એના પાંદડા મહૂડાના પાંદડાં જેવાં થાય છે. ઝાડને બાર માસી ફુલો આવે છે. ફુલોનો રંગ ધોળો હોઇ તેમાં થોડો મધુર વાસ આવે છે. એના ફળો હસ્યાના ફુલો જેવાં હોય છે, જેને લોકો મીઠામાં આંથે છે. આ ઝાડની ઉતપન્તી ખાનદેશ અને વરાડ પ્રાંતમાં ઘણી થાય છે. એના મૂળીવાનો રંગ નીકળે છે. આલના ઝાડને રંગ માટે તૈયાર કરતાં ૩ વર્ષ લાગે છે. વરાઢમાં એના મોટાં મોટાં ખેતરો છે. એના મૂળીયામાં જેટલા બારીક મૂળ હોય છે, તેટલો તેનો રંગ સારો નીકળે છે. આ મૂળોનો પાકો ખારવી રંગ થાય છે. શેત્રંજી, પીછોડી વગેરે એના રંગથી રંગાય છે.

આલકલી—આલકલી ત્રણ પ્રકારનાં છે-પોતાશ, સોદા અને એમોનિયા. તેમાંના પેહલા બે આલકલીને સ્થીર આલકલી કહે છે; કારણ કે, તે સાધારણ રીતે ભારી હોય છે અને તેની વરાળ બનાવી તેને ઉડી જતાં ઘણો તાપ જોઇએ છે. તે ધાતૂ અને ઑક્સીજનના સંબંધથી ઉત્પન્ન થાય છે. ત્રીજો જે એમોનિયા તેને ચંચળ આલકલી કહે છે, કારણ કે તે વાયૂરૂપ હોય છે અને તે નૈત્રોજન અને હૈદ્રોજન આ બે વાયૂના સંયોગથી બને છે.

આલકલીના સાધારણ ગુણ એ છે કે તે મોઢામાં નાખતાં તીખું લાગે છે, અને મોઢું બાળે છે. તેનો વાસ ઘણો તીખો આવે છે. ચામડીને લાગતાં તે ચામડી બાળી નાખે છે. લીલ જેવા વનસ્પતિના બલુ રંગમાં એ મેળવ્યાથી તેનો રંગ લીલો બને છે. તેને એસીડથી સંયોગ પામવાનો ગુણ ઘણો હોય છે. (જુઓ પોતાશ, સોદા અને એમોનિયામાં તથા આયોડીન.)

આલકૅાત-કર્નલ હેન્રિસ્તીલ—આ વિદ્વાન પુરૂષનો જન્મ યૂનાઇટેડ સ્ટેટમાં ઇ. સ. ૧૮૩૦ માં થયો હતો. અમેરિકાની માહોમાહેની લઢાઈ પ્રસંગે ઘણી બાહોશીથી એણે મોટી પદ્વિ મેળવી હતી. તે પછી દરિયાઇ ખાતાંએ સરકાર પાસેથી એને પોતાના ખાતામાં માંગી લીધો હતો. દરિયાઈ ખાતામાં ઘણો સુધારો એની સત્તા તળે થયો હતો; પણ તે પછી આ સરકારી નોકરીમાંથી નીકળી બારીસ્ટરનો ધંધો ચલાવવા માંડયો હતો.

કર્નલ આલકૅાત એક અછો લેખક હોઇ તેણે ઘણાક વિદ્વત્તાભર્યા પુસ્તકો પ્રગટ કર્યા છે. તેમાં 'બીજી દુન્યામાંથી આવતાં લોકો' નામનો એક ચિત્રયૂક્ત મોટો ગ્રંથ રચ્યો છે. આ વેળા કર્નલ ઑલકાતની પીછાન મેડમ પેત્રોવના હેલીના બ્લાવાટસ્કી નામનાં એક બાહોશ બાનુ સાથ પડી, જે પછી એઓ બંધેએ મળી તા૦ ૧૭મી નવેંબર ૧૮૭૫ ને દીને થિઓસોફીકલ સોસાયતી' નામનું એક મંડળ ઉભું કર્યું. તેના ૩૧મી ડીસેંબર ૧૮૯૮ ના રિપોર્ટ પ્રમાણે દુન્યાના દરેક ભાગમાં બધી મળી ૫૪૨ શાખાઓ મોજુદ છે. આ મંડળીની મતલબ માણસોમાં જાત ન્યાતના તફાવત વગર ભાઇબંધીનો વધારો કરવાની, દરેક અસલી ધરમોના ભેદની શોધ કરવાની તથા માણસ જાતની છુપી શકિતઓ ખીલવવાની હોવાથી હજારો ભણેલા લોકો એમાં શામેલ થયલાં છે.

૧૮૭૯ ના ફેબરવારીમાં કરનલ આલકૅાત તથા મેડમ બ્લાવાટસ્કી પેહેલવેહેલાં હિંદુસ્થાન આવ્યાં, ને તે દેશને પોતાનું વતન કરી દેશીઓને ખરા અંઃતકરણની લાગણીથી ચાહી વર્તવા લાગ્યાં. પોતાના ધર્મપર પ્યાર રાખવા નાશ પામી જતું સંસ્કૃત સાહિત્ય

ખીલવવા અને નહિ છપાયલાં ગ્રંથો છપાવવા તથા સંસ્કૃત નિશાળો કાઢવા માટે શેહેરે શેહેર વારે ઘડીએ ફરી લોકોને ઉશકેર્યાં, અને આ દેશના ઘણાક શેહેરો તથા મુખ્ય કસ્બાઓમાં પોતાની શાખાઓ સ્થાપી. ૧૮૯૨ના એપ્રેલમાં "જરથોસ્તી ધર્મના તત્વ" ઉપર કર્નલ આલકૉતે એક વિદ્વત્તાભર્યું ભાષણ મુંબઇના ટાઉન હૉલમાં આપ્યું હતું અને ઈરાન આરમેનિયા તથા મધ્ય એશિયામાં પુરાણા ખંડીયરો અને જુના ગ્રંથોની શોધખોળ કરવા માટે એક ખાતું સ્થાપવાની ભલામણ કરી, તે માટે વારંવાર આગ્રહ કર્યા કરે છે.

એશિયા ખંડના અસલી ધર્મોનો એ એક સચ્ચો મિત્ર છે, તેથી ખ્રિસ્તી મિશનરીઓના અણગમામાં એને અનેકવાર આવવું પડયું હતું. કર્નલ આલકાતનો જાતી ધર્મ બુદ્ધિસ્ત છે તે છતાં હિંદુધર્મના વધારા સુધારા માહે ચલાવેલી લડતની પિછાન તરીકે તેને બનારસના હિંદુ પંડીતોએ પોતાની એક સભામાં માનની ઇંધાણી. તરીકે 'એક જનોઈ' ભેટ આપી હતી.

થિઓસોફીકલ સોસાયટીની અત્રેની સ્થાપના થવા આગમજ સિલોનનાં બુદ્ધિસ્તોની હાલત એવી માઠી થઇ પડી હતી કે, પોતાના ધર્મ તરફ તદન બેદરકાર બની પોતાતાના નામો વટીક ફીરંગીઓને મલતાં રાખવા લાગ્યા હતા, તથા તેઓનું કેળવણી ખાતું તદન મિશનરીઓના હાથમાં હતું. કર્નલ આલકૉતની ભલી કોશેસથી ત્યાંનો મામલો તદન બદલાઇ જઈ, સિંગાલીઓ ફરી જાતી અભિમાન ધરાવતા થયા છે. ૧૮૮૩ ની શરૂઆતથી કર્નલ આલકાતે મદ્રાસને પોતાનું વડું મથક બનાવી ત્યાં માન સાથ જીંદગી ગુજારે છે.

આલકાનેટ—(જુઓ આનચૂસા.)

આલકામો—સીસીલીને લગતું આ એક ગામ છે. પાલમોરાની દક્ષિણ પશ્ચિમે ૨૩ માઇલપર આવેલું છે. લોક વસ્તી ૨૦૦૦૦ ની છે. શેહેર નાનું હોવા છતાં ઘણું સુંદર છે, અને અહીં સારેસન્સ હુન્નરમંદીની ઘણી એક ઇમારતો બાંધેલી છે.

આલકોક ડૉ૦ જોન—બીશપ ઑફ ઇલઇ. આ ઇંગલાંડનો લૉર્ડ ચાનસલરના ઓહ્દાપર હતો. જન્મ યૉર્કશાયરમાં બિવ્હરલીમાં થયો હતો. કેળવણી કેમબ્રીડજ ખાતે લીધી હતી. પાછળથી તે રોચેસ્ટર, વૉરચેસ્ટર તથા ઇલઇનો બીશપ થયો હતો. તે સ્વભાવે ઘણોજ માયાળુ હતો તેથી ૬ ઠા હેન્રિનો તે ઘણો માનીતો હતો. મરણ ઇ. સ. ૧૫૦૦ માં નીપજ્યું.

આલકોન્સ ડોડેન મોસ્યો—જન્મ ઇ. સ. ૧૮૪૦ માં ફ્રાન્સના એલેસ ગામમાં થયો હતો. એલેસની પાઠશાળામાં અભ્યાસ કરી ત્યાંની એક પાઠશાળામાં નોકરીએ રહેલો હતો. પછી ત્યાં ૧૮૫૭ વેર અભ્યાસ કરી ૧૮ મે વર્ષે પારીસ ખાતે આવી એક કવિતાનું પુસ્તક પેહેલવેહેલું રચી પ્રગટ કર્યું. આ ગ્રંથ પ્રગટ થયા પછી વાખવાખી પામી 'ફીગારો' પત્રના મુખ્ય લખનારની જગા મેળવી. તેમજ મો૦ લેપાઇનની સાથે નાટકો લખવા માંડયા. એના નાટકો ઘણી પ્રસિદ્ધતા પામ્યા છે. છેલ્લે નાટકો ઉપર નૂકતેચીની કરનાર દાખલ સારી પ્રતિષ્ટા મેળવી હતી. મરણ ઇ. સ. ૧૮૯૭ ના ડીસેંબર મહિનામાં નીપજ્યું.

આલકોના—એ એક મીચીગનનું મોટું શેહેર છે. ક્ષેત્રફળ ૬૩૦ માઇલનું છે.

આલકોહોલ—એને આરબી ભાષામાં 'આલકહાલ' યાને સુરમાની 'ખાણ' કે જેની ભૂકી આરબ લોકોની ઓરતો પોતાના ભમર કાળાં કરવાને વાપરતી હતી. તે શબ્દ અશુદ્ધ રીતે બોલવામાં આવ્યાથી આલકોહલ બોલ ઉત્પન્ન થયો છે.

'આલકોહોલ એટલે બીર અને વાઇન દારૂને જોશ આપ્યાથી જે અર્ક ઉત્પન્ન થાય છે તે આલકોહોલ. એ એક એવી ચીજ છે કે જેના ગુણથી શરાબમાં કસ અથવા સ્વાદ આવે છે. તે હરકોઇ જાતના ફળ

અથવા અનાજમાંથી નીકળે છે. પ્રથમ મુખ્ય કરીને નવા ખીલેલા મોહોરોમાં અથવા કાચા મેવામાં આપણને ચોકસ જણાઇ આવે છે; પણ જ્યારે ફળ પાકવાપર આવે છે ત્યારે તેના ચીકાસમાં મીઠાસ અથવા સાકરનો ખ્વાસ આવે છે. પછી જો તે ફળ ઘણા દીવસ રહ્યું હોય તો તેની અંદરનો મીઠો રસ આલકોહલનો અવતાર ધારણ કરેછે. વાઇન દારૂ દ્રાક્ષના રસનો બનાવવામાં આવે છે. પેહેલાં દ્રાક્ષને છુંદીને તેનો રસ છુટો પાડેછે, ને પછી તેને નજદીક ૮૫ અંશની ગર્મી આપી ખુબ ઉકાળેછે, જેથી તે રસની સપાટીપર કાર્બોનીક આસીડ નામની હવાના પરપોટા ફુટવા માંડે છે અને હવાઇ સફરે ઉડી જાયછે, આ ગ્યાસના નીકળી જવાથી આલકોહલનો જથ્થો વધે છે, ને વાઇનમાં કેફ લાવે છે. વાઇનને ગર્મી આપી હિકમતથી ગાળયાથી તેમાં આલકોહલનો ભાગ વધે છે, ને તે પછી બ્રાન્ડીના નામે ઓળખાયછે. એને ગાળવાનો સબબ એટલોજ કે વાઇનમાં જે પાણીનો ભાગ હોય છે તે ગરમીથી ઉડી જાયછે ને આલકોહોલ ફક્ત રહ્યાથી દારૂ વધારે તીખો બનેછે.

આલકોહલમાં ચાર ભાગ કાર્બોન, બે ભાગ ઑક્ષીજન ગ્યાસ અને છ ભાગ હાઇડ્રોજન ગ્યાસના તત્વો મિશ્ર થયલાં હોય છે. તેના ૧૦૦ ભાગમાં ૧૩–૭૦ હાઇદ્રાજન, ૫૧–૯૮ કાર્બોન અને ૩૪–૩૨ ઑક્ષીજનના ભાગો આવેલાં છે. એ ખાંડમાંથી ઉત્પન્ન થાયછે અને તે ખાંડમાં કાર્બોન, ઑક્ષીજન અને હાઇદ્રોજન સરખે હિસ્સે આવેલાં હોય છે. હવે એ મીઠાસને ગર્મી આપી ઉકાળીયાથી તેના મુળતત્વો એક એકથી છુટા પડેછે, અને પછી જૂદા જૂદા પ્રમાણમાં આલકોહલ, કર્બોનીક આસીડ અને પાણી ઉત્પન્ન કરેછે, ને ફરીથી સાથે આમેજ થઇ જાયછે. હવે ખાંડમાં ૧ ભાગ આલકોહલ અને બીજો ભાગ કાર્બોનીક એસીડ છે. તે નીચલા કોઠા ઉપરથી જણાશેઃ—

	કાર્બોન	ઑક્ષીજન.	હાઈદ્રોજન.
૩૦૦ અંશ વેર સુકી કીધેલી ખાંડની દરેક રજકણમાં—	૧૨ ભાગ.	૧૨ ભાગ.	૧૨ ભાગ.
આલકોહલની બે રજકણમાં—	૮	૪	૧૨
કાર્બોનીક એસીડની ચાર રજકણમાં—	$\frac{૪}{૧૨}$	$\frac{૮}{૧૨}$	$\frac{૦}{૧૨}$

ખાંડને ઉકાળીયાથી આલકોહલ નીપજે છે. તેનું કારણ એ કે ખાંડમાં કાર્બોનનો $\frac{૨}{૩}$ ભાગ અને ઑક્ષીજનનો $\frac{૧}{૩}$ ભાગ, તેમાંથી હાઇદ્રોજન સાથે મળી જઇને આલકોહલનો જન્મ આપે છે. તેજ પ્રમાણે ખાંડમાંના બાકીના કાર્બોનનો $\frac{૧}{૩}$ ભાગ અને બાકીના ઑક્ષીજનનો $\frac{૨}{૩}$ ભાગ આમેજ થઇ જાયછે. તેનું નામ કાર્બોનીક આસીડ. એ રીતે આલકોહોલ ઉત્પન્ન થયા પછી તે પાણી સાથે મળી જઇ બીર અને વાઇનને કેફ આપે છે. તે ૧૭૬ અંશ સુધી ઉકળે છે. બીર અને વાઇન ઘણીક વખતે સરકો થઇ જાયછે તેનું કારણ એ કે, હવા તેમાં દાખલ થાય છે અને ઑક્ષીજન દારૂમાંનાં આલકોહલને ખાટો કરેછે. તે ઘણા એક તેજાબ, જેવા કે ઉડી જતા તેલ, રાળ, તાર અને સાબુ એઓને પીઘળાવી શકે છે. એને ચોકસ અર્કની સાથે ગાળતાં ઈથર નામની ઘણી જલદીથી ઉડી જતી પ્રવાહી પદાર્થ, જે દવાને અખતરા કરવાને કામ લાગે છે તે ઉત્પન્ન થાયછે. હવે વાઇનનું એક ગલાસ પીનારને ફાયદો કરેછે કે કેમ તે તપાસ્યે. એક વાઇન ગલાસમાં $\frac{૧}{૫}$ પાણી, $\frac{૧}{૫}$ આલકોહલ, $\frac{૧}{૫}$ ખાંડ અને $\frac{૧}{૧૦}$ એસીડ સાથે ઉડી જાય તેવું તેલ, ગુંદર, તેનીન, તાર્તરેટ અને બાઇ તાર્તરેટ ઑફ પોટાશ, એસીટી એસીડ અને રંગ લાવવાની ચીજો છે. એટલું તો ખરૂં છે કે દરેક જાતના દારૂ જેવાકે બ્રાન્ડી, વાઇન

મોહવર', બીર, વ્હીસ્કી અને રમ એ સઘળામાં આલકોહલ મુખ્ય તત્વ છે. સઘળી જાતના દારૂ આલકોહોલ ને પાણીના જૂદા જૂદા પ્રમાણુમાં બનેલાં છે, અને તેમાં જે તફાવત માલમ પડેછે તે ફકત તેમાં સ્વાદને રંગ લાવવા માટે જે સેહેજસાજ મેળવણી આવે છે તેથી દેખાય છે. જેમકે વાઇનમાં આલકોહોલને પાણી સાથ સ્વાદ છે, બીરમાં જવ અને હોપસ નામના અનાજની મેલવણી છે અને વ્હીસ્કીમાં આલકોહલ ને પાણી સાથ ધાન્યનો પટ આવેલો છે. ક્લૅારેટ વાઇન કરતાં નરમ છે, કારણકે તેમાં સેંકડે ૭ થી ૮ ભાગ આલકોહોલ છે, અને પોર્ત તથા શેરીમાં ૧૨ થી ૧૮ ટકા ભાગે હોય છે. બીરમાં સેંકડે ૧ ભાગ છે. એજ રીતે દારૂને તેજ, કૌવત બક્ષનાર આલકોહોલ છે, પણ તે લાભકારક અસર કરનાર નથી એ વિદવાનોએ સીદ્ધ કર્યું છે.'

'જ્યારે આપણે દારૂનું એક ગલાસ પીજીએ છિયે ત્યારે તે આપણા અંદરના ભાગોપર શી અસર કરે છે તે તપાશીએ. તે શરીરની ચામડીના યંત્રમાં ઝડપથી ને સેહેલાઇથી ગળી પડે છે, તેઓ તરત ચુસી લેછે, અને એ પ્રમાણે તે લોહીમાં દાખલ થયું કે કલેજા ભેજા ઉપર અગ્નિરૂપે બળે તેની અગાઉ એ ઘણીજ નાશકારક અસર ચલાવે છે. ચોખ્ખો આલકોહોલ પુષ્ટી ભરેલી મેલવણીનો બનેલો છે, તોપણ વિદ્વાનોના મત પ્રમાણે એ માત્ર ખુરૂં ઘેર છે; જે એક સરખી રીતે પ્રાણી તેમજ વનસ્પતિને નુકસાન કરે છે. બીજું આલકોહોલ ખોરાકના તત્વોને જૂદાં પાડીને ખાણું પચાવી શકતું નથી. બાદીનું ખાણું ખાતી વખતે બ્રાંડી અથવા કોઈ તીખો દારૂ પીયે છે કે તેથી અજીરણની બીક રહે નહિ, પણ તેમાં તેઓની ભુલ છે. કારણકે જો કોઇને સાંપ યા કોઇ જીવડાને સંભાળી રાખવો હોય તો તેને આપણે દારૂના આલકોહોલવાલા તેજાબમાં નાખ્યે છિયે, કે તેના સાંધા છુટા પડે નહિ. એ પ્રમાણે તેમાં ખોરાકને અથવા બીજી વસ્તુને તત્વોથી છુટું પાડવાની શક્તિ હોય એ માની શકાય એવું નથી. વળી આપણા શરીરમાં જે ગરમીની જરૂર છે તે આલકોહોલ પેદા કરી શકતો નથી એ તેનો ત્રીજો ગેરફાયદો છે. પણ બીજા હાથપર તે ગર્મી ઉતપન કરનારી ચીજોની અસરને લુલી કરી નાખે છે.'

'એના ફાયદા થોડાજ છે. ડૉ૦ ક્રીસ્ટીસન અને નેલીગાન આલકોહોલથી થતા ફાયદા બતાવતા કહે છે કે સઘળી જાતના શરાબમાં આલકોહોલ બેચેની નાબુદ કરવાને ઘણું કિમતી હથીયાર માલમ પડયું છે. તેને જરા નરમ કરી મધ્યમ પ્રમાણમાં લીધાથી તે મુખ્ય કરીને નબળી દેહવાળા માણસમાં કૌવત અને શુર આણે છે. એક ઉશકેરનાર તરીકે તેને 'ટાઈફાઇડ' નામની તાવ કેટલીક પાયરીએ ચઢી હોય ને સનીપાત થયો હોય, તે વેળા શરીરના પ્રાણ રક્ષક અવ્યવોને ટેકવી રાખવા માટે દવાની સાથે ભેળીને આપવામાં આવે છે. એ કારણ માટે હમેશાં બ્રાંડી અથવા વ્હીસકી ખપે છે તે કરતાં વાઇન વધારે પસંદ કરવાજોગ છે. ઘરની દવા તરીકે તેને પવન, અથવા ચુંકાપર અને વામીટ આવે તથા બેભાન થઇ જાય તે વેળાએ પણ વપરાય છે. પેશાબ લાવવા માટે આલકોહોલ કામમાં આવે છે, પણ તેને બીજી જાતના અગત્યના તેલ સાથે મિશ્ર કીધાથી તે ઘણો ગુણકારો ને કારગત ઉપાય થઈ પડે છે. બીજા હાથપર શરીરના ભાગો લચકાય છે, છુંદાયછે તથા ચામડી શુઝ્ઝી આવે છે, તેપર છાગરા પડે છે ત્યારે અને જે ભાગમાં લાંબા વખત સુધી દબાણ થવાથી અથવા છાતી બેસી જાય છે ને દમ ઉપરનો ઉપર રહે છે તે વેળાએ હૈડાંપર કદાચ જોરથી ઘસાડા થવાથી ચામડી ઉતરી નહિ પડે તે અટકાવવાને બાહેર ચોપાડવાનું ઓષડ આપવામાં

આવેછે તેનું આલકોહોલ સાધારણ તત્વ છે. તેને વરાળનું રૂપ આપ્યાથી થંડી ઉત્પન્ન કરે છે, એ કારણસર તેને થંડક કરનારા લોશનમાં ભેળવામાં આવે છે.

આલગ્રેવ્હ—એ પોર્ટુગલના દક્ષિણ તરફના પ્રાંતને લગતું છે. એનું મુખ્ય શેહેર 'ફારો.' આલગ્રેવ્હ નામ અરેબીક શબ્દ ઉપરથી નીકળેલો છે. ક્ષેત્રફળ ૨,૦૯૯ ચોરસ માઈલનું છે. લોક વસ્તી ૧૮૭૮ માં ૧૯૯,૧૪૨ ની હતી.

આલજીર્યા—ફ્રેન્ચ રાજ્યનું પ્રદેશમાં આવેલું આ એક સુંદર થાણું છે. આફ્રિકાની પશ્ચિમ ઉતરે ૫૫૦ માઇલ પર તે આવેલું છે; અને મધ્યમાં ૩૨૦ થી ૩૮૦ માઇલ પર આફ્રિકામાં છે. એટલાસ પર્વત લાંબો ને લાંબો કિનારાની સમાંતરમાં લંબાયલો છે. પર્વતની પાછળી બાજુ સપાટ અને મીઠાના મોટા સરોવરોથી ઘેરાયલી છે, અને તેમજ કિનારાપર પણ મોટા મોટા સપાટ સરોવરો આવેલાં છે. યુરોપ્યનોની પણ ત્યાં વસ્તી છે, તે શિવાય બીજી આઠ જૂદી જૂદી જાતના લોકો વસે છે. પેહેલી આવી વસેલી જંગલી જાત આરબો (બીદુઇન,) મુરીશ, જ્યૂ, ટર્કીશ, સીદી અને બીજી આફ્રિકનોની જાતો છે, જ્યારે આલજીર્યા ટર્કીશોના તાબામાં હતું ત્યારે તે ઉપર બે (તૂર્કસ્થાનના હાકેમને 'બે' કહે છે) હકુમત કરતો હતો, અને તે ચાર પ્રાંતોમાં વેંહેચી આપ્યું હતું ને તે જૂદા જૂદા 'બે'ની હકુમતથી ચલાવતા હતા. હાલમાં તે ત્રણ ઇલાકામાં વેંહેચવામાં આવ્યું છે. આલજીરીસ, ઓરાન અને કૉનસ્ટન્ટીની. આલજીરીસની રાજ્ય ધાની શેહેર આલજીર્યા અને ત્યાં ગવરનર જનરલની હકુમત ચાલે છે. તેમજ ત્યાં વડો બીશપ તથા વડી અદાલત છે. હાલમાં જણાયા પ્રમાણે અહીંની થંડીની ઋતૂ ઘણી ગુણકારી છે. ક્ષેત્રફળ ૧૨૨,૮૭૬ ચોરસ માઇલ છે. વસ્તી ૧૮૮૧ ની ગણત્રી મુજબ ૩૩,૧૦,૪૧૪ (ભટકતા આરબો શિવાય)ની છે. આલજીરીયસ શેહેરની ૧૮૮૧ ની ગણત્રી મુજબની વસ્તી ૭૦,૭૪૭ની હતી.

આલઝારો—સાર્ડીન્યાના બેટના પશ્ચિમ કિનારા પર આ એક બંદર છે. ત્યાં ઘણાજ સુંદર પરવાળાં મળી આવે છે અને તે મેડીટરેનીયનમાં તો ઘણાજ સુંદર જડે છે. શેહેર પાસે ઝમકદાર પથ્થરનાં કુદરતી ગુફાઓ આવેલા છે. એમપરર પાંચમા ચાર્લસનું તે પસંદ કરેલું ફરવાનું મથક હતું. ૧૬ મી સદીની શરૂઆતમાં તે સ્પેનને લગતું હતું. હાલમાં વસ્તી ૮૦૦૦ ની છે.

આલ્ટ ગ્રાડીસ્કા—આ કિલ્લેબંદીવાલું શેહેર આસ્ટ્રેલીયામાં આવેલું છે. અને તે સલાવોનીયાના પ્રાંતમાં છે. પોસ્ચીગાનના દક્ષિણ પશ્ચિમે ૧૬ માઇલ પર આવેલું છે. અંહીંનું બંદર સર્વિયા અને બોસેનીયા સાથે વેપાર ચલાવે છે. વળી લશકરનું તે મુખ્ય મથક છે. વસ્તી ૨૫૦૦ ની છે.

આલટીનબર્ગ—જર્મનીનું આ શેહેર ડેવી આવ સેકસ-આલટીનબર્ગનું મુખ્ય રાજધાની શેહેર છે. ૧૧ મી સદીમાં બાંધેલો એક જોવા લાયક કિલ્લો અહીં વખણાય છે. વસ્તી ૧૯૦૦૦ ની છે.

આલડર—એ એક જાતના ઝાડનું નામ છે. એનું લાકડું પાણીથી કદી કોહી જતું નથી, તેથી તે વાહાણો બનાવવાના કામમાં આવે છે. હવામાં સૂકાયાથી તેમાં સડો પેવશ થાય છે. એનો રંગ પીળો હોય છે.

આલડ્રા વાનડસ—આ ઇટાલ્યન કુદતી જ્ઞાન શાસ્ત્રી બોલોગન ખાતે ૧૫૨૨ ની ૧૧ મી સપટેંબરે જનમ્યો. એણે ૧૫૫૩ માં વૈદાંની ડીગ્રી મેળવી અને કુદ્રતી વિદ્યા ઉપર એક ઘણું પ્રસીદ્ધ ભાષણ આપ્યું હતું. ૧૫૬૮ માં બોલોગન ખાતે એણે કુદ્રીતી વિદ્યાને આધારે એક મોટો બગીચો બનાવ્યો હતો. એના પક્ષીઓ તથા જૂદા જૂદા પ્રાણીઓ વિષેના ગ્રંથો ઘણા ઉત્તમ છે. મરણ ૧૬૦૭ માં ૧૦ મી નવેંબરે નીપજ્યું હતું.

આલતાઇ ભાષા—આ ભાષા તૂરાનીયાન

ભાષાને લગતી છે. એની ત્રણ શાખાઓ છે તૂંગુસીક, માંગોલીક, તુર્કી. આ ભાષાઓમાં દીનપર દીન સુધારો કરતાં જઇ ચઢતી હાલતમાં આણવાની કોશેસ કરવામાં આવે છે. તૂંગુસીક ભાષા ઉત્તર સરહદથી તે સાઇબિરીયા સુધી અને પશ્ચિમે ૧૧૩° રેખાંશ વેર પસરેલી છે. આ ભાષા બોલનારાઓની સંખ્યા આસરે ૭૦,૦૦૦ ઉપરની છે. આમાંની એક જાત ચીન દેશમાં રાજ્યને તાબે છે, તેને માનચૂરીયન કહે છે. ઇ. સ. ૧૬૪૪ માં એ લોકોએ ચીન દેશ જીતી હાલના રાજકર્તાના વંશની સ્થાપના કરી હતી.

આલતાઇ પર્વત—આ પર્વતની લાંબી ને લાંબી હાર મધ્ય એશિયામાં આવેલી છે. એની સપાટ ભૂમિ મંગોલીયાથી સાઇબિર્યા વેર લંબાયલી છે. રશીયન અને ચાઇનીઝ શેહેનશાહતમાં એ રીતે આ પાહાડ હદ બાંધી આપે છે. એની પોહળાઈ કેટલીક જગાઓએ ૮૦૦ થી ૯૦૦ માઇલની છે. સર્વથી ઉંચી ટોંચ ૧૨૦૦૦ ફીટની છે. અહીં બારે માસ બરફ વર્સે છે. આલતાઇ પર્વત સૂનાં, રૂપાં અને સીસાંની ખાણો માટે ઘણો જાણીતો છે.

આલ્પસ પર્વત—યૂરોપમાં આવેલી ઉંચામાં ઉંચી પર્વતોની લાંબી હારવાલી ટોંચોના નામો આલ્પસ પર્વતનાં નામે ઓળખાય છે. એનું ક્ષેત્રફળ ૭૮૦૦૦ ચૌરસ માઇલ છે. આ પાહાડોનો મોટો ભાગ સ્વિટઝરલેંડમાં છે અને તે ઇટલી, ફ્રાન્સ તથા આસ્ટ્રેલીયામાં વધેલી છે. આલ્પસ પર્વત જૂદા જૂદા ભાગોમાં વેંહેચાયલો છે. એનો ૩૪૦૦૦ ચૌરસ માઇલ ભાગ આસ્ટ્રેલીયા હંગેરીમાં છે. ફ્રર્ટ પર્વતને પણ આલ્પસમાંજ ગણવામાં આવે છે.

પશ્ચિમ, પૂર્વ અને મધ્ય આલ્પસ તરીકે વેંહેંચાયલા ભાગો છે. મધ્ય આલ્પસનો એક ભાગ ઉત્તરે વધેલો છે. પશ્ચિમ આલ્પસના નામો મેરેટીયન, આલ્પસ, કોટીયાન અને ગ્રીન આલ્પસથી જાણીતાં છે, કે જે ફ્રાન્સના દક્ષિણ પશ્ચિમે લંબાયલાં છે. એ પ્રમાણે દરેક દિશાના આલ્પસના જૂદા જૂદા નામો છે. આસ્ટ્રેલીયા હંગેરીમાં આ પર્વતનો જેટલો ભાગ આવેલો છે (સાલબર્ગથી ઉડાન સુધી અને વિયેનાથી આસ્ત્રી સુધી) તેની લંબાઈ ૨૮૦ માઇલ ને પોહળાઇ ૧૧૮ થી ૨૨૬ માઇલની છે. અહીં ત્રણ પ્રદેશ ઘેરાયલા છે, એકને મધ્ય આસ્ટ્રેલીયા અને બીજાને ઉત્તર આસ્ત્રીયન એવા નામો છે. તેમાં મીડલ આલ્પસ સર્વથી ઉંચો છે અને સ્વિટઝરલેંડની ટોંચ ૧૫,૨૦૮ ફીટ ઉંચી છે, આલમીની પર્વત કુદરતી દેખાવો માટે ઘણો પ્રસિદ્ધ છે. વળી એમાંથી ઘણાક સરોવરો ઉત્પન્ન થયલાં છે. યુરોપની મોટી જાણીતી નદી રાહીન, હેત્રી શિવાય બીજીઓ આલ્પસમાંથી વહે છે.

આલ્પ અર્સલાન—પર્શિયાની સીલજુસીડ વંશનો આ બીજો સુલતાન ઈ. સ. ૧૦૨૮ માં જનમ્યો. ૧૦૭૦ માં કોન્સટન્ટીનોપલના ગ્રીક શેહેનશાહે પ્રશિયા ઉપર ચોથી વાર ચઢાઇ કરી હતી પણ આલ્પઅર્સલાને તેનો નાશ કર્યો હતો. આ લઢાઇ પછી દુશમનના લશકરની પાછળ જતાં તીરથી વીંધાઇ ૧૦૭૨ માં મરણ પામ્યો.

આલપાકા—અમેરિકા ખંડના પીરૂ દેશમાં આ નામના મેંઢાની એક જાત વસે છે. તેના બદનપર ઘણુંજ સુવાળું ઉન પાકે છે, તે ઉનને કાપી લઇ તેનું આલપાકા નામનું કપડું બનાવવામાં આવે છે. આલપાકા કપડું ટકાઉ અને ઘણા ઉત્તમ ઉનનું બનેલું હોય છે. એ ઘણી વેળા રેસમની ગરજ સારે છે. પીરૂ દેશમાં આ જાનવર ઘણીજ વેરાન જગીઆમાં અને અતી સરદ ભાગમાં વસે છે. એને રેહવા માટે વાડ યા ગુફાની ગરજ હોતી નથી, કારણકે તેનું પોષણ તેના બાલો કરે છે, તેથી સખતમાં સખત શીયાળામાં પણ તે સરદ જમીનપર રહી પોતાનું ગુજરાન કરે છે. દેખાવમાં

આ પ્રાણી ઘણું નબળું અને નાહાનું દીસે છે; પણ સખત બાંધાનું પુરવાર થયલું છે.

આલપાગો એનડ્રીયા—આ ઇટાલ્યન વૈદરાજ ૧૬ મી સદીની શરૂઆતમાં જનમ્યો હતો. અર્બસ્થાનના હકીમોનો તે એક ચુસ્ત હિમાયતી હતો. એને ઘણાંક વર્ષો-વેર પૂર્વમાં મુસાફરી કરી હતી, તેમજ દમાસ્કસમાં લાંબો વખતવેર રહી ત્યાં અરબ હકીમો પાસેથી હકીમુ શીખ્યો હતો. દમાસ્કસથી પાછો ફરવા બાદ તેને 'પાડુઆની' પાઠશાળામાં પ્રોફેસરની પદ્વિ મળી હતી, પણ તે હોદ્દાપર થોડા માસ રહ્યા બાદ ઇ. સ. ૧૫૫૫ માં તે મરણ પામ્યો હતો.

આલપૂડા—આ ઝાડ દોઢ ફીટ ઉંચા હોયછે. એના પાંદડા ચમત્કારીક રંગના હોયછે. આ ઝાડ શોભા માટે કુંડામાં રોપવામાં આવે છે.

આલફ્રેડ ધી ગ્રેટ—આ માહાત્મા રાજાનો જન્મ ઇ. સ. ૮૪૯ માં થયો. ૨૨ વર્ષની વયે ઇ. સ. ૮૭૧ માં ગાદીનશીન થયો. તે આગમચથી ડેન્સ લોક રાજ્યપર અવારનવાર હુમલા કરતા હતા, તેથી ઇંગ્લાંડના લોકો ઘણા ત્રાસ પામ્યા હતા. તેમને વીલટનમાં ઘેરી આલફ્રેડે તેમનો પરાજ્ય કર્યો ત્યારે તેઓએ એની સાથે કોલકરાર કીધાં. પણ ત્યાર પછી થોડીજ મુદતમાં તેઓએ કોલકરાર તોડી પાછા ઇંગ્લાંડ ઉપર હુમલા કરવા માંડયા. અને એ પ્રમાણે પાછી લઢાઇઓ શરૂ થઇ. ઇ. સ. ૮૭૭ માં એક મોટી લઢાઇ થઇ, તેમાં આલફ્રેડનો એવો પરાજ્ય થયો કે તેને એક ભીખારીના વેશમાં નાહાશી જવું પડયું. આવી રીતે રખડતો થઇ આલફ્રેડ એક ભરવાડને ત્યાં નોકરીએ રહ્યો. અહીં તેના હાથે એક દીવસે ભૂંજવા આપેલા પાઉં બળી ગયાથી ભરવાડણે તેને અનેક અપશબ્દોથી અપમાન આપ્યા છતાં આ સહનશીળ રાજા કાંઇ બોલ્યો નહિ.

ત્યાર પછી આલફ્રેડે એક સારંગીવાલાનો વેશ ધારણ કરી ડેન્સ લોકોની છાવણીમાં જઈ ત્યાંનો રાહાધાટ બરાબર તપાસી પોતાના સરદારો અને જમીનદારોને ગુપ્ત રીતે મળી ડેનીસો ઉપર સ્વારી કરી, તેમાં ડેનીસ લોકો તદન પરાજ્ય પામી નાહાસી ગયાં. આ પ્રમાણે એકંદર ૫૬ લઢાઇઓ કરી આલફ્રેડે દેશમાંથી શત્રુઓને નહિ સરખા કીધાં અને પોતાના રાજ્યની સારી વ્યવસ્થા કરી.

લોકોને ઇનસાફ મળી તેમને દરેક રીતની સગવડ મળી શકે તેથી તેને રાજ્યના જૂદા જૂદા જીલ્લાઓ કીધાં, અને તેમાં બંદોબસ્ત માટે ઘણા શીપાઇઓ રાખ્યા, નવા કાયદાઓ કરી ઘણી પ્રજાના લાભો સાચવ્યાં. તે પોતાના સરદારોની સભા વર્ષમાં બે વખત ભરતો અને રાજમાં વધારો સુધારો જે કાંઇ કરવું હોય તે તેમના મતથી કરતો. તે વખતે પ્રજા તદન અજ્ઞાન હતી. તેમને વિદ્યા શીખવવા જૂદા જૂદા વિદ્વાનોને બોલાવી પોતાની દરબારમાં રાખ્યા; અને પોતે પણ કેટલાક ગ્રંથો રચ્યાં; તેમજ ઑક્સફર્ડની પાઠશાળાને આશ્રય આપ્યો.

તેણે રાત દીવસના ત્રણ સરખા ભાગ કર્યા હતાં. તેમાંનો એક ભાગ ઈશ્વરભક્તિમાં, એક દરબારના કામકાજોનો અને ત્રીજો ભાગ ખાવું પીવું, લખવું વાંચવું અને વિશ્રાંતી ઇત્યાદીમાં ગુજારતો. તેમજ પોતાના રાજ્યની ઉત્પન્તિના બે સરખા હિસ્સા કર્યા હતા. તેમાંનો એક ભાગ દાન ધર્મમાં અને બીજો રાજ્ય વ્યવસ્તામાં ખરચતો હતો.

આલફ્રેડ ઘણો દયાળુ રાજા હતો. તે પોતાની પ્રજાનું ઘણી ઇન્સાફીથી પાલન કરતો અને તેની પ્રજા તેને પિતા સમાન માનતી હતી. એનું મરણ ઇ. સ. ૯૦૧ માં નીપજ્યું.

લૉર્ડ આલફ્રેડ ટેનીસન—આ ઈંગલાંડનો રાજકવિ ઇ. સ. ૧૮૩૫ માં બીડસ નજદીકના દેડીંગસલે ખાતે જનમ્યો હતો. તેનો

પિતા લીડસનો એક વેપારી તેમજ મેજીસ્ટ્રેટ હતો. આલફ્રેડે સ્કોનીહર્સ્ટ અને સેન્ટ મેરીઝ કૉલેજમાં કેળવણી લીધી હતી. આ કવિ ચર્ચ ઑફ રોમનો સભાસદ હતો. એની પેહેલી કવિતા Randolph નામની હતી. તેની કવિતાનું પેહેલવેહેલું પુસ્તક The Seasons; Asatire ના મથાળા તળે ૧૮૬૧ માં બહાર પડયું હતું. એના બીજા પ્રસિદ્ધ લખાણોમાં 'ધી હુમન ટ્રેજેડી' મેડોનાઝ રાઇલ્ડ' સેવોનરોલા અને ઇંગ્લીશ લાયરીકસ' ૧૮૯૨ માં ૬ જૂદા વૉલ્યુમમાં પ્રગટ કીધાં હતાં, એના ગદ્ય લખાણો વારંવાર ધી સ્ટાન્ડર્ડ અને ક્વાટરલી રીવ્યુમાં આવતાં હતાં. તેમજ મી० ડબ્લ્યુ જે કાંનશેપ જોડે નેશનલરીવ્યુ સ્થાપ્યું હતું. તેમજ ફ્રેન્ચ-જરમન લઢાઇ વેળા સ્ટાનડર્ડ પત્રના મુખ્ય રીપોર્ટરનું કામ લઢાઇના સ્થાને બજાવ્યું હતું. ટેનીસન ૧૮૫૦ માં રાજકવિ દાખલ નેમાયો હતો. ૧૮૮૪ માં તેને બેરનનો ખેતાબ મળ્યો હતો. ટેનીસને ૪૨ વર્ષો સુધી રાજકવિનો ઓદ્દો ભોગવી ૧૮૯૨ નાં સાલના અકટોબર માસની ૬ ઠી તારીખે ૮૨ વર્ષની પુખ્ત ઉમરે સ્વર્ગવાસ પામ્યો.

આલફ્રેટા—આ ગામડું અમેરિકામાં આવેલા જીઑર્જીયા પ્રગણામાં આવેલું છે. વસ્તી ખેડુતોની છે. આ ગામડામાં ૧૮૯૨ ના સાલમાં એક ખેડુતના ખેતરમાં 'લાલ રૂ' પ્રથમ પેદા થયો હતો; અને તેવાજ બીજા ઝાડો ઉગાડવાની પાછી કોશેસ કરવામાં આવી હતી.

ઑલફીન હિરાનીમસ વ્હાન—આ ડચ કવિ ચૂડા ખાતે ૧૭૪૯ માં ૮ મી આગસ્ટે જનમ્યો હતો. તે જેમ કવિ હતો તેમજ જાણીતો બ્રહ્મજ્ઞાની તથા ધર્મ બોધક છે. એની કવિતાઓનો તર્જુમો ઇંગ્લીશ, ફ્રેન્ચ, જર્મન વગેરે ભાષાઓમાં થયેલો છે. મરણ ૧૮૦૩ માં ૨ જી એપ્રેલે નીપજ્યું.

ઑલફોન્ઝો—આ નામના ઘણાંએક સ્પેન અને પોર્ટુગલના રાજાઓ થઈ ગયાં છે. જેમનાં નામો જૂદી જૂદી રીતે લખાયલાં છે. જેમકે એલોન્ઝો, આલફોન્ઝો, ઇડીફોન્ઝો અને પોર્ટુગીઝો કરી લખે છે. જેમાં પાંચ આલફોન્ઝો આરાગોનમાં થઇ ગયા છે. ૬ પોર્ટુગલમાં અને ૧૨ કાસ્ટીલીમાં.

આલબ્યુંમીન—આ એક રકતમાનો સફેદ પદાર્થ છે. એ શરીરને ઘણોજ પોષણકારક છે. એ શરીરમાં છે, તેમજ વનસ્પતિમાં પુષ્કળ મળી આવે છે અને આપણા ખોરાકમાં આવે છે. એ લોહી અને શરીરની અંદરના બીજા પદાર્થોમાં રહેલો છે. આલબ્યૂમિન રસને ગરમ કરીએ તો ૧૬૦ ડીગ્રીની થઇ એ બંધાઇ જાય છે અને નજરે પડે છે.

આલબર્ટ ૧ લો આર્ચ ડયુક ઑફ આસ્ટ્રયા—આ જર્મનીના શેહેનશાહનો જન્મ ઇ. સ. ૧૨૪૮ માં થયો. એ શાહાજાદો ડોલ્ફ ઑફ હૉપ્સબર્ગનો હતો. ઇલીઝાબેથ જે આગલા આસ્ટ્રેલીયાના શાહાજાદાની બેટી હતી, તેણી સાથે એના લગન થયાં હતાં. જ્યારે આલબર્ટ ઇ. સ. ૧૩૦૮ માં ૧ લી મેએ રૂસ નદીમાંથી સ્વિટઝરલેંડપર ચઢાઇ લઇ જતો હતો ત્યારે તેના ભત્રીજા જૉન ઑફ હૉપ્સબર્ગે એનું ખૂન કર્યું હતું.

આલબર્ટ મો०—આ ફ્રેન્ચ શિલ્પ શાસ્ત્રીનો જન્મ 'બુરી' ખાતે ૧૮૧૫ માં થયો હતો. એનું ખરું નામ અલેકઝાન્ડર માર્ટીન હતું પણ આલબર્ટના નામથી તે પ્રસિદ્ધતા પામ્યો છે. ૧૮૪૮ માં રાજ્ય પ્રપંચની ઉથળ પાથળ પછી એને સારી જગા મળી હતી. ૧૮૩૦ માં વેપારી હુન્નરની જણુસોના નમુના બતાવનાર દાખલ તે પારીસમાં આવ્યો હતો. જુલાઇમાં જે મોટી રાજદ્વારી ઉથળ પાથળ થઇ તેમાં એણે આગેવાની ભર્યો ભાગ લીધો હતો. ૧૮૩૪ માં એની તપાસ થઇ હતી.

પ્રીન્સ આલબર્ટ—આ શાહાજાદો આલબર્ટ ફ્રાંન્સીસ આગસ્ટસ ચાર્લસ ઇમેન્યુઅલ પ્રિન્સ કૉનસર્ટને નામે પણ જાણીતો છે. આ શાહજાદાનો જન્મ ઇ. સ. ૧૮૧૯ માં ૨૭ મી આગસ્ટે થયો હતો. ઉમરમાં આ-

થતાં વિદ્યા અભ્યાસ શરૂ કરી ગાયન, સાહિત્ય, ધર્મ, રાજદ્વારી પ્રકરણની સારી તાલીમ લીધી હતી. એણે ૧૪ વર્ષે પોતે શું શું વિદ્યા અભ્યાસ સંપાદન કર્યો હતો તેની એક ટીપ લખી કાઢી હતી. જુવાનીમાં ઇંગ્લાંડ, જર્મની, આસ્ટ્રેલીયા અને હૉલંડમાં મુસાફરીઓ કરી વધારે જ્ઞાન સંપાદન કર્યું હતું. ઇ. સ. ૧૮૩૬ના મે માસમાં ઈંગ્લંડ માં મુસાફરી કરવા પોતાના પિતા અને ભાઇ જોડે આવ્યો હતો. આ વેળા પ્રિન્સેસ વીક્ટોરીયા (મરહુમ હિંદના શેહેનશાહબાનું) સાથે પ્રિતીનો પ્રથમ પાયો રચાયો. લગન ઇ. સ. ૧૮૪૦ ના ફેબ્રુવારી માસમાં થયાં હતાં. ૧૮૫૧ માં આલબર્ટ પ્રીન્સે એક મોટું જગ દર્શન પોતાની મેહેનતથી ઈંગ્લંડમાં ખુલ્લું મેલ્યું હતું. આ શાહજાદો મહારાણી સાથે મરતાં સુધી ઘણીજ પ્રિતી અને મયાળુપણાથી વર્તયો હતો અને રાજદ્વારી કામોમાં તે કદી હરકત કરતો થઇ પડયો ન હોતો. એનું મરણ ઇ. સ. ૧૮૬૧માં ૧૪ મી ડીસેંબરે નીપજ્યું હતું.

આલબર્ટ વિકટર ક્રિશ્ચયન એડવર્ડ પ્રીન્સ—આ પાટવી કુંવર ઇંગલંડનાં સાતમાં એડવર્ડ રાજાનો પુત્ર અને વિજઇ વિક્ટોરીયાનો પૌત્ર હતો. જનમ ઇ. સ. ૧૮૬૪માં ૮ મી જાનેવારીએ થયો. ૧૮૭૭ વેર પોતાનો અભ્યાસ પુરો કરી નૌકાની કેળવણી લેવા માટે 'ડાર્ટમાઉથ' ખાતે જઈ રહેલો હતો. ૧૮૭૯માં પ્રસિદ્ધ શેહેરોની મુલાકાતો લીધી. ૧૮૮૭ માં કેમબ્રીડજ કૉલેજમાં દાખલ થઇ પોતાનો અભ્યાસ પુરો કર્યો હતો. ઇ. સ. ૧૮૮૯ ના નવેંબર મહિનામાં પ્રિન્સ હિંદુસ્થાનની મુલાકાતે આવ્યો હતો, અને માર્ચ માસમાં પોતાને સ્વદેશ પાછો ફર્યો હતો. ઇગ્લાંડ જઇ પુગા પછી માહારાણીએ ડયૂક ઑફ ક્લેરેન્સ અને એવોન્ડેલનો ઉંચો ખેતાબ બખશ્યો. એને ગ્રેન્ડ ક્રોસ ઑફ ધી ઑરડર ઑફ ધી નેધરલેંડ લાયનનો ખેતાબ એનાયત કીધો હતો. તેમ એજન્સી એંડ ઑફ ઇટાલીનો ને સ્ટાર ઑફ રોમાનીયાનો ખેતાબ પણ મળ્યો હતો. સ્પેનનો ગ્રેન્ડ ક્રૉસ ઑફ ધી ચાર્લસ સેકન્ડનો ખેતાબ, તુર્કીનો ગ્રેન્ડ કોરડમ ઑફ ધી ઓસમાનીનો ખેતાબ, અને પોર્ટુગલનો સધર્ન ક્રૉસનો ખેતાબ મળ્યો હતો. તેમજ લંડન શેહેરનું છુટાપણું મળ્યું હતું. ૧૮૯૨ ના જાનેવારી માસમાં ઇનફ્લુએન્ઝાના તાપે બીમાર પડી ૧૪ મી જાનેવારીએ મરણ નીપજ્યું હતું. આ પ્રીન્સનું મરણ ઘણુંજ શોકજનક નીપજ્યું, કારણ કે એના લગન તેજ વર્ષના માર્ચ માસમાં થનાર હતાં. તેટલાંમાં અચુક બિમારીના હુમલાથી મોત નીપજ્યું હતું.

આલબર્ટ મેગનસ—(આલબર્ટ ધી ગ્રેટ) તેરમી સદીનો આ પ્રસિદ્ધ વિદ્યાર્થી જાણીતો છે. એણે પાડુઆ ખાતે વિદ્યા અભ્યાસ કર્યો હતો. એ પોતાના વિશાળ જ્ઞાન માટે તથા વૈદકી માટે જાણીતો થયલો છે. ૧૨૪૯ માં કોલોગ્નિ ખાતેની પાઠશાળાંમાં તે શિક્ષક નેમાયો હતો. ૧૨૬૦ માં રેન્સબોન ખાતેના વડા ધર્મ ઉપાધ્યાની જગાપર નેમાયો હતો, ત્યાંથી ૧૨૮૦ માં પોતાને દેશ આવીને મરણ પામ્યો. આલબર્ટ ધી ગ્રેટ ઘણોજ બાહોશ લેખક તથા પોતાના જમાનામાં મોટો વિદ્વાન થઇ ગયો છે. એણે એરીસટોટલના ગ્રંથો તથા અરેબીક ગ્રંથોમાંથી ઉત્તમ અભ્યાસ કર્યો હતો.

અલબર્ટી લીયો બેટીસ્ટા—આ પ્રસિદ્ધ શિલ્પ શાસ્ત્રી, કવિ, ચીત્રકાર અને હુન્નરમંદનો જન્મ ફ્લોરેન્સમાં ૧૪૦૪ માં થયો. મરણ ૧૪૭૨ માં નીપજ્યું. ૨૦ વર્ષની વયમાં એણે રમુજી કાવ્ય રચ્યું હતું. એને ઘણાક ઉપયોગી વિષયો ઉપર લખાણો કરેલાં છે. તેમાં ચિત્રકળા તથા કોતરકામ કળા વિષેના નીબંધો ઘણાં પ્રસિદ્ધ છે.

આલબની—અમેરિકાના ન્યૂયાર્કમાં આ એક પરગણું છે. એનું ક્ષેત્રફળ ૪૮૩ માઇલ છે, ન્યૂયાર્કની ઉત્તરે ૧૪૨ માઇલપર અને હડસન પાસે આવેલું છે. એના ઉત્તર પશ્ચિમ

તરફના ભાગો પાહાડી છે. આ શેહેર હાલમાં વેપાર રોજગારનું મુખ્ય મથક ગણાય છે. ઇ. સ. ૧૬૨૩ માં ડચ લોકોએ પ્રથમ આ શેહેર શોધી કાઢયું હતું. ૧૬૬૪ માં ડયુક ઑફ્ યૉર્ક અને આલબની નામના ઉમરાવના માનમાં આ શેહેરનું નામ રાખવામાં આવ્યું. ૧૮૮૦ માં લોક વસ્તી ૯૦૭૫૮ ની ને ૧૮૯૧ માં ૯૪૯૦૦ ની હતી. આ શેહેરમાંથી વહેતી નદી પર ત્રણ મોટા પુલો બાંધેલાં છે. આ શેહેરમાંની 'ન્યુ કેપીટલ' નામની સરકારી ઇમારત ૩૨૫ ફીટ ઉંચી હોઇ ઘણી ભવ્ય દીસે છે, તેમાં સ્થાપેલા પુસ્તકાલયમાં ૧,૫૦૦૦૦ પુસ્તકોનો સંગ્રહ છે.

આલબની લુઇસા મેરી કેરોલીની—આ બાનુ કૌન્ટેસ ઑફ્ આલબનીના નામે પ્રસિદ્ધ થઇ છે. પ્રીન્સ ગસ્ટાવસ એડોલ્ફ્સ ઑફ્ સ્ટોલબર્ગ ગડર્નની એ બેટી હતી. જનમ ઇ. સ. ૧૭૫૩ માં થયો. ૧૭૭૨ માં ચાર્લ્સ સ્ટુઅર્ટ સાથે પરણી હતી. એ બ્રિટીશ રાજ્યનો દાવાદાર હતો. એની સાથે પરણીયા પછી કૉઉન્ટેસ ઑફ્ આલબનીના નામે જાણીતી થઇ. કાઉન્ટ છાકટપણામાં એણીપર અવારનવાર ઘાતકીપણું ગુજારતો હતો, તેથી તેણીએ મઠનો આશ્રય લીધો. તેનું મરણ ૧૭૮૮માં નીપજ્યું. તેના મરણ પછી ફ્રેન્ચ સરકારે આ બાનુંને ૬૦૦૦૦ ફ્રાન્કનું પેનશન આપતું કર્યું હતું. આ બાનુનું મરણ ઇ. સ. ૧૮૨૨ માં નીપજ્યું.

આલબરીક્યૂ—આ પ્રગણું અને શેહેર વાલીન્કામાં આવેલું છે. એની વસ્તી ૧૬૦૦૦ ની છે, અને શેહેરની ૩૧૦૦ ની છે. પેદાશ રેશમ, ચોખા અને ફળ ફળાદીની મોટી છે.

આલબ્રિસ્ટ વિલ્યમ—આ જર્મન ખેડુત ઇ. સ. ૧૭૮૯માં જનમ્યો. ખેતીવાડી વીષે એણે વિદ્વત્તા ભર્યો એક મોટો ગ્રંથ રચ્યો છે. એ જાણીતી વાડીની સભાનો પ્રમુખ હતો. એને જર્મનીમાં ખેતીવાડી વિષે ઘણા નવા નવા ફેરફારો કરી દેશને આબાદ બનાવ્યું હતું. ૧૮૪૮ માં બેવેરીયા ખાતે એકાંત જીંદગી ગુજારી તે મરણ પામ્યો.

આલબ્રાદીયા—આ એક પ્રગણાનું નામ છે. એજ નામનાં શેહેરો તથા નદીઓ સ્પેનીશ પ્રાંતમાંના વાલકનીયામાં આવેલાં છે. જમીન ફળદ્રુપ અને સપાટ છે. પેદાશ દારૂની મોટી છે. વસ્તી ૨૩૦૦૦ ની છે પણ ખુદ શેહેરની વસ્તી ૩૧૩૦ ની છે.

આલબાનિયા—હાલમાં આ પ્રાંત શીરવાન નામે ઓળખાય છે. અહીં વાઇન દારૂ બને છે. અહીંના લોકો પ્રથમ સાદાઇમાં વસતા હતા પણ પાછળથી તેઓમાં ભપકો વધ્યો હતો. તેમની સ્ત્રીઓ મરદો કરતાં વધારે બાહાદુર હતી. આગલા વખતમાં આ નાહાના પ્રાંતનાં જૂદા જૂદા ૨૬ હાકમો રાજ્ય કરતા હતા, જેઓ દરએકની બોલી પણ જૂદી હતી. પાછળથી એક બળવાન હાકમે સઘળા પ્રાંતો જીતી લઇને એખટા કીધાં અને પોતે હાકમી ચલાવવા લાગો. ઇરાનની તવારીખમાં આ પ્રાંતે અગત્યનો ભાગ બજાવ્યો છે.

આલબીકયૂર ક્યૂ—પેહલો આલફોન્ઝો ધી ગ્રેટ. આ પોર્ટુગલના પેહેલા રાજાઓમાંનો એક હતો; તથા એ પ્રથમ હિંદનો સુબો નેમાયો હતો.

જનમ ઇ. સ. ૧૪૫૨ માં થયો હતો. એ સઘળા જુના રાજાઓ સાથે સગપણ ધરાવતો હતો, તેથી 'બીજા જોએ' એને દરબારમાં આણ્યો ત્યારે એનો પિતા 'ગોનઝાલો' મોટા હોદ્દાપર હતો. ૧૫૦૩ માં એને એના ભત્રીજા ફ્રાન્સીસ્કો સાથે કેપ ઑફ્ ગુડ હોપને રસ્તે હિંદુસ્થાન મોકલવામાં આવ્યો હતો. એઓએ સફરમાં કોચીન ચાઇનાના રાજાની ચોકસ સેવા બજાવ્યાના બદલામાં તેમને પોતાનું નાનું રાજ્ય સ્થાપન કરવાની જગા મળી હતી. પોર્ટુગીજ લોકોની ઉગમણમાં સત્તા સ્થાપવાની આ પેહેલી ફતેહ હતી. સ્થાપના કીધા પછી એ પાછો પોર્ટુગલ ફર્યો જ્યાં તેને બીજા કાફલા સાથે

ઉગમણુ તરફના આફ્રિકાના કિનારાપર ચઢાઇમાં જોડાવું પડ્યું. આગળ તેઓએ નાહાના કાફલાઓ સાથે વાહાણુ લુટવા આરબસ્થાનના કિનારાપર ચઢાઇઓ કરી હતી. પણ આલબીક્યુરને આ રીત પસંદ નહિ હોવાથી તેઓ 'ઓરમસપર' ચઢાઇ લઇ ગયા. ત્યાંના ઇરાની સરદારે સામે થઇ એમને પાછા હટાવ્યા હતા. ઇ. સ. ૧૫૧૧ માં એણે મલાકાપર ચઢાઇ કરી તે શેહેરને લુટ્યું હતું. આ લુટનો ઝાંખો ખ્યાલ આપવા માટે એવી વિગત આપવામાં આવે છે કે 'લુટનો ૧/૫ ભાગ જે પાદશાહ માટે મોકલ્યો હતો તે ૫૦૦૦,૦૦૦ પાઉંડનો હતો. એ શિવાય હથિયારો અને સામત તો જુદોજ ગણેલો છે. એક વર્ષ ત્યાં ગુજાર્યા બાદ ગોવા પાછું ફરતાં એનું વાહાણુ ઇ. સ. ૧૫૧૫ માં ગોવાની ખાડીમાં ભાગ્યું અને ત્યાં એ ડુબી મરણુ પામ્યો હતો.

આલબિડીલી ગસટાફ—એ સ્વિડનનો કૂશળ દુત હતો. કોપેનહેગન ખાતેની દરબારમાં ઘણાં વર્ષો વેર એ એલચીના હોદ્દાપર હતો. એણે યુરોપમાં તે વેળાનાં મામલા વિષે ઘણા ગ્રંથો પ્રગટ કરયાં છે. ૧૮૧૯ માં એનું મરણ નીપજ્યું. એની બાયડીએ કવિતાઓ રચી કીર્તિ મેળવી હતી. તેણીની 'જીપીયોન' નામની કવિતાનું પુસ્તક ૧૮૧૪ માં 'અપસેલ' ખાતે પ્રગટ કરવામાં આવ્યું હતું.

આલબીલાદરીઅબુલ અબાસ અહમદ–આ અરેબીયન ઈતિહાસ કર્તા ઇ. સ. ૮૯૫ માં મરણુ પામ્યો હતો. એ વડો મોલવી હતો તથા બગદાદના ખલીફા 'અલ મોતવાકલ'ની દરબારમાં રેહેતો હતો. ખલીફાના ખાનદાનના વડા શાહાજાદાઓને એજ વિદ્યા શિખવતો હતો. એણે રાષ્ટીય સંબંધી એક મોટો ગ્રંથ રચ્યો હતો. જેમાં તેણે જૂદા જૂદા રાજ્યોનો ઇતિહાસ આપેલો છે. જેમાં સીરિયા, સાઇપ્રસ, મેસેપોટેમિયા, આર્મેનિયા, ઇજીપ્ત, આફ્રિકા, સ્પેન, ન્યુબિયા અને મેડીટરેનીયન એરો વિષે છે. વળી તેમાં ઇસલામી ધર્મનો ઇરાનમાં ફેલાવો થવા વિષે તથા ઇન્ડસના કિનારા પરના મહમદીયાન રાજ્યો વિષેનો ઇતિહાસ આપેલો છે.

આલબુ કાસીમ બુચાસીસ—આ આરબ હકીમ કારદોવા ખાતે જન્મ્યો હતો. એનું રચેલું પુસ્તક 'અલતસરીફ' નીકલ્યા પછી એ ઘણો પ્રસિદ્ધતામાં આવ્યો હતો. એના લખાણોના ઓચર્યાં ફ્રેન્ચ નેશનલ લાઈબ્રેરીમાં હાલ જોવા મેળેલાં છે. તે એ ભાગમાં છે. તેના બીજા ૧૫ ભાગો છે. તેમાં શરીર વિદ્યા સર્વ ઈંદ્રીયશાસ્ત્ર, અને વૈદકીનો સંપૂરણ સંગ્રહ કરેલો છે. એમાનું શસ્ત્ર વૈદ્ય, વેદાંત સંબંધી શાસ્ત્રનું લાટીનમાં તર્જુમો થયલો છે. મરણ કારદોવા પાસે ઇ. સ. ૧૦૦૬ માં નીપજ્યું.

આલબે—ફીલીપાઇનના ટાપુમાં આવેલા 'ન્યુઝોન'ને લગતું આ એક શેહેર છે. લોક વસ્તી સુમારે ૧૫૧૨૦ ની છે. આ શેહેર ઇલાકાનું મુખ્ય રાજધાની શેહેર છે. અહીં ગવરનરનું રેહઠાણુ છે. આખા ઇલાકાની વસ્તી ૧૩૪૫૯૦ ની છે.

આલમગીર (પ્રસિદ્ધ ઔરંગજેબ પાદશાહ—આલમગીર યાને તમામ જહાનને જીતનારના એલકાબથી પ્રસિદ્ધ છે. (જુઓ ઔરંગજેબ.)

(૨) બીજો આલમગીર દિલ્હીની ગાદી પર ઇ. સ. ૧૭૫૪ (હી. સ. ૧૧૬૭ શાબાન) માં બેઠો. એણે ગાજીઉદીને કે જે આસોફજહાંનો વડો પુત્ર હતો તેને (અહમદશાહને) પદભ્રષ્ટ કરી ગાદી મેળવી. આલમગીર તથા એની માતાને દુશમનોએ આંધળાં કરી માર્યા હતાં.

આલમપૂર—(૧) આ તાલુકો ગોહેલવાડ પ્રાંતમાં ચમારડી થાણાની હદમાં છે. તેના તાબામાં ૩ ચોરસ માઇલ જમીન અને ૬૦૦ માણુસની વસ્તી છે. વાર્ષીક ઉપજ ૪૦૦૦ ની છે.

(૨) નીજાંમ હૈદ્રાબાદમાં આવેલું આ

એક ગામ છે. તુંગભદ્રાને જમણે કાંઠે કરનૂલની પૂર્વે ૭ માઇલપર છે.

(૩) મદનપૂરમાં એજ નામનું એક ગામ છે. મદનપૂરની ઉત્તરે ૩૦ માઇલપર છે.

આલમબાગ—લખનૌમાં આ બગીચો ઘણી રમણીય જગામાં આવેલો છે. પ્રથમ એ ઔદના રાજાની માલેકીનો હતો. જનરલ ઑટ્રામે ઇ. સ. ૧૮૫૦ માં બળવા પછી અત્રે જય મેળવી બ્રિટીશોના તાબામાં લીધો હતો. બળવા સમયની ઘણીક જોવાલાયક યાદગાર ચીજો અત્રે જોવા મેળેલી છે.

આલમ સૈયદ—૧૪૧૪ માં તઘલખ વંશનો અંત આવ્યા પછી સૈયદ વંશે ૧૪૧૪ થી ૧૪૫૦ વેર રાજ્ય કર્યું. સૈયદ ખીજરખાંએ ૮ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો ને ૧૪૨૧ માં મુબારક સૈયદ ગાદીએ બેઠો. એના વજીરે એને મારી નખાવીને તેના ભત્રીજા મહમદને પાદશાહ કર્યો. અમીરોએ તે પછી વજીરને માર્યો હતો. મહમદે ૧૪૩૫ થી ૧૪૪૪ વેર રાજ્ય કર્યું. પછી સૈયદ આલમે રાજકારોબાર હાથમાં ધર્યો. આ વેળા દીલ્હિનું રાજ્ય ફક્ત નામનું રહ્યું હતું અને તે ૧૦ ચોરસ મૈલમાં સમાઇ ગયું હતું. એનાથી બંદોબસ્ત થઇ ન શકવાથી ૧૪૫૦ માં એ રાજ્યને એવી હાલતમાં આણી મેલ્યું કે દીલ્હિ દુશમનને હાથ જવાની અણીપર હતું; તેટલાં લાહોરના સુબેદાર બહેલોલાખાં લોદીએ દીલ્હિનો કબજો લીધો ને આલમ સૈયદને રાજીનામું આપવાની ફરજ પાડી તેને ૧૪૫૦ માં તેના જન્મવતન 'બુદાયુન' ખાતે રવાના કીધો.

આલમાડા—પોર્ટુગલનું આ એક શેહેર છે. ટ્રુગસ નદીને કાંઠે તે આવેલું છે. વસ્તી સુમારે ૭૦૦૦ ની છે. આ શેહેર ૧૭૯૨ માં સ્પેનિયર્ડોએ જીતી લીધું હતું અને પાછું ફ્રેન્ચોએ ૧૫૧૦ માં લીધું. ડ્યૂક ઑફ વેલીંગટને ૧૮૧૧ માં આ શેહેર જીતી લીધું હતું.

આલમીડા ફ્રાન્સીસ કોડી—(૧) હિંદુસ્થાનનો આ પેહલો પોર્ટુગીજ વાઇસરાય હતો. જનમ ૧૫ મી સદીની અધવચમાં થયો હતો, મરણ ૧૫૧૦ માં નીપજ્યું.

આલમિર્યા—સ્પેનનો આ અર્વાચીન પ્રાંત અને જુના ગ્રેનેડાનો પૂર્વ તરફનો આગલો ભાગ છે. આ પ્રાંતનું મુખ્ય શેહેર એજ નામે જાણીતું છે. આગલા મૂરિશોના વખતમાં ગ્રેનેડા જેવું આ શેહેર પણ તવંગર હતું. વળી આ શેહેર હિંદુસ્થાન અને પૂર્વ તરફના ભાગનું મુખ્ય મથક હતું. આ પ્રાંતની વસ્તી ૧૮૭૭ ની ગણત્રી મુંજબ ૩૪૯,૦૭૬ અને મુખ્ય શેહેરની ૨૯૦૦૦ ની હતી.

આલસાની પેદ્દના—આ તેલંગી કવિ સને ૧૪૩૯ માં 'દુપ્પટ' પ્રાંતમાં કુરલ્લા નામે એક ગામછે ત્યાં જનમ્યો હતો. નૃસિંહદેવ રાયલ્લૂના રાજ્યમાં એનો ઉદય થયો. એણે નાનપણમાંજ સંસ્કૃત અને તેલંગી ભાષાઓનો અભ્યાસ કરીને ધાર્મીક જ્ઞાન સંપાદન કર્યું હતું અને તેથી એ બન્ને ભાષાઓમાં શ્લોકબંધકાવ્ય કરવાનું એણે સામર્થ મેળવ્યું હતું; એની વિદ્વત્તા ઉપરથી નૃસિંહદેવ રાયલ્લૂના દરબારમાં એણે પંડીતની પદ્દિ મેળવી. તે રાજાના પ્રસંશા ઉપર એણે કેટલાક પ્રકરણો રચ્યાં હતા, નૃસિંહદેવ રાયલ્લૂના મરણ પછી તેનો પુત્ર જે કૃષ્ણદેવ રાયલ્લૂ વિદ્યા નગરનો રાજા થયો પણે તેણુ આલસાની પેદ્દનાને પોતાની દરબારમાં રાખ્યો હતો. અને જે પંડીતોને અષ્ટદિગજ એવું નામ આપ્યું હતું તેઓમાં એની ગણના કરી હતી. આલસાની રાજભક્ત હતો. એનો પ્રસિદ્ધ ગ્રંથ 'સ્વારોચિષમ'નું ચરીત્ર નામનો છે, તેના ચાર ભાગો છે.

***આલસાશેન**—આ જર્મન વિદ્વાન, જરથોસ્તી ધર્મનો ચુસ્ત અભ્યાસી હતો. જરથોસ્તીઓની પુરાતમ ભાષાઓ વિષે તેણે તજવીજ કીધી હતી. આ વિદ્વાને વંદીદાદની ચાર પરગરદ અસલ જંદ હરફે છપાવી હતી. વળી પેહેલવી ભાષા બાબે

એ વિદ્વાને કરેલી શોધ અતી ઉપયોગી થઇ પડી હતી. એણે ઈરાનની સાસાનીઆન શેહેનશાહતનાં સિક્કાઓ તથા તે પછીનાં આરબ સરદારોનાં અમલમાં સિક્કાઓ ભેગા કરી ઘણી ચોકસાઇથી તપાસ્યા પછી એવો અભિપ્રાય આપ્યો હતો કે એ સિક્કાઓના હરફોનો આકાર અને જરથોસ્તીઓ પાસે હાલ જે પેહેલવી પુસ્તકો છે તે ગાહેલા હરફોનાં આકાર એ બન્ને એકજ મૂળથી ઉત્પન્ન થયલાં છે. તેના કહેવા મુજબ એ સિક્કાઓની જબાન હાલની ફારસી જોડે મેલાપ રાખે છે. બીજા બોલોમાં એ સિક્કાઓની જબાન ફારશીને મળતી, યાને એરીયન ટોળાની ભાષા છે એમ તેનું કહેવું હતું. પ્રોફેસર વેસ્ટગાર્ડ તેના મતથી જૂદો પડી એ સિક્કા તથા તખતીઓની ભાષાને શીરો-અરેબિયન ટોળાની ભાષા જણાવે છે.

આલસીકોન્ડા—આ એક જાતનું ઝાડ આફ્રિકામાં થાય છે. આ ઝાડ કદમાં વિશાળ હોય છે. એની છાલમાંથી લાંબા તંતુઓ નીકળે છે, તેના ઘણા મજબુત ને ખરબચડાં દોરડાંઓ વણવામાં આવે છે. આ ઝાડની ત્વચા અને પાંદડાની તરકારી કરીને ત્યાંના લોકો ખાય છે. એના મોટા પાંદડાં ઝુપડાનાં છાપરાં કરવાના કામમાં લેવામાં આવે છે અને એની રાખથી આંગ ધોવાય છે. કુદરતી કરામતનું આ એક ઝાડ છે, કે જેનો કોઇ પણ ભાગ નકામો ગણાતો નથી અને દરેક ભાગ ચાલુ વપરાસની ચીજમાં વાપરવામાં આવે છે.

આલસી બાઇડીસ—અનેક પ્રપંચમાં પ્રસિદ્ધ થયલો આ એકકો ગ્રોશીયન ઇ. સ. પૂર્વે ૪૪૮ માં જનમ્યો હતો. આલસી બાઇડીસ ખાનદાની, ખુબસુરત અને ચંચળ હતો. તેની ખુબસુરતી એટલી બધી હતી કે તેની જીંદગીના છેલ્લા તબક્કાવેર તે જળવાઇ રહી હતી. તેની જીભલી લસપણુ લેતી હોવાથી તેની બોલીમાં એક જાતનો મીઠાસદાર ઠનકો રેહેલો હતો. ઘણા વિશયી અથેનીવનો એને કુછંદી બનાવવા ચાહતા પણ એનો ગુરૂ સૅાક્રેટીશ એને સારી રાહ ઉપર ઘણા ચાંપતા ધાકે દોરતો હતો. એને ફીલસુફોની સંગતથી અનેક ફાયદા થયા હતાં. એ વળી મોટા અમીરી ખાનદાનનો હતો તેથી તેનો દોર દમામ બધા રાજ્યમાં સૌથી ચઢીયાતો હતો. એણે ભપકાદાર ઘોડાઓ તથા રથો રાખવાનો ઘણો શોખ હતો. ઓલીમ્પીક તમાશામાં ઇનામ મેલવવા માટે એણે એક વેળા એકદમ સાત રથો રજુ કીધાં હતા.

એના જેવો દમામ તે વખતવેર કોઇ પણ રાજાએ બતાવ્યો નહોતો. યૂરીપીડિસ જેવા દેવતાઇ નાટક લખનારાએ તેમજ ડ્યુસીડિડોર જેવા ઉત્તમ તવારીખ નવેશોએ તેની સ્તૂતી કરી છે. સૅાક્રેટીસના એક ચેલાએ લખેલા વૃતાંતમાં એવી પણ નોંધ જળવાઇ છે કે આલસી બાઇડીસના મુસાફરીના ખરચ ખૂટણ માટે ચાર શેહેરોની આમદાની અલાહેદી રહેતી હતી. તેના તંબુઓ સારૂં 'ઈફીસસ' શેહેર, તેની ચંદી સારૂં ચીયોન, તેની ટેબલના શેકારો તથા લેહેજતદાર વાણીઓ સારૂં 'સાઇઝીક' અને શરાબ તથા બીજી ઘરગતૂ જીણસો સારૂં 'લેસબોસ' શેહેર હતાં.

આલસી બાઇડીસ જેવો પ્રપંચી અને કુછંદી કોઇ ન હશે, તેમજ તેના જેવો શૂરો તથા હિમ્મતવાન પણ જવલેજ મળી આવશે. એણે પોતાના પ્રપંચી અને બાહાદુરી પણાથી આખરે આખા રાજ્યની હકૂમત પોતાને હાથ કીધી અને સુનાનું મઢેલું તાજ પોતાને માથે મુક્યું. ત્યાર પછી તેના એક સરદારે સ્પાર્ટનોથી હાર ખાધાથી પ્રજા એની ઉપર કોપાયમાન થઇ અને એની કુલે અખત્યારી પાછી છીનવી લીધી. ત્યારે સ્પાર્ટનોએ અથેન્સ પર હોમલો લઈ આવી દેશનો નાશ કરવા માંડયો. સેવટે લોકોને પાછી એની પાસે મદદ માંગવી પડી. ત્યારે એ ઇરાનના પાદશાહ કને મદદ માંગવા ગયો પણ ત્યાં શરાબબાજી અને રંડીબા-

જીની લંપટમાં પડયાથી તે ઘણો તિરસ્કારમાં આવી પડયો. તેટલાં એણે આગળ જે રાજા- 'એજીસ' ની બાયડી જોડે જનાકારી કરી હતી તેના વેરના બદલામાં તેણે એનું ખૂન ઇ. સ. પૂર્વે ૪૦૨ માં. કરાવ્યું અને એના ઘેરબારને આગ લગાડી.

આલસી યોન્યસ—આ ઇટાલ્યન ગ્રંથકારનો જન્મ ઇ. સ. ૧૪૮૭ માં વેનીસ ખાતે થયો. એણે એરીસટોટલના ઘણા ગ્રંથોનો તર્જુમો કર્યો હતો. એણે ફ્લોરેન્સ ખાતે પ્રોફેસરની પદ્વિ મેળવી હતી. પાછળથી ત્યાંથી રોમ ખાતે બદલી કરવામાં આવી હતી, જ્યાં એક મોટું બંડ થયું તેમાં એનું સર્વસ્વ લુટાયું. જ્યારે પાંચમાં ચાર્લસના સ્વારોએ તે શેહેરને જીતી લીધું ત્યારે એણે પોપ સાથે મળી જઇ પાદશાહના જુલમાત સામે જાહેરમાં બે ભાષણો આપી તેની જુલ્મી રાજનીતિ ધિક્કારી કાઢી હતી. મરણ ૧૫૨૭ માં નીપજ્યું

આલસીરા—આ જુનું કિલ્લેબંદીવાલું શેહેર 'જેકેરા' નદીમાં આવેલા ટાપુમાં છે. વાલ-સિન્યાના પ્રાંતમાં આ શેહેર આવેલું છે. વસ્તી સુમારે ૧૩૦૦૦ ની છે.

આલસીસ્ટર—આ શેહેર વૉરીકશાયરની પશ્ચિમે આવેલું છે. ૧૮૫૧ માં તેની વસ્તી ૨૦૦૨૭ ની હતી. અંહી ટાંચણી અને માછલી પકડવાના હૂક બનાવવાના કારખા-નાઓ છે. આજે ૭૦ વર્ષ ઉપર અત્રે મોટો વેપાર ચાલતો હતો. તે વખતે ત્યાંના કારખાનામાં ૬૦૦ માણસો રોજીએ લાગાં હતાં. આ શેહેર રોમન રાજ્યવેળાનું એક પુરાતન શેહેર છે.

આલસોય—આ શેહેર સ્પેનને લગતું છે, એ કારખાનાઓ માટે પ્રસિદ્ધ છે. વસ્તી ૩૦૦૦૦ ની છે.

આલહમબ્રા—"મધ્ય કાળમાં એક વખત એવો હતો કે જ્યારે યૂરોપમાં આરબ લોકોનું નામ તેમના તન તેમજ મનની બાહદૂરી અને બળથી વિખ્યાત થઇ ગયું હતું. આ બળના ફળ હજી સુધી હૈઆત છે, અને જેમાં યૂરોપની વિદ્યા કળામાં તેમજ યુદ્ધ કળામાં તે જમાનાનાં આરબોએ આપેલી મદદ આજ સુધી યાદગાર રહી ગઇ છે.'

"મધ્ય કાળમાં આખો સ્પેન દેશ આ-રબોના હાથમાં હતો, ત્યાં તેઓએ પોતાની શાહનશાહત સ્થાપીને પોતાની જાત જાતની વિદ્યાઓનો ફેલાવો કીધો હતો. ગણિત, ભૂગોળ અને બીજા ઘણા દફતરો આરબ વિદ્વાનોએ લખીને યૂરોપને તેમનો વારસો આપેલો છે. અને તેવા ઘણા આરબ ઓલ-માઓના નામો આજ સુધી જાણીતાં છે. તેમાંનો આલહમ્બ્રા નામનો એક મેહેલ પણ વખાણ પામેલો છે. બળમાં આરબો શૂરા અને બાહદૂર હતા, તે તો તેમની સ્પેન દેશની જીત ઉપરથી જણાઇ આવે છે, અને મન બળમાં તેમની પ્રવિણતા તેમના અસં-ખ્યાત વિદ્યા ગ્રંથોના બાબમાં ગ્રેનેડા શેહેર એકવાર વખણાઈ ગયું છે. એ શેહેરમાં એક ટેકડી ઉપર એક મોટો કિલ્લો બાંધેલો છે, અને તેના આરબ નામથી આજ સુધી વખણાય છે. કિલ્લો કાંઇ સાધારણ કિલ્લા જેવો નહિ પણ એક નાના શેહેર જેવો મોટો છે. તેમાં મોહલ્લાઓ, એબાદતખાનાઓ અને મેહેલો છે, અને એક વખત એવો હતો કે જ્યારે એ કિલ્લાની વસ્તી ૪૦૦૦૦ માણસોની હતી, અને હાલમાં આ કિલ્લો સદીઓ થઇ નાદર નમૂનેદાર કારીગીરીઓ સાથે ઉભો છે.

આ મેહેલ ઈ. સ. ૧૨૪૮ માં "ઇબન અલ ઓમર" નામના મૂર લોકના રાજાએ બાંધવાને શરૂ કર્યો, તે બંધાઇને છેક ૧૨૭૨ માં પૂરો થયો હતો. આ મેહેલ કિલ્લા જેવો મોટો, લાલ પથ્થરનો બાહારથી બાંધેલો છે, તેનું નામ મૂર લોકોએ 'આલકામરા' એટલે લાલ રાખ્યું હતું. એ મેહેલ એક ટેકડી ઉપર આવ્યો છે અને તે દર્યાની સપાટીથી આસરે ૩૦૦૦ ફીટ અને ગ્રેનેડાથી આસરે

૩૦૦ ફીટ ઉંચો છે. બાંધનાર પાદશાહે એવો લેખ કોતરાવ્યો છે કે, 'વિખાગડમી બાઇએ અલ્લા' યાને ખુદા શિવાય બીજો કોઇ જીવનાર નથી. એ મૉટો એને લખવાનું કારણ એવું મલ્યું કે, જ્યારે એ પાદશાહ 'શેવીલ ગામ' જીતીને પાછો ફર્યો ત્યારે એની રૈયતે એને ગાલીબ (ફત્તેહમંદ જીતનાર) કરીને બોલાવ્યો, ત્યારે એણે ઉપલા 'મૉટો' વાલો જવાબ દીધો કે "ખુદા શિવાય બીજો કોઈ ફત્તેહમંદ નથી." ત્યારથી મુર લોકો જ્યારે પણ કોઇ લઢાઈમાં જતા ત્યારે તેઓ એ વાક્ય હમેશાં લઢાઇના પૂકાર દાખલ પોકારતા હતા. તે પાદશાહના વારસોએ દીનપર દીન તે મેહેલને વધારતા ગયા અને સણગારયો, તે અહીં સુધી કે પરીયાંઓના મેહેલો જેમ કલ્પીત કથાઓમાં લખેછે તેવો બનાવી દીધો હતો. પણ જ્યારથી ગ્રેનેડા શેહેર પાછું ખ્રિસ્તીઓના હસ્તકમાં આવ્યું ત્યારથી તે પડતી હાલતમાં આવવા લાગ્યું અને ખ્રિસ્તી પાદશાહોએ તેને ખરાબ કરી તેમાં જૂદા જૂદા ઓરડાઓ તથા બીજા ભાગો ઉમેર્યાં હતા, જેથી તેની રૈનક ઘણી ઘટી ગઇ હતી અને ત્યાર પછી તેની કોઇએ દરકાર નહિ કીધાથી ઘણી ખરાબ હાલતમાં તે આવિયા છતાં હજી પણ તે જોવા લાયક રહ્યો છે.

એનો બાહારનો દેખાવ લાલ પથ્થરનો એક ઉંચો કિલ્લો બાંધ્યો હોય તેવો લાગેછે, કારણ કે બાહારની બાજુ ઉપર બારી બારણા રાખ્યાં નથી. પણ સઘળું અંદરથી નકશીઓ, થાંભલાઓ, તર્હે તર્હેની સીલીંગો રંગીન તથા ગીલીટ ભરી નાખેલી દેવાલો, ફુવારાઓ, સંગેમરમરના ચોકો ઇત્યાદી એક સરખા સણગારેલાં છે. સિંહવાલો ચોક લંબ ચોરસ છે, તેને ફરતા સંગેમરમરના થાંભલાંઓ ઉપર નકશીના આરકાંઓ કરી તે થાંભલાં તથા દેવાલની વચમાં ચારે બાજુ ઉપર ફરવાની જગ્યા રાખેલી છે, તે એટલે સુધી કે બધી દેવાલ આખી પણ તેથી ભરી નાખી છે, એ બધું કોતરકામ પલાસ્ટરને ઉપસાવી બનાવ્યું છે. એની ઉપર અસલ રંગ તથા ગીલીટ કરેલી છે. એ ચોકની વચમાં એક ફૂવારો ૧૨ સિંહોપર બાંધેલો છે તેથી તેને કોર્ટ આવ ધી લાયન્સ કરી કહે છે. અહીંથી આસપાસનો સુંદર દેખાવ આંખને મોહ પમાડે તેવો દીસેછે. એની એક બાજુ ઉપર નાનો ગુંબજ છે તેના ઉપરના તથા બીજા ગુંબજો તથા છાંપરાં પરનાં નળીયાં એને મળતાં રંગીન છે, આ ચોકમાંથી એક ગમ જનાનખાનાના ઓરડામાં જવાય છે જ્યાં સંગેમરમરનો નાનો ફુવારો છે. કહે છે કે જ્યાં મૂર લોકોના એક પાદશાહની રાણી કેથે નાહાશી ગઇ હતી તેથી તેને પોતાના અમીરો ઉપર શક જવાથી તેઓમાંના ૩૧ જણાને ફૂવારાપર ગરદન મરાવ્યા હતા, જેઓનું લોહી તેમાં પડવાથી હજી તેના ડાઘ રહેલા દેખાય છે. એ ઓરડાની દેવાલ ઉપર નકશીઓ કોતરેલી છે તથા જગેજગ ખોદાને લગતા કલામો કોતરેલાં છે. એનું નામ વેરનો ઓરડો રાખેલું છે. એની સીલીંગ ઉપર મૂર લોકોની લાશોની વિગત ચીતારેલી છે. ત્યાંથી હૉલ આવ જશટીસવાલા દીવાનખાનામાં જવાય છે, ત્યાં જતાં પેહેલા આરકાંપર અરેબીકમાં લખેલું છે કે 'આવો, અંહીં વગર બિહીકે અંદર આવો. જો તમોને ઇન્સાફ જોઇએ તો તે મળશે." આ હૉલની સામે પણ ઓરડા હારબંદ છે, જેની સીલીંગપર ઑઇલ પેન્ટીંગ પાડેલી છે; તેમાં એકમાં ૧૦ જણાને એક ટેબલ ઉપર ગોળ કુંડાળામાં બેસાડેલાં છે, જેઓ ઇન્સાફ કરતા હોય તેમ લાગે છે. તેમજ બીજા ગુંબજમાં બંદીવાનો પડેલા છે, અને ત્રીજામાં ઇન્સાફ લેવા આવનાર પડેલા છે. આ જગ્યા આલમાલ રાજાએ વધારીને બંધાવી હતી. અંહીથા બીજા જનાનખાનાના ઓરડામાં જવાયછે, જેની ફરસબંદી ઘણી મોટી સંગેમરમરની લાદીઓની બનાવેલી છે. તેમાંની બે ફુવારાની આસપાસ છે તે નજદીક

૧૩×૧૯ રીતની છે. એની પાસે મ્યૂઝીયમ છે. પાદશાહ રાણી ફરડીનાન્ડ તથા ઇસાબેલાવાલો ઓરડો ઘણો સુંદર છે. તેની ચારે બાજુ ગ્યાલરી કરેલી છે અને તેની વચમાં ખુલ્લા ચોકમાં સંગેમરમરનો ફુવારો બાંધેલો છે તથા તેની બે બાજુપર બે નાના ઓરડા રાખેલા છે, જેમાં બીછાણા કરી તેઓ તે પર સુતા હતા. આ મેહેલના છેડાપર એક મિનારો છે, જ્યાં એક ઘંટ ટાંગેલો છે જે રાતના પાંચ પાંચ મીનીટ આંતરે આખી રાત વગાડવામાં આવેછે, તેનું કારણ એ છે કે, ખેતીવાડી સારૂં પાણીની કનાલોને ઉઘાડમુક કરવા સારૂં એ ઘંટ વજાડીને ઉઘાડનારને સાવચેત રાખે છે.

આલાકતાગા—આ જાતના પ્રાણીઓના મોહોડાં ઉંદરને મળતાં હોય છે. એના આગલા હાથ ટુંકા અને પાછલા પગ લાંબા હોય છે. એના શરીરની લંબાઈ આઠ અને પુછડીની દસ ઇંચ હોય છે. માથું ટુંકું અને નાક લાંબુ હોય છે. એના કાન પતળા સીધા અને ઉભા ઘટમદાર હોય છે. એની આંખો મોટી ગોળ હોય છે. એના આગલા હાથ (પગ) ફક્ત એકજ ઇંચ લાંબા હોય છે ત્યારે પાછલા પગ સાત ઇંચ લાંબા હોય છે. આગલા હાથ (પગ) ને પાંચ આંગળાં ત્યારે પાછલા પગને ત્રણ આંગળાં હોય છે. આ પ્રાણી અરેબીયા, ઇરાન, તારતરી અને ટર્કીથી તે વોલાગા નદીની ઉત્તર સુધી મળી આવે છે. એ પોતાનું કોતર કરી તેમાં રહે છે, અને પોતાના જાતનો ભક્ષ કરે છે. શિયાળામાં પોતાના કોતરના મોઢાં બંધ કરી માહે આળશાઇમાં વખત કાઢે છે. ગરમ દેશોમાં એઓની ઉત્પન્તી થાય છે. એનું માસ ઘણું સ્વાદદાર હોય છે તેથી શેકારીઓ એનો શેકાર ઘણો કરે છે. એ દોડવામાં સઘળાં પ્રાણીઓ કરતાં અતીશય ચપળ અને ઝડપવાલું છે. એના શરીરનો ભાગ ફીકા હરણના રંગનો હોય છે. નીચલો ભાગ કાળો અને પેટ તથા પગો સફેદ રંગના હોયછે.

આલાકેલી—યા આલકેલી. રસાયન શાસ્ત્રમાં કેટલીક વસ્તુ આલાકેલીને નામે ઓળખાય છે. એ વસ્તૂઓમાં ખારની ખાશીઅત સમાયલી છે. એ વસ્તૂઓ પોતાની મેળે સળગી ઉડે એવી નથી. વનસ્પતિને લગતો બલુ રંગ લીલા રંગમાં બદલી નાખવાની એનામાં ખાશીઅત છે. એનો સ્વાદ જલદ અને તીખો હોય છે, અને આસીડ સાથે જ્યારે એ મળે છે ત્યારે નીમકના જેવો એ ખાર બનાવેછે. કોઇપણ ગલીચીને સાફ કરવાનો અથવા કોઇપણ વસ્તૂને કોહવા ન દેવાનો એનામાં ગુણ છે. ઘર સંસારમા આલાકેલીનો તહેવાર આકારમાં ઉપ્યોગ દરરોજ થાય છે અને તે આકાર સોડા, પોટાશ અને સાબુ છે.

આલાકેલીમાં ઝેરી ગુણ પણ હોય છે. જેને આલકેલીનું ઝેર ચઢયું હોય તેને તરતજ સરકો, લીંબુનો રસ, અથવા આલીવનું તેલ પાણી સાથે યા પાણી વગર પાવું. અને જો એ વસ્તૂઓ તરત હાથ નહિ આવે તો ગરમ પાણીમાં થોડુંક મીઠું નાખી એક તમલર ભરી પીવું અને તેથી ઓકારી કરવી.

આલાત—જરથોસ્તી ધર્મક્રિયામાં વપરાતા અથોરનાનોનાં હથીયાર (જુઓ અથોરનાન).

આલાબાસ્ટર—સંગેમરમર જેવોજ પણ તેથી પોચ્ચો પથ્થર. એ બે જાતનો આવે છે, તેમાંનો એક ખુલ્લા રંગનો ને અર્ધપારદર્શક હોય છે. એને જોરથી પૉલીશ કરી શકાતો નથી. બીજો ઘેરા રંગનો આવે છે તે ઠીક પૉલીશ થઈ શકે છે. એ પથ્થરના પુતલાં અને ઘેર સણગારનો સામાન બની શકે છે. સ્પેન અને ઇટાલી તરફ તે પાહાડોમાંથી ખોદી કાઢવામાં આવે છે.

આલારીપંથ—આલાર નામનો એક વિદ્વાન પુરૂષ ઇરાનમાં રહેતો હતો અને તે જોહાકની ઉતરતી પાદશાહતમાં ઘણો દોલતમંદ થઇ વિદવાનોમાં માન પામ્યો હતો. એને જોહાકે કોટવાલી આપી હતી તેથી એણે ઘણું દ્રવ્ય એખટું કરી પોતાની સત્તા

ઠેકઠેકાણે બેસાડી હતી. એણે પોતાના વખતમાં ભોળા લોકોને તર્હેવાર વિદ્વત્તા ભરેલા ભાષણોથી પોતાના પક્ષમાં લઇ એક આલારી નામનો નવો પંથ ઉભો કર્યો હતો. આ પંથનો ફેલાવો તેનાજ વખતમાં તેના દેશમાં થવા પામ્યો હતો. આ મજહબની ફીલસુફી એ હતી કે "પાણી જે છે તે ખોદા છે, અને પાણીના જોશમાંથી અગ્નિ પેદા થયલો છે અને અગ્નિમાંથી આકાશ તથા તારા વગેરે બીજા નૂરી પદાર્થો પેદા થયલાં છે. પાણીની તરીમાંથી પવન અને સરદીમાંથી ખાક પેદા થયલી છે." આ એની ફીલસુફીની અસર તે વખતની ચોકસ પ્રજાપર થઇ હતી, અને તેથી એનો ધર્મ ઘણી નાની હદમાં ફેલાવા પામ્યો હતો. આ પંથમાંના બે શખસો ઇ. સ. ૧૬૩૧માં કાશમિર ખાતે વસ્તા હતા. તેમાંનો એક 'આંદરીમાન' નામનો સીપાહગીરીના હુનરમાં ઘણો શૂરો હતો. તે ત્યાંના પાદશાહોના તથા ઉમરાવોના છોકરાઓને લઢાઇનો હુન્નર શીખવતો હતો. બીજો મીલ્લાઃ નામનો વિદ્વાન હતો તેણે ઘણાક કાહાણી કિસ્સાઓ ફાર્સી ભાષામાં લખ્યાં હતાં.

આલીરાજપૂર—હિંદુસ્થાન માહેલા પ્રસિધ્ધ રાજ્યનું આ નામ છે. એની ઉત્તરે પંચમહાલ જીલ્લાનો દોહોડ તાલુકો તથા કાણુઆ સંસ્થાન, ઇશાનખૂણે ઝાબુઆ સંસ્થાન તથા જોબર તાલુકો, અગ્નિ ખૂણે વઢવાણ સંસ્થાન, દક્ષિણે ખાનદેશ જીલ્લો અને પશ્ચિમે છોટા ઉદેપૂર તથા બારીયા નામે સંસ્થાનો આવેલાં છે.

આ રાજ્યનો વિસ્તાર ૮૩૬ ચોરસ માઇલનો છે, અને તેમાં વસ્તી આશરે ૫૭૦૦૦ ની વધુની છે. એની પેદાસ વર્ષ દહાડે રૂ. ૧૦૦૦૦૦ ની છે. આ રાજમાં વિંધ્યા પર્વતનો કેટલોક ભાગ આવેલો હોવાથી આ પ્રદેશ પાહાડી છે. જમીન જોકે પાહાડી છે તોય પાણીના ઝરણો આવેલાં હોવાથી થંડી અને રસાળ છે. પાક ગહું, કપાસ, બાજરી, કઠોળ, શેરડી વગેરેનો થાય છે. વસ્તી ઘણે ભાગે ભીલ લોકોની છે પણ રાજધાની શેહેરમાં વાણીયા, બ્રાહ્મણ, રજપુત અને મુસલમાનોની છે. ભાષા હિંદુસ્થાની બોલાય છે, મુખ્ય શેહેર રાજપૂર છે, અને તે રાજગાદીનું શેહેર છે. અત્રેનો રાજા પ્રતાપસિંહ છે.

આલીવ્હ—એના ઝાડ મોટાં હોય છે. એ ઝાડનું જુનું અને પુખ્ત લાકડું મજબુત, કઠણ અને લાલ રંગનું હોય છે, તેની ઉપર સારી ચલક હોવાથી તેમાંથી તપકીરની દાબડીઓ તથા રમકડાં બનાવવામાં આવેછે.

ઑલીવ્હર ક્રૉમવેલ—એનો પિતા રૉબર્ટ ક્રૉમવેલ સર હેન્રિ ક્રૉમવેલનો બીજો બેટો હતો. તેના તરફથી એ જાણીતા ટૉમસ ક્રૉમવેલ, અર્લઓફ ઇસેસ સાથે સગપણ ધરાવતો હતો, અને તેની માતા સ્કૉટલંડના રાજવંશી ઘરાણા સાથે સગાઇ ધરાવતી હતી.

આલીવ્હર ક્રૉમવેલનો જન્મ ઇ. સ. ૧૫૯૯ માં ૨૫ મી એપ્રેલે થયો. એનો પિતા તે વેળા આમની સભાનો એક અધિકારી હતો અને એની માતા સર રીચર્ડ સ્ટૂઅર્ટ બેરેનેટની બેટી થતી હતી. એણે પોતાનો અભ્યાસ હન્ટીંગડન ખાતે શરૂ કીધો અને ૧૭ વર્ષની વયે તે સીડની ખાતેની 'સેકસી કૉલેજ કેમબ્રીડ'માં દાખલ થયો હતો. ત્યાં તે ૧ વર્ષ વેર રહી ત્યાંથી લંડન ખાતે પાછો ફર્યો, તે એવું ધારીને કે કાયદાનો અભ્યાસ શરૂ કરૂં, પણ તેટલાં એનો પિતા મરણ પામવાથી એણે આગળ અભ્યાસ કરવાનો વિચાર માંડી વાલ્યો. એના લગન સર બુચરની બેટી સાથે થયાં હતા. ૧૬૨૮ માં તે પાર્લામેંટમાં દાખલ થયો. ૧૬૨૮ માં જે પાર્લામેંટ મળી હતી તે વેળા પ્રજાએ અરજી કરી તેમાં એવી માંગણી કરી કે 'પાર્લામેંટની મંજુરીયાત વગર કોઇબી કર રાજાએ નાખવો નહિ, અથવા નાણું કઢાવવું નહિ, તથા કોઇબી માણસને કાયદાની રૂહે ઇનસાફ કર્યા વગર રાજાથી કેદ

કરાય નહિ, તથા પ્રજાની ખુશી વગર રાજાએ પોતાના લશકરી સીપાઇઓને ખાનગી ઘરોમાં જબરીથી રાખવાં નહિ.' આ માંગણીઓનો જવાબ ચાર્લસે બરાબર નહિ વાળયો અને 'વાજબી રીતે જે હશે તે થશે, એવું કહી ઉડાવવા માંડયું. આખરે લોકોએ ઘણું તુફાન કીધાથી રાજા ચાર્લસે કબુલાત આપી કે પાર્લામેંટની મંજુરીયાત વગર કર ઉઘડાવવો નહિ; પણ એ પછી તુરતજ ક્રૉમવેલના પિત્રાઈ 'જોન હેમ્પડેન'ને ત્યાંથી જબરી કરી ઉઘડાવ્યો, જેથી જોન હેમ્પડન સામો થયો, પણ તેને દંડ કરી ચુપ કરી નાખ્યો. ત્યાર પછી ૧૬૪૦ માં પાર્લામેંટ મળી તે વેળા ક્રૉમવેલ હાંફતો હાંફતો સાધારણ લેબાસમાં પાર્લામેંટમાં દાખલ થઇ ખોલ્લે ખોલ્લો જડજો ઉપર અપરાધ મુકયો કે તેઓએ ચુકાદો ખોટો કર્યો હતો. આમની સભામાં આથી ઝનુન છુટયું. તેઓએ તુરત આર્ચબીશપ લૉર્ડને કેદ કીધો અને જડજોને ધમકી આપી તેઓને જામીન આપવાની ફરજ પાડી. એક જડજ સર રૉબર્ટ બર્કલીને દમ ભરાવી વેસ્ટમીનીસ્ટર હૉલમાં ઈન્સાફ માટે ઘસડયો. પોતેજ કાયદો બાંધ્યા કે પાર્લામેંટ ૩ વર્ષે બોલાવવી. પાર્લામેંટમાંથી બીશપોને કાઢી મુકયા તથા લૉર્ડ સ્ટાફર્ડને લાગલો સુલીએ ચઢાવી મુકયો અને મોટો ધભરાટ ફેલાવ્યો.

ઇંગ્લાંડમાં આ વેળા રસાકસીનો કશો પાર નહોતો. લોકો હથિયારબંધ ઉલટી પડયું અને આ ફેરફારનો આરંભ કરનાર અધિકારીઓને સરઘસની વચ્ચે વેસ્ટમીનિસ્ટર લઇ ગયા. તેની આગમજ ચાર્લસે ધાંધલ મચાવનાર પુઢારીઓને કેદ કરવાની વેતરણ કરી પણ તે ફોકટ ગઈ. આ વાતની ખબર લંડનમાં ફેલાતાંજ રાતોરાત લોકો હથિયાર લીડી બાહાર પડયા અને રસ્તા ઘેરી ઉભા. કેટલાક ગુસ્સે થયલા લોકો મેહેલની આસપાસ ફરી વળયા અને રાજાનો જીવ લેવાનો શોર મચાવવા લાગ્યા. આ સંકટ જોઈ ચાર્લસ રાતોરાત લંડનથી નાહાઠો. તેણે ત્યાર બાદ ફ્રાન્સથી સુલેહના પેગામ મોકલ્યા અને સીધી રીતે ચાલવાની કબુલાત આપી, પણ પાર્લમેંટની અને લોકોની ધીરજ ઉઠી ગયલી એટલે એ સઘળું રદ ગયું. સેવટે આ સઘળાનું પરીણામ એ નીપજ્યું કે ઇંગલાંડ મધે બે તડાં પડયા, અને લઢાઈ જાગી, તે સિવ્હીલ વારને નામે ઈતિહાસમાં જાણીતી છે. એક પક્ષવાલા રાજાની તરફ થયા તેઓને કેવેલીયર્સ ને નામે ઓળખતા હતા, એને પાર્લામેંટવાલી ટોળકીને 'રાઉન્ડ હેડનુ' નામ આપેલું હતું. આ વેળા પાર્લામેંટવાલા પુરતા મજબુત હતા.'

આ હિંગામથી ક્રૉમવેલની ખરેખરી કારકીર્દી શરૂ થઈ, તે પેહેલાં પાર્લામેંટની તરફવાલા લશકરમાં એ કેપટન થયો, પછી તે પરથી વધતો વધતો કરનલ અને ત્યાર બાદ ૧૬૪૪ માં લેફ્ટનન્ટ જનરલ થઇ મૂરની (મારસ્ટની) નામીચી લડાઈમાં ફતેહ મેળવી. આ પછી પાર્લામેંટમાં તેને રોકવો નહિ પણ લઢાઈ ઉપર ધ્યાન આપવા દેવું એવું પાર્લામેંટના લશકરના વડા સર થૉમસ ફેરફેકસે માંગી લેવાથી તે લશકરમાંજ રોકાયલો રહ્યો. ૧૬૪૫ માં 'નેઝુબી' ની લઢાઈ થઈ તેમાં રાજા ચાર્લસના લશકરને ક્રૉમવેલે પોતાની ચાલાકીથી એટલું તો વીખેરીને તારાજ કરી નાખ્યું કે તે દીવસથી ક્રૉમવેલનો સેતારો ચઢી વાગ્યો, તેણે ઘણાક શેહેરો હાથ કીધાં અને ઇંગલાંડની લગામ લાગલી પાર્લામેંટના હાથમાં આપી, જે માટે તેને પાર્લામેંટે વરસ દહાડે રૂ ૨૫૦૦૦ નું સાળીયાણું આપતું કર્યું.

પાર્લામેંટ ઉપલી જીતોથી ઉલટમાં આવી અને રાજાની પક્ષવાલાઓને મોટા મોટા દંડ કરીને દાબી નાખ્યા, અને બીજા ઘણાકોની બાપીકી જાગીરો લીલાંઉથી વેચી

નાખી. આ વેળા ક્રૉમવેલનું લશકર પણ મજબુતાઇપર આવ્યું હતું. ઈ. સ. ૧૬૪૮ માં રાજાના પક્ષકારો કંટાળો આપતા હોવાથી રાજાનું કાટલું કાઢવાનું ઠેડવ્યું. રાજાને સ્કૉટ લોકોએ ફસાવી પાર્લામેંટને સ્વાધીન કીધો. તેને હેમ્પટન કોર્ટમાં નજરકેદ કીધો હતો, ત્યાંથી ફસાવીને 'આઇલ ઑવ વ્હાઈટ'ના હાકમના સ્વાધીનમાં સોંપવામાં આવ્યો, જ્યાં તેને લશકરી તુકડીએ રાતોરાત કેદ કીધો. પાંચ દાહાડા પછી ક્રૉમવેલે થોડાક વિશવાસુ અમલદારોને આમની સભામાં મોકલી જે તેને મનગમતા નહોતા તેવા આસરે ૪૦ અધિકારીઓને કેદ પકડયા. આ પછી બાકી રહેલાઓએ મળી રાજા ચાર્લસ ઉપર 'હાઇ ટ્રીઝન' નો અપરાધ મેલયો, આ બીલ ઉમરાવોની સભાએ નામંજુર રાખ્યું પણ તેમની મંજુરીયાતની શી જરૂર છે. એમ કહી આમની સભાએ તે ઉરાડી મેલ્યું. રાજા ચાર્લસને આ વાતની ખબર પડી અને હવે કમબખ્તી આવી એવું જાણી ચાર્લસે પ્રીન્સ ઑવ વેલ્સના ખાલી કાગજ ઉપર પોતાની સહીઓ કરી મોકલી કે ક્રૉમવેલને ગમે તેવી શરતો તે કાગજ ઉપર કરી ચાર્લસનો જીવ બચાવે, પણ ક્રૉમવેલે તે કશું સાંભળીયું નહિ. રાજાની તપાસ થઈ તેમાં પ્રજાની સલામતી માટે રાજાનો જીવ લેવાનું ઠેડવવામાં આવ્યું. ૧૬૪૯ માં રાજાની તપાસ શરૂ થઇ. ચાર્લસ તે વેળા ઘણાજ દમામમાંજ હાજર થયો અને ત્રણવાર પાર્લામેંટની સભાનો ઇનકાર કર્યો. સેવટે તા૦ ૨૮ મી જાનેવારીએ તેને ગરદન મારવામાં આવ્યો, જે વેળા તેની વય ૪૯ વર્ષની હતી, તેના મરણના હોકમનામા ઉપર ક્રૉમવેલે સહી કરી હતી.

રાજા ચાર્લસના મરણ પછી ઈંગલાંડ મધે ક્રૉમનવેલ્થને નામે પ્રજાસત્તાક રાજ્ય ચાલવા લાગું. ક્રૉમવેલ સઘલાનો ઉપરી હતો પણ ચાર્લસના બેટાએ બીજા ચાર્લસનું પદ ધારણ કરી સ્કૉટલંડથી પાછી ગડબડ ચલાવવા માંડી, માટે તેને બેસાડી દેવાને પાર્લામેંટે ક્રૉમવેલને સત્તા આપી. ક્રૉમવેલે સ્કૉટલંડ જઈ સઘળાઓને મારી હટાવી જીત મેળવી, અને તે જ્યારે લંડન પાછો ફર્યો ત્યારે તેને માટે હેમ્પટન કોર્ટનું પાદશાહી મકાંન તઇઆર કરવામાં આવ્યું હતું, તથા વર્ષ દહાડે રૂ ૪૦,૦૦૦ નું સાલીયાણું કરી આપ્યું. ત્યારબાદ હૉલંડ સાથ લઢાઇ ચાલી તેમાં ક્રૉમવેલે જીત મેળવી. ત્યાંથી ફારેગ થઈ ક્રૉમવેલે ઠરાવ કર્યો કે હવે આમની સભાપણ કાઢી નાખી સઘળી સત્તા પોતાને હાથ રાખવી, આ વિચારથી થોડાક બંદુકવાલાઓને લઇને આમની સભામાં ગયો અને બધા અધિકારીઓને હાંકી મેળી પાર્લામેંટના દરવાજા બંધ કરી કુંચી પોતાના સ્વાધીનમાં રાખી.

આ પછી ક્રૉમવેલે પોતાની નાની પાર્લામેંટ બોલાવી. તેમાં 'બેરબોન' નામનો એક મોચી હોવાથી તે પાર્લામેંટને 'બેરબોનની પાર્લામેંટને નામે ઓળખવામાં આવે છે. આ પાર્લામેંટે પોતપોતામાં મસલહત કરી રાજાનો સઘળો અખત્યાર ક્રૉમવેલને સોંપવાનું ઠરાવ્યું. આ મુજબ તે લૉર્ડ પ્રોટેક્ટોરેટ' ને નામે રાજ્યનો વડો થયો. આ વેળા ક્રૉમવેલને રાજ્યપદ આપવા ઘણાકોએ આગ્રહ કર્યો પણ તેણે આ લોભ ના પાડયો. આ પછી ઘણું સુધી રાજ્યની લગામ પોતાના કાબુમાં ઘણી ચાલાકીથી ચલાવી અને પોતાના ધાકે પારકા રાજેને નમાવ્યા. એનું મરણ ૬૦ વર્ષની વયે વ્હાઇટ હૉલમાં ૧૬૫૮ ની ૩ જી સપટેંબરે નીપજ્યું.

એનું શરીર જાળવી રાખવા માટે તેમાં સુગંધી પદાર્થ ભરી વેસ્ટ મીનીસ્ટર એબીમાં દાટવામાં આવ્યું હતું. જ્યાં તે પ્રજાસત્તાક રાજ્યની આખેરી સુધી રહ્યું હતું. પણ તે પછી ઈંગલાંડનું રાજ્ય પાદશાહી કુટુંબને

પાછું સંપુરદ કરવામાં આવ્યા બાદ તેની તથા બીજા બે જણાઓની લાશો પાછી ખોદી કહાડી, ફાંસી દઇ મારી નાખેલા પેહેલા ચાર્લસ રાજાની વર્ષી ઉપર ટાઇબરના કિલ્લા આગલ લઇ જવામાં આવી હતી, અને ત્યાં લોહોડાની સાંકળ સાથે તેમને બાંધી લટકાવવામાં આવી હતી. પાછળથી નીચે ઉતારી તેમને ગરદન મારવામાં આવ્યા હતા, અને તેમના માથાં વેસ્ટ મિનીસ્ટર હૉલની ટોંચ ઉપર મુકવામાં આવ્યાં હતા, ક્રૉમવેલનું માથું અહીં ૨૫ વર્ષ સુધી ખુલ્લું પડી રહ્યું હતું. ત્યારબાદ એક તુફાની રાતે તે ઉડી ગયું અને એક પોહોરેગીરના હાથમાં આવ્યું, શેવટે 'રસલ' નામના એક શખસને તે વેચવામાં આવ્યું અને તેણે એક સંગ્રહસ્થાન રાખનાર 'જેમ્સ કોકસ' નામે શખસને વેચ્યું. કેટલાક વર્ષ પછી 'કોકસે' તે માથું એક નવાઇની ચીજ તરીકે લોકોને દેખાડયું હતું. ત્યાર પછી તેની પાસેથી ત્રણ શખસોએ રૂ ૨૩૦૦ ની કિંમતે વેચાતું લીધું. આ દરેક ખરીદદારોના મોત ઓચીંતા નીપજ્યાં હતા, અને છેલ્લા ખરીદદારની ભત્રીજીઓને સેવટે વારસા તરીકે તે મળતાં, તેઓએ એક શસ્ત્રવૈદને તે રાખવા આપ્યું હતું. તે વખતથી અત્યાર સુધી તે તબીબંના કુટુંબમાં રહ્યું છે. આ ઑલીવ્હર ક્રૉમવેલનું માથું કાંઇ ફક્ત હાડકાનું નથી પણ માસ સાથનું છે.

આલુ—આલુના કંદ હોયછે તેથી એની ઉત્પન્તી ઘણી મોટી થાય છે. આલુની અનેક જાતો છે જેમકે રાજાળુ, વાવાઆલુ, પાંનઆલુ, માડીઆલુ, મુંડલેઆલુ વગેરે અનેક છે. એને બાફીને એનું શાક કરી ખાવામાં આવે છે, તે સ્વાદે રૂચીકારક હોય છે.

આલુબાલૂ—આ સ્વાદદાર મેવો મુખ્ય કરી ઇરાનમાં થાય છે, કે જે ઝીણા ઠડીયા સાથના લાલ રંગના આલુ જેવા હોય છે. એ સ્વાદે ખાટામીઠાં લાગે છે. ઈરાનમાં આલુબાલુના કોટલાં કાઢી નાખી તેને સાકરના સીરામાં પકાવી પ્યાલાના આકારના બનાવી ને તે ખાયછે. આ બનાવટી આલુ ઘણું મોઘાં વેચાય છે.

આલુબુખાર—એના ઝાડ ૯ થી ૧૦ હાથ ઉંચાં હોય છે. આ વૃક્ષ ઇરાન અરબસ્તાન અને ગ્રીસમાં ઉગે છે. ત્યાંથી એ ફળો હિંદુસ્થાન આવે છે. એ ફળોનો આકાર ગોળાકાર હોઇ બાજુમાં ફુલેલા હોય છે. એનો રંગ તપકિર્યો રંગનો હોય છે. એના ઠડીયામાંથી બદામ જેવું બીજ નીકળે છે તે સ્વાદીષ્ટ હોય છે. બોખાર આવતી હોય અને તરસ લાગતી હોય તો આલુબુખાર મોહોડામાં મુકી રાખવાથી તરસ મટે છે. એનો સ્વાદ ખાટો, સારક, રૂચીકર અને શરીરને હીતાવ છે. પણ આ ફળો હદ ઉપરાંત ખાધાથી પેટમાં વાયુ અને મરડો થાયછે.

આલુમખાન—પંજાબમાં ડામાનના વિભાગમાં આ શેહેર છે. ઇન્ડસ નદીના જમણા કાંઠા ઉપર એ આવેલું છે. મુલતાનની ઉત્તર પશ્ચિમે ૪૮ મૈલપર છે.

આલુમપારવ—મદ્રાસ ઇલાકામાં ચીંગલપટ જીલ્લામાં આવેલું આ શેહેર છે. કૈરવ માંટળના કિનારાપર તે આવેલું છે. ચીંગલપટના શેહેરની દક્ષિણે ૩૦ માઇલ પર છે.

આલોકેશિયા લોવિઆઇ—આ ઝાડ આલુના કુટુંબમાનું શોભાયમાન ઝાડ છે. એના પાંદડાં સુમારે ચૌદથી સોળ ઈંચ લાંબા હોય છે. પાંદડાના ઉપરની બાજુનો રંગ આલીવ્હ જેવો હોય છે. તેની નેશો ઘણી જાડી હોઇ ઉપલો ભાગ સફેદ અને નીચલો જાંબુડો હોય છે.

આલોકેશિયા આમેટ્રાલીકા—એ પણ એનાજ કુટુંબનું ઝાડ છે. એની પેદાશ બોર્નીઓના બેટોમાં થાય છે. આ ઝાડ ઘણું શોભાયમાન હોઈ એના પાંદડાં મોટાં હોય છે. એની ઉપલી બાજુ ધાતૂ જેવી ચળકે છે.

આલોકેશિયા સ્પાન્ડેરીઆના—એના પાં-

દડાં ઘણાજ શોભાયમાંન હોય છે, અને તે નકશીદાર દેખાય છે. તેની નેશો ઉંડી, પોહોળી અને સફેદ રંગની હોય છે. એના છોડ મોટા કુંડામાં લગાડી છાંયડા વાલી જગ્યામાં મુકવામાં આવે છે.

*આલોમપ્રો—એક બરમીસ સરદાર. બ્રહ્મદેશ પિગુનાં લોકે ઇ. સ. ૧૭૫૨ માં જીતી લીધો, ત્યારે આ ધણીએ બંદ કરી પુરદેશીઓને હાંકી મેળી પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. આલોમ્પ્રો ૧૭૬૦ માં મરણ પામ્યો. ત્યાં સુધી રાજ્યપદ પર હતો. એની પછી શેમપ્યુઅન રાજા થયો, જેણે ૧૭૭૬ સુધી રાજ્ય કર્યું. એના અમલમાં ૫,૦૦૦૦ ચીનાંઓ બ્રહ્મદેશપર ચઢી આવ્યા, પણ તેઓ સર્વે માર્યા ગયા હતા.

આવહેર—આ નામાંકીત સ્ત્રી ઢેડીને પેટે અવતરી હતી. એના બીજા સાત ભાઈ બેહેનો હતાં, તેમાં પોતે આવહેર આપગ્ગા, વાલીજ અને આરએ એ ચાર બેહેનો તથા રૂવેલ્લૂવેર, આધીકનાન અને કપીલર એ ત્રણ ભાઇઓ હતાં. એ સાતે ભાઈ બેહેનો નીતિ શાસ્ત્રમાં પ્રખ્યાત હતા. પ્રાચીન ગ્રીક અને તામીલલોકો આજ સુધી એઓની કિર્તી ગાય છે.

આવહેર સર્વમાં વડી હતી. એ સ્ત્રી નીતિશાસ્ત્રનું જ્ઞાન ઘણી સારી રીતે ધરાવતી હતી, અને બીજી ઘણીક વિદ્યાઓમાં એ પ્રવિણ હતી. એણે નીતિશાસ્ત્ર ઉપર ગ્રંથો રચ્યાં છે તેઓમાંના અતીસુદી, કોની વેંડન, મુદુરૂસી, નાદવાલી અને કાલવી ઉલુક એ ગ્રંથો તામીલ દેશના વિદ્યાલયોમાં શીખવવામાં આવે છે, એ શિવાય જ્યોતિષ શાસ્ત્ર, વૈદક, રસાયન અને ભૂગોળ શાસ્ત્રો ઉપર એના રચેલા ગ્રંથો છે. એ શિવાય કલ્પ, મંત્ર, ધાતૂવાદ, જટીલીક્રિયા ઇત્યાદી કળામાં પણ તે ઘણી માહિતગાર હતી. આવહેર કલ્પ વિદ્યાએ કરીને ૨૪૦ વર્ષ જીવી હતી એમ કહેવાય છે. એ સ્ત્રી અવતારી છે એમ માનતા હતા. આ સાત ભાઇ બેહેનો જનમતાંજ એમના મા બાપે એમને જંગલમાં નાખી દીધાં હતાં. મમતાને લીધે ફકત એઓની માતા તેમની સંભાળ લેવા જતી હતી, ત્યાં એ સાતે જનાંને વાચા થઇ. એ વિષે ‘કાંડપ્રનામ’ નામના ગ્રંથમાં એવું વર્ણન આપેલું છે કે ‘આવહેરની માતા ઢેડાંને ત્યાં જનમી હતી. એના જનમની આગમજ તે ઢેડાના ઘેરપર તારો પડતો વૈદમોળી નામે બ્રાહ્મણે જેયો. તેણે આ ચમતકારનો ભેદ જોશીથી જાણવા માંગયો તો તેને જણાયું કે આ ઢેડાની છોકરી સાથે તેના છોકરાનું લગન થશે તેથી તે ઘણો ગભરાયો, અને જ્યારે તે છોકરી જન્મી ત્યારે પેલા ઢેડાને તહેવાર રીતે સમજાવી છોકરી તજવા કહી. સેવટે તે છોકરીને એક પેટીમાં બંદ કરી કાવેરી નદીના પ્રવાહમાં મુકી. આ પેટી એક બીજા સાધુના હાથમાં લાગી. તેણે આ છોકરીને મોટી કરી ભણાવી. થોડા વર્ષ પછી વૈદમોળી બ્રાહ્મણનો પુત્ર ‘પીરલી’ મુસાફરી કરતો તેજ સાધૂના આશ્રમમાં ઉતર્યો. ત્યાં તેણે વિદ્યા અભ્યાસ શીખવા માંડયો. થોડી મુદત પછી બેઉ વચ્ચે પ્રિતી બાઝી અને તેમના ગાંધર્વ વિવાહ થયા. હવે પેલી છોકરીને પાણીમાં મુકતી વેળા તેની જાંગપર એક તારા જેવો તળ પીરલીએ જેયો હતો. તેજ આ છોકરી છે એમ જેઇ તેણીને ઓળખી તે ઘણો દુઃખી થયો અને તે છોકરીને તજી નાહાશી ગયો. સાધૂએ આ છોકરીને પોતાનો પતિ શોધી લાવવા કહ્યું. તેણીએ અનેકવાર તેને ગુફામાંથી શોધી કાઢયો પણ તે દરેક વેળા નાહાશી જતો. સેવટે તેણીને એક સાહૂકારે અશ્રાય આપ્યો અને મરતી વેળા પોતાની દોલત આપી ગયો. તેમાંથી તેણીએ સદાવ્રત ચાલુ રાખ્યું, અને પોતાના પતિની ખોળ કરવા માંડી. સેવટે પત્તો લાગો અને તેઓ પાછાં જોડાયાં. વિચીત્ર રીતે તેણીને એકી વેળાએ સાત બાળકો થયાં પણ

વરની આજ્ઞાથી તેણીએ તે બાળકોને જંગલમાં જઇ તજી દીધાં. અહીં આ બાળકોને ખુદરતી રીતે વાચા થઇ અને તેઓએ પોતાનો નિર્વાહ પોતેજ કરી લીધો હતો. આ બાળકો ત્યાર પછી જૂદા જૂદા દયાળુ શખસોના આશ્રયમાં રહી પ્રસિદ્ધ થઇ ગયાં છે.

આવળ—એના વૃક્ષ સાધારણ ૩ થી ૪ હાથ ઉંચા વધે છે. એનાં પાંદડાં કુવાંડીનાં પાંદડાં જેવાં હોય છે. એને પિળા રંગના ફુલોના ગુચ્છા હોય છે. એની સીંગો પોહળી અને વેંહેત જેવડી લાંબી હોય છે. કોકણ પ્રાંતમાં એની ઉત્પન્તી થતી નથી. આવળની છાલ ચામડાં રંગવાના કામમાં ઉપયોગી છે, અને તેનાં લાકડાં, બાળવાના કામમાં આવે છે. એનાં પાંદડાં શેક તથા બંધારણ કરવાના કામમાં આવે છે. માર ઉપર, વાયુપર તેનો શેક થાય છે. સંધીવામાં સાંધાઓ ઉપર આવળનાં પાંદડાં બાફીને બંધાય છે.

આવા—આગળના બરમાંના રાજ્યનું આ રાજધાની શેહેર હતું. આ શેહેર ઇરાવતી નદીને કાંઠે આવેલું છે. આ શેહેર મજબુત દેવાલોથી ઘેરી લીધેલું છે અને તે દેવાલ ૧૫ ફીટ ઉંચી તથા ૧૦ ફીટ જાડી બાંધેલી છે. હાલમાં તે તદન બિસમાર હાલતમાં છે. ઉત્તર પૂર્વ તરફનો ભાગ રાજ્ય દરબારના મુખ્ય અમલદારોથી વસેલો હતો. શેહેરમાંના મોટે ભાગે સઘળાં ઘેરો ઝુપડાં જેવાં છે, અને ઇમારતો જુજ છે. વસ્તી ૧૦૦૦૦૦ ની છે. ઇ. સ. ૧૮૩૯ માં ધર્તિકંપે કરી આ શેહેર તદન પાયમાલ થયું હતું. ત્યાંનો દરબારમાં આ શેહેર રતનપૂરના નામથી ઓળખાય છે.

આવાં—આ ફરેસ્તો જરથોસ્તી ધર્મ પ્રમાણે પાણી ઉપર મવક્કલ છે. મહિનાનો ૧૦ મો એનો પોતાનો દહાડો હોવાથી તેમજ તૂરાનના પાદશાહ અફ્રાશીઆબ જેણે ઇરાનને ૧૦ વર્ષ સુધી પોતાને તાબે રાખ્યું હતું, તેના હાથમાંથી એ દેશ છુટવાનો એ દહાડો હોવાથી અને વળી દંતકથા પ્રમાણે સાત વર્ષના દુકાળ પછી ભારે વર્ષાદ એ દહાડે પડવાથી એ દહાડો સારો ગણાતો આવ્યો છે.

આવાંને અવસ્તામાં અરદ્વિસૂર કરી કહે છે. અવસ્તા પ્રમાણે એ ઇશ્વરી શકિત, પૃથ્વીને ફળદ્રુપપણું, રાજ્યોને આબાદી, પેહેલવાનોને ફતેહ અને ધર્મ ગુરૂઓને ડાહપણ તથા પવિત્રાઇ બક્ષે છે. એ એક નારી જાતી ફરેસ્તો છે.

(૨) **આવાન**-યાને પાણી. આ મહિનામાં વર્ષાદની ઋતુ ઇરાન તરફ શરૂ થાય છે અને પાહોડો ઉપર બરફ પડવાથી પાણીમાં વધારો થઇ ખેતીવાડીની ખેડણી આ મહિનામાં શરૂ કરવામાં આવેછે.

આવાનઝા—આ ગામ નિજામ હૈદ્રાબાદના તાબામાં છે. હૈદ્રાબાદની દક્ષિણ પશ્ચિમે ૪૮ માઇલપર છે.

લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇ—આ બાનુ ફ્રામજી નોશેરવાનજી બાટલીવાલાના બેટી હતા. જનમ નવસારીમાં ઇ. સ. ૧૭૯૩માં થયો હતો. આ બાનુના લગન સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સાથે થયાં હતાં. લેડી આવાંબાઇ ધર્મી દાતાર અને પરગજુ બાનું હતાં. પોતે બચપણમાં ભર્થાર સાથે ગરીબી અવસ્તામાં ઉધરી, ગરીબ સંસારમાં સરજાએલી કડવાસ તથા મિઠાસ તેઓએ સાથેજ ચાખેલી હતી, અને તે વાતને છેલ્લી ઘડી સુધી નહિ વિસરતાં જેમ અગાઉ ગરીબ હાલતમાં તેમજ પાછળથી શ્રીમંત હાલતમાં અને મોટે દરજ્જેની જાહોજલાલીમાં આ બાનું એક સરખી રીતે સર્વે ઉપર નજર રાખતાં હતાં, આ બાનુંના મોટા ઉદાર દીલના દાખલા જાબજા મળી આવે છે, તેમજ તેમની સીફતમાં નામદાર પુરૂષોએ જે જે સ્તુતી કરી છે તે પ્રસિદ્ધ છે. આ બાનુંએ મેહેમ અને વાંદરા વચ્ચેની ખાડીપરનો મોટો પૂલ પ્રજાની સગવડ માટે પોતાના રૂ ૧,૫૮,૦૦૦ ના ખર્ચે બંધાવ્યો હતો. એ પૂલને ખુલ્લો મેળવાની ક્રિયા

મુંબઇના નામદાર ગવરનર સર જૉર્જ આર-ચરે કરી હતી.

તેવણુ પોતાના ભર્થારની નકલ કરી દરેક હાજતમંદોને તેમની હાજતો પુરી પાડવામાં સદા આગળ વધતા અને કોઇ પણ હાજત-મંદ તેમના બારણેથી પાછો નિરાશ થઇને જતો નહિ. આ બાનુંએ પોતાનો હિસ્સો ધર્મખાતામાં તેમજ ફંડોમાં આપ્યો હતો. એમની એકંદર જાહેર સખાવતનો આંકડો રૂ ૩,૯૯,૫૦૦ નો થયો હતો. મરણ ઇ. સ. ૧૮૭૦ માં નીપજ્યું.

આવાંબાઈ કોલ્હા—આ બાનુ ખરશેદજી રતનજીનાં ધણીયાણી હતાં. જ્યારે પારસી કોમમાં સ્ત્રી કેળવણીની શરૂઆત થઇ હતી ત્યારે ઘણા લોકો તે કેલવણીને વખોડવા નીકળ્યાં હતાં. આવે સમયે આવાંબાઇએ પુખ્ત કેળવણી લઇને બીજી સ્ત્રીઓને કેલ-વણી લેવાના ફાયદા દર્શાવી તે કોમેસને ઉત્તેજન આપી સ્ત્રી કેલવણીના કામને ખી-લવ્યું હતું. મરણ ઇ. સ. ૧૮૫૮ માં ૨૪ મી મેએ નીપજ્યું. પોતાની પાછળ એક હજારની સખાવત એવી શરતે કરી હતી કે તે રકમ જરથોસ્તી છોકરીઓની નીશા-ળના ફંડમાં આપવી અને જે પરીક્ષામાં પેહેલે નંબરે પાસ થાય તેને એક ચાંદ ભેટ આપવો.

આવાહી સલાનીજર—આ નામના ચોપગાં પ્રાણી મેડેગાસકરમાં ઘણા મળી આવે છે. ઘણાં ખરાં વાંદરાને મલતાં આ પ્રાણી હોય છે. જે ભાગમાં વાંદરાઓ નથી હોતાં તેજ ભાગમાં આ જાનવર હોય છે અને તે વાંદરાની ગરજ સારે છે. આ જાનવર ખોલ્લા બદામી અથવા હરણના બદનના રંગના જેવાં હોય છે. એની લંબાઇ આસરે ૧૪ ઇંચ હોય છે, એની રહેવાની રીત હજીવેર જણાઈ નથી પણ ઘણુંખરૂં આ પ્રાણી ઝાડપર રહે છે.

આશકરણ—દાંતાના રાજ્ય કર્તા રાણાના પૂર્વજમાંના એક આ આશકરણજી અરજણદેવજી પછી ગાદીએ આવ્યા. એના રાજ્ય અમલ દરમ્યાન અકબરનો એક શાહજાદો ૧૫૮૩ માં તરસગામમાં નાહશી આવ્યો હતો. તેને આ રાણાએ આશ્રય આપ્યો અને તરસગામથી ઉત્તરે ત્રણ માઇલ દુર આવેલા 'કાલવણ' નામે ડુંગરા ઉપર એક કિલ્લો બંધાવી ત્યાં રાખ્યો હતો. શાહજા-દાએ એક સમે ખુશીમાં આવી પોતાની હીરાજડીત વિટી આશકરણ રાણાને યાદ-ગારી તરીકે ભેટ આપવા માંડી ત્યારે આશ-કરણજીએ કહ્યું કે 'હું હમણા એ નહિ લઉં; જ્યારે આપનો અને જહાંપનાહ પાદ-શાહનો ઝગડો મટી રહેશે અને આપ અ-હીંઆંથી સલ્હા શાંતીમાં જશો ત્યારે જે આપ આપશો તે હું લઇશ.'

રાણાના સલ્હાકારોએ આ વિટી નહિ લેવાની વાત જાણી દલગીર થવાથી બીજે દીવસે રાણાએ તે ભેટ માંગી, પણ શાહ-જાદાએ કહ્યું કે હવે હું જ્યારે અહીંથી જઈશ ત્યારે આપતો જઈશ. પછી શાહ-જાદો આપ્યા વિના પશ્ચિમ ભણી ચાલી ગયો. ત્યાં ભૂજના ભારમલે પકડી તેને પાદશાહની હજુર દિલ્હી મોકલ્યો. પાદશાહે આ સેવાની બુજ કરી ભારમલને મોરબી પરગણું આપ્યું.

ત્યાર પછી પાદશાહ સાથે શાહજાદાનો સારો બનાવ થયો ત્યારે પાદશાહે આશક-રણની સેવાની બુજ કરી ઉમદા સરપાવ સાથે તેમને માહારાણાનો ખીતાબ એના-યત કીધો; અને શાહાજાદાએ બીજી અ-મૂલ્ય રત્નજડીત વિટી ભેટ મોકલી. આશ-કરણ વૃદ્ધ અવસ્તામાં મરણ પામ્યા પછી તેની ગાદીએ 'વાઘ' બેઠો.

આશકરણ—આ રાજા ડુંગરપૂરની ગાદીએ ઇ. સ. ૧૫૩૦ માં બેઠો. આ રાજાના રાજ્યને મોગલોની ચઢાઇથી ઘણું ખમવું પડયું હતું. ૧૫૭૭ માં અકબરે ડુંગરપૂર ઉપર ચઢાઇ કરી, તેમાં આશકરણ અને અકબર વચ્ચે ભારે યુદ્ધ થયું. આ વેળા

રજપૂતો મોગલો સાથે હાથો હાથ લડતા હતા, અને ડુંગરના ભીલ લોકો પથરા તથા તીરોનો વર્ષાદ વર્ષાવતા હતા તે છતાં આખરે આશકરણ હારી અકબરને શરણે ગયો.

આશદીન કાકા—આ દસ્તુર નવસારીમાં ઘણી પ્રતિષ્ટા પામ્યા હતા. એવણે ઘણાંક તવારીખ સંબંધી ગ્રંથો લખ્યાં હતાં. તેવણે નવસારીના પાંચે પોળના કુટુંબીઓનાં 'ફેહેરસ્ત' જુના લેખો ઉપરથી સંશોધન કરી બનાવી હતી. ઇ. સ. ૧૬૩૨ ની ૧૩ મી ફેબ્રવારીએ એમનું મરણુ નીપજ્યું.

આશા—એના વૃક્ષ બંગાલ અને કોકણુ પ્રાંતમાં ઘણાં થાયછે. ત્રાવણકોરના પ્રાંતોમાં તામીલ લોકો એના જુનાં ઝાડોના ગર્ભમાંના લાકડામાંથી એક રંગ તૈયાર કરે છે. એના પાંદડાનો રસ ઘણો કડવો હોય છે.

***આશાદિત્ય**—મેવાડનો રાણો. એની પછી ચોથી પેઢીએ પ્રસિદ્ધ બાપા રાવળ થયો, જે દશરથ ને રામચંદ્રથી ૮૦ મો પુરૂષ હતો.

આશૂઅસ્ત—જરથોસ્તી એતેકાદ પ્રમાણે દુન્યામાં અનેક ગુફાઓ છે, તેમાં આશૂઅસ્તના ગુફાઓમાં ખુદાતાલાએ કયામતને સમારવા માટે પાક પાણી રાખેલું છે. જ્યારે રસ્તાખેજ થશે ત્યારે તે દીવસે તમામ મનુષ્યને જીવતા કરવા માટે દાદાર અહૂરમજદ ઇજશને કરશે, તે ઇજશને આજ પવિત્ર પાણીથી કરશે.

આશેત્રી—આ એક જંગલી ઝાડ છે. એના પાંદડાં કંચનના પાંદડાં જેવાં થાય છે. તેના પાંદડાં કરતાં એના મોટાં હોય છે. એને લાંબી શીંગો આવે છે. એનું લાકડું બળતણુના કામમાં આવતું નથી. એના પાંદડાં બીડી પીવાના કામમાં આવે છે. એની અંતર છાલના બંદુકના તોટા તથા મજબુત દોરડાં બને છે.

આસટ્રીયા—એશિયાની દક્ષિણ પૂર્વે આવેલો આ બેટ છે, કે જે પાસીફીક અને ઈંડીયન ઓશનની વચ્ચે આવેલો છે. આસ્ટ્રીયાની ભૂમિં જોકે આજ વેર સંપૂર્ણ રીતે સઘળી જણાઇ નથી તોપણુ હાલની નવી શોધોથી તેની વધુ ભૂમિ મળતી જાય છે. આગળ ધારવામાં આવતું હતું કે અંહિની દૂરની ભૂમિ જળ રહીત અને સુકી છે, પણુ ત્યાર પછીની નવી શોધ લાગવાથી જણાયુંછ કે અંદરના ભાગની ભૂમિ ઘણી ફળદ્રુપ અને ખનીજ પદાર્થોની ભરેલી છે. એમાં પર્વતોની હાર કિનારાપર મધ્યમ ઉંચાઇની લંબાયલી છે. યૂરોપના મુખ્ય દેશો પણુ એના કિનારા પાસે આવેલા છે તેમાં, ન્યૂ સાઉથ વેલ્સ, પશ્ચિમ આસ્ટ્રેલીયા, દક્ષિણુ આસ્ટ્રેલીયા, વિકટોરિયા અને કવિન્સલેંડ વગેરે. કવિન્સલેંડ અને પશ્ચિમ આસ્ટ્રેલીયા વચ્ચેના પ્રદેશ હજી સુધી પુરતી રીતે શોધી કાઢવામાં આવ્યા નથી. અંહિ સુવાની મોટી ખાણો છે. તેમાં વિકટોરિયામાં પણુ આવેલી છે, કે જેના જેવી મોટી ખાણુ દુન્યામાં એક પણુ જડી નથી. આસ્ટ્રેલીયાના મુખ્ય આગલા વતનીઓ સીધી જાતના છે કે જેઓ આફ્રિકનોને મળતા આવે છે. હાલમાં યૂરોપયન લોકોના વસવાટ પછી તેમની વસ્તી દીવસો દીવસ ઘટતી જાય છે. આસ્ટ્રેલીયા બ્રીટનને તાબે છે. એની લંબાઇ પૂર્વથી પશ્ચિમ સુધીની ૨૪૦૦૦ માઇલની છે, અને પોહળાઇ કેપ યૉર્કથી તે વીલસન પ્રોમોન્ટરી વેરની ૨૦૦ માઇલની છે. એનું એકંદર ક્ષેત્રફળ ૩,૦૦૦,૦૦૦ ચૈરસ માઇલ છે. અત્રે યૂરોપયનોની એકંદર વસ્તી ૨૬,૦૦,૦૦૦ ની છે.

આસ્ટ્રેલીયાની પેહેલી શોધ ઇ. સ. ૧૬૦૬ માં ડચ લોકોએ કરી હતી. એને કેપટન કુકે આખા પૂર્વ કિનારાથી યાને કેપહાઉથી તે કેપયૉર્ક સુધીનો ભાગ ઇ. સ. ૧૭૭૦ માં શોધી કાઢયો હતો. બ્રિટીશોએ પેહેલું મથક ઇ. સ. ૧૭૮૮ માં પોર્ટ જેકસન (સીડની) ખાતે કીધું હતું.

આસ્ટ્રીયા હુંગેરી—આ શાહાનશાહી દેશ ઉત્તર અંક્ષાસ ૪૨°૧૦' અને ૫°૧૩' પૂર્વ લીટીમાં ૯૦° અને ૧૬ એની વચમાં છે. એની ઉત્તરે સેકસની, પ્રશિયા અને રશિયા, પૂર્વે રશિયા દેશનો ભાગ અને રોમાનિયા,

દક્ષિણે રોમેનિયા, સર્વિયા, ટર્કી, મૉન્ટીનીગ્રો, આદ્રિઆટીક માહાસાગર અને ઇટલી એ આવેલાં છે. પશ્ચિમે સ્વિટઝરલેંડ અને બવેરીયા. આ રાષ્ટ્રનો એકંદર વિસ્તાર ૨,૪૩,૦૦૦ ચોરસ માઇલ છે, એના બે ભાગ છે. એકને આસ્ટ્રેલીયાનો બાદશાહી દેશ અને બીજાને હંગેરીનું રાજ્ય, એવા બે નામે ઓળખવામાં આવે છે.

આસ્ટ્રીયાનું પાદશાહી રાજ સ્વતંત્ર પ્રજા સભાના તાબામાં છે; અને હંગેરીનું રાજ્ય સ્વતંત્ર છે. ખુદ આસ્ટ્રેલીયાનું ક્ષેત્રફળ ૧૧૨૦૦૦ ચોરસ માઇલ છે અને ત્યાંની લોક વસ્તી બે કરોડ વીસ લાખની છે. હંગેરીનું રાજ્ય કહીએ તો ખુદ ટ્રાન્સી વાલવ્હેનિયા (સીબેનબર્જન) યૂમ, ક્રોશિયા અને સ્લાવ્હાનીયા એ પ્રાંતો છે. એનું ક્ષેત્રફળ એકંદર ૧,૨૭,૦૦૦ ચોરસ માઇલ છે અને વસ્તી ૧,૫૭,૦૦,૦૦૦ ની છે.

આસ્ટ્રીયા હંગેરી પ્રાંતમાંની આગલી રાજ સત્તા એક હાથ હતી પણ ૧૦૦ વર્ષના ફેરફારમાં તર્હેવાર બનાવો બનવાથી આ મોટા રાજ્યમાં ઘણાં ફેરફારો થયાં હતાં. ઇ. સ. ૧૭૧૩ માં પ્રેગમેટીક સેકશન નામના કોલકરાર થવાથી નવોજ ફેરફાર થયો. ૧૮૦૪ માં ૧લા ફ્રાન્સીસે આસ્ટ્રીયાને ચઢતી દશાપર આણી મુકયું. ૧૮૪૮ માં કોલકરાર પુરા થવાથી ત્યાંના અધિપતિઓના તાબામાંના જૂદા જૂદા પ્રાંતો એક અધિકારીના તાબામાં આવ્યાં. આ બેઉ દેશોનો અધિપતિ જોખી એક છે તોપણ બેઉ મુલકો એકમેકથી વેગળા રહી કોઇ પણ રીતે એકમેકને આસરે પડેલા નથી. આસ્ટ્રીયા હંગેરીના લશકરમાં ૧૪,૦૦,૦૦૦ સીપાહો, તેમજ ૨,૦૫,૦૦૦ ઘોડાઓ, ૨૦૦૦ તોપો અને ૭૦ વાહાણોનો એક કાફલો છે. તેમના લઢાઇના વહાણો ૧૦ અને તેની ઉપર ૨૮૫ તોપો અને ૯૦૦૦ ખલાસીઓ છે.

આસ્ત્રીયા હંગેરી દેશમાંની નદીઓ પણ મોટી અને તે દેશને ઘણી ઉપયોગી છે. કેટલીક નદીઓ દેશના મધ્ય ભાગે તથા બીજી પાસેના દેશમાં વહેછે. વેપાર વેવહારનો મુખ્ય માર્ગ ડાન્યુબ નદીનો છે. આ નદી યુરોપમાં બીજી પદ્દિની ગણાય છે. આ નદી આસ્ત્રીયન મુલકમાં પિઆંઝા ગામગાં દાખલ થઈ તેનો પાટ ઘણો વધે છે. ત્યાંથી આ નદી વહેતી આખો દેશ પસાર કરી 'આરસોવ્હા' પાસે આસ્ત્રીયા છોડેછે. એની લંબાઈ પિઆંઝા પાસેથી ૮૫૦ માઇલની છે.

આ દેશમાં આલ્પસ અને કોર્પેથીયન નામના બે મોટા પાહાડો છે. આસ્ત્રીયા દેશ ઉત્તર ધ્રૂવ અને વિષવવૃત એની વચ્ચો વચ્ચે છે, તોપણ એની ચારે બાજુએ જર્માન હોવાથી તથા તેનીપર મોટા પાહાડો હોવાથી ઉન્હાળામાં ત્યાંની હવા ઘણી ગરમ હોયછે. થંડીના દીવસમાં થંડી પણ ઘણી પડેછે. યૂરોપ દેશમાં ખેતીવાડીની ઘણી ઉત્તમ જોગવાઇ કોઇપણ દેશને મલતી હોય તો તે આ દેશ છે. આ દેશની જમીનમાં ૮૯ સતાંશ એકર જમીન ફળદ્રુપ અને ખેડાલી છે. ખુદ આસ્ત્રીયામાનું પ્રમાણ એના કરતાં પણ ચઢે છે.

અંહીના લોકોનો મુખ્ય ધંધો ખેતીવાડીનો છે. એકંદર વસ્તીના ⅘ ભાગનો નિર્વાહ ઉદ્યમ ઉપર છે. દર વર્ષે ઢોર ઢાંખરા સાથે ખેતીની ઉપર ૨,૦૦,૦૦,૦૦૦ પૌંડની ઉપજ થાયછે. હંગેરી, ક્રોશિયા, સ્લેવ્હાનીયા, બોહિયા, મોરેવ્હિયા અને ગ્યાલીશયા આ પ્રાંતમાંની જમીન સપાટ અને ફળદ્રુપ હોવાથી આ દેશમાંના અનાજનો પાક ઘણો મોટો થાય છે. ખનીજ પદાર્થોમાં સુનૂ, રૂપું, પારો, ત્રાંબુ, શીસૂં કથીલ, જસત વગૈરે બીજી અનેક ચિજોની ઉત્પન્તી ઘણા મોટા પ્રમાણુમાં થાયછે.

આસ્ટીન વિલ્યમ—આ ઇંગ્રેજ પ્રસિદ્ધ કારીગર ઇંગલાંડમાં ૧૫ મી સદીમાં થઇ ગયો છે. છઠા હેન્રિના રાજ્યમાં તે રેહેતો હતો. રીચર્ડની કબર બાંધવા માટે ઠરાવેલા કમીશનમાં આ કારીગર વડો હતો. એણે આ યાદગારીનું બાંધકામ ૨૧ વર્ષે પુરૂં

કર્યું હતું, અને તેના પાછળ ૨,૪૫૮ સ્ટારલીંગનો ખરચ બેઠો હતો.

આસ્ટીન જેન—આ વિદ્વાન સ્ત્રીનો જનમ ઇ. સ. ૧૭૭૫ માં ૧૫મી ડીસેંબરે હેમ્પશીયરમાં આવેલા સ્ટીવનશન ખાતે થયો હતો. મી૦ આસ્ટીન પોતાના ગામમાં વિદ્વાન શીક્ષક દાખલ જાણીતો હતો. આ બાનુએ કઇ ઉમરથી લખાણો કરવા માંડયાં તે જણાયું નથી. પોતાની જુવાનીમાં આ બાનુ ઘણી ખુબસૂરત ગણાઇ છે. પોતાની જવાનીમાં તેણી એક પુરૂષ સાથે પ્યારમાં પડી હતી, પણ કોઇ ચોકસ નાઉમેદીથી પોતાની ઉમેદ ભ્રષ્ટ થવાથી તેણીએ મરણ સુધી પરણવાનો વિચાર ફરીથી કદી કીધો નહોતો. આ બાનુનું સર્વથી પેહેલું પુસ્તક નબળાં લખાણવાલું હતું જેનું નામ Northanger Abbey) ત્યાર પછી ઘણીજ સંભાળથી તેણીએ Sence and Sensibility નામનું પ્રસિદ્ધ પુસ્તક ઇ. સ. ૧૮૧૧ માં પ્રગટ કર્યું. આ પુસ્તકની ફતેહે પછી તેણીએ ઉમદા પુસ્તકો કાઢવા માંડયાં હતાં. તેમાં Pride and Prejudice, Mansfield Park અને Emma નામનું પુસ્તક ૧૮૧૬ માં પ્રગટ કર્યું. એણીનો પિતા પોતાની નબળી દેહને લીધે ૧૮૧૬ માં બાથ ખાતે જઇ વસ્યો હતો, અંહી જેન આસ્ટીનને એવા સુંદર દેખાવો અનૂભવવા મલ્યાં હતા કે જેની મદદ લખાણોમાં ઘણી ઉપયોગી થઇ પડી હતી. જેન આસ્ટીનનો પિતા અત્રે મરણ પામવાથી પોતાની માતા તથા બેહેન સાથે હેમ્પશાયર જઇ વસી હતી, ત્યાંથી તેઓ વિનચેસ્ટર ખાતે જઇ વસ્યાં. અહીંજ આસ્ટીન જેનનું મરણ નીપજ્યું.

આસ્ટીન શાહુારા—નોરવીચ ખાતેની ટૅાયલોર ખાનદાનમાંની આ બાનુ હતી. એના ભર્થારનું નામ જોન આસ્ટીન હતું. કે જે બેરીસ્ટરનો ધંધો ઘણી ફતેહમંદીથી ઇંગ્લાંડમાં ચલાવતો હતો. આ બાનુનો જનમ ચાલુ સદીની શરૂઆતમાં થયો. એણે Characteristice at Goethe નામનું પુસ્તક ૧૮૩૩ માં ત્રણ દફતરોમાં પેહેલવેહેલું રચી પ્રગટ કર્યું હતું. આજ પુસ્તકથી તેણીનું નામ પ્રસિદ્ધ થયું હતું.

આસ્તાદ—(જુઓ અર્શતાત.)

આસ્તાયજીસ—ઇરાનના કયાની તબક્કાનો ચોથો પાદશાહ. એ કૈકાઉસ પાદશાહનો બેટો હતો અને તે ઈ. સ. પૂર્વે ૨૬૬૦ માં ઇરાનની ગાદીપર આવ્યો. એણે ૩૫ વર્ષ સુધી રાજ્ય કર્યું.

સર આસ્ટીન હેન્રિ લેયર્ડ, રાઇટ ઑનરેબલ—આ નામીચો વિદ્વાન તથા રાજદ્દારી પુરૂષનો જનમ ઇ. સ. ૧૮૧૭ માં થયો. એણે પોતાની કારકિર્દીની શરૂઆત લંડનના એક વર્તમાન પત્ર માટેના કૉનસ્ટનન્ટીનોપલ ખાતેના ખબરપત્રી દાખલ કરી હતી. સર એન કેનીંગની મદદથી ૧૮૪૫ ના વર્ષમાં એણે સિરીયામાં પુરાતમ ખંડીયરો વગેરેની શોધ ચલાવવા માંડી હતી, અને તેના પરીણામમાં ઘણી જાણવાલાયક વિગતો ૧૮૪૯ ના વર્ષમાં નિનીવેહ અને તેના ખંડીયરો, તથા ૧૮૪૯–૫૩ માં નિનીવ્હેનાં સ્થંભો એ નામના પુસ્તકો પ્રગટ કર્યાં હતાં. પાછળથી તેને ઉગમણ તરફના સાહિત્ય શોધનનું કામ મળ્યું અને રાજદ્દુવારી કારકિર્દીમાં શામેલ થયો. લૉર્ડ રસલના પ્રધાન મંડળમાં ૧૮૫૨ ના વર્ષમાં પ્રદેશ ખાતાનાં મદદનીશ પ્રધાનના હોદ્દા ઉપર થોડો વખત તેણે કામ કર્યું હતું, અને તે વખતે 'એલ્સબરી' શેહેર તરફથી પાર્લમેંટમાં તે બેસતો હતો. ક્રાઇમિયાની લઢાઇ વખતે લઢાઇના મથકે પડેલા ઈંગ્રેજી લશકરની સ્થિતી વિષે ખબર મેળવવા તે ગયો હતો, અને ૧૮૫૭ ના મોટા બળવાના કારણો વિષે જાતે ખબરો ભેગી કરવા તે હિંદુસ્થાન આવ્યો હતો. ૧૮૬૦ માં સાઉથવર્ક શેહેર તરફથી પાર્લામેંટમાં લીબરલ સભાસદ તરીકે તેને પાછો ચુંટી કાઢવામાં આવ્યો હતો, અને ૧૮૬૮

સુધી તે સભામાં કાયમ રહ્યો હતો, તે અરસામાં ૧૮૬૧ થી ૧૮૬૬ સુધી પરદેશ ખાતાનાં મદદનીશ પ્રધાનનો અને તે પછી મી૦ ગ્લાડસ્ટનના પેહેલા પ્રધાન મંડળમાં જાહેર બાંધકામ ખાતાના વડા પ્રધાનનો ઓદ્ધો તેણે ભોગવ્યો હતો. ૧૮૭૭ માં તેને સપૂંર્ણ મુખત્યારી ધરાવનાર એલચીના ઓદ્ધા ઉપર ચઢાવ્યો હતો. તેની વિદ્વત્તા અને બાહોશીની યાદગારી તરીકે ઘણા નામીચા લોકોની એક મંડળીએ એનું બાહાવલું તઇયાર કરાવી જુન ૧૮૯૧ માં બ્રિટીશ મ્યુઝીયમના સ્વાધીનમાં તે આપ્યું હતું. મરણ ૧૮૯૪ માં ૬ ઠી જુલાઇએ નીપજ્યું.

આસ્તીક—(૧) એણે 'ચ્યવન ભાર્ગવ' પાસે અભ્યાસ કર્યો હતો, ને શસ્ત્રવિદ્યા પણ ભણ્યો હતો. એ મોટો સમર્થ પુરૂષ હતો. એના વડે નાગ કૂળ જનમેજયના યજ્ઞમાંથી ઉગર્યું હતું. જ્યારે જનમેજયે યજ્ઞમાં નાગો હોમવા માંડયા હતા, ને તક્ષકના માટે શોધાશોધ થઇ રહી હતી તે પ્રસંગે આ ઋષિએ ત્યાં આવીને તક્ષકને ઉગાર્યો હતો. એની માના જાણ્યામાં નહોતું કે મને ગર્ભ છે પણ એના પિતાએ તેને કહ્યું કે તને છે તે ઉપરથી આસ્તીક નામ પડયું હતું.

આસંધ—એને અજગંધ પણ કહે છે. કેટલેક ઠેકાણે એને ઢોરગુંજ કહે છે. એના ઝાડ ખાનદેશ, નાશક, વરાડ અને ઘાટપર થાય છે. એની ઉંચાઇ સુમારે બે હાથ છે. આ ઝાડપર ચણા જેવડાં લાલ ફૂળ આવે છે. એમાં રીંગણાના બી જેવાં બીજ હોય છે. એના મૂળને આસંધ કહેછે, આસંધનો પાક બનાવવામાં આવે છે જે ઘણો પુષ્ટીકારક હોય છે.

આસન—યોગ વિદ્યામાં આસનો ઘણા વર્ણેલાં છે. તેમાં ૮૪ આસનો વિષે શિવને માહિતી છે. તેમાં ચાર આસનોતો મુખ્ય છે. સિદ્ધાસન, પદમાસન, સિંહાસન, ભદ્રાસન; એ ચાર બાકીનાં ગોમુખ, વીર, સ્વસ્તિક, કૂર્મ, સિંહ, કુકકુટ, ધનુર, પશ્ચીમતાન, મયુર, મત્સેચંદ્ર, શવ, સિદ્ધ પદ્મમ, ભદ્ર, સ્થિર, ભગ, હંસ, ઉર્દ્ધસ્થંભ, વૃક્ષ, દંડ, સ્વાસ્તિક, વીર, સૈપ્રાશ્રય, પર્ય્યંક, કૌંચ, હસ્તિ, ઉતટ, સમસ્થાન સ્થિર વગેરે ચોરીઆશી આસનો છે.

*__આસનેમ પ્રતૂમ__—જાતી અક્કલ. અવસ્તામાં બે તર્હાની અક્કલ જણાવી છે. એક 'આસનેમ પ્રતૂમ (જાતી અક્કલ ને બીજી ગઓષો શ્રતેમ પ્રતૂમ, કાંને સાંભળીને મેળવેલી અક્કલ) પેહેલી અક્કલ માણુસ જન્મથીજ ધરાવે છે, બીજી અક્કલ માણુસ દુનિયામાં રહીને કેળવણીથી, સમજ શક્તિથી તથા અંગત અનુભવથી મેળવે છે. પેહેલી અક્કલ ખુદાઈ છે અને બીજી ખાકી છે. પેહેલી માણુસ જન્મથી લઇને અવતરે છે. બીજી જન્મ્યા પછી ધારણ કરે છે. જાતી અક્કલ (આસ્નેહ ખ્રથવો) ભૂલાવો ખાતી નથી, ત્યારે કાંને સંભળાયેલી (ગઓષોશ્રુતહે ખ્રથ્વો) ભૂલાવો ખવાડે છે. થિયોસોફીસ્ટો જાતીઅક્કલ માટે એવો વિચાર ધરાવે છે કે, તે આગલા જન્મોમાં કરેલી સાચી અને સારી કરણી અથવા મનસનીનો આ ભવમાં મળતો ખુદાઇ બદલો છે અને 'બઓધાંગ' કે બુદ્ધિ–તત્વમાં તે આદમજાતનું ભલું કરે છે. અવસ્તામાં ઠેકાણે ઠેકાણે એ જાતની અક્કલને વખાણી છે.

આસ્પરેગ—એના બી વસાદની શરૂઆતમાં પાતળું ખાતર નાખી રોપવામાં આવે છે. અકટોબર મહિનાની શરૂઆતમાં જ્યારે આસ્પરેગના રોપા કરમાવા માંડે છે ત્યારે તેને જમીનમાં ઝીણું મૂળીયાં ફુટેલા હોયછે. તે ફૂટેલા મુળીયાં અણી કાઢી છાંયડાની ભીની જગ્યામાં તેને સૂકવવા નાખે છે, અને આવતા વર્ષની વસાદ ઋતુની શરૂઆતમાં એના મુળીયાં જૂદા કરી તેને ખાતર નાખેલી જમીનમાં અકેક ફુટના અંતર પર રોપવામાં આવે છે. તેને સફેદ રંગના કોમ ફુટે છે. આ કોમ કુમળાં હોય છે ત્યારે ખાવામાં આવે છે.

આસમાંન—(જુઓ આકાશ, ખગોળ) જર-

થોસ્તિ ધર્મ એત્તેકાદ મુજબ પાણી, ભૂમિ, ઝાડપાન, પશુ પક્ષી વગેરે ઉત્પન્ન કરવાં પેહેલાં ખુદાએ આસમાન પેદા કર્યું હતું. પ્રથમ અહુરમજદે ૪૫ દીવસની મુદતમાં આસમાન પેદા કીધું, પછી ૭૫ દીવસમાં ધર્તિ, ૬૦ દીવસમાં પાણી, ૩૦ દીવસમાં વનસ્પતિ, ૬૦ દીવસમાં પશુ, ૨૦ દીવસમાં નૂરી પેદાયશ અને ૭૫ દીવસમાં મનુષ્યની ઉત્પન્તિ કરી હતી. એ મુજબ આસમાન અને સર્વ પેદાયશો પેદા કરતાં ૩૬૫ દીવસ લાગાં હતાં. આ આસમાનનું દળ ૯૦૦ ફરસંગ જાડું હોઇ તે પોલાદ જેવું મજબુત છે. જમીનથી આસમાનની ઉંચાઈ ૩૩૦૦૦ ફરસંગ છે. આ પેહેલા આસમાનને સત્તર પાયા કહેછે. બીજું આસમાન 'ખોરશેદ પાય, સત્તર પાયથી ૩૩૦૦૦ ફરસંગ દુર છે. ત્રીજું ગરોથમાન પણ તેટલુંજ દુર છે ને ચોથું પશ્નમાંન ગરોથમાનથી ૩૩૦૦૦ ફરસંગ ઉપર છે. ત્યાં એવીતો બેહદ રોશનીનો તેજોમય પ્રકાશ પ્રકાશી રહેલો છે કે જે પછી કશું ત્યાં હસ્તી ધરાવતું નથી.

(પૂર્વ)

* શનિશ્વર, શુક્ર તથા તેશતર સેતારો આ દિશાની પાસબાની કરેછે.

(ઉત્તર)

આફતાબ ઉત્તર તરફ દોઝખના સર ઉપર મુકી, હફતે રંગ સેતારાને આ દિશાની પાસબાની સોંપી છે.

મેખ.	સિંહ.	ધન.
કર્ક—વૃશ્ચિક—મીન.		તુળ—વરખ—કન્યા.
કુંભ.	મીથુન.	મકર.

(દક્ષિણ)

મંગળ તથા ચંદ્રને આ દિશાએ મુકયા છે, તથા વનંત સેતારાને તેની પાસબાની માટે મુકરર કીધો છે.

બ્રેસ્પતિ તથા બુદ્ધને આ દિશાએ રાખ્યા છે અને તેશતર સેતારાને રખેવાલી સોંપી છે.

(પશ્ચિમ)

સર આસમાનજાંહ કે. સી. આઇ. ઈ.—દખ્ખણના બીજા નિજામ મીર નીજામઉદદીન ખાનની પુત્રી 'બેગમ બશીરે ઉલનીસાના' લગન નવાબ તેગજગ શમશુલ ઉમર અમીરે કબીર સાથે થયાં હતાં. આ લગનથી તેને બે પુત્રો થયાં તેમાંના વડા પુત્રને ત્યાં સર આસમાનજાંહ ઈ. સ. ૧૮૩૯ માં જન્મ્યો હતો. આસમાનજાંહાના પિતા જુવાન વયે મરણ પામ્યાથી તેગજગ શમશુલ ઉમરે સર્વ જાગીર અને અસકયામત પોતાના બીજા પુત્ર યાને આસમાનજાંહાના કાકાને આપી. આસમાનજાંહના કાકાને સંતાન ન હોવાથી એને દત્તક પુત્ર તરીકે સ્વિકાર્યો ને પોતાની સર્વ અસકયામત આસમાન જહાંને આપી.

આસમાનજાંહે પોતાની કારકિર્દી નાની વયથીજ ઝલકાટમંદ બનાવી હતી. હાલના હૈદ્રાબાદના નિજામ ઉલમુલ્ક જ્યારે બાળ વયે ગાદીનશીન થયા ત્યારે તેઓની ગાદીનો કારોબાર ચલાવવાને એક રીજન્સી નેમવામાં આવી હતી ત્યારે સર આસમાન જાંહને ન્યાયખાતાના પ્રધાનનો ઓદ્દો આપવામાં આવ્યો હતો. આ ઓદ્દાપર રહ્યા છતાં ત્યાંથી મલતો લવાજમ આ ઉમરાવ નરે નહિ લેતાં સચોટીથી પોતાની સત્તા ચલાવી હતી. તે વેળા મરહુમ સર સાલારજંગ સાથે દોસ્તી પડી હતી જે મિત્રતા સર સાલારના મોત સુધી ધાડી રહી નિભી હતી. ૧૮૭૫ માં સર સાલારજંગ ઈંગલાંડની મુસાફરીએ ગયા તે સમયે આસમાનજહાંની વડા પ્રધાનના ઓદ્દા ઉપર કામચલાઉ નેમણુક કરવામાં આવી હતી, અને તે પોતાનો ઓદ્દો એવી રીતે બજાવ્યો હતો કે હિંદી સરકારે તે વેળા તેમનો આભાર માન્યો હતો. સર સાલારજંગના મરણ પછી આસમાનજાંહ આગેવાની ભર્યો ભાગ લેવા લાગો હતો. ૧૮૭૮ માં નામદાર નિજામ કલકતે ગયા તે દરમ્યાન સર્વ કારોબાર આસમાનજહાંએ ચલાવ્યો હતો. ૧૮૮૭ માં નામદાર માંહારાણીની જુબીલી વેળા નામદાર નિજામના પ્રતિનિધી તરીકે ઇંગલાંડ ગયા હતા. આ વેલા સર સાલારે પોતાના ઓદ્દાનું રાજીનામું આપ્યાથી વડા પ્રધાન તરીકે સર આસમાનજાંહની નેમણુંક કરી હતી. આ ઓદ્દાપર આવ્યા પછી સર આસમાનજાંહે પોતાના દેશની ઘણી ઉત્તમ સેવા બજાવી હતી. સીનગારીની કોલસાની ખાણ આ પ્રધાને ઉત્પતી કરવા જોગ બનાવી હતી. સર આસમાનજાંહ હિંદના સર્વથી વધુ તાલેવંત અમીરોમાંનો એક અમીરે કબીર હતો, ફક્ત તેમની જાગીરો અને પાયધાની ઉપજ દર વર્ષે રૂ ૧૨૦૦૦૦૦ ની હતી. મરણ ઇ. સ. ૧૮૯૮ ની ૧૫ મી જુલઈએ હૈદ્રાબાદ ખાતે નીપજ્યું હતું.

આસમાન દારાહ—(જુઓ આકાશ ગંગા.

આસસિનિસ—આગલા જમાનામાં 'પીરીસીસા' જાતના આસસિનીસ નામનો ફીરકો હતો. આ લોકની સંખ્યા યાહુદી લોકોમાં ઘણી મોટી હતી. તેઓની મૂળ ઉત્પન્તી વિષે તવારીખમાં કશું વધારે મળી આવતું નથી. આ લોકો ઇ. સ. પુર્વે ૧૫૦ માં જોનાથનના રાજ્યમાં હતા. એ લોકોના ધર્મસંબંધી કામ કરનારાઓ રૂમી દેવતાઓના મઠવાસી પંથો માફક એકાંત જગાએ રહી ખુદાઇ જ્ઞાન વિષે વિચાર ચલાવતા અને જાહેર ખટપટમાં કોઇ અગત્યનીજ વખતે તેઓ ભાગ લેતા. આ લોકોની જીંદગી ગુજારવાની રસમો પાડી કાયદા બાંધવાથી તેઓમાં બે ભાગ થયા હતા. ૧ લો ભાગ ઉદ્યોગી લોકોનો કહેવાતો હતો. ૨ જો ખુદાઇ વિચારમાં પડેલા એકાંતવાસી લોકોનો હતો. એ બેઉ પંચવાલાઓના બંદગી કરવાના જૂદા જૂદા મથકો હતાં, પણ તેઓ મુસાનેજ પેગંબર દાખલ માની તેના પાંચ ગ્રંથોને માન આપતા. તેઓ યાહુદીઓ કરતાં વધારે રંજખેંચી પોતે ધર્મ પાળતા.

આસાં—અથવા આયસાં. આ બાનું હજરત મહમદ પેગંબરની સૌથી પ્રિય બાનુ હતી. એનો જનમ મદીના ખાતે ઇ. સ. ૬૧૧ માં થયો. આસાં ૯ વર્ષની હતી ત્યારે મહમદ સાથે પરણી હતી. અરેબ્યન તવારીખનવેશો આ પ્રસિદ્ધ બાનુની ખુબસૂરતીની બેહદ તારીફ કરી ગયા છે. તે વેળાની રીત મુજબ આયસાંને એલમ હુન્નરથી અંજાણી નહિ રાખતાં ગણિત શાસ્ત્ર, ગાયણ વિધા વગેરે બીજાં એલમોનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. હજરત મોહમદ સાથે આયસાંએ ૪૦ વર્ષ ગુજાર્યા હતાં. એક વેળા અલીએ આસાંને કેદ કરી હતી પણ પાછો છુટકારો પામી હતી. મરણ ઇ. સ. ૬૭૮ માં નીપજ્યું (૨) ફીરદોશીની બેહેન; કે જેણે મેહમુદ તરફથી છેલ્લી ઘડીએ મળેલી ભેટ કબુલ કરી હતી. (જુઓ અબુ કાસમ ફીરદોશી.)

આસા અહીર—એ અહીર ટોળાનો મૂળ પુરૂષ હતો. એ નામ ઉપરથી અશીરગઢનો કિલ્લો બાંધવામાં આવ્યો છે. (જૂઓ અશીરગઢ)

આસાએ—યાહુદી લોકોના જૂદા જૂદા ખાનદાનનો એ પાદશાહ હતો. એ ઇ. સ. પૂર્વે ૯૫૫ માં ગાદીનશીન થયો. એ ઘણો દાનાવ અને પરહેજગાર હતો. એણે જુડીયા માંહેલી સઘળી મૂર્તિઓ જે એના બાપ 'આબીજા'એ સ્થાપી હતી તેઓને ફના કરી તેના પુજારીઓને શિક્ષા કરી હતી અને એકજ ખુદાની બંદગી કરવા ફરમાવ્યું હતું. જે વૃક્ષની ઘટા હેઠળ મૂર્તિપુજા થતી હતી તે ઝાડો કાપી નાખ્યા હતા. અને પોતાની માતા જે મૂર્તિપૂજક હતી તેણીની સર્વ સત્તા છીનવી લીધી હતી. એનું મરણ ઈ. સ. પૂર્વે ૯૧૪ માં નીપજ્યું.

આસામ—આ પ્રાંત બંગાળની પૂર્વે તથા ઉત્તરે લંબાયલો છે. એનું ક્ષેત્રફળ ૪૬૭૪૧ ચોરસ મૈલ છે. બ્રહ્મલોક તથા ઇંગ્રેજો વચ્ચે લડાઇ થઇ, તેની સલાહમાં આ દેશ ૧૮૨૬ માં ઇંગ્રેજોને મલ્યો. મુખ્ય શેહેર ગોહસ્તી એ રાજધાની બ્રહ્મપુત્રાપર છે; શિવાય તેજપૂર, સીલહટ ને રંગપૂર એ મુખ્ય શેહેરો છે. પર્વતોમાં નાગ, ખાસ્યા ને ગારો મુખ્ય છે. નદી બ્રહ્મપુત્રા એ પૂર્વ પશ્ચિમ ગએલી છે. આ પ્રાંતના ચેરાપુંજીમાં '૫૨૨' ઇંચિ વર્સાદ પડે છે. તેવો વર્સાદ પૃથ્વિના કોઇ પણ ભાગમાં વરસતો નથી. આસામમાં એકંદર લોકવસ્તી ૪૮૮૦૪૨૬ ની છે તેમાં ૩૦૬૧૦૦૦ હિંદુઓ, ૧૩,૧૭૦૦ ઇસલામીઓ અને ૭૦૦૦ ખ્રિસ્તીઓ છે.

'બ્રહ્મપુત્ર અને સુર્મા નદીઓની ખીણમાં સને ૧૮૯૧–૯૨ માં ૬૯૦૦૦૦૦ એકર જમીનમાં અને ૧૮૮૧–૮૨ માં ૬૪૦૦૦૦૦ એકર જમીન ખેડવામાં આવી હતી. આ પ્રાંતમાં ૧૮૮૧ માં ૧૫૮ હજાર એકર જમીનમાં ચા ઉગાડવામાં આવી હતી. અને તેનું ક્ષેત્રફળ વધતું જઇ સને ૧૮૯૧–૯૨ માં ૨૪૧ હજાર થયું હતું. જમીનના કરનો બોજો સને ૧૮૮૧–૮૨ માં દર એકર રૂ ૦–૮–૧૦ હતો અને સને ૧૮૯૧–૯૨ માં રૂ ૦—૯—૧૧ થયો હતો. જે ભાગમાં સ્થાઇ જમાબંદી ઠરાવી છે તે ભાગમાં ખેડુતોનું ભરણું ઓછું હોવાથી જમીનનું ગણોત થોડુંજ આવે છે, અને ઘણું ખરૂં વાવેતર માલિકોની તરફથી થાયછે.

હાલમાં લોકોની રહેવાની રીતમાં ત્યાં સારો સુધારો થઓ છે. ધાતુનાં વાસણો, ઘરેણાં, તથા રેશમી લુગડાં તેઓ ઉપયોગમાં લે છે; ઉપલા વર્ગના ખેડુતો સુનાના ઘરેણા પેહેરે છે. બ્રહ્મપુત્ર તથા સુર્મા નદીઓમાં આવવા જવાની સગવડ સારી થવાથી અને માર્ગ વધ્યાથી વેપાર ખિલ્યો છે. તેમાં અનાજનો ભાવ સેંકડે ૪૦ ટકા વધ્યો છે, અત્રેના ખેડુતોની હાલત જોકે કરજદારીથી બતંગ છે તોય આસામની ખીણમાં રહેતા ખેડુતોની હાલત સારી જણાય છે. આ પ્રાંતમાં ધંધાદારી લોકો તથા કારીગરોને પુરતું કામ મળતું નથી.

આસીડ—કેટલીક ચીજો ને હવામાંની ઑક્સીજન ગ્યાસ સાથે મળવાથી થાય છે. આ આસીડને આપણે અરક કહીએ છિયે. જે પદાર્થનો ખાટો સ્વાદ હોય છે. જેના સંયોગથી વનસપતિજન્ય પદાર્થનો લીલો રંગ ઉડી જઇ લાલ રંગ બને છે, અને જેનો આલકલીથી સંયોગ થતાં બેઉના ગુણ નહિ સરખા બને છે તે પદાર્થ આસીડ છે; એવી આસીડ વિષેની સમજ છે. પણ આ રીત સર્વ આસીડો માટે લાગુ પડતી નથી. કારણ કેટલીક આસીડો એવી છે કે તે પાતળી થતી નથી અને પાણી જેવી નહિ થવાથી તેના અંગે ઉપલા બે ગુણો આવતાં નથી. ફક્ત મિશ્ર પદાર્થનો આલકલીથી કાંઇક નીયમીત પ્રમાણથી સંયોગ થઇ ક્ષાર ઉત્પન્ન થાય છે અને જે પદાર્થ પાતળો હોઈ ખાટો લાગે છે, યા વનસ્પતિજન્ય લીલા પદાર્થને લાલ બનાવે છે તેને આસીડ કહેવામાં આવે છે. એ શિવાય આસીડના સાધારણ ગુણો એવાં છે કે તેમાં કોઇ પણ પ્રમાણથી પાણી નામતાં તેનાથી તે મળી જાય છે. પાણીનું અને તેનું રસાયન રીતે એકીકરણ થયું હોય તો તે માપમાં કમતી થાય છે. એટલે એક ગ્લાસ પાણીમાં બીજા એક ગલાસ જેટલી આસીડ નાખી હોય તો એકંદર મિશ્રણ બે ગ્લાસ કરતાં કાંઇક ઓછું થશે, અને પાણીના સંયોગથી તેના માહેલી ઉષ્ણુતા બાહાર પડશે. તેમજ તેને ચોકસ ઉષ્ણુતા લગાડી હોય તો તે ઉડી જાય છે અથવા તેનું પૃથુકરણ થાય છે.

આસીડો ઘણી તર્હેની બનાવવામાં આવે છે. આસેટીક (Acetic) આસીડ, સુગર લેડ બનાવવાના કામમાં આવે છે. બીર અને વાઇનથી બનેલા સરકામાં એ આસીડ હોય છે.

બેનઝાઇક (Benzoic) આસીડ ઘોડા, ગાય, વગેરે ઢોરોના મૂતરમાંથી મળી આવે છે.

કારબોનીક (Carbonic) આસીડ. આ પદાર્થ સ્વભાવીક વાયૂરૂપ છે, તોપણ તેના અંગે પાણીમાં મળી જવાનો ગુણ છે તેથી તે તેમાંથી મળતો હોવાથી તે પાણીમાં કાંઇક આસીડ પણ આવે છે એટલે ખટાશ વગેરે થોડા થોડા ગુણો ઉતપન્ન થાય છે. કાર્બોનીક આસીડ સૃષ્ટીમાં પુશકળ મળી આવે છે. ચુનખડી, ચૅાક, સંગેમરમરનો પથ્થર ઇત્યાદીમાં વજન સો ટકા દીઠ ૪૪ ભાગ મળી આવે છે. પ્રાણીના સ્વાસોસ્વાસથી આ આસીડ ઉત્પન્ન થાય છે. તેમજ ઝાડ તથા પ્રાણીના શરીરો કોહવા માંડે છે ત્યારે તેમાંથી આ પદાર્થ નીકળે છે. આ પદાર્થ વાતાવરણમાં સદા રહે છે. આ વાત સિદ્ધ કરવાની રીત એ છે કે ખુમચા રેકા એક વાસણમાં ચુનાનું પાણી રેડી ઉઘાડી જગા ઉપર મેલવું એટલે વાતાવરણમાંનું કાર્બોનીક આસીડ અને ચુનો એના સંયોગથી એક પદાર્થ ઉતપન્ન થઈ તેની પાતળી છારી તે પાણી ઉપર આવે છે. આ પદાર્થને ઇંગ્રેજીમાં 'કાર્બોનેત ઑફ્ લાઇમ' કહે છે. આ આસીડ દહન અને પ્રાણી જીવનનો નાશ કરે છે. એ સાધારણ વાયુ કરતાં ભારી છે એથી ઉંડા કુવા, ગુફા, વગેરેમાં ઘેરાયલી હવા હોય છે તેમાં તે તળીયે જઇ ઠરે છે, તેથી આવે ઠેકાણે મનુષ્ય અથવા કોઇ પણ પ્રાણી જતાં મરણ પામે છે. પાણીમાં અને બીજા પાતળા પદાર્થમાં દાબથી આ આસીડ મેળવી શકાય છે. પણ તે દાબ દૂર થતાં તે બાહાર નીકળી પડે છે. સોડાવૉટર આ એક પીવાનો પદાર્થ છે એમાં શુદ્ધ કરેલા પાપડખારનું પાણી હોય છે જેમાં કાર્બોનીક આસીડ ઘણું મેળવેલું હોય છે તે જાણીતી બીના છે.

સિત્રીક (citric) આસીડ ખાટા લીંબુ અને બીજા ફળોના રસમાં હોય છે.

મ્યુરીએટીક (Muriatic) આસીડ મીઠામાંથી મળી આવે છે. નાઈત્રીક (Nitric) આસીડ એ નાઇત્રોજન અને ઑક્સીજનથી બને છે. એ શુદ્ધ હોય છે ત્યારે તે પાણી કરતાં બમણા પ્રમાણમાં ભારે હોય

છે. એને રંગ નથી હોતો, એ ઝેર છે. આ આસીડ ધાતુ વગેરે પદાર્થને પઘળાવે છે, અને એનો ઉપયોગ ઘણીક કળા કૌશલ્યામાં હર રોજ થતો આવ્યો છે, ત્રાંબાના પતરાં ઉપર ચિત્રો વગેરે કોતરવાના કામમાં રંગના કામમાં, ધાતુ તૈયાર કરવાનાં કામમાં અને ધાતુની પારખ કરવામાં આ પદાર્થની ઘણી ગરજ પડે છે. કેટલીક દવાઓ તૈયાર કરવામાં પણ આ પદાર્થ ઉપયોગી છે. તેમજ તેના અંગે ધાતૂ પઘળાવવાનો ગુણ છે તેથી રસાયન ક્રિયામાં પણ એનો મોટો ઉપયોગ થાય છે. એનાથી ધાતુ પઘળાવવાની રીત એ છે કે એના અંગમાંનુ ઑકસીજન બહાર પડી તે ધાતુમાં મળી જાય છે અને તેનો ઓકસાઇડ બને છે અને તે ઓકસાઇડ આ આસીડમાં પઘળે છે. એ પ્રમાણે થતાં થતાં સર્વ ધાતુનો જંગ બની તેનું પાણી થાયછે.

ઑકઝેલીક (Oxalic) આસીડ કપડાપર પડેલા ડાઘ કાઢવાના ઉપયોગમાં આવે છે.

પ્રુસીક (Prussic) આસીડ સર્વથી ઝેરી છે, તે ભાજીપાલામાંથી મળી શકે છે.

સલફ્યુરીક (Sulphuric) આસીડ. એને આગ પાણી અથવા ગંધકનું તેલ પણ કહે છે. આ આસીડ શુદ્ધ અવસ્તામાં સૃષ્ટીમાં મળી શકતો નથી. જવલતપર્વતની આસપાસ માત્ર કેથે કેથે મળી આવે છે. એ સૃષ્ટીમાં ઘણુ કરી ચુનખડી અને બરૈતા નામની એક મીટી સાથે સંયોગ થતા મળી આવે છે. એને પાણી સાથે સંબંધ નહિ કરીએ તો એ ધાતુને તરત ખાઇ શકે છે. વનસ્પતિજન્ય અને પ્રાણીજન્ય પદાર્થથી એનો સંયોગ થતાં તેનું પૃથુકરણ થઇ કાર્બોન નીચે ઠરે છે અને પાણી એક તરફ થાય છે. પાણીથી અને આ આસીડનું રસાયન રીતે સંયોગ થતાં અતી ઘણી ગર્મી પેદા કરે છે. પાણી અને આ આસીડ વચ્ચે રસાયન આકર્ષણ ઘણું છે એથી એનું બરફ સાથે સંયોગ થતાં બરફ એકદમ પઘળી જાય છે પણ તેમાં કાંઇક નીયમીત પ્રમાણો છે, તે પ્રમાણમાં તેની સાથે મેલવ્યાથી બેહદ થંડી ઉત્પન્ન કરે છે. આ આસીડ ઘણી ઝડપથી પાણીની વરાળને ખાઇ શકે છે એથી પાણીની વરાળ બની બાકીનું પાણી ઠેરવવું હોય તો તે કૃતીમાં સલફ્યુરીક આસીડ ઉપયોગી છે. તેમજ આ આસીડ ગંધકમાંથી બનતો હોવાથી તેના ધુમાડાથી પ્રાણી ગુંગળાઇ મરણ પામેછે.

યૂરીક (uric) આસીડ સાંપના ઝેરમાંથી મળે છે.

આસીન—નાટકમાં અંગ ઉપર અલંકાર વગેરેનો સણુગાર નહિ કરી શોક અને ચીંતાયુકત જે ગાયણુ સ્ત્રીઓ તરફથી ગાવામાં આવે છે તે.

આસીરિયા—(જુઓ એસીરિયા.)

આસીસિનીજ—પંજાબ ઇલાકામાં આ પ્રખ્યાત નદી છે. હાલમાં તે ચીનાબને નામે જાણીતી છે.

આસુંદરો—આ એક જંગલી ઝાડ છે. જેવા આઇનના વૃક્ષો મોટાં હોય છે તેવાજ એના વૃક્ષો પણ હોય છે. આઇનનાં ઝાડને એ ઘણું ખરૂં મલતું આવે છે, એના પાંદડાંની પોહળાઈ સુમારે પાંચ ઇંચ હોય છે અને તે વેંહેતભર લાંબુ હોય છે. એને સફેદ મોહર આવે છે. એના ઝાડની છાલ નીચે પણ સફેદ હોય છે. આ ઝાડપર ધોળા ફુલો આવે છે. એના લાકડાં ઇમારતી કામમાં આવે છે. એ રાસ્નાને મળતો આવે છે અને તેથી ગાંધીઓ તેને બદલે આસુંદરો આપે છે. એના પાંદડાં ગડ ઉપર ચોપડાય છે.

આસેલા—આ જોવા જોગ તળાવ દાંતાનાં રાજ્યમાં ગઢગામની સરહદ પાસ તરસંગમાંથી ત્રણ કોસ છેટે આવેલો છે. આ તલાવ માહારાણા આશકરણે બંધાવ્યો હતો.

આસોંદરો—દક્ષણી લોકો દસેરાને દીવસે આ ઝાડની પુંજા કરે છે અને તેના પાંદડાંની બીડી બનાવવામાં આવેછે. એ ઉષ્ણ અને સોસક છે. ફકત દસેરાને દીવસે એને સુન્નાને નામે ઓળખે છે.

આસોપાલવ—(જુઓ અશોક.)

આસોફજહાં—હાલના હૈદ્રાબાદના નીજામ વંશનો એ સ્થાપક હતો. એનું મૂળ નામ ચીનકીલીચખાન હતું. એનો જનમ ઇ. સ. ૧૬૪૩ માં થયો હતો. એના પિતાનું નામ ગાઝીઉદદીનખાન હતું, કે જે શ્રેષ્ટ તૂર્ક ખાનદાનનો નબીરો હતો. પિતા અને પુત્રે ઔરંગજેબની નોકરી બજાવી હતી પણ આસોફજંહાએ જહાંદરશાહ, બાહાદુરશાહ, ફરોખશીઅર અને મહમદશાહની નોકરી કરી હતી. એ દખણના હાકેમની જગાપર નેમાયો હતો. અહમદશાહના સમયમાં એને માલવાના હાકેમની જગા મળી જ્યાં એણે ૧૭૨૦ માં બળવો કર્યો હતો અને એજ વર્ષમાં અશીરગઢને સર કીધો. ઔરંગાબાદમાં એણે દીલાવરખાનને હાર આપી. ઇ. સ. ૧૭૨૨ માં એ દિલ્લીમાં વજીરની જગ્યાપર નેમાયો. થોડા માસ પછી એને ગુજરાતના હાકેમ હૈદરકુલી ઉપર મોકલ્યો ત્યાં જઇ એણે ફતેહે મેળવી પાછો દિલ્હી આવ્યો. ઇ. સ. ૧૭૨૩ ની અકટોબરે (મોહરમના ૧૧૩૬ માં) પોતાનો ઓદ્દો છોડી તે દખણ તરફ ગયો અને મુબારકખાનનો પરાજય કરી ઈ. સ. ૧૭૨૪માં એ સ્વતંત્ર થયો. ઇ. સ. ૧૭૪૭ ના જુનની ૧૯ મી તારીખે ૧૦૪ વર્ષની બુજોર્ગ વયે આર્કાટમાં મરણ પામ્યો.

સર સૈઅદ આહમદખાન સી. આઈ. ઇ.—જનમ દિલ્હીમાં ઇ. સ. ૧૮૧૭ માં થયો. એમનું કૂળ સૈયદના નામે જાણીતું છે. આહમદખાનનું કુટુંબ મોગલ રાજ્યના વખતથી પ્રસિદ્ધ હતું. ૧૮૩૭ માં આહમદખાન સરકારી નોકરીમાં દાખલ થઈ આગ્રાના કમીશનરના હાથ તળે નોકરી બજાવી હળવે હળવે પદ્દિએ ચઢી તે મદદનીશ ન્યાયાધીશ થયો હતો, અને હિંદમાં બળવા સમયે તેજ ઓદ્દાપર હતો. તેણે મુશકેલીના વખતમાં સરકારની બહુ વફાદારી ભરી સેવા બજાવી હતી અને ઘણાક ઇંગ્રેજોની જીંદગી બચાવી હતી. તે સેવાના બદલામાં બળવો સમાયા પછી સરકાર તરફથી તેમને એક પેનશન બાંધી આપવામાં આવ્યું હતું તે હાલમાં પણ તેના પુત્રને મળે છે.

ઉર્દુ ભાષામાં એણે હિંદી બળવાના કારણો, એવે નામનું પુસ્તક પ્રગટ કીધું અને ૧૮૬૦માં હિંદુસ્થાનમાં વસ્તા વફાદાર મુસલમાનો એવે નામની એક ચોપડી છપાવી બહાર પાડી હતી. ૧૮૫૮ના વર્ષમાં ઇસલામી પ્રજાના લાભ થકી એક નિશાળ મોરાદાબાદમાં ઉઘાડી હતી. તથા ૧૮૬૪ માં અલીગઢ ખાતે એક કૉલેજ સ્થાપી હતી. વળી તેણે એક ગ્રંથદ્વારે ખ્રિસ્તીઓની ધર્મપોથી બાઈબલ ઉપર ટીકા કરી હતી. ૧૮૬૯ માં ઇંગલાંડમાં મુસાફરી કરી હતી, અને મુસાફરીથી પાછું ફરી તેણે મુસલમાન કોમનો સંસાર સુધારો એવે નામનું એક ચોપાન્યુ પ્રગટ કરવા માંડયું હતું, મરણ ૧૮૯૮ ના માર્ચ માસમાં નીપજ્યું હતું.

આહમીસ—આ થીબ્સનો રાજા ઇ. સ. પૂર્વે ૧૭૦૩ માં ૧૮ મી વંશ પંક્તિએ રાજગાદીએ આવ્યો હતો. એણે ગાદીએ આવતાં પ્રથમ હિકસોસોને ઓએરીસમાંથી કાઢી મેળીને સ્વતંત્ર બનાવવાનો નિશ્ચય કર્યો. આ હેતુથી તેણે ૫૦૦૦૦૦ લાખનું મોટું લશકર એખટું કરી તે સાથે એક બીજો કાફલો નાઇલમાં તૈયાર કર્યો હતો કે જે એને ઘણો ઉપયોગી થઇ પડયો. એ લશકરમાં પોતે આગેવાન ભાગ લઈ હરોળમાં પોતે ચાલતો હતો, પ્રથમ એણે ઓએરીસને ઘેરો ઘાલવા માંડયો અને કાફલાને તલાવ તરફથી દેવાલપર હુમલો કરવા હોકમ આપ્યો અને જમીનનું લશકર બીજી તરફથી હુમલો લઇ ગયું. આ યુકિતયુકત હુમલાથી હિકસોને દેશમાંથી હાંકી સિરીયામાં નહસાડી મેલ્યા હતા, એણે દુશમનોની પાછળ પડી તેમને છેક પેલેસટાઇનના ડુંગરી મુલકમાં નસાડી મુકયા પણ થોડાએક દુશમનો દક્ષિણ પેલેસ્ટાઇનના 'શારૂહેનમાં' ભરાયા હતા તેમને ઘેરીને કતલ કર્યા હતા, એણે પોતાના રાજ્યના પેહેલાં પાંચ વર્ષો હિકસોસોની પ્રજાએ

નીચલું અને મધ્ય ઇજપ્ત પચાવી બેઠા હતા તેમને હાંકી કાઢવામાં ગુજર્યા હતા, એણે હબશીઓ તરફથી મદદ મેળવવા થકી એક હબશી શાહજાદી સાથે પોતાના લગ્ન કરી હબશી લશકરની મદદ મેળવી હતી. રાણીનું નામ નેફરટેરી આહમમીસ' હતું. યાને "આહમીસની ભલી સહચરી" એવું ઉપનામ તેણીને આપેલું હતું. આ રાણીથી એને થોથમીસ નામે એક પરાક્રમી પુત્ર થયો હતો (જુઓ ઇજીપ્તનો ઇતિહાસ) આહમીસે મેષપાલોને હાંકી કાઢી ઇથિયોપીયા સાથે સંબંધમાં આવ્યો હતો.

અહાર્યાભિનય—(જુઓ અભીનય.)

આહિર—આ એક જાતનું નામ છે. તેઓ ગુજરાતમાં વસે છે. 'મોટા હૂમલાઓ રાજ્ય તથા વસ્તીમાં કીધા પણ આહિર પોતાના ઢોરો સાથે ગુજરાતમાં વસતા આવ્યા છે. જ્યાં ઘાસ ચારો મળે ત્યાં તેઓ મુકામ રાખે છે. તેઓ કહે છે કે "અમો સીંધના સૂમર વંશના છિયે * ને ગુજરાતમાં આવ્યા પછી દીવના સોલંકી સાથે દક્ષિણ કાઠીયાવાડવાળા સાથે ને ઉજ્જનના પરમાર સાથે પરસપર પુત્રી વેહવાર રાખતા થયા.. કૃષ્ણની સાથે અમે સોરઠ આવ્યા ને ગીરનારની ડુંગરીની પડોસમાં વસ્યા ને સોરઠીયા આહિર કહેવાયા.' જગેજગ ઘણી જાતી છે પણ ધંધામાં એમના બે વર્ગ છે. કસબામાં રહેનારા તે ગુજ્જર ને બીજા જે ઢોર પાળનારા તેઓ સાક કેહેવાય છે. ગુજ્જરો હાલમાં ખેડુતનો ધંધો કરે છે.

આહૂક—યદૂવંશી મથુરાપુરીના રાજા ઉગ્રસેન તથા દેવકનો એ પિતા.

આક્ષતી હુામવઈન્તી—જરથોસ્તી એતેકાદ મુજબ આ ફરેસ્તો છે. એનો અસલ અર્થ 'ફતેહમંદ દોસ્તી' મોહબત ભરી સલ્હા થાય છે. આ ફરેસ્તાની આરાધના વિસ્પરદના ૧૧ માં કરદામાં આવેલી છે.

આક્ષિત—આ ઇજંદ સુલેહ તથા સચ્ચાઇ પર મવક્કલ છે.

આજ્ઞ—સૃષ્ટીના ૭ ચક્રો માહેલું એક. સાત ચક્ર આ પ્રમાણે છે. આજ્ઞ, મુળાધાર, સહસ્ત્ર, વિશુદ્ધિ, મણીપુરક, અનાહિદ, અને સ્વાધીષ્ટાન.

પુસ્તક ૧ લું સમાપ્ત.

---

* ભાટોના કહેવા પ્રમાણે સીંધના સૂમરા રાજાને પાંચ છોકરા તે અહીંના મુલકમાં આવી વસ્યા ને તે પછી વધેલી સંતતીની જાત ફેલાઇ. વાધનો વેળો બહુ ચાલ્યો. દીવના અરજીુન સોલંકીનો દીકરો સોરઠીયા આહિરમાં પરણ્યો તેના વંશજ તે લખનોતરી.

બે હજાર વર્ષ ઉપર મધ્ય હિંદમાં ભરવાડ રાજાઓ હતા, તે વર્ગમાંના તેઓ હશે, આસીર જેણે આસીરગઢ વસાવ્યું તે આહિર હતો ને ગીરનારની તળેટીમાં અશોકનો શિલા લેખ બતાવે છે કે જેમ ઉજ્જમાં તેમ સૌરાષ્ટમાં તથા તે બેની વચમાંના પ્રદેશમાં આહિર રાજા હતો—નર્મદા.

'જ્ઞાનચક્ર'

યાને

ગુજરાતી "સાઈક્લોપીડિયા."

(આવૃત્તિ બીજી)

પુસ્તક ૧ લાની

વિષયાનુક્રમણિકા.

કિંમત રૂ ૩—૦

આ 'જ્ઞાનચક્ર' ગ્રંથ 'કોશ'ની રચનાપર રચાયલો છે, પણ નીચે આપેલું સાંકળીયું જૂદી જૂદી મનગમતી બાબતો સામટી રીતે મળી શકે તે વસ્તે બનાવ્યું છે.

૧

જૂદી જૂદી કોમના પ્રસિદ્ધ સ્ત્રી પુરૂષોનાં

જન્મ ચરિત્રો—

તથા ઇતિહાસ, ધર્મજ્ઞાન કથા, કાયદા રસમ વગેરે વિષયો.

—:o:—

પ્રાચીન, અર્વાચીન ઇરાની, તુરાની તથા હાલના જરથોસ્તીઓ સંબંધી.

અઇન્યવ ૧
અઇપિવંઘુ ૧
અઇર્યવ ૨
અઇરાફ્ ૨
અઉઝવ ૨
અઉર્વત-અસ્પ ... ૨
અઉર્વસાર ૨
અએતૂનપાદ ૩
અઓપનર ૩
અંધ્રેરસ ૩૩
અજીદહાક ૪૨
અનહોમાં ૬૪
અનહોમાયાન ... ૬૪
અનોશ... ... ... ૭૩
અફ્રાશિયાબ ૮૩
અયોઅસ્તી ૧૪૮
અરજાસ્પ ૧૫૨
અર્દવશ ૧ લો. ... ૧૬૦
અર્દવશ ૨ જો. ... ૧૬૦
અર્દવાન ૧ લો. ... ૧૬૦
અર્દવાન ૨ જો. ... ૧૬૦
અર્દશીર બાબેગાન ... ૧૬૦
અર્દાવિરાફ્ ૧૬૦
અરદેશર બાબેગાન ... ૧૬૧
અરદેશર '૨' જો ... ૧૬૫
અરદેશર ૧૬૫
અ. ખ. દાદીશેઠ ... ૧૬૫
અ. ખ. વાહાડિયા... ૧૬૫
અ. જ. દ. કામદીન ૧૬૬
અ. ડો. મુનશી ... ૧૬૬
અ. દાદાભાઇ... ... ૧૬૭
ડૉ. અ. દા. નવરોજી... ૧૬૭
અ. ધ. કોટવાલ ... ૧૬૭
અ. નો. કેરમાની ... ૧૬૯
અ. ફ્. દાવર ... ૧૬૯
અ. ફ્. મૂસ ... ૧૭૦
અ. બે. પટેલ ... ૧૭૦
અ. બે. લશકરી ... ૧૭૧
અ. સંજાણી... ... ૧૭૧
અ. સો. દ. કામદીન ૧૭૧
અ. હેરબર્દ હોરમજદ. ૧૭૪
અ. હો. વાહાડિયા ... ૧૭૪
અરનવાજ ૧૭૫
અરવદે કએપસીન ... ૧૭૬
અર્ષન ૧૭૭
અરવનં ૧૭૭
અવરેથ્રબંધ ૨૧૫
અવરેથ્રબંધ ૨૧૫

અશક (૧–૨) ... ૨૧૭
અશકાન ૨૧૮
અશમોખન્વત ... ૨૧૯
અશવઝદહ્હ ૨૨૧
અશવન્દ ૨૨૧
અષ વજદંધ... ... ૨૨૫
„ „ ૨૨૫
અષસ્કોયથ ૨૨૫
અષસ્તૂ... ... ... ૨૨૫
અષોરઓચંધ... ... ૨૨૬
અસ્પન્તમાન ૨૨૯
અસપંદીયાર રૂઇનતન. ૨૨૯
„ દસ્તુર કામદીન. ૨૩૧
„ ફ. દસ્તુર ... ૨૩૩
„ યજદીયાર ... ૨૩૩
„ રતનજીશાહ.... ૨૩૩
અસ્પાયઓધ ૨૩૩
અસબની ૨૩૪
અસરતશામ ૨૩૪
આખ્રૂર ૨૫૭
દસ્તુર આજરકૈવાન ... ૨૬૬
આજરમી દોખ્ત ... ૨૬૮
આતરેદાત ૨૭૫
આથઇવ... ... ... ૨૮૨
આદમીદાન ૨૮૬
આદરફ્રરોબગ... ... ૨૮૮
આદરબાદ મારેસ્પંદ... ૨૮૮
આદરબુર્જીન ૨૮૮
„ „ ૨૮૮
આબતીન ૩૦૪
આબાદીરોળો ૩૦૫
આમેશ્રીસ ૩૧૨
„ „ ૩૧૨
આરતે જર્કસીસ ... ૩૨૦
„ „ ૨ જો ... ૩૨૧
„ „ ૩ જો ... ૩૨૨
આરએનસ ૩૨૨
„ ૨ જો ૩૨૨
આરદુઆન ૩૨૪
આર્યબુર્જીન ૩૪૨
આર્યબુર્જીન ૨ જો ... ૩૪૨
આર્યમન ૩૪૨
આર્યરથ ૩૪૨
„ ૨ જો ૩૪૩
„ ૩ જો ૩૪૩
„ ૪ થો ૩૪૩
„ ૫ મો ૩૪૩
„ ૬ ઠો ૩૪૩
„ ૭ મો ૩૪૪
„ ૮ મો ૩૪૪
„ ૯ મો ૩૪૪
આરસેસ ૩૪૬
આરસેસી ૩૪૬
આરાસ્તીપેતેરસ્પ ... ૩૪૮
આરીકયૂસ ૩૪૮
લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇ ... ૩૭૨
આવાંબાઇ કોલ્હા ... ૩૭૩
આશદીનકાકા ... ૩૭૪
આસ્તાયજીસ ૩૭૬

પ્રાચીન, અર્વાચીન આર્યનો, તેમના દેવતા, ધર્મ કથાઓ અને હાલના હિંદુઓ સંબંધી.

અક્રૂર ૧૨
અક્કલકોટના ૧૩
અખેરાજજી ૧૯
અખેસિંહ ૨૦
અખો—ભગત... ... ૨૦
અંગદ ૨૧
અગ્નિ ૨૨
અગ્નિધ્રરાજા ૨૩
અગનીવર્ણ ૨૫
અગનીબેસ ૨૫
અગસત્ય ઋષિ ... ૩૦
અગસત્ય કવિ ... ૩૦
અંગીરા ૩૨
અચ્યૂતરાવ ૩૪
અજ ૩૫
અંજના ૩૬
અંજની ૩૬
અજબસિંહ ૩૭
અજયદેવ ૩૮
અંજળીમાં ૩૮
અજાથાસત્રા ૪૦
અજામીલ ૪૦
અજીતસીંગ ૪૧
અજીતસિંહ (જોધપૂરના) ૪૧
„ (રેવાકાંઠાના) ૪૨
અજેપાળ ૪૪
અજોધ્યાનાથ... ... ૪૪
અણહલ ૪૮
અત્રીઋષિ ૪૯
અતીથિગવ ૫૧
અથવર્ણાચાર્ય ૫૧
અથર્વંઋષિ ૫૨
અદિતી ૫૬
અદેરાજજી ૫૭
અધીનાથ ૫૮
અનંગ ૫૯
અનંગપાળ ૫૯
અનંગમંજરી. ... ૬૦
અનન્તફંદી ૬૨
અન્નભટ ૬૩
અન્નાચારી ૬૪
અનીરૂધ ૭૧
અનુબાઇ ૭૧
અનુસૂયા ૭૧
અનુકૂલચંદ મુકરજી... ૭૧
અનૂવિન્દ ... ... [illegible]
અપ્પરકવિ ... ... [illegible]
અપ્પાકવિ ૭૩
અપ્પાદિક્ષીત ૭૪
અપ્પાદિક્ષીત ૨ જો ... ૭૫
અપરાદિત્ય ૭૫
અપાલા ૭૬
અપાસાહેબ ૭૬
અબન્નકવિ ૧૦૧
અંબરીષ રાજા ... ૧૦૩
અંબા ૧૦૪
અંબાલાલ સાકરલાલ એમ. એ. ... ૧૦૫
અંબિકા ૧૦૮
અભયસિંહ ૧૨૧
અમ્બરીષ ૧૨૪
અમ્બાલિકા ૧૨૪
અમરચંદ બીદરીચંદ.. ૧૨૫
અમરજી કુંવરજી ... ૧૨૫
અમરસિંહ—કવિ ... ૧૨૬
અમરસિંહ—રાણો ... ૧૨૬

અમરસિંહ— ,, ... ૧૨૭
,, ,, ... ૧૨૭
,, મહારાવ ... ૧૨૮
,, ,, ... ૧૨૮
,, રાવત ... ૧૨૮
,, રાજા ... ૧૨૮
અમરસિંહ બહાદુર ... ૧૨૮
અમરૂ કવિ ... ૧૩૦
અમરૂતરાય ૧૩૧
અમિત્રઘાત ૧૩૮
અયુ ૧૪૭
અયોધ્યાનાથ ૧૪૯
અર્જુન ૧૫૩
અર્જુનદાસ ૧૫૬
અર્જુનપાલ રાજા ... ૧૫૬
અર્જુનદેવ ૧૫૬
અર્જુનસિંહ ૧૫૭
અર્થપત્તિ ૧૫૮
અરીહંત ૧૭૯
અરૂચી ૧૭૯
અરૂણ... ... ... ૧૮૦
અરૂંધતી ૧૮૨
અલખ બુલાખી ... ૧૮૫
અલર્કરાજા ૧૯૦
અવર્ણુ... ... ... ૨૧૫
અવિચાર ૨૧૬
અશ્વથામા ૨૨૧
અશ્વપતિ ૨૨૧
અશુમતિ ૨૨૩
અશુમાન ૨૨૩
અશોક... ... ... ૨૨૩
અસમંજસ ૨૩૪
અસીત... ... ... ૨૩૫
અર્હત ૨૩૯
અંહલ્યાજી ૨૩૯
અંહલ્યાબાઇ–હોળકરીન.૨૩૯
અહિરાવણ ૨૪૧
અહીલોચન ૨૪૨
અક્ષોભ્ય દીક્ષિત ... ૨૪૫
આંધ્ર કાલીદાસ ... ૨૬૩
આણંદરાવ ૨૭૨
આત્મારામજી પંડીત... ૨૭૨
આદિત્ય ૨૮૮
આદિનાથ ૨૮૮
આધીકનાન ૨૯૦
આનધ્રદેશના રાજા ... ૨૯૧
આનંદા ચાર્લ્સ સી.
આઇ. ઇ. ૨૯૧
આનન્દીબાઇ ... ૨૯૨
ડૉ૦ આનન્દી જોશી... ૨૯૩
આપગ્ગા ૨૯૬
આપતય૦ ... ... ૨૯૮
આયલભાસ્કર... ... ૩૧૪
આરજા (૧—૨) ... ૩૧૯
આર્યજનનું વૃતાંત... ૩૩૭
આર્યભટ્ટ ૩૪૨
આર્ય ક્ષેમીશ્વર ... ૩૪૪
આલસાનીપેદ્દના ... ૩૬૨
આવ્હેર ૩૭૧
આશકરણ ૩૭૩
આશકરણ ૩૭૩
આશાદિત્ય ૩૭૪
આસ્તીક ૩૭૭
આસાઅહીર ૩૮૦
આહૂક ૩૮૪

પ્રાચીન અર્વાચીન અને હાલના મોહમેદનો તથા તેમના ધર્મજ્ઞાન સંબંધી. ✓

અકબર બાદશાહ ... ૫
અકબર (૨) જો ... ૧૧
અકબાહ ૧૨
અજાજીલ ૩૯
અજીજબી ૪૧
અઝીઝ બિલ્લા... ... ૪૫
અતાબેગ ૫૦
અત્તામલીક ૫૦
અદીલશાહ ૫૭
અનસરી ૬૪
અફજલઉદ્દૌલા ... ૮૩
અફઝુલ ૮૩
અફઝુલખાન ૮૩
અબ્દઅલમલેક મેરવાન ૯૨
અબ્દઅલ રજાક ... ૯૨
અબ્દઅલી... ... ૯૩
અબ્દ કાસમ મહમદ ૯૩
અબદલ્લાઅલી મુતાલીબ ૯૪
,, મલીક ઓમર ૯૪
,, બીન અલી ૯૪
,, ઇબ્ન મુકફ્ફા ૯૪
,, બીનબાલકન ૯૪
અબદલ્લા બીન મહમદ ૯૪
,, કાસીમ ... ૯૪
,, મુલ્લાં ... ૯૪
અબદાલી ૯૬
,, ... ૯૬
અબ્દુલ અજીજ ... ૯૬
,, કાદર ધીલાની ૯૬
,, કાદીર ... ૯૬
,, બીન ઝોબીર. ૯૬
,, મજીદ ... ૯૭
,, મલીક ... ૯૭
,, મુતાલીબ ... ૯૭
,, મુનાફ ... ૯૮
,, દાર ... ૯૮
,, મુમેન ... ૯૮
,, રહિમ ... ૯૮
,, રહિમાન (અમીર) ૯૯
,, ,, નલો ... ૯૯
,, ૨ જો ... ૧૦૦
,, ૩ જો ... ૧૦૦
,, લતીફ ... ૧૦૧
,, વાહેબ ... ૧૦૧
અબ્દુલસિંહ... ... ૧૦૧
,, હસન... ... ૧૦૧
,, મેમુન ... ૧૦૧
અબ્બાસ મિર્ઝા ... ૧૦૧
અબ્યુદસ અફફાર ... ૧૦૨
અંબરસીદ્દી... ... ૧૦૨
અબાસ ૧ લો ... ૧૦૬
,, ૨ જો ... ૧૦૭
,, ,, ... ૧૦૭
અબાસા ૧૦૭
અબાસ પાશા ... ૧૦૭
અબીસ્તાજી ... ૧૦૮
અબુઅલી મહમદ ... ૧૦૮
,, હાસમ... ... ૧૦૮
,, હોશેનીઓખારી.. ૧૦૯
અબુઇસાક ૧૧૦
અબુ ઉસમાન સૈયદ... ૧૧૦
અબુકારીબ ૧૧૦
અબુકાસમ ફીરદૌશી ૧૧૦
અબુજાફર ૧૧૪
અબુજાફર બાબુય ... ૧૧૪
અબુતાલીબ ૧૧૪

અબુતીમામ ૧૧૪
અબુનશર ફરાબી ... ૧૧૫
અબુબક્ર તફલવ્ય ... ૧૧૫
અબુબક્ર કાલીફ ... ૧૧૬
અબુબજદ જાની ... ૧૧૬
અબુરેહાન મહમદ... ૧૧૬
અબુલકાશમ... ... ૧૧૬
અબુલખેર ૧૧૬
અબુલફજલ ૧૧૭
અબુલફરદ તીબ ... ૧૧૭
અબુલફરાજુસ ... ૧૧૮
અબુલરસીદ ૧૧૮
અબુલ વાહીબ ... ૧૧૮
અબુલહસન રૂદકી ... ૧૧૮
અબુલહસન અલી ... ૧૧૮
અબુલહસન નસ્ત્ર ... ૧૧૮
અબુસઈયદ મિર્જા ... ૧૧૯
અબુસઈયદ સિના ... ૧૧૯
અબુ સુજા ૧૧૯
અબુ સુફયાન... ... ૧૧૯
અબુ સુહેલી કુશી ... ૧૧૯
અબુ હનીફ ૧૧૯
અમ્માર ઇબ્ને વઝીર ૧૨૩
અમ્માર ઇબ્ન અલઆસ૧૨૫
અમરૂ અલઆસ ... ૧૩૦
અમરૂ અલકયસ ... ૧૩૦
અમીરઅલી ૧૩૮
અમીરખશરૂ ૧૩૯
અમીરખાન ૧૩૯
અમીરશાહી ૧૪૦
અમીર સઇઅદશાહ... ૧૪૦
અયબીક અઝાદીદીન ૧૪૬
અર્ગુન ૧૫૨
અર્જમંદબાનુ ૧૫૩
અરસલ ૧૭૭
અલઅશહારી ... ૧૮૪
અલઆ શઉઆદ ... ૧૮૪
અલઓમર ૧૮૫
અલખીન્ડી ૧૮૬
અલગીઝાલ ૧૮૬
અલતમસ ૧૮૬
અલપ્તગીન ૧૮૬
અલફજલ અદવિહા... ૧૮૭
અલફારિયાબી ... ૧૮૮
અલબ્તગીન ૧૮૮
અલબિરૂની ૧૮૮
અલબિલાદરી... ... ૧૮૮
અલબુરાક ૧૮૯
અલમનસૂર ૧૮૯
અલહાકીમઅત્તા ... ૧૯૨
અલાઉદ્દીન ખીલજી... ૧૯૨
,, ,, ... ૧૯૩
,, ,, ઘોરી ... ૧૯૩
,, ,, મહંમદ ... ૧૯૩
,, ,, શેખ ... ૧૯૩
,, ,, મસુદી ... ૧૯૫
અલાનખાન ૧૯૫
અલાવા ૧૯૮
અલીઇબ્ન અબુતાલીબ ૧૯૯
અલીનકી ૨૦૦
અલીપાશા ૨૦૦
અલીપાશા અહમદ... ૨૦૧
અલીબીન શીરબેગ... ૨૦૧
અલીબેગ ૨૦૧
અલીમર્દનખાન ... ૨૦૧
અલીમસુદી ૨૦૨
અલીમુરાદખાન ... ૨૦૨
અલીવર્દીખાન ... ૨૦૩
અલીહાકેમ ૨૦૩
અશીરબેગ ૨૨૫
અસ્પખીનબર્ખી ... ૨૩૩
અહમત ૨૩૬
,, ૧ લો ૨૩૬
,, ૨સ્મી ઇફન્દી... ૧૩૭
અહમદખાન ૨૩૭
અહમદશાહ ૨૩૮
,, ,, ... ,,
આઇસાં ૨૪૯
આકેલખાન ૨૫૬
આગાખાન ૨૬૨
આગામોહમદ કાજર. ૨૬૩
આજમ ૨૬૬
આદધલદીન ૨૮૪
આદમ ૨૮૫
આબાદ ૧ લો ... ૩૦૪
,, ૨ જો ... ૩૦૫
આબાસપાશા... ... ૩૦૫
આમ્માર બઅક્રામ ... ૩૦૯
આમેના ૩૧૨
આરકાલિખાં... ... ૩૧૮
આરગુન ૩૧૮
આરઝુ ૩૧૯
આરબ લોકોની તવારી ૩૨૫
આરામ ૩૪૬
આલ્પઅર્સલાન ... ૩૫૬
આલબીલાદરી ... ૩૬૧
અલબુકાસીમ ... ૩૬૧
આલમગીર ૩૬૧
આલમ સૈયદ ... ૩૬૨
સર આસમાનજાંહ... ૩૭૯
આસાં ૩૮૦
અસોફજહાં ૩૮૩
સર સૈયદ આહમદ સી. આઇ. ઈ. ... ૩૮૩

ખ્રિસ્તો, જ્યૂ, ચીના, જેપાનીઝ, રોમન, અમેરીકન, ગ્રીક વગેરે પ્રજાના સ્ત્રી પુરૂષોનાં જન્મ ચરિત્રો તથા તેમના ધર્મજ્ઞાન વિષયો.

અઇટીસ ૧
અકટોન જોસફ ... ૫
અકયુલસ હ્યુસ્યુસ ... ૧૨
અકરેનસ... ... ૧૨
અકરોન ૧૨
અકારી ૧૭
અકીબાબીન જોસફ... ૧૭
અકીરબી ગુરુપી ... ૧૮
ઍગનીતિસ ... ૨૫
અગનોલાબાકાઇઓ... ૨૫
અગરીકોલ ... ૨૯
અગલાઇઆ ... ૩૦
અગલાટ્રોન ... ૩૦
અગાટો ૩૧
અગાથીઅસ ... ૩૧
અગાથોલિયા ... ૩૧
અજેકસ ૪૪
અટર્સનપીટર્સ ... ૪૫
અનકશાગોરસ ... ૫૯
અનટોનિયો, સિલભ્હા ૬૦
અનડરસન એડમ ... ૬૦
અનડરસન એલેકઝાન્ડર ૬૦
અનડરસન જેમ્સ ... ૬૧
અનડરસન જોન ... ૬૧

અનડરસન જોન ... ૬૧
અનડ્રાડીગોટ ૬૧
અનતૂપેંશુતેહ ૬૧
અન્યૂબિયસ ૬૪
અનાક્રિયોન ૬૪
અનાખશીમાન્દર ... ૬૫
અનાખશીમીનશ ... ૬૫
અપીયન ૭૭
અપીયાન ૭૭
અપોલસ ૭૭
અફ્રરડોમીટીયસ ... ૮૩
અફલાતૂન ૮૪
અબઆકકો ૯૧
અબબીઆટી ૧૦૨
અબ્રહામ ૧૦૩
અબાટી ગાઇડી ... ૧૦૫
અબાટીયા ૧૦૫
અબાટીપાલ ૧૦૫
અબારકામેરીયા ... ૧૦૫
અબાસમાગુસ ... ૧૦૬
અબાસકોલ જોશી ... ૧૦૬
અબાસેમ્યુઅલ ... ૧૦૬
અબોઝીટફાર્યમન ... ૧૨૦
અબોટચાર્લસ... ... ૧૨૦
અબોટજ્યૉર્જ... ... ૧૨૦
અબોટબેનજામીન ... ૧૨૦
અબોટરૉબર્ટ ૧૨૪
અમલસોનાથ ૧૩૩
અમ્સલસ સેમ્યુઅલ... ૧૩૬
અમહર્સ્ટ વિલ્યમ ... ૧૩૬
અમાડી કાર્લો એનટોન્યો .૧૩૭
,, ,, ૧૩૭
અમીન્ટાનીકોલસ ... ૧૩૮
અયટોની વિલ્યમ ... ૧૪૫
અયન્સવર્થ ,, ... ૧૪૬
અયરોલાએનજીલા ... ૧૪૬
અયસીમલી ૧૪૭
અયુ ૧૪૭
અયુન ૧૪૮
અર્જેવઝ ૧૫૩
અરટાલીગારપર ... ૧૫૭
અરટીજન ૧૫૭
અરબાસીસ ૧૭૫
અર્ધતીમ ૧૭૬
અરાટસ ૧૭૭
અલફયઅર ચાર્લસ ... ૧૮૫
અલજાકબ ૧૮૬
અલશીરી વિક્ટોરિયા... ૧૮૮
અલરીકયૂસ ૧૯૦
અલવર્ઝડીઓરીન્ટી ... ૧૯૧
અલવાફ્રરડીનેન્ડ ... ૧૯૧
અલસ્ટોનચાર્લસ ... ૧૯૧
,, વૉશીંગટન... ૧૯૨
અલસારિયો ૧૯૨
અલાનામેડ્મકારાડોરી.. ૧૯૫
અલાયનડીલીફ ... ૧૯૭
અલારકોફ્રરનાન્ડો ... ૧૯૭
અલાર્ટમેરીગે... ... ૧૯૭
અલાર્ડજેન ૧૯૭
ઍલીકસંઓવચેમ્પેગની. ૨૦૦
અલેકઝાન્ડરધીગ્રેટ ... ૨૦૪
અલેકઝાન્ડવિલ્યમ ... ૨૦૮
,, ,,પોપ ... ૨૦૭
,, ,,બીજો... ૨૦૮
,, ,, ,, ... ૨૦૮
,, ,, ,, ... ૨૦૮
,, ,, જૉનીસ ૨૦૮
અલેકઝાન્ડ ૧ લો ... ૨૦૮
,, ,, ૨ જો ... ૨૦૮
,, ,, ૩ જો ... ૨૦૯
,, ,, ૪ થો ... ૨૦૯
,, ,, ડુમા ... ૨૦૯
અલેકઝાન્ડર પારીસ... ૨૦૯
,, ,, નોલ ... ૨૦૯
,, ક્રિન્લાક ફ્રાબેસ... ૨૧૦
,, હાલીસ... ... ૨૧૧
,, ,, ૩ જો ... ૨૧૧
,, ,, ૩ જો ... ૨૧૧
અલેકઝાડડ્રીયા... ... ૨૧૩
અશખલીઉશ ૨૧૯
અશફ્નદરાશ ૨૧૯
અસપાસી ૨૩૩
અસપાસીયા ૨૩૩
આઇઝેકન્યુટન ... ૨૪૬
આઇઝેક પીટમન ... ૨૪૭
આકુંટીલડુપેરો ... ૨૫૫
આકેલીઝ ૨૫૬
આગગાર્ડ ૨૬૧
લેડી આગનીસ ... ૨૬૧
લેડી આગનીસ ... ૨૬૧
આગસ્ટાઇન ૨૬૨
,, ,, ... ૨૬૨
આથિનેસા ૨૮૨
આથીલાએ ૨૮૩
આથોની ૨૮૪
આદમ... ... ... ૨૮૫
આનડ્રીઉસેન્ટ ૨૯૦
આન્થેલમ કૉલેટ ... ૨૯૧
આનાલીટીશીઆ ... ૨૯૬
આનીબિઝાંટ ૨૯૬
આબાના પિડો ... ૩૦૫
આબીજા ૩૦૬
આમાસીસ ૩૧૧
આમઝીઆએ... ... ૩૧૧
આમોનય ૩૧૨
આયમોન ૩૧૩
આર્કજોન આવ ... ૩૧૭
આરકાનો મ્યુરો ... ૩૧૮
આરકેડીયશ ૩૧૮
આરગસ ૩૧૮
આર્ચિજીનીયસ ... ૩૧૯
આરટીજીન્સ ૩૨૦
આરટીસીન ૩૨૦
આરડીયા ૩૨૦
આરથર જેમ્સ બાલફ્રર ૩૨૨
આરથર ટીમાઉથ ... ૩૨૩
આરથરરીચર્ડ... ... ૩૨૩
આરથર વેલ્સલી ડયુક
આવ વેલીંગટન ... ૩૨૩
આરથર વેલ્સલી પીલ. ૩૨૪
આરનોલ્ડ એડવીનલ... ૩૨૫
આરનોલ્ડ ટૉમસ ... ૩૨૫
આરનોલ્ડ મેન્યુ ... ૩૨૫
આર્બેલી મેડમ ડી. ... ૩૩૫
આર્મસ્ટ્રાંગ જૉન ... ૩૩૫
આરમીયન રૉબર્ટ ... ૩૩૬
આરીયા ૩૪૯
આરીલ્યા ૩૫૦
આરીલ્યાઆરીસ્ટીલા... ૩૫૦
આરીસટોટલ ૩૫૦
આલકૉત કર્નલ હેત્રિસ્તીલ.૩૫૧
ડૉ૦ આલકોક જોન... ૩૫૨
આલકોકો ડોડેન ... ૩૫૨
આલડ્રાવાનડસ ... ૩૫૫
આલપાગો ૩૫૭
આલફ્રેડ ધી ગ્રેટ ... ૩૫૭
આલફ્રેડ ટેનીસન ... ૩૫૭
આલફીન હિરાનીમસ.. ૩૫૮

આલફ્રેન્ઝો ૩૫૮
આલબર્ટ ૧ લો ... ૩૫૮
,, ,, મોરચો ... ૩૫૮
,, ,, પ્રિન્સ ... ૩૫૮
,, ,, વિકટર ... ૩૫૯
,, ,, મેગનસ ... ૩૫૯
,, ,, લીયો ... ૩૫૯
,, ,, લુઇસા ... ૩૬૦
આલબ્રિસ્ટ વિલ્યમ ... ૩૬૦
આલબીકયૂર ૩૬૦
આલબીડીલી ૩૬૧
આલમિડા ૩૬૨
આલસારીન ૩૬૨
આલસી બાઇડીસ ... ૩૬૩
આલસી યોન્યસ ... ૩૬૪
આલીવ્હર ક્રૉમવેલ ... ૩૬૭
આલોમ્બો ૩૭૧
આસ્ટીન વિલ્યમ ... ૩૭૫
આસ્ટીન જેન... ... ૩૭૬
આસ્ટીન શાહારા ... ૩૭૬
સર આસ્ટીન હેન્રિ... ૩૭૬
આસાએ ૩૮૦
આહમીસ ૩૮૩

ઝાડપાન, વનસ્પતિ, ખેતીવાડી, મૂળીયાં, ફળફુલ, પાન, મેવા, અનાજ અને જડીબુટ્ટી વગેરે સંબંધી.

અક્કલકરો ૧૨
અંકોલ ૧૯
અખરોટ ૧૯
અખોડ ૨૧
અગથિયો ૨૨
અગ્નિફૂળ ૨૨
અગ્નિજાર ૨૩
અગનીમંથ ૨૫
અગર ૨૮
અગરતાલ ૩૧
અંગુર ૩૨
અચ્યુત ૩૪
અચેહ ૩૪
અજકર્ણ ૩૫
અજગરી ૩૬
અંજન ૩૬
અંજની ૩૭
અજમો ૩૮
અજમોદ ૩૮
અજમો વગડાઉ ... ૩૮
અજવલો ૩૮
અજવાઇન ૩૮
અંજીર ૪૨
અટરૂશ ૪૬
અડદ ૪૬
અઢીમાસી ૪૮
અતવસ ૫૦
અતીબલા ૫૧
અતીમૂક્ત ૫૧
અતીવિષ ૫૧
અઘેડો ૫૮
અનન્ત ૬૨
અનશોતાગીહા ... ૬૪
અનાકુર ૬૫
અનાજ ૬૫
અનાર ૬૬
અનીનાસ ૭૦
અપરાજીત ૭૫
અફીણની ખેતી ... ૮૪
અંબાડા ૧૦૫
અબુનૂશ ૧૧૫
અંબેલ ૧૨૦
અમ્બાલિકા ૧૨૪
અમરવેલી ૧૨૬
અમરૂત ૧૩૦
અમરૂતા ૧૩૧
અમલબેદ ૧૩૩
અમલાન ૧૩૩
અર્ક પુષ્પ ૧૫૧
અરકીડીશ ૧૫૧
અર્જુન ૧૫૬
અરડુસો ૧૫૮
અરડુસ ૧૫૮
અરણ્યજીરણ ૧૫૮
અરણી ૧૫૮
અરણી ૧૫૮
અર્લ ૧૬૬
અરલુ ૧૭૬
અરાટી ૧૭૭
અરીઠા ૧૭૮
અરેલીયા ૧૮૩
અલ્બા ૧૮૮
અલર્ક ૧૯૦
અલામાન્ડા ૧૯૭
અશપરમ ૨૧૮
અશફળ ૨૧૯
અસ્થીશૃંખલાલિકા ... ૨૩૨
અસ્ટર ૨૨૭
અસ્થિભંગ ૨૨૯
અસલી ૨૩૪
અસાણ ૨૩૪
અસાળીયો ૨૩૫
અસોક ૨૩૬
અહિંગંધા ૨૪૧
અળાઇ ૨૪૩
અળંબા ૨૪૩
અળવી... ... ... ૨૪૪
અળશી ૨૪૪
આઇન... ... ... ૨૪૭
આકડો ૨૪૯
આકયુમિનેટા ૨૪૯
આકારનસ ૨૫૧
આકાલીફા ૨૫૧
આકિમિનીજ ૨૫૫
આખૂપર્ણી ૨૫૭
આગસ્ટ ૨૬૨
આગીયો (૧-૨) ... ૨૬૩
આદું ૨૯૦
આનચુસા ૨૯૦
આન્ટીગોનન ૨૯૦
આંબલીવેલ ૩૦૪
આંબાકા ૩૦૪
આંબાડો ૩૦૪
આંબા હળદ ૩૦૫
આંબો ૩૦૮
આમ્ર ૩૦૯
આમ્રતક ૩૦૯
આમ્રનિશા ૩૦૯
આમલી ૩૧૦
આમ્લરસ્ટીઆ ૩૧૦
આમળાં ૩૧૦
આરચીલ ૩૧૯
આરટીચોક ૩૨૦
આરટીચોક ફુલના ... ૩૨૦
આરારૂટ ૩૪૯

આફ્રી ૩૪૯
આરૂખ ૩૫૦
આરેકેરિયા ૩૫૦
આલ ૩૫૧
આલકૉનેટ ૩૫૨
આલડર ૩૫૫
આલપૂડા ૩૫૭
આલસી કોન્ડા ... ૩૬૩
આલીવ્હ ૩૬૭
આલુ ૩૭૦
આલુ બાલુ ૩૭૦
આલુબુખાર ૩૭૦
આસોકેશિયા ૩૭૦
આવળ ૩૭૨
આશા ૩૭૪
આશેત્રી ૩૭૪
આસંધ ૩૭૭
આસ્પરેગ ૩૭૭
આસુંદરો ૩૮૨
આસોંદરો ૩૮૨
આસોપાલ્લવ ૩૮૨

જન વર્ણન.

(જુદી જુદી કોમોના પંથ, મત, ટોળા ઇત્યાદી વિષે)

અકહા ૧૬
અકહાલી ૧૬
અગ્નિકુળ ૨૨
અગ્નિહોત્રી ૨૫
અગનીમતિ ૨૫
અગરા ૨૯
અઘોરસાધુ ૩૪
અચાર્ય ૩૫
અતીત ગોસાંઇ ... ૫૦
અતૂની ૫૧
અથોરનાન ૫૨
અંધીઆરૂ ૫૮
અન્કુતો ૫૯
અનસરી ૬૪
અનારકીસ્ટ ૬૬
અનાર્યટોળો ૬૬
અનાવલા ૬૯
અફસાર ૮૪
અબાન્ટીસ ૧૦૫
અબોટી ૧૨૦
અમરાની ૧૨૯
અયમક ૧૪૬
અલાની ૧૯૬
અલાબ્હી ૧૯૮
અલીઇલાહી ૨૦૦
અશહારી ૨૨૨
અસક્વિમો ૨૨૬
અસ્નતાર ૨૨૯
આખશીપંથ ૨૫૭
આથ્રવન ૨૮૨
આદમખોર ૨૮૫
આદિવરાહોપાસક ... ૨૮૯
આનન્દસંપ્રદાય ... ૨૯૨
આફ્રિદી ૩૦૩
આબાદીટોળો... ... ૩૦૫
આમેઝોન ૩૧૧
આમોજીયાન ૩૧૨
આરજા ૩૧૯
આર્યટોળો ૩૩૭
આલારીપંથ ૩૬૬
આસસિનીસ ૩૭૯
આહિર ૩૮૪

ભાષાઓ સંબંધી.

અપભ્રંશ ભાષા ... ૭૪
અવસ્તા ૨૧૬
આહારી ભાષા ... ૩૧૦
આરબી ૩૩૪
આરામી ભાષા ... ૩૪૬
આલતાઈ ૩૫૫

પ્રાણીયો સંબંધી.

અએ-અએ ૨
અજગર ૩૫
અજદર ... ... ૩૬.
અન્દલીબ ૬૨
અબકારૂ ૯૧
અરસારી ૧૭૭
અવેટોના ૨૧૭
અશોઝુરત ૨૨૪
આએ-અએ... ... ૨૪૯
આગીયો ૨૬૩
આનિબ્લેન ૨૯૬
આર્નિથૉરિંક ૩૨૫
અર્મેડીલ ૩૩૬
આરાગુઆટો ૩૪૬
આલપાકા ૩૫૬
આલાકતાગા ૩૬૬
આવાહિસલાનીજર ... ૩૭૩

ખનીજ પદાર્થો સંબંધી.

અકીક ૧૭
અભ્રક ૧૦૨
અલકુલ ૧૮૫
અલમાસ ૧૯૬
આન્થરે સૈંટ ૨૯૦
આલાબાસ્ટર ૩૬૬

વિદ્યા તથા શાસ્ત્રો સંબંધી.

સંગીત, પીંગળ અને બીજા શાસ્ત્રો સંબંધી.

અગ્રછંદ ૨૮
અચલધૃતિછંદ ... ૩૪
અડાનો કાહાનડો ... ૪૭
અડીલછંદ ૪૮
અંતરલાપક–કાવ્ય ... ૪૯
અંતરોત્તરપ્રશ્ન–કાવ્ય ૫૦
અતીરૂચિરાછંદ ... ૫૧
અદભૂતરસ ૫૬
અનંગક્રિડોત્કા ... ૫૯
અનુપ્રાસ ૭૧
અનુકુલાછંદ ૭૨
અનૂષ્ટપછંદ ૭૨
અનુસ્ત્રરાધીકછંદ ... ૭૨
અપરવક્રછંદ ૭૫
અપરાજીતા ૭૫
અપવાહ ૭૫
અપ્સમાર ૭૫
અપતુતી ૭૬
અભંગછંદ ૧૨૦
અભીર... ... ... ૧૨૧
અમરૂતધારા ૧૩૧
અયૂગ્મવિપુલા ... ૧૪૮
અર્ણ ૧૫૮
અર્થવિદ્યા ૧૭૪
અર્ધતોટક ૧૭૪
અર્ધકનારાચ ૧૭૪
અર્ધભૂજંગી ૧૭૪
અર્ધસમવૃત ૧૭૪
અરવીંદમુખી ૧૭૬
અલકછંદ ૧૮૫
અલંકાર ૧૮૫
અલાપ ૧૯૬
અલીયા ૨૦૨
અલોલાછંદ ૨૧૨
અશ્વગતિછંદ ૨૧૯
અશ્વગતિપ્રબંધ ... ૨૧૯
અસ્ત્રવિદ્યા ૨૨૭
અસ્થાઈ ૨૨૯
અસંબાધા છંદ ... ૨૩૪
અસાવારી ૨૩૪
અહીવર ૨૪૨
અક્ષર મુષ્ટીકા કથન... ૨૪૪
અક્ષરમેળ ૨૪૪
અખ્યાનકી છંદ ... ૨૫૭
આડવ ખાડવ... ... ૨૭૧
આત્રેય છંદ ૨૭૫
આદિતાલ ૨૮૮
આનન્દભૈરવ ૨૯૨
આપાતળીકા છંદ ... ૨૯૮
આપીડ છંદ ૨૯૮
આર્યાગીતી છંદ ... ૩૪૪
આર્યા છંદ ૩૪૪

રસાયન, ગણિત, જ્યોતિષ, ખગોળ, વાયૂ વગેરે શાસ્ત્રો સંબંધી.

અંઈંદર ૧
અંકગણિત ૩
અંકલેખકન કળા ... ૧૪
અંતરદશા ૪૯
અતીગંડ ૫૦
અધીકમાસ ૫૮
અન્દ ૬૧
અનુરાધા ૭૧
અનેકાર્થી ૭૨
અપૂર્ણાંક-ગણિત ... ૭૭
અબજદ ૮૧
અમરત ૧૩૧
અમાવાસ્યા ૧૩૭
અયન ૧૪૫
અયનલતૂરા ૧૪૬
અલીયા ૨૦૨
અંશ ૨૧૭
અશ્વિન ૨૨૨
અક્ષાંસ ૨૪૪
આકઝેલીક ૨૪૯
આકલ્પ ૨૪૯
ઑકસીજન ૨૪૯
આકાશ ૨૫૧
આકાશ ગંગા ૨૫૨
આકાશયાન ૨૫૨
આભ ૩૦૯
આમોનિયા ૩૧૨
આયૂષ્માન ૩૧૫
આરગોન ૩૧૮
આલકલી ૩૫૧
આલકોહલ ૩૫૨
આલાકેલી ૩૬૬
આસમાનદારાહ ... ૩૭૯
આસીડ ૩૮૧
આનુ ૩૮૪

વૈદક તથા શારરીક શાસ્ત્ર વિષે.

અછબડાં ૩૫
અજીરણુ ૪૩
અજીરણુ ઘોડાનું ... ૪૩
અડગરી ૪૬
અડદીયોવા ૪૭
અતેસાર ૫૧
અન્નનાળ ૬૩
અફીણનું ઝેર ... ૯૦
અરઈ ૧૫૧
અર્ક ૧૫૧
અરખ ૧૫૧
અરીષ્ટ ૧૭૯
અરૂચી ૧૭૯
અસતરક ૨૨૭
અળાઈ... ... ૨૪૪
આંકડી ૨૪૬
આંખ ૨૫૬
આંચકી ૨૬૪
આંજણી ૨૬૬
આટણુ ૨૬૮
આંતરડાં ૨૭૩
આધાસીસ ૨૯૦
આમણ ૩૦૯
આમોનિયા ૩૧૨
આયોડીન ૩૧૫
આયોડો ફૉર્મ ... ૩૧૭
આલબ્યુમીન ૩૫૮

નાટ્યકળા વિષે.

અંક ૩
અંકમૂખ ૧૨
અંકાવતાર ૧૭
અંગિકાભિનય ... ૩૨
અભિનય ૧૨૧
અર્થોપક્ષેપક ૧૫૯
વિષ્કુંભક ... ... „
પ્રવેશક... ... ... „
ચુલીકા... ... ... „
અંકાવતાર ... ... „
અવપાતન ૨૧૫
આરભટી ૩૩૫
આસીન ૩૮૨
આહાર્યા ભિનય ... ૩૮૩

રમત ગમતો.

અંગબળ ૨૫
અખુલોડખુલો ૧૧૮
અલ્લાગળી ૧૯૨
અધીરે અલી... ... ૨૦૮
આટાપાટા ૨૬૯

વિદ્યા હુન્નર, વેપાર વેહવારીક વિષયો અને વાજીંત્રો તથા ખોરાકી વીષે.

અકાનજ ૧૭
અગર ૨૮
અગરબત્તી ૨૮
અંગરાજ ૨૯
અત્તર ૪૮
અફીણનો વેપાર ... ૮૫
અબ્રકનો હુન્નર ... ૧૦૨
અબલક ૧૦૪
અબીર... ... ... ૧૦૮
અભિકળા ૧૨૧
અભિધાન કોશ ... ૧૨૧
અમબર ૧૨૬
અમલસારો ગંધક ... ૧૩૩
અરગજા ૧૫૧
અલકુજા ૧૮૫
અલકુલ ૧૮૫
અલાબુ સારંગી ... ૧૯૭
આઇસક્રીમ ૨૪૮
આઇસીંગ ગલ્લાસ ... ૨૪૯
આગગાડી ૨૫૭
આગનાબુંબા... ... ૨૬૧
આરો ૨૭૧
આતશબાજી (તહેવાર). ૨૭૮
આયઝીંગ ગલાસ ... ૩૧૩
આયોડીન સાબુ ... ૩૧૭

ગ્રંથો સંબંધી.

અઑગમદેચ ૩
અગ્નિપુરાણ ૨૫
અહ્‌હેકુશ ૩૪
અથર્વવેદ ૫૨
અથા ૫૨
અભિધાન ૧૨૧
અર્થવેદ ૧૫૯
અરેબ્યનનાઇટસ ... ૧૮૨
અલફતેહા ૧૮૮
અવસ્તાએદરન ... ૨૧૬
અશ્વમેધ ૨૨૨
અપાત... ... ... ૨૨૫
અસ્તાચલ ૨૨૮
અહુનવર ૨૪૨
અહુરાઇ ૨૪૩
આ ૨૪૬
આઇને અકબરી ... ૨૪૮
આઇને અરજાસ્પ ... ૨૪૮
આફરીને જરથોસ્ત ... ૩૦૩
આયુરવેદ ૩૧૪

રાહરસ્મો સંબંધી.

અખ્યાણું ૧૯
અગ્નિદાહ ૨૩
અગ્નિસૂત્ર ૨૫
અગનીસંસ્કાર ... ૨૫
અધી ૫૭
અમલ ૧૩૨
અર્ધચૂડ ૧૭૪
અર્ધહાર ૧૭૫
અલે ૧૭૬
અષ્ટવિવાહ ૨૨૫
અસ્ત્ર ૨૨૭
અહકામ ૨૩૬
અહુએ એરવર્દ ... ૨૪૨
આગા ૨૬૨
આરજા ૩૧૯

વિવિધ જ્ઞાન સંગ્રહ.

અકસમાત ૧૪
અગન્યાસ્ત્ર ૨૨
અગ્નિચક્ર ૨૩
અગ્નિજાળ ૨૩
અંગોઠી ૩૨
અજગરી ૩૬
અંજન ૩૬
અતાલીક ૫૦
અદાલત ૫૬
અદી ૫૬
અધેલી... ... ... ૫૯
અનંત... ... ... ૬૧
અનાસર ૬૯
અનિકીની ૭૦
અનેકાર્થી ૭૨
અપસાલા ૭૬
અબીર ૭૭
અફીણ ૮૪

અબકારી ૯૧
અબદુલહૅાલે ૧૦૧
અબાટીસ ૧૦૫
અંબારી ૧૦૫
અબીબ ૧૦૮
અમરીચમરી... ... ૧૨૯
અમીર... ... ... ૧૩૮
અયાસુરીયા ૧૪૭
અરબી સન ... ૧૭૫
અરમાઇન ૧૭૬
અર્લ... ... ... ૧૭૬
અરૂણપ્રકાશ ... ૧૮૦
અલેકઝાન્ડ્રીયન-પુસ્ત-
કાલય ૨૧૨
અશતર ૨૧૮
અસ ૨૨૬
આસ્નતાર ૨૨૯
અક્ષરમુષ્ટીકા ... ૨૪૪
અક્ષોહિણી ૨૪૬
આગસ્ટ ૨૬૨
આત્મજ્ઞાન ૨૭૨
આતશ ૨૭૫
આપઘાત ૨૯૬
આબરાકાદાબરા ... ૩૦૪
આબેહૈયાત ... ૩૦૭
આમનીબસ ... ૩૦૯
આમલસારો ગંધક ૩૦૯
આર્ક ઑફ ધી કોવ્હે-
નટસ ૩૧૭
આરગલ ૩૧૮
આરતી ૩૨૦
આર્નંદીલીઆન ... ૩૨૪
આર્બેલાની લઢાઇ... ૩૩૪
આરમેનિયન ચર્ચ... ૩૩૬
આરલોફ ૩૪૪
આરસી ૩૪૫
આરોગ્ય રક્ષણ ... ૩૫૦
આલહમબ્રા. ... ૩૬૪

* જરથોસ્તી ધર્મજ્ઞાન સંબંધી વિષયો.

અઇર્પેદ ૨
અઇર્યમન ૨
અઇવ્યાઓધન ... ૨
અઇત્રિશરૂથેમ ... ૨
અએતાએ ૨
અએબધઆન ... ૩
અર્એજૂર ૩
અએવદાદે ૩
અએષમ ૩
અકતષ ૫
અકમનંઘ ૧૨
અકુમન ૧૮
અકોમન ૧૯
અખ્ત ૧૯
અખો ૨૦
અગ્નિ ૨૨
અંગ્રેમઇન્યુશ... ... ૨૯
અગિઆરી ૩૧
અઘતષ ૩૩
અચ ૩૪
અઝી ૪૪
અંતરે માઓંગ્નહ ... ૫૦
અંદરૂષ ૫૬
અંધીઆરૂ ૫૮
અનઘ્રઓચાઓ ... ૬૦
અન્દર ૬૨
અનહોમા ૬૪
અનાઇતિસ ... ૬૪
અનાહિત ૭૦
અનેરાન ૭૩
અનોશ ૭૩
અપઓપ ૭૩
અપામ—નપાત ... ૭૬
અબ્દ ૯૨
અબીરેદ ૧૦૮
અમરદદ ૧૨૫
અમરૂ ચમરૂ... ... ૧૩૨
અમશાસ્પંદ ૧૩૩
—અહુરમજદ ... ૧૩૪
—બેહમન ૧૩૪
—અર્દીબેહેસ્ત ... ૧૩૫
—શહરીવર ૧૩૫
—અસ્પનદાર ... ૧૩૫
—ખુરદાદ ૧૩૫
—અમરદાદ ૧૩૬
અમેરેતાત ૧૪૪
અયાથ્રેમ ૧૪૫
અર્દવિસૂર ૧૬૦
અરદીબેહેસ્ત... ... ૧૬૧
અરમેસ્તગાહ... ... ૧૭૬
અરવિષગાહ ૧૭૬
અર્ષતાત ૧૭૬
અસ્વહિસ્ત ૨૨૨
અશીશવંઘ ૨૨૩
અષ—અષોઇ ... ૨૨૫
અષિવંઘુઈ ૨૨૬
અષેમઓગ ૨૨૬
અષેમવોહુ ૨૨૬
અસઘહાનેશ ૨૨૭
અસ્જરહ ૨૨૭
અસ્તવતએરેત ... ૨૨૭
અસ્તોદન ૨૨૮
અસ્તોયાદ ૨૨૯
અસ્તોવિંઘોતુ... ... ૨૨૯
અસપંદાર ૨૨૯
અસ્ફેહાન ૨૩૪
અસર રોશની... ... ૨૩૪
અસાનેશ ૨૩૪
અહરશવગ ૨૩૯
અહીઆયાસ ૨૪૧
અહૂ ૨૪૨
અહૂએ એરવર્દ ... ૨૪૨
અહૂનવઇતી ૨૪૨
અહૂનવર ૨૪૨
અહૂર ૨૪૩
અહૂરઘાત ૨૪૩
અહૂરમજદ ૨૪૩
અહેલાએશખારી ... ૨૪૩
આતરેવક્ષ ૨૭૫
આતશ ૨૭૫
આતશ આદરાન ... ૨૭૭
આતશદાદગાહ ... ૨૭૮
આતશ બેહેરામ ... ૨૮૦
આદર ૨૮૭

* ખાસ કરી જરથોસ્તી ને હિંદુ ધર્મ સંબંધી વિષયોનું જુદું સાકળીયું આપ્યું છે, ને બીજા ર્મો સંબંધી વિષયો તે તે લોકોના જન્મચરિત્રની અનુક્રમમાં જોવાં

આદરખોરદાદ ૨૮૭
આદરગુશશ્પ ૨૮૭
આદેસ ૨૯૦
આફરીનગાન ૩૦૪
અબરેતર ૩૦૪
આબાન ૩૦૫
આરમઇતી ૩૦૫
આલાત ૩૬૬
આવાં ૩૭૨
આશૂઅસ્ત ૩૭૪
આસ્તાદ ૩૭૬
આસનેમખ્રતૂમ ... ૩૭૭
આસમાન ૩૭૭
આક્ષતી હામવર્ઇન્તી... ૩૮૪
આક્ષિત ૩૮૪

હિંદુ ધર્મ સંબંધી.

અકરાંન ૧૪
અક્રૂ ૧૮
અખાત્રીજ ૧૯
અગ્નિ ૨૨
અગાસૂર ૩૧
અંતરીક્ષ ૪૯
અઘમર્ષણ ૫૭
અધવર્યુ ૫૭
અધીકમાસ ૫૮
અધીશક્તિ ૫૮
અનંત... ... ... ૬૧
અન્ધકૂપ ૬૨
અનન્ત ચતૂર્દશિ ... ૬૨
અનપૂર્ણા ૬૪
અનાદેવી ૬૫
અનીયા ૭૧
અનુષ્ટાન ૭૨
અંબા... ... ... ૧૦૪
અંબાજીનું દેહેરૂં ... ૧૦૪
અમરૂત ૧૨૧
અલખુરાક ૧૮૯
અવતાર ૨૧૪
અશ્વનીકુમાર... ... ૨૨૧
અશ્વમેઘ ૨૨૧
અસૂર ૨૩૬
અક્ષય તૃતિયા ... ૨૪૪
આત્મનિવેદન ૩૭૭
આસન ૩૭૭

જગત ભુગોળ સંબંધી.

(સમુદ્ર, નદી, ઝરા, સરોવર વગેરે.)

અકસૂ ૧૬
અખશીર ૧૯
અગલાર ૩૦
અજી ૪૦
અટક ૪૫
અટરાટો ૪૬
અટરા ૪૬
અટરી ૪૬
અટલાન્ટીક મહાસાગર ૪૬
અનજીર ... ...
અંબા ૧૦૪
અમજાર ૧૨૧
અમાના ૧૩૭
અમારીઓ ૧૩૭
અમુર ૧૪૦
અયરી ૧૪૬
અરનો ૧૭૫
અરવંદ ૧૭૬
અરવંદદરૂદ ૧૭૬
અરાગુઆ ૧૭૭
આરારૂમ ૧૭૮
ઍરાસ ૧૭૮
અલઅરીમ ૧૮૪
અલકનન્દા ૧૮૫
અલ્યુટા ૧૯૦
અલસ્ટમ્યુલ ૧૯૧
આલાસસ્ટ્રેટ ૧૯૮
અવઝદાન ૨૧૪
અસીનઓની ૨૩૪
અહીર ૨૪૧
આ... ... ... ૨૪૬
આઇને મુસા ... ૨૪૮
આબેહઆત ૩૦૭
આમુ ૩૧૧
આમુદ ૩૧૧
આરલ ૩૪૪
આસીસિનીજ ... ૩૮૨
આસેલા ૩૮૨

પર્વત, ટેકડી, ગુફા, કિલ્લા તથા અદભુત કુદ્રતની મનોહરતા વિષે.

અડાસ ૪૭
અંતરેકંધ ૪૯
અદજુનટાનાગોફા ... ૫૫
અધ્વૈત ૫૬
અનટોનીયો ૬૦
અપાલાચેન ૭૬
અપીનિયન્સ ૭૭
અમરકંટ ૧૨૫
અમરનાથ ૧૨૫
અમાનસ ૧૩૭
અયલસા ૧૪૭
અરાફાત ૧૭૭
અરારાટ ૧૭૭
અરાવલી ૧૭૮
અરેઘો ૧૮૨
અરેજુર ૧૮૨
અલબુર્જ ૧૮૯
અલમુતગઢ ૧૯૦
અલનંદ ૧૯૦
અલાહબંદ ૧૯૮
અલીમસજીદ ૨૦૨
અશનવંત ૨૧૮
અશીરગઢ ૨૨૨
અસ્થાચલ ૨૨૮

અસામાવાઆમા ... ૨૩૫
આદમ્સપીક ... ૨૮૬
આદમ્સબ્રીજ ... ૨૮૬
આબુ ૩૦૬
આરગ્યુસ ૩૧૮
આર્થસસીટ ૩૨૪
આરારાટ ૩૪૮
આરાસૂર ૩૪૮
આરેન્જુર ૩૫૦
આલતાઇ ૩૫૬
આલ્પસ ૩૫૬
આલમબાગ ૩૬૨

ખંડો, દેશો, રાજ્યો, ઇલાકા, પ્રાંતો, બેટો, દ્વિપકલ્પો આખાતો, ૦ મેદાનો, ખીણો ભૂશિરો વગેરે વિષે.

અઇર્યન ૨
અઇરી ૨
અઉસ્ટી ૨
અઓસ્તા ૩
અકદીરા ૫
અકબરપૂર ૧૧
અકબરાબાદ (૧–૨–૩) ૧૧
અકબારપુર ૧૨
અક્કલકોટ ૧૩
અંકલેશ્વર ૧૩
અકલોજ ૧૩
અકવાબ ૧૩
અકિવલીયા (૧–૨) ... ૧૩
અકસાઉ ૧૬
અકસુ ૧૬
અકહીસા ૧૬
અકાબાહ ૧૭
અંકેવાળીયા ૧૮
અકોટ ૧૮
અકોરાહ ૧૮
અકોલા ૧૮
અખલાત ૧૯
અખુન્દી ૧૯
અગઇ ૨૧
અગ્યુલસ ૨૮
અગર ૨૮
અગરતાલ ૨૮
અગાપૂર ૩૧
અગાહમાટા ૩૧
અગુર ૩૨
અંગોઇ ૩૨
અગોખાડા ૩૨
અગોરી ૩૩
અંગોલા ૩૩
અગોસ્ટા ૩૪
અચલગંજ ૩૪
અચીન ૩૫
અજજમપૂર ૩૭
અજમેર ૩૭
અજરા ૩૮
અંજાર ૪૦
અજીતમહાલ ૪૨
અજીસ્તાન ૪૩
અજીહો ૪૪
અજૈગઢ ૪૪
અઝાની ૪૪
અઝામોર ૪૪
અઝીપૂર ૪૫
અઝીમગઢ ૪૫
અઝીમાબાદ ૪૫
અઝુમપૂર ૪૫
અઝોટસ ૪૫
અટટા ૪૫
અટપારી ૪૫
અટલાનટીકન્યુજર્સી... ૪૬
અટાકામાં ૪૬
અટીકા ૪૬
અટુક ૪૬
અણુહીલપૂર ૪૮
અત્તરી ૪૯
અથમલીક ૫૧
અથાબો ૫૨
અથીલની ૫૨
અથુર ૫૨
અથેન્સ ૫૨
અદજુનટા ૫૫
અદાર ૫૬
અદાલુર ૫૬
અદરામપાટામ ... ૫૬
અદવાની ૫૬
અદુલી ૫૭
અનંગટસૂ ૫૯
અનધડ ૬૦
અનજનગામ ૬૦
અનઝોન ૬૦
અનટીઓક ૬૦
અન્દમાંનના બેટો ... ૬૧
અન્ધકૂહ ૬૨
અનરાધાપૂર ૬૪
અનાજી ૬૫
અનાન્તાગીર ૬૫
અનાન્તાપૂર ૬૫
અનાપા ૬૫
અનાબર્ગ ૬૫
અનામ ૬૫
અનાવારામ ૬૯
અનૂપગર ૭૨
અનેગહાઉ ૭૩
અપપેનઝીલ ૭૪
અપલીંગ ૭૫
અપી ૭૬
અફ્ઘાનિસ્થાન ... ૭૯
અફ્ઝુલપૂર ૮૩
અંબર ૧૦૨
અબર્કોવાદ ૧૦૩
અબરંગ ૧૦૩
અબરાકોન્યન ૧૦૩
અંબા ૧૦૪
અંબાદેહ ૧૦૫
અંબાભવાની ૧૦૫
અંબાલા ૧૦૫
અંબાહ ૧૦૮
અબિયોકુટા ૧૦૮
અંબીર ૧૦૮
અંબીરવાર ૧૦૮
અબુનગર ૧૧૫
અબુપૂર ૧૧૫
અમજીરા ૧૨૨
અમદાવાદ ૧૨૨
અમપ્યૂડિઆ ૧૨૩
અમબર્ગ ૧૨૩
અમબ્રીજ ૧૨૩
અમબ્રીઝીટ ૧૨૪
અમ્બીર ૧૨૪

અમ્બીલ ૧૨૪
અમરપૂર(૧-૨) ... ૧૨૬
અમરાગુરા ૧૨૯
અમરાન ૧૨૯
અમરાપર ૧૨૯
અમરાપૂર ૧૨૯
અમરાપૂર ૧૨૯
અમરાબાદ ૧૨૯
અમરાવતી ૧૨૯
અમરીતસર ૧૩૦
અમરેલી ૧૩૨
અમરોલી ૧૩૨
અમલા ૧૩૩
અમવા ૧૩૩
અમસ્ટરડમ ૧૩૬
અમસ્ટરડમ ન્યૂ .. ૧૩૬
અમહર્સ્ટ ૧૩૭
અમાઇતી ૧૩૭
અમાકુસા ૧૩૭
અમાગીર ૧૩૭
અમાપૂર ૧૩૭
અમારાહ ૧૩૭
અમાલ્ફી ૧૩૭
અમાલાપુર ૧૩૭
અમાસિયા ૧૩૮
અમીનગર ૧૩૮
,, ... ૧૩૮
અમીની ૧૩૮
અમીરકોટ ૧૩૯
અમીલકોટ ૧૪૦
અમીલીયા ૧૪૦
,, ... ૧૪૦
અમુદ ૧૪૦
અમેરિકા ૧૪૦
અમોય... ... ... ૧૪૪
અમોરાહ ૧૪૪
અમોલ.. ... ... ૧૪૪
અય ૧૪૫
અયકોટ ૧૪૫
અયનમાડી ૧૪૫
અયનાદ ૧૪૬
અયરી... ... ... ૧૪૬
અયસની ૧૪૭
અયૂથિયા ૧૪૮
અયોધ્યા ૧૪૮
અરગામ ૧૫૨
અરેંજહી ૧૫૭
અર્ઝેરમ ૧૫૭
અરઝામસ ૧૫૭
અરદઇશીર ૧૬૦
અરના... ... ... ૧૭૫
અરબસ્થાન ૧૭૫
અરીજાવ ૧૭૮
ઍરીકા... ... ... ૧૭૮
અરૂમ ૧૮૨
અરેંજહીપૂર... ... ૧૮૨
અરૈનજયઝ ૧૮૨
અરોઇ... ... ... ૧૮૪
અરોલસીન ૧૮૪
અલઇગર ૧૮૪
અલકાપૂરી ૧૮૫
અલકાહિરા... ... ૧૮૫
અલજુ બારૂટા ... ૧૮૬
અલનવીક ૧૮૭
અલપુચારરાંસ... ... ૧૮૭
અલમીંગા ૧૮૮
અલમોરાત ૧૮૯
અલમનસૂર... ... ૧૮૯
અલમોરા ૧૯૦
અલવર... ... ... ૧૯૦
અલવા... .. ... ૧૯૧
અલશામ ૧૯૧
અલહામા ૧૯૨
અલાટપુર ૧૯૫
અલાપૂર ૧૯૬
અલાબામાં ૧૯૬
અલાહબાદ ૧૯૮
અલીઆબાદ ૨૦૦
અલીગંજ ૨૦૦
,, ,, ... ૨૦૦
અલીગર ૨૦૦
અલીનકોન ૨૦૦
અલીપૂર ૨૦૧
અલીપૂર ૨૦૧
,, ,, ,, ૨૦૧
અલીમબાદી ૨૦૧
અલીમાકુર ૨૦૨
અલીવાલ ૨૦૩
અલીહીગંજ ૨૦૩
અલૂર... ... ... ૨૦૪
,, ,, ,, ૨૦૪
અલેકઝાન્ડ્રીયા... ... ૨૧૩
અલેકઝાન્ડ્રીયા... ... ૨૧૩
અલેકઝાન્ડ્રોવ્હ ... ૨૧૪
અલેપ્પો ૨૧૪
અલોરાટ ૨૧૪
અસકુલાન ૨૨૭
અસટોરીયા ૨૨૭
અસ્રાખાન ૨૨૭
અસ્રાબાદ ૨૨૭
અસાહાન ૨૩૫
અસીર્યા ૨૩૬
અહમદખાન ૨૩૭
અહમદગંજ ૨૩૭
અહમદગર ૨૩૭
અહમદનગર ૨૩૭
અહમદનગર ૨૩૭
,, ,, ,,
અહમદપૂર ૨૩૮
અહમદાબાદ ૨૩૯
અહમૂદ ૨૩૯
અહીરવા ૨૪૧
અહીરવાડી ૨૪૧
આઇબિરીયા ૨૪૮
આઇસલાંડ ૨૪૮
આકડીઆ ૨૪૯
આકિવલીયા ૨૪૯
આકિસ્યમ ૨૫૫
આખન ૨૫૭
આગ્રા ૨૬૧
આજરબીજાન... ... ૨૬૭
આણંદપર ૨૭૨
આતશનાટાપુ... ... ૨૭૮
આથુર... ... ... ૨૮૪
આદમના બેટો ... ૨૮૬
આન્કોમાર્ક ૨૯૦
આનન્દપૂર ૨૯૨
આનદોરા ૨૯૫
આનહાલ્ટ ૨૯૫
આફ્રિકા ખંડ ... ૨૯૮
આબાસ બંદર ... ૩૦૫
આમલીઆરા... ... ૩૧૦
આમોદ ૩૧૨
આયર્લંડ ૩૧૩
આરકયુઆ ૩૧૭
આરકાટ ૩૧૭
આરકીકો ૩૧૮
આરદાબલ ૩૨૪

આરદીલાન ૩૨૪
આરનેજ ૩૨૫
આર્બેલા ૩૩૪
આર્મસ્ટ્રાંગ ૩૩૫
આરમિઅન્સ્કોબ્બાઝાર.. ૩૩૫
આરમેનિયા ૩૩૬
આર્યવ્રત ૩૪૪
આરહા ૩૪૬
આરાકાન પ્રૉપર ... ૩૪૬
આરીક્યુપા ૩૪૯
આરીયા ૩૪૯
આલકામો ૩૫૨
આલકોના ૩૫૨
આલગ્રેન્હ ૩૫૫
આલજીર્યા ૩૫૫
આલઝારે ૩૫૫
આલટગાડીસ્કા ... ૩૫૫
આલટીનગાર્ડ... ... ૩૫૫
આલટીનબર્ગ... ... ૩૫૫
આલફ્રેટા ૩૫૮
આલબની ૩૫૯
આસબરીક્યૂ... ... ૩૬૦
આલબાડીયા ૩૬૦
આલબાનિયા... ... ૩૬૦
આલબે ૩૬૧
આલમપૂર (૧–૨–૩). ૩૬૧
આલમાંડા ૩૬૨
આલમિર્યા ૩૬૨
આલસીરા ૩૬૪
આલસીસ્ટર ૩૬૪
આલસોય ૩૬૪
આલીરાજપૂર... ... ૩૬૭
આલુમખાન ૩૭૦
આલુમપારવા... ... ૩૭૦
આવા ૩૭૨
આવાનઝા ૩૭૨
આસ્ટ્રીયા ૩૭૪
આસ્ટ્રીયા હંગેરી ... ૩૭૪
આસામ ૩૮૦
આસીરિયા ૩૮૨

પ્રસિધ્ધ બાનુઓના જન્મ ચરિત્રો—

વાંચવા હોયતો ખરીદો.

એશિયાની સદગુણી બાનુઓ

૪૦૦ સફાનું સુંદર તસવીરો સાથનું ફુલગીલ્ટ વાળું, મજબુત બાંધણીનું પુસ્તક.

કિંમત રૂ ૧॥ (પોસ્ટેજ)=)

(અનેક નામોમાંથી થોડાક નામો અત્રે દર્શાવ્યાં છે.)

———:o:———

નુરજહાન (ચિત્ર સાથે.)	ડૉ. આનન્દીબાઈ જોશી (સબી સાથે.)	બાનુ શીરીન.
દુર્ગાવંતી.	સુનાબાઇ. ન. ફ. બનાજી.	મેનિઆ.
સંયુકતા.	હબાઇજી. હો. દો. લશકરી.	સ્તેતીરા.
સુલતાનારજીયા (તસવીર સાથે)	લેડી આવાંબાઇ જમશેદજી જીજીભાઇ.	કિલીઓરીસ.
કર્મદેવી (તસવીર સાથે)	લેડી શાકરબાઇ દીનશા પીતીત (સબી સાથે)	તોમાઇરસ.
ચાંદબીબી.	બાનુ ગોસસ્પ.	આજરમીદોખ્ત.
ઝાંસીની રાણી–લક્ષમીબાઈ.	બાનુ પાનથીયા.	ખાતુનબાનુ.
કિતુર ચન્નવા.	બાનુ મનીજેહ.	રૂપમતી.
પદમાની.		ગીનોરની રાણી.
રાણી અહલ્યાબાઇ.		બીકાનેરની રાણી.
મીરાંબાઇ.		વગેરે વગેરે !

ગુલ—ખુશરો.

એક

હાસ્યરસ ફારસ.

કિંમત આના 'ચાર'

બુઢાઓ સાથે પૈસાને લોભે માબાપો પોતાની બેટીને વેચવાથી નીપજતા ગેરફાયદા.

પર્સપરની ખરી પ્રિતીને અટકાવવાથી નીપજતા અજાયબ સંજોગો. સદગુણી સ્ત્રીનો નિખાલેસ પ્યાર.

ઈન્સાફી હાકેમનો કાબેલ્યત ભરેલો ચુકાદો વગેરે અનેક ચિતારો આ હાસ્યરસ ફારસમાં **બાવીસ** ઉત્તમ રાગરાગણીના ગાયનો સાથે આપેલાં છે.

તે શિવાય બીજા ઉસ્તાદી ગાયનોનો સંગ્રહ.

રચનાર

રતનજી ફરામજી શેઠના બહારકોટ મિર્ઝા સ્ટ્રીટ નાં ૩૮.

મેસમેરીઝમ.

ચિત્રો સાથે પ્રયોગ દર્શાવ્યાં છે.

કિંમત આના 'છ'

ર. ફ. શેઠના પાસથી મળશે.

સુંદર હેલન.

મહાન કવિ

હોમરના કાવ્યનો તર્જુમો.

કિંમત આના છ)

રચનાર

ર. ફ. શેઠના.

મલવાનું ઠેકાણું

જેહાંગીર કરાંણીનાં છોકરાની કું૦

મુંબઇ—હોરા બજાર.

ર. ફ. શેઠના કૃત.

જ્ઞાનચક્ર

યાને

ગુજરાતી સાઇક્લોપીડિયા

પુસ્તક ૧ લું (આવૃતિ બીજી)

કિંમત રૂ ૩—૦

પુસ્તક ૨ જું. કિંમત રૂ ૩—૪

દરેકનું પોસ્ટેજ જુદું રૂ. ૦—૪

દરેક ભાગો મંગાવવે તુરત પોંહચાડવામાં આવશે.

નીચલે ઠેકાણે મળશે.

જરતોસ્તી ધર્મ સાહિત્યનો પ્રાચીન ગ્રંથ છપાઇ તૈયાર છે.

ગોહરે

જામાસ્પી

જામાસ્પ વજીર તથા પુરાતમ નેયાગાનોનાં સુંદર

ચિત્રો સાથે

તમામ ગીલીટવાલી બાંધણીનું પુસ્તક

કિંમત રૂ ૧—૪

પોસ્ટેજ આના બે જુદું.

આ ગ્રંથ મુંબઇના દરેક જાણીતા પુસ્તક વેચનારાઓને ત્યાંથી મળશે.

વાંચવા લાયક રસીલી વાર્તાનું આ પુસ્તક તૈયાર છે. મંગાવી લ્યો.

ચાઈનીજ ટેલ્સ.

કિંમત રૂ ૧—૪

પોસ્ટેજ રૂ ૦—૨

મજબુત વેલાતી પુઠાંનું સુનેરી એમ્બોસીંગવાલો ગ્રંથ.

ઉપલા સર્વે પુસ્તકો

રતનજી ફરામજી શેઠના

ઠેકાણું—મુંબઇ, બહારકોટ, બીજી સ્ટ્રીટ, નાo ૩૮ તથા મુંબઈના જાણીતા પુસ્તકો વેચનારાને ત્યાંથી મળશે.

કોટ હોરા બજાર—દી. લખમીદાસની કુંપની.
" " " જેહાંગીર કરાણીનાં છોકરાઓની કુંપની.
" ચર્ચગેટ સ્ટ્રીટ—પી. ડી. મુકાદમ.
કાલબાદેવી—એન. એમ. ત્રીપાઠીની કુંપની.
ધોબીતલાવ—નાનાબાઈ એ. કરાણી.
" ડી. અરદેશરની કુંપની.

00066085

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018